ધર્મોજય.

"કયસરે હિન્દ" માં તા૦ ૧૮ મી ડીસેમ્બર ૧૯૦૪ થી
તે તા૦ ૪ થી માર્ચ ૧૯૦૬ સુધીમાં "દિલકશ" ની
કલમથી લખાયલી

એક રસીલી વાર્તા.

કયસરે હિન્દ સ્તીમ પ્રેસમાં
માલેક ફ્રામજી કાવસજી મેહેતાએ છાપ્યું છે.

મુંબઈ—૧૯૦૮.

કિંમત રૂ૩ાા.

૨૦૭૮

ખુલાસો.

આ વાર્તા "કયસરે હિન્દ" પત્ર મધે તા૦ ૧૮ મી ડીસેમ્બર ૧૯૦૪ ના અંકથી તા૦ ૪ થી માર્ચ ૧૯૦૬ ના અંક સુધી ચાલુ આપવામાં આવી હતી. તેના તમામ થવા બાદ ધણીક તરફથી તેને પુસ્તક આકારે છપાવી બાહેર પાડવાની ભલામણ થવાથી "કયસરે હિન્દ" ના માલેક આ પુસ્તક વાંચનારી આલમ સનમુખ રજુ કરવાની હાલ રજા લેય છે.

મુંબઈ, માર્ચ ૧૯૦૮.

ધર્મોજય.

"કયસરે હિન્દ"માં
પ્રગટ થયલી અંગ્રેજી વાર્તા.

લખનાર—દિલકશ.

બાપ—બેટી.

આપણી આ વાર્તાનો પરદો, "ઓલ્ડકેસલ" શેહેરમાં આવેલાં 'દેન્સબરી એબી' નામનાં એક મેહેલ સમાન મકાનની રંગભૂમી ઉપર ઉચકાય છે.

દીવસ શાન્ત પણ ખુશનુમા હતો. વાદળ ઘેરાયલું હતું તોપણ તે કોઈ પણ રીતે શોકાતુર દેખાવનો ભાસ આપનારૂં તો હતુંજ નહિ. વખત ખુશનુમા બામદાદનો હોવાથી શાન્ત ચુપકીદી ચોપાસ ફેલાઈ રહી હતી—ગોયા તે શેહેર ઉપર ખુદ ચુપકીદીનું રાજ્ય ચાલી રહ્યું હતું.

આવા શાન્ત સમયે ઉપલાં દિલકશ મકાનનો માલેક કરનલ રેન પોતાની નાની દીકરી એદેલીન સાથે કાંઈક અગતની ગુફ્તેગુમાં મશગુલ હતો. જે દીવાનખાનામાં બંને બાપ-બેટી બેઠાં હતાં, તે દીવાનખાનુંજ ગવાહી આપતું હતું કે મકાનના માલેકની નાણાં સંબંધી સ્થિતિ હદથી જ્યાદા આબાદ હતી. તેમાંનું તમામ રાચરચીલું એકાદ શેહેનશાહી અયવાનને દીપાવે એવું હતું. ઉંચી કિસમની મખમલો અને ઝાલરો સાથના સોફાઓ અને ખુરસીઓ આંખોને ઉડી વળગે એવી કિસમે સફ સમારી ગોઠવાઈ રહ્યાં હતાં. તરેહ કિસમના આરસાઓ, આયનાઓ અને ઉંચા ઉસ્તાદોની પીછીથી સજ થયલાં કિમતી ચિત્રો, તેમજ દુનિયા વરણની નાદર હુનરમંદીના ઉમદા નમુનાઓ દીવાનખાનાને શોભાવી, ઘર ધણીની દોલતનો અખુટ ભંડાર રજુ કરતાં તેની લાયક જગ્યાએ ગોઠવાઈ બેઠાં હતાં. ઇરાની ગાલીચાઓ મકાનના માલેકના ઉંચા પ્રકારના મોજશોખની જીવતી જમીનગીરી તરીકે સુખી જીવડાઓના નસીબવંત પગોને આરામ બક્ષવા માટે ચોપાસ પંથરાઈ રહ્યા હતા.

બંને બાપ બેટી એકેકની નજદીક બેઠાં હતાં, પણ બંનેની વાત કરવાની ઢબછબમાં લાંબો અંતર જણાઈ આવતો હતો. બાપ જ્યારે લગાર ઉસકેરાયલો હતો, ત્યારે દીકરી ઠંડી અને શાન્ત હતી. બાપનો અવાજ થથરાવનારો તથા

સભ્યાઇના અંશ સાથે આમેજ થયલો કરડો અને કોઈની ઉપર પણ અસર કરવાને પુરતો હતો, ત્યારે તેની અશરાફ બેટી એદેલીન સદાની તાબેદાર અને નમાની દિસતી હતી અને પોતાના વાહલા પેદરના એકેએક બોલને કોઈ પણ ભોગે ઉંચકી લેવાને આતુર હતી.

આ કિસ્સો શરૂ થાય છે ત્યારે કરનલ રેન તરતનોજ એદેલીન આગળ એક લાંબી જીકરી કરી પરવાર્યો હતો અને હવે તે સમજાવટની અસર પોતાની સદાની તાબેદાર બેટી ઉપર કેવી થવા પામે છે તે જોવા જયારે તે ઇંતેજાર થઈ બેઠો હતો, ત્યારે નિર્દોષ એદેલીન પોતાની હંસ જેવી નાજુક, ગોરી ગરદન ઝુંકાવી વિચારના વમળમાં ગર્ક બની બેઠી હતી.

આ એક જોવાજોગ અસરકારક ચિત્ર હતું. પક્કો કરનલ રેન ચેતી ગયો; તેણે ખાત્રીથી જાણ્યું અને માન્યું કે તેનાં લંબાણ ભાષણની અસર એદેલીન ઉપર અચુક થવા પામી હતી.

અને તેમજ હતું. એદેલીન પિગળી હતી. તેણીનાં મનનો બાકી રહેલો વસવસો હવે તદનજ દુર થવા પામ્યો હતો.

"બાવાજી, હું તમારો બોલ મારે માથે ચહડાઉંછ," એદેલીને પોતાના બાપની લાંબી સમજાવટનો ટુંકો ને ટચ જવાબ દીધો.

"શાબાશ! જીવતી રહે મારી બેટી!" કરનલે પ્યારથી હસીને કહ્યું, "મારા ગોલાબ, તું મારી આ ગોઠવણથી રાજી છે કે નહિ તે ખરેખરૂં કહી દે."

"વાહલા પિતા! તમે રાજી તો હું રાજી." એદેલીન પોતાનો નાજુક પણ ગોલ, ભરેલો, સફેદ બરફ જેવો પારદર્શક હાથ પોતાના બાપનાં ખભાં ઉપર મેલી પ્યારથી હસી બોલી. પણ એદેલીનનું આ હસવું કેવા પ્રકારનું હતું તે જાણવાને અને પારખવાને દુનિયા ખાધેલા આ કરનલને વટીક ભાન હતું નહિ.

એદેલીને આગળ ચલાવ્યું, "વાહલા પપા, તમારી મરજી ને હુકમ કરતાં મને આ દુનિયામાં વધારે વાહલું શું હોય? વાહલા બાપ, અગરજો જુલિયનને પરણવાથી તમોને પોતાને સંતોષ મળતો હોય, મારાં માવતરનાં અકાળ મોતનો ગમ તમે ભુલતા હોવ તો તમારૂં ફરમાન હું માથે નહિ ચહડાઉં તો બોલો પપા, મેં મારા ખુદા અને મારા પિતા તરફની ફરજનું કરજ અદા કીધેલું કેમ કેહવાય? તમારી મરજીને તાબે નહિ થાઉં તો મારૂં જીવતરજ શું કામનું?"

"શાબાશ–શાબાશ! હું પેહલેથીજ ધારતો હતો કે મારી અસીલ બેટી પોતાના બાપ તરફની ફરજમાં પછાત પડી કદીબી નાફરમાન થવાની નથી. દીકરી મારી, જુલિયન તરફની મારી પસંદગી એવી તો સત્તાણુનાં સોના જેવી છે કે તુને પસ્તાવાનું એક રજ બરાબર પણ કારણ રહેશે નહિ. અફસોસ જોકે—"

આ પળે કરનલે એક સરદ હાય સાથ પોતાની વાહલી, ફરમાનબરદાર અને ખુબસુરત બેટી તરફ ટગર ટગર જોયું. તેનાં જીગરનાં ઉંડાણમાં કાંઈ આગળો ગમખાર બનાવ ધાઈ આવ્યો હતો, અને તે ચેતી જતાં એદેલીનની ચગાર ચશ્મોને એક ઘડીનો પણ વિલંબ લાગ્યો નહિ. કરનલે પોતાનું અધુરૂં બોલવું પુરૂં કરવાની ઘણીબી તજવીજ કીધી પણ વ્યર્થ. તે દયાળુ બેટીએ પોતાના પ્યારા પેદરની આ દયાજનક હાલત જોઈ લીધી. તે ભલી-ભોળી રૂપસુંદરી પોતાની સુંદર બેઠક ઉપરથી ઉઠી અને પોતાના વાહલા બાપની સોડમાં જઈ તેને વળગી બોલી:—

"પપા! શા માટે તે ગઈ ગુજરીના દુઃખીત બનાવને યાદ કરી તમારા સેહતા જીવને નાહકના સંતાપમાં નાખોછ? જુલિયનનો વડો ભાઈ રોડ્રીક મારી બેહેન દોરાને સદાની નામોશીમાં નાખી, તે બિચારીને ખીલતી જવાનીમાં દુખના ગારમાં હોમાવી અને વિધવાના કાળા ને કદરબીહામણા પોશાકમાં ઝુરતી મુકી ખુદાઈ દરગાહે પોતાની કરણીનો હિસાબ આપવા ચાલી ગયો તે બીના યાદ કરવાથી, બોલો પપા, કાંઈ વળવાનું છે? બાવાજી, તમેજ મને હમેશ કહેતા આવ્યાછ કે ઢોળાયલાં દુધ ઉપર વિલાપ કરવામાં સરફ મુરખાઈ છે, તો પછી તમો આવા ડાહપણવાળા થઈ જે બન્યું કદી અનબન્યું થનાર નથી તેને માટે જીવને શા માટે બળાપામાં નાખોછ?"

"બેશક, દીકરી! તારૂં બોલવું તદન રાસ્ત છે, પણ અફસોસ કે રોડ્રીકની લુચ્ચાઈ, બદમાશી, તેનાં કાળાં કરતુક ને તેનું મોત જયારે મારાં દિલમાં યાદ આવી ઉછાળા મારેછ ત્યારે મારૂં જીગર ગમના તીરથી આરપાર વિંધાઈ જાયછ, મારો સીનો ચાક થાયછ! મરનાર કેવો શિખેલો, કાબેલ ને એક હીરો હતો, પણ અફસોસ કે તે હીરો તો શું પણ પથરથીબી બદતર બુરો પાહન નિકળ્યો. જેને હું ફુલ સમજ્યો તે ખાર નિકળ્યો, જેને હું નેકીની ખુશબુ સમજ્યો તે બદબુનો ગાર નિકળ્યો. અફસોસ! અફસોસ!"

આટલું બોલતાં તેની બંને આંખોની સપાટી ઉપર આસુંનાં બારીક ટીપાંઓ સુધ્ધ સફેદ મોતીની માફક ચળકી નિકળ્યાં. ચગોર એદેલીન તે જોવા વિના રહી નહિ.

"પપા, પપા!" પોતાનો ડાબો હાથ બાપના ગળાં આસપાસ વિંટાળી જમણા હાથે રૂમાલ વડે તેનાં આસું લુછતાં એદેલીન બોલી, "તમે મારા બંનેવી મરનાર રોડ્રીકની નાલાયક ચાલથી એમ જીવને બાળ્યા કરોછ, ત્યારે તો કહો પપા, મને કહો, તેના ભાઈ જુલિયનની પરણેતર બની હું કેવી રીતે સુખી થઈ શકીશ? જુલિયનને મારા આખા ભવના ભાગ્યા તરીકે હું કેમ કબુલ કરી શકું? મારા ખાવિન્દ તરીકે તેનો હાથ કબુલ કરવાને તમો શા માટે એટલા બજીદ થાવોછ?"

એદેલીન ઉપલો વાકયુ એવા તો મજબુત ઠરાવ અને ઠસ્સા સાથે બોલી કે તેનો બાપ એકદમ ચોંકી ઉઠયો. તેણે એક ઝપાટે પોતાના વડા પણ નાલાયક જમાઇની આગળી પાછળી યાદ પોતાનાં મનમાંથી ખંખેરી નાખી. એદેલીનના ઉપલા ઠરાવભર્યા થથરાવનારા વાકયની અજમતી અસરથી તેની મંદ પડેલી જબાન, એક વાર ફરીથી તેજ બની, તેની ગમગીની જાણે સદાની અસ્ત બની.

"દીકરી એદેલીન, સાંભળ! હું તેનું કારણ તને કહું. રોડ્રીક પથર હતો, પણ તારો જુલિયન તો ખરોજ એક હીરો છે, હીરો! બસ, જુલિયન કહેછ કહેછ ને એમજ કહેછ કે 'મારા ભાઇએ તમારી દોરાને કીધેલા ગેરઇનસાફનો બદલો એદેલીનને મારી પરણેતર બનાવી બેવડાં ને ચોવડાં ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે વાળી આપું નહિ, તો હું મારા બાપનો દીકરો નહિ.' ને તેમજ છે મારી દીકરી. જુલિયનની તન બદનની રગેરગમાં રોડ્રીકના જેવા નીચ ને ઝેરી ખવાસનો સેહજબી અંશ સોધ્યો જડશે નહિ. બિલકુલ બિચારો બકરાં જેવો ગરીબ! ને વળી એની જબાનમાં કેવી શીરી? તેનું બોલવું સાંભળતાં જાણે જીવ બાગબાગ થઈ જાય. અસીલ બાપનો અસીલ જાયો તે એ! વડા દીકરા રોડ્રીકે મારા ભાગ્યા અને દોસ્ત લોર્ડ ઓલ્દકેસલનું નામ જેટલું ડુબાયું તેટલુંજ જુલિયન પોતાના ભોળા-ભલા

લાયકીવાળા બાપનું નામ તેરવશે. ખુદા કોઇને દીકરાઓ આપે તો જુલિયન જેવાજ આપજે! બાકી રોદ્રીક જેવા આપવાનો હોય તો તે બિચારા બાપોને સદાના વાંઝયાજ રાખજે!"

"પણ પપા, ત્યારે તો હું એક વાત માંગી લઉંછ કે તમારા ભાગ્યાના દીકરા જુલિયન સાથે હું પરણવાની છેઉં, એ બીના હાલ છુપીજ રાખજો," એદેલીને ગળગળી કહ્યું.

"નહિ, એમ કદી બનશે નહિ! પણ કાંય? એમ કરવાનો કાંઈ સબબ?" બાપે ડોળા ફાડી પોતાની દીકરી તરફ જોઈ સવાલ કીધો.

"સબબ! સબબ શું કહું બાવાજી? જાણે મને એવુંજ લાગેછ કે એ વાત લગ્ન થાય ત્યાં સુધી છુપીજ રહે અને આપણ બેની વચેજ તે દટાયલી રહે." એદેલીને પોતાના બાપને 'અપીલ' કીધી.

પણ કરનલ રેન જેવા કરટા અને એકજ મક્કમ ઠરાવના ન્યાયાધિસે એદેલીને કીધેલી 'અપીલ' નો ચુકાદો તેણીની વિરૂદ્ધમાંજ આપ્યો.

"નહિ બનશે, દીકરી મારી, એમ નહિ બનશે. હવે ઘણું મોડું થઈ ગયું. મારે આ ખુશ વધાઈ બાહેર લાવવીજ જોઇએ." કરનલે પોતાનો આગળો ઠરાવ કાયમ કીધો.

"એદેલીન સાંભળ," પોતાની બેટીને ટચાયલી, અને ફગલાઈ ગયલી જોઈ કરનલે આગળ ચલાવ્યું, "તું શું એમ ઘડીભર પણ માની શકેછ કે તારા જેવી પુતળીને પરણવાની ખુશાલી પેટમાં દાબી રાખવાથી તારા જુલિયનનું પેટ ફુલી નહિ આવશે? અરે, તારા જેવી પુતળીનો પ્યાર જીતવાની ખબર તો તે મોટી મગરૂરી સાથે બાહેર લાવી પોતાના દોસ્ત આશનાવોની મુબારકબાદીનું માન મેળવવાને કયાર કયારનાં પડયો હશે! ચાલ, મારી ડાહી દીકરી થઈ જા ને એક વાર ફરીથી મને હસીને કબુલાત આપ કે તું જુલિયનની ધણીઆણી થવાને એકે પગે તૈયાર છે."

એદેલીન આ સાંભળી હસી, ખરાં અંતઃકરણથી હસી. તેણીએ પોતાના પ્યારા પેદરનાં માયાવંત પાસાંમાં વધુ અને વધુ સંકોચાઈ જવાબ દીધો, "પપા! હું તમુને હવડાં સુધી નાફરમાન થઈ નથી અને કદીબી થઈશ નહિ. વાહાલા પપા! જે ધણીનો વડો ભાઈ મારી બેહેન જેવી પરગેતરને સદાની દુઃખી કરી તે બિચારીનો આખો ભવ બાળી જાળી નાખી નામોશીની શાન્ત ઉંઘમાં સુતોછ તે ધણીના નાના ભાઈનાં સુખદુઃખની ભાગ્યણ થવાને, જ્યારે તમારી મરજીજ છે તો એક વાર નહિ પણ હજાર વાર મારાં સુખને ભોગે પણ હું તૈયાર છેઉં. બસ! હવે તો તમે રાજી થશોની?"

આ સાંભળી તે જરદાર બાપે પોતાની નાની બેટીને પોતાનાં માયાળુ પાસાંમાં વધુ અને વધુ દાબી બાપનાં અજીત વાહલથી તેણીના નરમ સુંવાળા ગાલ ઉપર ચુંબન લઈ કહ્યું, "જીવતી રહેજે મારી દીકરી ને ઘણું સુખ જોજે!"

પોતાના ભલા બાપની ફરેસ્તાઈ ખસલત દેખાડનારી બગલાંની પાંખ જેવી દાહડીના રૂપેરી બાલો એદેલીનના મખમલી ગાલ ઉપર લાગવાની એજમતી દવાથી તેણીનાં અંતઃકરણ ઉપર સારીજ અસર થવા પામી. તેણીએ હસીને પોતાના ઉમરાવ બાપ તરફ મગરૂરીથી જોયું.

હવે તે એકલી પડી. કરનલ છેવટનો જવાબ લઈ છુટો પડયો. તેણીએ હવે છુટકારાનો એક દમ ખેંચ્યો. તરતજ એક સુંદર કિમતી સોફા ઉપર તેણી અઓટાઈ પડી. તેણીનાં સાફ, પાક અંતઃકરણમાં પોતાના ભવિષ્યના ભરથાર અને સુખદુઃખના ભાગ્યા જુલિયનની મુર્ત્તિ વિષે તેણીને વિચાર આવ્યો. તે તરતજ ઉઠી બેઠી. પોતાનાં ગોરાં, ઉંચાં કપાળને પોતાના સુંદર હાથનો ટેકો આપી તેજ ખ્યાલમાં મસ્ત બની. જુલિયનની મુર્ત્તિના ધાઈ આવવાની જોડે જોડ તેણીનાં તનબદનની એકેએક રગમાં વિજળીનો ઝટકો પસાર થઈ ગયો. તે સુંદરી સમજી શકી નહિ કે તે વિજળીક લાગણી પ્યારની હતી કે ધિક્કારની? પણ એ માટે તે બાનુ એક ચોકસ ઠરાવ ઉપર આવે તે દરમ્યાન તો 'ફરજ' નામની બીજી એક મુર્ત્તિ તેણીની નજરે પડી. તે મુર્ત્તિ સાદી પણ શોભીતી હતી. તે મુર્ત્તિએ પોતાનું સર નમાવી નીચુંજ રાખેલું હતું. તેણીએ પોતાનો ડાબો હાથ પોતાનાં અંતઃકરણ ઉપર મેલ્યો હતો, જ્યારે જમણો હાથ આસમાન તરફ ઉંચે ધર્યો હતો.

"બસ! બસ! મારા પાલણહાર પ્યારા પેદર તરફની ફરજને હું સાચ્ચી નીવડું તોજ મારૂં જીવતર! પણ એ છે શું? મારો જીવ એટલો ધ્રુજેછ કાંય? ધ્રાસ્તીનો મોજો એટલાં બધાં જોશ સાથ મારાં જીગરને અથડેછ કાંય? અગરજો હું મારી એ પસંદગીમાં ભુલતી હોઉં તો ઓ ખુદા, મારી ઉપર રહેમ કરજે, મને દરગુજર કરજે, મને બચાવજે."

એદેલીન વધુ બોલી શકી નહિ. કેમકે તેજ પળે તેણીના તિક્ષણ કાન ઉપર પોતાનાં મકાનના કંપાઉન્ડમાં કાંઈ ગડબડ થવાનો અવાજ આવી અથડયો.

એદેલીન તરતજ ઉઠી. તે સમજી શકી નહિ કે તે અવાજ શાનો હતો.

મોહબતની મકતબનો પાઠ પહેલો.

એદેલીન વિજળીક ઝડપે ઉમદા ગાલીચાઓથી સણગાર પામેલા દાદર ઉપરથી નીચે ઉતરી ત્યારે તેણીએ પોતાના કારભારી પ્રોસપર સ્પ્રેગનો ગુસ્સા ભરેલો ઘોઘારી સાદ સાંભળ્યો. સ્પ્રેગ જોકે ૫૦ કરતાં વધુ વર્ષની વયનો હતો તોપણ તેનો બાંધો મજબુત અને જવાનોને અદેખાઈ ઉપજાવે એવો હતો. તેણે કરનલની નોકરીમાં વર્ષો પસાર કીધેલાં હોવાથી તે પોતાના શેઠનો ઘણો માનીતો હતો.

"જોરે! એઈ! હું તુને સાફ કેહતો છું કે હવેથી તારાં કદમ અહિં લાવવાં નહિ. મને શેઠે સાફ હોકમ કીધોછ કે તુને ને તારા જોડીદારોને બંગલામાં પેસવા દેવા નહિ. તું શા માટે મારા ભલા શેઠને મોટાં મોટાં કાગળો લખી કંટાળો આપેછ હેં? અરે મારા શેઠ તારાં એવાં ચિથરાં વાંચવા બેસે કેની તો તેમને ખાવા ને ઉંઘવાની પણ ફુરસદ મલે નહિ."

એદેલીન પોતાના કારભારીને સાંભળતી કોઈ નહિ જોય તેમ ઉભી હતી. તેણીએ એક જવાનને સ્પ્રેગ આગળ અદબ અદાથી ઉભેલો જોયો. એજ જવાનને સ્પ્રેગ થથરાવતો ઉભો હતો એમ જોઈ લેતાં તેણીને વાર લાગી નહિ.

"મી૦ સ્પ્રેગ મારી એક અરજ છે કે, મારે ખાતર નહિ તો ગરીબ બિચારા કામદારોની ભુખે ટવળતી ઓરતો અને તેમનાં બાળકો ખાતર કરનલ રેન શેઠની

રૂબરૂમાં મને જવા દે. હું એટલીજ દયાનો તારી પાસે તલબગાર છેઉં, ઇંતેજાર છેઉં. પછી શેઠને—"

"અરરર, આ તો કોઈ મેત હાઉસમાંથી છુટી આવેલો દીવાનો છે. જજે હું, નહિ તો—"

"પણ મી૦ સ્પ્રેગ હું—"

"નહિ બનશે. હું એમ બનવા દેવશ નહિ," સ્પ્રેગે ગુસ્સામાં કહ્યું.

"પણ મી૦ સ્પ્રેગ હું—"

"હં હં હં હં! ત્યારે તો હવે મી૦ સ્પ્રેગનો સરપાવ ને સવાદ સાથે લાગો લેતોજ જા."

તરતજ સ્પ્રેગે પોતાનો રાથોડી પગ ઉંચકયો અને પેલા જવાનને કકડાવીને એક લાત ઝાડવાની અણી ઉપર હતો તેજ પળે તેની શેઠાણીનો માનીતો મિઠો અવાજ તેના કાને પડયો.

"સ્પ્રેગ, સબર! એ આ બધું શું તોફાન છે?"

આ અવાજ એદેલીનનો હતો. સ્પ્રેગ કાકાએ તે તરતજ ઓળખ્યો, જેથી તે પેલા જવાન આગળથી તુરત હઠી ગયો. સ્પ્રેગ અને પેલા જવાન વચ્ચે એદેલીન એક શેહેનશાહબાનુના જેવા દમામથી જઇ ઉભા. તેણીએ ઘરમાં પેહેરવાનો સાદોજ પોશાક સજયો હતો, છતાં, પોતાના નોકરની તે જવાન તરફની નાલાયકી અને બેઅદબીથી તેણીનું લોહી તપી આવેલું દિસતું હતું, જેથી તેણીની ખુબસુરતીમાં ઓરબી ઉમેરો થયો હતો. તે ખુબસુરતી ચિતારાની પિછીને લાયક બની હતી.

પેલો જવાન એદેલીનને જોતાંજ પોતાની ટોપી ઉતારી નમ્યો. તે તેણીના શેહેનશાહબાનુ જેવા દમામદાર રોબથી પેહેલીજ નજરે અંજાઈ ગયો—ઘભરાઈ ગયો. તેનું નમવું પણ જાણે બેભાનીનુંજ પરિણામ હતું! તે જવાનના નમવાના જવાબમાં એદેલીને પોતાની હંસ જેવી અને બગલાંની પાંખ જેવી ગરદન સેહેજ નમાવી.

"શું છે સ્પ્રેગ?" એદેલીને સવાલ કીધો, પણ તેમ કરતાં પેલા જવાનને બારે ડોળે માથાથી તે પગ સુધી જોઈ લેતાં તેણીને વિલંબ લાગ્યો નહિ.

"અરે બાઈ, તમે નહિ જાણો. શેઠને એ લોકોએ સતાવવાનું ચાલુજ રાખ્યું છ. એ લોકો શેઠનાં કારખાનામાં નોકર છે ને આ જવાન મી૦ લાયન ત્યાં ઇન્જેનેર છે. એ લોકોએ કામ બંધ કરી હડતાળ પાડીછ, ને એમ કરી શેઠને બુમ મરાવવાની એ લોકોની મતલબ છે. તેથી શેઠ એ લોકો ઉપર ચીરડાયલા છે ને તેમાં શેઠનું લોહી ઉકાળવા મી૦ લાયન શેઠ આગળ જવા માંગેછ ને મને કહેછ કે—"

"બસ, સ્પ્રેગ બસ. હું એ સઘળું જાણુંછ. તું હવે અહિંથી જા." એદેલીને સ્પ્રેગને ત્યાંથી જવાની ઇશારત કીધી. સ્પ્રેગના જવા પછી તેણીએ તે જવાન તરફ ફરીને જોયું. તેની ઉપર ઉડતી નજર કરતાં તેણીને એક બે પળથી ઝાઝો વખત લાગ્યો નહિ. તેણીએ જોયું કે તે જવાન ૨૫ થી ૨૮ વર્ષની ઉમરનો લાગતો હતો. તેણીએ એ પણ જોઈ લીધું કે તેનો ચેહેરો સ્પ્રેગની બેઅદબીથી તોફાની મોજા પેઠે ઉસકેરાઈ ગયો હતો. તે ચેહેરો ભરેલો અને સોહામણો હતો. ખીલતી જવાનીનાં જોશની નિશાન તેના ચેહેરા ઉપર આબાદ પ્રગટી નિકળી હતી. તેના સાદા પોશાક ઉપરથી એદેલીનને જાણી લેતાં વાર લાગી નહિ કે પોતાની સામે

ઉભેલા જવાનની નાણાં સંબંધી સ્થિતિ કાંઇ ઘણી સારી હતી નહિ. તેજ પળે પેલા જવાને પણ જોઇ લીધું કે પોતાની સામે આવી ઉભેલી બાનુ પોતાના કરેઠા શેઠની દીકરી એદેલીન હતી, જે તે શેહેરમાં "ખુબસુરતીની રાણી" નાં નામથી મશહુર હતી. તે સુંદરીની ઉમર ૨૦ વર્ષ જેટલી હતી, તોપણ સરોવરને શરમાવે એવું તેણીનું ઉચું, સીધું અને રૂપાંનાં પતરાં જેવું ગોરૂં, ઘટમદાર બદન, મજબુત બાંધો અને તંદરોસ્ત અને સુરખીદાર ચેહેરો જોઈ તે જવાન આપણે ઉપર જેયું તેમ શરૂઆતમાં ખરેખર ઘભરાઈ ગયો હતો. પણ જ્યારે તેણે જોયું કે તે સુંદરીની કાળી આંખોમાં જવાનીનાં ઉછળતાં જોબનની જોડેજોડ દયા અને દિલસોજી તેમના પુર બહારમાં ખીલી રહ્યાં હતાં ત્યારે તેનો પળ વારનો ઘભરાટ સમી ગયો, તેના ચેહેરા ઉપરનો ફીકાસ કાંઇક કમી થયો.

"મારા ભોળા નોકરે અંજાણપણે તમારી તરફ જે નાલાયક ચાલ ચલાવીછ તે માટે હું ખરેખર ઘણી દલગીર છેઉં."

"તમો બાઈ સાહેબની મારી તરફની આવી લાયકી માટે એ બાનુ, હું તમારો હેશાનમંદ છેઉં."

એદેલીને તે જવાનના આ બોલોથી ખુશી થઈ સેહેજ હસ્તે મોહડે પુછયું, "તમારૂં નામ ?"

"મારૂં નામ નીલ લાયન છે, બાઈ સાહેબ."

"તમે શું કહેવા માંગોછ? જો તમોને કંઇ અડચણ નહિ હોય તો મને તે જણાવશો તો હું કદાચ તમોને કંઈ મદદ કરી શકીશ."

"હું મારા શેઠ કરનલ રેનને મળવા માંગુછ." લાયનના આ અવાજમાં એદેલીનને લાગ્યું કે એક એવો તોર અને દમામનો અંશ સમાયલો હતો કે જે બીજાઓ ઉપર હાકમી ભોગવવા માટે સરજાયલો હોય છે. પણ તેમ કયાંથી બની શકે? તે તેણીના બાપનાં કારખાનામાં માત્ર ઇંજનેરની પંક્તિ ઉપર ઉતરતા દરજાનો એક નોકર હતો. તેની હાલત સારી તો હતીજ નહિ, કેમકે તેનો ખવાસ દયાળુ હોવાથી પોતાની સકમાઈની આવકનો મોટો ભાગ તે ગરીબ કામદારોને મદદ કરવા પાછળ ખરચી નાખતો હતો, જેથી જેમ બનવું જોઇએ તેમ તે દર મારો નજીવી, બલ્કે નહિ જેવી રકમ ફાજલ પાડી શકતો હતો.

"મેં અનેક વાર ચાહ્યું કે શેઠને મળી ગરીબ કામદારો તરફથી બે બોલ બોલી તેમનો ગુસ્સો સમાવી દેઉં. પણ બાઈ સાહેબ, તમારો નોકર મને દાખલ થવા દેતોજ નથી. એક તરફથી શેઠ મારી કાકલુદીભરી અરજીઓને વાંચવા વગર ફાડી નાખી હવામાં પંખેરાંની તરેહ ઉડતી કરેછ, ને બીજી તરફથી ગરીબ કામદારોનાં બચ્ચાં છોકરાંઓ રોટલીના એકએક ટુકડા ને અન્નના એકએક નવાલા વગર ટવળેછ. તેમના દાંત ને અન્ન વચ્ચે વેર પર્યુછ, તેમનો ટવલાટ ગમે તેવી પથરની છાતીને પણ પિગળાવવાને પુરતો છે. અરે નામવર બાનુ! હું તે નિર્દોષોની ભુખે ટવળતી આંતરડીની કદુવા કેમ સાંભળી શકું? તેમનાં અંતઃકરણની હાય અને અફસોસનો ધુવો કેમ સહન કરી શકું?"

એદેલીન વિસમય પામી. તેણીનો સુરખીદાર ચેહેરો ચિંતાના ફીકાસમાં બદલાતો લાયને જેયો. પોતાના બંને હાથો પોતાની આંખો ઉપર ઢાંકી દઈ તે જવાનની હાજરી વટીક ભુલી જઈ તે બાનુ દિલસોજીના તાપથી છેકજ આજેઝ થઈ બોલી:—

"અફસોસ! અફસોસ! શું કરૂં? મારા કરડા પપાને કેમ સમજાઉં, કેમ મનાઉં?"

"ખરેખર બાઈ સાહેબ, તે બિચારાંઓની હાલત ખરેજ દયા કરવા જોગ છે." લાયને એદેલીનની દુખાયલી લાગણીનો કાંઈ પણ ખ્યાલ કીધા વિના આગળ ચલાવ્યું, "હું કસમ લઈ કેહુંછ કે તમામ કામદારો એટલા તો ફટાંઉ થઈ ગયાછ કે તેઓને તમો બાનુની ભલાઈ, દયા અને દિલસોજીનો ખ્યાલ નહિ હોતે તો બેશક તેઓ કંઈ પણ પરિણામની દરકાર વગર તમારા કરડા બાપ ઉપર જરૂર અલાપ લેતે. તેઓ એવું ન છાજતું પગલું ભરતાં હજી સુધી અટકયાછ તે કોઇનીબી બીક યા ધાસ્તીને લીધે નહિ પણ માત્ર તમો બાનુ તરફનાં માનની લાગણીને ખાતરજ છે. આખું શેહેર તમો બાનુના હેશાનના ભાર તળે દબાયલું છે. તમો જાણતાં તો હશો કે જયારે નિર્દોષો છેકજ લાઇલાજ થઈ છેલ્લે પાટલે બેસેછ ત્યારે તેઓ દેખતી ચશ્મે આંધળાં થાયછ, છતાં મગજે દીવાનાં બનેછ, તેઓને કોઈ વાતનું ભાન રેહેતું નથી અને ઇનસાનિયત કે કાયદા કાનુનોની જરાબી દરકાર કરવા વગર કાંઇબી નવું જુનું કરવાને તેઓ અટકતા નથી."

લાયનના આવા ચોંકાવનારા ભયભીત શબ્દોથી એક સખ્ત લખલખાંની ધીમી ધ્રુજરી એદેલીનનાં તન બદનમાં પેવસ થવાની શરૂ થઈ. તે સુંદરી સમજી શકીજ નહિ કે તેણીની પોતાની હજુરમાં તે જવાને આવા દુખદાયક બોલો બોલવાની હિમ્મતજ કેમ કીધી હશે?"

આથી તેણીએ લગાર ગુસ્સે થઈ કહ્યું, "મી૦ લાયન, તમારે આટલું તો જાણવું જોઇએ કે તમારા શેઠ તે મારા પ્યારા પપા છે. તેવણને માટે કોઇ પણ વિરૂદ્ધમાં બોલી તેમને માઠી રીતે ચિતારે તે હું એક પળવાર પણ સાંખી શકું નહિ. જોકે તમોએ જણાવેલી હકીકત ખરેજ કોઇની પણ દયા ઉસકેરે તેમાં શક નથી, તોપણ મારા પપા તથા તેમના ભાગ્યા લોર્ડ ઓલ્ડકેસલ કેહેછ કે તે કામદારો ભુખે મરેછ તેમાં તેઓનો પોતાનોજ વાંક છે. તેમને જે ભુખમરો સોસવો પડેછ તે માટે તે કામદારોએ પોતાનોજ ઉપકાર માનવો જોઇએ."

"કેટલો ગેરઈનસાફ! આ તો ઉલટો ચોર કોટવાલને દંડે તેવી વાત થઈ. હું ખરૂં કહુંછ, બાનુ! કે તે બિચારાઓનો વાંક જરા પણ નથી. તમો બાઈ સાહેબને કોઇએ ખોટે રસ્તે દોરવેલાં લાગેછ અને તેથીજ તમો ભુલાવો ખાઈ તમારા સદાના દયાળુ ખવાસને એક બાજુ મુકોછ. પણ બાઈ સાહેબ, બે બોલ કહેવાની અને થોડોક ખુલાસો કરવાની મને રજા આપશો?"

એદેલીને ખ્યાલોમાં ચકચુર બની ઇશારતથી લાયનને રજા આપી.

"જયારે બે વરસની વાત ઉપર તમારા બાવાજીનો ધંધો ખોટમાં ચાલતો હતો, કોલસાની મોંઘવારી પાર વિનાની હતી, અને બંને ભાગીદારોને મોટાં નુકસાનમાં ઉતરવું પડયું હતું તે વેળા કરનલ રેન ને લોર્ડ ઓલ્ડકેસલે કામદારોનો પગાર એવી શરતે ઘટાડી નાખ્યો હતો કે તેમનો ધંધો જયારેબી પાછો આબાદ સ્થિતિ જોવા પામે ત્યારે તેમનો પગાર આગળના જેટલોજ કરવામાં આવશે. હવે બાનુ, ધંધાની હાલત સુધરવાને આજે બાર માસ વહી જવા છતાં તે શરત બજા લાવવામાં આવી નથી, અને ગમે એટલી કાકલુદી તથા મિન્નતગુજારી છતાં જયારે કામદારો પોતાના આગળા પગારની કબુલાત પ્રમાણેની માંગણી કરતાં તદન થાકા ત્યારેજ અંતે તેમને આ સખ્ત પણ વાજબી પગલું ભરવાની ફરજ પડી."

એદેલીન વિચારમાંજ ઉભી. તેણીએ તે જવાનના બોલવામાં કાંઇક વજુદ જોયું.

"મીo લાયન, હું હમણાં કોઇબી પક્ષનો ઇનસાફ કરવા માંગતી નથી. પણ મને એટલું જણાવશો કે શું કારખાનાના તમામ કામદારોએ પોતાના એક 'ડેલીગેટ' તરીકે તમુને મારા પપા આગળ ફરિયાદ રજુ કરવા મોકલ્યાછ?"

"હા, મીસ રેન."

"પણ તમે શું એમ કેહેશો કે તમોએ અભણ કામદારોને હડતાળ પાડવા ઉસકેર્યા નથી?"

આ સવાલ કરતાં 'ખુબસુરતીની રાણી' એદેલીને લાયનના ચેહેરા તરફ બારિકીથી જોયું. તેણીએ માન્યું કે તે જવાન આ સવાલથી ફીક્કો પડી જશે. પણ ભોળી એદેલીન ભુલતી હતી. લાયનનો ચેહેરો ફીક્કો થવાને બદલે તેણીએ તે ઓરબી ખીલી નિકળેલો જોયો.

"બાઈ સાહેબ, હું કદી પણ ખોટું બોલીશ નહિ. હું બાહિમ્મત ને મગરૂરીથી કબુલ કરૂંછ કે એકેએક કામદારને હડતાળ પાડવાની સલાહ મેંજ આપીછ. બાઈ સાહેબ, સાચ્ચો એકરાર કરતાં હું કદી પણ શરમાતો કે લજવાતો નથી. એમ કરવામાં મેં મારો પોતાનો લાભ જોકે ખોહોછ પણ ગરીબ કામદારોનો લાભ મેં હૈડે ધર્યોછ."

લાયનના આવા ખુલ્લાં દિલના એકરારથી એદેલીન ખરેખર અચરત થઈ; પણ તે અચરતીને તેણીએ પોતાનાં જીગરનાં બિસ્તરમાંજ જન્મ આપી ત્યાંજ તેને દફન થવા દીધી.

"ને તેથીજ મારા પપા સાથે તમારી મુલાકાત કરાવવાનું કામ મને મુશકેલ લાગેછ. મારા પપા કામદારો તરફ જેટલા ગુસ્સે છે તે કરતાં લાખ દરજ્જે વધારે તેઓ તમારી ઉપર ચીરડાયલા છે. તેવણ આ હડતાળનો સઘળો બોજો તમારીજ ઉપર મેલેછ. તોપણ કામદારોનાં ભુખે ટવળતાં બચ્ચાંઓ ખાતર હું મારા પપાને સમજાવી તમારી મુલાકાત લેવાને બનતું કરશ. તે છતાં મીo લાયન, મારે કેહવુંજ જોઇએ કે કામદારોને આ પ્રમાણે ઉસકેરવામાં તમોએ એક વફાદાર નોકરની ફરજ તો બજાવેલી કેહેવાયજ નહિ."

તે બાનુના આ તાણાના જબુન તીરથી લાયનને લાગ્યું કે તેનું જીગર વિંધાઈ જતું હતું. જોકે તે વખતે તેનો ચેહેરો લેવાયલો લુટાયલો જેવો બની ગયો હતો, તોપણ તે ઉપર સચ્ચાઇનો છાપ એદેલીને આબાદ પ્રગટી નિકળેલો જોયો.

"ત્યારે તમેબી મને ગુનેહગાર માનોછ કે બાઈ? મારા અન્નદાતાર તરફ મને બેવફા ગણોછ? જો તમે એમજ ધારતાં હોવ તો ખુદા મને માફ કરે. જાણજો બાઈ સાહેબ, મને જે પગલું લેવું પડયુંછ તે, હું ખુદાને હાજરનાજર જાણી કેહુંછ કે માત્ર હક ને ઇનસાફ માટેજ છે. બાઈ સાહેબ, તે છતાંબી જો તમે મને તકસીરવારજ ધારતાં હોવ તો તમારા હંમેશના દયાળુ ને દાતાર ખવાસ મુજબ મને દરગુજર કરશો."

એદેલીન ખુલ્લાં દિલની આ "અપીલ"નો શો જવાબ દે? તેણીને શી ખબર હતી કે પોતાની સામે ઉભેલા જવાનનાં જીગરમાં હજારો ખ્યાલો રમતા હતા? લાયનની ઉપલી "અપીલ" થી તેણીને ખચ્ચીત ઘણું લાગી આવ્યું.

"મીo લાયન, હું મારાં ખરાં અંતઃકરણથી તમને માફ કરૂંછ ને ખુદાબી તમને માફ કરે, અને તમોને નેક હેદાયત બક્ષે. હું કેવું ઇચ્છુંછ કે ખુદા મારા

પપાનાં જીગરમાં તમારે માટે રેહેમ મુકે. મી૦ લાયન, ખાત્રીથી જાણુજો કે હું મારા પ્યારા પપાને રાહ ઉપર લાવી બિગડેલા મામલાને સુધારવાને મારાથી બનતું કરીશ." આટલું બોલી તેણીએ લાયનનો હાથ સેહેજ પણ આંચકી વિના પોતાના કોમળ હાથમાં લીધો અને સેહેજ ધીમા સાદે કહ્યું, "મી૦ લાયન! મારી તરફથી હું તમોને એક કામ સોંપવા માગું છ તે એ છે કે હું નાણાંની ચોકસ રકમ મારા વિશ્વાસુ નોકર સ્પ્રેગ પાસે મારા પેદર નહિ જાણે તેમ તમારી ઉપર આજે મોકલી આપીશ, તેમાંથી ગરીબ કામદારોને થોડું થોડું વેહેંચી આપવાની મારી તરફથી મેહેરબાની કરજો. પણ ખબરદાર! તે હઠીલા કામદારોના કાને મારાં નામનો સેહેજબી સંસારો વટીક જવા પામે નહિ."

લાયને ગળગળતા સાદે તેણીનો ઉપકાર માન્યો. તે બાહદુર છતાં એદેલીન જેવી નાજુક બાનુએ બક્ષેલી માફીથી ખુદ તે બાનુ કરતાં તે વધુ નાતવાન બની ગયો. તેણે ઘણું ઇચ્છયું કે તે રૂપસુંદરી આગળ હજી વધુ વખત ઉભો રહી પોતાની તરફ તેણીની દયા અને દિલસોજી ખેંચેલીજ રાખે. પણ નહિ. તે સમજી ગયો કે તેમ કરવું ગ્રહસ્થાઈના તરીકાથી કેવળ ઉલટું હતું. તેણે જોઇએ તે કરતાં વધુ વખત તે ભલી બાઇને ખોટી કીધી હતી. તેણે એક વાર ફરીથી નમીને ચાલતી પકડી. એદેલીનને લાગ્યું કે તે ગરીબ પણ બાહદુર, ખુલ્લાં દિલનો, ખુબસુરત અને ખરેખરો ઉમરાવ જવાન તેણીની નજરથી સદાનો ગયો.

તે જવાન નજરથી ગુમ થયો ત્યાં સુધી એદેલીન તેના આકારને જોતીજ ઉભી. તે આકારના ગુમ થવા સાથે તેણીને લાગ્યું કે પોતાની ખુશાલીનું કિરણ પણ તેની સાથે સદાનું ગુમ થયું હતું. તેણી રડમસ બની પોતાના ઓરડામાં પાછી ફરી.

એદેલીન તે શેહરમાં અને તેની આસપાસ 'ખુબસુરતીની રાણી' તરીકે માનીતી હતી, પોતાના તાલેવંત બાપની અખુટ દોલતની વારેસ તરીકે જાણીતી હતી. લાયન તેના બાપનો એક કમીનો નોકર હતો, ગરીબાઈની ઠોકરો ખાતો ગોયા એક પથર હતો, બલ્કે એદેલીનની હાલત સાથે સરખાવતાં પથરથીબી બદતર કમતર હતો. તે જવાન, ભોળી, ભલી સુંદરીએ જોઈ લીધું કે પૈસાના ઢગ કરતાં લાયન જેવા જવાન સાથે આખા ભવની પાળ બાંધવામાં બંને જેહાનનું વધુ સુખ સમાયલું હતું. પણ તેણીનો આ ખ્યાલ કદીબી અમલમાં આવી શકે એવો ન હતો. બંને વચ્ચેની સંસારી સ્થિતિમાં આસમાન જમીનનો ફર્ક હતો. આ ખ્યાલની બરકતથી લાયનનો ખ્યાલ તે તદન ભુલી ગઈ. તેણીએ પોતાના ધર્મની પવિત્ર બાઇબલની કિતાબ પોતાના હાથમાં લીધી અને તેમાંના એજમતી બોલોની અસરથી તેણીનું તમામ ધક ધ્યાન તેણીને પેદા કરનાર તે પરમકૃપાળુ બાપ તરફ લીન થઈ ગયું, બસ તેનેજ આધીન થઈ ગયું.

બે જોડિયા ભાઇઓ.

આપણે ઉપર જોઈ ગયા કે કોલસાની ખાણો અને લોખંડનાં કારખાના સાથનાં ઓલ્ડકેસલ શેહેરમાં કરનલ રેન પોતાનાં "હેન્સબરી ઍબી" નામનાં મથકમાં પોતાની નાની બેટી એદેલીન જોડે રહેતો હતો. એદેલીનને આપણે ગયાં પ્રકરણમાં નેકીના એક ફરેસ્તા તરીકે પિછાની લીધી છે. આ ભલી, તાબેદાર, નમાની સુંદરી

આખાં ઓલ્ડકેસલમાં જેમ પોતાની ખુબસુરતીથી "ખુબસુરતીની રાણી"ની ઉપમા પામી હતી તેમ પોતાની ભલાઇના ભંડારથી ત્યાંનાં લોકો વચ્ચે તે એક મુર્ત્તિ માફક પુંજાતી હતી, અને પોતાના બાપની અખુટ દોલતથી દરેક પ્રકારનાં સુખમાં સુખી હતી. તેણીએ દશ વર્ષની ઉમરથી પોતાની વાહલી માવતરનો છાંયો સદાનો ગુમાવ્યો હતો. તે પળથી કરનલ રેને તેણીને બાપ તેમજ માતાનાં ભેગાં અને બેવડાં વાહલથી ઉછેરી મોટી કીધી હતી. એદેલીન પોતાના બાપથી મળતાં સુખથી એટલી બધી તો સુખી હતી કે તેણી પોતાને જન્મ આપનાર માતાનો ગમ ઘણી સેહેલાઇથી ભુલી ગઈ. તેણીની મુખ્ય મોજ ઓલ્ડકેસલના ગરીબ વર્ગ તરફ માયાથી વર્તવામાં, તેમને નાણાંની તેમજ બીજી મદદ કરવામાં અને બિમારોની માવજત કરવા-કરાવવામાંજ અટકી રહી હતી.

કરનલ રેનના ધંધા રોજગારમાં તે શેહેરના એક જાણીતા ઉમરાવ લોર્ડ ઓલ્ડ-કેસલનો ઘાડો સંબંધ હતો. તે અમીર "હેન્સબરી ઍબી" થી પાંચ માઇલ દુર આવેલાં "ઓલ્ડકેસલ પાર્ક" નામનાં એક દબદબાભર્યાં મકાનમાં પોતાની ઓરત અને એકલા વારેસ ઓનરેબલ જુલિયન તાવર્સ સાથ રહેતો હતો. કોલસાની ખાણો અને લોખંડનાં કારખાનાઓમાં તેમનો કરનલ રેન સાથ ભાગ હતો, જેની બરકતથી તેઓ સારી દોલત ભેગી કરવા પામ્યા હતા. આ ઉપ્રાંત તેમની એકલાની માલેકીની અનેક જાગીરો હતી, જેની આવક પણ મોટી હતી. આવક સાથે તેમનો ખર્ચ પણ તેટલોજ મોટો હતો. પણ લોકો એટલું તો જાણતાં હતાં કે કરનલ રેન જેટલો નાણાંના બાબમાં આબાદ હતો તેટલોજ આબાદ લોર્ડ ઓલ્ડકેસલ હતો નહિ. બંને ભાગ્યાઓ વચ્ચે સંપ અને સંબંધની સાંકળ એટલી તો મજબુત જોડાયલી હતી કે કરનલની વખતસરની મદદને લીધે લોર્ડ ઓલ્ડકેસલને કદી પણ નાણાંની તંગીનો અનુભવ મેળવવાનો પ્રસંગ મળ્યો હતો નહિ.

કરનલ રેનની વધુ આબાદ સ્થિતીનો સબબ સોનાની ખાણોનો તેનો હિમ્મત-ભર્યો સાહસ હતો. એ સાહસ માથે ઉડાવવા માટે તેણે ઓસ્ટ્રેલ્યાની કેટલીક પડતર જમીનના મોટા મોટા ટુકડાઓ પટે લીધા હતા, જેમાંથી નસીબ દેવીનાં પ્રસન્ન થવાથી તે લખપતી થવા પામ્યો હતો. આવી સરજત લોર્ડ ઓલ્ડકેસલની હતી નહિ. સોનાના સાહસમાં પોતાને ઝીપલાવવાને તેણે હામ ભીડી નહિ. તેણે પોતાની હાલની હાલત ઉપરજ શુકરગુજારી કીધી, અને તેથી પોતાના ભાગ્યા-નાં આ જોરેમંદ નસીબમાં તેનો ભાગ પડી શકયો નહિ.

લોર્ડ ઓલ્ડકેસલ, આપણે ઉપર જોયું તેમ ઓલ્ડકેસલ પાર્કમાં પોતાના ભાગ્યા-ના જેટલાજ દોર દમામથી પોતાનાં કુટુંબ સાથે રહેતો હતો. કરનલ રેન જ્યારે બે બેટીઓનો બાપ હતો, ત્યારે લોર્ડ ઓલ્ડકેસલને ત્યાં બે બેટાઓની વૃદ્ધિ થઈ હતી. કરનલ રેનની નાની બેટી એદેલીનને તો આપણે શરૂઆતમાંજ ઓળખી ચુકયાં છિએ. તેણીની વડી બેહેન દોરા, એદેલીન કરતાં ચાર વર્ષ વડી હતી, યાને જ્યારે આપણી આ વાર્તા શરૂ થાય છે તે વખતે વડી બેહેન ૨૪ વર્ષની ખીલતી જવાનીના બહા-રમાં હતી, પણ મોટો અફસોસ તો એ હતો કે એ ખીલતી જવાનીને તેણીના ખાવિન્દ રોદ્રીકે—લોર્ડ ઓલ્ડકેસલના વડા બેટાએ-બેરેહેમ અને બેશર્મ બની રગડી નાખી હતી—સદાની કચડી નાખી હતી. બંને ભાગ્યાઓ વેહવાઇનાં નાતાંથી જોડાયા તો ખરા, પણ કમનસીબે તે નાતું ફકત ગણત્રીનાં વર્ષોની ટુંક મુદતમાંજ નાશ પામ્યું. રોદ્રીક લંડનથી સોલીસીતરની પરિક્ષા ફતેહમંદીથી પસાર કરી આવ્યો,

જ્યારે તેના બાપની એકલી ઉમેદ એજ ચંચળ બેટા ઉપર લટકી રહી હતી. પણ બીજી તરફ ખુદરતનો ખેલ ન્યારોજ હતો. તે પોતાનાં લગ્ન પછી પોતાની પરણેતર ખુબસુરત દોરાને લઈ લંડન ખાતે જઈ વસ્યો જ્યાર બાદ તેની કારકીર્દી એટલી તો હિનપસતી ભરેલી નિવડી કે ગરીબ બિચારા લોર્ડ ઓલ્ડકેસલ ઉપર, પોતાના આશાવંત વડા બેટાએ આણેલી ખેજાલતથી, બહુજ માઠી અસર થવા પામી અને તેને સખ્ત બિમારીનું બિછાનું સેહવવું પડયું.

પોતાના વડા બેટાની બદમાશીની ખેજાલતનો જખમ, લોર્ડ ઓલ્ડકેસલને લાગ્યું કે, કદી પણ રૂઝાવાનો નથી, પણ એદેલીન જેવી ફરેસ્તાઈ ખસલત રાહબરના દિલાસાના મલમથી તે ગમે તેટલો ઉંડો ઘાહ પણ રૂજાવા પામ્યો.

મરનાર રોડ્રીકે પોતાની જાતી ચાલાકી અને બાહોશીથી પોતાની આસપાસ સંખ્યાબંધ તાલેવંત કુલો ભેગાં કીધાં હતાં, પણ તેણે એ લાભનો રૂડો ઉપયોગ કીધો નહિ. તેણે પોતાની ઉપર મેલાયલા વિશ્વાસનો ભંગ કીધો અને પોતાનાં કુલોની ખોટી સહીઓ કરી, તેમજ ખોટાં ઓચરિયાંઓ ઉભાં કરી હજારોની રકમ ઉચાપત કીધી. તે ફકત પોતાનાં કુલોનેજ રડાવી સંતોષ પામ્યો નહિ. કરનલ રેને પોતાની વડી બેટીનાં લગ્નના દીવસેજ એક મોટી રકમ તેણીનાં નામ ઉપર ચુહડાવી આપી હતી, તેમજ લંડનની મોટી આવકવાળી એક જાગીર પણ લગ્નની ખુશાલીમાં પોતાના જમાઇને નજર કીધી હતી. પણ રોડ્રીકે એ સઘળાંને ટુક મુદતમાં ખસ્તેખુવાર કીધી, નિર્દોષ દોરાની પાઇએપાઇનો દારવાટલો કીધો. આ પછી જેમ બનવું જોઇએ તેમ તે વધુ અને વધુ પાપના ગારમાં ગર્ક થતોજ ગયો. એક પાપ બીજાં સો પાપોને પોતાની પુઠે લાવે છે. આબાદ, આવીજ સ્થિતિ તેની થઈ પડી. તે પોતાની ચેહેરેનમુન પરણેતર અને નિર્દોષ ફરેસ્તા સમાન બાળક બેટીને લંડન જેવાં મોટાં શેહેરમાં તદન નિરાધાર ટવળતાં મેલી નાહસ્તો ભરાતો થયો. લંડનના એક જાણીતા લોર્ડની ખોટી સહી કરી મરનારે ૮૦૦૦ પૌંડના કીધેલા ઘોંટાળાથી પાપનો પરપોટો ફુટયો અને આ નાલેશી વિજળીક વેગે ચોપાસ ફેલાઈ ગઈ. પોલીસે તેની પુઠ પકડી. પેલા લોર્ડે પોતાની તરફથી ૧૦૦૦ પૌંડનું એક નાદર ઈનામ પોતાને ઠગનારને પકડી આપનારને આપવા જાહેર કીધું.

અંતે પોલીસ અને રોડ્રીક વચ્ચેનો નાસોગોસો ત્યારેજ પુરો થયો કે જ્યારે ખુદ રોડ્રીકની જીંદગીનો અંત આવ્યો, અને ત્યારેજ તેનાં દુઃખી માબાપોએ છુટકારાનો દમ ખેંચ્યો. રોડ્રીક દાર્તમુરની જેલમાં એક કેદીની હાલતમાં જીવતો રહે તે કરતાં તે મુવેલો લાખ દરજ્જે બેહેતર. તેનાં મોતની ખબર એકાએક વીએના ખાતેથી મળી હતી. મરનારની લાસને વીએના ખાતેથી તેનાં દુઃખી માત પિતાએ પોતાનાં શેહેરમાં મંગાવી. તે લાસને ઓલ્ડકેસલ ખાતે તેમનાં કુટુંબી કબ્રસ્તાનમાં દાટવામાં આવી હતી. પોલીસ એવું માનતી હતી કે મરનારેજ નાહસભાગથી કંટાળી પોતાના પાપી આત્માનો છેવટનો અંત આણ્યો હતો. લોર્ડ ઓલ્ડકેસલે જોકે પોતાના વડા બેટાનાં મોત ઉપર એક હેતવંતા બાપ તરીકે વિલાપ કીધો, તોપણ બાતેનમાં તેનાં અંતઃકરણે આ માઠા બનાવથી છેવટના છુટકારાનો દમ ખેંચ્યો હતો. તેણે પોતાનાં પેટ ઉપર મોટો પથર મેલી મરનારની ખ્રિસ્તી ધર્મ મુજબ તમામ ક્રિયા કરાવી હતી, જે ક્રિયામાં ઓલ્ડકેસલ અને તેની આસપાસનાં ગામોનાં રહેવાસીઓએ ભાગ લીધો હતો.

લોર્ડ ઓલ્ડકેસલના બેટાઓ રોદ્રીક અને જુલિયનની ઉમર વચ્ચે માત્ર અરધા કલાકનોજ તફાવત હતો, યાને તેઓ બંને જોડિયા ભાઇઓ હતા. તેઓ રંગ-રૂપમાં, ઢબછબમાં, ઉંચાઇમાં એકબીજાને એટલા બધા તો મળતા આવતા હતા કે રોદ્રીક કોણ અને જુલિયન કયો તે જાણવાને મોટી મુશકેલી પડતી હતી, અને કોઈ કોઈ વાર તો ભુલચુકની જબરી હસાહસ થઈ રહેતી હતી. ફકત એકજ ચીજથી તેઓ ઓળખાઈ આવતા હતા, અને તે રોદ્રીકનાં માથાં ઉપર પડેલું સફેદ બાલનું એક ચકરડું હતું.

રોદ્રીકનાં મોત પછી તેની વિધવા દોરા પોતાની બાળક-બેટી સાથે એકવાર ઓલ્ડકેસલ ખાતે આવી હતી, તે વેળાએ તેણીનાં સાસુ સસરા અને બાપે તેમજ એદેલીને તેણીને ઓલ્ડકેસલમાંજ રહેવાને ઘણી પણ સમજાવી, પણ દોરાએ 'ના' થી 'હા' કહી નહિ. તે દુખી બાનુ તુટેલાં તન અને જળતાં જીગર સાથે લંડન ખાતે પાછી ફરી અને ત્યાંજ પોતાની એકપુરી બુચી જોડે પોતાના દુખી દીવસો દલદેશરીમાં પસાર કરવા લાગી.

તે દુખી અબળા ઉપર લોર્ડ ઓલ્ડકેસલ અને તેણીનો બાપ દર માસે ચોકસ રકમ તેણીનાં ગુજરાન અર્થે મોકલતા રહ્યા હતા, જોકે તેણીએ એ માટે પણ અનેક વાર પોતાની નામરજી જણાવી હતી. પણ વખત સઘળું ભુલાવે છે. દોરા પોતાની દીકરીની સોહબતમાં પોતાનો ગમ ભુલતી ચાલી. તેણીએ પોતાનાં દુ:ખનાં પહાડને વખતના વહેવા સાથે દુર અને દુર જતો જોયો. પણ નહિ, દોરા ભુલતી હતી, પોતાની બેટીનાં સુખમાં તે નાહક ફુલતી હતી. નામોશીની નદી અને દુખનો દરિયાવ તો હજી તે નિર્દોષ બાનુને ઓળંગવાનાં હતાં. ગરીબ બિચારી દોરા! તેણીને શી ખબર હતી કે સંકટનો સાગર અને વિપત્તીનો વંટોળિયો આ દુનિયામાં નિર્દોષ કમનસીબો માટેજ પસાર કરવાના હોય છે, જયારે બદમાશોની બોલબાલા બોલાય છે, જફાકારોની જય પોકરાય છે અને ગુનેહગારોનાં ગીતો ગવાય છે.

અણગમતો પરોણો.

"હેન્સબરી ઍબી"માં આજે અસાધારણ ગડબડ ચાલી રહી હતી. કરનલ રૈનનો વિશ્વાસુ નોકર સ્પ્રેગ કાંઈ જબરી દોડધામમાં પડયો હતો, કેમકે લોર્ડ ઓલ્ડકેસલ પોતાની ધણીઆણી લેડી ઓલ્ડકેસલ અને એકપુરા વારેસ બેટા ઓનરેબલ જુલિયન તાવર્સ જોડે પોતાના અજીઝ દોસ્ત અને ભાગ્યા કરનલ રૈનની મુલાકાતે આવ્યો હતો અને રાતનું 'સપર' લઈ ત્યાંથી પોતાનાં મકાને સીધારનાર હતો.

લેડી ઓલ્ડકેસલ આંગે ભરેલાં, ગોલ ગોલ બનામે ઇજદ જેવાં હતાં. જોકે ઉમરે પુગેલાં હતાં, છતાં તે બાઈ સાહેબ પોતાને જવાન દેખાડવાને અનેક ફાંફાં મારતાં રહ્યાં હતાં. ખુદાએ બક્ષેલાં સુખથી અને જવાનીના વખતના ખેંચાણકારક ચેહેરાના પ્રતાપથી ઉમરના વધવા છતાં તેવણ ૪૦ વર્ષથી વધુ વયનાં લાગતાં હતાં નહિ, જેથી તેવણ પોતાનાં દીવાનખાનાની આરસી ઉપર ઘણાં મોહીત થઈ ગયાં હતાં અને જયાં સુધી તેવણ પોતાના માનીતા આરસાની દીવસમાં દોઢ ડજન વખત મુલાકાત લેતાં નહિ ત્યાં સુધી ઉંઘ અને ભુખને આપણાં આ લાડકડાં બાનુ હરામ

સમજતાં હતાં. તેમની મુખ્ય મજાહ લંડનના જાણીતા ઉમરાવો અને તેમની બાનુઓની મુલાકાતે જવામાં આવી અટકી હતી. તેવણ પોતાનો ઠસ્સો અને દોર દમામ દેખાડવાને ગોયા પોતાને ફરજથી બંધાયલાં સમજતાં હતાં. જુલિયન અને એદેલીનનાં લગ્ન હજી તો ભવિષ્યનો બનાવ માત્ર હતો તેટલામાં તો લેડી ઓલ્ડ-કેસલ આખાં ગામમાં પોતાની લુલીની લપલપીથી થાળી પીટાવી આવ્યાં હતાં. આથી ઓલ્ડકેસલની 'ખુબસુરતીની રાણી' ઉપર જાળ નાખનાર શિકારી જુલિયનની કેટલા-કોને અદેખાઈ ઉપજી તો કેટલાકોએ તે બનાવની ખુશાલીમાં મુબારકબાદીના સંદેસા-ઓથી તેને ગુંગળાવી નાખ્યો. એદેલીનના હાથના ઉમેદવારો માત્ર ઓલ્ડકેસલમાંજ હતા નહિ, પણ એ ઉપ્રાંત તેણીના હાથની માંગણી લંડનથી પણ થવા પામી હતી, તોપણ જ્યારે આ સઘળા જવાનોમાંથી એદેલીનની પસંદગી પોતાની વડી બેહેન દોરાનાં સુખનું સદાનું સત્યાનાશ વાળનારના ભાઈ જુલિયન તરફ ઉતરેલી લોકોએ સાંભળી ત્યારે તેમની અજાયબીનો કશો પાર રહ્યો નહિ. લોકોએ તો પોતાનાં અંતઃકરણમાં કોરીજ રાખ્યું હતું કે તે 'ખુબસુરતીની રાણી' મરતાં પણ જુલિયનનો હાથ ધરશે નહિ.

જુલિયન પોતાના ભવિષ્યના સસરાનાં મકાનમાં આજે હદથી જયાદા ખુશીમાં હતો. તે જાગ્રત હાલતમાં પણ એદેલીન સાથનાં ભવિષ્યનાં સુખનો સ્વપ્નો જોતો હતો. પોતાની ધારેલી સુંદરીનો હાથ જીતી જવાથી તે પોતાને આખો ભવસાગર તરી ગયલો સમજ્યો.

લોર્ડ ઓલ્ડકેસલ, લેડી ઓલ્ડકેસલ, જુલિયન, કરનલ રેન અને એદેલીન સુશોભિત દીવાનખાનામાં ગુંચ્છડું વળી બેઠાં હતાં, તે વેળાએ લેડી ઓલ્ડકેસલે કરનલને ન ધારેલો સવાલ કીધો.

"પણ કરનલ રેન, મેં તો એવું સમજયુંછ કે તમે પેલા કામદારોના સુક્કા દમથી દબી ગયાછ."

કરનલ હસ્યો. તેનું હસ્તું એવી મતલબનું હતું કે તે એવા નીચ, હલકા કામદારોની એક રતી ભાર પણ પરવા કરતો નથી, તો તેઓથી તે દબી કેમ જાય?

"લેડી ઓલ્ડકેસલ, હું એટલો બધો મુરખ નથી કે કામદારોને ન છાજતું ઉત્તેજન આપું. હું તેમનો ગુલામ બનવા માંગતો નથી, પણ તેઓને મારા ને લોર્ડ ઓલ્ડ-કેસલના ગુલામ બનાવવા માંગુંછ," કરનલે લગાર હેંકરાઇથી ખુલાસો કીધો.

"પણ એમ તે કયાં સુધી ચાલશે?" જુલિયને ડાહ્યો ડોહરો થઈ પોતાનાં ભવિષ્યના સસરા આગળ બળાપો કીધો.

"અરે! હું તેઓ સાથે મારા અંતની ઘડી સુધી લડીશ. હું તેઓ સાથે એમ લડવાને પુરેપુરો સામર્થવાન છેઉં. પણ હું જોઉંછ કે તેઓ કયાં સુધી મને નાફરમાન ને બેઇમાન બની મારી સામે બાથ ભીડેછ! હું તેમનું પેટ ભરૂંછ, તેઓ મારૂં પેટ ભરતા નથી."

એદેલીનને પોતાના પ્યારા પેદરના આ સખુનો ગમ્યા નહિ. તેણીએ ઘણું ચાહ્યું કે આવા તકોબરીના સખુનો માટે પોતાના બાપને બે બોલ કહી સંભળાવે, પણ બાવાજી તો ધર્યા ધરાયા નહિ. એદેલીનને પોતાનો વાજબી ઠરાવ અમલમાં મેલવાનો મૌકો મળ્યોજ નહિ. કરનલે પોતાનો કેહેર લાયન ઉપર ખાલી કીધો.

"પેલો પોરિયો લાયન જેને મારી નોકરીમાં રાખી મેં આગળ રહી વધાર્યો, જે મારા પૈસાથી પળાયો ગયો તે બેમરવત દુકતો આ સઘળા કંકાસનું મુળ છે.

કેવો બેવફા બદમાશ! જે ધણી પોતાની માય સાથે ઓલ્ડકેસલમાં મારી નોકરી વગર ઘેરેઘેર ભીખ માંગતે, જે મારી મદદ વગર કમોતે કુતરાંની માફક રખડી રઝળી મારગ લાગી જતે તે ચંડાળ આજે મારી સામે થયોછ. તેણે એકેએક કામદારને મારી સામે ઉસકેરી મેલ્યાછ ને જોકે પોતાની પાસે ખાવાની તો ખાક નથી તોપણ જાણે કેવોક બાપલાખ ચાલીસનો દીકરો હોય તેમ કામદારોનું પેટાખાનું ભરવાની ફુંકરાજી મારેછ!"

કરનલના આ સખુનો એદેલીનનાં નાજુક જીગરમાં ખંજરની માફક ભોકાયા. તે સુંદરી સારી પેઠે જાણતી હતી અને માનતી હતી કે લાયનને કીધેલા ખુલાસાથી તો ઠપકાને પાત્ર તે નહિ, પણ ખુદ તેણીનો બાપ અને તેણીનો ભવિષ્યનો સસરો લોર્ડ ઓલ્ડકેસલ હતા. જોકે તેણીનું અપક્ષપાત અને ઈનસાફી જીગર પોતાના બાપના સખુનોના અંગારથી ધગધગી આવ્યું હતું, તોપણ લાયન તરફથી બોલી પોતાના કરડા બાપનો પાજી સ્વભાવ વધુ ઉકળાવી આગમાં તેલ નામવામાં તેણીએ દાનાઈ જોઈ નહિ. તેણી ચુપજ બેઠી.

"પણ પ્યારી એદેલીન તું શું ધારેછ? કામદારો માટે ને લુચ્ચા લાયન માટે તારી શું સલાહ છે?"

એદેલીનના પગ આગળ અગર એક દારૂખાનું ફાટયું હતે અને તેથી તેણી ઘભરાતે તે કરતાં વધુ ઘભરાટ તેણીને લેડી ઓલ્ડકેસલના કવખતના ઉપલા સવાલથી ઉપજયો.

એદેલીનને જવાબ આપવાની દુઃખભરી ફરજ પડીજ નહિ. તેણીના બાપેજ લેડી ઓલ્ડકેસલના સવાલનો જવાબ આપ્યો.

"લેડી ઓલ્ડકેસલ, એને માટે એદેલીનનું મત પુછવુંજ નહિ જોઇએ. લોર્ડ ને લેડી ઓલ્ડકેસલ, હું તમારી આગળ બોલવાને શરમાઉંછ કે એદેલીન આપણી નહિ, પણ કામદારોની દયા ખાવાનો ફાંકો રાખેછ. તે ચશ્મચોર કામદારોનાં બઇરી છોકરાં માટે એ મારી બેટી નાણાંની મદદ અનેક વાર મોકલી ચુકીછ ને તેબી પેલા બંડખોર લાયન મારફતે."

"ઓ! કોણ? પેલો લુચ્ચો ગળાંફાંસુ કે?" લેડી ઓલ્ડકેસલે લાયનનું નામ સાંભળતાંજ કાંગલાંકુંગલાં થઈ અજાયબી બતાવી.

એદેલીનને અણગમતી આ વાત, સારાં નસીબે એકાએક અટકવા પામી.

દીવાનખાનાના પાછળા ભાગની બારી આગળ બે ચળકતી આંખો લેડી ઓલ્ડકેસલની નજરે પડી. તેવણ પોતાના હંમેશના રાબેતા મુજબ બીધાં, પણ એટલી તો તેવણે ભલાઈ વાપરી કે તેવણ એકદમ બેશુદ્ધ થયાં નહિ, યા તેવણને ચમક વા થઈ આવ્યો નહિ.

વાઘનના જેવી આંખો વડે આવી રીતે ભરાઈ છુપાઇને જોનાર કોણ હશે તે માટે સર્વેને અજાયબી ઉપજી.

જુલિયન બોલ્યો, "અરે, એ તો ગંગાદાસ છે. મારો ખાનસામા (નોકર) છે. એને એજ ખરાબ ટેવ પડીછ કે ભરાઈ છુપાઇને જોવું. છે તો બિલકુલ ભલો ને ભોળો, પણ બિચારો જંગલી હોવાથી એને મનથી એમ જોવું જાણે કંઈ ખોટું છેજ નહિ. પણ રફતે રફતે એને હું જરૂર ઠેકાણે લાવશ."

જુલિયન તરતજ ઉઠયો. તેની પાછળ લોર્ડ અને લેડી ઓલ્ડકેસલ તથા કરનલ રેન પણ ગયાં જેથી દીવાનખાનામાં એદેલીન એકલી પડી.

"અરે, ખુદા! ખુદા! મારૂં શું થશે? રખેને આ મકાનની આસપાસ આફ્તનો વંટોળિયો ફુંકાવાની તૈયારી હોય! રખેને અમારે માથે દુઃખનું વાદળ ઘુમતું હોય! તેમજ જો હોય તો એ દયાળુ બાપ, મને ને મારા પિતાને બચાવજે! અમોને સહાય થજે, અમારી મદદે આવજે. અમારી લાજ ફકત તારેજ હાથ છે."

પણ એટલામાં તેણીએ જુલિયનને દીવાનખાનામાં આવતો જોયો. એદેલીનનાં મનથી તે એક અણગમતો પરોણો હતો. તે સુંદરી એક હાય મારી બોલી:—

"ઓ ખુદા! એને જોતાંજ મારાં રૂવેરૂવાં ઉભાં થાયછ, મારાં આખાં તન બદનમાં ધ્રુજરાં છુટેછ! અરે એની સાથે વાત કરવાને મારી જીબજ કેમ ઉપડશે? ઓ પરમકૃપાળુ બાપ! મને તારા આશ્રામાં લઈ મારા ભવિષ્યના ખાવિન્દથી મને બચાવ, અગર નહિ તો એને માટે મારાં બદનની રગેરગમાં મોહબતનું અમ્રત રેડ!"

જુલિયન પોતાનાં મનની મિઠ્ઠી સુરતને મલવાની અસાધારણ હોંસમાં ઉલટભર દાખલ થયો.

બે બેહનો—"એદલીન ખબરદાર!"

તે અણગમતો પરોણો પોતાની ધારેલી મોહરદારને માયાથી, મગરૂરીથી ટીકતો ઉભો. તેણે જોયું કે તે "ખુબસુરતીની રાણી" કાંઈ અસાધારણ ગુસ્સામાં હતી, કાંઈ અજબ તોરમાં હતી. વળી તેણે આ પણ જોઈ લીધું કે તેણીનો સુરખીદાર ચેહેરો તેની હાજરીથી ફીક્કો મારી ગયો હતો.

"એદેલીન, આજે તું મારી તરફ કંઈ ઘણીજ ઠંડી માલમ પડેછ, શું છે, કંઈ ગુસ્સામાં છે કે? પણ એદેલીન, તું જરા આરસીમાં તો જો, તારો ચેહેરો કેટલો બધો ફીક્કો ફચ મારી ગયોછ! જાણે માંદગીનાં બિછાના ઉપરથી હમણાંજ ઉઠી આવી તું મારી પાસે ઉભી હોય! હા, હા, હવે હું સમજયો, તુને મારા ગંગાદાસે બીવડાવી મારી હોશે. બોલ, મારી પ્યારી એદેલીન, એમજ કેની?"

જુલિયન એદેલીન આગળ બેઠો. તેના બેસવાથી તે સુંદરી ચોંકી. જુલિયને હસીને એદેલીનનો નાજુક પણ ધ્રુજતો હાથ પોતાના હાથમાં પકડયો. તે વેળાએ તેણીના હાથને ગોયા એક ઝેરી સર્પે ડંખ માર્યો હોય એવો ઝટકો તેણીને લાગ્યો. આ ખ્યાલથી તેણીનાં આખાં બદનમાં કમકમાટની એક સખ્ત લાગણી ફેલાઈ રહી, અને બીજીજ પળે તેણીએ પોતાનો હાથ જુલિયનના હાથમાંથી ઝુંટવી લીધો. જુલિયન તો ખસિયાનો પડી મોહડું વકાસ્તોજ બેઠો. પોતાની ભવિષ્યની મોહરદારની આવી ચાલથી જોકે તેને ઘણુંજ ભારી પડી ગયું, તોપણ જાણે કાંઈ બન્યુંજ નહિ હોય તેમ તેણે તાણી-તોડી હસવાના ઢોંગ કીધા.

"બસ, બસ, હવે હું સમજયો. તુને મારેથી કમકમવાનો સબબ મારો મરનાર ભાઇ રોદ્રીક છે. તારી બેહેનને તે મરનારનાં કરતુકોથી થયલાં દુઃખનો ડંખ તું હજી ભુલવા પામી નથી, એમજ કેની? પણ તું શું એમ ધારેછ એદેલીન, કે જેવી નાલાયક, બુરી ચાલ મારા મરનાર ભાઇએ તારી બેહેન તરફ ચલાવી હતી, તેવીજ બુરી ચાલ હું પણ તારી તરફ ચલાવશ? હા, ખરૂં છે કે હું તેનો જોડિયો ભાઇ થાઉંછ, તેના ચેહેરાને મારો ચેહેરો હુબહુ મલતો આવેછ ખરો, પણ જાણ એદેલીન, કે તેના પાપી ખવાસનો સેહેજબી અંશ મારામાં શોધ્યો જડવાનો નથી.

મારૂં અંતઃકરણ સાફ છે, મારી નિયત પાક છે. એદેલીન, તું જાણતી નથી કે હું તુને કેવાં બેહદ વાહલથી ચાહુંછ. અરે! તારી તરફનો મારો પ્યાર એટલી બધી હદે હોડેછ કે એકબારગી તું મારો જાનબી માંગશે તો તે વટીક હું તારી ઉપર કુરબાન કરવાને જીનહાર અથકનાર નથી."

આટલું બોલી તે એદેલીન આગળ ઘુંટણીએ પડયો, અને ઘણીજ આજીજીની ઢબે બોલ્યો:—

"પ્યારી એદેલીન, જરા તો તું મારા ચેહેરા તરફ નજર કર! તારી બેહેનને મારા ભાઇએ કીધેલી જબુન ગેરઇનસાફિનો બદલો વાળી આપવાની મને, ખુદાને ખાતર એકજ તક બક્ષ!"

પણ એદેલીન કશો પણ જવાબ આપે તે આગમચ તેણીનો કારભારી સ્પ્રેગ દાખલ થયો. જુલિયનનાં મનથી તે નોકરે એક કટ્ટા શત્રુની ગરજ સારી હતી. જુલિયનને ચીઢ તો એવી ચહડી કે એકાએક ફુટી નિકળેલા સ્પ્રેગનો ટોટોજ જાણે તે ઓય દાબી દે, પણ તે લાચાર હતો.

તે નોકર નમીને બોલ્યો, "ઓનરેબલ મીસીસ તાવર્સ લંડનથી આવી પોંહચ્યાંછ, બાઈ સાહેબ."

"કોણ, મારી દોરા આવી કે? ઓ! ત્યારે તો તે મારાં વારેઘડિએ લખવાથી કંટાળીને અંતે આવી ખરી!" આટલું બોલી એદેલીન હર્ષમાં આવેલાં એક નિર્દોષ બાળકની પેઠે કુદકા મારતી, જુલિયન તરફ ઝાંખીને જોવા વિના પોતાની વડી બેહેનને મળવા દીવાનખાનું છોડી દોડી ગઈ.

ખરેખર, જુલિયનની હાલત દયા કરવા જોગ હતી. એદેલીન પોતાના ભવિષ્યના પતી જુલિયન કરતાં પોતાની વિધવા બેહેન દોરાને વધુ ચાહતી હતી, એ અકારો—નકારો ખ્યાલજ તે જેવા મોહબતમાં મસ્ત બનેલા, પણ દેખતી આંખે અંધાપો ભોગવનાર શખ્સને ચકભમ કરવાને બસ હતો.

જુલિયન, પોતાનાં નસીબને કદુવા દેતો જયારે દીવાનખાનામાં ઝુંઝતો બેઠો હતો ત્યારે પેલી બંને બેહેનો બેહદ મોહબતના જોશમાં મળી ભેટી પરવારી પણ ચુકી હતી.

"ઓ મારી દોરા, અંતે મારી માએ જણીને એક વાર ફરીથી ભેટવાથી મને કેવી ખુશાલી ઉપજીછ! બોલ, બેહેન, તું ખુશી તો છેની? તું સુખી તો છેની?"

આટલું બોલી એદેલીને દોરાની બાળક બેટીને ઉચકી ઘણાંજ વાહલથી પેટમાં દાબી રમાડી.

"પણ દોરા, તું કેટલી બધી નખાઈ ગયલી લાગેછ! તું તો આગળ હતી તેમાંની અરધીબી રહી નથી. તારી તબિયત પાધરી લાગતી નથી. હું તો ધારૂંછ કે તું સીક ને સીક ચાલ્યા કરતી હોવી જોઇએ."

એમાં તો કશો શક હતો નહિ કે દોરાની આગળી ખુબસુરતી રહી હતી નહિ. તેણીના ચેહેરા ઉપરનું આગળું નુર ગુમ થયું હતું, અને તેની જગો ચિંતા, ધાસ્તી અને જંજાલિયતે લીધી હતી. ચાર વર્ષની વાત ઉપર યાને તેણીની ત્રીસ વર્ષની ઉમરે દોરા દિલકશ ખુબસુરતીનો એક મનહર નમુનો હતો. તે સેબાએ તે ખુબસુરતી કોઇનું પણ લક્ષ ખેંચે એવી ખેંચાણકારક હતી. તેજ કાળી, ભંવર

જેવી આંખો–કોઇનું પણ દિલ લુટી લેનારી આગળી આંખો–આજે પણ હતી, પીંણ તેમાંથી નવધાર આસુંઓના વહેલા ચાલુ ધોધથી દિલ જીતી લેવાનો તેનો આગળો ગુણ કાંઇક મંદ પડી ગયો હતો.

"પ્યારી એદેલીન, નાહક કાંય તું મારે માટે એટલી બધી ચિંતાતુર બનેછ! હું તો સાજી તાજી છેઉં! હા, રેલવેની મુસાફરીથી જરા રતી હું થાકી ગઇછ ખરી, પણ કાશી યા કોકો લેવાથી મારી તે થાક આપોઆપ ઉતરી જશે, અને હું જરા વારમાં પાછી ઘોડા જેવી થઈ જવશ," દોરાએ પોતાની પ્યારી, હેતવંતી નાની બેહેનને માયાથી પેટમાં દાબી સધ્યારો આપ્યો.

"તુને ખબર કે દોરા, કે આજે તો આપણે ત્યાં તારા સસરા લોર્ડ ઓલ્દ-કેસલ, લેડી ઓલ્દકેસલ ને જુલિયન પરોણાં ઉતર્યાંછ જો. ચાલ, બેહેન, હું તેઓ આગળ તુનેબી લઈ જાઉં. તું તેઓ સાથેજ કોકોનું કપ લેજે," એદેલીને વડી બેહે-નને સુચના કીધી. પણ આ સુચના દોરાને ગળે ઉતરી નહિ. તેણીએ તેઓ સાથે ભેળાવા સાફ ના પાડી. તેણીએ એદેલીનના ઓરટામાંજ રહેવાની મરજી દેખાડી, જે સામે એદેલીને વાંધો લીધો નહિ. કોકો તથા થોડીક બીસકીતને કાંઇક ઇનસાફ આપવા બાદ એદેલીને પોતાની કમનસીબ બેહેનના ચેહેરા ઉપર સારોજ ફેરફાર જોયો.

"બેહેન એદેલીન, ચાર વરસની વાત ઉપર જયારે લગ્નના ગાંઠથી જોડાઈ હું આ મકાન છોડી ગઈ હતી, ત્યારે હું જેવી રાતી માતી ને સાજી તાજી હતી તેવી તું મને આજે જોવા માંગે તો તેમ કયાંથી બને? તે વખતે હું લોર્ડ ઓલ્દ-કેસલના વારેસ બેટાની ધણીઆણી હતી, સુખી હતી, સોવાસન હતી, લાખોની દોલતના અમીરની વહુ હતી. આજે તે બધું સુખ સ્વપ્ના પેઠે ગુમ થઇ ગયુંછ. આજે, મારી સુખી હાલત બદલાઇને મારી હાડમારીનો દહાડો શરૂ થયોછ. બેહેન! મને દુનિયા આજે અકારી નકારી થઈ લાગીછ, જીંદગી જાણે બોજા જેવી થઈ પડીછ. મેં હવે કાંઇબી સુખ જોવાની આશાથી હાથ ધોયાછ, મારે મનથી હવે સઘળું બળી જળી ગયુંછ. એદેલીન, મારી જીંદગીનાં વાદળ ઉપર જો સુખનું એકજ કિરણ ચમકતું હોય તો મારૂં આ ફુલ જેવું પશુ બચ્ચું છે. બસ ખોદા એને સલામત રાખે ને સુખી કરે એટલે જાણે હું ગંગા નાહી."

આટલું બોલતાંજ દોરાએ પોતાની બેટીના ગાલ ઉપર અજબ જેવાં વાહલથી ચુંબન કીધું.

"પણ બેહેન, તુંને દર માસે પપા ને લોર્ડ ઓલ્દકેસલ તરફથી સારી જેવી રકમ મળવા છતાં આ પશુ બચ્ચાંને એ લોકનાં મોટાં નામને છાજે તેવી રીતે હીરા મોતીથી સણગારતી કેમ નથી? જાણે આ બચ્ચું કરનલ રેનની બેટીનું નહિ, પણ તેમના એકાદ નોકરનું બાળક હોય તેમ તું તો તેને ફેરવેછ."

"બેહેન, તું એ માટે અજબ થાયછ, પણ હું તો ખોદાના શુક્રાના કરૂંછ કે એ બાપ વગરનાં નિર્દોષ બાળકને એટલુંબી પોતાનું અંગ ઢાંકવાનું મલેછ. તું જાણતી નથી બેહેન કે મરનાર રોદ્રીકે જીવતાં જીવત મને કાંઈ સુખ તો દેખાડયુંજ નથી, પણ સામો મારે માટે તે પોતાની પાછળ દુઃખનો એક મોટો જેવો ડુંગર મેલી ગયોછ. ખરેખર, રોદ્રીક પોતે મરી ગયો નથી પણ તે મને સદાની મારી ગયોછ, દુઃખના સાગરમાં હોમાવી ગયોછ. મરનારે પોતાનાં ઘણાં કુલોને રડાવ્યાંછ; તેમાંનો

મોટો ભાગ તો એટલાં બધાં ગરીબ નાચાર બેચારાંનો છે કે તેમનું કરજ ફીટાડવા વિના મને મુદ્દલ ચેન પડનાર નથી. આ ચિંતાથી મને રાતે ઉંઘ નથી, દીસે ભુખ નથી. બેહેન, હું ને મારી દીકરી ભુખ્યાં રહીશું, અન્ન વિના ટવળશું, દુઃખે પાપે દહાડા કહાડશું, પણ જે ગરીબોની હલાલની દોલત રોદ્રીકે હરામ દિયાન્ત વાપરી પચાવી પાડી તેમને આખી જીંદગી સુધી રડાવ્યાંછ તેમના હાય નિસાસા ને કદુવાના ભોગ અમો મરતાંબી થઇશું નહિ. મને જે કંઇ પગાર મળેછ તેમાંથી હું તેમનું કરજ થોડું થોડું અદા કરતી જાઉંછ, ને એમ કરવામાં હું એક જાતની મારી ફરજ સમજુંછ અને મોજ માની લેઉંછ. જે દિવસે મરનારનાં માંગનારાંઓને હફતો આપવાની હોવુંછ તે દિવસ, એદેલીન તું માનશે, મારાં મનથી મોટાંમાં મોટાં સુખનો છે. બેહેન, જ્યાં સુધી હું તેમની પાઇએ પાઇ અદા કરીશ નહિ, ત્યાં સુધી મને કાંઇ પણ ચેન પડનાર નથી અને હું જંપીને બેસનાર નથી.”

એદેલીનની આંખોમાં ઝળઝળિયાં ભરાઇ આવ્યાં. તેણીની નાજુક છાતી જુસ્સાથી છલાછલ ઉભરાઇ આવી. તેણીથી એક શબ્દ પણ બોલી શકાયો નહિ. તે ઉઠી અને પ્યારથી પોતાની વડી બેહેનને વળગી પડી અને તેણીના ઠંડા ગાલ ઉપર બેહેનનાં વાહલથી ‘કીસ’ લઇ બોલી, “દોરા, તું શાને વાસ્તે આટલી બધી વેદના વેઠેછ? અરે! તું કોણની દીકરી ને તું કેવી હાડમારીમાં આવી પડી? દોરા, તું જેવા તેવા બાપની દીકરી નથી. કરનલ રેનની તું વડી બેટી છે તો તુને જુલ્મી, જંજાળભરી દુનિયા સામે ટક્કર ઝીલવાની શાની જરૂર હોવી જોઇએ? તુંને આટલી હેફજેફ શાને વાસ્તે કરવી જોઇએ? શાને માટે ભુખમરો વેઠી અમારેથી દુર પડી તારા મરનાર ખાવિન્દનાં માંગનારાંઓને હફતાઓથી કરજ ભરવું જોઇએ? આપણા બાવાજીની લાખોની દોલત તે તારી પોતાની છે. કેમકે એ દોલત ઉપર મારા કરતાં તારો હક પેહલો પુગેછ. તું ચાહે તો આજે ‘રાવનનાં રાજમાં રમે,’ આગળું સુખ એકજ તડાકે પાછું મેળવી શકે. તું ચાહે તો માંગનારાંઓને એકજ પળમાં હજારોનું કરજ ભરી શકે. અરે આપણા બાવાજી તારા પગ આગળ પોતાની પાઇએ પાઇ મુકવાને કદીબી અચકે નહિ. તુને તેઓ આગળના જેવી હસતી રમતી જોવા માંગેછ.”

“એદેલીન, હું તે માનુંછ, હું તે જાણુંછ. પણ જ્યાં સુધી મારા દમમાં દમ છે ત્યાં સુધી મરનારનાં માંગનારાંઓનું કરજ ચુકવી આપવામાંજ મારૂં સુખ સમાયલું છે. એદેલીન, તું શું ઘડીભરબી એમ ધારેછ કે જેમનો ખરા પરસેવાનો હક મારા ખાવિન્દે લુંટયો તેઓ રોટીના એક ટુકડા વિના ટવળે ને હું મારા બાપનાં બાદશાહી મકાનમાં અમનચમનમાં રહું અને એશઆરામ કરૂં? અરે! તે ખ્યાલજ મારૂં મગજ ચકભમ કરી મેળેછ. વળી તું જાણતી નથી બેહેન, મારાં લગ્નને દિવસેજ બાવાજીએ મારાં નામ ઉપર એક બાદશાહી રકમ ચહડાવી આપવા ઉપ્રાંત લંડનની એક જાગીર મરનારને ભેટ આપી હતી, પણ ઉંધે દાહડે ઉંધુંજ સુજ પડયું અને મારાં હીનાં નસીબને જોરે મરનારે મને ઉંધું ચતું સમજાવી તે જાગીરનું સત્યાનાસ વાળ્યું તો વાળ્યું, પણ પેલી બાદશાહી રકમમાંથી એક ફુટી બદામબી પોતાની પાછળ પોતાની કમબખ્ત વિધવા ને ગાય ગોલાબ જેવી દીકરી માટે રાખી ગયો નહિ. બેહેન એદેલીન, આથી હવે પપાની દોલત ઉપર મારો કશોબી હક ઇલાકો રહ્યો નથી. જે છે તે હવે તારૂં ને તારા ખાવિન્દનું છે. મારૂં જે હતું તે તો હું મેળવી ચુકીછ. બેહેન, આ પશુ બાળક સિવાય બીજું મારૂં કોણ ખાનાર છે? મને કોણ રડનાર છે?”

ગરીબ બિચારી એદેલીન! તે શું જવાબ દે? તે પોતાની બેહેનને કેમ સમજાવે? તે ભોળી, ભલી સ્ત્રીને આજેજ માલમ પડયું કે દોરા દુઃખોના કેવા ઉંડા ગારમાં ડુબેલી હતી.

બેહેન દોરા, તારે માથે આ કેવી વિપત, કેટલી આફત! મરનાર પોતે મુવો નથી, બેહેન, પણ તેણે તુને જીવતી મારી નાખીછ," એદેલીન પોતાની બેહેનને વળગી પડી બોલી.

"એદેલીન, રોદ્રીક મરી જવાથી તેનાં અને આપણાં બંનેનાં કુટુંબ એક મોટી નામોશીમાં આવતાં બચી ગયાંછ તે આપણે વિસરવું જોઇતું નથી. મરનાર જીવીને કાળાં પાણીએ ગયો હતે તો બેહેન, તું મને આજે જીવતી જોતે નહિ. કરનલ રેનનો વડો જમાઈ ને લોર્ડ ઓલ્ડકેસલનો વડો બેટો બંદીખાનું ભોગવે એ ખ્યાલથીજ હું તો ઘેલી દીવાની થઇ ગઈ હોતે ને ખ્યાલોથી ભમતું મારૂં મગજ તેજ કેદખાનાની પથરની દિવાલ સાથે અફાળીને મારી દુઃખી જીંદગીનો હું અંત લાવતે."

એદેલીન પોતાની વડી બેહેનનાં મોહડાંમાંથી નિકળેલા આ શબ્દો સાંભળી ડઘાઇજ ગઈ. તે સમજી શકી નહિ કે તે પોતે પોતાની બેહેન પાસેજ હતી કે એકાદ નાટકશાળામાં જુસ્સાદાર નાટકકાર સ્ત્રીની સામે હતી. તે પોતાની ઉસકેરાયલી બેહેનને લગાર શાંત કરવાની તજવીજ કરે એટલામાં તો દોરાની નજર તે ઓરડામાં ટાંગેલી જુલિયનની મોટાં કદની તસ્વીર ઉપર દોડી.

"એદેલીન! જુલિયનની પેલી સબી ઉપર નજર કર! એવોજ તેબી હતો. આબાદ એજ ઢબછબ, એજ અદબ અદા, બરાબર એજ તે ચેહેરો. બંને જોડિયા ભાઇઓને ખુદરતના કવિ હાથે એવા તો હુબહુ ઘડયા હતા કે માત્ર એકજ રીતે બંને ભાઇઓ ઓળખાઇ શકતા હતા."

"અને તે શું બેહેન," એદેલીને અજબ જીજ્ઞાસાથી સવાલ કીધો.

"તે એ હતું બેહેન એદેલીન, કે મરનારનાં માથાં ઉપર કાન આગળથી વાળનું એક સફેદ ગુંચ્છડું હતું જે જુલિયનને નથી. અફસોસ કે તેના જન્મ સાથની તે સફેદ નિશાન તો તેના મુવાથી મારી નજર આગળથી સદાની ગુમ થઈ ગઇછ, પણ બેહેન એદેલીન, મરનાર પોતાનાં મોત સાથે નામોશીનો એક એવો કાળો ડાઘ પોતાની પાછળ મેલી ગયોછ કે જે મારાં મોતની છેલ્લી ઘડી સુધી મારી નજર આગળથી ખસવાનો નથી." જાણે રોદ્રીકનાં કાળાં કરતુકો તેણીની આંખો આગળ ધાઈ આવ્યાં હોય અને જાણે તે સિહા દેખાવને પોતાની નજર આગળથી દુર કરવા તે માંગતી હોય તેમ તેણીએ પોતાના બંને હાથો કમકમાટની લાગણીથી પોતાની આંખો ઉપર ઢાંકી દીધા.

"દોરા, ખુદા ખાતર એ ગઈ ગુજરી હવે ભુલી જા. ખુદા ઉપર ભરોસો રાખ બેહેન. તારો પરણ્યો ખાવિન્દ તુને તજી દઈ સદાની ઉંઘમાં સુતોછ, પણ તે સાહેબ, તુને ને તારાં બચ્ચાંને તજશે નહિ. દુઃખ પાછળ સુખ અને સુખ પાછળ દુઃખ તો સદા જોડાયલુંજ છે. એક વખત વળી પાછો એવો પણ આવશે કે તું તારી એકપુરી બેટી સાથે હસી ખુશીમાં દહાડા પસાર કરશે," એદેલીને દિલાસો દીધો.

દોરા હસી. પોતાની નાની બેહેનની ખરાં અંતઃકરણની દિલસોજી જોઇ તે કમનસીબ સુંદરી હસીને બોલી, "બસ, બેહેન બસ. મને હવે સુખની આશા રહીજ નથી. મને ફકત એકજ આશા છે જે ખુદા જલદીથી પાર પાડે તો હું પોતાને સુખી સમજું."

"અને તે શું બેહેન?" એદેલીને ઇંતેજારીથી પુછયું.

દોરાએ હસીને જવાબ દીધો, "તે તારાં પોતાનાં લગ્ન છે બેહેન. હું તને જલદીથી ઠેકાણે પડેલી જોવાને કેટલી બધી ઇંતેજાર છેઉં! ખરેખર, જે તારો હાથ જીતી જશે તે પોતાનું નસીબ પુંજીનેજ આવેલો હશે."

દોરાના આ સખુનોથી એદેલીનને પોતાના બાપ સાથની વાત યાદ આવી. તેણીનો ચેહેરો ઉતરી ગયો. તે નિશોસ થઇ નીચી મુંડીએ પોતાની બેહેનને કશો પણ જવાબ આપવા વિના બેસીજ રહી.

"શું છે એદેલીન? લગ્નનાં નામથી એટલી બધી મુંજાયછ કાંય? શું તુનેબી સાહઠ સિત્તેર વરસની ઘરડી ડોસી થઇને પરણવા ગમેછ કે?"

આટલું બોલી દોરા પોતાનાં ગમે તેટલાં દુઃખ છતાં હસી પડી.

"બેહેન, તું હસ ના. મારી હાલત હસવાને લાયક નથી. મને તો તારી તરફથી દયા અને દિલસોજીની જરૂર છે. તુને મારાં દુઃખની વાત શું કેહું? તું ગંભીર થા ને સાંભળ કે પપા મને જુલિયન સાથે પરણાવવાની હઠ લઇ બેઠાછ. હું જયારે ધસીને સાફ ના કેહુંછ ત્યારે બસ તેવણ હસીને એમજ કેહેછ કે 'દીકરી, તું મને સુખીજ કરવા માંગતી હોય તો જુલિયનને તારો ખાવિન્દ બનાવ.' શું કરૂં બેહેન, મને કાંઇજ સમજ પડતી નથી, કાંઇજ ઇલાજ સુજતો નથી."

"વારૂ, પણ તેં પપાને શું જવાબ આપ્યો તે તો મને કેહ," દોરાએ અધીરી બની સવાલ કીધો.

"શું જવાબ દેઉં બેહેન? મેં કહ્યું કે બાવાજી તમારો હુકમ હું માથે ચહડાવુંછ. ને—"

"એદેલીન, એ તેં શું મુર્ખાઇ કીધી? તું પપાના સમજાવ્યાથી ભમી જઇ જુલિયનને પરણવા ને તેની સાથે તારો આખો ભવ બાળી નાખવા કબુલબી થઇ ચુકી?"

"શું કરૂં, દોરા, બાવાજીની જીદ આગળ હું લાચાર બનીછ. અરે! હું કેવી અભાગણી! જો બાવાનો સુખન માથે ચહડાઉંછ તો હું સદાની દુઃખી થાઉંછ. જો તેવણનું કહ્યું કબુલ નથી કરતી તો પિતા તરફ નાફરમાન બનવાનો કલંક મારે સર ચોંટેછ."

"ખરેજ, ખરેજ, કમનસીબ!" દોરા નિસાસો નાખી દુઃખની લાગણી સહિત પોતાનાં મન સાથે, તોપણ એદેલીન સાંભળે તેમ બોલી.

"બેહેન, તું એટલી ઉસ્કેરાઇ કેમ ગઇછ? પપાનાં ફરમાનને માન આપવાની શું મારી ફરજ નથી?" એદેલીને પોતાની બેહેનને ઉસ્કેરાયલી જોઇ સવાલ કીધો.

"મારી કમનસીબ બેહેન, સાવધ થા ને ખ્યાલ કર કે જે ધણીએ તારી નિર્દોષ બેહેનનાં સુખનું સદાનું સત્યાનાસ વાળ્યુંછ તે ધણીનો જોડિયો ભાઇ તુને શું સુખ દેખાડી શકનાર છે? તેની સાથે જોડાતાં, એદેલીન, તને કમકમાટ લાગતો નથી? તારાં આખાં તન બદનમાં ધ્રુજરી છુટતી નથી? ઓ! મારી ભલી ને ભોળી બેહેન, મારી ઉપરની આફતથી ચોંક ને ચેત! હજી કાંઇ મોડું થયું નથી. હજી મામલો છેક બિગડયો નથી, તેટલાં એદેલીન, ખબરદાર રહે, સાવધ થા! ને તારા પગમાં તારેજ હાથે કુવાડી મારતાં સો વખત વિચાર કર. જાણી જોઇ તારી સુખી જીંદગીનું સત્યાનાસ ના વાળ, તારા સુખના જીવને દુઃખમાં નાખવાની વાત ના કર. જુલિયન રોદ્રીકનો જોડિયો ભાઇ છે ને આખર કરે તો તે તેના જેવોજ નિકળશે

તેમાં શક નહિ. કારણકે જોડ ભાઇઓના ગુણ અવગુણો તેમના ચેહેરા જેટલાજ મળતા આવેછ. એદેલીન, હું તુને સો વાતની એક વાત કહી રાખુંછ કે જો તું જુલિયન સાથે પરણી તો જેવા મારા હાલ રોદ્રીકે કીધાછ તેવાજ, બલ્કે તેથીબી બદતર બુરા હાલ જુલિયન તારા કરશે. લુચ્ચા, બદમાશ, ખોટી સહી કરનારા ને ગળાંફાંસુ ઠગારાની વિધવાનો કાળો ડાઘ મારાં કપાળે સદાનો ચોંટેલો હોવાથી હું જીવતી છતાં મુવા જેવી બનીછ. ખુદા તુને એવા ફેજમાંથી બચાવે. રોદ્રીક તો મુવોછ, પોતાનાં વાહલાંઓથી દુર જમીનમાં દટાયોછ, તોપણ તે મારો હકદાર ખાવિન્દ હોવાથી તેની બુરી કરણીની બુરી યાદ મારાં જળતાં જીગરમાં તાજી ને તાજીજ છે. મરનાર માટે બુરૂં બોલતાં મારી જીભ કપાઇ જાયછ પણ જયારે તેની કરણી મને યાદ આવેછ ત્યારે મારૂં જીગર ચીરાઇ ફસાઇ જાયછ. માટે બેહેન, માફ કરજે, પણ તારાં પોતાનાં સુખને ખાતર મને કેહવા વિના ચાલતું નથી કે તને જુલિયનની પરણેતર થયલી જોવા કરતાં તુને ઘોરમાં જતી જોવા હું હજાર વાર ખુશી થઇશ."

ગરીબ બિચારી એદેલીન ! તેણીને લાગ્યું કે દોરાનો એકેએક હર્ફ રાસ્ત હતો, સોનાને તોલનો હતો. ખરેખર, તે દેખીતી આંખોએ આંધળી બની બદબખ્તીના ઊંડા ગારમાં કુદકો મારવા તૈયાર થઇ હતી.

"એદેલીન, ખબરદાર!" દોરાના આ શબ્દો એદેલીનના કાનોમાં હવેથી દર બળે ઘુમતાજ રહ્યા હતા.

કાળું મેંડું.

જુલિયનને આપણે આગળાં પ્રકરણમાં એદેલીનના એક અણગમતા પરોણા તરીકે જોઇ લીધો છે. એદેલીન પોતાની વડી બેહેન દોરાને લાંબી મુદતે ભેટવાના એટલા બધા તો હરખમાં આવી ગઇ હતી કે પોતાના ભવિષ્યના ખાવિન્દ જુલિયનને ત્યાંજ પડતો મેળી પોતાની મા જણી બેહેનને મળવાની ઉમેદમાં ઝડપથી દીવાનખાનું છોડી ગઇ હતી. તે બંને બેહેનોએ એક બીજાને મળી ભેટી કલાકો કેવી લંબાણ ગુફતેગુમાં પસાર કીધા હતા તે આપણે ગયાં પ્રકરણમાં જોઇ લીધું છે. એદેલીન જુલિયનને એકદમ છોડી જવા પછી તે સમજી શકયો નહિ કે હવે શું કરવું, કયાં જવું અને પોતાની તરફનો એદેલીનનો અણગમો કેવી રીતે દુર કરવો. જેમ જેમ તે ખ્યાલોમાં વિંટલાતો ગયો તેમ તેમ તે વિચારોના ગુંચવણભર્યા વમળમાં વધુ અને વધુ તણાતો ગયો. દોરાની હાજરીમાંજ એદેલીનને મળવા, ત્યાંજ તેણીને સમજાવી લેવા અને ન માને તો દોરાને વચમાં નાખી પોતાનું કામ કાહડી લેવાના મજબુત ઠરાવથી તે ઉઠયો; પણ બીજીજ પળે તેને ખ્યાલ આવ્યો કે એમ કરવામાં તે સામું પોતાનેજ નુકસાન કરતો હતો, કેમકે તેના વડા ભાઇ રોદ્રીકે દોરાનાં સુખનો સદાનો નાશ કીધો હતો. આ ખ્યાલથી તે ચોંકયો. તેણે ખાત્રીથી માન્યું કે દોરા ઓલ્દકેસલ છોડી જાય ત્યાં સુધી દમ મારી જવામાંજ તેની મતલબ વધારે સેહેલાઇથી નિકળી આવે તેમ હતું.

તે દીવાનખાનામાં આમ તેમ લટાર મારવા લાગ્યો. તેની હાલત કુંચી આપેલાં એક પુતળાંને આબાદ મલતી આવતી હતી. તે એક બારી આગળ જઇ ઉભો, જયાંથી પશ્ચિમ તરફનો ખુશનુમા પવન થંડક આપી ગમે તેવા બિમારને

પણ રાહત આપતો હતો તે છતાં જુલિયનનાં તન મનને થંડક મળવા પામી નહિ. તે પોતાનાં બુરાં કિસમતને કદુવા દેતો એક આર્મચેર ઉપર પડયો અને પોતાના ધ્રુજતા હાથોમાં એક નોવેલ પકડી તે વાંચવાનાં ફાંફાં મારવા લાગ્યો, પણ સઘળું ફોકટ. તેનાં મનની બેચેનીમાં તેથી કાંઇ ફરક પડયો નહિ અને જે રાહતની શોધમાં તે હતો તે તેને મુદ્દલ મળી નહિ. મોટા ખીજવાટ સાથ તેણે તે ચોપડીને ટેબલ ઉપર પટકી અને પછી ત્યાંથી ઉભો થયો. 'દેન્સબરી ઍબી'થી સેહેજ દુર આવેલાં ખંડિયરમાં લટાર મારી પોતાનાં ભમતાં મજ્જને રાહત આપવાનો તેણે કસદ કીધો.

આ ખંડિયરમાં તે દાખલ થયો ત્યારે લગભગ ઝઝકેલું થવા આવ્યું હતું. ખુશનુમા ઠંડી લેહકી ધીમી ફુંકતી રહી હતી. સઘળું શાન્ત હતું, મગર જુલિયનનું જીગર તોફાની લાગણીના વમળમાં અફળાઇ ઝીંકાઇ જતું હતું. તરોતાઝગી ભરેલી ખુલ્લી હવા તેનાં નબળાં મજ્જને શાન્ત કરવાને બદલે ઓર ચકભમ કરવા લાગી. નાસ્તિકને આસ્તિક બનાવે તેવા આ મનોરંજક ખુદરતી દેખાવથી પણ તેનાં મનને શાન્તી મળવા પામી નહિ. તે સમજી શકયોજ નહિ કે આજે તે એટલો બેચેન શા માટે હતો. જોકે એદેલીનની તેની તરફની બેદરકારીથી તેને કાંઇક દિલગીર અને ચિંતાતુર થવાનો સબબ મલ્યો હતો, તોપણ તેને એટલો તો સધિયારો હતો કે તેણી તેની સાથે શાદીના ગાંઠથી જોડાવાને માટે પોતાના બાપને કબુલાત વટીક આપી ચુકી હતી. આથી તેણે મગરૂરીથી માની લીધું કે આયંદે તે 'ખુબસુરતીની રાણી'નો હકદાર માલેક તો તે પોતેજ થશે અને કોઇ બીજા પારકા ઉપર તે સુંદરી પોતાનું ધ્યાન દોડાવે એ બીના તો સ્વપને વટીક નહિ બને એમ તે ધારતો હતો.

આવી કિસમના "મનમાં અદરાય અને મનમાંજ પરણે" તેવા ખ્યાલથી હમણાં સુધીનાં તેનાં જળતાં જીગરને કાંઇક રાહત મળી ખરી, અને હવે વધુ રાહત મેળવવા માટે તે એક ઝાડના છાંયડા હેઠળ બેઠો.

થોડાજ વખતમાં તેણે પોતાની પાછળ કોઇનાં પગલાંનો અવાજ સાંભળ્યો. તે ઉઠયો અને પાછળ ફરી જોતાંજ તેના ચેહેરા ઉપરથી ગુમ થયલો ફીકાસ ફરીથી ધાઇ આવ્યો.

"એ કોણ, રોઝામન્દ?" રોઝામન્દનું નામ પોકારતાં જુલિયનના ચેહેરા ઉપર ઘભરાટનો છાપ આબાદ જણાઇ આવતો હતો.

તે નાજુક પગલાં રોઝામન્દ ફ્લોય નામની એક જવાન સ્ત્રીનાં હતાં. તેણીનો ચેહેરો જોકે ગરીબાઇની દળીદ્રતાથી સુકાઇ સોહરાઇ ગયલો લાગતો હતો તોપણ આગળી ખુબસુરતીનાં ચિન્હો તે ચેહેરા ઉપરથી હજી ગુમ થયાં હતાં નહિ. તે ચેહેરોજ ગવાહી આપતો હતો કે તે ઓરત જવાન હતી, પણ તેણીની જવાનીનો બહાર હાડમારી અને વિપત્તિઓના શિયાળામાંથી પસાર થતો હોવાથી તેણીનું સરોવર જેવું સીધું શરીર મરોડ ખાઇ બેઠું હતું. તેણીના રૂખસાર ઉપરના ગુલાબની જગ્યા નિરાશીના ફીકાસે લીધી હતી. તે સ્ત્રી દરેક રીતે ખુબસુરત હતી, પણ તે ખુબસુરતી ઉપર જાલેમ ગરીબાઇએ અને બાતેનની જંજાળિયતે એવી તો બુરી લુટ ચલાવી હતી કે તે ચેહેરા ઉપરનાં આગળાં સુખ અને સંતોષના ખજાનાનું નામ નિશાન વટીક ત્યાં માલમ પડતું હતું નહિ.

"કોણ, રોઝામન્દ?" તે જવાન સ્ત્રીને ગુસ્સાથી લાલચોળ બનેલી આંખોએ પોતાની તરફ ટગર ટગર જોતી મુંગી, સાવજ જેવી ઉસેલી જોઇ જુલિયને એક વાર ફરીથી પુછ્યું.

"હા, હું રોઝામન્દ છેઉં. તારી બેશરમીનો ભોગ, કમનસીબ, કંગાળ, રોઝામન્દ છેઉં," પેલી સ્ત્રીએ પોતાની ચુપકીદી તોડી જવાબ દીધો.

"તું અંહિ કાંય આવી, રોઝામન્દ?"

"તું જયારે તારા કોલોકરાર મુજબ મને આખરે નહિજ મળ્યો, ત્યારે હું શું કરૂં? મારી સોડે બીજો કાંઇ ચારો નહિ રેહેવાથી હવે હુંજ તુને અંહિ સુધી ઢુંડતી આવીછ, ને એકજ ઠરાવ સાથે આવીછ."

"ને તે ઠરાવ? બોલ, તારો તે એકજ ઠરાવ શું છે?" રોઝામન્દ તરફ ધિક્કારની ચશમ ફેંકી જુલિયંને ઉશ્કેરાયલાં દિલે સવાલ કીધો.

"સાંભળ, તે ઠરાવ તુને મારા હકદાર ખાવિન્દ તરીકે ઉઘાડો પાડવાનો, જગબત્રીસીએ ચહડાવવાનો છે, તું જેવા શેતાનને તારાં ખરાં રૂપ–રંગમાં જાહેર કરવાનો છે."

જુલિયનને જોઇ લેતાં વિલંબ લાગ્યો નહિ કે હંમેશની રાંક, ભોળી, નમાની અને તાબેદાર રોઝામન્દ આજે ફટાંઉ બની આવી હતી. પોતાનો ચોકસ ઠરાવ અમલમાં મુકવાની ચેતવણી આપવા માટેજ તે તેને ઢુંડતી આવી હતી. આ ઉપરથી તેણીને મનાવી લેવાના ખ્યાલથી તે હસી પડયો. તેને હસતો જોઇ રોઝામન્દ પોકારી ઉઠી બોલીઃ–

"મારૂં જીગર ગમના ધગધગતા અંગારથી જળેછ ત્યારે તું, ઓ શેતાન, હસેછ! યાદ કર કે જયારથી તેં મારી આબરૂ ઇજત લુટીછ, બસ ત્યારથી મારાં કિસમતની મટકી ફુટીછ, મારાં સુખની દોરી તુટીછ. તું એશોઅશરતમાં આરામ કરે ત્યારે તારી હકદાર ઓરત આફતો ગમનો દમ ભરે? અરે ખુદા! આ જુલ્મી ગેરઇનસાફ તું મુંગે મોહડે કેમ જોઇ શકેછ? બોલ, જબાન ખોલ, તું મને તારી હકદાર ઓરત તરીકે જાહેરમાં સુરખરૂ કરવા માંગેછ કે નહિ? તારાં હિલ્લાં બાહનાં હવે તું છોડવા ચાહેછ કે નહિ?"

"નહિ, રોઝામન્દ હાલ તુરત તો નહિજ. તે રૂડો વખ્ત હજી આવી પોંહચ્યો નથી, પણ તેમ તે હવે ઝાઝો દુરબી નથી. તું મારી સાથે સુજી સમજીને જો ચાલશે ને હું કેહું તેમ કરશે તો તારી મોરાદ હું જરૂર બર લાવશ."

"પણ તે કયારે? કયા જનમારામાં? એવા એવા વાયદા તો તું કાંઇ હજારો આપી ચુકયોછ. એવી રીતે બચ્ચાંને વાહ્યા કરવા જેવી વાત તો તું ધડપાયેથી લઇ બેઠોછ. પણ હવે વધુ વખત તારાં ફરેબી વચનોથી હું કદી ઠગાનાર નથી તે હું તુને સાફ કહી રાખુંછ. તુને તારાં ખરાં રંગરૂપમાં હવે હું ઉઘાડો પાડશ. હવે તો તું એકલોજ તારા બાપની અખુટ દોલતનો વારેસ છે. તું ચાહે તો આજે મને તારી હકદાર ઓરત તરીકે તારાં અયવાનમાં લઇ જઇ શકે. પણ તું તો કેથી હવે વધારે ઉંડાં પાણીમાં ફરતો દેખું! મેં વાત સમજીછ કે તું તો કરનલ રેનની એદેલીન સાથે—"

જુલિયન ચેતી ગયો કે તે ઓરત તેને એદેલીન સાથનાં કારજની યાદ આપવા માંગતી હતી. આથી તે પોકારી ઉઠયો, "ચુપ, નાદાન, ચુપ! તારી જબાન બંધ કર, નહિ તો જાણ કે તારો જાન આ ઘડીજ હું કબજ કરશ."

જુલિયન આ વેળા એટલો બધો તો ઉસકેરાઇ ગયો હતો કે તેનું અગરજો ચાલતું હોત તો જરૂરજ તે પળે તે કમબખ્ત સ્ત્રીનો ટોટો દાબી દઇ પોતાની આગળી નામોશીની જીવતી સાબેતીનો સદાનો અંત એક પલકારામાં લાવત.

"અરે જોરે! લુચ્ચા, હિચકારા, બદમાશ! જાણ કે એકબારગી મારો દમ ચાલતો બંધબી થશે, તોપણ તારાં કાળાં કરતુકો માટે શોર મચાવતી મારી જબાનને તું કદી બંધ કરી શકશે નહિ." પણ તેણીએ તુરત જોયું કે આવા નાતરસ ખવિસ

તરફ તુચ્છકાર કરતાં આજીજીની વળણ વધારે સારી અસર ઉત્પન્ન કરશે, અને તેથી તે કમનસીબ સ્ત્રી સેહેજ નમી જઇ જુલિયન આગળ ઘુંટણિયે પડી બોલી, "જુલિયન, જુલિયન, અગરજો તારાં જનો જીગરમાં મારે માટે દયાનો એક પણ કતરો બાકી રહ્યો હોય, અરે મારી તરફની તારી આગળી મોહબતનો સેહેજ પણ પડછાયો પાછળ રહ્યો હોય તો બસ મને જાનથી બેજાન કર ને આ જુઠી, ઠગારી જેહાનથી મને અમાન બક્ષ!"

"પણ રોઝામન્દ, તારૂં માનશેજ કોણ? તું મારી સાથે લગ્નના ગાંઠથી જોડાયલી છે એમ જાણશેજ કોણ? અરે! આપણાં હકદાર લગ્નની તારી પાસે સાબેતીજ શી છે? આપણાં લગ્ન ધારાની નજરમાં હકદારજ થયલાં છે એમબી હું પેહેલાં તો માનતો નથી!"

"સાબેતી? આપણાં લગ્નની સાબેતી મારો પ્યારો બેટો છે, જે તારાં અઘોર પાપની જીવતી ને જાગતી નિશાન છે, મારી જળતી જીંદગીનો ચેરાગ છે, આબે હૈયાત છે. એ નાદાન, બેધ્યાન, ઇનસાનના સાથામાં શેતાન, બોલ, એ સાબેતી શું થોડી છે? તારા ફુસલાવ્યાથી, તારા બેહકાવ્યાથી જોકે તે નિર્દોષ, નાજુક બેટાના નાકદર બાપ તરીકે તુને આજ તુલીક હું ઉઘાડો પાડી શકી નથી પણ હવે તારા બુઝોર્ગ બાપને મારી જાણ પિછાનથી જાણીતો કરશ, તને રૂસવા કરશ, તબાહ કરશ, બંને જેહાનને તારાં કાળાં કરતુકોથી આગાહ કરશ."

જુલિયન રોઝામન્દની આ ધમકીથી ડરી ગયો. હવડાં સુધી તો તે એવાજ ખ્યાલમાં હતો કે તે સ્ત્રી બિલકુલ ભોળી-ભલી હતી, કાવાદાવાથી નિરાળી હતી. પણ નહિ. જુલિયન ભુલ્યો હતો. આજે તેણીનો રંગઢંગ જુદોજ હતો. આથી જુલિયનને લાગ્યું કે અગરજો તેણીને સમજાવી પતાવી કામ લેવામાં આવશે નહિ તો તેના પોતાના હકમાં બુરૂં બનશે. આ ખ્યાલથી દોરવાઈ પોતાની નીચ સમજાવટમાં ફસેલી રોઝામન્દની નજદીક તે ગયો અને બાતેનમાં ધિક્કાર પણ જાહેરમાં પ્યારથી તેણીનો હાથ પોતાના હાથમાં પકડયો અને જાણે તે પોતાની ચાલથી કેટલોક આજેઝ થઈ ગયો હોય અને પસ્તાવામાં પડયો હોય તેમ મોહડાંના ચેનચાળા કરી અને જીગરનાં છેક ઉંડાણમાંથી હાય અને અફસોસનો ધુંવો બાહેર પાડી બોલ્યો, "રોઝામન્દ, તું શા માટે એટલી બધી ખફા થઈ મને હેરાન ને રન્જીદા કરેછ? અરે! હું કોઇબી બીજી નારને ચાહતો નથી. અગરજો આ દુનિયામાં મને કોઇબી પ્યારૂં હોય તો તુંજ અને ફકત તુંજ છે. કરનલ રેનની બેટી એદેલીન સાથે અગરજો મારૂં નામ જોડવામાં આવતું હોય તો તેમાં મારો વાંક નથી. તે માટેનાં જવાબદારો તો ઓલ્દકેસલનાં રહેવાસી છે. અરે! શું કેહું મારી રોઝામન્દ, તારી તરફ તો મારા પ્યારનો ઝરો સદા વહેતો ને વહેતોજ છે. તે કદીબી સુકાવાનો નથી. આટલો વખત તેં સબુરી પકડીછ તો હવે જરા થોબ, જરા વધુ ધીરજ ધર, અને પછી જો કે, હવે ફકત સેહેજ વખતમાંજ તુંને મારા જાન ને મકાનની માલેક કેવી બનાવી દેઊંછ?"

તે ભોળી સ્ત્રી જુલિયનના ઉપલા ગળ્યા ગળ્યા શબ્દોથી બિલકુલ અંજાઈ ગઈ, લોભાઈ ગઈ. ખુશાલી તેણીના ચેહેરા ઉપર પ્રગટી નિકળી. જુલિયન તરફનો તેણીનો ધિક્કાર પ્યારમાં ફેરવાઈ ગયો.

રોઝામન્દને આવી રીતે શાન્ત પડેલી જોઈ અને પોતાની પ્રપંચી જીભલીની આ પ્રમાણેની અસર થયલી દેખી જુલિયન પોતાની ફતેહથી મુછમાં હસવા લાગ્યો,

જેનો અર્થ તે ભોળી સ્ત્રી જુદોજ કરી બોલી, "પણ જુલિયન! આપણાં હકદાર લગ્નનો કમનસીબ દિવસ તુને યાદ તો છેની? તે કમબખ્ત દિવસ કે જયારે આપણાં લગ્ન એક વાહણ ઉપર થયાં હતાં અને જે વાહણ એક સખ્ત તોફાનના વમળમાં વિંટલાઇ આપણુ બે સિવાય બાકીના સઘળા જીવ સાથે સદાનું દરિયાની તળિયે જઇ બેઠું હતું. ઓ, તે અભાગ્યો દિવસ! જયારેબી મને તે યાદ આવેછ ત્યારે મને ધ્રુજરાં છુટેછ. જુલિયન, કેથું આપણાં લગ્નનું ચોઘડિયુંજ સારૂં નહિ. મુહુરતમાંજ આપણને અપસગન નડયાછ."

"હા, એમ કંઈ મને લાગેછ ખરૂં," જુલિયને પોતાની આસપાસ નજર દોડાવી મોટી મુશ્કેલીથી જવાબ દીધો. કેમકે તેને મોટી ધાસ્તી તો એ હતી કે રખેને તેને રોઝામન્દ સાથે વાતચિતમાં રોકાયલો કોઇ જોતું હોય. પણ જયારે તેણે ખાતરીથી જાણ્યું કે તે હમણાં સુધી સલામત હતો ત્યારેજ તેણે આગલ ચલાવ્યું.

"બરાબર છે, મારી પ્યારી રોઝામન્દ, આપણાં લગ્નનો એકેએક સાક્ષી દરિયાનાં પેટાંમાં ગર્ક ગયલો હોવાથી મોટી મુશ્કેલી એજ છે કે તું મારી હકદાર ઓરત તરીકેની સાબેતી દુનિયા આગળ કેવી રીતે રજુ કરી શકનાર છે. સાક્ષીઓની હસ્તી વગર તારૂં કોણ માનનાર છે?"

રોઝામન્દ જુલિયનની આવી નફટાઇથી હેબતીજ ગઈ. તોપણ હિંમત રાખી બોલી:—

"પણ જુલિયન, મારી પાસે તારા હાથનાં પ્યાર-પત્રો મોજુદ છે તે કેમ તું ભુલી જાયછ? તેમાં તેં અનેક વાર લખેલું છે કે તારા હુકમ સિવાય મારે તારી સાથનાં છુપાં લગ્નની વાત બાહેર લાવવી નહિ."

જુલિયન અને રોઝામન્દની ઉપલી વાતચિત ઉપરથી ખુલ્લું દિસતું હતું કે લોર્ડ ઓલ્દકેસલનો એકપુરો વારસ, રોઝામન્દ ફલોય નામની એક જવાન સ્ત્રી સાથે લગ્નના પવિત્ર ગાંઠથી જોડાઈ ચુકયો હતો. તે એક ગરીબ સ્ત્રી હતી. લોર્ડ ઓલ્દકેસલ અને કરનલ રેનની ભેગી માલેકીની કોલસાની ખાણમાં મજુરી કરનાર એક ગરીબ કામદાર નોકર રોજર દીપીંગની તે બેટી થતી હતી. જુલિયન રોઝામન્દને ઓલ્દકેસલ ખાતેથી નહસાડી લઈ ગયો હતો અને અજાયબી તો એ હતી કે એક વાહણમાં તેઓ બંને ધણી ધણીઆણીનાં હકદાર નાતાંથી જોડાયાં હતાં. પણ ખુદ ખુદરત નાહસભાગનાં આ લગ્નથી નારાજ બની હતી, કેમકે ખુદરતના રૂઠવા સાથે માહસાગર જોશ ઉપર ચહડયો. તોફાની અને જુલમગાર મોજાઓની દયા ઉપર થોડોક વખત સુધી લગ્નનું તે ધામ ડામાડોળ સ્થિતિમાં રહેવા પછી તેની ઘોર તેજ માહસાગરનાં પાણીમાં બની. જુલિયન અને રોઝામન્દ સિવાય તે વાહણ બીજાં ઉતારૂઓને લઈ પાણીમાં સદાનું ગર્ક ગયું અને આવી રીતે તે લગ્નના સાક્ષીઓનો એક પળવારમાં અંત આવ્યો.

જયારે રોઝામન્દ ઓલ્દકેસલ ખાતે પાછી ફરી ત્યારે તેણીનું નિર્દોષપણું તે ખુદા, જુલિયન અને ડુબી મુવેલા સાક્ષીઓ સિવાય બીજું કોઈ જાણતું હતું નહિ. વખતના વહેવા સાથે જયારે તે સ્ત્રી એક બાળક બેટાની મા બની ત્યારે તેણીની હાલત બહુજ કફોડી અને કઢંગી થઈ પડી. ઓલ્દકેસલનાં લોકો, ખરી બાતમી જાણવા વિના તેણીને નાહક બદનામી આપતાં રહ્યાં, તે એટલે સુધી કે તે બિચારીને ઓલ્દકેસલમાં ફરવું પણ ભારી પડી ગયું. લોકોએ તેણીને અનીતિના ગારમાં ડુબેલી માની. ઓલ્દકેસલની એકેએક ઓરત તેણીને ધિક્કારવા લાગી અને તેણીની સાથે

કરો પણ સંબંધ રાખવાને તેઓએ ના પાડી. કમનસીબ રોઝામન્ડ! તેણીએ ઘણુંબી ચાહ્યું કે ખરી હકીકત બાહેર પાડી બેશરમી અને લોકોના તાણા મીનામાંથી પોતાનો અને પોતાના વાહલા બેટાનો છુટકો કરે, પણ જુલિયનનું નામ બાહેર નહિ લાવવાને હાલ તુરત તેણીનાં નામ સાથે જુલિયનના નામને બદલે ફલોયનું ભલતુંજ નામ જોડવાને તેણીને કસમ આપવામાં આવેલા હોવાથી તે ભોળી સ્ત્રી પોતાનું નિર્દોષપણું જાહેર કરી શકી નહિ. જયાં સુધી લોર્ડ ઓલ્ડકેસલનો વડો બેટો રોડ્રીક હૈયાત હતો ત્યાં સુધી જુલિયન તેણીને પોતાના બાપના વારસા અને આશ્રામાંથી દુર થઈ જવાની ધાસ્તી આપતો રહ્યો હતો, પણ પોતાના વડા ભાઇનાં મોત પછી રોઝામન્ડને તે ભલતાંજ બાહનાંઓથી ઉડાવવા અને ઠગવા લાગ્યો. તે સ્ત્રી ભોળી અને જલદીથી અંજાઈ જાય એવી નરમ ખાસિયતની હોવાથી લુચ્ચો જુલિયન ઘણીજ સેહેલાઇથી તેની ઉપર ફાવી જતો હતો. આવોજ મામલો આપણે આ પ્રકરણમાં પણ બનેલો જોયો છે. આ વેળા પણ તે ભોળી સ્ત્રી જુલિયનની લતરાજખોરી જબાનથી ભોળવાઈ સંતોષ પામીને ગઈ.

જુલિયન જેવા બદમાશની બદમાશીમાં ફસેલી બિચારી રોઝામન્ડ તેની નજરથી જેમ જેમ દુર થતી ગઈ તેમ તેમ તે પોતાની ફતેહ ઉપર વધુ અને વધુ મલકાતો રહ્યો. તેણે પોતાને જીવતાં જીવત બેહેશતમાં વાસો કીધેલો જોયો, તેણે પોતાનાં કિસમતનો પાસો ફરેલો દીઠો. પણ તે નાહક દેડકાની માફક ફુલતો હતો, તે સરતાપા ભુલતો હતો, કેમકે એક મજબુત લોખંડી હાથ તેજ પળે તેની ગરદન ઉપર આવી પડયો. તેણે પાછું ફરી જોયું તો તે બેધ્યાન, બેભાન બની ગયો.

"ક–ક–ક–કોણ ક–ક–કરનલ રૈન?"

જુલિયન પોતાના ભવિષ્યના સસરા કરનલ રેનને જોતાંજ ફગલાઇ જઈ તોતડો બોબડો થઇ ગયો.

સસરા જમાઈ—છુટા છેડા.

"હા, હું કરનલ રેન છું, અને હું તે કિરતારનો આભાર માનુંછ કે તારાં કાળાં કરતુકોની વાત કાનેકાન સાંભળવા માટે તેણે અંહિ મને એજગબી હાજર કીધો. બદમાશ! મેં પેલી કંગાળ કમબખ્ત ઓરત સાથની તારી તમામ વાત કાનેકાન સાંભળીછ. જયારે તું તે ઓરતને તારાં બદકરમથી ફસાવીજ મુવોછ, તો બોલ, મારૂં સુખી ઘર ભાંજવાની અને મારી નિર્દોષ પાકજાદ બેટીનું સુખ જન્મ સુધી લુટવાની કોશેશ કરવાની તું હિમ્મતજ કેમ કરી શકયો? ચંડાળ, તારૂં પાપ મેં નજરે નજર જોયુંછ. બોલ, તું હવે શું કેહેવા માંગેછ?"

"શું તમે આવાં સારાં માણુસ થઈ મારી વાત ભરાઈ છુપાઇને સાંભળી?" જુલિયનથી કાંઈ બીજું બોલી શકાયું નહિ ત્યારે તેણે ઉપલો કઢંગો સવાલ કીધો.

"હા, મારાં નસીબમાં તારો જાસુસ બનવાનું હતું તેથી તો હું તારૂં આ માહ બુરૂં પાપ શોધી કાઢવા પામ્યો, અને તેથી હું ખચીતજ પોતાને ભાગ્યશાલી ગણુંછ, કારણકે હવે તારા જેવા એક બદમાશના પાપી પંજામાંથી મારી ગોલાબ સરખી બેટીને હું બચાવવા પામશ. ખરેખર, ખુદ ખુદરતજ મને કેથી આ જગોએ ચાલી ચલાવીને લઈ આવી. હું ખુદાનો હજારો હજાર ઉપકાર માનુંછ કે હજી

મોડું થયું નથી. મુજી ચંડાળ, તું મારી ગાય ગોલાબ જેવી બેટીને ફસાવવા માંગતો હતોની? પણ ખોદા તારૂં એ પાપ કેમ સાંખી શકે?"

આ પળે એદેલીનનો દુખી બાપ એટલો બધો તો ઉસકેરાઈ ગયો હતો કે તેનો મિજાજ તેના હાથમાં મુદલ રહી શકયો નહિ. તેણે જુલિયનને સુનો સાવજ જેવો ઉભેલો જોઈ તેને તેની ગરદનમાંથી પકડી ખુબ ઢંઢોળિયો. તેણે ઘણું ચાહ્યું કે પોતાની બેટીને થયલાં અપમાનનો બદલો તેજ પળે લે, પણ નહિ, તેણે પોતાનો હાથ ખાંચ્યો. તે બદમાશના ભલા બાપને ખાતર કરનલ રેન લોહિનો ગોટ ગળી ગયો. જુલિયનને પોતાના મજબુત હાથનો આંચકો મારી તે દુખી બાપ એટલુંજ બોલી શકયો, "જા, ચંડાળ, તારૂં અંહિથી કાળું કર. મારી નજર આગળથી આ પળે દુર થા. ખુદા તારાં પાપની સજા તુને કરશે. નિકળ, એકદમ મારી સામેથી તારૂં મોહડું બાળ, નહિતો તારી હઠનું પરિણામ ઘણુંજ બુરૂં આવશે."

જુલિયન તરફ ધિક્કારની નજર વટીક કરવા વિના કરનલ રેન દુઃખી જીગરે ત્યાંથી ચાલી ગયો. તેને જોતો જુલિયન સાવજ જેવો ઉભોજ રહ્યો. પોતાના બાબમાં બનેલા આજના માઠા બનાવ માટે તે ખ્યાલ કરતો ઉભો. તેણે ખાત્રીથી માન્યું કે હાથમાં આવેલી એદેલીન જેવી સોનાની ચલ્લી હવે સદાની ઉડી ગઈ હતી. આ ખ્યાલથી તેનું મગ્જ ચકભમ થવા લાગ્યું. તેણે ઘણુંબી ઇચ્છયું કે પોતાનાં સુખના લુટારા–કરનલ રેન–ને દોડી પકડી પાડે અને તેનો જાન તેજ પળે કબજ કરે, પણ તે હાથ પગ અફાળીજ રહ્યો કારણકે તે એમ કરવાને બિલકુલ લાઇલાજ હતો.

પણ ખુદરતની ગતિ ન્યારી હતી, તેના ભેદ નહિ સમજ પડે એવા હતા. તેણે પોતાની મોટી ખુશાલી વચ્ચે જોયું કે ભરાતા છુપાતા એક કાળા આકારે કરનલની પુઠ પકડી હતી. તે કાળા આકારને ઓળખી લેતાં જુલિયનને વિલંબ લાગ્યો નહિ. અંધારૂં હતું, પણ તે એટલું બધું નહિ હતું કે જેથી તેનો ઓળખીતો તે આકાર તેની નજરથી છુપાયલો રહે. એકજ ખ્યાલ તેનાં ધુમતાં મગ્જમાં ધુમી રહ્યો હતો. તે તે આકારને પકડી પાડી તેના કાનને માત્ર બેજ બોલ સંભળાવવા માંગતો હતો. તરતજ તે દોડયો. પેલો કાળો આકાર પોતાની પાછળ આવતાં પગલાંથી ચોંકયો. તેણે પોતાની પાછળ ફરીને જોયું તો તેની અજાયબીનો પાર રહ્યો નહિ.

"કોણ, મારો શો—"

જુલિયને તે આકારને વધુ બોલવા દીધોજ નહિ, તેણે પોતાના બંને હાથો વડે તેનું મોહડું એવાં તો જોશ સાથે દાબી દીધું કે તે સિહા આકારના બોલો બાહેર નિકળવા પામ્યાજ નહિ.

"ચુપ, નાદાન! એક હર્ફ વટીક તારાં મોહડાંમાંથી બાહેર કાહડયો તો જાણ કે તું મુવો છુટો. મને તારી સાથ કામ છે."

વિજળીક ઝટપે જુલિયને તે કાળા આકારના કાનમાં ફકત ચાર બોલો કહ્યા અને તેજ પળે તે આકાર સાથે ધીમે કદમે એક મોટાં ઝાડની પાછળ તે ગેબ થઇ ગયો.

તે કાળો આકાર કોણ હતો? તે ચાર બોલો શું હતા?

જાલમ મોત.

રાત લગાર અંધારી અને શાન્ત હતી, પણ એદેલીનનાં મનથી તે કાળાં કરતુકની અને સિહા આફતની રાત હતી.

"હેન્સબરી એબી" નાં દીવાનખાનાનાં મોટાં ઘડિયાળમાં નવ કલાકનો ડોકો ડોકાયો, પણ તેણીનો પાદશાહ સરખો પેદર હજી પોતાને મકાને પાછો ફર્યો હતો નહિ.

"કરનલ રેન કયાં હતો?" "તે હજી કાં આવ્યો નહિ?" "તે હજી શું કરતો હતો?" "કંઈ અકસમાત તો નહિ થયો હોય?" આ અને એવાજ બીજા અનેક સવાલો સઘળાંઓએ એક બીજાને પુછ્યા, પણ કોઈ તરફથી પણ તેનો મનમાનતો ખુલાસો મળવા પામ્યો નહિ. જેમ જેમ વખત વધતો ગયો તેમ તેમ એદેલીન અને દોરાના ધભરાટનો કશો પાર રહ્યો નહિ. કરનલ કદી પણ આટલો મોડે સુધી બાહેર રહેલો નહિ હોવાથી તેમના આવા અકરાટ-ધભરાટનો સબબ દેખઈતો હતો, જેથી આખાં મકાનમાં તેની ગેરહાજરી ચકચારનું રૂપ લે એ સેહેલથી સમજી શકાય એમ હતું. વળી આજે તો તેનાં મકાનમાં લોર્ડ ઓલ્દકેસલ પણ પોતાની ધણીઆણી અને બેટા જુલિયન જોડે પરોણા તરીકે ઉતરી પડયા હતો, જેથી હમેશના રાબેતા કરતાં પણ વેહેલા પધારી તેમની મેહમાનદારી કરવાની ફરજ કરનલ રેનની હતી. એદેલીન સમજી શકી નહિ કે તેણીના પ્યારા પિતા આ ફરજ કેમ અને કાં ભુલ્યા હતા.

સાડા નવ થયા, પણ પોતાના વાહલા બાપનાં પગલાં એદેલીનના આતુર કાને સંભળાયાં નહિ.

"હવે તો કાંઇબી કરવું જોઇએ," લોર્ડ ઓલ્દકેસલ રાહ જોતાં થાકી અંતે બોલી ઉડયો.

"તમે માનો કે ન માનો પણ જયાં છે ત્યાં કરનલને કાંઇબી અકસમાત થયોછ," લેડી ઓલ્દકેસલે તર્ક બાંધી.

"હું તો ધારૂંછ કે કરનલ રેન કંઈ ન ધારેલાં કામમાં રોકાઈ ગયલા હોવા જોઇએ. અરે, તમે એટલાં બધાં ધભરાવોછ શાનાં? જે વખત જાયછ તેમાં તેવણ આવવાજ જોઇએ. તેવણ કંઇ બચ્ચું બચ્ચું છે કે ભુલા પડે?" જુલિયને સધ્યારો આપ્યો.

એક પળ પુડે બીજી નીઠતાં નીડે નહિ. આખરે અગ્યારનો ડોકો પડયો અને તેજ પળે મકાનના પાછળા ભાગનો દરવાજો પણ ડોકાયો. એદેલીન અને દોરાનો ગયલો જીવ પાછો આવ્યો. તેઓ "ઓ, પ્યારા પપા આવ્યા," એવા બોલો બોલતી દરવાજા આગળ ધસી ગઈ. બોલ બોલતાંમાં આખાં મકાનમાં ખબર ફરી વળી કે કરનલ રેન મોડે તો મોડે પણ આવ્યા ખરા.

નોકરની મદદ આવી પુગે તે આગમચ તો એદેલીને પોતેજ ઇંતેજારી ભરેલી ઉતાવળમાં તે પાછળો દરવાજો મોટા ધડાકા સહિત પોતાના નાજુક હાથેએ ઉઘાડી નાખ્યો અને પોતાના બાપને ભેટવાને, તેનાં માયાળુ પાસાંમાં દબાવાને તે બંને બેહેનો આતુર થઈ દોડી, પણ બીજીજ પળે તેમની આતુરતા અસાધારણ નિરાશીમાં ફેરવાઈ ગઈ, કેમકે દરવાજો ઉઘાડતાંજ દાખલ થયલો શખ્સ કરનલ રેન નહિ પણ કોઈ બીજોજ નિકળી આવ્યો. આ શખ્સને દોરા ઓળખતી હતી નહિ, પણ એદેલીન તેને ઓળખી ચુકી હતી.

તે નવો આવનાર શખ્સ નીલ લાયન ઇજનેર હતો.

આટલા અરસામાં તો લોર્ડ ઓલ્દકેસલ પણ લેડી ઓલ્દકેસલ અને જુલિયન જોડે તે બંને બેહેનો આગળ આવી પુગ્યો હતો. કરનલને બદલે લાયનને દાખલ થયલો જોતાં લેડી ઓલ્દકેસલ પોતાના હંમેશના રાબેતા મુજબ એક ધીમી ચીચીઆરી પાડી પોતાના ખાવિન્દનાં ખભાં ઉપર બેસુદ્ધ થઈ તુટી પડી. જયારેબી આ ઉમરાવ બાઈ બેસુદ્ધ થતી ત્યારે કોઈ અને કોઇનાં ખભાં ઉપરજ પોતાનું માથું નાખી દેવાનું તેમને સુજતું હતું, જેનો સબબ બિચારો ભોળો લોર્ડ ઓલ્દકેસલ સમજી શકતો હતો નહિ. પોતાની માવતરને આ પ્રમાણે બીહવડાવી મારવા માટે જુલિયન લાયનને મારવા ધસ્યો, પણ એદેલીને વચમાં પડી તેને એવું નાલાયક પગલું ભરતાં અટકાવી કહ્યું, "મી૦ જુલિયન, ખોદા ખાતર જરા ઠંડા પડો. આ વખત ફિસાદ કરવાનો નથી." આટલું બોલી તે તરતજ લાયન તરફ ફરી બોલી, "બોલો, મી૦ લાયન તમે શું ખબર લાયાછ? તમે મારાં સુખના કાસદ બની આયાછ કે કાંઈ ભયભરી આફતનો પેગામ લાયાછ? તમે મુદલ અચકાશો ના, કેમકે ગઈ કાલથીજ મને કોઇ આવતી આફતનાં ધુજરાં લાગ્યાજ કરતાં હતાં. અરે! હું મારાં દિલ સાથે વિચાર કરતી હતીજ કે રખેને કંઇ ન ધારેલો સેતમ અમારી ઉપર ગુજરે."

જુલિયન તરફ ધિક્કારની નજર ફેંકી લાયને ઠરેલ પણ ગમગીન અવાજે ખુલાસો કીધો, "માનવંત બાનુઓ, અને લોર્ડ ઓલ્દકેસલ! ખરેખર, જેમ મીસ રેન ધાસ્તી રાખેછ તેમ હું કમનસીબે આફતનાજ સમાચાર લાવ્યોછ."

આ બોલો સાંભળતાંજ એદેલીન અને દોરાનું લોહી એકદમ ઉડી ગયું અને તેમનો ઉજળો ફક જેવો ચેહેરો જોતાં લાયનને ઘણું લાગી આવ્યું. તેનેથી આગળ મુદલ બોલી શકાયું નહિ.

"ઓ! બોલો, મી૦ લાયન, અમો બંને બેહેનોના હકમાં બુરૂં તો બન્યું નથી? મારા વાહલા પપાને બિમારી સિવાય બીજું તો કંઇ નથીની?" એદેલીન રડમસ થઇ બોલી.

"પણ પોરીયા, એકદમ ભસી મરની કરનલ રેનને થયુંછ શું તે?" લોર્ડ ઓલ્દકેસલે પોકાર કીધો.

"અરે બાવા તમે સમજયા કરોરે! મારા મુરબ્બી સસરાનો એક બાલબી વાંકો થાય નહિ. એ લુચ્ચો, 'તેરા કુત્તા મેરી કુવાડી લાયા' જેવી વાત લઇ અંહિ ઉતરી પડેલો લાગેછ. બાકી તે બિચારા ઉપર આફત શું ને વાત શું? મારા જેવા તેમના ભોળા, ભલા જમાઇ તરફબી ખોદા જોશે કેની?" જુલિયન મુછ ઉપર તાવ દઇ બોલ્યો.

"લોર્ડ ઓલ્દકેસલ, મી૦ જુલિયન, તમે મેહેરબાની કરી ચપી જાઓ ને આ ગ્રહસ્થ શું કેહેવા માંગેછ તે સાંભળો," દોરાએ ગુસ્સાથી કહ્યું.

"ગ્રહસ્થ! અરે મારા ને તારા બાપનો ટુકડાખાઉ, તે ગ્રહસ્થ કયે દાહડેનો થયો? એ જો ગ્રહસ્થજ હતે તો આ મકાનમાં વગર રજાએ—"

એદેલીન જુલિયન ઉપર છેડાઈ પડી. તેણીએ નાહક ગડબડ નહિ કરવાનો તગાદો કીધો ત્યારેજ જુલિયન મુગો ગગડયો અને લાયને પોતાનો ખુલાસો આગળ ચલાવ્યો, "મારા પાળનહાર શેઠને મલવા મેં એક વાર ફરીથી મન ઉપર લીધું. હું આ મકાન આગળ આવ્યો ત્યારે મને મી૦ સ્પ્રેગે ખબર આપી કે શેઠ તો

પછવાડેનાં ખંડિયર તરફ લટાર મારવા ગયા હતા. વખત ઘણો વહિ ગયલો છતાં તેમની મુલાકાત એકાંતમાં લેવા તેમજ તેમને ગરીબ કામદારો તરફથી સમજાવવાનો ઇરાદાથી હું ત્યાં ગયો."

"તું ત્યાં જવાની હિમ્મતજ કેમ કરી શકયો? તારી મકદુર શું કે તું કરનલ રેનની પાછળ એમ ભરાતો સંતાતો ખંડિયરમાં જાય? બાનુઓ અને ગ્રહસ્થો, હું કેહુંછ કે આ લુચ્ચો બિલકુલ જુઠો છે," જુલિયને પોકાર કીધો. પણ આ વેળાએ દોરાએ તેને એવો તો 'ખાઈ' નાખ્યો કે જુલિયન ચુપજ રહી ગયો.

તે પછી લાયને કીધેલો ખુલાસો ટુંકો હતો. તેણે વધુ એ જણાવ્યું કે "હું લગભગ આખું ખંડિયર શોધી વળ્યો, પણ કરનલ રેન નજરે નહિ પડવાથી હું નાસિપાસ થઈ મારાં મકાને પાછો ફરતો હતો તે વેળાએ અંધારાંમાં સામી બાજુએથી પસાર થતા બે શખ્સોને મેં જોયા."

"અરે, પણ બોલી મરની કે તે બે શખ્સો હતા કોણ?" જુલિયને બંને બેહેનોનાં મોહોડાં તરફ જેમ તેમ નજર કરી પુછયું.

"અંધારાંને લીધે હું તેમના ચેહેરા જોઈ શકયો નહિ. મેં તરતજ અટકળ કીધી કે મારા શેઠ તે તરફજ હોવા જોઇએ. હું તે તરફ ગયો તો અફસોસ કે, કરનલ રેન ઘાસની જમીન ઉપર બેભાન જેવા પડેલા હતા. તરતજ મેં કાંડી સળગાવી બારિક તપાસ કીધી તો મને માલમ પડયું કે મારા શેઠની હાલત ધાસ્તીભરેલી હતી."

લાયનનો આ ખુલાસો હતો, પણ આ ખુલાસો એદેલીને ઉડાવનારો માન્યો.

"મી૦ લાયન, તમે મને ઠગોછ. અરે! તમારા ચેહેરા ઉપરથીજ હું પારખી શકુંછ કે મારા વાહલા પપા બિમાર નથી. તેમની બે હિનભાગ્ય બેટીઓના હકમાં તમો કેહોછ તેથી બદતર બુરો બનાવ બન્યોછ. બોલો, મી૦ લાયન બોલો કે શું મારા પપા પોતાની વાહલી દીકરીઓને આ દુનિયામાં નિરાધાર છોડી પેલી જેહાનમાં કુચ કરી ગયા નથી? અરે! આ કેવો ગજબ! કેવો સેતમ!"

લાયન ફગલાઈ ગયો. તે પોતાની ગરદન ગમના બોજાથી ઝુંકાવી બોલ્યો, "અફસોસ! બાનુ, તમારી ધારતી ખરી છે. મારા ભલા શેઠ ને તમારા પિતા આ જેહાનથી ગુજર પામ્યાછ."

"ગુજર પામ્યા?" સઘળાંઓ એક અવાજે ચમકી ઉઠયાં.

"હું અહિં આવતાં આવતાં પોલીસ તેમજ ડાકટરને ખબર કરતો આવ્યોછ. મી૦ સ્પ્રેગ પણ ત્યાંજ દોડી ગયોછ. હું તો ચોકસ માનુંછ કે મારા ઉમરાવ શેઠનું કોઈ ચંડાળે ખુન કીધુંછ."

"ખુન!" એદેલીનનાં મોહડાંમાંથી એજ એક બોલ નિકળી શકયો. તે સુંદરીથી આગળ બોલી શકાયુંજ નહિ, અને નજદીકના એક સોફા ઉપર તે નિસોસ થઈ પડી. આ વેળાએ તેણીનો ચેહેરો એટલો બધો તો ફીક્કો મારી ગયો હતો કે સઘળાંઓએ એમજ જાણ્યું કે જે ઘડી જાય છે તેમાં તે બાનુ બેભાન થઈ તુટી પડશે. દોરા તેણીની મદદે દોડી.

"પણ એ સઘળી ઓચિંતી, સ્વપ્ના સરખી ખબર કેમ મનાય? જે ઘણી પુર તંદરોસ્તીમાં મને મળી ભેટી બાહેર નિકળેલો તે એકાએક મરણ પામી શકેજ કેમ? હું તો એના કહેવામાં સોએસો ટકા બાદ સમજુંછ," જુલિયને ભમરડો ઘુમાવ્યો.

"ઘણુંજ અજબ જેવું! પણ મી૦ લાયન, મરનારનાં શરીરના કયા ભાગ ઉપર તેં જખમો પડેલા જોયા?" લોર્ડ ઓલ્ડકેસલે ખુલાસો ચાહ્યો.

"જખમ જેવું તો કાંઈ માલમ પડતુંજ નથી, સાહેબ. હું તો ધારૂંછ કે મારા ભલા શેઠનાં શરીરમાં કોઈ ચંડાળે કાતેલ ઝેર દાખલ કરી દીધુંછ."

"ઓ પપા! મારા વાહલા બાવાજી! આ દુઃખ હું દેખતી આંખે કેમ જોઇ શકું? ઓ, કોણ ચંડાળ, મુજી હાથે તમારી સુખી જીંદગીનો આવો જાલમ અંત આણી અમો કમબખ્ત બેહેનોને આખા ભવની દુઃખી કીધી, જીવતાંજીવત મારી નાખી? લોર્ડ ઓલ્ડકેસલ, મી૦ જુલિયન, તમે જાઓ, ખુદા ખાતર દોડી પોંહચો, અને મારા વાહલા બાપના ખુનીને મારી આગળ લઈ આવો કે તેનાં નેણ ખેંચી કાહડી મારા પગ તળે હું ભચડું. ઓ બાવાજી! તમે કોણના આધારે ને આશ્રે અમો બંને બેહેનોને છોડી એમ ઓચિંતા ચાલી ગયા? એક ઘડીબી તમોએ મને વિહલી મુકેલી નહિ ને હવે મને એમ એકાએક અટુલી કાંય નાખી ગયા?"

એદેલીન નવધાર આંસુએ રડી પડી. દોરાને પણ પોતાના અમીર બાપ માટે ઘણું લાગતું હતું, પણ તે સ્ત્રી ઉપર અત્યાર આગમચના દુઃખના પાહડો ગબડી ચુકેલા હોવાથી તેણીનાં આંસુનો ઝરો સુકાઇ ગયો હતો.

"સાંભળો, લોર્ડ ઓલ્ડકેસલ ને બાનુઓ, મરનારે પોતાનું મોત આગમચથી ચેતેલું હોવું જોઇએ. કેમકે મરનાર પોતાનાં મોતની છેલ્લી ઘડીએ કંઇક લખી ગયલા માલમ પડેછ."

"બોલો, મી૦ લાયન, બોલો, ખુદા ખાતર જલદી બોલો કે તે શું લખેલું હતું?" એદેલીન ઉસકેરાઈ જઈ બોલી.

લાયને ખુલાસો કીધો, "તે એમ લખેલું હતું કે 'મારી બેટી એદેલીનને તેણીએ આપેલી કબુલાતથી હું મુકત કરૂંછ.' આ શબ્દો મરનારનાં શર્તના ડાબા કફ ઉપર લખેલા મેં આબાદ વાંચ્યાછ. મરનારે જોકે ધ્રુજતા, લથડતા હાથે તે લખેલું માલમ પડેછ તોપણ તે અક્ષરો તેમના પોતાનાજ છે એમ જાણી લેતાં મને વાર લાગી નથી."

આ સઘળો ખુલાસો કરતાં લાયનના અવાજમાં દેખઇતો ધભરાટ માલમ પડતો હતો. કદાચ પોતાના ઉમરાવ શેઠનાં એકાએક નીપજેલાં કવખતનાં મરણથી હોય યા એદેલીન અને દોરા ઉપરની આફતથી હોય! ગમે તે હોય, પણ એટલું તો દેખઈતું હતું કે લાયનને એક મજબુત કારી ઘા લાગ્યો હતો. તેનો આવો ધભરાયલો દેખાવ જોઈ લોર્ડ અને લેડી ઓલ્ડકેસલ અને દોરાના વિચારો જે એકજ બાબદ ઉપર દોડયા હતા તે એ હતા કે:—

"લાયને તો કરનલ રેનનું ખુન કીધું નહિ હોય?"

"કોણ, રોદ્રીક?"

કરનલ રેનનાં મરણથી આખાં ઓલ્ડકેસલમાં હોહોકાર અને ધભરાટ મચી રહ્યા હતો. મરનાર ગમે તેટલો કરડો અને આકળા સ્વભાવનો હતો તોપણ તે એદેલીનનો બાપ હતો એજ ખ્યાલ આખાં શેહેરને ગમમાં ગર્ક કરવાને પુરતો હતો. શેહેરનું લોક એદેલીનને એવાં તો અખુટ વાહલથી ચાહતું હતું કે તેણીને લાગેલો આ કારી ફટકો ગોયા પોતાને લાગેલો તેઓ સમજતાં હતાં. આથી આખાં શેહેરમાં કરનલ રેનનાં મોતથી ઘણી દલગીરી ફેલાઈ રહી હતી, તેમાં અચરત સરીખું કશું હતું નહિ. મરનારની લાસ ઉપર ભરવામાં આવેલી જુરીએ એવો અભિપ્રાય આપ્યો

હતો કે "મરનારને ઝેર આપવામાં આવ્યું હતું, પણ તે કોણે આપ્યું હતું અને કેવા સંજોગો વચ્ચે આપવામાં આવ્યું હતું તે સાબિત કરવાને જુરી આગળ કશી જુબાની પડી નહિ હતી." જુરીની તપાસ વેળાએ મરનારની લાસ તપાસનાર તબીબોએ પોતાની જુબાનીમાં ખુલ્લી રીતે અજવાળું પાડયું હતું કે "મરનારનાં શરીરમાં સુઇયા વડે ઝેર દાખલ કરવામાં આવ્યાથી મરણ નિપજયું હતું."

તબીબોનાં આવાં ખુલ્લાં મતથી ઓલ્ડકેસલમાં અતિશય ઘભરાટ ફેલાવા પામે તેમાં કશી અજાયબી હતી નહિ. તે શેહેરમાં વસ્તાં ગરીબ કામદારોને શી ખબર કે આટલી બધી સેહેલાઇથી અને બોલ બોલતાંમાં એક અમુલ્ય જીંદગીનો અંત આણી શકાય છે.

આવી રીતે દોરા અને એદેલીનના બાપ કરનલ રેનનાં મોત ઉપર છેવટનો પરદો પડયો. મરનારના ખુની યા ખુનીઓને પકડી તેને યા તેમને ઘટતે ફેજે પુગાડવા માટે પોલીસે તરેહવાર તલાશ ચલાવી અને ઘણુંબી કીધું, પણ કમનસીબે ખુનની કશી પણ બાતમી તે મેળવી શકી નહિ. ખુની વગર ધારતીએ સજા ખમવા વિના છુટો ફરતો રહે એ ખ્યાલજ આખાં ઓલ્ડકેસલને ચોંકાવવાને બસ હતો.

પોતાના વાહલા પિતાનાં કવખતનાં મોતથી એદેલીનના ગમનો પાર હતો નહિ. દોરાએ દીધેલો ગમે તેટલો દિલાસો કોઈ પણ રીતે કારગત લાગ્યો નહિ. દિવસે દિવસ એદેલીનની તબિયત વધુ અને વધુ બિગડતી ચાલી. પોતાના વાહલા બાપ વિના "દેન્સબરી ઍબી" તેણીનાં મનથી કરડવા આવે એવું થઈ પડયું. આથી અંતે એવો ઠરાવ કરવામાં આવ્યો કે જુલિયન સાથનાં લગ્ન સુધી એદેલીનને લોર્ડ અને લેડી ઓલ્ડકેસલે પોતાની સાથે પોતાનાં મકાનમાં લઈ જઈ રાખવી. દોરાને પણ પોતાની નાની બેહેનની સાથે "ઓલ્ડકેસલ પાર્ક" માં આવવાની બંને ધણી ધણીઆણીએ ઘણી બોહોંસ કીધી, પણ તે માંગણી તેણીએ મોટા ઉપકાર સહિત ના પાડી. પણ જયારે ઘણુંજ દબાણ કરવામાં આવ્યું ત્યારેજ દોરા "ઓલ્ડકેસલ પાર્ક" ની નજદીકમાં આવેલાં પોતાનાં બાપીકાં મકાનમાં જઇ વસવા કબુલ થઈ. આ મકાન લોર્ડ ઓલ્ડકેસલનાં મકાનની નજદીકજ આવેલું હતું, જયાં કરનલ રેન આગલા વખતમાં, યાને તેની મોહરદારની હૈયાતીમાં, પોતાની બે બેટીઓ જોડે રહેતો હતો, પણ મીસીસ રેનનાં મરણ બાદ તેણે પોતાની બંને બેટીઓ સાથે "દેન્સબરી ઍબી" ને પોતાનું જાથુકનું મકાન કીધું હતું. દોરા જે મકાનમાં રહેવા જનાર હતી તે અસલી મકાન "દેન્સબરી ઍબી" કરતાં જોકે નાનું હતું, તોપણ સણગાર અને ભપકામાં તથા રેહેવા વસવાનાં સુખ સગવડમાં તે કોઈ પણ રીતે તેનાથી ઉતરતું હતું નહિ.

જયારે દોરા અને એદેલીન પોતાના વાહલા પિતાનાં મોત પછી પોતપોતાની જગોએ ઠર પડયાં ત્યારે અકટોબર માસ બેસી ચુકયો હતો. દોરા પોતાના પેદરનાં અસલ મકાનમાં એક ખુશનુમા બામદાદે ફુલોનો સુંદર હાર ગુંથતી બેઠી હતી, ત્યારે તેણીની બાળક બેટી તેણીના પગ આગળ રમતી હતી. તે વખતે તેણીના ખ્યાલો તેણીનાં ભેજાંમાં પોતાના આગલા આશક દેનિયલ લેરેબી માટે દોડતા હતા. એક વખત એવો પણ હતો કે એ શખ્સ દોરા ઉપર દિલોજાનથી મોહિ પડયો હતો અને દોરા પણ તેને ચાહતાં શિખી હતી. પણ કમનસીબે તેની નાણાં સંબંધી સ્થિતિ બિલકુલ ગરીબ હોવાથી કરનલ રેનની પસંદગી તેની ઉપર ઉતરવા પામી નહિ. આથી તે ગરીબ પણ સાચ્ચા આશકને નાઉમેદ થવું પડયું અને જયારે

તેણે જાણ્યું કે પોતાનાં મનની મીઠી મુરત લોર્ડ ઓલ્ડકેસલના વડા બેટા રોડ્રીકની સુખ દુઃખની ભાગ્યણ થનાર હતી ત્યારે તેની નાસિપાસીની હદ રહી નહિ. તે બિચારો નાઉમેદીની ધુંઇમાં પોતાનું વાહલું વતન તજી ક્વીન્સલેન્ડ તરફ તેજ દિવસે ઉપડી ગયો કે જેથી પોતાની દેખતી આંખોએ દોરાને બીજાની પરણેતર થયલી જોવાનું દુઃખ તેને ખમવું પડે નહિ. ઓલ્ડકેસલ છોડી જવાની તેની બીજી નેમ દોરાને ગુમાવ્યાની નાઉમેદીનો ગમ ભુલી જવાની હતી. તે પછીથી તેનું શું થયું તે દોરા જાણવા પામી નહિ.

દેનિયલ જોકે ગરીબ હતો અને રોડ્રીક એક તાલેવંત અને ઉમરાવ બાપના ખેતાબ અને દોલતનો વારસ હતો તોપણ દોરાની ખરેખરી પસંદગી રોડ્રીક ઉપર નહિ, પણ પોતાના ગરીબ આશક ઉપરજ ઢળવા પામી હતી. પણ જેમ એડેલીન પોતાના બાપની સમજાવટથી જુલિયનને પોતાનો ખાવિન્દ બનાવવા કબુલ થઈ હતી તેવોજ બનાવ કમનસીબ દોરાના બાબમાં બનવા પામ્યો હતો, જેનું પરિણામ આયંદેહ કેવું બુરૂં નિપજવા પામ્યું હવું તે દુઃખીત બીનાથી આપણે અત્યાર આગમચનાં જાણીતાં થઈ ચુકયાં છિએ. આ આગલો બનાવ દોરાનાં મગજમાં ધાઈ આવે એ બનવા જોગ હતું; કેમકે તેણીએ ખાત્રીથી માન્યું કે અગરજો તે દેનિયલ લેરેબીની મોહરદાર થવા પામી હોત તો આજે તેણીના આવા બુરા હાલ થાત નહિ.

દોરા આજે ફુલનો જે હાર ગુંથવામાં રોકાઈ ગઈ હતી તે હાર તેણીના મરનાર ખાવિન્દ રોડ્રીકની ઘોર ઉપર તેણી નાખવા લઈ જનાર હતી. આજે રોડ્રીકનાં મરણનો વાર્ષિક દ્દિવસ હતો. વખત એટલો ઝડપથી પસાર થઇ ગયો હતો કે તેનાં મોતને આખાં એક વર્ષનો ગાળો વહિ જવા છતાં તે બનાવ ગોયા ગઈ કાલેજ બન્યો હોય તેમ લાગતો હતો. જેમ જેમ તે હાર ગુંથાતો ગયો તેમ તેમ તેણીનાં બદનમાં કમકમાટની લાગણી પણ વધતીજ ગઈ. એ શું હતું, કોઇ બીજી આવતી આફતની આગાહી હતી કે શું, તે તે સુંદરી સમજી શકી નહિ.

તેજ પળે દાદર ઉપરથી કોઇનાં ભારી પગલાંનો અવાજ તેણીને કાને પડયો. તે પગલાં એક મર્દનાં હતાં એમ જાણી લેતાં તેણીને વિલંબ લાગ્યો નહિ અને ખરેખર તેમજ હતું. તે કોણ હશે તેનો હજી તો તેણી વિચાર કરે છે તેવામાં સુરખીદાર ચેહેરાનો એક રાતોમાતો જવાન તે ઓરડામાં દાખલ થયો. તેની તરફ દોરાની બુચી જાણે તેણીને કાંઈ અંજાણું નહિ હોય તેમ એકદમ દોડી ગઈ.

"કોણ, મી૦ લેરેબી?" દોરાએ એકદમ ચોંકી પોતાની સામે પોતાના આગલા આશક દેનિયલ લેરેબીને ઉભેલો જોઈ અજબ થઈ પુછયું.

"હા, દોરા, હું તારો એક વખતનો માનીતો પણ ત્યાર પછીનો હિણાયલો, તજાયલો દોસ્ત લેરેબી છેઉ. દોરા, તું તો મને ભુલીજ ગઈ હશે. કદાચ મને તેં મુવેલો ધાર્યો હશે, પણ આજે જીવતો ને જાગતો હું તુને મલવા પાછો ફર્યોછ. ફકત તારેજ ખાતર મેં ક્વીન્સલેન્ડ કે જયાં તારાં લગ્ન પછી હું દેશ નિકાળ થયો હતો તે મેં તજયુંછ, અને મારાં અસલ વતનમાં વર્ષોના દેશવટા પછી ફકત તારાં દિદાર જોવા માટે, અને આગલી મોહબત તાજી કરવા માટે હું પાછો ફર્યોછ. મેં જયારે જાણ્યું કે તું જેવાં બુલબુલને મારા હાથમાંથી છિનવી લેનાર લુટારો પોતાની કરણીએ સદાનો પુગી ચુકોછ ત્યારે હું મારાં કપડાંમાંબી સમાયો નહિ. આ ખુશ વધાઇથી હું એટલો ફુલી ગયો કે મારી હજારોની કમાઇને પણ હું ભુલી ગયો ને હું આજે તેને ઠોકર મારી એકદમ અહિં ચાલી આવ્યોછ." દેનિયલ લેરે-

બીએ દોરાની પાસેની બેઠક ઉપર બેસી જઈ આગળ ચલાવ્યું, "તુને ખબર છે દોરા, કે હું આજે આગલો લુખ્ખો, ગરીબ, દોહડિયાં વગરનો હિણાયલો દેનિયલ નથી, પણ દોલતના દરંગમાં આલોટિયાં મારતો, પૈસે પુર લખોપતિ, માન પામેલો એક શેઠિયો છું. લક્ષ્મી માતા મારી ઉપર પ્રસન્ન થઇછ, તે દાદગરની મેહેર મારી ઉપર પુર ઉતરીછ અને કવીન્સલેન્દની સોનાની ખાણોએ મારી આગલી હાલત સદાની ફેરવી નાખીછ. હા, જોકે તું આજે ઓનરેબલ મીસીસ જુલિયન ટાવર્સનાં ખાનદાની નામથી ઓળખાયછ તોપણ મને ખબર મળવા મુજબ તારી હાલત અદેખાઇને લાયક તો નથીજ. તુને તો આજે દયા, માયા, અને દિલસોજીની જરૂર છે."

"પણ મી૰ લેરેબી, તું અહિં કાંય આવ્યો? કવીન્સલેન્દની મોટી આવકને ઠોકરે મારી તું તારે વતન પાછો શું કામ ફર્યો?" દોરાએ પોતાના હાથમાંનો હાર પુરો કરી પાસેની ટેબલ ઉપર તે મુકતાં પુછ્યું.

"તુને જીતવા, દોરા, તુને મારી સદાની પરણેતર બનાવવા. ચાર વર્ષ ને ત્રણ માસની વાત ઉપર હું નાઉમેદ બની તુટેલાં જીગર સાથે ઓલ્ડકેસલ છોડી ગયો હતો. તેજ વેળાએ મેં ધાર્યું હતું કે તારા હાથની માંગણી તુચ્છકારી કાહડવામાં તુને તારા બાપ તરફથી ફરજ પાડવામાં આવી હતી અને તારો પોતાનો તેમાં કશો પણ કસુર નહિ હતો. તારો બાપ તાલેવંત જમાઈ મેલવવામાં તારૂં સુખ સાંધવા ગયો પણ ચંડાળ રોદ્રીકે તને સદાની દુઃખમાં હોમાવી—"

દેનિયલ લેરેબી વધુ બોલી શકયો નહિ. તેણે જોયું કે તે દુઃખભરી યાદથી દોરાનું જીગર જખમી થતું હતું. આથી તેણે પોતાની વાત ફેરવી તોલી કહ્યું "હા, મારી તરફનો તારો પ્યાર તારાં જીગરમાં હજી જીવતોજ છે. હું તે આબાદ જોઈ શકુંછ. તે પ્યાર તારી આંખોમાંથી પોતાને જાહેર કરેછ."

દોરા તુરત શરમાઈ ગઈ. તેણીએ પોતાની નાજુક ગરદન નમાવી દીધી. આથી દેનિયલને કાંઇક હિમ્મત આવી. તે જયારે દોરાથી છેલ્લો છુટો પડયો હતો ત્યારે તેનાં જીગરમાં ઉમેદ અને આશાએ ભેગો વાસો કીધો હતો. તેણીને પોતાની પરણેતર બનાવવા માટે દોરા આગળ પોતાની આગલી માંગણી એક વેળા ફરીથી હવે તેણે તાજી કીધી. તેણીએ આ વેળા તે તુચ્છકારી કાહડી નહિ. લેરેબીએ ઘણુંજ ચાહ્યું કે તેણીનો પરમ સુખ આપનારો જવાબ તેને તુરતજ મળે, અને તેણીના મીઠા હોઠોમાંથી તેને સદા સુખી કરનારો "હા" શબ્દ નિકળે. પણ દોરા મક્કમ રહી. તેણીએ પોતાનો ખાત્રી ભરેલો જવાબ તુરતા તુરત નહિ પણ બીજે દિવસ આપવા જણાવ્યું.

તોપણ લેરેબીએ જોઈ લીધું કે દોરાની વળણ સામટી રીતે લેતાં ઉમેદ આપનારી હતી અને તેનો સુખન તેણી કબુલ રાખશે એમ તેણે ખાત્રીથી માન્યું.

* * * * * * * * * *

સમો સુંદર સાંજનો હતો.

દોરા ધીરાં પણ મક્કમ પગલે પોતાના મરહુમ ખાવિન્દની ઘોર તરફ દલગીર ચેહેરે રસ્તો કાપતી હતી. તેણીના હાથમાં પોતાના નાજુક હાથથી બનાવેલો ફુલનો હાર હતો, જે તે સુંદરી રોદ્રીકની કબર ઉપર મેલવા જતી હતી. રસ્તો શાન્ત અને ઉજ્જડ હતો. તે જેમ જેમ ઘોર આગળ જતી ગઈ, તેમ તેમ તેણીનાં બદનમાં વધુ અને વધુ ધ્રુજરાં છુટવા લાગ્યાં. તે સમજી શકી નહિ કે

મરણ પામેલા પોતાના ખાવિન્દની છેવટની આરામગાહ આગળ જતાં તેણીને એટલી બધી ધાસ્તી કાં લાગતી હતી, એટલી બધી કંપારી શા માટે છુટતી હતી? તે તો સદાનો આ ફાની દુનિયા છોડી ગયો હતો. તે તેણીને હવે પજવી શકવાનો તો હતોજ નહિ. તેનું હાડ અને ચામ તો મટી સાથે મળી મટી થઈ ગયું હતું, ત્યારે ફકત તેની યાદદાસ્તથીજ તેણીને આટલું બધું બીહવા ધ્રુજવાનું શું કારણ હતું?

ખરેખર, તે ઘોરસ્તાનનો દેખાવ તેણીને ઘણોજ ભયભીત લાગ્યો. તેણીએ ચાહ્યું કે કબરને હાર ચહડાવ્યા વિનાજ આ ડરામણી જગો તે એકદમ છોડી જાય. પણ નહિ. તેણીએ પોતાનાં દિલમાંથી ધાસ્તી ખંખેરી કાહડી હિમ્મતથી પોતાની જીંદગીના આગલા સાથીની આરામગાહ તરફ બીહતી ધ્રુજતી નજર કીધી. તે ઘોર તેણીનાં મનથી ભાગ્યશાળી હતી, કેમકે તેજ દયાળુ ઘોરે રોડ્રીકને જેલમાં જતો બચાવી પોતાનાં ડરામણાં પેટાંમાં તેને સદાનો વાસો કરી આપ્યો હતો. તેણી ફાટેલા ડોળાએ ઘોર આગળ ધુંટણિએ પડી, અને તે કબર ઉપર કોતરેલો નીચલો લેખ તેણીની નજરને અથડાયો:—

રોડ્રીક વિલિયમ તાવર્સ

જે

જોન ગોદફ્રે લાયન સોલ્સબરી તાવર્સ, બેરન
ઓલ્દકેસલ, અને તેની મોહરદાર હેન્રીએટાનો
વડો જોડિયો બેટો હતો

તેની પવિત્ર યાદમાં.

૧૮—માં આ દારેફાનીથી ગુજર પામ્યો

ઉમર વર્ષ ૨૬.

ખોદા એનાં રૂહને શાન્તિ બક્ષો!!

પોતાની ટુંક પરણેલી પણ અસુખી નિવડેલી જીંદગીનો હાડમારી ભરેલો ચિતાર બાપડી દોરાની યાદદાસ્તમાં આ વેળા ધસી આવ્યો, અને તેણીને સદાની વિપતીમાં નાખી ગયલા નાકદર ખાવિન્દની દિલ–જળાવનારી યાદમાં તેણીએ નિસાસાનું એક આંસુ ટપકાવ્યું. ત્યાર બાદ જે ફુલનો હાર તેણી પોતાની સાથે લાવી હતી તે તે ઘોર ઉપર પુરતાં માન સહિત મેલવા પછી તે સુંદરી ઘુમતાં મગજ અને ભારે દિલ સાથે ત્યાંથી પાછી જવા ઉઠી.

“દોરા! દોરા!!”

દોરા પોતાની પાછળથી આવેલા આ એકાએક અવાજથી ચોંકી, આવાં ઉજ્જડ વેરાનમાં તેણીનું નામ કોણ પોકારતું હતું તેનાં વમાસનમાં પડી. તેણીને લાગ્યું કે તે અવાજ તદન જાણીતો હતો, કોઈ અતલગના ઓળખીતાનોજ હતો. તે કાંઈ

અજબ લાગણીથી તુરત ત્યાં પથ્થર મિસાલ થંભ થઈ ઉભી રહી. તેણીએ પોતાની પાછળ ફરી જોયું તો તેણીની નજર લાંબી દાહડી સાથના ખલાસી જેવા એક બેગાના જણાતા મર્દ ઉપર પડી.

"દોરા, દોરા, એમ સુની સાવજ જેવી બની તું પુતળાંની માફક ઉભી શું રહીછ ? તું શું મને ઓળખતી નથી? દુનિયા તો ભુલી, પણ તુંબી મને ભુલી ગઈ? તું મને ઓળખેછ કે નહિ ?"

"નહિ !" દોરા કમકમાટથી બે ચાર પગલાં પાછળ હઠી બોલી.

તુરતજ તે શખ્સે પોતાની ખોટી દાહડી અને બનાવટી થેબિયા કાહડી નાખ્યા.

"બોલ, દોરા, હવે તું મને પિછાનિ શકેછ કે નહિ ? બોલ, હવે હું કોણ છેઉં ?"

"કોણ, રોડ્રીક ?" દોરાએ એક ધીમી ચિચ્યારી પાડી. અને જેવી તે બેભાન બની જમીનદોસ્ત થવાની અણી ઉપર હતી તેજ પળે પેલો અંજાણ્યો મર્દ કે જે ખરેખર રોડ્રીક પોતેજ હતો, તેણે તેણીને પોતાના હાથમાં પકડી લીધી.

મુવેલો જીવતો થયો.

દોરાને સાવધ થતાં ઝાઝો વિલંબ લાગ્યો નહિ. તે દુ:ખી સ્ત્રી પાછી સુદ્ધિમાં આવી ત્યારે તેણીનું આખું બદન ધ્રુજતું હતું. તેણીનો ચેહેરો એટલો બધો તો જર્દ મારી ગયો હતો કે જાણે તેની ઉપર લોહિનું એક ટીપું પણ બાકી રહ્યું હતું નહિ.

"પ્યારી દોરા, તું શા માટે આટલી બધી ધાસ્તી કરેછ, શા માટે ધ્રુજેછ? તું શું એમ ધારેછ કે હું જીવતો જાગતો રોડ્રીક પોતે ખાકી શરીરમાં નથી, પણ ઘોરમાંથી ઉઠી આવેલો તેનો ભુત છેઉં?" રોડ્રીક હસીને બોલ્યો. તેનું હસવું દોરાને મનથી વિખ કરતાં પણ વધુ જાલમ હતું.

"રોડ્રીક! રોડ્રીક! ઓ હવે હું શું કરૂં ? કયાં જાઉં ?" આટલું બોલી તે દુ:ખી સ્ત્રીએ પોતાની આંખો ઉપર બંને હાથો ઢાંકી દીધા. તે સુંદરી પોતાના પરણ્યા ખાવિન્દનો ચેહેરો જોવાની હિમ્મત કરી શકીજ નહિ. તેણીને લાગ્યું કે રોડ્રીકની નવી જીંદગી સાથે તેણીની ઉપર નવેસરથી આફત વરસવાનો વખત આબી પોંહચ્યો હતો.

"દોરા, તું તારા મુવેલા રોડ્રીકને બદલે જીવતા રોડ્રીકને તારી નજર સામે જોવાને શું ખુશી નથી? તું વિચારતી હશે કે હું મુવેલો જીવતો કેમ થયો ? ઘોરમાં સુતેલો ખાકી બદનનું ખોળિયું પાછું પેહેરવાનો મોજેજો કેમ હું બનાવી શકયો? તો ચાલ, સાંભળ, કે પોલીસ મને ઠગવા જતાં પોતેજ ઠગાઇછ. દોરા, પોલીસને મેં એવી તો થાપ આપીછ, તેને મેં એવી તો હંફાવીછ કે તે ફરીથી મારૂં નામ વટીક લેશે નહિ. પણ દોરા! મારી પ્યારી દોરા! તું તો એક બોલબી બોલતી નથી. મને જીવતો ને જાગતો જોઈ તારો હરખ તો માયો સમાયો જવો નહિ જોઇએ, તારે તો ખુશાલીની ખુમારીમાં નાચવું કુદવું જોઇએ, તેને બદલે તો તું મારી સામે હરણ-ફાર જેવી થઈ ગઈછ અને સુની સાવજ ને મુગી મંતર બની ઉભીછ."

"ખુશાલી! મને ખુશાલી શાની ઉપજે? કેમ ઉપજે? જાણ્યુ રોડ્રીક કે જે દિવસથી એક બદમાશ, લુચ્ચા તરીકે હું તને જાણવા પામીછ, તે દિવસથી મેં મારી ખુશાલીને છેલ્લી સલામ કીધીછ. પણ કહે મને, રોડ્રીક, તું આટલો વખત

ક્યાં હતો? તારા મરણ પામવાની અને આ મુજબ પાછા જીવતા થવાની ખરી હકીકત શું છે? તું હમણાં ક્યાંથી આવ્યોછ? ને અહિંજ શું કામ આવ્યોછ? તું હાલમાં સારી હાલતમાં તો છેની? પણ તેમ ક્યાંથી હોય? રોદ્રીક, અરે! આ તારા કેવા બુરા હાલ."

દોરાના આ સવાલોથી રોદ્રીક પોતાની ઉપરની ગમે તેટલી આફતો છતાં મોટેથી હસી પડી બોલ્યો, "તું કેવી ભોળી છે દોરા! પોલીસથી છુપાતા ભરાતા ગુનેહગારની હાલત સારી તે ક્યાંથી હોય? શું આવા બુરા હાલે નહિ તો હિન્દુસ્તાનના એકાદ રાજાના દબદબા ને દોર દમામ સાથે મને જોવાની તું આશા રાખતી હતી કે શું?"

"પણ રોદ્રીક, તું તો મરણ પામ્યો હતોની?"

"હા, દુનિયાને મનથી હું મુવેલો હતો. પણ દોરા, દુનિયા મને મુવેલો ધારે, પેલી ઘોરમાં સદાની શાન્ત ઉંઘમાં પડેલો વિચારે તેમાં તો મારી રખડેલ ને દુઃખી જીંદગીની સલામતિ છે. દોરા! વાહલી દોરા! એક વખત હું તારેજ ખાતર મુવો હતો, અને આજે તારેજ ખાતર પાછો જીવતો બની તારી સામે આવી ઉભોછ."

રોદ્રીકે તે પછી પોતાની દુઃખી પરણેતરને પોતાના હેવાલથી વાકેફ કીધી, જે હેવાલ દોરાની સુદ્ધ બુદ્ધ લુટી લેવાને પુરતો હતો. તેના જણાવ્યા પ્રમાણે રોદ્રીકે એક મિસકીન તબીબને વિએના ખાતે લાલચ આપી પોતાની તરફેણમાં લઈ લીધો. તેણેજ રોદ્રીકનાં મોતની જુઠ્ઠી ખબર બાહેર ફેલાવી હતી. તેણેજ લાસ દાટવાવાળાઓ સાથે સઘળી ગોઠવણ કીધી હતી અને તેણેજ મુરદાંની પેટીમાં રોદ્રીકનાં શરીરનાં વજનનું લાકડું મેલી જાણે તે પેટીમાં રોદ્રીકની લાસ હોવાના સઘળા ઢોંગ રચ્યા હતા. તેજ તબીબે રોદ્રીકને એક ઉમરાવ બાપના વારેસ બેટા તરીકે જાહેર કરી તેની લાસ સાથની કોફીનને ઓલ્ડકેસલ ખાતે લઈ જવા માંગી હતી. પોલીસે તે માટે કશો વાંધો નહિ કહાડવાથી વિએનાથી લાસને ઓલ્ડકેસલ ખાતે લઈ જવામાં આવી હતી જ્યાં તેને ઘટતી ક્રીયા સાથે દફન કરવામાં આવી હતી. આ સઘળા પ્રપંચનું ચોકઠું એવી તો તદબિર અને ચાલાકીથી ગોઠવવામાં આવ્યું હતું કે પોલીસને એ દગા ફટકાનો સ્વપને પણ ખ્યાલ ગયો નહિ.

રોદ્રીકે ત્યાર પછીજ છુટકારાનો દમ ખેંચ્યો. તેણે મેથ્યુ બારલોકનું ખોટું નામ ધારણ કીધું અને પોતાનો ચેહેરો ખોટી દાહડી અને ખોટા થેબિયાથી ફેરવી નાખ્યો. પોતાની પાસે બાકી રહેલા ૫૦ પાઉન્ડ સાથે તે ઓસ્ટ્રેલિયા ખાતે ઉપડી ગયો. ત્યાં જ્યારે તેને પુર ભરોસા સાથની ખબર મળી કે પોલીસે તેને ખરેખર મરી ગયલો ધારીને તેની ઉપરથી નજર ઉઠાવી મેલી હતી ત્યારે તે એક સાધારણ ખલાસી તરીકે સ્ટીમર 'ઓરોટાવીન' ઉપર નોકરી કરતો પોતાનાં બાપિકાં શેહેર ઓલ્ડકેસલમાં આવી પોંહચ્યો હતો.

"દોરા, આ પ્રમાણે મરી જવાના ઢોંગ કરી હું કાળાં પાણીની જાલમ સજાથી છુટયોછ. જો હું આજે પકડાઉં તો મારી જીંદગીનો અંત બંદીખાનામાંજ આવવા પામે. મારી પ્યારી દોરા, મારી જીંદગી અહિં સલામત નથી. કોઈ પણ જગોએ મારેથી જંપીને બેસાય એમ નથી. જોકે પોલીસ મને મુવેલો માનેછ તોપણ એક વખત એવો આવશે કે જ્યારે મારૂં પાપ ફુટવા વિના રહેવાનું નથી. દોરા, હું નાહસતો ભરાતો ગુનેહગાર છેઉં. મારી જીંદગી મેં અકારી કીધીછ, કવીન્સલેન્ડથી

અહિં આવતાં મારી દુખી જીંદગીનો અંત મારે હાથે લાવવા સ્ટીમરપરથી હું એકવાર દરિયામાં પણ કુદી પડયો હતો, પણ મોત વગર માણસ મરતું નથી, એટલે ત્યાંથી મને જીવતો પાછો બાહેર ખેંચી કહાડવામાં આવ્યો. દેનિયલ લેરેબી નામના એક પરગજુ શખ્સે મારી પાછળ કુદકો મારી મને ડુબી જતો બચાવ્યો."

"દેનિયલ લેરેબી!" કમનસીબ દોરા પોતાના ખાવિન્દને મોહડેથી પોતાના આગલા સાચ્ચા આશકનું નામ સાંભળતાં પોકારી ઉઠી. તેણીનાં મનના ધભરાટમાં આથી ઉમેરો થયો, પણ રોદ્રીક તે વેળાએ પોતાના આગલા પાછળા ખ્યાલમાં એટલો બધો તો લીન થઈ ગયો હતો કે પોતાની મોહરદારના નવા ધભરાટ તરફ તેનું ધ્યાન દોડવા નહિ પામે એ દેખાઇતું હતું.

"હા, દેન લેરેબી. તેજ ભલા શખ્સે તુને ખરેખરાં વિધવાપણાંની ઝુરતી ને ઝુરતી ઝુસરીમાંથી બચાવીછ. તારી ફરજ છે કે તેનાં નામ અને તેનાં કામની એહસાનભરી યાદ તું તારાં અંતઃકરણમાં કોતરી રાખે."

રોદ્રીકને કયાં ખબર હતી કે તે નામ તો તેણીએ અત્યાર આગમચનું પોતાનાં અંતઃકરણમાં કોતરી રાખેલુંજ હતું. તે નામે તેણીનાં જીગર ઉપર કેવી ઉંડી અસર કીધી હતી તે જાણવાને રોદ્રીક કેવળ અશકત હતો. તેણીને તે ભલો, ભોળો અને સાદો જવાન થોડોજ વખત આગમથ મલ્યો હતો, તે આપણે જોઈ લીધું છે. તેણે રોદ્રીકને મુવેલો માની તેણીને પોતાની પરણેતર બનાવવાની માંગણી કીધી હતી, જેનો વળતે દિવસે જવાબ આપવાને દોરા કબુલ વટીક થઈ ચુકી હતી.

"મારી પ્યારી દોરા, કેહ મને, પેલો મારો ધોતાળ ભાઈ જુલિયન કેમ છે? તે મરેછ કે જીવેછ?"

"જીવેછ. તે તેના બાપના ખેતાબ અને દોલતનો વારસ છે. તે દરેક રીતે સુખી—"

"અંહ! તે ચંડાળ મારી જગા ઉપર ચહડી બેઠોછની? જે ખેતાબ ને દોલત ઉપર વડા બેટા તરીકે મને હક તેનો તે માલેક થયોછની? તેની થનાર ઓરત તારો હક લુટી લઇ લેડી ઓલ્દકેસલ થશે, એ ખ્યાલજ મને ઘેલો દીવાનો બનાવી મેલેછ," રોદ્રીક હાથ પગ અફાળી બોલ્યો.

"રોદ્રીક, એવી નજીવી બાબદ માટે મને બિલકુલ પરવા નથી."

"દોરા, એને શું તું નજીવી બાબદ ગણેછ? અરે લેડી ઓલ્દકેસલ થવું એ શું નજીવી બાબદ છે? પણ જવા દે દોરા, એ વાત હમણાં તો પડતી મુકવીજ જોઇએ. હાલમાં મારે માટે તો એકજ રસ્તો બાકી છે, જે જેમ બને તેમ મારે ભરાતો છુપાતો રેહવાનો છે. જયારે તારે માટે જે કરવાનું રહ્યું છે તે એ છે કે મને તારી પાસેનાં નાણાંથી તારે મદદ કરતાં રેહેવું. સોનાના સિક્કાથી ભરપુર ખીસાં મારી સલામતી અને તારી ઇજ્જતની નિશાની છે. મને આજેજ રાતે પચાસ પૌન્ડની રકમની ઘણીજ જરૂર છે અને એક અઠવાડિયાંમાં મને બીજા પાંચસો પૌન્ડની જરૂર પડશે."

આટલી મોટી રકમની માંગણી થંડે કલેજે થયલી સાંભળી દોરા તો અજાય-બીથી રોદ્રીક સામે ડાચું વકાસતીજ ઉભી. તોપણ તેણીએ હિમ્મતથી પોતાના ભરથારની આવી શોખાઇભરેલી માંગણી નામંજુર કરતાં કહ્યું, "રોદ્રીક, એટલી મોટી રકમ હું કયાંથી લાઉ? મારી પાસે એક ફુટી બદામબી હવે બાકી રહી નથી."

"એ તું બકેછ શું દોરા? તું ચાહે તો આ પળે મારા પગ આગળ લાખોની દોલતનો ઢગ જમા કરે. તું ચાહે તો તારા બાપ પાસેથી એ સઘળું નાણું એક પળમાં મેલવી શકે."

પોતાના બાપનાં સંતાપકારક મોતની યાદ આવતાં દોરાનો ચેહેરો વધુ ફિક્કો મારી ગયો. તે મોટી મુશ્કેલી સાથે બોલી, "રોદ્રીક, તુને ખબર છે કે તારા ગુમ થવા પછી અમો બંને બેહેનો ઉપર કેવી આફત ગુજરીછ? મારા વાહલા પેદર અમો બંને બેહેનોને વિલાપ કરતી એકલી અટુલી મેલી આ જેહાન સદાની છોડી ગયાછ." આટલું બોલતાં દોરાની છાતી ભરાઈ આવી, અને તેણીની આંખોમાંથી આંસુઓ મોતીની માફક ગબડી પડયાં. "રોદ્રીક, કોઈ ચંડાળ બદમાશે તેવણનું ખુન કીધુંછ."

દોરા નવધાર આંસુએ રડી પડી. તેણીના ખાવિન્દને આથી લાગી આવ્યું. તેણે પોતાની તરફ દોરાને પ્યારથી ખેંચી અને તેણીના ઠંડા ગાલ ઉપર એક બોસો લઈ તેણીનાં આંસુઓ નુછી નાખ્યાં. રોદ્રીકનું આ કિસમનું વાહલ દોરાને બિલકુલ પસંદ પડયું નહિ. રોદ્રીકે દોરાના ગાલ ઉપર કીધેલું ચુંબન તેણીનાં મનથી ઝેરી નાગના સ્પર્શ સમાન હતું. તે માથાંથી પગ સુધી કમકમી પોતાના હકદાર ખાવિન્દથી પાંચ છ કદમ દુર હઠી ગઈ. તેણીની આ હિલચાલ જોઈ લેતાં રોદ્રીકને જોકે ચીઢ તો ઘણી ચહડી, પણ તેને નાણાંની મોટી જરૂર હોવાથી તેણે પોતાનો ગુસ્સો તરતજ સમાવી દીધો. રોદ્રીક પોતાની પરણેતર દોરાથી છુટો પડી ગયો ત્યારેજ દોરાએ છુટકારાનો દમ ખેંચ્યો. તેણી તેની જીદ આગળ લાચાર બની હતી. તેણીએ એક નાની રકમ તેની ઉપર મોકલી આપવાને કબુલાત આપી ત્યારેજ તેણે દોરાનો પિછો છોડયો. તે રકમ કયાં પોંહચતી કરવી તે માટે તેણે તેણીને પોતાનું ઠેકાણું કહી જણાવ્યું, જે સાંભળતાંજ દોરાના હોશકોશ ઉડી ગયા, કેમકે તે જગો બદમાશીનાં પાપી ધામ તરીકે આખાં ઓલ્ડકેસલમાં જાણીતી હતી, અને જયારે પણ તે શેહેર અને તેની આસપાસ કાંઈ ગંભીર ગુનાહો બનતા ત્યારે પોલીસ પોતાની પેહલી નજર તેજ નામચીન મથક તરફ દોડાવતી હતી.

રોદ્રીક હવે ગયો. ખોટી દાહડી અને ખોટા થેભિયાનો વેશધારી સોંગ પાછો સજીને તે ત્યાંથી વિદાય થયો. તે ગયો ત્યારે દોરાને ચેતવણી આપીને ગયો કે "દોરા, આ કબર કે જયાં લોકો મને સદાની શાન્ત ઉંઘમાં સુતેલો માનેંછ, તે કબર જેવી શાન્ત છે, ખરી બીના બાહેર લાવવાને અશક્ત છે તેમ તું પણ શાન્ત રહેજે. હું જીવતો છેઉં એમ તારા ચેનચાળા કે દેખાવ ઉપરથી માલમ પડયું તો જાણ, મારે માટે બંદીખાનું મોજુદ છે અને તારે માટે નામોશીનો ગાર ઉઘાડો છે."

ગરીબ બિચારી દોરા! તેણે તુટેલાં દિલ અને જખમી જીગર સાથે પોતાનાં મકાન તરફ પાછી ફરવા માટે પગલાં ઉંચકયાં ત્યારે પોતાનું મગ્જ તરેહવાર ખ્યાલોથી ગોયા ઉભરાઇ જતું હોય એમ લાગ્યું. તે દુ:ખી સ્ત્રી જેમ જેમ આગળ પગલાં ભરતી ગઇ તેમ તેમ તેણીનાં સાફ હૈડાંમાં દેનિયલ લેરેબીની મુર્ત્તિ વધુ અને વધુ ઉછાળા મારતી રહી. તેજ પળે જયારે તેણીએ પોતાની સામે પોતાનાં મનની મીઠી મુરતને હસ્તી ધસી આવતી જોઇ ત્યારે તેણીના ચેહેરા ઉપર બાકી રહેલું સેહેજ પણ લોહિ ઉડી ગયું. તેણીના પગો વટીક ઠરતા હતા નહિ. તેણીની આવી દયામણી હાલત જોઇ દેનિયલ ઘભરાઇ ગયો.

"શું છે ડોરા, તું એટલી બધી ધબરાયલી કેમ લાગેછ? અરે તું તો થરથર ધ્રુજેછ? કેહની મને, એ છે શું? હા, હવે હું સમજ્યો. તારા બદમાશ ખાવિન્દની ઘોર આગળ એકલી જતાં તું બીહેછ? ચાલ, હું તને લઇ જાઉં." આટલું બોલી બોળો ડેનિયલ તેણીને જાણે તે ઘોર તરફ લઇ જવા લાગ્યો.

"ડેનિયલ, તું મને કયાં લઇ જાયછ?"

"તારા રોહ્‌ડીકની ઘોર આગળ."

"ઓ નહિ! ખોદા ખાતર ત્યાં મને ના ઘસડ. મને જવા દે, ડેનિયલ મને મારાં મકાને મરવા દે!"

"હું તુને એકલી કેમ મોકલું? તારી હાલની હાલત તરફ જોતાં તને એકલી વાએજાન મોકલવી એ ગોયા—"

ડોરા વધુ સાંભળવા ઉભીજ નહિ. ડેનિયલ પોતાનું બોલવું પુરૂં કરે તે આગમચ તો તે સ્ત્રી તેને છોડીને હરણીની પેઠે સટકી ગઇ. તેણીની આવી ચાલથી ડેનિયલ સુનો સાવજ જેવો તેણીને ટીકતોજ ઉભો. તે સમજી શકયોજ નહિ કે તેની તરફની ડોરાની ચાલ ચલણમાં એકાએક એટલો મોટો તફાવત શા કારણથી પડી ગયો હતો. પણ તે બિચારાને શી ખબર કે તેણીનો મુવેલો ખાવિન્દ ઘોરમાંથી પાછો જીવતો થવા પામ્યો હતો, અને તેને ફરીથીનું જીવતદાન બક્ષનાર અને તેમ કરી પોતાનાં ધારી લીધેલાં સુખની કબર ખોદનાર કમનસીબ શખ્સ તે પોતેજ હતો.

મોહબતની મકતબનો પાઠ બીજો.

"કોણ, મી૦ લાયન?"

એડેલીન પોતાના એકાંતવાસ વચે પોતાના ઓરડામાં નીલ લાયનને પોતાની સામે એકાએક ઉભેલો જોઈ આ પ્રમાણે પોકારી ઉઠી. ઓલ્ડકેસલની તે ખુબસુરતીએ તે વેળાએ એક સુંદર કોચ ઉપર અરધી સુતેલી ઢબે આરામ લીધો હતો, પણ પોતાની સામે પોતાના પેદરનાં કારખાનાના ઈજનેર નીલ લાયનને જોતાંજ તે ઉઠીને સીધી થઈ કોચ ઉપર ગોઠવાઈ. તેણીએ પોતાના વાહલા બાપનાં શોકજનક મૃત્યુને લીધે પોતાનાં અંગે કાળો પોશાક સજયો હતો, જેથી તેણીની ખુબસુરતીમાં ઓરબી ઉમેરો થયો હતો. લાયનને લાગ્યું કે કાળા પોશાકમાં તેણીનો ચેહેરો ગોયા કાળાં વાદળાંમાંથી બાહેર નિકળેલા આફતાબ સમાન હતો. તે સમજી શકયોજ નહિ કે આવી દિલકશ ખુબસુરતી ધરાવનાર સુંદરી ઉપર ખુદરતનો ખોફ શા માટે ઉતર્યો હશે. તે જાણતો હતો કે એડેલીન નેકીનું એક પુતળું હતું, પણ તે ખ્યાલ કરી શકયો નહિ કે આવા એક ફરેસ્તાને આફત સાથે સંબંધજ શો હોય. પણ લાયન ભુલતો હતો. ખુદરતનો ફટકો કુલે આદમ જાત ઉપર સદા એકસાન હોય છે. પદવી, પંકતિ અને પાયરી માત્ર આ દુનિયા માટેજ છે, નહિ કે ખુદરત માટે. જવાનીની ખીલતી કળીના ચમનમાં યા બુઢાપાનાં વેરાન રણમાં, તવંગરિના એશઆરામના તોરમાં યા મુફલેસીની આફતના દોરમાં, નેકીના નાવમાં યા બદીના દરિયાવમાં ખુદરતનો ખોફ એકસરખોજ હોય છે.

લાયન તે અજીત અને બેમિસાલ ખુબસુરતીની સામે આવી ઉભો ત્યારે તેના ચેહેરા ઉપર દિલગીરિનો છાપ આબાદ જણાઈ આવતો હતો. તે જોકે એક બાહદુર અને હિમ્મતવાન જવાન હતો તોપણ તેની સર્વે હિમ્મત અને બાહદુરી ખુબસુરતીના તે સરદારની હાજરીમાં નહિ સરખી થઈ ગઈ, અને તેણી સામે ઉભું રેહેવાની તેનામાં મુદ્દલ તાકાત હતી નહિ. તેણીની હાજરીમાં તેના પગ લગાર ધ્રુજતા હતા. તે સમજી શકયો નહિ કે એ લાગણી એદેલીનની રૂબરૂમાંજ કાં જન્મ પામતી હતી.

શરૂઆતમાં તે એદેલીનથી લાંબે છેટે ઉભો હતો, પણ જયારે તેણે તેણીનાં મુખમાંથી પોતાનું નામ બાહેર પડેલું સાંભળ્યું ત્યારે તેને લગાર હિમ્મત આવી અને તે થોડાં કદમ આગળ વધ્યો, અને તેણીને નમન કરી બોલ્યો:—

"મીસ રેન, તમો બાનુની પરવાનગી વિના તમારા એકાંતવાસમાં મેં આ પ્રમાણે જે ખલલ કરવાની બેઅદબી કીધીછ તે માટે હું ઘણી નમનતાઇ સાથે માફી ચાહુંછ. અરે બાનુ! તમારા ભલા પિતાનાં મોતના કમનસીબ કાસદ તરીકેની દુ:ખદાયક ફરજ બજાવ્યા પછી મેં મારા જીવને હજારો હજાર કદુવા દીધીછ. તે શોકભર્યો દિવસથી તમોને રૂબરૂમાં મલવાને, મારી દલગીરી જાહેર કરવાને, મારી તરફના દિલાસાના બે કમતરીન સખુનો તમારા કાનોમાં રેડવાને હું એટલો બધો આરજુમંદ હતો કે—"

એદેલીને તેને આગળ બોલવા દીધો નહિ. તે બાનુ બોલી ઉઠી, "મી૦ લાયન, સાંભળો કે તમારી માફીની કશી જરૂર નથી. મારા એકાંતવાસમાં આગલા પાછલા ખ્યાલો મારી ઉપર એટલી તો આફત વરસાવી રહ્યા હતા કે માનશો, મને રાહતની જરૂરજ હતી."

"પણ મારા એકાએક ફુટી નિકળવાથી તો તમારી રાહતને બદલે આફતમાં સામો મેં વધારો કીધોછ."

"ખચીતજ નહિ. મી૦ લાયન, તમારી હાજરીથી મને મારા એકાંતવાસમાં જોઇતી રાહત મલી ચુકીછ."

એદેલીનના આ સખુનોથી લાયન ઘભરાઈ ગયો. પોતાની ચશ્મો જે તે સુંદરીના ચેહેરા તરફ ટીંગાઇ રહી હતી તે તેણે હવે એકદમ નીચી કરી નાખી. તે વેળાએ તેનાં મગજ અને જીગરમાં કાંઇ અજબ જેવી લાગણીનો વિજળીક પ્રવાહ એવાં તો જોશ સહિત ચાલી રહ્યો હતો કે તેને લાગ્યું કે તે પ્રવાહથી તબાહ થઈ જવાની અણી ઉપર તે હતો. જયારે લાયન લાગણીના પ્રવાહથી આજેજ બની ઉભો હતો ત્યારેજ એદેલીનને ભાન આવ્યું કે તે હજી પોતાની સામેજ ખડો હતો. તેણીએ તેને બેઠક લેવા વટીક જણાવ્યું હતું નહિ. તરતજ તેણીએ હાથની ઇશારત કીધી અને લાયને એદેલીનથી સેહેજ થોડે તફાવતે જગા લીધી. તેની આંખો એદેલીનના ચેહેરા ઉપર થતા ફેરફારો જોવામાં રોકાઈ ગઈ હતી.

"બાનુ, તમોને આજે મળવાનો મને બીજો પણ એક સબબ છે. કારખાનાનાં માણસો એક પાઇ પણ વધુ મેળવવાની જીદ વગર હડતાલ બંધ કરી પાછાં કામ ઉપર આવવાને રાજી છે. તેઓ મારી સમજાવટથી એવા તો મોમ મિસાલ બની ગયાછ કે એકબારગી હાલ કરતાં ઓછા પગારે પણ નોકરી કરવાને તેઓ તૈયાર થાય."

એદેલીનના ચેહેરા ઉપરથી ગમનો કાળાસ ગુમ થઈ ખુશાલીની લાગણી પ્રગટી નિકળી.

"મી૦ લાયન, તમારી કેટલી બધી મેહેરબાની. કામદારોને આવી રીતે ઠેકાણે લાવવા માટે હું તમારી ખરેજ એહેશાનમંદ છેઉં."

"બાનુ, કામદારો રાહ ઉપર આવ્યાછ તે માટે મારો નહિ, પણ તમોએ તમારો પોતાનોજ ઉપકાર માનવો લાજેમ છે; કેમકે તેઓ તમો બાનુ તરફ કાંઈ એવાં તો ઉંડાં માન તથા એહેશાનમંદ પ્યારની લાગણીથી જોયછ કે તમો ઉપરની સેહેજબી આફત તે તેઓ ગોયા પોતાની ઉપર પડેલી આફત લેખેજ માનેછ. તેઓએ પોતાના શેઠનાં મોત ઉપર જેટલાં આંસુઓ રેડયાં નથી, તેટલાં આંસુ તેઓએ તેઓ તરફની તમારી ભલાઇને ખાતર, તમો ઉપર આવી પડેલા ગમને ખાતર વરસાવ્યાંછ."

આટલું સાંભળતાં એદેલીન પોતાની બેઠક ઉપરથી ઉઠી ઉભી થઈ, અને લાયન જયાં બેઠો હતો ત્યાં આવી બોલી, "મી૦ લાયન, ત્યારે તો તમે જાઓ અને તે મારા ભલા કામદારોને મારો પેગામ કેહો કે મારી તરફની તેમની આટલી બધી ભલી વર્તણુક માટેના એહેશાનનો ઉભરો હું મારાં જીગરમાં સમાવી શકતી નથી." આટલું બોલી તેણી લાયનની નજદીકની બેઠક ઉપર જાણે કામદારોની ભલી ચાલના એહેશાનના બોજા તળે દબાઈ ગઈ હોય તેમ એકદમ બેસી ગઈ, અને પોતાના બંને હાથો જોડી બોલી, "અરે! અરે! હું મારા ભલા કામદારોનો કેવી રીતે ગુણ ગાઉં? મી૦ લાયન, એકેએક કામદારને મારો પેગામ કેહેજો ને એમબી કેહેજો કે જોકે તમો ગરીબ છેઓ ને હું તવંગર છેઉં, પણ તમારૂં જીગર મારાં જીગર કરતાં પણ વધુ સખી ખવાસ ધરાવવા સામર્થવાન છે."

લાયન ઉઠયો. જોકે પોતાનાં જીગરની મનમોહન મુરત સનમુખ જેટલો વધુ વખત તે થોબે તેટલો વખત તેને મનસે ખુદ બેહેસ્તમાં વાસો કરવા બરાબર હતું, તોપણ તેણે જોયું કે પેગામચી તરીકેનું તેનું કામ ખતમ થયું હતું, અને તે પેગામનો જવાબ વટીક તેને મળી ચુકયો હતો. હવે વધુ વાર થોબવામાં ગ્રહસ્થાઇની નિશાન હતી નહિ.

"બાનુ, મારૂં કામ ખતમ થયુંછ. હવે હું રજા લઉંછ."

"મી૦ લાયન જરા થોબો! એકજ વધુ સવાલ મારે કરવોછ. મારા ચેહેરા તરફ જોઇને કેહો કે લોકો કેહેછ કે મારા પેદરનાં ગમનાક મોતથી તમો રાજી છેઓ! એ વાત સાચી છે કે જુઠી? મેં સાંભળ્યુંછ કે તમારા કરડા શેઠને મોતથી લાઇલાજ બનેલા જોઈ તમો ધિક્કારથી હસ્યા હતા. બોલો, એ વાતમાં શું સેહેજબી સચ્ચાઇ છે, જરાબી વજુદ છે? મારૂં જીગર તો એમ માનવાને સાફ ના પાડેછ. પણ મી૦ લાયન, તમારે મોહડેથી આ બોહતાન ખોટું છે એમ સાંભળવાથી મારી ખાતરી પુરીજ થશે અને મારા બાપનાં મોતનો ગમ વટીક હું ઘણે દરજજે ભુલી જઇશ."

એદેલીન જોકે ગમે તેટલી ઉસ્કેરાયલી હતી, છતાં તેણીને બારીકીથી જોતાં વાર લાગી નહિ કે લાયનના ચેહેરા ઉપર પોતાના ઉપલા સખુનોથી ફિકાસનો છાપ આબાદ પડયો હતો. એદેલીને એ પણ જોયું કે તેના સવાલથી તે લગાર ઘભરાઇ ગયો હતો, તોપણ તેણીનાં મનમાં અત્યાર આગમચનું એટલું તો સિદ્ધ થઇ ચુકયું હતું કે લાયન અમીરી ખવાસનો એક લાયક જવાન અને ગ્રહસ્થપણાનો એક ખરો નમુનોજ હતો, અને જે પરવારતી અને નિંદાખોર જીભલીઓ તેની ઉપર ખોટું આળ ચહડાવવાની બેશરમીમાં મજાહ મેળવતી હતી તે જીભલી

ઠરાવનારાઓ એક નિર્દોષ માણસને નાહકના સતાવવાના અજીમ ગુનાહમાં ડુબેલા હતા.

"બાનુ, હું મુદ્દલ સમજી શકતો નથી," તેણે કાંઇક જોસ્સા ભરેલી લાગણી સાથે જવાબ દીધો "કે આ પ્રમાણે લોકોએ મારી પર આવું બોહતાન શા માટે જોડી કહાડયું હશે. મીસ રેન, ખોદા મારો ગવાહ છે કે તમારા માનવંત પિતાજી માટે ધિક્કારના એક પણ કતરાએ મારાં જીગરમાં કદી પણ વાસો કીધો નથી. બાનુ, સાંભળો, હું ખુદાને હાજરનાજર જાણી કેહુંછ કે અગરજો તમારા બાપની જીંદગી બચાવવા ખાતર મારી પોતાની પણ જીંદગીનો એકબારગી ભોગ આપવો પડતે તો હું તે તમો બાનુને ખાતર જરૂર, જરૂર આપતે."

"ઓ! હું તે જાણુંછ! મી૦ લાયન, મેં તમોને તે સવાલ પુછયો તે આગમજ મેં પક્કું માની લીધું હતું અને મારી તો પુર ખાતરીજ હતી કે મી૦ લાયનનું જીગર સાફ છે, અંતઃકરણ પાક છે. લોકોનીજ જીભલી નાપાક છે."

આટલું બોલી તે હિમ્મતથી લાયન આગળ ગઇ, અને અજબ જેવાં વાહલથી તેણીએ તેનો હાથ પોતાના હાથમાં લીધો. ઉપકારનો આ ઉભરો લાયન માટે હદથી જયાદા હતો. એદેલીનને લાગ્યું કે તે બાહદુર હાથ ઠંડાગાર હતા અને કંઈ અજબ કિસમની લાગણીથી ધુજતા હતા.

"મી૦ લાયન, મારા સવાલથી તમારૂં જીગર દુખાયું હોય તો મને દરગુજર કરજો. હું તે માટે બેહદ દલગીર છેઉં. લોકોને ગમે તે બોલવા દેઓ, પણ જયાં સુધી મારા દમમાં દમ બાકી છે ત્યાં સુધી હું માનશ કે નીલ લાયન નેકીનોજ ફરેસ્તો છે. તેના ચેહેરા ઉપર પવિત્રાઇનોજ નુરમંદ છાપ છે."

લાયન શું જવાબ દેય? તેનું જીગર અને મગ્જ એહેશાનના અને બીજી તરેહવાર લાગણીઓના અનેક પ્રકારના ઉભરાઓથી છલાછલ ભરાઈ ગયાં હતાં, બલ્કે ઉભરાઈ ગયાં હતાં. એદેલીનની પોતાની તરફની આવી રૂડી લાગણી માટે તેણે ઘણુંબી બોલવા ચાહ્યું, પોતાનાં જીગરના ઉપકારનો ઉભરો ખાલી કરવા માંગ્યો. પણ તેની હાલત જુદીજ કિસમની થઈ પડી. તે છતી જીભલીએ મુગો મંતર બની ગયો. તેનેથી કશું ચવરાયુંજ નહિ. તેનેથી એક હર્ફ વટીક બોલી શકાયો નહિ. ઘણીજ મજબુત કોશેશ પછી આખરે તે એટલુંજ બોલી શકયો, "ખુદા તમોને સદા સુખી, શાદ અને આબાદ રાખે!"

લાયનની આ ખરાં જીગરની દુવાથી એદેલીન હસી. તેણીનું હસવું જોકે ધીમું હતું પણ લાયનનાં મનથી તે ધીમાં હસવામાં પણ આખી દુનિયાનું સર્વોતમ સુખ સમાયલું હતું. તેનો ધુજતો હાથ હજી એદેલીનના હાથમાંજ હતો. તેણીએ ઘણું ચાહ્યું કે તેણી તેજ હાથને પોતાનાં ધુજતાં અંતઃકરણ ઉપર મેલે અને તેને સાબિત કરી દેખાડે કે તેને માટેના એક પણ વેહેમથી તે ખાલી હતું; પણ બીજીજ પળે એક જુદાજ ખ્યાલે તેણીનાં જીગરમાં વાસો કીધો, અને ઘણીજ આનાકાનીથી તેણીએ તે હાથ છોડી દીધો.

"બાનુ, હું તમોને વધુ વાર ખોટી કરવા માંગતો નથી. પણ મારી એકજ છેલ્લી અરજ છે." આટલું બોલી લાયને પોતાની છાતીએ લગાડેલો એક સુંદર ગોલાબ તેણીના હાથમાં મેલ્યો, અને કહ્યું, "બાનુ, આ ગોલાબ તમારે માટે છે. મારી માવતરે તમો બાનુને ભેટ કરવા માટે તે આપ્યોછ, અને તે સ્વિકારવાની મેહેરબાની કરી અમોને તમારા આભાર તળે મેલશો."

તે ગોલાબ એદેલીને હસીને લીધો, અને હસીનેજ તેનો આભાર માન્યો.
તેણે હવે રૂખસદ લીધી. એદેલીન એકલી પડી. તેણી તે ગોલાબને પોતાની આંખોમાં ડાબી રાખી એક સુંદર સોફા ઉપર પડી. તેણીની નજર લાયનવાળી બેઠક ઉપરજ ચોંટી રહી હતી. પોતાની હાલત તેણીને સમજ નહિ પડે તેવી થઈ પડેલી તેણીએ જોઈ. બીજા હાથ ઉપર લાયનની હાલત પણ તેવીજ કિસમની હતી. તે અરધે રસ્તે ગયો નહિ એટલે તેનાં મગજમાં એક ખ્યાલ ધસી આવ્યો. તે એ હતો કે "પાછો જાઉં ? ખુબસુરતીની તે રાણી પાસે જાઉં ને તેણીને મારી હાલત જણાવું. ગમે તે પરિણામ આવે તો શો મુજાકો છે? હું ગમે તેટલો કંગાળ છું, કમબખ્ત છું, કમનસીબ છું તોપણ પ્યારમાં પડવાનો મને દરેક હક છે. ગમે તેવા જરદાર જેટલોજ એક ભલી ને સદગુણી ઓરતને ચાહવાનો મને પોતાને પણ હક છે."

આટલું બોલતાંજ તે ઓલ્દકેસલ પાર્ક તરફ પાછો ફર્યો. પણ નહિ, તેના વિચારો એક બીજા સાથે અથડાઅથડીમાં પડયા હતા. તે વળી પાછો હિમ્મત હારી ગયો અને એદેલીન આગળ જવાનો, અને તેણી આગળ પોતાનો પ્યાર જાહેર કરવાનો ખ્યાલ તેણે એક વાર ફરીથી પડતો મેલ્યો. તેણે પોતાનાં મકાન તરફજ પગલાં લંબાવ્યાં. તેની હાલત દયા કરવા જોગ હતી. તેનાં કરમમાં આગળ ચાલતાં શું બનનાર હતું તેની તેને શી ખબર હતી? તેને શી ખબર હતી કે તેના ગરેહની ચાલથી તે પોતાની ઉપર અને એદેલીન જેવા નેકીના ફરેસ્તા ઉપર મોટી આફત લાવી મેલનાર હતો? તેને શી ખબર હતી કે તે એદેલીનનાં સુખનો લુટારો હતો? તેને શી ખબર હતી કે તેનાં પોતાનાં અને ગાય ગોલાબ જેવી એદેલીનનાં કપાળે બદનામી, નામોશી અને ખેજાલતનો સિહા કલંક ચોંટાડવાની તેની કમનસીબ સરજત હતી?

અવળા દહાડાની શરૂઆત.

લાયનના જવા પછી એદેલીન ઝાઝો વાર એકલી રેહેવા પામી નહિ. લોર્ડ અને લેડી ઓલ્દકેસલ અને જુલિયન તેણીના ઓરડામાં દાખલ થયાં ત્યારે એદેલીનના હાથમાં પેલોજ ગોલાબ હતો. જોકે તેણીના બંને ગાલો ઉપરનો ગોલાબ તેના બાપનાં કવખતનાં મોતથી ઝાંખો પડી ગયો હતો, તોપણ તેણીના બરફ જેવા સફેદ હાથમાંના ગોલાબનો તે જબરો હરિફ થઇ પડયો હતો.

"મારી પ્યારી એદેલીન, તુને કાંઈ ખુશ ખબર કેહું કે? આપણો એકેએક કામદાર આખરે પોતાની મેળે ઠેકરાઈ હવે આપોઆપ ઠેકાણે આવી ગયોછ. કેમ શું ધાર્યું? તું ખુશી તો છેની?" લોર્ડ ઓલ્દકેસલે એદેલીનને મમતાથી પુછ્યું.

"હું બી ઘણી ખુશી થઇ ગઇછ," લેડી ઓલ્દકેસલે વચમાં તાપસી પુરી.

"ને હું તો મારાં કપડાંમાંબી સમાતો નથી," જુલિયને પણ ખુશીનો ઉભરો બાહેર પાડયો. તેણે બીજીજ પળે પોતાની માતા તરફ જોઈ કહ્યું, "પણ માયજી, તમે મારી પ્યારી એદેલીન આગળ પેહલાં પેલીજ વાત કરોની કે મારી ખુશાલી બમણી બને. કેમ બાવાજી?"

લોર્ડ ઓલ્દકેસલે પોતાના વિચારની ધુંઇમાં ડોકું ધુણાવ્યું.

"હા, ખરા જો! મારી પ્યારી એદેલીન, હું તો તે ખુશ ખબર કેહેતાં બિલકુલ વિસરીજ ગઈ. જો, સાંભળ," લેડી ઓલ્દકેસલે જણાવ્યું, "તું તારા બાપનો ગમ કમી કરતી જાય કે પછી અમો જુલિયન સાથનાં તારાં લગ્નની કંઇ ગોઠવણ કરવા માંગીએછ. લગ્ન પછી—"

એદેલીને લેડી ઓલ્દકેસલને આડા હાથ કરી આગળ બોલતાં અટકાવી દુ:ખથી આજેઝ બની કહ્યું, "તમે મને જો ખરેખર ચાહતાંજ હોવ, તમોને મારે માટે જો સેહેજબી દયા હોય તો જુલિયન સાથનાં લગ્નનું નામ મારી આગળ ફરીથી લેતાંજ ના. ઓ! હું મારી આખી જીંદગી સુધી તે ઉમરાવ બાપનાં મોતનો ગમ ભુલનાર નથી!"

તે દુ:ખી સ્ત્રીએ ઘણું ઇચ્છયું કે તેજ પળે તે કહી દે કે 'હું જુલિયનને ચાહતી નથી,' પણ બીજીજ પળે આ ઠરાવને તેણીએ પોતાનાં મનમાંથી કાહડી નાખ્યો, તે એવાજ ખ્યાલથી કે "મારી હાલત એવી નથી કે જુલિયનની માંગણી ખુલ્લે ખુલ્લી ના પાડવાથી ઉભી થનાર મુસ્કેલીની સામે હાલ તુરત હું બાથ ભીડી શકું."

તેણીની નજર આગળ તેજ ઘડીએ પોતાના મરનાર બાપનાં શર્ટના 'કફ' ઉપરનું લખાણ ગોયા ધસી આવ્યું. "મારી બેટી એદેલીનને તેણીએ આપેલી કબુલાતથી હું મુક્ત કરૂંછ." પોતાના બાપના મરતી વેળાના આ શબ્દો એદેલીનને એક ભેદી ઉખ્યાણાં સમાન થઇ પડયા હતા. તે સમજી શકી નહિ કે તેણીનો બાપ પોતાની જીંદગીની છેલ્લી ઘડીએ તેણીને કઈ કબુલાતથી મુક્ત કરી ગયો હતો. તે સુંદરીને ફક્ત એટલીજ ખબર હતી કે તેણીએ પોતાના બાપને આપેલી છેલ્લામાં છેલ્લી કબુલાત જુલિયન સાથે લગ્નના ગાંઠથી જોડાવાનીજ માત્ર હતી. પણ આ ખ્યાલની જોડેજોડ તેણીનાં મનમાં એક નવો ગુંચવાડો ઉભો થયો હતો, તે એ હતો કે જુલિયનને માટે મરનારે તેણીની ઉપર આટલું બધું દબાણ ચલાવ્યા પછી, બલ્કે સેહેજ તડછોડ વટીક કરવા પછી, પોતાની છેલ્લી ઘડીએ તે જવાન ઉપરથી આટલો બધો મન ઉતારો કરવાનો મરનારને શો સબબ મલ્યો હશે? તે દુ:ખી સ્ત્રી આ સબબ જોકે શોધી શકી નહિ, તોપણ તેણીએ પોતાના જીવ સાથે એવો મજબુત ગાંઠ વાળી રાખ્યો હતો કે જુલિયન સાથે કદી પણ પરણવું નહિ. તેણીની બેહેન દોરાની ચેતવણીવાળા શબ્દો 'એદેલીન ખબરદાર!' તેણીનાં મગજમાં સદા ધુમતાજ રહ્યા હતા.

"પણ એદેલીન, આ ગોલાબ તું કયાંથી લાવી? આવો ફિક્કો ગોલાબે આપણા બાગમાં તો શોધ્યો મલતો નથી," જુલિયને તેણીને વધુ નહિ ઉશ્કેરવાની મતલબથી લગ્નની વાત ફેરવી તોલી પ્યારથી પુછયું.

લોર્ડ અને લેડી ઓલ્દકેસલની આંખો પણ જુલિયનના સવાલથી તે ગોલાબ ઉપર ગઇ. જુલિયનના સવાલથી તે સુંદરીના સફેદ ગાલો લાલાસમાં ફેરવાઇ ગયા હતા. તેણી જુલિયનના સવાલનો જવાબ આપવાની તૈયારીમાં હતી, તેટલામાં આ અણગમતી વાતનો અહિંજ અંત આવ્યો.

લોર્ડ ઓલ્દકેસલનો ખોફ લાયન ઉપર એકદમ ઉતર્યો. એકાએક તે અમીરને લાયન માટે કાં ભુત ભરાયો તે એદેલીન સમજી શકી નહિ. શું તેને કાંઇ શક ગયો હતો કે એદેલીનના હાથમાંનો ગોલાબ લાયનેજ આપ્યો હતો?

"દરેક કામદારને તેની પોતપોતાની જગોએ પાછો રાખવાને હું મારા મેનેજરને હુકમ કરી ચુકોછ પણ હું હમણાં તેને સાફ જણાવુંછ કે પેલા બદમાશ,

કંગાળ નીલ લાયનને કારખાનાના કંપાઉન્ડમાં પણ પગ મુકવા દે નહિ. તે ચંડાળ ત્યારેજ જાણશે કે તેને પોતાના શેઠો સાથે કેવી ચાલ ચલાવવી જોઇએ."

આ સાંભળતાંજ એદેલીન ચોંકી. તેણીના ગાલો ફિક્કા પડી ગયા અને તેણીના હોઠો ધ્રુજવા લાગ્યા.

"લોર્ડ ઓલ્ડકેસલ, ખોદા ખાતર એમ કરતા ના. તે બિચારા ઉપર એવો જુલ્મી સેતમ ગુજારતા ના," એદેલીન અજબ રીતે ઉશ્કેરાઇ જઇ બોલી.

"જુલ્મી સેતમ !" લોર્ડ ઓલ્ડકેસલ ગુસ્સાથી બોલ્યો, "અરે તે બદમાશ થોડા દિવસ આગમજ મને કામદારોનાં એક મોટાં ટોળાં સહિત મલ્યો હતો. હું મારી ગાડીમાં હતો. તે વેળાએ તેની ઉશ્કેરણીથી તે ટોળું મારીપર ધસી આવ્યું. સારૂં થયું કે પોલીસની મદદ તરત વખતસર મળી આવી ને મારો જાન જતો સેહેજમાં બચી ગયો."

પણ એદેલીનનાં ધ્યાનમાં આ વાત મુદલ ઉતરી નહિ. તેણીએ તે માનવાને સાફ ના પાડી. તેણીએ લોર્ડ ઓલ્ડકેસલને ઘણુંબી સમજાવ્યું કે લાયનને એટલી બધી હદ સુધી બદમાશ માની લેવામાં તે સરતાપા ગોતું ખાતો હતો. તે નોકર પોતાના શેઠ તરફ કેટલો વફાદાર હતો, કેટલો ભલો અને ભોળો હતો તે તેણીએ ઘણાજ માઅકુલ શબ્દોમાં સમજાવ્યું. પણ લોર્ડ ઓલ્ડકેસલને બેસી ગયલા ખરાબ વિચાર આગળ તે સઘળું વ્યર્થ હતું. તેણીની રૂડી સમજાવટ તેને ગળે ઉતરી નહિ. તેણે પોતાના મેનેજરનાં નામની એક ચીઠ્ઠી તુરત લખી કાહડી અને તેમાં લાયનને એકદમ બરતરફ કરવાનો હોકમ કીધો.

એદેલીનનો ચેહેરો લોર્ડ ઓલ્ડકેસલના આવા ગેરઇનસાફને લીધે લાલચોળ બની ગયો હતો. તેણીના અવાજમાં ખુલ્લે ખુલ્લો ઘભરાટ માલમ પડતો હતો, અને દુઃખની લાગણીનો ભેળ તેમાં સ્પષ્ટ જણાઇ આવતો હતો.

"લોર્ડ ઓલ્ડકેસલ, ખોદા ખાતર મારૂં જરા સાંભળો અને એક નિર્દોષ માણસને નાહકનો ગેરઇનસાફ કરતા અટકો. હું માંગી લઉંછ કે તેને તેનો બચાવ કરવા દેવાની ફક્ત એકજ તક આપો."

એદેલીનની આવી હઠ જોઈ લેડી ઓલ્ડકેસલે નાકનું ટીચકું ચહડાવ્યું, અને જુલિયન મન સાથે બબડી હાથ પગ અફાળવા લાગ્યો.

લોર્ડ ઓલ્ડકેસલ પણ પોતાના ઠરાવને જળોની માફક વળગી રહી બોલ્યો, "હું મારો ઠરાવ મરતાં પણ ફેરવનાર નથી. તે લુચ્ચાને તેની સરકશી અને નિમકહરામીની સજા થવીજ જોઇએ. તેને મારી નોકરીમાં હવે એક ઘડી પણ ઉભો રાખવો લાજમ નથી. તેને તો મારાં કારખાનામાંથી હડધુત કરી કાહડવોજ જોઇએ. એદેલીન, એ તો ઠીક છે કે તારી ઉમર ૨૧ વરસની નથી, નહિ તો તારી બોહસ આગળ નાચાર બની મારી ગમે તેટલી નામરજી છતાં મારે તે લુચ્ચાને નોકરી રાખવોજ પડતે. હું ખુદાની શુકરગુજારી કરૂંછ કે આજે તેમ કરવાની મને દુઃખભરી ફરજ પડતી નથી."

આટલું બોલી તેણે પોતાનાં કારખાનાના મેનેજર ઉપર લખી કાહડેલી ચીઠ્ઠી પોતાના નોકર સોડે તેની ઉપર મોકલી આપી.

"લોર્ડ ઓલ્ડકેસલ, હું હિમ્મતથી કેહુંછ કે તમારૂં આ પગલું તે ગરીબ કામદાર માટે મોટી ખરાબીભર્યું થઈ પડશે, કેમકે તે બિચારાને પોતાનું અને પોતાની બુઝર્ગ માવતરનું ગુજરાન કરવાનું છે," એદેલીને સખ્ત હેડાંના લોર્ડ ઓલ્ડકેસલને

વિનવવાનું ચાલુજ રાખ્યું. પણ બીજી તરફ તે બુઢો ઉમરાવ એકજ ઠરાવનો હતો. તેણે ઠરેલ અને મજબુત અવાજે પણ લગાર ગુસ્સાથી એદેલીનને જણાવ્યું, "હું હવે જોઉંછ એદેલીન, કે તારા મરનાર બાપને પણ આ ચંડાળ જવાનની પક્ષ ખેંચી તેં રંજીદા કર્યોજ હશે. એ બાબે મરનારે મારી તેમજ લેડી ઓલ્ડકેસલ આગળ પણ ફરિયાદ કીધી હતી. અને હવે હું જોઉંછ કે તેમાં બેશક વજુદ હતું. અગરજો તે દુકતાને પોતાની માનું એટલું બધું લાગતુંજ હતું તો તેણે પોતાના માલેક તરફ સારીજ ચાલ ચલાવવી હતી, અને પોતાની નિમકહરામ વર્તણુકનું શું ફળ નિપજશે તે વિષે આગમજથી વિચાર કરવો હતો."

લોર્ડ ઓલ્ડકેસલ આટલું બોલી ગુસ્સામાંજ એદેલીનનો ઓરડો છોડી ગયો. તેની પાછલ લેડી ઓલ્ડકેસલ અને જુલિયન પણ એદેલીન સાથે એક બોલ વટીક બોલવા વિના ઉઠી ગયાં.

એદેલીન એકલી પડી. તેણીએ ચાહ્યું કે તે બુઢો ઉમરાવ આજે તેણીનો વાલી અને ત્રસ્ટી હોતે નહિ.

"લાયન ! લાયન ! તને શી ખબર કે તારી ભલાઈ માટે મારાં જીગરમાં કેવા કેવા ખ્યાલો ઉછાળા મારેછ ! અરે ! તું શા માટે ગરીબ કામદારોમાં જન્મ પામી આવી ઉંચી લાયકાત સાથે મારી નજરે પડયો ? તું હવે નોકરી વિના શું કરશે ? તું કોણના આધારે જશે ? તારી દયા કોણ ખાશે ? અરેરે ! આ ફટકો તું કેમ સહન કરી શકશે ?"

ગરીબ બિચારી એદેલીન ! તેણીને શી ખબર કે આ ફટકો તો માત્ર શરૂઆતનોજ હતો, નજીવો હતો.

થોભ ! એદેલીન થોભ ! લાયનનાં નસીબમાં ભવિષ્યમાં વધુ જાલેમ અને વધુ જબરદસ્ત ફટકા તો હજી પડવાના બાકી છે. હજી તો સેતમ, જુલમ અને જફાનું પ્રકરણ તમો બંને માટે શરૂ થવાનું છે.

નીલ લાયન કોણ ?

નીલ લાયનની માતા આર્મચેર ઉપર પોતાનાં એકાંત મકાનમાં પોતાના બેટાના આવ્યાની રાહ જોતી ચિંતાતુર બની બેઠી હતી. મકાન નાનું હતું. લોર્ડ ઓલ્ડકેસલ યા કરનલ રેનનાં આલીશાન અને બાદશાહી મકાન સાથે સરખાવતાં જોકે તે ઝુંપડી સમાન હતું અને તે બંનેમાં આસમાન જમીનનો ફર્ક હતો, છતાં તે દરેક રીતે સુઘડાઇ અને સ્વચ્છતાઇનો એક નમુનો હતો. તે મકાન ઓલ્ડકેસલનું પરૂં જે પીત રોડનાં નામે જાણીતું હતું તે ભાગમાં આવેલું હતું. તે મધે સુખ, સંતોષ અને શાન્તિએ વાસો કીધેલો પેહેલીજ નજરે માલમ પડતો હતો. પેહેલા મજલા ઉપરનો એક નાનો ઓરડો દીવાનખાના તરીકે વપરાતો હતો. ત્યાં જુની ફેશનનું ફરનીચર છુટું છવાયું જોકે હતું તોપણ તે ઘણા ઉમદા ટેસ્ટથી ગોઠવવામાં આવેલું હોવાથી તે ઓરડો હતો તે કરતાં ચારગણો વધારે શોભાયમાન દિસ્તો હતો. એક સાદાં, નાનાં ઘડિયાળમાં છનો ટકોરો પડયો, છતાં લાયન પોતાનાં મકાનમાં હજી પાછો ફર્યો હતો નહિ, અને તેથીજ તેની માવતર તેને માટે ડોળા તાણતી ચિંતાતુર બની તેની રાહ જોતી એક આર્મચેર ઉપર અઢેલાઇ પડી હતી.

"લાયનને કોઇ દહાડે નહિ ને આજેજ કેમ એટલું બધું મોડું થયું?" તે ચિંતાતુર માતા અધીરાઇથી પોતાનાં મન સાથેજ વમાસન કરવા પડી. તેણીનું મકાન જોકે શાન્ત અને સુખી હતું, તોપણ તેણીના ચેહેરા ઉપર સુખ અને શાન્તિની સેહેજબી નિશાન જણાતી હતી નહિ. આખું ઓલ્દકેસલ તેણીને ઓળખતું હતું, જેનો સબબ તેણીની ભલમનસાઇ અને ગરીબોને સહાય થવાની તેણીની ઉલટ હતી. તે સ્ત્રી ૪૮ વર્ષ જેટલી ઉમરની ભરતીમાં આવેલી જણાતી હતી તોપણ તેણીના ચેહેરાએ પોતાની અસલી ખુબસુરતી હજી તજી હતી નહિ. લોકો સારી પેઠે જાણતું હતું કે તેણીની ખુબસુરતીની જોડે જોડ દુઃખ અને દલગીરી તેણીનાં હંમેશનાં સાથી હતાં. જોકે લાયન લગભગ ૨૯ વર્ષની ભર જુવાન વયે પુગેલો હતો, તોપણ આજેબી જાણે તે એક નાનો લાડકવાયો બચ્ચો હોય તેમ તેની ભલી માવતર તેની ઉપર અતિશય વાહલ બતાવતી હતી. આખરે ડોળા તણાવી તણાવીને અને પોતાની માવતરને અધીરાઇથી અરધી ઘેલી જેવી કરી મેલીને લાયન મોડેથી ઘેર આવ્યો. તે જેવો દાખલ થયો કે તેની માતા અરસુલાનો ચેહેરો નહિ વર્ણવી શકાય એવી ખુશાલીથી ખીલી નિકળ્યો. હંમેશના રાબેતા મુજબ માતાએ પોતાના બેટાનાં કપાળ ઉપર હેતનું ચુંબન કીધું.

"નીલ, તું ઘણો થાકી ગયલો દેખાયછ. શું છે? તારા ચેહેરા ઉપર તો દેખઇતો ધભરાટ છે. શું છે, મારા વાહલા બેટા? જલદી બોલી દે."

"માતા! મારી વાહલી માતા! હું શું બોલું? મારી કમનસીબીનું પ્રકરણ કેમ ખોલું? કારણ કે હું જાણુંછ કે હું જે ખબર કેહેવશ તેથી તમો વાહલાં માતાનો જીવ કેટલો બધો રંજીદા થશે. મારી ઉપર તો એક મોટી આફત તુટી પડીછ. એકેએક કામદારને જયારે તેની આગલી નોકરી પાછી બક્ષવાની મેહેરબાની કરવામાં આવીછ ત્યારે મારા એકલાજ ઉપર મારા શેઠ ખફા થયાછ, મને એકલાનેજ નોકરીએથી બરતરફ કરવામાં આવ્યોછ. માતા, હવે આ શેહેર અને આ મકાન છોડતાં આપણને કેવું લાગશે?"

બંને મા દીકરા વચ્ચે ગંભીર ચુપકીદી ફેલાઇ. માતા પોતાના વાહલા બેટાના ક્રોધના આવેશમાં આવેલા ચેહેરા તરફ ટગર ટગર જોતી ઉભી. અંતે તેણીએજ ચુપકીદી તોડી કહ્યું, "બેટા, આપણી આ ખરાબીનો પાયો કોણે ખોદયો? બોલ, મીસ રેને કે લોર્ડ ઓલ્દકેસલે?"

માતાના આ સવાલથી લાયને લગાર ઉસ્કેરાઇને કહ્યું, "મીસ રેન આવો ગેરઇનસાફ કરવાને જન્મીજ નથી. માયજી, તે તો ભલાઇનો ભંડાર છે, સદગુણનો સરદાર છે, નેકીનો દ્વાર છે. તેણીથી એવું કામ કદી બની શકેજ નહિ. તે ભલી બાનુ હજી કારખાનાની માલેક થવા પામી નથી. ૨૧ વર્ષની વયની થવા પામે ત્યાંસુધી પોતાના બાપની માલો-મિલકતની માલેક થઈ શકનાર નથી. માતા, આ સઘળી ખરાબીનું મુળ પેલો બુઢો લોર્ડ ઓલ્દકેસલ છે જેના વડા બેટાએ મીસ રેનની વડી બેહેનનાં સુખ અને સંસારનું સદાનું સદંતર સત્યાનાશ વાળ્યુંછ."

વળી તે વિચારમાં પાછો ગરક થયો. તેણે પોતાનું માથું નીચું રાખી મેલ્યું હતું. તે જાણે એકજ ઠરાવ ઉપર આવ્યો હોય તેમ હવે જુસ્સાથી બોલી ઉઠયો, "માયજી, આ શેહેર છોડતાં મારા જીવ ઉપર છરી ફરશે. બોલો, હું તે દુઃખ કેમ ખમી શકશ?"

તે રાતનું ખાણું ઘણુંજ શાન્ત પસાર થવા પામ્યું. ટેબલ ઉપર બંને મા દીકરા ગંભીર હતાં. લાયનની માતાએ જોયું કે તેણીના બેટાએ તે રાતે એક બુક પણ ખાધો હતો નહિ. પણ તેની માતાની પોતાની હાલત પણ તેવીજ કિસમની હતી. તેણીના ચેહેરા ઉપરના ફિકાસ અને દલગીરીમાં દેખઇતો ઉમેરો થયો હતો. લાયને ખાત્રીથી માની લીધું કે તેની માતાની દલગીરી ફકત તેની બરતરફીનું પરિણામ હતું.

"માતા! મારી ભલી વાહલી માતા! મને સાચ્ચું કહો કે કામદારોને હડતાળ પાડવાની ઉસ્કેરણી કરવામાં હું વાજબી હતો કે નહિ?"

"બેશક, મારા બેટા, તું દરેક રીતે વાજબી હતો. બેટા, તારા જાનના ભોગે પણ રાસ્તીનેજ તારો સાચ્ચો રાહબર બનાવજે, અને તેથી નિપજતાં પરિણામો તારા પેદા કરનાર બાપ ઉપરજ છોડજે. નીલ, તારાં અંતઃકરણમાં સદા કોતરી રાખજે કે નેકીનું નાવ સંસારના ગમે તેવા તોફાની દરિયાવમાં પણ તરી શકશે, પણ તેથી ઉલટું, બદીનું બારકસ એક બિલ્લસ ભર પાણીમાં પણ ડુબી જઈ નાશ પામશે."

ખાણું ખતમ થવાની સાથે અરસુલા લાયન પોતાના ઓરડામાં ગઈ અને જ્યારે પોતાની માવતરને બાહેર જવાનાં કપડાંમાં સજ થયલી ત્યાંથી બાહેર આવતાં તેણે જોઈ ત્યારે લાયનની અજાયબિનો પાર રહ્યો નહિ.

"માયજી! શું તમે આટલી મોડી રાતે બાહેર જાઓછ? અરે! તમારી આજની સ્થિતિ બિલકુલ બાહેર જવા જેવી મને તો દિસ્તી નથી."

"દીકરા, તું ભુલેછ. મારી હાલત તો આજે હંમેશ કરતાં પણ સારી છે. જરા બાહેર ખુલ્લી હવામાં એક આંટો મારી આવવાથી મારા જીવને કાંઇક રાહત મલશે."

અરસુલા જાણતી હતી કે પોતાના દીકરાને ઉટાવવા માટે તે ખોટું બોલતી હતી. તેણીની હાલત આજે રોજ કરતાં બદતર બુરી હતી. લાયન તે સારી પેઠે જાણતો હતો અને સમજતો હતો. બીજો સમય હોત તો તે કદી પણ આવા કવખતે પોતાની માતાને ઘરની બાહેર નિકળવા દેત નહિ. પણ આજે તેના બાબમાં પણ મામલો જુદોજ હતો. તેનું મગજ આજે કાંઈ ઓરજ ખ્યાલોના વમળમાં ઉછાળા મારતું રહ્યું હતું. પોતાનાં મગજમાં ઘુમતા તોફાની ખ્યાલો સાથે એકલો પડવાને, અને એકાંતવાસ સેહેવવાને તે ઇંતેજાર હતો. પોતાને ઉપજતી દલગીરીના દેખાવથી પોતાને જન્મ આપનાર માવતરને રંજીદા નહિ કરવાને તે ખુશી હતો. આથી તેણે અરસુલાને મકાનમાંથી બાહેર નહિ જવાને વધુ ઓહોંસ કીધી નહિ.

અરસુલા ગઈ. ધીમાં કદમે તે સ્ત્રી આગળ અને આગળ વધી. પોતાના વાહલા બેટાની બરતરફીની ખબરે તેણીની તંદરોસ્તી ઉપર ઘણી માઠી અસર કીધી હતી. આ ખબરથી ગોયા તેણીનું જીગર ભાંગીને ભુકો થઈ ગયું હતું. તેણી ઓલ્ડ-કેસલ પાર્કમાં જવાના ઠરાવથી નિકળી હતી. તે લત્તો તેણીનાં મકાનથી દુર હોવાથી તે લાંબો છેટો પસાર કરતાં તે બિચારીને જીવ ઉપર આવ્યું. ગોયા કુંચી આપેલાં એક પુતળાંની માફક તેણીના પગો ઘસડાતા હતા. તે ઓલ્ડકેસલ પાર્ક આગળ પુગી ત્યારે તેણીની હાલત ઘણીજ દયાજનક હતી. અંતે જીવ ઉપર જોરાવરી કરી લોર્ડ ઓલ્ડકેસલનાં બાદશાહી અયવાનના મોટા દરવાજા આગળ તે જઈ પુગી.

"ભાઈ, લોર્ડ ઓલ્ડકેસલ મકાનમાં છે?" દરવાજા આગળ ઉભેલા નોકરને અરસુલા લાયને માનથી સવાલ કીધો.

"હા, છે, પણ શું તમો—" તે નોકર આગળ બોલી શક્યો નહિ. તે સમજી શક્યો નહિ કે લોર્ડ ઓલ્ડકેસલને પુછતી આવનાર સ્ત્રી કોણ હતી. તેના જેવી ગરીબ સ્ત્રીને લોર્ડ ઓલ્ડકેસલ જેવા તાલેવંત અને મગરૂર ઉમરાવ સાથે આટલે મોડે વખતે કામજ શું હોય?

"હું તેમને મલવા માંગુંછ," અરસુલાએ આગળ ચલાવ્યું.

નોકરે શકની નજરે તે સ્ત્રી તરફ જોયું. "લોર્ડ ઓલ્ડકેસલ સાથે તમને શું કામ છે, બાઈ? તેવણને મલવા માટે તમોએ આગમચથી કંઈ ગોઠવણ કીધીછ કે એમજ?"

"તેમ તો મેં કશું નથી કીધું, ભાઈ. પણ લોર્ડ સાહેબ મને જરૂર મલશે એવી મારી ખાતરી છે. મને મલવાને તેવણ ના નહિ પાડશે. તેવણને એટલુંજ કહે ભાઈ, કે નીલ લાયનની માતા મીસીસ લાયન મલવાને ઇંતેજાર છે."

અરસુલાના આબરૂદાર દેખાવથી તે નોકર અંતે પિગળ્યો. તે ગયો. અરસુલા ગમે તેટલી થાક અને દુઃખથી આજેઝ થયલી હોવા છતાં તે બાદશાહી મકાનને નિહાળતી ઉભી.

"લોર્ડ ઓલ્ડકેસલ તમોને મલી શકશે નહિ." નોકરે થોડાજ વખતમાં આવી અરસુલાને લગાર દમામથી કહ્યું. તે આટલું બોલી ચાલી જવા કરતો હતો તેટલામાં તેણીએ તેને તેમ કરતાં અટકાવી કહ્યું, "ભાઈ, એકજ વધુ મિનિટ થોબ, તારા શેઠને મારે મલવુંજ જોઇએ." આટલું બોલી તેણીએ કાગળના એક ટુકડા ઉપર ઝડપથી નીચલા બોલો ચીત્રી કાહડયા:—

"મારગરેત સ્ત્રીટવાળી અરસુલા તમને મલવા માંગેછ."

બીંદડી વાળી પેલા નોકરના હાથમાં તેણીએ કાગળની તે કાપલી મેલી કહ્યું, "લે, ભાઈ, તારા શેઠને આ આપ."

નોકરે તે લેવાની ના પાડી કહ્યું, "હું ફરીથી શેઠ આગળ જઈ તેવણનો મિજાજ જાય તેવું કામ કરવા માંગતો નથી. તેવણ જમવા બેસવાની તૈયારીમાં છે, માટે બાઈ તું અહિંથી મુંગી મુંગી ભર્યો ભારમાં હવે ચાલી જાય તો સારૂં."

"એમ કદી બનશે નહિ. મારી આ ચીઠ્ઠી લઈ તારે તારા શેઠ પાસે જવુંજ પડશે, નહિ તો હું અહિંથી એક કદમ પણ ઉંચકનાર નથી, સમજ્યો?"

લગભગ પા કલાકની રિકઝીક બાદ તે નોકર આખરે લાચાર બન્યો. તે ગયો. તે જયારે પાછો ફર્યો ત્યારે તેની અજાયબિનો પાર રહ્યો નહિ, કેમકે તેના શેઠે તે ગરીબ સ્ત્રીને મલવાને પોતાની મરજી દેખાડી હતી. અરસુલા ધસડાતા પગે નોકરની પુઠે ચાલી અને જયારે તે લોર્ડ ઓલ્ડકેસલની સામે આવી ઉભી ત્યારે તેણીનો ચેહેરો મોતની માંદગી જેવો ઉજળો ફક મારી ગયો હતો.

નોકર નમીને પાછો ફર્યો, અને મગરૂર લોર્ડ ઓલ્ડકેસલ બીહતી ધ્રુજતી ઉભેલી અરસુલા ઉપર નજર કરી ધ્રુજતા સાદે બોલ્યો "એ ઓરત! તું કોણ છે? બોલ, તું કોણ છે? ખોદા ખાતર બોલ, તું જીવતી સ્થિતિમાં છે કે મરણ પામેલી કમનસીબ અરસુલાનો ભુત છે?"

"હું અરસુલા છેઉં. જીવતી જાગતી તારી એક વેળાની માનીતી અરસુલા, તારી હકદાર પરણેતર હું પોતે છેઉં."

"તું કાં આવી? તું કયાંથી આવી? અરે તું શું કામ અહિં આવી? તુને કોણ અહિં લાવ્યું?"

"હું પોતે આવી. હું તારા ખુદ જનેતા બેટાને તારે પોતાને હાથે થતો ગેરઇનસાફ દુર કરાવા આવીછ. જે નોકરને નીલ લાયન તરીકે તું ઓળખેછ ને જેને તું બરતરફ કરી ચુકોછ તે જેમ મારો બેટો છે તેમ તે તારો પોતાનોજ છે. હું—"

"બસ! બસ! અરસુલા બસ! ખોદા ખાતર બસ! ઓ! મારો એ અજીમ ગુનાહ તે ખુદા કેમ માફ કરશે!" આટલું બોલી તે મગરૂર લોર્ડ નજદીકના સોફા ઉપર ફસડાઈ પડયો.

લોર્ડ ઓલ્ડકેસલ.

મગરૂર, તુમાખી લોર્ડ ઓલ્ડકેસલની હાલત હવે દયા ઉપજાવવા જોગજ હતી. દોલતના દરંગમાં રમી રહેલા તે અમીર બચ્ચાની સ્થિતિ ખુદ અરસુલા કરતાં પણ બદતર બુરી બની હતી. તેણે માની લીધું કે તેની ઉપર જાલમ જમાનાનો ફટકો પડવાનો શરૂ થઈ ચુકયો હતો.

"હા, હું તારી હકદાર ઓરત અરસુલા છેઉં. આપણા બેટા માટે ઇનસાફ માંગવા હું તારી પાસે આવીછ. બોલ, તે ઇનસાફ તારા બેટાને મલશે કે નહિ?"

અરસુલા ધીમા સાહદે બોલી હતી, પણ તે અવાજ મક્કમ, ખુલ્લો અને તિણો હતો. લોર્ડ ઓલ્ડકેસલને લાગ્યું કે તે અવાજમાં કાંઈ એવી કિસમની અજબ અસર હતી કે જેથી તેનું જીગર વિંધાઈ જતું હતું. તેનેથી જવાબમાં એકબી હર્ફ બોલી શકાયો નહિ. આથી તે સ્ત્રી આગળ વધી લોર્ડ ઓલ્ડકેસલની વધુ નજદીક ગઈ અને જવાબની રાહ જોતી ઉભી.

"પણ અરસુલા તો મને ખબર મલવા મુજબ મરણ પામી હતી. તે પોતાનાં બચ્ચાંના જન્મ સાથેજ આ જેહાનથી વાસો ઉઠાવી ગઈ હતી. તે જન્મ પામેલો બેટો પણ તેની માવતર સાથેજ કફનમાં દફન થયો હતો."

અરસુલા હસી. તેણીનું હસવું જીવપર જખરીનું હતું.

"નહિ, તે ખબર તને ખોટી આપવામાં આવી હતી. તારી અરસુલા સાથે તારો બેટો પણ જીવેછ. તે તારો બેટો ખુદાની મેહેરબાનીથી એક ખુબસુરત, ગબરૂ જવાન બન્યોછ. તેને તેના બાપે જે ગેરઇનસાફ કીધોછ તે માટેજ હું આવીછ. બોલ, તે ગેરઇનસાફનો કલંક તારાં સિર ઉપરથી દુર કરવા માંગેછ કે નહિ? તારા પાલનહાર પિતાની દરગાહમાં સુર્ખરૂ જવા માંગેછ કે નહિ?"

તે ઉમરાવ વિચારમાં પડયો. તરતજ અરસુલાએ પોતાની આંગળીએથી એક વીટી કાહડી લોર્ડ ઓલ્ડકેસલના હાથમાં મુકતાં કહ્યું, "લે જો, આ વીટી. એ તરફ નિગાહ કર ને મને જવાબ દે કે એ વીટી શું તુને કાંઈ આગલી પાછલી યાદ આપતી નથી? તેં શું આપણાં લગ્નની ભેટ તરીકે એ મને આપી નહિ હતી? તારી અને મારી કદખુદાઈના પવિત્ર ગાંઠની એ શું ગવાહી આપતી નથી?"

લોર્ડ ઓલ્ડકેસલે તે વીટી ઉપર અછડતી નજર કરી તે અરસુલાને પાછી આપતાં કહ્યું, "બરાબર છે, અરસુલા, તું રાસ્ત કહેછ. એ મારીજ વીટી. એજ મારા આગલા ગુનાહની જીવતી સાબેતી. હું કેવો પાપી! કેવો બદમાશ! અરે!

મેં તુને ઠોકરે મારી, મેં તુને જીવતી જબેહ કીધી. ખુદા મારાં પાપો કેમ માફ કરશે! અફસોસ! અફસોસ! સેતમ! જુલમ!"

સાહઠ વર્ષની ઉમરે પુગી ચુકેલો તે તાલેવંત, મગરૂર અમીર પોતાનાં આગલાં પાપોની પશ્ચાતાપભરી યાદથી હવે એક બાળકની પેઠે આંખોમાંથી આંસુઓ રેડવા લાગ્યો. અરસુલાને મુંગી ઉભેલી જોઈ તેણે આગળ ચલાવ્યું :—

"પણ તે મારો હકદાર વારસ કયાં છે? મારો તે બેટો કયાં છે? ભવિષ્યનો લોર્ડ ઓલ્ડકેસલ કોણ છે? કેવો છે?"

અરસુલાએ જોયું કે તે તવંગર ઉમરાવ ગમથી એટલો બધો તો આજેજ થઈ ગયો હતો કે અરસુલાએ તેના બેટા માટે થોડીજ પળ આગમચ જણાવેલી હકીકત પણ તે ભુલી ગયો હતો. ખરેખર, અરસુલાએ જોયું કે તે ઉમરાવનાં આગલાં પાપો તેનાં તનબદનને ડંખતાં હતાં, તેનું જીગર આરપાર કોતરી ખાતાં હતાં.

"તે તો હું તુને અત્યાર આગમચની જણાવી ચુકીછ. તારો બેટો તે નીલ લાયન ઈજનેર છે, જેને તું તેનો બાપ થઈ તેની નોકરી ઉપરથી બરતરફ કરવાનું સખ્ત દિલ બતાવી ચુકોછ," અરસુલાએ તેના ચેહેરા તરફ ટગર ટગર જોઈ જવાબ દીધો.

"મારા ખુદા!" જાણે તેના બેટાની દુ:ખભરી યાદ હાલમાં પાછી તેને હૈડે ચહડી આવી હોય તેવી ઢબથી તે ઉમરાવ નિસોસ થઈ પોકારી ઉઠયો, "નીલ લાયન! નીલ લાયન! મારો બેટો! મારો વાહલો બેટો! નીલ લાયન! ત્યારે તો તે મારો વારસ ઠર્યો! પણ ત્યારે જુલિયન કોણ? અરે! ત્યારે તેનું શું થશે? લેડી ઓલ્ડકેસલનું શું થશે? ઓ ખુદા! ખુદા! મારી નાદાન વયની એક ભુલ માટે તે ખુદરતનો મારી ઉપર આ કેવો જાલેમ ફટકો! કેવી પાહડ જેવી આફત!" લોર્ડ ઓલ્ડકેસલ હાથ ઉપર હાથ અફાળી બોલ્યો.

લોર્ડ ઓલ્ડકેસલ આટલી બધી હદ સુધી આગળ કદી પણ ઉશ્કેરાઈ ગયો હતો નહિ. તેને પોતાને પણ એમજ લાગેલું હોવું જોઇએ, કારણકે હવે તેણે શાન્ત થવાને પોતાનાં ઉશ્કેરાયલાં મન સાથે ઠરાવ કીધો. તે સમજી ગયો કે આટલી બધી હદ સુધી ઉશ્કેરાઈ જવામાં સામો તે અરસુલા આગળ પોતાની નબળાઈ બતાવતો હતો.

તેણે લગાર શાન્ત થઈ બલ્કે શાન્ત થવાની કોશેશ કરી અરસુલાને પુછ્યું, "અરસુલા, તું અહિં કાંય આવી? ઓલ્ડકેસલ ખાતે તું શા માટે આવી? બોલ, મને ફસાવવા કે? મને સારી જેહાનમાં રૂસવા કરવા કે? આહ! કિસમતની આ કેવી બુરાઈ! કેવી રૂસવાઈ!"

"હું તારી તરફની મારી મોહબતથી દોરવાઇને આવીછ, તુને રૂસવા કરવા ખાતર નહિ. જોકે તારૂં એક રતી ભાર પણ સુખ મેં જોયું નથી, તોપણ મેં તને કદી પણ શ્રાપ દીધા નથી. મેં જયારે જાણ્યું કે મારાં સુખને લુટી લેનાર, મારાં જીગરની એકલી ઉમેદની ધુળધાણી કરનાર લુટારો ઓલ્ડકેસલમાં લોર્ડ ઓલ્ડકેસલ તરીકે જીવેછ તેજ વખતે મારી દુ:ખી જીંદગીના એકના એક આધારને લઇ હું બી અહિં નિકળી પડી ને મેં મારો આ શેહેરમાં વસવાટ કીધો. તારો પેહેલો બેટો તારાંજ કારખાનામાં ઈજનેર તરીકે નોકરી રહ્યો. તેણે જોકે પુરતી વફાદારી ને ઇમાનદારીથી નોકરી બજાવીછ પણ તે વફાદારીનો તેને કેવો નતીજો મળ્યોછ? તેની ઇમાનદારી શું બદલો પામીછ? એજ, કે તેને ખુદ તેના બાપેજ ગેરઇનસાફી, જુલ્મી, જફાકાર બની તેની અસલ નોકરી ઉપરથી રખડાવ્યોછ. તેનાં અને તેની માતાનાં મુખમાં રોટલીનો એક ટુકડો હતો તે પણ તેણે છિનવી લીધોછ."

અરસુલાનાં મોહડાંમાંથી બાહેર નિકળતો એકેએક શબ્દ લોર્ડ ઓલ્ડકેસલનાં જીગરને ઝેરી પાણી પાયલાં ખંજરની માફક હવે વિંધતો હતો. તે તેણીના બોલોથી છેકજ આજેઝ બની જવાથી તેણે તેણીને આગળ બોલતાં અટકાવી કહ્યું, "બસ! બસ! અરસુલા, ખુદા ખાતર બસ કર! હું જાણુંછ કે મેં તમો બંનેને જાણી જોઈ દુઃખી કીધાંછ, હું જાણુંછ કે હું તમો બંનેનાં સુખનો જાલેમ ખુની બન્યોછ, પણ હું લાચાર હતો, હું લાઇલાજ હતો. ઓ! તે વેળાએ મારી આંખો આગલ ફરી વળેલા ગફલતીના પરદાથી હું દેખતી આંખોએ આંધળો બન્યો હતો." આટલું બોલી તવંગરીની તકોબરીમાં ઉફનાઈ રહેલો તે ઉમરાવ અરસુલા આગળ એક કંગાળ આજીજી કરનાર માફક ગુંટણિએ પડી બોલ્યો, "બચાવ, અરસુલા, મને બચાવ. મારા બુઢાપામાં મને બચાવી લે. મારી ઇજ્જત તારા હાથમાં છે. મારી ભવિષ્યની આબરૂનો આધાર તારી ઉપર, માત્ર તારીજ ઉપર લટકી રહ્યોછ, તો હવે મને સારી જેહાનમાં રૂસવા કરવાથી હાથ ખાંચ!"

અરસુલા જ્યારે પોતાના બેટાને તેના બાપ પાસે ઇનસાફ અપાવવાના ઇરાદાથી પોતાને મકાનેથી બાહેર પડી હતી ત્યારે તેણીને સ્વપ્ને પણ ખ્યાલ હતો નહિ કે તે તુમાખી ઉમરાવ આટલી બધી હદ સુધી તેને શરણે આવશે, આટલો બધો નરમ પડશે, દબી જશે.

અરસુલા સાથે તે મગરૂર ઉમરાવે દરહામ નામનાં એક નાનાં ગામમાં છુપાં લગ્ન કીધાં ત્યારે તે જોન તાવર્સનાં ફકત સાદાં નામથી ઓળખાતો હતો. અરસુલાની ખુબસુરતી ઉપર તે વખતે તે એટલો બધો તો મોહિત થઈ પડયો હતો કે, ભવિષ્યનો કશો પણ ખ્યાલ કીધા વિના તેણીના પ્યારમાં તે આંધળો દીવાનો બની ગયો, અને એવા પ્યારનું છેવટ જેમ આવવું જોઇએ તેમ છુપાં અને નાહસભાગનાં લગ્ન કરવામાં આવ્યું. અરસુલાનાં કમનસીબે અને લોર્ડ ઓલ્ડકેસલનાં જોરાવર નસીબના પ્રતાપે તેના (લોર્ડ ઓલ્ડકેસલના) ભાઇઓ થોડા થોડા વખતના અંતરે મરણ પામવાથી સાદો જોન તાવર્સ પોતાના બાપિકા ખેતાબ અને માલો મિલકતનો ધણી થઈ બેઠો, અને અમીરી પદ પામ્યો. શરૂઆતમાં તો તે અરસુલાની મોહબતમાં મસ્ત બની પોતાને સુખી સમજવા લાગ્યો, પણ પાછળથી તેનાં તનબદનની એકેએક રગમાં પશ્ચાતાપનું જાલેમ વિખ ફરી વળ્યું. તેણે જોયું કે અરસુલા જેવી એક ગરીબ સુથારની અભણ અને બિનકેળવાયલી બેટીને પરણવામાં તેણે સજ્જડ થાપ ખાધી હતી, સજ્જડ ગોતું ખાધું હતું. તેણે આવું એક ઉતાવળયું પગલું ભરવા માટે પોતાને હજારો ફટવા દીધી. લોર્ડ ઓલ્ડકેસલનો ઉંચો ખેતાબ અને પોતાના બાપની અખુટ દોલત પામી અરસુલા જેવી જંગલી, બિનકેળવાયલી સ્ત્રીને પોતાની મોહરદાર તરીકે તે કેવી રીતે કબુલ રાખી શકે, જાહેરમાં લાવી શકે, કેવી રીતે દુનિયામાં બાહેર પાડી શકે, તે તે મુદ્દલ સમજી શકયો નહિ. રાત દિવસની તેની ફિકર માત્ર એજ હતી. દરેક જાતનાં સુખમાં માત્ર તેને આ એકજ ખતરો હતો, આ એકજ નડતલ હતી. પણ તે લાચાર હતો. તેની મુશ્કેલી ત્યારેજ વધી કે જયારે અરસુલા એક બાળક બેટાની મા થઈ હતી. હવેજ તેણે પોતાને મોટી મુશ્કેલીમાં જોયો. તેની ગરદન ઉપર જે જુલ્મી ઝુસરી આવી પડી હતી તેમાંથી પોતાનો છુટકો કરવાની હજારો તદબીર તે શોધવા મંડયો. તેણે જે ઘરમાં અરસુલાને રાખી હતી, તે ઘરમાં પગ મુકતાં પણ તેને ધ્રુજરાં છુટતાં હતાં. રખેને કોઈ તેનાં નાહસભાગનાં લગ્નથી જાણીતું થાય, અને રખેને અરસુલાને લોર્ડ ઓલ્ડ-

કેસલની પરણેતર તરીકે ઓળખી લેવા પામે તેના ધડક ધુજારામાં તેણે ખુદા પાસે દુવા વટીક ચાહી કે તે બંને મા દીકરાંઓ આ જેહાંનથી પોતાનો સદાનો વાસો ઉઠાવી જાય! પણ તે બને કેમ? કેવી રીતે? મોત કાંઈ માંગ્યું આવતું નથી. ચાહ્યું તે કાંઈ બનતું નથી. એકજ પળમાં તેનાં જીગરમાં એક પાપી ખ્યાલે વાસો કીધો, તે એ હતો કે જે ઓરતની પાસબાની હેઠળ તે બંને મા દીકરાંઓને સોંપવામાં આવ્યાં હતાં તે સ્ત્રીને સોનાની લાલચથી પોતાના હાથમાં લેવી અને તેની મારફતે તેમનો કાંટો કાહડી નાખી, તે બંને નિર્દોષોની જીંદગીનો આંકો આણવો. તે બંનેની જીંદગી, તેને લાગ્યું કે તેને માટે બેશરમીની જીવતી જાગતી નિશાની હતી. જોકે તે સારી પેડે જાણતો હતો કે તે બંને બિલકુલ નિર્દોષ હતાં, જોકે તેણે પોતેજ તે ભોળી સ્ત્રીને તેણીની અજીત ખુબસુરતીથી લોભાઈ સદાની ફસાવી હતી, અને તેણીનાં સંસાર સુખનું જાણી જોઈ નખોદ વાળ્યું હતું, તોપણ તેને મોટો ખ્યાલ પોતાની ઇજ્જતનો હતો. પણ ઉપલો ખુની ખ્યાલ તેણે બીજીજ પળે પોતાનાં પાપી અંતઃકરણમાંથી દુર કીધો. તે ગમે તેવો હતો, તોપણ ઇનસાફને ખાતર કેહવું જોઇએ કે પોતાની પરણેતર અને પોતાના બેટાનું ખુન કરાવવા જેટલી હદ સુધીનો પાપી બનવા તેનું જીગર મુદલ ચાલ્યું નહિ.

બીજા હાથ ઉપર અરસુલા પોતાના પરણ્યા ખાવિન્દની બુરી મતલબ એકદમ ચેતી ગઈ હતી. તેણે આટલા અરસામાં જોઈ લીધું હતું કે તે પરાણીને પસ્તાતો હતો. અરસુલા તેને અજબ વાહલથી ચાહતાં શિખી હતી. તેની ઉપરનો તેણીનો પ્યાર બિલકુલ નિષ્કલંક હતો. જેમ લોર્ડ ઓલ્દકેસલ તેણીની ખુબસુરતી ઉપર મોહિત પડી છુપાં લગ્ન કરવાને લલચાયો હતો તેવી એક પણ લાલચે ભોળી અને ખુબસુરત અરસુલાનાં જીગરમાં વાસો કીધો હતો નહિ. તે સ્ત્રીએ પોતાના ખાવિન્દના પૈસા ઉપર આડી નજરે વટીક કીધી હતી નહિ. તે પોતાના ખાવિન્દના પ્યારની ભુખી હતી, નહિ કે તેની દોલતની. તેણીએ જયારે જાણ્યું કે તે ઉમરાવનાં ભવિષ્યનાં સુખમાં પોતે એક આડા પથર સમાન હતી ત્યારે તેણીએ પોતાનાં મન સાથે પક્કો ઠરાવ કીધો. લોર્ડ ઓલ્દકેસલ જયારે પોતાની બાપિકી દોલત અને મિલકતનો ધણી થઈ મુસાફરીએ નિકળ્યો ત્યારે તે ઠરાવ તેણીએ અમલમાં મેલ્યો. પોતાની પાસબાની માટે રહેલી સ્ત્રીને લાંચ આપી તેણીની પાસે લોર્ડ ઓલ્દકેસલ ઉપર એક એવો કાગળ લખાવ્યો કે અરસુલા અને તેણીનો બેટો તાવનો ભોગ થઈ પડી મોતના કાસદને શરણ થયાં હતાં. જોકે આ ખબરથી લોર્ડ ઓલ્દકેસલને લાગ્યું તો ઘણું, પણ તેણે છુટકારાનો દમ ખેંચ્યો. આ બે મોતથી તેણે માન્યું કે તેનાં સુખના રસ્તામાંથી બે જબુન નડતલ આખરે દફે થવા પામી હતી. તેણે તરતજ પોતાને ખબર આપનાર સ્ત્રી ઉપર બંને મા દીકરાનાં મોતની ક્રિયા કરવા માટે એક સારી જેવી રકમ મોકલી આપી, અને આવી રીતે લોર્ડ ઓલ્દકેસલ એક જુલ્મી ગુસરીમાંથી સદાનો છુટો થવા પામ્યો. ત્યાર પછીજ તે હેન્રીએતા (હાલની લેડી ઓલ્દકેસલ) સાથે શાદીના ગાંઠથી જોડાયો, અને હાલ હૈયાત રહેલા પોતાના એકલા બેટા જુલિયનનેજ ભવિષ્યનો લોર્ડ ઓલ્દકેસલ તે માનતો હતો. પણ હવે તેણે જાણ્યું કે તે માન તો ખરૂં જોતાં નીલ લાયન માટે હતું. હાલમાં તેની પરણેતર હેન્રીએતાને લેડી ઓલ્દકેસલ તરીકે લોકો જોકે પિછાનતાં હતાં, પણ ખરી લેડી ઓલ્દકેસલ તો નીલ લાયનની ભલી માતા અરસુલા હતી, જે તેની સામે જીવતી જાગતી ઉભી હતી.

લોર્ડ ઓલ્ડકેસલને લાગ્યું કે તેની હકદાર ઓરત સાથે તેણે જોઇએ તે કરતાં વધુ વખત રોકયો હતો. ખાણું લેવાનો તેનો રાબેતાનો વખત વટીક વહિ ગયો હતો. હવે વધુ વાર તે સ્ત્રી સાથે ખોટી રેહેવામાં નોકરોનો શક તે પોતાની તરફ ખેંચતો હતો. આથી તેણે નીલ લાયનને તેની આગલી નોકરી ઉપર ફરીથી કાયમ કરવાને અરસુલાને કબુલાત આપી; અને તેણીને પણ ફકત એટલુંજ જોઇતું હતું એટલે તે મલતાંજ તે દુઃખી સ્ત્રી પોતાના હકદાર ખાવિન્દનું બાદશાહી અસબાન છોડી ગઈ. હવેજ જે દુઃખભરી યાદ તેણીનાં જીગરમાં ઉભી થવા પામી હતી તે એ હતી કે તેણીનાં કિસમતનું પલ્લું કેટલી બધી ભયંકર હદ સુધી ઉલટાઈ ગયું હતું! જે બાદશાહી મકાન તે છોડી આવી હતી તે મકાનમાં એશઆરામ ભોગવવાનો તેણીનો ખુદરતી હક હતો. જે દમામદાર અને મગરૂર ઉમરાવને તેણી પોતાની પાછળ તે મકાનમાં મેલી આવી હતી તે ઉમરાવ તેણીનો પરણ્યો હકદાર ખાવિન્દ હતો, જેનો પ્યાર તેણીએ સદાનો ખોહી દીધો હતો. તેણીની હકદાર જગા ઉપર એક બીજીજ ભલતી સ્ત્રીએ તરાપ મારી તેણીનો હક લુટી લીધો હતો. જે મકાનમાં વસવાનો તેણીનો હક ત્યાં આજે કોઈ બીજીજ નાર રાજ ચલાવતી હતી. તેણીને માત્ર પોતાનોજ ગમ નહિ હતો. તેણીનું જીગર પોતાના બેટાના હક ઉપર મરાયલી તરાપ માટે બેવડું-ચોવડું ચાક થતું હતું, ખાક રાખ થઈ જતું હતું. પણ તે બિલકુલ લાચાર હતી. તે આ સઘળું દુઃખ સહન કરવાનો મજબુત ઠરાવ કરી ચુકી હતી તે ફકત પોતાના એક વારના હકદાર ખાવિન્દ લોર્ડ ઓલ્ડકેસલ ખાતરજ હતું. આ ભલી સ્ત્રી જોકે ખરી લેડી ઓલ્ડકેસલ હતી તોપણ તેણીએ પોતાના ખરા હક માટેની એક વરાળ વટીક અત્યાર તુલીક બાહેર કાહડી હતી નહિ, એ બાબેનો એક તુકારો વટીક પોતાનાં મોહડાંમાંથી કોઇને કાને પાડયો હતો નહિ. તેણીએ પોતાના એકપુરા વાહલા બેટાને વટીક આ ખબરથી અંજાણ રાખ્યો હતો, તેના હકથી તેને બેભાન રાખ્યો હતો.

તે પોતાનાં મકાનેથી ઓલ્દકેસલ પાર્કમાં જવા જયારે બાહેર નિકળી હતી તે વેળાની અને પોતાનાં મકાને હવે પોતાની મુરાદને પામી પાછી ફરતી હતી તે વેળાની હાલતમાં આસમાન જમીનનો તફાવત પડયો હતો. તે શંકાશીલ દિલે, અને તરેહવાર વસવસાથી ભરપુર મને ઓલ્દકેસલ પાર્કમાં દાખલ થઈ હતી. પણ હવે પોતાનાં મકાને કાંઈ અજબ જેવી ઉલટમાં તે પાછી ફરતી હતી.

જુલિયનની મોહબત.

જુલિયન એક ખુશનુમા સાંજે પોતાના ખાનગી ઓરડામાં અનેક વિચારોમાં ગુટાયલો એકલો બેઠો હતો. અનેક સુખો છતાં તેનો ચેહેરો લેવાયલો, લુટાયલો દિસ્તો હતો. તેના વિચારો તેની છુપી પરણેતર રોઝામન્દ માટે હતા. તે દુઃખી સ્ત્રીએ હજી તેનો પિછો છોડયો હતો નહિ. જોકે તેણીએ પોતાની કબુલાત પાળી તેણીના હકદાર ખાવિન્દ તરીકે જુલિયનનું નામ કોઇનીબી આગળ બાહેર પાડયું હતું નહિ, તોપણ તે બીહતો હતો કે તે સ્ત્રી લાંબો વખત સુધી તે ભરમ છુપો રાખી શકવાની નથી; કેમકે તેણીની હાડમારી અને નામોશી મોટાં પ્રમાણમાં વધી જવા પામી હતી. તેણીને જેમ પોતાનાં બાપિકાં મકાનમાં તેમજ તે મકાનની

બાહેર એક રતી ભાર પણ સુખ હતું નહિ. તે પોતાના બુઢા બાપ સાથે રહેતી હતી. તે બાપને પોતાની બેટીની નામોશીથી એટલું બધું તો લાગી આવ્યું હતું કે તે ગોયા દિવાનો બાવરો જેવો બની ગયો હતો. એક પળ એવી પસાર થતી હતી નહિ કે જે વેળાએ તે પોતાને અને પોતાની બેટીને હજારો કદુવાથી વધાવી બેસો નહિ હોય. પોતાની બેટીની નામોશી આખાં શેહેરમાં ઉઘાડી પડેલી સાંભળી, તેની સાથ સંબંધમાં આવનારાંઓ કહેતાં હતાં કે તેનું મગ્જ કાંઇક ચકાસી ગયું હતું, અને તેમજ હતું. આખો દિવસ અને રાત તે ગરીબ બિચારી રોઝામન્દને તાણા અને ઠપકાના તિરોથી વિંધી નાખતો હતો. તે તેણીને ઘરમાં રાખવાને સાફ ના પાડતો હતો. તે એમજ કહેતો કે "તને ફસાવનાર કોણ ચંડાળ છે તેનું મને નામ આપ." પણ તે ભોળી ભમાયલી સ્ત્રી પોતાને ફ્લોય નામના મર્દની હકદાર પરણેતર તરીકે જાહેર કરવા સિવાય બીજું વધુ કશું બોલી શકતી હતી નહિ. દરરોજની નામોશી જયારે તે સહન કરી શકતી નહિ ત્યારે તે છુપી રીતે જુલિયનને મલતી અને પોતાને તેની પરણેતર તરીકે આખી દુનિયાને જાહેર કરવાને વિનવતી, પણ જેમ આપણે આગળ જોઈ ગયા છિએ તેમ તે બદમાશ થોડાક વધુ દિવસ થોભી જવાને તેણીને વાહયા કરતો હતો જેનું પરિણામ આયંદેહ તેની ફતેહમાંજ આવતું. "પણ એમ તે કયાં સુધી ચાલશે?" એ તેનો રાત દિવસનો બળાપો હતો.

જુલિયનને બીહીવાનો એક મોટો સબબ એ હતો કે નીલ લાયનની સુચનાથી એદેલીને તે કમનસીબ સ્ત્રીની તરફદારી કીધી હતી. જેમ લાયન તેણીને પાપમાં ફસેલી માનતો હતો નહિ, તેમ એદેલીન પણ તેણીને નિર્દોષ માનતી હતી. એદેલીન તેણીની વારંવાર મુલાકાત લઈ દિલાસો દેતી હતી એટલુંજ નહિ, પણ તે ભલી સ્ત્રી તેણીના બાપ રોજર દીપીંગને પણ સધિયારો આપતી કે એક વખત એવો આવશે કે તેની ભલી બેટીનું નિર્દોષપણું જગ જાહેર થવા વિના રેહેશે નહિ. પણ નહિ. રોઝામન્દનો બુઢો બાપ એદેલીનનાં મોહડેથી વટીક પોતાની બેટીનું નિર્દોષપણું માનવાને સાફ ના પાડતો હતો. એદેલીન અને લાયને રોઝામન્દને ઘણીબી સમજાવી કે તેણીએ પોતાના ખાવિન્દનું નામ જાહેર કરવું, પણ રોઝામન્દ એકની બે થઈ નહિ અને પોતાના ઠરાવને જળોની માફક વળગી રહી.

રોઝામન્દ જોકે પોતાના ઠરાવમાં ગમે તેટલી મજબુત હતી તોપણ જુલિયનને તે માટે પુરતો ભરોસો હતો નહિ. તેનું દિલ અંદરખાનેથી તેને ડંખતું રહ્યું હતું. તે ખાત્રીથી માનતો હતો કે તે રોઝામન્દનું મોહડું ખોટા ભરોસાની લલચાવનારી ચાવીથી હવે વધુ વાર બંધ રાખી શકવાનો નથી. વખતના વેહવા સાથે એદેલીન તે ભોળી સ્ત્રીને મોહડેથી જરૂર તેના ફસાવનારનું ખરૂં નામ બાહેર આણશેજ આણશે.

જુલિયનની રાત દિવસની એજ ધાસ્તી હતી, અને જયારે કિસ્સાનું આ પ્રકરણ ઉઘડે છે ત્યારે તે પોતાના ખાનગી ઓરડામાં એજ ખ્યાલથી ભખાયલાં જીગરે બેઠો હતો. રોઝામન્દનું મોહડું સદાનું બંધ કરી એદેલીનની દોલત અને જીગર કેવી કિસમે જીતી લેવાં તેને લગતા વિચારોમાં તે લીન થઈ બેઠો હતો. તેની વધુ મોટી દલગીરી અને તેનાં જીગરને ખાક કરનારો જળાપો તો તેનાં મગ્જમાં વાસો કરી રહેલો એક ઘણોજ અણગમતો વસવસો હતો અને તે એ કે તેના પ્યારની સુરત તેના બાપના એક હલકા નોકર નીલ લાયનને ચાહતાં શિખી હતી.

"નીચ લાયન! ઓ લાયન! લુચ્ચા, બદમાશ લાયન! ડુંજ, એકલો ડુંજ, મારાં સુખનો શત્રુ છે, મારી ચાહતમાં, મારી રાહતમાં તું મોટામાં મોટો વેરી છે, દુશમને જાન છે."

જુલિયન પોતાને ઓરડામાં એકલો જાણી મોટેથી બોલતો હતો. તેના આ ખાનગી ઓરડામાં ફારસી કવિઓ કેહ તેમ 'એક મગતરૂં પણ દાખલ થવા પામતું હતું નહિ.' પણ જેવા તેનાં મોહડાંમાંથી ઉપલા બોલો બાહેર નિકળી ચુકા કે તેજ પળે તેના ઓરડામાં કોઇના હસવાનો અવાજ તેના કાનને આવી અથડયો.

તે ચોંકયો. હસવાનો આ અવાજ સાંભળી તેનું લોહિ ધગધગતા અંગાર ઉપરનાં પાણીની પેઠે ઉકળી આવ્યું. તેને વધુ ગુસ્સો ઉપજ્યો તે એટલાં માટે હતો કે લાયન અને રોઝામન્દને સદાનાં દુર કરી પેલી ખુબસુરતીની રાણી એદેલીનને જીતી જવાનો એક બેકીમતી ખ્યાલ, તેનાં મજ્જમાં પ્રવેશ કરવાના સમયેજ પેલા *હસવાના અવાજથી* પંખેરાંની માફક હવામાં ઉડી ગયો હતો, ગોયા ગેબ થઈ ગયો હતો. તેણે તરતજ પાછળ ફરી જોયું તો તેનો નોકર ગંગાદાસ દાંત કાહડતો ઉભો હતો.

"એ કોણ? ગંગાદાસ?"

"હા સાહેબ," આટલું બોલી તે પોતાના શેઠને સલામ કરી એક વાર ફરીથી મોટે મોટે હસી પડયો.

"હેં! એ શું? આ કેવી શરમભરેલી સરકશી? જાણ કે હું તારો શેઠ છેઉં!"

"ને જાણ, જુલિયન કે હું તારા—"

"ચુપ નાદાન, બંધ કર તારી જબાન," ગંગાદાસને આગળ બોલતો અટકાવી જુલિયને કહ્યું. પણ તેણે તરતજ ઠંડો પડી જઈ આગળ ચલાવ્યું, "ગંગાદાસ, તું મારા ખાનગી ઓરડામાં પણ મારા ઓળાની પેઠે મારી પુઠે પુઠે ભમતો ફરતો રહેશે તો લોકોને શક જશે ને નાહક—"

પણ હજી તો જુલિયન પોતાનું બોલવું પુરૂં કરે તે આગમચ ગંગાદાસ એટલાં તો જોશ સહિત ફરીથી હસી પડયો કે જુલિયનથી આગળ બોલી શકાયુંજ નહિ. પણ ગંગાદાસને તેની થોડીજ પરવા હતી. તે ઢોર પેઠે ડાચું વકાસી આળસ ખાઈ બોલ્યો, "મારો અહિં આવવાનો ભેદ તો નહિ ખુલ્યો, પણ મારો શેઠ તો ભુલ્યો. અરે સાહેબ, તમારૂં ભેજું ઠેકાણે લાગતું નથી, કેમકે તમોએ મને ગઈ કાલે હુકમ કીધો હતો કે મારે તમોને તમારા ખાનગી ઓરડામાં આજે આ વખતે જરૂર મલવું." આટલું બોલતાં તે ફરીથી હસી પડયો. જુલિયનને તેનું હસવું મોત કરતાં પણ બદતર બુરૂં માલમ પડયું. ગંગાદાસને બદલે આવી બેઅદબી બીજા ગમે તેવા અફલાતુને કીધી હોત તો તેણે તેનો ટોટો તરતજ ત્યાં અને ત્યાંજ દાબી દીધો હોત, પણ ગંગાદાસ આગળ તે લાઇલાજ હતો.

"બરાબર, હા, મેં તુને એમ કહ્યું હતું ખરૂં," યાદ આવવાથી પોતાનો ગુસ્સો દાબી દઈ જુલિયન બોલ્યો, જોકે તેનાં જીગરનાં ભિત્તરમાં તો કેહેરના અંગારા બળતા હતા.

"ચાલ, બોલ, કરનલ રેન જીવતો હતો તે દિવસે હેન્સબરી એબીની બારી વાટેથી તું શા માટે ભરાઈ છુપાઇને જોતો હતો?"

આ સવાલનો જવાબ ગંગાદાસે ભાંગી તુટી અંગ્રેજી જબાનમાં વાળ્યો. તે જોકે અંગ્રેજી અશુદ્ધ બોલતો હતો, તોપણ તે એવી કિસમનું નહિ હતું કે જે

સાંભળનારાંઓ સમજી શકે નહિ. જુલિયનના ટુંકા સવાલનો ગંગાદાસનો જવાબ લગાર લાંબો હતો જેની મતલબ એવી હતી કે તે કરનલ રેનને લાંબા વખતથી પિછાનતો હતો. જ્યારે કરનલ દશ વર્ષની વાત ઉપર જબલપોર ખાતે હતો ત્યારે ગંગાદાસ પણ ત્યાંજ કોઈ સરકારી ઉંચા ઓહ્દા ઉપર હતો. વધુ જાણવાજોગ તો એ હતું કે ગંગાદાસને ચોરી કરવાના વાંક માટે કરનલ રેને છ માસનાં સખ્ત કેદખાનાની સજા કીધી હતી, ત્યારથી ગંગાદાસનાં જીગરમાં કરનલ માટે ધિક્કારનો નહિ ભુસરાય એવો છાપ બેસી ગયો હતો. ગંગાદાસે કરનલને પચાસ વર્ષ પછી ઓલ્ડકેસલ ખાતે જોયો અને પિછાન્યો ત્યારે તેનો અસલી ધિક્કાર બેવડાં જોશ સહિત પાછો ધાઈ આવ્યો હતો.

ગંગાદાસે આ પછી જુલિયન સાથે કેટલુંક બીજું ટાહેલું ચલાવ્યું હતું, જે વાંચનારાંઓ માટે હાલમાં બિન અગત્યનું હતું.

ગંગાદાસ ગયો અને જુલિયન એકલો પડયો. તે પોતાનાં મન સાથે બડબડયો, "ખુદા ગંગાદાસને ગારત કરે!" તે ઉઠયો અને ઓરડામાં આમથી તેમ લટાર મારવા લાગ્યો. તેનું મગ્જ, તેને લાગ્યું કે, ચંટીની માફક ફરતું હતું. આ બેચેનીનો ઇલાજ તેજ ઓરડામાં મૌજુદ હતો, જે લાલમલાલ શરાબ હતો. જુલિયન એક મોટું ગલાસ ભરી તે ગટાવી ગયો. આથી તેને લાગ્યું કે તેની બેચેનીમાં કાંઇક ઘટાડો થયો હતો. તે એક સોફા ઉપર જઇને લેટયો. પણ તરતજ તેના ઓરડાનું અલગું બારણું ઉઘડી ગયું અને એદેલીન દાખલ થઈ.

કાળા પોશાકમાં તેણીનો ખુબસુરત ચેહેરો સફેદ ફુલની માફક ખીલી રહ્યો હતો. જુલિયન એદેલીનને જોતાંજ સોફા ઉપર તરો થઈ બેઠો. તેણે તેણીને પોતાની પાસે બેસવાની ઇસારત કીધી પણ ખુબસુરતીની તે રાણીએ તે ઇસારત જોવાનાજ અખાડા કીધા. તે એક શેહેનશાહબાનુના તોર અને દમામ સાથે ઉભીજ રહી. તે પોતાના કેહેવાતા ભવિષ્યના ખાવિન્દની હાલની હાલત સમજી ગઈ, કેમકે ઓરડામાં દાખલ થતાંજ તેણીની પેહેલી નજર તેની પાસે પડેલી બ્રાન્ડીની બાટલી ઉપર પડી હતી.

એદેલીન ધીમા પણ મક્કમ અવાજે બોલી, "જુલિયન, આ તારી શી હાલત?"

"હાલત!" જુલિયન એક વધુ ગલાસ ભરી તે ખાનાખરાબી કરનારો પ્રવાહી પોતાનાં ગળે ઉતારી બોલ્યો. "મારી એદેલીન, મારા જાન કરતાં વાહલી એદેલીન, શરાબ આબે હૈયાત છે, દુઃખી જીંદગીની રાહત છે. લે, તું બી એક ગલાસ———" આટલું બોલી તે ઉઠયો. તેના પગ જમીન ઉપર ઠરતા હતા નહિ. એદેલીન તેને પોતાની પાસે આવતો જોઈ ધિક્કાર અને કમકમાટની લાગણીથી પાછળ હઠી ગઈ.

"ખબરદાર! જુલિયન ખબરદાર! તારી આજની ચાલથી હું બિલકુલ નારાજ થઈ ગઇછ. દુર ઉભો રહે."

એદેલીન એવા તો થથરાવનારા સાદથી બોલી કે હિચકારો જુલિયન એક ડગલું પણ આગળ વધી શકયો નહિ. પણ બીજીજ પળે તે હસી પડી બોલ્યો, "ગુસ્સો ના કર એદેલીન, જ્યારે તું મારી ભેટ સ્વિકારતી નથી તો લે હુંજ એ પી જાઉછ. હવે તો તું રાજી કેની?"

એકજ વધુ પળ! બીજી પળે તો તેણે પેલું ગલાસ ખાલી કરી જમીન ઉપર પણ પટકયું.

"ચાલ બોલ, હવે તું શું કેહેછ? તારા મખમલ મિસાલના લાલમલાલ ગાલ ઉપર લાલમલાલ શરાબ સાથની એક 'કીસ' આપેછ કે નહિ? એદેલીન અગરજો આ મારી માંગણી તેં સ્વિકારી નહિ, તો જાણુ કે હું તે જબરીથી લેવશ."

એદેલીન પાછળ હઠી. જોકે તે સુંદરી ઘભરાયલી હતી તોપણ તે હિમ્મત હારી નહિ.

"એદેલીન, તારા ગાલ ઉપર 'કીસ' નો છાપ મારવાનો મને દરેક હક છે. એમાં શું કંઈ શક છે? હું તારો ખાવિન્દ છેઉં ને તું મારી ઓરત છે. તારી જીદ નાહક છે."

આટલું બોલી તે એદેલીન તરફ ધસ્યો અને જબરીથી તેણીનો હાથ એક હાથે પકડી બીજો હાથ તેણીની પતલી, નાજુક કમ્મર આસપાસ વિંટાળ્યો અને જે પળે તે તેણીના ગાલ ઉપર આ પ્રમાણે જબરીથી ચુંબન લેવાની તૈયારીમાં હતો તેજ પળે ઓરડાનું બારણું જોશથી ઉઘડી ગયું અને જુલિયનની માવતર લેડી ઓલ્ડકેસલ દાખલ થઈ.

કરનલ રેનનો ખુની કોણ?

લેડી ઓલ્ડકેસલ ઓરડામાં દાખલ થતાંજ આ સઘલો દેખાવ જોઈ તદન હેબતાઈ ગઈ. તેણીના દાખલ થવા સાથેજ જુલિયને એદેલીનને પોતાના પંજામાંથી છુટી કીધી, અને ત્યારેજ એદેલીને છુટકારાનો દમ ખેંચ્યો. જુલિયનનાં મોહડાંમાંથી નિકળતી બ્રાન્ડીની વરાળથી તેણીને લાગ્યું કે તેણીનો દમ ગુંગળાઈ જતો હતો.

"એ શું ફેસ્તો, જુલિયન?" લેડી ઓલ્ડકેસલ લગાર ગુસ્સાથી ઓરડામાં દાખલ થતાં પોકારી ઉઠી, "એ તે કેવી મુર્ખાઈ?"

"હું બી તમોને એમજ કેહવા જતો હતો કે તમોએ કેવી મુર્ખાઇ વાપરી કે મારા રંગમાં તમે ભંગ કીધો?" જુલિયન જોકે આ શબ્દો મોટેથી બોલ્યો હતો તોપણ લેડી ઓલ્ડકેસલ તે સાંભળી શકી નહિ. તેણીનું સર્વ ધક ધ્યાન પોતાના બેટાની એદેલીન સાથની આજની નાલાયક વર્તણુક તરફ રોકાઈ ગયું હતું. તેણીનું દિલ જખમી અને રંજીદા થઈ ગયું હતું. તેણીની નજર દુરથી ધ્રુજતી ઉભેલી એદેલીન ઉપરજ ટીંગાઈ રહી હતી. તેણી સારી રવેસે સમજી શકી કે જુલિયનની નાલાયક વર્તણુકથી તેણીનું દિલ દુખાયું હતું. આથી તે તેણીને દિલાસો દેવાના ઇરાદાથી આગળ જઈ બોલી, "એદેલીન, શું છે? તું કેટલી ફિક્કી પડી ગઈછ? તબિયત કંઈ નાદરૂસ્ત છે કે? મને કેહે તો ખરી, છે શું? એ તમો બેહુ જણનો શું ધુનરો છે?"

"લેડી ઓલ્ડકેસલ, હું ખુદાનો ને તમારો ઉપકાર માનુંછ કે તમો મારી આબરૂના બચાવ માટે એક એન્જલી ફરેસ્તા માફક વખતસર આવી પુગ્યાંછ. બાનુ, મારે હવે એટલુંજ કેહેવુંછ કે હું જુલિયનને મરતાંબી પરણી શકવાની નથી. હું—"

"એદેલીન! એદેલીન! એ શું ચેડાં?" લેડી ઓલ્ડકેસલે એદેલીનને પટાવી લેવાની મતલબથી કહ્યું, અને તેમ કરી તેણીને આગળ બોલતાં અટકાવી.

એદેલીનના સખુનો સાંભળતાંજ જુલિયનની સઘળી ખુમારી એક લેહજામાં ઉડી ગઈ. તેને જાણે પોતાની નાલાયક ચાલનું હમણાંજ ભાન આવ્યું હોય તેમ તે ડાહ્યો ડોસો થઈ પોતાની માતા અને પોતાની ધારેલી મોહરદાર આગળ આવ્યો.

"લેડી ઓલ્દકેસલ, સાંભળો કે તમો કહોછ તેમ હું કાંઈ ચેડાં કાહડતી નથી. હું સાચુંજ કેહુંછ, અને ખુદાને હાજરનાજર જાણીનેજ કેહુંછ. હું તદન ગંભીર છેઉં, અને ફરીથી કેહુંછ કે હું તમારા બેટાની ધણીઆણી મરતાંબી થઈ શકવાની નથી," એદેલીને ગુસ્સાભર્યા અને થથરાવનારા સાદે એકજ ઠરાવથી કહ્યું.

"પણ તેની કાંઈ મતલબ? તેનો કાંઈ સબબ?" લેડી ઓલ્દકેસલ બોલી.

"અરે! આ તો જબરો ગજબ!" જુલિયન પોકારી ઉઠયો.

"તમે મા દીકરા ગમે તે કહો, અને ગમે તે સમજી લેવો, પણ મારો આ ઠરાવ સેવટનોજ જાણજો," એદેલીન જુસ્સાભર બોલી.

"હેં! એ તો મેહેનત બરબાદ ને ગુનાહ લાજમ જેવું બની ગયું! એદેલીન, તારો ઠરાવ મેં સાંભળી લીધોછ, હવે તું મારોબી ઠરાવ સાંભળી લે. તું કાંઈ છેક દમામ કરી મારાં છટકાંમાંથી છટકી જવામાં ફાવવાની નથી. તુને તો મારી સાથે પરણવું પડશે ને ફર પડશે. હું આ ને પેલી દુનિયાની નજરમાં તારો હકદાર ખાવિન્દ સોએ સો ટકા ઠરી ચુકયોછ. તું તારાં મનમાં જોઇએ તો 'મોતીના ચોક પુર' પણ હું તારી સાથે જબરીથી પરણવાનોજ."

"એદેલીન, હું તો માનુંછ કે એકદમ ઉશ્કેરાઈ જવાને લીધે તારૂં મગ્જ હાલ ઠેકાણે નથી અને તું શું બોલી તેનું તુને પોતાને પણ ભાન નથી," લેડી ઓલ્દ-કેસલે એદેલીનને પોતાના ઠરાવમાં મક્કમ જોઈ ઠપકાની ઢબથી કહ્યું.

"ખરૂં પુછો તો આજ તુલીક મારૂં મગ્જ ઠેકાણે નહિજ હતું, પણ આજે તે તદન ઠેકાણે આવ્યુંછ."

આટલું બોલી એદેલીને ગુસ્સાની દેવીની પેઠે લેડી ઓલ્દકેસલ તરફ જોયું. તેણીની આંખો બળતી મસાલની માફક ક્રોધના આવેશમાં ઝળકી રહી હતી. તેણીના આવા ગુસ્સાભર્યા દેખાવથી બંને મા દીકરા પણ ઠરી ગયાં. તોપણ તેઓ પોતાના હાથમાં આવેલી એદેલીન જેવી સોનાની ચલ્લીને એકદમ ગુમાવી દેવા માંગતાં નહિ હોવાથી આવી સેહેલાઇથી તેઓ તેણીને પોતાનો ઠરાવ અમલમાં મેલવા કેમ દઈ શકે?

"એદેલીન, તારે જાણવું જોઇએ કે તારૂં કારજ તારા મરનાર બાપે પોતાને હાથે કીધુંછ. તે બિચારો એવી ઉમેદ જોકે પોતાની હૈયાતીમાં પાર પાડવાને નસીબવંત નિવડયો નથી અને પોતાનાં જીગરમાં તે ઉમેદ સાથે લઇને બેહસ્ત મુકામ પામ્યોછ, તોપણ તેને આટલો તો સંતોષ ઉપજવોજ જોઇએ કે મરવાની આગમચ તુને તેણે બરાબર ઠેકાણે પાડીછ, અને તેબી વળી ઘણે સારે ઠેકાણે. પણ જયારે તે બેહસ્તમાં જાણશે કે તેં તેની તે ઉમેદને ધુળમાં નાખીછ, અને તારી પવિત્ર કબુલાત ઉપર પાણી ફેરવ્યુંછ, ત્યારે તે તારા ઉમરાવ બાપનું રૂહ બેહેસ્તમાં કેવું કમકમશે, એ વિષેનો તેં સેહેજબી ખ્યાલ કીધોછ? જાણ કે પોતાની નાની બેટીની નાફરમાનીથી તે રંજીદા થશે. તે તુને શ્રાપોના વરસાદથી તરબોળ કરી મેલશે. તુને કદુવા—"

"બસ, લેડી ઓલ્દકેસલ બસ! તમારૂં બોલવું બંધ કરો. ખુદા ખાતર મને તમારા આવા દર્દનાક શબ્દો ના સંભળાવો! મારા મુવા બાપને ખુશી રાખવા ખાતર અને તેનું રૂહ શાદ રહે એટલા કાજે મારા જીવ વટીકનો ભોગ આપવાને

હું ડરનાર નથી. ખરૂં છે કે મેં મારા વાહલા બાપને મી૦ જુલિયન સાથે પરણુ-વાની કબુલાત આપી હતી, પણ તે કબુલાત મેં મારી રાજીખુશીથી મુદલ આપી હતીજ નહિ. મારા પેદરે તે કબુલાત માટે તદન મારી મરજી વિરૂદ્ધ મને ફરજ પાડી હતી, પણ શુકર ખુદાના કે પોતાની ભુલ જોઇને કે શું પણ મરતી વેળાએ તેવી ફરજમાંથી મરનારે મને મુકત કીધીછ."

"અરે વાહરે! તુને મુકત કીધી? એ વળી નરમ ઘી જેવી વાત કયાંથી લાવી? તુને કયારે મુકત કીધી? કોણે મુકત કીધી, તારા બાવાએ? બિલકુલ ખોટું, સર-તાપા ગલત!" જુલિયન પોતાનો ગુસ્સો સમાવી નહિ શકવાથી આ પ્રમાણે પોકારી ઉઠયો.

પણ એદેલીન મક્કમજ રહી હતી. તે ઠરેલ અને મજબુત અવાજે બોલી, "મારા વાહલા બાપ મને મારી કબુલાતથી મુકત કરવાની પરવાનગી મરતી વેળાએ પોતાનાં શર્તના કફ ઉપર લખી આપી ગયાછ, જેનો સબબ મારા કરતાં, મી૦ જુલિયન તું પોતેજ વધારે સારી રવેશે સમજતો હશે." આ છેલ્લો વાકય બોલતી વખતે એદેલીને જુલિયન તરફ એવી તો અજબ જેવી રીતે અને તેનાં અંતઃકરણનાં ઉંડાણની ખબર લઈ વળે એવી ચશ્મોથી જોયું કે તેણીના ડોળાના તાપથી તે ખરે-ખર ધભરાઈજ ગયો. તોપણ તે હિમ્મત રાખી બોલ્યો, "કોણ, હું? અરે! તે હું શું જાણું? મને તેની શું ખબર હોય, મારી પ્યારી એદેલીન?"

"પ્યારી એદેલીન, તારો ખ્યાલ સરતાપા ભુલભરેલો છે. તેં કેમ જાણ્યું કે શર્ત ઉપરનું તે લખાણ તારી પરણવાની કબુલાતનેજ લગતું છે? શર્તના કફ ઉપરનું લખાણ જુલિયન સાથનાં તારાં લગ્ન સાથે એક તણખાંભાર પણ તાલુકો ધરાવતું નથી એમ હું ખાતરીથી માનુંછ. મરનારની મતલબ તને કોઈ બીજીજ કબુલાતથી મુકત કરવાની હશે," લેડી ઓલ્દકેસલ એદેલીનને સમજાવતી ઠંડી થઈ બોલી.

"તેમ બનેજ નહિ, લેડી ઓલ્દકેસલ. જુલિયન સાથનાં લગ્ન સિવાય મેં બીજી કશીબી કબુલાત મારા તે ઉમરાવ બાપને કદી પણ આપી નથી. મરનારે તે અણગમતી કબુલાત મારી પાસેથી બજીદ થઈ લીધી હતી, જેથી તેવણે પોતાનાં મોતની બે ઘડી આગમચ તે કબુલાતથી મારી જીંદગી સદાની દુઃખી નહિ કરવાના ઇરાદાથી પોતાનાં શર્તના કફ ઉપર છેલ્લી ચેતવણી લખી હોય તો તેમાં કશી નવાઈ નથી."

એદેલીનના ઉપલા સખુનોથી લેડી ઓલ્દકેસલને જબરો ચટકો લાગ્યો.

"જીંદગી સદાની દુખી? એદેલીન, શું લોર્ડ ઓલ્દકેસલ જેવા ઉમરાવ બાપનો ઉમરાવ દીકરો જુલિયન તું વર તરીકે પામે તો તેની સાથનાં લગ્નથી તારી જીંદગી દુઃખી થશે? ખેતાબ ને દોલત સાથનો જુલિયન જેવો ખાવિન્દ મેળવવાની કાંઈ દરેક ઓરતની નસીબવંત સરજત હોતી નથી, સમજી! એદેલીન, હું મારા એકના એક બેટાને થતું આ રીતનું અપમાન કોઈ કાળે પણ સાંખી શકવાની નથી. હું તને ફરીથી કેહુંછ કે તારી આ શરમાવનારી ચાલથી બેહેસ્તમાં વાસો કીધેલાં તારા બાપનાં અશો રૂહને તું જાણીજોઇને નારાજ કરેછ, મરનારનાં ફરમાનને તું દેખતી આંખે આંધળી બની ઠોકરે મારેછ."

"તમે એમ ના બોલો! ખોદા ખાતર એવા સખુનોથી મને ચોબા ના મુકો. મારા વાહલા બાપનાં રૂહને હું કદી પણ આઝોરદેહ કરશ નહિ. ઓ! મારા વાહલા બાવાજી! બાવાજી! તમો તો મરીને બેહેસ્તમાં સુખી થયાછ, પણ તમારી

બે કમનસીબ બેટીઓ જીવીને દોજખના ગારમાં ફસીછ!" આટલું બોલી દુ:ખથી આજેઝ થયલી તે સુંદરી નજદીકની એક ખુરસી ઉપર નિસોસ થઈ બેઠી.

"માદર, એકબારગી તમે તમારી સમજાવટથી પથરને મોમ બનાવી શકશો, પણ તમે એદેલીનનાં જીગરને પિગળાવી શકશો નહિ. એ ના ફાં કરવાનાં એનાં બધાં કારસ્તાન શું છે તે હું સારી તરેહ જાણુંછ. એ કેવાં ઉંડાં પાણીમાં રમેછ તેની મને બધી ખબર છે. અરે! એ તો બીજા મર્દને ચાહેછ, બીજા કોઈના પ્યારમાં ફસીછ, સમજ્યાં. હું કેવું ઈચ્છુંછ કે કરનલ રેન આજે જીવતો હતે તો તે બિચારો મારી પુરેપુરી કદર બુજતે." જુલિયને પોતાનો ઉભરો બાહેર પાડયો.

"જુલિયન, હું આ શું સાંભળુંછ? શું એદેલીન બીજાને ચાહેછ? તારા કરતાં વળી એવો તે બીજો કોણ દોલતવાળો ને દરજ્જાવાળો નિકળી આવ્યોછ કે જેને એ ચાહે? પેલો લોર્ડ બેગરોત તો નહિ હોય?"

બેગરોતનું નામ સાંભળતાં જુલિયન મોટેથી હસી પડી બોલ્યો, "અરે! તેવો કોઈ ઉમરાવી પદનો આદમી હતે તો ધુળજ નાખી તો! તે બી છતી દોલતે મારા જેવો કમનસીબ મુવેલો છે. મારો હરિફ કોઈ તવંગર નથી, પણ એક નીચ, કમીનો નોકર છે. જે કંગાળને એદેલીન ચાહેછ તે પેલો ચંડાળ નીલ લાયન છે, જે કરનલ રેનનો બદમાશ ખુની છે. તે જે ભોળી ભલી સુંદરીને ચાહવાનો દાવો કરેછ તેજ સ્ત્રીના બાપનાં લોહિથી તેના હાથો ખરડાયલા છે."

એદેલીને લાયન ઉપરનું આ હડહડતું જુઠું તોહમત મોટાં જોશ અને ગુસ્સા સહિત તુચ્છકારી કાહડયું. તેણીએ તે માનવાને સાફ ના પાડયું. તેણીએ તે ગંભીર આળ અદેખાઈથી જન્મ પામેલું જણાવ્યું.

અચુક ફતેહથી ખુશી થઈ જુલિયને પોતાનાં ખીસાંમાંથી સોનાની એક લોકેટ જે કરનલ રેન ઘડીયાળ સાથે હંમેશ લટકાવી ફરતો હતો તે ખેંચી કાહડી એદેલીનને બતાવતાં કહ્યું, "જો, આ શું છે?"

એદેલીને તે તરફ પોતાની નજર દોડાવી અને જુસ્સા સહિત તે બોલી ઉઠી, "ઓ! એ તો મારા બાવાજીની લોકેટ છે. મને કહે જુલિયન, ખુદા ખાતર મને કહે કે એ તું કયાંથી લાવ્યો? તુને કોણે આપી?"

"સાંભળ એદેલીન, જે વેળાએ 'તારા બાપની લાસ 'દેન્સબરી ઍબી' માં લઈ જવામાં આવતી હતી તેં વેળા તારા માનીતા આશક નીલ લાયનનાં ખીસાં-માંથી રૂમાલ કાહડતાં એ તારા મરહુમ બાપની લોકેટ જમીનપર પડી ગઈ હતી. મેં તુરતજ તે ઉચકી લીધી અને તે વખતથી મેં મારી પોતાની પાસેજ રાખીછ. બોલ, શું કેહેછ? તારા પ્યારા આશકને તારા બાપના ખુની તરીકે હજીબી માનેછ કે નહિ? તે બદમાશ—"

જુલિયનના વધુ સખુનો એદેલીન સાંભળી શકી નહિ. દુ:ખની એક ભયંકર ચીચીઆરી સમેત તે નજદીકના સોફા ઉપર બેભાન થઈ તુટી પડી. લેડી ઓલ્ડ-ફેસલ અને જુલિયન એદેલીનને આવી રીતે નીચે પડેલી જોઈ ફતેહની ખુમારીમાં મનમાંજ મલકાતાં ઉભાં.

"ફતેહ! ફતેહ! મારી સદા ફતેહજ છે, મારી સદા જય છે, દુશમનનો પરાજય છે!"

જુલિયન ખુશાલીના બાહારમા પોતાની માતાની હાજરી વટીક ભુલી જઈ નાચતો કુદતો બોલ્યો.

નિરાશ થયલો આશક.

"શું લાયન મારા ઉમરાવ બાપનો કંગાળ ખુની ?" આ સવાલ પોતાના બાપનાં મોતથી આજેજ બનેલી એદેલીને જુલિયને લાયનને ખુની તરીકે ઠોકી બેસાડવા પછી પોતાનાં મનને સેંકડો વાર પુછયો હતો. આ સવાલનો જવાબ તેણી પોતેજ આપતી હતી કે "નહિ, નહિ, એમ કદીબી બને નહિ, હરગીજ નહિ. મારા વાહલા પેદરનું ખુન કરવામાં જેટલી હું નિર્દોષ છેઉ, દોરાનું પશુ બાળક જેટલું નિર્દોષ છે તેટલોજ લાયન પણ બિનગુનેહગાર છે, સાફ છે, ફરેસ્તા જેવો પાક છે." પણ તેણીને એટલું તો જાણી લેતાં વિલંબ લાગ્યો નહિ કે લેડી ઓલ્ડકેસલ અને જુલિયન લાયનના કટ્ટામાં કટ્ટા શત્રુઓ હતાં અને તેનાં આથણાં બીઠાંમાં તૈયારજ હતાં. તે બંનેનાં જીગરમાં અદેખાઇનો આતશ ધગધગી રહ્યો હતો. વળી તેણીએ આ પણ જોઈ લીધું કે કરનલ રેનનાં ખુનનો આરોપ તેઓ લાયનનાં કપાળે ચોંટાડવા માગતાં હતાં અને તેની ઉપરનો તે આરોપ પુરવાર થાય તેવી જુબાનીઓની સાંકળનાં વળાં તેઓ અત્યાર આગમચનાં જોડવાની તજવીજ કરતાં રહ્યાં હતાં. જુલિયને ખુલ્લી રીતે જણાવ્યું હતું કે મરનાર કરનલ રેનની લોકેટ લાયનનાં ખીસાંમાંથી સરી પડેલી તેને મળી આવી હતી. એદેલીન સમજી શકી નહિ કે તે લોકેટ લાયનનાં ખીસાંમાં કેમ જવા પામી હશે ?

કમનસીબ એદેલીન ! ફકત એજ બળાપો તેણીને માટે નહિ હતો. તેણીની વડી બેહેન દોરાની તબિયતમાં વળી પાછો ઘણો બિગાડો થઈ આવ્યો હતો. એદેલીનને પોતાની આ વડી બેહેન ઉપર અતિશય પ્યાર હતો, અને તેણીની કમનસીબ હાલત માટે તેણીને ઘણુંજ લાગતું હતું. તેણીને એક વાર ફરીથી હસ્તી રમતી જોવાને તે ઘણીજ ઇંતેજાર હતી; તેણીને માટે તે ગમે તેવો ભોગ આપવાને તૈયાર હતી. દોરા સાથે રોદ્રીકની મુલાકાત કબ્રસ્તાન આગળ થવા પછી તેણીની વર્ષોની મારી રાખેલી ઉમેદ ઉપર એક વાર ફરીથી સદાનું પાણી ફરી વળ્યું હતું. તે કમનસીબ સ્ત્રી પોતાના આગલા આશક દેનિયલ લેરેબી સાથે પરણીને ઠેકાણે પડી જવાની આશામાં ખુશાલ રહી હતી, પણ તે પછી રોદ્રીકના એકાએક ફુટી નિકળવાથી તેણીની આ એકપુરી ઉમેદનો કિલ્લો પણ પળવારમાં જમીનદોસ્ત થયો હતો. દેનિયલ લેરેબીની માંગણીના જવાબમાં તેણીએ બીજે દિવસે જવાબ આપવા જણાવ્યો હતો. દેનિયલે તો માનીજ લીધું હતું કે દોરા તેની સાથે શાદીના ગાંઠથી જોડાવાને જરૂર પોતાની ખુશી દેખાડશે. પણ બીજે દિવસે તેની નહિ વર્ણવી શકાય એવી અજાયબી તેમજ દલગીરી વચ્ચે દોરાએ ધ્રુજતા પણ મક્કમ અવાજે તેની માંગણી ના પાડી. એદેલીને જયારે આ બીના જાણી ત્યારે તે પણ સમજી શકી નહિ કે દોરાએ દેનિયલ લેરેબી તરફ અખંડ પ્યાર ધરાવ્યા છતાં તેની પરણવા માટેની માંગણી શા કારણસર તેણીએ ના પાડી હશે. ખરેખર દોરાની વર્તણુક જેમ લેરેબીને તેમજ તેણીની બેહેનને એક ભારે ભેદ સમાન લાગતી હતી.

એદેલીન 'ઓલ્ડકેસલ પાર્ક' થી કંટાળી દોરા પાસે પોતાનાં બાપિકાં મકાનમાં રાહત મેળવવા ગઈ તો ત્યાં પણ તેણીને જોઇતો આરામ મલી શકયો નહિ. તે દોરાના ઓરડામાં દાખલ થઈ ત્યારે તેણીએ ઘણોજ દયામણો દેખાવ જોયો. દોરા રડમસ ચેહેરે બેઠેલી હતી, અને તેણીની આંખોમાં આંસુઓ મોતીની માફક

ઝલકી રહ્યાં હતાં, જયારે દેનિયલ લેરેબી તેણીનો નાજુક હાથ પોતાના હાથમાં પકડી ઘુંટણિયે પડેલો હતો. તેની આંખોમાં દયા અને દિલસોજી ખુલ્લાં માલમ પડી આવતાં હતાં, અને દોરાની હાલત માટે તેનું જીગર ચાક થતું સાફ જણાઈ આવતું હતું. ખચિતજ, આ એક બહુજ અસરકારક દેખાવ હતો. એદેલીન લાયનને ચાહતાં શિખેલી હોવાથી મોહબતની મકતબના સબકોથી તેણી કાંઇ હવે અંજાણ રહી ન હતી. તેણીને જાણી લેતાં વાર લાગી નહિ કે દોરા અને દેનિયલ લેરેબી એક બીજાંને અખુટ વાહલથી ચાહતાં હતાં, પણ દોરાની મરજીના રસ્તામાં કોઈ મસ મોટો પથ્થર આડો પડેલો હતો જેની સમજ તેણીને મુદ્દલ પડતી હતી નહિ.

એદેલીનને જોતાંજ દેનિયલ લેરેબી દોરાનો હાથ એકદમ છોડી તેણીની આગળ આવી ઘુંટણિયે પડી બોલ્યો, "એદેલીન! એદેલીન! તારી બેહેનને સમજાવ, ખુદા ખાતર મનાવ કે મને એ તરછોડી નહિ કાહડે, હવે આ વખતે તે મને નાઉમેદ નહિ કરે! અરે! મારાં જીગરમાં આશાનું કિરણ ટુંક વખત માટે પ્રકાશતું કરી તે કિરણને દોરા હવે મારી નાખવાની કોશેશ કરેછ તો તે શું એમ સમજેછ કે તે કિરણના નાબુદ થવા સાથે આ મારો દમબી આખર નહિ થઈ જશે?"

એદેલીન આવી કાકલુદીનો શું જવાબ દે? તેણીની પોતાની ઉપર, તેણીને લાગ્યું કે એટલી બધી તો જફા વરસતી હતી કે બીજાંના હાદેસાઓ ઉપર ધ્યાન આપવાને તેણીને અવકાશજ નહિ હતો. તોપણ એદેલીન પોતાની વડી બેહેનનાં સુખમાં પોતાનું સુખ માનતી હોવાથી તેણીએ ખરાં જીગરથી ઇચ્છયું કે દોરાને ખુદા કરેને કાંઇ સારો રસ્તો સુજ પડે અને દેનિયલ લેરેબી સાથે પરણીને સદાની સુખી થવા પામે!

એદેલીન તરતજ પોતાની વાહલી બેહેન આગળ દોડી ગઈ અને તેણીને ગળે લગાડી કહ્યું, "મારી પ્યારી દોરા, તું જયારે પોતે એક તરફથી દેનિયલ લેરેબીને અખુટ પ્યારથી ચાહેછ અને બીજી તરફથી તેની માંગણીને આ મુજબ તરછોડી કાહડેછ, ત્યારે તારી આ વિચિત્ર વર્તણુકનો શું ભેદ છે તેની મને કાંઈ સમજ પડતી નથી. અરે! કાંઈ મને તો એનો ભરમ સમજાવવાની મેહેરબાની કર! હું જાણુંછ કે દેનિયલ લેરેબી તુને એવા તો પ્યારથી ચાહેછ કે—"

એદેલીનને દેનિયલે આગળ બોલતાં અટકાવી. તે અધીરો આશક ઉસ્કેરાઈ જઈ બોલ્યો, "બરાબર છે, એદેલીન! હું ખરૂંજ કેહુંછ કે દોરાના પ્યારમાં હું એટલો તો દિવાનો બની ગયોછ કે તેણીના પગ આગળ મારૂં માથું કાપી મુકવાને પણ એક ઘડીબી ડરૂં નહિ. મને ખરેખર સાચ્ચાં દિલથી ચાહવા છતાં તે આ મુજબ શા માટે મારી માંગણી સ્વિકારવાની આનાકાનો કરેછ તે હું સમજી શકતો નથી. અરે! દોરાનો એ ભેદ પામવા માટે એકબારગી મારી તમામ દોલતનો ભોગ આપવાને પણ હું ખુશી છું, તેયાર છું."

આટલું બોલી નિરાશીના દરિયાવમાં ડુબેલો તે સાચ્ચો આશક બંને બેહેનોને એકલી મેલી તે મકાન ગમગીન ચેહેરે છોડી ગયો. એદેલીન દોરાનો હાથ પોતાના હાથમાં લેતાં સર્પે ડંખ માર્યો હોય તેવી રીતે ચોંકી બોલી, "દોરા, ખુદા ખાતર બોલ તુને શું છે? તારા હાથ એમ મરવા સુતેલાં માણસના જેવા ઠંડાગાર કાંય છે? હું ડાકટર સ્મીથને બોલાવી મંગાઉ?"

આટલો વખત સુધી દોરા કાંઈ પણ બોલ્યા ચાલ્યા વિના પોતાની આંખોમાંથી નવધાર આંસુ ટપકાવતી જતી હતી તે હવે એકદમ જુસ્સામાં બોલી ઉઠી,

"નહિ, નહિ, એદેલીન, મને ડાકટરની બિલકુલ જરૂર નથી. મારે માટે તું નાહક રંજીદા ના થા. હું તો આવતી કાલે લંડન ખાતે પાછી જનાર છું, કેમકે મારા ખાવિન્દનાં માંગનારાંઓને હફતો ચુકવી આપવાનો વખત નજદીક આવ્યોછ."

"નહિ, દોરા, હું તુને કાલે મરતાંબી લંડન જવા દેવશ નહિ. હું તો તને હમણાં અહિંજ રાખવાની."

"એદેલીન, તેમ નહિ બનશે. લંડન જવાનો મને એક બીજોબી છુપો સબબ છે," દોરાએ બજીદ થઈ ખુલાસો કીધો.

"પણ તે તારો છુપો સબબ શું છે તે તું મને નહિ જણાવે, દોરા?" નાની બેહેને વડી બેહેનને છાતી સરસી દાબી ઘણીજ ઇંતેજારીથી સવાલ કીધો.

દોરાએ થોડીક પળ પોતાની બેહેનના ચેહેરા તરફ તગર તગર જોયું અને તે પછી તે એકદમ પોતાની બેહેનને વળગી પડી બોલી, "મારી ફરેસ્તા ખસલત બેહેન! અરે! હું કેવું ઇચ્છુંછ કે મારો તે છુપો સબબ તને અબધડી કહી દઇને મારૂં પેટ તું મા-જણી આગળ ખાલી કરૂં! પણ નહિ, નહિ! હું કમબખ્ત તેમ કરી શકતી નથી. મને તેમ કરવાની પરવાનગી નથી. તેમ કરવામાં મારી અને મારા મરનાર બાપનાં ભલાં નામની સલામતી નથી. અરે! ખુદાનેજ ખબર છે કે એ બધો ભરમ તારી આગળ ખુલ્લો કરવાને હું કેટલી ઇંતેજાર છું!" આટલું બોલી દોરા નવધાર આંસુએ રડી પડી.

"દોરા! દોરા! એ તુને થયુંછ તોબી શું? છેલ્લા થોડાક દિવસ થયા તારામાં આ કેટલો બધો ફેરફાર! બોલ, મારી વાહલી બેહેન, તારો છુપો સબબ શું છે? તે એટલો બધો તે શું ગંભીર છે કે મારાથી વટીક છુપાવી રાખવાની તુને ફરજ પડેછ?"

પણ દોરા મક્કમ હતી. જેમ કેટલીક રીતે એદેલીન પોતાના ઠરાવોમાં દ્રઢ હતી, તેમ દોરાના બાબમાં પણ હતું. તે છુપો સબબ, ઇંતેજાર એદેલીન ગમે એટલી આજીજી તથા ગમે એટલી કોશેશ છતાં જાણવા પામી નહિ, અને જયારે તેણીએ જોયું કે તેણીના વારંવાર પુછવાથી દોરા સામી ઉશ્કેરાતી હતી ત્યારે વધુ બજીદ થવામાં તેણીએ કશો સાર જોયો નહિ. આવી રીતે એદેલીન અને દેનિયલ લેરેબી દોરાના આ છુપા ભેદથી અંજાણાંજ રહી ગયાં. ગરીબ બિચારો દેનિયલ! તેને શી ખબર કે દોરાના હાથની ઉમેદવારીથી તેને નિરાશ થવું પડયું હતું, તે નિરાશી માટે દોરા નહિ, પણ તે પોતેજ જવાબદાર હતો, કેમકે રોડ્રીકને દરિયાનાં પેટાંમાં ગર્ક જતો બચાવનાર અને એ પ્રમાણે પોતાની આખી જીંદગીની ઉમેદ ઉપર અંજાણપણે ઢાંકણું વાળનાર તે પોતેજ હતો.

મોહબતની મકતબનો પાઠ ૩ જો.

દોરાને શાન્ત થતાં ઝાઝો વિલંબ લાગ્યો નહિ. બંને બેહેનોએ રાતનું 'સપર' સાથેજ લીધું, પણ તે શાન્તી અને ચુપકીદીમાંજ પસાર થયું. દોરા પોતાની બેહેન સાથે ખાણાં ઉપર એક બોલ પણ બોલી કે ચાલી નહિ. એદેલીનને જોકે આ સઘળું મુદલ ગમ્યું નહિ તોપણ તે સુંદરી લાઇલાજ હતી. બંને બેહેનો ખાણાંને સેહેજ ચંચેરી જયારે ઉઠી ગઈ ત્યારે ઘડિયાળમાં આઠનો ટકોરો પડી ચુકયો હતો. આ

વેળાએ એદેલીન પોતાના ખ્યાલમાં મશગુલ હતી. દોરાએ પણ જોયું કે તેણીની નાની બેહેન અજબ જેવી રીતે વિચારોના વમળમાં વિંટળાયલી હતી.

"શું છે, એદેલીન, તું વળી એમ કાંય કરેછ ? કંઈ એકદમજ વિચારમાં ગરક બની ગઇછ ?" દોરાએ જેમ તેમ હસતું મોહડું કરી એદેલીનને પુછયું.

"હા, બેહેન, હું હમણાં જરા શેહેરમાં જવા માંગુછ. હું તરત પાછી આવશ."

એદેલીન આવી રાતના સમયે કદી પણ બાહેર નિકળતી હતી નહિ, છતાં તે આજ રાતે એ પ્રમાણે બાહેર જવા માંગતી હતી તે સાંભળી દોરા ઘભરાઈ ગઇ. તેણીએ એદેલીનને નહિ જવા માટે ઘણીબી સમજાવી અને વારી, પણ જેમ દોરા પોતાનો છુપો સબબ નહિ જણાવવા માટે મક્કમ રહી હતી તેમ એદેલીનના બાબમાં પણ તેમજ બન્યું. એદેલીન દોરાને મલી ભેટી પોતાની બ્રોમમાં બેસી શેહેર ભણી નિકળી ગઈ.

પોતાના કોચમેનને પીત રોડ તરફ ગાડી હંકારવાનો હુકમ કરી એદેલીન ગાડીની બેઠકને અઢેલીને વિચારમાં પડી. તેણીનાં અંતઃકરણમાં ખ્યાલોનો મસ મોટો ડુંગર ગબડી પડયો હતો. તેણીની ગાડી કોલસાની ખાણો અને લોખંડનાં કારખાનાઓ આગળથી પસાર થતાં તેણીએ વિચાર્યું કે આ સઘળી મિલકતની તે માલેક હતી. લાખોની આવકની તે ધણીઆણી હતી. પણ એ સઘળી મિલકત અને એ તમામ આવક એક ભલા, દિલપસંદ જીંદગીના ભાગ્યા વિના, તેણીને લાગ્યું કે એક ફુટી બદામ સરીખી હતી. મોહબત વિનાના બાદશાહી ખાવિન્દને કબુલવામાં, તેણીએ માન્યું કે, મોટાંમાં મોટું પાપ હતું, જે પાપ ખુદરત કદી પણ સાંખી શક્તી નથી. તેણીનાં મનમાં પોતાની વડી બેહેનનો તાજો દાખલો ધાઈ આવ્યો. દોરા રોદ્રીકને મોહબત વિના પરણી હતી. માત્ર ફરજની મારી પરણી હતી. ફકત પોતાના પાલનહાર પિતાને રાજી રાખવા, સંતોષ આપવા અને તેનો હુકમ નહિ તોડવા ખાતર પોતાની મરજી વિરૂદ્ધ પરણી હતી, પણ તેનું પરિણામ આયંદેહ કેવું બુરૂં આવવા પામ્યું હતું તેનો માત્ર ખ્યાલજ એદેલીનને માથાંથી પગ સુધી ધ્રુજાવી મારવાને બસ હતો. તે સારી પેઠે જાણતી હતી કે જુલિયન અને લાયનની સ્થિતિમાં આસમાન જમીનનો તફાવત હતો ખરો, પણ લાયન પૈસા સિવાય બીજી દરેક રીતે જુલિયન કરતાં હજાર દરજજે ચઢીયાતો હતો.

"લાયન ગરીબ છે તો શું મુજાકો છે ? તેની ગરીબાઈમાંજ મારે માટે આખી જીંદગીનું સુખ સમાયલું છે." આ વાકય એદેલીન આખા દિવસમાં કાંઈ સેંકડો વખત બોલતી અને એમ પણ પોતાનાં મનને સમજાવતી કે "ગરીબાઈ કાંઈ પાપ નથી, ગરીબાઈ કાંઈ અજીમ ગોનાહ નથી. બધાંજ ગરીબો જેમ બુરાં હોતાં નથી, તેમ બધાંજ તવંગરો કાંઈ ભલાં હોતાં નથી."

આવા આવા ખ્યાલોમાં ગાડી ગબડતી ચાલી અને પીત રોડ અંતે આવી લાગ્યો. ગાડી ઉભી રહી. એદેલીન નીચે ઉતરી. જે મકાન આગળ ગાડી થોબાવવામાં આવી હતી તે મકાન તેણીના પ્યારની મુર્તિ નીલ લાયનનું હતું. તેણીએ નજર કીધી તો તે મકાનમાં દીવો પુર ઝમકમાં બળતો હતો. તે અજબ ઉલટ અને ઉત્સાહથી તે મકાનની પગથિ ઉપર ચહડી. તે પોતાનાં મન સાથે બબડી, "હા ! ગરીબની ઝુંપડીમાં જેટલા ગુણો મલી આવેછ તેને સોમે ભાગે તવંગરનાં મેહેલ સરીખાં આલીશાન મકાનમાંથી મલી આવતા નથી."

એદેલીન લાયનના ઓરડાની બાહેર થોડીક પળ ઉભી રહી. તેણીએ આપાસ નજર કીધી તો તેણીએ મોટી ખુશાલી વચ્ચે જોયું કે તવંગરીના તોરમાં મરી રહેલાંઓ જ્યારે પોતાનું મકાન પૈસાના જોરે શોભીતું બનાવી શકે છે, ત્યારે ગરીબો પોતાની હલાલ મેહેનતથી પોતાની ઝુંપડીને સણગારી શકે છે. લાયનનું ગરીબ મકાન તેણીને સુઘડાઈ, સફાઈ અને પવિત્રાઇનો એક ખરો નમુનોજ લાગ્યું. જ્યાં જ્યાં તેણીએ નજર કીધી ત્યાં ત્યાં ઉંચોજ 'ટેસ્ટ' તેણીની નજરે પડયો. તેણીએ આજેજ જાણ્યું કે ગરીબોમાં પણ આટલી બધી હદ સુધી ઉંચો 'ટેસ્ટ' હસ્તી ભોગવતો હતો.

એદેલીને લાયનના ઓરડાનું બારણું અજબ ખુશાલીની લાગણીથી ખોલ્યું. બારણું ખુલ્લું થઈ જવા છતાં લાયનનું ધ્યાન તે તરફ ખેંચાવા પામ્યું નહિ. નીલ લાયન એક ખુરસી ઉપર બેઠેલો હતો. તેની સામેની નાની ટેબલ ઉપર બત્તી બળતી હતી. તે પોતાનાં માથાંને હાથનો ટેકો દઈ કાંઈ ઉંડા ખ્યાલોમાં લીન થઈ ગયલો જણાતો હતો. પોતાનાં મનની મુર્તિને આવી હાલતમાં જોઈ એદેલીનનાં આખાં બદનમાં અજબ જેવી લાગણીનો વિજળીક પ્રવાહ ફરી વળ્યો. તેણીએ જોયું કે લાયનના ચેહેરા ઉપર દલગીરીએ છાપ માર્યો હતો, જેનો સબબ તેની નોકરી ઉપરથી થયલી બરતરફીનો તેણીએ માની લીધો. પણ તેણીને લાયનની માફક થોડીજ ખબર હતી કે તેને તેની નોકરી એક વાર ફરીથી મલી ચુકી હતી. પોતાની પ્રિયાની હાજરીથી તદ્દનજ બિનવાકેફ રહેલો, અને મોહબતના આતશમાં બળતો આ જવાન આ મુજબ પોતાનાં જીગરનો ઉભરો ખાલી કરતો હતો.

"ઓ એદેલીન ! એદેલીન ! તને ખુદાએ શા માટે તુમાખી તવંગરોમાં જન્મ આપ્યો હશે ? ઓ ! એદેલીન ! તને શી ખબર કે હું તને કેવા અખુટ પ્યારથી ચાહુંછ ! અરે ! શું તવંગરોને ચાહવાનો ગરીબોને હક નથી ? શું તવંગરોને ગરીબો તરફ ફકત ધિક્કારની નજરથીજ જોવાનો હક છે ? એદેલીન ! એદેલીન !"

લાયનના આ શબ્દો સાંભળતાં એદેલીનનું નરમ હૈયું ભરાઈ આવ્યું. તેણીને લાગ્યું કે તેણીની આંખોના દરિયાવમાંથી આંસુના મોજાએ હમણાં ઉછાળો મારી બાહેર નિકળી પડશે. પણ તેણીએ પોતાનાં હૈયાંને લગાર મક્કમ કરી બારણું હળવેથી પાછું બંધ કીધું અને જાણે તે હમણાંજ આવી હોય તેમ તેણીએ દરવાજા ઉપર દશ બાર ટકોરા માર્યા. હવેજ લાયનનું ધ્યાન દરવાજા તરફ ખેંચાયું. તે તરતજ ઉઠયો અને કોણ છે તે જોવા માટે જયારે તેણે બારણું ખોલ્યું ત્યારે તેની અજાયબી તેમજ ખુશીનો કશો પાર રહ્યો નહિ.

"મીસ રેન ! આવા વખતે તમારા કમીના સેવકની ઝુંપડી તમો બાઈ સાહેબનાં પનોતાં પગલાંથી પવિત્ર કરવાની આ કેટલી બધી નવાજેશ હું ગણું !"

"મી૦ લાયન, હું અંદર આવું ?" એદેલીને પુછ્યું.

"તમારા નોકરનાં એવાં કયાં નસીબ કે તમો જેવાં નામદાર બાનુની હાજરીથી તેનો ઓરડો પાવન બને !"

એદેલીન ઓરડામાં દાખલ થઈ. તેણીએ એક ખુરસી ઉપર બેઠક લીધી અને લાયન તેણીના હુકમનો આરઝુમંદ બની ખુબસુરતીની રાણી સામે આવી ઉભો.

"મી૦ લાયન, તમારાં માય કયાં છે ? હું તમો બંનેને મલવા આવીછ. હું તો એમજ ધારતી હતી કે મીસીસ લાયન આવા સમયે ઘેરમાંજ હશે, નહિ તો હું આજે અહિં પગ મેળતેજ નહિ."

આ વખતે તેણીના ચેહેરા ઉપરનો રંગ ઉડી ગયો હતો. લાયન સાથે આવી રાતના સમયે એકલી પડતાં તેણીને કાંઇક ડર લાગ્યો. તે ડર લાયન તરફનો નહિ, પણ તે ડર ગિબતખોરી દુનિયાનો હતો, નિંદાખોર જીભલીઓનાં કાતેલ ઝેરનો હતો.

"મીo લાયન, હું એટલુંજ કહેવા આવીછ કે તમને લોર્ડ ઓલ્દકેસલ તરફથી જે ગેરઇનસાફ ખમવો પડયોછ તે માટે હું બેહદ દલગીર છું. એ ગેરઇનસાફ ગુજારવામાં મારો મુદલ હાથ નથી, મારો બિલકુલ ભાગ નથી. લોર્ડ ઓલ્દકેસલે તમારા બાબમાં જે નાલાયક પગલું ભર્યુંછ તે મારી મરજીની તદન વિરૂદ્ધ છે. મીo લાયન, તમને દરેક રીતની મદદ કરવાને હું ખુશી છેઉં. સાંભળો, હાલ તુરત તો મારાં કારખાનામાં હું કશું કરી શકતી નથી, તેમ કરવાને હું તદન લાચાર છું. એક વરસ પછી હું મારી મરજી ને મારી દોલતની માલેક થાઉં તેટલો વખત બીજાં શેહેરમાં તમારે લાયકની નોકરી અપાવવાને હું મારા વગ અને પૈસાનો બનતો ઉપયોગ કરીશ. એક વરસ બાદ, યાદ રાખજો મીo લાયન, કે તમારી હાલની નોકરી તમને પાછીજ મળશે કે જયારે કાયદાની રૂએ કારખાનાની હું માલેક બનીશ. કેમ, મારી આ સુચના તમોને પસંદ છે કેની?"

એદેલીન બહુજ અજબ થઈ કે તેણીની આ ભલી સુચનાથી લાયનના ચેહેરા ઉપરની દલગીરીનો છાપ કમી થવાને બદલે ઓર તેમાં વધારો થયો હતો. પણ આમ થવાનો સબબ તે ભોળી બાનુ મુદલ સમજી શકી નહિ.

"મીસ રેન, તમારી આ કેટલી બધી ભલાઇ! હું તમારો બેહદ અહેશાનમંદ છેઉં. હું ઓલ્દકેસલ છોડવાને તૈયાર છેઉં, પણ તે છેવટને માટે છે. મને લાગેછ કે એક વાર આ જગ્યા છોડવા પછી હું તે ફરીથી કદી પણ જોવા પામશ નહિ."

એદેલીન ચોંકી. તેણીના ચેહેરા ઉપર ફિકાસે ઘેરો નાખ્યો.

"સબબ, મીo લાયન?" એદેલીન એટલુંજ બોલી શકી.

નીલ લાયને પોતાની નજર એદેલીન તરફ ફેરવી. એદેલીન ઘબરાઈ ગઈ. લાયનના ચેહેરા ઉપર અજબ જેવી નિરાશીએ ઘર કીધેલું તેણીએ જોયું. તેના હોઠો ઉપરનો લાલાસ અને તેના ચેહેરા ઉપરનો ગોલાબ અજબ જેવી ઝડપથી ઉડી ગયા હતા. તેની આંખો ધગધગતા અંગારની પેઠે બળતી હતી. એ શું હવું?

"મીસ રેન! જે સબબ તમો જાણવા માંગોછ, તે કેહેવાની હું હિમ્મત કરી શકતો નથી, પણ તમો બજીદજ થતાં હોવો, અને તે મારી મુસ્તાખી માટે મને દરગુજર કરો તો હું તે કહું." એદેલીનના ચેહેરા તરફ ધારી ધારીને જોવા પછી અને તેણી તે સબબ જાણવાને ઇંતેજાર હતી એમ પિછાની લેવા પછી તે બોલ્યો, "તમો જયારે લાખોની દોલતનાં માલેક છેઓ અને સદગુણ અને ખુબસુરતીની રાણી છો, ત્યારે હું આ જુઠી, ઠગારી દુનિયાથી હિણાતો, જગેજગ ઠોકરો ખાતો કમનસીબ કંગાળ, એક ગરીબ કામદાર છેઉં, બલ્કે જુલિયન જેવા તુમાખી તવંગરોનાં મનથી તો એક ચંડાળ છેઉં. મીસ રેન, ખુદાએ જોકે ગરીબોને તવંગરો જેટલી દોલતથી નવાજયા નથી, તોપણ તે પેદા કરનાર સાહેબે ગરીબોને તવંગરોના જુસ્સાથી બાકાત રાખ્યાં નથી. એક બાદશાહી ખાનદાનનો નબીરો જેટલા જુસ્સા અને લાગણીથી તમને ચાહતે તેવોજ જુસ્સો અને લાગણી તમને ચાહવાને મારાં સાચ્ચાં અંતઃકરણમાં ખુદાતાલાએ મુકયાં છે, તે ત્યાં મોજુદ છે, હૈયાત છે, અને તે સદાજ હૈયાત રહેશે, જયાં સુધી મારા દમમાં દમ બાકી છે ત્યાં સુધી તે હૈયાતજ રહેશે. તમો જુવો કે મારૂં આ કમીનું ગરીબડું મકાન

તમારાં પવિત્ર કદમની આમદથી એક બેહેસ્તની પેઠે ખિલી નિકળ્યુંછ, મારી આ સદાની ઝાંખી બત્તી તમો જેવા નેકી ને ખુબસુરતીના ફરેસ્તાની હાજરીથી રોશન રોજની માફક બળેછ, તેજ માફક બાનુ તમને મારી નજર સામે જોતાં મારાં અંતઃકરણના પણ એવાજ હાલ બન્યાછ. મીસ રેન, હું કંગાળ, કમનસીબ હોવા છતાં તમને ચાહુંછ. જે દિવસથી, મેં તમોને પેહેલાં દીઠાં તેજ પળથી હું તમને ચાહતાં શિખ્યોછ. આ સઘળું આજે કબુલ કરતાં હું શરમાતો નથી, મારો ચાહ પ્રમાણિક છે, સાચ્ચો છે, વગર ખામીનો છે, બિલકુલ નિર્મળ, સાફ અને પાક છે. એદેલીન, મારાં અંતઃકરણનાં પવિત્ર મંદિરમાં તમારી મુર્ત્તિને શરૂઆતથીજ વાસો આપી હું દર પળે તેની પુંજા કરૂંછ. તમારી સુરતને મુર્ત્તિ બનાવીછ ત્યારે હું તેનો વફાદાર પુંજારી બન્યોછ. ત્યારે કહો મને કે હું ઓલ્ડકેસલ કેમ તજી જાઉં ? કેવાં જીગરથી છોડું ? જે શેહેરમાં તમો દમ લેવો તે શેહેરને હું કેવી રીતે તરછોડી જાઉં ?"

આ છેલ્લા સવાલનો જવાબ એદેલીનનાં મોહડેથી મેળવવાની ચિંતાતુર ઇંતેજારીમાં લાયન ચુપ બેઠો. એદેલીનની હાલત પણ પોતાને નહિ સમજ પડે તેવી થઈ પડી. જેમ જેમ લાયન વધુ અને વધુ બોલતો ગયો તેમ તેમ તેણીનાં દિલમાં અજબ ધપકારા થવાના ચાલુ રહ્યા. તેનો એકેએક હર્ફ એદેલીનને અમૃત કરતાં પણ મીઠો લાગ્યો હતો. તેણીએ આજેજ જાણ્યું કે ગરીબોનાં જીગરમાં પણ મોહબતનો અખુટ ભંડાર ભરેલો હતો.

એદેલીનને પોતાના ખ્યાલમાંજ બેઠેલી જોઈ લાયને લગાર શાન્ત બની આગળ ચલાવ્યું, "બાઈ સાહેબ, હવે તમારી માફીનો હું ઉમેદવાર છેઉં. મેં સાચ્ચાં દિલથી જે સાચ્ચો એકરાર કીદ્રોછ તે એક એવો ગુનાહ છે કે જેની સજા મોત કરતાં પણ બદતર બુરી હોવી જોઇએ. બોલો, બાનુ, મારો આ અજીમ ગુનાહ તમો દરગુજર કરશો કે નહિ ?"

"સરો ચશ્મથી ! લાયન, સાચ્ચો એકરાર એ માફીની પુરતી જામીનગીરી છે. પણ અગરજો મારી માફીથી તમને સુખજ મલતું હોય તો ચાલો હું તમને મારાં પાક અને સાફ અંતઃકરણથી માફ કરૂંછ. પણ લાયન, તમારી આંખોમાં તો આંસુ છે ?"

"હા, બાનુ, એ આંસુ છે, પણ એ ખુશીનું બેઆનું છે. તમારી માફીથી મારી ખુશી મારાં જીગરમાં સમાઈ નહિ જેથી તેણે આંખોના માર્ગે પોતાનો રસ્તો લીધોછ. બાનુ, હવે હું તમોને વધુ વાર ખોટી કરવા માંગતો નથી."

એદેલીનને હવેજ ભાન આવ્યું કે લાયન સાથની મુલાકાત હદથી જયાદા વખત લંબાઈ હતી. તે પોતાની બેઠક ઉપરથી ઉઠી અને મોજાં સાથનો પોતાનો નાજુક હાથ લાયનના ખડતલ હાથમાં મેલ્યો. બંનેના હાથોમાં એકજ જાતની લાગણી દોડતી રહી હતી. લાયનનો ચેહેરો જયારે સફેદ ફુલ જેવો ફિક્કો હતો ત્યારે એદેલીનના ગોરા ચેહેરાએ લાલાસનો રંગ પકડયો હતો. બંનેનાં જીગરો એવા તો જોશથી ધપકારા લેતાં હતાં કે તેઓ બંને તે સાંભળી શકતાં હતાં.

બંને એક બીજાને નમ્યાં. બંનેએ એક બીજાના ચેહેરા તરફ ધારી ધારીને જોયું. બંનેથી છુટાં પડતી વેળા એક હર્ફ વટીક બોલી શકાયો નહિ. તેમનું જીગર જોશથી ચાલતું હતું, જયારે તેમની જબાન એકદમ બંધ પડી ગઇ હતી.

એદેલીને પોતાની ગાડીમાં જગા લીધી. ઘોડાઓએ પોતાના નાજુક, કીંમતી બોજાને ઉપાડી લઈ મરોડદાર ચાલે ચાલુ મુકયું. લાયન પોતાની નજર પુગી ત્યાં સુધી દિવાનાની તરેહ તે ગાડી ટીકતોજ ઉભો. એદેલીન પોતાની ગાડીની બેઠકને અઢેલીને પડી. તેણીની આંખોમાંથી નવધાર આસુંઓ રસ્તો લેતાં હતાં.

ખુદરતનો ગેબી ફટકો.

ઓલ્ડકેસલ પાર્કનું દિવાનખાનું એદેલીનને મનથી એક ઘોરસ્તાન કરતાં પણ ડરામણું અને ભયાનક લાગતું હતું. તે જોકે દિવાનખાનામાં તદન એકલી હતી નહિ, સેહેજ દુરથી લેડી ઓલ્ડકેસલ પણ કાફીના સહરૂકા ઉપર સહરૂકા મારતી બેઠેલી હતી, તોપણ એદેલીનને કાંઇ નહિ સમજ પડે એવો અજબ ધડક ધ્રુજારો લાગતો રહ્યો હતો. તેણીના જીવને કાંઇ અજબ ધસક પડતી હતી. એ શું હતું?

લેડી ઓલ્ડકેસલ ડોબરો ચહડાવી મિજાઝમાંજ બેઠી હતી, તોપણ આડે ડોળે તે એદેલીનને ટીકતી રહી હતી.

આજે એદેલીને વધુ મજબુતાઇથી લેડી ઓલ્ડકેસલનં જુલિયનની પરણેતર થવાને સાફ ધસીને ના પાડવાથી તે ઉમરાવ બાનુનો મિજાજ હાથથી ગયો હતો. જુલિયન જેવા દોલત અને ખેતાબના વારેસ સાથે પોતાના આખા ભવની પાળ બાંધવાને બાદશાહી ખાનદાનની સ્ત્રી વટીક ના પાડી શકે નહિ તો એદેલીનની શી તાકાત અને મકદુર કે જુલિયનની માંગણી પગ તળે ચાંપવાની તે હિમ્મત કરી શકે? આ સવાલ લેડી ઓલ્ડકેસલ પોતાનાં મનને સેંકડો વાર પુછી ચુકી હતી, પણ તેણીની મગજ શક્તિ એટલી તો મંદ હતી કે તેણીના સવાલનો મનમાનતો જવાબ તે મુદલ આપી શકી નહિ. આથી તે મગરૂર અને તુમાખી સ્ત્રી પોતા ઉપરજ ખિજવાઇ ગઇ, જેનાં પરિણામમાં તેણીને કાફીનાં કપની જરૂર પડી. પરિણામ સારૂંજ આવ્યું કેમકે કાફી પીતાં તેણીને મનથી એક ઘણોજ લાયક ખ્યાલ તેણીને સુજયો, તે એ હતો કે એદેલીનની ફરિયાદ લોર્ડ ઓલ્ડકેસલ આગળ કરવી. એદેલીન તે ઉમરાવને પોતાના બાપનાં વાહલથી ચાહતી હતી એટલે તેનો સખુન તે હઠીલી સુંદરી જરૂરજ કબુલ કરવા વિના રહેશે નહિ એમ તેણીને લાગ્યું. તુરતજ તેણીએ ચંગ વગાડયો અને ભપકાદાર પોશાક સાથનો એક નોકર ત્યાં દાખલ થયો, જેને લોર્ડ ઓલ્ડકેસલને એકદમ બોલાવી લાવવાનો બાઇ સાહેબે હુકમ કીધો. ચતુર એદેલીનને ચેતી જતાં વિલંબ લાગ્યો નહિ કે લેડી ઓલ્ડકેસલની આ સઘળી ધરપચ શા માટે હતી.

લોર્ડ ઓલ્ડકેસલ પોતાની મોહરદારના પેગામને માન આપી જેવો ઓરડામાં દાખલ થયો કે તુરતજ લેડી ઓલ્ડકેસલે તેની આગળ પોતાનો ગુસ્સો ખાલી કરવા પોતાના હાથમાંનું કાફીનું કપ અને રકાબી ટેબલ ઉપર ઘણા જોશ સાથે અફાળ્યાં.

"જોન!" તેણીએ પોતાના ખાવિન્દને થથરાવનારા સાદેજ ગુસ્સાના ડોબરાથી કહ્યું, "જોન! આજે મને તમારી આગળ એક ઘણીજ ગંભીર બીના જાહેર કરવીછ. તે સાંભળી ખુદા ખાતર તમે ઉસકેરાઇ જતા ના. સાંભળો જોન! એદેલીને પોતાના મરનાર બાપને જુલિયનની પરણેતર થવાની કબુલાત આપી હતી તે તો તમોને યાદ છે કેની?"

લોર્ડ ઓલ્ડકેસલે ડોકું ધુણાવ્યું. જે પછી લેડી ઓલ્ડકેસલે આગળ ચલાવ્યું, "જોવ, ત્યારે હવે એદેલીન તદન ફરી બેઠીછ, અને હવે તો એ એમ કહેછ કે મેં તે કબુલાત ફક્ત ફરજની મારી આપી હતી."

"વારૂં પછી?" લોર્ડ ઓલ્ડકેસલે કંઇ અજબ ઠંડાઇથી તેમજ લગાર કંટાળવાની ઢબે સવાલ કીધો.

"જરા ધીરજ ધરીને આગળ તો સાંભળો! તમારો હોશ ફરામોશ થઇ જશે. હવે એદેલીન જુલિયનને પોતાનો ખાવિન્દ બનાવવાને સાફ ના કહેછ. તે કહેછ કે હું જુલિયનને ચાહતીજ નથી, અને મારે તેની સાથે પરણવુંજ નથી. જુલિયન આગળ એણે કીધેલો આ નફટાઇ ભરેલો એકરાર મેં મારા કાનોકાન સાંભળ્યોછ."

લેડી ઓલ્ડકેસલે ધાર્યું કે આ નાપસંદ ખબરથી લોર્ડ ઓલ્ડકેસલ એદેલીન ઉપર એકદમ છેડાઇ પડી ભુખ્યા સિંહની માફક બરાડ પાડશે. પણ તે મગરૂર સ્ત્રી ભુલતી હતી. તે ઉમરાવ હંમેશ કરતાં પણ આજે વધારે ઠંડો હતો. આથી તેણીની અજાયબિનો પાર રહયો નહિ. તે ખિજવાઇને પોતેજ પોકારી ઉઠી, "જોન! હું કેહુંછ તે કાંઇ તમો સાંભળોછ કે નહિ? એદેલીન, જુલિયનના પ્યારને ઠોકરે મારેછ તે કોણ નામદારને ખાતર તેની તમોને કાંઇ સ્વપનેબી ખબર છે કે?"

"નહિ! મને શું ખબર હોય? હું એ બીના કશી જાણતો નથી," લોર્ડ ઓલ્ડકેસલ જરા પણ ઉસકેરાવા વિના એદેલીન જે પોતાનાં માથાંને હાથનો ટેકો આપી ખ્યાલોમાં ગર્ક બની બેઠી હતી તેણીના ચેહેરા તરફ દયાથી જોતો બોલ્યો.

"ત્યારે સાંભળો ને ધ્રુજો કે એદેલીન જેણીને તમારા એકપુરા વાહલા બેટાની વાહલી મોહરદાર બનાવવા તમે આટલા કુદી રહ્યા હતા તે પોતાના ભલા મરનાર બાપનાં નામને નામોશીમાં નાખી, તેના સખુનને પગ હેઠળ ભચડી પોતાના બાપનાજ પેલા નીચ, કમીના ને કંગાળ, ચંડાળ નોકર નીલ લાયન જેણે આપણા તમામ કામદારોને હડતાળ પાડવા ઉસકેર્યા હતા અને જેને તમો બરતરફ કરી ચુકાછ તેની સાથે પ્યારમાં પડીછ, કહો કે જેહાનમના ઉંડા ગારમાં ફસીછ."

નીલ લાયનનું નામ લોર્ડ ઓલ્ડકેસલના કાને અથડતાં તે ઉમરાવ ચોંકયો અને ઉછળ્યો. લેડી ઓલ્ડકેસલે માન્યું કે એદેલીનનાં માથા ઉપર હમણાં સિહા વાદળ તુટી પડવાનું. પણ નહિ. તેણીએ જોયું કે તે ઘેરાયલું વાદળ તો ઓર ખુલી ગયું હતું. આથી લેડી ઓલ્ડકેસલ ખિજવાટ અને અજાયબિની ભેળના મિશ્ર અવાજ સાથે બોલી, "જોન, મેં જે તમોને ભયંકર ને અચંબા ભરેલી હકીકત જણાવી તે તમે સાંભળી કે?"

"હા, ઘણીજ ખુશી સાથે સાંભળીછ!"

લેડી ઓલ્ડકેસલ આગળ તે ઘડીએ એક જવાળામુખી ફાટયો હતે અને તેથી તે જેટલી અજબ થતે તે કરતાં વધુ અજબ તે પોતાના ખાવિન્દની આજની વર્તણુંકથી થઇ. તેણી આ અણધારેલા જવાબથી ગોયા ફાટીજ ગઈ. હવે તેણીને એદેલીન કરતાં પોતાના ખાવિન્દ ઉપર વધુ ચીડ ચહડી. તે ગુસ્સાથીજ બોલી, "જોન, એ તમે શું બોલોછ? તમારી શુદ્ધબુદ્ધ આજે કાંહ ઉડી ગઇછ?"

"હેત્રીએતા," લેડી ઓલ્ડકેસલનાં નામથી પોતાની પરણેતરને બોલાવતાં તેનું જીગર ડંખવાથી તેણીનું નામ પોકારી લોર્ડ ઓલ્ડકેસલ બોલ્યો, "હમણાં સુધી મારી શુદ્ધબુદ્ધ ઉડી ગઈ હતી. પણ આજે તારી હકીકત સાંભળી મને ભાન આવ્યુંછ. એ ભાન ખુદરત તરફનું છે. સાંભળ કે એદેલીન લાયનને ચાહતાં શિખે એ બનવા જોગજ છે. લાયન ભલો છે, ખુબસુરત છે, સાચ્ચો ને પ્રમાણિક જવાન છે, ને દરેક રીતે એદેલીન જેવી રૂપસુંદરીના બખતાવર હાથને માટે બિલકુલ લાયક છે. અરે ખુદા! ખુદા! તારી ખુદરતનો કાંઇ અજબજ ભેદ છે, અજબ કરામત છે."

લેડી ઓલ્ડકેસલ પોતાના ખાવિન્દને ઠપકાના તિરથી વિંધી નાખવા જાય તે પેહેલાં તો તે બુઝરોગ ઉમરાવ ઉપલા સખુનો બોલતાંજ ઉંધે મસ્તક જમીન

ઉપર તુટી પડયો, તેના ઉપર લકવાની ભયંકર બિમારીએ ગલબો કીધો. એદેલીન સારવાર માટે ધસી ગઇ. આખાં મકાનમાં આ બનાવથી ધભરાટ ફેલાઈ રહ્યો અને તબીબોને બોલાવવાની દોડાદોડી ચાલી રહી.

શું ખુદરતનો આ ગેબી ફટકો હતો? શું ખુદરત લોર્ડ ઓલ્દકેસલને મારી નાખી જુલિયનનો સેહેલ્જબી ખરબચડો રસ્તો સાફ અને મોકળો કરતી હતી?

"લોર્ડ ઓલ્દકેસલ કોણ, તું કે હું?"

લોર્ડ ઓલ્દકેસલની ચિંતાતુર બિમારીની ખબર બોલ બોલતાંમાં આખાં શેહેરમાં વિજળીક વેગે ફેલાઇ ગઈ. આ માઠી ખબરથી આખું શેહેર ગમમાં ગરકાવ ગયું. તાલેવંતો તરફથી ગરીબો ગમે તેટલું દુઃખ સેહેવવા છતાં તેઓ કદી પણ તવંગરો માટે બુરૂં ઇચ્છતાં નથી. જોકે લોર્ડ ઓલ્દકેસલની તુમાખીભરી જીદથી ગરીબોને મોટા ગેરલાભમાં ઉતરવું પડયું હતું, તોપણ જયારે તેઓએ તેની ભયંકર માંદગીની સઘળી કેફિયત જાણી ત્યારે તેઓ ખરાં જીગરથી તે માટે દલગીરી બતાવ્યા વિના રહ્યાં નહિ. દોરાને પણ તેની નાની બેહેન એદેલીને તેણીના સસરાની ધાસ્તીભરી બિમારીની આ ગમનાક ખબર પુગાડી હતી. તેણીએ હાલ તરત તો પોતાની બેહેનની સમજાવટથી લંડન જવાનું માંડી વાળ્યું હતું. આ ખબર પછી દોરાએ રોદ્રીકની છુપી મુલાકાત એક વાર ફરીથી લીધી હતી, અને તેણીએ તેના બાપની ગંભીર બિમારીની કેફિયતથી તેને વાકેફ કીધો હતો. પણ આ ખબર તેણે ઘણાં નફકરાં દિલે સાંભળી હતી. આ સઘળો વખત રોદ્રીક નિર્દોષ દોરાને પૈસાથી નિચોવતોજ રહ્યો હતો.

એદેલીનને લોર્ડ ઓલ્દકેસલની બિમારીથી બહુજ લાગતું હતું. તે ભલી સુંદરીની દલગીરી પાર વિનાની હતી, કારણકે તેણીના ભલા પિતાનાં દુઃખદાયક મરણ પછી તે ઉમરાવે તેણીના બાપ અને વાલીની સામટી જગા રાખી હતી. બિમારીની ફકત એજ પળ આગમચ તેણે એદેલીન અને લાયનના સંબંધમાં કેવો ઉમદા ખવાસ બતાવ્યો હતો એજ ખ્યાલ તે ઉમરાવ માટે તેણીને ગમમાં ગરકાવ કરાવવાને પુરતો હતો. લોર્ડ ઓલ્દકેસલ પોતાની બિમારીની આગમચ લાયન માટેના ઉચા ખ્યાલને શા માટે પોતાનાં જીગરમાં વાસો કરાવવા પામ્યો તેનો સબબ તે ભલી સુંદરી બિલકુલ સમજી શકી નહિ. તે કયાંથી સમજે? લાયનની માતા અરસુલાએ લોર્ડ ઓલ્દકેસલ સાથની નિકટ સગાઇનો સંબંધ પોતાનાં જીગરમાંજ દાટી રાખ્યો હતો. પણ જયારે એદેલીને જાણ્યું કે પોતાના ઉમરાવ વાલીએ પોતાની ભયંકર બિમારી દરમ્યાન લાયનને તાબરતોબ મળવાની ઇચ્છા પોતાના વકીલ અને તબીબને જણાવી હતી ત્યારે તેણીની અજાયબિનો પાર રહ્યો નહિ. શું તે ઉમરાવ પોતાની છેલ્લી ઘડી પાસે આવતી જાણી લાયનને કીધેલી ગેરઇનસાફીનો બદલો વાળી આપવા માંગતો હતો? એ સઘળો ભેદ શો હતો તે શોધી કાહડવાને તેણીએ ઘણીબી કોશેશ કીધી પણ સઘળું ફોકટ.

લોર્ડ ઓલ્દકેસલની માંદગીનાં બિછાનાવાળા ઓરડાની પાસે 'સીટીંગ રૂમ' આવેલો હતો ત્યાં લેડી ઓલ્દકેસલ, જુલિયન અને એદેલીન શાન્ત ચુપકીદીમાં

પોત પોતાના ખ્યાલોમાં એક ચિત્તે બેઠાં હતાં. લોર્ડ ઓલ્ડકેસલનો સોલીસીતર પણ ત્યાંજ કાંઈક લખતો બેઠો હતો અને થોડે થોડે વારે પાસેના ઓરડામાં માંદગીનાં બિછાને પડેલા પોતાના ઉમરાવ કુળની છેલ્લી પળની હિલચાલ તપાસતો હતો. માંદગીનાં બિછાનાવાળા ઓરડામાં માત્ર વડો ડાકટર અને બે બાહોશ નર્સ હતાં. એદેલીન સિવાય બીજા કોઇને પણ બિછાના આગળ નહિ જવાનો તબીબનો સખ્ત હુકમ હતો, કારણકે બિમારને શાન્તિ વિશેષ જરૂર હતી. આસપાસનાંઓની જરા પણ ઉસકેરણી બિમાર માટે જલદીથી મોતને આમંત્રણ કરવા સમાન હતી.

"મી૦ ઓએન," લેડી ઓલ્ડકેસલ પોતાના ભરથારના સોલીસીતર આગળ જઈ બોલી, "મી૦ ઓએન, બોલો, તમારી સાથે લોર્ડ ઓલ્ડકેસલે કંઈ પણ વાત કીધી કે?"

"બિલકુલ નહિ, લેડી ઓલ્ડકેસલ. લોર્ડ ઓલ્ડકેસલની જબાનજ ગોયા સિવાઈ ગઈછ. હું માનુંછ કે તેમનું ધારેલું કામ બિલકુલ થયું નથી. કોઈ મી૦ નીલ લાયન નામના ગ્રહસ્થ જોગું સીલ કીધેલું પેકેત તેવણે મને આપ્યુંછ."

તે તુમાખી બાનુનો આ વેળાનો ચેહેરો મોતના દેખાવ જેવો ફિક્કો ફચ મારી ગયો હતો. તેણીના હોઠો ધ્રુજરી થઈ આવી હોય તેમ ધ્રુજતા હતા. આ વેળાએ બિમારના ઓરડામાંથી ડાકટર સ્મીથ બાહેર નિકળવાથી આ નવી નાસિપાસીને તેણીએ બાજુએ મેલી તે તબીબ આગળ જઈ પુછયું, "ડાકટર, મને સાચ્ચું કેહી દેવો કે લોર્ડ ઓલ્ડકેસલ કેમ છે? અરે! તેને બચવાની જરા પણ આશા છે કે બિલકુલજ નહિ?"

"આશા!" તે બાહોશ તબીબ નાશિપાસ થઇ બોલ્યો, "નામવર બાનુ, હું શું જવાબ દેઉં? તમોને ખોટી આશા હું મુદ્દલ આપતો નથી. લેડી ઓલ્ડકેસલ, તમારા ઉમરાવ ખાવિન્દનો જીવ બચાવવાની મને જે સેહેજબી આશા હતી તે હવે નિરાશામાં ફેરવાઈ ગઇછ. નામદાર લોર્ડની જીંદગી માત્ર ઘડીપળની છે. તેવણ છેલ્લો દમ લેછ. જે પળ જાયછ તેમાં અંત જલદીથી આવવાનો સઘળો મામલો ખુલ્લો છે. બાનુ, મારે ભારે અફ્સોસ સાથે જણાવવું પડેછ કે ભલા લોર્ડ ઓલ્ડકેસલ હવે આ દુનિયામાં માત્ર થોડીજ ઘડીના પરોણા છે."

તબીબના આ નાસિપાસીભર્યા બોલો એદેલીનના પણ કાને પડયા હતા. લેડી ઓલ્ડકેસલ પોતાના ઉમરાવ ખાવિન્દનો છેલ્લો દિદાર નિહાળવાને માંદગીવાળા ઓરડામાં ગમથી આજેઝ બની ધસી ગઈ. એદેલીન પણ જવા ઉઠી, પણ તેણીનું નાજુક જીગર પોતાના ભલા વાલીની છેલ્લી પળની તાણતોડ જોવાનું સાંખી શકશે નહિ એવા ખ્યાલથી તે દુઃખી સ્ત્રી ગમમાં ગર્ક બની પાછી બેઠી. જુલિયનની નજર તેણીની ઉપર ચોંટી બેઠી હતી.

'સીટીંગ રૂમ'નો દરવાજો ઘણોજ હળવેથી ઉઘડયો અને એદેલીનનો બુઢો કારભારી સેહેજ પણ ઘોંઘાટ વિના ત્યાં દાખલ થયો. તે પાધરો જુલિયન બેઠો હતો ત્યાં ગયો અને એદેલીન સાંભળે તેમ બોલ્યો, "સાહેબ, ઇજનેર નીલ લાયન નીચે ખડો છે. તે ઉપર આવવા માંગેછ."

જુલિયને વાઘની પેઠે ઉછળી પોતાના બાદશાહ જેવા બાપની જીંદગીની છેલ્લી પળ વેળાની શાન્તિની પણ દરકાર કર્યા વિના બરાડ મારી, "શું, પેલો બદમાશ આવી વખતે પણ આપણને સતાવવા ચુકતો નથી? તેને અહિંથી હમણાં ને હમણાં કાહડ, નહિ જાય તો લાત મારીનેબી કાહડ."

સ્પ્રેગ જુલિયનને નમીને જવા કરતો હતો, તેજ પળે એદેલીને તેને પોતાના હાથની ઇસારતથી અટકાવી કહ્યું, "સ્પ્રેગ, ખબરદાર જો એવી નાદાની કીધીછ તો. લાયન પોતાની ખુશીથી અહિં આવ્યો નથી. તેને તો લોર્ડ ઓલ્દકેસલે મળવા બોલાવ્યોછ. સબર! હું લોર્ડ પાસે જઇ આઉં ને જોવું કે તેવણ લાયનને મળવા જેવી હાલતમાં છે કે નહિ."

આટલું બોલી બિમારના ઓરડામાં તે ઉલટભર ગઈ, પણ જયારે તે પાછી ફરી ત્યારે તેણીની આંખોમાં આંસુ હતાં. "સ્પ્રેગ, લોર્ડ ઓલ્દકેસલ મરેછ. ઓ! જેમ તેવણે લેડી ઓલ્દકેસલને ઓળખ્યાં નહિ, તેમ મનેબી ઓળખી શકયા નહિ. તેમના ચેહેરા ઉપર મોતનો છાપ આબાદ પડયોછ."

એદેલીન સાચ્ચુંજ બોલી હતી. દશ મિનિટના અરસામાં લોર્ડ ઓલ્દકેસલનાં ખોળિયાંમાંથી જીવ પંખેરાંની પેઠે ઉડી ગયો હતો. તે તુમાખી ઉમરાવ પોતાની પાછળ પોતાની તમામ દોલત તથા હશમતને, અને પોતાનાં વાહલાં તથા નજદીકનાંઓને આ જેહાનમાં છોડી પોતાની ભલી કે બુરી કરણીનો જવાબ આપવા ખુદાઇ દરગાહે પુગી ચુકયો હતો. લેડી ઓલ્દકેસલ માટે આ ફટકો જબુનમાં જબુન હતો. એદેલીનને તો એમજ લાગ્યું કે તેણીનો વાહલો બાપ આજેજ મરણ પામ્યો હતો. તે ભલી સુંદરી પોતાના જનીતા બાપના આશ્રામાંથી તો બાતલ થઇજ ચુકી હતી તેમાં જુલમગાર મોતે વળી આ નવો ગજબ તેણીની ઉપર વરસાવ્યો, અને તેણીને એક ભલા વાલીની પનાહમાંથી પણ સદાની ખુંચવી લીધી. જુલિયનનું ભલ પુછવું. તેને તેના બાપનાં મરણનો ગમ કેવો લાગ્યો તે પારખવું કાંઇ મુશ્કેલ હતું નહિ. તે જુદાજ ખ્યાલોમાં રમતો હતો. "ચામડાંના ગયા ને સોનાના આવ્યા" તે કેહેતી મિસાલ પોતાના બાપનાં મરણ સાથેજ પોતાને માટે અપરંપાર સુખોનો સફો શરૂ થયલો તે હવે જોતો હતો.

પોતાના ઉમરાવ બાપની લાસ હજી તો ઘરમાંજ પડેલી હતી, હજી તો ધર્મ મુજબની ક્રિયા થનાર હતી તેટલામાં તો તેણે લોર્ડ ઓલ્દકેસલનો ઉમરાવી દમામ દેખાડવાનું શરૂ પણ કીધું. 'ખાલી ચણો વાગે ઘણો' તેવો તેનો હાલ હતો, તેવો તેનો ખ્યાલ હતો.

રાતના અગિયાર વાગાનો સમો હતો. સઘળાંઓ મરનારની લાસ આગળ હતાં, ત્યારે જુલિયન પોતાનાં કદમ પોતાના સુવાના ઓરડા તરફ લંબાવતો હતો. તે ઓરડો મકાનની એક પાંખે આવેલો હોવાથી તે બીજા ઓરડાઓથી તદન અલગ જેવો હતો. પોતાના ઓરડાનું બારણું ઉઘાડી તે દાખલ થયો. તે કાંઇક ફરાગાતથી એક ખુરસી ઉપર બેઠો, જે ઓરડાની બારીની સામે બરાબર ગોઠવેલી હતી, અને ત્યાં પોતેજ પોતાની સાથે વાત કરવા લાગ્યો.

"હા, હવે એદેલીન મારા હાથમાં લાઇલાજ છે. પેલો બદમાશ લાયન હવે મારા હાથથી સલામત કયાં છટકવાનો છે? હું હવે એનો ઘાટ બરાબર ઘડીશ, અને મારાં સુખના માર્ગમાંથી એ ચંડાળને સદાનો દુર કરીશ. હું હવે પોતે મારા પેદરનાં મરણથી લોર્ડ ઓલ્દકેસલ તરીકે આજથી ગણાઉછ. કોણની મકદુર છે કે મારી સેહેજબી મરજીની સામે હવે થઈ શકે?"

"લોર્ડ ઓલ્દકેસલ તું કે હું?" મોટેથી હસવા સાથે ઉપલા શબ્દો જુલિયનના કાને અથડવાથી તે હિચકારો ચોંકયો. તે બીધો કે આ અવાજ તેને આબાદ જાણીતો હતો. ગંગાદાસનો તો આ અવાજ હતોજ નહિ, તો તે વિના બીજો

કોણ નવા લોર્ડ ઓલ્ડકેસલની સામે આવા તુમાખી સખુનો ઓચરવાની હિમ્મત કરી શકે ?

તે પાપી હતો, તેટલોજ તે હિચકારો હતો. પાપીઓ સદા હિચકારા હોય છે અને બીજાને પણ પાપીજ માની લે છે. તે બીગ્રો. તેણે ચાહ્યું કે તે પોતાનો સુવાનો ઓરડો આજની રાત છોડી જાય. તે ઉઠયો પણ તેજ પળે ઉપલોજ અવાજ તેના કાનને ફરીથી સંભળાયો, "થોભ! હિચકારા, થોભ! એમજ શું તું લોર્ડ ઓલ્ડકેસલનો ઉમરાવી ખેતાબ ધારણ કરવાનો હતો કે ?"

આટલું બોલતાંજ એક કાળો આકાર પાંખની ખુલ્લી બારીમાંથી ઓરડામાં કુદી પડયો. જુલિયન તેને જોતાંજ હેબતાઈ ગયો.

"બોલ, કેહ મને, લોર્ડ ઓલ્ડકેસલ કોણ, તું કે હું ?" પેલો આકાર પોતાનો કાળો જભો ફેંકી દઇ અને ખોટી દાહડી અને થેબિયાના વાળો ખેંચી કાહડી તે પોતાના પગ આગળ પટકી બોલ્યો.

"કોણ, અરે! તું કોણ ? રો–રો–ડ્રીક !" જુલિયન આ બોલો સમેત નજદીકની બેઠક ઉપર ઉજળો વાખ બની ગાફેલ જેવો ફસડાઇ પડયો, જયારે રોડ્રીક પોતાની ફતેહથી મોટેથી હસવા લાગ્યો.

સંગદિલ સેતમગર.

પોતાના વડા ભાઈ રોડ્રીકને જોતાંજ જુલિયનના હોશકોશ ઉડી ગયા, તેની સુધબુદ્ધ સઘળી એક તડાકે જતી રહી. હમણાં સુધી તો તેના બાપના મરવાની રાત તેને મનથી આખા ભવનાં સુખનો રોશન દિવસ હતો પણ તેણે હવેજ જોયું કે રોશન દિવસને બદલે તો તે આફતની સિહા રાત હતી, કાળાં કરતુકની રાત હતી. જયારે લોર્ડ ઓલ્ડકેસલનો ખેતાબ મેળવી એદેલીન જેવી રૂપસુંદરીને જીતી જવાની, લાયન અને રોઝામન્દને તેમના ફેજે પુગાડી દેવાની ખુશાલીભરેલી હુંફમાં તે ઉફનાતો હતો, તેજ આબાદ પળે પોતાના હરીફ વડા ભાઈને જીવતો અને જાગતો સામે ઉભેલો જોઈ તે મીણનાં એક પુતળાંની માફક લોહિ વિનાનો ફિક્કો બની ગયો હતો. તેને એમજ લાગ્યું કે તેની સામે તેનો વડો જોડિયો ભાઈ ઉભો હતો નહિ, પણ નામોશી, સત્યાનાશી અને બદમાશીનો યમદુત તેના ગુજર પામેલો ભાઇનું રૂપ ધારણ કરી તેની સામે ઉભો હતો. રોડ્રીકે પોતાના નાના જોડિયા ભાઇનું હિચકારાપણું અત્યાર આગમચનું પારખી લીધું. તે તેને આવી રીતે બીહતો ધ્રુજતો જોઇ જોરથી હસી પડી બોલ્યો, "મુર્ખ, એટલો બધો ધ્રુજી શાનો મરેછ ? મને તું શું કાંઈ ફાડી ખાનારૂં જાનવર સમજેછ કે કેમ ? હું કંઇ તુને ભખી ખાવાનો નથી યા મારી નાખવાનો નથી. સાવધ થા! ઓ હિચકારા મર્દ! બિદાર થા! ને મને સાંભળી લે. ઉઠ, પેહેલે દરવાજો બંધ કર, કેમકે મને કોઈ જોઈ લેય તેમાં મારી તેમજ તારી પોતાનીબી સલામતિ નથી."

જુલિયનને રોડ્રીકના આ બોલવામાં કાંઇક વજુદ જેવું લાગવાથી તે તુરતજ ઉઠયો અને ઘસડાતો તણાતો જઇને ઓરડાનું બારણું બંધ કીધું, અને ગુપચુપ પોતાની અસ્લી જગા ઉપર રોડ્રીકની હિલચાલ તપાસ્તો પાછો જઈ બેઠો. રોડ્રીક પોતાના નાના ભાઇને શાન્ત પડેલો જોઈ એક નાની કબટ આગળ ગયો કે જે

કબાટ તેને કોઇબી રીતે અંજાણી હતી નહિ અને ટેબલ ઉપર પડેલી ચાવીથી તે ઉઘાડી તેમાંથી તેણે બ્રાન્ડીની એક બાટલી અને ગલાસ ખેંચી કાહડી તે જુલિયન આગળ મુકીને બોલ્યો, "જુલિયન, લે આમાંથી ચાર આંગળ જેટલો કાહડી લઈ કાચો ને કાચોજ ગટાવી જા. તારાં હિચકારાપણાંની એજ અકસીર દવા છે. જો તો ખરો તું બોલ બોલતાંમાં કેવો હુશિયાર થઈ જાયછ તે! ચાલ વેક, ઉતાવળ કર, મારે તારી સાથે હજી તો ઘણું કામ લેવાનું છે, ઘણી લંબાણથી વાત કરવાની છે."

જુલિયને પોતાના વડા ભાઇનો હુકમ માન્ય કરવાની જરૂર જોઈ, અને તેમ કીધા પછીજ તેણે પોતાનાં બદનમાં જરા લગાર હુશિયારી આવેલી જોઈ, અને હવે તેને કાંઇક હિમ્મત પણ આવી ખરી.

"પણ રોદ્રીક, તું તો મરી ગયો હતોની? તું તો કફનમાં દફન થયો હતોની? તું પેલી ઘોરમાંથી જીવતો નિકળી આવ્યો કે શું?" હિમ્મત આવવા પછી જુલિયને સવાલ કીધો.

"હા," રોદ્રીકે પોતાના ઉંડા ખ્યાલોમાં મશગુલ રેહેતાં ટુકમાંજ પતાવ્યું.

"જ્યારે એમજ હતું, જ્યારે તું એક વખત ઘોરમાં નિરાંતેજ સુતેલો હતો તો રોદ્રીક, વળી તુને એ શું શેતાન સુજ્યો કે 'નવમા ઘડા' તરીકે મને નડવા માટે મારાં નસીબે તું હવે રહી રહીને હમણાં ફુટી નિકળ્યો? તુને એમ કરવાનો કશો હક કે ઇલાકો મુદ્દલ હતોજ નહિ."

જોકે રોદ્રીક ગમે તેવા ખ્યાલોમાં ચકચુર હતો, તોપણ જુલિયનની આવી જાતની ફિલસુફીથી તે હસવા વિના રેહ્યો નહિ.

રોદ્રીકને હસતો જોઈ જુલિયન પોકારી ઉઠયો, "રોદ્રીક, મારી મોરાદ ધુળમાં પડી, મારૂં સીનું ચાક થાયછ, મારૂં જીગર જળીને ખાક થાયછ ને તું સંગદિલ સેતમગર આ મુજબ હસેછ? બોલ, તું શું મારી ખરાબીજ કરવા બેઠોછ? મારૂં સત્યાનાશ વાળવાજ બેઠોછ?"

"જો, સાંભળ! હું ચલાઉં તેમ તું ચાલશે ને કેહું તેમ સુજી સમજીને કરશે તો પછી ખરાબી જેવું કશું રેહેશે નહિ. હાલમાં હું કશાં નકી છેવટ ઉપર આવ્યો નથી, પણ તેટલાં તારે જે કામચલાઉ ગોઠવણ મારી સાથે કરવાની છે તે એજ કે તું હાલમાં મારા હકદાર ખેતાબ અને દોલત ઉપર બેલાશક સાહેબી ચલાવ. પણ તેમ હું કાંઈ તુને તદ્દન મુફતમાંજ કરવા દેવશ નહિ. તુને હું જે હક બક્ષુંછ તેના બદલામાં તારી તમામ આવકનો અરધો હિસ્સો તારી તરફથી મને મલવો જોઇશે. ફકત એજ શર્તે જે મારો હક છે તે હક હું તુને ભોગવવા દેવશ ને હું એવી રીતે મારા દુઃખી દિવસો પસાર કરશ કે જાણે હું હજી ઘોરમાંજ સદાની શાન્ત ઉંઘમાં સુતેલો હોવું. જુલિયન, ધ્યાનથી સાંભળ કે હું એકબારગી કેદખાનાંમાં બાર કે ચૌદ વરસની સજા ખુશીથી ભોગવશ ને તે માટેનું દરેક દુઃખ વટીક સહન કરશ, પણ જાણજે જુલિયન, કે મારા હક ઉપર તરાપ મરાયલી હું કદી પણ સાંખી શકવાનો નથી. બોલ, તું શું એમ કેહેવા માંગેછ કે તું અમન ચમનમાં એશ આરામ કરે ને તારા બાપનો હકદાર વારસ તારો વડો ભાઈ ગરીબાઇની જાલમ જંજીરમાં સદાનો જીકડાયલો રહે? ખરા હકદારને તેનો હક મલવોજ જોઇએ. જુલિયન! હું કબુલ કરૂંછ કે માલો મિલકત સાથે કરજદારી પણ મૌજુદ છે તેમ પેલી ગંજાવર જમીન જે હજી એમ ને એમજ છે તેની કોલસાની ખાણોમાં ગોયા

કાહરનનો ખજાનો સમાયલો છે. એજ જમીન સઘળી કરજદારીનો બોજો ઉપાડ-વાને પુરતી સામર્થવાન છે."

આ પળે ડઘાયલો, ઘભરાયલો જુલિયન કાંઈ બોલવા જતો હતો તેને તેના વડા ભાઈ રોદ્રીકે અટકાવી કહ્યું, "જુલિયન ખબરદાર! એક હર્ફ પણ વચમાં બોલતો ના. યાદ રાખ કે મારા આ હુકમનો તેં જરાબી ભંગ કીધો તો હું જેવો આવ્યોછ તેવોજ પાછો ચાલ્યો જવશ. મારૂં પુરેપુરૂં સાંભળી લે ને પછીજ તારા રદન પાટલાનું મંડાણ કરજે. સમજયો?"

જુલિયને તાબેદારીના જવાબ તરીકે ડોકું ધુણાવ્યું અને રોદ્રીકે આગળ ચલાવ્યું, "જુલિયન, હું કેવું ઇચ્છુંછ કે મારે ગળે કમનસીબ દોરાની તોક ઓળવાઈ હતે નહિ, તો આજે હું આસાનીથી એદેલીન જેવી પરી–સુરતનો હાથ તેણીની લાખોની દોલત સાથે જીતી જતે. ત્યારે ચૌદ વરસનાં કેદખાનાની સજાને હું 'બચ્ચેબાલેકા' ખેલ સમજતે. પણ જુલિયન, ખરૂં કેહ, ખુબસુરતીની તે રાણી સાથે તારો પાટલો કેમ ફાવેછ? મેં તો સાંભળ્યુંછ કે તે બુલબુલે તો તુને ઠોકરે માર્યોછ! પણ તે સાથે મને કાંઈ કામ નથી. બોલ મારી શર્ત તુને મંજુર છે કે ના કહેવાની તારામાં મકદુર છે?"

જુલિયનને તે શર્ત મંજુર કરવા વિના બીજો છુટક હતોજ નહિ. જયારે રોદ્રીક એક ગતમાં રમતો હતો, ત્યારે જુલિયન વળી તેનોજ જોડિયો ભાઈ એટલે બીજીજ ગતમાં લોટતો હતો. બંને એક બીજાને પેચમાં લાવવાની બાજી ખેલી રહ્યા હતા. જુલિયનની મુખ્ય નેમ એદેલીન જેવી સોનાની ખાણ હાથ કરવાની હતી. જોકે અત્યાર સુધીમાં તેને એ બાબદમાં કાંઈક નિરાશ થવું પડયું હતું ખરૂં, તોપણ તેને ઉમેદ તો હતીજ કે લેડી ઓલ્દકેસલ થવાની હોંસમાં તે સુંદરી થોડી ઘણી મિન્નતજારી પછી તેની પરણેતર થવા હા ભણશે. આ સબબને લીધે તેને લોર્ડ ઓલ્દકેસલના ખેતાબની તો મોટી જરૂર હતી જે પોતાની જીંદગીના ભોગે પણ ખરીદવાની તેને ગરજ હતી એટલે પોતાની અરધી અરધ આવકનો ભોગ તેનાં મનથી બેશક નજીવોજ હતો. આ નેમથી પોતાના વડા ભાઇને પોતાની અરધી આવક સંપુરદ કરવામાં તેને લાગ્યું કે ગુમાવવા કરતાં મેળવવાનું વધારે હતું.

"રોદ્રીક, હું કબુલ છેઉં. તારી શર્ત મારે મંજુર છે. લોર્ડ ઓલ્દકેસલ હુંજ છું એમ સારી જેહાનને ઠગવાનું ચાલુ રાખવા માટે હું મારી અરધી આવ-કનો ભોગ આપવા તૈયાર છેઉં. જોકે મારી અરધી અરધ આવક ઘટી જવા માટે માયજીને જવાબ દેવો અને તેમને સમજાવી લેવાં ભારી તો પડશે, પણ ખયેર, તે માટે કાંઈ પાટીયાં ગોઠવી લઇશું."

પણ એજ પળે બાહેરથી બારણું ઠોકાયું.

"જુલિયન! જુલિયન!" બાહેરથી જુલિયનને બોલાવવાનો સાદ આવ્યો. જુલિયન ઘભરાયો. આ અવાજ તેની માવતરનો હતો. રોદ્રીકે પણ તે ઓળખ્યો. લાંબી જુદાઇ પછી પોતાને જન્મ આપનાર માદરનો અવાજ આજે તેના કાનને અથડવાથી તે પણ ચોંકવા વિના રહ્યો નહિ. તે માતાને શી ખબર કે જે વડા બેટાને ઓલ્દકેસલ ખાતેની ઘોરમાં સદાની શાન્ત ઉંઘમાં નચિંત બની સુતેલો તેણી ધારતી હતી અને જેને માટેનો શોકનો કાળો પોષાક હજી તો પોતાના ખાવિન્દનાં મરણની થોડાજ દિવસ આગમચ તેણીએ તજ્યો હતો તેજ બેટો જીવતી સ્થિતિમાં પોતાના નાના ભાઇ જુલિયન સાથે એકજ ઓરડામાં પોતાના દાવપેચના ખેલો

ખેલવામાં મશગુલ બનેલો હતો. તેની મતલબ પણ હાલમાં પોતાની માવતર આગળ જાહેર થવાની નહિ હતી, તેમજ રોદ્રીકને પોતાની માવતર આગળ ખુલ્લો કરવાની જુલિયનની પણ નેમ હતી નહિ. આ બાબદમાં પણ તેઓ એકબીજાની મતલબની બાજી ખેલતા હતા. જોકે જુલિયન લેડી ઓલ્ડકેસલનો અવાજ સાંભળતાં ધભરાયો હતો, પણ તેવી નબળાઇ બતાવે એવો રોદ્રીક પોચો નહિ હતો.

"રોદ્રીક! હવે શું કર્યે? અગરજો લેડી ઓલ્ડકેસલ અંદર દાખલ થવા પામી તો આપણો તમામ ભરમ ફુટી જશે," જુલિયને ધભરાટ દેખાડયો.

પણ રોદ્રીકે ડોળા કકડાવી લગાર ગુસ્સાથીજ જવાબ દીધો, "શાન્ત થા, હિચકારા, જરા સાહુચેતિ પકડ! મુગો મુગો ગગડી મર, નહિ તો કાલનો દુકાળ આજે પાડશે. લેડી ઓલ્ડકેસલને બારણું ઠોકવાજ દે. એથી તો મેં આગળથીજ બારણું તારી પાસે બંધ કરાવ્યુંછ. તારો જવાબ નહિ મળવાથી તે એમજ સમજશે કે તું તારા બાપનાં આજનાં મોતથી એટલો બધો તો ગમમાં ગરકાવ ગયલો હોવો જોઇએ, કે ગમમાં ને ગમમાં તેં નિદ્રાદેવીનો આશ્રો લીધેલો હોવો જોઇએ. જુલિયન, તેમાં શું કંઇ શક છે? જોની તું બિચારો તારા બાપનાં મોતથી એક રાતમાં તો અરધોબી રહયો નથી. કેવો બિચારો લેવાઇ લુટાઈ ગયોછ. અરે! આંસુના રેળા તો તારી આંખમાંથી સુકાતાજ નથી!" રોદ્રીકની આ મજાકથી જુલિયન પણ હસવા વિના રહયો નહિ. બીજી તરફથી લેડી ઓલ્ડકેસલ બારણું ઠોકતાં અને જુલિયનને સાદો મારતાં આખરે કંટાળી ગઇ ત્યારેજ જુલિયન સુઇ ગયો હશે એવું ધારી ત્યાંથી ચાલી ગઈ. અને ત્યારેજ જુલિયને છુટકારાનો દમ ખેંચ્યો. રોદ્રીકને પણ હવે પોતાને મનભાવતી શર્તે કબુલ રહેલી હોવાથી જુલિયન સાથે વધુ વાર કામ રહ્યું નહિ, એટલે તેને પણ વધુ વખત ખોટી રહેવાની જરૂર જણાઇ નહિ.

રોદ્રીક પણ ગયો, અને જુલિયન પોતાના ખ્યાલો સાથે એકલો પડયો. તે ઓરડામાં આમથી તેમ લટાર મારવા લાગ્યો. તેના ખ્યાલો બસ એદેલીન, ખેતાબ અને દોલત માટેજ હતા.

"એદેલીન! એદેલીન! મારી મનની મીઠી મુરત એદેલીન! તું મારો ખરો ભેદ ભરમ જાણે તે આગમચ મારે તને મારા કબજામાં લેવીજ જોઇએ. આહ! ત્યારે શું આખરે હું લોર્ડ ઓલ્ડકેસલ નહિજ કે? મેં જોકે એ ખેતાબ ઘોરમાંથી ફુટી નિકળેલા પેલા સંગદિલ સીતમગર ભુત સોડેથી પૈસા આપી ખરીદયોછ તોપણ ખુદાને ખબર છે કે મારા હાથમાં કેટલો વખત સલામત તે રહેવા પામશે!"

લોર્ડ ઓલ્ડકેસલનું વસિયતનામું.

મગરૂર લોર્ડ ઓલ્ડકેસલ પોતાની પાછળ સઘળું છોડી પોતાની છેલ્લી આરામગાહમાં નચિંત થઈ સુતો હતો ત્યારે તેનાં બાદશાહી અયવાનમાં તેનું છેલ્લું વસિયતનામું વાંચવાની દોડાદોડી ચાલી રહી હતી. રૂતુ લગાર સર્દ હતી. પાનખર રૂતુનો વરસાદ થોડે થોડે અંતરે પડવાનો ચાલુ રહ્યો હતો. પવન સખ્ત ફુંકતો હતો અને નાનાં નાનાં કમજોર દરખ્તો જમીનદોસ્ત થયાં હતાં, જયારે મોટાં,

જોરાવર દરખ્તો નાનાં ઝાડોની ઠેકડી કરતાં પોતાની જગો ઉપર ઓરતવાર ખડાં રહ્યાં હતાં. આ ફાની દુનિયાનો સંસાર પણ એવીજ કિસમનો છે. નાના અને કમજોરોની ખોવારી તરફ માતબરો ઠંડા મશકરીની નજરથી જોતાં રહ્યાં છે. આપણો આ કિસ્સો પણ એવીજ કિસમના સંસારનો ચિતાર આપણી નજર સનમુખ ખુલ્લો કરે છે.

મરહુમ લોર્ડનું વસિયતનામું તેજ ઓરડામાં વંચાવાનું હતું, કે જયાં મરનારે પોતાની પેહેલી અને હકદાર બલ્કે વફાદાર ધણીયાણી અરસુલાને મોહડેથી નીલ લાયનની દિલ ધુજાવનારી કેફિયત સાંભળી હતી, અને જે પળથી મરનારનાં સુખની ઘડીએ દુઃખના કલાકોનું રૂપ લીધું હતું. એજ તે ઓરડો હતો કે જયાં તે મગરૂર લોર્ડ ઓલ્ડકેસલે પોતાની હકદાર ઓરત અને હકદાર બેટાને તરછોડી દેવા માટે ખરાં જીગરથી પશ્ચાતાપનાં આંસુઓ રેડયાં હતાં. એ વેળાએ અરસુલાએ સ્વપને પણ ખ્યાલ રાખ્યો હતો નહિ કે તેણીનો ઉમરાવ ખાવિન્દ આટલા ટુંક વખતના અરસામાં નાકદર મોતને શરણ થશે.

ઓલ્ડકેસલ પાર્કમાં મરનાર લોર્ડ ઓલ્ડકેસલનું છેલ્લું વસિયતનામું વાંચવાની જયારે ધમાલ ચાલી રહી હતી, ત્યારે ગરીબ બિચારી અરસુલા—કમનસીબ અરસુલા—પોતાની સાદી ઝુંપડીમાં એકલી સીવતી બેઠી હતી. પોતાના ખાવિન્દનાં માહેતમ ભરેલાં મોતથી તેણીનું જીગર વિંધાઈ જતું હતું. તેણીની આંખોમાંથી આંસુઓની વેહેતી ધાર હજી સુકાઈ હતી નહિ. તે ભલી સ્ત્રી એમજ માનતી હતી કે પોતાના અમીર ભરથારનાં ગમનાક મરણનું કારણ તેણી પોતેજ હતી, અને આ કારણથી તેણીનો ગમ બેવડાં જોરથી વધી ગયો હતો. જયારે તેણીએ પોતાને મારગરેત સ્ટ્રીટવાળી અરસુલા એટલે તેની ખુદ પરણેતર તરીકે ઓળખાવી ત્યારે તે વખતનો તે ઉમરાવનો દયા ઉપજાવવા જોગ ચેહેરો હજીબી તેણીની નજર સામે જાણે ખડોજ હતો. તે વખતનો તેનો આજીજીભર્યો અવાજ હજીબી તેણીના કાન આગળ ધુમતો રહ્યો હતો. લોક તો એમજ માનતું હતું કે તે ઉમરાવ કુદરતી મોતે મરણ પામ્યો હતો, પણ અરસુલા પોતાનાં મન સાથે બોલતી કે, "હુંજ, અરે! હુંજ કમબખ્ત તેની ખુની બનીછ, તેની જફાકાર સેતમગર બનીછ! મેંજ તેની સુખી જીંદગીનો આટલો એકાએક અને ઝડપથી અંત આણ્યોછ."

અરસુલાનો આ પ્રમાણેનો ગમ દર પળનો હતો, બલ્કે દર પળે તે વધતોજ જતો હતો. શોકના કાળા લેબાસમાં તે સજ થયલી વિધવાને લોર્ડ ઓલ્ડકેસલનાં મોતથી ખુદ લેડી ઓલ્ડકેસલ યા જુલિયન કરતાં પણ વધુ લાગતું હતું. જોકે લેડી ઓલ્ડકેસલે પોતાના ઉમરાવ ખાવિન્દનાં મોતથી છેકજ આજેઝ થઈ જવાના ઢોંગ-સોંગ ચાલુ રાખ્યા હતા, જોકે દુનિયાને તે સ્ત્રી એમજ સમજાવવા માંગતી હતી કે લોર્ડ ઓલ્ડકેસલનાં મરણથી જેટલું તેણીને લાગતું હતું તેટલું બીજાં કોઇને પણ લાગતું હતું નહિ, તોપણ જમાનાનો ખાધેલો કારભારી સ્પ્રેગ તેણીના ગમનું પોકળપણું સારી રવેસે સમજતો હતો. તે સ્ત્રી પોતાનું ખાણું બધા સાથે લેવાને ના પાડતી હતી, એવું જણાવીને કે તેણીના ખાવિન્દનાં મરણના અત્યંત ગમનાં કારણે તેણીને ગળે ખોરાકનો એક પણ બુક ઉતરી શકતો હતો નહિ, પણ ભોળા સ્પ્રેગે આ સઘળા ઢોંગનો ભરમ પોતાની ભડભડી રીત મુજબ ફોડી માર્યો હતો. તે તમામ નોકરોને કહી વજયો હતો કે લેડી ઓલ્ડકેસલ સઘળાંની નજરથી દુર એકલી પોતાના ખાનગી ઓરડામાં જે ખાણું લેતી હતી તે જથ્થામાં એટલું બધું તો હતું કે તેના જેવા

જે મહીં ખાતાં પણ વધે. લેડી ઓલ્ડકેસલે પોતાનાં ચાલતાં ચલણમાં શેહેરમાં વસ્તાં ગરીબોનો પ્યાર જીતવાની કદી પણ કોશેશ કરી હતી નહિ. મગરૂરી, તુમાખી, હુંપણું અને ગરીબો તરફના તિરસ્કારથી તે સ્ત્રીએ ઓલ્ડકેસલ ખાતે વસ્તાં સઘળાં ગરીબોનાં જીગરમાં પોતાને માટે પ્યારને બદલે ધિક્કારની લાગણી ઉભી કીધી હતી. પણ બીજી તરફ એદેલીનનો ગમ ખરેખર પાર વિનાનો અને સાચ્ચાં દિલનો હતો. તેણીએ પોતાના બાદશાહ જેવા બાપને ગુમાવ્યા પછી પોતાના ભલા વાલીનાં મોતથી તેણીનો ગમ બેવડો–ચોવડો વધી ગયો હતો. જયારે તે મોતથી લેડી ઓલ્ડ-કેસલની ભુખમાં વધારો થયો હતો ત્યારે ગરીબ બિચારી એદેલીને ખરેખર, ભુખ અને ઉંઘને અકારી નકારી કરી મેલી હતી. તે ભલા ઉમરાવનાં મોતથી તે સુંદરી ઉપર એક જાલમ ફટકો પડયો હતો તેમાં કશો સંદેહ હતો નહિ.

"એદેલીન, તું કેટલી બધી બિમાર દેખાયછ! તારા ચેહેરા ઉપરથી તારે ખોરાક લેવાની મોટી અગત માલમ પડેછ. જોની, તારા ગાલ ઉપરનો ગોલાબ પણ કેવો ઉડી ગયોછ! એદેલીન, મારૂં કહ્યું માન ને માયજી સાથ કેથે હવા ફેરફાર કરી આવ."

જુલિયનની ચિંતા ખરાં જીગરની હતી, તેમજ તેની મતલબ એદેલીનનો વાહલો થવાની પણ હતી. એમાં તો કશો શક હતો નહિ કે ખુબસુરતીની તે શાણીનો ચેહેરો હદથી જયાદા ફિક્કો મારી ગયો હતો. આજે મરનાર લૉર્ડ ઓલ્ડ-કેસલનું છેલ્લું વસિયતનામું વંચાવાનું હતું તે સાંભળવાને તે લાઇબ્રેરીવાળા ઓરડામાં જવાની તૈયારીમાં હતી, તેજ વખતે જુલિયન આવી લાગવાથી અને તે પણ ત્યાંજ જતો હોવાથી તેણીને તેની સાથે જવાની દુઃખભરી ફરજ પડી હતી. તેઓ બંનેએ પોતાની જગા લીધી કે તરતજ લેડી ઓલ્ડકેસલ દાખલ થઈ. જોકે તે ડોળઘાલુ સ્ત્રી જાણે પોતાના ખાવિન્દનાં મોતથી છેકજ અધમુઈ થઈ ગઈ હોય તેમ ધીમાં કદમે ચાલતી હતી, તોપણ તેણીના ચેહેરા ઉપરથી મગરૂરીનો જોશ અને જોમ કોઇ પણ રીતે કમી થયલો હતો નહિ. તે મગરૂર સ્ત્રીએ તે ઓરડામાંની મુખ્ય બેઠક ઉપર ફરાગતથી જગા લીધા પછી મરનાર લૉર્ડ ઓલ્ડકેસલનો વકીલ મરનારનાં છેલ્લાં વસિયતનામાં સાથે ત્યાં દાખલ થયો. આ વકીલ મરનારના દોસ્ત કરતાં પણ આલે હતો. પોતાના ઉમરાવ મિત્રની બિમારી પછી તે ઓલ્ડ-કેસલ પાર્કમાંજ રહેલો હતો અને આજે પોતાની છેવટની ફરજ બજાવી લંડન ખાતે પાછો ફરનાર હતો; પણ તેની છેવટની ફરજમાં અચાનક ખતરો પડવાથી તે તે ઓરડામાં દાખલ થયો તે વખતેજ દલગીર અને ચિંતાતુર જેવો માલમ પડયો હતો. જે તીજોરીમાં તેણે મરનારનાં છેલ્લાં વસિયતનામાં સાથે નીલ લાયનનાં નામનું પેકેત મેલ્યું હતું તે પેકેત ત્યાંથી ગુમ થયું હતું. આ પેકેત મરનારની ખાએશ મુજબ તેના પોતાના હાથે નીલ લાયનને સપુરદ કરવાનું હતું.

"સાહેબ, આ કેટલું અજબ જેવું છે કે આ મકાન મધે તીજોરી જેવી સલા-મત જગોએથી પેકેત ગુમ થવા પામે!" તે ભલા વકીલે નવા લૉર્ડ ઓલ્ડકેસલ (જુલિયન) તરફ ફરીને અદબથી કહ્યું.

"હું તો ધારૂંછ મી૦ ઓએન, કે તે પેકેત તમારાથી કેથે ભુલમાં મુકાઈ ગયું હશે, જે આપોઆપ મલી આવશે. વળી તે પેકેતમાં દમ જેવું કાંઈ હોય એ પણ હું માનતો નથી. નીલ લાયન મારો એક કમીનો નોકર છે જેને મરનારે પોતાનાં મોતની થોડા દિવસ આગમચ બરતરફ કીધો હતો. વળી તેની કેટલીક ચાલચલણ પણ વાંધો ઉઠાવવા જોગ માલમ પડીછ."

"તે ગમે તે હોય મારા લોર્ડ, પણ મારૂં કામ તો મરનારના છેલ્લા હુકમ મુજબ ફરજ બજાવવાનું છે. તે સીલ સાખ કીધેલું પેકેત વસિયતનામાં સાથે મેં મારા પોતાના હાથે તીજોરીમાં મુકયું હતું, પણ અજબ છે કે—"

"હું પોતે પણ થોડો અજબ નથી. પણ મી૰ ઓએન, હું ધારૂંછ કે આપણે એ નજીવી બાબદને અહિંજ પડતી મેલી આપણું કામ આગળ ચલાવ્યે તો ઠીક," જુલિયને સુચના કીધી.

પણ જમાનાનો ખાધેલો અને અનુભવથી ઘડાયલો બુઝરોગ મી૰ ઓએન આટલી સેહેલાઈથી આ બાબદને પડતી મેલે અને જુલિયન જેવા ચુલબુલિયાના હાથ ઉપર વેચાય એવો હતો નહિ. તે સમજી શકયો નહિ કે લોર્ડ ઓલ્ડકેસલ જેવા ઉમરાવનાં મકાનમાંની તીજોરીમાંથી નીલ લાયનનાં નામનું પેકેત ચોરી જવાની કોણ હિમ્મત કરી શકે? તેણે આગળ ચલાવ્યું, "મારા લોર્ડ, તમો ધારોછ તેમ આ ચોરી વગર ખબર લેવે પસાર કરવી જોઇતી નથી. આ ચોરી જાણી જોઈ કરવામાં આવીછ, એટલુંજ નહિ, પણ તે ચોર સાધારણ હોવો જોઇએ નહિ. હવેજ હું ખાતરીથી માનુંછ કે તે ચોરે મને કલોરોફોર્મ સુંઘાડી મારાં બિછાનાના તકિયાની નિચેથી તીજોરીની ચાવી કાહડી લઇ પોતાનું મુજી કરમ કરી લીધુંછ. તે બદમાશ તે પેકેત સાથે ઘણો દુર નિકળી જાય તે આગમચ તેને પકડી પાડી તેને ઘટતી સજાએ પુગાડવો જોઇએ, અને મારા લોર્ડ, તેમાં મને તમો નામદારની મદદની મોટી જરૂર છે, કેમકે તમો નામદારનાં મકાનમાંથી આવી જુલમાતભરી રીતે ચોરી થવા પામે એ બિલકુલ—"

"બેશક, બેશક," ઘરના નવા માલેકે ધારાના હિમાયતી તરફ લટી જઈ જણાવ્યું, "તમો જેવી મદદ મારી પાસેથી માંગશો તેવી સઘળી મદદ તમોને બેશક મલશે, મી૰ ઓએન. હું પોતે પણ ઇચ્છતો નથી કે ચોર ચોરી કરી સલામત છટકી જવા પામે! હું એવી ચોરી કરનારાઓનો કટ્ટામાં કટ્ટો શત્રુ છેઉં. હું વધુ દલગીર એટલા માટે છેઉં કે તે બદમાશ તમારી ઉપરબી જાસ્તી ગુજારવા અટકયો કે અચકયો નથી."

જુલિયનના આવા મીઠા બોલો સાંભળી વકીલે તેનો ઉપકાર માન્યો.

આ પ્રમાણે વાત ઠંડી પડી જાય તે એદેલીનને પસંદ પડયું નહિ. તે સુંદરી હમણાં સુધી માથે હાથ દઇ જુલિયન અને મી૰ ઓએન વચ્ચેની વાતચિત મુગે મોહડે સાંભળ્યા કરતી હતી, પણ જયારે જુલિયને વકીલને ઠંડો પાડેલો તેણીએ જોયો ત્યારે તે સુંદરી અજબ દમામથી વકીલ તરફ ફરી બોલી, "મી૰ ઓએન, અગરજો મરનારની ખાએશ મુજબ તે ગુમ થયલું પેકેત મી૰ લાયનને મલવા પામશે નહિ તો યાદ રાખજો કે મરનારના પવિત્ર હુકમનો ભંગ થયલો કેહેવાશે, જે હું કદી પણ સાંખી શકશ નહિ. તે પેકેત મી૰ જુલિયન ધારેછ તેમ કદી નજીવું હોયજ નહિ. તે પેકેતમાં બેશક અગત્યનું હોય નહિ ત્યાં સુધી ઠાવકા લોર્ડ ઓલ્ડકેસલ તેને સીલ સાખ કરવાની સંભાળ લેય નહિ, અને આવી રીતે મી૰ લાયનને હાથોહાથ પુગાડવાને તમોને કદી પણ ફરમાસ કરે નહિ."

એદેલીનના આવા મજબુત મનના સખુનોથી વકીલ પણ એક પળ ડઘાઈ ગયો, પણ બીજીજ પળે ઠાવકું મોહડું કરી તે ધારાશાસ્ત્રીએ એદેલીનનાં મત સાથે મલતાપણું બતાવ્યું. જુલિયનને આથી એદેલીન ઉપર એવો તો ગુસ્સો ચહડયો કે તેણીની ટટં કરતી લુલીને જાણે ઓય તેનાં જડમુળથી તે ખેંચી કાહડે, પણ તે

લાચાર હતો. લેડી ઓલ્ડકેસલ પણ કાંઈ બોલી નહિ. તે સ્ત્રીનો ખ્યાલ ત્યાં હાજર રહેલાંઓને પોતાનો ગમ દેખાડવાનો હોવાથી તેણીએ ચુપજ રહેવામાં ડાહ્યપણ જોયું.

હવે વસિયતનામું વાંચવા વિના વકીલ પાસે બીજો કશો ઇલાજ હતો નહિ. તે તેણે મજબુત અને ઠરેલ અવાજ સાથે વાંચવા માંડયું. તેમાં કશું અસાધારણ હતું નહિ. ઓલ્ડકેસલ શેહેરની ઘણીક મિલકત મરનારની હતી જેનો જુલિયન હકદાર વારેસ હતો. વીલમાં જુલિયનનું નામ મુદલજ લેવામાં આવ્યું હતું નહિ કેમકે મરનારે તેને પોતાના એકલા બેટા તરીકે માની લીધેલો ધારવામાં આવતું હતું. વીલમાં લેડી ઓલ્ડકેસલ માટે ચોકસ રકમ જુદી કાહડવામાં આવી હતી, જે રકમ તેણીને જુલિયને પોતાનાં લગ્ન બાદ આપવાની હતી. પોતાના જુના, નિમકહલાલ અને વિશ્વાસુ નોકરોને પણ મરનારે પોતાનાં વસિયતનામામાં સારી રીતે યાદ કીધા હતા. તેઓમાંના દરેકને તેમની નોકરીનાં પ્રમાણમાં નવાજવામાં આવ્યા હતા. તેમાં પોતાના વારેસને મરનારે ખાસ હુકમ કીધો હતો કે તેની મિલકતનો એક ભાગ જે તાવરશોલ્તનાં નામે ઓળખાતો હતો તે ભાગને કોલસાની ખાણો માટે કદી પણ ખોદવો નહિ. વીલનો છેવટનો ભાગ જે મરનારે છેક પાછળથી ઉમેરેલો લાગતો હતો તેમાં જણાવવામાં આવ્યું હતું કે:—

"મારી પુર મરજી છે કે મારી એદેલીને પોતાનો હાથ જરૂર આપવો મારા વાહલા બેટા—"

આ ઉપલો વાકય જોકે પેહેલી નજરે સેહેજ અધુરો લાગતો હતો, તોપણ તેની મતલબ કોઈ પણ રીતે અધુરી હતી નહિ. એ તો દેખાઇતું હતું કે મરનારની નેમ પોતાના બેટા સાથે એદેલીનનો આખો ભવ જોડવાની હતી. વસિયતનામાંનો આ છેવટનો ભાગ સાંભળી એદેલીને એક ધીમી–બહુજ ધીમી–ચિચિઆરી પાડી જે સારાં નસીબે કહો યા માઠાં નસીબે કહો, કોઇના સાંભળવામાં આવી નહિ. આખું ઓલ્ડકેસલ જાણવા પામ્યું હતું કે એદેલીને જુલિયન સાથનું પોતાનું કારજ તોડયું હતું, પણ વસિયત વાંચતી વેળા જેઓ હાજર હતાં તેઓએ એ બાબદના સંબંધમાં મરનારની છેલ્લી ખાએશ જાણી ત્યારે તેઓમાં છુપી ઘુસઘુસ ચાલી રહી. વસિયતનામું વંચાઈ રહેવા બાદ વકીલે નીલ લાયનનાં ગુમ થયલાં પેકેટ માટે ફરીથી ઇસારો કીધો.

"મી૦ ઓએન," વકીલે પેકેત માટે ઇસારો કીધા બાદ જુલિયને તેને જણાવ્યું, "અગરજો એ પેકેત શોધી કાહડી તે મી૦ લાયનને હું મારા પોતાને હાથે સપુરદ કરૂં તો તમોને તેમાં કશો વાંધો રહેશે નહિ."

"થેંક યુ, મારા લોર્ડ," વકીલે નમનતાઇથી નમીને ઉપકાર માનતાં જવાબ દીધો, "પણ એ કામ મારે એકલાએજ બજાવવું જોઇએ એવી મરનારની ખાસ ખાએશ હતી, અને તે ખાએશ મુજબ વર્તવાની પવિત્ર ફરજ હું સમજુંછ. વળી બીજું તમો હાજર રહેલાંઓને મારે જણાવવું જોઇએ કે મીસ રેનનાં લગન સંબંધી વાકયમાં મરનારે કાંઇક ઉમેરો કરવાની ઘણી ઉમેદ બતાવી હતી પણ અફસોસ કે જુલ્મી મોતે મરનારની તે ઉમેદ સદાની જમીનદોસ્ત કીધી અને મરનાર પોતાની તે ઉમેદ પોતાનાં મનમાંજ લઈ આ જુઠી જેહાનથી સદાનો વાસો ઉઠાવી ગયા."

જુલિયનને થોડોજ ખ્યાલ હતો કે તે વાકય પુરો કરવા આગમચ જાલમ મોતે મરનાર ઉપર અચબુચ તરાપ મારી હતી તેમાં તેની પોતાનીજ (જુલિયનની) ભલાઈ સમાયલી હતી.

કુદરતનો આ એક ખેલ માત્ર હતો. આસમાનનાં ફરતાં ચક્કરની એક કરામત માત્ર હતી. જયકારોની ક્ષણભંગુર જય બોલાવવાની આ જુઠી જેહાનનો પ્રપંચ હતો.

સઘળાંઓ વગેસગે થઇ ગયા પછી એકલો પડેલો જુલિયન પોકારી ઉઠયો. "કંગાળ, ચંડાળ લાયન, તું તો તારાં મનમાં મલકાતો હશે કે મરનાર લૉર્ડ ઓલ્ડકેસલ તે પેકેતમાં તારે માટે મોટી થમણી મેલી ગયો હશે; પણ નહિ તે પેકેત તો મેં અત્યાર આગમચનું મારે હાથે સગડીમાં ખાખ રાખ કરી નાખ્યુંછ, ખુદા તને જેહાનમમાં ગારત કરે!"

"પેલી આંધળી આંખ!"

ગયાં પ્રકરણના બનાવ ઉપર ચાર દિવસનો ગાળો વહી ગયો, પણ મી૦ ઓએનની આશા ફળી નહિ. મરનાર લૉર્ડ ઓલ્ડકેસલે પોતાના આ વિશ્વાસુ સોલીસીતરને નીલ લાયનને આપવા માટે તેનાં નામનું જે પેકેત મરતી વેળાએ સપુરદ કીધું હતું અને જે તેણે મરનારનાં વસિયતનામાં સાથે તેજ વેળાએ તીજોરીમાં બંધ કીધું હતું, તે પેકેતને ગુમ થવાને ચાર દિવસ પસાર થઈ ગયા હતા, પણ તેનો કશો પત્તો હજી તુલીક તેને હાથ લાગ્યો હતો નહિ. તે પેકેત તેને પાછું હાથ નહિ લાગવાથી તે બહુજ દલગીર થઈ ગયો હતો. મરનારની છેલ્લી મરજી મુજબ તેની તરફની પવિત્ર ફરજ તે આ પ્રમાણે બજાવી નહિ શકવાથી તેને બેહદ ખેદ ઉપજયો. જુલિયને તેને તે પેકેત શોધી આપવાને જોકે કબુલાત આપી હતી, પણ તે સુદ્ધા વકીલે જોયું કે તેની તરફની તે કબુલાત ફકત તેની છાતીએ હાથ મેલાવવા સરખી હતી ત્યારે તેના ધભરાટનો કશો પાર રહ્યો નહિ. તે તક મળવે લેડી ઓલ્ડકેસલના ઓરડામાં ગયો અને નમીને બોલ્યો:—

"માનવંત બાનુ, હું હવે મી૦ નીલ લાયનનાં પેકેત માટે વધુ વાર રાહ જોવાનું દુરસ્ત ધારતો નથી. મને હમણાંજ લંડનથી એક અગત્યનો તાર મલ્યોછ, જેથી મને આજ ને આજ તમારૂં આ મકાન છોડી જવાની ફરજ પડેછ. જોકે લૉર્ડ ઓલ્ડકેસલે (જુલિયને) પોતે પણ આ ગુમ થયલું પેકેત શોધી આપવાને પોતાથી બનતું કર્યુંછ, પણ—"

લેડી ઓલ્ડકેસલે તેને આગળ બોલવા દીધો નહિ. તે પક્કી સ્ત્રી સારી પેઠે જાણતી હતી કે નીલ લાયનનાં નામનું જે પેકેત ગુમ થયું હતું તેમાં ખુદ તેણીના બેટા લૉર્ડ ઓલ્ડકેસલનોજ હાથ હતો. જોકે જુલિયને પોતાની એ તકસિર પોતાની માતાને જણાવી હતી નહિ, તોપણ તેણીને ખરૂં જાણી લેતાં બિલકુલ મુશ્કેલી લાગી હતી નહિ. તેણીને પોતાને પણ એવુંજ જોઇતું હતું. જયારથી તેણીએ જાણ્યું કે મરનાર લૉર્ડ ઓલ્ડકેસલ પોતાની પાછળ નીલ લાયનને સપુરદ કરવા એક પેકેત પોતાના વકીલના હાથમાં મેલી ગયો હતો ત્યારથી તેણીને બિલકુલ ચેન પડતું હતું નહિ, અને તે પેકેતમાં શું હશે, અને તે શા કારણનું હશે તે જાણવાને તેણીનો જીવ ઘણોજ તલપાપડ થઈ રહ્યો હતો. આથી જયારે તેણીએ તે પેકેત ગુમ થઇ જવાની બીના જાણી ત્યારે તેણીએ છુટકારાનો દમ ખેંચ્યો. તે પક્કી સ્ત્રી સમજી શકીજ નહિ કે લૉર્ડ ઓલ્ડકેસલ જેવા મગરૂર અને તાલેવંત અમીરને પોતાની છેલ્લી

વડીએ નીલ લાયન સરખા પોતાના હલકી પંક્તિના એક નોકર માટે પોતાના વકીલને એક પેકેત આપી જવાનો સબબ શો?

"મીં○ એઓએન, હું પણ તમારી દલગીરીમાં ભાગ લઉંછ કે મરનાર તરફની ફરજ તમો બજાવી શકયા નથી. પણ એમાં તમારો કશો કસુર નથી એ બીના અમો સર્વે સારી રવેશે સમજયે છિએ. મીં○ એઓએન, હવે મને કેહેશો કે ગુમ થયલાં પેકેતના બાબમાં તમો કેવાં પગલાં ભરવા માંગોછ?"

તે બાહોશ ધારાશાસ્ત્રીએ ભોળાઇથી જવાબ દીધો, "તેજ કહેવા માટે હું તમો બાનુની મુલાકાતે આવ્યોછ. હું મીં○ નીલ લાયનને મોહડે મોહડું મળી તે ગુમ થયલાં પેકેતની બીનાથી તેને વાકેફ કરવા માંગુંછ. મીસ રેને મારી ઉપર મોટી મેહેરબાની કરી પોતાની ગાડીમાં મીં○ નીલ લાયનની રૂબરૂમાં મને લઈ જવાની કબુલાત આપીછ."

મીં○ એઓએનના ઉપલા છેલ્લા બોલોથી લેડી ઓલ્દકેસલનો ચેહેરો ગુસ્સાથી લાલચોળ થઈ આવ્યો. તેણીએ ચોકસ માન્યું કે એદેલીન વકીલને ઉંધું ચતું સમજાવી તેણીના પ્યારા નીલ લાયન આગળ લઈ જવા માંગતી હતી. મીં○ એઓએન પોતાના બેટાના હરીફને મોહડે મોહડું મળવા પામે અને તેની સાથ કોઇબી રીતના સંબંધમાં આવે એ તેણીને મુદલ પસંદ પડયું નહિ. પણ તે લાચાર હતી. તેણીએ ઘણું ઇચ્છયું કે જુલિયન પોતે એદેલીન અને સોલીસીતર મીં○ એઓએન સાથે જાય, પણ તેમ બની શકે એમ હતું નહિ, કેમકે તે તો સરદીના રોગથી પીડાતો હતો, જેથી આવા સમયે તેને બાહેર મોકલવામાં તેણીએ મોટો જોખમ જોયો. વળી ખુદ લેડી ઓલ્દકેસલ પણ તેઓની સાથે જઈ શકે એમ હતું નહિ. તેણીને એક તાલેવંત અને ઘણીજ અતલગની સહી મળવા આવનાર હતી. આવી રીતે તે સ્ત્રી બધી રીતે લાચાર બની હતી.

એદેલીન અને મીં○ એઓએનને એકજ ગાડીમાં બેસી કારખાના તરફ હંકારી જતાં જોઈ લેડી ઓલ્દકેસલનાં પેટમાં આડાં અને ઉભાં આવ્યાં. ગાડી જેમ જેમ પસાર થતી ગઈ તેમ તેમ રસ્તે ચાલતાં ગરીબો શોકનાં કાળાં વસ્ત્રોમાં સજ થયલી ખુબસુરતીની રાણી એદેલીન તરફ નમી દયા અને દિલસોજીની નજરથી જોતાં રહ્યાં હતાં.

"મીં○ એઓએન, તમે મીં○ લાયનને ગુમ થયલાં પેકેત માટે કાંઈ જણાવ્યુંછ કે?"

તેણીના આ સવાલથી તે વકીલને કાંઈક ગુંચવાડો ઉપજ્યો હોય એમ તેણીને લાગવાથી તેણીએ તુરત બીજો સવાલ કીધો, "મારી કેહેવાની મતલબ એ છે કે મરનાર લોર્ડ ઓલ્દકેસલે તમોને પેકેત સપુરદ કરવાની અને તે ગુમાઈ જવાની બીનાથી મીં○ લાયનને તમે જાણીતા કીધાછ કે?"

વકીલે ડોકું ધુણાવી જવાબ દીધો, "મુદલ નહિ, બાનુ. હું આજેજ તે ગુમ થયલાં બલ્કે ચોરાઈ ગયલાં પેકેતથી તે જવાનને જાણીતો કરશ, તે સિવાય હું આ આગમચ કશું પણ કરી શકયો નથી."

"અરે! ત્યારે તો મીં○ એઓએન, તે બિચારાને જે મોટું નુકસાન થશે તેનો જોખમદાર કોણ? બોલો, મીં○ એઓએન, તેનો જવાબદાર કોણ?" એદેલીને ગુસ્સા અને અજાયબિની મિશ્ર લાગણીથી પોતાની સામે બેઠેલા વકીલને પુછયું.

મીં○ એઓએન સમજી ગયો કે એદેલીનના સવાલની શી મતલબ હતી. તે લગાર મગરૂરીથી હસી બોલ્યો, "બાનુ, હું તમારી ધાસ્તી સારી પેઠે સમજુંછ. તે

પેકેતની બીનાથી, સારાં નસીબે હું જાણીતો હોવાથી હું ખુદાના શુક્ર કરૂંછું કે મી૦ નીલ લાયનને એ ગુમ થયલાં પેકેતના સંબંધમાં એક વાળ બરાબર પણ નુકસાન થવા પામશે નહિ."

વકીલના ઉપલા બોલોથી એદેલીનની ખુશાલીનો પાર રહ્યો નહિ.

"અરે! તમારાં આ વચનોથી મને કેટલી, કેટલી બધી ખુશાલી ઉપજેછે! હું તો હમણાં સુધી એમજ માનતી હતી કે પેકેતના ગુમ થવા સાથે તેમાં લખેલી બીનાબી સદાની ગુમ થવા પામી હશે. જ્યાં સુધી તે પેકેતમાંનો સંદેસો અગત્યનો હોય નહિ ત્યાં સુધી તે સંદેસાવાળું પેકેત લાયન માટે પોતાની પાછળ મુકી જવાની તે તવંગર ઉમરાવ કદી પણ દરકાર કરે નહિ."

અંતે તે કારખાનાની ગંજાવર ઇમારત બંનેની નજરે પડી જ્યાં નીલ લાયન પોતાના ખરા પસીનાની મેહેનતથી પોતાનું અને પોતાની માતાનું ગુજરાન કરવાને શક્તિવાન થતો હતો. ગાડી ઉભી રહી. એદેલીન અને વકીલ તેમાંથી નીચે ઉતર્યાં. કારખાનાનો મેનેજર મી૦ ઓસગુડ દરવાજા આગળજ હોવાથી પોતાની ભલી બાઇને જોતાંજ ગાડી આગળ દોડી આવ્યો અને અદબથી નમી હુકમનો આર્ઝુમંદ બની ઉભો.

"મી૦ ઓસગુડ, હું આજે કારખાનાની તપાસ માટે આવીછ. પણ પેહેલાં મને જણાવવાની મેહેરબાની કરો કે મી૦ નીલ લાયન હાલમાં પોતાની નોકરી ઉપર હાજર છે?"

"હા, બાનુ, હાજર છે. હુકમ હોય તો બોલાઉં."

"નહિ, તેમ હું કરવા માંગતી નથી. અમોજ તેની આગળ જઇશું. આ ગ્રહસ્થ તેની સાથે વાતમાં રોકાશે ને હું તમારી આગળ આવુંછ."

તેઓ ચાલતાં થયાં. લાયન જે ખાતાંમાં કામે રોકાયલો હતો તે ખાતાંનો અલગો દરવાજો ખોલી એદેલીન એક શેહેનશાહજાદીના તોરમાં દાખલ થઈ. ખરેખર, આ આખાં કારખાનામાં ખુબસુરતીની તે રાણી રાજકરતી એક રાણીનોજ દરજ્જો ભોગવતી હતી. તે ઓરડામાં લાયન ઉપરાંત બીજા બે શખ્સો પણ હાજર હતા. તેઓએ એદેલીનને દાખલ થતાં જોઈ હતી. તેઓએ પોતાની બાઇને નમીને સલામ કીધી, પણ પોતાની બેઠક ઉપરથી ઉઠયા નહિ. એમ કરવાનો એદેલીનનો હુકમ હતોજ નહિ, તેણીને આવું માન મેળવવાનો ખોટો અભખરો હતોજ નહિ. તે ભલી સુંદરી સારી પેઠે જાણતી હતી કે તુમાખી અને પૈસાનાં જોરમાં મરી રહેલાં તવંગરો અને લાચાર ગરીબોને પેદા કરનાર એકજ ખુદા હતો. લાયન પોતાનાં કામમાં એટલો બધો તો લીન થઈ ગયો હતો કે તેનું ધ્યાન એદેલીન તરફ ખેંચાયુંજ નહિ.

"મી૦ ઓએન, પેલા મી૦ લાયન છે, જેવણ પોતાની ટેબલ આગળ પોતાની ફરજમાં ખુબ ધ્યાનથી રોકાયલા છે." એદેલીને ઓરડામાં દાખલ થતાંજ આસપાસ નજર કરી લાયન તરફ આંગળી બતાવી વકીલને કહ્યું.

એદેલીન જોકે ઉપલો વાકય ધીમા સાદે બોલી હતી, તોપણ તે મીઠો, માનીતો અને મધુર સ્વર કોઈ છુપી જાદુઈ અસરથી લાયનના તિક્ષણ કાને અથડયો. તેણે તુરત પોતાની ચશમ ઉંચી કીધી તો પ્યારની તે મનમોહન મુર્ત્તિ તેની નજરે પડી. તે પોતાની બેઠક ઉપરથી એકદમ ઉઠી ઉભો થયો અને કાંઈક અજબ લાગણી અને જુસ્સા સહિત એદેલીન આગળ જવા તેયાર થયો. તેણે પોતાનો કોત ખુરસી ઉપર મેલ્યો હતો પણ ખુરસી ઉપરથી ઉઠવા જતાં તે નીચે પડી ગયો હતો. તેણે આજુબાજુ નજર કીધી પણ તે મળ્યો નહિ અને જયારે તેની

નજર તે ઉપર પડી ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું, કેમકે તેણે જોયું કે એડેલીનજ હવે તેની આગળ આવી ઉભી હતી. તે જોકે તેણીનો નોકર હતો, પણ તે તેના પ્યારની મુર્ત્તિ, તેના જાનનો સરદાર અને દિલસોજ દિલદાર હતી, તેનાં દુઃખમાં શરિક હતી, ગમખાર હતી. જેમ એક નોકર પોતાના માલેકને નમીને સલામ કરે તેમ તે નમ્યો. પણ તેજ પળે એડેલીન સાથની છેલ્લી મુલાકાતનો પ્રસંગ તેનાં અંતઃકરણમાં ધાઈ આવવાથી તેનો ચેહેરો શરમથી લાલ બની ગયો. તે પ્રસંગે તેણે જે અજબ જુસ્સાના આવેશમાં એડેલીન આગળ પોતાનો પ્યાર જાહેર કીધો હતો, તે બીના તે ભુલી ગયો હતો નહિ.

"મી૰ લાયન, પેલા ગ્રહસ્થ," એડેલીને મી૰ ઓએન જેઓ બીજા કામદારો-ની ટેબલ આગળ તેમનું કામ નિહાળતા ઉભા હતા તેઓ તરફ આંગળી બતાવી કહ્યું "જેઓ મરહુમ લોર્ડ ઓલ્ડકેસલના વિશ્વાસુ સોલીસીતર છે, તેઓ તમારી સાથે કાંઈક ખાનગી વાતચિત કરવા માંગેછ. હું ધારૂંછ કે મી૰ ઓસગુડ સાથનું મારૂં કામ પુરૂં કરૂં તે અરસામાં યાને એક કલાકમાં તમે તમારૂં કામ પુરૂં કરી અમારી સાથે તમારાં મકાને આવી શકશો."

તે જવાને પોતાની ટેબલ ઉપર પડેલા નકશાઓ, નમુનાઓ અને હથિયારો તરફ નજર કીધી, એવી મતલબથી કે તેને માટે હજી એટલું બધું તો કામ બાકી હતું કે ફકત એક કલાકમાં તેને ફુરસદ મળે એ કેવળ નહિ બની શકે એવું હતું.

"બાનુ, આજે મોડી રાત સુધી કામ કરવાની મારી ધારણા હતી, પણ કાંઈ મુજાકો નહિ. હું મારૂં તે કામ આવતી કાલે સંભાળી લઇશ."

એડેલીને લગાર હસી સવાલ કીધો, "મી૰ લાયન, હાલમાં તમો એટલા બધા તે શું કામમાં રોકાયલા છો?"

તેણે હસીને જવાબ દીધો "બાનુ, એક નવી કિસમની તોપનો 'ડીઝાઈન' બનાવવામાં હાલ હું રોકાયલો છેઉં. હું એ કામ પાછળ બે વરસનો મથેલો છેઉં. એ તોપ હાલ કરતાં એક હજાર વાર ગોળો વધારે દુર ફેંકી શકશે. વળી હાલમાં જેમ તોપ ફોડતાં આંચકો લાગે છે તેમ આ નવી તોપથી બિલકુલ થવા પામશે નહિ. બાનુ, ફકત તમારેજ ખાતર મેં આ નવો બોજો માથે ઉઠાવ્યોછ. કેમકે એ નવી જાતની તોપની સાથે તમારૂં અને તમારાં કારખાનાનું નામ હું જોડવા માંગુંછ. અને એ પ્રમાણે થશે ત્યારેજ હું નિરાંતે મારો જાન છોડીશ."

લાયનના આ શબ્દોથી એડેલીનને ઘણું લાગી આવ્યું. તેણીના ચેહેરા ઉપર રંગો બદલાતાજ રહ્યા હતા.

"શુકર! શુકર તે ખુદાના કે સારાં નસીબે મારાં મનના જુસ્સાથી તમો બાનુનો ગુસ્સો હું ખેંચી લેતો નથી. ઓ બાનુ, તમે કેવાં, કેટલાં બધાં ઉદાર દિલનાં છેઓ! હું લાયક છેઉં તે કરતાં તમો બાનુ મારી ઉપર વધુ રેહેમ નજરથી જુવોછ. બાનુ, છેલ્લી મુલાકાત વેળા દિવાનપણાંની જુમમાં જે કાંઇ નઘટતા ને નાલાયક સખુનો મારાથી બોલાઈ ગયા હોય તે માટે હું શરમિન્દો છેઉં, તે કિરતાર અને તમારો ગુનાહગાર બંદો છેઉં અને તે માટે માફીનો ઉમેદવાર છેઉં. તોપણ હું તમારી આંખોમાં મારે માટે પ-પ-પ——"

લાયન વધુ આગળ કશું બોલી શકયો નહિ. મી૰ ઓએન ખુશ ગુફતેગુમાં મશગુલ બનેલાં એડેલીન અને લાયન આગળ અંતે આવ્યો, જેથી લાયનના હોઠો ઉપર આવેલા હર્ફો ત્યાં અને ત્યાંજ મરણ પામ્યા.

પોતાના મેનેજર સાથે એદેલીને કેટલોક વખત રોકવા બાદ ખુબસુરતીની તે રાણી લાયન અને વકીલ સાથે અરસુલાનાં મકાન તરફ પોતાની ગાડીમાં હંકારી ગઈ. અરસુલા પોતાની હમેશની માનીતી આર્મચેર ઉપર લેટેલી હતી. તેણીએ શોકનો કાળો પોશાક સજેલો હતો. કમનસીબ અરસુલા એદેલીનને આજના જેવી ખુબસુરત આગળ કદી પણ લાગી હતી નહિ. જયારે વકીલે પોતાનો સંદેસો નીલ લાયનને તેની માવતરની રૂબરૂમાં કહી સંભળાવ્યો, ત્યારે તે કમનસીબ સ્ત્રી એવા તો દેખઈતા ધભરાટથી ચોંકી કે ચતુર એદેલીનનું ધ્યાન તે તરફ ખેંચાયા વિના રહ્યું નહિ. અરસુલાનો ચેહેરો પેલા સોલીસીતરનો પેગામ સાંભળતાંજ ફિક્કો મારી ગયો. પણ જયારે તેણીએ તેને મોહડેથી સાંભળયું કે લોર્ડ ઓલ્ડકેસલે તેને સ્વાધીન કીધેલું તે પેકેત તો કોઇ ચોરી ગયું હતું ત્યારે તેણીના ધભરાટનો કશો પાર રહ્યો નહિ અને તેણીનો ચેહેરો ખરેખર જર્દ મારી ગયો.

"બાનુ, હું તે પેકેત ગુમ થવાથી બેહદ દલગીર છેઉ, તોપણ ખુદાનો ઉપકાર માનુંછ કે મરનાર તે પેકેતમાંનાં પોતાનાં લખાણથી મારી ઉપર વિશ્વાસ રાખી મને જાણીતો કરી ગયાછ. બાનુ, તમે એમ જાણશો કે તે ગુમાયલાં પેકેતમાં કાંઈ બેંક નોટ હશે, યા કાંઈ કીમતી જામીનગીરીઓ યા અવેજ હશે, પણ નહિ, એ મધેનું કશું પણ બિલકુલ તેમાં હતું નહિ. મારી જાણ મુજબ તેમાં એવું કશું ઉપયોગી યા કીમતી હતુંજ નહિ."

"પણ ત્યારે બોલોની મી૦ ઓએન કે તેમાં શું હતું ?" એદેલીને અધીરાઈની અકળામણથી તપીને સવાલ કીધો.

"તેમાં મરનારે ફકત ત્રણજ બોલ પોતાના હાથે લખેલા હતા," મી૦ ઓએને ખુલાસો કીધો.

"અને તે ત્રણ બોલો શું હતા ?" અરસુલાએ વધતા જતા ધભરાટથી જેમ તેમ સવાલ કીધો.

"સાંભળો બાનુઓ, તે ત્રણ બોલો 'પેલી આંધળી આંખ' એ પ્રમાણે હતા."

"આંધળી આંખ !" એદેલીન અને લાયન સાથે પોકારી ઉઠયાં. અરસુલા જે આટલો વખત સુધી વકીલને સાંભળતી ખુરસીમાં તરી બેઠેલી હતી તે ઉપલા ત્રણ બોલો સાંભળતાંજ નિરાશીના આવેશમાં ફસડાઈ પડી. લાયન અને એદેલીન તે દુ:ખી સ્ત્રી આગળ દોડી ગયાં.

"ઓ ખુદા ! ખુદા ! આંધળી આંખ ! આંધળી આંખ ! એ ત્રણ બોલનો ભેદ ખોલી કહાડતાં ખરેખર હું આંધળીજ થઈ જવશ." અરસુલા એદેલીન અને વકીલની હાજરીની પરવા કીધા વિના વગર ધ્યાને પોકારી ઉઠી.

દોરા અને રોઝામન્દ.

ગરીબ બિચારી કમનસીબ રોઝામન્દ ! તેણીને આપણે છેલ્લી જોવા પછી તેણીની દુખી જીંદગીમાં કશો પણ સારો ફેરફાર થવા પામ્યો હતો નહિ. તેણીની હાલત જેવી અને તેવીજ રહી હતી. ખરૂં બોલ્યે તો તેણીનાં દુ:ખમાં ઓરખી વધારો થવા પામ્યો હતો. તે કમનસીબ સ્ત્રીએ ત્યાર પછી જુલિયનની મુલાકાત લીધી હતી. તે તે વેળાએ એકલી હતી નહિ. તે પોતાની સાથે એક વર્ષની વયના પોતાના

વાહલા બેટા દેવીને પણ લઈ ગઈ હતી. તે નિર્દોષ બાળક દરેક રીતે કોઈનું પણ લક્ષ ખેંચે અને પ્યાર જીતે એવું દેખાવળું હતું. રોઝામન્દને છુપી રીતે જુલિયન તરફથી જે માસિક પગાર મલતો તેનો ઘણોખરો ભાગ તે દુઃખી માતા પોતાના પ્યારા બેટાને સણગારવા પાછળજ ખરચી નાખતી હતી. તે માતા નાના દેવીને સારા સારા પોશાકથી સજવાને અને તે પાછળ નાણાંનો ઉપયોગ કરવાને જરા પણ આનાકાની કરતી હતી નહિ. એદેલીન દેવીને જોતાં હમેશાં એમજ બોલતી હતી કે "રોઝામન્દ, તારો બેટો ભલા શેહેનશાહનાં અઈવાનને દિપાવે એવો એક છે. કમભાગ્ય તે બાપનાં જે આવાં બચ્ચાંને દુનિયા આગળ પોતાના તરીકે હજી જાહેર કરતો નથી. એવા બેકદર બાપ ઉપર સારી દુનિયાનો શ્રાપ પડજો."

ખરેજ, જુલિયન એક સંગદિલ બાપ હતો. તેની છાતી પથ્થર કરતાં પણ વધારે સખ્ત હતી. રોઝામન્દ નાના દેવીને તેના પગ આગળ મેલી ધુંટણિએ પડી બોલી, "જુલિયન, હવે તો દયા કર, મારી ઉપર નહિ તો આ નાજુક, નિર્દોષ, નાતવાન બાળક ઉપર રેહેમ કર! જુલિયન, હું તારી પરણી ઓરત છેઉ, તું મારો હકદાર ખાવિન્દ છે, તો આ નાનાં ભુલકાં ખાતર અમોને હવે બિનજરૂરી નામોશીના ગારમાંથી છોડવ અને મને સુર્ખરૂ બનાવી અમો બંને કમનસીબોને તારી રક્ષણ આપનારી પાંખ હેઠળ લે."

પણ નહિ. જુલિયન સમજયો નહિ. પથ્થરને પિગળાવવો અને જુલિયનને સમજાવવો એ બરાબર હતું. તેની ઉપર પોતાની પરણેતરની સર્વે કાકલુદી અને આજીજી એક તણખાં ભાર પણ અસર કરી શકી નહિ. પણ તેથી ઉલટીજ રીતે તે ઠગારાની ઠગબાજી અને ચાપલુસી તે નિર્દોષ સ્ત્રી ઉપર અસર કરી શકી. હવે તેણે પોતાની ફુસલવણીખોર જીભલીનો છુટથી ઉપયોગ કીધો અને તે ભોળી સ્ત્રી એકવાર ફરીથી તેની ચાપલુસીખોર જબાનની ભોગ થઈ પડી. તેણે તેણીને એકવાર ફરીથી અસતમ પસતમ સમજાવી લીધી. તેણે તેણીને થોડા વધુ દિવસ થોભી જવા કહ્યું. તે ભોળી સ્ત્રી કબુલ થઈ. તે જેવી જવા કરતી હતી કે તેજ પળે જુલિયને તેણીને અટકાવી કહ્યુ, "રોઝામન્દ, હું ઘણો નારાજ છેઉ કે તું પેલા લાયન ઉપર વિશ્વાસ મેલેછ. તે તારી દોસ્તીને બિલકુલ લાયક નથી."

"જુલિયન, તે મારા ભલા દોસ્ત માટેના આવા સખુનો હું સાંખી શકતી નથી. તે તો મારો રાહબર ફરેસ્તો છે, મારી જીંદગીના અંધકારમાં તે એક નુરમંદ તારો છે. જુલિયન, તુને શું ખબર કે આપણાં લગ્નના ગુમાઈ ગયલા સાક્ષીની શોધ કરવા પાછળ તેણે પોતાના પૈસાનો તેમજ વખત અને મેહેનતનો મોટો ભાગ આપ્યોછ! અરે! તેણે કેટલી વાર મારા હકદાર ખાવિન્દનું નામ મને—"

"હેં! શું તે કુતરા આગળ તેં મારૂં નામ જાહેર કીધું કે?" જુલિયને ગુસ્સાથી ડોળા કાહડી સવાલ કીધો.

"નહિ, જુલિયન નહિ. હું મારા કોલ ઉપર ઓસ્તવાર છેઉ. તે માટે તો તું બેફિકર રેહજે. મેં તે મારા રાહબર ફરેસ્તાને હજી તુલીક તારૂં નામ જણાવ્યુંજ નથી. મેં ફકત આપણાં લગ્નનીજ કેફિયત તેને જણાવીછ. તે આપણાં લગ્નના સાક્ષીની શોધમાં રોકાયલો છે," રોઝામન્દે પોતાના ખાવિન્દ આગળ ભોળાઇથી ખુલાસો કીધો.

"અરે પણ ઘેલી! આપણાં લગ્નના સાક્ષી તુવાછ કોણ જે? તેઓ તો દરિયામાં દોહવાઈ ગયાછ, અને કયારના તે દાદારની દરગાહમાં પોંહચીબી ચુકાછ!

માટે તું તેને એકદમ ફરમાવ કે એવાં મોતનાં અવત્યાં મારવાથી દુર રહે. જો, સાંભળ. તું નિર્દોષ અને ભોળી છે તેથી તેના હાથ ઉપર ફસી જતાં તુને વાર લાગશે નહિ. સાંભળ, ચેતીને ચાલજે. જેને તું ફરેસ્તા જેવો પાક સમજેછ તે તો લિયાનતી શેતાન છે, ખુની છે, તેના હાથો લોહીથી ખરડાયલા છે."

"જુલિયન, તું શું બોલેછ? કોણનાં લોહીથી તેના હાથ ખરડાયલા છે?"

"કરનલ રેનનાં! તેજ રૂપસુંદરીના બાપનાં લોહીમાં કે જેણીને તે બદમાશ ચાહવાનો દાવો કરેછ! સમજી!" જોકે રોઝામન્દે જાહેરમાં લાયન ઉપરનાં આ ગલીચ બોહતાનને તરછોડી કાહડયું તોપણ બાતેનમાં તેણીને લાયન માટે અજબ તરેહનો ધભરાટ છુટયો હતો, કેમકે આખાં ઓલ્ડકેસલમાં એજ ગલીચ ગુલબાન દિવસો થયાં ઉડી રહ્યું હતું.

લાયનની વિરૂદ્ધ જુલિયનનાં મોહડેથી કાંઈ પણ વધુ સાંભળવાને તેણીને ધિક્કાર છુટવાથી તે ભોળી સ્ત્રી પોતાના પરણ્યા ખાવિન્દને હવે એકદમ છોડી ગઈ. જુલિયન એકલો પડયો અને રોઝામન્દને એક વાર ફરીથી ઉલથાપ આપવા માટેની ફતેહથી ફુલી હસવા લાગ્યો. આ પછી તે દાંત કચકચાવી બોલ્યો, "રોઝામન્દ, તને શી ખબર કે લાયન સાથની તારી પિછાનથી મારાં પેટમાં આગના ભડકા ઉઠેછ. પણ રોઝામન્દ, તને સ્વપ્ને પણ ખ્યાલ નથી કે તારા છાકટ બાપને મેં લાયન માટે ઉંધું ચતું સમજાવી તેના કાનમાં એવું તો ઝેર રેડયુંછ કે તે બુઢો ચંડાળ લાયનનું ખુન નહિ કરે તો હું જરૂર અજબ થાઉં."

એમજ હતું. લુચ્ચા જુલિયને રોઝામન્દના બાપને લાયન માટે બિલકુલ ખોટું સમજાવ્યું હતું, અને તેના કાનમાં તેની વિરૂદ્ધ બને એટલું ઝેર રેડવાને તે કોઇ પણ રીતે અચકયો હતો નહિ. તેણે તે બુઢાનાં મગજ ઉપર એવું ઠસાવ્યું હતું કે તેની બેટીની લાજ લુટનાર અને તેણીને નામોશીમાં ગરકાવ કરનાર અને દુનિયામાં જડમુળથી ઉખેડી નાખનાર બીજો કોઇજ નહિ, પણ નીલ લાયન પોતે હતો. તેણે અનેક વાર બુઢા દીર્પીંગને લાયન અને રોઝામન્દની નિર્દોષ મુલાકાતો વેળા છુપાવી રાખ્યો હતો, જે મુલાકાતને તે બુઢો જુદાંજ રૂપમાં દેખતી આંખે આંધળો બની જોતો રહ્યો હતો. જુલિયન એટલુંજ કરી પરવાર્યો હતો નહિ, પણ તેણે લાયનની સહી હેઠળ રોઝામન્દનાં નામનાં ખોટાં કાગળો લખી તે બુઢાને એટલો બધો તો ઉસ્કેરી મેલ્યો હતો કે અગરજો ક્રોધના આવેશમાં પોતાની બેટીને થયલા ગેરઇનસાફના બદલામાં રોઝામન્દનો બાપ લાયનનું ખુન વટીક કરે તો તેમાં *કશી અજાયબિ હતી નહિ.*

બીજી તરફ એદેલીનની બેહેન દોરાનાં હિણભાગ્યની પણ હદ હતી નહિ. તે રોઝામન્દ જેવાંજ ફુટેલાં કરમની હતી. જેમ રોઝામન્દ છતે ખાવિન્દે ખાવિન્દ વિનાની બની હતી તેવીજ હાલત દોરાની પણ હતી. તે સુંદરી પણ છતે ખાવિન્દે દુનિયાની નજરમાં વિધવા બની હતી. તે જોકે દેનિયલ લેરેબીને ખરાં જીગરથી ચાહતી હતી તોપણ તે તેને પરણી શકતી નહિ હતી. દેનિયલ લેરેબીએ તેણીને પણ વિધવા સમજી પોતાની પરણેતર થવા અનેક વાર આજેજી કીધી હતી. તે દુઃખી સ્ત્રીએ તેની માંગણી સાફ ના પાડી હતી. એક દિવસે તેણીએ આંખોમાં આંસુ સાથે લગ્નની અણગમતી વાત નહિ કરવાને ફરીથી મજબુતાઇથી લેરેબીને આગ્રહ કીધો ત્યારથી તેણે તે કમનસીબ સ્ત્રીનો પિછો જોકે છોડયો હતો તોપણ તેને ઉમેદ હતી કે એક દિવસ એવો આવશે કે તે દોરાને પોતાની પરણેતર બનાવી શકશે.

આ નાઉમેદ આશકની ઉમેદ ફળે છે કે નહિ, તે હવે જોવાનું છે.

દોરાની કમનસીબી માત્ર એજ નહિ હતી. બીજી તરફથી તેણીનો ચંડાળ ખાવિન્દ રોદ્રીક તેણીને જંપીને બેસવા દેતો નહિ હતો. વારંવાર તેણીને પૈસા ટકાથી તે નિચોવતોજ રહ્યો હતો. તે ભલી ઓરત આથી તદન કંટાળી ગઇ હતી, પણ તે લાચાર બાઈ માણસ શું કરી શકે? તેણીના લુચ્ચા ભરથારની ઘણી નહિ તોપણ થોડીબી મરજી રાખવા વિના તેણીની પાસે બીજો એકે ઇલાજ હતો નહિ.

"રોદ્રીક! રોદ્રીક! એમ તે કયાં સુધી ચાલશે?" દોરાએ વારંવાર પોતાના ખાવિન્દને આ સવાલ કીધો હતો.

"દોરા, જયાં સુધી તારી તરફથી મને પૈસા મલતા રહેશે, ત્યાંસુધી મારી જીંદગી ને તારી હોરમત સલામત છે," રોદ્રીકનો આ એકજ જવાબ હતો. દોરાને દોલત કરતાં પોતાની હોરમત વધુ વાહલી હતી. તે પોતાની હોરમત આગળ કાહરૂનની દોલત મટ્ટી સમાન ગણતી હોવાથી તે ભલી સ્ત્રી પોતાનાં પેટ પાટો બાંધીને પણ પોતાના સેતમગર લુચ્છા ખાવિન્દને પૈસાથી તૃપ્ત કરતી રહી હતી. તેણીએ ઘણુંબી ઇચ્છયું કે તે પોતાના ગમથી પોતાની નાની બેહેન અને સાચ્ચા દોસ્ત દેનિયલ લેરેબીને જાણીતાં કરે, પણ જેઓ ભલાઇના સાગરમાં ડુબેલાં હોય છે તેઓ પોતાની ઉપરની ગમે તેટલી આફત છતાં મોહડાંમાંથી એક તુકારો વટીક બાહર કાહડી શકતાં નથી. એવોજ હાલ ગરીબ બિચારી દોરાનો હતો. દોરા અને રોઝામન્દ ઉપરની આ આફતો શું થોડી હતી? ગોયા તે બંને કમનસીબો એક બીજાની જોડી હતી. પણ તેઓને થોડીજ ખબર હતી કે આ તો આફતની ફકત બામદાદ હતી. તેનો દાહડો અને રાત તો હજી પાછળ આવનાર હતાં.

કસરેવજની કારસ્તાની.

સાંજના સાડા ચારનો ખુશનુમા સમો હતો. એદેલીન અને લેડી ઓલ્દકેસલ ઓલ્દકેસલ પાર્કનાં ભપકાદાર દિવાનખાનામાં બેઠેલાં હતાં. બંને પોત પોતાના ખ્યાલોમાં એટલાં બધાં તો મશગુલ થઈ ગયાં હતાં કે તેઓએ અરધો કલાક પસાર થઈ જવા છતાં વાતચિતનો એક શબ્દ પણ હોઠમાંથી બાહેર કાહડયો હતો નહિ. બંનેના ખ્યાલો એકબીજાથી બિલકુલ ઉલટાજ હતા. એકનો ખ્યાલ ભલાઈ તરફ ઢળેલો હતો, ત્યારે બીજીનો વિચાર બુરાઈ તરફ વળેલો હતો. એદેલીન લાયનની ભલાઇના ખ્યાલોમાં લીન હતી, જયારે લેડી ઓલ્દકેસલ લાયનનું નખોદ વાળવા માટેના ખ્યાલોને આધીન હતી. એદેલીન 'પેલી આંધળી આંખ' નો ભરમ જાણવામાં પોતાનાં ભેજાંને તકલીફમાં નાખતી હતી, ત્યારે લેડી ઓલ્દકેસલ લાયનને પોતાના એકપુરા બેટાના રસ્તામાંથી કેમ દુર કરવો તેની વમાસણમાં વિંટલાયલી હતી. પણ અંતે લેડી ઓલ્દકેસલજ થાકીને બોલી, "એદેલીન, ખુદાએ તારૂં જીગર તે કેવુંક પથ્થર સમાન બનાવ્યુંછ કે જે તને પોતાના જાન કરતાં પણ વધુ પ્યારથી ચાહેછ તેને તું યાદ વટીક કરતી નથી, અને તેની તરફ તું આટલી બધી બેદરકાર છે. એદેલીન, જુલિયન જોકે બિમાર છે તોપણ દરેક પળે તેની જબાન પર તારૂંજ નામ છે. જરા જઇને તેને મળ તો ખરી અને દિલાસાથી તેનાં જળતાં

જીગરને આરામ તો બક્ષ! એદેલીન, હમણાં હમણાં તું મારા એકના એક વાહલા બેટા તરફ ઘણીજ ઘાતકી બનીછ!"

લેડી ઓલ્ડકેસલનાં આ વચનથી એદેલીનનું નરમ જીગર આખરે પિગળ્યું. તે ઉઠી, અને જુલિયનના ઓરડામાં દાખલ થઇ. દિવાનખાનામાંથી પસાર થતાં કારભારી પ્રોસપર સ્પ્રેગે તેણીને જોઇ. તે ભોળો કારભારી એક નિસાસો નાખી પોતાનાં મન સાથે બોલ્યો, "આહ! મારી ભલી બાઇ ચાહે તો આજે આ બાદશાહી મકાનની માલેક બને."

ભલો પ્રોસપર સ્પ્રેગ ખરાં અંતઃકરણથી બોલ્યો હતો. પોતાની ભલી બાઇનાં ભલાંના માત્ર ખ્યાલથીજ બોલ્યો હતો, પણ તેને થોડી ખબર હતી કે મોહબત વિનાનાં લગ્ન કરવામાં પણ મોટામાં મોટું પાપ સમાયલું છે. વળી જુલિયનની બદચાલથી તે બિલકુલ બિનવાકેફ હતો.

એદેલીન જુલિયનને તેના ઓરડામાં મળવા ગઈ હતી, તેમાં તેણીની મતલબ લેડી ઓલ્ડકેસલને માત્ર રાજી રાખવાનીજ હતી. જુલિયને જોયું કે એદેલીન તેની આગળ આવી હતી ખરી, પણ તેણીના ચેહેરા ઉપરના અણગમાનો છાપ કાંઈ દુર થયો ન હતો. તેણે ખરાં અંતઃકરણથી એક નિસાસો નાખ્યો અને તેજ પળે લાયનનું નામ યાદ આવવાથી તે પોતાના દાંત કચકચાવી કાંઈક બડબડયો, જે એદેલીન સાંભળી શકી નહિ. ઓરડામાં દાખલ થતાંજ બ્રાન્ડી અને તંબાકુના વાસથી તેણીને લાગ્યું કે તેણીનો દમ ગુંગળાતો હતો. જોકે તે ઓરડો ઘણોજ ભપકાથી ઉંચી કિસમે સણગારવામાં આવ્યો હતો, જોકે જગેજગ તેના માલેકની તવંગરીની ઇધાણીઓ નજરે આવતી હતી, દોલત જેટલું કરી શકે તેટલો સણગાર ઠારેઠાર તે ઓરડામાં જોનારની આંખોને ઉડી વળગે તેટલો હતો, પણ એદેલીનને મનથી તે એક જીવતું દોજખખાનું હતું, અને જુલિયન ઈનસાનનાં રૂપમાં એક શેતાન હતો. તે સુંદરી ઓરડામાં દાખલ થતાં અનેક વાર કમકમી પાછી હઠી હતી. હવેજ તેણીને ખ્યાલ આવ્યો કે લાયનની ગરીબ પણ સાદી ઝુંપડી તેણીને માટે ખરેખરૂં બેહેસ્ત હતું, જયારે જુલિયનનાં આલીશાન અયવાનમાં ખરેખરૂં દોજખખાનું હતું. તેણીને લાગ્યું કે લાયનની સામે લાયનનાં ગરીબડાં મકાનમાં વર્ષો સુધી અન્ન પાણી વિના બેસવાને તે શક્તિવાન હતી, જયારે જુલિયનની સામે તેનાં ઠાઠમાઠવાળાં બાદશાહી અયવાનમાં એક ઘડીભર પણ આરામથી બેસી શકવાની તેનામાં તાકાત હતી નહિ.

"ઓ! એદેલીન! ત્યારે તું અંતે આવી ખરી! આખો દિવસ ડાકટરનાં ફરમાનને માન આપી આ ઓરડામાં એકલો ને અટુલો ઝુરતો અને ઝુંફતો બેસી રેહેતાં હું બિલકુલ આજેજ બની ગયોછ. શું કરૂં, એદેલીન, મારાં માયજીની જીદ આગળ લાચાર છેઉં, લાઈલાજ છેઉં."

એદેલીનને ચુપ બેઠેલી જોઇ જુલિયને નિસાસો નાખી આગળ ચલાવ્યું, "એદેલીન! મારી બેચેની, મને લાગેછ કે દર પળે વધતીજ જાયછ. મારૂં જોર કમી થતું જાયછ, જેનો સબબ કંઇજ નહિ, પણ તુંજ, એકલી તુંજ છે. મારી તરફની તારી એક રજ બરાબર પણ ચાહત મારાં મનથી આબે હેયાત છે, મારી દુઃખી જીંદગીની રાહત છે. એદેલીન, આજે મને એક કાગળ મળ્યોછ જે વાંચતાં આખાં બદનમાં તારે માટે કેહેર છુટોછ. અરે! જે આખી દુનિયા જોયછ, તેજ તું કેમ જોઇ શકતી નથી, એ કેવી અજાયબિ! તારી આંખે એવો કેવો

અંધારો પરદો ફરી વળ્યોછ કે તું છતી આંખે આંધળી બનીછ ! લે, તુંજ આ કાગળ વાંચ, ને તારા ડોળા ઉઘાડ ! જેથી જે તુને ખરેખર ચાહેછ તેને ઠોકરે મારવાથી તું પરહેજ રેહ !"

એદેલીને તે કાગળ હાથમાં લીધું અને વાંચ્યું. એક વાર વાંચી સંતોષ નહિ પામી હોય તેમ તેણીએ તે મોટા કમકમાટ સાથે ફરીથી વાંચ્યું. તે કાગળ જુલિયન ઉપર લખવામાં આવ્યું હતું, અને તેનો લખનાર કોઇજ નહિ પણ કમનસીબ રોઝામન્દનો બાપ રોજર દીપીંગ હતો. તે કાગળની શરૂઆતમાં નીલ લાયનને અનેક ગાળો ભાંડવામાં આવી હતી, જે પછી રોજર દીપીંગે ભાર મેલી જણાવ્યું હતું કે નીલ લાયન તેની બેટી રોઝામન્દને ફસાવનાર હતો અને તેજ ચોરી છુપાઇથી રોઝામન્દને નાની માસિક રકમ પુગાડયો જતો હતો. તેજ તે ચંડાળ હતો જેણે તે ભોળી સ્ત્રીને પરણી તરછોડી દીધી હતી. રોજર દીપીંગે ક્રોધનાં ઝનુનમાં લખ્યું હતું કે "ચંડાળ નીલ લાયને લગ્નનાં ખોટાં અને વેશધારી ઓઠાં હેઠળ મારી ભોળી બેટીની લાજ લુટીછ, તેણેજ મારાં ગરીબ ઘરનું સત્યાનાશ વાળ્યુંછ, તેણેજ મારા બુઢાપામાં મારાં કપાળે ખેજાલતનો ડાઘ દીધોછ અને તેણેજ મારી આવી બુરી હાલત કીધીછ. ઓ ! મારૂં મગ્જ ફરેછ, મારો જુસ્સો મારાં બદનમાં માયો સમાતો નથી. મેહેરબાન સાહેબ, મેં મારી જીંદગીથી હાથ ધોયાછ, મને મારી જીંદગીની એક રજ બરાબર પણ પરવા નથી. વેર અને કીનો મારાં જળતાં જીગ્રમાંથી ઉભાઇ જાયછ. મારી બેટીની હોરમત લુટનાર લુટારાનો ટોટો ભચડી તેનું લોહિ પીવશ, તેનું ખુન કરશ ને આ જેહાનના જવાનો જેઓ બીજાઓની વહુ બેટીઓ તરફ પાપી નજરથી જોયછ તેઓને ધડો શિખવશ, ત્યારેજ મારો કેહેર વળશે, ત્યારેજ હું નચિંત થઇશ. સાહેબ, હું તે બદમાશ ઉપર વેર નહિ લેઉં તો હું ઇનસાન નહિ, હું બાપ નહિ. અરે ! તે ચંડાળનું બિછાનું કાંટા અને કવચનું થજો ! તેનું સત્યાનાશ વળજો ! અન્ન અને પાણી સાથે તેના દાંતોને વેર પડજો ! સંકટ ને આફત તેના હમશરિક થજો ! તે આંખો વગર બેનુર થજો, તેનાં બદનની રગેરગમાં નાસુર પડજો !"

તનનાં રૂવે રૂવાં ઉભાં કરનારી તે કમબખ્ત બુઢા બાપની આવી કદુવા વાંચતાં એદેલીનનાં આખાં બદનમાં ટહાડનું એક સખ્ત લખલખું ભરાઇ આવ્યું. તેણીએ કમકમી પેલું નજીસ કાગળ જુલિયન તરફ ફેંકી દીધું.

"જુલિયન, બોલ ! તું આ નજીસ કાગળ વંચાવી મને શું કેહેવા માંગેછ ? જો લેડી ઓલ્દકેસલે એટલાંજ માટે, આ નજીસ કાગળના ભયાનક બોલો સંભળાવવા માટેજ મને મોકલી હોય તો હું વધુ વાર અહિં બેસી શકતી નથી. મારે મનથી આ જગા જીવતાં જીવતનું જેહાનમ છે."

આટલું બોલી ખુબસુરતીની તે રાણી ગુસ્સામાં ઉઠી ઉભી થઇ. તે ઓરડો છોડી ચાલી જવા કરતી હતી, તેજ પળે જુલિયને તેણીનો હાથ પકડી લગાર ગુસ્સા અને લગાર કાલાવાલાથી કહ્યું:—

"એદેલીન ! મારી પ્યારી એદેલીન ! જો, મારી તરફ જો ને ખ્યાલ કર કે જે નીચ, કમીના નોકરને તું આટલો બધો ચાહેછ તે કેવો શેતાનની ખસલતનો છે, તે તારા ઓળાને વટીક લાયકનો નથી. તે ચંડાળ, પેલી કંગાળ રોઝામન્દને ખોટા ઢોંગથી પરણી તે બિચારીને હવે તજી બેઠોછ. તે તારી દોલતને ચાહેછ, નહિ કે તારી મોહબતને ! સાંભળ, કે જે ધણી કરનલ રેન જેવા ભલા નરનું ખુન કરવાને—"

એદેલીન આ નજીસ વાત આગળ વધતાં અટકાવી એક ચિચિઆરી પાડી બોલી, "ઓ! નહિ! નહિ! જુલિયન નહિ, તે મારા બાપનો ખુની હોયજ નહિ! બનેજ નહિ! ઓ! મારા વાહલા બાપનાં ખુનની દિલ કંપાવનારી યાદથી મારૂં જીગર ચાક ના કર! મારી એકની એક ઉમેદને ખાક ના કર! હું જાણુંછ કે તે બિલકુલ નિર્દોષ છે, બિલકુલ બેગોનાહ છે, તે વફાદાર છે, જફાકાર નથી, પાક છે, સાફ છે, ખુનખાર નથી."

જુલિયન એદેલીનના ઉપલા સખુનો સાંભળતાંજ હાથ પગ મોટાં જોશ સહિત અફાળી બોલ્યો, "અરે એદેલીન! હું તુને કેમ સમજાઉં? તારાં દિવાનાં મગ્જને કેમ રાહ ઉપર લાઉં? દિવાની! તું શું એમ માનેછ કે એક બાપ પોતાની એકની એક બેટી માટે આવું નજીસ ગુલબાન ઉડારે?"

એદેલીન સેહેજ વિચારમાં પડી, જે વેળાએ જુલિયને નક્કી માન્યું કે તે હઠીલી સ્ત્રી ઉપર તેના ઉપલા બોલવાની અસર થઈ હતી. પણ તે ભુલતો હતો.

"જુલિયન! હું કબુલ કરૂંછ કે રોઝામન્દને કોઇ જુલમગાર ગોનાહગારે ખરેખર ફસાવીછ, પણ જેમ રોજર દીપીંગ અને તું ધારેછ તેમ તે ગોનેહગાર કાંઈ લાયન નથી. તે હોયજ નહિ. તે તો નેકીનો ફરેસ્તો છે, સદગુણનો સેતારો છે, ગરીબોનો યાર, મદદગાર છે, નેક છે, લાખોમાં એક છે."

જુલિયન ગુસ્સાથી પોતાનો હોઠ કરડી બોલ્યો, "આ કેટલું અજબ જેવું છે, એદેલીન, કે તને આખાં ઓલ્દકેસલ શેહેરનાં લોકો ઉપર ભરોસો નથી. તું એકલા તે બદમાશનેજ સાચ્ચો અને પવિત્ર માનેછ. એદેલીન, સાવધ થા. લાયન બદીની ખાઇમાં માથાંથી પગ સુધી ગર્ક છે, તે તારી આસ્તીનમાં ગોયા ઝેરી સર્પ છે. આગ અને નાગથી બી બદતર છે, એદેલીન, ગોયા તે તારાં જીગરમાં એક ઝેરી ખંજર છે."

એદેલીન ઉઠી. ગુસ્સાની દેવીની તરેહ તેણીએ જુલિયન તરફ એવા તો ક્રોધથી જોયું કે ખુદ જુલિયન પોતે પણ ધભરાઇ ગયો. પણ હિમ્મત રાખી તે બોલ્યો, "એદેલીન, તું મારી ઉપર ખફા થાયછ પણ મુજાકો નહિ. મને એટલો તો સંતોશ છે કે તારાં ભલાં માટે—"

પણ એટલામાં પ્રોસપર સ્પ્રેગે દાખલ થઇ એક કાગળ જુલિયનના હાથમાં મેલ્યું. તે તેણે વાંચ્યું, પણ બીજીજ પળે તેનો ચેહેરો ફિક્કો પડી ગયો અને એક ધીમી ચિચિઆરી પાડી પોતાની બેઠક ઉપર ફસડાઈ પડયો. એદેલીન અને પ્રોસપર સ્પ્રેગની હાજરી વીસરી ભુલી જઇ તે પોકારી ઉઠયો, "ચંડાળ, ખોદાનો તારી ઉપર માર પડજો, જેહાનમમાં તારો ઠાર થજો, આફત તારો યાર થજો, શેહેતાન તારો મદદગાર થજો!"

જવાન એદેલીન અને બુઢો સ્પ્રેગ સમજી શકયાં નહિ કે તે શું બોલતો હતો, કોણ માટે બોલતો હતો?

વીલી ગ્રે.

કાનના બેહેર ફાડી નાખે એવા પવનના સુસવાટા વચે એક નિરાધાર, નબળી, નાતવાન અબળા પોતાના એક વર્ષની વયના બેટાને પોતાની કેડ ઉપર ઉચકી ઉજ્જડ રસ્તાઓ ઉપરથી રસ્તો કાપતી હતી. આ તેજ કમનસીબ અબળા હતી જેણીને જુલિયને આખી જીંદગી સુધીની હાડમારીમાં લાવી મેલી હતી. એજ તે દુઃખી સ્ત્રી હતી જેણીએ જુલિયન જેવા નાકદર ખાવિન્દ ખાતર પોતાની જબાનને ચુપકીદીનું તાળું માર્યું હતું. એજ તે કમબખ્ત, હાડમાર થતી સ્ત્રી રોઝામન્દ હતી જે એક હકદાર ખાવિન્દ ધરાવવા છતાં પોતાના બાપ અને લોકોની નજરમાં શરમભરેલી જીંદગી ગુજારનાર પાપી સ્ત્રી તરીકે ઠરી ચુકી હતી. તે સ્ત્રી એક વાર ફરીથી જુલિયનના પગ ઉપર માથું મેલી આજેજી કરી આવી હતી. તે તેજ નાતરસ, ઠગારા અને ચાપલુસીખોર લુટારા સોડેથી પાછી ફરી હાલમાં પોતાનાં નસીબને દોષ દેતી રસ્તો કાપતી હતી. ખુદ ખુદરત પણ તે કંગાળ સ્ત્રી ઉપર રૂઠેલી દિસ્તી હતી. ધરતી પણ તેણીને ઠાર આપતી હતી નહિ. જુલિયન અને રોદ્રીક જેવા બદમાશો જયારે પોતાની સર્વે બદમાશી છતાં આરામ પામી સુખચેનમાં જીંદગી ગુજારતા હતા, ત્યારે નિર્દોષ, ભોળી, ભલી રોઝામન્દ દિયાનતે પાક અને નિયતે સાફ છતાં સંકટ સહન કરતી હતી. તે સ્ત્રી આજે બિલકુલ નિરાધાર અને લાચાર બની હતી. તેણીના બાપનો એકપુરો આશ્રો પણ આજે સદાનો ગુમ થયો હતો. તે ઘરબાર વિનાની રખડતી અને ટ્રવળતી બની હતી. તેણીને તેના બુઢા બાપે પોતાનાં મકાનમાં વધુ વાર આશ્રો નહિ આપવાનો મક્કમ ઠરાવ કરી ઘરમાંથી હંકારી મેલી હતી. તેણે તેણીને પોતાનાં ઘરમાં દાખલ કરવાને મજબુતાઇથી ના પાડી હતી. તે બુઢો એમજ માનતો રહ્યો હતો કે તેની ખુબસુરત બેટી પાપના ઉંડા ગારમાં ફસેલી હતી, અને તેણીને આવી રીતે ફસાવનાર, અને અનીતિના દરિયાવમાં ડુબાડનાર નીલ લાયન હતો. તે બુઢો હતો પણ પોતાની બેટીની નામોશી સાંખી શકે એવો નહિ હતો. તે જોકે જુલિયનની ખોટી સમજાવટથી ભુલમાં ગોથું ખાતો હતો, અને તેથી જોકે નીલ લાયનને તે નાહક બદનામ કરતો હતો, તોપણ તે પોતાની ગમે તેટલી ગરીબાઈ છતાં પોતાનાં એકપુરાં ફરજંદની નામોશી અને ખેજાલત તરફ જોતી આંખોએ આંધળો બનવા માંગતો હતો નહિ. તેને પોતાની ખુબસુરત અને જાન કરતાં વાહલી બેટી કરતાં ખુદરતી રીતે તેણીની આબરૂ ઇજત વધારે વાહલી હતી. પોતાની બેટીને લાગેલી નામોશીનો ગમ એક પળવાર પણ તે ભુલ્યો હતો નહિ. એ ગમમાં અને ગમમાં તેને દારૂનું માહ બુરૂં વ્યસન લાગ્યું હતું અને તેની ખાનેખરાબી ભરેલી અસરથી તે હતો તે કરતાં વધુ ઝનુની બનતો જતો હતો, જેનું પરિણામ રોઝામન્દને તરેહવાર રીતે હાડમાર કરી આખરે ઘરબાર વિનાની ભટકતી જીંદગી ગુજારતી કરવામાં આવ્યું હતું. આટલો વખત સુધી તેણીએ પોતાના બાપ તરફથી અનેક દુઃખો ખમ્યાં હતાં, અને તેણીનાં પશુ બાળકને વટીક તે બાપ ઇજા કરવાને ચુકતો હતો નહિ, અને તાણા તપલાનાં તિણાં તિરોથી તેણીને વિંધી નાખતો હતો, તોપણ જે મકાનમાં તેણીને આશ્રો મળતો હતો તે તેણીના બાપનું હતું, એ કાંઈ તેણીને મનથી જેવો તેવો સધિઆરો હતો નહિ. બાપ તરફની ગમે તેટલી હાડમારી છતાં દુઃખનાં તે ધામમાં બે પળ પણ તે આરામ લઇ શકતી હતી, પણ જયારે તેટલાંથી પણ તેણીએ પોતાને બાકાત થયલી જોઈ ત્યારે તેણીની જવાન છાતી આ નવાં દુઃખથી

ગોયા ફાટી ગઈ. આપણે ઉપર જોયું તેમ ખુદરત પણ તે નિર્દોષ ઓરત ઉપર રૂઠી હતી. બેરહેમ પવન એટલા તો જોશમાં ફુંકતો હતો કે તે સહન કરવાને તેણીનું નાજુક શરીર બિલકુલ અશકત હતું. તેણીને પોતાના જાનની થોડીજ દરકાર હતી પણ તેણીના લાડકવાયા બાળક–બેટા માટે તેણીનું જવાન જીગર બળી જળી જતું હતું.

તે હવે એક ઝાડ હેઠળ પોતાની દુઃખી જીંદગીને કદુવા દેતી સેહેજ થાક ખાવા બેઠી, અને પોતાના બેટાને પોતાની આગળ બેસાડયો. તે બેટો જાણે પોતાની અને પોતાની માવતર ઉપરની આફત પામી ગયો હોય તેમ તે પોતાની કમનસીબ માતાને શાન્ત ચુપકીદીમાં જોતો બેઠો હતો. રોઝામન્દ પણ પોતાના તે એકના એક આધાર અને જીવણગારને એકી તગરે જોતી બેઠી હતી. તે પોતાના બેટા માટે પોતાની ઉપરનાં ગમે તેટલાં દુઃખ છતાં મગરૂર હતી. એદેલીન વારંવાર કેહતી હતી કે "રોઝામન્દ, તારો બેટો દેવી ભલા પાદશાહના મેહેલને દિપાવે એવો છે." રોઝામન્દે જોયું કે તેણીના બોલવામાં કાંઈક વજુદ હતું ખરૂં.

પણ તે નિર્દોષ બાળક પણ પોતાની માતાની કમનસીબીનો ભોગ થઈ પડયું હતું. તે પણ પોતાની માવતરની પેઠે એક તુટી ઝુંપડી વિનાનું બન્યું હતું. ખુદરતનો આ એક અજબ ભેદભર્યો ખેલ હતો, નેકી સાથે સંકટનો આ એક આંસુ ટપકાવનારો મેળ હતો. પાપીઓની રાહત અને પાકીઓની આફતનો આ એક અદભુત તમાશો હતો, કિસમતનો પાસો હતો.

તેણીને હવેજ પોતાની હાડમારીનો ખરો ખ્યાલ આવ્યો. તે આ રસ્તે આવી તો હતી, પણ તે કયાં જતી હતી? આ સવાલનો જવાબ આપવાને તે પોતે પણ અશકત હતી. આ જેહાનમાં તેણીના બાપ સિવાય બીજું એવું કોણ વાલી હતું કે જેની પ્યારી પનાહમાં જવા તે ઉલટથી રસ્તો કાપે? એદેલીન અને નીલ લાયન જોકે તેણીનાં ખેરખાહો હતાં, અને જોકે તેઓ એકે બોલે તેણીને પોતાનાં મકાનનો આશ્રો આપે તેવાં હતાં, તોપણ તેઓની ભલાઈ અને ભલા સ્વભાવનો આવો અણઘટતો લાભ લેવાને તેણીએ દરૂસ્ત ધાર્યું નહિ.

પણ તેણીને જે મોટો ગુંચવાડો લાગ્યો તે એ હતો કે તેણીના બાપે તેણીને કાહડી મેલતી વેળા જાણે નીલ લાયનના હાથે લખાયલું હોય એવું એક કાગળ તેણીનાં દિલ ઉપર ગુસ્સાથી ફેંકયું હતું અને જેમાં નીચે મુજબ લખેલું હતું:—

"મારી પ્યારી રોઝામન્દ,

આ સાથે તારે માટે પાંચ પાઉન્ડ મોકલ્યા છે, તે લેજે ને એનો ઉપયોગ તારી મરજી મુજબ કરજે.

તારો સદાનો પ્યારો,

નીલ લાયન."

લાયનની તરફથીજ આવી હોય એવી રીતની આ ચીઠ્ઠીથી રોઝામન્દના બાપ રોજર દીપીંગનો મિજાજ હાથથી ગયો હતો અને ક્રોધના આવેશમાં તેણે પોતાની નિર્દોષ બેટીને વાયેજાન પોતાનાં મકાન અને આશ્રાથી દુર કરી રખડતી કીધી હતી.

દુખી ખ્યાલોમાં ઘેલી સરખી બનેલી તે ભલી સ્ત્રીનું જીગર અંતે ભરાઈ આવ્યું, પોતાની ઉપરનું સંકટ તેનાં પુર બળમાં ધાઈ આવ્યું અને તે પોતાના બેટાને પેટમાં દાબી ફોકેફોક રડી પડી.

"કોણ? રોઝામન્દ? આવી સાંજને સમયે આંખમાં આંસુ સાથે એકલી અટુલી?"

ઉપલા સાદથી રોઝામન્દે આંખો ઉંચી કરી જોયું, અને પોકારી ઉઠી:—

"એ કોણ! વીલી એ?"

"હું મારા બાપનો બેટો નહિ."

"હા, હું તારા હાથનો આગલો ઉમેદવાર વીલી એ છું, જેને તેં ઠોકરે મારી તેના સાચ્ચા પ્યારને ધિક્કારી કાહડયો હતો, પણ આવા વખતમાં હું તે ગઈ ગુજરી યાદ કરી તુને વધારે દુઃખી કરવા માંગતો નથી, અને તારા જખમો ઉપર વધુ ચોબા મુકવા ચાહતો નથી. પણ મને કેહ, તું એકલી, નિરાધાર જેવી, આંખોમાં આંસુની ધારા સાથે અહિં શું કરવા વિલાપ કરતી બેઠીછ ?"

"વીલી, મારાં ફુટેલાં નસીબ ઉપર હું રડુંછ. શું કેહું વીલી, મને મારા બાપે પોતાનાં મકાનમાંથી હાંકી કાહડીછ. તે મને પોતાના આશ્રામાં લેવા હવે સાફ ના પાડેછ. મારૂં ગમે ત્યાં ફોડી લેવા તે કેહેછ. હવે હું કયાં જાઉં ને કોણનો આશ્રો શોધું ? ખોદા સિવાય હવે કોઈ મારો વાલી રહ્યો નથી. આ બોહળી દુનિયામાં ફકત તેનીજ દયા ઉપર હું ભટકતી થઈછ." આટલું બોલતાં તેણીની છાતી ભરાઈ આવી અને તેણીની આંખોમાંથી નવધાર આંસુઓ પડવા લાગ્યાં.

"શું ? તે બુઢાએ તને આ નિર્દોષ બાળક સાથે આવી નિર્દય રીતે રખડતી કીધી ? કેવો નાકદર, સંગદિલ બાપ ! પણ રોઝામન્દ, તું ચાલ મારી સાથ, હું તુને તારા તે હિચકારા બાપ પાસે લઈ જાઉં અને તેની સુદ્ધ ઠેકાણે લાવી તારો હાથ તેના હાથમાં પાછો સોંપું."

"નહિ, વીલી, હવે તેમ બની શકનાર નથી. વળી તે મકાન મારાં મનથી જીવતું જેહાનમ છે. મારો બાપ કદીબી મને પોતાના આશ્રામાં પાછી લેય એ હું હરગીજ માનું નહિ. વીલી, ફકત મારો બાપજ મારી ઉપર રૂઠયો નથી, પણ ખુદ ખુદરત પણ મારી ઉપર રૂઠીછ, ત્યારે હવે હું તેનો તે શો વાંક કાહડું ? અરે ! આ કેવી રૂસવાઈ ! કિસમતની આ કેવી બુરાઈ !" આટલું બોલી તે ભલી પણ દુઃખી સ્ત્રી પોતાના નાજુક હાથો પોતાની આંખો ઉપર ઢાંકી જારબેજાર રડવા લાગી.

"કમનસીબ રોઝામન્દ, મારૂં કહ્યું માન ને તું મારી સાથે ચાલ, હું તુને તારા બાપ આગળ પુગાડું," વીલીએ બજીદ થઈ તેણીનો હાથ પકડી ઉઠાડતાં કહ્યું.

"નહિ ! વીલી, નહિ, જો તું મને ચાહતો હોય તો મને તું ત્યાં ના લઈ જા. હું રખડશ, ભટકશ, ભુખે ટવળશ, ગમે તેટલી આફત સહન કરશ, રવડી રઝળીને મરી જવશ, પણ જે બાપે વિના વિચારે આવાં ઘાતકી દિલે અને આવી નામોશી સાથે મને હકેરી કાહડીછ તેનાં મકાનમાં હું કદી પણ ફરીથી પગ મેલશ નહિ. વીલી, મારૂં તે ખુન કરશે તે માટે હું ધ્રુજતી કે બીહતી નથી, પણ તે મારા વાહલા બેટાના જાન ઉપર રૂઠયોછ, તેનો જીવ લેવા તે તલપી રહ્યોછ. અરે ! તે તેનું ખુન કરશે તો મારૂં શું થશે ? હું કેમ જીવી શકશ ?"

આ વેળાએ પવનનો સુસવાટો તેણીનાં બદનને લાગવાથી તે માથાંથી પગ સુધી ધ્રુજી. તેણીની તે લાગણી જોઈ વીલી એને ઘણું લાગી આવ્યું અને તે બોલ્યો, "પણ ત્યારે તું હવે જશે કયાં ? તું કોણનો આશ્રો શોધશે ? આવાં ફુલ જેવાં બચ્ચાં સાથે તું કયાં રખડશે ?"

"કયાં જાઉં ? વીલી, હું કયાં જાઉં ? તુંજ બોલ, હું કયાં જાઉં, ને કોણને આશ્રે પડું ? વીલી, હજી તે માટે કાંઇબી વિચાર મેં કીધો નથી."

"ત્યારે આજની રાત તું કયાં પસાર કરશે? તું કયાં આરામ લેશે? રોઝા મન્દ, ચાલ, હું તુને મારી બેહેનને ત્યાં લઈ જાઉં. તેણીનાં મકાનમાં કાંઈ નહિ તો આજની રાત તું તોડી પાડ. તેણીને ત્યાં થોડો વખતબી તું સુખેથી આરામ કરી શકશે."

"વીલી, તારી મેહેરબાનીની માટે ઘણો ઉપકાર સમજુંછ, પણ તે મેહેરબાની ઉપર મને કશોબી હક નથી. એક વખત એવો હતો કે હું ખરાં અંતઃકરણના તારા પ્યાર તરફ દેખતી આંખોએ આંધળી બની હતી. મેં તારી સાચ્ચી મોહબતને તુચ્છકારી કાહડી, મેં મારી તરફની તારી સર્વે ભલાઇને ઠોકરે મારી. અરે! મેં મારી જીંદગીનાં તમામ સુખોનું જાણીજોઇને સત્યાનાશ વાળ્યું. ત્યારે બોલ વીલી, તારી મેહેરબાની મેળવવાનો શું મને જરાબી હક છે?"

રોઝામન્દની આવી હઠથી વીલી બહુજ નાસિપાસ થઈ ગયો. તેણીને પટાવીને રાહ ઉપર કેમ લાવવી તે તે સમજી શકયો નહિ. તે તેણીને વર્ષોથી ચાહતાં શિખ્યો હતો. પણ જેમ દેનિયલ લેરેબી દોરાનો પ્યાર મેળવવા નિષ્ફળ નિવડયો હતો તેમ આબાદ વીલીના બાબમાં પણ બન્યું હતું. તેણે અનેક વાર પોતાની ઉમેદવારી તેણી આગળ જાહેર કીધી હતી, પણ રોઝામન્દ ગુસ્સાથી કેહેતી કે "વીલી, તું ભુલી જતચછ કે હું એક પરણેલી સ્ત્રી છેઉં ને મારો હકદાર ખાવિન્દ હૈયાત છે. વીલી, હવે તે મને થોડાજ વખતમાં દુનિયા આગળ પોતાની હકદાર પરણેતર તરીકે ને મારા બેટા દેવીને પોતાનાં હકદાર ફરજંદ તરીકે જાહેર કરી મને સુર્ખરૂ કરનાર છે, અને ત્યારેજ મારો બાપ અને મને બદનામ કરનારાંઓ પસતાશે કે તેઓએ નાહક મને વગોવી."

"પણ મને કેહ રોઝામન્દ, કે મારા જેવા એક કમીના સાચ્ચા બંદા સાથે તું પરણીને કેવી સુખી થતે, તેને બદલે તુને મારા હાથમાં આવતી કોણ જુલમગારે અટકાવી? તને કોણ જફાકારે હસાવી ફસાવી?"

"વીલી, મારાં કિસમતે ફસાવી! મારાં ઉંધાં બખ્તે ફસાવી! વીલી, મારા ખાવિન્દનું નામ હું હમણાં તને આપી શકતી નથી. તે નામ છુપાવવાની મેં કબુલાત આપેલી હોવાથી હું લાચાર છું વીલી! બસ, તું હવે મને વધુ કાંઇ પુછ ના, પણ મને હવે અહિં એકલીજ મરવા દે, મને હવે તું છોડી જા."

વીલી એ ઘણાં ગમગીન દિલ સાથે કાંઇ બીજો ચારો નહિ જોવાથી બુઢા રોજર દીર્પાંગને સમજાવવા તેણીને છોડી ગયો. તે પાધરો રોજર દીર્પીંગ પાસે ગયો, જયાં તે બુઢો શરાબની ખુમારીમાં પડેલો હતો. તે વીલીને જોતાંજ તરો થઇ બેઠો. રોઝામન્દનો બાપ વીલીને પોતાની બેટીના હાથના આગલા ઉમેદવાર તરીકે પિછાણતો હતો. તે બુઢાએ જોયું કે તે જવાન હદથી જયાદા ઉશ્કેરાયલો હતો.

"હું એમ પુછુંછ બુઢા કે તારી ભલી બેટીને વગર દયાએ મકાનની બાહેર કાહડી મુકતાં તને કશી શરમ નહિ આવી? એવી ઘાતકી ચાલ ચલાવવાનો સબબ શો, હેં?" વીલીએ બુઢા રોજર દીર્પીંગને ગુસ્સાથી પુછયું.

"સબબ! સબબ પુછેછ, વીલી? મેં તે પાપી ઓરતને એટલાં માટે મારાં મકાનથી દુર કાહડી કે તે બદકાર સ્ત્રી પોતાના જેવાજ પોતાના બુરા સાથીને જઈ મલે. વીલી, તે દુકતીને ફસાવનારનું નામ મેં જે પળથી શોધી કાહડયુંછ તે પળથી મેં મારાં મનથી કસમજ ખાધા હતા કે મારે ત્યાંથી એ કાળું કરી જાય, અને તે ઠરાવ મેં આજે અમલમાં મેલ્યોછ."

જયારે વીલી એએ તે બુઢાનાં મોહડેથી રોઝામન્દને ફસાવનાર તરીકે નીલ લાયનનું નામ સાંભળ્યું, ત્યારે તેનું જવાન લોહિ ઉકળી આવ્યું. તેણે લાયનને ઉઘાડો પાડી રોઝામન્દને ઈનસાફ અપાવવાને પક્કો ઠરાવ કીધો. તે તે બુઢાને પોતાની સાથે કારખાનામાં કામ કરતા મજુરોથી વસાયલી પાસેની ચાલી ઉપર લઇ ગયો અને ત્યાં નીલ લાયનની બદમાશીની કેફિયત બાપોકાર કહી સંભળાવી જેથી કામદારોના ગુસ્સાનો પણ પાર રહ્યો નહિ. તેઓ વીલીની સરદારી હેઠળ લાયનનાં ઘર આગળ ગયા, અને લાયનનાં મકાનના દરવાજા ગગડાવી મેલ્યા.

"નીલ લાયન, બાહર આવ, ચોરની પેઠે અંદર શું ભરાઇ બેઠોછ? તારામાં સચ્ચાઇજ છે તો આવી જા સામે ને બુઢા રોજર દીપીંગને થયલાં અપમાનનો જવાબ દે." વીલી રસ્તા ઉપર ઉભો રહી પોકાર મારી બોલ્યો.

નીલ લાયન આ સઘળી ગડબડ સડબડ અને ભાંજફોડ સાંભળી બાહેર નિકળી આવી શાન્તપણે બોલ્યો, "ભાઇઓ, આ શું તોફાન? મેં તમારૂં એટલું બધું તે શું બિગાડયુંછ કે મારાં ગરીબ ઘર આગળ તમો આટલો બધો ફેસાદ મચાવી રહ્યાછ?"

નીલ લાયનના આવા ખુલ્લા, ધાસ્તી વગરના શબ્દોથી આખાં ટોળાંનો ક્રોધ એકદમ શાન્ત થઇ ગયો અને લાયનના સવાલનો જવાબ શું આપવો તેના ઘભરાટમાં એક બીજાનું કોહું તેઓ જોવા લાગ્યા, તોપણ તેઓમાંનો એક હિમ્મત રાખી બોલ્યો, "અમો એમ પુછવા માંગેછ કે જયારે તું રોઝામન્દ સાથે લગ્નના ગાંઠથી જોડાયલોજ છે તો શા માટે તું તેણીને તારાં મકાનનો આશ્રો આપતો નથી? શું તને તે કમનસીબ બાનુના બાપના શ્રાપની જરા પણ પરવા નથી? યા શું એક ભલી ભોળી બાનુની આબરૂની તને સેહેજ પણ દરકાર નથી?"

પણ ઠંડે કલેજેની આ વાતચિતથી, બુઢા રોજર દીપીંગનો મિજાજ હાથથી ગયો. તે ગુસ્સામાં પોકારી ઉઠયો, "અરે! વીલી! તમો લોકો શું જોયા કરોછ? એવા બદમાશ સાથે વાત કરવામાં પણ પાપ છે. અરે! એને કોઈ મારી નાખો! અરે! એનું કોઈ લોહિ પીઓ! એ બદમાશે મારાં સુખી ઘરનો, મારા સુખી સંસારનો નાશ કીધોછ! ઓ મારા કટ્ટામાં કટ્ટા શ્રાપ એની ઉપર અને એની આલ ઓલાદ ઉપર વરસજો." આટલું બોલી તે પોતાના હાથ પગ અફાળવા લાગ્યો.

બુઢા દીપીંગને રોઝામન્દના બાપ તરીકે લાયને તરત ઓળખ્યો અને આ શી મોહકાણ હતી તે તે તુરત ચેતી ગયો. તે અત્યાર આગમચનો જાણીતો થઇ ચુકયો હતો કે કોઇ બદમાશના ભમાવ્યાથી રોજર દીપીંગ તેમજ બીજાંઓ પણ તેનેજ રોઝામન્દને ફસાવનાર તરીકે માનતાં હતાં. આ નીચ ગુલબાનની શરૂઆત કેમ થવા પામી તે તે મુદલ સમજી શકયો નહિ. તે સારી પેઠે સમજી શકતો હતો કે દીપીંગનો ગમ બરહક હતો, અને તેને ગુસ્સો ઉપજવાનું વાજબી કારણ હતું. રોઝામન્દ માટે કોઇ તરાહેત જેવાને પણ લાગવું તો જોઇએ, ત્યારે શું તેણીના બુઢા બાપનેજ નહિ લાગે? કયો બદમાશ બાપ પોતાની બેટીની હોરમત લુટાયલી જોઇ રોજર દીપીંગની માફક ક્રોધના આવેશ અને જુલ્મી ઝનુનમાં આવી તે આબરૂ લુટનારનો જાન લેવા નહિ તલપે? આ સઘળું સમજવાને લાયનને સંપુર્ણ દિલસોજી હતી. તે આ તોફાનમાં તેનો કશો વાંક જોતો નહિ હોવાથી તે તે કમનસીબ બુઢા બાપને સમજાવી બોલ્યો, "તમો મારે માટે આવું નીચ ગુલબાન ઉભું કરી નાહક મને બદનામ કરોછ. અલબત, હું રોઝામન્દને વારંવાર

મળુંછ એ ખરી વાત છે, પણ તે માત્ર ભાઈ બેહેનના પ્યારથીજ, નહિ કે કાંઇ બુરી મતલબથી. સાંભળો, હું રોઝામન્દના હિચકારા ખાવિન્દને અને તેનાં લગ્ન વખતના સાક્ષી ગવાહોને શોધી કાહાડવાનાં કામ પર દિલોજાન બલ્કે દીનો ઇમાનથી ઘણો વખત થયો મંડેલો છેઉં, અને ખુદાનું ચાહવું છે તો એ હિણાયલી બાઇને વાજબી ઇનસાફ અપાવવાને હું સામર્થવાન થઈશ."

"ખોટું, બિલકુલ ખોટું! સરતાપા ખોટું! વીલી, તું મુંગો મુંગો ઉભો રહી, એમ જોયા શું કરેછ? અરે એને કોઈ ગરદન મારોરે કે મારૂં વેર વળે! અરે એનો રૂના ગોળા જેવો ટોટોજ દાબી દેઓરે કે મારાં પેટમાં ઠંડક વળે!" બુઢો દીપીંગ ડોળા કાહાડતો અને જુસ્સા સાથ બોલ્યો.

નીલ લાયને જરા પણ ઉશ્કેરાવા વિના ભેગાં થયલાં લોકોને સમજાવી કહ્યું, "ભાઇઓ, તમોએ મને કોઇબી વખત જુઠું બોલતાં સાંભળ્યોછ? હું ખુદાને હાજરનાજર જાણી કેહુંછ કે મારી જીંદગીમાં હું કદી પણ જુઠું બોલ્યો નથી, ને કદીબી બોલશ નહિ. બોલો, ભોળા, ભલા કામદારો, જે ભલી બાઇએ (તેની માતાએ) તમોને જરા પણ નુકસાન કીધું નથી તેના ગરીબ, લાચારબેચાર બેટાને વગર ગોનાહ અને વગર સબબે શા માટે તમો નાહક હેરાન કરોછ, ને આવાં ખોટાં, નીચ, ગલીચ ગુલબાનથી તેને શા માટે નાહક સતાવોછ?"

નીલ લાયનની આ 'અપીલ' થી આખાં ટોળાં ઉપર અજબ જેવી અસર થવા પામી. તે ટોળાંમાં સામેલ થયલો એકેએક કામદાર પાછો હઠી ગયો. તેઓએ લાયનના બોલવામાં વજુદ જોયું. તેઓ શરમના માર્યા નીચું જોવા લાગ્યા. તેઓ પોતાનો ચેહેરો ભલા લાયનને બતાવતાં હવે લજવાયા. તેને નાહક સતાવવા માટે હવે તેઓ પસતાવા લાગ્યા. તેઓ એક પછી એક મેંઢાનાં ટોળાંની માફક તે જગા છોડી દાંએબાંએ થઈ ગયા. લાયન પણ બુઢા રોજર તરફ ગુસ્સાની નજર ફેંકી તે જગા છોડી ગયો.

બુઢા રોજર દીપીંગનો ચેહેરો ફરી ગયલાં આ ચક્રરથી જોવાજોગ થઈ પડયો હતો. તે જીગરમાં બળતાં ઝનુનથી લાયનને પસાર થતાં ટીકતો ઉભો.

"ગઈ! બાજી હાથથી ગઈ! તે બદમાશની લુલીની લપલપીથી મારી મદદે આવેલાઓજ ભોળવાઈ ગયા. લાયન! બદમાશ લાયન! મારી બેટીની હોરમત ને હેશમતના લુટારા લાયન! જાણ કે હું તારો ટોટો પીસી તારૂં લોહિ નહિ પીવું તો હું મારા બાપનો બેટો નહિ."

મોહબતની મકતબનો પાઠ ૪ થો.

રાતનો સમો હતો. લગભગ સાડા નવનો અમલ હતો. એદેલીન ઓલ્ડકેસલ પાર્કના પોતાના ઓરડામાં એકલીજ હતી. તેણીએ પોતાની દાસી સીસલીને અરધા કલાક આગમચથી મોકલી દીધી હતી, એવું જણાવીને કે "જયારે તારૂં કામ પડશે ત્યારે બોલાવશ." દાસીના જવા પછી તેણીએ પોતાનાં બદન ઉપર એક જાડો ગરમ ઝભો ઓળવી દીધો. તેણીએ રાતની સરદીથી પોતાને બચાવવા માટેનો આ પોશાક આરસીની મદદ વગરજ જેમ બને તેમ જલદી પેહેરી લીધો હતો. અગરજો તેણીએ આરસીમાં જોવાની દરકાર કીધી હોત તો તેણીના ચેહેરા

ઉપરના આગલા ગોલાબ અને હોઠ ઉપરના આગલા રતાશને અજબ જેવી રીતે ગુમ થયલાં તેણીએ જોયાં હોત. તેણીએ પોતાના આગલા દિલકશ ચેહેરા ઉપર જંજાળિયતનો છાપ પડેલો પણ નિહાળ્યો હોત. તેણીએ પોતાને ફિક્કા ચેહેરાની, બેચેન પણ મક્કમ ઠરાવની એક નાજુક સુંદરી તરીકે જોઇ હોત. એદેલીન આજ રાતે એક એવી ફરજ બજાવવા જતી હતી કે જે તેણીના જેવી સ્થિતિ અને વર્ગની સ્ત્રી મરતાં પણ માથે ઉઠાવવાની હિમ્મત કરે નહિ. શિયાળાની સિહા અને અકડાવી નાખનારી રાતે નવ અને દશ કલાકની વચ્ચે છુપી રીતે ઓલ્ડકેસલની તે રાણી એક ખાનગી મોલાકાત માટે પોતાનો ઓરડો છોડી જનાર હતી. તે બાનુ કે જે આખાં ઓલ્ડકેસલમાં સર્વેથી વધુ તવંગર, સર્વેથી વધુ ખુબસુરત અને સર્વેથી વધુ ડાહી અને શ્યાની ગણાતી હતી તેને આ મુજબ એકલી અટુલી અંધારી રાતના સમયે ચોરી છુપાઇથી પોતાનાં મકાનેથી બાહેર નિકળવું પડે એ ખ્યાલ તે દ્રઢ મનની સુંદરીને પોતાને પણ પેહેલી નજરે કમકમાટ ઉપજાવનારો લાગ્યો, પણ બીજીજ પળે તે ઉપજેલા કમકમાટને તેણીએ ત્યાંજ દાબી નાખ્યો. તે બાનુ ઓલ્ડકેસલ પાર્કથી એક માઇલને છેટે આવેલી, ગીચ ઝાડીઓથી ઘેરાયલી એક ઉજ્જડ નવતરી જગોએ પોતાનાં કારખાનાના કામદાર નીલ લાયનને મળવા જવાની તૈયારીમાં હતી. તેણીએ એક કાગળ લખી લાયનને તે રાતે તે જગોએજ બોલાવ્યો હતો. એમ કરવામાં તેણીની નેમ લાયનને રોજર દીપીંગથી ચોંકી અને ચેતીને ચાલવા માટે સલાહ આપવાની હતી. તે સ્ત્રીએ નકી માન્યું હતું કે રોઝામન્દના બાપને કોઇ મુજીએ લાયન માટે ખોટું અઠડાવી મારી એવો તો ભોળવી દીધો હતો કે તે ઝનુની બુઢો જુસ્સાની અગ્નિમાં લાયનની જવાન જીંદગી ઉપર તાંપેલો રહયો હોય એ બનવાજોગજ હતું.

તે ગઈ. મકાનના પાછલા દરવાજેથી નીલ લાયનની મુલાકાતની આર્જુમંદ બની ઓલ્ડકેસલ પાર્ક છોડી ગઈ. તેણીએ માની લીધું હતું કે તેણીને કોઇએ જોઇ હતી નહિ. પણ તે ભુલતી હતી. મકાન છોડતાં બુઢા કારભારી સ્પ્રેગે અને અરધે રસ્તે જુલિયનના પેલા હિન્દી નોકર ગંગાદાસે તેણીને બરાબર જોઈ હતી. રસ્તામાં પગે ચાલતાં તેણીનાં મનમાં હજારો ચોંકાવનારા ખ્યાલો ઉભા થયા. આવી રાતની સમયે લાયનને મળવા જવાની ખબર જુલિયન અથવા લેડી ઓલ્ડકેસલ જાણવા પામે તો તેઓ તેણીને માટે કેવો બુરો વિચાર બાંધે એ ખ્યાલજ તેણીને ચોંકાવવાને અને બેચેન બનાવવાને બસ હતો, કેમકે એદેલીન સારી પેઠે જાણી ચુકી હતી કે તે મા દીકરા લાયન સામે અદેખાઇથી આંધળાં બની ગયાં હતાં. અદેખાઇનો આતશ તે બંનેનાં જીગરમાં એવો તો પજરી રહેલો હતો, કે થોડા વખતમાં તે ભડકાનું રૂપ લે એજ ફકત બાકી રહ્યું હતું.

રસ્તો બિલકુલ ઉજ્જડ અને ભયાનક હતો. તે પોતાના વિચારોમાં ગમે તેટલી મક્કમ હતી, છતાં આવી ભયાનક રાતથી તે ધબરાઈ, કમકમી અને ધ્રુજી. તેણીને હવેજ ખ્યાલ આવ્યો કે આવી અંધારી રાતને સમયે આવી ભયાનક જગા તરફ તદ્દન એકલું આવવામાં ખરેખર તેણીએ કેવી નાદાની કીધી હતી, અને કેવું અવિચારી તથા હુલડાઈ ભરેલું પગલું ભર્યું હતું. પણ તે બીજીજ પળે બબડી કે "ખાંડનિયાંમાં સર મેલ્યું, તો મારે ધપકારાથી બીહવું શા માટે જોઇએ?"

પ્યાર! પ્યાર! કવિઓ પ્યારને આંધળો ચિતારી ગયા છે, તેમાં કશો શક છે? એદેલીન, લાયન તરફની ખાલેસ મોહબતથીજ ફકત દોરવાઈ હતી. કાંઈ પણ બુરી વાસના યા વમાસણ વિના આવી ડરામણી અને સિહા રાતને સમયે પણ

ઘરથી બાહેર નિકળવાને તે બીધી કે ધ્રુજી નહિ. તેણીના પવિત્ર પ્યારે તેણીને અજબ હિમ્મત બક્ષી હતી. ખરેખર! પ્યાર કમજોરને પણ જોરેમંદ બનાવે છે, દેખતાંઓને પણ અંધ બનાવે છે.

એદેલીન જયારે પોતાની ઠેરવેલી જગોએ જઈ પુગી, ત્યારે લાયન કેટલોક વખત આગમચનો પોતાનાં મનની મુરત અને મીઠી સુરત એદેલીનની રાહ જોતો ત્યાં આવી ઉભો હતો. એદેલીનને જોતાંજ લાયન તેણીની આગળ દોડી પોંહચ્યો. તે બાનુએ અંધકાર વચે પણ જોયું કે તે જવાનનો ચેહેરો અજબ જેવી ખુશાલીથી ખિલી રહ્યો હતો.

"મેહેરબાન બાનુ, હું અહિં હાજર છેઉં, તમારો હુકમ ઉઠાવવાને તલબગાર છેઉં. બાનુ, હું મગરૂર છેઉં કે તમોએ મારે ખાતર રાતની સમયે પણ આટલી બધી જેહેમત માથે ઉઠાવીછ."

લાયનને શી ખબર હતી કે તેને ખાતર તે બિચારીને જેહેમત બલકે મુસીબત ઉઠાવવાનો વખત તો હજી આગળ આવનાર હતો.

એદેલીન હસીને બોલી, "મી૦ લાયન, મેં કાંઈ તમોને મારી તરફનો કશોબી હુકમ બજા લાવવાને માટે અહિં બોલાવ્યા નથી. મેં તમોને બોલાવવાની માત્ર અરજ કીધી હતી, કેમકે મારે તમોને તમારાં ભલાં માટે, અને તમારા જાનની સલામતી માટે એક ચેતવણી આપવીછ. હું તમારાં મકાને એટલાંજ માટે આવી શકી નહિ કે રખે લોકો મારી તે મોલાકાતનો અર્થ ખોટો ઉઠાવે, તેમજ તમોને ઓલ્ડકેસલ પાર્કમાં બોલાવવામાં પણ મેં સલામતી જોઈ નહિ."

એદેલીનને સારી પેઠે ખબર હતી કે જુલિયન અને લેડી ઓલ્ડકેસલે નોકરોને સાફ હુકમ કરી રાખ્યો હતો કે નીલ લાયનને પોતાનાં મકાનના કંપાઉન્ડમાં વટીક પેસવા દેવો નહિ. અગરજો એદેલીન લાયનને પોતાની સોડે બોલાવે તો નોકરો તે હુકમને અમલમાં મેલવા વિના રહેજ કેમ?

"સાંભળો, મી૦ લાયન, કે રોઝામન્ડના બાપ રોજર દીપીંગ તરફથી એક કાગળ જુલિયનને મળ્યોછ, તેમાં તે બુઢો હજારો કદુવા દઇ જણાવેછ કે તમો નીલ લાયન તેની બેટીને ઠગાઇથી પરણ્યાછ ને તમેજ તેને તરછોડી ગયાછ. જોકે હું સમજુંછ કે તે બુઢાએ દિવાનપણાંની ઝુમમાં આ બોહતાન તમારી ઉપર જોડી કાહડયુંછ તોપણ એ ગુલબાનને તે દુઃખી બાપ પુર ભરોસાથી માનેછ. મી૦ લાયન, મને ભય છે કે તે તમારી જવાન જીંદગી ઉપર તાંપેલો છે. આ ખ્યાલથી હું ઘણી ચિંતાતુર બનીછ. લાયન, બુઢો રોજર દીપીંગ જખુન માણસ છે, ઝનુની છે ને તે ખુની બને એમાં નવાઈ કશી નથી. હું ઇચ્છુંછ કે આ સઘળા ફરેબ કોણની શેતાની ખસલતનું પરિણામ છે તે હું જાણવા પામું!"

લાયન પોતાનાં મનની મુરત એદેલીનની પોતાની તરફની આવી મોહબત ભરેલી લાગણી જોઇ હસ્યો. અંધકારમાં પણ તેનાં હસવાનો છાપ એદેલીનને તેના હોઠ ઉપર જણાયો. તે પ્યારથી, મગરૂરીથી, ખુશીના ઉભરાથી, માનથી, હેશાનના જુસ્સાથી હસ્યો હતો.

"એદેલીન! મારી તરફની તમો બાનુની આટલી બધી કાળજી માટે ખુદા તમોને સુખથી શાદ ને આબાદ રાખે! દુઃખોથી આજાદ રાખે! બાનુ, મારી ઉપરનાં આ નીચ ગુલબાન તમો એક ઘડીભર પણ માનોછ?" તેના અવાજમાં દેખઇતો ઘભરાટ હતો; કેમકે આ નીચ અફવાને એદેલીન સાચ્ચી માને એ દિલ કંપાવનારો ખ્યાલજ તેને મારી નાખવાને બસ હતો.

એદેલીન પોતાની ચશમો લાયનના ચેહરા તરફ ટાંકી બોલી, "તમારા સખુનો ઉપર મને પુર ઇતેબાર છે. લાયન, તમો સદગુણના સરદાર છો, સચ્ચાઈના ભંડાર છો, ગરીબોના યાર છો. પણ અફસોસ! કે આ જુઠી જગતમાં સાચ્ચોજ ચોર છે, લોકોની નજરમાં દગાખોર છે." પણ તેણી હવે પોતાના ઉશ્કેરાયલા અવાજને એકદમ ધીમો કરી નાખી બોલી, "પણ લાયન, રોઝામન્દ ઉપર લખેલું તમારૂં કાગળ તે બુઢાના હાથમાં આવવા પામ્યુંછ એ માહ બુરૂં થયુંછ. તેમાંની બેંક નોટ પણ—"

"મારી તરફથી કાગળ અને બેંક નોટ!" કાળા સર્પે ડંખ માર્યો હોય તેમ તે પોકારી ઉઠયો, "ખુદા મારો સાહેદ છે, એદેલીન, કે એ કાગળ તથા નોટની વાત હું કશી જાણતો નથી. હું બિલકુલ બેગોનાહ છેઉ."

હવેજ લાયનને સમજ પડી કે આજે સાંજે તેનાં મકાન ઉપર રોજર દીપીંગ અને બીજા કામદારોના હલ્લાનો બાએસ શો હતો. પણ તે બીનાથી તેણે એદેલીનને ધભરાવી મેલવાને દરૂરત ધાર્યું નહિ.

"ઓ યઝદાન! મારી ઉપર આ કેવું નીચ, ગલીચ બોહતાન! ઓ ખુદા! કેવી ભયભરેલી ભુલ! રોઝામન્દને ઠાગાથી પરણી તે બિચારીને દુ:ખી કરનાર હું? ઓ! નહિ! નહિ! આવાં અઝીમ પાપમાં ગર્ક જવા કરતાં હું મોતને વધારે પસંદ કરશ. એદેલીન, રોઝામન્દને એક ભાઇના પવિત્ર પ્યાર સિવાય બીજી નજરથી મેં ચાહી નથી, ચાહતો નથી ને કદી પણ ચાહીશ નહિ. હા, હું તેણીની સાથે આએજ જગોએ મળ્યુંછ. પણ ખુદા ગવાહ છે કે અમારી એ મુલાકાતમાં પાપનો એક કતરો પણ આમેજ થયલો નથી. આજ રાતેજ આએજ ઠેકાણે મેં તે સ્ત્રીને ફરીથી બોલાવીછ, તે એટલાંજ માટે કે તેણીનાં લગ્નના જે એક સાક્ષીને તે દરિઆવમાં ગર્ક ગયલો ધારતી હતી તે તો હજી જીવેછ તેની ખુશ ખબર મારે તેણીને આપવીછ."

લાયનને કયાં ખબર હતી કે જયાં સુધી તેની ઉપર ભરોસો હતે નહિ ત્યાં સુધી તે સદગુણી સ્ત્રી આવી સિહા રાતના સમયે એકલી અટૂલી જંગલ જેવાં આ ઉજ્જડ ધામમાં તેને મળવાની હિમ્મત કરતે નહિ. એજ સાબેતી લાયન ઉપરનો એદેલીનનો વિશ્વાસ બતાવવાને થોડી નહિ હતી.

"મી૦ લાયન, હું તમારો એકેએક બોલ માનુંછ. તમારા સદગુણની કીમત હું જાણુંછ. હું તમારી એટલી બધી કદર બુજ્જુંછ કે અગરજો તમોએ ગોનાહ વઠીક કીધો હોત તોપણ હું તમોને ખરાં અંત:કરણથી માફ કરતે. હમણાંબી હું તમોને માફ કરૂંછ, કારણ કે—"

"કારણ કે તમો મને ચાહોછ! તમો મારા જેવા કંગાળ, કમીના, કમતરીન નોકરને ચાહોછ એજ ખ્યાલમાં, મને લાગેછ કે મારો દમ મારા ખોળિયામાંથી નિકળી જશે. એદેલીન, મારા જાનની માલેક એદેલીન," આટલું બોલતાં લાયને હિમ્મતથી ખુબસુરતીની તે રાણીનો હાથ પોતાના હાથમાં લઈ આગળ ચલાવ્યું, "હું જાણુંછ કે તમો મને તમારાં સાચ્ચાં દિલથી ચાહોછ. તમે મને ચાહતે નહિ તો આ પળે તમે મને તરછોડી કાહડી આ જગા છોડી જતે."

એદેલીનને લાગ્યું કે લાયનનો હાથ ધ્રુજતો હતો, જે ઉપરથી સાફ જણાઈ આવતું હતું કે તેની તરફના પ્યારથી તે આજેઝ થઈ ગયો હતો. લાયનથી હવે વધુ બોલી શકાયું નહિ. તેણે પોતાનું કપાળ પોતાના હાથે દાબી રાખ્યું હતું. તે

કાંઈ દુરદરાજ ખ્યાલોમાં રોકાઈ ગયલો દિસ્તો હતો, પણ તેણીને થોડીજ ખબર હતી કે લાયનનું મગ્જ મોહબતના આતશથી તપી ગયું હતું. તે લાંબો વખત સુધી ચુપ રહી શકયો નહિ. તે પોકારી ઉઠયો, “એદેલીન, હું તમો બાનુને વધુ વાર ખોટી કરવા માંગતો નથી. પણ એદેલીન, જુદાં પડતી વખતે મને એટલુંજ કહો કે ‘નીલ હું તને ચાહુંછ !’ એટલાજ હર્ફો મને કહો બાનુ કે જેથી તે મારાંમોતની છેલ્લી પળ સુધી મારાં જીગરમાં તમારી મોહબતનો શરોદ વગાડતા રહે. કહો, એદેલીન, કહો કે ‘નીલ હું તને ચાહુંછ !’ અરે ! તે મીઠા સખુન મારા એકાંત-વાસમાં મારાં સુખનો બાગ થઈ પડશે, મારી ઝુંફતી જીંદગીનો ચેરાગ થઈ પડશે. પણ નહિ ! એવા સખુનો સાંભળવાને હું લાયક નથી. છેલ્લી સલામ ! એદેલીન છેલ્લી સલામ ! મને લાગેછ કે મારી તરફની તમારી મોહબતના તાપથી હું આ પળે બળી ભસમ થઈ જવશ. જુઓ ! એદેલીન, જુઓ ! સદાનાં આ ઉજ્જડ, વેરાન જંગલે પણ તમારાં પનોતાં કદમથી બેહેસ્તનું રૂપ ધારણ કીધુંછ, અંધારી રાતે રોશન રોજનો લેબાસ લીધોછ. પશુ પંખીઓએ પણ પોતાના માળામાં આરામ કરવાને બદલે તમારી આમદના શરોદથી આ જંગલ ગજાવી મેલ્યુંછ ને છેલ્લે તમારી પનોતી મુર્ત્તિનાં દિદારથી મારાં જળતાં જીગરમાં મારી ખુશી માઈ સમાઈ નહિ શકવાથી આંખોના માર્ગે તે આંસુ મારફતે પોતાનો રસ્તો લેયછ. જો, જો, એદેલીન જો !” આટલું બોલતાં મોહબતથી આજેઝ બનેલા તે બહાદુર જવાનની આંખોમાંથી નવધાર આંસુઓની રેલ ચાલવા લાગી. પોતાની આ નબ-ળાઈ છુપાવવાને તેણે પોતાનું માથું નજદીકનાં એક ઝાડ સાથે ટેકવ્યું. એદેલીન આ દેખાવ જોઈ શકી નહિ. તે બાનુએ લાયન નહિ જોય તેમ વગર ગડબડ કરવે આંખોમાં આંસુ સાથે ત્યાંથી પસાર થઈ ચાલતી પકડી.

જુલિયન તેનાં ખરાં રૂપ-રંગમાં.

એદેલીન તે જગ્યાએથી ચાલી જવા પછી કેટલોક વખત નીલ પોતાના ખ્યાલોમાં ચકચુર બની સાવજ જેવો ત્યાંનો ત્યાંજ ઉભો. ત્યારબાદ તેને ભાન આવ્યું કે તે સુંદરી તો તે જગો છોડી કયારની ચાલી પણ ગઈ હતી. તેને હવેજ સુદ્ધ આવી કે તેણે તે ભલી સ્ત્રી સાથે ઘણીજ અણઘટતી વર્તણુક ચલાવી હતી; અને તે અણઘટતી ચાલથી નારાજ થઈ અગર તેણી ચાલી ગઈ હોય તો તે માટે તે પોતેજ જવાબદાર હતો. આથી તે બહુજ દલગીર અને પશેમાન થઈ ગયો. તેને તે જગો હવે કરડવા આવે એવી લાગી. ઓલ્દકેસલ પાર્ક તરફ જવાના રસ્તા ઉપર જાણે તે ઘસડાતો હોય તેમ એક કુંચી આપેલાં પુતળાંની માફક તેણે તે તરફ ચાલુ મુકયું. તેણે ધાર્યું કે તે ઉતાવળાં કદમે રસ્તો કાપશે તો એદેલીનને સેહેજમાં પકડી પાડશે. તેની નેમ તે ભલી સુંદરીના પગ આગળ ઘુંટણીએ પડી પોતાની નાદાનિયત માટે માફી ચાહવાની હતી.

તે પાસેની ઝાડીમાં ગયો કે તરતજ રોજર દીપીંગ ભરાતો છુપાતો દાખલ થયો. તેના પગો લથડતા હતા, જેથી સેહેલથી માલમ પડતું હતું કે તેણે પોતે ધારી રાખેલું કાળું કરતુક કરવા માટે રાબેતા કરતાં પણ આજે વધુ દારૂ

ધીચેલો હતો. તેના ડોળાઓ બળતી મસાલની પેઠે ચલકી રહ્યા હતા. તેણે પોતાના કોતની નીચે કાંઈ સંતાડેલું હોય તેવું દીસતું હતું, કારણ તેનો કોત તે તરફથી ઉપસી આવેલો જણાઈ આવતો હતો. તેનાં મગજમાં બદમાશ જુલિયનને એવી તો અચ્છી રવેસે ઉતાર્યું હતું કે તેને માની લેતાં વાર લાગી નહિ કે નીલ લાયન અને રોઝામન્દને સાથે મળવાની એજ એક જગા હતી. તેને શરાબખાનામાં જે ધણીએ રોઝામન્દના આ તરફ આવવાની ખબર આપી હતી તે ધણી ઉપર તેનો પુર ઈતબાર હતો, જેથી તેણે ખચ્ચીત માની લીધું હતું કે રોઝામન્દ જરૂર લાયનને મળવા આ જંગલમાં આવવા વિના રહેશે નહિ. આથી દરેક ઝાડી તે જોઈ વળતો, અને એ મુજબ તે ગોતાં ખાતો, લથડતો, પડતો ખડતો આગળ અને આગળ વધતો હતો. હવે તે એકદમ અટકી ઉભો, કેમકે એક ઝાડી આગળ આવી પોહચતાં બે જણાં વાત કરતાં હોય એવો અવાજ તેના કાનને આવી અથડયો. બંને અવાજ તેને ઓળખીતા લાગ્યા, જેમાં તેણે તેની બેટીનો અવાજ તો પરગરોજ સાંભળ્યો. બીજો અવાજ જોકે ઓળખનોજ હતો, પણ તેણે ખાતરીથી માન્યું કે તે અવાજ નીલ લાયનનો તો હતોજ નહિ; કેમકે તેનો અવાજ તો હજી તેના કાન આગળ ધુમીજ રહ્યો હતો. ત્યારે તે બીજો અવાજ જે મર્દનોજ હતો તે કોણનો હતો? તેણે જોકે દારૂ ખુબ ધીચેલો હતો, છતાં તેની બુદ્ધિ તેને હજી તજી ગઈ હતી નહિ. તે તો જેવી અને તેવી સલામત હતી, બલ્કે કીનાના જબરા આવેશમાં તે વધુ તિક્ષણ બની હતી. તે ઘણુંજ ધીમાં કદમે અને વગર ઘોંઘાટે તેમની વધુ નજદીકની ઝાડીમાં દાખલ થયો, અને ત્યાં ભરાઇને જોતાંજ તેની ભારી અજાયબી વચ્ચે તેને માલમ પડયું કે તેની બેટી રોઝામન્દ સાથે આવી સિહા રાતની વખતે આવી ઉજ્જડ એકાંત જગામાં ચોરી છુપાઇથી વાત કરનાર નીલ લાયન નહિ, પણ લોર્ડ ઓલ્ડકેસલ (જુલિયન) પોતે હતો! આ અજાયબીથી તે એક પુતળાંની માફક તેની જગોએ થંભ થઈ ઉભો. લોર્ડ ઓલ્ડકેસલ જેવો ઉમરાવ રોઝામન્દ સાથે આવી વખતે શું વાત કરતો હતો તે સાંભળવાને તે હિમ્મતથી વધુ આગળ ગયો, અને કાન દઈ સાંભળતો ઉભો.

"મારાં કેવાં સારાં નસીબ, જુલિયન, કે તું આ જગોએ આજ રાતે મને મળી ગયો. બોલ, હવે તું મને શું કહેછ, હવે તું તારી હકદાર ઓરત ને હકદાર ફરજંદને તારાં પાસાંમાં લેયછ કે હજીબી કાંઈ બીજાં હિલ્લાં બાહનાં બાકી છે? મેં તુને હમણાંજ કહ્યું તેમ મારા ધાતકી બાપે મને ને મારાં નિર્દોષ બાળકને ઘરમાંથી હંકેરી કાહડયાંછ ને ફરીથી અમોને મકાનમાં દાખલ કરવાની તેણે સાફ ના પાડીછ. એ તો મારાં નસીબ સારાં કે એક ભલી ઓરતે આજની રાત મારા વાહલા બેટા દેવીને પોતાનાં મકાનમાં આશ્રો આપ્યોછ, નહિ તો બોલ, તે મારા લાડકવાયા બેટાનું શું થતે? તે બુલબુલને લઇ હું આવી રાતના સમયે આવી સર્દ રૂતુમાં કયાં રખડતે, કયાં રઝળતે? બોલ, જુલિયન બોલ, કે તું મારો ઉમરાવ ખાવિન્દ લોર્ડ ઓલ્ડકેસલ હોવા છતાં મારા હાલ આ રીતના બુરા શા માટે થવા જોઇએ? મારે તો ઓલ્ડકેસલ પાર્કમાં રાજ કરતી રાણીની પેઠે રેહેવું જોઇએ." આટલું બોલી તે દુ:ખી સ્ત્રીએ પોતાના બંને હાથો આસમાન તરફ ઉંચા કીધા અને જુસ્સાથી બોલી, "ઓ ખુદા! અગરજો માબાપની રજા વગર ચોરી છુપાઇથી લગ્ન કરવાનાં મારાં પાપની આ સઘળી સજા હોય તો ઓ દયાળુ બાપ! મારાં તે અજીમ પાપ માટે મેં આજ તુલીક ઘણી સજા ભોગવીછ, માટે હવે તું તે ગુનાહ માટે મને ક્ષમા કર! મને બંને જેહાનમાં અમાન બક્ષ!"

"ચુપ! તું અહિં શું કાંઈ નાટક કરવા આવીછ કે? નાદાન મુગી મરી રેહ, નહિ તો તારી ટેંટેં કરતી લુલીને અબઘડી બાહર ખેંચી કાહડીશ. રોઝામન્દ, તું તારો હમેશનો એજ રદનપાટલો મારી આગળ કરવાની હોય તો બસ હું તારાથી હવે બેજાર થયોછ. જો, સાંભળ કે આપણાં લગ્નની બીનાથી સારી જેહાન બિનવાકેફ છે. જેઓ જાણવાને શક્તિવાન હતા તેઓની ઘોર અત્યાર આગમચની દરિયાનાં પાણીમાં બની ચુકીછ. આપણાં લગ્નની એક પણ સાબેતી તારી પાસે મૌજુદ નથી, માટે સાંભળ, કે અગરજો હવે તેં મને વધુ કંટાળો આપ્યોછ અને આ પ્રમાણે સતાવ્યા કીધોછ તો હું તારો ખાવિન્દ છું ને તું મારી ઓરત છે એ બીના હું બિલકુલ નામુકર જવશ, અને એ પ્રમાણે થશે તો તું શું કરી શકનાર છે? બોલ, કમબખ્ત, તારૂં કહ્યું કોણ માનનાર છે? હું પોતે હવે લોર્ડ ઓલ્દકેસલ છું, તો મને કોણ પુછનાર પરછનાર છે? હું મારી મરજીનો રાજા છું. અરે મને કોઈ પુછે તેને જમ પુછે!"

"જુલિયન! તારી છાતી પથ્થરની છે કે લોખંડની? યાદ કર જુલિયન, કે તું મારો પરણ્યો ખાવિન્દ છે." આટલું બોલી તે સ્ત્રી તે સંગદિલ સિતમગરના પગ આગળ ધુંટણિએ પડી બોલી, "દયા કર! જુલિયન, દયા કર! તારી તરફથી દયાની ઉમેદવાર છું. માબાપથી છુપાં લગ્ન કરવા માટે હું ખુદાની નજરમાં કદાચ ગોનાહગાર ઠરી હોઉં તોપણ જાણ, કે હું હક ઉપર ઓસ્તવાર છું."

જુલિયને પોતાની પરણેતરને ઉઠાડતાં કહ્યું, "ઉઠ, કમબખ્ત નાર ઉઠ ને તારો રસ્તો લે. હમણાં તુને મારી પરણેતર તરીકે જાહેરમાં લાવવાને હું લાઇલાજ છું."

આટલું સાંભળતાંજ તે દુઃખી સ્ત્રી ફોકેફોક રડી પડી. તેણીને રડતી જોતાં જુલિયન મોટેથી હસી પડયો. તેનું હસવું ધિક્કારનું હતું. તે ગુસ્સાથી બોલ્યો, "કંગાળ! તારાં રડવાથી હું શું પિગળી જઈ તુને મારી પરણેતર તરીકે મારાં મકાનમાં લઈ જવાનો કે? જે ઓરતનો બાપ બુબખ, છાકટો, પીઠે પીઠે રખડનારો દારૂડિયો તેની બેટીને લેડી ઓલ્દકેસલ બનાઉં? અરે લોકો મારી ઉપર થુકશે નહિ? મારી હસી નહિ કરશે? કમબખ્ત, રડવાનું તો બાજુએ રહ્યું, પણ પથ્થર સાથે તારૂં માથું ફોડી ચાર ટુકડા કરશે તોપણ હું હમણાં તને મારી પરણેતર તરીકે દુનિયા આગળ જાહેર કરવાનો નથી, સમજી? ચાલ, હવે મુગી મુગી અહિંથી વંજો માપી જા!" રોઝામન્દે પોતાના નિર્દય ખાવિન્દ તરફ ધિક્કારની નજર ફેંકી. તેણી ચાલી જવા કરતી હતી, પણ તેણીને અટકાવી તે પાપી ઉમરાવ બોલી ઉઠયો, "સબર! અગરજો થોડા મહિનામાં દુનિયાનાં લોકો આગળ તું સુર્ખરૂ થવા માંગતી હોય તો તારા પેલા કંગાળ, છાકટા બાપ આગળ તને ફસાવનાર તરીકે હરગીઝબી મારૂં નામ દેતી ના. મેં તેને એવું ખોટું સમજાવ્યુંછ કે તારો યાર અને મદદગાર પેલો ચંડાળ નીલ લાયન છે ને તે ભેજાંનો સદંતર ગેબ, બુબખ, ગધેડો તારો બાપ એ સઘળું ખરૂંજ માનેછ. માટે ખબરદાર, તે છાકટાને એમજ માનવા દેજે, નહિ તો જાણ કે વર્ષો સુધી તુને મારી ઓરત તરીકે હું જેનહાર કબુલ કરનાર નથી. ચાલ, હવે અહિંથી પત! મને એકદમ છોડી જા!"

તે ભમાયલી, ભોળી, ભલી સ્ત્રી એટલી તો દિગમૂઢ બની ગઈ કે એક પણ હર્ફ પોતાની જબાન ઉપર લાવ્યા વિના તે જગો છોડી ગઈ. જુલિયન નભરવસપણે તેણીના આકારને પોતાની નજરથી ગુમ થતો જોતો ઉભો. બીજીજ પળે તેણીનો ઉશ્કેરાઈ ગયલો બાપ રોજર હીપીંગ કે જે પોતાને નામોશીમાં લાવનાર

તથા તેને પોતાને બુરા મુખનો બોલનાર આ કંગાળ બદમાશનું લોહિ પીવાને હવે તરસ્યો બન્યો હતો તે પાછળથી હળવે હળવે આવી પોતાના મજબુત હાથથી જુલિયનને ગળચીમાંથી પકડી બોલ્યો, "હું છાકટો, હું બુબખ, હું ગધેડો, હું પીઠે પીઠે રખડનારો દારૂડિયો, એંહ! ચંડાળ, તુંજ મને ખોટે રસ્તે ભમાવનાર કેની? મુજી બદમાશ! તુંજ નીલ લાયન માટે ખોટું સમજાવનાર કેની? સારી જેહાનની ખિયાનત તારી ઉપર પડજો! ઉમરાવી ખાનદાનને એબ લગાડનાર શેતાન, મારી બેટીની નામોશીનાં વેરમાં આજે તારૂં ખુન નહિ કરૂં તો હું ખરેખર બુબખ, ગધેડો, ને હિચકારો કેહેવાઉં!"

પજરણની શરૂઆત.

ગયાં પ્રકરણમાં બનેલા બનાવને બીજે દિવસેજ આખાં ઓલ્ડકેસલમાં અગ્નિ પેઠે વાત ફેલાઈ ગઈ કે બુઢો રોજર દીપીંગ કેથે ગુમ થઈ ગયો હતો અને તેનો કશો પત્તો જડતો હતો નહિ. જયારે આ ખબર ઉડતી ઉડતી ઓલ્ડકેસલમાં આવી પોંહચી ત્યારે લેડી ઓલ્ડકેસલની અજાયબિનો પાર રહ્યો નહિ. તે સ્ત્રી હાંફલી ફાંફલી બની લાગલી ડ્રોઇંગ રૂમમાં ધસી ગઇ, જયાં જુલિયન નિરાંતે સાંજની ચા પીતો બેઠો હતો.

"વળી આએ નવી વાત સમજી કે જુલિયન? કેહેછ કે પેલો છાકટો દીપીંગ કોણ જાણે કયાં ગુમ થઇ ગયોછ, ને તેનું કશું નામ નિશાન માલમ પડતુંજ નથી. ઘણી અજબ જેવી એ વાત છે, નહિ? એમાં કાંઇબી ભેદ છે."

લેડી ઓલ્ડકેસલની ઉપલી ખબરથી જુલિયનનો ચેહેરો એકદમ બદલાઈ ગયો. તે એકાએક ફિક્કો મારી ગયો. તેને દેખાતી રીતે કાંઇક ચટપટ થવા લાગી, પણ તે જોવાને તેની માવતરને અવકાશજ કયાં હતો? તે સ્ત્રી તો કાંઇ બીજાજ ખ્યાલોમાં ગોતાં મારતી હતી.

"માયજી, એમાં વળી અજબ તે શું થવાનું હોય? એક માણસ છાકટો બને ત્યારે પોતાનો રસ્તો ભુલી જઇ એકાદ બે દિવસ પોતાનાં મકાનમાં પગ નહિબી મુકે એ તો તદન બનવા જોગ છે. છાકટાઓમાં તો એવી શક્તિ હોયછ કે ગમે ત્યારે ગેબ થઇ જાય ને ગમે ત્યારે વળી પાછા ફુટીબી નિકળે! યાદ રાખજો કે બે પાંચ દિવસમાં એ બુઢો ગરગરદાસ ઓલ્ડકેસલમાં પાછો જરૂર ફુટી નિકળવાનો." જુલિયને પોતાની માવતરને સમજાવ્યું.

લેડી ઓલ્ડકેસલ પોતાના નાદાન બેટાની આવી ફિલસુફિથી હસી બોલી, "જુલિયન, તું હજી નાદાન છે. જરા લાંબી પોંહચ ધરાવવાને તુને હજી વિલંબ છે. હું તો ઇચ્છુંછ કે તે બુઢો આપણાં શેહેરમાં ફરીથી કદી દેખાવ દેવા પામેજ નહિ."

"પણ કાંય? માયજી, તેનું કાંઇ કારણ? કાંઇ સબબ?" જુલિયન પોતાની માતાને ઠરેલ અને મજબુત અવાજે શાન્તપણે બોલતી સાંભળી અજબ થઈ બોલ્યો, "માતા, મને કહો, મને કહો કે પેલો છાકટ બુઢો આપણાં શેહેરમાં પાછો દેખાવ નહિ દે તેમાં તમને ને મને શો લાભ?"

લેડી ઓલ્ડકેસલ પોતાના બેટાના દેખાતા ધભરાટને બળતુંજ રૂપ આપી મોઢથી હસી પડી બોલી, "જુલિયન, જે જોવાને મને આંખો છે તે જોવાને તને

આંખો નથી. ખ્યાલ કરવાને મને જે ભેજું છે તે તને નથી. આખાં ઓલ્ડકેસલમાં છચોક બોલાયછે કે રોજર ટીપીંગે પોતાનું મકાન નીલ લાયન ઉપર પોતાની બેટીની હોરમત લુટવાનું વેર લેવા છોડયું હતું. તેને તેના દોસ્ત તરફથી પક્કે પાયે ખબર મળી હતી કે નીલ લાયન અને રોઝામન્ડ એક બીજાને પાસેની ઉજ્જડ જગોએ મળનાર હતાં, જેથી તે બુઢો પેલા બદમાશને ત્યાં ઢુંડતો ગયલો હોવો જોઇએ."

"પણ તે સાથે તે બુઢાના ગુમ થવાને શી નિસબત?" જુલિયને દેખઇતા ખિજવાટથી પોતાની માતાને સવાલ કીધો.

તેની માતાએ હસીને આગળ ચલાવ્યું, "હજીબી નહિ સમજયો? અરે! તું કેટલો નાદાન! કેવો ભોળો! તે બુઢો પેલા બદમાશ લાયનને પેલી ઉજ્જડ જગોમાં મળેલો હોવો જોઇએ. ટીપીંગે તેની ઉપર હુમલો કીધેલો હોવો જોઇએ ને લાયન જવાન હોવાથી ને રોજર ટીપીંગ છાકટો, બુઢો ને નબળો હોવાથી તે જવાનના હાથ ઉપર—"

આ વેળાએ જુલિયનની છાતીમાં અભત ભરાઈ હોય તેવી રીતે ધ્રુજતો તે પોતાના હાથમાંનાં ચાનાં પ્યાલાં સાથે ઉઠયો અને દિવાનખાનામાં આમથી તેમ દિવાનાની પેઠે ફેરા ખાવા લાગ્યો. તેનો હાથ ધ્રુજતો હતો અને કપમાંથી ચા તેનાં દિલ ઉપર ઢોલાતી હતી. તે છતાં તે કપ પાસેની ટેબલ ઉપર મુકી દેવા જેટલું પણ તેને ભાન હતું નહિ. અલબતાં, જુલિયનની તાજુબી ઉપજાવનારી આ રીતિથી તેની માવતર અજબ થવા વિના રહી નહિ. થથરાવનારા સાદે તે મોટેથી પોકારી ઉઠી, "એ તને આજે થયુંછ શું જુલિયન? તારૂં ભાન કયાં ચરવા ગયુંછ? આજે તું એટલો બેબાખરા જેવો કેમ થઇ ગયોછ તેની કાંઇ સમજ પડે? તારા હાથ એટલા બધા ધ્રુજેછ શાના? તું જોતો નથી કે તારા હાથમાંનાં કપમાંથી ચા તો બધી તારાં કપડાંપર પડેછ? જુલિયન, આજે મને બોલવા વિના ચાલતું નથી કે તારા બાપનાં મોતની રાત પછી તારી ચાલ ચલણમાં, તારા રંગ ઢંગમાં અને તારા હાવ ભાવમાં ઘણો ફેર પડી ગયોછ. જાણે લોર્ડ ઓલ્ડકેસલ થવાના તારામાં સકારજ નથી. તારામાં કશો સુધલોજ નથી. તું દિન પર દિન નબળો, પોચો ને હિચકારો બનતો જાયછ. જાણે તારા બાપની હૈયાતી વખતનો તું જુલિયનજ નથી. મારૂં કહ્યું માને તો તું હવા ખાવા થોડો વખત મુસાફરીએ જા કે લોર્ડ ઓલ્ડકેસલના મોભાને લાયકનો બનવા માટે તારામાં કાંઇબી શાન શોકત આવે."

લેડી ઓલ્ડકેસલના ઉપલા બોલો જોકે જુલિયનને ભારી તો ઘણા પડી ગયા, તોપણ તે આજે અજબ જેવી રીતે નરમ પડી ગયલો હતો. બીજો વખત હોત તો આ કરતાં સો ઘણા ઓછા સખ્ત બોલો વટીક તે સાંખી શકત નહિ, પણ તેની માવતરે જણાવ્યું તેમ તે આજે કાંઇ અજબ જેવો ધ્રુજરો અને બિલકુલ હિચકારો બની ગયલો હોવાથી તે જાણે કાંઇજ બન્યું નહિ હોય તેમ પોતાની માવતરને પટાવી લેવા બોલ્યો, "હા માયજી, મનેબી કોઇ કોઇ વખત લાગેછ કે મને હવા ખાવા જવાની મોટી જરૂર છે, પણ અફસોસ કે હું તેમ કરી શકતો નથી. વળી એડેલીનને લીધા વગર મારે ઓલ્ડકેસલ છોડવામાં પણ સલામતી નથી."

"બેશક નહિજ! તારાં એ મત સાથે હું બોલેબોલ મળતી થાઉંછ. વળી મારો વિચાર બીજો શું છે તે હું તને હમણાંજ જણાવી દેઉંછ. આવતા જાનેવારી યા ફેબરવારી માસમાં ઉમરાવોની સભામાં તારી બેઠક લેવાને લંડન ખાતે તને

જવુંજ પડશે. એ કામ તો તારે પેહેલી જોગવાઇએ કરવું જોઇએ. અને એ કામ કરવા પહેલાં તારે કોઈ પણ જોખમે એદેલીનને તારી પરણેતર તરીકે જીતવીજ જોઇએ."

એદેલીનને પોતાના કેહેવાતા એકપુરા બેટાની ધણીઆણી બનાવવાને તે દુનિયાની ખાધેલી સ્ત્રી ઉતાવળમાં પડે એ ખુદરતીજ હતું, કેમકે એદેલીને તેણીને અનેકવાર કહી સંભળાવ્યું હતું કે "લેડી ઓલ્ડકેસલ, હું એકવીશ વરસની ઉમરે પોંહચવા પછી આ મકાન છોડી જઈ મારાં પોતાનાં મકાનમાં વસવા જવા માંગુછ." એદેલીન પોતાની વડી બેહેન દોરા અને તેણીની બાળક-બેટ્રી સાથે પોતાનાં બાપિકાં મકાનમાં પોતાનો વસવાટ કરવાને ઘણી ઇંતેજાર હતી. દોરા—કમનસીબ દોરા—પોતાના દિવસો એકલી અટુલી ઝુરાપા જળાપામાં પસાર કરે અને તેણીની નાની મા-જણી બેહેન ઓલ્ડકેસલ પાર્કમાં મોજમજાહમાં જીંદગી ગુજારે એ એદેલીનને પસંદ પડયું નહિ. લેડી ઓલ્ડકેસલ તો એવુંજ ઇચ્છતી હતી કે એદેલીન પોતાની ઉમરે પુગે તે આગમચ તેણીને જુલિયનની પરણેતર બનાવવી. તેણીએ માની લીધું હતું કે એદેલીન પોતાની દોલત સાથે જુલિયનના હાથમાંથી જો એકવાર છટકી તો તે બંને મા દીકરાના હકમાં ઘણુંજ બુરૂં થનાર હતું. તે સ્ત્રી સારી પેઠે સમજી શકતી હતી કે જુલિયન અગર સારી દુનિયા ફરી વળી પોતાની જાળ પાંથરે, પણ એદેલીન જેવો દરેક રીતે ફરબે શિકાર તેને કદી હાથ લાગવાનો નથી, કેમકે જુલિયનની માયા પુંજી સાથે એદેલીનની બોહળી માલ મિલકતનાં જોડાણથી એક એવી તો ગંજાવર દોલત ઓલ્ડકેસલ કુટુંબમાં આવવા પામે કે જેથી કોઇબી દોલતમંદ અમીર ઉમરાવ તે તરફ અદેખાઇની નજરે જોવા વિના રહે નહિ. વળી તે સ્ત્રી સારી પેઠે ખ્યાલ કરી શકતી હતી કે તેણીના ખાવિન્દનાં મોત પછી જુલિયનની આવક દિન ઉપર દિન ઘટતી જતી હતી, જેનો સબબ શોધી કાહડવાને તે બિલકુલ અશકત હતી. તે સમજી શકી નહિ કે કોલસાનો ભાવ ચહડતો હોવા છતાં તેમની આવકમાં આટલો બધો ખાડો શા માટે પડતો રહ્યો હતો. આ સવાલ તેણીએ અનેક વાર પોતાના બેટાને પુછયો હતો, પણ તેણીને તેનો કશો સંતોશકારક જવાબ મળતો હતો નહિ. તેણીને જાણી લેતાં વિલંબ લાગ્યો નહિ કે જુલિયનનો જવાબ કાંઇજ નહિ, પણ માત્ર ઉડાવનારો અને તેણીને ખોટે રસ્તે દોરવનારો હતો. તેમની આવકના ઘટાડાનો સબબ દેખઇતોજ હતો. જુલિયને પોતાના વડા ભાઈ રોદ્રીક સાથ થયલા કરાર મુજબ મેથ્યુ બારલોકનાં નામે ૩૦૦૦ પાઉંડ થોડાજ દિવસની વાત ઉપર લેડી ઓલ્ડકેસલની જાણ વિના મોકલી આપ્યા હતા. આ રકમ તેની આવકમાં ખરેખર, મોટો ખાડો પાડનારી હતી. આ દેખઈતા ખાડા માટે જુલિયને પોતાની માવતરને જોકે ઘણું પણ ઉંધું ચતું સમજાવ્યું પણ તેનું કહેલું સઘળું એકદમ માની લેય એટલી ભોળી લેડી ઓલ્ડકેસલ હતી નહિ. તે ફફડી ચટકી બોલી, "જુલિયન, તું બીજો છુપો ખરચ કરી જાહેરમાં કરકસર કરે એ હું કદી પણ સાંખી શકવાની નથી. મને મારાં મોટાં નામ અને મારા ભપકા પ્રમાણે મોટો ખરચ તો રાખવોજ જોઇએ. મારા મરનાર ખાવિન્દ તે માટે પોતાની પાછળ પુરતી મિલકત મુકી ગયલા છતાં મારે શાને વાસ્તે આટલી બધી હાયવાય કરવી જોઇએ અને શા માટે નાણાંની આટલી તંગી ખમવી જોઇએ? હું એ જુલમ એક વધુ પળવાર પણ તામોશ કરી શકવાની નથી, સમજયો જુલિયન? અને તેથીજ હું તને દર પળે કેહેતી આવીછ કે એદેલીનને હાથ કર. તે સમજાવટથી હાથમાં નહિ આવે તો, જુલિયન, તે હઠીલી સોનાની ચલ્લીને જુલ-

મથી, જબરદસ્તીથી કાંઇબી ઉપાય કરીને તારા કબજામાં લાવ. જુલિયન, તું મર્દ છે, એટલે એક નાદાન ઓરતને કેમ જીતવી તે જાણવાનું તારૂં કામ છે."

આટલું બોલી તે સ્ત્રી પોતાના બેટા આગળ ગઈ અને અજબ જુસ્સાથી આસપાસ નજર કરી જાણે કોઈ સાંભળે નહિ તેમ ધીમા પણ મક્કમ અવાજે જુલિયનના કાન ઉપર પડી બોલી, "જુલિયન, જેમ મને વિચાર જાયછ તેમ અગરજો બને તો હઠીલી એદેલીન લાયનનો પિછો છોડે અને તે તારા હાથમાં સેહલાઇથી આવી શકે."

"બોલો માયજી, તે કેમ બને? એદેલીનને મારી આખી દોલતના ભોગે પણ જીતવાને હું એક પગે છું. ત્યારે બોલો તમારો એ વિચાર શું છે?" જુલિયન પોતાની માતાને અજબ શંકાથી જોઇ બોલ્યો.

લેડી ઓલ્દકેસલે ધીમા સાદે કહ્યું, "જુલિયન, મને શક છે કે રોજર દીપીંગના ગુમ થવા સાથે બદમાશ લાયનને કંઇ સંબંધ છે. હા, અગરજો તેમજ હોય તો એમજ સમજજે કે એદેલીન અને લાયનના રસ્તા ઉપર ખુદરતના ખોફથી એક એવો આડો પથ્થર તુટી પડયોછ કે જેથી તેઓ કદીબી લગ્નના ગાંઠથી જોડાવા પામે નહિ."

આ વેળાએ જુલિયન નજદીકની બારી આગળ ગયો અને બાહેર ડોકું કહાડી જોવા ઉભો. અગરજો રસ્તા ઉપરના કોઈ રાહદારીએ તેને એ વખતે જોયો હોત તો તેના ફિક્કા ચેહેરાથી જરૂર તે ચોંકયો હોત. તેનો ચેહેરો હદથી જયાદા જર્દ મારી ગયો હતો. ત્યારે શું પોતાના ચેહેરા ઉપરનો ધબરાટ પોતાની માતાથી છુપાવવાને તેણે આવી રીતે બારીનો આશ્રો લીધો હતો?

તેની માતા લેડી ઓલ્દકેસલ પોતાના બેટાનાં આવાં ઠંડાપણાં માટે ગુસ્સાની મારી તે ડ્રોઇંગ રૂમ છોડી ગઈ તેનું પણ તેને ભાન હતું નહિ. ધબરાટ સમી જવા પછી જયારે તેણે ઓરડામાં નજર કીધી ત્યારેજ તેણે જોયું કે તેણી ત્યાં હતી નહિ. જુલિયનને લાગ્યું કે તેણી તેની ઉપર શકમંદ બની હતી. તેમની મિલકતની આવકમાં થયલા ઘટાડાથી તે દેખઇતી નારાજ બની હતી.

પણ જુલિયનને કાંઈ આ એકજ જાતનો ધબરાટ નહિ હતો.

રોજર દીપીંગનું ખુન.

લેડી ઓલ્દકેસલના જવા પછી જુલિયન પોતાનાં મન સાથે પોકારી ઉઠયો, "શું હું ઉમરાવોની સભામાં બેઠક મેળવવાને જાઉં? હું શું એમ કરવાને કદી પણ હિમ્મત કરી શકું? નહિ, કદી પણ નહિ. જોકે એ સભામાં બેસનારાઓ મારાં જેવાંજ હાડકાં ને ચામડાંના બનેલા છે પણ હું કિયા હકથી તેમની સફમાં જઈ બીરાજવાની હિમ્મત કરૂં? તેઓની નજર સામે નજર કેમ મેળવી શકું? લોર્ડ ઓલ્દકેસલના ખેતાબ ઉપર ખરૂં પુછતાં મારો લેશ ભાર પણ દાવો નથી, તો પછી લોર્ડ ઓલ્દકેસલ નહિ છતાં—"

જુલિયન આગળ બોલી શકયો નહિ. તેણે તે આખા ઓરડામાં નજર કીધી, એવી ધાસ્તીથી કે રખે કોઈ ભરાઈ છુપાઇને તેને બોલતાં સાંભળતું હોય. તે ધીમે સાદે બોલ્યો, "અરે! પણ હું શું કરૂંછ? શી રીતનું કાચું કાપુંછ? હું જેમ ગમે

તેમ ભાંગડા વાટી કાલનો દુકાળ આજે પાડુંછ! હું લોર્ડ ઓલ્ડકેસલ નથી એમ રોદ્રીક વિના આ દુનિયામાં બીજુંં કોણ જાણેછ? કોઇજ નહિ. પણ ત્યારે એમજ છે તો આટલું બધું બીવા ધ્રુજવાનું મને શું કારણ છે?" આ વેળાએ તેણે પોતાનું ધુમતું માથું પોતાના હાથમાં પકડયું અને પોકારી ઉઠયો, "અરે! આજે મારાં માથાંને એ શું થાયછ? અરે શું હું મગજથી ખીસી જવશ કે કેમ? એદેલીન! એદેલીન! ફક્ત તારેજ ખાતર હું આ બધી આફતમાં આવી પડયોછ, ફક્ત તારેજ ખાતર મારે માથે આટલી બધી મુશ્કેલી મેં ખેંચી લીધીછ." આટલું બોલતાંજ તેણે નીલ લાયનને હજારો કદુવા દીધી અને એદેલીનને શ્રાપોથી વધાવી લીધી. તે હઠીલી સ્ત્રીએ તેને જબરો માહત કીધો હતો. તેણે એદેલીનને જીતવાની મતલબથી તો ગમે તે ભોગે લોર્ડ ઓલ્ડકેસલનો ખેતાબ ઘોરમાંથી ફુટી નિકળેલા પોતાના વડા ભાઈ રોદ્રીક સોડેથી ખરીદયો હતો, પણ એટલું છતાં પણ જયારે એદેલીનને જીતવાની મુશ્કેલી દર પળે વધતીજ ગઈ તો તેની દલગીરીની સિમા કયાંથી રહે?

તે મુદ્દલ સમજી શકયો નહિ કે નીલ લાયનમાં એવું તે શું ખેંચાણ હતું કે જેથી એદેલીન તેના પ્યારમાં લપેટાઇ હતી, એટલુંજ નહિ પણ મરનાર લોર્ડ ઓલ્ડકેસલે પણ જીંદગી અને મોત વચ્ચેની જીવ સટોસટ પળે તેને શાને માટે યાદ કીધો હતો. પણ જે બીનાથી તેને વધુ તાજુબી ઉપજતી હતી તે એજ હતી કે મરતી વેળાએ નીલ લાયનને મળવાની ખાહેશ બતાવીનેજ નહિ ધરાતાં મરનાર તેનાં નામ જોગું એક પેકેત તેને સપુરદ કરવા પોતાની પાછળ મેલી ગયા હતા, જેમાં 'પેલી આંધળી આંખ' એવા માત્ર ત્રણ ભેદભર્યો શબ્દોજ લખેલા હતા. આ ત્રણ ભેદી શબ્દોનો અર્થ શોધી કાહડવાને તેણે અનેક ફાંફાં માર્યાં પણ તે સઘળું ફોકટ હતું. તે તેના બાપની દુરઅંદેશી માટે ખાત્રીપુર્વક હોવાથી તેણે પુરતા ભરોસા સાથે માની લીધું હતું કે આ ત્રણ શબ્દોમાં કાંઈ જેવો તેવો ભેદ હોવો જોઇએ નહિ.

આ વેળાએ તેને એક અજબ ખ્યાલ ધાઈ આવ્યો, અને તે માટે તે પોતાને મુબારકબાદી દેવા લાગ્યો. હવેજ તેને યાદ આવી કે તેનાં મકાનની 'પીકચર ગેલરી' માં તેના એક વડવાનું કેનવાસ ઉપર ચિતારેલું એક ચિત્ર હતું. આ ચિત્રમાંના તેના વડવાની એક આંખ ગેબ થઇ ગયલી હતી. શું ગેબ થયલી આ આંખમાં 'પેલી આંધળી આંખ' નો કાંઈ ભેદ ભરમ છુપાયલો હતો? તે અજબ ઉલટ અને જીજ્ઞાસા સાથે પીકચરવાળા ઓરડા તરફ દોડયો અને તે પીકચરની ગેબ થયલી આંખ તરફ લગભગ પા કલાક સુધી એકી ટગરે જોતો ઉભો. તે ચિત્ર નીચુંજ ટાંગેલું હોવાથી તેણે પોતાનાં ખીસાંમાંથી એક છરી બાહર ખેંચી કાહડી અને વર્ષોથી મરણ પામેલા તે વડવાની ભલાઈ યા નેકનામીનો ખ્યાલ કરવાને થોભ્યા વિના તેની ગેબ થયલી આંખમાં આરપાર તે ચલાવી દીધી, અને તે કીમતી ચિત્રનાં કેનવાસના ટુકડે ટુકડા કીધા. પણ તેની એ સઘળી મેહેનત અકારત ગઈ. આ પ્રમાણે મેહેનત બરબાદ અને ગોનાહ લાજેમ જેવું થવાથી તેના ખિજવાટનો પાર રહ્યો નહિ. તે પોતાના જીવને કદુવા દેતો પોતાના ઓરડા તરફ જતો હતો એટલામાં તેણે એદેલીનને પીકચર ગેલરીવાળા ઓરડા આગળથી પસાર થતી જોઈ. તેણે જોયું કે ખુબસુરતીની તે રાણી તરતનીજ બાહેરથી આવેલી હતી અને તેણીનો ચેહેરો ભયંકર હદ સુધી જર્દ મારી ગયો હતો.

"જુલિયન, તને ખબર છે કે? પોલીસને રોજર હીપીંગની લાસ જમીનમાં અરધી દટાયલી હાલતમાં મળી આવીછ. ઝાડીઓથી ઘેરાયલી પેલી ઉજ્જડ જગોની એક ખાડી આગળથી તે મળી આવીછ."

તે તેજ ઉજ્જડ જગો હતી કે જયાં એદેલીન સાથે નીલ લાયનને મુલાકાત થઈ હતી અને તેજ તે ભયંકર રાત હતી કે જે રાતે એદેલીને પોતાના તે કામદાર સાથે વાતચિતમાં લાંબો વખત ગુજાર્યો હતો. તેજ રાતે અને તેજ જગોએ રોજર હીપીંગનું ખુન થયલું જાણવા પછી એદેલીનની ધાસ્તીનો સબબ દેખઇતોજ હતો.

"પણ હું એમ પુછું, પ્યારી એદેલીન, કે એકાએક તે બિચારાને થયું શું?" જુલિયનને બીજું કાંઈ બોલવાનું સુઝ નહિ પડવાથી તેણે ઉપલો સવાલ કીધો.

"થાય શું વળી? અરે! તે બિચારાનું ખુન થયુંછ. કામ ઘણું જબુન થયુંછ. જુલિયન, જાણી જોઇને કોઇએ તેનું ખુન કીધેલું પોલીસ માનેછ. મરનારનું માથું સખ્ત ફટકાઓથી કોઇએ જાણે છુંદી નાખ્યુંછ. મરનારે પોતાની છેલ્લી પળ સુધી ખુની સામે જબરી બાથ ભીડેલી પોલીસ માનેછ. લોક કમનસીબ રોજર હીપીં-ગનાં ખુનથી બહુજ ઉસ્કેરાઈ ગયુંછ. જુલિયન, આ ખુનની કેફિયત સાંભળી મારાં તો રૂવેરૂવાં ઉભાં થાયછ. પણ તું તો ધ્રુજેછ! તુનેબી મારી માફક ઘભરાટ લાગેછ કે? ખરેખર, ઘભરાટ ઉપજવા જેવીજ વાત છે."

જુલિયન એદેલીનને માથાંથી પગ સુધી સુની સાવજની માફક ડાચું વકાસી ટીકતો બોલ્યો, "કોણ કેહેછ કે હું ધ્રુજુંછ? મને ધ્રુજવાનું શું કારણ છે? એ ખુનની વાતમાં મને શું લાગેછ વળગેછ? પણ કેહની એદેલીન કે પોલીસ કોણની ઉપર ખુન કરવાનો શક લઈ જાયછ?"

"તે હજુર જણાયું નથી. ઘણાંક નામો આ ખુનના સંબંધમાં છડેચોક બોલાયછ, પણ તે નામો કોણનાં છે તે હું જાણતી નથી. એક વખત એવો આવશે કે ખુનીતું નામ આપોઆપ બાહેર આવવા પામશે."

"બાહેર આવશે? કેમ આવશે? કોણ લાવશે? બોલ એદેલીન કે ખુની તરીકે તું કોણને ધારેછ? તુને કોઈ પર શક જાયછ કે નહિ?"

"મને?" એદેલીન જુલિયનની આજની આવી નહિ સમજ પડે તેવી ચાલથી અજબ થઇ બોલી, "જુલિયન, હું નબળી ઓરત જાત શું સમજું? મારો તે કોણ ઉપર શક હોય વારૂ? હું તો બિનવાકેફ છેઉં, બિલકુલ બેખબર છેઉં. અરે! હું કોણ છું, કયાં છું?"

એદેલીન તરફ જુલિયન ખુનીના જેવા ડોળા કકડાવી બોલ્યો, "એદેલીન, તું બિનવાકેફ છે તો કાલે વાકેફ થશે, તું બિલકુલ બેખબર છે તો તું કાલે સદંતર ખબરદાર થશે."

જુલિયન આટલું બોલી ચાલી ગયો. એદેલીન સમજી શકી નહિ કે તે ગુસ્સામાં બોલ્યો હતો કે બેભાનીમાં બકવા કરી ગયો હતો.

લોર્ડ ઓલ્ડકેસલની બે વિધવાઓ.

નીલ લાયનની માતા અરસુલા પગે ચાલતી લોર્ડ ઓલ્ડકેસલની ઘોર આગળ જઇ પુગી ત્યારે સાંજનો સમય હતો. એજ તે જગો હતી કે જયાં દોરાને રોડ્રીક મુવેલો જણાયા પછી ગોયા ઘોરમાંથી પાછો જીવતો થયલો મળી આવ્યો હતો, તે જગોને આપણે ઉજ્જડ તરીકે જોઈ આવ્યા છિએ. તે ગંભીર જગો, જયાં લોર્ડ ઓલ્ડકેસલ અને તેના વડવાઓની મીટ્ટી પડેલી હતી, તે જગા જયાં મોતની ચુપકીદી વચ્ચે કુદરતની શાન્તિ રાજય ચલાવી રહી હતી અને મોતની ગંભીરતાનો અચુક ખ્યાલ આપતી હતી, તે જગોએ જઈ પુગતાં કમનસીબ અરસુલાને આગલી પાછળી યાદથી રડવું આવ્યા વિના રહ્યું નહિ. આંસુઓથી ભીંગાયલી આંખો સાથે ગમનું એક ટચકું ભરી તેણીએ પોતાના હકદાર ખાવિન્દની ઘોર ઉપર પોતાની સાથે લાવેલાં સાદાં ફુલોનો નિસાર કીધો. તે તે પછી મરનાર તરફ મોટાં માન સહિત ઘુંટણિએ પડી બોલી, "લોર્ડ ઓલ્ડકેસલ, અગરજો તારાં અચાનક મોતનો સબબ હુંજ હોવું તો તારી આરામગાહમાંથી પણ મને માફ કરજે. સદાની ઉંઘમાં નચિંત સુતેલા ઓ ઉમરાવ, તું તો શાન્તિમાં સુતોછ, આરામથી પોહરીયોછ, પણ હું તારી કમનસીબ ઓરત, જે એક વાર તારા પોતાના જાન કરતાં પણ વધુ વાહલી હતી તે આ જંજાળભરી દુનિયામાં હાડમાર થાઉંછ, જમાનાના જુલમગાર હાથોએ જબેહ થાઉંછ. ઓ ભલા ઉમરાવ ! તું તારી ભુલને માટે જો મરણની છેલ્લી ઘડીએ ખરાં જીગરથી પસ્તાયો હોય, તારી કમનસીબ ઓરતને તથા તારાં કમબખ્ત ફરજંદને કીધેલા ગેરઈનસાફ માટે તેં ખરેખર ગમનાં આંસુ રેડયાં હોય તો તે ખુદા તને માફ કરે ને તારાં રૂહને શાન્તિ બક્ષે !"

અરસુલા પોતાની આ ગિરફતારીમાં એટલી બધી તો ચકચુર બની હતી કે આ પળે એક ગાડી તે કબ્રસ્તાન આગળ આવી ઉભી રહી તેનો કશો સંસારો વકીક તેણીને કાને પડયો નહિ. તે ગુંટણિએજ પડેલી રહી; અને લેડી ઓલ્ડકેસલ પોતાની ગાડીમાંથી ઉતરી ભપકામાં તેણીની પાછળ આવી ઉભી. આ છતાં પણ તે તરફ તેણીનું લક્ષ ખેંચાવા પામ્યું નહિ. લેડી ઓલ્ડકેસલ, એક ગરીબ તરાહેત સ્ત્રીને પોતાના ખાવિન્દની ઘોર આગળ એક ચિતે ગુટણિએ પડેલી જોઈ બહુજ વિસમય પામી. તેને આગળ ચાલવાની હિમ્મત થઈજ નહિ. તે પોતાની જગોએ થોડીક પળ અરસુલા તરફ ટગર ટગર જોતી પુતલાંની માફક ઉભીજ રહી.

અંતે અરસુલા ઉઠી. તેણીએ પાછળ ફરી જોતાં લેડી ઓલ્ડકેસલને ગુસ્સાભર્યા ચેહેરા સાથે ત્યાં ઉભેલી જોઈ. પહેલાં તો તેણી ધભરાઈ ગઈ પણ બીજીજ પળે પોતાનો ધભરાટ દાબી દઈ લેડી ઓલ્ડકેસલને નમી અદબથી ઉભી. લેડી ઓલ્ડકેસલે નાકનું ટીચકું ચહડાવી દમામથીજ અરસુલાને પુછયું, "તમે અહિં શું માંગોછ, બઇરાં ? એ તો લોર્ડ ઓલ્ડકેસલની ઘોર છે. હું માનુંછ કે અહિં આવવામાં તમારી કાંઈ ભુલ થઈ હશે." મગરૂર લેડી ઓલ્ડકેસલે ઉપલો સવાલ કરતાં ઘણીજ અજાયબિ વચ્ચે જોયું કે પોતાની સામે અદબ અદાથી ઉભેલી સ્ત્રી જોકે પેહેરવાસ ઉપરથી નાણાં સંબંધી સ્થિતિમાં ઘણી બતંગ માલમ પડતી હતી તોપણ પોહળી પેશાની સાથનો તેણીનો ગોલ, ઘટમદાર ચેહેરો ગમે એવા તાલેવંતના મેહેલ સરખાં મકાનને દિપાવે એવો દિલકશ હતો. તે ચેહેરો કોણનો હતો તે જાણવાથી લેડી ઓલ્ડકેસલ બેનસીબ હતી. તેણીને કયાં ખબર હતી કે

એજ તે ચેહેરો હતો જે ઉપર પોતાની જવાનીમાં તે વેળાનો જવાન લૉર્ડ ઓલ્ડકેસલ તનોબદનથી ફિદા થઈ તેણીની ગમે તેટલી ગરીબાઈ છતાં છુપાં લગ્નના ગાંઠથી જોડાયો હતો. લેડી ઓલ્ડકેસલને શી ખબર હતી કે જે માન, જે ખેતાબ અને જે દોલત ઉપર તેણી આજે નાઝ કરતી હતી તે સઘળાંની હકદાર અને ખરેખરી માલેક તો પોતાની સામે ઉભેલી આ ગરીબડી પણ કમનસીબ સ્ત્રી હતી. લેડી ઓલ્ડકેસલને શી ખબર હતી કે તેણીનો બેટો જુલિયન લૉર્ડ ઓલ્ડકેસલનાં ઉમરાવી નામ ઉપર આજે ફુંફાં કરી રહ્યો હતો તેનો હકદાર માલેક તો પોતાની સામે ઉભેલી આ નાચાર સ્ત્રીનો એકપુરો બેટો નીલ લાયન હતો, જેને મરનાર કરનલ રેનની નાની બેટી એદેલીન ચાહતાં શિખી હતી.

લેડી ઓલ્ડકેસલ જોકે શોકનાં કાળાં વસ્ત્રોમાં સજ થયલી હતી, તોપણ તે શોકના પોષાકમાં વટીક પેહલીજ નજરે તવંગરિની તકોબરી અને ઠાલી ભપકાસપકાના શોખનો ભાસ આવતો હતો. તે શોકના પોષાકને પણ છેલ્લામાં છેલ્લી ખરચાળુ ફેશનથી તેણી સણગારવાને ભુલી હતી નહિ. અરસુલાએ ઘણીજ દિલગીરી વચ્ચે જોયું કે તે ઉમરાવ સ્ત્રીએ ફકત દુનિયાને છેતરવાનેજ કાજે પોતાના અમીરી ખસલતના ખાવિન્દનાં મોતનો શોક ચાલુ રાખ્યો હતો, અને તેબી ખરાં અંતઃકરણથી નહિ, પણ માત્ર કાળા પોષાકથીજ હતો. તે દુનિયાને ઠગવા માંગતી હતી, પણ દુનિયા તેણીના તમામ ઢોંગ સમજી જઈ સામી તેણીનેજ ઠગતી હતી. બાદશાહ જેવા મરહુમ ખાવિન્દની ભલી યાદને આવી રીતે આટલી જલદીથી ભુલી જનાર સ્ત્રી તરફ ધિક્કારની નજર ફેંકી અરસુલા બોલી, "માનવંત બાનુ, હું આ ઘોર ઉપર ફુલો ચહડાવવા માટેજ અહિં આવીછ. એ સિવાય મારી બીજી કશી ધારણા નથી."

"પણ તું કાંઈ ભુલ કરતી હોય એમ માલમ પડેછ. એ ઘોર તું જેની ધારતી હશે તેની છેજ નહિ. એ તો મારા મરનાર ખાવિન્દ લૉર્ડ ઓલ્ડકેસલની ઘોર છે, સમજી. માટે મારો તને હુકમ છે કે આ પવિત્ર જગા ઉપરથી તું હવે એકદમ ચાલતી પકડ." આ વેળાએ લેડી ઓલ્ડકેસલની આંખોનાં ભવાં ગુસ્સાથી કમાનદાર બન્યાં હતાં.

તે તુમાખી સ્ત્રીના ઉપલા બોલોથી જોકે અરસુલાને બરડે પાણી ઉતર્યું, તો પણ ધીરજ ધરી તે નમીને બોલી, "બાનુ હું કાંઈ અહિં કોઇનું નુકસાન કરવા આવી નથી. હું તો મરનાર લૉર્ડ ઓલ્ડકેસલની કબર ઉપર ફકત થોડાંક ફુલ ચહડાવવા આવી હતી."

તે તવંગર સ્ત્રી અરસુલાને માથાંથી પગ સુધી દમામમાંજ ટીકી ટીકી બોલી, "તું કોણ કે લૉર્ડ ઓલ્ડકેસલની ઘોર ઉપર ફુલો ચહડાવવા આવી? તારા જેવીને લૉર્ડ ઓલ્ડકેસલ જેવા ઉમરાવ સાથે શો સંબંધ?"

અરસુલા આ સાંભળતાંજ ગુસ્સાથી લાલચોળ થઈ ગઈ. તેણીએ ઘણું ચાહ્યું કે મરહુમ લૉર્ડ સાથે તેણીને શો સંબંધ હતો તે તેજ પળે ખુલ્લો કરી તે તુમાખી તવંગર સ્ત્રીની સઘળી ધિક્કારભરેલી પતરાજીને બંધ કરી નાખે. પણ નહિ. તે લોહીનો ગોટ ગળી ગઈ. મરહુમ લૉર્ડ ઓલ્ડકેસલ માટે લેડી ઓલ્ડકેસલ કરતાં તેણીને વધુ માન હતું. મરનારની હેયાતીમાં જયારે તેણીએ આ ભરમ ખુલ્લો કરવાનું દરસ્ત જોયું નહિ, તો તે ઉમરાવ ભરથારનાં મોત પછી તે જાહેર કરવામાં હવે શો લાભ? તે ઉમરાવ સાથની છેલ્લી મુલાકાત વેળાએ તેનો આ ભેદ પોતાનાં

અંતઃકરણમાંજ દાટી રાખવાના કસમથી તે બંધાઈ હતી. એજ અને એવાજ બીજા ખ્યાલોથી અરસુલા પોતે કોણ હતી તે જાહેર કરવાથી અટકી.

"બાનુ, હું મરનારને એક ભલા નર તરીકે પિછાનતી આવીછ. ને તેથી હું—"

અરસુલાને આગળ બોલતાં અટકાવી લેડી ઓલ્દકેસલ તંગાર ગુસ્સાથી બોલી, "તારા જેવી એક રખડતી, ભટકતી ઓરત મારા ઉમરાવ ખાવિન્દને પિછાનવાનો દાવો કરે એ તે કેમ કરી કોઈના માનવામાં આવે ? બાઈ, ખોદા ખાતર અહિંથી તું હવે જા, મારૂં સર ના ફેરવ. મેં કોઈ વેળાબી જો કોઈ ગરીબ સાથે વાત કરી મારા વસા ગુમાવ્યા હોય તો તે ફકત આજેજ છે."

અરસુલાનો ચેહેરો જે ગુસ્સાથી લાલચોળ બન્યો હતો તે લેડી ઓલ્દકેસલના ઉપલા બોલોથી ફિક્કો થઈ ગયો. તે સ્ત્રી સેહેલાઇથી અપમાન ખમી જાય તેવી નહિ હતી. તે ધીમા પણ મજબુત અવાજ સાથે બોલી, "બાનુ, હું જોકે ગરીબ છેઉં, પૈસા વિનાની લાચાર છેઉં, મેહેલમાં નહિ પણ સાદી ઝુપડીમાં રેહેનારી છેઉં તોપણ બાનુ હું તમારા જેટલીજ આબરૂદાર છેઉં, બલકે તમો કરતાં વધારે સદગુણી છેઉં. તમોએ જાણવું જોઇએ કે જેમ બધાંજ તવંગરો ભલાં હોતાં નથી, તેમ બધાંજ ગરીબો કાંઇ બુરાં નથી. બાનુ, તવંગરો જયારે પોતાની તવંગરિની તકોબરી અને પૈસાની ગરૂરિ ઉપર મરી રીટેછ, ત્યારે ગરીબો પોતાની હોરમત, ને ઇજત ઉપર જીવેછ."

આટલું બોલી અરસુલા પોતાની સામે ઉભેલી તુમાખી સ્ત્રી ઉપર એક આડી નજર પણ કર્યા વગર તે જગો છોડી ચાલી ગઈ.

"લાગેછ તો ખાધાનાબી વાખા! પણ બાઇને મિજાજ કેટલો છે!" લેડી ઓલ્દકેસલ અરસુલાના જવા પછી ગુસ્સાથી બડબડી.

આણીગમ ગરીબ બીચારી અરસુલા ઉસ્કેરાયલાં દીલ સાથે પોતાનાં મકાને જતાં મન સાથે બોલતી હતી કે "અરે! તે જાણતી નથી કે તેણીના મરનાર ખાવિન્દ સાથે મને શો સંબંધ છે! મરનારે એજ અભણ ને નાકદર ઓરત ખાતર મને તજી દીધી. તવંગરિની તુમાખીમાં મરી રહેલી એ બઇરીને તો મારો ખરો ભેદ કદીબી નહિ કહું. ઓ 'તે આંધળી આંખ!' 'તે આંધળી આંખ!' કદાચ એનોજ ભેદ મારા સાચ્ચા ને પવિત્ર ભરમને ખુલ્લો કરે તો કરે! બાકી મારા હોડથી તે કદી બાહેર આવનાર નથી. મારે મોહડે તો હવે સદાનુંજ ટાળું પડયુંછ."

લાયનનો એકરાર.

અરસુલા પોતાનાં મકાનમાં પાછી ફરી ત્યારે પણ તેણીના ચેહેરા ઉપર ગુસ્સાની નિશાનીઓ આબાદ માલમ પડતી હતી. લાયને જોયું કે તેની માવતર આજે પોતાના હમેશના શાંત સ્વભાવમાં હતી નહિ, અને તેણીને ગુસ્સે થવાનું કાંઇ મોટું કારણ મળેલું હોવું જોઇએ. તે દિવસો થયાં કાંઇ મનમાં અને મનમાંજ પજરિયા કરતી હતી. લાયન તે સઘળું જાણતો હતો પણ તેનો સબબ પોતાની માતાને પુછવાની તેણે હિમ્મત કીધી નહિ. તેણીનો દેખાવજ એવો રોબવાળો હતો કે તે પોતે તેણીનો વાહલો બેટો હોવા છતાં ભલતા સવાલો પુછી તેણીની બેચે-નીમાં સેહેજબી વધારો કરવા તે અચકાતો હતો.

તે સમજી શક્યો નહિ કે લોર્ડ ઓલ્ડકેસલનાં મરણના દિવસથીજ તેની ભલી માતાના સ્વભાવમાં આવો અજબ જેવો ફેરફાર શા માટે થયો હતો. તેની માતા સદાની ગંભીર તો હતીજ, પણ લોર્ડ ઓલ્ડકેસલનાં મોતના દિવસથી તેણીની જાવી ગંભીરતામાં ઘણો વધારો થયો હતો અને તેનો સબબ શું હતો તે તે સમજી શક્યો નહિ. નીલ લાયન માટે ફક્ત એજ કાંઇ એક અજાયબિ હતી નહિ. મરનાર લોર્ડ ઓલ્ડકેસલ પોતાની પાછળ તેને માટે સીલ કીધેલું એક પેકેટ મુકી ગયો હતો અને તેમાં ફક્ત 'પેલી આંધળી આંખ' એટલાજ શબ્દો હતા એ તેની બીજી અજાયબિ હતી, અને તે અજાયબિ કાંઇ જેવી તેવી નહિ હતી. પણ સર્વેથી વધારે અચંબાભરેલું તે જવાનને એ લાગ્યું કે લોર્ડ ઓલ્ડકેસલ જેવો તુમાખી, તવંગર ઉમરાવ એક વખત તેને (લાયનને) નોકરી ઉપરથી બરતરફ કીધા પછી તેની માતા અરસુલાની સમજાવટથી સમજી જઇ તેને પાછો નોકરીએ રાખે! ખરેખર, આ તો એક મોજેજો હતો!

બીજી તરફથી અરસુલા પણ અજાયબિથી જોઇ શકતી હતી કે તેણીના એકપુરા બેટાની આંખોમાં એક જાતની નવી રોશની ચમકી રહી હતી, તેનાં અંતઃકરણમાં નવી આશા સાથે નવો જુસ્સો તેનાં પુર બળમાં ઉછાળા મારી રહ્યો હતો, તેના હસવામાં અજબ મિઠાસ અને અજબ નાજુકાઇ પ્રસરી રહ્યાં હતાં અને તેના દમામદાર દેખાવ અને ખુબસુરતીમાં અણહદ વધારો થવા પામ્યો હતો. આ ફેરફાર શા કારણને લીધે હતો તે જાણી લેતાં તે બાહોશ બાનુને ઝાઝી મુશકેલી પડી નહિ. આવીજ રીતે મરનાર લોર્ડ ઓલ્ડકેસલ તેણીની ઉપર મોહિત થયો હતો. તે વેળાના મરનારના અને તેના બેટાના હાલના દેખાવ વચ્ચે તેણીએ કાંઇ અજબ સરખું મલતાપણું જોયું. પોતાના બેટાને પ્યારમાં પડેલો જોઇ અરસુલાને પોતાની જવાનીના દિવસો બેવડાં જોશ સહિત યાદ આવ્યા, કે જયારે તે બાનુ મરનાર લોર્ડ ઓલ્ડકેસલ ઉપર અને લોર્ડ ઓલ્ડકેસલ તેણી ઉપર જીવજાનથી ફિદા હતાં.

"માયજી," નીલ લાયન પોતાની માતાને એક તોફાની રાતે ગંભીર બેઠેલી જોઇ તેણીની સોડે જઇ બોલ્યો, "માયજી, હું એક સવાલ આજે તમોને પુછવા માંગુછ. એ સવાલ પુછવાને મેં હજારો વખત ચાહ્યું પણ અત્યાર સુધી હું તેમ કરવાની હિમ્મત કરી શક્યો નહિ, કેમકે મારા તે સવાલથી કદાચ તમારૂં દિલ દુઃખાય. પણ હવે મારી તે જીજ્ઞાસા ઘણો વાર દાબી શકતો નથી. માતા, મરનાર લોર્ડ ઓલ્ડકેસલ પોતાની પાછળ જે સંદેસો મુકી ગયાછ ને જેમાં માત્ર 'પેલી આંધળી આંખ' એવા ફક્ત ત્રણ શબ્દોજ લખેલા છે, તે બનાવ જેટલો મારે માટે ભેદી છે, તેટલો મને લાગેછ કે તમારા પોતાને માટે નથી."

અરસુલા આ શબ્દોથી ચોંકી. પોતાની માતાને ચોંકતી જોઇ લાયન બોલ્યો, "માયજી, તમે ચોંકોછ! તમે ધ્રુજોછ! તમોને એ મુજબ બેચેનીમાં નાખવાને માટે હું દલગીર છું, અને તમારી માફી ચાહુંછ. પણ શું મને આ સવાલ પુછવાનો હક નથી?"

"દીકરા, તું મને શું કહેવા માંગેછ? તું મારી સોડેથી શું જાણવા માંગેછ?" અરસુલાએ શાંતપણે, પણ પોતાના બેટાના સવાલથી લગાર કચવાઇને મક્કમ અવાજે કહ્યું.

લાયન ઉસ્કેરાયલી ઢબમાં બોલ્યો, "માતા, જેટલો ભેદ તમે જાણોછ તેટલોજ ભેદ જાણવાને હું પણ ઇતેજાર છેઉં. જે સિહા, ગમખાર બનાવે તમોને બેચેન

બનાવી દીધાંછ તે બનાવથી જાણીતો થવાને શું મને હક નથી? માતા તરફની એક સપુતની ફરજ બજાવવાને શું હું બંધાયલો નથી? માતાના ગમમાં તેણીના બેટાનો હીસ્સો નહિ હોય તો બોલો, માતાજી, તે બેટાનું જીવતર શા કામનું? માતા! આ દુનિયામાં તમારા સિવાય મારૂં કોણ બીજું વાહલું છે? મારી ફરજ તમોને સુખ ચેનમાં રાખી આરામ બક્ષવાની છે. માતા જેવો બીજો મિઠો મેવો મને કયાં મલવાનો છે?"

"બેટા, મને આ બાબદ વિષે તું કાંઇબી ના પુછ, ખુદા ખાતર એ સવાલ પુછવાથી તું પાછો હઠ!" અરસુલા વધુ અને વધુ ગુંગળાતા સાદે બોલી, "ખરૂં છે કે મારી જીંદગી સાથે એક ઘણો ઉંડો ભરમ જોડાયલો છે, અને તે મરનાર લોર્ડ ઓલ્ડકેસલ સાથે સંબંધ રાખેછ, એ પણ ખરૂં છે. પણ તે ભેદ હું હમણાં ખોલી શકતી નથી, મારી જબાન તે બોલી શકતી નથી. જે ત્રણ હર્ફોનો ભેદ જાણવાને તું લાઇલાજ છે તેવીજ રીતના મારાબી હાલ છે. મેં ઘણુંબી ચાહ્યું કે 'પેલી આંધળી આંખ'નો ભેદ હું ઉકલાવી શકું, અને મારી નજર આગળથી કોઇ જાદુઇ કરામતના જોરથી તેનો પરદો ખુલ્લો કરી શકું, પણ હજી તેમ થયું નથી. હું તે ભેદ શોધી કહાડવાને મારાથી બનતું કરૂંછ ને અગરજો કોઇ ખુદાઇ મોજેજાથી હું તેમાં ફતેહ પામશ તો હું તેના અર્થથી અને બીજા ભેદથી તુને જરૂર જાણીતો કરશ, દીકરા. પણ હાલમાં મારો તે ભેદ જાણવાની તું ખુદા ખાતર બોહોંશ કરતોજ ના."

પોતાની માતાના આવા ઠરાવભર્યા જવાબથી લાયન આજેઝ બની ગયો. માતાના હુકમને કોઇ પણ રીતે તાબે થવાની તેની ફરજ હતી. તે કરગરી બોલ્યો, "માયજી! ખુદા ખાતર મને એટલોજ જવાબ આપો કે જે ભેદ તમારી જીંદગી સાથે વિંટલાયલો છે તે ભેદમાં પણ હું સંદોવાયલો છઉં કે નહિ. અગરજો તેમ હોય તો તે માટે મને શરમાવાનું છે કે મગરૂર થવાનું?"

"બેટા! આ સવાલ પુછવામાં કાંઈ તારી નેમ છે કે તારાં મનનો ફકત ઘખારો છે?" અરસુલાએ પોતાનાં વાહલાં ફરજંદના ચેહેરા તરફ ધારી ધારીને જોવા પછી સવાલ કીધો.

નીલ લાયન જવાબ આપતાં અચકયો. તેના ખુબસુરત ચેહેરા ઉપર શરમનો રતાશ ફરી વલ્યો. તેણે છેવટે ઘણીજ આનાકાનીથી જવાબ દીધો, "નેમ પુછોછ, મારી વાહલી માતા? શું બોલું? જબાન કેમ ખોલું? તે નેમને કયાં એજમતી નામથી પોકારૂં? માતા! મારી તે નેમ મારી બાકીની જીંદગી, કહો કે મારા પોતાના વાહલા જાન સાથે તાલુકો રાખેછ. મારાં મોત જીવતનો આધાર મારા એજ સવાલના તમારા જવાબ ઉપર લટકેલો છે. માતા! હું મીસ રેનને ચાહુંછ. હું તે ખુબસુરતીની રાણી ઉપર તનોજાન મોહિત પડયોછ. હું જાણુંછ કે મીસ રેન (એદેલીન) ને ચાહવામાં આસમાનને હાથ લગાડવાની મેં દીવાની કોશેશ કીધીછ, પણ મા, મને એટલુંજ કહો કે તમારો તે ભેદ એવો તો નથી કે જેથી તમારો બેટો તે સુંદરીની નજરમાં તેણીના અજીત હાથ માટે નાલાયક બને, યા તેને તે હુરી આગળ શરમાવું પડે?"

"બેટા, શું તું મરનાર કરનલ રેનની બેટી એદેલીન સાથ પ્યારમાં પડયોછ? તું, તું કે જે તે તાલેવંત ને ખુબસુરત દિલકશ હુરીનો નોકર તે શું ઘડીભર પણ પોતાની શેઠાણીને ચાહવાની હિમ્મત કરી શકે? બેટા, યાદ રાખજે કે આપણી

શક્તિ ઉપરાંતનો લોભ કરવામાં પણ પાપનો બોજ આપણી ગરદન ઉપર ચહડતો રેહેછે. તવંગરનો મેહલ જોઈ ગરીબ પોતાની ઝુંપડી બાળી નાખે તો તેમાં એક એવું હેમાકાતપણું સમાયલું છે, કે જે ખોદા કદી પણ માફ કરતો નથી. બેટા, તું એક નોકર કયાં? તે એક શાહજાદી જેવી તારી શેઠાણી કયાં? લાયન, આસમાનને હાથ લગાડવાની મુર્ખાઈ કરવી ને એદેલીનને તારી પરણેતર બનાવવાની ઉમેદ ધરાવવી એ બંને યકશાન છે.”

નીલ લાયને શરમથી પોતાનું માથું નીચું કરી નાખ્યું.

“માતા! હું ઓલ્દકેસલની તે રાણી ઉપર દીવાનો બન્યોછ. એ બીનાથી આપણ બે અને તે ખુદા સિવાય બીજાનું કોઇ વાકેફ નથી, ને હું કોઇને તે જણાવવા પણ માંગતો નથી. હું જાણુંછ ને માનુંછ કે એદેલીનને ચાહવામાં માત્ર હું એક સ્વપ્નો જોઉંછ. પણ તે માટે હું પોતાને ઠપકો આપતો નથી. હું—”

હજી તો લાયન પોતાનો વાકય પુરો કરે તે આગમચ ઓરડાનું બારણું હળવેથી ઠોકાયું. બંને મા દીકરા અજબ થઈ એકબીજાનું મોહડું જોવા લાગ્યાં, કેમકે વખત એટલો બધો તો પસાર થઇ ગયો હતો અને બાહર હવા એટલી બધી તો તોફાની હતી કે તેવા સમયે તેમનાં મકાનમાં કોઈ આવી ચહડે એમ ઘડીભર પણ માનવામાં આવે નહિ.

નીલ લાયને દરવાજો ખોલ્યો. તેણે જોયું કે બાહર બરફનું તોફાન મોટાં પ્રમાણમાં વધી ગયું હતું. બારણું ઉઘડતાંજ તોફાનનો એક જબરો સુસવાટો ઓરડામાં દાખલ થયો અને તેની સાથે કમનસીબ રોઝામન્દ પોતાના વાહલા બેટા દેવીને કેડ ઉપર લઈ રડમસ જેવી દાખલ થઈ. તેણીનો ચેહરો ઘણોજ ફિક્કો મારી ગયો હતો. તે ચેહેરો જોતાંજ લાયન ઘભરાઈ ગયો. તે દુઃખી સ્ત્રી થાક અને ઘભરાટથી એટલી બધી તો આજેઝ બની ગઇ હતી કે તે બેભાન થઈ જમીન ઉપર ઓચ તુટી પડશે એમ લાયનને લાગ્યું. અને તેમજ થયું. તે કમનસીબ સ્ત્રી પોતાના બેટાને કેડ ઉપર લઇ દાખલ થઈ તો ખરી, પણ બીજીજ પળે લાયન તેણીને પકડી લે તે આગમચ તે બેભાન થઇ જમીન ઉપર તુટી પડી. સારાં ભાગ્યે નિર્દોષ દેવીનો એક વાળ પણ વાંકો થયો હતો નહિ. રોઝામન્દના તુટી પડવાના અવાજથી ઘભરાઈ અરસુલા પણ અંદરના ઓરડામાંથી ત્યાં દોડી આવી.

નીલ લાયનપર પડતાં સંકટની શરૂઆત.

ગયાં પ્રકરણમાં બનેલા બનાવને બીજે દિવસે બરફનું તોફાન શાન્ત પડી ગયું હતું. રૂડેલી ખુદરત સમી જવા પામી હતી અને દિવસ જેવો જોઇએ તેવો ખુશનુમા બન્યો હતો. રોઝામન્દ ફ્લોયના બાપ રોજર ઢીપીંગનાં ભેદભર્યાં ખુનની ચર્ચા આખાં ઓલ્દકેસલમાં મોટાં જોશ સાથે ચાલી રહી હતી. તે કેમે કરી નરમ પડવા પામી હતી નહિ, બલ્કે દર દિવસ તે વધતીજ રહી હતી. તે દારૂડિયા બુઢાના કોઇ નહિ જણાયલા હિચકારા, બદમાશ ખુની તરફ લોકો ઘણાં ઉશ્કેરાઇ ગયાં હતાં. તેમની સંપુર્ણ દિલસોજી કમનસીબ રોઝામન્દ તરફ મોટાં પ્રમાણમાં ઢળવા પામી હતી.

સર્વેથી વધુ એદેલીનને લાગતું હતું. તે સુંદરી તે કમબખ્ત સ્ત્રીને તેણીની હાડમારી વચ્ચે કાંઈક અજબ વાહલથી ચાહતાં શીખી હતી. જયારે તેણીએ જાણ્યું કે રોઝામન્દે નીલ લાયનનાં ઘરમાં જઇ આશ્રો લીધો હતો ત્યારેજ તેણીને કાંઇક સધિયારો મળ્યો હતો. તે એકદમ પોતાની બેઠક ઉપરથી ઉઠી. પોતાની દાસી સીસલીને બોલાવી ગાડી જોડાવાનો હુકમ કીધો અને તે આવે તેટલાં બોલ બોલતાંમાં બાહર જવાનો પોશાક પોતાનાં ખુબસુરત તન ઉપર સજી લઈ પોતાની સુંદર જોડીની ગાડીમાં તેણીએ બેઠક લીધી, અને કોચમેનને નીલ લાયનનાં મકાન તરફ હંકારવાનો હુકમ કીધો.

એદેલીન અરસુલા આગળ જઈ પુગી ત્યારે નીલ લાયન પોતાની નોકરીએથી પાછો ફર્યો હતો નહિ.

"રોઝામન્દ ફલોય ઉપર આવી પડેલા આ અચબુચ ફટકાથી તે દુઃખી સ્ત્રી તો છેકજ આજેઝ થઈ ગઈ હશે," કેટલીક વાતચિત કીધા પછી એદેલીને અરસુલાને કહ્યું.

પણ અરસુલાનું ધક ધ્યાન એદેલીનની વાતચિત ઉપર બિલકુલ હતુંજ નહિ. તે તો કોઈ જુદાજ ખ્યાલોમાં મશગુલ બની હતી. તેણીએ પોતાની સામે એદેલીનને એક ગોલાબની પેઠે ખીલેલી જોઇ. ખરેખર, પોતાની સામે બેઠેલી સુંદરીનું દિલ ખેંચનારૂં હોસન જોઈ તેણી ઘણીજ ખુશ થઈ, અને એક રાજકરતી રાણીની તરેહ તેણીને નિહાળી તે મગરૂર થઈ. તે મગરૂર એટલાં માટે થઈ કે એ ખીલતી કળી, એ નવજવાન પરી, જોબનના ચમનની એ ગુલછરી ઉપર તેણીનો પોતાનો એકપુરો બેટો મોહિત પડયો હતો. તે સ્ત્રી વધુ મગરૂર એટલાં માટે થઇ કે ખુબસુરતીની તે રાણી પણ લાયનને કાંઇ અજબ વાહલથી ચાહતાં શીખી હતી એમ તેણીએ એક અનુભવી સ્ત્રીની તિક્ષણ નજરથી પિછાણી લીધું. બીજીજ પળે અરસુલાનો ચેહેરો ફિક્કો પડી ગયો, જેનો સબબ પોતાના બેટા અને એદેલીનની સંસારી સ્થિતિ વચેનો અંતર હતો, અને જે અંતર કાંઈ નાનો સુનો નહિ હતો, કાંઇ નજીવો યા નબળો નહિ હતો. તેણીએ અનેક વાર પોતાના બેટાને જણાવ્યું હતું તેમ લાયન ગોયા આસમાનને હાથ લગાડવા માંગતો હતો. તે જમાનાની ખાધેલ સ્ત્રી પુર ભરોસા સાથે માનતી હતી કે સંસારી તફાવતનાં લગ્નો કદી પણ સુખી નિવડતાં હતાં નહિ. એ પ્રકારનાં લગ્નોમાં મુશકેલી બલ્કે આફત હોરી લેવા જેવું થઈ પડે છે. તેણીને લાગ્યું કે પૃથ્વીથી જેટલો સુર્ય દુર હતો તેટલો તફાવત લાયન અને એદેલીનની સંસારી સ્થિતિ વચ્ચે હસ્તી ભોગવતો હતો. હવે ત્યારે લાયનને સુખી થવાની ઉમેદ તે કેમ ધરાવી શકે?

જયારે એદેલીન રોઝામન્દ સાથે પેહલા મજલાના ઓરડામાં એલારપેલારની વાતોમાં રોકાયલી હતી ત્યારે અરસુલા તેઓને ધ્યાનથી સાંભળવાના ઢોંગ કરતી ઉપલા ખ્યાલોમાં ચકચુર બની હતી.

આ પળે બાહરનો દરવાજો ઠોકાયો અને નીલ લાયનને નોકરી ઉપરથી આવેલો જાણી તેની માતા બારણું ખોલવા નીચે ઉતરી પડી.

"રોઝામન્દ, તું તને પેદા કરનાર તારા દયાળુ ખુદા ઉપર એતબાર રાખ. તેજ તારા ખાવિન્દને સારો રસ્તો દેખાડશે ને તે તને દુનિયાનાં લોકો આગળ પોતાની પરણેતર તરીકે જાહેરમાં લાવશે. રોઝામન્દ, તેટલો વખત મારી મદદની તને—"

"ઓ એદેલીન! તમારી, બાનુ અરસુલા અને નીલ લાયનની મદદ અગર મને નહિ હતે તો, તમો શું એમ ધારોછ કે હું હમણાં સુધી જીવતી રહેવા પામતે?

તમો બાનુએ તો મારા રાહબર ફરેસ્તાનીજ જગા રાખીછ. બોલો બાનુ, હું તે એહેસાનનો બદલો કેમ વાળશ ?"

નીલ લાયન આ પળે દાખલ થયો. તે પોતાનાં સાદાં વસ્ત્રોમાં સજ થયલો હતો, છતાં એદેલીનને લાગ્યું કે તેવા અતિ સાદા પોશાકમાં પણ તે એક શેહેનશાહ જેવો દમામદાર લાગતો હતો. એદેલીન જેવી ખુબસુરતીની રાણીને પોતાનાં ગરીબડાં મકાનમાં જોવાથી તેની ખુશાલીનો પાર રહ્યો નહિ.

રોઝામન્ડ સાંભળવા પામે નહિ તેમ એદેલીને હળવેથી લાયનને પુછયું, "મીં૦ લાયન, ખુનીના સંબંધમાં કંઈ નવી બીના બાહેર આવવા પામીછ કે? મેં તો મારી દાસી સીસલી તરફથી સાંભળ્યુંછ કે પોલીસને ખુની માટે બાતમી મલીછ ને આજકાલ પોલીસ તે બદમાશને ગિરફતાર કરનાર છે. તે ચંડાળ ખુની પોતાનાં મન સાથે તો એમજ મલકાતો હશે કે તે પોલીસના પંજામાંથી છેવટનો છટકી ગયોછ, પણ તે કમબખ્તને થોડીજ ખબર છે કે કાયદાનો મજબુત પંજો તેની ગરદન ઉપર એકાએક આવી પડવાનો.

પણ તુરતજ એદેલીન આગળ બોલતાં ચમકી. તેણીએ બાહેર કાંઈ અસાધારણ ગડબડ થતી સાંભળી. લાયન એદેલીન સાથની વાતમાં એટલો બધો તો લીન થઇ ગયો હતો કે તે અસાધારણ ગડબડ સાંભળવાને ગોયા તેના કાન સુન મારી ગયા હતા. તેને મનથી તેની આખી દુનિયા ફકત એદેલીનના ચેહેરામાંજ અને તેની હાજરીમાંજ સમાઇ રહી હતી.

તે એકી ટગરે ખુબસુરતીની તે રાણીની આંખોમાં જોઇ રહ્યો હતો. તેની આંખો ચપળ બની હતી, જયારે ફકત એદેલીનનાં મિઠાં મધુર વેણો સાંભળવા સિવાય તેના બંને કાનો બેહેર મારી ગયા હતા. પણ એદેલીનના કાનો બાહરની ગડબડ તરફ ચોંટી રહ્યા હતા. તે સુંદરી ફરીથી ચોંકી. ઘભરાટ તેના ચેહેરા ઉપર લાયને આબાદ જોયો. આ ઘભરાટનો સબબ પુછવાને તેને અવકાશ મળે તે આગમચ તેની માતા અરસુલા અસાધારણ ઘભરાટમાં દાખલ થઇ. તેની સર્વે હીલચાલ અને ચેનચાળા એક દીવાની બાવરી સ્ત્રીના જેવા હતા. તેણીને પોતાની આસપાસ જોયા વિના બેભાન જેવી દોડી આવતી જોઇ લાયન અને એદેલીન બંને ઘભરાયાં. એદેલીનને લાગ્યું કે કાંઇ મહા બુરૂં થયું હતું.

"શું છે મારી વાહલી માતા, મને જલદી કહી દો કે તમારા આ બધા ઘભરાટનો સબબ શું છે?" લાયન પોતાની માતાને ઘભરાટમાં જોઇ બોલી ઉઠયો.

અરસુલા પોતાને કશું સુજ પડતું નહિ હોય એવી રીતે બેઅખત્યાર બની પોકારી ઉઠી, "લાયન, મારા વાહલા બેટા લાયન, આપણું સત્યાનાશ વળ્યું ! આપણી અધુરી ખરાબી હતી તે હવે પુરી થઇ ! અરે ! હું મુઇ ! મારૂં જીવતર જ બળ્યું !"

પોતાની માતાને આ મુજબ દીવાની બાવરી બનેલી જોઇ લાયન પોકારી બોલ્યો, "પણ માયજી કેહો તો ખરાં કે એ શું બીના છે? બોલો, ખુદા ખાતર બોલો, એ શું બન્યુંછ, તમારા ઘભરાટનો સબબ શું છે?"

"ઓ બેટા ! મારા જાન કરતાં વાહલા બેટા, મને શું પુછેછ, દીકરા ! મારા ઘભરાટનો સબબ તુને હું શું કહું? લે તું જાણવાજ ચાહેછ તો હવે કહી દેઉંછ કે મારા ઘભરાટનો સબબ તું પોતેજ છે." આટલું બોલી દિગમુઢ જેવી ઉભેલી એદેલીન તરફ ફરી તે સ્ત્રી બોલી, "ઓ એદેલીન ! એદેલીન ! ખુદા ખાતર, મારા

એકના એક બેટાને બચાવી લે! તે જુલમગારોના હાથમાં જતાં મારા બેટાને અટકાવ! બચાવ! બચાવ! એદેલીન, અગરજો તું મારા બેટાને ચાહતી હોય તો બચાવ! ખુદા ખાતર તેને બચાવ ને એક કમનસીબ, કમબખ્ત, અભાગણી વિધવાનાં ખરાં અંતઃકરણના આશીશ લે."

"પણ અરસુલા, ખુદા ખાતર ખુલાસો તો કરો કે આપણી ઉપર શું આફત આવી પડીછ?" એદેલીન બોલી.

આ વેળા ઓરડાનો દરવાજો જોશમાં ઠોકાયો.

"એદેલીન! મારા બેટાને પોલીસ પકડવા આવીછ," અરસુલાએ ડચકાંથી ગુંગળાતી છાતીએ જેમ તેમ ખુલાસો કીધો. હવેજ લાયનને પોતાની માતાના ધભરાટનો ખરેખરો ખ્યાલ આવવા પામ્યો. એદેલીન તરફની મોહબતની બેભાનીમાંથી જાણે હમણાંજ તે જાગૃત થયો હોય તેમ તેણે ઉસ્કેરાઈ જઈ પુછયું, "માતા, તમે શું બોલોછ? પોલીસને મારી પુઠ પકડવાનો કંઈ સબબ?"

"સબબ પુછેછ બેટા? અરે! તે ચંડાળો કેહેછ કે રોજર દીપીંગનો ખુની તું છે. તેઓની તરકટી જીભલીઓ એમ બોલેછ કે એ બુઢાનું ખુન તેં કીધુંછ!"

"માયજી, ખુન! રોજર દીપીંગનો હું ખુની! એ શું બકોછ? કોણ બદમાશ મારી ઉપર આ સિહા આરોપ મુકવાની હિમ્મત કરેછ? લાવો તેને મારી સામે, કે આ ઘડીએજ તેની જીભ તેનાં મોહમાંથી હું બાહેર ખેંચી કાહડું. માતા, એદેલીન, હું બિલકુલ બેગુનાહ છું. જેવી રીતે તમો બંને મેહેરબાનોના હાથો રોજર દીપીંગનું ખુન કરવાથી બેગુનાહ છે, તેવીજ રીતે મારા આ બંને હાથો તેનું લોહી રેડવાથી પાક છે. માતા, બોલો, પોલીસ કયાં છે? હું તેની સાથે જવા તૈયાર છેઉં."

"નહિ! બેટા નહિ! તું નાહસ! પેલી સામી બારી વાટેથી નાહસ! પોલીસના ચંડાળોને મેં સમજાવીને નીચે બેસાડયાછ, તેટલાં તારો જાન બચાવી અહિંથી નિકળી જા! નાહસ! લાયન નાહસ! ખુદા ખાતર નાહસ! તેજ ખોદા તારો નિગેહબાન થશે!"

અરસુલાના આવા સખુનોથી અજબ થઈ એદેલીને તેણી તરફ જોયું, જાણે એવું બતાવવા કે તેણીની આ સુચના સદનતર મુર્ખાઈભરી હતી, પાપભરી હતી.

"નહિ, માતા, કદી નહિ! મેં શું ગુનાહ કીધોછ કે એવું હિચકારૂં પગલું હું ભરૂં? ગમે તે થશે, હું બેગુનાહ છતાં અગર ફાંસીને માંચડે પણ ચહડશ, તોપણ આવી રીતે હિચકારો બની મારો જાન બચાવવા નાહસી જવાનો વિચાર તો હું કદી કરશજ નહિ. માયજી! તમે મને એ શું સલાહ આપોછ? શું હું નાહસીને બિનગુનેહગાર છતાં ગુનેહગારમાં ખપું? નહિ ખુની છતાં ખુનીનું આળ મારાં કપાળે ચહડાઉં? માતા, અગરજો મારૂં અંતઃકરણ સાફ છે, પાક છે, મારા હાથો રોજર દીપીંગનાં લોહિથી ખરડાયલા નથી તો પોલીસથી તો શું પણ મારા પેદા કરનાર સાહેબથી પણ હું બીહતો નથી."

લાયનના આ સખુનોથી એદેલીન તદન સંતોષ પામી, અને જોકે ખુન સરખા ગંભીર ગુનાહનો લાયન કદી તકસીરવાર હોય એમ તેણી માનતી હતીજ નહિ, તોપણ આવા આફતના સમયે પણ આવી મરદાનગીભરી ચાલ તેને ચલાવતાં જોઈ તેણીએ લાયન તરફ પોતાનું મોહડું મલકાવ્યું, અને મગરૂરીથી હસી.

એક મોટા ધડાકા સમેત તે ઓરડાનું બારણું હવે ઉઘડી ગયું અને પોલીસનો એક સારજંટ અને એક કોન્સતેબલ તે ઓરડામાં દાખલ થયા.

તે સારજંટ એદેલીનને તરતજ ઓળખી નમીને બોલ્યો, "મી૰ લાયન, હું ઘણો દલગીર છું કે તમોને પકડવાને મારી પાસે વોરંટ છે. હું ઉમેદ રાખુંછ કે—"

"પણ મને પકડવાનો કંઈ સબબ! મેં શું ગુનાહ કીધોછ? હું તો બિલકુલ નિર્દોષ છેઉં."

સારજંટે સમજાવ્યું, "મી૰ લાયન, તમારી ઉપર રોજર દીપીંગનું ખુન કરવાનો જબુન આરોપ મુકવામાં આવ્યોછ."

"સદનતર ગલત! જે રાતે રોજર દીપીંગનું ખુન થયલું ધારવામાં આવેછ તે રાતે તો હું મીસ એદેલીન—"

લાયન વધુ આગળ બોલી શકયો નહિ. આટલું પણ વગર વિચારે ભરડી દેવા માટે તેણે પોતાની જીભ ગુસ્સાથી કરડી. તેને તરતજ ભાન આવ્યું કે તે રાતે અને તે જંગલમાં એદેલીન સાથે તેને છુપી મુલાકાત થવા પામી હતી એ ખબર બાહેર લાવવાથી તે એદેલીનનાં માનવંત નામને કેવો કલંક લગાડશે. આવા વિચારથીજ તે આગળ બોલતો એકદમ અટકયો.

"હું તૈયાર છું, મને તમારે ગમે ત્યાં લઈ જાવો, હું હાજર છું." આટલું બોલી નીલ લાયન જેવો પોતાનો હાથ સારજંટના હાથમાં મુકવા જતો હતો તેટલાંમાં એદેલીન તેને તેમ કરતાં અટકાવી બોલી, "સબર, લાયન, તું તારો હાથ એ લોકોના હાથમાં આપે તે આગમચ મારે તને પકડવાનું વોરંટ જોવું છે." આટલું બોલી તે બાનુ પેલા સારજંટ તરફ ફરી બોલી, "તમે લાયનને તમારો કેદી બનાવો તે પેહલાં એને પકડવાનું વોરંટ મને દેખાડશો? હું ધારૂંછ કે આ બાબદમાં કાંઇબી ભુલ છે. મને તે જોવાનો દરેક હક છે. કેમકે હું લાયનને ચાહુંછ અને એક દિવસ એવો આવશે કે હું એને પરણીને મારો ભરથાર બનાવશ."

એદેલીનના આ જુસ્સાદાર સખુનોથી ત્યાં ઉભેલાંઓમાં ઘણી અજાયબિ ફેલાઇ. નીલ લાયન એક ખુની બંધવાની હાલતમાં હોવા છતાં તેણે એદેલીનને ઉપલા બોલો બોલતાં સાંભળી પોતાના બંને હાથો આસમાન તરફ ઉંચા કીધા અને પોતાનાં મન સાથે બોલ્યો:—

"શુક્ર! શુક્ર! તે ખુદાના હજારો હજાર શુક્ર! અરે! મારી આફતમાંબી આ કેટલી મોટી ખુશાલી!"

આટલું બોલી તેણે પોતાનો હાથ પેલા સારજંટના હાથમાં મેજયો. લાયને પોતાની પેહલી નજર એદેલીન તરફ ફેંકી. તેણીની આંખોમાં આંસુઓ ભરાઇ આવ્યાં હતાં. બીજી નજર તેણે પોતાની માવતર તરફ ફેંકી. તે દુ:ખી સ્ત્રી પોતાની ઉપરની આ નવી આફતથી તદન બેબાખરી જેવી બની ગઈ હતી. તે ડચકાંથી ગુંગળાતી છાતીએ બોલવા જતી હતી, પણ તેણીથી એક હરફ પણ બોલી શકાયો નહિ. તે પછી તેણે હેબતથી અરધી દીવાની બનેલી રોઝામન્દ તરફ જોયું. તેણીની આંખોમાંથી નવધાર આંસુઓ વહેતાં હતાં. તે પોતાને નીલ લાયન ઉપરની સઘળી આફતનું મુળ સમજતી હતી. બીજાંઓની ગંભીર ચુપકીદી અને અરસુલા અને રોઝામન્દનાં ડચકાં વચે નીલ લાયન પોતાનાં સર ઉપર લટકતાં એક ખુની હોવાનાં આળ સાથે પોતાનું મકાન પોલીસ સારજંટ સાથે છોડી ગયો.

શેઠ અને વાણોતર.

આખાં ઓલ્ડકેસલ શેહેરમાં વિજળીક વેગે વાત ફેલાઈ ગઈ કે એદેલીન જેવી પરીસુરત અને માલેતોજાર શેઠાણીએ પોતાનીજ નોકરી માંહેલા એક કામદાર નીલ લાયનને ચાહવાનો એકરાર ખુલ્લી રીતે કીધો હતો. ઓલ્ડકેસલની શેહેર-શોભીત રાણી એક કમીના નોકરને ચાહવાનો આ મુજબ જાહેરમાં એકરાર કરે અને તે પણ વળી તેનાં માથાં ઉપર ખુન જેવા એક અતિ ગંભીર આરોપનું સિહા વાદળ ઘેરાયલું હોય તે વખતેજ કરે, એ બિના સઘળાંઓને અચંબામાં ગરકાવ કરનારી હતી. આવી ઉચી કિસમની અને દુનિયાઈ લાલચના કશા પણ ભેળ વિનાની પાક મોહબત આ જુઠા સંસારમાં કદાચજ જોવામાં આવે છે. આવી જાતનો દિલ ઉસ્કેરનારો પ્યાર નાટક તખ્તા ઉપર યા કિસ્સા કાહાણીમાંજ દેખાવ આપે છે; બાકી ખરી જીંદગીમાં તો એવા અખંડ અને પાકીજેહ પ્યારની નવાઈજ હોય છે. આજે તો એદેલીન જેવી બલ્કે તેથી ઘણી ઉતરતી સ્થિતિની ઓરતો ખુનના આરોપવાળા ગરીબને તો શું પણ નિર્દોષ, નિમકહલાલ, નેકી નીતિના નમુના સરીખા એક સાચ્ચા પણ પૈસા વિનાના પોતાના હાથના ઉમેદવાર તરફ ઝાંખીને નજર કરવાની વટીક પરવા કરતી નથી; કેમકે તેની એબ ગરીબાઈ છે, તેની બદસુરતી ગરીબાઈ છે અને તેની બિનલાયકાત ગરીબાઈ છે, જયારે તવંગરિ સઘળી ખામીઓની ગોયા ઢાલ છે, સઘળી અનીતિ અને સઘળા ગુનાહોનું ઢાંકણ છે. આઠલા માટે એદેલીનના સાચ્ચા પ્યારની વાહવા પોકારનારો અને તેણીનાં કામને શાબાશીના સખુનોથી વધાવી લેનારો ગરીબ વર્ગજ હતો, જયારે તુમાખી તવંગરોએ, તેઓને મનસે એદેલીનની ગણાતી આવી બેઅદબી તથા બેઅંદાજી તરફ પોતાનાં નસકોરાં વલ્લાં કીધાં હતાં, અને તેણીના સાચ્ચા, પ્રમાણીક, પાકીજેહ પ્યારને દીવાનાપણાંની ઉપમા આપી હસી કાહડયો હતો, ક્ષણભંગુર લેખ્યો હતો.

જયારે જુલિયન અને લેડી ઓલ્ડકેસલે એદેલીનની આ 'દીવાની' લેખાતી મોહબતની વાત સાંભળી ત્યારે તેઓએ એમજ માની લીધું હતું કે તે કમઅક્કલ નાદાને આખી દુનિયાના તાલેવંત વર્ગને નામોશીમાં ગર્ક કીધો હતો.

ગરીબાઈ! ગરીબાઈ! તુને હિણાવાની હદ તે કયાં છે? તારા કેહેવાતા ગુનાહોની સીમા કયાં છે?

જે દિવસે બાર ડાહ્યા માણસોની કોરોનરની જુરી સનમુખ લાયનને રોજર દીપીંગના ખુની તરીકે ઉભો કરવામાં આવનાર હતો તે દિવસે જુલિયન પોતાના ખાનગી ઓરડામાં એક કાગળ વાંચતો બેઠો હતો. આપણે તેને છેલ્લે જોયો તે કરતાં હાલ તેના ચેહેરામાં કાંઈક સુધારો થયલો માલમ પડતો હતો, જેનો સબબ આપણને દુર શોધવા જવો પડે એમ નથી. તેના પ્યારમાં હરીફ થઈ પડેલો 'પેલો કંગાળ નીલ લાયન' ખુનના આરોપ માટે સપડાયો હતો અને ફાંસી જવા વિના તેનો છુટક નહિ હતો, જેથી જુલિયનના પ્યારનો રસ્તો જે હમણાં સુધી ઠેકાં ઢરિયાંવાળો અને ખરબચડો હતો તે આ બનાવથી હવે બિલકુલ સાફ અને સુંવાળો બન્યો હતો, મુશ્કેલીથી નિરાળો બન્યો હતો.

જ્યારેબી જુલિયન પોતાના ખાનગી ઓરડામાં કાંઈ કાગળ વાંચવા બેસ્તો હતો ત્યારે તેનો હિન્દી નોકર ગંગાદાસ સારી પેઠે સમજતો હતો કે તે કાગળ કેવી કિસમનું હતું.

જુલિયનના હાથમાંનું તે કાગળ કમનસીબ રોઝામન્દે લખેલું હતું, જેમાં તેણીએ જુલિયન સાથનાં પોતાનાં લગ્નના કેહેવાતા મરણ પામેલા સાક્ષિને લગતી ખબર જણાવી હતી. જુલિયન તેને દરિયામાં ગર્ક ગયલો માનતો હતો, પણ રોઝામન્દને મળેલી ખબર મુજબ તે દરિયામાં ડુબતો બચી જવા પામ્યો હતો. અલબતાં, આ ખબર જુલિયન માટે ઘણી અણગમતી તથા શોકાતુર હતી. આ કાગળ વાંચ્યા પછી તે હાથ પગ અફાળી બોલ્યો, "ચંડાળ, તું પેલા બદમાશ નીલ લાયનની કુમક ઉપર કુદેછની? પણ જાણ કે તે શેહતાનને—"

આ પળે તરતજ મોટેથી હસવાનો કઠોર અવાજ જુલિયનના કાને પડયો. શરૂઆતમાં તો તે આ બેઅદબીથી એટલો બધો તો ચીરડાઈ ગયો કે આવી રીતે હસનાર ધણી અગર તેની સામે ઉભો હતે તો તેનો ટોટો પીસવાને તે કાંઈ વિલંબ લગાડતે નહિ. પણ બીજીજ પળે કાંઈક યાદ આવી જવાથી તે લોહીનો ગોટ ગળી ગયો; કેમકે તેણે નકી માની લીધું કે ગંગાદાસ સીવાય આવી નાલાયક ચાલ ચલાવવાની કોઈબી બીજો ધણી કદી હિમ્મત કરેજ નહિ અને તેમજ હતું. તરતજ ગંગાદાસ હસ્તો બાહેર આવ્યો અને જુલિયન સામે કાંઈ પણ અદબ ખદા વિના ભોંય ઉપરજ ફસડાઇને પલાંઠો મારી બેસી ગયો.

જુલિયન લગાર ગુસ્સા અને લગાર કંટાળાની મિશ્ર લાગણીથી બોલ્યો, "બુબખ, બેવકુફ ગધા, તારી આવી નાલાયક ચાલથી હવે તો હું બેજાર થઈ ગયોછ."

"બરાબર! અને હું બી તમારી નોકરીથી હવે કંટાળી ગયોછ," ગંગાદાસે પોતાના શેઠનો સરોપરો રાખવા વિના ઠાવકે મોહડે જવાબ દીધો.

"પણ તું કેહેવા શું માંગેછ? મારા ખાનગી ઓરડામાં જયારે ગમે ત્યારે અને જેમ ગમે તેમ બેધડક ધુસી આવવામાં તું હદની બાહેર જાયછ. બોલ, હવે તું મને શું કેહેવા માંગેછ?" જુલિયને અરધા ગુસ્સાથી અને અરધી સમજાવટથી સવાલ કીધો.

ગંગાદાસે પોતાની આંખોનાં ભવાં ચહડાવી કહ્યું, "હું કંઇ મારે ખાતર આ ઓરડામાં આયો નથી, હું તો મારા શેઠને માટે આયોછ. કાંઇ નવી ખબર લાયોછ."

"એટલે?"

"એટલે એજ કે જે દવા મારા શેઠ માંગતા હતા તે દવા મારી પાસે આવી પુગીછ."

"કઈ દવા? શાની દવા? કોણની દવા?" જુલિયન ઉસ્કેરાઇ પોકારી ઉઠયો.

"નહિ સમજયા? કદાચ વાત તમારાં મગજમાંથી ખસી ગઈ હશે. પેલી દવા, જે દવા સોઇયા મારફતે બદનમાં પેવસ—"

"ચુપ! નાદાન! તારૂં મોહડું સીવ!" જુલિયને પોતાની જગા ઉપરથી ઉઠી ગંગાદાસનું મોહડું પોતાના બંને હાથોએ દાબી પોકાર કીધો, "ખામોશ! ફરીથી એવા સખુનો તારી જબાન ઉપર જો લાવશે તો તારી જબાનજ કાપી નાખશ. વારૂ, મને જવાબ દે કે તું હસ્યો શા માટે?"

"હું મારા પોતાને માટે હસ્યો નથી. હું તો લાયન માટે હસ્યો. લાયન ફસ્યો ને હું હસ્યો."

"લાયન ફસ્યો? એટલે!"

"એટલે એમ કે સીરે બેઠેલાઓને કોઈ વખતે તડકે પણ બેસવું પડેછ. મઝ-લુમો કોઇ વખતે જુલમગાર પણ બનેછ. કોઇ વેળા બગલું પણ ઉડીને વાઘ ઉપર સવાર થાયછ. સેરને માઠે સવાસેરબી હોયછ." ગંગાદાસ પોતાના શેઠને ધારી ધારીને જોઇ બોલ્યો, અને એક વાર ફરીથી તે મોટેથી હસી પડયો.

જુલિયન પોતાના હાથ ઉપર હાથ અફાળી બોલ્યો, "પણ બુબખ! એમાં તેં નવું શું કહ્યું? એ તો દુનિયાની ચાલજ છે. નસીબ બુલંદ છે તો—"

"હા, પણ બે લાકડી અકેકી છુટી લાકડી કરતાં વધુ જોર ધરાવેછ, તેને નસી-બની બુલંદી કરતાં તો તમારે વધારે માનની નજરથી જોવું જોઇએ. માખ ગાડીનાં પૈડાં ઉપર બેસી હમેશ બોલેછ કે હું કેટલી બધી ધુળ ઉડારૂંછ!"

ગંગાદાસની ફિલસુફિ સાંભળતાં જુલિયન હવે કંટાળ્યો. વધુ વખત પોતાના હિન્દી નોકરને પોતાના ખાનગી ઓરડામાં ઉભો રાખવામાં તેણે જોખમ જોયો. તેણે પોતાના નોકરને તે ઓરડો છોડી જવાની ઇશારત કીધી. પણ તે ઇશાર-તની તેણે કશી દરકાર કીધી નહિ, અને જાણે કાંઈ જાણતોજ નહિ હોય તેમ પોતાની જગોએથી મુદ્દલ હિલ્યો કે ખીસ્યો નહિ.

"ગંગાદાસ! ઓ બુબખ! તું આંધળો છે? હું તુને અહિંથી જવાની ઇશા-રત કરૂંછ તે પણ જોવાને તને આંખ નથી?" જુલિયને ગુસ્સાના જોશ સહિત પોતાની બેઠક ઉપરથી ઉઠીને પોતાના નોકરને ઠપકો આપ્યો.

ગંગાદાસ પોતાના શેઠને ગુસ્સાની અગ્નીમાં તપી આવેલો જોઇ એક વાર ફરીથી હસી પડી બોલ્યો, "મને મારા શેઠના ગુસ્સાની બિલકુલ પરવા નથી. મને તો ફકત મારા શેઠનાં ભલાંની દરકાર છે."

"કારણ?" જુલિયને અજબ થઈ પુછયું.

"કારણ એજ કે શેઠનાં ભલાંમાં શેઠની સલામતિ છે ને શેઠની સલામતિમાં મારી પોતાની સલામતિ છે, ને મારી પોતાની સલામતિમાં—"

જુલિયને ગુસ્સાથી ગંગાદાસને આગળ બોલતાં અટકાવી પોતાની જીભ કરડી અને હોઠ ઉપર હોઠ ચહડાવી દીધો. તેણે ખાતરીથી માન્યું કે ગંગાદાસની જબા-નની કમાનમાંથી છુટતા સખુનોના તીરો કંઇ અલઇટપે ફેંકાયલા નહિ હતા, પણ તે તેણે ઘણીજ ખંધાઇ અને ચાલાકીથી એવી કિસમે આબાદ નેમ લઇને ફેંકયા હતા કે જેથી જુલિયનનું કાળજું વિંધાઈ જતું હતું. ગુસ્સાને પોતાના કાબુમાં રાખીને તોપણ લગાર મિજાજથીજ તેણે પુછયું, "ગંગાદાસ, ખુદાને ખાતર મને પજવવા વિના કહી દે કે આજની તારી મુલાકાતની મતલબ શી છે?"

"મતલબ એજ કે હવે તમોને પેલી એજમતી દવાની કશી જરૂર રહી નહિ. કારણકે લાયન ત્રણ લાકડે ચહડવા વગર તો રેહેવાનોજ નથી. આપણને કશી મેહેનત આપ્યા વિના તે પોતાની મેળે મરેછ તો તેને ઝેરથી મારવામાં દાનાઇ નથી."

આ સખુનો સાંભળતાંજ જુલિયન પોતાની બેઠક ઉપરથી ફરીથી ઉઠયો અને ગંગાદાસનો ટોટો દાબી પોકારી ઉઠયો, "ઇબલીસ! બંધ કર તારી પટપટખોરી જબાન. શેતાન, ખામોશ! નહિ તો તારૂં લોહિ પી હું મારો પોતાનોબી જાન લઇ આ દુનિયાઇ તખ્તા ઉપરનું આપણ બંનેનું કામ તમામ કરશ. ચંડાળ, તારા તાણાનો એકેએક તીર મારૂં કાળજું આરપાર વિંધી નાખેછ. આહ! શું કરૂં, હું લાઇલાજ છું."

બીજીજ પળે ગંગાદાસને પડતો મુકી એક નિસાસો નાખી તે કમબખ્ત તવંગર પોતાની બેઠક ઉપર ફસડાઇ પડયો.

ગંગાદાસ પોતાના શેઠ ઉપર ડોળા કકડાવી બોલ્યો, "તું મારૂંબી લોહિ પીવાને માંગેછ તો પી. ગંગાદાસ તૈયાર છે, તેને તેની થોડી દરકાર છે."

આટલું બોલી તે નાલાયક નોકર પોતાના કમબખ્ત શેઠને ડાચું વકાસ્તો મેલી ત્યાંથી હસ્તો હસ્તો ચાલી ગયો.

એદેલીનનો એકરાર.

ગંગાદાસના જવા પછી જુલિયન તેને હજારો "ચોપરવાદી" કરતો ઓરડામાં આમથી તેમ ફેરી ફરવા લાગ્યો અને પછી આસપાસ નજર કરી બોલ્યો, "મારી આસપાસ જાળું વધુ અને વધુ વણાતુંજ જાયછ. હુંબી કયાં કમનસીબ અભાગ્યાં ચોઘડિયાંએ પેલી કમબખ્ત રોઝામન્દની લલચાવનારી ખુબસુરતીની જાળમાં સપડાઈ ગયો! સારી દુનિયાનો તે ઓરત ઉપર શ્રાપ પડજો! એ ચંડાળ તો મારો પિછો છોડતીજ નથી. કમબખ્તનું મોતબી નથી આવતું કે મારો રસ્તો એકદમ મોકળો થઈ જાય. મારી આસપાસ એવી તો જબ્બુન જાળ પંથરાઈછ કે મને લાગેછ કે મારી દોલતના ગમે તેવા ભોગે પણ હું કેમે કરી તેમાંથી નિકળી શકવાનો નથી. અધુરાંમાં પુરો પેલો ચંડાળ મારો ભાઈ જે મારા વડા ભાઇનો હક ધરાવેછ તેબી રહી રહીને હમણાંજ ફુટી નિકળી મુવો! બાપીકો ખેતાબ અને દોલત મારા હાથમાં સલામત છે તે અરસામાં મારે એદેલીનને તો જીતવીજ જોઇએ, ગમે એ ભોગે પણ મારી ઓરત તેને બનાવવીજ જોઇએ, પછી ભલે મારી દોલત જાય, ભલે મારી હોરમતની ધુળ વળે, ભલે મારી હેશમતનો નાશ થાય! એ મારી પુતલી મારે કબ્જે આવી પછી મને બીજી શાની દરકાર છે? આખી દુનિયા જોઇએ તો જળી જાય, જેહાનમ જાય!"

ખરેખર, જુલિયન એદેલીનની દોલતનો ગોલામ હતો, તેની મોહબતનો દાસ નહિ હતો. એદેલીનના હાથ સાથે દોલતનો ડુંગર ચાલી આવનાર હોવાથી તે દોલતના પ્રતાપે રોઝામન્દનું મોહડું બંધ કરવાને તે આસાન સમજતો હતો. વળી તે પુર ભરોસા સાથે માનતો હતો કે એદેલીન જોકે લાયનને હદ વગરના પ્યારથી ચાહતી હતી, તોપણ તેનાં માથાં ઉપર ટીંગાયલાં ખુનનાં સિહા વાદળ સાથે ખુબસુરતીની તે રાણી કદી પણ તેને ચાહવાનું ચાલુ રાખવાની તો નથીજ. વળી તે સારી પેઠે જાણતો હતો કે કોરોનરની જુરીનો શો અભિપ્રાય આવનાર હતો. લાયન સામે સાક્ષિ ગવાહી એટલી તો મજબુત હતી કે આખી દુનિયાના બાહોશમાં બાહોશ ધારાના હિમાયતીઓ એકબારગી એકઠાબી મળે તોપણ તેને મોત યા દેશનિકાલની સજામાંથી તેઓ બચાવી શકનાર નથી એવી તેની પુરતી ખાતરી હતી. તેની આ અગમચેતી ખરી પડવાની વધામણી તરીકે એજ પળે દુરનાં દેવળનો ગંભીર ઘંટ ઠોકાયો. જુલિયન જોકે વેહેમી નહિ હતો છતાં દેવળના ઘંટનો આ નાદ તેને પોતાના બાબમાં ભાગ્યશાળી અને નીલ લાયનના બાબમાં દુર્ભાગ્ય લાગ્યો. તે ખુશીમાં અને ખુશીમાંજ, આવા સારા સગન સાથે એદેલીનને

મળવા, અને તેણીને સમજાવી લેવા ચાલ્યો. ઓરડાના દરવાજા આગળ તેને એદેલીનની દાસી મળી, જેણીએ એદેલીનની હાજરીની ખબર આપી. આ ખુશ ખબરને પણ તેણે વધામણીજ માની લીધી, વધુ સારા સગનની નિશાનીજ માની લીધી.

કાળા પોશાકમાં સજ થયલી તે દિલજીત ખુબસુરતી એક સુંદર શોભીતા કોચ ઉપર ખ્યાલોમાં મસ્ત બની બેઠી હતી. તેણીના ગોરા, ગોલ, ઘટમદાર ચેહેરા ઉપર ફિકાસે પોતાનો છાપ માર્યો હતો, પણ તે ફિકાસ જુલિયનનાં મનથી ખુદ ગોલાબ કરતાં પણ વધુ પ્યારો હતો. તેણે જોયું કે તેણીના હાથમાં એક કાગળ હતો. જુલિયન દાખલ થયો તેની થોડીજ પળ આગમચ તે તેણીને મલ્યો હતો. જુલિયન તે પત્ર કોણ તરફથી આવ્યો હતો તે જાણવાને ઘણો ઇન્તેજાર હતો. તેને શી ખબર કે તે કાગળ એદેલીનને તેણીની કમનસીબ બેહેન દોરા તરફથી મલ્યો હતો, જેમાં તેણીએ કરગરી લખ્યું હતું કે, "એદેલીન, ગમે તેવા ભોગે પણ નીલ લાયનને બચાવજે, તેનાં માથાં ઉપર ઘેરાયલાં વાદળને દફે કરજે. લાયનને તું બચાવે એવી મારી ઇચ્છા છે. એમાં મારી પોતાની મતલબ સમાયલી છે, એમાં મારી હોરમત અને હેશમતનો આધાર લટકેલો છે, એમાં આપણાં કુટુંબની લાજનો સવાલ સમાયલો છે. અરે! હું કેવું ઇચ્છુંછ કે હું તુને સઘળો ભેદ જણાવી દઇ મારૂં પેટ ખાલી કરૂં, અને મને પોતાને દર પળની દિલ જળાવનારી બેચેનીમાંથી નિરાળી કરૂં, પણ અફસોસ કે હું તેમ કરી શકતી નથી. મને ભય છે કે એક વખત એવો આવશે કે જે વેળાએ મને તેમ કરવાની ફરજ પડશે."

દોરાનાં આ ભેદી વચનો એદેલીન માટે એક ભેદી ઉખાણાં સમાન હતાં. તે સુંદરી સમજી શકી નહિ, કે પોતાની વડી બેહેનને નીલ લાયન માટે એટલું બધું શા માટે લાગતું હતું. લાયનના છુટકારા ઉપર તેણીની હોરમતનો આધાર કેમ અને કેવી રીતે લટકી રહ્યો હતો. આ ખ્યાલમાં એદેલીન લીન થયલી હતી તેજ પળે જુલિયન દાખલ થવાથી તે સુંદરીએ પોતાનાં માથાં ઉપરના કસબ સરીખા વાળનો ભાથરો જે તેણીની ગોરી, હંસ જેવી નાજુક ગરદન ઉપરથી વળ ખાઈ છાતી ઉપર પડેલો હતો તે તેણીએ પોતાના બંને હાથોએ ગુસ્સામાં ખિસાડી જુલિયન તરફ કમકમાટ સાથે જોયું. પણ નફટ જુલિયનને તેણીના કમકમાટની થોડીજ પરવા હતી. તે નરમીથી બોલ્યો:—

"મારી પ્યારી એદેલીન, તારૂં મોહડું કેટલું બધું ઉતરી ગયુંછ. તું કેવી ફિક્કી ફચ બની ગઇછ. તું જાણે કેટલાંક વરસની બીમારીનાં બીછાનામાંથી તુરતની ઉઠી હોય તેમ લાગેછ. હું ખાતરીથી કહુંછ કે તું ગઈ રાતે ઉઘાઈજ નથી. પણ હું એમ પુછું કે આખાં ઓલ્ડકેસલમાં તારે માટે આએ બધી શું વાત ચાલી રહીછ? હું ધારૂંછ કે તે વાતની યાદેજ તારી ઉંઘ અને ભુખ લુટી લીધીછ. એદેલીન, તું શું એમ કેહેવા માંગેછ કે પેલા ચંડાળ તરફના તારા દીવાના પ્યારના જાહેર એકરારથી તારા મરનાર બાપનું રૂહ કમકમશે નહિ? એદેલીન, તે બદમાશ ખુનીના પ્યાર માટે જાહેરમાં કીધેલા તે શરમભરેલા એકરારથી, બોલ, તારાં બદનની એકેએક રગમાં કંપારી છુટી નહિ? અરે! હું કેવું ઇચ્છુંછ કે તે વેળાએ તારી જબાને બોલવાની શક્તિ ગુમાવી દીધી હોત! અરે! તું મુગી મંતર અને વાચા વગરનું હેવાન બની ગઇ હોત! એદેલીન, તારૂં દીવાનાપણું તુંજ જો કે કેટલી હદે પોંહચી ગયું છે. જે વેળાએ તેને ખુન જેવાં જબુન પાપનો ગુનેહગાર જાહેર કરવામાં આવ્યો તે વેળાએ તે બદમાશ તરફ જાહેરમાં તેં પ્યારનો એકરાર કીધો. અરે! તારી સુધ

તે વખતે ક્યાં જતી રહી હતી? શું પેલા ચંડાળ જાદુગરે કાંઇ અંધારી ચાદર તો તુને નહિ ઓઢાડી દીધી હોય? એદેલીન, બોલ કે આ તારી કેવી દલગીરી ભરેલી ચાલ! તારા આ કેવા બુરા હાલ!"

જુલિયનનું આ લાંબું ભાષણ પુરૂં થવા પછી એદેલીન ધિક્કારથી હસીને બોલી "જુલિયન, હું અફસોસ કરૂંછ કે તું આવા વિચારો કરવાને નબળું ભેજું ધરાવેછ. જાણ જુલિયન! કે લાયન તરફની મારી મોહોબતનો ઉભરો જાહેર કરવા માટે હું પસતાતી નથી, પણ બોર ખુશી છું, કારણ કે મેં જે કંઇ કીધુંછ તે મારા ખુદા અને મને જન્મ આપનારાંઓની ફરજ ખાતર કીધુંછ. સાંભળ, કે જે દિવસથી મેં નીલ લાયનને મારાં બાપિકાં મકાનમાં જોયો તેજ દિવસથી હું તેની તરફ ખેંચાઇ. તેની હિમ્મત, તેના સદગુણો અને તેના અમીરી ખવાસથી હું તે અને તેજ વેળાએ તેની મોહોબતની મોહીનીમાં ગીરફતાર બની, અમારી વચ્ચેના જુઠા સંસારી તફાવતનો મેં ખ્યાલ કીધો, પણ લાચાર બની. તે પળથી નીલ લાયનની મધુર મુરત મારાં જીગરમાં એવી તો કોતરાઈ રહીછ કે તારા જેવા હજાર જુલિયન યા એક લાખ લેડી ઓલ્ડકેસલની સમજાવટથી તે મારાં જીગરમાંથી ખિસનાર નથી. જુલિયન, મારી મોહોબત મેં મારાં જીગરમાંજ છુપાવી રાખી હતી, પણ જયારે પોલીસે તેને એક ખુની તરીકે જાહેર કીધો ત્યારે તેણે પોતાની નજરનો તીર મારી છાતીમાં એવી તો આબાદ રવેસે દાખલ કીધો કે મને તેને માટે ખચ્ચીત લાગી આવ્યું. તેની આ આફત વેળાએ તે એમ નહિ જાણે કે તે બિલકુલ નિરાધાર છે તે માટે મારો જુસ્સો મારી જાણ વિના મારી છાતીમાંથી બાહર નિકળી પડયો ને દિવસો સુધી છુપાઈ રહેલી મારી મોહોબત ખુલ્લી થવા પામી, જે માટે હું મગરૂર છું, શરમાતી નથી, કારણ મારી જાતને શરમ પોંહોંચવા સરખું મેં કશું પણ કીધું નથી, સમજયો?"

"દીવાની! ખરેખર દીવાની! એદેલીન, મારી પ્યારી એદેલીન," આટલું બોલી તે એદેલીન આગળ ધુંટણિએ પડી બોલ્યો, "સાવધ થા! જો મને એમ તરછોડી ના કાહડ! હું તારી મોહબતનો પ્યાસો છું, તારા હાથનો ઉમેદવાર છું, હું તને લેડી ઓલ્ડકેસલનાં મગરૂર નામથી ઓળખાવવાને ખુશી છું, ઇંતેજાર છું. એદેલીન, તારા હાલ ઉપર ખ્યાલ કર કે તારી હાલત કેવી બદતર બુરી બનીછ. જે ચંડાળે એક નિર્દોષ બચાવ વગરના બુઢાનું ખુન કરવાનું અઘોર પાપ કીધુંછ તેને તું ચાહવાનું દિવાનાપણું દેખાડે? હું તને મારા જાનો જીગરથી ચાહુંછ તો શા માટે તું મારી પનાહભરી પાંખ હેઠળ આવી નિંદાખોર જીભલીઓથી તારો બચાવ કરતી નથી? હું કોણ? તે ચંડાળ કોણ? બંને વચ્ચે આસમાન જમીનનો ફરક. અરે! જરા તો ખ્યાલ કર કે મારો દરજ્જો શું? મારૂં ખાનદાન કેવું? તેની ઓલાદ શું? તેની ઈજ્જત કેવી? કયાં હું લોર્ડ ઓલ્ડકેસલ ને કયાં તે ટુકડાખોર નીચ, રઝળતો ભીખારી મજુર."

"જુલિયન," એદેલીને ઠંડે પેટે જવાબ આપ્યો, "જુલિયન, અગરજો તું લોર્ડ ઓલ્ડકેસલ તો શું પણ એકબારગી સારી જેહાનનો શેહેનશાહ હતે ને નીલ લાયન ઈજનેર તો શું પણ તારો કમીનામાં કમીનો નોકર હતે તોપણ તારી શેહેનશાહતને હું થોકડે મારી નીલ લાયનનાં કમીનાપણાં ઉપર મારો જાન, મારૂં જર અને મારૂં જીગર સદકે કરતે. તું વિચાર કર કે હું જેને ચાહી શકતી નથી, જેની તરફ મારી મોહબત દોડતીજ નથી તેને મારી જીંદગીનો સાથી કેમ બનાઉં,

અને જેને હું ચાહુંછ તેને દુર કરી લાયનના પ્યારથી તડપતાં, જળતાં મારાં આ જીગરને કેમ મનાઉં. જુલિયન! જાણુ કે તું મને અમ્રત આપશે તો હું તેને ઝેર સમજશ, પણ લાયન મને ઝેર આપશે તો હું તેને અમ્રત માની લઈ બેધડક પી જવશ. તારી તરફની ન્યામતથી મારો જીવ કમકમશે, પણ લાયન તરફનો ટુકડો રોટી મારો જીવ બાગ બાગ કરશે."

જુલિયન ગુસ્સાથી ઉઠી બોલ્યો, "એદેલીન, ખરેખર, તું આંધળી બનીછ!"

"હા, હું આંધળીજ હતી કે ઓલ્દકેસલ શેહેરમાં વરસોથી પડેલાં આ નાદર ગોહરને હું વધારે જલદીથી પિછાનવા પામી નહિ. પણ જુલિયન, હાલમાં તો હું દેખતી બનીછ કેમકે આખી દુનિયામાંનાં કીમતીમાં કીમતી જવાહિરને મારાં સુખ દુઃખના સાથી તરીકે મેં ચુંટી કહાડયોછ."

એદેલીનના આવા ઠાવકા અને ઠંડા તોપણ તેનું કાળજું કોતરી ખાનારા જવાબોથી જુલિયન વધુ અને વધુ ચીરડાઈ ખિજવાટથી પોકારી ઉઠયો, "પણ બુબખ! તે હવે તારા હાથમાં કયાંથી રહેવાનો છે. તું જ જોશે કે તે તો તેની બદ કરણીનાં ફળો ચાખવા માટે સેહેજ વખતમાં ત્રણ લાકડે ચહડશે. વડી કોર્ટ તેને ફાંસીની શિક્ષા ફરમાવશે, અથવા તેમ નહિ થશે તો તેની આખી ઉમ્મર સુધી પોતાનાં પાપનો પસ્તાવો કરતો તે કોઇ અંધારાં કેદખાનામાં અટવાઈ તો મરવાનોજ. બોલ, ત્યારે તે ચંડાળ તરફની તારી મોહબતનું શું થશે?"

"ત્યારે? ત્યારે તો જાણુ કે તે મારી પાક મોહબત, આ દુનિયાએ કદી નહિ જોયલી મોહબતની જગા લેશે, અમ્મર રહેશે ને મારી એ મોહબતથી આખી દુનિયાની સ્ત્રીઓ ધડો લેશે કે ગરીબમાં ગરીબ પણ ખરા નિર્દોષને તેના ફાંસીના માંચડે પણ ચાહવામાં ખરી બુનિયાદી છે. તેમાં કશી એબ નથી, પાપ નથી યા ખોદાઈ શ્રાપ નથી."

જુલિયન ગુસ્સાના આવેશમાં કાંઈ બોલવા જતો હતો તેજ પળે ઓરડાનું બારણું ઉઘડયું અને પ્રોસપર સ્પ્રેગ દાખલ થયો.

તે લોર્ડ ઓલ્દકેસલ અને એદેલીનને નમીને બોલ્યો, "મને હમણાંજ ખબર મલીછ કે કોરોનરની જુરીએ નીલ લાયનને રોજર દીપીંગનું જાણીજોઇ ખુન કરવા માટે એકમતે તકસીરવાર ઠેરવ્યોછ."

"શુક્રાના! શુક્રાના! હજારો હજાર શુક્રાના!" જુલિયન એકદમ ખુશાલીમાં આવી જઈ પોકારી ઉઠયો.

એદેલીન આ આફતકારક ખબરથી ગાફેલ જેવી બની બોલી, "ઓ ખુદા! મારૂં શું થશે? પણ નહિ, મને મારા જાનની પરવા નથી, મને મારા લાયનની પરવા છે. હું તેને બચાવશ. મારી તમામ દોલતના ભોગે વટીક તે મારા વાહલા નિર્દોષ હીરાને હું બચાવશ. ખુદા મારો યાર મદદગાર છે."

આટલું બોલી તે સુંદરી તે ઓરડો ખરેખર એક દીવાનીની પેઠેજ છોડી ગઇ. તેણીને આમ કરતાં જોઈ જુલિયન ફતેહની ખુમારીમાં મોટેથી હસી પડી બોલ્યો, "એદેલીન! હવે તું મારા હાથમાંથી કયાં નાહસવાની છે? હું બી તો જોઉંછ કે તે બદમાશ તરફ તારા પ્યારનો ઝરો કયાં સુધી વહેતો રહેછ!"

નીલ લાયનની તપાસ.

શિયાળાનો સુર્ય બીજી બામદાદે ઉગ્યો ત્યારે એદેલીનને લાગ્યું કે તેનાં કિસમતનો આફતાબ સદાનો અસ્ત પામ્યો હતો. તે સુંદરીએ ભારી મગજ અને જળતાં જીગર સહિત પોતાનું બિછાનું છોડયું હતું. પોતાનાં એકાંત બિછાના ઉપર તે ખુબસુરત બાનુએ આખી સર્દ રાત નીલ લાયનની આફતનાં નહિ રૂઝાય એવાં દર્દ સાથે કોરા ઉજાગરામાંજ કાહડી, અને પોતાના વાહલા આશકની ભવિષ્યની હાલતના હજારો વિચારો અને વમાસણની બાળી નાખનારી બેચેની અને તાસવીસમાં પસાર કીધી. આ કારણથી તેણી હતી તે કરતાં હવે વધુ જઈ મારી ગઇ. તેણીની આખી જીંદગીમાંનો આજનો દિવસ બુરી આફતનો હતો, આજના દિવસ ઉપર તેણીનાં સુખ યા દુઃખનો આધાર લટકેલો હતો, કેમકે એજ તે બદબખ્ત દિવસ હતો, કે જે દિવસે તેણીના પ્યારા નીલ લાયનની તપાસ જડજ અને જુરી આગળ નિકળનાર હતી. તે જાણતી હતી, પુરા ભરોસાથી માનતી હતી કે નીલ લાયન કમનસીબ હતો, પણ ગુનેહગાર નહિ હતો, બદબખ્તીના બુરજમાં તેનાં કિસમતનો સેતારો ઢંકાયલો હતો, મગર જબુન ખુનનાં પાપમાં તે શરીક નહિ હતો.

નીલ લાયનને કોરોનરની જુરીએ એકમતે રોજર દીપીંગના ખુની તરીકે ઠેરવેલો હોવાથી તેની તપાસ લેનકેસતર ખાતેની વડી અદાલતમાં ચાલનાર હતી. જોકે ઓલ્દકેસલ લોખંડની ખાણોવાલું મોટું શેહેર હતું, છતાં તે વડી અદાલત માટે મગરૂરી ધરાવતું હતું નહિ, જેથી નીલ લાયનની તપાસ આજે લેનકેસતરની કોર્ટમાં ચાલનાર હતી. આ મુકદમાએ આખાં ઓલ્દકેસલ અને તેની આસપાસનાં શેહેરો અને ગામોનાં લોકોમાં એટલી બધી તો ચરચા ફેલાવી દીધી હતી તથા તેમનું ધ્યાન ખેંચ્યું હતું કે તેઓ ગંજાવર સંખ્યામાં નીલ લાયનની આ મોટી તપાસ ચાલતી જોવાને છેક લેનકેસતર સુધી પણ ઉતરી પડયાં હતાં. કેટલાંકો ખુનના ગંભીર આરોપમાં સપડાયલા આ કમનસીબ તોહમતદાર તરફની પોતાની દિલસોજીને ખાતરજ ઉતરી પડયાં હતાં, કેટલાંકો સારૂં યા માઠું પરિણામ જાણવાની ફકત જીજ્ઞાસાને ખાતર ઉતરી પડયાં હતાં, જયારે વળી કેટલાંકો નીલ લાયનની ચહડતી નહિ જોઈ શકાવાને લીધે તેને સજા થતી સાંભળવાની શેતાનિયત ખુશાલીના આવેશમાં ત્યાં દોડી પોંહચ્યાં હતાં. એદેલીન જેવી દોલતના દરંગમાં આલોટતી ઓલ્દકેસલની રૂપસુંદરી નીલ લાયન જેવા પોતાના એક ગરીબ, કમીના નોકરને ચાહે, એ અદેખાઇના ધગધગતા આતસથી જળતા આંધળાઓ માટે કાંઈ થોડો બળાપો નહિ હતો. લોર્ડ બેકન કહી ગયો છે તે શું ખોટું છે કે અદેખાઈ સુર્યનાં કિરણ જેવી છે. તે કિરણો એકાદ ઉંચી જગ્યા અથવા પાહડના કરાડા ઉપર જેટલાં પ્રકાશિત પડે છે તેટલાં તે ખુલ્લાં મેદાનમાં પડતાં નથી. તેવીજ રીતે જે ઇનસાનની નામના હંમેશ ચાલુ વધતી અને વધતીજ રહે છે તેની જેટલી અદેખાઈ થાય છે તેટલી અદેખાઈ જેમની નામના એકસરખી સપાટીએ ચાલુ રહે છે તેઓની થતી નથી. આબાદ આવોજ હાલ નીલ લાયનનો હતો. જોકે તેણે કોઇનું બુરૂં કીધું હતું નહિ, કોઇનું એક રજભાર પણ બગાડયું હતું નહિ, કોઇને પણ પોતાના સુખનોથી યા કામોથી દુઃખી દિલનાં બનાવ્યાં હતાં નહિ તોપણ તેને એદેલીન ચાહતી હતી એજ બીના પેટનાં બળેલાંઓની આંધળી ચશમોમાં ફકત તેનો અજીમ ગુનાહ હતો! દુનિયાના ઇનસાફની આખી એક નહિ સમજ પડે એવી રીતિ છે!

દુનિયા ! દુનિયા ! ગરીબો તરફની તારી ગેરઈનસાફીની હદ ક્યારે આવશે ? નીલ લાયનના ભાઇબંધ કામદારોનો ઘણોખરો ભાગ તેને ચાહતાં શિખ્યો હતો. છેલ્લી હડતાળ વેળાએ તેણે તે ગરીબ વર્ગ તરફ જે હિમ્મતભરી સેવા બજાવી હતી તેની ભલી યાદ તેઓ હજી ભુલ્યા હતા નહિ. તેજ એક વર્ગ હતો જે નીલ લાયનની આફતને દિલસોજી અને દલગીરીની નજરથી જોઈ તેને નિર્દોષ માનતો, જ્યારે બેકદર અને બેઇનસાફ તવંગર વર્ગે લાયનને તેની કાયદાસરની તપાસ શરૂ થવા પેહલાંજ રોજર દીપીંગના ખરા ખુની તરીકે ઠોકી બેસાડયો હતો. દુનિયાનો એ તો રિવાજજ છે કે અસ્ત પામતા સુર્યની પુંજા કરનારાં ઘણાં જુજ હોય છે, જ્યારે ઉગતા સુરજને નમન કરનારાંઓની સંખ્યા વિશેષ મોટી હોય છે.

એદેલીન સાથે લેડી ઓલ્ડકેસલને જવા વિના ચાલ્યું નહિ. તે અદેખી સ્ત્રી નીલ લાયનની તપાસનો તમાશો જોવા ઉતરી પડી હતી, તેને સજા પામતો જાણવાને આતુર બની હતી. તેઓ બંનેએ લેનકેસતરનાં પહેલા વર્ગનાં એક હોટેલમાં ઉતારો લીધો હતો. જેમ જેમ લાયનની તપાસનો કલાક નજદીક આવતો ગયો તેમ તેમ એદેલીનનો ધભરાટ વધતો ગયો. તે દિવસનાં વર્તમાનપત્રોમાં લાયનના પકડાવાના અને એદેલીનની તેની ઉપરની અચુક મોહબતના રંગીન હેવાલો પ્રગટ થવાથી આ કાહણી કિસ્સા જેવા અસાધારણ પ્યારથી લોકો ઉપર જબરી અસર થવા પામી હતી. પણ આવા દિલ ઉસ્કેરનારા હેવાલોથી લેડી ઓલ્ડકેસલ ઉપર ઉલટીજ અસર થઈ હતી; તેણીના ગુસ્સાનો પાર રહ્યો નહિ. કેમકે એક વર્તમાનપત્રમાં તો એવું લખવામાં આવ્યું હતું કે "અમારાં વાંચનારાંઓ જાણતાં હશે કે મીસ રેન (એદેલીન) ની વડી બેહેન ચાર વર્ષની વાત ઉપર બેરન ઓલ્ડકેસલના વડા છોકરા ઓનરેબલ રોદ્રીક ટાવર્સ સાથે પરણી હતી, જે પોતાના સોલીસીતરના ધંધામાં મોટી રકમના સંબંધમાં વિશ્વાસઘાત કરી નાહસી જવાથી પોલીસ તેની પુઠે લાગી હતી, પણ પાછળથી તેણે વીએના ખાતે આપઘાત કીધો હતો અને તેની લાસ ઓલ્ડકેસલ ખાતે ત્યાંથી લાવી દાટવામાં આવી હતી."

પોતાના વડા બેટાના સંબંધમાં બનેલો તે નામોશી ભરેલો બનાવ હાલના સમયે પાછો તાજો થવાથી લેડી ઓલ્ડકેસલની દિલગીરી અને ગુસ્સાનો પાર રહ્યો નહિ. દટાઈ ગયલી અણગમતી બીના આવી રીતે એક વાર ફરીથી જાહેરમાં આવવાથી લેડી ઓલ્ડકેસલ જેવી તુમાખી સ્ત્રીની મગરૂરિને મોટો ધોકો લાગ્યો. તે સ્ત્રી કોઇની પણ આગળ નીલ લાયનને બદમાશ ખુની તરીકે જાહેર કરવાને એક પણ તક ચુકી હતી નહિ, પણ જ્યારે પોતાનાજ વડા બેટાની નાલેશીની આ મુજબની બીના વર્તમાનપત્રમાં વાંચી ત્યારે તેણીના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તે સ્ત્રી પોતાને ત્યાંની એબ જ્યારે છુપાવવા માટે આટલી બધી ઇંતેજાર હતી, ત્યારે બીજાંઓની કેહેવાતી એબ ખુલ્લી કરવામાં તે કાંઇ ઓર મજાહ માની લેતી હતી. પણ એ તો આ જુઠા સંસારનો એક રિવાજ છે, આ દગાખોર દુનિયાની એક રીતિ છે. અગરજો લોકો પેહલાં પોતાની એબ તરફ નેગાહ પુગાડી બીજાંઓની એબ જોતાં હોય તો આ દુનિયામાં નાલેશીનો કેવો જલદીથી અંત આવે ! તે સ્ત્રી છેડાયલી વાઘનની માફક એદેલીનના ઓરડામાં દાખલ થઈ ત્યારે તે કમનસીબ સુંદરી પોતાના પેદા કરનાર બાપને યાદ કરવામાં ચકચુર બની ગઈ હતી. તેણીનાં અસલ દુઃખમાં માત્ર ખુદા તરફની ફરજ તેણીનો એકપુરો દિલાસો હતો. સુખના સમયે પણ તે સુંદરીએ પોતાના કિરતારને પોતાનાં અંતઃકરણથી એક પળવાર

પણ દુર કીધો હતો નહિ તો આવાં પાહડ જેવાં દુઃખ સમયે તે એનજમતી નામની ભલી યાદને તે કેમ ભુલી જાય?

એદેલીન જયારે પોતાની હંમેશની પવિત્ર ફરજથી ફારેગ થઇ ત્યારે લેડી ઓલ્ડકેસલે તામડી જેવું મોહડું કરી તેણીના હાથમાં પેલું વર્તમાનપત્ર મુકયું કે જેમાં તેણીના વડા બેટા રોડ્રીકની આગલી નામોશી માટે ઇસારો કરવામાં આવ્યો હતો. એદેલીને તે ફકરો ઉંચા દમ સાથે શરૂ કીધો, પણ જયારે તેણીએ તે વાંચીને પુરો કીધો ત્યારે તેણીના સોહામણા ચેહેરા ઉપર સંતોષનો છાપ પ્રગટી નિકળ્યો.

"કેમ શું ધાર્યું? આ લખાણથી, બોલ, તું લોકોની નજરમાં કેવી નીચી પડીછ? એક ખુની ઉપર પ્યાર! એવા પ્યાર ઉપર ખુદાનો માર! એદેલીન, એ તુને શું ઉંધું સુઝ પડયું કે છચોક લોકોની સામે તેં તે બદમાશ માટે તારો પ્યાર બેધડક જાહેર કીધો? વળી ઓલ્ડકેસલથી ચાલી ચલાવી અહિં સુધી આવવામાં પણ લોકોનાં મોહડાંમાં તેં બોટું આપ્યુંછ! મેંબી તારી સાથે અહિં આવવામાં વસા ગુમાવ્યા તો! એદેલીન, તારી નાદાની અને હસવા સરખા પ્યારથી તેં મારી અને મારા એકપુરા બેટા લોર્ડ ઓલ્ડકેસલ (જુલિયન) ની કેવી કઢંગી સ્થિતી બનાવી મેલીછ, તેનો તો તું ખ્યાલ કર! મારા મરહુમ બેટા રોડ્રીક માટે પત્રવાળાઓ જે ઇસારો કરવા લાગ્યાછ તેથી તો મારૂં મોતજ થઇ જાયછ, મારૂં નાક કપાઈ જવા સરખું થાયછ. બાઇ સાહેબ, એ બધા તમારા ઘેલા ગાંડા પ્યારના પ્રતાપ, સમજયાં કે બાનુ? પણ ધ્યાન રાખજે કે એ ખુની સાથે લાગું તારૂંબી માથું નહિ કપાવે!"

એદેલીન લગાર કચવાઇને પણ હિમ્મતથી બોલી, "લેડી ઓલ્ડકેસલ, જેટલી દરકાર હું મારાં નવટાંકનાં નાકની કરૂંછ તેના એક લાખ જેટલા ભાગે પણ હું મારાં મણનાં માથાંની પરવા કરતી નથી. સુભાગ્ય તેનાં, કે જેણે પોતાના જાનને ખોયો, પણ પોતાના પેદા કરનારના પ્યારને ન ખોયો!"

લેડી ઓલ્ડકેસલ આ અજબ સ્ત્રીને આટલી બધી હદ સુધી હઠીલી જોઈ મિન્નજમાંજ ઉઠી ગઈ. એદેલીન પણ ઉઠી ઉભી થઈ. તેણીએ ઘડિઆળ તરફ નજર કીધી, તો તેણીને માલમ પડયું કે કોર્ટમાં જવાનો વખત થયો હતો. તેણીએ ફકત કાળાં વસ્ત્રોજ પેહેડી લીધાં. લેડી ઓલ્ડકેસલ પણ તૈયાર થઈ એદેલીન આગલ આવી ઉભી. બંને સ્ત્રીઓ ખુબસુરત ઘોડાની જોડીમાં હંકારી ગયાં. જેમ જેમ તપાસની દેવડી નજદીક આવતી ગઈ, તેમ તેમ એદેલીનનાં જીગરે વધુ અને વધુ ધપકવાનું ચાલુ રાખ્યું, જયારે લેડી ઓલ્ડકેસલનું અંતઃકરણ ખુશીના ઉભરાથી ઉછળી રહ્યું હતું, કેમકે તેણીએ ખાત્રીથી માની લીધું હતું કે નીલ લાયન તેણીના બેટાના રસ્તામાંથી હવે સદાનો નહિ, તો જીંદગીભરનો દુર થનાર હતો, અને એદેલીનનો હાથ જીતવા માટે જુલિયનનો રસ્તો હવે સમુળગો મોકળો થવાની અણી ઉપર હતો.

તે દિવસની બામદાદ લગાર ખુશનુમા હતી, પણ નીલ લાયનની તપાસના નજદીક આવતા વખતને લીધે એદેલીનને તે દિવસ શોકાતુર જણાતો હતો, અને નીલ લાયનની તપાસ કરનારી કોર્ટનું મકાન તેણીનાં મનથી એક જીવતું દોજખખાનું હતું. કેમકે ત્યાં ઈનસાફ તોલનારાઓ પોતાનાં જેવાંજ પણ કમબખ્ત ઈનસાનોને મોતની સજા કરતા હતા, અથવા તેમનાં વાહલાંઓની જુદાઈની લેશભાર પણ પરવા કીધા વિના જીંદગીભરનાં કેદખાનામાં તેમને પુરતા હતા. એદેલીને

જતાંને વાર મોટા કમકમાટ વચ્ચે જોયું કે આખું ઓલ્ડકેસલ તે અલખામણાં, અણગમતાં મકાનમાં જાણે મનાહ મારવા એકઠું થયું હતું, કમબખ્ત ગુનેહગારોની મોત જીવતની લડતનો તમાશો જોવા ભેગું મળ્યું હતું. આ બીના તો સાચ્ચીજ હતી તોપણ તેજ વેળાએ તેણીને પોતાને થોડી ખબર હતી કે આખી કોર્ટમાં ભેગા થયલા લોકો જેટલા નીલ લાયનનો તમાશો જોવા ભેગા મળ્યા હતા તેટલાજ તેઓ તેના ઉપર ફિદા થયલી તવંગર રૂપસુંદરીને નિહાળવા અને તેણી આ તપાસ વેળા કેવો દેખાવ કરશે તે જોવા ત્યાં આવ્યા હતા. તેઓની નજર તેણીના ખુબસુરત ચેહેરા ઉપર ચોંટી રહી હતી. તેણીના દાખલ થવા સાથેજ આખી કોર્ટમાં એક અજબ જેવી લાગણી ફેલાઈ રહી હતી, અને ધીમી ધુસધુસ ચાલી રહી હતી. એકેએક જીગરમાં તેણીને માટે દયા અને દિલસોજીનો જુસ્સો ઉછળી આવ્યો હતો; એકેએક અંતઃકરણમાં તેણીને માટે એક એવી લાગણીએ ઘર કીધું હતું કે તેનાં જોરથી તેમનું અંતઃકરણ ગોયા થરથર ધ્રુજતું હતું. જયારે નીલ લાયન કેદીની હાલતમાં બે કોન્સટેબલોની વચ્ચે કોર્ટમાં દાખલ થયો ત્યારે એ લાગણીમાં ઓરખી વધારો થયો. નીલ લાયન ઉપર ખુનનું આળ મેળવામાં આવ્યું હતું. તે બાબે તેની સામેની જુબાની એટલી તો મુસ્તકીમ હતી કે તેને ગમે તેવો દયાળુ ન્યાયાધિસ જરૂર ખુની ઠેરવે. તે છતાં તેના ચેહેરા ઉપર સંતોષ અને શાન્તિનું તેજ દીપી રહ્યું હતું. આ દેખાવથી લોકોની અજાયબીમાં બેવડો ઉમેરો થયો હતો.

નીલ લાયને આખી કોર્ટમાં પોતાની ચશમ ફેરવી. જયારે તેની નજર પોતાના જાન કરતાં વાહલા ચેહેરા ઉપર પડી. તેજ પળે તે ચોંકયો. જે મિઠા, મધુર ચેહેરાને ઇનસાફની દેવીનાં ધામમાં કદી પણ નિહાળવાની આશા તેણે રાખેલી નહિ તે ચેહેરાને જોતાંજ તેનાં આખાં તન બદનની એકેએક રગમાં ખુશાલીનો પ્રવાહ વિજળીક વેગે ફરી વળ્યો. એદેલીને પોતાનો માનીતો ચેહેરો જોયો, મોટા સંતોષ વચ્ચે દીઠો, કેમકે તેણીએ માની લીધું કે આવો મધુર મુખડો, આવો દિલકશ ચેહેરો કદી પણ ખુન જેવા જબુન ગુનાહના અપરાધીનો હોઈ શકેજ નહિ.

એકજ વધુ પળ! એદેલીને ચિંતા, ખારતી અને બેચેનીના ચાલુ મારા વચ્ચે નીલ લાયનના ઈનસાફ કરનાર ન્યાયાધિસને પોતાની બેઠક લેતાં જોયો. એજ તે માણસ હતો જે નીલ લાયન જેવા ઈનસાનને મોત યા જીંદગીભરનાં કેદની સજા કરનાર હતો, યા તેને નિર્દોષ ઠેરવી છુટાપણું બક્ષનાર હતો.

જયારે જુરી અને જડજે પોતપોતાની બેઠક લીધી ત્યારે આખી કોર્ટમાં એવી તો ગંભીર ચુપકીદી ફેલાઈ રહી કે એક ટાંચણી પણ પડે તો તેનો અવાજ પ્રગટ સંભળાય. સરકાર તરફથી એક પંકાયલા બારીસ્ટરને રોકવામાં આવેલો હતો, જેનો ચબરાક ચેહેરો, પોહળી પેશાની અને કદાવર અંગ કોઇનું પણ ધ્યાન ખેંચે એવાં હતાં. ખુન જેવા એક જબુન ગુનાહના કરનાર તરીકે કેદીની હાલતમાં પિંજરાંમાં ઉભેલા નીલ લાયનની જવાની, ખુબસુરતી અને હિમ્મતથી એકેએક જીવડાની દયા તે કમનસીબ બંધવા તરફ પુરેપુરી ઉસ્કેરાઈ હતી. માત્ર લેડી ઓલ્ડકેસલજ એકલી હતી જે નીલ લાયન માટે મોતની સજા જડજનાં મોહડાંમાંથી નિકળતી સાંભળવાને હર પળે દુવા માંગતી હતી. એદેલીનની નજર ન્યાયાસન ઉપર બીરાજેલા ન્યાયાધિસ ઉપર ઠરી રહી હતી. તેણીને લાગ્યું કે તે મજબુત મનનો હતો, તેનો સ્વભાવ કરડો અને કઠોર હતો, પણ બીજીજ પળે તે સુંદરી પોતાનાં મન સાથે બબડી, "ન્યાયાધિસનું કામ કાયદાનો અર્થ કરવાનું છે, નવા કાયદા બનાવવાનું નથી."

સરકાર તરફનો બારીસ્ટર મુકદમાનો સાર જુરીના ગ્રહસ્થો સનમુખ રજુ કરવા પોતાની બેઠક આગલ ઉઠી ઉભો ત્યારે આખી કોર્ટમાં શોકાતુર ચુપકીદી ફેલાઈ રહી. નીલ લાયન સામે જતી વિગત તેણે ઘણાજ ખુલ્લા શબ્દોમાં રજુ કીધી હતી. તેની દલીલનો એકેએક હર્ફ એદેલીનના કાનને મોટાં જોશ સાથે અથડતો રહ્યો હતો. તેણે બંધવાની સામે જતા સઘળા સંજોગોનાં જુદાં જુદાં વળાંઓને એવી તો સફાઇથી જોડી નાખી તેની એક સરળ સાંકળ બનાવી હતી કે એદેલીન વટીકને લાગ્યું કે જુરીનો ચુકાદો નીલ લાયનને તકસીરવાર ઠેરવવામાંજ આવનાર હતો.

“જુરીના ગ્રહસ્થો,” તેણે પોતાનું ભાષણ શરૂ કીધું, “જુરીના ગ્રહસ્થો, આ એક એવો મુકદમો છે જે એક ગુનાહમાંથી બીજા ગુનાહ અને બીજામાંથી ત્રીજા ગુનાહની થયલી ઉતપતીની અચુક સાબેતી રજુ કરે છે. કેદી નીલ લાયન થોડાં વરસની વાત ઉપર રોઝામન્ડ દીપીંગ નામની જવાન, ખુબસુરત સુંદરી ઉપર પ્યારમાં પડયો હતો. તે ઓરત પેલીજ કમનસીબ સુંદરી છે, જેણીનો બાપ રોજર દીપીંગ તા૦ ૧૦ મી ડીસેમબર અને મંગળવારની રાતે ઓલ્ડકેસલનાં જંગલમાં મોતના કાસદને શરણ થયો હતો. જુરીના ગ્રહસ્થો, એક યા બીજા સબબોને લીધે લાયને રોઝામન્ડ તરફનો પોતાનો પ્યાર પોતાનાં જીગરમાંજ છુપાવી રાખ્યો હતો, જે પ્યારને જાહેરમાં દોસ્તીનું રૂપ આપવાની બંધવાએ ચાલાકી વાપરી હતી. હું સાક્ષિ ગવાહીથી સાબેત કરી આપીશ કે એક ચોકસ વખતે રોઝામન્ડ દીપીંગ સ્કોતલંડ ખાતે ત્યાંનાં એક કુટુંબની નોકરીમાં ગઈ હતી અને જયારે રોઝામન્ડ ઓલ્ડકેસલ ખાતે બે વરસ બાદ પાછી ફરી ત્યારે તેણીએ પોતાને એક પરણેલી સ્ત્રી તરીકે જાહેર કીધી હતી. તેણીએ પોતાને કોઈ ફ્લોય નામના શખ્સની પરણેતર તરીકે જણાવી હતી. મીસીસ ફ્લોયનાં નામ સાથે એક વરસની વયનાં એક બાળકને પણ તે પોતાની સાથે લેતી આવી હતી. તે સ્ત્રી પોતાને સ્કોતલંડમાં મી૦ ફ્લોય સાથે પરણેલી જાહેર કરતી હતી, પણ તે સાથે તે એવું પણ જાહેર કરતી રહી હતી કે તેણીનો ખાવિંદ ચોકસ સબબ સર હાલમાં તેણીને પોતાની ઓરત તરીકે જાહેરમાં લાવવા માંગતો નથી, અને તેટલા માટે તેના વિષે કશી પણ ખબર આપવાને તેણી નાખુશ હતી. અલબતાં, તેણીની આ વિચીત્ર વાત કોઇ પણ માનવાને સાફ ના પાડતું હતું કેમકે તે વાતને બીજી કોઈ પણ બાજુથી ટેકો મળતો હતો નહિ. હું એમ પણ પુરવાર કરવાને સામર્થ-વાન છું કે રોઝામન્ડ પોતાની નોકરીએથી પાનખર રૂતુની એક સાંજે અચબુચ ગુમ થઈ ગઈ હતી તે વખતથી તે બે વર્ષના લાંબા છેટા પછીજ તે સ્ત્રીએ ઓલ્ડ-કેસલમાં પોતાનો દેખાવ દીધો હતો.”

તે વિદ્વાન બારીસ્ટરે ખંખાર મારી પોતાનું ભાષણ આગળ ચલાવ્યું, “જુરીના ગ્રહસ્થો, હું એમ પુરવાર કરી આપીશ કે બંધવાએ થોડી મુદત માટે ઓલ્ડકેસલ છોડયું હતું, જે મુદત રોઝામન્ડના સ્કોતલંડ જવાની મુદતને લગભગ મળતી આવે છે. એમ કરવાનાં કારણમાં બંધવાએ એવું જાહેર કીધું હતું કે તે વેલ્સ ખાતે જનાર હતો. પણ જુરીના ગ્રહસ્થો, તમો જાણી શકશો કે આ પ્રમાણેનું સરિયામ જુઠું અડાવવામાં તેની મતલબ લોકોને ખોટે રસ્તે દોરવવાની હતી. જણાવવાની કશી અગત્ય નથી કે બંધવાની પાછળ રોઝામન્ડ પણ પોતાની નોકરીને ઠોકડે મારી ગયલી હોવી જોઇએ. તમો જોશો કે બંધવો ચોકસ મુદત બાદ ઓલ્ડકેસલ ખાતે એકલો પાછો ફરે છે, જેની પાછળ કેટલાક મહિના બાદ રોઝામન્ડ પણ

પોતાનાં તે બાપીકાં ગામમાં પોતાનો દેખાવ દેય છે. પણ જુરીના ગ્રહસ્થો, આ બનાવથી શું એમ પુરવાર થતું નથી કે બંધવો ઘણી ટુંક મુદ્દતમાં રોઝામન્ડની ખુબસુરતીથી ઘરાઈ ગયલો હોવો જોઇએ? હવે બંધવો કેવી સિફતથી અને કેવો ચાલાકીભર્યો ભાગ ભજવી બતાવે છે તે જુવો. તે રોઝામન્ડના બાપ અને શેહેરનાં લોકોને ભમાવવાનું શરૂ કરે છે. તે પોતાને રોઝામન્ડને ફસાવનાર તરીકે નહિ, પણ તેણીના એક મદદગાર તરીકે લોકોની આંખોમાં ધુળ છાંટવા માંડે છે. આ બધા ઢોંગ લાંબો વખત ચાલુ રહે છે. પણ અંતે બંધવાનું પાપ રોઝામન્ડના કમનસીબ બાપ રોજર દીર્પીંગની નજર આગલ ખુલ્લું થાય છે. પોતાની ખુબસુરત પણ ભોળી બેટીના યાર તરીકે જયારે નીલ લાયનને તે ઓળખવા પામે છે ત્યારે, જુરીના ગ્રહસ્થો, જેમ બનવું જોઇએ તેમ નાસિપાસી, નાઉમેદી અને દિલગીરીની સામટી ધુંઇમાં મરનારને દારૂનો બુરો લખ લાગે છે, જે દરમ્યાન તે અનેક વખતે પોતાની કમબખ્ત બેટીને બુરી સંગતમાં જોય છે. આ પ્રમાણે પોતાની બેટીની નામોશિ પોતાની નજરો નજર જોવાથી, જેમ ખુદરતી રીતે બનવું જોઇએ તેમ, મરનારનો ગુસ્સો હાથથી જાય છે અને પોતાની જવાન, ખુબસુરત, ભોળી બેટીને ફસાવનારને તેના ફેજે પુગાડવાને તે સોગંદ લે છે."

આ વેળાએ કોર્ટમાં શાન્ત ચુપકીદી પોતાનાં પુર બળમાં રાજય ચલાવી રહી હતી. લોકોની નજર પિંજરાંમાં ઉભેલા બંધવાના ખુબસુરત, પણ પોતાનાં માથે લટકી રહેલાં ખુનનાં આળથી ફગાયલા, ફિક્કા ચેહેરા ઉપર ટીંગાઇ રહી હતી. કોર્ટમાં જમા થયલા એકેએક આસામીએ જોયું કે બંધવો નીલ લાયન સરકાર તરફના ધારાના હિમાયતીનાં ભાષણથી અંતઃકરણના ડંખથી શરમાઈ મરવાને બદલે ગોયા પોતાના પગ આગલ એક જવાળામુખી ફાટયો હોય અને તેથી જેવા ઓચંબામાં તે ગર્ક થઈ જાય તે કરતાં વધુ કિસમે તે અજાયબીથી દંગ થઈ ગયો હતો. તેનો ઘબરાટ એવો તો મજબુત હતો કે તેના આગલા સુરખીદાર ચેહેરા ઉપર લોહિનો એક છાંટો પણ હવે નજરે પડતો હતો નહિ. જેમ જેમ તેની સામેના બારીસ્ટરનું ભાષણ આગળ અને આગળ વધતું ગયું તેમ તેમ એદેલીનને લાગ્યું કે તેણીનો દમ ગુંગળાઈ જવાની અણી ઉપર આવ્યો હતો. તેણીએ સ્વપને પણ ખ્યાલ રાખ્યો હતો નહિ કે તેણીના વાહલા દિલદાર સામે આવું મજબુત જાળું વણાવા પામશે! શું તેણીનો પ્યારો નીલ લાયન ત્યારે ખરો ગુનેહગાર હતો? પણ આ નાલાયક ખ્યાલને બીજેજ પળે તેણીએ પોતાનાં ખાલેસ મગજ મથેથી હાંકી કાહડયો, અને તેણીના હોઠો ઉપર અને આંખ્યોમાં સંતોષની લાગણી પ્રસરી નિકળી, કેમકે તેણી ખાતરીથી માનતી હતી કે નીલ લાયનના નિર્દોષ હાથો ખુન જેવું જબુન પાપ કરવાને સરજાયલાજ નથી. તેણીના પોતાના નાજુક હાથો જેવાજ તે હાથો સાફ હતા, પાક હતા, તેને ખુની માનનારાંજ નાપાક હતાં.

પેલા બારીસ્ટરે હવે પોતાનું ભાષણ આગળ ચલાવ્યું:

"જુરીના ગ્રહસ્થો, હું મારા સાક્ષિઓથી આઇનાની માફક ખુલ્લું કરી દેખાડીશ કે પોતાની કમબખ્ત બેટીને ફસાવનાર બીજો કોઈજ નહિ, પણ નીલ લાયન હતો એમ ખાતરીથી અને પુર ભરોસાથી માનવાને મરનાર રોજર દીર્પીંગને એક નહિ, પણ અનેક મજબુત સબબો મળ્યા હતા. આથી મરનારના જુસ્સા અને ગુસ્સાનો પાર રહ્યો નહિ. તે વીલી મો—જે રોઝામન્ડના હાથનો એક વાર ઉમેદવાર હતો અને જેનો હાથ કમબખ્ત રોઝામન્ડે બંધવાને

ખાતર ના પાડયો હતો તેની—અને બીજા ગરીબ, પણ બંધવાનાં શરમભરેલાં, નીચ કામથી કમકમનારા કામદારો સાથે બંધવાનાં મકાન આગળ ગયો અને પોતાની બેટી સાથે બંધવાએ ચલાવેલી શરમભરેલી તથા હિચકારી ચાલ માટે ખુલાસો માંગ્યો; પણ બંધવો પોતાની ઉપર વાદળ ઘેરાયલું જોઇ વીલી મે અને તેની સાથના બીજા કામદારો આગળ એવો તો કાંગલોકુંગલો થઈ લટી ગયો કે ભોળા ભલા કામદારોનો રોષ ઉતરી ગયો અને તેઓ બંધવાની લતરાજખોરી જબાનથી વેચાઈ ગયા. તેઓએ ખરા ગુનેહગારને નિર્દોષ માની લીધો અને તેઓ તે જગા સામા પોતે લજવાઇને છોડી ગયા. પણ પોતાની બેટીની હોરમત લુટાવાથી જખમી થયલો બુઢો શાન્ત થયો નહિ. તેણે ખુદ પોતાની નજરોએ બંધવાનું કરમ જોયલું હોવાથી તેનો ગુસ્સો નહિ તામોશ થાય એટલી હદે પોંહચ્યો. તે હજારો શ્રાપ દેતો એક પીઠાંમાં ગયો. તેની મતલબ ત્યાં દારૂથી પોતાના ગમની અગનને બુજાવવાની નહિ હોય તો બીજું શું હોય? તે પીઠાંમાંજ તેને વધુ માઠા સમાચાર મળ્યા કે તેની બેટી તેજ રાતે પાસેનાં જંગલમાં બંધવાને મળવા જનાર હતી. તે બુઢો આ નાલેશિભરી ખબરના ધગધગતા અંગારથી જળતો પોતાને મકાને ગયો અને કોલસા ભાંગવાનો એક હથોડો પોતાના દગલામાં છુપાવી પોતાના શિકારની પુઠ પકડી. તેને ગુસ્સામાં જતાં જોનાર અને પોતાની બેટીની પાક દામાન લુટનાર ઉપર વેર લેવાના કસમ ખાતાં સાંભળનાર ડજન કરતાં વધુ સાક્ષિઓ હું તમો સનમુખ રજુ કરીશ."

"તે પછી રોજર દીપીંગને જીવતો કોઇએ જોયોજ નહિ, અને જયારે તેની લાસ ઝાડીમાં છુપાવેલી મળી આવી ત્યારેજ માલમ પડયું કે તેનું જાણી જોઈ કરપીણપણે ખુન કરવામાં આવ્યું હતું. ખુન થયું તે વેળા બંધવો તે ઉજડ જગામાં હતો તે અગત્યની બીનાને પણ હું પુરવાર કરી શકશ, જેથી બંધવાના ગુનાહ માટે તમો જુરીના ગ્રહસ્થોને એક લેશ ભાર પણ શક રહેશે નહિ. ખુનની રાતે, બલ્કે ખુન થયું તે વેળાએ બંધવો તે જંગલમાં હાજર રહેલો પુરવાર થાય તો તમો જુરીના ગ્રહસ્થોને ફકત એકજ ઠેરાવ ઉપર આવ્યા વિના છુટક નથી કે બંધવા નીલ લાયનના હાથો અને તેનું અંતઃકરણ ભોળી, ભલી, જવાન અને નિર્દોષ રોઝામન્દના કમનસીબ બાપનાં લોહિથી ખરડાયલા છે."

આ વેળાએ એદેલીનને સર્પે ડંખ માર્યો હોય તેમ તે ચોંકી. પેલા બારીસ્ટરનાં છેલ્લાં વાકયથી તેણીનાં આખાં બદનમાં ધાસ્તીનો વિજળીક પ્રવાહ ફરી વળ્યો, અને તેણીના સુંદર ચેહેરા ઉપરનું સઘળું લોહિ એકદમ ઉડી ગયું. તેની પાસે બેઠેલી લેડી ઓલ્ડકેસલે એદેલીનની આ લાગણીનો જુદોજ અર્થ કીધો. તે સ્ત્રી એમ સમજી કે સરકાર તરફના બારીસ્ટરનાં ભાષણથી તેણીની પણ ખાત્રી થઈ હતી કે નીલ લાયન નિર્દોષ નહિ પણ ખરેખર ગુનેહગાર હતો. પણ એદેલીનની ઉપલી લાગણીનો સબબ જુદોજ હતો.

"એદેલીન! કોઇને ખાતર નહિ તો તારા મુવા બાપનાં ભલાં નામ અને તારાં ખાનદાનની હોરમતને ખાતર તારી લાગણી જરા તો લોકોની ગીબતખોરી નજરથી છુપાવ, બચાવ! એકેએકની નજર તારી ઉપરજ ટીંગાયલી છે અને સઘળાં પામી ગયાંછ કે તું ખુનીને ચાહેછ!" લેડી ઓલ્ડકેસલે ધીમેથી એદેલીનના કાને પડી તેણી તેની કેટલીએક ખેરખાહ હોય તેમ કહ્યું. એદેલીને લેડી ઓલ્ડકેસલને જવાબ દીધોજ નહિ. તે સુંદરી પોતાનાં મન સાથે બબડી, "લોકો અગર એમ

જાણે કે હું તેને ચાહુંછ તો તે ખરીજ બીના છે અને તેમાં મારે શા માટે શરમાવું જોઇએ ?"

આટલું બોલી ખુબસુરતીની તે રાણીએ પોતાની મિઠી નજર પિંજરાંમાં નાસિપાસ બનેલા પણ હિમ્મતથી ઉભેલા બંધવાના ચેહેરા તરફ ફેરવી. સરકાર તરફના બારીસ્ટરે પોતાનું બોલવું હવે ખતમ કરવાથી તેણે પોતાની બેઠક લીધી અને ફરિયાદ પક્ષ તરફના સાક્ષિ તરીકે જે પેહલું નામ પોકારવામાં આવ્યું તે એડમ ચેપસ્ટો નામનો કોલસાની ખાણમાંનો કામદાર હતો.

એદેલીને આ સાક્ષિ તરફ કાંઈ અજબ જીજ્ઞાસાથી જોયું.

સાક્ષીઓની જુબાની.

સરકાર તરફના ધારાના હિમાયતીનાં ભાષણનાં ખતમ થવા સાથે આખી કોર્ટમાં જે ધીમી ધુસધુસ ચાલી રહી હતી, તે સાક્ષિનાં પોકારવામાં આવેલાં નામથી એકાએક બંધ પડી ગઈ. પહેલો સાક્ષિ આપણે ગયાં પ્રકરણમાં જોયું તેમ એડમ ચેપસ્ટો નામનો કોલસાની ખાણ ખોદનારો એક મજુર હતો. તેણે એવી જુબાની આપી હતી કે મરનાર રોજર દીપીંગની લાસને શોધી કાહડવા ગયલી ટોળીમાંનો તે એક હતો. જયારે તેણે જાણ્યું કે મરનાર ગુમ થયો હતો અને તેનો કશો પત્તો હાથ લાગતો હતો નહિ, ત્યારે તે પોતાના બુલ ટેરીયર જાતના કુતરા સાથે મરનારની શોધમાં જંગલમાં ગયો હતો અને તે અસિલ જાનવરની મદદથી, ઝાડીમાં છુપાવવામાં આવેલી રોજર દીપીંગની લાસને શોધી કાહડવા તે શક્તિવાન થયો હતો.

સરકાર તરફના બારીસ્ટરે આ સાક્ષિને નીચે પ્રમાણે સવાલો કીધા :—

"મરનારની લાસ કેવી રીતે પડેલી તને મળી આવી હતી ?"

"તે લાસને જેમ તેમ ઝાડીઓમાં ઝડપથી દાબી દેવામાં આવી હોય એમ લાગતું હતું. તે લાસ આગળ લોહિનું ખબોચિયું બંધાઈ ગયલું હતું. તેનાં માથાં ઉપર ઘણાંજ સખત જખમો પડેલા મેં જોયા હતા. લાસની નજદીકમાં એક હથોડો પડેલો હતો."

બારીસ્ટરે તે હથોડો સાક્ષિને દેખાડી પુછયું. "શું તે હથોડો આએજ હતો કે ?"

"હા, એ હથોડો તેજ છે કે જે મરનારની લાસ આગળ પડેલો હતો. એ હથોડો મરનારનો પોતાનોજ હતો."

સાક્ષિએ ડોકું ધુણાવી જવાબ દીધો, "હું ખાત્રીથી કહી શકુંછ કે એ હથોડો મરનારનોજ હતો, કેમકે સાથે મજુરી કરતાં મેં મરનાર પાસે તે સેંકડો વાર જોયો હતો."

"કદાચ એમ તો નહિ બન્યું હોય કે મરનાર પોતાની મેળે પડી જવાથી મોતને શરણ થયો હોય ?"

"એ કદી પણ બનવાજોગ નથી. મરનારની લાસને જેમ તેમ મોટી મુસ્કેલીથી ઝાડીમાં દાબી દેવામાં આવી હતી, જે અલબતાં કોઈ સામા ધણીના હાથ સિવાય બનેજ નહિ. વળી મરનારની લાસ આગળ લોહિનું ખાબોચિયું બંધાઈ

ગયું હતું. મરનારનું ખુન થયા પછી તેની લાસને ઝાડીમાં છુપાવવા ખુનીએ ઘસડેલી હોવી જોઇએ, કેમકે તેટલી જગાએ પણ લોહિની નિશાની માલમ પડતી હતી. ખુનીએ મરનારનું માથું હથોડાથી ઘણીજ કમકમાટભરી રીતે છુંદી નાખ્યું હતું.”

આ સાંભળતાં એદેલીન માથાંથી પગ સુધી કમકમી. સાક્ષિની જુબાનીથી તેણીની તો ખાતરી થઈજ હતી કે રોજર હીપીંગનું ખુન થયું હતું એમાં તો કશો શક હતો નહિ. પણ તે ખુની કોણ મુઓ હતો ? શું તેણીનો વાહલો નીલ લાયનજ આ કરપીણ કામનો કરનાર હતો ?

આ પછી ઓલ્ડકેસલના બે તબીબોની જુબાની લેવામાં આવી હતી, જેઓએ મરનારનાં શરીર ઉપરના જખમોની વિગત આપતાં જણાવ્યું હતું કે “ તે જખમો પાંચ હતા, જેમાંનો એક પણ જખમ મરનારનું મોત નિપજાવવાને બસ હતો.” તેઓએ ખાત્રીથી જણાવ્યું કે “ મરનારને થયલા જખમો તેજ હથોડાથી થયા હતા.”

આ પછી બીજા પાંચ સાક્ષિઓની જુબાની લેવામાં આવી હતી, જે સઘળાઓએ એવી મતલબનું જણાવ્યું હતું કે મરનારને નીલ લાયન ઉપર વેર લેવાના કસમ ખાતાં તેઓએ અનેક વાર સાંભળ્યો હતો. તેઓમાંના એકે તો એટલાં સુધી જણાવ્યું કે મરનારને દારૂનો જે લખ લાગ્યો હતો તે તેની બેટી રોઝામન્દની નાલાયક ચાલને લીધેજ હતો. તેણે વધુ જણાવ્યું હતું કે મરનારે લાંબી ખંત અને કાળજી પછીજ શોધી કાહડયું હતું કે પોતાની બેટી રોઝામન્દને ફસાવનાર બીજો કોઈજ નહિ, પણ નીલ લાયનજ હતો. વળી મરનારે એ પણ શોધી કાહડયું હતું કે બંધવો નીલ લાયન રોઝામન્દને તેણીની જબાન બંધ રાખવા માટે ચોકસ મુસારો આપતો હતો. મરનારે નીલ લાયનના હાથનાં લખેલાં અનેક કાગળો પકડયાં હતાં, જે પળથીજ તેણે બંધવા ઉપર વેર લેવાના કસમ ખાધા હતા. બીજો સાક્ષિ તીમોથી બીદલ નામનો લોખંડનાં કારખાનાનો કામદાર હતો. તેણે જુબાની આપતાં જણાવ્યું કે “ મરનારની લાસ શોધી કાહડવા ગયલી ટોળીમાં હું પણ હતો. ખુન થયું તે જગો આગળથી સેહેજ દુર એક વોકીંગ સ્ટીકના બે ટુકડા મને પડેલા મળી આવ્યા હતા, જેને મેં નીલ લાયનની વોકીંગ સ્ટીક તરીકે ઓળખી હતી. તે તેજ લાકડી હતી જે બંધવો હમેશ પોતાની સાથે લઈ ફરતો હતો.” આ સાક્ષિએ વધુ અગત્યની જે જુબાની આપી તે એ હતી કે “ લાસ જે જગોએ પડી હતી તે જગોથી બે વારને છેટે મને એક રૂમાલ મલી આવ્યો હતો, જે રૂમાલ લોહિથી ખરડાયલો હતો અને તે નીલ લાયનનો પોતાનોજ હતો.”

“ રૂમાલ મલી આવવા પછી તમે બંધવાને તે બીનાની ખબર આપી હતી કે ? ” સરકાર તરફના બારીસ્ટરે સાક્ષિને સવાલ કીધો.

“ હા, મેં તેજ સાંજે બંધવાને એ રૂમાલવાળી બીના જાહેર કીધી હતી. તેણે મને જણાવ્યું હતું કે તે રૂમાલ તેનોજ હોવો જોઇએ, કેમકે તેણે એક રૂમાલ મંગળવારની રાતે પાસેનાં જંગલમાં ગુમાવ્યો હતો. તેણે મને વધુ જણાવ્યું હતું કે ઝાડી સાથે તેના હાથનો પોંહચો ઘસાવાથી તેમાંથી લોહિ નિકળ્યું હતું અને તે તેણે પોતાના રૂમાલ વડે લુછી નાખી તેનો પાટો બાંધ્યો હતો; પણ તે પાટો ઢીલો હોવાથી રૂમાલ કેથે સરી પડેલો હોવો જોઇએ.”

ઝાડીના એક ઘસાડાથી આટલું બધું લોહિ નિકળવા પામે એ બિલકુલ અશક્ય હતું એમ તમે બંધવાને કહ્યું હતું ? ”

સાક્ષિએ જવાબ દીધો કે "નહિ, મેં તેને તેમ કહ્યું તો નહિ હતું, પણ મનેજ એમ લાગ્યું કે બંધવો જુઠું બોલતો હતો. તેણે મને પોતાનો પોંહચો કાંઈક બેદરકારીથી દેખાડયો હતો, પણ તે ઘસાડો જોતાં મને લાગ્યું કે આવા નજીવા ઘસાડામાંથી નિકળેલાં લોહિથી રૂમાલ એ પ્રમાણેનો તરબોર થાય નહિ."

આ જુબાનીથી આખી કોર્ટ ઉપર જબરી અસર થવા પામી. જેઓ નીલ લાયનને હમણાં સુધી નિર્દોષ માનતાં હતાં, તેઓના વિચાર પણ હવે ડગમગવા લાગ્યા. લેડી ઓલ્ડકેસલે પોતાનું મોહડું મતમતાવ્યું. તેણીના ચેહરા ઉપર ખુશાલી પ્રગટી નિકલી. ગરીબ બિચારી એદેલીન! તેણીનું આખું તન બદન ઘભરાટથી પાણી પાણી થઇ ગયું હતું. તેણીએ પિંજરાંમાં ઉભેલા બંધવા તરફ નજર કીધી તો તેણીને માલમ પડયું કે તેના ચેહેરા ઉપર વેદનાનો છાપ પડેલો હતો. તેણીએ તેના ચેહેરા ઉપરથી બારિકાઇથી જોયું કે ઉપલી જુબાનીથી તેનું અંતઃકરણ જખમી થયું હતું. આ નિશાની તેણીને લાગ્યું કે તેનાં નિર્દોષપણાંની હતી. આવા ખ્યાલથી તે સુંદરીએ છુટકારાનો દમ ખેંચ્યો.

બીજીજ પળે સાક્ષિ તરીકે રોઝામન્ડ ફ્લોયર્નુ નામ પોકારવામાં આવ્યું. આથી આખી કોર્ટ જયાં હમણાં સુધી શાન્તીનું રાજ્ય ચાલતું હતું ત્યાં પાછી ધીમી ઘુસઘુસ શરૂ થઈ.

જુલિયન અને લાયન.

રોઝામન્ડ દીપીંગ સાક્ષીનાં પિંજરાંમાં આવી ઉભી. લોકોએ જોયું કે તે નબળા બાંધાની એક સ્ત્રી હતી. તેણીના ગોલ ઘટમદાર ચેહેરાએ નિરંતર આંસુઓ વેહવાનાં કારણથી પોતાની ખુબસુરતી ગુમાવી દીધી હતી. ચાલુ ચિંતા અને નાઉમેદિએ તે એક વેળાના મનહરણ ચેહેરા ઉપર જબરી બુરી અસર કીધી હતી. તેણીના હાથો ઉઘાડાજ હતા. તે હાથોમાં હલકી કિસમની, એક પાતલી, કાળી શાલ તેણીએ પકડેલી હતી. પણ તે નાજુક પતલા હાથો થરથર ધ્રુજતા હતા. તેણીએ પોતાની પેહલી નજર દયા અને દલગીરિના ભેગા દેખાવ સાથે બંધવા નીલ લાયન તરફ ફેરવી, જે પછી તેણીએ બીહતાં ધ્રુજતાં આખી કોર્ટ તરફ નેગાહ કીધી. જડજ યા જુરી તરફ જોવાની તો તેણીએ હિમ્મત કીધીજ નહિ. સોગંદ લેતી વેળા તેણીનો અવાજ ધ્રુજતો હતો, જબાન લથડી ગઈ હતી. તેણીએ હિમ્મત રાખવાને પોતાથી બનતું કીધું પણ વ્યર્થ. તેણીનો ઘભરાટ લોકોને ખુલ્લે ખુલ્લો માલમ પડતો હતો. શરૂઆતમાં સરકાર તરફના ધારાના હિમાયતીએ તેણીને કેટલાક વગર અગત્યના સવાલો પુછી કાંઈક હિમ્મત આપવા જેવું કીધું ખરૂં. આ સવાલોના જવાબો તેણીએ તુરતાતુરત અને જરા પણ ઘભરાવા વિના આપ્યા હતા.

"ડીસેમબર માસની તા૦ ૧૦ મી અને મંગળવારની રાતે, જે જંગલમાં તમારો બાપ પાછળથી મરણ પામેલો માલમ પડી આવ્યો હતો તે રાતે, તમો તે જંગલમાં ગયાં હતાં?"

"હા, હું ગઈ હતી."

"તમે તે જંગલમાં બંધવાને મળવા ગયાં હતાંની?"

"હા!"

"તમોએ એકબીજાને મળવાનું આગળથી નકી કીધું હતું ની?"

"હા, મને નીલ લાયનને સાડાનવ વાગે મલવાનું હતું."

"તમે ગયાં ત્યારે બંધવો તમારી રાહ જોતો ત્યાં ઉભો હતો?"

"હા સાહેબ, તે તે જંગલમાં હતો, પણ મેં બંધવાને તે વખતે સાડા દશ વાગા સુધી જોયો હતો નહિ."

"હં! પણ જયારે બંધવો તમોને મલ્યો ત્યારે તેણે કાંઈ ખુલાસો કીધો હશેની કે આટલો વખત શું કામમાં તે રોકાયો હતો?"

"હા!"

"તેણે તમોને શું જવાબ દીધો?"

"તેણે મને જે કહ્યું તે છુપું રાખવાને જણાવ્યું હતું. મારે તે કબુલાત પાળવી જોઇએ," રોઆમન્દ ધ્રુજતા અને લથડતા સાહદે જેમ તેમ બોલી અને તે દુઃખી સ્ત્રી કોર્ટમાં ફોકેફોક રડી પડી.

પણ એટલામાં કોર્ટનો ઉઠવાનો વખત થવાથી નીલ લાયનની તપાસ બીજા દિવસ ઉપર મુલતવી રાખવામાં આવી હતી.

* * * * * *

ઉપલા દિવસની તપાસ પુરી થવા પછી થોડાજ કલાકમાં લેનકેસતરની જેલ આગળ જુલિયનની ગાડી આવી ઉભી ત્યારે સાંજનો સમય વહી ગયો હતો અને લગભગ અંધારૂં થયું હતું. જુલિયનની નેમ નીલ લાયનને કેદખાનામાં એકલો મળવાની હતી. અગરજો જુલિયનને બદલે કોઈ ગમે તેવો બીજો સાધારણ પણ વધુ આબરૂદાર શખ્સ નીલ લાયનને તેની કેદી હાલતમાં મળવા આવ્યો હતે તો કદી પણ તેને તેમ કરવાની રજા મલી શકતે નહિ. પણ રજા માંગનાર લોર્ડ ઓલ્દકેસલ જેવો ઉમરાવી પદ ધરાવનારો શખ્સ હોવાથી અને જેલના ગવરનરને તેની સાથે અનેક વાર ખાણું લેવાનું માન મળેલું હોવાથી લોર્ડ ઓલ્દકેસલને નીલ લાયનની મુલાકાત લેવામાં કશી પણ મુશકેલી નડી નહિ.

આ મુલાકાતનો ભેદ કાંઈ ઓરજ હતો. જુલિયનને બંધવા નીલ લાયન સાથે એક ઘણીજ અગત્યની ચોકસ વાત કરવાની હતી. તે કાંઈ બંધવા તરફની દયા અને દિલસોજીથી ત્યાં ખેંચાઈ ગયો હતો નહિ, કારણ તે તેનો કેવો "હેતનો કટકો" હતો તે તો આપણે અત્યાર આગમચનું જોઇ લીધું છે. પણ ખુદ તેની પોતાની મતલબ તેને બંધવા નીલ લાયનની મુલાકાતે દોરવી લઇ ગઇ હતી. આજેજ એદેલીનની વડી બેહેન દોરા તરફથી એક એવો ભેદ તેની આગલ ખુલ્લો થવા પામ્યો હતો કે જે ભેદ તેના બાપનાં મોત પછી તેનું અંતઃકરણ કોતરી ખાતો હતો. આ ભેદ તેના વડા જોડિયા ભાઇ રોડ્રીકને લગતો હતો જે જાહેરમાં મુવેલો છતાં પોતાના જેવોજ જીવતો અને જાગતો હતો. તે એમજ સમજતો હતો કે આ ભેદ તેના સિવાય બીજાું કોઇ જાણતું હતું નહિ; પણ જયારે તેને માલમ પડયું કે રોડ્રીકના ભેદથી દોરા ઉપરાંત બંધવો નીલ લાયન પોતે પણ વાકેફગાર હતો ત્યારે તેના ધભરાટનો પાર રહ્યો નહિ. આ અગતની ખબર આપનાર દોરાજ હતી અને નીલ લાયને રોડ્રીકને ઓળખવાની બાતમી પણ દોરાએજ આપી હતી. જે રાતે રોજર દીર્પીંગનું ખુન થયું તેજ રાતે અને તેજ જંગલમાં નીલ લાયનની

નજરે રોડ્રીક પડયો હતો. રોડ્રીકે આ ખબર દોરાને આપી હતી અને દોરાએ એ બીનાથી જુલિયનને ખબરદાર કીધો હતો. રોડ્રીક અને દોરાને મોટી ધાસ્તી એ હતી કે રખેને લાયન ફાંસી જતી વેળાએ યા તે આગમચ આ ભેદ ખુલ્લો કરે. રોડ્રીકના આગ્રહથી દોરા લાયનને તેનાં બંદીખાનામાં વટીક મલી આવી હતી, પણ લાયન એકનો બે થયો હતો નહિ. આથી દોરાના ધ્રબરાટનો પાર ન રહે એ સેહેલથી સમજી શકાય એમ હતું. તે લાગલી જુલિયન સોટે દોડી ગઈ, જેનું પરિણામ એ આવ્યું કે જુલિયને પોતે લાયનનાં મોહડાંનું કુલુફ સોનાની ચાવીથી બંધ કરવાનું માથે લીધું.

આપણે ઉપર જોયું તેમ જયારે તે બંદીખાના આગલ આવી પુગ્યો ત્યારે સાંજનો વખત વહિ ગયો હતો અને લગભગ અંધકાર ફેલાયલો હતો. જુલિયન ગાડીમાંથી ઉતરી આસપાસ નજર કરવા વિના બંદીખાનાના ગંજાવર દરવાજામાં દાખલ થયો. ત્યાંના એક અમલદારની મદદથી નીલ લાયનની જગા શોધી કહાડતાં તેને વિલંબ લાગ્યો નહિ. તે લાયનની કોથડીમાં દાખલ થયો ત્યારે તેણે તેને બેડીથી જીકડાયલો જમીન ઉપર ફસડાઈ પડેલો દીઠો. તેનો ખુબસુરત ચેહેરો તેણે જોયું કે એટલો બદ્લો તો બદલાઈ ગયો હતો કે જાણે તેણે વર્ષોની બિમારી પછી તુરતનુંજ માંદગીનું બીછાનું છોડયું હોય !

લાયન જમીન ઉપર પોતાની નજર ફેરવી બેઠો હતો, પણ જુલિયનનાં પગલાંનો સંસારો સાંભળતાં તેણે પોતાની નજર ઉંચી કીધી અને અજાયબિથી ફાટેલા ડોળા અને ભારે કમકમાટ સાથે તેણે તેની તરફ જોયું.

"કોણ, લોર્ડ ઓલ્ડકેસલ ?" નીલ લાયન પોતાની સામે જુલિયનને જોઇ ભારે કચવાટ અને કમકમાટની તિક્ષણ લાગણીથી પોકારી ઉઠયો.

"હા, હું લોર્ડ ઓલ્ડકેસલ છું. લાયન, તને આવી સિહા નામોશી અને નીચી અને હલકી સ્થિતિમાં જોઈ હું ખરેખર દલગીર છું. લાયન, હું કેતું ઇચ્છુંછ કે તું આ ખેજાલતભરી હલકી હાલતમાંથી સલામત બચવા પામે, જોકે મને તો મોટો ભય છે કે તારી જીંદગી સલામત રહે એ નહિ બનવા જેવું છે. આજની સાક્ષિ ગવાહીથી તેં પોતે પણ તારી મિઠી જીંદગીથી હાથ તો ધોયાજ હશે! પણ ખુન જેવાં ધંભીર તોહમતની કાળી ટીળી સાથે જુરીના ન ધારેલા ફાંટાથી છુટી જવા કરતાં હું ખાતરીથી માનુંછ કે તું ફાંસીના માચડાને વધારે પસંદ કરશે, નહિ ?"

જુલિયનના દિલસોજીના સાદ્યામાં ઓચરાયલા ઉપલા નવાઈ સરખા સખુનોથી નીલ લાયને પોતાની જીભ કરડી. તજયાંથી તે ટાળવાં સુધી આવા સખુન ઓચરનાર જુલિયન માટે કમકમાટની લાગણીનો એક ઝટકો બોલ બોલતાંમાં તેનાં શરિરમાં ફરી વળ્યો. મોટા ધિક્કાર સાથે જુલિયનને માથાંથી પગ સુધી ધારી ધારી જોઇને તે બોલ્યો, "નામદાર લોર્ડ ઓલ્ડકેસલ, મારી તરફની તમારી આ રીતની લાયકી, દયા ને દિલસોજી જોઇ હું બેહદ ખુશી છું ! પણ અહિં સુધી ચાલી ચલાવી આવવાની તમોને શી જરૂર પડી ? ખાસ મારી દયા ખાવા માટેજ અને મને ફાંસીના માચડે ચહડવાની સલાહ આપવા માટેજ તમોને આવવું પડયું હોય તો હું તમારૂં હેસાન માનુંચ."

જુલિયનની છળ-કપટભરી આંખ્યો ચોપાસ ફરતી રહી હતી. કેમકે તેને મોટી ધાસ્તી હતી કે તે જે છુપી વાત કરવા લાયનનાં બંદીખાનામાં ચાલી ચલાવીને ગયો હતો તે વાત કોઇ બીજો ધણી સાંભળવા પામે નહિ. તુરંગના દારો-

ગાને તો તેણે પેહેલેથીજ સોનાની લાલચથી જીતી લીધો હતો. પણ પાપીનું અંતઃકરણ દર પળે તેને ડંખતુંજ રહે છે. એવોજ આબાદ હાલ જુલિયનનો હતો. તેને દર પળે મોટી ધાસ્તી એજ હતી કે રખેને તેના વડા ભાઇને લગતો ભેદ-ભરમ જાહેરમાં આવે! આપણે જાણ્યે છિએ કે એજ કારણને માટે તેને બંદીખાનામાં પોતાના હરીફ લાયનની મુલાકાત લેવાની ફરજ પડી હતી. જોકે લાયન સાથે કોઇ પણ રસ્તે સંબંધમાં આવેલો જાહેરમાં આવવાને તે બિલકુલ નારાજ હતો, તોપણ તેમ કરવા વિના તેનો બીજો છુટક હતોજ નહિ. તેનો વડો ભાઇ રોદ્રીક તેને મનથી કવાબમાં હાડકાં તરીકે એકાએક ફુટી નિકળેલો હોવાથી તે માટેની સાહુચેતી તેની મોટામાં મોટી ફરજ થઇ પડી હતી. તેના વડા ભાઇ રોદ્રીકને ખુનવાળી રાતે તેજ ભયાનક જંગલમાં લાયને જોયો હતો એમ જે પળથી તેણે જાણ્યું તે પળથી તેના ધભરાટનો પાર રહ્યો નહિ.

"લાયન, મારે ખુલ્લે ખુલ્લું કહી દેવું જોઇએ કે તને અહિં સુધી મળવા આવવાનો સબબ તારી તરફની કશી દયા અને દિલસોજીનો છેજ નહિ. એક ખુની તરફ દિલસોજી દેખાડવી એ અમીરોનું કામ નથી. બોલ હું શા માટે આવ્યોછ તેનો કાંઇબી ખ્યાલ તને આવેછ?" જુલિયન લાયનના ફિક્કા ચેહેરા ઉપર નજર કરી બોલ્યો.

લાયન એક બે પળ વિચારમાં ગર્ક રહ્યો. જુલિયનની નેમ સમજી જવાનું કામ ફક્ત એક બે પળનુંજ હતું. તે તરતજ પામી ગયો કે બંદીખાનામાં તેની મુલાકાત લેવાની તે ઉમરાવની નેમ શી હતી. તેને સમજી જતાં વાર લાગી નહિ કે જે કામ માટે દોરા તેને બંદીખાને મળી ગઈ હતી, રોદ્રીકને જંગલમાં ખુનવાળી રાતે તે મળવા પામ્યો હતો એ બીના જાહેરમાં નહિ લાવવાને જેમ દોરા તેને વિનવી ગઈ હતી તેજ કામ માટે જુલિયન તેની પાસે બંદીખાનામાં ચાલી ચલાવી આવ્યો હતો. લાયન તે જાહેર કરવાની અણી ઉપર હતો તેવોજ જુલિયને તેમ, કરતાં તેને વારી કહ્યું, "સબર! હું માનુંછ કે મારી મતલબ તું પામી ગયોછ. તારે મોહડેથી તે નામ બાહર પડે એ હું ઇચ્છતો નથી. બસ ખામોશ! મારા ભાઇની એબ અને બદચલણનો પડધા તારા જેવાના હોઠોથી સાંભળવાની ખેલલત હું ખમી શકવાનો નથી. હું એજ બાબદ માટે તારી આગળ ચાલી ચલાવી આવ્યોછ, તો તારે હવે ત્રણ લાકડે ચહડતી વેળા ખુશી થતું જોઇએ છે. બોલ તેથી તું શું કેહેછ? તું તારાં નજદીક આવતાં મોત વેળાએ એક નહિ પણ બે નિર્દોષ બાળાઓનો આશીર્વાદ મેળવવા ચાહેછ કે નહિ? કે જેથી તારાં રૂહને શાન્તિ મળવા પામે!"

જુલિયનનાં આવાં ભેદભર્યાં, પણ દેખઇતાં કડવાં વેણથી લાયનને એવો તો ગુસ્સો ચહડયો કે તે અણગમતી મુલાકાતનો અહિંજ છેડો આણે; પણ તે આવું ઉતાવળ્યું પગલું ભરતાં અટકયો. તેને કમનસીબ દોરા માટે ઘણું લાગતું હતું. જે પળથી દોરાએ તેની મુલાકાત પોતાના બદચલણના ખાવિંદ રોદ્રીકના સંબંધમાં લીધી હતી અને જે પળથી તેણીની કાકલુદી અને આજીજીને તેણે દલગીરી સાથે નામંજુર કીધી હતી તે પળથી લાયનનું અંતઃકરણ જખમી થઈ ગયું હતું, તેણીના દર્દનાક અવાજથી તેનું જીગર ચાકચાક થઈ ગયું હતું, હલાક થઈ ગયું હતું, પણ તે લાચાર હતો. તેને પોતાના પેદા કરનાર સાહેબ તરફની ફરજ બજાવવાની હતી.

"લાયન, મેં મારા ભાઈ રોદ્રીકની ઓરત દોરા તરફથી સાંભળ્યુંછ કે તેણીની અરજ તેં નામંજુર કીધીછ. તે ફિરેસ્તા ખસલત બાનુને નાઉમેદ બનાવી તેં અહિંથી જવા દીધીછ."

"હા, મારા લોર્ડ !" લાયને સભ્યતા ખાતર જુલિયનને "લોર્ડ"નો ખેતાબ લાગુ પાડયો હતો, પણ તેમ કરતાં તેને લાગ્યું કે તે ખોટું કરતો હતો, કારણકે ખરો લોર્ડ તો રોદ્રીક હતો, જેને લોકે સારી જેહાન મુવેલો માનતી હતી, તોપણ ઓલ્ડકેસલના અમીરી પદના ખરા વારેસ અને દાવાદાર તરીકે તે હૈયાત હતો. જુલિયન તો માત્ર વેશધારી લોર્ડ હતો, જેને સારી જેહાન ખરી હકીકતનાં અંજાણપણાંમાં ખરેખરો લોર્ડ માનતી રહી હતી. પણ ખરો લોર્ડ કોણ હતો તે તો નીલ લાયન ખુનવાળી રાતેજ જાણી ચુકયો હતો, અને તેનું મોહડું બંધ કરવા માટેજ જુલિયન તેને મલવા ગયો હતો.

લાયન બોલ્યો, "મેં દોરાને એટલાં માટે નાઉમેદ કીધી કેમકે સચ્ચાઈની દેવી તે વેળાએ મારાં અંતઃકરણમાં અને નજરની સામે વાસો કરી બેઠી હતી. એક ખોટાં કામને ટેકો આપવાને મારૂં અંતઃકરણ કદી મને પરવાનગી આપે નહિ, માટે હું નાચાર હતો. દગા ફટકામાં સામેલ થવામાં, મારા લોર્ડ, મોટું પાપ છે, ખુદરતનો મોટામાં મોટો શ્રાપ છે."

લાયનના આ શબ્દોથી જુલિયન તદન ફગલાઈ ગયો. તે સમજી શકયો નહિ કે લાયન આ રીતે બોલી તેનું (જુલિયનનું) કેટલી હદ સુધી નખોદ વાળતો હતો. લાયન તરફ ધિક્કારની નજર કરી તે બોલ્યો, "સાહેબ, તમો તો કેવા તમારી ઇમાનદારી, હોરમત અને આબરૂ ઇજ્જત માટે બહુજ ઉંચો ખાલ ધરાવતા દેખું!"

"અલબતાં! કેમકે ઇમાનદારી અને આબરૂ મારી એકલી મિરાસ છે, જે હું મારાં મોત પછી મારી માતા માટે આ જેહાનમાં મેલી જનાર છું. અમો ગરીબો અમારી હોરમતને દોલત ગણીએ છિએ, જયારે તમો તવંગરો સોનુ, હિરા અને મોતીને પાક ગણોછ, હોરમત ને આબરૂને ખાક માનોછ. પણ હું ગમે તે થશે તોપણ સચ્ચાઇનેજ વળગી રહીશ, તેજ અમ્મર ગુણોને મારો રાહબર ફિરેસ્તો બનાવીશ. મને જન્મ આપનાર માતાએ મારાં મજ્જામાં ઠસાવેલી નેકી નીતિને અને તેણીનાં ધાવેલાં દુધને હું સાચ્ચો નહિ નિવડું, તો બોલો સાહેબ, મને પેદા કરનાર કિરતાર અને મને જન્મ આપનાર મારી માતા તરફની પાક ફરજ મેં કેમ બજાવેલી કેહેવાય? પણ અફસોસ! કે એજ કાંઇ એકલું કારણ નથી. મારે માટે સચ્ચાઇને વળગી રહેવાને બીજો પણ એક સબબ છે, જેને ખાતર, જે પ્યારા, મિઠા, મનમોહન, જીવડાને ખાતર મારે સચ્ચાઇમાંજ મરવાની મારી આઇન ફરજ છે, મારે માથે ગોયા તેમ કરવાનું કરજ છે."

જુલિયનનાં આખાં તનબદનમાં અદેખાઇનું કાતિલમાં કાતિલ ઝેર ફરી વળ્યું. તે તરત સમજી ગયો કે બીજા જે જીવડા માટે લાયને ઇસારો કર્યો હતો તે કોઇજ નહિ, પણ એદેલીન હતી. એદેલીનનાં પાક નામનો ઇસારો ખુની લાયનને મોહડેથી નિકળતો સાંભળી જુલિયનનું લોહિ એવું તો ઉકળી ઉછળી આવ્યું કે તેજ પળે તે બંદીવાન લાયનનો તોટો પીસે. પણ નહિ. બીજીજ પળે જુલિયને પોતાનો ગુસ્સો સમાવી દીધો કેમકે તે જાણતો હતો કે આ પળે તેની પોતાની ગરજ હતી, ગુસ્સાનું આબ પી જવાની તેની આઇન ફરજ હતી. આથી તે પોતાનું મોહડું લગાર હસતું કરી બોલ્યો, "અલબતાં, હું તારૂં મોહડું, મારા ભાઇના સંબંધમાં, વગર કીંમતે બંધ રખાવવા માંગતો નથી. મને કહે કે તારાં કામના બદલામાં તું કેટલાં દામની ખાએશ રાખેછ? બોલ, એક હજાર પાઉન્ડ બસ થશે કે વધુ રકમની આશ છે?"

લાયનને ચુપ બેઠેલો જોઇ જુલિયન સમજ્યો કે આટલી રકમ તેના ખ્યાલમાં આવવા પામી નથી, જેથી તે પોકારી ઉઠયો, "અરે લે, એક નહિ તો ત્રણ હજાર પાઉન્ડ, બલ્કે ચાર હજાર, છેવટ પાંચ હજાર પાઉન્ડ. કેમ કબુલ છે?"

"નહિ, સાહેબ! હું દલગીર છું કે તમારો સખુન રાખી શકતો નથી, તમારી માંગણી હું સાંખી શકતો નથી. જાવો સાહેબ જાવો, ખુદા ખાતર મારૂં સર ના ફેરવો, મને આ દુનિયાની ખોટી લાલચ આપી નાહક ના સતાવો! મને એવું અપમાન ના કરો!" આટલું બોલી જાણે તે ખોટી લાલચ તરફ ઝાંખીને જોવા પણ નહિ માંગતો હોય તેમ તેણે પોતાની બંને આંખ્યો પોતાના બંને હાથોએ ઢાંકી દીધી.

"નાદાન!" લાયનનો આવો વિચાર જોઈ જુલિયન ગુસ્સા અને ચિરડાટથી ઉશ્કેરાઈ બોલ્યો, "યાદ કર કે જે દિવસ જાય છે તેમાં તું ફાંસીને માચડે લટકવાનો છે. તારાં સર ઉપર ખુન જેવા જબુન અપરાધનું આળ છે, તારા મુવા બાદ તારી માતાનોબી કાંઈ ખ્યાલ છે? યાદ કર કે તારા ફાંસી જવા બાદ તેનું શું થશે? તેણીનું ગુજરાન કોણ કરશે? એક ખુનીની માતાને કોણ આશ્રો આપવાનું છે? અરે! તે બિચારીને કોઇ પોતાની આગલ ઉભી પણ નહિ રાખશે તેનો તો તું વિચાર કર! નાદાન, તે નિરાધાર સ્ત્રીનો ખ્યાલ કરી પછીજ મારી માંગણી નાકબુલ કર. ને તારી માતાની જીંદગી ધુળમાં ભર."

"સાહેબ, મારી ભલી, ફિરેસ્તા ખસલત માવતરને મારી નજર સનમુખ રાખીનેજ તમોને કહુંછ કે તમારા પાંચ હજાર પાઉન્ડ તો શું પણ તમારી તમામ દોલત મારૂં મોહડું બંધ કરી શકશે નહિ," લાયન મક્કમ ઠરાવ સાથે બોલ્યો.

જુલિયન તો બેબાખરા સરખો બની બેઠીથી જીકડાયલા પોતાના હરીફને ધારી ધારી જોતોજ ઉભો. તે સમજી શકયો નહિ કે લાયન આ બધું શું ખરાં અંતઃકરણથી બોલતો હતો કે ફકત સાચવટનું ખોટું ડોળ ઘાલી લાહેરી મારતો હતો. પાંચ હજાર પાઉન્ડ જેવી ગંજાવર રકમ ફાંસીને માચડે લટકતી વેળાએ એક ખાકી ઇનસાન ના પાડે એ તેનાં હલકાં અને સાંકડાં મગજમાં ઉતરી શકયુંજ નહિ. તોપણ લાયનના ઉપલા મક્કમ જવાબથી તે પાછો હઠી ગયો નહિ. તે દયામણું મોહ કરી બોલ્યો, "જે બેટો મરતી વેળાએ પોતાને જન્મ આપનાર માતાની ભલી યાદને સાચ્યો હોય તે કદી પણ પોતાના મુવા બાદ પોતાની માતાને માટે આવતી દોલતને આ પ્રમાણે ઠોકર મારે નહિ."

લાયન શાન્તપણે અને ઠરાવથી બોલ્યો, "સાહેબ, હરામની દોલતથી હું મારી માતાને નવાજું તે કરતાં બેહતર કે તે ભલી માતા લાખ દુઃખો ખમે, ભુખે તવળે! પણ હું મરતાંબી મારી પાકજાદ માદરને હરામની દોલત ઉપર જીવવા દેવશ નહિ, અને તેણી પોતે પણ અગર જાણે તો આવી દોલતને ઠોકરે ઉરાડે. જે ઇનસાન નહિ તેજ હરામ માલપર મરેછ, પણ જે ઇનસાન છે તે સચ્ચાઇ અને સારાં નામપર જીવલું દેયછ."

"અરે બુબખ! આ બધી તારી ફિલસુફી હવે બાજુએ રેહેવા દે. અમસ્થો નામપર ના મર, મર તો દામપર મર."

"નાદાન, હું તારા ખેરખાહ તરીકેજ તને આ કીમતી સલાહ આપુંછ! ચાલ હવે ડાહ્યો થઈ જા!" જુલિયને સમજાવટ ચાલુ રાખી.

નીલ લાયન આ સાંભળતાંજ ધિક્કારથી હસી બોલ્યો, "ખેરખાહ! તમે ખેરખાહ કયે દાહડેના? તમે મારા ખેરખાહ નહિ, પણ બદખાહ છો, કેમકે ખરો

ખેરખાહ તો તે છે જે પાપ બંધનથી છોડવે! પણ તમે તો મને સામા પાપમાં ગિરફતાર કરવા આવ્યાછ, હરામની દોલતમાં હમશરિક થવા સમજાવવા આવ્યાછ."

આટલું બોલી લાયને જુલિયન તરફથી પોતાનું મોહડું ફેરવી દીધું અને નીચી મુડીએ જમીન ઉપર ટીકતોજ બેઠો. જુલિયન લાયનની આવી અજબ ચાલથી બિલકુલ ફગવાઇ ગયો, ધબરાઇ ગયો. તેને હવેજ ખ્યાલ આવ્યો કે ગરીબોમાં પણ માનની તિક્ષણ લાગણી હોય છે. પોતાની ગમે તેવી ગરીબાઇમાં પણ તેઓ સંતોષ માની લઇ હરામની દોલતને આટલી બધી હદ સુધી ધિક્કારને પાત્ર ગણે છે. પણ હવે કરવું કેમ? લાયન જેવા હઠીલા જવાનનું મોહડાંનું કુલુફ સોનાની ચાવીથી તો બંધ થઈ શકવુંજ નથી, તો હવે બીજી કઇ જાતની કળકુંચીની તેની ઉપર અજમાયશ લેવી કે જેથી રોદ્રીકનો ભેદ ભરમ તેનાં મોહડેથી બાહર આવતો અટકે.

તરતજ એક ન ધારેલો ખ્યાલ જુલિયનનાં મજ્જમાં ધસી આવ્યો. આ ખ્યાલ માટે તે પોતાને મુબારકબાદી આપવા લાગ્યો. તેણે ખાતરીથી માન્યું કે જે ખાકી ઇનસાન હજારોની દોલતને ઠોકરે મારે તે ઇનસાન આ નવા ખ્યાલથી જરૂર આજેઝ થઇ પિગળી જશે, અને આવી રીતે જે કામ દોલતના દરંગથી નહિ બની શક્યું તેજ કામ એક પાઇના પણ ખરચ વિના પાર પડવાના ખ્યાલથી જુલિયને નીલ લાયનનાં ખભાં ઉપર હાથ મેલ્યો. જુલિયનના હાથના સ્પર્શથી લાયન કમકમયો, ગોયા કોઇ ઝેહરી અઝદાહે તેને ડંખ માર્યો હોય તેમ ચોંકી તેણે પોતાને સતાવનાર જુલમગાર તરફ ફાટેલા ડોળાએ જોયું.

વાઘ અને ઘેટું.

જ્યારે જુલિયન મોટી દોલતની ખોટી લાલચથી નહિજ ફાવ્યો ત્યારે તેણે એક વધુ નીચ યુક્તિ લગાવી અને વધુ બેશરમી ભરેલો રસ્તો અખત્યાર કીધો. કેટલાક તવંગરોની પેહલી નજર દોલત તરફજ ખેંચાય છે, જયારે ગરીબોની સર્વેથી પેહલી નજર પોતાની આબરૂ ઇજત તરફ દોડે છે. તવંગરો પોતાની બેઇજતી સોનાના દરંગથી ઢાંકી શકે છે, જયારે ગરીબો માટે તેવું કશું સાધન નહિ હોવાથી તેઓ દોલત કરતાં આબરૂ ઈજતને વધુ પસંદ કરે છે. બાઝે વખત અસંતોષી ગરીબો તવંગરોની તવંગરી જોઇ તેવું દ્રવ્ય મેળવવાના ખોટા પછાડા મારે છે, પણ અગરજો દ્રવ્ય જેમ જુલિયનના બાબમાં બન્યું છે તેમ પાપોનું મુળજ હોય તો એવાં દ્રવ્ય કરતાં સંતોષી ગરીબાઇને સો ભલાઈ. લોર્ડ બેકન કહી ગયો છે તે શું ખોટું છે કે મગરૂર બનાવનારૂં દ્રવ્ય મેળવતો ના, પણ ઇનસાફથી મેળવી શકાય, સુખથી નિર્ભયપણે ભોગવી શકાય, આનંદથી બીજાને આપી શકાય અને સંતોષથી છોડી શકાય એવું દ્રવ્ય મેળવજે. ખરેખર એ જાતનું દ્રવ્ય તે ખરૂં દ્રવ્ય છે અને એવું દ્રવ્ય મેળવનાર ખરો સુખી છે. બાકી મિથ્યા સર્વે જર છે, ક્લેશ અને કંકાસનું ઘર છે. આપણા આ કિસ્સામાં ઉપલી લીટીઓમાં લખેલું આબાદ ખરૂં પડે છે, જે આપણે આગળ વધતાં જોઇશું.

જુલિયને જયારે જોયું કે લાયનનાં મજ્જ ઉપર તેનાં જરની લાલચથી તે કશી પણ અસર ઉપજાવી શક્યો નહિ, ત્યારે તેણે, આપણે ઉપર જોયું તેમ, વધુ બેશરમ અને નીચ ઇલાજ પોતાના હાથમાં લીધો. તે મગરૂરીથી, ધિક્કારથી અને

પોતાને ફતેહ મલવાની પુરી ખાતરી સાથે બોલ્યો, "જયારે તું મારી બાદશાહી માંગણીને તરછોડીજ કાહડેછ, તો લે હવે સાંભળ કે આ દોજખખાનામાંથી તારા જેવા ખુની શેહતાનની નજદીકથી નિકળવા પછી હું સારી જેહાનને આશકારા કરીશ કે રોજર દીપીંગનાં ખુનની રાતે તારી તાલેવંત પણ ભોળી, ભલી શેઠાણી પોતાના નોકર ખુની લાયનને પોતાની રાજીખુશીથી તેજ ઉજ્જડ જગોએ એકલી અને અંધારી રાતે મલવા ગઈ હતી, કે જયાં બિચારા દીપીંગનું ખુન થયું હતું, કારે જખુન થયું હતું. તે ભોળી સ્ત્રી વળી તેજ ખુની સાથે બે કલાકના લાંબા અરસા સુધી રહી હતી અને જયારે એ પાપી મુલાકાત દરમ્યાન કમનસીબ રોજર દીપીંગ તે જગે જઇ ચહડયો ત્યારે તે તે સુંદરીના યારથી ઠાર થયો, આ દુનિયાથી પાર ગયો!"

આટલું બોલતાં જુલિયનની આંખ્યો અજબ જેવી રીતે પ્રકાશી રહી. આ પ્રકાશ બેશરમ કિનાની ફતેહનું ગોયા કિરણ હતું, જેના તાપથી લાયન એટલો તપી ગયો કે પોતાના જાન કરતાં વાહલી બાનુનું આવું શરમભરેલું અને નીચ અપમાન કરનારનો ટોટો તેજ વેળાએ પીસવા તેણે મોટાં જોશ સાથે ઉઠી પોતાના બંને હાથો ઉંચા કીધા, પણ સારાં નસીબે કહો કે બુરાં નસીબે કહો, તે તેમ કરી શકયો નહિ. તેના બંને હાથો લોખંડની જંજીરથી જકડાયલા હતા. જયારે તેણે પોતાને બિલકુલ લાઇલાજ જોયો ત્યારે તે આજેઝ બની પોકારી ઉઠયો, "અરે જરા તો દયા કર, ઓ શેહતાન! જરા તો ખોદાથી ડર!"

જુલિયન પોતાની સામે લાયનને લાઇલાજ બનેલો જોઇ કઠોર સાદે હસી પડયો! તેના આ પ્રમાણે હસવાથી લાયનના ગુસ્સો માયો સમાયો ગયો નહિ. તેણે ઘણુંએ ઇચ્છયું કે ખુદા આવા નીચ બેશરમ ગીબતખોરને તેજ પળે ઇનસાનની સુરતમાંથી પથરની મુરતમાં ફેરવી નાખે! તેની ઝેરી જબાનને કાંટા અને કવચથી રેજરેજ બનાવી મેલે! જે પ્યારી, મનમોહન સુંદરીનો એક બાલ પણ વાંકો થતાં પોતાનો જીવ પટકી નાખવાને તૈયાર તેજ ફિરેસ્તા ખસલત બાનુને કરવામાં આવેલું આ રીતનું હડહડતું અપમાન તે પોતાના કાનોએ કેમ સાંભળી શકે, કેવી રીતે સાંખી શકે? તેની આ હાલત જુલિયન જોઈ શકયો હતો, જેથી તેણે એજ તક પોતાની મતલબ કાહડી લેવાને સોનાનાં મુળની ધારી સમજાવટથી લાયનને કહ્યું, "લાયન, તારાં અંતઃકરણમાં શું થાયછ તે હું જોઇ શકુંછ! મીસ રેન ખુનવાળી રાતે તને જંગલમાં મલવા નથી આવી એમ કેહતાં તારૂં અંતઃકરણ તને ડંખેછ. કેમકે હું જાણુંછ કે જુઠો એકરાર કરવા કરતાં મારી માંગણીને તું હજાર વાર શરણ થવા તૈયાર થશે. તું એમ કહેવા માંગેછ કે મીસ રેન તારી સાથે તે રાતે ફકત અરધો કલાક રહેવા પામી હતી; પણ એથી કાંઈ તું તે બાનુની હોરમતને દુનિયાની ગીબતખોરી જબાનનાં કાતેલ ઝેરથી બચાવી શકનાર નથી. આખું ઓલ્ડકેસલ તેણીને ફિરેસ્તા સમાન પાક અને પવિત્ર માનેછ તો જાણ કે જેમ સફેદ કપડાં ઉપર કાળો ડાઘ પડતાં એક પળવારનો પણ વિલંબ લાગતો નથી તેમ એવી પાક નારની નિંદા કરવાને દુનિયા એક પળ વાર પણ ખરો ખોટો વિચાર કરવા થોભતી નથી. તેવીજ હાલત તારી મીસ રેનની છે. બોલ તું હવે શું કહેછ? શું તે પાક બાનુનું નામ તું ધુળમાં રગડોળવા ચાહેછ?"

"દયા અને ઇનસાફ!" લાયન નમી જઇ બોલ્યો, "લોર્ડ ઓલ્ડકેસલ, મારી ઉપર નહિ તો તે નિર્દોષ બાનુ ઉપર દયા કર!"

"દયા! ઈનસાફ!" જુલિયન મોટેથી હસી પડી બોલ્યો, "દયા શું અને ઇનસાફ શું! દયા ને ઇનસાફ મારી પાસ નથી, મારી માંગણી સિવાય મને બીજી કોઇબી આસ નથી. બોલ, તું શું કેહેવા માંગેછ? વખત ચાલ્યો જાયછ !"

"પણ તું સારી પેઠે જાણેછ કે અમારી તે મુલાકાતમાં એક કતરા ભાર પણ શરમાવાનું યા દુનિયાનાં લોકોથી બીહવાનું હતું નહિ," લાયને પોતાની લડત ચાલુજ રાખી.

"પણ મારા જાહેર કરવાથી દુનિયા તો તારી તે મુલાકાતને પાપથી ભરેલી માનશે, નીચ માનશે, હવસી માનશે, બેશરમ માનશે."

"તારી પાપી જબાનનાં આવાં ઝેરથી સારી જેહાનની લ્યાનત તારીપર પડશે! તે નિર્દોષ બાનુને સતાવવાનું પાપ તારાં કપાળે ચોંટશે!"

"કબુલ! મારે એ સઘળું કબુલ મંજુર છે. તે નિર્દોષ બાનુને લગતું સઘળું પાપ મેં મારે માથે લીધું, હવે તું શું કેહેછ? પણ મારી માંગણી તો તને મંજુર કેની?" જુલિયને પોતાની માંગણી માટે એક વાર ફરીથી દબાણ કીધું. કમનસીબ લાયન બેબાખરો જેવો બની ફાટેલા ડોળાએ પોતાની સામે ઉભેલા લોર્ડ ઓલ્ડ-કેસલને એક દીવાનાની પેઠે જોતોજ રહ્યો. ગુસ્સાથી તેનું આખું અંગ જાણે ખેંચાવા લાગ્યું. તે ગુસ્સાથી લાલચોળ બની બોલ્યો, "અરે શેહતાન, જે ભલી બાનુ માટે તું આવી નજીસ બદગોઈ કરવા તૈયાર થયોછ, તારી પાપી જીભલી દોજખમાં નાખવા તૈયાર થયોછ, તે બાનુને તું એક વખત ચાહતો હતો, તે નિર્દોષને એક વેળા તારી પરણેતર બનાવવા માંગતો હતો, તે તો જરા યાદ કર. તારી આ ચાલ એક અહરમનને ન છાજે એવી છે. નસીબ સંજોગે તું અમીરી પદ પામ્યોછ, બલ્કે ખરૂં બોલું તો તે અણઘટતી રીતે તું પચાવી બેઠોછ, તો શું થઈ ગયું, પણ ખરેખર તો તું એક હિચકારો બદમાશ છે, અને આકેબત કાળાં મોહડાં સાથે તારા પેદા કરનારની દરગાહમાં તુને જવું પડશેજ. પણ એક નિર્દોષ અબલાની નીચ નાલેશી કરવાની જયારે તું હઠજ લઈ બેઠોછ ત્યારે હું તારી માંગણી ફકત મીસ રેનનાં પાક નામને એક રજેભાર પણ અલવલ નહિ પોંહચે એટલા ખાતર કબુલ કરૂંછ. ખુદા મારો શાહેદ છે કે તેમ કરતાં હું પોતાને કેટલો ગુનેહગાર સમજુંછ!"

લાયન સિંહ જેવો બાહદુર હતો તે આજે એદેલીનના પ્યારને ખાતર તેણીનાં નિર્દોષ નામને ખાતર એક નરમ ઘેટું બની ગયો હતો અને જુલિયન તેનાં મનથી એક વાઘ હતો. જેમ વાઘ આગલ ઘેટું લાઈલાજ થઇ પડે છે તેવોજ હાલ જુલિયન અને લાયનના સંબંધમાં બનવા પામ્યો હતો. જુલિયને ખાતરીથી માન્યું અને એમ માનવાને તેને અનેક સબબો હતા, કે લાયન પોતાની કબુલાત અને વચનથી મરતાં પણ પાછો હઠનાર હતો નહિ. આથી પોતે મેલવેલી ફતેહથી તે મુછમાં હસ્યો અને પોતાનાં મન સાથે મલકાઇ બોલ્યો, "ઠીક છે, જયારે મારા ભાઈના સંબંધનો ભેદ જાહેર નહિ કરવાને તું કબુલાતજ આપેછ તો મીસ રેન ખુનવાળી રાતે ખુનવાળી જગોએ તારી સાથે હાજર હતી એ બીના મારાં મોહડાંની સંદુકમાં ચુપકીદીની ચાવીથી સદા સુધી બંધ રહેશે. સમજયો?"

આટલું બોલી તે મગરૂર તવંગર પોતાની ગરજ સરેલી હોવાથી કાંઈ પણ બોલવા વિના બંદીખાનું છોડી ગયો. જે કામ દોરા હજારો કાકલુદી અને મિન્નતજારીથી બનાવી શકી હતી નહિ તે કામ જુલિયન જુદીજ રીતે ફતેહ કરી બંદીખાનું છોડી ગયો. બંદીખાનું છોડતાં તેનાં આખાં બદનમાં કમકમાટની તિક્ષણ

લાગણી ફરી જે સાથે તેનું આખું શરીર પાણી પાણી થઈ ગયું. એ શું હતું? બંદીખાનાની ગંજાવર દિવાલની બાહર પડતાં તેને એટલો બધો ગભરાટ શા માટે ઉપજ્યો હતો? લાયનને મળવા જતી વેળા તે વાઘની પેઠે ઉછાળા મારતો ગયો હતો જયારે પોતાનું કામ ફતેહ કરી આવવા પછી બંદીખાનું છોડતાં ધાસ્તીનો મોજો એટલા બધા જોશ સહિત તેનાં તન બદનને કાં અથડતો હતો? શું આ ગભરાટ ભવિષ્યની કાંઈ આગાહી આપતો હતો? જુલિયન તુરત વેળા તે સમજી શક્યો નહિ.

લાયનની તપાસ (ચાલુ.)

આજે નીલ લાયનની તપાસનો બીજો દિવસ હતો, અને તેટલા માટે પેહલા દિવસ કરતાં પણ લોકોની મોટી ઠઠ કોર્ટમાં ભેગી મળી હતી. ખુનીના હથોડાના ભોગ થઈ પડેલા મરનાર રોજર દીપીંગની બેટી રોઝામન્દે પેહલા દિવસે કીધેલા ભેદભર્યા ખુલાસાની ખબર ચોપાસ ફેલાવા પામવાથી તેણીની વધુ જુબાની સાંભળવાને લોકોની જીજ્ઞાસા હતી તે કરતાં વધુ પ્રમાણમાં ઉશ્કેરાવા પામી હતી, જેનાં પરિણામમાં ઇનસાફની અદાલત પેહલા દિવસ કરતાં બીજે દિવસે વધુ ખીચોખીચ ભરાઈ ગઈ હતી. વાદળ ઘેરાયલુંજ હતું અને જોકે બરફનાં તોફાનની દર પળે ધાસ્તી રાખવામાં આવતી હતી, તોપણ હજી સુધી કશું બરફ પડવા પામ્યું હતું નહિ. આખી કોર્ટમાં, શરૂઆતમાં તો ધીમી ધીમી ધુસપુસ ચાલુજ રહેવા પામી હતી, પણ જયારે જડજ અને જુરીએ પોતાની બેઠક લીધી અને રોઝામન્દ ફલોયનું નામ પોકારવામાં આવ્યું ત્યારે આખી કોર્ટમાં ચુપકીદી બોલ બોલતાંમાં ફેલાવા પામી.

રોઝામન્દ-નાતવાન અને ફિક્કી રોઝામન્દ-ધ્રુજતી અને મોતની માંદગીના વખતના જેવી ફગાયલી, ગભરાયલી, ગાફેલ જેવી સાક્ષિનાં પિંજરાંમાં એક વાર ફરીથી આવી ઉભી. દરેકની દયા અને દિલસોજી તેણીની તરફ ખેંચાવા વિના રહી નહિ. જુઠી દુનિયાની જંજાળિયતથી ગોયા તે થાકી ગઈ હતી. તેણીની બેચેની તેણીના ચેહેરા ઉપર આબાદ પ્રગટી નિકળી હતી, પણ જયારે સરકાર તરફના ધારાના હિમાયતીએ પોતાની બેઠક ઉપરથી ઉઠી તેણીને પેહલો સવાલ કીધો ત્યારે તે બેચેનીએ કચવાટનું રૂપ ધારણ કીધું. તે ભોળી સ્ત્રી સમજી શકી નહિ કે ઈનસાફની અદાલત જેવાં એક પવિત્ર ધામમાં સેંકડો લોકોની વચ્ચે તેણીના ખેરખાહ નીલ લાયન સામે જુબાની આપવાની તેણીને શા માટે ફરજ પાડવામાં આવતી હતી? શું તેણી એમ કરવાને બંધાયલી હતી? તેણીને લાગ્યું કે આવાં બંધનને તાબે થવા કરતાં મોતના કાસદને શરણ થવાનું વધુ લાજમ હતું.

પણ હવે તેણીની જુબાની પાછી ચાલુ થઈ.

"રોઝામન્દ ફલોય, જયારે બંધવો તમોને પેલી ઉજાડ જગોમાં ખુનની રાતે મલ્યો ત્યારે તે જગોએ તે કેટલા વખતનો આવેલો હતો તે કાંઈ તમુને કહ્યું હશેની?"

"હા!" એક હર્ફ રોઝામન્દનાં મોહડાંમાંથી જાણે તેણીને ચેતાવ્યા વિના નિકળી પડયો હોય એમ તેણીના ચેહેરા ઉપરથી માલમ પડી આવતું હતું.

"તેણે પોતાના આવવાનો કયો વખત તમોને જણાવ્યો હતો ?" બારીસ્ટરે ભાર મેલી સવાલ કીધો.

"નવ વાગે અથવા તે પછી તરતજ," રોઝામન્ડે કોર્ટમાં ચોપાસ નજર દોડાવી જવાબ દીધો.

"અને બંધવાએ પોતે તે વખત દરમ્યાન શું કીધું હતું તેથી તમોને જાણીતાં કીધાં હતાં કે ?"

"હા, સાહેબ." રોઝામન્ડે આ જવાબ ધીમેથી અને ઘણીજ આનાકાની સાથે આપ્યો.

"મેહેરબાની કરી બંધવાએ તમોને જે કહ્યું હોય તે બોલો !"

આ સાંભળતાં રોઝામન્ડના હોઠો ધ્રુજતા આખી કોર્ટે જોયા.

"હું તેમ કરી શકતી નથી," તેણીએ દયામણું મોહડું કરી બારીસ્ટરના ઉપલા સવાલ માટે વાંધો ઉઠાવી જવાબ દીધો, "એ એક છુપો ભરમ છે. તે જાહેરમાં નહિ લાવવાને મેં કસમ લીધાછ, જે હું તોડવા માંગતી નથી."

બારીસ્ટરે સાક્ષિ તરફ ડોળા કકડાવી જોઈ કહ્યું, "રોઝામન્દ ફ્લોય, તમારે જાણવું જોઇએ કે તમોએ સઘળું સાચ્ચું બોલવાના અહિં કસમ લીધા છે. હું તમોને ફરીથી પુછુંછ કે બંધવાએ પોતે તે વખત દરમ્યાન શું કીધું હતું, તેથી તમોને જાણીતાં કીધાં હતાં કે ?"

રોઝામન્દ ફ્લોયને આ વેળાએ હાંફ ચહડી આવી. તેણીએ નિરાશાની ઉડતી નજરથી કેદીનાં પિંજરાંમાં ઉભેલા બંધવા તરફ જોયું, તો તેણીને માલમ પડયું કે તે ખુબસુરત ચેહેરા ઉપર સાહુચેતી અને ચેતવણી રાખવાની અરજ કરનારો ભાસ જણાઈ આવતો હતો. આથી તે લાઈલાજ બનેલી બાનુની આંખોમાં મોતી મિસાલ આંસુ ચમકી નિકળ્યાં અને તેમાંનાં એકાદ બે તેણીના ફિક્કા ગાલ ઉપર ગબડી પડયાં. તેણીનાં અંતઃકરણમાં સામસામા વિચારોની કેવી લડત, કેવી ઝુંબેસ ચાલી રહી હતી તેનો ખ્યાલ બીજાઓને કયાંથી આવે ? તે ડચકાંઓથી ગુંગળાતી છાતીએ એટલુંજ બોલી શકી કે હું એટલુંજ જાણુંછ કે તે કોઈ સાથે વાત કરતો હતો." આ પછી તે ભોળી સુંદરી જડજ તરફ ફરીને બોલી, "ખુદા ખાતર માફ કરો ! મને વધુ ના પુછો ! હું એ કરતાં વધારે જાણતી નથી. અરે ! હું વધુ કાંઈ કહી શકતી નથી."

આટલું બોલતાં તેણીએ પોતાની રડતી ચશમો બંધવા તરફ એક વાર ફરીથી ફેરવી. તેણી પોતાનાં માહભારત દુઃખ વચ્ચે વરીક જોઇ શકી કે તેણીના ઉપલા જવાબથી બંધવાના ચેહેરા ઉપર સંતોષનો નહિ ભુસરાય અને નહિ ભુલાય એવો છાપ પડવા પામ્યો હતો. ખરેખર, રોઝામન્દના ઉપલા જવાબથી નીલ લાયને છુટકારાનો દમ ખેંચ્યો. તેણે મોટા હર્ષ વચ્ચે જોયું કે તેની જાન કરતાં પ્યારી એડેલીનને તે જંગલમાં મળ્યો હતો તેને લગતો ભરમ રોઝામન્દનાં મોહોડેથી છુપોજ રેહેવા પામ્યો હતો, જે તેને માટે થોડો દિલાસો હતો નહિ. પોતાનાં માથાં ઉપર લટકતાં ભયાનક મોત વચ્ચે પણ તેના ચેહેરા ઉપરથી ખુશાલીનો પ્રકાશ પસાર થઇ ગયો. પણ રોઝામન્દની જુબાનીથી કોર્ટમાં હાજર રહેલાંઓ ઉપર જુદીજ અસર થવા પામી. તેઓએ ખાતરીથી માની લીધું કે આ વાતમાં બંધવાની સામે જાય એવો કાંઈક ભેદ હતો, જે તેણી છુપાવવા માંગતી હતી. નીલ લાયન માટે લોકોનો સારો વિચાર બોલ બોલતાંમાં ઉડી ગયો. કેમકે એક સારે

માણસ કદી પણ એક ઓરતની સાથે રાતની વેળાએ અને ઉજ્જડ અને નવતરી જગોએ એવી મુલાકાત લેય નહિ. કોર્ટમાં હાજર રહેલાંઓને અટકલ બાંધી લેતાં વિલંબ લાગ્યો નહિ કે રોજર દીપીંગનો ખુની લાયનજ હતો. રોઝામન્ડ તેનું તે પાપ જાણતી હતી, પણ તે તેણી ઢાંકવા માંગતી હતી અને તેને બચાવી લેવાનાં ઠાલી ફાંફાં મારતી હતી. આ મુકદમો તેઓની નજર સનમુખ આઈનાની પેઠે ખુલ્લો પડી ગયો હતો. આ તો ખુલ્લુંજ હતું કે રાતને સમયે એક જંગલ જેવી એકાંત જગોએ બંધવો અને સાક્ષિ મળનાર હતાં તે ખબર આગમચથી જાણવાથી બુઢો દીપીંગ ત્યાં જઈ ચહડયો હતો અને મરનારે ગુસ્સાના આવેશમાં બંધવા ઉપર હથોડા વડે હુમલો કીધો હતો, પણ બંધવો જવાન અને જોરેમંદ હોવાથી મરનાર ઉપર ફાવી જવા પામ્યો હતો, જેનું પરિણામ તેનાં મોતમાં આવ્યું હતું.

લોક આવા ખ્યાલમાં મસ્ત બની ગયું હતું ત્યારે એદેલીન જુદાજ ખ્યાલમાં ચકચુર બની ગઈ હતી. તેનું મગ્જ હજારો વમાસણોના આવર્તનથી ગોયા ઘંટીની માફક ચક્કર લેતું હતું. તેણીને જોઈ લેતાં વાર લાગી નહિ કે બિચારી રોઝામન્ડ કોર્ટમાં ખરો ખુલાસો કરતાં અચકતી હતી, માહ મુશકેલીએ પોતાનો જુસ્સો દાબી દઈ શકતી હતી. એક વિચાર તેણીનાં મગ્જમાં પેવસ થવા પામ્યો જે ઉપર દરિયાફ્ત કરવાને તે થોભે એ એદેલીન માટે કેવળ અશકય હતું. જ્યારે તેણીએ જોયું કે ત્રીજી વખત બારીસ્ટરે તેજ અણગમતો સવાલ રોઝામન્ડને ફરીથી પુછયો કે એકાએક તરતજ, લેડી ઓલ્ડકેસલ તેણીને અટકાવે તે આગમજ એદેલીન પોતાની બેઠક ઉપરથી અજબ ગુસ્સાથી ઉઠી ઉભી થઈ અને જુરી સનમુખ મોહડું કરી બોલી, "જુરીના ગ્રહસ્થો, જે જવાબ રોઝામન્ડ ફ્લોય આપવાને આનાકાની કરેછ તે જવાબ હું આપુંછ કે નીલ લાયને રોઝામન્ડ સાથ જંગલમાં ખુનની રાતે મુલાકાત કીધી તે આગમચ તેણે તે જંગલમાં તેજ રાતે અરધો કલાક સુધી મારી મુલાકાત લીધી હતી. હું મારી રાજીખુશીથી બંધવાને મળવા ગઈ હતી અને ખાસ્સો અરધો કલાક અમોએ જુદી જુદી વાતચિતમાં પસાર કીધો હતો."

લોકોની નજર સામે એક જ્વાળામુખી ફાટયો હોય તેટલો ધબરાટ અને તેટલી અજાયબી એદેલીનના આ ખુલ્લાં મનના એકરારથી આખા કોર્ટમાં ઉપજી રહ્યાં. આખી કોર્ટ એદેલીનની આ હિમ્મતભરી વલણથી તદન ડંગ થઇ ગઈ, અને જેઓ આ કોર્ટમાં કાંઈ નવું જાણવાને આવ્યાં હતાં, તેઓ ખરેખર એદેલીનના બાબમાં કાંઈ નવુંજ જાણી તે દિવસે ઘણી અચંબાભરેલી લાગણી સાથે ઘેરે ગયાં.

જે તમાશગીરો કાંઇક નવો ભેદ ખુલ્લો થવાની આશા અને કાંઇક દિલ હેબતાવનારી બીના જાણવાની જીજ્ઞાસાથી નીલ લાયનનો મુકદમો સાંભળવાને કોર્ટમાં ટોળાંબંધ ઉતરી પડયાં હતાં, તેઓ ખરેખર મનની અજબ વ્યાકુળતા અને અજબ લાગણી સાથે હવે પોતાનાં મકાને વિદાય થયાં. જેઓ સમજુ હતાં તેઓ એદેલીનની સચ્ચાઇ અને તેણીના ખુલ્લા અને હિમ્મતભરેલા પ્રમાણિક એકરાર માટે વખાણ ગાવા વિના રહ્યાં નહિ; કારણકે તેઓએ ત્યારેજ જાણ્યું કે તવંગરીની જોડેજોડ સચ્ચાઇ પણ ઘણી વેળા વળગેલી રહે છે, અને તવંગરો પણ પોતાના જેવાંજ પણ ગરીબાઇની આફતથી પીડાતાં ઇનસાનો માટે પોતાની તવંગરીની તકેબરી તર્ક કરી પોતાને માથે આફત અને નાકદર દુનિયાનો ધુન્નરો ખેંચી લેય છે. એમાં તો કશો શક હતો નહિ કે એદેલીનના આવા સાચ્ચા અને બિન દેહ-

રાત એકરારથી સામાન્ય રીતે આમ લોકો ઉપર ઘણી સારી અસર થવા પામી હતી. જેઓ સમજુ હતાં, જેઓ દુનિયાને તેના ખરા રંગ–ઢંગમાં જોવા પામ્યાં હતાં તેઓએ વાજબી તર્ક બાંધી હતી કે એદેલીનના જેવા વર્ગની બાનુ દુનિયાના ખોટા ડરનો ખ્યાલ કીધા વિના ભર કોર્ટમાં સાચ્ચો અને પવિત્ર એકરાર કરવાની હિમ્મત બતાવે તે ઓરત કદી પણ પાપમાં હમશરીક હોઈ શકેજ નહિ. તેમની આ અટકળ કેટલી હદ સુધી સાચ્ચી નિવડે છે તે આપણે આ કિસ્સામાં આગળ વધતાં જોઇશું. જે વેળાએ એદેલીને ખુનવાલી રાતે અને ખુનવાલી જગાએ બંધવા લાયનને એકાંતમાં મળવાનો એકરાર ભર કોર્ટમાં ખુલ્લાં દિલે કરી દીધો ત્યારે લેડી ઓલ્દકેસલનો તો જાણે દમજ બંધાઇ ગયો. તે મગરૂર તુમાખી ઓરત સારી પેઠે જાણતી હતી કે તે લેનકેસતરની એક વડી અદાલતમાં બીજાં સાધારણ અને ગરીબમાં ગરીબ લોકોની માફક નીલ લાયનની તપાસ નિહાળવા આવી હતી અને તેણીની તરફ કોર્ટમાં હાજર રહેલાં સેંકડો ગરીબોની નજર ટીંગાઇ રહી હતી, નહિતો તે પોતાને નાજુકમાં ખપાવનાર સ્ત્રી તરતજ તે જગોએ એદેલીનના હિમ્મતભર્યો અને ખુલ્લાં મનના એકરારથી બેસુદ્ધ થઇ ગઇ હોત અને તબીબોની દોડધામ અને દવાનાં ડોહચાન વિના તે લાડકડાં બાઇ સુદ્ધિમાં આવી શકતે નહિ!

એમાં તો કશો શક હતો નહિ કે એદેલીનના ખુલાસાથી જડજ અને જુરીના પ્રહરથો પણ એક પળ અજાયબીથી ટાચું વકાસ્તાજ રહ્યા હતા. નામદાર જડજે તો ભર કોર્ટમાં ટીક્ષ વટીક કીધા હતા કે આવી રીતની જુબાની કાયદાની નજરમાં એક તણખાંભાર પણ વજન ધરાવી શકે નહિ, અથવા તો તે જુરી ઉપર કશી પણ સારી અસર ઉપજાવી શકે નહિ. એદેલીન જે આખાં ઓલ્દકેસલમાં એક રાણી સમાન માન પામતી હતી અને પુંજાતી હતી તેણી આવી રીતે કોર્ટમાં હસી મસ્કેરીનું સાધન થઇ પડવાથી લેડી ઓલ્દકેસલની મગરૂરીને એટલો તો મોટો ધોક્કો લાગ્યો કે તેણીનું તો જાણે મોતજ થઇ ગયું અને તેણીને ભોંયમાં ભરાઇ જવું પડયું. એ તો દેખઇતુંજ હતું કે એદેલીને ખુદાને હાજર નાજર જાણી સાચ્ચો એકરાર કરી પોતાના પેદા કરનાર સાહેબ તરફની ફરજ બજાવી હતી, છતાં કાયદાની નજરમાં તેણીનું પગલું ગેરવાજબી હતું. જોકે તેથી સામાન્ય લોકો ઉપર તો સારીજ અસર થવા પામી હતી, તોપણ જુરીનાં મન ઉપર તેવી અસર થવા પામી હોય એ કેવળ ન બની શકે એમ હતું. પોતાનાં તન મનને કચડી નાખનાર એક જાતની ઉસ્કેરણીના આવેશમાં તેણીએ આ ખુલ્લો એકરાર કીધો હતો. તેણીએ તેનાં પરીણામની થોડીજ દરકાર રાખી હતી. આ એકરારનો તેણીને કશો પણ ભલો બદલો મળ્યો હોય તો તે તેણીના પ્યારા નીલ લાયન તરફનો હતો. પેહલાં તો લાયન તેણીના એકરારથી અજબ જેવી રીતે ચોંકયો હતો, પણ તે લાગણી થોડીજ પળની હતી, કેમકે બીજીજ પળે તેનો ચેહેરો સંતોષ, ખુશાલી, અને મગરૂરીથી ચમકી નીકળ્યો હતો. તે ચેહેરા ઉપર હેસાનની લાગણીનો છાપ આબાદ એદેલીનની પ્રેમી નજરે પડયો. આ ત્યારે તેણીને મનથી એક એવો તો ઉત્તમ અને કીમતી બદલો હતો કે જે માટે એક એકરાર તો શું પણ આવા એક લાખ એકરારો જાહેરમાં કરવાને તે કદી બીહે કે ધ્રુજે નહિ.

આવી રીતે અદાલતમાં ભેગાં મળેલાં તમાશગીરો અજબ જેવી ઉસ્કેરણી, નહિજ સમજ પડે એવી લાગણી અને અસાધારણ ઉત્સાહ સાથે કોર્ટ છોડી ગયાં હતાં, પણ વળતે દિવસે રોઝામન્દ ફલોયની જુબાની ફરીથી લેવાનો પોતાનો

ઠરાવ સરકાર તરફના બારીસ્તરે જ્યુરી સનમુખ જાહેર કીધેલો હોવાથી તે દિવસે લોકો બેવડી સંખ્યામાં કોર્ટના વખત આગમચ ભેગાં મળ્યાં હતાં. કમનસીબ રોઝામન્દ પોતાને વળી કેવા બારીક સવાલોથી ગુંચળાવી નાખવામાં આવશે તેના દિલ જળાવનારા ખ્યાલોથી અધમુઈ અને ગાફેલ જેવી બની ગઈ હતી, અને જ્યારે તેણીએ પોતાનું કમબખ્ત નામ પોકારવામાં આવતું સાંભળ્યું ત્યારે તેણીનો ચેહેરો ગોયા કંગાળિયતનું સ્વરૂપ બની ગયો હતો. જીંદગીથી કંટાળી ગયલી તે દુ:ખી સ્ત્રી જ્યારે સાક્ષિનાં પિંજરાંમાં પડતી લથડતી આવી ઉભી ત્યારે એકેએક જણની નજર દયા અને દિલસોજીથી તેણીની તરફ ખેંચાઇ રહેલી હતી. લોકોએ જોયું કે ખુબસુરતીની રાણી એદેલીન તે દાહડે કોર્ટમાં એકલીજ હાજર થઇ હતી. લેડી ઓલ્ડકેસલે આજે કોર્ટમાં આવવાના અખાડાજ કીધા હતા.

"તમે બંધવા નીલ લાયન સાથે કેટલો વાર વાત કીધી હતી?" બારીસ્તરે જ્યારે આ સવાલ મજબુત અને ખુલ્લા અવાજે પુછયો ત્યારેજ તે કમબખ્ત સ્ત્રીએ જાણે પોતાની બેભાનીમાંથી સાવધ બની પોતાની હાલત પામી ગઇ હોય તેમ ફાટેલા ડોળાએ પોતાને સવાલ કરનાર, તેણીના બોલોમાં બોલ્યે તો તેણીને સતાવનાર તરફ આજુજીથી જોયું, પણ પોતાને પુછવામાં આવેલા સવાલનો જવાબ તેણીએ આપ્યો નહિ. આથી બારીસ્તરે તેજ સવાલ પાછો કીધો, અને ત્યારેજ તેણીએ જાણ્યું કે પોતાને કેવી દુ:ખભરી ફરજ હજી બજાવવાની હતી.

"માત્ર થોડોજ વખત. વખત એટલો બધો તો વહિ ગયો હતો કે લાંબો વખત વાત કરવી અમારે માટે ન બને તેવું હતું."

"ત્યારે મને કહો કે રાત કેટલી બધી વહિ ગઈ હતી?"

"હું ધારૂંછ કે અગિયાર વાગવા આવ્યા હતા. કદાચ એ કરતાંબી મોડું થયું હોય!"

"બંધવો તમારી સાથે વાત કરતાં ઉસ્કેરાયલા જેવો લાગતો હતો કે?"

"નહિ, મને તો તેવું કાંઈ લાગ્યું નહિ."

"બંધવાએ પોતાના પોંહચાને નુકસાન થવાની વાત તમોને તે વેળાએ જણાવી હતી કે?"

"હા, એટલું તો ખરૂં હતું કે તેણે પોતાના હાથે રૂમાલ બાંધ્યો હતો. તેણે મને જણાવ્યું હતું કે ઝાડીમાંથી પસાર થતાં તેના હાથને ઘસાડા લાગ્યા હતા."

"વારૂ, તે રૂમાલ ઉપર તમોએ લોહિનો મોટો જથો જોયો હતો?"

આ સવાલથી રોઝામન્દ ફલોયેં વિચારમાં પડી. લોહિનું નામ સાંભળતાંજ તે ઘભરાઈ ગઈ, તોપણ તેણીને લાગ્યું કે તેણીને જવાબ દીધા વિના છુટક હતોજ નહિ. આથી તેણીએ બીહતાં, ધ્રુજતાં જવાબ દીધો, "હું ધારૂંછ કે લોહિ ઘણું હતું નહિ."

"ઝાડીમાં ભરાવાનો બંધવાને શો સબબ મળ્યો હતો તેથી તેણે તમોને જાણીતાં કીધાં હતાં કે?"

રોઝામન્દે ડોકું ધુણાવી જવાબ દીધો, "નહિ."

બારીસ્તરે સાક્ષિને લાકડીના બે ટુકડા જે ફીપીંગની લાસ આગલથી મળી આવ્યા હતા તે બતાવી પુછયું, "જ્યારે બંધવો તમોને જંગલમાં મળ્યો, ત્યારે તેના હાથમાં આ લાકડી હતી કે?"

"નહિ, સાહેબ."

"પણ એ લાકડી બંધવાની છે એ તો તમે સારી પેઠે જાણતાં હોવ તેમ તમારા ચેહેરા ઉપરથી માલમ પડેછ."

"હા, સાહેબ," રોઝામન્દે ફગલાઈ જવાબ દીધો, "મેં એ લાકડી બંધવાના હાથમાં અનેક વાર જોઈ હતી."

"અને તમો ખાતરીથી માનોછ કે બંધવો તમોને મળ્યો ત્યારે તેના હાથમાં એ લાકડી કે તેના ટુકડાઓ હતા નહિ?"

"હા, સાહેબ."

"હવે મને કહો કે જંગલના કયા ચોકસ ભાગ ઉપર તમે બંધવા સાથે વાતચિત કરતાં ઉભાં હતાં? જે જગેથી તમારા બાપની લાસ મળી આવી તે જગાની નજદીકમાંજ તમે ઉભાં હતાં કે?"

"તે જગોની નજદીકમાં નહિ, સાહેબ. અમો તે જગેથી થોડેક દુર હતાં." પોતાના બાપનું ખુન થવાનો ખ્યાલ આ વખતે એકાએક તેણીનાં મગજમાં ધસી આવવાથી તેણી આંખમાં આસું લાવી કમકમી બોલી.

"તે જગા એટલી તો ત્યારે નજદીકમાંજ હતી કે તમે વાત કરતાં હતાં તે વેળાએ ખુનવાલી જગો ઉપર કાંઈ કજ્યો થયો હોતે તો તમો તે સારી પેઠે સાંભળી શકતે?"

"હા સાહેબ. તેમ જો હતે, તો અમો સઘળું સારી પેઠે સાંભળી શકયાં હતે."

"તમો જંગલ છોડી જવા પછી બંધવો તો ત્યાંજ ખોટી રહ્યો હતો; નહિ?"

"હા, સાહેબ."

"ત્યાં તે ખોટી રેહેવાનો છે તેનો કાંઈ સબબ બંધવાએ તમોને જણાવ્યો હશેની?"

"નહિ, સાહેબ. તે એ માટે કશું બોલ્યો હતો નહિ. હું ધારૂંછ કે ત્યાંથી તે કદાચ બીજે રસ્તે પોતાનાં ઘર તરફ જવાનો હોય!"

"તમારા બાપની લાસ આગલથી મલી આવેલો હથોડો તમોએ જોયો છે. તે તમારા બાપનો હતો તે તો તમો કહી શકશો?"

"હા, સાહેબ. તે મારા બાપનો હતો એમ હું ખાતરીથી માનુંછ."

જયારે રોઝામન્દે જાણ્યું કે તેણીની જુબાનીનો અહિં અંત આવ્યો હતો ત્યારે તેણીએ છુટકારાનો એક દમ ખેંચ્યો.

આ પછી રોઝામન્દના હાથના આગલા ઉમેદવાર વિલી ગ્રેને સાક્ષિનાં પિંજરાંમાં બોલાવવામાં આવ્યો, જેણે મરનાર દીપીંગ સાથે બંધવાનાં મકાને જવાને લગતી જુબાની આપી હતી. તેણે વધુ એવું જણાવ્યુ હતું કે તેણે મરનારને બંધવા ઉપર વેર લેવાના કસમ ખાતાં અનેક વાર સાંભળ્યો હતો. આ સાક્ષિની જુબાની પુરી થતાં કોર્ટને ઉઠવાનો વખત થવાથી મુકદમો મુલતવી રાખવામાં આવ્યો. નીલ લાયનની માતા અરસુલા લાયન રોઝામન્દનાં ખભાંને ટેકો દઈ કોર્ટમાંથી બાહેર નિકળી ત્યારે આપણે તેણીને છેલ્લી જોઈ તે કરતાં વધુ નબળી પડી ગઈ હતી. તેણીનો ચેહેરો ચાલુ ચિંતા અને પોતાના એકપુરા બેટાનાં માથાં ઉપર ઘેરાયલાં સિહા વાદળથી છેકજ લેવાઇ લુટાઈ ગયો હતો. જોકે તે દુઃખી માતા રોઝામન્દનો ટેકો લઇ ચાલતી હતી તોપણ તેણીના પગો લથડતા હતા. તેણીની આવી દયાજનક હાલતથી ઘણાંકોની આંખ્યોમાં આંસુ ભરાઈ આવ્યાં. પણ તેઓ પોતે બિલકુલ લાચાર હતાં. તેઓ ગરીબ છતાં મોટું દિલ ધરાવતાં હતાં, તેઓની

રગેરગમાં દયા અને દિલસોજી પ્રસરી રહી હતી; પણ તેઓનું કશું ચલણ હતું નહિ. તેમની ગરીબાઈ તેમને માટે એક આડા પથર સમાન હતી. આપણે ઉપર જોયું તેમ આજે લેડી ઓલ્દકેસલ કોર્ટમાં આવી શકી નહિ હતી. ગઈ કાલે ભર કોર્ટમાં એદેલીને ફીખેલા દેખાવથી તેણીને મનથી તેણીની આબરૂ ઇન્જતને એક એવો તો ભારે ધોક્કો લાગ્યો હતો કે તેણીએ ધાર્યું કે તેનું પરિણામ તેનાં મગ્જ ઉપર કાંઇ માઠી અસર થવામાં આવવાનું. પોતાના પ્યારા નીલ લાયનને પોલીસના પોહરા હેઠળ જતાં જોવા પછીજ એદેલીન આંખોમાં આંસુ સાથે કોર્ટમાંથી બાહેર નિકળી ત્યારે કોર્ટમાં ભેગું થયલું લોક વિખેરાઈ ગયું હતું. તેણીને માટે ગાડી કયારની ખોટી થઇ હતી. ગાડીમાં બેઠક લીધા પછી જોકે લાયનની બુરી દશા માટે તેણીનું હેયું ભરાઈ આવ્યું હતું, તોપણ તે ભલી સ્ત્રી હિમ્મત હારી નહિ, કેમકે ઈશ્વર ઉપર તેણીને પુર ભરોસો હતો. સુખ અને દોલતની રેળ-છેળમાં ઉધરેલી છતાં, અને પોતે કશાં પણ દુ:ખોથી બાકાત હોવા છતાં તેણીએ ગરીબોનાં દુ:ખોનો મોટો અનુભવ મેળવ્યો હતો. ગાડી ઘણી દુર ગઈ નહિ, તેટલામાં તેણીએ લાયનની માદર અરસુલાને રોઝામન્દનાં ખભાંનો ટેકો લઇ ચાલતી જોઇ. તેણીએ જોયું કે તે દુ:ખી પણ ભલી માતા પોતાના બેટા ઉપર આવી પડેલાં ન ધારેલાં સંકટોથી બિલકુલ આજેઝ બની ગઇ હતી. તેણીએ તરતજ ગાડી ઉભી રાખવાને પોતાના ઘોડાવાળાને હુકમ કીધો. ગાડી તરતજ ઉભી રહી. એદેલીન ગાડીમાંથી ઉતરી પડી અને સામેની બાજુએ જયાં અરસુલા અને રોઝામન્દ ચાલતાં હતાં ત્યાં જઇ તેઓને પોતાની ગાડીમાં સાથે આવવાનો મજબુત આગ્રહ કીધો. અરસુલાએ તેમ કરવાની ઘણીબી ના પાડી પણ એદેલીન સમજી નહિ, જેથી તેઓને એદેલીન સાથે ગાડીમાં બેસવાની ફરજજ પડી. એદેલીને પોતાના હાથનો ટેકો આપી પોતાની પાસે અરસુલાને ગાડીમાં બેસાડી. રોઝામન્દે પણ તેઓની સામે ગાડીમાં બેઠક લીધી, અને હવે ગાડી પાછી ચાલી. આ સઘળો દેખાવ કોર્ટમાંથી પોતાને ઘરે જતાં લોકોએ જોયો ત્યારે તેઓની આંખ્યોમાં હર્ષનાં આસુંઓ ચમકી નિકળ્યાં. એદેલીન જેવી લાખોની દોલતની ધણિયાણી, ખુબસુરતીની રાણી અને આખાં ઓલ્દકેસલમાં સદગુણની દેવી તરીકે પુંજાતી બાનુ તવંગરી અને ગરીબાઇ વચ્ચેનો કશો પણ તફાવત રાખવા વિના આવો અમીરી ખવાસ દેખાડે એ ખ્યાલથીજ તે દેખાવ જોનારાંઓ ઉપર એવી તો જબરી અસર થઈ કે જેવી અસર તેઓનાં મગ્જ ઉપર તેઓની આખી ઉમરમાં કદી પણ થવા પામી હતી નહિ. ખરેખર, જેમ બધાંજ ગરીબો કાંઇ બુરાં હોતાં નથી, તેમજ બધાંજ તવંગરો ભલાં હોતાં નથી. જેઓ ખુદાના ખાસ ચુંટી કાહડેલા બંદાઓ હોય છે તેઓજ ખુદા તરફની મોટી બક્ષેસ (તવંગરી) છતાં ગરીબો તરફ નમાના, સાલેસ અને દયાળુ હોય છે, પણ જેઓ આ બે પાંચ દિવસની દુનિયાનાં નાજ નખરાં ઉપર ફુલી મરે છે તેઓજ ખુદા અને તેનાં પેદા કીધેલાંઓ તરફની ફરજને ભુલી જાય છે.

અરસુલા અને રોઝામન્દ.

આજે રવિવારનો દિવસ હોવાથી લાયનની માતા અરસુલા અને રોઝામન્દ ઓલ્દકેસલ ખાતે ગયાં હતાં. અરસુલા પોતાનાં દુઃખી મનને શાંતિ આપવા પોતાનાં મકાનમાં પોતાની ધર્મપોથી વાંચતી બેઠી હતી. રોઝામન્દ, જેને હજી સુધી અરસુલાએ પોતાનાં મકાનનો આશ્રો આપ્યો હતો, તે થોડેક દુર પોતાનાં કમનસીબ ઉપર વિલાપ કરતી બેઠી હતી. તે હિનભાગ્યની સ્ત્રી પોતાનાં મનમાં અતિશ્ય મુનજયા કરતી હતી કે જે ભલી બાનુએ તેણીને માતાનાં વાહલથી આશ્રો આપ્યો હતો તેજ બાનુના એકપુરા બેટાને માથે તેણીએ એક એવું વિઘન લાવી મેલ્યું હતું કે જેથી તેનો જાન વટીક જોખમમાં આવી પડયો હતો.

"ઓ! મીસીસ લાયન, હું કેવી કેવી અભાગણી કે મારેથી તમોને ને તમારા વાહલા બેટા નીલને આફ્ત હોરી લેવી પડીછ! હું કેવું ઇચ્છુંછ કે હું જનમતાંજ મરણુ પામી હોત તો આજે તમોને હું આટલી પિડા સમાન નહિ થઈ પડી હોત અને મારો દીકરો હેવી આટલો હાડમાર થાત નહિ."

અરસુલા બંદગી કરવામાં તનમનથી રોકાઇ ગયલી હતી. તેણીએ રોઝામન્દનાં ઉપલાં બોલવાથી ચોંકીને તે દુઃખી સ્ત્રી તરફ નજર કીધી. તેણીએ જોયું કે તે બાપડી એટલી તો પરેશાન અને શિકસ્તે હાલ બની હતી કે તેણીની આંખોમાંથી આંસુઓ ટપકતાં હતાં.

"રોઝામન્દ, એ તું શું બોલેછ તેંનો તને કાંઇ ખ્યાલ છે? તારે એમ છેક નાસિપાસ થવું નહિ જોઇએ. સબુરી પકડ! ધીરજ ધર! મારો બેટો નિર્દોષ છે એટલે ફિકર શાની છે? તેની ઉપર ઘેરાયલું આ વાદળ વહિજ જશે. ખુદા સૌ સારૂંજ કરશે!" અરસુલાએ રોઝામન્દનાં આંસુઓ નુછી તેણીને દીલાસો દીધો.

"અરે! મેં કમબખ્તે કેટલાં બધાંને આફ્તમાં લાવી મેલ્યાંછ! પેલો વિલી એ હજી મારો પિછો છોડતો નથી. તે બિચારો પોતાની ભોળાઇમાં મને ચાહેછ; પણ હું એક પરણેલી ઓરત જોકે ગમે તેવા એક બુરાને બસ પડીછ, તોપણ મારો પરણ્યો ખાવિન્દ હૈયાત છે એટલે મારે કોઇ બીજા માટે ખ્યાલ વટીક કરવો એ બુરામાં બુરૂં પાપ છે, ખુદાનો મોટામાં મોટો શ્રાપ છે. હું દેખતી આંખે આંધળી બની મારા બુરા ખાવિન્દને પરણવા ઓલ્દકેસલ છોડી નાહસી ગઈ ત્યારે મારી ગરીબ માતાને એટલું બધું તો દુઃખ લાગ્યું કે તે બિચારી દુઃખથી રીબીરીબી આ જેહાન છોડી ગઈ. મારા બાપને દારૂનો બુરો લખ લાગ્યો અને તે લખમાં કોઇ નાતરસ, ચંડાળ ખુનીના હાથે તે માર્યો ગયો તે બી આ મારાં પાપની સજાને લીધેજ બન્યું હશે. નીલ ને તમારી ઉપરનું આફ્તનું મુળ હુંજ છેઉં, મારેથીજ તમારા વાહલા બેટાની જીંદગી ધુળમાં મળી. તે બિચારાને માથે આફ્તનું વાદળ ઘેરાઈ રહ્યુંછ, તે બી હુંજ અભાગણીને લીધે છે. આ છતાં, તમોએ મને કેવાં વાહલથી ચાહી તમારાં પનોતાં ઘરનો આશ્રો આપ્યોછ! તમારા આ સઘળા ઉપકારનો બદલો તો હું કોઈ કાળેબી વાળી શકવાની નથી અને તેથી આ સઘળી તમારી લાયકી મારૂં કાળજું વિંધી નાખેછ. બોલો, તમે મને એ માટે માફ કરશો કે?" આટલું બોલી રોઝામન્દે પોતાના હાથો વડે પોતાનો ચેહેરો ઢાંકી દીધો. આ જોઇ તરતજ અરસુલા ભણવાની પોથીને એક બાજુએ મેલી ઉઠી અને રોઝા-

મન્દનું માથું પોતાનાં પેટમાં ચાંપી ઘણીજ માયાથી બોલી, "રોઝામન્દ, તું શા માટે તારાં મનમાં ઓછું લાવેછ અને આ પ્રમાણે મુન્નયછ? મારી ને મારા બેટા ઉપરની આફતમાં તારો હાથ છેજ કયાં જે હું તને મારી બક્ષું? રોઝામન્દ, તેં શરમાવા જેવું એવું કશું ખોટું કામ કીધુંજ નથી. જ્યાં ખુદાનીજ મરજી હોય ત્યાં નાતવાન ઇનસાન શું કરી શકે? જ્યારે પરવરદેગાર આપણને સજા કરવાનો હોયછ તો કોઇ પણ જાતનાં દુઃખો મારફતે તે આપણને સજા કરેછ. હું તો ખુદાનો ઉપકાર માનુંછ કે મારા એકાંતવાસમાં તે સાહેબે તને અને તારા બેટા હેવીને મારી નજર સામે રાખ્યાંછ. રોઝામન્દ, એટલું યાદ રાખજે કે જેઓને ખુદા ચાહેછ તેઓનેજ તે સજા કરેછ."

અરસુલાના આવા માયાવંત બોલોથી રોઝામન્દને ઘણી હિમ્મત આવી. પોતાના ચેહેરા ઉપરથી પોતાના હાથો કાહડી નાખી તેજ નાજુક ઠંડા હાથો માયાથી અરસુલાનાં ગળાં આસપાસ તેણી વિંટાળી બોલી, "ત્યારે શું ખુદા જેને ચાહેછ તેનેજ તે સજા કરેછ?"

"હા. આ દુનિયામાં મારાં પાહડ જેવાં દુઃખ વચ્ચે એજ એક દિલાસો બાકી રહ્યોછ. રોઝામન્દ, જે બંદાઓને ખુદાએ તજી દીધાછ તેઓજ દુઃખથી નિરાળા હોયછ. બેટી! આ દુનિયા મધેનાં દુઃખ ખુદા તરફની એક જાતની પરિક્ષા છે. જે બંદાઓની ખુદા પરિક્ષા લેવાનો હોય છે તેઓ ઉપર દુઃખોનો મસ મોટો પાહડ તે ગબડાવી દેછે, અને જેઓ તે પરિક્ષામાં ફતેહમંદ ઉતરે છે, યાને જેઓ પોતાની ઉપર ગમે તેવાં દુઃખો પડવા છતાં સાચવટ અને પ્રમાણિકપણાંને વળગી રહે છે, તેઓજ ખુદાના ચુંટી કાહડેલા બંદાઓ હોય છે અને તેઓજ આકેબતનું સુખ અને ખુશી હાંસલ કરે છે."

અરસુલાનાં આ વાજબી અને ખુદાશનાસ વચનો રોઝામન્દનાં લક્ષમાં ઉતરવા પામ્યાં નહિ. તેણીએ ડોકું ધુણાવી કાંઇક અજબ જીજ્ઞાસાથી અરસુલાને સવાલ કીધો, "ત્યારે જેઓ બુરાં હોય છે, પોતાના પેદા કરનાર સાહેબની યાદને ભુલી જનારાં હોય છે અને જેઓ પોતાનાં જેવાંજ ઇનસાનને દુઃખ દેનારાં હોય છે તેઓ સુખી જીંદગી ગુજારે છે, અને જેઓ બિલકુલ ભલાં, ભોળાં, નિર્દોષ અને પારકાંઓની ભલાઇમાં પોતાની ભલાઈ માની લેનારાં હોય છે તેઓજ કાં દુઃખનો આઝાબ ખમે છે? તેઓ ઉપરજ કાં સંકટો અને આફતોનો ફટકો અચબુચો આવી પડે છે? જેઓ પાક હોય છે તેઓનેજ કાં ખુદરત ચોળી-રોળી ધુળમાં રગડોળે છે અને જેઓ પાપીઓ છે તેઓનું સર કાંય બુલંદ રહે છે? શા માટે ખુદા મારા બાપના ખુનીને જાહેરમાં ઉઘાડો પાડી બિચારા નિર્દોષ ગાય ગોલાબ જેવા લાયનને માથે લટકી રહેલું વિઘન ટાળતો નથી? હું કહુંછ કે ખુદાની એમાં કેટલી મોટી ભુલ છે, કેટલું બધું ગેરવાજબીપણું છે? જે શેહતાન મને ફસાવી લગ્નના પવિત્ર ગાંઠથી જોડાયો છે તે ચંડાળ સુખમાં દિવસો ગુજારેછ ને હું તેની ખરી હકદાર ઓરત અને નિર્દોષ બાળક દુઃખોના ગારમાં અવત્યાં માર્યેછ! બોલો, એ ખુદાનો ગેરઇનસાફ નહિ કેહવાય તો બીજું શું? અરે! હું અને મારો લાડકવાયો હેવી જો આજે મરી જઇએ તો કાલે તે પોતાને સારી જેહાનના જીતનાર તરીકે માની લે. તે લ્યાનતી પાપી આજે સુખી છે, દરેક રીતે સલામત છે, અને આપણે નિર્દોષ અને ખુદાથી ડરનારાં દુઃખના ગારમાં ડુબેલાં છિએ."

રોઝામન્દના આ શબ્દોથી અરસુલા પોતાની ઉપરની ગમે તેવી આફત છતાં હસી પડી બોલી, "રોઝામન્દ, હું તારા વિચાર સાથે મળતી થતી નથી. એમ તો તું કદી પણ ધારતીજ ના કે પાપીઓ સદા સુખી હોય છે, અને તેમનું નાવ સંસારના સાગરમાં સદા સલામત તરતું રહે છે. હા, તેઓ જાહેરમાં સુખી દેખાયછ ખરા, પણ બાતેનમાં તેમની એકેએક રગમાં બેચેની, નાસીપાસિ અને નાઉમેદીની નદી વહેતી રહેલી છે. તેઓનું પાપી હૈડું તેમને એક પળ પણ જંપીને બેસવા દેતું નથી. તે નિરંતર તેમને કોતરી ખાઉંજ રહે છે, સદા તેમને પશ્ચાતાપના ભાલા ભોકતુંજ રહે છે. ખુદાનાં કામને પુગી વળવાને ઇનસાન બિલકુલ લાઇલાજ છે. વાહલી રોઝામન્દ, ગમે તેવાં દુઃખો વચ્ચે પણ ખુદાની યાદ અને તેની તરફનાં યકીનને આપાણે ભુલવાં જોઇતાં નથી. તેની યાદ અને યકીન એજ એક એવી સાંકળ છે, જે ઇનસાનને ખુદા સાથે જોડી રાખે છે. જેઓનું યકીન ખુદા તરફ સાબુત હોય છે, ખુદા તરફ જેઓને પક્કો ભરોસો હોય છે તેઓજ આકેબતનાં સુખ માટે જીવે છે. જોકે એમ કરવું ઘણું મુશ્કેલ છે, પણ ખુદા તરફની પરિક્ષામાં ફતેહમંદ ઉતરવા માટે એમ કીધા વિના આપણો છુટકજ નથી. રોઝામન્દ, તું સઘળું ભુલી જજે, પણ ખુદાની યાદને એક પળ વાર પણ ભુલતી ના. સુખ કે દુઃખમાં, ખુશી કે ગમીમાં, દિસે કે રાતે તેનાંજ નામની માળા જપતી રહેજે. જેમ સિહા વાદળથી ઢંકાયલો આફતાબ પળ વારમાં બાહેર નિકળી અંધકારને રોશનીમાં ફેરવી નાખેછ તેવીજ રીતે એક દિવસ એવો પણ આવશે કે ખરો ખુની બાહેર આવ્યા વિના રહેશે નહિ અને ભેદનો કાળાસ ખુલી જઇ ખરી રોશનીનો ચમકાટ નજરે પડશે."

એમાં તો કશો શક હતો નહિ કે રોઝામન્દને અરસુલાનાં આ સાદાં પણ ગંભીર વચનોથી એક જાતની એવી હિમ્મત આવી હતી કે તેવી હિમ્મત ગમે એવા પણ બોલીદરાજ વકતાની વાએજથી કોઇ કાળેબી તેને આવવા પામતે નહિ. તેણીને એવુંજ લાગ્યું કે આજેજ તે ખુદાને અને તેનાં કામને ઓળખવા પામી હતી. તે ઉઠી, અને ખુદાઈ ઇનસાફ તરફ આવો બેવિશ્વાસ બતાવવાની તકસીરથી તે પસતાતી હોય તેવી ઢબે ખુદાની બંદગીમાં સામેલ થવાને દેવળ તરફ તેણીએ પોતાનાં કદમ ભર્યાં.

અરસુલા એકલી પડી. તેની સામે રોઝામન્દનો નિર્દોષ દેવી તગર તગર જોતો બિછાના ઉપર સુતેલો હતો. અરસુલા તે નિર્દોષ બાળક તરફ ધારી ધારી જોઈ એટદમ ગુંટણિએ પડી બોલી, "એ ખુદા! અગરજો મારો બેટો લાયન આ દેવી જેવોજ નિર્દોષ હોય, મારા બંને હાથો જેવાજ લાયનના હાથો ડીપીંગનાં લોહિથી ખરડાયલા નહિ હોય તો 'પેલી આંધળી આંખ'ના ભરમના પરદામાં વિંટળાયલો ભેદ ખુલ્લો કર! તે ભેદના અંધકારને વિખેરી નાખ અને જોઇતી રોશનીને બાહેર લાવ કે મારા બેટા ઉપરનાં ખુનનાં આળ વખતે તે કોણનો બેટો છે તે સારી આલમને આશકારા કરે! કદાચ એજ ભેદ મારા નિર્દોષ બેટાનું નિર્દોષપણું સાબેત કરે તો કરે! બાકી તો તેનાં લોહિનાં તરસ્યાંઓએ તેની સામે રચેલી બાજીનાં છટકાંમાંથી તે કેમ બચવા પામશે તેની મને કાંઈ સમજ પડતી નથી! અરે ખુદા! તું ખરાં નિર્દોષોની મદદે પોંહચ અને તવંગરોથી ગરીબોને બચાવી તેમની લજ્જા રાખ!"

રોઝામન્ડ ફ્લીયનો અજબ એકરાર.

"તારી મોહકાનમાં મારૂં તો જાણે નાકજ નિકળી પડેછ. એ તો શું કરૂં એદેલીન, તારા મુવા બાપની શરમને લીધે કોર્ટમાં તને એકલી મોકલવા મને ગમતું નથી; બાકી નહિ તો તારી સુજમાં હું મારા પોતાના વસા ગુમાવતે નહિ. અરરર! તેં તો મારી ને મારા બેટાની જબરી નાક–કટી કીધી તો! મને તો કોર્ટમાં જવા કરતાં મરવું વધારે પસંદ છે. પેલા ખુની શેહતાનનું મોહડું જોતાં મને કમકમાટ છુટેછ ને તુને તેની ઉપર પ્યાર કરતાં જરાબી હયા આવતી નથી? ખુની ઉપર પ્યાર! અરે, બળ્યો એ પ્યાર! એવા તારા ઘેલા ગાંડા પ્યાર ઉપર ખુદાનો માર પડજો! જો! હવે હું તુને સાફ કહી મુકુંછ કે હું તો ફકત આજનોજ દાહડો અહિં થોબશ, પછી નથી અહિં હું રેહેવાની કે નથી હું તને અહિં રેહેવા દેવાની. તું નાદાનને લીધે શું હું મારા વરસ વેચું કે, હું મારા દાંડા ગણાઉં કે? જયારે તું ઉમરે વધશે ત્યારેજ તારી આંખ ઉઘડશે અને ત્યારેજ દુનિયાને વધુ ઓળખતી થશે અને જતે વખતે મારા આ સખુનો તને પ્યારા લાગશે. બાકી હમણાં તો તે તને ઝેર જેવા કડવા લાગતા હશે."

કોર્ટમાં જવા માટે એદેલીન શોકનાં કાળાં કપડાં પેહરી જયારે લેડી ઓલ્દ-કેસલ આગળ આવી ત્યારે તે તુમાખી બાનુએ પોતાનાં મનનો ઉભરો ઉપર પ્રમાણે ખાલી કીધો. આથી એદેલીનની આંખ્યોમાં આંસુઓ ચમકી નિકળ્યાં.

"લેડી ઓલ્દકેસલ, હું આજીજી કરીને કેહુંછ કે ખુદાને ખાતર તમે મારા નીલ લાયનને માટે આવા સખ્ત શબ્દો ના બોલો, ખુદાને ખાતર તેને નાહક બદનામ ના કરો! અરે! તે બિચારો બિલકુલ નિર્દોષ છે, ખરેખર બેગુનાહ છે. ખુદા છેવટે તેનેજ સુર્ખરૂ કરશે, અને તેને બુરૂં બોલનારાંઓનાં મોહડાં કાળાંજ થશે. અરે! લેડી ઓલ્દકેસલ, તમે તેનો ચેહેરો જુવો! તેની ઉપર ખુન જેવો જબુન અપરાધ છતાં તેના ચેહેરા ઉપર કેવું ખુદરતી નુર ચમકી રહ્યુંછ! તે નુર નિર્દોષપણાંનો છાપ છે, પવિત્રાઇનું માપ છે!"

આ સાંભળતાં જાણે લેડી ઓલ્દકેસલના પગ ઉપર ધગધગતો અંગાર આવી પટયો હોય તેમ તે ચોંકી પોકારી ઉઠી, "શું બોલી? હું તે કાળાં મોહડાંના એબલીસના ચેહેરા ઉપર નજર કરૂં? એ શું તું મનમાં ફાંકો રાખતી હશે? અરે! મને તો તેનો ચેહેરો જોતાંજ ધ્રુજરીને તાપ ચહડી આવેછ! એદેલીન, મારી ભલી પણ ભોળી એદેલીન, સાવધ થા! તેં તે ચંદાળને લીધે તારા કેવા બુરા હાલ કીધાછ તેનો ખ્યાલ કર; તારા મુવા બાપનાં નામ અને હોરમતનો કાંઈ વિચાર કર! એદેલીન, એટલું તો તું યાદ રાખજે કે જે જુબાનીઓ જુરી સનમુખ પડીછ તે ઉપરથી હું ખાતરીથી માનુંછ કે તે ચંડાળ જરૂર ફાંસીએ ચહડવાનો, પણ જો નસીબનાં જોરે એકબારગી તે તેમાંથી છટકે તોબી જીંદગીભરનાં કેદખાનામાં તો તે ખચીતજ સબડી મરવાનો!"

એદેલીને લેડી ઓલ્દકેસલનાં આ ભાષણનો કશો જવાબ દીધો નહિ. તેણી આંખ્યોમાંથી નવધાર આંસુ પાડતીજ ઉભી હતી. આ વેળાએ સેંકડો, બલ્કે હજારો ખ્યાલો તેણીનાં મગ્જમાં આવજાવ કરી રહ્યા હતા. તેણીએ જેને ખાતર મોટે ખાંચરેનાં અનેક માંગાંઓ ના પાડેલાં, તેણીએ જેને ખાતર તવંગરોનો ખોફ

પોતા ઉપર ખેંચી લીધેલો, તેનેજ માથે ખુનનો અપરાધ લટકેલો જોઇ તે ભલી સુંદરી ગોયા સાવજ જેવી બની ગઈ હતી. તેણી હિમ્મત હારી ગઈ હતી, તોપણ અરસુલાની માફક તેણીને પણ પોતાને પેદા કરનાર કિરતાર ઉપર પુર ભરોસો હતો. તેણીએ જે મર્દને પોતાનું તન, મન, ધન અર્પણ કીધું હતું, જે મર્દને ચાહવાનો પવિત્ર એકરાર તેણીએ જાહેરમાં કીધો હતો તે મર્દની સંસારી સ્થિતિ જોકે તેણીની સાથે સરખાવતાં એકદમ ઉતરતી હતી છતાં તેણીને લાગ્યું કે તે જવાન તરફ ખુદ ખુદરત તેણીને પ્યાર કરવા ઉસ્કેરતી હતી. એ શું હતું ? પ્યાર! પ્યાર! પ્યારથીજ લાયન તેણીની નજરમાં એક શેહેનશાહ કરતાં પણ આલા દરજ્જેનો હતો. તે પ્યારથીજ તે ભલી સ્ત્રી દુનિયાના ખોટા ડરનો ખ્યાલ કીધા વિના લાયન ઉપરની આફતની સામે બાથેબાથ લડત ચલાવવાને તૈયાર થઈ હતી; એટલુંજ નહિ, પણ ઓલ્ડકેસલ અને જ્યાં પણ તેણીના કહેવાતા દીવાના પ્યારની વાત ફેલાવા પામી હતી ત્યાંના તવંગરોની હસી મશ્કરીમાં અને તાનાજનીમાં તે આવી પડી હતી. પણ આ સઘળાંનો કાંઈ પણ ખ્યાલ કીધા વિના એદેલીન લેડી ઓલ્ડકેસલ સાથે કોર્ટમાં જવા ગાડીમાં બેઠી ત્યારે તેણીના ફિક્કા ચેહેરા ઉપર સંતોષનો છાપ પ્રગટી નિકળેલો લેડી ઓલ્ડકેસલે મોટા ધિક્કાર વચ્ચે જોયો. જયારે તેઓ કોર્ટમાં દાખલ થયાં ત્યારે આખી કોર્ટ તમાશગીર લોકોથી ચીકાર ભરાઈ ગઈ હતી. એદેલીને બેઠક લેતાં પેહલી નજર નીલ લાયનના ચેહેરા તરફ ફેરવી, તો તેણીને માલમ પડયું કે તેનો દેખાવ સાચવટનું ગોયા એક આબાદ સ્વરૂપ હતું, નિર્દોષપણાંનો ગોયા ખરો નક્ષ હતો. તે સમજી શકયો નહિ કે રોજર દીપીંગનું ખુન કોણે કર્યું હતું? તે પોતે નિર્દોષ હોવા છતાં શા માટે તેને પકડવામાં આવ્યો હતો? શું પોલીસ પાસે એવો કાંઇ મુદ્દો હતો, કે જેની રૂહે તે બિલકુલ બેગુનાહ છતાં નાહકનો દોષિત ઠરનાર હતો? તેના પોતાના જાન માટે તેને કશી દરકાર હતી નહિ; તે છેલ્લા થોડા દિવસમાં આ જેહાનથી ધરાઇ ચુકયો હતો. પણ તેને મોટી ફિકર તેને ખાતર હાડમાર થતી, સેંકડો સંકટો ખમતી એદેલીન માટે હતી. તેને એદેલીન માટે ઘણું લાગતું હતું. જે પળે તે સુંદરી તેને ચાહતાં શિખી હતી, જે ઘડિએ તે રૂપસુંદરીની મોહબતમાં સુખી બનવાની તેની સરજત હતી તેજ પળ, તેજ ઘડિ કમનસીબે બુરાં ચોઘડિયાંમાં ફેરવાઈ ગઈ હતી. ખરેખર, રોજર દીપીંગનાં ખુનવાલી રાત તેને માટે બદબખ્તીની રાત હતી, સિતમની રાત હતી, તોપણ તે રાત, જે રાતે તે પોતાના પ્યારની મુર્તિને એકાંતમાં મલ્યો હતો તે રાત તેને મનથી રાહતની રાત હતી, કેમકે તે રાતે એદેલીન તેની ઉપર ભરોસો મેલી અંધારે વખતે અને ઉજ્જડ જગોએ એકલી ચાલી આવી હતી. તેણે બંધવાનાં પિંજરાંમાંથી એદેલીનના ચેહેરા ઉપર બીહતાં ધ્રુજતાં નજર કીધી, કેમકે તેને ધાસ્તી હતી કે રખેને તે ભલી બાનુનો આગલો વિશ્વાસ તેણે હવે ખોઈ દીધો હોય! પણ નહિ. તેણે મોટા સંતોષ વચ્ચે જોયું કે તે મિઠાં મધુર નેણોમાં હજી પણ આશા અને પ્યારે વાસો કરી રાખ્યો હતો. આથી તે પોતાનાં મન સાથે બડબડયો, "આહ! એદેલીન હજી મને ચાહેછ! હજી તે મને બેગુનાહ અને નિર્દોષ માનેછ! એજ મારો મોટામાં મોટો સંતોષ છે! આ સઘળી નામોશી વચ્ચે મરવામાં એજ મારો મોટામાં મોટો બદલો છે."

તેણે હજી પણ પોતાનાં મન સાથે એદેલીન અને તેણીના સાફ, પાક, પવિત્ર પ્યાર માટે બકબકારો કીધો હોત, પણ એટલામાં રોઝામન્દ ફલોયનું નામ સાક્ષિ

તરીકે એક વાર ફરીથી પોકારવામાં આવવાથી તે તેમ કરતાં અટકયો અને અજબ જીજ્ઞાસા સાથે તેણે જુરી તરફ પોતાની નજર ફેરવી.

રોઝામન્દ જ્યારે સાક્ષિનાં પિંજરાંમાં આવી ઉભી, ત્યારે આખી કોર્ટ વળી કાંઇક નવું જાણવાની જીજ્ઞાસામાં ચુપચાપ થઈ ગઈ હતી.

"આ તે તેજ કાગળ છે, જે તારા મરનાર બાપે પકડી પોતાની અધુરી ખાત્રી પુરી કીધી હતી કે તને ફસાવનાર બંધવો નીલ લાયન હતો?" સરકાર તરફના બારીસ્ટરે પોતાની બેઠક ઉપરથી ઉઠી રોઝામન્દને સવાલ કીધો.

"હા, એમ હતું ખરૂં! પણ તે કાગળ કાંઇ નીલ લાયન તરફથી આવેલો હતોજ નહિ. તેના જેવી સહી હતી ખરી, પણ બંધવાને પુછતાં તેણે કાગળ લખવાની વાત સદંતર ના પાડી હતી."

"તમોને દર વખતે ચોકસ મુસારો મળતો હતોની?"

"હા! પણ તે કાંઈ નીલ લાયન તરફથી નહિ."

"પણ એટલું તો ખરૂં છે કે તે કાગળ જોતાંજ તમારા મરનાર બાપનો ગુસ્સો બેહદ વધી ગયો હતો?"

"હા!"

"અને તમારા બાપને બંધવા માટે શક જવાને લીધેજ તમોને તમારા દીકરા દેવી સાથે મરનારે પોતાનાં ઘરમાંથી હાંકી કાહડયાં હતાં, એમજ કેની?"

"હા સાહેબ!" આ જવાબ દેતાં રોઝામન્દનો ચેહેરો ગુસ્સાથી લાલચોળ થઇ આવ્યો. બારીસ્ટરના આવા દયાહિણ સવાલોનો જવાબ આપતાં તેણીનું નાજુક જીગર ચીરાઈ-ફસાઈ જતું હતું.

"તમારો મરનાર બાપ તો એમજ જાણતો હતોની કે તમોને ફસાવનાર બંધવોજ હતો, જેનું નામ તમોએ કોઇ ચોકસ સબબને લીધે સઘળાઓથી છુપું રાખ્યું હતું?"

"હા, એવો શક મારા ભોળા બાપને હતો ખરો! આથી તો તેઓ હંમેશ મારી અને લાયનની હિલચાલ અજબ શંકાથી તપાસતા રહ્યા હતા, જોકે મેં મરનારને ઘણુંબી સમજાવ્યું હતું કે નીલ લાયન મારો ખાવિંદ હતો નહિ."

"તમે બંધવાને તમારા બાપનાં ખુનવાળી રાતે જંગલમાં મળવા ગયાં હતાં તેનો સબબ તમારા બાપની તમારા તરફની ચાલ માટે બંધવા આગલ ફરિયાદ કરવાનોજ હતોની?"

રોઝામન્દ આ સવાલનો જવાબ આપવા પેહલાં કાંઈ વિચારમાં પડી. તેણીનો ચેહેરો કોઇની પણ દયા ઉસ્કેરે એવો ફગલાઇ ગયો હતો, તોપણ તે દુ:ખી સ્ત્રી હિમ્મત રાખી બોલી:—

"હા! હું લાયનને એક ચોકસ વાત કેહવા ગઈ હતી જે મારા પરણ્યા ખા-ખા-વિંદ—"

રોઝામન્દ આગળ બોલતાં અચકી ગઈ. જાણે તેણીને કાંઇ એકાએક યાદ આવી ગયું હોય તેમ તેણી ઘભરાયલી અકરાયલી આખી કોર્ટમાં ભુલી પડેલી હરણીની માફક ચોપાસ જોવા મંડી ગઇ.

સરકાર તરફના બારીસ્ટરે જાણે કાંઇ જાણતોજ નહિ હોય તેમ બીજો સવાલ કીધો, "બંધવો પોતાની શેઠાણી એદેલીનને ચાહતો હતો એ બીનાથી તમારો બાપ વાકેફ હતો કે?"

"હા! મને સેહજ યાદ આવેછ કે એદેલીનને લગતો કાંઈક ઇસારો મારી આગલ મરનારે કીધો હતો ખરો!"

આટલું બોલતાં તેણીનો અવાજ એટલો બધો તો નબળો પડી ગયો હતો કે જાણે તેણીનો દમ અંદરથી ગુંગળાતો હોય. એટલું તો ચોકસ હતું કે બારીસ્ટરના કરડા અને દિલ જખમી કરી નાખનારા સવાલોથી તે સ્ત્રી તદન ગાફેલ જેવી બની ગઇ હતી. તે જીવતી સ્થિતિમાં જાન વિનાનાં કાલબુદને વધારે મળતી આવતી હતી. લોકોને અટકલ બાંધી લેતાં વિલંબ લાગ્યો નહિ કે રોઝામન્ડ, બારીસ્ટરના ઘાતકી સવાલોથી છેકજ આજેઝ થઈ ગઈ હતી, બેચેનીની બિમારીથી ગોયા રેજ-રેજ થઇ ગઈ હતી.

"વારૂં તમે કોર્ટને જણાવશો કે તમારા ખાવિન્દનું નામ શું છે?"

રોઝામન્ડ ચોંકી. ખાવિન્દનાં નામના સવાલથી તેણીને માથાંથી પગ સુધી એક વિજળીક ઝટકો લાગ્યો. તેણી એક ધીમી ચીચ્ચારી પાડી બેભાન જેવી દયાજનક સ્થિતિમાં પિંજરાંના કટેરાને અઢેલી ફાટેલા ડોળાએ પોતાને સવાલ કરનારને જોતી ઉભી. તેણીને ગુપચુપ ઉભેલી જોઇ બારીસ્ટરે એક વાર ફરીથી સવાલ કીધો, "બાનુ, તમે મારૂં બોલવું સાંભળોછ કે? હું એમ કહુંછ કે તમે કોર્ટને જણાવો કે તમારા જે ખાવિન્દનું નામ તમોએ હમણાં સુધી છુપાવી રાખ્યુંછ તે તમારો ખાવિન્દ કોણ છે?"

બીજી વારના આ સવાલથી રોઝામન્ડ ફિક્કી ફચ થઇ ગઈ. તે મીણનાં એક પુતળાં જેવી બની ગઇ. તેણીના હોઠો ધ્રુજવા લાગ્યા અને જાણે તેણીનું મગ્જ ઘંટીની માફક ચકરાવામાં આવી પડેયું હોય તેમ તેણીએ પોતાના બંને હાથોથી પોતાનું માથું દાબી રાખ્યું. બીજી વારનો પણ સવાલ સાંભળવાને ગોયા તેના કાનો ફુટી ગયા હતા. આથી બારીસ્ટરે ત્રીજી વાર તેજ સવાલ પાછો કીધો. તેજ પળે તેણીએ બંધવા તરફ નજર કીધી અને બીજી પળે કાંઇ અજબ જેવા ફેરવાયલા અવાજથી તેણી બોલી:—

"નીલ લાયન!"

એકજ વધુ પળ, અને રોઝામન્ડ ત્યાંની ત્યાંજ સાક્ષિનાં પિંજરાંમાં બેભાન બની મુડદાંની માફક જમીન ઉપર પછડાઇ પડી. આખી કોર્ટ આ બનાવથી અજાયબી અને દલગીરીમાં ગર્ક બની ગઈ.

નીલ લાયનની તપાસનું સેવટ.

કમનસીબ રોઝામન્ડ ફલોય! સરકાર તરફના ધારાના હીમાયતીના સવાલના જવાબમાં પોતાના ખાવિન્દ તરીકે નીલ લાયનને જાહેર કીધા પછી તે દુ:ખી સ્ત્રી બેસુદ્ધ થઈ તુટી પડી હતી, તે આપણે આગળ જોઈ ગયા છિએ. જયારે કોર્ટના હુકમથી તેણીને તેણીની બેસુદ્ધ હાલતમાંજ કોર્ટની બાહેર લઈ જવામાં આવી ત્યારેજ તેણીના એકરારથી અજાયબીમાં ગર્ક ગયલાં લોકોની ઘુસપુસ કાંઈક સાંત થવા પામી હતી. એદેલીનના સાચ્ચા અને હિમ્મતભર્યા એકરારથી જેટલી અજાયબી કોર્ટમાં ભેગાં થયલાં લોકોને લાગી હતી તે કરતાં દશ હજાર ઘણી અજાયબી તેઓને રોઝામન્ડના ઓચિંતા અને કદી પણ આશા નહિ રાખવામાં આવેલા

એકરારથી લાગવા વિના રહી નહિ. કોર્ટમાંના તમાશગીરોએ સ્વપને પણ વકી રાખી હતી નહિ કે રોઝામન્દ ફલેચરનાં મુખમાંથી પોતાના ખાવિન્દ તરીકે નીલ લાયનનું નામ નિકળવા પામશે! હજી તો લોકો આ અનાયબીમાં ગરકાવ થઈ એક બીજામાં ધીમી ધીમી ધુસધુસ કરી રહ્યાં હતાં, તેટલાંમાં તેઓ માટે વળી એક બીજીજ અનાયબી તૈયાર હતી. આ નવી અનાયબી લોર્ડ ઓલ્ડકેસલ (જુલિયન)નો નોકર ગંગાદાસ હતો. તે હિન્દી નોકર બંધવા નીલ લાયનની સામે જુબાની આપવા સાક્ષિનાં પિંજરાંમાં આવી ઉભો ત્યારે આખી કોર્ટ આ નવા સાક્ષિથી બિલકુલ ડંગ થઇ ગઈ હતી. બંધવા સામે તે કેવા પ્રકારની જુબાની આપનાર હતો તે જાણવાને લોક અધીરૂં થઈ ગયું હતું. તેનો ચેહેરોજ લોકોને એવો લાગ્યો કે કોર્ટને તે કાંઈ એવું કેહેવા માંગતો હતો કે જે બીજા આગલા સાક્ષિઓથી કેવળ જુદુંજ, બિલકુલ નવુંજ અને સદંતર બંધવાની વિરૂદ્ધ જાય એવું હતું. ગંગાદાસને સાક્ષિનાં પિંજરાંમાં આવી ઉભેલો જોઈ લાયન, એદેલીન અને અરસુલાનો ચેહેરો ફિક્કોફચ થઈ ગયો હતો. તેઓએ મોટી દલગીરી અને અનાયબી વચ્ચે જોયું કે તે પોતાના ઉપર કાંઈ એવાં તો વેર અને કીનાના પ્રગટ છાપ સાથે સાક્ષિનાં પિંજરામાં આવી ઉભો હતો કે તેઓએ નક્કીજ માન્યું કે તે કાંઈ એવું કહેવા માંગતો હતો કે જેથી તેમની અધુરી કમબખ્તી પુરીજ થવાની, અને તેમજ હતું. તેણે કોર્ટમાં જે જુબાની આપી તે જુબાની એવી તો પાટિયાં ગોઠવેલી હતી, તે એવી કિસમની ખોટાંનું ખરૂં કરી દેખાડનારી હતી કે એદેલીન અને અરસુલાએ નક્કીજ માન્યું કે જુરીનો ચુકાદો તેમના વાહલા લાયનની વિરૂદ્ધમાંજ જવાનો અને તે બાપડો નિર્દોષ છતાં દોષિતજ ઠરવાનો.

ગંગાદાસે જે જુબાની આપી તે નીચે મુજબ હતી:—

"હું મંગળવાર તા૰ ૧૦મી ડીસેમબરની રાતે આશરે સાડા દશના અમલે તેજ જંગલમાં હતો, જયાં રોજર દીપીંગનું ખુન થવાનો બનાવ બન્યો હતો. હું તે જગેથી થોડેક દુર પસાર થતો હતો તેટલાંમાં ખુનવાળી જગાએથી મેં બે જણ વચ્ચે કાંઈ કજયો થતો સાંભળ્યો. તેઓ બંને ગુસ્સાથી એટલા બધા તો ઉસ્કેરાઈ ગયા હતા કે મેં ખચ્ચીત માની લીધું કે જરૂર તે બંધેમાંથી કોઈ એકનુંબી ખુન થવાનું. તેઓ એકબીજામાં શા માટે લડી મરતા હતા તે હું જાણી શકયો નહિ, કેમકે તેઓ જે કાંઈ બોલતા હતા તે એટલી તો ઉતાવળથી હતું કે હું તેમનું બોલવું બિલકુલ સાંભળી શકયો નહિ. હું એટલું તો જાણી શકયો કે એકનો અવાજ દુ:ખી અને આજીજી કરનારો હતો, જયારે બીજા અવાજમાં તુમાખી અને બદમાશીપણાંનો અંશ ભેળાયલો હતો. પહેલાં જે જગોએ હું ઉભેલો હતો ત્યાંથી અંધકારને લીધે હું તેમના ચેહેરા જોઇ શકયો હતો નહિ, જેથી હું અજબ જીજ્ઞાસાથી દોરવાઈ તેઓની નજદીકની એવી જગોએ ગયો, કે જયાંથી હું તેઓ બંનેને કાંઇક આસાનીથી જોઇ શકું. મેં ત્યારે જોયું કે તેઓમાંનો એક બુઢો રોજર દીપીંગ હતો, કે જેનું ખુન થયું છે; જયારે બીજો, પિંજરાંમાં ઉભેલો બંધવો હતો. એ બંધવાનાજ હાથમાં એક મોટો હથોડો મેં આબાદ જોયો અને મેં એમ પણ જોયું કે ખુની તે હથોડા વડે પોતાનાં પુરતાં બળ સાથે મરનારનાં માથાં ઉપર મજબુત ફટકા લગાવ્યો જતો હતો."

આ વેળાએ એદેલીન રેનના ફિક્કા હોઠો ધુજતા હતા. તેનાં મોહડાંમાંથી એક ધીમી ચીચ્ચારી બાહેર નિકળવા માંગતી હતી, પણ એદેલીને પોતાનાં મન

ઉપર મજબુત કાબુ રાખ્યો, અને તેમ થવા દીધું નહિ. તેણીએ માહ મુશકેલી વચ્ચે તેને ત્યાંજ દાબી દીધી. આ નવા સાક્ષિની સીધી જુબાનીથી લોકોનાં મનમાં હવે કશો પણ શક રહ્યોજ નહિ કે રોજર દીપીંગનો ખુની અને તેની બેટી રોઝામન્ડ ફ્લોયનો છુપો ખાવિન્દ બંધવો નીલ લાયનજ હતો. રોઝામન્ડ ફ્લોયે પોતાના ખાવિન્દ તરીકે તેનુંજ નામ ભર કોર્ટમાં જડજ અને જુરી સનમુખ ખુલ્લું કીધું હતું. જોકે તેમ કરી તે બેસુદ્ધ થઈ ગઈ હતી તોપણ તેણીના તે એકરાર તરફ શક લઈ જવાનો કશો સબબ હતો નહિ. વળી તેણીના એકરારને ગંગાદાસની જુબાનીથી મજબુત ટેકો મલ્યો હતો.

"જ્યારે એમજ છે તો ખુન થતું તમે કેમ જોઇ શકયા? તમારે ખુન થતું અટકાવવું હતું. તમારે તે બુઢાની મદદે જવું જોઇતું હતું," જુરીના ફોરમેને સવાલ કીધો.

આ સવાલ સાંભળતાંજ ગંગાદાસે પોતાનાં બંને ખભાંઓ ચહડાવી જવાબ દીધો, "યુરોપીયન કોમના બે શખ્સો વચે થતી પંચાતીમાં વચે પડવાનું કામ મારા જેવા એક કમીના નોકરનું નહિ હતું. હું તે વેળાએ એટલી બધી તો હિમ્મત હારી ગયો હતો કે ખુનીને પકડવાનું અને બુઢા રોજર દીપીંગને મદદ કરવાનું તો એક કોરે રહ્યું પણ મેં તો એમજ માન્યું કે રખેને તે ખુની મને છુપાયલો જોઈ મારૂં બી ખુન કરે! ખુનીના હાથમાં હથોડા જેવું ભયંકર હથિયાર જોતાંજ મારા તો હોશ કોશ ઉડી ગયા હતા, અને મેં તો એમજ માન્યું કે એવી વેળાએ ખુનીની વચ્ચે જવું એ જાણી જોઇ મોતનાં ડાચાંમાં જવા બરાબર હતું."

બંધવા તરફના બારીસ્ટરે ગંગાદાસને એકજ સવાલ કીધો, "શું તમે ખાતરીથી કહી શકશો કે ખુનવાળી રાતે રોજર દીપીંગના ખુની તરીકે જે શખ્સને તમે જોયો હતો તે નીલ લાયનજ હતો? એમ શું તમે સોગંદ ઉપર કહી શકશો?"

આ વેળાએ ગંગાદાસે પોતાની ઝીણી આંખો બંધવાનાં પિંજરાંમાં ઉભેલા લાયન તરફ ફતેહથી છળકાઇ ફેરવી, અને જવાબ દીધો, "હું ગમે તેટલો હીચકારો હોઇશ, બીહકણ હોઇશ, ગોરા સાહેબોને જોઇ સુદ્ધબુદ્ધ ખોહી દેનારો હોઇશ, પણ એક વેળા જોયલો ચેહેરો અને સાંભળેલો અવાજ હું કદી પણ ભુલી જનારો માણસ તો હોઇશજ નહિ."

ફરિયાદ પક્ષનો મુકદમો છુપી પોલીસના એક અમલદારની જુબાની પછી પુરો થયલો જાહેર કરવામાં આવ્યો. તે અમલદારે જે જુબાની આપી તેનો સાર એ હતો કે ખુનવાળી જગોની નજદીક જે પગલાં પડયાં હતાં તે બંધવાનાં પગલાંને મળતાં આવતાં હતાં. બંધવા તરફથી જુબાની આપનાર ફકત એકજ સાક્ષિ હતો. તે જેમ આબરૂદાર સાક્ષિ હતો નહિ તેમ તેની જુબાની એવી પણ હતી નહિ કે જેથી બંધવા લાયનની વિરૂદ્ધની જુબાનીઓને કશીબી અસર આવવા પામે. તે જે કેહવા માંગતો હતો તે એજ હતું કે ખુનવાળી રાતે ખુનવાળી જગો આગલથી જયારે તે પસાર થતો હતો તે વેળાએ બે શખ્સો વચે કાંઇ ટટો થતો તેણે સાંભળ્યો હતો. તેણે મરનાર રોજર દીપીંગનો અવાજ કાંઇ સેંકડો વખત સાંભળેલો હોવાથી તે બે મધેથી તેનો અવાજ ચોકસ ઓળખી કાહડતાં તેને ઝાઝી મુશકેલી નડી નહિ. પણ તેણે ભાર મેલી જે જણાવ્યું તે એ હતું કે "મેં જે બીજો અવાજ સાંભળ્યો તે અવાજ જોકે હજી પણ મારા કાનને અથડતો રહ્યોછ, તોપણ હું એટલું તો ખાતરી સાથે જણાવી શકશ કે તે બીજો અવાજ

ઓળખવાનો તો હતોજ નહિ. તે અવાજ જોકે મારે માટે એકદમ નવો હતો નહિ, તોપણ ગમે તેટલું કરવા છતાં તે અવાજ પિછાનવાને મારૂં ભેજું ચાલી શકતું નથી.”

બંધવાનો બારીસ્ટર ફકત એજ એક સાક્ષિને પોતાના ફુલનો બચાવ કરવાને કોર્ટમાં લાવી શકયો હતો, જે વિરૂદ્ધ પક્ષના સાક્ષિઓની મજબુત અને દેખ-દતી રીતે નહિ તુટે એવી જુબાનીઓ સાથે સરખાવતાં નહિજ જેવો હતો. તમા-શગીર લોકો પણ આ સઘળું સમજવાને સાધારણ અક્કલ ધરાવતાં હતાં. તેઓએ બંધવા નીલ લાયનની જીંદગીની આશા છોડી હતી. આથી તેઓને બંધવા કરતાં તેને ખરાં જીગરથી અને પવીત્ર પ્યારથી ચાહનાર એદેલીન રેનની વધુ દયા લાગતી હતી. તેણીનો દેખાવજ કોઇની પણ દયા અને દિલસોજી ઉસ્કેરે એવો હતો. તેણીએ અંત સુધી ખોદા ઉપર પુર ભરોસો રાખ્યો હતો કેમકે તે સુંદરી સારી પેઠે જાણતી હતી કે જેઓ ખરેખરા નિર્દોષો હોય છે તેઓને ખુદા જરૂર મદદ કરે છે; પણ જયારથી તેણીએ જુલિયનના હિન્દી નોકર ગંગાદાસની લાયનની વિરૂદ્ધની જુબાની ઉંચે દમે અને ધડકતી છાતીએ સાંભળી હતી ત્યારથી તે ભલી બાનુએ લાયનની સરજત કેવી બુરી બનનાર હતી તેની વાજબી અટકળ બાંધી રાખી હતી

બપોરનાં ખાણાં પછી જયારે કોર્ટ પાછી બેઠી ત્યારે સરકાર પક્ષના બારી-સ્ટરે પોતાનું ભાશણ શરૂ કીધું હતું. મજબુત અને ઠરેલ અવાજથી અને પોતાનો મુકદમો ખાત્રીપુર્વક સાબેત કરવાના સંતોશ સાથે જુરી સનમુખ ભાશણ કરતાં તે બોલ્યો:—

“જુરીના ગ્રહસ્થો, બંધવાની વિરૂદ્ધમાં જે જુબાની કોર્ટ સનમુખ પડી છે, તે ઉપરથી એક ચોક્કસ ઠરાવ ઉપર આવતાં તમોને એક તણખાંભાર પણ મુશ-કેલી નડનાર નથી. આ મુકદમો પ્યાર અને મોહબતના કાહાણી કિસ્સા જેવાં ઘેલાંગાંડાં ચેડાંમાંથી ફુટી નિકળ્યો છે. બંધવો જવાન છે, કોઇનીબી દયા ખેંચે એવી ખુબસુરતી ધરાવનાર અને ભવિષ્યની ચળકતી કારકિર્દીની આશા આપનારો છે, પણ પ્યારથી તે આંધળો બની ગયો છે. પ્યારથી આ જગતમાં શું થયું નથી? પ્યારથી જેમ ફિરેસ્તા પણ ફસી પડે છે તેવોજ હાલ બંધવાનો થયો છે. એક ઘંભીર ગુનાહ છુપાવવા જતાં તે ખુન જેવા બીજા અજીમ ગુનાહમાં ફસી પડયો છે. રોઝામન્દ ફલોયના પ્યારની જાળમાં તે સપડાયો હતો, તેણે સ્કોતલંડમાં તે ભોળી સ્ત્રી સાથે લગ્ન કીધાં હતાં અને મીસ રેનને પાછળથી જોતાં અને તે બાનુ તરફથી તેને ઉત્તેજન મળતાં રોઝામન્દને છોડી મીસ રેન ઉપર તેનો ડોળો ખોભાયો હતો. અલબતાં, આ ઉત્તેજનથી મીસીસ ફલોય (રોઝામન્દ ફલોય)ને પોતાનું નામ છુપુંજ રાખવાને તે સમજાવતો રહ્યો હતો. મીસ રેનની તેની તરફની મોહબતથી બંધવો એટલો બધો તો છળકાઇ ગયો હતો કે મીસીસ ફલોયને પોતાની પરણેતર બના-વવા માટે તે હવે પસ્તાવા લાગ્યો અને મીસ રેન સાથે તે પરણી જઇ તેણીની લાખોની દોલતનો માલેક થવા પામે ત્યાં સુધી મીસીસ ફલોયને સમજાવી દુર અને દુર રાખવામાંજ તેણે પોતાની સલામતી જોઇ અને તેમાં તે કેટલેક દરજજે ફતેહ વટીક પામ્યો. તે મીસીસ ફલોયને ચોકસ લવાજમ આપતો હતો, તે કોર્ટ સનમુખ પડેલી જુબાની ઉપરથી સાબેત થઇ ચુકયું છે. જયારે બંધવાએ જોયું કે તેની પરણેતરના બાપ રોજર દીપીંગે તેની અને પોતાની બેટી વચેનો સંબંધ જાણી લીધો અને જયારે મરનારે આ સંબંધ ઉઘાડો પાડી દેવાને તેને ધમકી આપી, ત્યારે બંધવાની હાલત કેવી થઇ પડેલી હોવી જોઇએ તે બિચારવું સેહેલ

છે. બંધવાને ગુનાહ કરવાને જે સબબ મળ્યો હતો તે એજ હતો, તે માટે કશો શક હવે રહ્યો નથી. બંધવાએ ખાતરીથી માની રાખેલું હોવુંજ જોઇએ કે મીસીસ ફ્લોય સાથે સ્કોતલંદ ખાતે તેણે કીધેલાં લગ્ન હકદાર હતાં નહિ યાને તે લગ્ન કાયદાથી ઉલટાં હતાં જુરીના ગ્રહસ્થો, શું તમો માની શકતા નથી કે બંધવાએ સ્કોતલંડ ખાતે તે ભોળી સ્ત્રી સાથે લગ્નનો ફારસ ભજી બતાવવામાં બુરીજ નેમ રાખી હતી? શું તેણે તે ભોળી સ્ત્રીને વધુ ભોળવવા લગ્ન કરવાનો ખોટો ઢોંગ કીધો હતો નહિ? બંને વચ્ચેનાં લગ્ન હકદાર હતાં યા નહિ તે સવાલ ઉપર વિચાર ચલાવવાની હાલ કશી જરૂર નથી. તમારે તો ફકત એટલુંજ વિચારવાનું છે કે જયારે બંધવાએ જાણ્યું કે રોજર દીપીંગ આગળ તેનો ભરમ ખુલ્લો થવા પામ્યો હતો ત્યારે તેની "ડાંઉડાંઉ" કરતી જબાનને સદાની બંધ કરી નાખવાને અને પોતાના રસ્તામાંથી એક પીડા ટાળવાને તે શું લલચાયો હોવો જોઇએ નહિ? તેના માર્ગમાં જે ન ધારેલી નડતલ રોજર દીપીંગની હતી તે નડતલને પોતાના માર્ગમાંથી દુર કરવા સિવાય બંધવાનો બીજો કશો છુટક હતોજ નહિ. જેથી તમો સેહેલથી સમજી શકશો કે બંધવાએજ તે બાપડા ગરીબ કામદારનું ખુન કીધું છે, અને જે જુબાનીઓ તમારી સનમુખ પડી છે તે ઉપરથી તમોને શક લઇ જવાને કશો સબબ મલતો નથી. બંધવો ખુનવાળી રાતે ખુનવાળી જગોએ હાજર હતો નહિ, એવી જુબાની સામી પક્ષ તરફથી રજુ કરવામાં આવેલી નથી, પણ અમોએ રજુ કરેલી જુબાનીથી એટલું તો સાબેત થઇ ચુકયું છે કે તે ત્યાં હાજર હતો. બલ્કે મીસ રેન અને મીસીસ ફ્લોય સાથે મુલાકાત કરવાને તે જંગલમાં લગાર જલદીથી હાજર થયો હતો. તેણે બંને સાથે મુલાકાત કીધી હતી, પણ આ તો ખુલ્લું છે કે અઢી કલાક જેટલા વખત સુધી તે જંગલમાં રહ્યો હતો તેટલો બધો વખત તેણે મુલાકાતમાં ગુજાર્યો હતો નહિ. ત્યારે સવાલ ઉઠે છે કે તેણે જંગલમાં ગુજારેલા અઢી કલાકનો મોટો ભાગ બીજાં શું કામમાં ગુજાર્યો હતો તે કોર્ટ સનમુખ ખુલ્લું થવા પામ્યું નથી. છુપી પોલીસના વડાએ જે જુબાની અત્રે રજુ કીધી છે તે ઉપરથી આઇનાની માફક માલમ પડે છે કે ખુનવાળી જગોથી થોડેક દુર બંધવાનાં પગલાં પડેલાં હતાં. તે તરફજ બંધવાની લાકડીના બે ટુકડા પડેલા મળી આવ્યા હતા. વળી બંધવાનો રૂમાલ જે લોહીથી તદન ભીંજાઇ ગયો હતો તે પણ તમારે ભુલવું જોઇતું નથી. આ રૂમાલ મરનારની મળી આવેલી લાસથી બે વાર છેટે પડેલો હતો, જે બંધવાનોજ હતો તેમાં કશો શક રહ્યો નથી. વળી તે રૂમાલ ઝાડીના એક નાના જેવા ઘસાડામાંથી નિકળેલાં લોહીથી એટલો બધો ભીંજાઇ જાય એ વાત કદી પણ માનવામાં આવે નહિ. જુરીના ગ્રહસ્થો, લોર્ડ ઓલ્ડકેસલ જેવા ગ્રહસ્થના વિશ્વાસુ નોકર ગંગાદાસની જુબાની આ મુકદમા ઉપર એટલું તો પુરતું અજવાળું પાડે છે કે તેમાંથી ખરૂં ખોટું જોવાનું સેહેલથી બની શકે છે. ગંગાદાસે તમો સનમુખ જે જુબાની રજુ કીધી છે તે ઉપરથી તમારે અજબ થવાનું કશું કારણ નથી. હિન્દુસ્તાનનો એક દેશી બે યુરોપ્યનોના ઝઘડાની વચમાં નહિ પડે એ બનવાજોગ છે. બંધવા તરફથી ફકત એકજ સાક્ષિને રજુ કરવામાં આવ્યો છે, જેની જુબાનીથી બંધવાની સામે પડેલી બીજી મજબુત જુબાની કોઇ પણ રીતે તુટી જવા પામી નથી. જુરીના ગ્રહસ્થો, સામી પક્ષ તરફથી એવો બચાવ લાવવામાં આવશે કે બંધવાએ જે કર્મ કર્યું છે તે પોતાના બચાવ માટે કીધું હતું, પણ આ બચાવ પણ ટકી નહિ શકે

એવો છે. બંધવાને મરનારથી એક પણ જખમ થયો હોય એ આપણે જાણતા નથી. માત્ર તેના હાથને એક ઘસાડો પડયો છે, જે માટે તે પોતેજ જણાવે છે કે ઝાડી વચ્ચેથી વગર ધ્યાને પસાર થતાં તે ઘસાડો પડવા પામ્યો હતો. ત્યારે જુરીના ગ્રહસ્થો, મરનાર તરફથી હથોડાનો એક પણ ફટકો બંધવાનાં માથાં યા શરીરના કોઈ પણ ભાગ ઉપર પડવા પામ્યો નથી એ તો ચોકસ છે. અગરજો બંધવાએ પોતાના જાનના બચાવમાંજ રોજર દીપીંગનો જાન લીધો હોત, તો જુરીના ગ્રહસ્થો, શું તમે ઘડીભર પણ માની શકોછ કે એ બીના નીલ લાયન જેવો શિખેલો અને બાહોશ બંધવો પોતાનીજ મેળે બાહેર લાવતે નહિ ? પણ તેણે જે કામ કીધું છે તે મરનારને પોતાના રસ્તામાંથી દુર કરવા માટેજ હોવાથી તેણે આ કામને જાહેરમાં લાવવાની જરૂર જોઇ નથી. જુરીના ગ્રહસ્થો, તમો શું માનવાને એક પળ પણ અચકાશો કે બંધવો અગરજો આ ખુનના અપરાધથી ફસી જવા પામ્યો નહિ હોત તો તેણે કમનસીબ મીસીસ ફલોયતનું ખુન કીધું નહિ હોત ?"

આ પછી તે બારીસ્ટરે જુરીના ગ્રહસ્થોને અપીલ કીધી કે "બંધવાની ચાલચલણ માટે તમોએ કોર્ટની બાહેર જે કાંઈ સાંભળ્યું હોય તે તમારાં મનમાંથી કાહડી નાખજો અને પછીજ તમારો ચુકાદો આપજો."

અતરે ફરિયાદ પક્ષના બારીસ્ટરે પોતાની જગા લીધી અને બંધવાના બારીસ્ટરે બચાવ તરફથી ભાશણ શરૂ કીધું. આ ભાશણમાં કશું જાણવા જોગ હતું નહિ. ભાશણમાં જે મુખ્ય બાબદ હતી તે એજ કે ગંગાદાસે સદંતર જુઠી સાક્ષિ આપી હતી અને બંધવો રોઝામન્ડ ફલોયતનો ખાવિન્દ હતો નહિ. બંને પક્ષના ધારાના હીમાયતીઓનું ભાશણ પુરૂં થવા પછી કોર્ટને ઉઠવાનો વખત થવાથી બંધવા નીલ લાયનની બાકીની તપાસ બીજા દાહડા ઉપર મુલતવી રાખી કોર્ટ બરખાસ્ત થઇ. નીલ લાયનને કોર્ટમાંથી બાહેર લઇ જવા પછીજ એદેલીન ઉઠી. તેણીને લાગ્યું કે તે આવતી કાલે પોતાના પ્યારા લાયનને છેલ્લીજ વખત જોનાર હતી કેમકે તેણીએ ખાતરીથી માની લીધું હતું કે આવતી કાલે જુરીનો અભિપ્રાય લાયનને ગુનેહગાર ઠરાવવામાંજ આવવાનો હતો.

ફાંસીની સજા.

બુઢા રોજર દીપીંગના ખુની તરીકે ગણેલા નીલ લાયનની તપાસનો આજે છેલ્લો દિવસ હોવાથી લોકોની અસાધારણ ગીરદી કોર્ટમાં ભેગી મલી હતી. જેઓએ આગલે દિવસે એદેલીનને કોર્ટમાં જોઇ હતી તેઓએ ખાતરીથી માન્યું હતું કે તે ભલી સ્ત્રી વળતે દિવસે કોર્ટમાં હાજરી આપી શકનાર નથી. પણ તેઓ પોતાની ગણત્રીમાં ચુકયાં હતાં કેમકે તે ખુબસુરત નાઝનીન વળતે દિવસે પાછી કોર્ટમાં હાજર થઇ હતી. ફિક્કા ચેહેરા સાથે પોતાના પ્યારા નીલ લાયનની સરજત સાંભળવાને જ્યારે તેણી કોર્ટમાં હાજર થઈ ત્યારે લોકોની અજાયબીનો પાર રહયો નહિ. દરરોજના રાબેતા મુજબ બંધવાએ પિંજરામાં દાખલ થતાંજ પોતાની શેઠાણી, પોતાની રાણી અને પોતાને ખરાં જાનો જીગરથી ચાહનારી મનમોહન સુરત એદેલીન તરફ પોતાની પેહલી નજર ફેંકી; પણ આજે એદેલીને લાયન તરફ

જોવાની બિલકુલ દરકાર કીધી નહિ. ખુબસુરતીની તે રાણી મીણનાં એક પુતળાંની માફક નીચે ડોકે બેસીજ રહી. તે કોઇજ વખતે જડજ અને જુરી તરફ બીહતી ધ્રુજતી નજર કરતી હતી. આથી તમાશગીર લોકો અજબ થવા વિના રહ્યાં નહિ. વળી તેઓને વધુ અજાયબી એ લાગી કે બંધવો નીલ લાયન આજે હંમેશના કરતાં જયાદા ઘભરાયલો, ફિક્કો અને નાઉમેદ થયલો દિસ્તો હતો. તેણે આજે પેહલીજ વાર એક ખરા ગુનેહગારની માફક પોતાના ચેહેરા ઉપરતું નુર ગુમાવી દીધું હતું.

આખરે જડજે જુરીને ચાર્જ આપતાં જે કાંઈ કહ્યું તે વગર શકે બંધવાની વિરૂધમાં જાય એવુંજ હતું, જેથી એદેલીન અને લેડી ઓલ્ડકેસલને સમજી જતાં વિલંબ લાગ્યો નહિ કે જુરીનો અભિપ્રાય કેવી કિસમનો આવનાર હતો. એદેલીન આ ખ્યાલથીજ ધ્રુજી, અને તાહડનું એક સખ્ત લખલખું તેણીનાં આખાં તન બદનમાં વિજળીક ઝટકે ફરી વળ્યું. તેણીએ સ્વપ્નેબી ખ્યાલ રાખ્યો હતો નહિ કે રોઝામન્દ ફલોયનો ખાવિંદ નીલ લાયન હોય. પણ હવે તેમાં શક જેવું શું રહ્યું હતું? શું તેણીએ રોઝામન્દનાં મોહડેથી આ દિલ જળાવનારો એકરાર સાંભળ્યો નહિ હતો? જે મર્દને ખાતર તે ભલી સ્ત્રીએ આટલી બધી હાડમારી વેઠી હતી, અને આટલી બધી તાણાતાનીમાં આવી પડી હતી તે મર્દે શું તેણીની ભોળાઇનો ખોટો લાભ લીધો નહિ હતો? અને તેણીને તેના પ્યારમાં ઠગી હતી નહિ? તેણે તેણીને પ્યાર આપ્યો તે આગમચ શું તે બીજી સાથે લગ્નના પવિત્ર ગાંઠથી જોડાયો હતો નહિ? અને આ સઘળું છતાં પણ તે બાનુ તેને આખી દુનિયા કરતાં પણ વધુ વાહલથી ચાહતી રહી હતી.

જડજે જુરી સનમુખ જોકે લંબાણ ભાશણ કરી જુદા જુદા સાક્ષિઓની જુબાની ઉપર વિવેચન કીધું હતું તોપણ તે લાંબું ભાશણ સાંભળવાને એદેલીનના કાનો ગોયા બેહર મારી ગયા હતા. તેણીએ જડજનાં ભાશણનો જે ભાગ ધડકતી છાતીએ અને ઉંચા દમે સાંભળ્યો હતો તે ભાગ ફકત છેવટનો હતો અને તે નીચે પ્રમાણે હતો:—

"તમો સનમુખ જે જે સાક્ષિઓની જુબાની પડી છે તે ઉપરથી તમો અગરજો એકજ ઠરાવ ઉપર આવવા પામો કે બંધવાએજ રોજર દીપીંગનાં માથાં ઉપર હથોડાના જખમો કીધા હતા, અને તેથીજ તેનું મોત નિપજવા પામ્યું હતું, તો તમો બંધવાને ખુનના વાંક માટે તકસિરવાર ઠરાવી શકશો, પણ અગરજો તે માટે તમોને સેહેજ પણ શક હોય તો તમો બંધવાને નિર્દોષ માની શકો."

એદેલીનના કાન ઉપર ઉપલાજ બોલો આવી અથડયા. તેણીને જુરીના બાર ડાહ્યા પુરૂષો ઉપર પુર ઈતબાર હતો, જેઓના હાથમાં તેણીના પ્યારા નીલ લાયનની જીંદગી યા મોતની સરજત લટકેલી હતી. તેણીએ ફાટેલા ડોળાએ જોયું કે તે બાર ડાહ્યા પુરૂષો જડજનું "સમીંગ અપ" પુરૂં થવા પછી બંધવાની એક યા બીજી સરજત નક્કી કરવા માટે જુરી બોક્ષમાંથી ઉઠયા અને કોર્ટનું દિવાનખાનું છોડી ગયા.

જડજે કીધેલાં ભાશણથી જેઓ સમજી શકતાં હતાં તેઓને માની લેતાં વિલંબ લાગ્યો નહિ કે જુરીને ઝાઝો વાર રોકાવાની કશી અગત હતી નહિ, કેમકે જડજે પોતાની બેઠક ઉપરથી ઉઠવાની પણ જરૂર જોઈ હતી નહિ, તેમજ બંધવાને કેદીનાં પિંજરાંમાંથી બહાર લઈ જવામાં પણ આવ્યો હતો નહિ. પણ

એદેલીને પોતાની નજર ઉંચી કરી બંધવા તરફ જોયું વટીક નહિ. તેણીએ ઘણીજ નાસીપાસિ વચ્ચે જોયું કે નીલ લાયનની માતા અરસુલા કોર્ટમાં હાજર થઈ હતી નહિ. આથી આખી કોર્ટમાં એવો એક પણ જીવડો હતો નહિ કે જે બંધવા તરફ તેની માતાનાં જેવાં વાહલથી નજર કરે.

અરધો કલાક ભાગ્યેજ પસાર થયો હશે જયારે જુરી પાછી ફરી.

"ગ્રહસ્થો, તમો એકમત થઈ આવ્યા છો ?" તાજના મુનશીએ સવાલ કીધો.

"હા. અમો એકમત થયા છિએ."

"તમે બંધવાને દોષિત માનોછ યા નિર્દોષ ?"

"દોષિત ! પણ જુરીનું એવું મત છે કે બંધવાને ગુસ્સે થવાનો ઘણો સબબ મળેલો હોવાથી તેણે મરનાર ઉપર જે હુમલો કીધો હતો તે કેટલેક દરજ્જે પોતાનાં સંરક્ષણ માટે હતો, માટે બંધવા તરફ નામદાર કોર્ટે દયા બતાવવાની ભલામણ જુરી કરે છે."

નામદાર જડજે ઘણાજ ઘંભીર અને ઘાડા અવાજે બંધવાને સજા કરતાં કહ્યું, "બંધવા, ખુન જેવા જબુનમાં જબુન વાંક માટે તને જુરીએ તકસીરવાર ઠરાવ્યો છે, અને જોકે તારી તરફ દયા કરવાની તેણે ભલામણ કીધી છે તોપણ તારા ગુનાહનું કરપીનપણું એટલું તો જબુન છે કે તેવી ભલામણ છતાં એ ગુનાહ માટે સખ્તમાં સખ્ત જે સજા કરવાને ધારાએ ફરમાવ્યું છે તે સજાથી કોઇબી ઓછી સજા હું તને કરી શકતો નથી. માટે તને તારી જગા ઉપરથી ફાંસીની જગોએ લઈ જવામાં આવશે અને ત્યાં તારો દમ આખર થાય ત્યાં સુધી તારાં ગળામાં ફાંસો દઈ તારો જાન લેવામાં આવશે. ખુદા, તારાં રૂહને શાન્તી બક્ષે !"

આ છેલ્લો વાકય સાંભલતાંજ એદેલીનનાં મોહડાંમાંથી એક ધીમી ચીચ્યારી બાહેર નિકળી પડી. તેણીનો ચેહેરો જીંદગીની છેલ્લી પળના જેવો ઉજળો વાખ થઇ ગયો હતો, જાણે ત્યાં લોહિનું એક ટીપું વટીક હતું નહિ.

ગઇ ગુજરીના ખુલાસા.

નીલ લાયનને થયલી ફાંસીની સજાની ખબર બોલ બોલતાંમાં આગના ભડકાની માફક ચોપાસ ફેલાઈ ગઈ. ખુનના આ મુકદમાએ લોકોનું અસાધારણ ધ્યાન ખેંચી રાખેલું હોવાથી તેનું પરીણામ જાણવાને લોકોની અધીરાઈ પણ તેવીજ અસાધારણ હતી. જડજનાં મોહડાંમાંથી ફાંસીની ટપ બાહેર પડી કે લેડી ઓલ્દકેસલે હજારો શુકરાના કીધા અને પોતાને આખી દુનિયામાં સર્વેથી સુખી સ્ત્રી તરીકે માની લીધી. તેણીએ પુર ભરોસા સાથે માની લીધું કે એદેલીન અને જુલિયનના માર્ગમાં નીલ લાયન જે એક મોટા આડા પથર સમાન હતો, તે હવે સદાનો ત્યાંથી દુર થવાથી જુલિયનનો રસ્તો કોઇ પણ જાતની અડચણથી મોકળો અને નિરાળો થયો હતો. તેણીએ વગર શકે માની લીધું કે એદેલીન જરૂરજ નીલ લાયન ઉપર પુરો મુકી જુલિયનને પોતાનો ખાવિંદ બનાવશે, અને પોતાની લાખોની દોલત તેના પગ આગળ મેળશે, જેથી તેની બારીક બનેલી નાણાં સંબંધી સ્થિતિમાં મોટો અને મનમાનતો સુધારો થવા વિના રહેશે નહિ. તે બંને મા-દીકરાની હાલત પૈસાની તંગીને લીધે રફતે રફતે માઠી થતી જતી હતી. તેઓને

એદેલીનની દોલતની મોટી જરૂર હતી. તેઓ બંને મા દીકરાને એદેલીનની મોહબત કરતાં તેણીના પૈસાની મોટી ગરજ હતી. જુલિયનને પોતાનું કામ કાહડી લેવા માટે નાણાં સાથે ડગલે અને પગલે કામ પડતું રહ્યું હતું, જેથી તેની ગમે તેટલી મોટી દોલતમાં વખતના વેહવા સાથે ખાડો પડવા પામે એ સમજી શકાય એમ હતું. આ સઘળા સબબોને લીધે બંને મા દીકરાએ એદેલીનનો પીછો પકડી રાખ્યો હતો, જેમાં જોકે તેમને નિષ્ફળતાજ મળતી રહી હતી, તોપણ જયારથી નીલ લાયન ઉપર ખુન જેવા જબુન અપરાધ માટે તવાઇ આવી હતી ત્યારથી તેઓએ નકી માની લીધું કે આખરે જુલિયનનો હાથ કબુલવા સિવાય એદેલીનને બીજો કશો છુટક હતોજ નહિ. આજ કારણથી જયારે લાયનને ફાંસીની ટેપ મારવામાં આવી ત્યારે લેડી ઓલ્દકેસલની ખુશાલીનો કાંઈ પાર રહ્યો નહિ. તેણીએ પોતાની ધારી રાખેલી ઉમેદ પાર પડવાની અણી ઉપર આવેલી જોઈ પોતાના હરખનો ઉભરો ઓલ્દકેસલ ખાતે પોતાના બેટા જુલિયન ઉપર તારનો એક સંદેસો મોકલી ખાલી કીધો.

જ્યારે જુલિયને તે ખુશ વધાઇનો પેગામ વાંચ્યો ત્યારેજ તેણે છુટકારાનો દમ ખેંચ્યો. કોર્ટની ચાલુ તપાસ વેળાએ જોકે લાયનની વિરૂદ્ધ ચુકાદાની તેણે સોએ સો ટકા આશા તો રાખી હતી, તોપણ તેનાં ભેજાં ઉપર એક એવો બોજો આવી પડયો હતો કે જે બોજો તેને લાગ્યું કે એદેલીનના હાથ માટેના તેના હરીફની તપાસનાં છેવટ સુધી નિકળી શકવાનો નથી. અને તેમજ થયું. જે વખતે તેણે ખુશાલીના હજારો હજાર ઉભરાઓ સાથે નીલ લાયનની તપાસનું પરિણામ તારના સંદેસા મારફતે જાણ્યું ત્યારે તેનાં માથાં ઉપરનો તે બોજો બોલ બોલતાંમાં નિકળી ગયો, પણ હજી એક બીજો બોજો તેનાં મન ઉપરથી કેમે કરી ખસતો હતો નહિ, અને તે તેના વડા ભાઈ રોદ્રીક સંબંધી હતો. રોદ્રીક તો હવે જમની માફક તેનો પીછો પકડી રહ્યો હતો. તેણે ખુદા પાસે સેંકડો વાર ઇચ્છયું કે તે એકપુરી આફતથી તે છુટે અને ગમનો કાળાસ તુટે; પણ નહિ. રોદ્રીક તો ખાઇ-પીને બસ જુલિયનની પુઠેજ તેના ઓળાની પેઠે લાગી રહ્યો હતો, અને દર વખતે તે તેને નાણાંની મોટી રકમથી નિચોવતોજ રહ્યો હતો. જેમ કુતરાંની પુછડી વાંકી તે કદી સીધી થતી નથી તેમ રોદ્રીકના બાબમાં બન્યું હતું. તે પારકાં નાણાંનો ઘોંટાળો કરવાથી તો આજે નાહસતો ભરાતો ફરતો હતો, પોતાની ફરેસ્તા ખસલત પરણેતર અને ગોલાબ સરખી બેટીથી દુર થવા પામ્યો હતો, છતાં પોતાના તે દુર્ગુણને તે તર્ક કરી શકયો હતો નહિ. તે જોકે જુલિયન સોડેથી અવારનવાર મોટી રકમ ઓકાવતો રહ્યો હતો, તોપણ તેને લક્ષ્મી દેવી સાથે મોટું વેર હતું. તેના હાથમાં ગમે તેટલી મોટી રકમ માત્ર થોડા દિવસ, બલ્કે થોડા કલાકનીજ રમત હતી. આથી વધુ અને વધુ જોઇતાં નાણાં મેળવવા માટે તે પોતાની નાહસતી ભરાતી હાલતમાં પણ અનેક કાળાં ધોળાં અને ચીલઝડપ કરતો રહ્યો હતો. તેણે પોતાની સાથે પોતાના જેવાજ સોબતી અને જોડીદારોની એક "સોનેરી ટોળી" ભેગી કીધી હતી, જેઓની મદદથી તે અનેક ખોટાં ઓચરિયાં ઉભાં કરી તેમજ બીજી તરેહ કિસમનાં કાળાંધોળાંથી સારી જેવી રકમ પોતાને ફાલે ફાજલ પાડી શકયો હતો. એક મોટા ઉમરાવની ખોટી સહી સોનેરી ટોળીના તે સરદારે કીધી હતી અને તે વગર દેહશતે સલામત ફરતો રહ્યો હતો. તે એટલે સુધી હવે હિમ્મતવાન બન્યો હતો કે તરેહવાર ધાપધુપ અને ઠગાઇથી મેળવેલાં નાણાંના

પ્રતાપે તેણે બ્રાઈટનથી બે માઈલ દુર એક મેહેલ સરખું મકાન ભાડે લીધું હતું અને ચાકર નફરોની એક નાની સરખી ફોજ ઉપર મેથ્યુ બારલોકનાં ધારણ કીધેલાં નામ હેઠળ ખોટા અને બનાવટી બાલના પ્રતાપથી તે રાજ ભોગવતો થયો હતો. તેણે અનેક વાર પોતાની પરણેતર દોરાને પોતાને મળેલી હરામની દોલતમાં શરીક થવાને બોલાવી હતી, પણ તેણીએ આ માંગણી મોટા ધિક્કાર સહિત સાફ ના પાડી હતી. તેણીને ચેતી જતાં વિલંબ લાગ્યો નહિ કે રોડ્રીકે આ સઘળો દમામ કોઈની ગરદન કાપીનેજ ધારણ કીધો હતો, જેથી એવી હરામની દોલતમાં હમશરીક થતાં તે ભલી બાનુ માથાંથી પગ સુધી કમકમાટથી ધુજી. દોરા ઓલ્ડકેસલ ખાતે રહેતાં બહુજ કંટાળી ગઇ હતી. તેણીને મોટો કંટાળો દેનિયલ લેરેબીનો હતો. તે ભલા, ભોળા ગામડિયાએ પોતાની ભોળાઇમાં અને દોરાની ખરી હાલતનાં અંજાણપણાંમાં તે ગરીબ રાંક બાનુનો પીછો છોડયો હતોજ નહિ. તે તો એમજ સમજતો હતો કે દોરા રંડાયલી હતી અને રોડ્રીક ઓલ્ડકેસલની ઘોરનાં ભિત્તરમાં ડટાયલો હતો. પણ તેને ખરી બાતમીની કયાં ખબર હતી? આથી તેણીએ ઓલ્ડકેસલ છોડી જવામાંજ ડાહપણ જોયું, અને લંડન તરફ જઈ વસી. પણ તેણીનો સાચ્ચો આશક દેનિયલ લેરેબી ત્યાં પણ તેણીની પુઠે જવાને ચુકયો નહિ. તે અનેક વાર દોરાને કહી ચુકયો હતો કે "તું આ દુનિયાના છેડે પણ જતી રહેશે, તોપણ ત્યાં પણ આવવાને હું ડરશ કે ધુજશ નહિ." દોરા પોતાનાં ખરાં જીગરથી ભોળા દેનિયલ લેરેબીને ચાહતી હતી અને તેની સાથે પરણી ઓસ્ટ્રેલીયા ખાતે દુરદરાજ જઈ ઠર પડવાની ઘણી હોંસ ધરાવતી હતી, પણ જયારથી તેણીએ રોડ્રીકને જીવતો જોયો હતો ત્યારથી તે સ્ત્રી પોતાની આ ઉમેદમાં લાચાર બની હતી, અને તેજ પળથી પોતાના આગલા આશક લેરેબીની પરણેતર બની તેનેથી સુખ ભોગવવાની આશા ઉપર પાણી ફરી વળેલું તેણીએ માની લીધું હતું. આથી તેણીની ઉપર ગુજરેલાં અનેક દુઃખો પછી સજીવન થયલી એકપુરી આશા સદાની કબ્રવાસ થવાથી તેણીની તબીયત બિગડતીજ ચાલી હતી, જે બાબેની ખબર એદેલીનને પુગાડનાર ભોળો દેનિયલ લેરેબી પોતેજ હતો.

કમનસીબ, કંગાળ રોઝામન્દ ફલોય! ભર કોર્ટમાં પોતાના ખાવિંદ તરીકે નીલ લાયનનું નામ કશી પણ સુદ્ધ વિના બોલી દીધા પછી તેણીની હાલત તદન બુરી બની હતી. તેણીનાં મગ્જ ઉપર એવી તો માઠી અસર થવા પામી હતી કે તેણીની આગલી જીંદગીની ભલી બુરી યાદ તેણીનાં મગ્જમાંથી ગોયા સદાની ભુસરાઈ, ધોવાઇ ગઇ હતી. તેણીનો અવતાર તદન સાવજ જેવો બન્યો હતો. તેણીની યાદદાસ્ત શક્તિ સદાની ગુમ થઈ ગઈ હતી. જયારે એદેલીન તે કમબખ્ત સ્ત્રીને મળવા ગઇ ત્યારે તેણીએ મોટાં દુઃખ વચ્ચે જોયું કે રોઝામન્દ તેણીને વટીક ઓળખી શકી નહિ. તેણીનાં મગ્જ ઉપર આવી માઠી અસર એકાએક શી રવેશે થઇ હતી, તે એદેલીન સમજી શકી નહિ. તેણીએ ઘણાક સવાલો રોઝામન્દને પુછ્યા, પણ તેમાંના એક પણ સવાલનો પુરો પાધરો જવાબ તેણી આપી શકી નહી. એદેલીનની મુળ મતલબ નીલ લાયનના સંબંધમાં કાંઈક અગત્યનું જાણવાની હતી. તેણીએ રોઝામન્દનો એકરાર ભર કોર્ટ વચ્ચે સાંભળેલો હોવાથી તે સ્ત્રી પાસેથી વધુ જાણવાની ઉમેદથી તો ચાલી ચલાવીને અરસુલાનાં મકાનમાં તેણી ગઈ હતી, પણ તેણીની ઉમેદ ફળી નહિ, એ પણ ખરેજ કમનસીબની વાત હતી.

રોઝામન્દનો એકરાર એદેલીનનાં મનમાં ઘણોજ ખટકતો રહ્યો હતો. જોકે અરસુલાએ એદેલીનની ખાતરી કીધી હતી કે રોઝામન્દ કોર્ટમાં જે કાંઈ નીલ લાયન માટે બોલી હતી તે સરતાપા ગલત હતું, તોપણ તેણીનાં મગજમાં કાંઇક દગદગો રહેવા પામ્યો હતો. આટલા માટે ખરૂં યા ખોટું જેબી હોય તે તેણી રોઝામન્દને મોહડે સાંભળવા માંગતી હતી. પણ આપણે ઉપર જોયું તેમ કુદરતે આડે પડી તેણીની યાદદાસ્ત શક્તિને ગેબ કરી નાખી હતી. એદેલીનને ખોદા ઉપર ભરોસો હોવાથી તેણીએ એમજ માની લીધું હતું કે એમાં પણ કુદરતનો કાંઈ અજબ કિસમનો ભેદ હતો.

જુલિયને રોઝામન્દ ફ્લોયની આવી બારીક હાલત વચ્ચેની ગંભીર માંદગી જાણી ત્યારે તેની ખુશાલીએ બેવડું, ચોવડું રૂપ લીધું, કેમકે તે હવે નિર્ભય બન્યો હતો કે તે કમનસીબ સ્ત્રી તેને હવે વધુ વાર પજવી શકનાર નથી. શું આ જમાનોજ પાપીઓની ફતેહનો છે?

એદલીન બંધવાની મુલાકાતે.

એદેલીન જ્યારે અરસુલાનાં મકાનમાં રોઝામન્દ ફ્લોયનાં મોહડેથી નીલ લાયનને લગતી વધુ કેફિયત મેળવવા ગઈ ત્યારે જોકે તે તેમાં ફતેહ પામી હતી નહિ, તોપણ તેણીને એક બીજો સમાચાર મળવા પામ્યો હતો અને તે એ હતો કે નીલ લાયને પોતાના હાથે લખેલી એક ચીઠી જેલના વોરડરની ધણીઆણી જોડે ઘણીજ છુપી રીતે મોકલી આપી હતી, જેમાં તેણે રોઝામન્દના એકરારને ખોટા તરીકે જાહેર કીધો હતો. તેણે ભાર મેલી જણાવ્યું હતું કે "મારા કોઈ છુપા દુશમનની ફુસલવણીથી રોઝામન્દ ખોટો એકરાર કરી જુરીને ખોટે રસ્તે દોરવી લઈ ગઈ હતી." તેમાં વધુ જણાવવામાં આવ્યું હતું કે "ફાંસીને માંચડે ચહડવાની આગમચ હું એદેલીનને ફકત એકજ વાર મળવા તળપી રહ્યોછ." આ ચીઠી અરસુલાને મળી ત્યારે સારાં નસીબે એદેલીન ત્યાંજ હાજર હતી. તેણીએ તે ચીઠી ધડકતી છાતી સાથે વાંચી અને તેજ પળે તેણીએ પોતાના એક વારના જાનથી પ્યારા નીલ લાયનને તેનાં બંદીખાનામાં મળી આવવાનો ઠરાવ કીધો. તે જોકે તેને આવી હાલતમાં પણ કાંઇક અજબ વાહલથી ચાહતી હતી તોપણ રોઝામન્દે ભર કોર્ટમાં કીધેલા એકરારથી તે અનુપમ વાહલ તેની ઉતરતી પંકિતમાં બદલાઇ ગયું હતું. તે હવે એમજ સમજતી હતી કે રોઝામન્દ ફ્લોય લાયનની હકદાર પરણેતર હતી.

તેણી બંદીખાનામાં ગઇ ત્યારે લગભગ ઝઝકળું થવા આવ્યું હતું. તે બંદીખાનાના મોટા દરવાજામાં દાખલ થઈ ત્યારે તેણીના પગો ધ્રુજતા હતા, અને હોઠો ફિક્કા ફચ પડી ગયા હતા. તેણીને લાગ્યું કે આજે છેલ્લીજ વાર તે પોતાના પ્યારા નીલ લાયનને મળવાની હતી. નીલ લાયન એદેલીનને જોતાંને વારજ એક બચ્ચાંની પેઠે રડી પડયો. એદેલીને મોટા ખેદ વચ્ચે જોયું કે તેના હાલ બેહાલ થઈ ગયા હતા, જાણે આગળા નીલ લાયનનો તે માત્ર ઓળોજ હતો.

તેણીએ લાયન તરફ ધારી ધારીને જોઇ દુ:ખની અચુક લાગણીથી આજેઝ થઇ કહ્યું, "નીલ, બોલ, તું નીલ છે કે નીલનો ઓળો?"

"હા, હું નીલ છું; કમબખ્ત, કમનસીબ નીલ પોતે છું. એદેલીન, મારી શેઠાણી, મારી રાણી, જો આ મારો હાલ! એદેલીન, જોકે હું બેગુનાહ છતાં ગુનેહગાર ઠર્યોછ, નિર્દોષ છતાં લાચાર બન્યોછ!" આટલું બોલી જંજીરથી જકડાયલા પોતાના બંને હાથો આસમાન તરફ ઉંચા કરી તે પોકારી ઉઠયો, "એ યઝદાન! કોણ શેહતાનનું મારી ઉપર આ બોહતાન! એ ખુદા! કોણ બેવફાની મારી ઉપર આ જફા! એ પરવર! કોણ સેતમગરનો મુજપર આ જુલમ!"

"લાયન, તારે સબુરી અખત્યાર કરવી જોઇએ છે. દુનિયાની આ રીતીજ છે કે જેઓ નિર્દોષો હોય છે તેઓનેજ તે કચડી નાખે છે. લાયન, દુનિયાનો આ અજબ ખેલ છે કે નિર્દોષો માટેજ આફતની રેલ છે. આ દુનિયાની ચાલ રંજની છે, ખરૂં બોલું તો દુનિયાની બાજી ફંદ અને ફરેબની છે. લાયન, તારે એટલોજ દિલાસો માની લેવાનો છે કે જેમ આ જગતની નજરમાં તું ગુનેહગાર ઠર્યોછ તેમ ખુદાની નજરમાં તું નથી. તારે તો એર ખુશી થવું જોઇએ છે કે તું આ જુઠી જગત બેગુનાહ રહી છોડેછ, ગુનાહોમાં ડુબેલો રહી છોડતો નથી. લાયન, જયારે તું બેગુનાહજ છે તો તને નાકદર, સેતમગર મોતનો શા માટે ડર રાખવો જોઇએ? જેઓની જીંદગી પાપોથી પુર હોયછ તેઓજ પોતાની છેલ્લી ઘડીએ મોત નજદીક આવવાથી બીહેછ!"

એદેલીનનો આ દિલાસો નીલ લાયનને ગળે ઉતર્યો નહિ. તે મોતના ખ્યાલથીજ અધમુવો બની ગયો હતો. તે જવાન હતો, જવાનીના બાગમાં તે એક ખીલતો ગોલાબ હતો. તેને મોટો ગમ હીનપ્રતીભર્યાં મોતે મરવાનો હતો. ફાંસીને માચડે લટકવા તેનું હૈયું કાંપતું હતું.

આવાં બેશરમીભર્યાં મોતના ખ્યાલથીજ બીહી ધુજી લાયન થોડીક પળ એદેલીનને જોઈ બોલ્યો, "એદેલીન, આખરે તું આવી ખરી! ખોદા તુને સુખી રાખે! તારી આમદથી તેં હદથી જયાદા મને ખુશી કીધોછ. તારાં પનોતાં મુબારક કદમથી મારો આત્મા શાન્ત થયોછ! એદેલીન! મને મોતની સજા થઇછ! એક ખુનીનાં મોતે મરતાં મારૂં તન બદન કાંપેછ! એદેલીન! તેં મને એવા તો પ્યારથી ચાહ્યોછ કે તે પ્યારની જોડી નથી! એ! હું તારા પ્યારને બિલકુલ લાયક નથી!"

"શું મારા પ્યારને તું લાયક નથી?" આટલું બોલતાં એદેલીન કમકમાટની અજબ લાગણીથી લાયન આગળથી ચાર પાંચ કદમ પાછળ હઠી ગઈ. તેણીને મોટી ધાસ્તી લાગી કે કોર્ટમાં રોઝામન્દે કીધેલા એકરારમાં ત્યારે કાંઈક સચ્ચાઈ હતી કે શું?

"નીલ! નીલ! તું શું બોલેછ? શું ત્યારે ખરેખર, તું મારા પ્યારને લાયક નથી? સું રો—રો—ઝા—"

એદેલીનથી આગળ બોલી શકાયું નહિ. તેણીની જબાનજ ઉપડી શકી નહિ. તેણીની આ દયા કરવા જોગ હાલત ફાટેલા ડોળે લાયન જોતો ઉભો હતો તે, પાછળ હઠી ઉભેલી એદેલીન આગળ કાંઇ અજબ જુસ્સાના આવેશમાં ધસી ગયો અને તે તેણીનો હાથ પોતાનાં હૃદય ઉપર મેલી બોલ્યો, "એદેલીન, મારા જાનની માલેક એદેલીન, મારા પ્યાર! મારાં જીગર! રોઝામન્દનો તું ખ્યાલ ના કર! તે તારો ખ્યાલ ખોટો છે. મારા હાથ અને મારો આત્મા સાફ છે, પાક છે. જયારે રોજર દીપીંગનું ખુન થયું હતું નહિ તે વખતે પણ હું તારા હાથને નાલાયક હતો, એટલાં માટે કે તમારી અને મારી હાલત વચ્ચે આસમાન જમીનનો ફર્ક હતો,

પણ આજે જ્યારે હું ખુની ઠરી ચુકયોછ, મને ફાંસીને માંચડે લટકાવી મારી નાખવાની સજા થઈ ચુકીછ તેવા સમયે હું તારા હાથને કેમ લાયક ઠરી શકું?"

લાયનના આ ખુલાસાથી એદેલીનને છુટકારાનો દમ ખેંચ્યો. તેણીને લાગ્યું કે તે બોલેબોલ સાચ્ચું બોલતો હતો, તેના એકેએક હર્ફમાં સચ્ચાઈ સિવાય બીજું કશું હતું નહિ. પણ તેણીનાં જળતાં મગ્જમાં એકજ ખ્યાલ રમી રહ્યો હતો, જે ભર કોર્ટમાં રોઝામન્દે કીધેલા એકરારનો હતો. તેણીએ રોઝામન્દના એકરાર આગમચ એજ નાલેશીની વાત લાયનને પુછી હતી, જેનો તેણે એવો તો મનમાનતો જવાબ દીધો હતો કે એદેલીનની ખાતરી થઇ ચુકી હતી કે રોઝામન્દ ફ્લોય સાથે નીલ લાયનનું નામ જોડવામાં આવ્યું હતું તેમાં બિલકુલ સચ્ચાઈ હતી નહિ. પણ તેણીનો આ ઠરાવ રોઝામન્દના પોતાના એકરાર પછી ડગમગતોજ રહ્યો હતો. તે ભલી બાનુ રોઝામન્દની પોતાની તરફથી ખરો ભેદ જાણવાને તો અરસુલાનાં મકાનમાં ચાલી ચલાવીને ગઈ હતી, પણ આપણે ઉપર જોયું તેમ રોઝામન્દની એકદમ ફેરવાઇ ગયલી સ્થિતિને લીધે તે તેમ કરી શકી હતી નહિ. જેથી ખુબસુરતીની તે રાણી પાસે એકજ ઉપાય બાકી રહ્યો હતો જે લાયન પાસે બંદીખાનામાં જઇ ખુદ તેને મોહડેથી છેવટનો એકરાર સાંભળવાનો હતો, કેમકે તેણીને લાગ્યું કે તેજ છેવટના એકરાર ઉપર તેણીની બાકીની જીંદગીનો મદાર હતો, તેણીનાં સુખ યા દુઃખનો આધાર હતો.

"લાયન, મારે તુને સાચ્ચુંજ કેહવું જોઇએ કે રોઝામન્દનો પેલો કમબખ્ત એકરાર મારૂં જીગર કોતરી ખાયછ! તેણીએ કોર્ટમાં બેસુદ્ધ થવા આગમચ તારે માટે જે કાંઈ કહ્યું હતું, બોલ, તેમાં એક રજભાર પણ વજુદ છે? લાયન, મારા જાન કરતાં વાહલા લાયન, એક હાથ તારાં અંતઃકરણ ઉપર મેલ અને બીજો હાથ તને પેદા કરનાર સાહેબ તરફ ઉંચો ધરી જવાબ દે! લાયન, અગરજો તારી તરફના મારા સાચ્ચા પ્યારનો બદલો તેવીજ રીતે તું મને વાળી આપવા માંગતો હોય તો મારી ઉપર ભરોસો મેલી તે પરવર અને મારી સનમુખ બિલકુલ સાચ્ચોજ એકરાર કરજે. લાયન, રોઝામન્દબી પ્યાર કરવા લાયકજ પુતલું છે. અગરજો તેં તારી મોહબત તે બાનુનેજ સપુરદ કીધી હોય તો હું તે મોહબત વધુ મજબુતાઇથી સાંધી આપવાને મદદ કરશ. તમો બંનેને ધણી ધણીઆણી તરીકે એક થયલાં જોઇ હું પોતાને આખી દુનિયામાં સર્વેથી સુખી માનશ."

એદેલીનનાં આ લાંબાં ભાશણની અસર લાયનની કાજલ સમાન કાળી આંખોમાં ચમકી નિકળી. એદેલીનના ગમે તેટલા મમતાળુ શબ્દો લાયનનું દિલ જખમી કરનારા થઈ પડયા. તેની બંને આંખો ધગધગતા અંગારની પેઠે બળતી એદેલીનને પોતાની નજરોનજર જોઇ.

લાયન એદેલીનની વધુ નજદીક આવી બોલ્યો, "એદેલીન, તમો શું ભુલી જાઓછ કે એજ સવાલ તમોએ મને આગળબી એક વાર પુછયો હતો અને તેનો જવાબ મેં ખરાં અંતઃકરણથી આપ્યો હતો? એદેલીન, શું રોઝામન્દના કમબખ્ત એકરારને તમો મારા બબે વારના એકરાર કરતાં વધારે ઇતબાર ધરાવવા લાયક માનોછ? અને બોલ, તેથીજ શું તેં મારી તપાસના છેલ્લા દીવસે મારા હાલ ઉપર તરસ ખાવાને બદલે મારી તરફ નજર ઉંચી કરી જોયું વટીક નહિ?"

એદેલીને પોતાની દયાળુ નજર લાયન તરફ ફેરવી જવાબ દીધો "હા!"

"હા!" લાયન સિંહની માફક ઉછળી બોલ્યો, "ત્યારે શું જે લાખોની દોલતની માલેકે, ખુબસુરતીની જે રાણીએ, જે શેઠાણીએ પોતાના આલા દરજ્જાનો અને મારી કમીની, કંગાળ અને કમબખ્ત હાલતનો ખ્યાલ કીધા વગર, લોકોની નાલેશી અને તાણાંજાણીની દરકાર કીધા વગર પોતાનો પ્યાર મને સપુરદ કીધો, તે પ્યારને હું દગો દેઉં? હું તમો જેવી ફરેસ્તા ખસલત બાનુને જુઠો નિવડું! અરે! ત્યારે મારો ઠાર કયાં દોજખમાં થાય? હું મારા પેદા કરનાર બાપને કેવાં કાળાં મોહડે જવાબ દેવા જાઉં? બાનુ, જે નોકર નિમક ખાઈ નિમકનો હક અદા નહિ કરે, તેને બંને જહાનમાં ખુદા ગારત કરે! બાનુ, એટલુંબી યાદ રાખજો કે બેઇમાનીનું નિમક ખાવું એ ગોયા ઇમાની ગળાં ઉપર જુલ્મનું ખંજર ચલાવવા બરાબર છે."

લાયનના ઉપલા બોલોથી એદેલીન તો બિલકુલ ઠસજ થઈ ગઈ. તેણીએ હવે ખાતરીથી માન્યું કે રોઝામન્દનો એકરાર ખોટો હતો, જયારે લાયનનો એકરાર સાચ્ચો હતો.

તરતજ એદેલીન નીલ લાયન આગળ ઘુંટણીએ પડી બોલી, "લાયન, મને માફ કર! તારી ઉપર ખોટો શક લઈ જઈ હું તારી ગુનેહગાર બનીછ! મેં તો રોઝામન્દને સદા સચ્ચાઇનીજ પુતલી માની હતી. તેણીનો ચેહેરોજ એવો નિર્દોષ અને નમાનો છે કે તેણીના એકરારને કોઇબી ખોટો માને નહિ."

બંનેની મુલાકાત પુરી થવાનો સમય નજદીક આવેલો હોવાથી એદેલીનને જબરી અકરવકર લાગતી હતી. તોપણ તેણીને એટલો તો દિલાસો મળ્યો હતો કે નીલ લાયન પાક હતો, રોઝામન્દ સાથની પાપી દોસ્તીથી બિલકુલ સાફ હતો. આ પછી તેણીએ રોઝામન્દની હાલની સ્થિતી માટે જયારે તેને જણાવ્યું ત્યારે તે કમનસીબ સ્ત્રી તરફનો તેનો ગુસ્સો કાંઈક નરમ થવા પામ્યો. તે હમણા સુધી તેણીને દર પળે કદુવા દેતો હતો, પણ જયારે તેણે જાણ્યું કે રોઝામન્દે પોતાની સુદ્ધબુદ્ધ ગુમાવી દીધી હતી અને આગલાં કોઇ પણ ઓળખીતાંઓને યા આગલા કોઇ પણ બનાવને ભુલી ગઈ હતી ત્યારેજ લાયને માન્યું કે તેનું નામ તેણીનાં મોહોડાંમાંથી કોર્ટમાં નિકળવા પામ્યું હતું તે પણ તેણીનાં મગજની સ્થિતી બગડવાનુંજ પરિણામ હોવું જોઇએ. લાયનનાં આવાં સંકટ સમયમાં આ સધિયારાથી તેને લાગ્યું કે તેનાં મગ્જ ઉપરથી એક ભારે બોજો ઉઠી ગયો હતો.

બંદીખાને પુરાયલા લાયનની મુલાકાત એદેલીને લીધાથી તેણીનાં પોતાનાં તેમજ લાયનનાં મગ્જને ઘણી રાહત મળી હતી, તેમાં તો કશો શક હતો નહિ. એદેલીન લાયનનું અને લાયન રોઝામન્દનું નિર્દોષપણું જાણવા પામ્યાં હતાં. બંનેને આ કાંઇ જેવો તેવો સધિયારો હતો નહિ. નીલ લાયન ફાંસીને માચડે લટકી મરવાના ખ્યાલથીજ અધમુવો ગઇ રહ્યો હતો. જોકે દુઃખ સહન કરવું એ ઇનસાન માત્રનું કામ હતું એવું એદેલીને ઘણુંબી સમજાવી તેને દિલાસો દેવાની કોશેશ કીધી પણ તે સઘળું ફોકટ હતું. તે રડતો દમ મારતો હતો નહિ. સિંહ જેવો બહાદુર લાયન એક નામોશીભર્યાં મોતના ખ્યાલથી મેંઢાં કરતાં પણ હિચકારો બન્યો હતો. તેઓ બંનેએ ઘણોબી ખ્યાલ કીધો કે નીલ લાયન સામે આ સઘળું કાવત્રું રચનાર કોણ હતું? પણ તેઓ તે શોધી શકયાં નહિ. તોપણ લાયનને મજબુત વેહેમ હતો કે રોઝામન્દ પોતાના જે ખાવિન્દનું નામ છુપાવતી હતી તેજ ધણી રોઝામન્દ ફલોયના બાપ રોજર દીપીંગનો ખુની હતો. પણ રોઝામન્દનો ખાવિંદ કોણ હતો? અગરજો રોઝામન્દ તે બદમાશનું નામ જાહેર કરે તો રોજર

દીપીંગનાં ખુન ઉપર કેટલું બધું અજવાળું પડવા પામે ? પણ કમનસીબે તે અભાગણી સ્ત્રી હવે તો સધળી સુદ્ધબુદ્ધ ખોહી તદનજ સુની સાવજ બની હતી.

"એદેલીન ! મારા જાનની સરદાર એદેલીન ! તારા મારી તરફના આવા અખુટ પ્યારને ખાતરજ મને મરવા ગમતું નથી, મને આ જીંદગી છોડવી બહુજ અકારી લાગેછ, વાસ્તે કાંઈબી કરી એદેલીન, મને બચાવ ! મને ખુદા ખાતર બચાવ ! 'એક દમ હજાર ઉમેદ,' તેમ એકબારગી જીંદગીભરનાં બંદીખાનામાંબી અગર હું સબડતો રહીશ તો એક દિવસ એવોબી આવશે કે જયારે મારૂં નિર્દોષપણું સાબેત થવાથી હું છુટાપણાંનો દમ ભરી શકીશ, પણ અગરજો હું મુવો તો પાછળથી જાહેર થયલું મારૂં નિર્દોષપણું મારો શું બચાવ કરનાર છે ? મને તે શું કામ આવનાર છે ? ઓ ખુદા ! મારી ઉપરની આ આફત તું કેમ જોઈ શકેછ ? ઓ માલિકે જહાન, મને દાદે જફા બક્ષ, મારાં નિર્દોષપણાંનો સિક્કો જાહેરમાં લાવ ! મારી ઉપરનાં બોહોતાનને મિટાવી દે ! મારી ઉપરના જુલમને સમાવી દે, જળાવી દે !"

એદેલીને લાયનથી છુટી પડતી વેળા એક વધુ સવાલ કીધો, "લાયન, મોતની સજામાંથી તારો છુટકો કરવાને મારા સોલીસીટરોને મેં મજબુત તાકીદ આપીછ. તેઓને મારો સાફ હુકમ છે કે તને ફાંસીને માચડેથી બચાવવા કાંઈબી ઉપાય લેવા બાકી રાખવા નહિ, અને નાણાંની જરાબી વાણ કરવી નહિ. પણ લાયન, મારાં મનની ખાતરી અને શાન્તિ માટે મને ખરૂં કહે કે મારી સાથની અને રોઝામન્દ સાથની તારી મુલાકાત વચ્ચેનો વખત કયાં કામમાં અને કેવી રીતે તેં પસાર કીધો હતો ?"

એદેલીનના આ ઓચિંતા સવાલથી લાયન ફગલાઇ ગયો, ગભરાઇ ગયો, જાણે તે એ સવાલનો જવાબ આપવા બિલકુલ નારાજ હોય તેમ તેના ચેહેરા ઉપરથી ચતુર એદેલીનને ચેતી જતાં વિલંબ લાગ્યો નહિ. એ શું હતું ? લાયન એમ કાં કરતો હતો ? એદેલીન તે સમજી શકી નહિ. તે અમુક વખતે લાયન કયાં હતો, કોણ સાથે હતો અને શું કરતો હતો તે તેની લાંબી તપાસ વિના પણ સમજી શકાયું હતું નહિ. આ શું કાંઈ એવો ભેદ હતો કે જે ખુલ્લો કરવાને લાયન બીહતો હતો ?

"એદેલીન, આ એક એવો ભેદ છે કે જે જાહેર કરવાને મને પરવાનગી નથી. તે ખુલ્લો નહિ કરવાને મેં કોલ આપેલો છે, અને તે કોલ હું કદી તોડીશ નહિ. વાસ્તે એકબારગી તું મારૂં માથું માંગશે તો તે હું તારા પગ આગળ મોટી ખુશી સાથે મેલીશ, પણ ખુદા ખાતર મને એ સવાલ તું માફ કર. એ સવાલનો જવાબ આપવા કરતાં હું મોતને વધારે પસંદ કરીશ. મેં એ ભેદ ખુલ્લો નહિ કરવાને પવિત્ર કસમ ખાધેલા હોવાથી મારાં મોતની છેલ્લી ઘડીએ પણ હું તે જાહેર કરીશ નહિ. એ ભેદ, એદેલીન, તારાં પ્યારાં વાહલાંઓના સંબંધમાંજ છે, જે આગળ ચાલતાં પોતાની મેળે તારી નજર સનમુખ આઈનાની પેઠે ખુલ્લો થશે."

એદેલીન વિચારમાં ગરક થઇ. લાયન એ સઘળું શું બોલતો હતો ? એનો ભેદ શું હશે ?

અંતે બંનેની મુલાકાતનો છેડો આવ્યો. એદેલીન લાયનને આંખોમાં આંસુ સાથે મળી ભેટી બંદીખાનું છોડી ગઈ.

* * * * * * * *

"એદેલીન, તારી ને માયજીની હાજરી વગર મને આ ઓલ્ડકેસલ પાર્ક કડવા આગ્યો હતો, પણ તમો લોકને પાછાં ફરેલાં જોઇ હવે મારી ખુશીનો પાર નથી," જુલિયન એદેલીનને પોતાના ઓરડામાં એકલી જોઇ માયાથી બોલ્યો.

એદેલીને કશો જવાબ આપ્યો નહિ. તે દુઃખી બાનુ જુલિયનને એકી ટગરે જોતીજ બેઠી.

"એદેલીન, હમણાં સુધી બનેલા બનાવ પછી તું ઠેકાણે આવી ગયલી હોવી જોઇએ. એદેલીન, બોલ, તે બદમાશ તરફની તારી મોહબતમાં તું કેવી ઠગાઈ? મારી તરફની તારી અણઘટતી ચાલનો આ કેવો બુરો ફેજ?"

એદેલીન આ સાંભળતાંજ ચોંકી. જુલિયનના એકેએક હર્ફથી જાણે એદેલીનના કાનમાં કાતેલમાં કાતેલ ઝેર રેડાતું હતું. તે જુલિયનને જોઇ કમકમી બોલી, "જુલિયન, તું શું કહેવા માંગેછ? તું શું એમ ધારેછ કે રોઝામન્દે કોર્ટમાં કીધેલા એકરારથી લાયન તરફની મારી મોહબતમાં એક રજ ભાર પણ તફાવત પડશે? અને હું તને મારા ખાવિન્દ તરીકે કોઈ કાલેબી કબુલ રાખીશ? નહિ, જુલિયન, કદી નહિ, તું કાંઈ એવી ઉફમાં રેહતો ના! હું મારી મોહબત જાહેરમાં કીધેલા એકરાર સાથે અત્યાર આગમજની લાયનને એક વખત સપુરદ કરી ચુકીછ જે માટે ખુદા મારો ગવાહ છે."

એદેલીનનો આ એકરાર સાંભળતાંજ જુલિયનનો દમ બંધાઇજ ગયો. તેણે પોતાની જીભ એવાં તો જોશથી કરડી કે તેમાંથી લોહિ નિકળવા છતાં તેણે તેની દરકાર કીધી નહિ. તે સમજી શકયો નહિ કે એદેલીનની તે કહેવાતા ખુની તરફ આ કેવી અખુટ મોહબત હતી. તેને મોટો સધિયારો લાયનને મળેલી ફાંસીની સજા હતી. તે સારી પેઠે જાણતો હતો કે એદેલીન પોતાના સોલીસીટરો મારફતે મોતની સજામાંથી તેને છોડવવાને જર અને જેહમતની કશી દરકાર કરતી હતી નહિ, તોપણ તેને પક્કો ભરોસો હતો કે અગરજો તે ફાંસીની સજાથી બચી જશે તોપણ જન્મ સુધીનાં કેદખાનામાં તો તે જરૂરજ સબડવાનો, જેથી જીંદગી ભર એદેલીન લાયન તરફ સાચ્ચી મોહબત પોતાનાં દિલમાં વસાવી રાખે એ બનવું માહલ હતું. આ ખ્યાલથી તે હિમ્મત હાર્યો નહિ. તેણે પોતાની લડત ચાલુજ રાખી હતી.

"એદેલીન, જયારથી પેલા બદમાશ ખુનીને મોતની સજા થઇછ, ત્યારથી હું માનુંછ કે તારી ઘેલી ગાંડી મોહબતમાં તફાવત પડેલો હોવો જોઇએ. તારે સમજવું જોઇએ કે લાયન હવે તને મળી શકનાર નથી. તું તારી આખી જીંદગી ખતમ કરી મેલશે, પણ લાયન સાથે તું કદીબી પરણી શકવાની નથી, ત્યારે કેહ એદેલીન, કે હું તુને આટલી બધી ચાહવા છતાં તારાં દિલમાં મારી તરફની મોહબતને તું કાં જગ્યા આપતી નથી?"

"કારણકે હું તને ચાહી શક્તિ નથી. જેટલો ડર મને ઝેરી નાગનો છે, જેટલી ધાસ્તી મને ફાડી ખાનારાં હેવાનોની છે તે કરતાં વધુ ધાસ્તી તને મારો ખાવિન્દ બનાવવા માટે છે."

જુલિય ચોંકયો! તે હઠીલી સ્ત્રીને કેમ ઠેકાણે લાવવી તેનો ખ્યાલ તેને નહિ સુઝવાથી તે પોકારી ઉઠયો, "એદેલીન, મારૂં છેલ્લી વાર સાંભળી લે કે અગરજો તે ખુની મોતની સજાથી સલામત રહેવા પામશે તો હું સાબેત કરી આપીશ કે તેણે જેમ રોઝામન્દના બુઢા બાપ રોજર દીપીંગનું ખુન કીધુંછ તેવીજ રીતે તેણે

તારા પોતાના બાપ કરનલ રેનનું પણ ખુન કીધુંછ. રોજર દીપીંગનાં લોહિમાં હાથ બોળવામાં તેણે જેવી નેમ રાખી હતી તેવીજ કિસમની નેમ તેણે કરનલ રેનનું ખુન કરવામાં રાખી હતી. તે નેમ તેમની બોલતી જબાનને સદાની બંધ કરી નાખવાની હતી. કદાચ તે એક ખુનની સજાથી બચી જશે પણ તે બીજાં ખુનની સજામાં મોતથી કદીબી બચી જવાનો નથી. હું આખી જગતને જાહેર કરીશ કે તું તે ચંડાળને તારા બાપનો ખુની માનવા છતાં આંધળા ઝનુની પ્યારથી તેની ઉપર ઘેલી દીવાની બની ગઇછ. લોકો આ સાંભળતાંજ એદેલીન, હઠીલી એદેલીન, તારી ઉપર લિયાનત વરસાવશે. અગરજો તું મારી સાથે લગ્નથી જોડાશે તો આ ભરમ મારી છાતીમાંજ દટાયલો રહેશે. બોલ, તું શું જવાબ દેછ?"

એદેલીન આ સવાલનો હજી તો જવાબ આપે તે આગમચ કારભારી સ્પ્રેગ ઓરડામાં દાખલ થયો. તેણે એદેલીનને નમી જુલિયનને માનથી કહ્યું, "સાહેબ, હમણાંજ મને ખબર મલીછ કે નીલ લાયનની મોતની સજા રદ કરી જીંદગીભરનાં કેદખાનાની સજા તેને ફરમાવવામાં આવીછ."

કારભારીની આ ખબરથી જુલિયન ફિક્કો ફચ થઈ ગયો અને નીસાસ થઈ નજદીકના એક સોફા ઉપર ફસડાઈ પડયો.

"અલ્લાહુને બનાઈ જોડી, એક અંધી, દુસરી ખોડી."

નીલ લાયનને ફાંસીની સજામાંથી મુકત થયલો જાણતાંજ જુલિયનના તો હોસલાજ—આપણે આગળ જોયું તેમ—લેવાઇ ગયા. એદેલીનના મક્કમ ઠરાવથી તેણે જોઈ લીધું હતું કે જે કમીના નોકર ઉપર તેણી ઘેલી દીવાની બની ગઈ હતી, તે નોકર—નીલ લાયન—આ દુનિયાની સપાટી ઉપર જીવતો હશે ત્યાં સુધી સારી જગતના શેહેનશાહને વટીક તે ખુબસુરત સુંદરી મચક આપવાની નથી. જેથી તેને માટે સેહેલ ઉપાય બાકી રહ્યો હતો તે એ હતો કે બંદીખાનામાં કોઇ પણ જોખમે નીલ લાયનને પોંહતો કરી દેવાના કાંઈ ઉપાય યોજવા. પણ તે કેમ બની શકે એ તેને માટે એક મુશ્કેલ સવાલ થઈ પડયો હતો. બંદીખાનામાં તેનો જાન લેવાનું કાવત્રું કેમ રચવું તે તે સમજી શકયો નહિ. અંતે તેને એક ખ્યાલ સુજ્યો, જે માટે તેણે ખુદાના શુક્રાના કીધા. પોતાની મતલબ બર લાવવા માટે તેણે પોતાના વડા ભાઈ રોદ્રીકને યાદ કીધો. તે સારી પેઠે જાણતો હતો કે રોદ્રીકની આસપાસ, જેમ મધ ઉપર માખ ભમતી રહે તેમ, એવા તો બદમાશો ભમતા ફરતા હતા કે જેઓ તેનું ધારેલું ગમે તેવું બિકટ કામ આસાનીથી પાર ઉતારવા વિના રહે નહિ. રોદ્રીકને આ કામ ઉઠાવી લેવાને લલચાવવા માટે નાણાંની થેલીનું મોહોડું ખુલ્લું મેલવાનું બસ હતું. રોદ્રીક શેહેતાનનો ગોલામ હોવાથી તેને પૈસાનો ગોલામ બનતાં વાર શી? આવા બારિક સમયે, રોદ્રીક જેવા આબાદ કરવૈયાની યાદ આવવાથી જુલિયન પોતાનું કામ અરધું પાર પડેલું સમજી ચુકયો અને તેની ખુશાલીની હદ રહી નહિ. તે કાંઈ પણ આગલો પાછલો ખ્યાલ કીધા વિના બ્રાઈટન નજદીક આવેલાં રોદ્રીકનાં મકાનમાં તેની મુલાકાત માટે પેહેલવેહેલો દાખલ થયો ત્યારે તેની અજાયબીનો પાર રહ્યો નહિ. રોદ્રીકનું ભપકાદાર મકાન તવંગરીનો ખ્યાલ આપતું પોતાની જગોએ દમામથી ઉભું હતું. બાહેરના મોટા દરવા-

જાની ભીંત ઉપર પીતલની એક સુશોભીત તખ્તી લટકતી હતી, જે ઉપર મેથ્યુ બારલોકનું તેણે ધારણ કીધેલું નામ મરોડદાર હરફમાં ઝકઝકી રહ્યું હતું. કમપાઉન્ડમાં એક દિલકશ બાગ જુલિયનની નજરે પડયો જયાંઅનેક ફુવારાઓ પોતાનાં મોહોડાંમાંથી નિર્મળ પાણી આસપાસ ફેલાવી કુદરતની કારીગીરીને ઓરબી ખુશનુમા બનાવી રહ્યા હતા, અને બાગની લીલી જમીનના કુદરતી ગાલીચાને વધુ તરો તાઝગીવાળા બનાવતા હતા. જુલિયન દીવાનખાનામાં દાખલ થયો ત્યારે મરણ પામેલા કહેવાતા પોતાના વડા ભાઇને જીવતો અને જાગતો 'બનામે ઈજદ' જેવો બેઠેલો જોઇ કમકમાટનો વિજળીક ઝટકો તેનાં તન બદનમાંથી પસાર થઈ ગયો. જુલિયને મોટી વેદના વચ્ચે જોયું કે તેના વડા ભાઇને માથે મોટી આફત લટકેલી રહેવા છતાં, અને તેનાં મગ્જ ઉપર જીંદગીભરનાં કેદખાનાની સજા ભમતી રહેવા છતાં તે ચાલુ દેહેશતના મારાએ ગળાઇ જવાને બદલે સામો વધુ આસુદો બનતો જતો હતો. તેણે તો એવી ઉમેદ પોતાનાં દિલે વસાવી હતી કે રોદ્રીક પોતાનાં આગલાં કરતુકોની દેહેશતના ખુદાઇ મારાથી તવાતો સુકાતો જશે અને પોલીસના અચાનક આવતા ધુજારાની ધાસ્તીથી ઉંધ અને ભુખ અકારી નકારી કરી જે વખત જાય છે તેમાં ખહી જેવા જીવલેણ રોગનો ભોગ થઇ પડશે. પણ તેણે મોટા અફસોસ વચ્ચે જોયું કે રોદ્રીકની ઉંધ અને ભુખમાં ઘટાડો થવાને બદલે ઓરબી વધારો થવાનુંજ ચાલુ હતું અને તેનો ચેહેરો સામો ભરેલો અને લોહિયાર બન્યો હતો. તેને નફટાઈનું માંસ ચહડયું હતું. ખહીનો રોગ તેને ખાઈ જવાને બદલે, તે ખહીને ખાઈ જાય એવો ફરબે બનતો જતો હતો. જયાં સુધી રોદ્રીક મોતના પંજાથી સલામત બચેલો હતો ત્યાં સુધી જુલિયન પોતાને આ દુનિયામાં જીવતો છતાં મુવેલો માનતો હતો, અનેક જંજાળમાં ડુબેલો જાણતો હતો. તેને મોટી ધાસ્તી એ હતી કે રખેને તેનો વડો ભાઇ પોલીસના પંજામાં સપડાવા પામે! ત્યારે તો નાણાંની મોટી રકમે ખરીદ કીધેલા લોર્ડ ઓલ્ડકેસલના તેના તકલીદી ખેતાબ ઉપર પાણીજ ફરી વળે અને તે પોતે બાપલા વિનાનો થઈ બેસે! જયારે તેણે રોદ્રીકથી જાણ્યું કે હાઈડ પાર્કનાં ખુણાં આગળ તેની વેશધારી હાલતમાં પણ પોલીસના એક અમલદારે તેની ઉપર શક જવાથી તેની પુઠ પકડી હતી ત્યારે જુલિયન સુનો સાવજ બની ગયો, પણ રોદ્રીકે તો એ બનાવને નજીવો ધારી સામો હસી કાહડયો. આ વેળાએ જુલિયનનાં પેટમાં એવાં તો આડાં અવળાં થતાં હતાં કે તેજ પળે ઘોરમાંથી એકાએક ફુટી નિકળેલા પોતાના વડા ભાઇનો હરામનું ખાઈ ધરાયલો ફરબે તોટો તે દાબી દેય! આ પાપી વિચાર અમલમાં મેલવા માટે તેણે આસપાસ જોયું વટીક ખરૂં, પણ નહિ. તે હિચકારો હતો. વળી તેણે જોયું કે તેના કરતાં તેનો વડો ભાઈ ત્રણ ઘણો જોરેમંદ હતો, પણ તેથીબી વધારે તો તેને પોતાને તેની મોટી ગરજ હતી. તેને તેની સોડેથી એક એવું કામ કાહડી લેવાનું હતું, કે જેની ઉપર તેનાં ભવિષ્યની ભલી યા બુરી હાલતનો સઘળો પાયો રચાયો હતો, સુખ યા દુઃખનું પલ્લું તે ઉપરજ લટકેલું હતું, શેહેનશાહી દોર અને જાહોજલાલી યા કંગાળિયત, ભુખમરો અને હિનસપતી તે ઉપરજ ડોળા ધુરકતાં તેને ટીકી રહ્યાં હતાં.

“જુલિયન, અગરજો લંડનની ગલી ગુંચી અને આપણ બંનેના જેવા સાહુચોરોથી વસાયલા મોહલાઓનું મને જ્ઞાન હતે નહિ તો હું પોલીસના તે અમલદારને મારી પુઠ પકડવામાં થાપ આપી શકતે નહિ અને હું થાપ આપતે નહિ તો જરૂરજ તેની તિક્ષણ આંખોનો ભોગ થઈ પડી હું તેને હાથ સપડાઈ ગયો હતે, અને

લૉર્ડ ઓલ્ડકેસલનો ખેતાબ ભોગવવાની અને એદેલીન જેવી ખુબસુરતીનો હાથ જીતવાની તારી ઉમેદ ઉપર ખારૂં પાણી ફરી વળ્યું હતે! જા, દુવા માંગ કે તારો સેતારો એટલો રોશન કે હું તેને થાપ આપી શકયો, નહિ તો કે તું આજે તારાં ઉમરાવી પદથી હાથ ચોળતોજ બેસી રહ્યો હતે!"

ઠંડે પેટના રોદ્રીકના આ એકરારથી જુલિયનનો ગુસ્સો માયો સમાયો ગયો નહિ. પણ તે ગુસ્સો દાબી દેવા વગર તેનો છુટકો હતો નહિ, કેમકે તેની મુંડી તેના વડા ભાઇ રોદ્રીકના હાથમાં હતી.

"રોદ્રીક, તુને તો આવું બ્યાન કરતાં બધાં ગીલગીલિયાં છુટેછ, પણ માહરો તો જીવ જાયછ, કારણકે તારી આવી બેપરવાઇ કોઈ દાહડે તારી સાથે મારૂં પોતાનુંબી સત્યાનાશ વાળી નાખશે. હું જોઉંછ કે આ તારો દોર દમામ સારા સગનની નિશાની નથી. મને માથાંથી પગ સુધી નિચવતો રહેવા ઉપ્રાંત તું તારી અસ્લી જાત ઉપર પાછો જઇ "સોનેરી ટોળી" માં સામેલ થઈ અનેક દાવપેચમાં તું ગુંતાયલો રહેછ! પણ સત માનજે કે તારા જેવા લુચ્છા માટે આ બાદશાહી મકાન ફસી પડવાની જાળ છે, જીંદગીનો કાળ છે."

રોદ્રીક નફટાઇથી મોટેથી હસી પડી બોલ્યો, "તું તો બીચારો ચોખ્ખો બીલોર! હું દાવપેચમાં ગુંતાયલો રહુંછ અને તમે પોતે શું કરોછ વારૂ? તમો નામદાર ફંદ ફરેબમાં ચકચુર રહોછ! બસ, આપણ બે નામચીન બીરાદરો વચ્ચે એટલોજ ફેર છે, ખરૂં કેની? હું પારકાંઓને ફસાવવા માંગુંછ, જયારે તમો માનવંત સાહેબ પોતાના બાપના ભાગ્યાની ખુબસુરત, તાલેવંત અને નિર્દોષ બેટીને જાળમાં સપડાવવા માંગોછ!"

રોદ્રીકના આ તાણાથી જુલિયને ગુસ્સાથી પોતાની જીભ કરડી. રોદ્રીકે તેને મારેલા તાણાનો ઝટકો તેને તજ્યેથી તે ટાળવાં સુધી લાગ્યો. તે ગુસ્સાથી પોતાના વડા ભાઇ તરફ ડોળા કહાડી બોલ્યો: "રોદ્રીક, હું ગમે તેવો છેઉં, પણ તારી માફક આપણાં માન પામેલાં કુટુંબને નામોશીમાં લાવી મેલનાર કાળું મેંઢું તો નથીજ. હું જે ફાંફાં મારૂંછ તેમાં મારી નેમ આપણાં કુટુંબને માત્ર નામોશીની ખાહીમાં ગબડી પડતાં બચાવવાનીજ છે."

જુલિયનના કેટલેક દરજ્જેના આ સાચ્ચા સખુનો રોદ્રીકનાં સુંવાળાં ગળે ઉતર્યો નહિ. તેણે તેનું નખોદ વાળવાનો પોતાનાં મન સાથે પક્કો ઠરાવ કરી રાખ્યો હતો, જાણે તેને એમ કહેતો હોય કે "જુલિયન, મારી બદમાશીની જાદુઈ હું તારી પોતાની ઉપર ચલાવી મારા દાવપેચમાં તને લાઈલાજ નહિ બનાવું તો મારી આટલાં વરસની બદમાશી ધુળમાં રગડેલી કહેવાય."

તોપણ તેને બોલવા વિના ચાલ્યું નહિ કે "જુલિયન, માફ કરજે બેરાદર, તું પોતે નાકે જીભ તો ઘણીબી લગાડેછ, પણ મને કહેવા દે કે તુંબી કાંઈ બિલોર જેવો સાફ નથી. તું જાહેરમાં પોતાને લૉર્ડ ઓલ્ડકેસલ તરીકે મોટી મગરૂરી સાથે ખપાવેછ ખરો, જયારે બાતેનમાં તું કેવો ડોળઘાલુ, વેશધારી, ઠગારો, બદમાશ છે તે તો તું પોતેજ સારી પેઠે સમજેછ. બોલ, એ બદમાશી શું થોડી છે, તારાં આવાં કરતુકની કોઈ જોડી છે? જુલિયન, હું ગમે એવો બદમાશ છેઉં, લુચ્ચો છેઉં, ઠગારો છેઉં, પણ તું મારાથી કયાં ઓછો બદમાશ છે?"

જુલિયન ચુપજ થઈ ગયો. તેનો સાદ સીવઇજ ગયો. તે એક પણ હર્ફ બોલી શકયો નહિ. તે પોતાનાં મન સાથે ગુસ્સાના આવેશમાં દાંત કચકચાવી બડબડયો

"રોદ્રીક, હુંબી તો જોઉંછ કે મને સતાવવાની સત્તા તું કયાં સુધી ભોગવી શકેછ ? જેમ મારા બીજા શત્રુઓને મારા માર્ગમાંથી મેં દુર કીધાછ, તેવાજ બુરા હાલ તારા નહિ કરૂં તો હું મારા ભલા બાપનો બુરો બેટો નહિ."

આ પ્રમાણે બંને ભાઇઓ પોત પોતાની ગતમાં લોટતા હતા. તેઓ બદમાશીમાં એક બીજાને ભુલાવે એવા, જાહેરમાં ધોતા પણ બાતેનમાં મેલા હતા. જુલિયને પોતાની એક ખાસ મતલબ અર્થે પોતાના વડા ભાઇની મુલાકાત લીધી હતી, જેથી તે મતલબ કાહડી લેવાની એકપુરી ઉમેદને લીધે તે હાલ તુરત તો લોહીનો ગોટ ગળી ગયો અને પોતાના વડીલ ભાઇનું જાણે કેવુંક લાગતું હોય તેમ તે સમજાવટ પતાવટથી બોલ્યો, "મારા વાહલા ભાઈ, તું ભુલી જાયછ કે હાલમાં તું કોણ છે, અને આ પળે તારી કેવી બુરી હાલત છે! તું જાણતો નથી કે તારે માટે પોલીસને જરાબી શક પડતાં, તારો જાન જશે નહિ ત્યાં સુધી તારો પીછો તે છોડનાર નથી, જેમ કરતાં તું પોતાનું તો બુરૂં કરશે, પણ તે સાથે તું મારૂંબી નખોદ વાળશે અને મનેબી દુનિયામાં મારાં ખરાં રૂપ–રંગમાં ઉઘાડો પાડશે. જે શખ્સને દુનિયા મુવેલો ધારે, જમીનની હેઠલ ઘોરમાં ડટાયલો ધારે તેને માટે ભપકાદાર રાચરચીલાં સાથનું આલીશાન મકાન ગોયા મોતની નિશાન છે."

રોદ્રીકને સમજી જતાં મુશકેલી લાગી નહિ કે જુલિયનના આ પ્રમાણે બોલવામાં તેની ઉપરનાં કશાંબી હેત કરતાં જુલિયનની પોતાની સલામતીનો મોટો ખ્યાલ હતો, જેથી તે લગાર હસ્તું મોહડું કરી બોલ્યો, "મારા પ્યારા ભાઇ, હું તે સઘળું જાણુંછ, પણ એટલો તો તું ખ્યાલ કર કે જયારે ઠગારો, ખોટો અને ડોળઘાલુ લોર્ડ ઓલ્દકેસલ મોજ મજાહમાં પોતાના દિવસો પસાર કરે ત્યારે ખરા હકદારે એટલી બધી તે શું ચોરી કીધી કે હું દુઃખોમાં સદા ડુબેલો રહું, ફસેલો રહું ?"

જુલિયને પોતાના બદમાશ ભાઇને પોતાનાં મનમાંજ શ્રાપ દઈ સંતોષ પકડયો. તેણે ગુસ્સાનું એક પણ ચિન્હ દેખાડયું નહિ, કેમકે તેમ કરી કજયાને જન્મ આપવાનું તેને પાળવે એમ હતું નહિ. તેમ કરવાથી તેની બાજી સદંતર બીગડી જાય એમ હતું. તેણે પોતાની નેમ તરતજ વગર દીબાચે જાહેર કીધી.

"તું જાણતો તો હશેજ કે નીલ લાયનને મોતની સજાથી મુકત કીધો છે," જુલિયને ઉતરેલા ચેહેરાએ કહ્યું.

રોદ્રીક ઉર્ફે મેથ્યુ બારલોકે ડોકું ધુણાવી જવાબ દીધો, "તેમાં શું છે? તે મોતથી બચ્યોછ, પણ જીંદગીભરનાં કેદખાનામાં સપડાયોછ. તે હવે પેલી ખુબસુરતીની રાણી એદેલીનનાં મનથી સદાનો મુવેલોજ છે."

જુલિયન વધુ અને વધુ ફિક્કો ફચ થઇ બોલ્યો, "નહિ, તું ભુલેછ ! તે હઠીલી ઓરતને મનથી તે ચંડાળ ખુની ભુલાયો નથી, પણ તે તેણીનાં અંતઃકરણ અને મગ્જમાં વધુ અને વધુ ઠસાયલો રહ્યોછ, હૈયાત રહ્યોછ અને સદા હૈયાત રહેશે. તે સ્ત્રી લાયન તરફની મોહબતનાં ઘેલાપણાંમાં બીજું સઘળું ભુલી ગઇછ પણ પેલા બદમાશની યાદ તે ભુલી નથી. એકબારગી તે પોતાના પેદા કરનારને ભુલી જશે, પણ તે ખુનીને ભુલી જનાર નથી. કોણ જાણે કે કેવીક રીતે તે ખુનીની મોહિનીની જાદુઈ મજબુત કિસમે તે સ્ત્રી ઉપર ચાલુ રહીછ કે તે તેનો પીછો છોડતીજ નથી. જીંદગીભરનાં કેદખાનાની સજા છતાં એદેલીન તેને તેવાજ દીવાના પ્યારથી ચાહેછ. હું તો માનુંછ કે જયાં સુધી તે ચંડાળ આ દુનિયાની સપાટી ઉપર જીવતો અને જાગતો છે ત્યાં સુધી તે મારી મોહબત વચ્ચે આડે આવવાનો અને

મને નડવાનો. એજ એક મને ધાસ્તી નથી. રોદ્રીક, હું જાણુંછ કે તેણે તને ખુનવાળી શતે એક વાર મરણ પામેલા રોદ્રીક તરીકે ઓળખ્યોછ. તે જીંદગીભરનો કેદી હોય યા તે છુટો હોય તોપણ તે આપણ બંનેનાં સુખનો શત્રુ છેજ. તે કોઈ પણ પળે તને ફસાવશે નહિ તેની જામીનગીરી શી ? તે કેદખાનામાં સદાનો બંધ છે, પણ તેની જબાન સદાની બંધ રહેવાની નથી. અગરજો આપણે વધુ સાહુચેતી રાખી શકયે તો તેની જબાન સદાની બંધ કરવાનું કામ જેટલું જણાયછ તેટલું મુશ્કેલ નથી."

આટલું બોલી જુલિયન આગળ બોલતાં અટકી ઉભો અને પોતાના વડીલ ભાઇના કાન આગલ જઇ થોડાક શબ્દો કહ્યા, જે રોદ્રીકને પેશ પડતા થઇ પડવાથી તે પોકારી ઉઠયો—

"બસ ! બસ ! જુલિયન હું સમજી ગયો, તારી નેમ હું તદન પામી ગયો ! તારા ઠરાવ મુજબ મારે અમલ કરી તેનો કાંટો કાહડવોજ જોઇએ, અને તેનું નેહેસ્ત કદમ આ ધરતી ઉપરથી સદાનું નાબુદ કરવુંજ જોઇએ. તેમાંજ આપણ બંને ભાઇઓની સલામતી સમાયલી છે."

જુલિયનના ચેહેરા ઉપર આ સખુનોથી ખુશાલી અને સંતોષનો છાપ આબાદ પ્રગટી નિકળ્યો. તેના હઠીલા ભાઇને તે આટલી સહેલાઇથી ઠેકાણે લાવી શકયો હતો તે માટે તેણે ખુદાના શુક્રાના કીધા. તે ખુશીથી છળાછળ ઉભાતી છાતીએ બોલ્યો, "ત્યારે શું મારા વાહલા ભાઇ, તારી પાસે એવો કોઈ શખ્સ છે કે જે આ બિકટ કામ માથે લેવાની હિમ્મત કરે, અને તે આસાનીથી પાર પાડી આપે ? અલબતાં તેને પુરતો બદલો આપવાનું તો થઈ રેહશે."

રોદ્રીક બે ચાર પળ વિચાર કરી બોલ્યો, "છે. તેવો મરદાને મર્દ મારી પાસે તેયાર છે, મોજુદ છે. તે જરને ખાતર કોઈ પણ બિકટ કામ માથે ઉઠાવવાને ડરશે નહિ."

"તેનું મુબારક નામ ?" જુલિયને અજબ જીજ્ઞાસાથી સવાલ કીધો.

"તેનું પ્યારૂં નામ સ્લીમ જીમ છે !"

ખ્યાલોમાં સપડાયલો લાયન.

જયારે નીલ લાયને જાણ્યું કે તેને ફાંસીની સજા માફ કરવામાં આવી હતી ત્યારે તેને ગોયા એક નવોજ જીવ આવ્યો, અને તેણે છુટકારાનો એક દમ ખેંચ્યો. તેનાં જીગરમાં ખુશાલી ઉછાળા મારવા લાગી અને તેને પોતાને પણ નહિ સમજ પડે એવા કાંઇક સંતોષની લાગણીનો પ્રવાહ તેનાં તન બદનમાં ફરી વળ્યો. મોતની સજાની ધાસ્તીથીજ તે અધમુઓ જેવો થઇ ગયો હતો. તે જોકે મરવાથી બીહતો હતો નહિ, તોપણ એદેલીન જેવી ફરેસ્તા ખસલત શેઠાણીની અજીત મોહોબત વચ્ચે મોતને ભેટવા તેને ગમતું હતું નહિ. એદેલીન તેને ચાહતી હતી એજ મિઠા મધુર ખ્યાલથી તેણે પોતાની જીંદગીને વધારે પ્યારી ગણી હતી, અને તે લંબાયલી જોવાને ઇંતેજાર બન્યો હતો. સેંકડો ખુન કરનાર ખુનીને પણ ફાંસીએ લટકવા સુધી જીંદગીની આશા હોય છે તો લાયન જેવા તદનજ નિર્દોષ અને નહિ ખુનીના ખુની ઠરેલા જવાનનાં જીગરમાં જીવવાની ઉમેદ ઉછળતી, ઉછરતી

રહી હોય એમાં નવાઇ જેવું કશું નથી. જયારે તેને એદેલીનની હાજરીમાં ખુનના વાંક માટે પકડવામાં આવ્યો ત્યારેજ તેણે તો માની લીધું હતું કે તેનું જીગર અને હાથ બંને ખુનનાં લોહીથી સાફ અને પાક હોવાથી તેની ઉપરનો આરોપ કદીબી ટકી શકવાનો નથી અને તે ધારાની ચુંગાળમાંથી સેહેજમાં બચી જઇ શકશે. પણ જેમ જેમ મુકદ્દમો આગળ અને આગળ વધતો ચાલ્યો તેમ તેમ તેણે મોટા અફસોસ વચ્ચે જોયું કે તેની આસપાસ ખોટી જુબાનીઓનું જાળું એવું તો સિફ્તથી વણી લેવામાં આવ્યું હતું કે તે કોર્ટની સજાના પંજામાંથી સલામત છટકી જવા પામે એ મોહલ હતું. ફાંસીની સજાની ટેપ મરાયા પછી તેને બંદીખાનાની અંધારી અને એકાંત કોટડીમાં લઇ જવામાં આવ્યો હતો, જયાં બે પોહરેગીરોની આસપાસ બેડીથી જીકડાઇ લાકડાંનાં એક ઢીમડાં ઉપર કલાકો સુધી તે બેસી રહેતો તે વેળાએ હજારો ખ્યાલો તેનાં મગ્જમાં આવજા કરતા હતા. જેઓને કાયદાનાં ફરમાન મુજબ મોતની સજા કરવામાં આવે છે તેઓને તેજ કોટડી—ખરૂં બોલ્યે તો અંધારાં ભોંયરાં—માં પુરી રાખવામાં આવે છે, જયાંથી તેમનો છુટકો ફાંસીના માચડા આગળજ થઇ શકે છે. લાયનનો પણ એવોજ હાલ હતો, પણ નસીબ સંજોગે તે મોતનાં ડરામણાં ડાચાંમાંથી છુટકો પામ્યો હતો. હાલ તરત પોતાની જીંદગી બચવાથી તેણે ખુદાનો ઉપકાર માન્યો. તેની જીંદગી બચવાની ખબર જેલના ગવરનરે આપી ત્યારે તેણે શરૂઆતમાં એમજ માની લીધું કે તેનું નિર્દોષપણું સાબેત થઈ ચુકેલું હોવું જોઇએ, અને હવે તેનો છુટકો બંદીખાનાનાં દોજખખાનામાંથી જરૂર થવો જોઇયે. પોતાની વાહલી એદેલીન અને પ્યારી માતા અરસુલાને એક વાર ફરીથી જોવાની ઉલટમાં તે એટલો બધો તો આવી ગયો હતો કે જયારે તેણે જેલમાં બંદીવાનોની મુલાકાત લેનાર ભલા પાદરી તરફથી પોતાની ખરી હાલત જાણી ત્યારે તેની નાસિપાસી કેટલી હદ સુધીની વધી ગઇ હશે તેનો ખ્યાલ તો તેવી નાસિપાસી ભોગવનારાઓજ કરી શકે. મોતને એકદમ શરણ થવાને બદલે તેની જીંદગી મોત સુધીનાં બંદીખાનામાં પસાર થનાર હતી, જેથી તેની હાલત હવે જીવતાં મોત સરખી બની હતી.

"ઓ! ત્યારે શું હું હજી પણ સરકારની નજરમાં ગુનેહગાર છું? રોજર દીપીંગના ખુની તરીકે મનાયલોજ છું?" ગવરનરના જવા પછી કમનસીબ બંધવાએ નિરાશ, નાઉમેદ અને નિરૂપાય બની તે ભલા પાદરીને પુછયું. આ સવાલ તેનાં ગળાંમાંથી માહ મુશ્કેલીએ બાહર પડયો હતો. તેની ઉપર અચાનક આવી પડેલી નાઉમેદીથી ગોયા તેનું ગળું પણ પોતાની ફરજ બજાવવા ના પાડતું હતું.

"કમનસીબ બંધવા, મને મોટા અફસોસ સાથે કહેવું પડેછ કે તારૂં નિર્દોષપણું જાહેર થવા જેટલો તું નસીબવંત બન્યો નથી. તારી ઉપર રોજર દીપીંગનું ખુન કરવાનું આળ તો ચોંટેલુંજ રહ્યું છે."

"અરે! જયારે તેઓ મને હજી ખુની માનેછ ત્યારે શા માટે તેઓ તે વાંકની સજામાં મને ફાંસી દઇ મારી કંગાળ, કમબખ્ત જીંદગીનો અંત આણતા નથી? ખોટા વાંકની સજા અગરજો જીંદગીભરનું કેદખાનુંજ હોય તો બેહતર કે તેઓ મારો આ પળે જાન લેઇ મને અમાન બક્ષે! અરે! કાંઈ પણ ગુનાહનો તકસીરવાર હોવા વગર હું જીંદગી સુધીનું બંદીખાનું કેમ સેહવી શકશ? બદમાશ, ગળાંફાંસુ, ચોર, લુટારા અને ખુનીથી વસાયલાં દોજખખાનાં વચ્ચે કેમ વસી શકશ? ઓ! પરમકૃપાળુ બાપ! મારાં કયાં પાપનો તારી તરફનો આ શ્રાપ! ઓ યઝદાન! મારી

ઉપર આ કોણનું બોહતાન ! બોલો સાહેબ, તેઓ મારો જાન લઇ આ જેહાનની રંગભુમી ઉપરનું મારૂં કામ તમામ કાં કરતા નથી ? શું એક બેગુનાહ ઇનસાનને રીબાવી મારવાનો તેઓને હક છે ? સાહેબ, મારી ઉપર નાહક આ ખુનનો બટો છે, મારી ઉપર આ નારવા જુલમ છે. હું નિર્દોષ છું છતાં જીંદગી ભરનું મારૂં સુખ લુટી લેવાની શું તેઓને સત્તા છે ? મારી જીંદગી શું તેઓની પોતાની મતા છે ?"

તે ભલા પાદરીએ જોયું કે નીલ લાયન એટલો બધો તો ઉસ્કેરાઈ ગયો હતો કે આવી ઉસ્કેરણીમાંજ તેનો દમખી કદાચ આખર થઈ જાય તો નવાઈ નહિ. આથી તેણે તેને શાન્ત પાડવાની જરૂર જોઇ. તે અનુભવી ધર્મગુરૂએ ઘણોક માયાભરેલો દિલાસો દઇ તેને કહ્યું, "કમનસીબ જવાન, તુને ફાંસી દઈ મારી નહિ નાખવાનો સબબ એજ છે કે તેં જે ખુન કીધુંછ તે ગુસ્સાના આવેશમાં કીધુંછ. કમબખ્ત જવાન, હું આ તારી હાલત જોઇ બેહદ દલગીર છું. હું સમજી શકતો નથી કે તારા જેવો જવાન આ દોજખખાનામાં કોણના દગા ફટકાથી આવવા પામ્યોછ ! તારો ચેહેરો ખુની યા બદમાશના જેવો હિચકારો નથી, પણ બાહદુરી અને ભલાઇનો પ્રકાશ છે. પણ યાદ રાખ, બેટા જવાન, ગમે તે હોય, તું બેગુનાહબી હોય, કોઇ નાતરસ ઇનસાનના દગાનો તું ભોગબી થઈ પડયો હોય, પણ ખુદરતે નિર્માણ કીધેલું દુઃખ તો ખુદાના એક સાચ્ચા અને ફરમાન બરદાર બંદા તરીકે તારે સહન કરવુંજ જોઇએ. બેટા, ઇનસાન સદા કજાની સામે ઉભેલું છે. પણ ધીરજ ધર! ખુદા ઉપર ઈતબાર રાખ ! તે મહા કૃપાળુ બાપજ તુને સંકટમાંથી છોડવશે."

પાદરીના જવા પછી તે દેહશતનાક જગામાં લાયન એકલો પડયો. તેણે આસપાસ ફરી જોયું તો તે તદન એકલોજ હતો. તેના ઓળાની પેઠે ચીટકી બેઠેલા બે પોહરેગીરો પણ ત્યાંથી ગેબ થઇ ગયા હતા. તે પોતાના ખ્યાલોમાં મસ્ત બન્યો. તેણે શાંતપણે પોતાની હાલની હાલતનો વીચાર કીધો. તેની જીંદગી બચવા પામી હતી તે બનાવમાં તેણે કુદરતનો ન કલ્પી શકાય એવો કાંઈક ભેદ જોયો. તેનું નિર્દોષપણું તેના ફાંસી જવા પછી કોડીનાં કામનું હતું નહિ. હવે તો તે જીવતો રહેવાથી અગરજો કાંઇ અજબ સંજોગ વચ્ચે તેનું બેગુનાહપણું કોઈબી દિવસ જાહેરમાં આવે તો એક વાર ફરીથી તે છુટાપણું ભોગવવાનો હક ધરાવે, અને સ્વતંત્રતાની હવા ફરીથી દમમાં લેતો થાય. તે વેળાનું તેનું છુટાપણું બેવડું, બલ્કે ચોગણું પ્યારૂં લાગવાનું હતું. કેમકે તે વેળાએ એદેલીન, તેની શેઠાણી, તેની રાણી, અને તેની ભલી માતા અરસુલા અને સારી જગતની નજરમાં તેનાં નિર્દોષપણાંને લીધે તે બમણો પ્યારો થઇ પડવાનો હતો. પણ નિર્દોષ તરીકે જાહેર થવું એ એક એવો મોજેજો હતો કે જેનો તેને સ્વપનેબી ખ્યાલ હતો નહિ. તેની મોટી ઉમેદ જે નવી કિસમની તોપ બનાવી સારી જેહાનને હેરતમંદીના સાગરમાં ડુબાડી દેવાની હતી તે ઉપર, તેને લાગ્યું કે નાઉમેદીનું પાણી હવે સદાનું ફરી વળ્યું હતું. આ નવી શોધથી એદેલીનનું નામ જગ આશકારા થનાર હતું. એજ એક ખ્યાલમાં તેને માટે સારી જેહાનનું સુખ સમાયલું હતું. પણ હવે તે સુખ કયાં રહ્યું હતું ? વર્ષોની તેની જેહમત આજ ને કાલ તો ધુળમાં મળી હતી. તે જવાન હતો, બલ્કે જવાનીના બાગમાં એક એવો ખીલતો ગોલાબ હતો કે જેને જોઇ તેની માતા મગરૂર હતી. તે જવાની, તે ખુબસુરતી અને તે મરદાનગી વર્ષોનાં કેદખાનામાં, બલ્કે સિતમનાં દોજખાનામાં અટવાઇ છેવટે મીટ્ટીમાં મળનાર હતી.

પણ સઘળાં દુઃખો વચ્ચે તેને જે મોટો સધિયારો હતો તે એ હતો કે સર્વેથી પ્યારામાં પ્યારા બે જીવડાઓ તેને અસલ આફત વચ્ચે બેગુનાહ માનતા હતા. જેમ તેની માતા તેને બેગુનાહ માનતી હતી, તેવીજ રીતે એડેલીન તેને આવાં દુઃખો વચ્ચે તરછોડી ગઈ હતી નહિ, કેમકે તે બાનુબી તેને નિર્દોષ માનતી રહી હતી, અને આગલા બલ્કે તેથીબી વધુ પ્યારથી ચાહતી હતી. પણ બીજીજ પળે લાયનનો ચેહેરો બોલ બોલતાંમાં ઉતરી ગયો, કેમકે એક નવો ખ્યાલ તેનાં મગજમાં ધસી આવ્યો. "એડેલીન મને ક્યાં સુધી સાચ્ચી રહેશે? તે મધુરી મને ક્યાં સુધી વળગી રહેશે? તે કેટલાં વરસ વેર સબુરી રાખી બેસી રહેશે? ઓરતોનાં વચનો રેતીમાં લખેલા અક્ષરો જેવા છે." આ તેનો ખ્યાલ હતો, આવો તેનો હાલ હતો. જીંદગીભરનું કેદખાનું તેની કમબખ્ત સરજત હતી. શું આ સઘળું જાણવા છતાં એડેલીન પોતાના આગલા પ્યારથીજ તેને ચાહવાનું અસાધારણ મક્કમપણું બતાવી શકશે?

આ ખ્યાલથી તે હસ્યો. તેનું હસવું ઓરતોની બેવફાઇ માટે હતું. તેને સમજી જતાં વિલંબ લાગ્યો નહિ કે રોઝામન્ડ ફલોય જેવી સાદી, દુઃખી, ગરીબ અને દરેક રીતની મોજમજાહથી દુર રહેલી સ્ત્રી એકબારગી વર્ષો સુધીની આશા ઉપર વગર બડબડવે જીવી શકે, પણ એડેલીન જેવી ઓલ્ડકેસલની શેઠાણી, અને મગરૂર રાણી જેણીને ઉંચ વર્ગના કાંઇ સંખ્યાબંધ દોલતમંદ જવાનો વરવાને તેણીની પુજા કરવાને એકે પગે તૈયાર, જેણી નાણાંની આબાદ સ્થિતિમાં હજારો મોજમજાહો ભોગવવાને સામર્થવાન, સેંકડો માલેતુજાર અને મુછ ઉપર લીંબુ નહિ ઠરે એવા જવાનોના સમાગમમાં આવેલી તેવી તાલેવંત અને ખુબસુરત બાનુ ખુન જેવા વાંક માટે વરસોનું કેદખાનું ભોગવતા પોતાના કંગાળ નોકરને ચાહવામાં અસાધારણ દ્રઢપણું બતાવે એ શું ઘડીભર પણ માનવામાં આવે? અને અગરજો એમ બનવા પામે તો આખી દુનિયાની તાલેવંત અને ખુબસુરત સ્ત્રીઓ માટે તે કેવો ઉમદા ધડો થઈ પડે! વરસો સુધી જેલમાં સબડનાર એક કંગાળ બંધવા માટે પોતાની ખીલતી ખુબસુરતી અને તાજી જવાનીનું નખોદ વાળવા એડેલીન તૈયાર થશે કે? આ ખ્યાલજ તેને ધુજાવવાને બસ હતો.

તે દિવસની આખી રાત લાયને ઉપલા ખ્યાલોમાંજ મસ્ત બની પસાર કીધી. તેનો મોટો અંદેશો એ હતો કે તેણે કોઇનું પણ બુરૂં કીધું કે વમાસ્યું હતું નહિ, છતાં કોણ ચંડાળે જુઠી જુબાનીઓ ઉભી કરી તેનું સદંતર સત્યાનાશ વાળ્યું હતું? એ તો ચોક્કસજ હતું કે તેણે ખુનવાલી રાતે ખુનવાલી જગોએ પોતાનો રૂમાલ ગુમાવ્યો હતો, પણ તે સમજી શકયો નહિ કે તે ગુમાયલો રૂમાલ કોણે ઉચકી લઇ રોજર દીપીંગનાં લોહીમાં બોળ્યો હતો અને મરનારની લાસ આગલ નાખ્યો હતો. પેલો ગંગાદાસ જેણે સદંતર ખોટી જુબાની આપી હતી તેનાં દેખઇતાં કાવતરાંનાં ભીત્તરમાં કોણ મુજી બદમાશનો હાથ હતો? કોણની ઉસ્કેરની હતી? કોણ એવો નાતરસ, ચંડાળ ખુની જખુની હતો, જેણે તેની અને એડેલીન વચ્ચે જીંદગી ભરની જુદાઇનો ગજબ તેની ઉપર વરસાવ્યો હતો?

"અફસોસ! અફસોસ! શું આ બધી આફતનાં હેઠાણમાં પેલો બદમાશ ગળાંફાંસુ, પેલો ચંડાળ ખોટી સહી કરી નાહસ્તો ભરાતો ફરતો રોડ્રીક તો નહિ હોય?"

બે શેતાનો વચ્ચે ફરેસ્તો.

કમનસીબ નીલ લાયને પોતાની ઉપર આ સઘળી આફત લાવનાર તરીકે રોદ્રીકને માની લીધો હતો, તે આપણે ગયાં પ્રકરણમાં જોયું છે. એમ માની લેવાના તેને અનેક સબબો હતા. આપણે જાણ્યે છિએ તેમ લાયન ખુનવાલી રાતે અને ખુનવાલી જગોથી સેહજ દુર ભરાતા છુપાતા રોદ્રીકને ઓળખવા પામ્યો હતો. અને તેજ મિસાલ રોદ્રીકે પણ નીલ લાયનને ઓળખ્યો હતો અને આવી રીતે રોદ્રીક જે પોતાની હસ્તીની બીના ઘણી છુપી રાખવા માંગતો હતો તે નીલ લાયનની નજર આગલ ખુલ્લો પડી ગયો હતો. રોદ્રીકે પોતાની જીવ સટોસટ પળ જોઇ લીધી. તેણે લાયનને આજીજી સાથે સમજાવ્યું કે "કોઇને ખાતર નહિ તો તું જે ખુબસુરત બાનુ એદેલીનને જાનો જીગરથી ચાહેછ તેની કમનસીબ બેહેન દોરાને ખાતર મને જાહેરમાં ઉઘાડો પાડી મારૂં સત્યાનાશ વાળતો ના." લાયનને રોદ્રીક જેવા માહ ઠગની બિલકુલ પરવા હતી નહિ. તેને મોટી ધાસ્તી દોરાની આબરૂની હતી. અગરજો તે રોદ્રીકને તેના આગલા ગુનાહ માટે પોલીસને હવાલે કરે તો તેની દુઃખી મોહરદાર તે જાલમ ફટકો કેમ ખમી શકશે એ તેનો મોટો અંદેસો હતો. દોરાને નિપજતાં દુઃખ સાથે તેણીની વાહલી બેહેન એદેલીન જેણીને તેણે પોતાનું તન મન જાનોજીગરથી અર્પણ કીધું હતું અને જે આ દુનિયામાં ફક્ત તેજ દિલકશ હુરીને ખાતર જીવતો હતો તેનું થોડું લાગવું હતું નહિ. તે સારી પેઠે જાણતો હતો કે દોરાને તેણીની નાની બેહેન એવાં તો અજીત વાહલથી ચાહતી હતી કે જગતમાં આવી સંપીલી અને એકેક ઉપર જીવજાન આપનારી ઘણી થોડીજ બેહેનો હશે જે એદેલીનના જેવા પ્યારથી પોતાની વડી બેહેનને ચાહતી હોય. આથી દોરાને નિપજતું દુઃખ તે ગોયા એદેલીનનું પોતાનુંજ દુઃખ હતું. આવા અનેક ખ્યાલોથી લાયને પોતાનાં મન સાથે પક્કો ઠરાવ કીધો હતો કે રોદ્રીકને લગતી ખરી બાતમી તેનાં પોતાનાંજ અંતઃકરણમાં દાબી દેવામાં ચોપાસની ભલાઈ સમાયલી હતી. પણ રોદ્રીક લાયનના માત્ર આવા ઠરાવથીજ પોતાની સલામતી માટે જંપીને બેસે એમ હતું નહિ. તેને મોટી ધાસ્તી હતી કે લાયનનો આ ઠરાવ પાછલથી ફરી જાય તો તેની જામીનગીરી શી? તે એટલું તો જાણતો હતો કે નીલ લાયન તેના જેવો બદમાશ, ઠગારો યા પ્રપંચી હતો નહિ. તેનો કોલ, તેની જુબાન તેને મનથી કરોડોની જામીનગીરી સમાન હતી.

"લાયન, તું મારો ભરમ જાળવી રાખશે તે માટે મને તારી પવિત્ર કબુલાત આપ, કે હું મારી બાકીની પાપી જીંદગી નચીંતાઇમાં ગુજારૂં!" રોદ્રીકે નરમીથી કહ્યું.

"રોદ્રીક, તું નચીંત રહે! કેમકે વચનથી ફરવું એ કમીનાનું કામ છે. ખરો મર્દ તેજ છે જે કોલ, કસમ યા જુબાન પર મરેછ! તું એટલું તો યાદ રાખજે કે જ્યાં સુધી મને તેમ કરવાની દુઃખભરી ફરજ પડશે નહિ, ત્યાં સુધી તારો ભરમ મારાં જીગરમાં દટાયલોજ રહેશે. મારી પોતાની ભલાઈ યા તારી ઉપરનાં મારાં વેર માટે હું તે ખુલ્લો કરશ નહિ."

લાયનની આટલીજ કબુલાત રોદ્રીક માટે બસ હતી. આ પછી કેવા કેવા બનાવો આપણા આ અદભુત કિસ્સાની રંગભુમી ઉપર બનવા પામ્યા છે તે આપણે જોઇ લીધું છે. રોદ્રીકે પોતાની પરણેતર દોરાને લાયન સાથની મુલાકાત અને તે

સમયની વાતચિતથી જાણીતી કીધી છે તે પણ આપણે જોઈ ગયા છિએ અને દોરાએ એ છુપી ખબરથી જુલિયનને જાણીતો કીધો હતો તે પણ આપણે જોઈ લીધું છે. તે પછી જુલિયન લાયનને એ બાબદના સંબંધમાં તેનાં બંદીખાનામાં મળી આવ્યો હતો, કેમકે તેને લાયનની ગોલ ગોલ કબુલાતથી સંતોષ હાંસલ થયો હતો નહિ. તેને મોટી દેહશત હતી કે રોદ્રીકનો ભેદ વખતના વેહવા સાથે લાયનનાં પેટમાં છુપો રહેવાનો નથી કેમકે તેની સામે જે જુબાનીઓ કોર્ટમાં પડી હતી તે એવી તો મજબુત હતી કે તેને જરૂરજ મોત યા દેશતરીપારની સજા થવાની. બંદીખાનામાં કેવું પરિણામ આવવા પામ્યું હતું અને જુલિયનની કેવી ફતેહ થઈ હતી તે આપણે સિલસિલાબંધ જોઈ આવ્યા છિએ.

જ્યારે લાયનને મોતની સજા થઈ ત્યારે જુલિયને છુટકારાનો દમ ખેંચ્યો હતો એવું સમજીને કે તે મરતી વેળાએ દોરા અને એદેલીનને ખાતર રોદ્રીકને ફસાવશે નહિ, પણ જ્યારે તેને મોતની સજાની માફી મલી, અને જીંદગીભરનાં કેદખાનાની સજા કરવામાં આવી ત્યારે તેની હિમ્મત બિલકુલ તુટી ગઈ. આથી તેણે ચાલી ચલાવી પોતાના વડા ભાઈ રોદ્રીકની મુલાકાત લીધી હતી તે પણ આપણે જોઈ લીધું છે. તેણે બંદીખાનામાં લાયનનો જાન લેવાની બાજી રચવા માટેનું કામ પોતાના જેવાજ બદમાશ ભાઈ રોદ્રીકને સપુરદ કીધું હતું, જેનું પરિણામ શું આવ્યું છે તે આપણે જોઇએ. રોદ્રીકનો એક તેનાજ સરખો બદમાશ સોબતી સ્લીમ જીમ નામનો હતો, જે પૈસાને ખાતર કોઇનું પણ ગળું ફાંસવાને અને ગમે તેવું કાળું કરમ કરવાને સદા તૈયાર હતો. બંદીખાનામાં નીલ લાયન માટે કાવત્રું રચી તેનો કાંટો કહાડવાનું કામ આ બદમાશ ઠગને રોદ્રીકે સોંપ્યું હતું, જેણે તે પાપી કામ પાર ઉતારવાને માથે લીધું હતું. રોદ્રીકે આ કામ કેવી રીતે પાર ઉતારવું તે માટે સઘળી ગોઠવણની બાજી એવી તો અચ્છી રીતે રચી હતી કે તેને લાગ્યું કે તેમાં કશી મના રહી હતી નહિ.

લાયન અને સ્લીમ જીમના સંબંધમાંજ પોતાના ભાઇનાં મકાનમાં જુલિયન પોતાના વડા ભાઈ સાથે બેસી વાતચિતમાં રોકાયલો હતો તે વેળાએ મેથ્યુ બારલોક (રોદ્રીક)નો નોકર દાખલ થયો અને પોતાના શેઠ તરફ ફરી બોલ્યો, "સાહેબ, ઓલ્ડકેસલવાળાં મીસ રેન તમોને મળવા માંગેછ."

"કોણ? મીસ રેન, ખુબસુરતીની રાણી એદેલીન મને પોતાને અહિં મળવા માંગેછ?"

ગરીબ બિચારો નોકર! તે સમજી શકયો નહિ કે તેનો શેઠ મીસ રેનની મુલાકાતથી એટલો બધો કાં ધભરાટ અકરાટમાં પડયો હતો!

"પણ મીસ રેને તને કહ્યું હશેની કે તે કોણને મળવા માંગેછ? તેણીએ મારૂં કયું નામ દીધું હતું?" રોદ્રીકે આ સવાલ પુછતાં પોતાની હાલતનો જરા પણ ખ્યાલ કીધો નહિ. જુલિયનને તરતજ ખ્યાલ આવવા પામ્યો કે રોદ્રીક ગભરાટનો માર્યો કાલનો દુકાળ આજે પાડતો હતો. નોકર પોતાના શેઠને જોતો ડાચું વકાસ્તોજ ઉભો હતો તેને ઉપલોજ સવાલ જુલિયને પાછો પુછયો.

"સાહેબ, તે બાઈ મારા શેઠ મેથ્યુ બારલોકને મળવા માંગેછ," નોકરે જુલિયનને નમીને જવાબ દીધો.

આ જવાબથી બંને હિચકારા પણ બદમાશ ભાઇઓ ઉજળા વાખ બની ગયા.

"એદેલીન અહિં? મેથ્યુ બારલોકની મુલાકાતે?" નોકરની હાજરી વટીકની

પણ દરકાર કીધા વિના જુલિયન પોકારી ઉઠી પોતાના સુના સાવજ જેવા બનેલા વડા ભાઇનું મોહડું ટીકતો ઉભો, એવી મતલબથી કે હવે શું કરવું તે સમજવાને તેનું ભેજું બિલકુલ લાઇલાજ હતું.

આવા શેતાનો વચ્ચે એદેલીન જેવો ફરેસ્તો શા માટે આવ્યો હતો તે તે બંને ભાઇઓ મુદ્દલ સમજી શકયા નહિ.

બદમાશોનાં ધામમાં અશરાફજાદી.

એદેલીન મેથ્યુ બારલોકને ઢુંડતી બ્રાઇતન સુધી ચાલી ચલાવી આવે એ ભેદ બંને ભાઇઓ પામી શકયા નહિ. તેઓ તેણીનાં મિઠાં અને એજમતી નામથી અને બ્રાઇતન ખાતે તેણીનાં એકાએક ફુટી નિકળવાથી એટલા બધા તો ઘભરાઈ ગયા હતા કે તેણીનાં આવ્યાની ખબર લાવનાર નોકરની હાજરી વટીક તેઓ ભુલી ગયા. અગરજો તેમ નહિ બન્યું હોત તો તેઓએ તેની હાજરીમાંજ આટલો બધો ઘભરાટ દેખાડયો હોત નહિ. મેથ્યુ બારલોકનાં ખોટાં અને ધારણ કીધેલાં નામ હેઠળ રોદ્રીક, જે લોકની જાણ પ્રમાણે ઓલ્ડકેસલ ખાતેની પોતાના બાપદાદાઓની ઘોરમાં કફનમાં દફન થઈ સદાની શાંત અને નચિંત ઉંઘમાં સુતેલો હતો તેને એદેલીન મળવા આવે—અને તે પણ જુલિયન જે વેશધારી લાર્ડ ઓલ્ડકેસલ તરીકે પોતાના વડા ભાઇ રોદ્રીક, તે ખરા° લાર્ડ ઓલ્ડકેસલનાં ભવ્ય મકાનમાં મળવા આવ્યો હતો તેજ સમયે—તેમાં કાંઇપણ ભેદ સમાયલો તે બંને ભાઇઓએ જોયો. પણ તે ભેદ શો હતો તે તેઓ સમજી શકયા નહિ. શું એદેલીનને કાંઈ શક પડયો હતો કે મેથ્યુ બારલોક તેજ ખોટી સહી કરી પોલીસના પંજાથી નાહસ્તો છુપાતો ભરાતો રોદ્રીક હતો? યા તેણીને કાંઈ શક ગયો હતો કે જુલિયન આજે રોદ્રીક (મેથ્યુ બારલોક)નાં મકાનમાં કેદમાં પડેલા લાયનનો જાન લેવાનું કાવત્રું રચવાને જનાર હતો અને તે માટે ખુબસુરતીની તે સુંદરી તેનો પીછો પકડી તેને માહત કરવા તેની પાછળ ગઈ હતી? આ સંજોગ કાંઈ જેવો તેવો હતો નહિ, અને આ સંજોગમાં જુલિયને સારા સગનની નિશાની માની નહિ. શું તે બાનુ તેની પાછળ એક છુપા જાસુસ તરીકે આવી હતી? શું તેનું સર્વ ભોપાળું ઉઘાડું પડવાનો સમય હવે નજદીક આવ્યો હતો?

"હેં! ભાઈ જુલિયન, એ તે શું કેહવાય? એ તારી એદેલીન દાબડામાંના ભુતની માફક અહિં શાની ફુટી નિકળી? કવાબમાં એ હાડકાંને કાંઈ શક તો નહિ ગયો હોય કે હું તો ઓલ્ડકેસલની ઘોરમાં ડટાવાને બદલે આ મકાનમાં જીવતો જાગતો અમનચમનમાં છઉં? એમજ જો હોય તો સત્યાનાશનીજ બાજી જાણવી અને ભાઇ તુંબી હમણાં પોહળો ચોહળો થઇને લાર્ડ ઓલ્ડકેસલ તરીકે દમામમાંજ ફરતો ફરેછ તે તારાંબી ડોસલાં બેસી જવાનાં છે. લાયનની માફક એકાદ બંદીખાનામાં તુંબી માથે હાથ દઈ રડવાનો! પણ ભાઈ, તું શું ધારેછ? તારી એદેલીન આપણને ફસાવી તો નહિ મારે કે?" રોદ્રીકે પોતાના નાના ભાઇને સવાલ કીધો. પણ આ પળે તેની નજર એદેલીનનાં આવ્યાની ખબર આપનાર નોકર ઉપર પડવાથી તેના ઘભરાટનો પાર રહ્યો નહિ. તરતજ તેણે તે

નોકરને ત્યાંથી જવાની ઇશારત કીધી. તેના જવા પછી રોદ્રીક ભવાં ચહડાવી બોલ્યો, "જુલિયન, મારી સાથે તારીબી શુદ્ધ કહાં ઉડી ગઈ? એ આપણે છેક એટલા બેભાન કેમ બની ગયા? આપણેબી શું અભાડો બાઝ્યો? પેલો નોકર કોણ જાણે કયાં સુધી આપણી વાત સાંભળવા પામતે!"

જુલિયનબી તે બાબેની હમણાંજ શુદ્ધ આવવાથી ચોંકયો. ખરેખર, તે પણ પોતાના વડા ભાઈની માફક એટલો બધો તો ભાનભુલો બની ગયો હતો કે એક હલકા નોકરની હાજરીમાં તે જે તે બકયો હતો અને પોતાના ભાઇને જે તે બકવા દીધો હતો. પણ હવે કરવું કેમ? એદેલીન મેથ્યુ બારલોકની રાહ જોતી બહાર ઉભી હતી, જેથી વધુ ઢીલ કરવી એ ખરેખર પોતાને અને પોતાના વડા ભાઇને જોખમમાં નાખવા સમાન હતું. મેથ્યુ બારલોકે એદેલીનને કોઇ પણ રીતે મળવું તો જોઇએ; પણ મેથ્યુ બારલોકને તે બાનુ મરણ પામેલા રોદ્રીક તરીકે પિછાની લેય તો? જુલિયન અને રોદ્રીકના ચેહેરામાં એટલું બધું તો મળતાપણું હતું કે રોદ્રીકના ગમે તેવા ખોટા વાળના ઢોંગ ધતુરા છતાં બારીક રીતે જોનાર તરત એકબીજાને મળતો ચેહેરો ઓળખી લેતાં વિલંબ લગાડે નહિ. પણ ત્યારે કરવું શું? છેવટે લુચ્ચા રોદ્રીકને એક ખ્યાલ સુઝયો, જે બેશક જુલિયનને પણ પસંદ પડયો.

"જુલિયન, એદેલીનની મુલાકાત મારે બદલે તું લે બચ્ચા, ને તેણીને જણાવ કે હું મેથ્યુ બારલોક તેણીને મળી શકતો નથી જેથી હું ઘણો દલગીર છું," રોદ્રીકે વિચારવંત ઢબે પોતાના નાના ભાઇને સલાહ આપી.

"શું, હું એદેલીનને મળવા જાઉં? કેમ, મોટા ભાઈ તમો કાલનો દુકાળ આજે પાડવા માંગોછ કે શું?" જુલિયન અજાયબીથી પોકારી ઉઠયો.

રોદ્રીક મોટેથી હસી પડી બોલ્યો, "નાદાન તે નાદાન! સમજી લે, મારા નાદાન ભાઈ કે એદેલીનને બાહેર ખોટી કરવામાં રૂસવાઈ છે, આપણી તરફનો તેણીનો શક જાણીજોઇ ઉસ્કેરવા સમાન છે."

આટલું બોલી તેણે પોતાના ભાઇને કાને પડી એવો તો સમજાવી લીધો કે જુલિયનની ખાતરી થઈ ચુકી કે રોદ્રીકની તાલતલાવતમાં કાંઇક વજુદ હતું ખરૂં. આથી તેણે છુટકારાનો એક દમ ખેંચ્યો, અને હિમ્મત અને નચિંતાઇનું ડોળ ઘાલી એદેલીનને મળવા તે બાહેર આવ્યો. તેના ચેહેરા ઉપરનો ફિકાસ માલમ પડતો હતો, કેમકે તેને ધાસ્તી લાગી કે એદેલીન જેવો ફરેસ્તો શેતાનથી વસાયલાં આ દોજખખાનામાં શા માટે આવી ચઢયો હતો. જગતમાં પોતાનાં ખરાં રૂપ-રંગમાં જાહેર થવાની નામોશીની બીકથી કોઇ કોઇવાર તેનાં બદનમાં ફરતું લોહી પણ બંધ થઈ જતું હોય એમ લાગતું હતું. એદેલીનની હાલની મુલાકાત દરમ્યાન તેનો હાલ તેવોજ થઈ પડયો હતો.

જુલિયન આખરે બીહતો ધ્રુજતો, અને હજારો વમાસણમાં વિંટલાયલો દરવાજો ખોલી દીવાનખાનામાં દાખલ થયો. દરવાજો ખોલવાના અવાજથી એદેલીને ચોંકી પોતાની પાછળ જોયું તો તેણીની અજાયબી વચ્ચે ડઘાયલા, ફગાયલા, ઘભરાયલા જુલિયનને પોતાની સામે ઉભેલો જોયો. જુલિયનને મેથ્યુ બારલોકનાં મકાનમાં જોઇ તે બાનુ ઘભરાઈજ ગઇ. જાણે તે ત્યાં કોઇની ચોરી કરવા આવી હોય તેમ જુલિયનને જોતાંજ માથાંથી પગ સુધી તેણી ધ્રુજવા લાગી. જુલિયન તેણીની આવી હાલત જોઈ સમજી શકયો નહિ કે એદેલીન મેથ્યુ બારલોકની

મુલાકાતે કાંઇ બુરી મતલબથી આવી હતી તે માટે ધભરાતી અને ધ્રુજતી હતી કે તેને પોતાને મેથ્યુ બારલોકનાં મકાનમાં જોવાથી કમકમાટની મારી ધ્રુજતી હતી.

પહેલાં તો એદેલીન સમજી શકી નહિ કે તેની સામે ઉભેલો જુલિયનજ હતો કે જુલિયનનો ભુત ! જ્યારે તેણીએ પોતાની ખાતરી કીધી કે પોતાની સામે ઉભેલો જીવતો અને જાગતો જુલિયન પોતેજ હતો ત્યારે તે કમકમાટની તિક્ષણ લાગણી સાથે પોકારી ઉઠી:—

"કોણ ? જુલિયન કે ?"

જુલિયન અને એદેલીન.

"હા, હું જુલિયન છું. તને ખરાં તનો મનથી ચાહનારો, તારે ખાતર પોતાના જાનનો ભોગ વટીક આપવાને તૈયાર પણ તારી નાકદર ચાલથી હેરાન, અને પરેશાન થયલો જુલિયન છું. એદેલીન, મારી તરફ જો, કે તારી મોહબતમાં દીવાના બનેલા જુલિયનના કેવા બુરા હાલ થયાછ ! એદેલીન ! હું તારી દોલત માંગતો નથી, પણ તારી મોહબત માંગુંછ; તારા પૈસાનો ભુખ્યો નથી, પણ તારા પ્યારને માટે ટળવળુંછ ! એદેલીન, તારી તરફની મારી મોહબતમાં હું શ્યાનો દીવાનો બાવરો બન્યોછ તેનો તો તું કાંઈ ખ્યાલ કર, મારા હાલપર કાંઇ દયા તો કર !"

"દયા ! જુલિયન, દયા હું કરૂં કે દયા તું કરે? તારી પાસે દયા તો હું માંગુંછ ! દયા માટે તો હું ટળવળુંછ ! અરે ! મારે માટે તારાં જીગરમાં અગર દયાનો એક કતરો બી હતે તો તારી તરફના મારા સર્વે ધિક્કાર છતાં તું વારંવાર મને સતાવતો અટકતે અને મારી સોડેથી તારી તરફની મોહબતનો તું આરઝુમંદ બનતે નહિ. શું મોહબત કાંઈ એવી ચીજ છે કે તે જોર જુલમથી ખેંચી શકાય, આપી શકાય ? બોલ, જુલિયન બોલ ! કે એમાં મારો શો વાંક છે ? હું તને ચાહવાને મારાં જીગરને ઘણુંબી સમજાવુંછ, ઘણુંબી મનાવુંછ પણ તે કેમે કરી સમજતું નથી, તને તે ચાહી શકતું નથી. પણ જુલિયન, મને ખરૂં કેહ કે તું અહિં કયાંથી ?" એદેલીન રડમસ ચેહેરે બોલી.

એદેલીનના આ સવાલથી જુલિયન પોતાને લાગેલા ગમે તેટલા ગુસ્સા છતાં મોટેથી હસી પડી બોલ્યો, "બાનુ, એ સવાલ તો હુંજ તમોને પુછુંછ કે એદેલીન, મને ખરૂં કહો કે તમો અહિં કયાંથી ?"

આ સવાલથી એદેલીનનાં જીગરમાં પોતાની કમબખ્ત વડી બેહેનની દુ:ખી યાદ હૈડે ચહડી આવવાથી તેણીએ એક ઠંડો નિસાસો નાખ્યો. પણ જુલિયનના સવાલનો જવાબ તેણીએ નહિ આપવાથી તેણે થાકીને આગળ ચલાવ્યું, "એદેલીન, મને ખરૂં કેહ, તું મી૦ બારલોકને ઓળખેછ કે ? તું તેને કયારથી ઓળખેછ, કેમ ઓળખેછ ? પણ તું તેને ઓળખે એમ બનેજ કયાંથી? કેમકે તું કાંઈ નાણાંની તંગીમાં નથી, અને જેઓ નાણાંની તંગીના રોગથી પીડાતાં નથી, તેઓને મી૦ બારલોક જેવાનાં મકાનમાં પગ મેલવાની જરૂર રહેતી નથી, કેમકે બારલોક સાહેબ તો વ્યાજે નાણાં ધીરનાર અઠંગ મારવાડી છે."

"મી૦ મેથ્યુ બારલોક વ્યાજે નાણાં ધીરનાર છે?" એદેલીને ઘણી અજાયબીથી સવાલ કીધો. "મને તો એ બાબદની મુદ્દલ ખબર નથી. હું તો એ ગ્રહ-

સ્થને બિલકુલ ઓળખતીબી નથી. અરે! મેં તો કોઈ દિવસ તેની સુરત વટીક જોઇ નથી. માનજે જુલિયન, કે મને અહિં સુધી આવવાનો સબબ મારી કમબખ્ત બેહેન દોરા છે; જે–જે—" એદેલીન આગળ બોલતાં અચકી ગઇ. કારણકે તેણીએ પોતાની ચગોર ચશ્મોએ જોઈ લીધું કે તેણીના છેલ્લા વાકયથી જુલિયનને કાંઇ ધભરાટ છુટો હતો. એ શું હતું, તે એદેલીન સમજી શકી નહિ. તેણીએ તરતજ વાત ફેરવી તોલી આગળ ચલાવ્યું, "મને સ્વપનેબી ખ્યાલ નહિ કે હું એક નાણાં ધીરનારનાં મકાનમાં આવી ચહડીછ! મીઃ બારલોક માટેની દોરાની વાતચિત ઉપરથી મેં તો એમજ માની લીધું હતું કે મીઃ બારલોક કોઇ ભુખરીબારસ હશે, પણ તેનાં આ સુંદર મકાન ઉપરથી દોરા કાંઇ ભુલજ કરતી હશે એમ મને લાગેછ, અને તારી વાત માનવાને મને લાલચ થાયછ."

"પણ એદેલીન, મને ખરૂં કેહ કે તારો અહિં આવવાનો સબબ શો?" જુલિયનનો જીવ જોકે એદેલીનની વાતચિત ઉપરથી કાંઇક શાન્ત થયો હતો, તોપણ વધુ શાન્તી મેળવવાની ઉમેદથી તેણે એદેલીનને આ સવાલ પુછયો.

"કારણકે મારી દોરા મીઃ મેથ્યુ બારલોકને મળી બે ચાર વાત કરવાને ઘણી ઇંતેજાર છે. તેણીની બીમારીમાં મીઃ મેથ્યુ બારલોકને મળવાનો ટવળાટ, છેવટે મારેથી નહિજ ખમી શકાવાથી મને અહિં સુધી આવવાની દુઃખભરી ફરજ પડીછ! દોરાની ઘરવાલીને પુછવાથીજ મને મીઃ બારલોકનું સરનામું મળવા પામ્યું ને હું અહિં તેને મારી બેહેન પાસે લઇ જવાને આવીછ! મેં ધાર્યું કે દોરા નહિ જાણે તેમ મીઃ બારલોકને તેણીની આગલ લઇ જવાથી મેં મારી બેહેન તરફની ખરેખરી ફરજ અદા કીધેલી લેખાશે. અંત્રે મારા આવવાની એજ મકસદ છે. પણ જુલિયન, અહિં આવવામાં તારી શી મકસદ છે, તે તો બોલ? તું એ સવાલનો જવાબ કેમ ઉડાવેછ? શું તુનેબી નાણાંની તાણ પડીછ ને તેથી મારવાડીનું ઘર શોધવું પડયુંછ, કે તુંબી દોરાનાં કાંઇ છુપાં કામ માટે મીઃ બારલોક આગળ સંદેસો લઈ આયોછ. બોલની ખરી વાત શું છે?"

જુલિયને ડોકું ધુણાવી પાછલી વાત ના પાડી. હમણાં સુધીમાં તેણે ખાત્રીથી માની લીધું હતું કે એદેલીન મેથ્યુ બારલોકને મળવા આવી હતી તેમાં કશું બુરૂં બન્યું હતું નહિ. તે બાનુ મીઃ બારલોકને રોદ્રીક તરીકે જાણવા પામી હોય એવું બી હતું નહિ, એટલે તેણે ઘણાંજ શાન્તપણે જવાબ દીધો:—

"એદેલીન, હું તને અત્યાર આગમજનો કહી ચુકોછ કે મીઃ બારલોક વ્યાજે નાણાં ધીરનાર છે, અને તેં અટકલ કીધીછ તેમ મારૂં કામ આજે એની પાસેથી મોટાં વ્યાજે એક મોટી રકમ લેવાની છે. જયારે નોકરે આવી મીઃ બારલોકને ખબર આપી કે મીસ રેન તમોને મળવા માંગેછ ત્યારે હું ઘણોજ અજબ તેમજ દલગીર થયો કે તું જેવી તવંગર બાનુ બારલોક જેવા વ્યાજખાઉને ત્યાં શા માટે પોતાનાં પગલાં લાવી હશે! પણ જયારે તારી તરફથી મેં સઘળો ખુલાસો સાંભળ્યો ત્યારેજ મારો ગયલો જીવ મારાં શરીરનાં ખોળિયાંમાં પાછો આવ્યો. અરે! એદેલીન હું તને કેટલી ચાહુંછ તેનો એજ એક માત્ર પુરાવો બસ છે," જુલિયને આવેજીભર્યો સાદે કગળીને કહ્યું.

જુલિયનના પ્યારના બોલો સાંભળવાને એદેલીનના કાનો ગોયા બેહર મારી ગયા હતા. તેણીને એવા શબ્દોથી બોર કચવાટ અને કમકમાટ ઉપજતો હતો. તેણીને તેને મોહડેની આવી વાતચિતની કયાં નવાઇ હતી? જાણે તેણીએ તેનો છેલ્લો વાકય સાંભળ્યોજ નહિ હોય તેમ તે વાત ખાઇ જઈ બોલી:—

"પણ ત્યારે હું એમ પુછું કે હું તો મી૦ બારલોકને મળવા માંગતી હતી, નહિ કે તને, તો મી૦ બારલોકે પોતે મળવા આવવાને બદલે તને મારી આગળ મોકલ્યો તેનો શો સબબ?"

એદેલીને જુલિયનને પુછેલા આ ઓચિંતા સવાલથી તે કાંઇક ફગલાઈ ગયો, પણ તુરતજ તે હિમ્મત રાખી બોલ્યો, "મી૦ બારલોક તમો જેવી બાનુની મુલાકાત લઈ શકે એવી સ્થિતિમાં નથી. તેવણુ બિમાર છે."

"બિમાર! પણ જ્યારે મેં નોકરને મી૦ બારલોક ઘરમાં છે કે નહિ તે વિષે પુછયું ત્યારે તો તેણે પોતાના શેઠની બિમારી માટે મને મુદ્દલ ચેતાવ્યું હતું નહિ. હું ધારૂંછ જુલિયન, કે એમાં તારી કાંઈ ભુલ છે, નહિ તો એ બધી મને ઉડાવવાની તારી ગત છે."

જુલિયન વધુ અને વધુ ફગલાઈ જઈ બોલ્યો, "મી૦ બારલોક કાંઈ છેકજ બિમાર નથી તો. માત્ર તેમને કાંઈ અકસમાત થવાથી તેમનો ગાલ ચીરાઈ ગયોછ, પગ મરડાઈ ગયોછ, હાથ લચકાઈ ગયોછ, ને પાંસલી ફસકાઇ ગઇછ! બસ એટલુંજ, બાકી બીજું વધારે કાંઈ નથી."

ભોળી, ભલી એદેલીને આ બધા ઓરંગા ખરાજ માની લીધા. તે ભલી બાનુ દયાથી આજેઝ થઈ બોલી, "ત્યારે શું બારલોક મારી કમનસીબ બેહેન દોરા આગળ નહિજ આવી શકશે? અરેરે! ત્યારે તે બિચારીનું શું થશે? ભાઈ જુલિયન, ત્યારે અહિં નાહક ખોટી થવામાં કશો સાર નથી. મારે કમનસીબ દોરાની મદદે જેમ બને તેમ જલદી પાછું દોડી જવુંજ જોઇએ. ખુદા તે બિચારીનો નિગેહબાન થાઓ! પણ જુલિયન, તને મારી એટલીજ અરજ છે કે મારો સંદેસો મી૦ બારલોકને જણાવજે અને કેહજે કે મારી કમનસીબ બેહેન દોરા તમારી ઇંતેજારીથી રાહ જુવેછ."

જુલિયને ડોકું ધુણાવ્યું અને એદેલીને એક પ્યારી બેહેનનાં હેતથી ઉસ્કેરાઈ આગળ ચલાવ્યું, "હું અજબ છું કે મારી બેહેન દોરાને મી૦ બારલોક સાથે એટલું બધું તે શું કામ છે અને તેને મળવા માટે તે એટલી બધી ટવળેછ કાંય? અરે! હું આ ભેદ જાણવાને કેટલી બધી ઇંતેજાર છું! પણ હું તેણીના ચેનચાળા ઉપરથી જોઉછ કે મારી પ્યારી બેહેન પોતાનો તે ભેદ મારી આગળ ખુલ્લો કરવાને બિલકુલ નારાજ છે!"

એદેલીનની આવી ભોળાઇથી જુલિયન મુછમાં હસવા લાગ્યો. તે સારી પેઠે જાણતો હતો કે જે ભેદ એદેલીન જાણવાને ઇંતેજાર હતી તે ભેદ તેણીથી છુપો રહેવામાંજ તેની (જુલિયનની) મોટી સલામતી હતી. આથી તેણે એદેલીનની આ ચિંતા માટે વાત ઉડાવવામાંજ ડાહપણ જોયું.

"એદેલીન, હું વ્યાજખાઉનાં આ ધામમાં તને ઝાઝો વાર ખોટી કરવામાં તારી આબરૂની સલામતી જોતો નથી. ચાલ, હું તને તારી બેહેનનાં મકાન સુધી—"

જુલિયન શું કેહવા માંગતો હતો તે ચતુર એદેલીન તરતજ ચેતી જવાથી બોલી ઉઠી, "જુલિયન, મારે માટે હું તને મુદ્દલ તકલીફ આપવા માંગતી નથી. તારી માંગણી માટે હું તારો ઉપકાર માનુંછ! ચાલ જુલિયન, હવે હું જાઉછ!"

આટલું બોલી જુલિયન તરફ નજર વટીક કરવા વિના એદેલીન તે જગા છોડી જવા માંગતી હતી તેજ પળે જુલિયને તેણીને અટકાવી પાછું પોતાનું અણ-ગમતું પીંજન ચલાવ્યું:—

"એદેલીન, એક ચંડાળ ખુનીને ખાતર મારા જેવા માન ચાંદ પામેલા અમીરને ધિક્કારવામાં તું શું મજાહ માની લેછ? એદેલીન, તું જેને ચાહેછ, અને જે તુને ચાહવાનો ખોટો અને શરમભરેલો ફાંકો ધરાવેછ તે કોણ છે તેનો તો તું ખ્યાલ કર! તે એક એવો ગુનેહગાર છે કે જેનાં ફકત નામથીજ આખી ખ્રીસ્તી કોમને લજવાવું પડયુંછ. અરે! એદેલીન! તેને તો તારે ઠોકરે મારવો જોઇએ. તેને તો શું, પણ તેના ઓળાને બી જોવામાં તારે કમકમવું જોઇએ."

એદેલીનને જુલિયનના ઉપલા સખુનોથી એવી તો રીસ ચહડી કે ગુસ્સાની દેવીની માફક તેણીએ ફાટેલા ડોળાએ પોતાને સતાવનાર અને પોતાના પ્યારાને વિના કારણે વગોવનાર હિચકારા બદમાશ તરફ ધિક્કારથી જોયું. તેણીના ડોળાના તાપથી જુલિયન ખરેખર ધભરાઈ ગયો, ફગલાઈ ગયો, અને એક પળ સુધી સુનો સાવજ બની તેણીની સામે ઉભો.

એક દોજખખાનામાં બે શેતાનો.

પોતાના પ્યારા નીલ લાયનને થયલું આવું જબુન અપમાન એદેલીન ખમી શકી નહિ. તેણી છેડાઈ પડેલી એક વાધનની માફક જુલિયન તરફ ધિક્કારની ચશમ ફેરવી બોલી, "જુલિયન, લોર્ડ ઓલ્ડકેસલનાં ખાનદાની નામને એબ લગાડનાર જુલિયન, તારે જાણવું જોઇએ કે હું જે મર્દને ચાહુંછ અને એક વખત એવો આવશે કે તેને મારો પોતાનો ખાવિન્દ બનાવી તેની હકદાર ધણીઆણી બનવાની હું ઉમેદ રાખું છું, તે બાનુની હાજરીમાં તેણીના તે પ્યારાને અને તેણીના આખા ભવના સુખ દુ:ખના સાથીને આવું અપમાન કરવાની તું હિમ્મતજ કેમ કરી શકેછ? મારી સાથે વાત કરતાં તો તારે તેને માટે માન ધરાવવું જોઇએ છે. જુલિયન, આજની તારી ચાલથી હું બેહદ દલગીર છું."

એક ખુનીને અપમાન કરવાના બદલામાં તેને એદેલીનનાં મોહડેથી આટલાં બધાં સખ્ત અને કડવાં વેણો સાંભળવાં પડશે એવી જુલિયને સ્વપ્નેબી વકી રાખી હતી નહિ. તેને આવું અપમાન કરવાને તેણીની હિમ્મતજ કેમ ચાલી હશે, તે તે સમજી શકયો નહિ. તે કોણ? અને નીલ લાયન કોણ? તે એક હીરો હતો તો લાયન એક પથ્થર હતો, બલ્કે પથ્થરથીબી બદતર બુરો હતો, જે હાલમાં કેદખાનામાં જન્મ સુધીના કેદીની નામોશીભરી જીંદગી ગુજારતો હતો. જોકે તે સારી પેઠે જાણતો હતો કે રોજર દીપીંગનો ખરો ખુની કોણ હતો અને લાયન તદ્દન નિર્દોષ હતો તે પણ તેને રોશન હતું, છતાં તેનાં મનથી તે નામોશીભરી જીંદગી ગુજારતો હતો, કેમકે તે કેદખાનામાં સબડતો હતો.

જુલિયનનાં જીગરમાં એદેલીનના સખુનો ઝેરી તીરની માફક જોકે લાગ્યા, પણ લાયનની વિરૂદ્ધ બોલી તે ઉશ્કેરાયલી બાનુને વધુ છેડવાની તેણે હિમ્મત કીધી નહિ. તે ગુપચુપ ઉભોજ રહ્યો, જેનો લાભ લઈ એદેલીન ગુસ્સાના તોરમાં જુલિયનને ત્યાંજ પડતો મેલી ચાલી ગઈ. જુલિયન—ફગાયલો, ધભરાયલો જુલિયન—ડાચું વકાસ્તો એદેલીનના ગુમ થતા આકારને એક દીવાનાની પેઠે ટીકતો ઉભો.

જુલિયન એદેલીનથી હાડમાર અને રન્જીદા થઈ પોતાના વડા ભાઇની પાસે પાછો ફર્યો ત્યારે તેણે મોટા ચીરડાટ વચ્ચે જોયું કે તે તેની જરા પણ પરવા

કીધા વિના યા તેના પાછા ફરવાની કાંઈ રાહ જોવા વિના તદન નચિંત જીવે અને નફકરાં દિલે ખાણાંની ટેબલ ઉપર બીરાજી પણ ચુકયો હતો અને કાંઇ દિવસોનો ભુખ્યો હોય તેમ ગીધરાની માફક ખાણાં ઉપર સારી રીતે હાથ ફેરવતો હતો. પોતાના વડા ભાઇની આ નાલાયકીથી તેને ગુસ્સો તો ઘણોએ ચહડયો, પણ તે લાચાર હતો. જે તવંગર બાનુને તેણીની દોલતને ખાતર તે ચાહતો હતો તે બાનુના પ્યારા નીલ લાયનની બંદીખાનાની અસુખી જીંદગીનો આંકો લાવવાની એકલી એક ઉમેદને ખાતર પોતાના વડા ભાઇની નાલાયકી પણ તેને સહન કરવા સિવાય બીજો કશો છુટક હતો નહિ.

"કેમ, વેશધારી, ડોળઘાલુ લોર્ડ ઓલ્ડકેસલ સાહેબ, તમો જે બાનુની મોહબતને નહિ, પણ તેણીની દોલતને ચાહોછ, તે બાનુ મારૂં મકાન છોડી ગઇ કે?" પેશ્રીનો એક મસ મોટો દખુસો મોહડાંમાં મારી રોદ્રીકે રીફાફચ પડી ગયલા નાના ભાઇને સવાલ કીધો.

એદેલીનને તેને કીધેલાં અપમાન કરતાં રોદ્રીક તરફનું આ અપમાન કાંઇ ઓછું હતું નહિ. રોદ્રીક સાથની મુલાકાત દરમ્યાન તેને અનેક વાર તેને મોહડેથી લોર્ડ ઓલ્ડકેસલના ખેતાબના સંબંધમાં અપમાન અને હસી મશ્કેરીના સખુનો સાંભળવા પડયા હતા. એજ ખેતાબને ખાતર તેને અનેક ભોગ આપવા પડયા હતા, જેમ કરવામાં તેની મતલબ એદેલીનનો હાથ જીતવાની હતી, પણ તેમાં પણ તે માહત થયો હતો. તેની તે મુરાદ ઉપર નાઉમેદીનું પાણી ફરી વળ્યું હતું. જે ખેતાબ મોટી ઊંફ વચ્ચે તેણે પોતાના વડા ભાઈ પાસેથી ખરીદયો હતો તે ખેતાબના સંબંધમાં તેને કેટલું બધું ખમવું પડતું હતું એ ખ્યાલથી તે બહુજ નાઉમેદ થઈ ગયો, જે નાઉમેદીના ધુંવાને તેણે હાલ તરત તો પોતાનાં જીગરમાંજ દાટી દીધો. આ ધુંવો કેવાં કેવાં જીવલેણ ભડકાંનું રૂપ લે છે તે આપણે પાછલથી જોઇશું.

"હા મારા વાહલા ભાઈ, એદેલીનને તારી શીખવણી મુજબ મેં સમજાવ્યાથી મારૂં બોલવું સાચ્ચુંજ માની તે આ મકાન છોડી ગઇછ."

રોદ્રીકે આ ખબર મોટી ખુશાલી વચ્ચે સાંભળી. તેણે ખુશાલીથી ઉભરાતી છાતીએ જણાવ્યું, "ઠીક! જે થયું તે ઠીકજ થયું છે." આટલું બોલતાં ચંપીનનું એક ગ્લાસ નાના ભાઇને 'ઓફર' કરવાની સાધારણ લાયકી બતાવ્યા વગર પોતાનાં ભાગલ જેવાં મોંહમાં તેણે ગટાવી દીધું. જુલિયને ગુસ્સાથી પોતાના હોઠ પીસી એદેલીનને લગતી વધુ ખબર આપતાં આગલ ચલાવ્યું, "તેણીને સ્વપ્નેબી ખ્યાલ નથી કે તમો નગીના કોણ છો! અને તમો નામદાર કયાંથી આવ્યા છો!"

"એ બી ઠીક!" રોદ્રીકે હજી જોભરવાનું ચાલુજ રાખી જવાબ દીધો, "ખુબસુરતીની તે દેવી મને રોદ્રીક તરીકે નહિ પણ મેથ્યુ બારલોક તરીકે જાણી મળવા આવે તેમાં તો જુલિયન, તારી બિલકુલ સલામતીજ સમાયલી છે, પણ મારા લાડકવાયા, ફરેસ્તા ખસલતના ભાઈ, તે બાનુ મેથ્યુ બારલોકને શું કેહવા માંગતી હતી?"

"તે બાનુ, દોરા તરફથી આવી હતી. દોરા તને મળવાને ઇંતેજાર છે, એમ જણાવવા અને બને તો તને પોતાની સાથે લઇ જવા અહિં સુધી ચાલી ચલાવી આવી હતી."

"દોરા! દોરાનાં કેહવાથી એદેલીન અહિં આવી! એ તું બકેછ શું? દોરાને પોતાના પરણ્યા ખાવિન્દની આબરૂ કાંઈ નહિ તો ખુદ પોતાને ખાતર અને પોતાની એકપુરી દીકરીને ખાતર તેઓના કરતાં બી વધારે વાહલી છે. દોરા કદી પણ મારે લગતો ભરમ ફોડી દે એ હું માનુંજ નહિ. એ તું વળી કોણુને સમજાવવાના આ બધા ઢોંગ લાવ્યોછ?" રોદ્રીકે કહ્યું.

છેવટે જુલિયને સમજાવ્યું કે "એદેલીનની આજની મુલાકાત માટે દોરા બિલકુલ નિર્દોષ હતી, કેમકે દોરાને ખબર વટીક નથી કે તેણીની નાની બેહેન આજે તારી મુલાકાત લેનાર હતી. તેણીએ તો પોતાની માંદગી દરમ્યાનની બેસુદ્ધિમાં તારૂં નામ દીધું હશે, જેથી એદેલીન દોરાની ઘરવાળી તરફથી તારાં મકાનનું ઠેકાણું મેળવવા પામી હતી અને તેની રૂએ તે આજે અહિં આવી હતી."

"પણ ત્યારે તે ઘરવાળીને કેમ ખબર પડી કે હું રોદ્રીક ઉર્ફે મેથ્યુ બારલોક આએજ મકાનમાં મુવેલો જીવતો અને જીવતો મુવેલો છું," રોદ્રીકે વધુ જાણવાની જીજ્ઞાસાથી જુલિયનને સવાલ કીધો.

જુલિયને પોતાના ભાઇને સમજાવ્યું, "દોરાનું એક કાગળ પોસ્ટમાં જવાને બદલે ટેબલ ઉપર રહી જવાથી તારૂં ઠેકાણું એદેલીનને તે ઘરવાળી તરફથી હાથ લાગ્યું."

હવેજ રોદ્રીકનાં ધ્યાનમાં ઉતર્યું કે એદેલીન મેથ્યુ બારલોકને શા માટે મળવા આવી હતી. એ તો હવે સાબેત થવા પામ્યું હતું કે એદેલીન એક જાસુસ તરીકે નહિ, પણ પોતાની વડી બેહેનના એક કાસદ તરીકે તેનાં સુખમાં કાંઈ ઉમેરો કરવાની મતલબથી તેને મળવા આવી હતી. દોરા તેને મળવા ઇંતેજાર હતી એમ એદેલીનનું કેહવું હતું, પણ તેને મળવાની તે ઇંતેજારી શા સબબ સર હતી તે તે સમજી શકયો નહિ. રોદ્રીક દોરાને બ્રાઈતન ખાતેનાં પોતાનાં મકાનમાં પોતાની બાળક બેટી સાથે આવી વસવાની હઠ પકડી બેઠો હતો, જ્યારે દોરા તેની હરામની દોલતની એક ફુટી બદામમાં પણ હમશરિક થવાને સાફ ના પાડતી હતી. પોતાના ખાવિંદે નિર્દોષોનાં ગળાં ઉપર સીતમની છરી ફેરવી અનેક દાવપેચ, ફંદ ફરેબ અને કાળાં ધોળાં કીધાં હતાં અને એવી કિસમેજ દોલતનો દરંગ હાથ કીધો હતો એમ તે બાનુ સારી પેઠે જાણતી હોવાથી પોતાના ખાવિંદ સાથે તેની દોલત ઉપર નાઝ કરવાની તેની માંગણી તેણીએ મોટા ધિક્કાર સાથે ના પાડી હતી. પણ જ્યારે રોદ્રીકે જાણ્યું કે દોરા તેને મળવા માટે ટવળતી હતી ત્યારે તેણે એમજ માની લીધું કે તે ફરેસ્તા ખસલત બાનુ છેવટે ઠોકરાઈ તેની પનાહમાં આવવાને હવે તૈયાર હતી. પણ તેને કયાં ખબર હતી કે જેમ ખરાં સોનાંને ધગધગતા અંગારમાં નાખવા છતાં પોતાની અસલિયાત અને કીંમત તે ગુમાવતું નથી, તેમ એક સાચ્ચું ઈનસાન લાખ વેદના પડવા છતાં પણ પાપમાં શરીક થતું નથી. સુખડનાં ઝાડને કોદાળીના વધુ અને વધુ જરબ લાગવાથી સામી વધુ ખુશબુથી તે પોતાની ઉપર ઘાહ કરનારનાં મગ્જને તર કરે છે. દોરા ઉપર આટલી ટુંક ઉમરમાં દુ:ખોના પાહડો ગબડી પડવાથી તો તે ભલી બાનુ પોતાના પેદા કરનારને વધુ ઓળખવા શીખી હતી અને આ જુઠા સંસારની ખોટી મોહિની અને ઠગારી લાલચથી દુર અને દુર જતી રહી હતી.

આજના બનાવનાં પરિણામથી રોદ્રીક ખુશ લેહેરમાં આવી ગયો હતો. તેણે જુલિયનનો હાથ પકડી કહ્યું, "જુલિયન, તું કેટલો મુર્ખ! તારામાં એક રતીભારની

અક્કલ હોય એ હું માનતો નથી, કેમકે તેમ જો હોત તો એદેલીન જેવી લક્ષ્મી અને ખુબસુરતીની રાણીને તેં એકલી જવા દીધી નહિ હોત! તેણીની સાથની મુસાફરીમાં તે અપસરા સાથે તને પ્યાર કરવાની કેવી ઉમદા તક મળી હતે?"

આટલું બોલી રોદ્રીક મોટેથી હસી પડયો. તેનાં હસવાના અવાજથી જુલિયનનું વધારે ગળી ગયું. તે ગુસ્સાથી પોતાના વડા ભાઇ તરફ નેણ ચહડાવી બોલ્યો, "રોદ્રીક, મારાં પેટમાં હોળી સળગેછ, ને તું તેને દિવાળી માનેછ! એદેલીન સાથે પ્યાર! એવા પ્યાર ઉપર ખુદાનો માર પડજો! રોદ્રીક, સત માનજે કે એક પથ્થર સાથે પ્યાર કરવો સેહેલ છે, પણ એદેલીન સાથે પ્યાર કરવો મુસ્કેલ છે. રોદ્રીક, મારી અર્ધી દોલત તારા પગ આગળ રેડવાને હું તૈયાર છું, પણ મારા માર્ગમાં નડતલ તરીકે પડેલા પેલા લાયનને અમો બંને વચ્ચેથી તું કાંઇબી કરી સદાનો દુર કર! હવે એમાં વધુ ઢીલ થયલી સારી નથી. એ મુજીનો કાંટો જેમ બને તેમ શેતાબીથી કહાડી નાખવો જોઇએછ. કેમ ત્યારે, બોલ રોદ્રીક! મારાં જીગર ઉપર આવી પડેલો આ પથ્થર તું દુર કરશે કે?"

રોદ્રીક મુછમાં હસ્યો, એવી મતલબથી કે લાયનને પોતાના ભાઇના માર્ગમાંથી દુર કરવાનું કામ તેને માટે તો બચ્ચાંનો એક ખેલ માત્ર હતો.

લાયન બંદીખાનામાં.

ફાંસીની સજા રદ થવાથી અને તે સજાને બદલે બંધવા નીલ લાયનને જીંદગીભરનાં કેદખાનાની સજા થવાથી તેને સ્ટોનબ્રીજનાં કેદખાનામાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેની આખી જીંદગી દુઃખ અને દલદેશરીમાં ગુજારવાની તેની દુઃખદાયક સરજત હતી. જોકે સ્ટોનબ્રીજની તુરંગ ઓલ્દકેસલથી થોડેજ તફાવતે ગંભીર અને શોકાતુર દમામ સાથે એક ઉજ્જડ જગ્યામાં ઉભી હતી, તોપણ લાયનને મનથી તો તે પોતે ઓલ્દકેસલ અને ઓલ્દકેસલની રાણી એદેલીનથી હજારો કોસ દુર હતો, ગોયા તે આ નહિ પણ કોઇ બીજીજ દુનિયામાં દુઃખોના સાગરમાં ડુબેલો હતો. જ્યારે તે હથિયારબંધ સીપાહોના પોહરા હેઠળ પોતાના જેવા બીજા કમબખ્ત કેદીઓ સાથે સ્ટોનબ્રીજની જેલના ઉંચા મિનારા સાથના ગંજાવર દરવાજામાં દાખલ થયો ત્યારે તેના શોકાતુર દેખાવથી તેનાં આખાં તન બદનમાં કમકમાટનો એવો તો જબુન ઝટકો લાગ્યો કે તે ઝટકાની અસરથી ગોયા તેનો દમ આખર થવા ઉપર આવ્યો. હમણાંથીજ જાણે તેનાં બદનની રગોમાં લોહી ફરતું બંધ થઈ જવાની અણી ઉપર હતું; અને તેનું આખું શરીર ઠંડુંગાર બની ગયું હતું. તેને લાગ્યું કે તેની છાતીમાંના ધપકારા જાણે આ ઘડીએજ બંધ થશે, અને સ્ટોનબ્રીજની જેલના ગંજાવર દરવાજા આગલજ તેની લાસ પડશે. તેને એક કોટડીમાં પુરવામાં આવ્યો ત્યારે તેણે પોતાની આંખ્યો ચોપાસ ફેરવી તો શોકાતુર અંધકાર સિવાય બીજું કશું પણ તેની નજરે પડયું નહિ. કેવો ત્રાસદાયક તે દેખાવ! કોટડીમાં હવા જેવું તો બિલકુલ હતુંજ નહિ. ગોયા તે ધામ નીલ લાયન માટે જીવતું દોજખ હતું. તે કોટડીને એકજ બારી હતી. જાણે હવા જેવા આશિર્વાદથી પણ લાયનને બાંકાત રાખવાનો હોય તેમ તે એકપુરી બારીને એવા તો

મજબુત ચોહરા પોહરા સળિયા જડી લેવામાં આવ્યા હતા કે તેમાંથી હવા ભાગ્યેજ આવજા થઈ શકે, અને સુર્યનો તડકો કદાચજ ત્યાં પ્રવેશ કરી શકે.

અંધકાર તે કોટડીની રાજ કરતી રાણી હતી. તે કોટડી નહિ હતી, પણ કમબખ્ત લાયનને માટે તે જીવતાં જીવતનું એવું જાહનમ હતું કે જ્યાં સારી ઉમર ભર જીવતો છતાં રીબતી, ઝુરતી, ફ્રુંફતીજ કંગાળ જીંદગી પસાર કરવાની તેની કમનસીબ સરજત હતી. સાંજને છેડે જેલનાં કંપાઉન્ડમાં ચોકીબાનોના મજબુત પોહરા હેઠળ તેને પોતાના ગુંગળાઈ જતા દમમાં ખુલ્લી હવા લેવાની તક મળી હતી પણ તેવી હવા ધોરવા કરતાં બંધવાએ અંતઃકરણથી ઇચ્છયું કે તે પોતાની અંધારી કોટડીમાંજ કેદ પડેલો ભલો. કેમકે તે ખુલ્લી હવામાં તેને બીજા બદમાશ ગુનેહગારો, લુટારાઓ, અને ગળાંફાંસુઓ સાથે વહિતરૂં કરતાં, જેહમત ઉઠાવતાં અને તેમ કરતાં તેમના સમાગમમાં આવતાં તે ટાળવાંથી તે તળિયાં સુધી કમકમતો હતો. પોતાની ઓગણત્રીસ વર્ષની ઉમરમાં તેને આવા બદમાશો સાથે એક પળ વાર પણ સંબંધમાં આવવું પડેલું નહિ તો પોતાની બાકીની ઉમર સુધી તેમની સાથે એકજ જગ્યાએ વસવા માટે તે ખરેખર ધ્રુજ્યો. તેઓ ગમે તેવા બદમાશો હતા, નિર્દોષોને સતાવનારાઓ હતા તોપણ લાયનને તેમની બંદીખાનાની જીંદગી દયાને પાત્ર લાગી. સેહેજ બી કસુર માટે ધાતકી વોરડરો તરફની છાતી ફાડી નાખનારી સજા તેઓ માટે મોજુદ હતી. તેણે મોટા કમકમાટ વચ્ચે ખ્યાલ કીધો કે તેની પોતાની પણ આવીજ કશી કસુર માટે તેની પણ એવીજ હાલત થઈ પડવાની હતી. શું આવી રીબતી કંગાળ જીંદગી ગુજારવા કરતાં તેને થયલી મોતની સજાને લાખોલાખ ભલાઈ નહિ હતી? પણ આ સઘળી આફત, બલ્કે એ કરતાં લાખો દરજ્જે બદતર બુરી આફત ખમવાને તે તૈયાર હતો તે શાને માટે? ફક્ત એકજ પાકજાદ ફરેસ્તા ખસલતની બાનુ માટે. એડેલીન જેવી સદગુણની રાણી પોતાનાં ખરાં જીગરથી તેને ચાહતી હતી એજ એકલા એક ખ્યાલથી તેને આવી કંગાળ જીંદગી પણ વાહલી લાગતી હતી.

નીલ લાયનને સ્ટોનબ્રીજની જેલમાં એકલો લાવવામાં આવ્યો હતો નહિ. તેની સાથે તે જેલમાં આવનારા કેદીઓની એક નાની જેવી ફોજ હતી. તુરંગમાં દાખલ કરવામાં આવતાંજ તેઓ સઘળાઓને નાહવાનો હુકમ થયો. દરેકને જુદા જુદા ઓરડામાં પોતાનું અંગ સાફ કરવા લઇ જવામાં આવ્યા, જેઓમાં નીલ લાયન પણ હતો. આ કામ માટે ફક્ત દશ મિનિટ દરેકને આપવામાં આવી હતી. આ પછી તેઓ સઘળાને જમન આપવામાં આવ્યું, જે માટે લાયને ખુદાનો ઉપકાર માન્યો. ખાણું સાદું પણ પુરતું હતું. આથી લાયનને પોતાની ભુખ તૃપ્ત કરવાને સારી તક મળી. પોતાની સામે પડેલાં તે ગમે એવાં પણ સાદાં ખાણાંને ઇનસાફ આપવાની તેને ફરજ પડી હતી કેમકે મુસાફરી, થાક અને ઠંડીથી તે છેકજ આજેઝ થઈ ગયો હતો, જેથી તેનાં સુસ્ત બદનને ગતિમાં રાખવાને તેને ખોરાકની વિશેષ જરૂર હતી, અને તે પાર પડવાથી તેણે ખુદાનો મોટો આભાર માન્યો. પોતાની ઉપરની ગમે તેટલી આફત છતાં ખોરાક તરફની તેની તલબનો એક બીજો અને વધારે મોતેબર સબબ હતો, અને તે પોતાની પ્યારી એડેલીન ખાતર આ જેહાનમાં જીવતો રહેવાની તેની ઉમેદને લગતો હતો. તેની સર્વથી મોટી ઉમેદ ઓલ્ડકેસલની રાણીને પોતાની પરણેતર બનાવવાની હતી. તેણીને ખાતર જીવવામાં—આવી અસહ્ય આફત વચ્ચે જીવવામાં—તે મોજ માની લેતો

હતો. જે ગંભીર આરોપ—રોજર હીપીંગનું ખુન કરવાનો આરોપ—તેને માથે લટકી રહયો હતો તે આરોપને પોતાને માથેથી ખંખેરી કાહડવાને અને તેમ કરી પોતાનું નિર્દોષપણું દુનિયા આગળ સાબેત કરવાને તે બેહદ ઇંતેજાર હતો, જેથી નિયમિત રીતે ખોરાક લઈ પોતાનું જોર ટકાવી રાખવાની તેને મોટી જરૂર હતી. પોતાને બેગુનાહ સાબેત કરવા વિના તેને મરવા ગમતું હતું નહિ.

ખાણું પુરૂં થવા બાદ બીજા બંધવાઓ ભેગો લાયનને પોતાનો પોશાક કાહડી પોતાની સામે મેલવાનો હુકમ થયો. તેણે ચાવી આપેલાં પુતળાંની માફક અને એક હરફ પણ બોલ્યા વગર તે હુકમ માન્ય કીધો. તેણે જોયું કે બીજા બંધવાઓ પણ એજ પ્રમાણે કરતા હતા. આ કામ પુરૂં થવા પછી તેઓ સઘળાને જેલની ઓરીસમાં લઈ જવામાં આવ્યા, જયાં જેલનો ડેપ્યુટી ગવરનર, વડો વોરડર અને તબીબ બેઠેલા હતા. તેઓ સાથે મળી સઘળા બંધવાઓનું આખું અંગ તપાસી તે ઉપર કાંઈ પણ નિશાની હોય તે નોંધી લેતા હતા. વળી તેઓના બાંધા અને તંદરોસ્તી માટે જેલનો તબીબ જુદી નોંધ રાખતો હતો. નીલ લાયનને બીજા બંધવા ભેગો તપાસવા પછી તેણે ડેપ્યુટી ગવરનરને જણાવ્યું કે "આ બંધવાનો બાંધો ખરેખર મજબુત અને અતિ સુંદર છે."

આ પછી તેઓ દરેકને તુરંગનાં કપડાં પેહરવાનો હુકમ થયો, જે જાડાં, ખરબચડાં અને કેનવાસની બનાવટનાં હતાં. આ કપડાં લાયને ઉંઘમાં પડેલા યા બેસુદ્ધીમાં આવેલા એક ભાનભુલાની પેઠે પેહરી લીધાં, અને હવેજ દરેક બંધવાને તેને માટે નેમાયલી કોટડીમાં પુરવામાં આવ્યો. નીલ લાયનની કોટડી કેવી હતી, તે આ પ્રકરણની શરૂઆતમાં આપણે જોઇ ચુકયા છિએ. તે કોટડીમાંના અંધકારને લીધે તેની આંખો તેમાંની કોઇ પણ ચીજ ઉપર ઠરી શકતી હતી નહિ. અંધકાર સાથે તે કોટડીમાં કાંઇ અજબ ચુપકીદી વ્યાપી રહી હતી, જેથી હજારો તરેહના ખ્યાલોથી ધુમતાં નીલ લાયનનાં ભમતાં મજ્જ ઉપર કાંઇ અસાધારણ બોજો આવી પડયો હતો. રફતે રફતે તેની આંસુઓથી ભરાયલી આંખોને અંધકારમાં જોવાની તબેહ પડતી ગઇ. તેણે જોયું કે તે જગ્યા એક નાના ઓરડા કરતાં એક ભોંયરાંને વધારે મળતી આવતી હતી. ત્યાં એક તુલ, એક બાજટ, એક અભરાઇ અને રાત્રીએ આરામ લેવા માટે એક બીછાનું પડેલું હતું. આ રાચરચીલાં સાથનું ભોંયરૂં તેની બાકીની જીંદગી સુધી તેના કંગાળ વસવાટનું મકાન બનવાનું હતું. આ ખ્યાલથીજ ગમે તેટલી હિમ્મત રાખવા છતાં તે ધ્રુજયો. તે જાણતો હતો કે નિર્દોષોને સદા તે રેહમી બાપ સહાય થાય છે. શું તેને તે છોડી દેશે? ખરા ખુનીને સલામત ફરતો રહેવા દઇ એક ખરેખરા નિર્દોષને જીંદગી ભરનાં કેદખાનામાં શું તે રેહમી અને ઇનસાફી બાપ સબડવા દેશે?

તેણે પોતાની સામે પડેલાં બીછાનાં ઉપર નજર કીધી. તે બીછાનું તેને આરામ બક્ષવા માટે રાખવામાં આવ્યું હતું; પણ તેને આરામજ કયાં હતો? જે પળથી તે ખુની ઠરી ચુકયો હતો તે પળથી તેને આરામ હરામ હતો. આરામ માટે શાન્તિની જરૂર હોય છે, પણ ખુદરતની તે બક્ષેસથી પણ તે બેનસીબ હતો. નહિ ખુનીના ખુની ઠરેલા એક કમબખ્ત બંધવાને શાન્તિ હોયજ કયાંથી? ગોયા તે બીછાનું ખુદરતના ખોફમાં આવી પડેલા લાયનની મશ્કેરી કરવા માટેજ તેની સામે ડોળા ધુરકતું ઉભું હતું. રાતના અંધકાર વચ્ચે બાહેર બળતા એક ચેરાગનો ઉજાશ જે તેની કોટડીની ઉંચી બારીમાંથી મહા મુશ્કેલીએ સેહજ જણાતો

હતો તે તરફ તે ટીકી ટીકીને જોતો હતો. પોતાની જીંદગીને તે બળતી બતી સાથે સરખાવવા માંગતો હોય તેમ પોતાના ખ્યાલોમાં તે મસ્ત બની ગયો હતો. છેવટે તેણે ખરાં અંતઃકરણનાં ભીત્તરથી નિસાસો નાખી હાય મારી. તરતજ તે બાહેરની બતી બુજવાઇ ગઇ. તે દોજખખાનામાં પવનનું તો નામજ કયાંથી હોય, બલ્કે ખરૂં બોલ્યે તો તે ખુદરતની બક્ષેસનું ગુનેહગારો વચ્ચે કામજ ક્યાંથી હોય? ત્યારે તે ચેરાગ શું લાયનના હાય નિસાસાના ધુંવાથી બુજવાઇ ગયો હતો? ગમે તે હોય. લાયન તે જાણી શકયો નહિ. તેની આંખોને અંધકારમાં જોવાની તખેહ પડી ચુકેલી હોવાથી તે બુજવાયલા ચેરાગને હજી બળતોજ માનતો હતો. ખરેખર, વિચારમાં મસ્ત બનેલાં ઇનસાનને પાંખ હોય છે, પણ આંખ હોતી નથી. આખા દિવસની જેહમતની થાકથી તે એટલો બધો તો આજેજ બની ગયો હતો કે તેને તેની મરજી ઉપરાંત તેની સામે પડેલાં કંગાળ બિછાનાનો આશ્રો લેવાની જરૂર પડી.

દુરની દ્રષ્ટિમર્યાદા ઉપર આશાનું કિરણ.

કમનસીબ, કમબખ્ત બંધવા નીલ લાયને અંતે થાકીને બિછાનાનો આશ્રો લીધો, પણ તે ઉપર તેને મુતલક આરામ મળ્યો નહિ. આશ્રો અને આરામમાં મોટો તફાવત હતો. તે આખી રાત બિછાંના ઉપર હજારો વમાસણ અને તાસવીસમાં અછાડ પછાડ કરતો ખુલ્લી આંખોએ પડેલોજ રહ્યો. તેણે આંખો વિંચી ઉંઘમાં પડવાનાં ઘણાંએ ફાંફાં માર્યાં, પણ ઉંઘબી તેની કમનસીબીથી કંટાળી તેનેથી દુર નાહસી ગઇ હતી. ઉંઘ, થાક અને કામની હોય છે, ઉંઘ, સુખ અને આરામની હોય છે. સુખ, સંપતિ અને શાન્તિ મિઠી નિંદ્રા બક્ષે છે. ખ્યાલો અને વમાસણના બોજાથી તેનું અંગ તાવથી ધગધગી આવ્યું, જેથી તેને લાગ્યું કે તેની ઘણીક રાતો કોરા ઉજાગરામાંજ પસાર થવા પામવાની. ખ્યાલોની આટલી ગુંચેશ છતાં તેનું ધક ધ્યાન તેની જીંદગીની એકપુરી ઉમેદ એદેલીનમાં જઇ ચોંટી બેઠું હતું. તેને પોતાના જાનની જેટલી ધાસ્તી નહિ હતી તેટલી ધાસ્તી તેને પોતાના હાથમાંથી તે દિલકશ હુરીના છટકવા માટેની હતી. બંદીખાનામાંના તેના આ એકાંતવાસમાં અગરજો એક પણ દિલાસો બાકી રહ્યો હોય અને તેની અસહ્ય આફતના અંધકારમાં સુખનું એક પણ કિરણ ચમકતું હોય તો તે માત્ર એદેલીન હતી, જેણીની માત્ર પવિત્ર યાદજ તેનાં જીગરમાં એવી તો મજબુત કિસમે કોતરાઇ રહી હતી કે તે એમજ માનતો હતો કે સદગુણ અને ખુબસુરતીની તે રાણીની મિઠ્ઠી, મનમોહન સુરત સદા તેની આંખોમાંજ સમાયલી હતી. તેણીનો મધુર મુખડો તેની કોટડીના અંધકારમાં પણ ઝળકતો તેણે પોતાની મનની આંખોથી જોયો. તે મુખડો સદગુણોનો સાગર હતો, ભલાઇનો ભંડાર હતો. ગોયા ખુદરતેજ તેણીને તેનાં દુઃખો વચ્ચે દિલાસો માની લેવાને તે મીનોઇ જેહાનમાંથી આ ફાની, કાવાદાવાથી તોફાની બનેલી જેહાનમાં મોકલી આપી હતી. તેના એકાંતવાસમાં, તેના અંધકારમાં તે હુરીનો મુખડો તેને માટે બેહેસ્તનો બાગ હતો, સદા બળતો ચેરાગ હતો, બલ્કે આબે હેયાત હતો.

આ પછી તેનો ખ્યાલ ઉડતો ઉડતો રોદ્રીક તરફ ગયો. તેણે ખાત્રીથી માની લીધું કે રોદ્રીકનાં પાપનો તે ભોગ થઇ પડયો હતો, કેમકે રોજર ડીપીંગનો ખરો ખુની તેજ ધણી હતો, એમ તે સમજતો હતો.

"અરે યજદાન! તે પાપીને છુટો ફરવા દઇ મારી ઉપર શા માટે આ સઘળો સીતમ! એ કિરતાર, મારાં કયાં પાપોનો મારી ઉપર આ ભાર, આ માર! નિર્દોષો ખ્વાર બને અને ગુનેહગારો સરદાર બને, એ તે કેવો ગેરઇનસાફ!"

પણ આફતમાં ફસી પડેલા લાયનને ખુદરતની કરામતનો કશો ખ્યાલ હતો નહિ. ખુદરતના ગેબી મારના ભેદથી તે અંજાણ હતો, ખુદરતને પોંહોંચી વળવાને હજી નાદાન હતો, બેધ્યાન હતો. તેને થોડીજ ખબર હતી કે પાપી માણસો પોતાનાં પાપોનો દરવાજો બંધ કરવા જાય છે, પણ તે પેહલાં કીધેલું પાપ બાહર આવી તેઓને અચાનક પકડી પાડે છે.

આવા વિચારોના વમળમાં તે વિંટલાયલો હતો, તે દરમ્યાન તેની પડોસનીજ કોટડી—જેબી એક બંધવાથી વસાયલી હતી અને જેની અને લાયનની કોટડી વચ્ચે માત્ર એક દિવાળનો તફાવત હતો, તે દિવાલ ઉપર કોઈના ટકોરા પડવાનો અવાજ તેણે આબાદ સાંભળ્યો. શું આવા સમયે તેની માફક તેની પાસેનો બંધવો પણ કોરા ઉજાગરામાંજ રાતો પસાર કરતો હતો? તે અવાજ તેના કાને પડવાનો ચાલુજ રહયો. તે બંધ પડયોજ નહિ. એ શું હતું? આ અવાજનો અર્થ શો હતો, તેની મતલબ શી? જેમ રેતીનાં રણમાં મુસાફરી કરનાર પ્યાસા મુસાફરને દુરની રેતાળ જમીન પાણીના તળાવનો ભાસ આપે છે તેમ નીલ લાયન આ અવાજને કોઇ ગેબી અવાજ, તેની સલામતીના અવાજ અને તેનાં નિર્દોષપણાંની સાબેતીના અવાજ તરીકે પિછાની માની લે એ કેવળ બનવાજોગ હતું. આ અવાજ કોઇ વખત થોડીક પળ ચાલુજ રહેતો હતો તો કોઇ વખત સેહેજ વખતના અંતરે બંધ પડતો અને ફરીથી જારી થતો હતો. શું આ ટકોરા મારવામાં કાંઈક ગણત્રી સમાયલી હતી? લાયનનાં ભમતાં મગજમાં એક આબાદ વિચાર ધાઈ આવ્યો. આ અવાજ બારાખડીના ઠોકા તો ન હોય? અંગ્રેજી પહેલા મુળાક્ષર માટે એક, બીજા માટે બે અને ત્રીજા માટે ત્રણ ઠોકાની ગણત્રીનો ભેદ તો તેમાં સમાયલો નહિ હોય? આ ધોરણ ઉપર લાયને ઠોકા મારી કહ્યું:—

"ફરીથી શરૂ કર."

"તું કોણ છે?" લાયનને સવાલ થયો.

"મારૂં નામ નીલ લાયન છે," લાયને ઠોકાની ગણત્રીથી તુરત પાછો જવાબ આપ્યો.

"તું આજેજ આવ્યો કે?" પાસેના બંધવાએ તેજ રૂઢિથી સવાલ કીધો.

"હા!"

"તને સજા કેટલાં વર્ષની થવા પામીછ?"

"જીંદગી ભરની!" લાયને એક લાંબો નિસાસો નાખી ઠોકાના અવાજથી જવાબ દીધો.

"ઘણુંજ દલગીરી ભરેલું! મારી સજા સાત વર્ષની છે."

"તારૂં નામ?"

"મારૂં નામ જોન મેકડોનલ્ડ. હું સ્કોચમેન છું."

આ નામ સાંભળતાંજ લાયન ચોંકયો. તરતજ તેનો ખ્યાલ રોઝામન્દ ફ્લોચના પરણ્યા ખાવિન્દ તરફ દોડયો. આ કમનસીબ લગ્નનો સાક્ષી જે ડુબી મુવેલો ધારવામાં આવતો હતો તે જોન મેકદોનલ્દ નામનો એક સ્કોચમેનજ હતો. રોઝામન્દ પોતાના ખરા ખાવિન્દનું નામ જાહેરમાં આણવાથી હમણાં સુધી ચુપ બેઠી હતી. તે સ્ત્રી તે ચંડાળનું નામ તેની તરફની ગેરઇનસાફી છતાં ખુલ્લું કરતી હતી નહિ, અને તેથી તેને પોતાને (લાયનને) થોડું ખમવું પડતું હતું નહિ. અગરજો ડુબી ગયલા ધારવામાં આવતા આ સાક્ષિથી રોઝામન્દના ખાવિન્દનું ખરૂં નામ બાહેર આવવા પામે તો રોજર દીપીંગનો ખરો ખુની જાહેરમાં આવવા વિના રહે નહિ. તે પહેલે ઘરથીજ માનતો હતો કે રોઝામન્દ ફ્લોયનો છુપો ખાવિન્દ તેજ તેણીના બુઢા બાપનો ખુની પણ હતો. આ સબબે મેકદોનલ્દનું નામ સાંભળવાથી તે નિર્દોષ બંધવાનાં જીગરમાં નવીજ આશાએ ઘર કીધું. શું આ મેકદોનલ્દના મળવા સાથે તેનું નિર્દોષપણું સાબેત થઈ તેને છુટાપણું મળવાનું હતું?

તેણે અજબ ઉમેદ, અજબ જીજ્ઞાસા, અજબ ઉલટ અને અજબ જોર સાથે ઠોકા મારી પુછયું:—

"મી૦ મેકદોનલ્દ, તું માછીમાર છે કે?"

આ સવાલનો જવાબ સાંભળવાને અધીરાઈની તાપથી તે ચિંતાતુર બન્યો.

"હા."

"ઓસપ્રે નામની બોટ તને યાદ છે?"

"હા, તેજ તે બોટ હતી, જે ઉંધી વળી જતાં હું સેહેજમાં બચી ગયો હતો."

"તું અહિં કયારથી પડેલો છે?"

"છ માસ થયાં!"

"તે બોટમાં જે લગ્ન થયાં હતાં તે તો તું ભુલ્યો હશે નહિ?"

આ સવાલ સાથે લાયને માન્યું કે રોઝામન્દ ફ્લોયના બદમાશ અને છુપા ખાવિન્દનું નામ તેની તરફથી મલવા વિના રહેશે નહિ.

તેણે પોતાના સવાલનો જવાબ સાંભળવાને ઘણાંબી ફાંફાં માર્યાં, પણ ફોકટ! તે જવાબ મળવા પામ્યોજ નહિ. પણ તરતજ તેણે ખ્યાલ કીધો કે કદાચ પકડાઈ આવવાની બીકથી યા કોઇ પોહરેગીરને પડતો શક અટકાવવાની ધારણાથી મેકદોનલ્દે ઠોકાથી જવાબ આપવાનું દરૂસ્ત જોયું હશે નહિ. આવા વિચારથી તે પોતાનાં બિછાનાં ઉપર ગયો, અને આરામથી સુતો. આવતી કાલે તેને મોટી ઉમેદ હતી કે જે ગુમ થયલા સાક્ષિને શોધવાને એક પણ ઉપાય લેવાને બાકી રાખવા નહિ છતાં તેનો પત્તો મળી શકયો હતો નહિ તેજ સાક્ષિ બંદીખાનામાં વગર મેહનતે અને એજગેબી મળી આવ્યો હતો. ગોયા ખુદાતાલાએજ તેનું નિર્દોષપણું સાબેત કરવા તેને ત્યાં મોકલ્યો હતો. શું ત્યારે લાયનને સ્ટોનબ્રીજનાં બંદીખાનામાં લાવવામાં ખુદાની ખુદરતનો કાંઈક ન સમજ પડે એવો ભેદ હતો? તે હવે શાન્તિથી, સંતોષથી સુતો. ખરેખર, શાન્તિ અને સંતોષ સત્ય, સુખ અને સલામતિનું સુંદર અને સૌભાગ્યવંતુ શિખર છે. મેકદોનલ્દ માછીમારના મળી આવવામાં કમનસીબ લાયને દુરની દ્રષ્ટિમર્યાદા ઉપર આશાનું એક કિરણ પ્રકાશતું જોયું.

ઓલ્ડકેસલ પાર્કમાં અરસુલા.

જે દીવસે નીલ લાયનને સ્ટોનબ્રીજનાં કેદખાનામાં લઇ જવામાં આવ્યો તેજ દીવસે તેની માતા અરસુલા પોતાના કમબખ્ત બેટાને બચાવી લેવાની આજીજી નવા લોર્ડ ઓલ્ડકેસલને કરવા માટે તેનાં ઓલ્ડકેસલ પાર્કવાળાં મકાને જવાને તૈયાર થઇ હતી. તે કોઇ પણ માતા કરતાં વધુ વાહલથી પોતાના એકપુરા બેટાને ચાહતી હતી, જેનો સબબ દેખઇતો હતો. તે લાડકવાયો એકપુરો બેટો પોતે કોણ હતો તે બીનાથી જોકે તે બિલકુલ બેખબર હતો તોપણ તેણી પોતે તેથી માહીતગાર હતી. નસીબે અગરજો તેને યારી આપી હતે તો આજે એજ બંધવો લોર્ડ ઓલ્ડકેસલ તરીકે ઓલ્ડકેસલ પાર્કમાં સાહેબી ભોગવતો હતે. મરહુમ લોર્ડ ઓલ્ડકેસલનો હકદાર વારસ જુલિયન નહિ, રોડ્રીક નહિ પણ નીલ લાયન પોતે હતો. પણ તે જાહેરમાં નહિ પણ છુપ્યો હતો, લોક-જાણમાં નહિ પણ પોતાની જણેતરનીજ જાણમાં હતો. આજે તેના કેવા બુરામાં બુરા હાલ બન્યા હતા. જીંદગીભરનાં કેદખાનામાં એક ખુની બંધવાની કંગાળમાં કંગાળ અને નામોશી-ભરી સ્થિતિમાં તે રીબી રીબીને પોતાની દુ:ખભરી જીંદગી પુરી કરનાર હતો. તેના કરતાં તેની માતાની હાલત છેકજ ચઢીયાતી હતી નહિ. તેણીને પણ નસીબદેવીએ યારી આપી હતે તો એજ બાનુ લેડી ઓલ્ડકેસલના દરજ્જાએ અને માન મરતબે પુગી ચુકી હતે! પણ નસીબનાં નખરાં સદા એવાંજ હોય છે. તે હસાવી રડાવે છે અને બાજે વખત રડાવી હસાવે છે.

જ્યારે તે કમનસીબ બાનુ ઓલ્ડકેસલ પાર્કના વિશાળ કમપાઉન્ડમાં દાખલ થઈ ત્યારે ત્યાંનાં રંગબેરંગી અને આંખોને ઉડી વળગનારાં ભાતભાતનાં ફુલોના રમણિય દેખાવથી જોકે તેણીનું મગજ તર થઈ ગયું, તોપણ તેણીનું દિલ દુ:ખી હતું. તે દેખાવ માટે તેણીને થોડીજ પરવા હતી. તેણીનું મન અને તેણીનું ધક ધ્યાન બસ પોતાના એકપુરા સદગુણી અને વાહલા બેટાની સલામતીમાંજ સમાઈ ગયું હતું. આસપાસનું ગમે તેટલું સુખ, ગમે તેટલી મોહિણી, ગમે તેટલો રંગરાગ તે દુ:ખી માતાનાં મનથી કાતેલમાં કાતેલ વિખ કરતાં પણ બદતર બુરાં હતાં. તે સ્ત્રી આ જેહાનમાં જીવતી હતી, પણ પોતાના બેટાની ગેરહાજરીથી તે જીવતી છતાં મુવેલી હતી. ગોયા તે દુ:ખી બાનુ કુંચીથી ચાલતું કમાનવાલું મીનનું પુતલું માત્ર હતું. તેણી જાન ધરાવતી હતી, પણ પોતાના એકપુરા જાન—બેટા—વિના તેણી ગોયા જીવ વિનાનું એક કાલબુદ માત્ર હતી. તેણીને આંખો હતી પણ તે નુરે ચશમ—બેટા—વિના તે ખરેખર અંધ હતી. તે પોતાની અને પોતાનાં કેદમાં પડેલાં ફરજંદની હાલની સ્થિતિ, કમનસીબી અને કમબખ્તી સારી પેઠે જાણતી હતી, તોપણ તે સદગુણી બાનુ સદા બોલતી કે "તવંગરીથી દુરાચારી રેહવું તે કરતાં ગરિબાઇથી પ્રમાણિક રહેવામાં હજારો હજાર ભલાઈ છે. પ્રમાણિકપણું એજ પૈસો છે, એજ પદવી છે, એજ ઉચી પંકતી છે."

અરસુલાએ એક દિવસ આગમચથી લોર્ડ ઓલ્ડકેસલ ઉપર એક આજીજી-ભર્યો પત્ર લખ્યો હતો જેમાં તેણીએ મુલાકાત માટે ઇસારો કર્યો હતો અને ઘણીજ કાકલુદી કરી જણાવ્યું હતું કે "હું ઘણાંજ અગત્યનાં કામ માટે તમો સાહેબની મુલાકાતની આરઝુમંદ હોવાથી મારી ઉપર એ નવાજેશ કરવી." આગમચથી

ભરેલાં આ પગલાંથી તેણીને પુર ભરોસો હતો કે લોર્ડ ઓલ્દકેસલ (જુલિયન) તેણીની મુલાકાત લેવા માટે ના પાડશે નહિ. જ્યારે તે બાનુ ઓલ્દકેસલ પાર્કના આગલા મોટા દરવાજા આગળ ભપકાદાર લેબાશમાં સજ થયલા ચોકીબાન આગળ જઈ ઉભી ત્યારે શંકાના જોરે તેણીનો ચેહેરો મોતના જેવો ફિક્કો ફચ થઈ ગયો હતો, કેમકે તેણીને મોટો શક હતો કે દરવાન તેણીને લોર્ડ ઓલ્દકેસલ આગળ જવા દેશે કે નહિ. તેણીએ બીહતી ધ્રુજતી તેની આગળ પોતાની ઇચ્છા જણાવી. તરતજ તેણે અદબ અદા અને એક સ્ત્રી તરફનાં પુરતાં માન સહિત દરવાજો ખોલી તેણીને અંદર દાખલ થવાનો રસ્તો આપ્યો ત્યારેજ અરસુલાને જીવ આવ્યો અને તેણીએ છુટકારાનો દમ ખેંચ્યો. તેણીએ માની લીધું કે તેણીની કાકલુદીથી લોર્ડ ઓલ્દકેસલનાં મગ્જ ઉપર સારી અસર થવા પામેલી હોવી જોઇએ અને તેની બરકતથીજ તેણીને ઓલ્દકેસલ પાર્કમાં દાખલ કરવાનો દરવાનને હુકમ મળેલો હોવો જોઇએ. નોકર તેણીને લાયબ્રેરીવાળા ઓરડામાં બેસાડી પોતાના તુમાખી શેઠને તેણીનાં આવ્યાની ખબર પોહોંચાડવા અરસુલાને નમીને ગયો.

એજ તે મકાન હતું, અને એજ તે ઓરડો હતો, કે જ્યાં અરસુલા વર્ષોની જાલમ જુદાઈ પછી પોતાના હકદાર ખાવિન્દ મરનાર લોર્ડ ઓલ્દકેસલને મળવા પામી હતી અને તેણીને મરનારે પોતાની એક વખતની વાહલી પરણેતર તરીકે પિછાની હતી. એજ તે જગા હતી, જ્યાં મરનારે પોતાની એક વારની પ્યારી પરણેતરને તરછોડી જવાનાં પાપનો પશ્ચાતાપ કીધો હતો. તે જગાની હાલની સ્થિતિ જ્યારે તે વખતના જેવીજ રેહવા પામી હતી, ત્યારે તેણીની પોતાની હાલતમાં કેટલો મોટો અને ભયંકર હદ સુધીનો ફરક થઈ ગયો હતો! ખુદરતે તે નાચીજ અને જીવ વિનાની જગાને જ્યારે જેવી અને તેવી હાલતમાં રાખી હતી ત્યારે અરસુલા અને લાયન જેવા બે નિર્દોષોના બાબમાં કેટલી મોટી ઉથલપાથલ તેણે કરી મેલી હતી! તેઓને કેટલી બધી જાલમ અને જુલ્મી પાયામાલીના બોજા હેઠળ કચડાવું પડયું હતું! ઘણી વાર અરસુલા પુર ભરોસા સાથે માનતી હતી કે તેઓ બંને મા દીકરા ઉપરની આફત જાણે એક સ્વપના સમાન હતી; જેમ સ્વપનામાં ઇનસાન અનેક દુઃખો અને આફતો હેઠળ કચડાઈ ગયલો પોતાને જુવે છે અને આંખો ખુલ્લી થઈ જતાં તે પોતાને પોતાનાં બિછાનાં ઉપર આરામથી પોઢેલો જુવે છે તેવોજ મામલો તે બાનુ પોતાના અને પોતાના બેટાનાં દુઃખોના બાબમાં માની લેતી હતી. આ સઘળું છતાં પોતાની કમનસીબ સરજતથી ગુમ થયલો વૈભવ સદાનો હાથથી જવાથી તેણીનું નાજુક હૈયું ભરાઇ આવ્યું. તેણીએ પોતાની છાતીમાં ઉભરાતા ઉભરાઓને જગા આપવા માટે પોતાનાં મન સાથે બોલવાની ઘણીએ કોશેશ કીધી, પણ ફોકટ! તેણીનો અવાજ ડચકાંથી ગુંગળાઈ ત્યાંજ કબ્રવાસ થઇ ગયો. તેણીની હિમ્મત તુટી ગઇ હતી, ધીરજ ખુટી ગઈ હતી.

તેણીએ છેવટે કાંઇક શાન્ત પડી જે ભપકાદાર ઓરડામાં પોતે આવી ઉભી હતી તે આલીશાન ઓરડામાં ચોપાસ નજર કીધી. આખો ઓરડો તવંગરીનો જોમ અને દોર દમામના જોશનો ગોયા એક નક્ષ હતો. દોલત અને દરજ્જો જેટલું કરી શકે તેટલું આ લાયબ્રેરીવાળા ઓરડાને આરાસ્તા કરવા માટે કરવામાં આવ્યું હતું. કીમતી અને સુશોભીત તુરકી ગલીચાઓ તે ઓરડાને શોભાવી રહ્યા હતા. એ ઉપરાંત અસ્લી બુટ્ટાદાર પડદાઓ—જેની કીમ્મત હજારોની રકમની

થવા જતી હતી—ભાતભાતનાં કાંસાંનાં પુતલાંઓ જેઓ રાતની સમે વિજળીક બળની રેશનીમાં પોતાનાં ખુદરતી બળ ઉપરાંત વધુ ઝમકી રહ્યાં હતાં, ચીન અને જાપાનની આંખોને ઉડી વળગે એવી નવાઇઓ, ટેબલો અને બીજું ફરનીચર, જેમની ઉમદા ખુબી તેમનાં વગર હરીફાઈનાં કોતરકામમાં દીપી રહી હતી, આ સઘળું લોર્ડ ઓલ્ડકેસલના બેસુમાર ખજાનાની સાબેતી આપતું અરસુલાની નજરે પડયું. જે ચીજે તેણીનું સર્વેથી વધુ ધ્યાન ખેંચ્યું તે માહોગનીનાં લાકડાંની એક કબાટ હતી જે નકશીકામનો એવો તો નાદર નમુનો હતો કે જેની જોડ આખી જેહાનમાં મળવી મુશ્કેલ હતી. તેની વધુ અજાયબી ઇનસાનનાં માથાંના આકારનું મિનાકામ હતું. શું આ તેજ કબાટ હતી, જેની સાથે "પેલી આંધળી આંખ" ને સંબંધ હતો? આવા વિચારમાં તે લીન બની ગઇ હતી તેટલાંમાં તે ઓરડાનું અલગું બારણું ઉઘડયું અને લોર્ડ ઓલ્ડકેસલ (જુલિયન) અરસુલાની આગળ આવી ઉભો.

લાઇબ્રેરીનો દરવાજો ઉઘડયો અને જુલિયન—લોર્ડ ઓલ્ડકેસલ—ઉતાવળાં કદમ અને ચિંતાતુર ચેહેરા સાથે લાયનની માતા કમનસીબ અરસુલા સામે આવી ઉભો. અગરજો અરસુલા પોતાના અસહ્ય ગમમાં ગિરફતાર હતે નહિ તો તેણીએ તરતજ જોઈ લીધું હતે કે લોર્ડ ઓલ્ડકેસલ ગમે તેટલો તવંગર હતો, તવંગરી અને તેની સાથે જોડાયલી તકોબરીમાં તુમાખી અને ઉંદ હતો, છતાં તે અસુખી, બેચેન અને દુ:ખી દિસ્તો હતો, અને તેની હાલત દયા કરવા સમાન અને અસ્વસ્થ હતી. તે ઘભરાયલો અને દુ:ખોના ભારથી કંટાળી ગયલો માલમ પડતો હતો. તેનો ચેહેરો ફિક્કો, રોગી અને નબળો દિસ્તો હતો. તેના ચેહેરાની ચામડીએ સફેદીને ત્યાગ કરી પીળો રંગ અખત્યાર કીધો હતો. પણ આ સઘળું જોવાને અરસુલાની આંખો હતી નહિ, કેમકે તે ઘભરાયલી બાનુ જુલિયનને પોતાની પાસે ઉભેલો જોતાંજ વધુ અકરાટ ઘભરાટમાં પડી હતી. તે લોર્ડ ઓલ્ડકેસલ હતો એજ ફકત ખ્યાલ જુલિયન માટે તેણીને ઉંચું મત બાંધવાને પુરતો હતો. જુલિયને દાખલ થતાં અરસુલા તરફ જોકે માત્ર અછડતીજ નજર કીધી હતી, તોપણ તે ઉડતી નજરમાં પણ તેણે મોટી અજાયબી વચ્ચે જોઈ લીધું હતું કે તે બાનુ પોતાનાં સાદાં વસ્ત્રોમાં પણ મોટી ઉમર પસાર કરવા છતાં, ખુબસુરતી અને સુંદરતાનો એક દિલજીત, દિલકશ નમુનો હતો. તે બેખબરને શી ખબર કે પોતાની સામે ઉભેલી બાનુની એવી ખુબસુરતીથીજ તેનો બાપ મરહુમ લોર્ડ ઓલ્ડકેસલ લલચાઈ ગયો હતો અને છુપી રીતે તેણીની સાથ લગ્નના ગાંઠથી જોડાયો હતો. તેને શી ખબર કે તેના મરનાર બાપની ખરી હકદાર ઓરત અને લેડી ઓલ્ડકેસલના ખેતાબની ખરી માલેક તો તેની સામે ઉભેલી ઓરતજ હતી.

"તમો નીલ લાયનનાં માતા મીસીસ લાયન છો? તમે મને શા માટે મળવા માંગોછ?" જુલિયને પોતાના ઘભરાટને કાંઇક સમાવી દઈ લાયનની માતા અરસુલાને પુછયું.

અરસુલા લથડતી, અચકાતી બોલી, "મારા લોર્ડ, મારા કમબખ્ત બેટા લાયન માટે હું ઘણી, હદથી જ્યાદા, ઇંતેજાર છું. સાહેબ, એક દુ:ખી, કમનસીબ, લાચાર બેચાર માતા તરફ મદદનો હાથ લંબાવવો એ સાહેબે-દોલત તવંગરોનો ધર્મ છે, ફર્જ છે, ગોયા ગરીબોનું તવંગરો ઉપર કર્જ છે. સાહેબ મારી એજ અર્જ છે."

જુલિયન બે ચાર પળ વિચાર કરી બોલ્યો, "હા, એવીજ અરજ તમોએ મારી આગળ અગાઉ પણ કીધી હતી, તે વેળાએ, મેં તમોને જવાબ દીધો હતો

કે હું તમારા બેટા માટે એક તણખાં ભાર પણ મદદ કરવાને લાઇલાજ છું. આજે બી મારો એજ જવાબ છે, જેથી મને હવે નાહક કંટાળો આપવો નકામો છે. હું કાંઇ લોર્ડ ચીફ જસ્ટીસ નથી અને અગરજો તેમ બી હતે તો હું તમારા બેટાના લાભમાં કશું પણ કરી શકતે નહિ. ઈનસાફને મારે પોતાનો રસ્તો લેવા દેવોજ જોઇએ; કમનસીબ બંધવાઓની માતા યા ઓરતનાં રડવાથી યા જારી કરવાથી ચોખ્ખા ઇનસાફ ઉપર લેશ ભાર પણ ઉલટી અસર થવી જોઇતી નથી. આજે હું તમારા ખુની બેટાને છોડવવાની યા જન્મ દેશનીકાલની તેની સજામાં ઘટાડો કરાવવાની જરાબી કોશેશ કરૂં તો આખાં ઓલ્ડકેસલના ગુનેહગાર બંધવાઓની માતાઓ, બેહેનો અને ઓરતો મને જંપીને બેસવાબી દેય નહિ, જોકે તેમના હકમાં એક વાળ બરાબર પણ ભલું કરવાની મારામાં તાકાત નથી. આથી હું ખુલ્લી રીતે તમોને જણાઉંછ કે જે કામ મારી પોતાની, બલ્કે કોઇની પણ સત્તાની બાહર હોય તે કામ કરવા માટે મને અરજ કરવી એ મારી, બલ્કે અપક્ષપાત અને સ્વચ્છ ઇનસાફની ઠેકડી કરવા સમાન છે.”

જુલિયનના આ બોલોનું ઝેર અરસુલાનાં તનબદનની રગેરગમાં ફરી વળ્યું. જેમ જેમ તે વધુ અને વધુ બોલતો ગયો તેમ તેમ તેણીનાં બદનમાં કમકમાટની લાગણી વધતીજ ગઈ, જેનાં જોરથી તેણીનું આખું શરીર ધ્રુજવા લાગ્યું. તોપણ તેણીએ હિમ્મત રાખી કાકલુદી જારી રાખી.

“મારા લોર્ડ, તમો સાહેબને ‘હોમ-સેક્રેટરી’ અને બંદીખાનાના કમીશનરો સાથે પિછાન હોવાને લીધેજ એક નિર્દોષ બેટાની દુઃખી માતા તમોને આટલી આજીજી કરેછ. મીસ રેન જેવી અબળ અબળાએ મારા કમબખ્ત બેટા માટે જેટલું કીધુંછ તેનો એક નાનોજ ભાગ—”

જુલિયને અરસુલાને વધુ બોલતાં અટકાવી. તે દુઃખી માતા શું બોલવા માંગતી હતી તે તે સમજી ગયો હતો. લાયન જેવા ગુનેહગાર, બલ્કે પોતાના જેવાજ ઇનસાનનાં ગળાં ઉપર છુરી ચલાવવા જેવું અઘોર પાપ કરનાર સાથે તેની માતા એદેલીન જેવા ફરેસ્તાનું નામ જોડવાની બેઅદબી કરે એ પાપ તે કેમ સાંખી શકે? તેણે પોતાના પ્યારના હરીફ લાયનને તેજ પળે શ્રાપોથી વધાવી લેવાને ઘણુંબી ઇચ્છયું, પણ અરસુલાના દમામ અને ટેક આગલ તે નાહિમ્મત બન્યો, લાઈલાજ બન્યો. તેણે પોતાની ઉમેદ પોતાનાં મનમાંજ પુરી કીધી; તોપણ તેણે અરસુલા તરફ એવી તો કરડી રીતે ડોળા ફાડી જોયું કે તે ઘભરાયલી બાનુ ઓરબી વધુ ઘભરાઈ ગઈ, હેબતાઈ ગઈ. તે દુઃખી બાનુ ગુંટણીએ પડી બોલી, “મારા લોર્ડ, દયા! મારા બેટા ઉપર દયા કરો! એક નિર્દોષ બેટાની કમબખ્ત હાલત ઉપર જરા તો રેહમ કરો!”

જુલિયને તિરસકારથી પોતાનાં નાકનું ટીચકું ચહડાવી જવાબ દીધો, “બાઈ, ખુદાને ખાતર અહિંથી ચાલી જા. નહિ તો તને જબરીથી બાહર કહડાવવાની મને ફરજ પડશે. દયાની આ જગા નથી; દયા મારી પાસ નથી.”

અરસુલા જુલિયનનું આવું ઘાતકીપણું જોઈ ધિક્કારથી બે ચાર કદમ પાછળ હઠી બોલી, “સાહેબ, શું તમોને આકેબતનાં સુખની આસ નથી કે દયા જેવો અજીત સદગુણ તમારી પાસ નથી? સાહેબ, એટલું યાદ રાખજો કે ઘાતકી કામો કરી અમીરી મેળવવા કરતાં દયાનાં કામો કરી ફકીરી હાલત સેહવવી વધારે બેહેતર છે.”

આ તાણાથી જુલિયનને ગુસ્સાથી પોતાની આંખોનાં ભવાં ચહડાવી કહ્યું, "બસ, બસ, તમારી લતરાજખોરી જબાન બંધ કરો. તમારી ફિલસુફીનો સબક મને પઢવો નથી. આવી ચાલથીજ કેથો તમો બંને મા દીકરા ઉપર ખુદાનો માર પડેછ."

અરસુલાએ પણ તેવાજ ગુસ્સાથી જવાબ દીધો, "સાહેબ, તમો જેવા તવંગરોના પ્યાર કરતાં ખુદાનો માર હું અને મારો બેટો લાખ દરજજે વધુ પસંદ કર્યેછ."

અરસુલાના આ જવાબથી જુલિયન ચોંકયો. તે સમજી શકયોજ નહિ કે અનેક દુઃખો અને આફતોના ભાર તળે કચડાયલી, અરસુલા જેવી એક ગરીબ, ભીખારી ઓરત તેના જેવા તવંગર સામે તાણાના તિણા તીરો તડાતડ છોડવાની હિમ્મતજ કેમ કરી શકે? તે તો એમજ માનતો હતો કે તવંગરોનો ઘાતકી જુલમ સેહવવાનેજ અર્થે ગરીબોને ખુદાએ આ જેહાનમાં મોકલી દીધાં હતાં. તવંગરો તરફના ગેરઇનસાફને ગરીબો પોતાનાં ગળાંમાં એક પવિત્ર માળા તરીકે પેહરવાનેજ સરજાયલાં હતાં; ગરીબો તવંગરો તરફની પાયામાલીના પગ હેઠળ કચડાવાનેજ લાયક હતાં. પણ જુલિયને આજેજ જોયું કે ગરીબો પણ હિમ્મત ધરાવી શકતાં હતાં અને તવંગરો—અને તે પણ લોર્ડ ઓલ્ડકેસલ જેવા માથાંના ફેરાવન માલેતુજારો—સામે પોતાની ગરદન અને આંખો ઉઠાવી શકતાં હતાં. પણ આ સઘળો વિચાર આગળ ચલાવવાને તેને અવકાશજ કયાં હતો? તેને પોતાના નોકર ગંગાદાસને તાકીદેથી મળવાનું હોવાથી કવાબમાં એકાએક કુદી નિકળેલાં આ હાડકાં—અરસુલા—ને એકદમ ખેરવવાની મોટી જરૂર હતી. આથી તેણે પોતાના કારભારી સ્પ્રેગને વિજળીક બતન ડાબી બોલાવ્યો અને જ્યારે તે ફરમાનબરદાર નોકર દાખલ થયો ત્યારે તેણે જોયું કે તેના શેઠનો મિજાજ હાથથી ગયો હતો. અરસુલાને તેવાજ ગુસ્સાના દમામથી ઉભેલી જોઇ તેના પાજી શેઠના ક્રોધનો સબબ જાણી લેતાં તેને વિલંબ લાગ્યો નહિ.

"સ્પ્રેગ, આ બાઇને બાહર જવાનો દરવાજો દેખાડ અને સાંભળ! દરવાનને સખ્ત તાકીદ આપતો આવ કે આ બાઇને મારાં મકાનમાં હવેથી કદી પણ દાખલ કરે નહિ."

પોતાના શેઠના આ હુકમની ફરમાનબરદારીમાં ભોળા સ્પ્રેગે પોતાની પાનશેરી હીલવી. પોતાને થયલાં આ અપમાનથી અરસુલાને બહુજ લાગી આવ્યું. તેણીએ ઇચ્છયું કે ધરતી માતા ફાટીને પોતાની સામે ઉભેલા તે ચંડાળને યા પોતાને એકદમ ગર્ક કરે! તે દુઃખી સ્ત્રીએ અજબ ગુસ્સા સમેત જુલિયન તરફ ક્રોધથી દીવાની બની ડોળા કકડાવી કહ્યું, "ઓ મક્કાર સેતમગર! જળી બળી ખાકરાખ થતાં દિલ સાથે તે ખુદા પાસે મારી એટલીજ અરજ છે કે મારી ને મારા બેટાની આહનો આતશ આકેબત તારાં તનબદનની રગેરગને બાળી નાખે! તે દાદગરનો દસ્તે ઇનસાફ આકેબત તારૂં ગળું પકડશે!" આટલું બોલી તે દુઃખી માતા પોતાના બંને હાથો આસ્માન તરફ ઉચા કરી બોલી, "અય ખુદાવંદે આલમ! અગર તારી ખુદાઇમાં ઇનસાફ હોય, મારા બેટાનું જીગર પાક હોય, તેના હાથો સાફ હોય તો તારા ઇનસાફથી મને ખુશાલ કર અને જાલીમોને પાયામાલ કર!"

આટલું બોલી અરસુલાએ પોતાની આંખોમાં આંસુ સાથે નાસિપાસ અને તુટેલાં દિલે કારભારી સ્પ્રેગની ઇશારતથી ચાલવા માંડયું. તેણીએ ઘણું ચાહયું

કે તે ઉંદ, તુમાખી અને મગરૂર જુલિયન પાસે પાછી ફરે અને પોતાનો સઘળો ભેદ તેની આગલ ખુલ્લો કરી તેની ગરૂરીને તોડે, અને તેને પશેમાન કરે; તેની સનમુખ તે ખુલ્લો એકરાર કરે કે તેને પોતાને લોર્ડ ઓલ્ડકેસલ તરીકે ઓળખાવવાનો બિલકુલ હક નથી, કેમકે ખરો લોર્ડ ઓલ્ડકેસલ તો તેણીનો પોતાનો બેટો લાયન હતો જે દગાખોર તરકટીઓનો ભોગ થઈ પડી સ્ટોનબ્રીજનું કેદખાનું ભોગવતો હતો. તેની માતા જે પોતાને લેડી ઓલ્ડકેસલ તરીકે મગરૂરી સાથે ઓળખાવતી હતી તે ખેતાબ તો તેણીએ ખોટો ધારણ કીધો હતો. ખરી લેડી ઓલ્ડકેસલ તો અરસુલા પોતે હતી. જે નાઝ, જે દોલત તે મા દીકરાઓ ભોગવે છે તે સઘળાં ઉપરનો હક તો અરસુલા અને તેના બેટા લાયનનો હતો. આ સઘળો ખુલાસો જુલિયન આગળ કરવાને અરસુલાએ ઘણું બી મન કીધું, પણ તેજ પળે તેણીની નજરની સામે મરનાર લોર્ડ ઓલ્ડકેસલની મુર્ત્તિ આવી ઉભી અને જાણે તે મરનાર, દુનિયાનાં લોકો આગળ પોતાનો ભેદ ભરમ હજી થોડો વધુ વખત જાળવી રાખવાને પોતાની હકદાર પરણેતરને આજીજી કરતો હોય તેમ તેણીને લાગ્યું. આ એકાએકના ગમનાક દેખાવથી અરસુલાને પોતાના ઠરાવ ઉપર એક વાર ફરીથી પાણી ફેરવવાની ફરજ પડી. તે બાનુને 'પેલી આંધળી આંખ' ના ભેદના ખુલવા ઉપર મોટી ઉમેદ હતી. એજ એકલો એવો ભરમ હતો જે ખુલ્લો થવા સાથે તેણીના બેટાનું નિર્દોષપણું અને તે સ્ત્રી પોતે કોણ હતી તે સઘળું જાહેરમાં આવનાર હતું એવી તેણીને ઉમેદ હતી.

અરસુલા એકજ મક્કમ ઠરાવ સાથે ઓલ્ડકેસલ પાર્ક છોડી ગઇ. તેણીએ હજારો વિચારો, ઠરાવો અને વમાસણોની મજબુત લડત વચ્ચે પોતાનાં મકાન તરફનો રસ્તો લીધો. તેણીએ જોયું કે જુલિયન સાથની વાતચિતમાં નધારેલો લાંબો વખત પસાર થઈ ગયો હતો. આથી જેમ બને તેમ જલદી ચાલી જવાની તેણીની ફરજ હતી; કેમકે કમનસીબ રોઝામન્દને તેણીની મદદની મોટી ગરજ હતી. તે કમબખ્ત સ્ત્રીએ લાયનની તપાસ વેળાએ ભર કોર્ટમાં તેને પોતાના ખાવિન્દ તરીકે જાહેર કીધા પછી પોતાનાં મગજની સુદ્ધી તદનજ ગુમાવી દીધી હતી અને હજી પણ આગલા બનાવોની યાદ તેનાં મગજ અને અંતઃકરણમાંથી ભુસાયલીજ રહી હતી. તે સ્ત્રી હવે જુલિયનને 'સતાવવા' થી પરહેજ રહી હતી; જેથી જુલિયન પોતાને 'ગંગા નાહેલો' માનતો હતો. પણ તે નાહક ફુલતો હતો, સુજમાં ભુલતો હતો. જુલિયન પોતાની દોલત ઉપર ઈતરાતો હતો, જ્યારે લેડી ઓલ્ડકેસલ પોતાના બેટા લોર્ડ ઓલ્ડકેસલ માટે ફુલી ફાલી જતી હતી; પણ તેમને શી ખબર કે દીકરા અને દોલત એ બંને કેળવ્યા વગર ભોગવી શકાતાં નથી. જુલિયન દોલતનું સુખ કેમ ભોગવી શકે છે તે હવે આપણે આ કિસ્સામાં આગળ વધવા સાથે જોઇશું.

કુદરત ચુપકીદીનું તાળું તોડે છે.

અપમાન અને નામોશિથી હાડમાર થયલી, હીણાયલી, તજાયલી અરસુલા રોઝામન્દને સહાય થવા માટે ઉતાવળાં કદમે પોતાનાં ઘર તરફનો રસ્તો કાપતી હતી, તે વેળાએ તેણીએ પોતાનાં મન સાથે પક્કો ઠરાવ કરી રાખ્યો હતો કે ગમે તે થાય તોપણ મરનાર લોર્ડ ઓલ્ડકેસલ સાથની તેણીની સગાઇ પોતાના હોઠોથી બાહેર કાહડવી નહિ. એ બાબે તેણીના હોઠો ઉપર સદાની ચુપકીદીનું તાળુંજ મારવું, તે એટલાં સુધી કે કદાચ એ ભેદ, એ ભરમ પોતાની સાથે ઘોરમાં લઇ જવો પડે તો તેમ પણ કરવું. પોતાનો આ ગમે તેવો મક્કમ ઠરાવ તે દ્રઢ મનની બાનુ અમળમાં મેળવા શક્તિવાન થશે કે નહિ તે જોવાનું છે. તે બાનુ પોતાની ગમે તેટલી ઉતાવળ છતાં ઓલ્ડકેસલ પાર્કથી ઝાઝી દુર ગઈ હતી નહિ, કેમકે જુલિયન સાથની તેણીની મુલાકાતનું પરિણામ એટલું નાસિપાસ અને નાઉમેદ કરનારૂં આવ્યું હતું કે તેથી તેના પગોની તાકાત ગુમ થઇ હતી. તેણીનું આખું શરીર થાકની વેદનાથી સુસ્ત બની ગયું હતું. વળી પોતાના હોઠોને ચુપકીદીનું 'સીલ' મારવાના ઠરાવમાં તે એટલી બધી તો ગુલતાન બની ગઈ હતી કે સામેથી ધસી આવતી બે જબરદસ્ત ઘોડાઓની ગાડી જોવાને પણ તેણીને આંખો હતી નહિ, યા ઘોડાઓનાં પગલાં સાંભળવાને તેણીને કાનો હતા નહિ. વખત એટલો બધો તો પસાર થઈ ગયો હતો કે રોશન રોજ ગાયબ થઇ અંધકારની સિહા રાણીએ પોતાનો દેખાવ દીધો હતો. આથી બન્યું એમ કે ભપકાદાર 'લીવરી' માં સજ થયલો કોચમેન પોતાના ઘોડાઓને થોભાવી શકે તે આગમચ અરસુલા ઘોડાના આંચકાથી જમીનદોસ્ત થઇ ગઇ. તેણીને ઇજા થવા કરતાં તે બાનુ ધભરાઇ વધારે ગઇ હતી. ઘોડાનો આંચકો લાગવા સાથેજ તેણીએ ધભરાટની મારી એક ચીચીઆરી પાડી હતી અને તે ચીચીઆરી સમેતજ તે ધભરાયલી બાનુ બેભાન બની ગઇ હતી.

* * * * * * *

બેભાન બનેલી અરસુલાને ઓલ્ડકેસલ પાર્કમાં લઇ જવામાં આવી. જે ભપકાદાર ગાડીની અડફટમાં તે બાનુ આવી ગઈ હતી તે ગાડી ઓલ્ડકેસલ પાર્કમાંનીજ હતી અને તે રસ્તા ઉપર નજદીકનું મકાન ઓલ્ડકેસલ પાર્કજ હોવાથી ભલો કોચમેન અરસુલાને ગાડીમાં બેસાડી ઓલ્ડકેસલ પાર્કમાં લઇ ગયો, જ્યાં લેડી ઓલ્ડકેસલે તેણીને જગા આપવામાં ડાહપણ જોયું. એક નાના ઓરડામાં અરસુલાને સુવાડવામાં આવી હતી, જયાં લેડી ઓલ્ડકેસલે દુનિયા આગળ ગરીબો તરફની પોતાની દાઝ અને દિલસોજી દેખાડવાના માત્ર ખાલી ઢોંગથી અરસુલાની માહવજત કરાવવાનું માથે લીધું હતું. તેણીએ જોયું કે તે બાનુ હજી બેભાનીમાંજ પડેલી હતી. તેણીનું અંગ તાવથી ધગધગતું હતું. લેડી ઓલ્ડકેસલે તબીબને બોલાવવા નોકરને મોકલ્યો હતો, અને તે આવે ત્યાં સુધી તેણીએ અરસુલા આગળજ રેહવાનું દરૂસ્ત ધાર્યું હતું. તેણીએ જોયું કે બેભાન બનેલી તે સ્ત્રી પોતાની બેભાનીમાં કાંઈ બોલતી હતી.

"નહિ બોલું, હરગીજ ભેદ નહિ ખોલું, મારા લોર્ડ! પણ તારો બેટો જુલિયન મારી તરફ ને તારા ખરા બેટા તરફ જે નાલાયક ચાલ ચલાવેછ તે હું કેમ સાંખું? હું તારી હકદાર સ્ત્રી છું, કેમકે તારી હું પેહેલી સ્ત્રી છું. મારો બેટો તારો હકદાર વારેસ છે, કેમકે તે તારો પેહેલો બેટો છે. ઓ! ઓ!"

આટલું બોલતાં તે પાછી ચુપ બની ગઈ. મોત જેવા તેણીના ફિક્કા હોઠો હીલતા બંધ પડી ગયા. લેડી ઓલ્ડકેસલના પગ આગળ જાણે તોપનો ગોળો આવી ફાટો હોય તેમ બેભાન બનેલી અરસુલાનાં મોહડાંમાંથી નિકળેલા ઉપલા સખુનોથી તે તવંગર બાનુ ચોંકી. તેના હોશકોશ લેવાઇ ગયા. ઉપલા બોલો જોકે અરસુલા પોતાની બેભાની વચ્ચે ભાંગી તુટી અને લથડતી જબાને બોલી હતી તોપણ એકેએક હર્ફ સેહલાઇથી સાંભળી, સમજી શકાય એવો ખુલ્લો હતો. તે ઓરડામાં બેભાન અરસુલાના સખુનો સાંભળવાને લેડી ઓલ્ડકેસલ સિવાય બીજું કોઈ પણ નહિ હોવાથી તેણીએ છુટકારાનો દમ ખેંચ્યો. તેણીએ જે કાંઇ અરસુલાને મોહડેથી સાંભળ્યું હતું તે ગોયા તેણીનો ચાલતો દમ બંધ પાડી દેવાને બસ હતું. અરસુલાને એક વાર ફરીથી લવારો કરતાં સાંભળી લેડી ઓલ્ડકેસલ તેણીનાં મોહડાં ઉપર વાંકી વળી કે એક પણ શબ્દ સાંભળવા વિના તે હવા સાથે મળી જાય નહિ.

"ઓ! પણ તે ભેદ મારાં જીગરમાં દાટી રાખતાં મારો દમ ગુંગળાઈ જાયછ! મારૂં જીગર ફાટી જાયછ! જોન (લોર્ડ ઓલ્ડકેસલ) તમોને કયાંથી ખબર હોય કે હું જીવતી છું, તમારો દીકરો જીવતો છે! તમો તો અમોને મુવેલાંજ માનતા હતાની? પણ જયારે હું તમોને મળી ગઈ ત્યારેજ તમે અમો બંને માદીકરાની હસ્તી માની. અરે જોન, મને તમારી કેટલી બધી દયા ઉપજેછ કે તમે મારા જેવી તમારા દરજ્જાથી આટલી બધી ઉતરતી ઓરતને તમારી પરણેતર બનાવી! ઓ મુઈ રે હું અભાગણી! મારી હલકી સ્થિતિને લીધે, હવેજ હું માનુંછ કે તમે કદી પણ તમારી પરણેતર તરીકે મને જાહેરમાં ઓળખાવતે નહિ. પણ તમે નીલને કાં તજી દીધો? તે તો તમારો બેટો થવાને દરેક રીતે લાયક હતો. તેને તો તમારા હકદાર બેટા અને વારેસ તરીકે જાહેરમાં લાવવોજ હતો. પણ તેમ તમે કીધું નહિ. તે દયાળુ બાપ તમારૂં આ અજીમ પાપ માફ કરે!"

અરસુલા આ શબ્દો બોલી ફરીથી શાન્ત થઈ. લેડી ઓલ્ડકેસલ બિછાનાની નજદીકની ખુરસી ઉપર હેબતની મારી ફસડાઈ પડી. તેણીનું આખું શરીર પરસેવામાં ગરકાવ થઈ ગયું હતું. તેણીનો મોટો ગમ તેણીની મગરૂરીને લાગેલો આ નહિ ધારેલો ફટકો હતો. તેણીને લાંબો ખ્યાલ કરવાની તક મળી નહિ, કેમકે અરસુલાએ પોતાનો લવારો પાછો ચાલુ કીધો હતો.

"અરે! જોન! જોન! તમોને ખબર કે! અફસોસ! તમારા નીલને ખુનના વાંક માટે કેદખાનામાં પુર્યોછ! ઓ! તે બિચારો તો તદન નિર્દોષ છે જો! તેના હાથ બિલકુલ સાફ છે, પાક છે. તેઓ કહેછ કે તે ખુની છે, જખુની છે! પણ તે તદન ગલત છે. જોન, તે ખરો, હકદાર લોર્ડ ઓલ્ડકેસલ છે. બચાવ! ખુદા ખાતર બચાવ!"

એક ધીમી ચીચીઆરી સમેત તેણીએ પોતાના બંને હાથો બેભાનીના આવેશમાં બિછાના ઉપર પછાડયા, અને જાણે બકબકારો કરવાથી તેણીને થાક ચહડી હોય તેમ તે સુસ્ત અને નિસોસ થઈ પડી રહી.

આ વેળાએ નોકર દાખલ થયો. તેણે લેડી ઓલ્ડકેસલને નમી જણાવ્યું કે તબીબ થોડા વખતમાં આવનાર હતો. આટલું બોલી તે પોતાની જગોએ વધુ હોકમનો ફરમાનબરદાર બની ઉભો; પણ લેડી ઓલ્ડકેસલે જોયું કે તેને ઉભો રહેવા દેવામાં મોટો જોખમ સમાયલો હતો; કેમકે અરસુલા જોકે હાલમાં તો બિછાના

ઉપર શાન્ત પડેલી હતી, તોપણ તેણીનો બકબકારો પાછો શરૂ થાય એ બનવા જોગ હતું. આથી તેણીએ તે નોકરને ત્યાં ઉભો રાખવામાં સલામતી જોઈ નહિ. અરસુલા સાથે એકલી રહેવામાં તેણીએ પોતાના નોકરને દયાળુ બનવાનું ડોળ ઘાલી કહ્યું, "પીટર, તું બેલાશક જા. આ કમનસીબ દરદી બાઇની માવજત મારા પોતાના હાથેજ હું કરવા માંગુંછ. એ બિચારી મારીજ ગાડી તળે કચડાઈ તેથી મને બહુજ દુઃખ ઉપજેછ, અને મારી ફરજ છે કે તેણીની પુરતી સારવાર મારે પોતેજ કરી લેવી."

નોકર ગયો, પોતાની મગરૂર, તવંગર બાઇની આજની દયાળુ લાગણીથી ઘણો અજબ થઈને, છક થઇને ગયો. તે પોતાને મનમાંજ પુછવા લાગ્યો કે આજે સુરજ કેની ગમ ઉગ્યો? કારણકે તે સારી પેઠે જાણતો હતો કે લેડી ઓલ્ડકેસલ મરતાંબી ગરીબો તરફ ઝાંખીને વટીક જોય એવું આસામી હતું નહિ. આજે તેણીનાં ધન ભાગ્ય કે તે અરસુલાની પોતાને હાથે માહવજત કરવા માંગતી હતી. તેમાં તેણીની કાંઈ પણ મતલબ હતી. તે ભોળો નોકર પોતાની બાઇને રગેરગ પિછાનતો હતો એટલે તેણી માટે આ તર્ક બાંધવાને તે કેટલો વાજબી હતો તે વાંચનારાંઓને સમજાવવાની કશી જરૂર નથી.

તે જવા પછી લેડી ઓલ્ડકેસલ શાન્તિથી બેઠી. તેણીની નજર હજી બેભાન પડેલી અરસુલાના ફિક્કા હોઠ ઉપરજ ચોંટી રહી હતી. અરસુલા—કમનસીબ, કમબખ્ત અરસુલા—જે બાબદ માટે ચુપકીદી અખત્યાર કરવાને ઠરાવ કરી ચુકી હતી તેજ બાબદ એક યા બીજી રીતે તેણીના પોતાનાજ હોઠોથી બાહેર પડી હતી. શું એમાં પણ ખુદરતનો કાંઈ હાથ હતો, કાંઈ છુપો ભેદ હતો?

ગંગાદાસ.

જુલિયન (લોર્ડ ઓલ્ડકેસલ) પોતાના ખાનગી ઓરડામાં પોતાની માનીતી ઇઝીચેર ઉપર આલોટાયલો હતો. તે પોતાના પ્યાલોમાં જોકે ચકચુર હતો, તોપણ તેનો ચેહેરો ક્રોધના આવેશમાં ઢગઢગતા અંગારની પેઠે તપી આવી લાલચોળ બન્યો હતો. તે આજે હદથી જ્યાદા ગુસ્સામાં હતો. જ્યારે તે એ મુજબ ઘણોજ ગુસ્સામાં આવી જતો ત્યારે તે પોતાની માનીતી ઇઝીચેર ઉપર ભેંસની માફક અરડાઈ પડી પોતાના હાથપગ અછાડ પછાડ કરતો હતો. તેવોજ હાલ હમણાં તેનો હતો. ઘડીકમાં તે પોતાના બંને પગો અફાળી ઝીકી નાખતો તો ઘડીકમાં પોતાના બંને હાથો પછાડી નાખતો હતો. આવી તેની હાલતમાં અવાચી ઉપર અવાચી ખાવાની તબેહ પડી ગઇ હતી. આવીજ રીતે તે ભાગળની માફક પોતાનું મોહડું વલ્લું કરી બેઠો હતો, તેટલાંમાં તે ઓરડાનું અલગું બારણું ઉઘડયું અને તેનો માનીતો નોકર ગંગાદાસ ધીમાં પણ એકસરખાં અને મજબુત કદમે ત્યાં દાખલ થયો. તે આજે લગાર ભપકામાંજ દિસ્તો હતો. પંજાબી તરેહની ઉંચી પાઘડી તેનાં માથાં ઉપર શોભી રહી હતી. સફેદ દુધ જેવી ધોતી ડગલી તેનાં અંગમાં તતરબંધ બેઠેલી હતી. વારનીશનાં ઝકઝકતાં વેલાતી બુટ તેના પગમાં હતાં, જે ઉપર પાયજામો—જેબી સફેદ કપડાંનોજ હતો—લબડતો પડેલો હતો.

તેના હાથમાં એક શોભીતી પણ મજબુત લાકડી હતી અને મોહડાંમાં કાંઇક અગ-વડ હોવાથી તે મોહડું વગોળતોજ દાખલ થયો હતો.

"કોણ?" જુલિયને પોતાના ખાનગી ઓરડાનું બારણું ઉઘડવાનો અવાજ સાંભળતાંજ પોકાર કીધો.

"અરે સાહેબ! એ તો હું ગંગાદાસ છું," ગંગાદાસે પાછું બારણું અળગું બંધ કરતાં જવાબ દીધો.

ગંગાદાસનું નામ સાંભળતાંજ જુલિયન પોતાની ખુરસીમાં તરો થઇ બેઠો. તેના ચેહેરા ઉપર ગુસ્સાનું ચિન્હ વધારે ધાઈ આવ્યું અને ગુસ્સાનાં જોમમાંજ તે પોકારી ઉઠયો, "ગંગાદાસ, તારી ચાલ મને બલ્કે આખાં ઓલ્ડકેસલ પાર્કના રહેવાસીઓને ધિક્કારને લાયક થઈ પડી છે. તું હવે છેકજ 'ફારત' જાયછ. યાદ રાખજે કે તારી એ ચાલ હું કદીબી હવે સહન કરીશ નહિ. તારી ઉપર મને એટલો તો ગુસ્સો ચહડેછ કે શું કેહું—"

"ગુસ્સો! ગુસ્સો શા માટે?" ગંગાદાસ જાણે કાંઇજ બન્યું નહિ હોય તેમ ઠંડાં પાણીનાં માટલાંની માફક ધીરે રહીને બોલ્યો, "સરકાર, ગુસ્સો હરામ છે. યાદ રાખજો કે જેણે પોતાના ગુસ્સાને કબ્જે કીધો તેણે સારી જેહાન જીતી. સાહેબ, મારી શિખ ધ્યાનમાં રાખજો કે જ્યારેબી તમોને ગુસ્સો ઉપજે ત્યારે તમારાં આંગળાં લોહી નિકળે ત્યાં સુધી કરડજો."

ગંગાદાસના આવા ઘેલા ગાંડા બકબકારાથી જુલિયનનો મિજાજ હાથથી ગયો. તેણે ચાહ્યું કે તે બેઅદબ અને અસભ્ય નોકરને તેની લટરાજનો સ્વાદ તે બરાબર ચખાડે, પણ તે બિલકુલ લાચાર હતો. તેની તરફની આવી નાની જેવી કોશેશ પણ તેને માટે જીવનો કાળ હતો. તે સારી પેઠે જાણતો હતો કે ગંગાદાસ કાંઇ જેવો તેવો ચંડાળ નહિ હતો!

"અરે બેઅદબ! તું જે બોલેછ તેનું તને કાંઈ ભાન છે કે નહિ? હું તારો શેઠ છું ને તું મારો એક કમીનો નોકર છે તે બીના કેમ ભુલી જાયછ?" જુલિયને પોકાર કીધો.

ગંગાદાસ ગાંડા હાથીની માફક ફુંફારા મારી બોલ્યો, "પણ સાહેબ, ગમે તેટલો કમીનો પણ નારાજ નોકર કાળા નાગની ગરજ સારેછ, ઝેરી પાણી પાયલા તિરની ફરજ બજાવેછ!"

"એટલે?" જુલિયન પોતાના પગો અફાળી ગુસ્સાથી મસાલ માફક બળતી આંખ્યો સાથે બોલ્યો, "તારા આવા પાજી સખુનો હવે હું એક પળવાર પણ સાંખી સાંભળી શકવાનો નથી. સાંભળ, કે હું તારો ટોટો પીસશ, તારો દમ લેવશ. તારૂં લોહી પીવશ. તને રીબાવી રીબાવી મારશ."

ગંગાદાસ આ સાંભળી મોટેથી હસી પડયો. તેનું હસવું કઠોર અને કાનના બેહર ફાડી નાખનારૂં હતું. તેના હસવાથી જુલિયને ગુસ્સાથી ફાટેલા ડોળાએ તેની તરફ જોયું, પણ તેની પણ પરવા કીધા વિના તે ફરીથી વધુ ઝનુની ઢબે હસી બોલ્યો, "સરકાર! તમો મારો જાન લેવાનો ફાંકો કદીબી રાખતા ના, અંહ કે!"

"કારણ?" જુલિયને ગુસ્સાથી પોતાની બેઠક ઉપરથી ઉભો થઈ ગંગાદાસ તરફ ધસીને પુછ્યું.

"કારણ? કારણ એજ કે હાથીની અંબાડી ઉપર બેઠેલાં માણસને હડખાયલો કુતરો કરડી શકતો નથી."

ગંગાદાસના આ છાતીભેદક જવાબથી જુલિયન એક લાચાર બનેલા ગરજાઉની માફક પાછો પોતાની બેઠક ઉપર ફસડાઈ પડયો. તેણે પોતાના બેઅદબ પણ ઘાતકી નોકરના તાણાના તિરથી માહત થઈ પોતાને રેજરેજ થયલો જોયો. ગંગાદાસના બોલવાનો એકેએક હરફ તેનાં જીગરમાં ભાલાની માફક ભોકાયો હતો. તે બેઅદબ નોકર માત્ર પોતાના શેઠનેજ પજવતો હતો નહિ, પણ આખાં ઓલ્ડકેસલ પાર્કને તે માહુમાહુ બોલાવતો હતો. તે માટેની ફરિયાદ જુલિયનને કાને કાંઈ હજારો વાર આવી હતી. લેડી ઓલ્ડકેસલે પણ સેંકડો વાર પોતાના બેટા આગળ તે નોકરની નાલાયકી માટે ફરિયાદ કીધી હતી. આથી જુલિયનને બહુજ ભારી પડી ગયું હતું. પોતાની માવતરને વટીક તે નોકર અપમાન કરવાને ચુકે નહિ એ તો હદજ થયલી કેહવાય. આથી તેણે તેને પોતાની આગળ બોલાવી બે બોલ દમ ભરાવી કહેવાના ઠરાવથી ગંગાદાસને પોતાના ખાનગી ઓરડામાં મલી જવા જણાવ્યું હતું. તે પ્રમાણે તે હમણાં હાજર થયો હતો અને પોતાના શેઠ ઉપર કેવાં બાણો છોડયાં હતાં તે આપણે ઉપર જોઇ ગયા છિએ. પોતાના નોકરની આવી સરકશીથી જુલિયન પોતેજ ઘભરાઇ ગયો, જેથી તેને ઠંડો પાડી પટાવી લેવાનું તે મગરૂર અમીરે વધારે વાજબી ધાર્યું.

"અરે, પણ હેમક, તું બધાંને એકજ લાકડીએ હાંકે તે હું કેમ તામોશ કરી શકું? દરેકને મોહડેથી તારી ફરિયાદ સાંભળતાં સાંભળતાં મારા કાનબી હવે તો બેહર મારી ગયાછ."

"હં! ત્યારે શું તમારા કાને મારી કાંઈ ફરિયાદ આવીછ ખરી કે? હું સમજ્યો, બાઈ સાહેબે જ્યાં છે ત્યાં તમારી આગળ મારે માટે લીંબુ નીચવ્યુંછ, એમજ કેની, સાહેબ?"

"અલબત! જ્યારે તું લેડી ઓલ્ડકેસલનુંજ નામ દેછ ત્યારે તેવણને તેં સતાવેલાં હોવાંજ જોઇએ," જુલિયને એક વાર ફરીથી ગુસ્સાથી કહ્યું.

ગંગાદાસે ઠાવકું મોહડું કરી જવાબ દીધો, "અલબતાં, જેઓ ગંગાદાસને જરાબી સતાવેછ તેમને ગંગાદાસ દશ ગણાં સતાવેછ. પણ મારા શેઠ જો ગંગાદાસને ઘણા ઘણા પૈસા ને સારૂં સારૂં ખાવાને આપે તો ગંગાદાસ લેડી ઓલ્ડકેસલને સતાવવાનું બંધ કરે. ગરીબ ગંગાદાસને પૈસા થોડા મલેછ તો તેની જબાન કાતર અને કરવતની માફક ચાલેછ. તે કદી પણ બંધ રહેતી નથી. તેમાં એ બિચારાનો શો વાંક? બોલી દેવો, જોઇએ?"

ગંગાદાસના આ સખુનોથી જુલિયન પોકારી ઉઠયો, "ચંડાળ, એ તું બકેછ શું? તું શું એમ કરીને મને દબરાવવા માંગેછ કે કેમ?"

ગંગાદાસ મોટેથી હસી પડી બોલ્યો, "મારાં જેવો ગરીબ નોકર શેઠ જેવા તવંગરને દબરાવે એ તો મોટો જુલમ થયો. એ વાત બનીજ કેમ શકે? હું એટલુંજ કહેવા માંગુંછ કે નરમી અને ચુપકીદી માટે ખીસાં તર કરવાની મોટી જરૂર છે. દામથી બને ગોલામ, દામ કરાવે સલામ. સમજ્યા સાહેબ!"

આ વેળાએ ગંગાદાસે પોતાના હિનભાગ્ય શેઠ તરફ એવી રવેશે ટીકી ટીકીને જોયું કે જાણે તેની ઝીણી માંજરી આંખો જુલિયનનાં આખાં શરીરમાં પ્રવેશ કરતી હોય! તેની આ નજરમાં જુલિયને કાંઇક મોટો ભય જોઈ લીધો, તોપણ તે છેલ્લે પાટલે બેઠેલો હોવાથી તે ભયની તેણે લેશ ભાર પણ દરકાર કીધી નહિ. તે વધુ ગુસ્સાથી પોકારી ઉઠયો.

"ચુપ, બેઅદબ! તારી ઝેરી જબાન સીવ, નહિ તો પરિણામની જરા પણ દરકાર કરવા વિના તારી આવી સરકશીનો બદલો આ ઘડીએજ તને મળી જશે."

"સાહેબ, લેઓ, મારી બી જાન લેઓ! વળી એટલીબી ઢીલ શું કામ કરોછ? તમારા હાથનો ભોગ થવશ, પણ યાદ રાખજો કે મરતાં મરતાં પણ પોકાર કરશ અને સારી જેહાનને રોશન કરશ કે લાયન રોજર દીપીંગનો ખુની નથી, પણ જુલિ—"

"ચુપ! બેઅદબ, પાજી, નજીસ, ઇબલીસ ચુપ! મુંગો મર!" જુલિયન ગંગાદાસને આગળ બોલતો અટકાવી બંને હાથોથી તેનું મોહડું દાબી એક છેડાચલા અને જખમી થયલા સિંહની પેઠે બરાડ મારી બોલ્યો. તે એટલો બધો તો ઉશ્કેરાઈ ગયો હતો કે એકબારગી ગંગાદાસ પણ તેથી ઘભરાઈ ગયો. આથી તે ચુપ થઈ ઉભો. તેને ચુપ ઉભેલો જોઈ જુલિયન પણ નજદીકની ખુરસી ઉપર પડયો. થોડી પળ પછી તેને કાંઇક શાન્તિ થવાથી તે ચુપ ઉભેલા ગંગાદાસ આગળ ગયો અને લગાર ઠંડો પડી નરમીથી બોલ્યો, "તુને શું જોઇયેછ? કેટલા પૈસા લેવાથી તારૂં મોહડું બંધ થવા પામશે? હું તને હવે પાછો હિન્દુસ્તાન મોકલી દેવા માંગુછ!"

"હું હિન્દુસ્તાન જવા માંગતો નથી. હું મારી જીંદગીના છેડા સુધી મારા શેઠની પાસેજ રહેવા માંગુછ. મારૂં મોહડું બંધ રાખવાને મને હાલમાં પચાસ પાઉંડ જોઇએછ અને એટલીજ રકમ દર મહીને ગંગાદાસને રોકડી જોઇશે. બોલો, શું જવાબ છે?"

"ઠીક છે. હું કાલે જવાબ દેવશ. તું હમણાં તો અહિંથી ચાલ્યો જા," જુલિયને મોટા ધિક્કાર સાથે ગંગાદાસને હાથની ઇશારત કીધી.

ગંગાદાસ ગયો. જુલિયન વિચારમાં મશગુલ થઈ બેઠો. પોતાના નોકરની આજની ચાલથી તે હદથી જ્યાદા ચોંકી ગયો હતો. તે નોકર કેટલો બદમાશ અને જોખમ ભરેલો માણસ હતો તે તે જાણી ચુકયો હતો. તેનાં ચુગલીખોરાં મોહડાંને સોનાની ચાવીથી કુલુફ મારવા વિના તેની પાસે બીજો કશો ઈલાજ હતો નહિ એમ તે સારી રવેશે જાણી શકયો હતો.

"ગંગાદાસ! ગંગાદાસ! ખરેખર તું કાળો નાગ છે. અરે! તું નાગ કરતાં પણ બદતર બુરો છે. તારી ઝેરી જબાનને સદાની બંધ કરવા માટે પૈસાનો મને ભોગ આપવોજ પડશે. મારે હાલ તરત તો રોડ્રીકને ઉડાવવોજ પડશે, અને તેને બદલે આ ચંડાળ ગંગાદાસનું મોહડું સોનાથી પુરવુંજ પડશે. કેમકે જેટલો રોડ્રીક ભયંકર છે તે કરતાં દશ હજાર ગણો ગંગાદાસ જોખમભરેલો છે. પણ હું એનું દુઃખ કયાં સુધી સહન કરશ? મારે એ દુઃખનો છેડો કોઇબી રીતે લાવવો તો જોઇએ."

આટલું બોલી તે પોતાનાં મન સાથે બેહદ ગુસ્સાના આવેશમાં બડબડયો. તે શું બડબડયો તે જણાવવાની હાલમાં જરૂર નથી. આપણે તે હવે પછી જોઇશું.

ધુળમાં મળેલી એક વધુ ઉમેદ.

નીલ લાયનની ઉમેદને જબુન ફટકો લાગ્યો; તેની બેચેની અને તેના ગુરાપામાં ઓર બી વધારો થયો. તેણે પોતાનાં મનમાં જે એકપુરી ઉમેદ વસાવી હતી તે રોઝામન્દ ફલોયનનાં છુપાં લગ્ન વખતના સાક્ષી જોન મેકદોનલ્દને શોધી કહાડવા માટેની હતી. લાંબા વખતની ઇંતેજારી પછી પોતાની પાસેની કોટડીમાંજ તે ધણીને કેદ પડેલો તેણે જાણી લીધો હતો. ગમે તેટલી શોધ કરવા છતાં જે અગત્યના સાક્ષીનો કશો પત્તો તેને મળી શકયો હતો નહિ, તે સાક્ષીને તેની બંદીખાનાની કંગાળ જીંદગી દરમ્યાન જાણે એક ખુદાઈ મોજેજાએજ એજગેબી તેની પડોશમાંજ લાવી મેળ્યો હતો. આ બનાવથી તે કંગાળ બંદીવાન ખુશી થયો કે તેની ઉપરની આફતના અંધકારનાં વાદળમાંથી સુખનો નુરમંદ આફતાબ આખરે બાહર નિકળ્યો ખરો. આ સાક્ષી ઉપર તો તેણે પોતાની સલામતીનો પાયો રચ્યો હતો, આ સાક્ષીમાં તો પોતાનાં આકેબતનાં સુખનું મુળ તેણે માની લીધું હતું, અને પોતાની નામોશી ભરેલી હાલતમાંથી પોતાનો માનસહિતનો છુટકારો જોયો હતો. સેંકડો ખુન કરનાર ખુનીને વટીક છેલ્લી ઘડીએ ખુદાઈ મોજેજાથી જીવવાની આશા રહે છે તો નીલ લાયન જેવા નિર્દોષ અને એદેલીન જેવી જર અને જોબનની રાણીના હાથના એ સાચ્ચા ઉમેદવાર અને જવાનીના બાગમાં ખીલતા એક ગોલાબને મોતના જાલમ હાથથી કેમ કરમાઈ કચડાઈ જવા ગમે ?

આપણે આગળ જોઇ ગયા છિએ કે નીલ લાયને જોન મેકદોનલ્દને બોટમાં રોઝામન્દ ફલોયનનાં લગ્ન થવાને લગતો એક સવાલ કીધો હતો, પણ તેનો જવાબ મેકદોનલ્દ તરફથી નહિ મળવાથી તેણે એવું માની લીધું હતું કે પોહરેગીરના ડરથી તે સંદેશો ચલાવી શકયો નહિ હશે, જેથી તે બીજી રાતે પોહરેગીરનાં પગલાં દુર થતાં તેના સવાલનો જવાબ પેહલા દિવસ માફક દીવાલના ઠોકાથી વાળશે. એજ આશામાં તે બાકીની રાતે શાન્તિમાં નિદ્રાવશ થયો હતો, અને જ્યારે બીજી સવારે પોહરેગીરે આવી તેને જગાડયો ત્યારેજ તે ઉંઘમાંથી બેદાર થવા પામ્યો હતો. તે દિવસ તો રાત પડવાની ચિંતાતુર અને બાળી નાખનારી ઉમેદમાં તેણે જેમ તેમ પસાર કીધો. તેનું સઘળું ધક ધ્યાન રાત કયારે પડે તે ખ્યાલમાંજ રોકાયલું હોવાથી આખા દિવસનાં કામમાં તેણે અનેક ભુલો કીધી હતી, જે માટે તે કમનસીબ જવાનને હદથી જ્યાદા સજા તેના ચોકીબાન તરફથી ખમવી પડી હતી. આ સજા, આ વેદના તેણે સબુરીથી સહન કીધી હતી તે માત્ર રાત્રીનીજ ઉમેદ ઉપર હતી. તેણે પુર ભરોસા સાથે માની લીધું હતું કે આ દોજખખાનામાં તે માત્ર આજનીજ રાતનો પરોણો હતો, કેમકે મેકદોનલ્દનાં મોહડાંમાંથી રોઝામન્દ ફલોયનના છુપા ખાવિન્દનું નામ એક વેળા બહાર પડી ગયું કે તે પોતાનું નિર્દોષપણું એદેલીનનાં જરનાં જોરે સારી આલમ આગળ સાબેત કરવાને સામર્થવાન થશે, જે પછી એદેલીન જેવી રાણીનાં જીગરનો માલેક બનવાને તેને કશો વિલંબ લાગનાર નથી. હા ! આ ફકત એકજ ખ્યાલ તેને માટે આખી જેહાનનું સુખ હાંસલ કરવાને બસ હતો. આ ખ્યાલ તેની અંધકાર જીંદગીનો ચેરાગ હતો, તેની વેરાન હૈયાતીનો બાગ હતો.

અંતે રાત પડી. તે રાત જોકે ગમે તેટલી ભયંકર અને અંધારી હતી, ગમે તેટલી ડરામણી અને સિહા હતી તોપણ લાયનને માટે તે આકેબતનાં સુખની

રાત હતી, છેવટના આરામની રાત હતી, કેમકે એ રાતે તે કમબખ્ત રોઝામન્ડના બદમાશ ખાવિન્દનું નામ જાણવા પામવાનો હતો. તેણે ઘણીજ ઉતાવળથી રાતનું ખાણું ખાઈ લીધું, અને પોહરેગીરને વગેસગે થઈ જવાની ચિંતાતુર ઉમેદમાં પોતાને પેદા કરનાર સાહેબને યાદ કરતો પોતાનાં કંગાળ બિછાનામાં જઇ પડયો. કલાક પુઠે કલાક વિજળીક ઝડપે પસાર થઇ જવા લાગ્યા પણ પોતાની પડોસની કોટડીમાંથી દીવાલ ઠોકાવાનો જે મિઠો, માનીતો અવાજ સાંભળવાની ઉમેદમાં તે ઇંતેજાર થઈ બેઠો હતો તે અવાજ તેના આતુર કાને પડયો નહિ. રાતનો પોહરેગીર પણ પોતાના પોહરા ઉપર સુસ્ત બની ગયો હોય એમ જણાતું હતું. આ સઘળી સરસ તક હતી ત્યારે મેકદોનલ્દ કાં ચુપ હતો તે ખ્યાલોની ગમે તેટલી જીવતોડ લડત છતાં તે સમજી શકયો નહિ. અંતે થાકીને તેણે પોતેજ શરૂઆત કરવાનો ઠરાવ કર્યો, અને દીવાલ ઉપરના ઠોકાથી પોતાના પડોસીને તેનાં નામે બોલાવવાની હિમ્મત કીધી.

"જોન મેકદોનલ્દ! હું લાયન છું." કાંઇબી જવાબ મળે નહિ. તે લગભગ પા કલાક સુધી થોભ્યો, પણ ફોકટ! તે વમાસનમાં પડયો કે તેના પડોસીનું એકાએક શું થયું હશે? તે એકદમ સુનો સાવજ કેમ બની ગયો હશે?

"હું તારી સાથે રોઝામન્દ ફલોયડનાં છુપાં લગ્ન માટે વાત કરવા માંગુછ." એક વાર ફરીથી દીવાલ ઉપરના ઠોકાથી લાયને સંદેસો મોકલ્યો, પણ તેનો પણ કશો જવાબ મળે નહિ. ગોયા મેકદોનલ્દ પાસેની કોટડીમાંથી ગુમ થઈ ગયો હોય, ઉચાઉચ ઉચકાઈ ગયો હોય એમ લાગતું હતું. તેણે અનેક વાર ઠોકાઓ ઠોકી પોતાની મરણ પામતી ઉમેદને સજીવન કરવાની ઘણીબી તજવીજ કીધી, પણ કુદરતની નેમ જુદીજ હતી. મેકદોનલ્દ તરફથી એક સંસારો વટીક તેના ઇંતેજાર કાને પડયો નહિ. અંતે તે થાકયો. તે નાઉમેદ થયો. તેની આશા ભંગ થઈ ગઈ. તે હતો તે કરતાં હજાર દરજ્જે, લાખ દરજ્જે નિરાશાની લાચારીમાં આજેઝ બની ગયો. આ વેદના નહિ ખમી શકાવાને લીધે તેનું નાજુક હૈયું ભરાઈ આવ્યું અને તે એક નબળી, નાદાન અને લાઇલાજ ઓરતની માફક ફોકેફોક રડી પડી પોકારી ઉઠયો:—

"ઓ પરવરદેગાર! આ તે મારીપર કેવો જાલીમ, જુલ્મી સેતમ! આ માર! કયાં અજીમ પાપનો મારી ઉપર આ ભાર! અગરજો મારા પાલનહાર શેઠની બેટીને ચાહવાના ગુનાહની મને આ સજા થતી હોય તો ઓ બાપ! મારૂં એ અંજાણ પાપ માફ કર!"

લાયનનું મગજ નિરાશાની તાપના-અંગારથી ધગધગી આવેલું હોવાથી તે ભુલતો હતો કે ગરીબ મર્દ તાલેવંત સ્ત્રીના હાથની ઉમેદવારી કરવામાં ગોયા એક જાતનું પાપ કરે છે. પણ તેની આ હાલતમાં તેને થોડીજ ખબર હતી કે જરદાર અને ગરીબો વચ્ચેનો અંતર માત્ર આ ફાની, અને કાવાદાવાથી તોફાની બનેલી દુનિયા માટે હતો, નહિ કે કુદરતની નજરમાં. કુદરત જે અંતર જોઈ શકે છે તે માત્ર પાકી અને પાપી વચ્ચેનોજ છે, દાતાર અને જુલમગાર વચ્ચેનોજ છે, નહિ કે અમીર અને ફકીર વચ્ચેનો. પણ આ સઘળી છાતી ફાડી નાખનારી આફત વચ્ચે તેને જે નવો સધિયારો મળ્યો હતો તે એ હતો કે તે સ્ટોનબ્રીજનાં બંદીખાનામાં કેદ પડેલો હતો, જે બંદીખાનું ઓલ્ડકેસલથી થોડાજ માઇલને તફાવતે આવેલું હતું. જે હવા એડેલીન પોતાના દમમાં લેતી હતી તેજ હવા લાયન પણ

ખેંચતો હતો. જે તારાઓ એહેલીનનાં ભપકાદાર દીવાનખાનામાં તેની બારીઓ-માંથી પ્રકાશતા હતા તેજ તારાઓ તેનાં બંદીખાનાની દીવાલ ઉપર પણ ચમકતા હતા; પણ તેનો મોટો અફસોસ એ હતો કે જે પાલનહાર પિતાનો પાસબાની-ભર્યો હાથ તેણીનાં માથાં ઉપર હતો તે હાથનાં છત્રના આષિર્વાદથી તે દુર હતો. તે એમ માનતો હતો કે અગરજો તેને માટે ખુદ ખુદાની પાસબાની હતે તો તે નિર્દોષ છતાં આવી રીતે પિંજરાંમાં કેદ પડેલાં જંગલી હેવાનની હાલતે કદી પણ પુગતે નહિ.

બીજા દીવસે તેને તેના પોહરેગીર તરફથી ખબર મલી કે બંદીખાનાના કંપાઉન્ડમાંનું તેનું કામ ખતમ થયું હતું અને હવેથી તેને બીજા કેદીઓની સાથે જેલના દરવાજાની બાહર કામે જવાનું હતું. આ ખબરથી લાયને પોતાનું મોહડું સેહજ મળકાવ્યું. કેમકે બંદીખાનાની ગંજાવર દીવાલોની વચ્ચે મહિનાઓ સુધી ઘેરાયલો રહેવાથી તે બહુજ કંટાલી ગયો હતો, જેથી બાહેરની હવાની તેને મોટી અગત હતી. જોકે તેને મોટી જેહમતનું કામ માથે ઉઠાવવું પડવાનું હતું, તોપણ તેને એજ દિલાસો હતો કે તે કેદખાનાની દિલ જળાવનારી જીંદગી કરતાં બાહેરની ગમે તેટલી જેહમત હજાર ગણી વધારે રાહત આપનારી હતી. પોતાની સાથે કામે લાગેલા બીજા અનેક બંધવાઓ હતા, તેઓમાં જોન મેકદોનલ્દ કોણ હતો તે શોધી કાહડવાને અને બને તો ચોકીબાનની નજર ચુકાવી તેની ભેદ-ભરેલી ચુપકીદીનો સબબ જાણવાને તેણે ઘણીબી કોશેશ કીધી, પણ વ્યર્થ! નસીબ તેની સામે રૂઠયું હતું. મેકદોનલ્દનો સેહજબી પત્તો તેને મલી શકયો નહિ. પણ તેણે એટલું તો જોઈ લીધું હતું કે એક કેદી તેને વારંવાર ધારીધારીને જોતો હતો. તે તેને કાંઇક અજબ લાગણીથી તક મળવે નિહાળતો રહો હતો. એ શું હતું? એ લાગણી કેવી હતી તે તે સમજી શકયો નહિ. શું તે લાગણી ધિક્કારની હતી યા હેતની? આ કેદી શું જોન મેકદોનલ્દ તો નહિ હોય? તે તેની સાથે રોઝામન્દ ફ્લોયના છુપા ખાવિન્દના સંબંધમાં કાંઇ છુપી વાત તો નહિ કરવા માંગતો હોય? અગરજો એમજ હોય, અગરજો વાત કરવાને તે એટલો બધો ખંતી હોય તો તે શા માટે રાતને સમયે દીવાલના ઠોકાઓથી વાત કરતો અટકી પડયો હતો? આ તેની મોટી અજાયબિ હતી. પેલો કેદી—જે લાયનને તક મળવે ધારી ધારી જોતો હતો, તે—બેઠી બાંધણીનો અને આંગે ભરેલો ઘેટકાં જેવો હતો. તેનો દેખાવજ કોઈનાં પણ દિલમાં ધાસ્તી ઉપજાવે એવો હતો. પાછળથી લાયને જાણ્યું કે લીવરપુલના એક ઝવેરીની દુકાનમાંથી મોટી રકમની ચોરી કરવા માટે પાંચ વરસનાં સખ્ત કેદખાનાની સજા થવાથી તેને સ્ટોનબ્રીજનાં બંદીખાનામાં લાવવામાં આવ્યો હતો. જે દિવસે તે લાયનની નજરે પડયો તેની એક બે દિવસ આગમચ તેને લાવવામાં આવ્યો હતો. સ્ટોનબ્રીજનાં બંદીખાનામાં તેના આવ્યા પછી કમનસીબ લાયનની બુરી સરજત બદતર બુરી બની હતી. જાણે તેનું પગલુંજ તે હિનભાગ્ય નિર્દોષ જવાન માટે નેહસ્ત નિવડયું હતું. તે નવો કેદી લાયનની પુઠે તેના ઓળાની માફક ભમતો રહો હતો. રફતે રફતે લાયન જાણી શકયો કે તે અજબ જેવા કેદીના સ્ટોનબ્રીજની જેલમાં આવવાની સાથેજ તેની ઉમેદનો કિલ્લો જમીનદોસ્ત થવા પામ્યો હતો. જોન મેકદોનલ્દ માટે તેને ઇંતેજાર અને ચિંતાતુર રહેવું પડયું હતું તેનો મુળ સબબ પણ એજ નવો કેદી હતો. કેમકે જે બીજી રાતે રોઝામન્દના છુપા ખાવિન્દનું નામ જાણવાની

તેને ઉમેદ હતી તેજ શરતે મેકડોનલ્ડને તેની કોટડીમાંથી ખસેડી બીજી દુરની કોટડીમાં લઈ જવામાં આવ્યો હતો અને તે ખાલી કોટડીમાં પેલા નવા કેદીને પુરવામાં આવ્યો હતો. ત્યારે મેકડોનલ્ડ તરફથી જવાબ નહિ મળવાનો સબબ એજ નવો કેદી હતો, જેનાં કદમ તે બંદીખાનામાં આવવાથી તેની ઉમેદનું ગુલ ગોયા સદાનું કચડાઈ ગયું હતું. પણ જ્યારે તે બેઠી બાંધણી, ઝીણી આંખો અને ખરવરતર અંગનો કેદી જોન મેકડોનલ્ડ નહિ હતો તો તે શા માટે લાયનને ટીકી ટીકીને કાંઈ અજબ લાગણીથી જોતો હતો? અને કેદખાનાની બાહેર કામ કરતી વેળા તેના ઓળાની માફક શા માટે તેની પુઠે પુઠે તે ભમતો રહ્યો હતો?

એ નવો કેદી કોણ હતો? તે લાયનનો દોસ્ત હતો કે દુશમન, ખેરખ્વાહ હતો કે બદખ્વાહ? તેની તમામ આફત વચ્ચે તે સુખનો કાસદ હતો કે દુ:ખનો પેગામચી?

સ્લીમ જીમ.

ત્યારે તે નવો કેદી કોણ હતો? તે કોઈજ નહિ પણ સ્લીમ જીમ નામનો એક હડહડતો બદમાશ હતો જેને પૈસાનાં જોરે બંદીખાનામાં નીલ લાયનનું કાતલું કાહડવા માટે જુલિયને પોતાના સરીખાજ બદમાશ પોતાના વડા ભાઈની મદદ અને સલાહથી ભાડે રાખ્યો હતો. જુલિયન લાયનને બંદીખાનામાં વટીક જીવતો રહેલો જોવાને રાજી હતો નહિ. તેણે પેહલાં એવુંજ માની લીધું હતું કે તે ખુનીને જીંદગીભરનાં કેદખાનાની સજા થવા પછી એદેલીન તેને ચાહતી બંધ પડશે અને તેથી તેણીને આખરે જુલિયનને પોતાના ખાવિન્દ તરીકે કબુલ કરવાની ફરજ પડશે; પણ તે પછીથી આપણે જોઇ લીધું હતું કે તે પોતાની તવંગરીમાં નાહક ફુલતો હતો, એદેલીન માટે આવો વિચાર કરવામાં સરતાપા ભુલતો હતો. એદેલીન જેવી મોહબતની રાણીએ જુલિયનને કાંઇબી મચક આપી તો નહિજ, પણ તેજ જીંદગી સુધીના કેદીને—એકલા તેનેજ—ચાહવાનો, તેનેજ માટે પોતાનાં તન, મન, ધનનો ભોગ આપવાનો વગર શરમાવે ખુલ્લે ખુલ્લો એકરાર તેણીએ કીધો. ત્યારેજ જુલિયનની પથર સમાન છાતી ફાટી ગઇ. તે સમજી શકયો નહિ કે લાયન માટે એદેલીનનો આ પ્યાર તે કઇ કિસમનો પ્યાર હતો! આથી લાયન માટે અદેખાઇનો ઉભરો તેની છાતીમાં હવે બેવડાં જોશથી ઉભાઈ નિકળ્યો. તેણે પુર ભરોસા સાથે માની લીધું હતું કે એદેલીન સદગુણની રાણી હતી. તેણીએ લાયનને ચાહવાનો જાહેરમાં ખુલ્લે ખુલ્લો એકરાર કીધેલો હોવાથી જ્યાં સુધી તે આ જેહાનમાં જીવતો હોય ત્યાં સુધી નેકીનો તે ફરેસ્તો લાયનને છોડી બીજા મર્દને ચાહવામાં અજીમ પાપ સમજે. તેણે પોતાનાં મન સાથે હવામાં એવોજ કિલ્લો બાંધ્યો કે અગરજો લાયન કેદખાનામાં મોતના કાસદને શરણ થાય તોજ એદેલીન તેને ચાહી શકે અને તેની તાબેદાર પરણેતર બની શકે. તેણે લાયનનો કાંટો કોઇ બી રીતે કાહડી નાખવાનો નિશ્ચયજ કીધો, કારણ બંદીખાનામાં સબડતો અને નાલેશીમાં અટવાતો વટીક તે તેનાં સુખની વચ્ચે એક જબરી નડતલ સરીખો હતો. એદેલીન વિનાની જીંદગી દર પળે તેને કાંટા અને કવચનાં બિછાના સમાન લાગવા માંડી. એકેએક પળ તેનાં મનથી એક આખા જમાના સમાન થઈ પડી. લાય-

નનું કુદરતી મોત કોણ જાણે કયારેબી આવે, પણ તેટલાં એદેલીન વિના તે કેમ જીવી શકે? માટે લાયનનો જાન છુપી રીતે લેવા માટે કાંઈ ઘાટ તો ઘડવોજ જોઇએ, કાંઈ પગલાં તો લેવાવાંજ જોઇએ. તેણે જે પગલાં લીધાં તે આપણે આગળ જોઇ ગયા છિએ. તેણે પોતાના વડા ભાઈ રોદ્રીકની મદદથી સ્લીમ જીમને પોતાના હાથમાં લીધો હતો, જેનું પરિણામ એ આવ્યું કે બદમાશ જીમ ૭૦૦ પાઉન્ડની લાલચે બંદીખાનામાં જઇ વસવા અને ત્યાં જઈ કોઇ પણ જોખમે નિર્દોષ લાયનનો જાન બેમાલમ રીતે લેવા તેયાર થયો; અને જેલમાં જવા લાયક ગુનાહ પણ મતલબ ખાતર તે કરી ચુકયો. તેણે લીવરપુલના એક જાણીતા ઝવેરીની દુકાન ફાડી મોટી રકમના હીરા મોતીના દાગીનાની ચોરી કરવાની જાણી જોઈ તજવીજ કીધી અને તેમ કરતાં પકડાઇ જવાથી તેને પાંચ વરસનાં સખ્ત કેદખાનાની સજા કરવામાં આવી અને આવી રીતે તે લટખટ ઉઠાઉગીર લાયનની ઉધી સરજતનાં જોરે સ્ટોનબ્રીજનાં બંદીખાનામાં પણ તેનાં કમનસીબ કપાળે ચોંટવા પામ્યો હતો, અને આવી રીતે કમનસીબ લાયનના હડહડતા શત્રુઓમાં એકનો વધારો થયો હતો.

આ શત્રુનાં બદબખ્ત કદમ બંદીખાનામાં આવ્યા પછી લાયનના બાબમાં તેની સરજતે વધુ બુરૂં રૂપ લીધું હતું. તેના પોશાકનાં ગજવાંમાં ઘણીજ અજબ જેવી રીતે કેદખાનાની નાની, નજીવી પણ મનાઇ કીધેલી ચીજો લાયનની જાણ વિના દાખલ થવા પામી હતી. વળી અનેક વાર તેની કોટડીનાં બિછાના હેઠળથી પણ તરેહ કિસમની ચીજો છુપાવેલી વોરડરને હાથ લાગી હતી. કેદખાનાના ડેપ્યુટી–ગવરનરની ઓફીસમાં સરકારી મોહર કરવા માટેનું જે કિમતી સીલ રાખવામાં આવે છે તે પણ ત્યાંથી ઘણીજ ભેદભરી રીતે ગુમ થવાથી સત્તાવાળાઓનો શક કમબખ્ત લાયન ઉપરજ જવા પામ્યો હતો. તેમનો આ શક ખરોજ પડયો, કેમકે તે સીલ લાયનની કોટડીમાંનાં એક ખુણાંમાં છુપાવેલું સલામત મળી આવ્યું. આગલી નાની ચોરીઓ માટે તો લાયનને નાનીજ સજા કરવામાં આવી હતી, પણ સીલની ચોરી કાંઈ નાની યા નજીવી નહિ હતી, જેથી તે ચોરવા માટેની સજા પણ તેને તેવીજ સખ્ત ખમવી પડી હતી.

આ અને તેની આગલની સર્વે સજા તેણે અજબ જેવી ધીરજ સાથે ખમી હતી. સજાની વેદનાની જોડેજોડ આકેબતમાં એદેલીનને જીતવાની યાદથીજ તે જીવતો રહેવા પામ્યો હતો અને તે અસહ્ય વેદના સહન કરી શકયો હતો. પણ પોતાની ઉપરની આ નવી આફતથી તે એટલું તો જાણી શકયો હતો કે બંદીખાનાની તેની કંગાળ, કમનસીબ જીંદગી પણ તેના કોઈ છુપા શત્રુ યા શત્રુઓને અદેખાઈ ઉપજાવનારી થઈપડી હતી જેથી તે યા તેઓ તેને આવી હાડમારી વચ્ચે પણ જંપીને બેસવા દેતા નહિ હતા. પણ તેની આવી કંગાળ જીંદગીને બદતર કંગાળ બનાવનાર બદમાશ કોણ હતો? તેણે અનેક ખ્યાલો કીધા, પણ કોઈ પણ કેદીને પોતાને સતાવનાર તરીકે તે માની શકયો નહિ. સ્લીમ જીમ જે એક જમની માફક તેની પુઠે લાગ્યો હતો તેને તો તે પોતાનો સાચ્ચા ખેરખાહ તરીકે માનતો હતો. તે લુચ્ચા ઉઠાઉગીર ઠગે ભોળા, ભલા લાયનને પોતાની લુલીની લપલપીથી એવો તો આંજી નાખ્યો હતો કે લાયને તેનેબી પોતાના જેવો નિર્દોષ માની લીધો હતો અને પોતે જેમ કોઈ છુપા દુશમનના દગાનો ભોગ થઈ પડયો હતો તેમ તે સ્લીમ જીમના બાબમાં પણ માનતો રહ્યો હતો. સ્લીમ જીમ તેને ધારી ધારીને જોતો રહ્યો હતો અને તે તેના ઓળાની માફક તેની પુઠ પકડી રહ્યો હતો તે પણ

તેણે તેના દયાળુ ખવાસનુંજ પરિણામ માન્યું. અને આવી રીતે સ્લીમ જીમ લાયનનાં મન અને માનમાં દીન ઉગે વધારે અને વધારે ઉંડી જમ્યા લેતો ગયો, પણ બાપડા ભોળા લાયનને થોડીજ ખબર હતી કે ખેરખાહીનાં વસ્ત્રોમાં છુપાયલો તે બદમાશ તેનાં મોતનો કાસદ માત્ર હતો. નીલ લાયને નીચલી વાતચીત પોતાને કાનોકાન સાંભળી હોત તો તે બદમાશના હાથ ઉપર વધુ અને વધુ ફસતો તે બચત. પણ કુદરતની નેમ કાંઈ જુદીજ હતી. તેની નેમ હાલમાં લાયન જેવા નિર્દોષ ઉપર જુલિયન, ગંગાદાસ, રોદ્રીક અને સ્લીમ જીમ જેવા હડહડતા બદમાશોની બદમાશીને ફાવવા દેવાનીજ હતી.

"કેમ જીમ, તું અહિં કયાંથી?" તેજ દિવસે સ્ટોનબ્રીજની જેલમાં પગ મેળનાર બેદજર નામના કેદીએ બંદીખાનાની બાહર કામે જતાં ચોકીબાનની નજર ચોરાવી જીમને ધીમેથી સવાલ કીધો.

જીમ મોહડું મળકાવી બોલ્યો, "શું કરૂં યાર, પેટનું દોજખ ભરવાને ખાતર મને અહિં આવવું પડયું."

"એટલે?"

"એટલે એમ કે પેહલી હારમાં તું જરા નજર કર! તારી બાજુનો કેદી જે એક ખરેખરો ગબરૂ અને ખુબસુરત જવાન છે તે એક જાણીતા તાલેવંતના માર્ગમાં કાંટા અને કવચ સમાન છે. તેનો કોઇબી રીતે કાંટો કાહડવાની જરૂર છે, અને તેટલા માટે તેને તેના રસ્તામાંથી સદાનો દુર કરવાનું મેં બીડું ઝડપ્યુંછ."

"અને તેનો બદલો?"

"તેનો બદલો સાતસો પાઉન્ડ! કેમ મોહમાં પાણી છુટેછ કે? તુંને બી કાંઈ કમાવાની હોંસ છે? બોલી દે! જો તુંબી તેનો જાન લેવાનાં કામમાં મને મદદ કરે તો હું તુનેબી આખા સો પાઉન્ડ નવાજી દેઉં. કેમ કબુલ છે?"

"મારા ભાઈ! વળી એવી વાત તે કોણને કબુલ નહિ હોય? કબુલ, કબુલ, એક વાર નહિ, પણ હજાર વાર કબુલ!" બેદજર ઉસ્કેરાઈ જઈ બોલ્યો.

બંને બદમાશો વચ્ચેની આ દિલફરોશ વાત હાલ તુરત તો અહિંજ અટકી; કેમકે તેઓએ જોયું કે પોહરેગીર તેઓનીજ સામે બારે ડોળે ટીકતો હતો.

અરસુલાની જીંદગી જોખમમાં.

"જુલિયન એ તું દરરોજ સવારના પોહરમાં ન્યુસપેપરમાં માથું ખોસીને શું ધુણ્યા કરેછ? પેહલાં તો તું ન્યુસપેપરને આડી નજરે જોતોતોબી નહિ, પણ હમણાં એ બધો પાસો ઉલટાઇ કેમ ગયોછ? કાંઈ સમજ પડે!"

ઉપલો સવાલ લેડી ઓલ્દકેસલે પોતાના બેટા લોર્ડ ઓલ્દકેસલને પુછયો હતો. એ તો ખરૂંજ હતું કે જુલિયન આજ કાલ વર્તમાનપત્ર વાંચવાની અજબ ઉલટ ધરાવતો હતો, જોકે લાયનનાં બંદીખાને ગિરફતાર થવાની આગમચ વર્તમાનપત્રો વાંચવાનો તેને જબરો ધિક્કાર હતો. આથી અલબત્તાં, તેની માતા અજબ થાય એમાં નવાઈ ન હતી, અને આવી અજાયબિમાંજ તેણીએ એદેલીન સાથે લાયબ્રેરીવાલા ઓરડામાં દાખલ થતાં પોતાના બેઠાને વાંચવામાં ગુંટાયલો જોઈ ઉપલો સવાલ કીધો હતો.

"હા માયજી, આજ કાલ જરા એમજ છે. મને એ નવો શોખ ખરેખરો હમણાં હમણાંજ લાગોછ ને હું ધારૂંછ કે તમો તેથી ખુશી થશો," જુલિયને તાણી તોડી હસીને કહ્યું.

બંને માદીકરાની વાતચિત એડેલીન એક ચોપાનિયું વાંચતાં સાંભળતી હતી; તે પણ અજબ થવા વિના રહી નહિ. જોકે તે બાનુનું દિલ લાયન તરફની આ બંને માદીકરાની ચાલથી ખાટું થયું હતું, તોપણ તે લેડી ઓલ્ડકેસલને પોતાની માવતર તરીકે માન આપી તેની તરફ હજી ચાહ બતાવતી રહી હતી. આથી તેણીને તેણીની સાથે તાણી તોડીને પણ વાતચિતમાં ઉતરવાની ફરજ પડતી હતી.

"જુલિયન, આજનાં પેપરમાં કંઈ નવું છે કે?" એડેલીને હસીને જુલિયનને સવાલ કીધો.

એડેલીને પોતાના બેટાને હસીને કીધેલા સવાલથી લેડી ઓલ્ડકેસલની ખુશાલીનો પાર રહયો નહિ. તે સ્ત્રી હવે એવુંજ માનતી જણાઈ કે એડેલીન જુલિયનને ચાહતાં શિખી હતી; અને તેણીને ઉમેદ હતી કે એક વખત એવો પણ આવશે કે એડેલીન જુલિયનની પરણેતર બનશે. લેડી ઓલ્ડકેસલનો આ એક ખ્યાલ માત્ર હતો. પણ તે કેટલી હદ સુધી ખરો નિવડનાર હતો તે હવે પછી જોવાનું છે. એડેલીને જુલિયનને જે સવાલ કીધો હતો તે માત્ર જોકે એક સાધારણ સવાલ હતો, ભોળાઇમાં પુછાયલો સવાલ હતો, તોપણ તેણીના આ સવાલથી જુલિયન ધભરાવા વિના રહ્યો નહિ. આ સવાલથી તે તદન ફગલાઇ ગયો, અને આવીજ હાલતમાં તે સવાલનો જવાબ 'સસેકા તીન પાંઉ' કરી ગયો, અને એડેલીનનો સવાલ જાણે સાંભળ્યોજ નહિ હોય તેમ તેણે પેપરમાં પોતાની મુંડી ખોસેલી રાખી. એડેલીન તરફની તેની આવી બેદરકારીથી લેડી ઓલ્ડકેસલને ઘણો ગુસ્સો ઉપજયો, પણ પોતાના બેટાનો પાજી સ્વભાવ તે જાણતી હોવાથી તે બાનુ પોતાના બેટાને એક ટુકારો પણ કહી શકી નહિ. તે પોતાનાં મનમાંજ બળી જળીને બેઠી.

એડેલીને પણ અનેક વાર જોયું હતું કે જુલિયન દરરોજ ન્યુસપેપર મળતાંજ તેમાં માથું ખોસી બેસ્તો હતો અને જાણે કોઇ ચોકસ બાબતની શોધમાં હોય તેમ ચીપી ચીપીને તે વાંચતો હતો. એટલુંજ નહિ પણ તે બાબદ તેમાં પ્રગટ થવા છતાં જાણે તેની નજરે પડી નહિ હોય તેમ પાનાઓ એક કરતાં વધુ વખત ફેરવી ફેરવીને જોતો અને ત્યારે પણ તે બાબદ નજરે નહિ પડતી તો જીગરનાં છેક ઉંડાણથી એક નિસાસો નાખતો. જુલિયનને આવી હાલતમાં એડેલીનની ચંચળ નજરે અનેક વાર પકડી પાડયો હતો, પણ કમનસીબે એનો અર્થ તે ભોળી બાનુ સમજી શકી હતી નહિ. લેડી ઓલ્ડકેસલે પણ પોતાના બેટાની આ હાલત કાંઇ સેંકડો વાર જોઈ લીધી હતી, અને તેણીને બી તેની આ ફેરવાયલી અજબ જેવી ચાલથી ભારે તાજુબી ઉપજી હતી. પણ એ તાજુબીને તેણીએ પોતાનાંજ પેટમાં ડાટી રાખી હતી, અને જયારે એડેલીન સાથે લાયબ્રેરીવાળા ઓરડામાં દાખલ થતાંજ પોતાના બેટાને તેવીજ ભેદ ભરેલી સ્થિતિમાં તેણીએ ગુલતાન બનેલો જોયો ત્યારે કાંઇક રમુજી ઢબે તે માટે ટીકા કરવા વિના તે બાનુ રહી નહિ, કેમકે તેણીએ જોયું કે તેણીનો બેટો છેકજ અતેરૂં કરી રહ્યો હતો કે એડેલીનને દાખલ થતાં જરાબી આવકાર દેવાની તેણે જરૂર જોઈ હતી નહિ. એક તરફથી લેડી ઓલ્ડકેસલ પૈસા અને પ્યારની પુતળી એડેલીનને પોતાની વહુ બનાવવાની બાજી ખેલતી હતી ત્યારે બીજી તરફથી તેણીનોજ બેટો એડેલીન તરફ

આવી રીતનું ઠંડાપણું બતાવી પોતાની માતાએ રચેલી બાજીને બિગાડતો રહ્યો હતો. ગમે તેવી તે પક્કી અને દુનિયા ખાધેલી માતા વટીક સમજી શકી નહિ કે એદેલીનનાં જર અને જીગર જીતવા કરતાં તેને વધુ ઉમેદ તે બીજી શી હતી કે જેને લીધે એદેલીન તરફ તે આટલું બધું ઠંડાપણું બતાવતો રહ્યો હતો.

જ્યારે લેડી ઓલ્ડકેસલ અને એદેલીન જુલિયનના ઉપલા ભરમથી અંજાણ રહ્યાં હતાં, ત્યારે વાંચનાર તો અત્યાર આગમચનાં તે જાણી ચુકયાં હશે. જુલિયનને વર્ત્તમાનપત્રો વાંચવાનો શોખ એચિંતો ઉભરી નિકળ્યો હતો તેનો સબબ દુર શોધવા જવું પડે એમ નથી. લાયનની આ જેહાનમાંની હસ્તી તેની આંખોમાં કાંટાની માફક સદાની ખુંચતી રહી હતી, જેથી તેની જીંદગીના જમ તરીકે સ્લીમ જીમને સ્ટોનબ્રીજનાં કેદખાનામાં તેની પુઠે મોકલવાનો પ્રપંચ જે પળથી રચવામાં આવ્યો હતો, તે પળથી જુલિયન લાયનનાં મોતની કાગને ડોળે રાહ જોતો બેઠો હતો. પોતાના હરીફને લગતી આ ખબર વર્ત્તમાનપત્રમાં પ્રગટ થયલી જોવાને તે બહુજ આતુર અને ઇંતેજાર હતો પણ દિવસોના દિવસો વહી જવા છતાં તેની કશી ઘનનસલ તેમાં નહિ જણાવાથી તે સ્લીમ જીમ ઉપર બહુજ ગુસ્સે થતો અને પોતાનાં મનમાંજ ફફડી ચટકીને બેસતો.

આવી રીતે તે લાયનની જીંદગી ઉપર તાંપી રહ્યો હતો ત્યારે બીજી ગમ લેડી ઓલ્ડકેસલ અરસુલાના જાનની તરસી બની હતી. આપણે જાણયે છિએ કે અરસુલા એક કમનસીબ અકસમાતને લીધે ઓલ્ડકેસલ પાર્કમાં માંદગીનાં બિછાને સુતી હતી, અને જે ભેદ–ભરમ દુનિયાના લોકોથી, તેમાં ખસુસ કરી લેડી ઓલ્ડકેસલથી છુપ્યો રાખવા તે માંગતી હતી તેજ ભેદનું વળું કુદરતે તેજ બાનુ આગળ ખુલ્લું કીધું હતું. આ ભેદ મરનાર લોર્ડ ઓલ્ડકેસલ સાથના તેણીના અતલગના સંબંધને લગતો હતો. જે પળથી તે ભેદ લેડી ઓલ્ડકેસલ અરસુલાનાં મોહડેથી તેણીની બેભાનીમાં જાણવા પામી હતી તે પળથી તેણીનાં જીગરમાં એક એવી ચિંતાએ ઘર કીધું હતું કે જે ચિંતા ચિત્તા કરતાં પણ તેણીને વધુ ડરામણી લાગતી હતી. અરસુલા લોર્ડ ઓલ્ડકેસલની પહેલી અને ખરી હકદાર પરણેતર હતી, અને લાયન લોર્ડ ઓલ્ડકેસલનો વડો બેટો અને હકદાર વારેસ હતો એ ભેદ ખુલ્લો થવા પછી તેણીની અનેક બેચેનીમાં અતિશય વધારો થઇ ગયો હતો. આ વધારો કાંઈ નાનો સુનો નહિ હતો પણ તે એટલો તો ભયંકર હતો કે તેઓ બંને મા દીકરાને ઓલ્ડકેસલ પાર્ક અને તેને લગતી તમામ સાહેબી, માન ઇજત, દોર દમામ અને જાહોજલાલીને છેલ્લી સલામ કરી તેઓ બંનેને નાકદર દુનિયાની દયા ઉપર લટકવાનું હતું; કેમકે ખરી લેડી ઓલ્ડકેસલ તો અરસુલા હતી અને ખરો લોર્ડ ઓલ્ડકેસલ તો નીલ લાયન હતો.

લેડી ઓલ્ડકેસલે એટલું તો જાણી લીધું હતું કે તેણીના મરહુમ ખાવિન્દ લોર્ડ ઓલ્ડકેસલને લગતો સઘળો ભરમ માત્ર અરસુલા એકલીજ જાણતી હતી; નીલ લાયન પોતે તો તેથી બિલકુલ અંજાણ હતો. આથી તેણીએ ધાર્યું કે અરસુલાને અગરજો આ પૃથ્વીની સપાટીથી સદાની દુર કરવામાં આવે તો તેણીનું પોતાનું નખોદ વાળનાર ભેદ તેણીની સાથેજ સદાનો નાશ પામે. અરસુલાને એ ભેદ સાથે જીવતી રહેવા દેવામાં તે પ્રપંચી સ્રીને લાગ્યું કે પોતાને માટે અને પોતાના એકપુરા બેટા માટે જાણી જોઇ નામોશી અને નાચારીને આમંત્રણ કરવા સમાન હતું. આથી તેણીએ જે પક્કો ઠરાવ કરી રાખ્યો હતો તે એ હતો

કે અરસુલાનો જાન કોઇપણ રીતે લેવો અને તે આગમચ અરસુલા અને મરહુમ લોર્ડ ઓલ્ડકેસલ વચ્ચેના સંબંધનાં ખરાપણાં બાબે પોતાના વિશ્વાસુ માણસો મારફતે તપાસ ચલાવવી.

ત્યારે શું આ પ્રમાણે બંદીવાન નીલ લાયનની માતાની જીંદગી જોખમમાં હતી? તેણીની જીંદગીની કિસ્તી આ સંસારના તોફાની સાગરમાં લેડી ઓલ્ડકેસલ જેવા નાખોદાની પોસ્તપનાહ હેઠળ દામાડોલ સ્થિતિમાં પોતાની બાકીની મંજલ પુરી કરતી હતી? આપણે તે હવે પછી જોઇશું.

મેજર દોન્ત અને જુલિયન.

સ્ટોનબ્રીજનાં કેદખાનાનો ગવરનર મેજર દોન્ત પોતાનાં મકાનમાં બપોરનું ખાણું લેતો હતો તે વેળાએ જુલિયન તેની મુલાકાતનો આરઝુમંદ બની ત્યાં દાખલ થયો. મેજર બંદીખાનાની નજદીકમાંજ રહેતો હતો, જેથી જુલિયનને ઓલ્ડકેસલ પાર્કથી સ્ટોનબ્રીજ સુધી પોતાની જોડીની ગાડીમાં જવું પડયું હતું. તેને જેલના આ ગવરનર સાથે ઘણી સારી ઓળખ હતી અને ગવરનર તેની દોલત અને તેના અમીરી દરજાને ખાતર તેને સારૂં માન અકરામ આપતો હતો. વળી અનેક વાર જુલિયન પાસેથી મોટી મોટી રકમો ઉછીની લેવાને પણ તે ચુકયો હતો નહિ, જે રકમનો મોટો ભાગ જુલિયનનાં ખીસાંમાં પાછો ફરવા પામ્યોજ નહિ હતો. આવી રીતે જુલિયનના આભાર અને અહેસાનનો બોજ ગવરનર પોતાની ગરદન ઉપર લઇ ફરતો હતો. તે બડો ઠાવકો અને પક્કો હતો અને તક મળતે પોતાની મતલબ કહાડી લેવાને ચુકે નહિ તેવો હતો.

ખાણાંથી ફારેગ થવા પછી ગવરનરે પોતાના મુરબ્બી સમાન જુલિયનને દિલોજાનથી આવકાર દીધો, જે પછી કેટલીક એલારપેલારની વાતચિત થવા બાદ જુલિયને—જાણે તે કશાંમાં હોયજ નહિ તેમ—અછડતોજ સવાલ કીધો:—

"પેલો કેદી લાયન કેમ ચાલેછ વારૂ?"

આ સવાલથી મેજરે પોતાનાં ખભાં ચહડાવી જવાબ દીધો, "લોર્ડ ઓલ્ડકેસલ, હું કહેવાને બહુજ દલગીર છું કે તે બંધવો રફતે રફતે પોતાનાં ખરાં રૂપ રંગમાં માલમ પડતો જાય છે. શરૂઆતમાં તેની ચાલ ઘણીજ પસંદ કરવા જોગ હતી, પણ હાલમાં તેને અનેક વાર સજા કરવાની મને ફરજ પડીછ. તેણે એકથી વધુ વખત બંદીખાનાના કાયદાઓ તોડયાછ અને અનેક વાર બીજા કેદીઓ અને પોહરેગીરો ઉપર હુમલાઓ વટીક કીધાછ, એટલુંજ નહિ, પણ મનાઈ કરવામાં આવેલી ચીજોની ચોરીઓ વટીક તેણે કીધીછ."

નીલ લાયન માટે ગવરનરે આપેલી આ ખબરથી જુલિયનનો ચેહેરો ખિલી નિકળ્યો અને પુર ભરોસાથી તેણે માન્યું કે તેની મતલબ બર આવવાનો વખત હવે નજદીક આવતો જાય છે. જુલિયને પોતાની ખુશાલીનો ઉભરો જેમ તેમ દાબી દલગીર ચેહેરે એક વધુ સવાલ કીધો:-

"તે બંધવાની તબિયત કેવી છે?"

"હાલમાં તો ઘણી સારી છે; પણ વચમાં વચમાં તે બે ત્રણ વાર બિમાર પડી ગયો હતો. એક વાર તો તે મરતાં મરતાં બચ્યો હતો," મેજરે જુલિયનને લાયનની તબિયત માટે ખબર આપતાં જણાવ્યું.

પોતાના કટ્ટા શત્રુ અને પ્યારના હરીફ લાયનનાં મરવા તુલીક થવાની ખબર સાંભળતાંજ જુલિયનનું જીગર ખુશાલીની ધુંઈમાં ઉછળવા લાગ્યું. તે ખુશાલીનો પોકાર મારી બોલ્યો, "શું તે મરતાં બચી ગયો ? અરર ! તે કેમ ? તે કેવી રીતે ? તે બદમાશ કેમ બચી જવા પામ્યો ?"

ગવરનરે નીલ લાયન માટે જે ખબર જુલિયનને આપી તે એવી મતલબની હતી કે જ્યારે એક દિવસ બામદાદને વખતે તમામ બંદીવાનોને બિછાનું છોડવાનો વખત થયો તે વેળાએ લાયન બિદાર નહિ થવાથી તેને જગાડવામાં આવ્યો, પણ ફોકટ ! તે તો બિછાના ઉપર મુવાં મુરદાં જેવો પડેલોજ રહ્યો. તરતજ તબીબને બોલાવવામાં આવ્યો, જેણે એવું મત આપ્યું કે તે સોમળનાં ઝેરની અસરથી પીડાતો હતો. તેણે તુરતજ ઘણાજ ચાંપતા ઇલાજો શરૂ કીધા અને પુષ્કળ મેહેનત પછીજ તે કંગાળની જીંદગી બચવા પામી, નહિ તો જરૂર તે પેલી જેહાનમાં અત્યાર આગમચનો પોંહચી ગયો હતે. બંદીખાનામાં સોમળ કેમ અને કયાંથી આવવા પામ્યું તે માટે જોકે ઘણીબી તપાસ કરવાંમાં આવી, પણ તે બનાવ ઉપર કશુંબી અજવાળું પડવા પામ્યું નહિ. એમાં તો કશો શક હતો નહિ કે સોમળ તેના ખોરાકમાં ભેળેલું હોવું જોઇએ, પણ જ્યારે બીજા બંધવાઓનું ખાણું એ ઝેરથી બાકાત રહેવા પામ્યું હતું ત્યારે એજ એકલા બંધવાના ખોરાકમાં તે કેમ ભેળાવા પામ્યું એ એક મોટી અજાયબિ હતી. ગવરનરે આગળ ચાલતાં જે ખુલાસો કીધો હતો તે ઉપરથી માલમ પડતું હતું કે જે કેદીઓ બંદીખાનામાં દાખલ થવા પછી ઘણી સારી ચાલ ચલાવે છે તેઓને ઘણાંજ હલકાં અને વગર મેહનતનાં કામ ઉપર રાખવામાં આવે છે, તેવા બંધવાઓની ફરજોમાં કેદીઓની ચોકસ સંખ્યાને તેમનું ભોજન પુગાડવાની પણ એક હોય છે.

આ ખુલાસો સાંભળતાંજ જુલિયન પોકારી ઉઠયો, "ત્યારે જે રાતે લાયનને ઝેર આપવામાં આવેલું માનવામાં આવેછ તે રાતે તેને કયા બંધવાએ ખાણું પુગાડયું હતું તેની તમોએ તપાસ કીધી હશેની ?"

"હા !" ગવરનરે થોડોક વાર વિચાર કરી જવાબ દીધો, "હા, મેં એ બાબેની પણ જોસ્તેજુ ચલાવી હતી કેમકે મને તમારા જેવોજ શક શરૂઆતમાં ગયો હતો. પણ જે બંધવાએ લાયનને ખાણું પુગાડયું હતું તે બંધવો ખરેખર એટલી તો સારી ચાલનો છે કે તે આવું અઘોર પાપ કરવાની હિંમત કરે, એ હું કદી પણ માનું નહિ. તે છતાં મેં તે બંધવાની અને તેની કોટડીની બારીક તપાસ વટીક ચલાવી, પણ તેની ઉપર સેહજ પણ શક જાય એવી એક પણ નિશાની મળવા પામી નહિ. વળી એક બંધવો જીંદગીભરનું કેદખાનું ભોગવતા બીજા બંધવાને ઝેર આપેજ શા માટે ? લાયનને પુછતાં તો મને માલમ પડયું કે બંને વચ્ચે આગલો અણબનાવ તો શું, પણ આગલી પિછાન વટીક નહિ હતી."

ગવરનરનો આ સઘળો ખુલાસો જુલિયને કાંઈ અજબ ઉલટ અને ઉત્સાહથી સાંભળ્યો હતો. જે સારી ચાલના બંધવા માટે ગવરનર બોલતો હતો તે તેનો ભાડુતી બદમાશ સ્લીમ જીમ તો નહિ હોય ? અગરજો એજ તે હોય તો જુલિયન માટે કેવી અણહદ ખુશાલી !

"પણ વારૂ મેજર દોન્ત, તમો જે બંધવાની સારી ચાલચલણ માટે આટલા બધા ખાતરીપુર્વક છો તેનું કાંઈ પણ નામ હશેની ?" જુલિયને અજબ ઉલટ સાથે સવાલ પુછયો.

"તેનું નામ સ્લીમ જીમ છે, જેને લીવરપુલના એક ઝવેરીની દુકાન ફાડી ચોરી કરવાની તજવીજ કરવા માટે પાંચ વરસની સજા થઈ છે. પણ એ બંધવો તો ઘણુજ ભાર સાથે પોતાનું નિર્દોષપણું જાહેર કરેછ. હું તેનો એ એકરાર માનુંછ કેમકે એની હાલની ચાલચલણ એટલી તો વખાણુને લાયક છે કે એ બિચારો, જેમ બનતું આવેછ તેમ દગાનો ભોગ થઇ પડી બંદીખાનું સેહવતો હોય તો તેમાં કશી અજાયબિ નથી."

ગવરનરની આ ખબરથી જુલિયને છુટકારાનો દમ ખેંચ્યો. હવે તેણે લાયનનું મોત નજદીક આવેલું માની લીધું, જેની જોડેજોડ તેણે પોતાને એદેલીન રેનનો પ્યારો અને માનીતો ખાવિન્દ બનેલો પણ ધારી લીધો. તે અત્યાર સુધી તો એમજ ધારતો હતો કે સ્લીમ જીમને જે માહભારત ભાગ ભજવવા માટે મોકલવામાં આવ્યો હતો તે કામમાં તે પછાત પડયો હતો, પણ જ્યારે ગવરનરને મોહડેથી તેણે સ્લીમ જીમનાં માહભારત પરાક્રમની બીના કાનોકાન સાંભળી ત્યારેજ તેણે જાણ્યું કે સ્લીમ જીમ કાંઇ આળસુ બેઠો નહિ હતો પણ પોતાનું ધાર્યું કામ ગુપચુપ કરતો રહ્યો હતો. તે બંદીખાનામાં સુસ્ત બની બેઠો હતો નહિ, તે એટલે સુધી કે એક વેળા તો લાયનનો જાન તેનાં શરિરનાં ખોળિયાંમાંથી નિકળી જવાની અણી ઉપર હતો; પણ તબીબોની મજબુત માહવજતથી અને પોતાની લોખંડી દેહના પ્રતાપથી જુલિયનનાં કમનસીબે તે બચી જવા પામ્યો હતો. ગમે તે હોય પણ હવે તો તેનાં જીગરમાં નવી ઉમેદે ઘર કીધું. તેણે પુર ભરોસા સાથે માની લીધું કે લાયનનું મોત હવે નજદીક આવ્યું હતું, અને એદેલીનને પોતાની પરણેતર બનાવવાની ઉમેદના ખ્યાલોથી તે મધન મધન થતો હતો.

તેણે એક વધુ સવાલ કીધો, "મેજર દોન્ત, હું માનુંછ, કે લાયનનાં નામનાં એદેલીનનાં કાગળ પત્રો તમો લાયનના હાથમાં જવા દેતા તો હરોજ નહિ; તેમજ લાયનનાં પત્રો બંદીખાનાની બાહર જવા તો પામતાંજ નહિ હશે."

"બેશક! મારી ઉપર તમોએ ખાનગીમાં લખેલાં પત્ર પ્રમાણે ચાલવાને હું જેમ મારી ફરજ સમજુંછ, તેમ હું કાયદાને પણ માન આપુંછ. કાયદો એવો છે કે જે બંધવાઓ ખરાબ ચાલના હોય તેઓ કાગળ લખવાનો યા તેમનાં સગાંવાહલાંઓ તરફનાં કાગળો મેળવવાનો પોતાનો હક ખોહી દે છે."

ગવરનરના આ ખુલાસાથી જુલિયને મોહડું મલકાવ્યું.

પણ મેજરે તે તરફ લક્ષ નહિ આપતાં આગળ ચલાવ્યું, "પણ લોર્ડ ઓલ્દકેસલ, હું તો હવે માનુંછ કે વાહિયાત પ્યારમાં દીવાની બનેલી એદેલીને એક બદમાશ ખુની માટેનો પોતાનો દીવાનો ખ્યાલ છોડી દીધો હશે."

આ સાંભળી જુલિયને એક નિસાસો નાખ્યો. નાસિપાસીથી ગુંગળાતી છાતી સાથે તે બોલ્યો, "નહિ! નહિ! તે દીવાની સ્ત્રીએ તે ચંડાળ માટેનો ખ્યાલ હજી છોડયોજ નથી બલ્કે એદેલીનનો પ્યાર તો સામો વધ્યોછ! મેજર દોન્ત, મને પક્કી ખાતરી છે કે તે દીવાની સ્ત્રી તમારી મુલાકાત જરૂર લેશે અને પોતાના ખુની આશક માટે—"

બંને બદમાશોની વાત ઉપર અહિં પરડો પડયો. જુલિયન બંદીખાનાના ગવરનર સાથની આજની મુલાકાતથી બહુજ સંતોષ પામ્યો હતો. તેને લાગ્યું કે આજથી તેનાં નસીબનું ચક્કર તેની મરજી માફક ફરતું રહેનાર હતું. તે ઉઠયો. ગવરનર ખુશામતનું ખોળિયું બની મોટાં માનથી તેને નમ્યો અને જુલિયન આવી

રીતે મેજર દોન્તનું મકાન લાયનનું આવી બનવા માટેની ખુશાલીથી છલાછલ ઉભાતી છાતી સાથે છોડી ગયો.

આવી રીતે જવાન લોર્ડ ઓલ્દકેસલ પોતાનાં કામમાં સ્ટોનબ્રીજના ગવરનર સાથે ગુલતાન બન્યો હતો ત્યારે તેની માતા લેડી ઓલ્દકેસલ પોતાના ખાનગી ઓરડામાં પોતાનાં કાંઈ જુદાંજ છુપ્યાં કામમાં રોકાયલી હતી. જુલિયનનું કામ તો આપણે જોયું છે. હવે તેની માતા લેડી ઓલ્દકેસલ તરફ જરાક નજર ફેરવ્યે, અને જોઇએ કે તવંગરો ગરીબોને પોતાના પગ તળે કચડી નાખવાને, ચમટીમાં ચોળી નાખવાને કેવાં કેવાં ફોકટનાં ફાંફાં મારે છે! જુલમગારો મજલુમોને સતાવવાને કેવાં કેવાં પગલાં ભરે છે!

મેજર દોન્ત અને એદલીન.

જે દિવસથી લેડી ઓલ્દકેસલે અરસુલાનો ભરમ જાણ્યો હતો અને જે દિવસથી અરસુલા સાજી તાજી ઓલ્દકેસલ પાર્ક છોડી ગઈ હતી તે દિવસથી લેડી ઓલ્દકેસલ ઉંઘે ઉંઘાઈ હતી નહિ. રાત દીસની તેણીની ફીકર એજ હતી કે રખેને અરસુલા લેડી ઓલ્દકેસલ તરીકેનો પોતાનો અને લોર્ડ ઓલ્દકેસલ તરીકેનો લાયનનો હક સાબેત કરે અને તેમની જગોએ ચહડી બેસે. આથી તેણીએ અરસુલા અને પોતાના મરહુમ ખાવિન્દ લોર્ડ ઓલ્દકેસલ વચ્ચેના કહેવાતા આ અભાગ્યા સંબંધ માટે પોતાની પક્કી ખાતરી કરવાનો ઠેરાવ કીધો. તેણીએ જો એક વખત ઠરાવ કીધો, તો પછી તે ગમે એવો પણ હોય તોપણ તે કોઇ પણ જોખમે પડતો મેળે એવી કિસમની તે બાનુ હતી નહિ. તેણીએ પોતાના સોલીસીટરો અને આડત્યાઓ ઉપર કાગળો લખ્યાં હતાં અને તેઓને સાફ હુકમ કીધો હતો કે પૈસાના ગમે તેટલા ભોગે પણ કાગળમાં જણાવ્યા મુજબ ખરી બાતમી મેળવવી. આવી રીતે તેણીને બે કાગળો આ બાબદના સંબંધમાં મળ્યાં હતાં, જે વાંચવામાં તે તવંગર બાનુ પોતાના ખાનગી ઓરડામાં રોકાયલી હતી. તે બે પત્રો નીચે મુજબ હતાં:—

"રાઇટ ઓનરેબલ ધી બેરોનેસ ઓલ્દકેસલ જોગ:—

"ઘણીજ જેહમતભરી શોધખોળ પછી અમો કાંઇક પતો મેળવવાને સામર્થવાન થયા છિએ, અને તે એ છે કે મરનાર બેરન ઓલ્દકેસલ આશરે ૩૦ વરસની વાત ઉપર કેટલાક મહિનાઓ સુધી લાયનનાં નામ હેઠળ લંડનમાં રહેતો હતો. આ બીના સાબેત કરવાને બે સાક્ષીઓ મેળવવામાં આપણને કશી મુશકેલી પડનાર નથી. તમો તરફના વધુ હુકમ માટે અમો ઈંતેજાર છિએ."

આ એક ટુંકો કાગળ હતો, જેની હેઠળ બ્લુમ્સબરીના સોલીસીટરો હોરનેટ અને વીલકોક્ષની સહી હતી. આ કાગળ વાંચતાંજ તે બાનુનો ચેહેરો ફિક્કો મારી ગયો. તેણીએ બીજો પત્ર પોતાના ધુજતા હાથમાં પકડ્યો. તે નીચે મુજબ હતો:—

"રાઇટ ઓનરેબલ ધી લેડી ઓલ્દકેસલ જોગ:—

"જુના પુરાણા રેજીસ્ટર ચોપડાઓ તપાસવાથી મને માલમ પડે છે કે ત્રીસ વરસ અને દશ માસ આગમચ જોન લાયન અને અરસુલા હેરીસ—જે ઇરહામનાં હેપવર્થબરી નામનાં પરાંની રહેવાસણ હતી—તેઓ વચ્ચે એજ પરાંનાં એક દેવળમાં લગ્ન થયાં હતાં.

અરસુલાના વહવાઓ એજ પરાંમાં ત્રણ ચાર પેઢીઓ થઈ વસતા હતા, જયાં તેઓ હમણાં હટાયલા પડેલા છે. જોન લાયન એ પરાંમાં જણાયલો નહિ હતો. તે પોતાને લંડનના વેસ્તમીન્સતરવાલા લતાના રહેવાસી તરીકે ઓળખાવતો હતો."

આ એક નાનું કાગળ હતું, પણ તે લેડી ઓલ્દકેસલની ઉમેદને સદાનું કચડી નાખનારૂં હતું. તે હતી તે કરતાં હવે વધુ ફિક્કી ફચ બની ગઇ; કેમકે તે જાણતી હતી કે ઉપલાં કાગળમાં લગ્ન થવાની જે મુદત લખવામાં આવી હતી તે વખતે મરહુમ લોર્ડ ઓલ્દકેસલ વેસ્તમીન્સતર ખાતેજ રેહતો હતો.

તે નિસાસો નાખી બોલી ઉઠી, "અરે! અરે! મારી ઉપર આ કેવી ન ધારેલી નવી આફત!" આટલું બોલી તવંગરીની તકોબરીમાં મરી ચરી રહેલી તે સ્ત્રી ઘણાં વમાસનમાં પડી અને ત્યાર બાદ જાણે તે એકજ ઠરાવ ઉપર આવી હોય તેમ મોટેથી પોકારી ઉઠી, "બસ! બસ! મારે જવુંજ જોઇએ. મારે હેપવર્થબરી ખાતે જવુંજ જોઇએ અને મારે—"

પૈસામાં પોખાયલી, પણ હાલમાં લાચાર બનેલી તે સ્ત્રી વધુ આગળ બોલી શકી નહિ. તે ધ્યાનમાં અને ધ્યાનમાં કાંઇ બોલવા જતી હતી, તેટલાંમાં તેણીનું ખોવાયલું ભાન પાછું આવ્યાથી તે આગળ બોલતાં અટકી ગઇ.

આવી રીતે લેડી ઓલ્દકેસલ અરસુલા તરફની પાપભરી હિલચાલમાં મસ્ત બની બેઠેલી હતી, ત્યારે એદેલીન જુદીજ ફરજ બજાવવાને ઓલ્દકેસલ પાર્કમાંથી બાહેર પડી હતી. તેણીએ નીલ લાયન ઉપર બંદીખાનામાં અનેક કાગળો લખ્યાં હતાં, પણ તેમાંનાં એકનો પણ જવાબ ફરી નહિ વળવાથી તે રૂપસુંદરી બહુજ નાસિપાસ બની ગઇ હતી. આથી તેણીની મતલબ સ્ટોનબ્રીજના ગવરનર મેજર દોન્ત પાસે જઈ આ બીનાની બાતમી મેળવવાની અને પોતાના પ્યારા લાયનની હાલત જાણવાની અને બને તો તેને નજરે જોવાની હતી. મેજર દોન્ત તેણીના મરહુમ પેદર કરનલ રેનનો જીવેજાનનો દોસ્ત હતો અને હાલમાં ગવરનર તરીકે જે સુખવાસી ઓધો તે ભોગવતો હતો તેને માટે પણ તે તે મરહુમનેજ આભારી હતો, કેમકે તે મરનારની મેહનતથી મેજર બંદીખાનાના ગવરનરની પદવીએ પુગ્યો હતો. કરનલ રેનની હૈયાતીમાં હેન્સબરી ઍબીમાં ગવરનરની પધરામણી ઘણીજ સાધારણ થઈ પડી હતી જયારે તે એદેલીન અને દોરાને એક બાપનાં વાહલથી ચાહતો હતો, અને એ બંને બેહેનોબી તેને એક બાપ તરીકેજ માન આપતી હતી.

એદેલીન મેજર દોન્તનાં મકાનમાં દાખલ થઈ ત્યારે જુલિયન તરતનોજ ત્યાંથી બાહર પડી જુદેજ રસ્તે ઓલ્દકેસલ પાર્ક તરફ હંકારી ગયો.

એદેલીનને જોતાંજ ગવરનર ચોંકયો. તેનું ચોંકવું અજાયબિનું હતું. તેણે એદેલીનને તેણીના બાપના વખતમાં જોઈ હતી તે વખતે તો તે એક નિર્દોષ બાળકી હતી, પણ હાલમાં ગવરનરની નજરે જુદોજ મામલો નજરે પડયો. તેણે પોતાની સામે એક નવજવાન નારને ખુબસુરતીના પુર બહારમાં અને જોબનના મદમાં ખિલેલી ફુલની એક નાજુક કળીની માફક અને સીધી સરોવર જેવી ઉભેલી જોઇ. શું તે તેજ એદેલીન હતી જેણીને તેણીના બાપનાં મકાનમાં એક બેટી તરીકે અને એક બાપનાં વાહલથી તેણે એક વેળા ચાહી હતી? શું તે તેજ રાતા માતા ગાલનું બાળક હતું જેણીના ગોલાબ સમ ગાલો ઉપર મેજરે અનેક વાર હેતની ચુમીઓ લીધી હતી? શું તેજ તે બાળક હતું કે જે વર્ષો પછી એક નવજવાન નારીના,

સુંદર અવતારમાં બદલાઈ તેની નજર સામે આજે ખડું હતું? શું તે તેજ બંને આંખો હતી જે નિર્દોષ આંખો વર્ષો આગમચ મેજરને એક બેટીનાં વાહલથી જોતી રહી હતી, જ્યારે આજે તેજ મેજર તેજ આંખોમાં ખુની નીલ લાયન માટેની મોહબત શુક્ર સેતારાની માફક ચળકતી જોતો હતો? એજ તે ભોળી, ભલી રૂપસુંદરી હતી જે ખુનનાં નામથી સો કદમ હેબત અને ધસકની મારી પાછળ હઠતી હતી પણ આજે એક ખુનીનેજ તે પોતાનું જીગર અને જાન અર્પણ કરી ચુકી હતી. એદેલીનમાં વખતના એજમતી હાથોએ કેટલો બધો ફેરફાર કરી મેજયો હતો?

"મીસ રેન, મારી ઉપર આ તમારો કેટલો બધો ઉપકાર! તમારાં પનોતાં કદમ મારાં મકાનમાં આવવાથી ખરેખર તે પાવન બન્યુંછ!"

એદેલીને પોતાને માટેના આ સખુનોથી હસીને મેજરનો ઉપકાર માન્યો. તેણે જોયું કે એદેલીનના હસવામાં આગલું નિર્દોષપણું ગુમ થયું હતું. તે નિર્દોષપણાંની જોડેજોડ મોહબત અને પ્યારનો અંશ ભેળાયલો હતો, અને તે મોહબત પણ કોણ માટે? એક ખુની માટે. હિચકારાપણે એક અશકત અને લાચાર બુઢાનું ખુન કરનાર ખુની માટે. પોતાનાં કારખાનામાંના એક કમીના નોકરને દોલત અને ખુબસુરતીની રાણી પોતાનો પ્યાર બક્ષે એ તે કેવી અજાયબિ! એક કરોડપતી બાઇ એક ભીખારી જેવા ગરીબને ચાહી શકે એ કેવો મોજેજો! મેજરને લાગ્યું કે એદેલીનનું આ પગલું આખી દુનિયાનાં તવંગરોનું 'લાઇબલ' કરવા સમાન હતું; ખુબસુરતી અને લક્ષમીની દેવીઓને અપમાન કરનારૂં હતું.

"મેજર દોન્ત, હું શા માટે અહિં આવીછ તે તો તમો જાણી ચુકયા હશો," એદેલીને સવાલ કીધો.

મેજરે જવાબમાં ડોકું ધુણાવ્યું અને એદેલીને આગળ ચલાવ્યું, "હું તમારા એક બંધવા નીલ લાયન માટે આવીછ. તમો જાણતા તો હોવાજ જોઇએ કે તે નિર્દોષ જવાન માટે હું બેહદ કાળજી ધરાઉંછ. આ જેહાનમાં તે બિચારાનો તમામ આધાર હુંજ—"

તેણીનું નાજુક હૈયું અહિં ભરાઈ આવ્યું. તેણીની પ્યારભરી આંખોમાંથી નવધાર આંસુઓ સફેદ મોતીની માફક તેણીના મખમલી ગાલો ઉપરથી ગબડી જોબનના બહારમાં ખિલેલી તેણીની છાતી ઉપર ટપકવા લાગ્યાં. આ દેખાવ ચિતારાની પીછિને લાયક હતો. તે વેળાએ એદેલીન એક જોવા જોગ ચિત્ર જેવી બની હતી. આ વેળાએ મેજરે જોયું કે તેણીની ખુબસુરતી હતી તે કરતાં બેવડી, ચોવડી ખિલી નિકળી હતી. તેણે જોયું કે તે સ્ત્રી એદેલીન નહિ હતી, પણ એદેલીનનાં સ્વરૂપમાં ગોયા પ્યારની દેવી પોતે તેની સામે ઉભી હતી. કાળાં શોકનાં વસ્ત્રોમાં સજ થયલી આ ચેહેરેનમુન બાનુનો રૂપાંનાં પતરાં સમાન ચેહેરો ગોયા કાળાં વાદળાંમાંથી હમણાંજ બાહેર નિકળેલા નુરમંદ આફતાબનો આબાદ ખ્યાલ આપતો હતો. મેજરે ઘણુંબી ઇચ્છયું કે પોતાની સામે એક નિર્દોષ બચ્ચાંની માફક ડચકાં ખાતી આ રૂપસુંદરીની આંખોમાંથી ગાલ ઉપર ગબડી પડતાં આંસુઓ કોઇ પણ રીતે તે અટકાવે. એદેલીનને રડતી જોઇ મેજરનું હૈયું પણ ભરાઈ આવ્યું અને અગરજો તે વેળાએ એદેલીને પોતાનું બોલવું ચાલુ નહિ કર્યું હોત તો મેજર પણ રડી પડયો હોત.

"સાહેબ, હું જાણુવા માંગુંછ કે મારો તે પ્યારો—અરે નહિ, તમારો તે બંધવો બિલકુલ સારી તંદરોસ્તીમાં તો છેની?"

"હા, હાલમાં તો તે ઠીક હાલતમાં છે," મેજરે કાંઇક આનાકાની સાથે જવાબ દીધો. તેના આ જવાબથી એદેલીને પોતાના બે સફેદ બરફ જેવા હાથો આસમાન તરફ ઉંચા કરી ખુદાની શુકરગુજારી કીધી, "હું ખુદાના શુક્રાના કરૂંછ કે તે સારી હાલતમાં જીવેછ. હું તો બીહતી ધુજતી રહી હતી કે તે બિચારો બીમાર હશે! અરે તેની તંદરોસ્તીના રૂડા સમાચાર જાણવાને હું કેવી કેવી આતુર હતી, ચિંતાતુર હતી! મેજર સાહેબ, તે જોકે મારી નજરથી દુર છે, પણ મારાં દિલની આંખોથી દુર નથી. તે જવાનની મુર્ત્તિ મારાં દિલમાંજ છે, મારી આંખોમાંજ છે. હમણાંબી હું તેને જોઉંછ! જાગૃત હાલતમાંબી હું તેને જોઉંછ! તેમ ખ્વાબમાંબી હું તેને જોઉંછ! સાહેબ, તે તવંગર નથી, તે ગરીબ છે, પણ તવંગરી દોલતની નથી, પણ મોટાં દિલની છે, ઉદાર મનની છે. તે કેદખાનામાં પડેલો છે, બંધવો છે, ખુની છે, પણ ખરેખર બાળક જેવો નિર્દોષ છે."

તે એક પળ ચુપ રહી. મેજર તો તેણીને આવી રીતે બોલતી સાંભળી ઠંડોજ થઈ ગયો. એદેલીનની જબાન હતી કે તલવાર? તે કરનલ રેનની નાની, લાડકવાઈ બેટીજ હતી કે કોઇ દુનિયા જોઈ વલેલી નાઝનખરાંવાળી નાટકકાર સ્ત્રી હતી?

"ભલા મેજર દોન્ત, હું તમારા તે બંધવાને ચાહુંછ! તે મારી બળતી જળતી જીંદગીનો એકપુરો ચેરાગ છે. અરે સાહેબ! તેના જાનને જરાબી અલવલ પુગી તો મારૂં નાજુક હૈયું ભાંગી કકડા બુકલા થઈ જવા વગર રહેશે નહિ. મેં તેને મારો ખાવિન્દ બનાવવાની કબુલાત આપીછ ને તે કબુલાત મારા સો જાનના જોખમે પણ પાળવાનો મેં ઠરાવ કીધોછ."

ગવરનર તો બસ એદેલીનના આવા પ્યારથી સુનો સાવજ જેવો બની ગયો. તેણીનાં મોહડાંમાંથી લાયન માટે જાણે મધ અને શાકરના શીશાજ વહેતા હતા. તે મહા મુસ્કેલીએ પોતાનો જુસ્સો દાબી દઇ બોલ્યો, "મીસ રેન, તમો તો જાણતાં હશો કે તે બંધવાને રોજર દીર્પીગનું ખુન કરવા માટે આખી ઉમર સુધીનાં કેદખાનાની સજા કરવામાં આવીછ તો તમો તમારી ગાંડી ઘેલી કબુલાત કેમ પાળી શકશો?"

એદેલીન એક નિસાસો નાખી બોલી, "સાહેબ, હું તે જાણુંછ, હું તે સઘળું માનુંછ! પણ અફસોસ કે મારૂં આ અંતઃકરણ તે માનતું નથી. સાહેબ, શું વીસ વરસનું કેદખાનું ભોગવ્યા પછી તે મને નહિ મલી શકશે?"

"બીજા બંધવાઓના બાબમાં એમ બની શકે; ખુનીઓ યા બીજા ગુનેહગારો જેઓને સારી ઉમર ભરનાં કેદખાનાની સજા કરવામાં આવેછ તેઓ સારી ચાલચલણ અખત્યાર કરેછ તોજ તેઓને વીસ વરસની મુદત પછી બંદીખાનામાંથી છુટા કરવામાં આવેછ, પણ તે તો સારી ચાલનાજ બંધવાઓ માટે."

એદેલીન ગવરનરનો ચેહેરો જોતીજ ઉભી. તે સમજી શકી નહિ કે તે શું કહેવા માંગતો હતો. ગવરનર તે સમજી ગયો. તેણે તેણીને પોતાની પાસેની ખાલી બેઠક ઉપર બેસવા જણાવી વધુ ખુલાસો કીધો, "બાનુ, ઘડીભર લાયન વીસ વરસ સુધી કેદખાનું ભોગવી છુટેબી તો તેટલી મુદત શું તમો બંનેનો બુઢાપો લાવવાને પુરતી નથી?"

એદેલીન આ સાંભળી હસી પડી બોલી, "ત્યારે શું પ્યાર અને મોહબત જે ખુદા તરફની આલા દરજ્જેની બક્ષેસ છે તે માત્ર જવાની માટેજ છે, બુઢાપા માટે નથી? મેજર સાહેબ, પ્યાર અને હવસમાં મોટો તફાવત છે."

"પણ મારો વાંધો એટલોજ છે કે આટલી લાંબી મુદ્દત સુધી કોઇ પણ સ્ત્રીએ પોતાની જવાનીને શા માટે બાળી નાખવી જોઇએ, પછી જે જવાન ઉપર તેણીનું દિલ લાગ્યું હોય તે જવાન આખી દુનિયાનો શેહનશાહ હોય યા ફરેસ્તો હોય તો શું થઇ ગયું?"

એદેલીન ચુપ બેઠી. તે બાનુ એકી તગરે નીચી મુંડીએ જમીનને ટીકતી બેસીજ રહી. મેજર તો એમજ સમજ્યો કે તેની સમજાવટ તેણીનાં ભેજાં અને અંતઃકરણમાં અસર કરી શકી હતી! પણ શું એમ બન્યું હતું? જોઇશું.

મોહબતની જાળ પાંથરવાની બાજી.

મેજર દોન્ત ભુલતો હતો. તેની સમજાવટથી તો એદેલીનનો પ્યાર લાયન તરફ ઘટવાને બદલે સામો વધ્યો હતો. તે બાનુ મજબુત ઠરાવથી બોલી, "મેજર દોન્ત, વીસ વરસ તો શું પણ વીસ જમાના સુધી લાયન જેવો ખાવિન્દ મેળવવા માટે થોભવામાં હું માન સમજીશ. પણ હું જાણુંછ કે એટલાં બધાં વરસ થોભવાની મને જરૂર પડવાનીજ નથી, કેમકે લાયનનું નિર્દોષપણું જાહેરમાં આવવાને ઝાઝો વિલંબ લાગવાનો નથી. મેં મારા ખર્ચે છુપા દીતેકતીવો ચોમેર ફરતા રાખ્યાછ, જેઓ મને ખાતરી આપેછ કે થોડા વખતમાં લાયનને બેગુનાહ તરીકે તેઓ સાબેત કરી શકશે; જેથી હું હમણાંથીજ લાયનની આફતનાં સિહા વાદળ ઉપર ઉમેદનું કિરણ પ્રકાશતું જોઉંછ!"

ગવરનર એદેલીનનો મિઠો, મધુર આવાજ સાંભળતો, અને તેણીનાં મોહડાંના અને હાથના ચેનચાળા જોતો મુછમાં હસ્તો હતો, એવી મતલબથી કે લાયન કોઈ કાલેબી બેગુનાહ સાબેત થવાનો નથી અને તેનો ગુનાહ એટલો તો જબુન હતો અને કેદખાનામાં તેણે એવી તો ખરાબ ચાલ ચલાવી હતી કે તેની બાકીની જીંદગી કેદખાનામાંજ પુરી થવાની હતી. અગરજો વીસ વરસનું કેદખાનું ભોગવ્યા પછી છુટો થવાની તેની સરજત પણ હોય તોપણ તેટલી અસાધારણ મુદ્દત સુધી એદેલીન જેવી જવાન બાનુ થોભી શકે એ નહિ બનવા જેવો બનાવ હતો. એક બાજુથી તે આવી રીતે મુછમાં હસ્તો હતો, જ્યારે બીજી ગમથી તે ખરાં અંતઃકરણથી દલગીર હતો કે આવી ખુબસુરત, આવી નવજવાન, આવી સદ્દગુણી અને સેવટે આવી તાલેવંત રૂપસુંદરી એક ખુની જેવા બદમાશ તરફના પ્યારમાં દીવાની બાવરી બની પોતાનાં ચળકતાં ભવિષ્યનું અને પોતાની ખિલતી જવાનીનું જાણી જોઇને નખોદ વાળતી હતી! ગોયા લાયને કાંઈ જાદુઈ જોરે તે બીચારીને પોતાની મોહિણીમાં લાઇલાજ કરી મેળી હતી. મેજરને મોટો બળાપો થયો કે ખુબસુરતીની તે રાણી આ પ્રમાણે સત્યાનાસી અને ખાનાખરાબીની ખાહીની કિનારી ઉપર આગળ યા પાછળ જોવા વિના તે બદમાશ ખુનીની રાહ જોતી ઉભી હતી, જ્યાંથી દર પળે ગબડી પડવાની દરેક ધાસ્તી છતાં તે ભોળી બાનુ મક્કમ ઠરાવથી કોઈની પણ સમજાવટની દરકાર કીધા વિના ખડી હતી. ખરેખર, એદેલીન ભય ભરેલી સ્થિતિમાં હતી, પણ તેણીની આંખો ઉપર આંધળી મોહબતના પાટા ફરી વળ્યા હતા. ખરેખર, નબળી સ્ત્રી જાતનું દિલ જ્યારે એક મર્દ ઉપર દોડે છે ત્યારે તે મર્દ કરતાં પણ મજબુત ઠરાવની બને છે. એદેલીનનો હાલ પણ એવોજ હતો; પણ

આવી રીતે તે ખુબસુરત બાનુનાં મોહડેથી એક ખુની માટે સાચી મોહબતના વફાદારી ભરેલા સખુનો નિકળે તે મેજર જેવો તુમાખી શખ્સ કેવી રીતે સહન કરી શકે? આથી તે બંધવા લાયનને તેણીનાં મન અને માનમાં નીચો પાડવાના ઠરાવથી બોલ્યો, "બાનુ, તમારૂં દિલ જખમી કરવા માટે હું બેહદ દલગીર છું, પણ મારે તમોને જણાવવું જોઇએ કે બંદીખાનામાં તમારા લાયને જે વર્ત્તણુંક ચલાવીછ તે જોતાં હું ખુદાને હાજર નાજર જાણી કહુંછ કે તે બંધવો કદી પણ બંદીખાનામાંથી જીવતો બાહર આવવાનો તો નથીજ."

"કાંય? કાંય? એનો કાંઇ સબબ? શું સારી ચાલના બંધવાઓને વીસ વરસની મુદત પછી છોડી મેળવાનો કાયદો નથી?" એદેલીને કાંઇ અજબ જીજ્ઞાસાથી પુછ્યું.

"હા, પણ બાનુ, તમારા હાથનો તે ઉમેદવાર સારી ચાલચલણનો નથીની. મીસ રેન, હું કહેવાને ઘણોજ દલગીર છું કે લાયને બંદીખાનામાં આવ્યા પછી બિલકુલ સારી ચાલ ચલાવી નથી. તેણે પોતાને લુચ્ચા, બદમાશ તરીકે, એક ચોર, દગાખોર તરીકે સાબેત કીધોછ!"

એદેલીન આ સાંભળી એક છેડાયલી વાઘણની માફક છળાંગ મારી ઉઠી બોલી, "નહિ! નહિ! મારો તે પ્યારો એવો છેજ નહિ. સાહેબ, હું ખાતરીથી કેહુંછ કે મારા લાયનને ચોર, દગાખોર કહેનારાઓ પોતેજ બદમાશ છે. સાહેબ, તમારી કાંઇ એમાં ભુલ હશે. મારો તે વિરલો બિલકુલ સાફ છે, નિર્દોષ છે!"

"બાનુ, તમારૂં દિલ રન્જીદા કરવા માટે હું બેહદ દલગીર છું, પણ જેમ તમો ધારોછ તેમ હું ભુલતો નથી. મેં પોતે લાયનને સજા ફરમાવી છે અને તે સજા તેણે પુરતી સબુરી સાથે ખમી છે. માફ કરજો બાનુ, પણ બંદીખાનાના કાયદા કાનુનને માન આપવાની મારી પહેલી ફરજ છે."

આ સાંભળતાં એદેલીન પોતાના હાથને ખુરસીનો ટેકો આપી મીનનાં એક પુતળાંની માફક ડઘાઇ, ફગલાઇને ઉભીજ રહી. લાયનને થયલી સજાનાં નામથીજ ગોયા તેણીની છાતી બેસી ગઇ. તે સુની સાવજ અને મુંગી મંતર બની ગઇ હતી. તેણીની છાતી ધગધગતા અંગાર ઉપરનાં પાણીની માફક ઉકળી રહી હતી. તેણીનાં અંતઃકરણમાં ઉછાળા મારતા આ સઘળા જુસ્સા મેજર દોન્ત જોઇ શકતો હોવાથી એદેલીન જેવી પ્યારની પુતળી માટે તેને બહુજ લાગી આવ્યું. તેણે જોયું કે તેણીની આ સઘળી વેદના, તેણીના જુસ્સાઓ વચ્ચેની આ સઘળી લડત પેલા બદમાશ ખુની લાયન માટે હતી, જેથી તેને લાયન ઉપર એવી તો ચીડ ચહડી કે એદેલીનનું મગજ પ્યારમાં ચકભમ કરવા માટે તે તેની ડોકીજ મરડી મેળે! આ માટે તે કાંઈ બોલવા જતો હતો, એટલાંમાં એદેલીનનાં બોલવાથી તે ચુપ રહ્યો અને કાંઈ અજબ ખેંચાણથી તેણીનો મિઠો, માનીતો સાદ સાંભળતો ઉભો.

"સાહેબ, હું ખાતરીથી માનુંછ કે એમાં કાંઈ તમારી ભુલજ છે, કેમકે મારો નીલ લાખમાં એક મલે એવો અમીર બચ્ચો છે. તે દુઃખે દીવાનો બન્યોછ પણ સાચ્ચો, સુધ્ધો અને શ્યાનો છે. અરે! તે એવો તો સદગુણી છે કે તે ચોરી કરે, તે નાફરમાન બને એ હું માની શકુંજ કેમ? મેજર દોન્ત, બોલો! ખુદા ખાતર બોલો! તમારી પાસે એવી કઈ સત્તા છે કે જેની રૂએ મારા તે પ્યારાને તમો બચાવી શકો, તેની તરફ તમારી મદદનો હાથ લંબાવી શકો!"

મેજર ધીમેથી પણ લગાર ધિક્કારથી હસ્યો, અને કાંઇ જુદીજ લાગણી અને જુદાજ જુસ્સા સાથે તે તેણીને માથાંથી પગ સુધી ટીકવા લાગ્યો. એદેલીનને આ ગમ્યું નહિ. તે નિર્દોષ બાનુ શરમાઇ ગઈ. મેજર પોતાના કયા ખ્યાલોમાં રમતો હતો તે તે સમજી શકી નહિ.

ધણી ધણીઆણી.

ખરેખર, એદેલીન મુદલ સમજી શકી નહિ કે ગવરનર મેજર દોન્તનું અંતઃકરણ કેવી જાતના બુરા ખ્યાલોથી છળાછળ બન્યું હતું. તેણી ભોળી હતી, સદ્ગુણની રાણી હતી, એટલે તે અમલદારનાં મનના બુરા ખ્યાલો વિષે તેણીનાં મગજમાં કાંઇપણ શક દાખલ થઈ શકે નહિ, એ બનવા જોગ હતું. તેણી તેનો હાથ પકડી બોલી, "મી૦ દોન્ત મારી પર એટલીજ નવાજેશ કરો કે મને મારા લાયનને ફક્ત થોડીજ પળ ભેટવા દેઓ. અરે! તેને મળવાને, તેને મારી છાતી સાથે દાબવાને હું કેવી, કેવી ટવળું છ!"

એદેલીનના આ શબ્દો મેજરના કાનને એટલા તો ઝેહર જેવા લાગ્યા કે તેણે ઇચ્છયું કે આ શબ્દો એદેલીનનાં મોહડાંમાંથી બાહર નિકળવાને બદલે તે તેણીનાં ગળાંમાંજ ખુંટી બેઠા હોત! મેજર સાહેબને જોકે તે શબ્દોથી ગુસ્સો તો ઘણો લાગ્યો, પણ તે ગુસ્સાનું આબ હાલ તરત તો પી જવા સિવાય તેની પાસે બીજો કશો ઇલાજ હતો નહિ. તેણે ઠંડે પેટે જવાબ દીધો, "બાનુ, હું કેહવાને દલગીર છું કે તમારી આ અરજ હું કબુલ રાખી શકતો નથી. એ સિવાય તમારી ગમે તેવીબી બીજી અરજ હશે તે માથે ચહડાવવાને હું તૈયાર છું."

પણ બીજી કોઇબી અરજ તેણીએ કીધીજ નહિ; કેમકે તેણીની મુળ મતલબ પોતાના જાનથી વધુ પ્યારા લાયનને મળવાની હતી, અને જ્યારે તેણીની આ અરજ સ્વિકારવામાં આવી નહિ તો બીજી નવી અરજની તેણીને લેશ ભાર પણ પરવા હતી નહિ. તેણી ઉઠી; એક પણ બોલ બોલવા વિના ઉભી થઈ, અને ગવરનરને છોડી જવાની તૈયારીમાં હતી તેટલાં તેણે તેણીને અટકાવી કહ્યું, "બાનુ, આ તમારા કેવા બુરા હાલ! આ તમે કેવી બુરી આફત જાણી જોઇ તમારે માથે હોરી લીધીછ! બાનુ, યાદ રાખજો કે તમોએ એક હડહડતા બુરા ખુની ઉપર તમારો પ્યાર ખચિતજ બરબાદ કીધોછ! એક વખત એવો આવશે કે તમારા દીવાના પ્યારનું પરિણામ તમારાં માન પામેલાં કુટુંબને ઘણું હિનપસ્તીમાં લાવી નાખનારૂં નિવડશે અને તેના જાલેમ ફટકાની અસરથી તમારાં આખાં કુટુંબને ભોંયમાં ભરાવું પડશે. અરે! આથી તમારા મરનાર ભલા બાપનું રૂહ કેટલું બધું કમકમશે!"

એદેલીને આ ઘાતકી શબ્દો ઘણાજ કમકમાટ અને ધિક્કાર સાથે સાંભળ્યા, તેણીએ ભારે તિરસ્કારથી મેજર તરફ નજર કીધી અને એક પણ બોલ બોલવા વિના તથા મેજરને સાહેબ સલામ કીધા વિના તે જગ્યા મોટા ખીજવાટ અને ભારે કચવાટ સાથે છોડી ગઈ.

તે ગઈ. મેજરને લાગ્યું કે તે તેની નજર આગળથી સદાની ગુમ થઈ, પણ બીજીજ પળે તે પોતાનાં મન સાથે હસી પડયો, એવી મતલબથી કે જયાં સુધી

તેણીનો પ્યારો લાયન બંદીખાનાની જંજીરમાં ગિરફતાર પડેલો છે ત્યાં સુધી તે પ્યારની મનમોહન પુતલી, તે નાજુક કળી તેનો આશ્રો શોધતી જરૂર ફરીથી આવવાનીજ.

એદેલીન જયારે ગવરનરનાં મકાનમાં પોતાના પ્યારા માટે તેને વિનવતી બેઠી હતી, ત્યારે તેણીની કમનસીબ વડી બેહેન દોરા પોતાના બદમાશ ખાવિન્દ સાથે શું કામમાં રોકાયલી હતી તે આપણે જોઇએ.

કમનસીબ દોરાને આપણે છેલ્લી જોઈ તે વખતના તેણીના ચેહેરામાં અને હાલના દેખાવમાં મોટો તફાવત પડી ગયો હતો. જોકે તેણીની ખુબસુરતી કોઇ-પણ રવેશે ઝાંખ પામી હતી નહિ, તોપણ તેણીના બાંધામાં નાજુકાઈ કરતાં નબળાઈ ખુલ્લી માલમ પડી આવતી હતી. તોપણ એટલું તો ચોકસ હતું કે ફીકર, ચિંતા અને ધડક ધુજારાએ અત્યાર આગમજની પોતાની બુરી અસર તેણીનાં શરીર ઉપર ચાલુ કીધી હતી, અને આવોજ મામલો વધુ વખત ચાલુ રહેવા પામે તો જરૂર તેણીનો ચેહેરો આગલી ખુબસુરતી અને તેણીનો બાંધો આગલું કૌવત સદાનું ખોહી દેય એ બનવા જોગ હતું. તેણીના ખાવિન્દ રોદ્રીકનો હાલ પોતાની પરણેતરથી કેવળ નિરાળો હતો. તે ચોતરફથી ફુલી ફાટી ગયો હતો અને તેનાં આખાં શરીરે જયાં જોઇએ ત્યાં નફટાઇ અને નફિકરાઇનાં માંસના લોચા જણાઈ આવતા હતા. બંને ઘણી ઘણીઆણી લાંબા વખતે મલ્યાં હતાં. દોરા દેન્સ-બરી ઍબીનું મકાન છોડી લંડન ખાતે જઇ વસી હતી, જયાં રોદ્રીક તેણીની પુઠે ગયો હતો. દોરાની પુઠ પકડવાની રોદ્રીકની મતલબ દોરા પાસેથી નાણાંની એક સારી જેવી રકમ ઓકાવવાની હતી; કેમકે હાલમાં તેને જુલિયન તરફથી પગાર મળતો બંધ થયો હતો. આપણે જાણયે છિએ કે જુલિયન પોતે નાણાં સંબંધી એટલી બધી તો તંગીમાં ફસી પડયો હતો અને તે તંગીની જોડેજોડ તેના હિન્દી નોકર ગંગાદાસનો એટલો બધો તો જુલમ હતો કે તે પોતાના વડા ભાઇને કબુલેલી માસિક રકમ નહિ આપી શકે એ સેહલથી સમજી શકાય એમ હતું. આવા સંજોગને લીધે રોદ્રીકને પોતાની ફરેસ્તા ખસલત પરણેતરને આશ્રે ફરી એક વાર જવા વિના બીજો ઇલાજ હતો નહિ.

તે પ્રમાણે તે પોતાની પરણેતરનાં મકાને ગયો ત્યારે દોરાએ તુટેલાં જીગરે પોતાના ખાવિન્દને આવકાર દીધો. રોદ્રીકે તેણીના ઓરડામાં જયાંબી નજર કીધી ત્યાં ગરીબાઈ અને કંગાળિયત સિવાય બીજું કશું જોયું નહિ. તે તે ઓર-ડામાં એકલી, અટુલી, વાએજાન પડેલી હતી. તેણીની એકાંત જીંદગીમાં કાંઇક સંતોષ આપવાને કુદરતે એક બેટીની નવાજેશ કીધી હતી ખરી, પણ તે બાળક પણ તેણીની જોડે હાલ હતું નહિ. તે બુચી તો પોતાની તવંગર માસી એદેલી-નની સાથે રેહતી હતી. તેણીને પોતાની માસીનો સારો પરોસ પડી ગયલો હોવાથી માસીને છોડી માતા પાસે તે જવા માંગતી હતી નહિ. એદેલીનને પણ તે બાળક પોતાના જાન કરતાં પણ વધારે વાહલું થઈ પડેલું હોવાથી તે બાનુ તેણીને કદી બી છોડવા માંગતી હતી નહિ. દોરાની એકપુરી બેટીને આપણે છેલ્લે જોઇ તે બનાવને આજે લાંબો વખત વહિ ગયલો હોવાથી તે બાળક હવે મધુર શરોદ કહાડતું એક બુલબુલ બન્યું હતું.

"કેમ દોરા, તું કેમ છે, આપણી બેટી કેમ છે, તારો મિજાજ કેમ છે? તારો મિજાજ ઠેકાણે આવ્યોછ કે હજી કડકણી, વઢકણી શેહનશાહબાનુના જેવોજ તોર

છે? કેમ કંઈ જવાબ? કંઈ દાદ ફરિયાદ?" દોરાના ઓરડામાં નવો જુનો થવા પછી રોદ્રીકે પોતાની પરણેતરને આ ઉપરાસાપરી સવાલો કીધા.

દોરાએ આ સઘળા પટપટારાનો કશો પણ જવાબ આપ્યો નહિ. તે બાનુ પોતાના ખાવિન્દને પોતાની સામે એકાએક ફુટી નિકળેલો જોતાંજ ઠમકમી બે પગલાં પાછળ હઠી. તે પોતાના બદમાશ ખાવિન્દના દીદાર જોવા મુદ્દલ રાજી હતી નહિ. તે જાણતી હતી કે તે તેણીનો હકદાર ખાવિન્દ હતો, પણ તે ખ્યાલની જોડેજોડ તેની આગલી ચાલચલણ અને બદમાશી તેણીનાં મનમાં કોતરાયલી હોવાથી તેની તરફનો તેણીનો પ્યાર ધિક્કારમાં ફેરવાઈ ગયો હતો. આજે પણ એજ લાગણીને તે બાનુ પોતાની ગમે તેટલી નામરજી છતાં શરણ થઈ હતી, તેમાં વળી રોદ્રીકે એવી તો ખીજવાટ ઉપજાવનારી ઢબે તેણીને સવાલ કીધો હતો કે પોતાના ખાવિન્દ તરફના ધિક્કારમાં ઓરખી ઉમેરો થયો હતો, જેથી તેણીએ તેના સવાલ તરફ મુંગો તિરસ્કાર બતાવવા માટે જવાબ નહિ આપવામાંજ ડાહપણ જોયું હતું. પણ એ અપમાન રોદ્રીક જેવો બદમાશ મુંગે મોહડે સાંખી જાય એ બનવા જોગ નહિ હતું.

"દોરા, તારી આ ચાલથી મારૂં અંતઃકરણ જખમી થયુંછ!" રોદ્રીકે ગુસ્સાથી તપી ગયલા લાલચોળ ચેહેરાએ જણાવ્યું.

"રોદ્રીક, હું તમારૂં આ બોલવું માનતીજ નથી," દોરાએ પણ તેવાજ ગુસ્સાથી જવાબ દીધો.

"કારણ? મુરખ! મારૂં અંતઃકરણ જખમી થયું નથી, તે તેં કેમ જાણ્યું?"

"કારણ કે તારાં દિલમાં અંતઃકરણ જેવી ચીજ છેજ નહિ. અગરજો તે હતે તો રોદ્રીક, તું મુવેલો ધારવામાં આવવા છતાં આજે જીવતો હતે નહિ, તારી સંગીન કેળવણીને તું બે બદામની બનાવતે નહિ, તારાં કુટુંબની લાખની ઈજતને ખાખની બનાવતે નહિ, અને ફરેસ્તા જેવી એકપુરી પશુ બેટીને નામોશી, બેઈજતી, ફજેતી અને અપકીર્ત્તિનો વારસો તું આપી જતે નહિ."

જોકે તેણીનો એકેએક બોલ તેનું જીગર ઝેરી ભાલાની પેઠે આરપાર વિંધી નાખતો હતો તોપણ દોરા આ સઘળું એવા તો ગુસ્સા અને ઠસ્સાથી બોલી હતી કે તે દગાબાજ ખાવિન્દ તેણીની સામે એક ટુકારો પણ કાહડવાની હિમ્મત કરી શકયો નહિ.

પણ રોદ્રીક બડો ઠાવકો હતો. ભલી, ભોળી દોરાને ઠેકાણે કેમ લાવવી તેની કળ કુંચી તેની પાસે મોજુદ હતી. જાણે પોતાની પરણેતરના તાણા સાંભજ્યાજ નહિ હોય તેમ વાત અખાડા કરી જઈ તે બોલ્યો, "દોરા, ખુદા પાસે દુવા માંગ કે હું તને આજે આવી મળ્યો, નહિ તો તને મળવા આવતાં મારે બંદીખાનાને મળવા જવું પડતે!"

બંદીખાનાનું નામ સાંભળતાંજ દોરા ચોંકી. રાત દીવસની તેણીની ધાસ્તી પોતાની વાહલી બેટીના હકદાર બાપ માટેનાં બંદીખાનાનો ખ્યાલજ હતો. આખી દુનિયા રોદ્રીકને મુવેલો ધારે તેમાં તો તેની, તેની ઓરત અને ફરજંદની આબરૂની સલામતી હતી. તે બાનુ ખુદા પાસે એજ દુવા ચાહતી હતી કે રોદ્રીકનો ભેદ કદી પણ ખુલ્લો થવા પામે નહિ.

"રોદ્રીક! આ તે મારી ઉપર કેવો ગજબ કે તું પોતાની હાલત જાણવા છતાં એમ બેઢડક ફરતો ફરેછ! ત્યારે શું તારી ઓરત અને બેટી તરફ પણ તું

એટલો બેરહેમ બન્યોછ કે તેઓ ઉપર પણ તું જાણી જોઇને આવો કેહેર વરસાવેછ! રોદ્રીક, આ તે તારી કેવી બેપરવાઇ, કેવી નચિંતાઈ, બલ્કે કેવી નફટાઇ!" ડોરા આ સઘળું એવા તો રડમસ ચેહેરે બોલી કે રોદ્રીકનું પથ્થર સમાન દિલ પણ પીગળ્યું. તે ઉઠયો અને પોતાની પરણેતરનો હાથ પોતાના હાથમાં પકડી માયાથી બોલ્યો, "ડોરા, સાંભળ કે ઇંગ્લંડના વડા વજીરની ઓરતનાં ઘરેણાં ચોરવાનો શક પોલીસ મારી ઉપર લઇ જાય તો મારૂં આગલું પાપબી જાહેરમાં આવે અને હું કોણ નામદાર છું તે બધું ખુલ્લું પડી જાય! જ્યારે તે ઘરેણાં મારા એકલાનેજ ફાલે ચોંટયાં નથી ત્યારે તેનો સઘળો બોજ મારી એકલાની ગરદન ઉપર શા માટે રહેવો જોઇએ?"

ડોરા ચોંકી અને પોતાનો હાથ રોદ્રીકના હાથમાંથી છુટાવી બે ચાર કદમ પાછળ હઠી ઉભી. તે પોતાના ખાવિન્દને તગર તગર જોઈ બોલી, "ઓ ખુદા! હું આ શું સાંભળુંછ! રોદ્રીક! ત્યારે તે કીમતી ઝવાહીરનો ચોર તું? ઓ! તું કે જે મારો ખાવિન્દ છે, મારી બેટીનો બાપ છે! નહિ! નહિ! તું મારી બેટીના બાપને બદલે તું તેણીની હોરમતનો કાળો સાંપ બન્યોછ, શ્રાપ થઇ પડયોછ!"

આટલું બોલી તે દુ:ખી બાનુએ પોતાના બદમાશ ખાવિન્દનો ચેહેરો જોઈ નહિ શકવાથી પોતાના બંને હાથો પોતાની બંને આંખો ઉપર ધાંકી દીધા; અને તે તેની બદમાશીથી જાણે બિલકુલ આજેજ અને અધમુઈ બની ગઈ હોય તેમ નજદીકની ખુરસી ઉપર ફસડાઈ પડી. પોતાની પરણેતરની આવી હાલત જોઇ દલગીર થવાને બદલે તે બેરહેમ ખાવિન્દ હસી પડી બોલ્યો, "હા, જ્યારે તું જાણવા માંગેછ કે તે કીમતી ઝવાહીરોનો ચોર હુંજ કે કોઈ બીજો, ત્યારે જાણ કે તારી ધાસ્તી ખરીજ છે. હુંજ એકલો ડ્રોઇંગ રૂમમાં દાખલ થયો હતો અને મારા આજ હાથે ઝવાહીરોથી ભરેલો ખીચોખીચ દાબડો બાહર ખેંચી કાહડયો હતો. તે પછી એક બારી વાટેથી હું કુદકો મારી નાહસ્તો હતો એટલામાં પોલીસની મારી ઉપર નજર પડી અને અગરજો મારા પગે મને મદદ કીધી નહિ હોત તો તેજ વેળાએ તે ચંડાળોના હાથપર હું ઝીલાઇ ગયો હોત અને આજે તો વગર ભાડેનાં ઘરમાં હવા ઘોરતો બંદો તારી નજરથી દુર પડયો હોત!"

આ વેળાએ ડોરાએ એક ડચકું ખાધું. તેણીનું નાજુક જીગર પોતાના ખાવિન્દની આટલી હદ સુધીની શોખાઈ ભરેલી બદમાશી તામોશ કરી શકયું નહિ. પણ રોદ્રીકના કાનો પોતાની ફરેસ્તા ખસલત પરણેતરનાં ડચકાંઓ સાંભળવાને બેહર મારી ગયા હતા. તેણે પોતાનાં નામચીન સાહસકર્મનું રંગીલું દાસ્તાન આગળ ચલાવ્યું, "બારી કુદાવી નાહસ્તાં પોલીસના એક અમલદારે મને ધારી રાખેલો કે શું કે હાલમાં તારી મુલાકાતે આવતાં તે મને ઘણીજ બારીકીથી ટીકી ટીકી જોવા લાગ્યો. મેં જરાબી હિમ્મત છોડી દીધી હતે તો આજે તો બંદાના હાથેપગે ઝાંઝરીયાં બંધાઇબી ચુકયાં હતે; પણ નહિ, તે મારા ખાલી અને બાહરના ભપકા સપકાથી અંજાઈગયો ને હું મારી વાહલી ડોરાને મલવા અહિં દોડી આવ્યો."

"ઓ ખુદા! ખુદા! હું આ શું સાંભળુંછ!" ડોરા પોતાના હાથો આંખો ઉપરથી ખસાડી બોલી, "રોદ્રીક, આ તારી કેટલી બદમાશી! અરે શું મારાં એકપુશં વાહલાં ફરજંદનો બાપ એટલો બધો બેઇજ્જત, બદમાશ, અને હેવાન બની ગયોછ! ઓ ખુદા! મને આવા બેશરમ ખાવિન્દથી બચાવ! રોદ્રીક, હવે મને વધુ વાર ના સતાવ!"

રોદ્રીક વળી પાછો હસી પડયો. તે આ વેળાએ ધિક્કારથી હસ્યો હતો.

"દોરા, આ સવાલ મારા ભાઇને પુછ! જે બદમાશી મેં અખત્યાર કીધીછ તેમાં મારો વાંક નહિ, પણ તે મુજીનો વાંક છે. તે ચંડાળ પોતાના કરારથી ઉલટો ચાલી મારીપર મહિનાઓ થયા એક ફુટી બદામબી મોકલતો નથી, તો શું તું એમ ધારેછ કે મારે હવા ઉપર જીવવું? મારો હમામ અને મારો ટેક બજવી મારી આગલી અને હાલની બદમાશીને ઢાંકવા માટે મને શું પૈસાની જરૂર નહિ પડવી જોઇએ? દોરા, તું આવી દરેક રીતની સમજુ થઇને એમ કાંય કરતી હશે વારૂ? અગરજો મને એક રસ્તે પૈસો નહિ મળે તો બીજે રસ્તે તે મેળવવાની હું કોશેશ નહિ કરૂં તો હું જાઉં કયાં?"

દોરાની આંખોમાંથી આંસુઓ પોતાનો રસ્તો લેતાં હતાં, પણ તે નાકદર ખાવિન્દને તેની થોડીજ પરવા હતી!

તેણે આગળ ચલાવ્યું, "દોરા, અગરજો હું પ્રમાણિકપણેજ મારૂં ગુજરાન કરવાનો ઠરાવ કરૂં તો ભાગ્યે મને અઠવાડિયાંના ત્રણ પાઉન્ડબી મળે! અને મારે માટે તે કેવી બાદશાહી રકમ!"

આવી રીતે અણુકામાં બોલી તેની મતલબ પોતાની રડતી પરણેતરને હસાવવાની હતી, પણ તે દુઃખી બાનુને જયાં બળી મરવાનું ત્યાં હસવું તે કયાંથી આવે? તે ખુબસુરત બાનુ હસવાને બદલે ઓરબી વધુ નાઉમેદ અને નિરાશ બની ગઈ, અને પોતાના ખાવિન્દના ચેહેરા તરફ તગર તગર રડતી ચશમોએ મીનનાં પુતલાંની માફક જોતી ઉભી.

બે જીવતાં ચિત્રો.

દોરા એક મક્કમ ઠરાવથી પોતાની નાઉમેદીને ખંખેરી નાખી ઉઠી અને ધીમાં પણ મજબુત કદમે રોદ્રીક આગળ જઇ બોલી, "રોદ્રીક, મારૂં સમજ. અઠવાડિયાંના ત્રણ પાઉન્ડ આપણ ત્રણેનું પ્રમાણિકપણે ગુજરાન કરવા માટે બસ છે! અરે! તે કેવું આબરૂ ઇજ્જતથી ગુજરાન કીધેલું કહેવાશે!"

"અરે હારે! ઘણી આબરૂ ઇજ્જતથી ગુજરાન કીધેલું કહેવાશે! આબરૂ ઇજ્જતનું પુછવુંજ શું? અઠવાડિયાંના ત્રણ પાઉન્ડ! કેવી પાદશાહી આવક! બાનુ, તમારી સુચના માટે હું ઉપકારી છું, પણ દલગીરી તો એ છે કે તે સુચના સેવકનાં સુવાળાં ગળે ઉતરી શકતી નથી. બાનુ, તમે ભુલી જાઓછ કે હું તવંગર બાપનો લાડમાં ઉછરેલો એક બેટો છું, ને હું એક ગ્રહસ્થ બચ્ચો છું!"

"ગ્રહસ્થ!" દોરા તિરસ્કાર અને કમકમાટથી બોલી, "રોદ્રીક! તું ગ્રહસ્થ! ગ્રહસ્થ બચ્ચો તો તે છે કે નામોશીમાં જીવવા કરતાં મોતને વધારે પસંદ કરેછ! રોદ્રીક, તારા વડવાઓ ખાનદાની હતા, ઇમાની હતા, સદગુણી હતા, પણ અફસોસ! કે તું જોવાની આંખો ધરાવતો નથી કે આખી જીંદગીની તારી ગરીબાઇથી તે વડવાઓનાં રૂહને તું જેટલાં દલગીર નહિ કરતે તે કરતાં લાખ ગણે દરજજે તું તારી હાલની ચાલથી તેમનાં રૂહને કમકમાવી આઝારદેહ કરેછ! રોદ્રીક, ગરીબાઈ એ કાંઇ પાપ નથી, તવંગરી એ કાંઇ સદગુણનું માપ નથી; દુર્ગુણ સાથની તવંગરી કરતાં સદગુણ સાથની ગરીબાઇને હજાર, દશ હજાર ગણી

ભલાઇ છે! રોદ્રીક, ગરીબાઇના હાય સૌસારામાં જીવવામાં તારે શરમાવું જોઇતું નથી. પણ શરમાવું તો ત્યારે જોઇએ કે લોર્ડ—"

"બોલ, દોરા બોલ, બોલતાં અટક ના, અચક ના કે હું લોર્ડ ઓલ્ડકેસલ છતાં ચોર, લુચ્ચો, હરામખોર, ધુતારો, ઠગ, પ્રપંચી અને ખોટી સહી કરનાર બદમાશ છું, એમજ કેની?"

દોરાએ કમકમાટથી પોતાની નજર ફેરવી નાખી, અને પોતાના ગરીબડા ઓરડામાં નાસિપાસ અને નાઉમેદીની ધુંઇમાં આમથી તેમ લટાર મારવા લાગી; પણ રોદ્રીક ચુપ બેઠો નહિ; તેણે પોતાની ભટાઇ પાછી ચાલુ કીધી, "પેહલાં તો હાલની મારી જીંદગીથી હું બિલકુલ કંટાલી ગયોછ! મારે માટે દીતેકતીવો ચો-પાસ ફરતા ફરે, તેઓ મને શકની નજરથી જોતા રહે અને તેમના ત્રાસથી હું રાતે કે દિવસે ધ્રુજતો થથરતો રહું એ જાતની જીંદગીથી તો બસ હવે હાથ જોડયા. પેલો લુચ્ચો મારો ભાઇ જે પોતાના કરારથી ફરી જઈ મારી મોટી રકમ ચાંપી બેઠોછ તે મારી આ સઘળી હાડમારીનું મુળ છે. મારાં સુખમાં ગોયા એક શુળ છે. તે એમ સમજેછ કે તે સલામત છે કેમકે હું પોતાને લોર્ડ ઓલ્ડકેસલ તરીકે દુનિયા આગળ જાહેર કરી શકવાનો નથી. પણ તે ભુલેછ. હું પૈસા વિનાની જીંદગી ભોગવવા કરતાં મારાં આગલાં અને હાલનાં પાપો માટે ચૌદ વરસનું સખત કેદખાનું ભોગવવાને વધારે પસંદ કરશ. દોરા, હું તેને અને મને પોતાને ઉઘાડો પાડવા માંગુછ કે ખરો લોર્ડ ઓલ્ડકેસલ તે નહિ, પણ હું છું."

"અરે નહિ! નહિ! રોદ્રીક! એમ કરી તું તારૂં, મારૂં અને તારાં એકપુરાં ફરજંદનું સત્યાનાશ વાળશે!" આટલું બોલતાં તેણીના હોઠો હતા તે કરતાં વધુ સફેદ પુણી જેવા બની ગયા. તે ધ્રુજતા હતા. તે એકદમ તે બદમાશ આગળ દોડી ગઈ અને તેના પગ આગળ પોતાનાં ઘુંટણ ઉપર પડી બોલી, "રોદ્રીક! ખોદા ખાતર, એવી નાદાની કરી મને જીવતી મારી નાખતો ના."

રોદ્રીકે એક બોલ પણ બોલવા વિના પોતાનું ડોકું ગુસ્સાથી ધુણાવ્યું, એવી મતલબથી કે તેણે જે પક્કો ઠરાવ કીધો હતો, તેથી તે કોઈ કાળે પણ પાછો હઠ-નાર નહિ હતો. દોરાએ વધુ મિન્નતજારી ચાલુ રાખી, "અરે રોદ્રીક! તું શું દીવાનો બન્યોછ કે આવી રીતે તું જાણી જોઈ નામોશિનાં ડાચાંમાં દેખતી આંખે જવા માંગેછ? રોદ્રીક! અગરજો તું મને ને તારાં ફરજંદને ચાહતો હોય તો તું પોતાને બચાવ! તે ખોદા આગળ સર નમાવી તેનો આભાર માન, કે તને સારી જેહાન ઓલ્ડકેસલની ઘોરમાં સુતેલો માનેછ, મુએલો માનેછ! તેઓ મને વિધવા માનેછ ને મારી બેટીને બાપ વિનાની માનેછ! રોદ્રીક, જયાં સુધી તારાં મોહડાંને ચુપકીદીનું કુલુફ મારવાની તું મને કબુલાત આપશે નહિ, ત્યાં સુધી હું તારા પગ આગળથી ઉઠવાની નથી." આટલું બોલી તેણીએ તેનો હાથ પકડયો, પણ રોદ્રીકે એકજ ઝટકા સમેત તે છોડવી નાખ્યો. તે આંચકા સમેત દોરા જમીન ઉપર ચટીપાત તુટી પડી અને તે દુઃખી નાર તરફ એક નજર વટીક કરવા વિના તે નાતરસ હેવાન તે ઓરડો છોડી ચાલતો થયો.

એકએકથી ઉલટી ખાશિયતનાં કેવાં બે જીવતાં ચિત્રો!

"છેલ્લી સલામ!"

લગભગ પા કલાક સુધી કમભાગ્યની દોરા જમીન ઉપર પડેલીજ રહી. તેણીને પાછી શુદ્ધીમાં લાવવાને, તેણીને ટેકો આપી ઉઠાડવાને, તેણીની આવી સ્થિતિમાં દિલાસાના બે સખુન કહેવાને ત્યાં કોઈ હાજર હતું નહિ. તેણીને તેણીના ખાવિન્દે તો તરછોડી હતી, પણ તેણીને લાગ્યું કે તેણીને પેદા કરનાર સાહેબે પણ તજી દીધી હતી. આખરે તે પોતાનેજ હાથે વળખાં મારી ઉઠી. ડચકાંથી ગુંગલાતી છાતી સાથે ઉઠી. તેણીને લાગ્યું કે તેણીની નાજુક છાતી પોતાના બદમાશ પરણેતરની નિર્દય ચાલથી ફાટી જતી હતી. તે દુઃખી બાનુ જેમ તેમ લખવાની ટેબલ આગળ ગઈ અને ત્યાં રડતી બેઠી. છેવટે હજારો વમાસન અને લાખોલાખ વિચારોની મજબુત લડત વચ્ચે તે એકજ ઠરાવ ઉપર આવી અને ધ્રુજતા હાથોએ દેનિયલ લેરેબી ઉપર એક ચીઠી ચિતરી કાહડી. તેમાં તેણીએ તે સાંજે તેણીને મલી જવાને તેને આગ્રહ કીધો હતો.

સાંજ પડી. દેનિયલને શું દોરાના આગ્રહની જરા પણ જરૂર હતી? બિલકુલ નહિ. તે તો દોરાને મલવાની રાત દિસની ઇંતેજારીમાં હતો. તે દોર બાંધ્યો દોરા આગળ ચાલી આવ્યો ત્યારે દોરા એકલી, અટુલી, વાએજાન પોતાના એકપુરા સોફા ઉપર રડતી બેઠી હતી. દેનિયલના હાથમાં એક સુંદર, સફેદ ગોલાબ હતો જેની સાથે દોરાનો ફિક્કો સફેદ ચેહેરો ગોયા હરીફાઈ કરતો હતો. તે ગોલાબ તે ભોળો ગામડિયો દોરાને ભેટ આપવા લાવ્યો હતો. તે તો મનમાં એમજ ખુશ થતો આવ્યો હતો કે જે તેની 'જીંદગી ભરની ઉમેદ હતી, જે ઉમેદ ઉપર તે હમણાં સુધી જીવતો હતો તે ઉમેદ બર આવવાનો સમય હવે નજદીક આવ્યો હતો; અને તેજ માટે દોરાએ ચીઠી લખી તેને પોતાને મકાને બોલાવ્યો હતો. પણ તે ભલો, ભોળો મરદ નાહક ભોલવાતો હતો. તે એકદમ પોતાના હાથમાંના ગોલાબ સાથે દોરા જ્યાં બેઠી હતી ત્યાં ધસી ગયો અને મોહબતથી તે માનીતું ફુલ પોતાની વાહલી દોરાને હસીને આપવા ગયો. પણ તેજ પળે તે ડઘાઇને બે ચાર કદમ પાછળ હઠી ગયો. તેણે મોટા અફસોસ વચ્ચે જોયું કે દોરાની આંખોમાંથી તો આંસુઓ ગળતાં હતાં, જે તેણીના મખમલી ગાલો ઉપર ટપકાઇને મોતીની માફક ચળકતાં હતાં.

"દોરા, દોરા! આ શું કહેવાય! અરે! કેહ મને! તને શું થયુંછ? શું તારો મરનાર, બદમાશ ખાવિન્દ રોદ્રીક તારે હૈયે ચહડી આવ્યોછ કે? અરે! જ્યારે મેં તારી ચીઠી વાંચી ત્યારે તો મેં એમજ ધારી લીધું કે જે ચાહ મેં તારો ખોહી દીધો હતો તે ચાહ મને અરપણ કરવાને તેં મને આજે બોલાવવાની નવાજેશ કીધી, પણ હું કેવો કમબખ્ત! કેમકે અહિં તો મામલો જુદોજ નજર આવેછ! અરે ખુદા! આ આપણી વચ્ચેના નાસાગોસાનો અંત કયારે આવશે? આપણે બંને જુદાં થવા આવ્યાં પણ આપણી વચ્ચેની નડતલનો અંત હજી આવ્યો નથી."

દેનિયલનાં આવાં ભડભડિયાં વચનોથી દોરાને વધુ લાગી આવ્યું. તેણીએ તેનો હાથ પકડી પોતાની પાસે અજબ માયાથી તેને બેસાડયો, અને તે દુઃખી બાનુ ધીરા સ્વરે બોલીઃ—

"દેન, ખરેખર, તું ભલો મરદ છે, તું સાચ્ચો છે. મેં મારો ભરમ તારી આગળ ખુલ્લો કરવાને છેવટનો ઠરાવ કીધોછ. અરે! હું કેવું ઇચ્છુંછ કે મેં આ

કમબખ્ત ભેદ મહીનાઓ આગમચથી તને જણાવ્યો હોત! દેન, મારા દેનિયલ, શા માટે તું મારે ખાતર તારી જીંદગી બાળી નાખેછ? હું તને એમ કરવા દેઉં તો મારા જેવી પાપી સ્ત્રી બીજી કોણ હોય વારૂ? ઓ! દેન, દેન! જે કંગાળ સ્ત્રી તારી પરણેતર થઇ શકવાની નથી તે કમબખ્ત સ્ત્રીની પાસબાની કરવા માટે તેં તારી જીંદગી ધુળમાં રગડી નાખીછ! દેન, હું તને ચાહુંછ, અરે! મારૂં એકપુરૂં ફરજંદ તને કાંઈ અજબ વાહલથી ચાહેછ, પણ હું નાચાર છું. દેન, મારી તરફની તારી ગમે તેટલી ભલાઇ છતાં હું તારી સાથે પરણી શકતી નથી; કે-કે-કેમકે—"

દોરા આગળ બોલી શકી નહિ. તેણીની જબાન ટાળવાં સાથે વળગી ગઇ. આ સઘળું જોવાને ભોળા દેનિયલને આંખો હતી. તે સમજી શકયો નહિ કે દોરા તેને ચાહવા છતાં તેની પરણેતર શા માટે બની શકતી હતી નહિ.

"દોરા, તું મને ચાહેછ તે છતાં તું મારી ઓરત બનવા ના પાડેછ એ તે કેવી અનજયબિ? બોલ, મારીથી એમ જુદાઇ રાખવાનો સબબ શું?"

"અરે! તે સબબ કેમ બોલું? મારો ભરમ કેમ ખોલું? દેન, સાંભળ કે જેમ તું મને વિધવા ધારેછ, તેમ હું નથી, મારો ખાવિંદ મુવો નથી. તે હજી હૈયાત છે."

બાપડો દેન દોરાના ઉપલા સખુનો સાંભળતાંજ હેબતાઇ ગયો. તેણે નકી માની લીધું કે દોરાનું મજ્જ અનેક આફતોથી ફરી ગયું હતું.

"દોરા! દોરા! સાવધ થા! તું ખરેખર બિમાર છે. તું તારા મરનાર ખાવિન્દ માટે શું બોલેછ તેનું તને ભાન નથી. દોરા, તું ખરેખર ભાનભુલી બનીછ! દોરા હું તબીબને બોલાવી લાઉં?"

દોરાએ દેનિયલને તબીબને બોલાવવા જવા દીધો નહિ. તેણીએ તેને અટકાવી તેની ખાત્રી કીધી કે તેણીને બિમારી જેવું કશું હતું નહિ. તે તનથી તેમજ મનથી જેવી જોઇએ તેવી સાબુત હતી. આ પછી તેણીએ રોદ્રીકને લગતી એવી તો વિગતવાર કેફિયત જણાવી કે છેવટે ગમે તેટલા પ્યાર છતાં તે તેને પરણી શકતી હતી નહિ તેનો સબબ તેણીનો ખાવિન્દ જીવતો હોવાનો હતો.

"દેનિયલ, મારા વાહલા ભાઇ, મારો આ ભરમ તારાં અંતઃકરણમાં સદાનો દાટેલોજ રાખજે; અને હવે તું જા! દેનિયલ! મારો ખ્યાલ તું હવે છોડી દે! કેમકે તું હવે જોઇ શકેછ કે મારી ગમે તેટલી મરજી છતાં તારાં સુખ દુઃખની ભાગ્યણ હું થઇ શકનાર નથી. દેન, તું મને આજથી મુવેલીજ ગણજે. તું આજ ને આજ આ શેહેરને છેલ્લી સલામ કરી તારા ધંધા રોજગારનાં મથક કિવન્સલેંડ ખાતે બેલાશક સીધાર. જોકે દેન, તારેથી છુટું પડતાં મારૂં જીગર ભાંગી જાયછ પણ હું લાચાર છું. જા! દેન! જા! સુખે સીધાર! મારી દુવાથી સુખી રહેજે! આબાદ રહેજે! અને દુરથીબી મારા જેવી કમબખ્ત, કમનસીબ સ્ત્રીને એક ભાઇનાં વાહલથી સદા યાદ કરતો રહેજે!"

તે એટલુંજ બોલી શકી. તે દુઃખી બાનુથી વધારે બોલી શકાયું નહિ, કેમકે તેણીનું હૈયું ભરાઇ આવ્યું હતું. ડચકાંથી ગુંગળાતી છાતીએ નજદીકની ટેબલ ઉપર તે માથું નાખી પડી.

ગરીબ બિચારો દેન! તેનો હાલ પણ દોરા કરતાં છેકજ ચઢીયાતો હતો નહિ. તેણે દોરાને દિલાસો દેવાને ઘણાંબી ફાંફાં માર્યાં પણ વ્યર્થ! તેનેથી એક બોલ વતીક બોલાઇ શકાયો નહિ. તેની આંખોમાં પણ આંસુ હતાં. તે ખરવસ્તર

બાંધાનો ગામડિયો પણ રડતો હતો. છેલ્લામાં છેલ્લી ઉમેદ જે દોરાને પોતાના આખા ભવની ભાગ્યણ બનાવવાની હતી તે ઉમેદ ઉપર છેવટનો એવો તો મજબુત ફટકો પડયો હતો, કે જેના મારથી તેને લાગ્યું કે તે કદી પણ ટટાર થવાનો નથી.

"દેન! મારા વાહલા ભાઇ, છેલ્લી સલામ!" દોરાના આ છેલ્લા બોલો હતા. ભાતભાતની હજારો લાગણી, જુસ્સા અને વમાસનની ગુમબેશ વચ્ચે દેનિયલ જે બોલી શકયો તે પણ એજ હતું કેઃ—

"વાહલી દોરા, છેલ્લી સલામ! છેલ્લી સલામ!"

લાયનની જીંદગી જોખમમાં.

બંદીખાનામાં પોતાની જીંદગી દિવસે દિવસે વધુ અને વધુ જોખમમાં આવી પડી હતી એમ નીલ લાયનને હવે ખુલ્લે ખુલ્લું માલમ પડવા લાગ્યું. આમ માનવાને અનેક સબબો મલ્યા હતા, તેની જીંદગી અનેક વેળા જીવ સટોસટ પળમાંથી પસાર થઈ હતી. એક દિવસ બંદીવાનોને બંદીખાનાની બાહર પથરની દિવાલ ચઢાવવાનું કામ કરવા માટે રોકવામાં આવ્યા હતા, તેઓમાં નીલ લાયન અને સ્લીમ જીમ, તથા તેનો દોસ્ત બેજર પણ હતા. નીલ લાયન કેટલાક બંદીવાનોની જોડે દિવાલની હેઠાણમાં કામે રોકાયલો હતો, જયારે સ્લીમ જીમ અને બેજર એક પરાંચ ઉપર ચહડી કામે લાગેલા હતા. છેલ્લા બે બંદીવાનો બીજાઓ ભેગા પરાંચ ઉપર ચહડી મોટાં વજનના પથરાઓ દોરડાંની મદદથી ઉપર ખેંચી લેતા હતા, જયારે નીલ લાયન તે પરાંચની બરાબર નીચે બીજા બંદીવાનો ભેગો વાંકો વળી કોદાળીથી મટોડું ખોદતો હતો. નીલ લાયન પોતાને નેમી આપેલાં કામમાં રોકાયલો હતો તે વેળાએ પરાંચ ઉપર એક મોટાં વજનનો પથર ચહડાવવામાં બેજર, સ્લીમ જીમ અને બીજા બે રોકાયલા હતા.

એકજ વધુ પળ! અને બીજી પળે તો તે રાક્ષસી કદનો પથરો, દોરડું સમજ ન પડે એવી રીતે તુટી જવાથી આબાદ જયાં નીલ લાયન કામ કરતો હતો ત્યાં મોટાં જોશ સહિત આવી પડયો. જે વેળાએ તે પથર પરાંચ સુધી પુગ્યો તે વેળાએ જે જગા ઉપર તે કામે લાગેલો હતો ત્યાંજ તે હોત તો તે પથરથી જરૂરજ તે કમબખ્ત કેદીની જીંદગીનો અંત આવી ગયો હોત. પણ કુદરતની કરામત કાંઈ ન્યારીજ હતી. તે એકજ પળ આગમજ તે જગોથી ખસી સેહજ દુર ઉભો હતો અને તેની જગો એક બીજા કેદીએ લીધી હતી. લાયન પોતાની પાસે મોટાં કદના પથરના એકાએક આવી પડવાથી સુનોસાવજ જેવો બની ગયો, કેમકે તેની જીંદગી કાંઈ ઘણાજ અજબ સંજોગે બચવા પામી હતી; પણ જયારે પથરના પડવા સાથે એક ભયંકર ચીચીઆરી તેના બંને કાનોએ અથડવા સાથેજ આસપાસના બંદીવાનો તેની તરફ દીવાનાની પેઠે ધસી આવ્યા ત્યારેજ તેની શુદ્ધ ઉઘડવા પામી કે તે પથરે તેનો તો જાન લીધો હતો નહિ, પણ બીજો એક કમનસીબ બંધવો તેને બદલે તેનો ભોગ થઈ પડયો હતો. તેણે મોટા કમકમાટ સાથે તે કમનસીબ કેદીનાં માથાંના ચુરેચુરા થઈ ગયલા જોયા. ખરેખર, તે દેખાવ

બહુજ કમકમાટ ભરેલો લાગતો હતો. ગમે તેવી પથરની છાતીને રડાવે એવો તે દેખાવ ધાસ્તી ઉપજાવે એવો થઈ પડયો હતો.

લાયનને વધુ લાગ્યું હતું, કેમકે તે તે કમબખ્ત કેદીને ચાહતાં શિખ્યો હતો, જયારે મરનાર કેદી પણ તેને અજબ વાહલથી ચાહતો. મરનારે થોડીજ પળ આગમચ જણાવ્યું હતું કે બંદીખાનામાંથી તેનો છુટકારો થવાનો વખત નજદીક આવ્યો હતો, જેથી પોતાની માશુકને મળવાની ઉલટમાં તે એટલો બધો તો આવી ગયો હતો કે તે પોતાનું કામ ચાર બંધવાનાં સામટાં બળ કરતાં પણ વધુ ઝડપથી કરતો હતો. લાયન તેની ઉલટનું વાસ્તવિકપણું બીજા કોઇ પણ બંધવા કરતાં ઘણી અચ્છી રવેસે સમજી શકતો હતો, કેમકે તે જાણતો હતો કે તેનો પોતાનો પણ છુટકારો થવાનો વખત નજદીક આવે તો તેને પણ આવીજ ઉલટ અને આવુંજ શુર છુટવા વિના રહે નહિ. મરનારે લાયનને ઘણાંજ ભોળાં દિલથી ખબર આપી હતી કે તેની એક જવાન, પરીસુરત માશુક હતી, જેણીને ખાતરજ તેણે ચોરી જેવો અપરાધ કીધો હતો. તે માશુક ગરીબ હતી પણ ગમે તેવી તાલેવંત ઓરતને શરમાવે એવી સદગુણી હતી, ખુબસુરત હતી. તેણીને નાણાંની મદદ કરવા માટેજ પોતાના શેઠનાં નાણાંનો ઉપયોગ તેણે કીધો હતો. તેની મતલબ તે નાણાં પચાવી જવાની નહિ હતી, પણ પોતાના બે ચાર પગારની આખી રકમ તક મળવે શેઠની તીજોરીમાં પાછી મેળવાની હતી; પણ તે તક મળવા પામે તે આગમચ તે કમનસીબ આશક ઉપર તેના શેઠે વિશ્વાસઘાતનો આરોપ મેલ્યો અને તે બિચારાને બંદીખાનું સેહવવાની ફરજ પડી, અને જયારે બંદીખાનાની કંગાળ જીંદગીથી છુટકો પામવાનો ખુશ વખ્ત આવી લાગ્યો તેજ સમયે તે બિચારાને જાલમ મોતે ઘેર્યો. લાયનને જે મોટો જલાપો થયો તે એજ હતો, કે દુઃખના અંતની ઘડીએ અને સુખની શરૂઆતના સમયે તે કમનસીબ જવાન આવા ભયંકર અકસમાતનો ભોગ થઈ પડયો હતો.

પણ આ શું ખરેખર કુદરતી અકસમાત હતો કે કોઇ બદમાશ યા બદમાશોનું અઘોર પાપ હતું? લાયનને એક તડાકે એક ખ્યાલ ધાઇ આવ્યો. તેણે મોટા અફસોસ સાથે માની લીધું કે આ હોનારતમાં મોટો ભેદ હતો. જેમ કેટલોક વખત થયો તેને માલમ પડતું રહ્યું હતું કે કોઇ ન જણાયલા હાથો તેની દુઃખી જીંદગીની જડ કાપી નાખવાને મથ્યા રહ્યા હતા અને અનેક ઈલાજોથી તેનો કાંટો કાહડવાને તત્પર હતા તેમ આ અકસમાતમાં પણ તેજ હાથો તો નહિ છુપાયલા હોય? તેણે આ બાબદ ઉપર લાંબો દરિયાફ્ત કીધો અને છેવટે જે એકજ અનુમાન ઉપર તે આવી શકયો તે એજ હતું કે "મારે બદલે તે કમનસીબ કેદી કોઈ છુપા બદમાશ યા બદમાશોનાં કાવતરાંનો ભોગ થઈ પડયો હતો." તેણે ખાતરીથી માની લીધું કે પરાંચ ઉપર ઉભેલાઓમાં એકાદ બે તેજ બદમાશો હોવા જોઇએ, જેઓ તેના જાનના તરસ્યા બની રહ્યા હતા. પણ તેઓ કોણ હતા, તેઓ શા માટે એમ કરતા હતા, અને કોણની ઉસકેરણીથી એમ કરતા હતા?

આ સવાલનો જવાબ આપવાને તે અશકત હતો. તેણે જાણ યા અંજાણ કોઈ પણ શખ્સને હેરાન કીધો હતો નહિ યા કોઇને પણ દુઃખ દીધું હતું નહિ તો શા માટે તેના જાન ઉપર તરાપ મારવાને બદમાશો તાંપી રહ્યા હતા? સલીમ જીમ આ તેની સઘળી જંજાળિયતનું મુળ હતો, પણ તે માટે તેને સ્વપને પણ ખબર હતી નહિ. તે તેને તો એક ફરેસ્તા જેવો માનતો હતો, જ્યારે સઘળી

ખરાબીનો ઝરો એજ સ્લીમ જીમ હતો, એ આપણે જોઇ ગયા છિએ અને આપણે એ પણ જોયું છે કે તેણે બેજર નામના બીજા ઉઠાઉગીરને પોતાની પક્ષમાં લઈ લીધો હતો, જે ખુદ સ્લીમ જીમ કરતાં પણ વધુ બદમાશ હતો, અને જેની મદદથી તેનું કામ વધુ આસાન બની ગયું હતું.

એમાં તો હવે કશો શક હતો નહિ કે નીલ લાયન પોતાની જીંદગી માટે અચોકસ બન્યો હતો. તેના છુપા દુશમનો તેને બંદીખાનામાં વટીક જપ મારી બેસવા દેતા હતા નહિ. હવે ખોરાક અને પાણી તરફ પણ તે બેવિશ્વાસુ બન્યો હતો. તેમાં ઝેર જેવી વસ્તુ ભેળી તેનો દમ આખર કરવામાં આવે તો કશી અજાયબિ હતી નહિ.

એક વધુ દાખલો. એક રાત્રે તે પોતાનાં કંગાળ બિછાનામાં હજારો વમાસન, હજારો દુઃખની વેદના અને અનેક તાસવીસ પછી સુતેલો હતો. જોકે તે સુતેલો હતો, તોપણ અરધી જાગૃત અવસ્થામાં તે પડેલો હતો. કેમકે શાન્ત અને સંપુર્ણ ઉંઘને તેની સાથે વેર પડયું હતું, ગોયા શાન્ત ઉંઘનો જમાનોજ વહિ ગયો હતો. ઝેરની ધાસ્તીથી તેણે ભુખને તો મારી કાહડી હતી, પણ મઝ્જની અસ્વસ્થ સ્થિતિને લીધે ઉંઘબી તેની દુશમન બની હતી, જેથી તે રાત પુઠે રાત અરધી જાગૃત અવસ્થામાંજ અને કોરા ઉજાગરામાંજ પસાર કરતો હતો. પથર પડવાના અકસમાત પછીની એક અંધારી રાતે જ્યારે તે પોતાનાં બિછાનામાં, જેમ આપણે ઉપર જોયું તેમ, પડેલો હતો તે વેળાએ તેને લાગ્યું કે તેનાં શરીરમાં કોઈ તાંચણી જેવી અણિવાળી વસ્તુ ભોકતુ હતું. તે જાણતો હતો કે તાંચણી યા એવાંજ બીજાં અણિદાર હથિયાર વડે ચોકસ દવા ચામડી મારફતે શરીરમાં પેવસ કીધાથી શરીરમાંનું લોહી ઝેરી બની જાય છે અને રફતે રફતે તે કમબખ્ત ઈનસાનનું મોત નિપજે છે. જોકે લાયનનું મોત તો નિપજયું નહિ, તોપણ તેને કેદખાનાની ઓસ્પીટલમાં રહેવું પડયું, જ્યાં તેને લાગ્યું કે ફકત ત્યાંજ તેની જીંદગી કાંઇક સલામત હતી. તેણે ત્યાંજ કેદખાનાના સત્તાવાળાઓને પોતાની જીંદગી કેટલી બધી જોખમમાં છે તે માટેની ખબર કીધી, અને જણાવ્યું કે તેની જીંદગીના શત્રુઓ કેદખાનામાંજ હતા; પણ માઠાં ભાગ્યે તેની આ ફરિયાદ સત્તાવાળાઓએ કાંઇ પણ લક્ષમાં લીધી નહિ, કેમકે બદમાશ કેદીઓના બાબમાં આવી ફરિયાદ તો સાધારણ જેવી થઈ પડી હતી. દરેક બંદીવાન જયારેબી બીમાર પડી જાય છે યા એકાદ અકસમાતનો ભોગ થઈ પડે છે ત્યારે તે એમજ માની લે છે કે કોઇ છુપો દુશમન તેની જવાન જીંદગીની જડ કાપવાને મંડેલો રહ્યો છે. આવાજ સબબને લીધે લાયનની ફરિયાદને પણ કેદખાનાના સત્તાવાળાઓએ બેદરકારીથી હસીને એક કાને સાંભળી બીજા કાને કાહડી નાખી હતી. આથી લાયનનાં દુઃખમાં ઓરબી વધારો થયો હતો.

કમબખ્ત લાયન પોતાની ઉપરની આ આફતનો તમામ બોજ રોદ્રીક ઉપર મેલતો હતો. તે એમજ સમજતો હતો કે રોદ્રીક પોતાનો રસ્તો મોકળો કરવાને તેની જવાન જીંદગી ઉપર તાંપી રહ્યો હતો, અને તેનીજ ફુલવણીથી કેદખાનામાં તેની જીંદગી સામે કાવત્રાં ચાલી રહ્યાં હતાં, પણ રોદ્રીકનો આ પાપમાં કેટલી હદ સુધી હાથ હતો તે હત્રે અંજાણું રહ્યું નથી. તે કમબખ્ત કેદીને પોતાની જીંદગીની પરવા બિલકુલ હતી નહિ. એક કંગાળ, કમબખ્ત અને દુઃખીને જીંદગીની પરવા તે કેવી હોય? છતાં તે જીવવા માંગતો હતો, પ્રપંચી, ઠગારા અને ગળાં

ફાંસીઓથી પોતાની ગમે તેવી દુઃખી જીંદગી બચાવવા માંગતો હતો, તે શાને માટે? ફક્ત એડેલીન જેવા જીવતા ખજાનાને જીતવા માટે, તેની પરસતેશ કરવા માટે. તે તે સુંદરીને એવા તો અખુટ વાહલથી ચાહતાં શિખ્યો હતો કે જેની હવે હદ રહી હતી નહિ. પણ બંદીખાનામાં અનેક વાર તેનો જાન લેવાની તજવીજ થઇ હતી એ ખ્યાલજ તેને દીવાનો, બાવરો બનાવવાને બસ હતો. તે સારી પેઠ જાણતો હતો કે આવો મામલો ચાલુજ રહેશે તો કોઈબી પળે તેની જીંદગીનો અંત આવવા વિના રેહનાર નથી. પણ ત્યારે તેની જીંદગી બચાવવાનો ઈલાજ શો? તેનાં ભમતાં મગજમાં એકજ ઇલાજ ધાઇ આવ્યો જે કેદખાનામાંથી કોઇબી સંજોગે નાહસવાનો હતો. નાહસવાથીજ તેની જીંદગી બચી શકે એમ હતું, બાકી કેદખાનામાંથી તેની જીંદગી સલામત બચવા પામે એ માહલ હતું.

શું લાયન બંદીખાનામાંથી નાહસવા પામશે? જોઇશું.

બંદીખાનામાંથી નાહસી જવું એ બોલવું સેહલ હતું, પણ બનવું મુશકેલ હતું. લાયનને થોડીજ ખબર હતી કે તેની આગમચ બે ત્રણ બંદીવાનો સેહલાઈથી નાહસી જવાથી અને તેઓ પાછા હાથ નહિ લાગવાથી બંદીખાનાના સત્તાવાળાઓને બહુજ શરમાવું પડયું હતું; જેથી તેઓએ આવો બનાવ ફરીથી નહિ બને તે માટે એવો તો ચાંપતો બંદોબસ્ત રાખ્યો હતો કે નીલ લાયન માટે બંદીખાનામાંથી નાહસવું કેવળ નહિ બને એવું હતું. પણ લાયન જેવો નેકી નીતિનો ભંડાર નાહસવામાં ખોટું જોઇ શકે નહિ એ માનવામાં આવેજ કેમ?

તે પોકારી ઉઠયો, "નહિ! નહિ! એવો હિચકારો ખ્યાલ કરવા માટે ખુદા મને માફ કરે, અને આવા બાયલા બિચારોથી મારૂં ભમતું મગ્જ સાફ કરે, હું નિર્દોષ છું, કોઇનાં પણ લોહીથી મારા હાથો ખરડાયલા નથી, તો શા માટે બંદીખાનામાંથી નાહસી જઇ લોકોની નજરમાં ગુનેહગાર બનું? નહિ! નહિ! એકબારગી મરૂં પણ એવું હિચકારૂં પગલું મરતાં બી નહિ ભરૂં."

આટલું બોલી તે પોતાનાં કંગાળ બિછાના ઉપર ઉંધે મસ્તક પડયો. રાત ઘણી વહિ ગઇ હતી અને પોહરેગીર ઝુંકતો ઝાકતો દરવાજા આગળ અવાચી ઉપર અવાચી ખાતો હતો. સઘલું શાન્ત હતું; પણ લાયનનું મગ્જ શાન્ત હતું નહિ. તે ગોયા વિચારોના વમળમાં વધુ અને વધુ વિંટલાતો જતો હતો. એક બાજુએથી તે નાહસવાના માત્ર ખ્યાલથીજ કમકમતો હતો જયારે બીજી બાજુએથી જીંદગી બચાવવાની અગત્યતા તેનાં મગજમાં ધાઇ આવતી હતી. એડેલીનની મિઠી સુરત તેની નજર આગળથી ખસતી હતી નહિ. તે દિલકશ ચેહરો જેટલો મિઠો અને મધુર હતો તેટલોજ તે તેને સતાવતો રહ્યો હતો, બંદીખાનામાંથી નાહસવાના ઠરાવની આડે આવતો રહ્યો હતો. પણ બીજી ગમથી તે વળી આ પ્રમાણે પણ વિચાર કરતો હતો કે "હું જયારે નિર્દોષજ છું, તો શા માટે જાણી જોઇ મારી જીંદગીનો ભોગ મારે આપવો જોઇએ? અને જુલમગારોને તેમની મતલબમાં ફાવવા દેવા જોઇએ? નહિ! નહિ! એડેલીન! એડેલીન! મારા એકના એક આધાર, મારી જીંદગીના સરદાર, મારી જળતી જવાનીના યાર, મદદગાર, હું પોતાને આ જેહાનમના ગારમાં મરવા દઈ તને બેવફા થવા માંગતો નથી. હું આવુંછ! એડેલીન! હું આવુંછ! તારી ગોદમાં ભરાવા આવુંછ, તારી સોડમાં સંધાવા આવુંછ!" તે વળી વિચારમાં પડયો. તે ચુપ બેઠો. આવી હાલતમાં તે અરધો કલાક પડી રહ્યો અને તે પછી તે એકદમ પોકારી ઉઠયો, "નહિ! નહિ! બંદીખાનામાંથી

નાહસવામાં, આ દોજખખાનાને છેલ્લી સલામ કરવામાં એક તલભાર પણ હું ખોટું કરતો નથી. મને મારી જીંદગી બચાવવાની મોટી જરૂર છે.''

આ પ્રમાણે લાયને અંતે નાહસવાનોજ ઠરાવ કીધો. તે એક વખત ઠરાવ કરતો હતો તો કોઈ પણ જોખમે અને કોઇ પણ સંજોગે તે પાછો ફેરવતો હતો નહિ. પણ તેણે ઠરાવ કીધો હતો એ એક વાત હતી અને તે અમલમાં મેલવો તે જુદીજ વાત હતી.

"નાહસવું કેમ?" એ એક અતિ મુશ્કેલ સવાલ હતો. એક નહિ પણ અનેક પોહરેગીરોની આંખો ચોરાવી નાહસવું, કેદખાનાની ગંજાવર દિવાલ કુદાવી સલામત પાર ઉતરવું એ કાંઇ દાળ ભાતનો નવાલો મોહમાં ઉછાળી દેવા સરખું સેહલ કામ હતું નહિ. એ કામ મોટા જોખમનું હતું, જીવ સટોસટનું હતું. ઘણા કેદીઓ જેલખાનાની દિવાલ કુદાવી નાહસવા જતાં પોતાની હુલડાઇનો ભોગ થઇ પડવાની ખબર હજી લાયનનાં ભેજાંમાં તાજી હતી, અને કમનસીબે એમ બનવું દુર રાખવા માટે તેને નાહસવાની તક મળે ત્યાં સુધી થોભવાની મોટી જરૂર હતી; જેથી તેટલો વખત તેના છુપા શત્રુઓ તેની જીંદગી લેવામાં ફાવી નહિ જાય તે માટે તેને સાહુચેત રહેવાની વિશેષ જરૂર હતી. આ માટે તે જેમ બને તેમ પ્રવાહી ખોરાક લેવાથી દુરજ રહ્યો હતો. તે જાતના ખોરાકની જગોએ તે પાણી ઉપરજ શુક્રાના કરતો હતો કેમકે ચા યા કોકો કરતાં પાણીમાં ભેળેલું ઝેર તરતજ માલમ પડી આવે છે. તે બનતાં સુધી રાત્રીના સમયે પોતાના બિછાના ઉપર જાગતોજ પડી રહેતો હતો. તેના કંગાળ ઓરડામાં ચોતરફ તેની આંખો દરિયાના ખરાબા આગળની દીવાદાંડીની પેઠે ફરતી રહી હતી. ખરેખર, તેની આજુબાજુ ભયંકર ખરાબાઓજ આવી રહેલા હતા. તેની જીંદગી ગોયા ખરાબે લાધવાની અણિ ઉપર આવેલાં એક બારકસ મિસાલ હતી, અને તેની બંને આંખો ખરાબાની ચેતવણી આપનાર ગોયા દીવાદાંડી હતી. નીલ લાયનની જીંદગી બંદીખાનામાં આવી ભરોસા વગરની અને જીવ સટોસટની હતી. તે આ નવી અને વધુ કંગાળ જીંદગીથી હતો તે કરતાં વધુ બેચેન બન્યો. તે વધુ કંટાલી ગયો હતો અને છેવટે જીવતો યા મુવેલો આ જીવતું જેહાનમ છોડી જવા તૈયાર થયો હતો. આવી ફિકર ધાસ્તીને લીધે તેનો મજબુત બાંધો રફતે રફતે વધુ અને વધુ નબલો બનતો ગયો હતો. તેના લોખંડી હાથ પગ ગળાઇને તાવદાન બની રહ્યા હતા અને તેના સોહામણા ચેહેરાએ પોતાની આગલી ખુબસુરતી ખોહી દીધી હતી. તેની ઉલટ મંદ થતી રહી હતી, જીવવાની હોંસ સુસ્ત થતી ચાલી હતી; તોપણ તે વારંવાર પોતાનાં મન સાથે બોલતો કે "અગરજો હું ગુનેહગાર હતે તો કદીબી બંદીખાનામાંથી નાહસી જઇ મારી પાપી જીંદગીને વધુ પાપી બનાવતે નહિ. પણ હું નિર્દોષ છું, એક બાળક જેવો નિર્દોષ છું, તો શા માટે આ દોજખખાનું ત્યાગ કરી મારે મારી જીંદગી બચાવવી જોઇએ નહિ? મારે મારાં ખાનદાનની હોરમતને ખાતર મારૂં બેગુનાહપણું દુનિયાના લોકો આગળ સાબેત કરવુંજ જોઇએ. તેઓ જયારે જાણે કે રોજર દીપીંગનો ખુની હું નહિ પણ કોઇ બીજો છે, રોઝામન્ડ ફલોયને ફસાવનાર, તેણીની મિઠી જીંદગીને જળાવી ખાક રાખ કરનાર હું નહિ, પણ કોઇ ત્રાહેત ઘણીજ છે, ત્યારેજ આ જેહાનમાં જીવવું પ્રમાણ છે, બાકી ઓ ખુદા, મારી હોરમત ઉપરના કાળા ડાઘ સાથે જીવવું એ મુવા કરતાં દશ લાખ દરજજે વધુ બદતર છે. તોપણ ઓ પરમકૃપાળુ બાપ! આટલું છતાં

બી બંદીખાનામાંથી નાહસી જવામાં હું પાપ કરતો હોઉં તો મને માફ કરજે, અને મારી જીંદગીની કિશ્તીને સલામત પાર કરજે !"

ખુદા ઉપર તેનો અસલથીજ પુર ઇતબાર હતો, પણ જે પળથી તેની જીંદગીનું બારકસ તોફાની વટોળિયાંમાં સપડાયું હતું ત્યારથી તેણે ઉંઘને મારી કાહડી હતી, જેથી રાતનો વખત પોતાના પેદા કરનાર સાહેબની બંદગી કરવામાંજ તે પસાર કરતો હતો. તેની કંગાળ જીંદગીની મોટામાં મોટી ઉમેદ નાહસવાની તક ઉપર આવી અટકી હતી, અને તે નસીબવંત પળની રાહ તે અધીરાઇની તાપથી જળતી આંખો સાથે જોતો રહ્યો હતો.

એક વાર ફરીથી !

રાત અંધારી હતી, અને એદેલીન માટે ડરામણી હતી. તે એક એવી રાત હતી, કે જે એદેલીન પોતાની આખી જીંદગીમાં કદી પણ ભુલનાર હતી નહિ. તે આખો દિવસ એદેલીન ગમગીનજ હતી. લેડી ઓલ્ડકેસલ અને જુલિયને અનેક વાર ટીકા કીધી હતી કે આજે એદેલીનનો ચેહેરો હદથી જયાદા ફિક્કો બન્યો હતો. એદેલીને પોતાનો ચેહેરો આઇનામાં બીહતાં બીહતાં જોયો હતો. તેણીને પોતાને પણ લાગ્યું કે તે બંને મા દીકરાના બોલવામાં બેશક સચ્ચાઈ હતી. પણ આજે હદથી જયાદા તે કાંઈક છુપા ગમથી ઉદાસી શા કાજે બની હતી તે તે બાનુ જાણી શકી નહિ. જાણે તેણીનો દમજ આજે દબાઈ જતો હતો. એ શું હતું ? શું કાંઈ નવી આફત તેની પોતાની ઉપર યા તેણીના પ્યારા નીલ લાયન ઉપર હજી વરસવાની બાકી હતી ? અને તે સમય શું આજની રાતનો હતો ? એમાં તો કશો શક હતો નહિ કે તેણીની છાતીમાં કાંઈ અજબ ધડક ધ્રુજારાએ બામદાદથીજ ઘર કીધું હતું, પણ રાત્રીના સમયના વધુ અને વધુ નજદીક આવવા સાથે તેમાં ઓરખી વધારો થતો ચાલ્યો હતો. રાતનું ખાણું પણ તેણીએ પોતાના ઓરડામાંજ લીધું હતું. માથું દુઃખવાનું બાહનું કાહડી તેણીએ લેડી ઓલ્ડકેસલ અને જુલિયન સાથે હંમેશ મુજબ ખાણું લેવાની ના પાડી હતી. આથી જોકે જુલિયનને નાઉમેદ તો ઘણું થવું પડયું હતું, પણ એદેલીનની જીદ આગળ તે લાઈલાજ હતો. તેણે વધુ બોહસ કરવામાં દાનાઈ જોઈ નહિ.

એદેલીને ખાણું જોકે પોતાના ઓરડામાંજ મંગાવ્યું હતું, પણ તે તેને જરા લગાર ચંચેરીનેજ ઉઠી ગઈ હતી. તે બાનુ પોતાના માનીતા સોફા ઉપર અદેલીને દલગીર ચેહેરે અને વધતા જતા ધડક ધ્રુજારાથી આજેજ બની બેઠી હતી ત્યારે લગભગ દશનો અમલ થયો હતો. આખો ઓલ્ડકેસલ પાર્ક સુમશાન બની ગયો હતો. નોકરો પણ પોત પોતાને વગેસગે થઇ ગયા હતા, સઘળું શાન્ત અને ચુપાચુપ હતું, પણ એદેલીનનું જીગર શાન્ત હતું નહિ. તે તોફાની માહસાગરમાંના પાહડ સમાન મોજા પેઠે ઉછળતું રહ્યું હતું. તેણીની નજર પોતાની સામે બળતી બતી ઉપર ચોંટી રહી હતી. સારાં નસીબે તેણીનું મગ્જ શાન્ત રાખવા માટે કુદરત મોજુદ હતી. તેણીના સોફાની પાછળની બારીનો પશ્ચિમ તરફનો પવન ઘણીજ ખુશનુમા રીતે ફુંકતો હતો, પણ કુદરતની તે બક્ષેસની તેણીને થોડીજ પરવા

હતી; કેમકે હાલમાં તેણીનું ધક ધ્યાન તેણીના જાન કરતાં વાહલા લાયનમાં ખુંટી બેઠું હતું. તેણીનાં મનમાં હાલના સમયે લાયનની કમનસીબી યાદ આવી હતી. તે બાનુ પોતે જયારે ઓલ્દકેસલ પાર્ક જેવાં બાદશાહી અચવાનમાં મોજ મારતી હતી, ત્યારે તેણીનો પ્યારો લાયન ગમે તેવા સદગુણો છતાં એક ખુનીના કાળા ડાઘ સાથે બંદીખાના જેવાં જેહાનમમાં રીબતો હતો, હાડમાર થતો હતો. તે કાયદાની નજરમાં સજાને પાત્ર બની ચુકયો હતો, અને લોકોની નજરમાં ખુની ઠરી ચુકયો હતો. એદેલીન આગળ જ્યારે સ્વાદીષ્ટ પકવાનો અને મિષ્ટાનો ભરચક પિરસવામા આવતાં હતાં, ત્યારે લાયન વાસી નાનના એક ટુકડાનો પણ મોહતાજ હતો. એદેલીન લાખોની દોલતની માલેક હતી, પૈસાની અંદર આળોટતી હતી, સ્વતંત્ર હતી, ત્યારે લાયન અરધી વિનાનો ઓશિયાળો હતો અને હેવાનથીબી બદતર બુરી દશાએ પુગેલો એક ખુની કેદી હતો. તેનું સ્વતંત્રપણું સદાનું લુટાવા પામ્યું હતું, છતાં બંદીખાનામાં દર પળે તેની જીંદગી મોટા ભયમાં હતી. પણ ભલી, ભોળી એદેલીનને શી ખબર હતી કે તેના પ્યારાની જીંદગી બંદીખાનામાં કેવી આફતો વચ્ચેથી પસાર થવા પામી હતી? તેણીને શી ખબર કે તેણીનો પ્યારો નીલ બંદીખાનામાંથી નાહસી પોતાની જીંદગી બચાવવાને અનેક ફાંફાં મારી રહ્યો હતો?

આપણે ઉપર જોયું તેમ દશનો અમલ થઇ ગયો હતો અને એદેલીન એક સુંદર સોફા ઉપર અઢેલી પડી હતી. તે પોતાનાં મન સાથે પણ મોટેથી બોલી:—

"અરે પરવરદેગાર! મારા પાકીજેહ પ્યાર ઉપર આ કેવો સેતમ! કેવો જુલમ! લાયન! લાયન! મારા જાનના એકના એક આધાર લાયન! તું શા માટે ગરીબ માબાપને પેટ અવતર્યો? એ ખુદા! અગરજો આ જેહાનમાં, આ જુઠા સંસારના તાલેવંતો ગરીબાઇનેજ એકલું પાપ સમજતા હોય તો એ બાપ! તારા ધગધગતા શ્રાપથી તેમ સમજનારા તવંગરોને બાળી નાખ! તેમનો નાશ કર! તેમનું સત્યાનાશ વાળ!"

એદેલીન પોતાનાં ધકમાં અને ધકમાં હજી પણ વધારે બોલી હતે પણ એટલામાં કાંઇક અવાજ તેણીના કાને આવી અથડવાથી તે ચોંકી. તે કાંઇ હિચકારી હતી નહિ; તે તો એક હિમ્મતવાન બાનુ હતી, જેની સાબેતી તેણીએ રોજર દીપીંગનાં ખુનવાલી વેરાન જગામાં લાયનની લીધેલી મુલાકાતથી આપણને અત્યાર આગમચની મલી ચુકી છે. પણ તે ગમે તેટલી હિમ્મતવાન છતાં ચોંકી, એ શું હતું? આવી રાતની સમયે એદેલીનના એકાંતવાસમાં આ શું ખલલ હતી? આ શાનો અવાજ હતો? પણ તે અવાજ જેટલો એકાએક થયો હતો, તેટલોજ તે એકાએક સમી જવાથી એદેલીને તેની કશી દરકાર કીધી નહિ.

"એ ખુદા! અગરજો ગરીબાઇ પાપજ હતું તો શા માટે મારા નીલને ગરીબ વર્ગમાં પેદા કીધો? તે શું—"

આ પળે એદેલીને મોટા ઘભરાટ વચ્ચે કોઇનાં ડચકું ખાવાનો પરગરો અવાજ સાંભળ્યો. વળી એ શું હતું? ઓલ્દકેસલ પાર્ક જેવાં આલીશાન મકાનના અલાહેદા ઓરડામાં આવી રાતની સમયે ડચકું ખાવાનો બનાવ બનવા પામે એ તો હદ થઇ. તેણીના એકાંત ઓરડામાં દાખલ થવાની હિમ્મત કોણે અને કેમ કીધી હશે એ ખ્યાલથી તે દુ:ખી સ્ત્રી ઘભરાયા વિના રહી નહિ. તેણીએ ખાતરીથી માની લીધું કે ડચકાંનો અવાજ તેણીની પાછળથી આવ્યો હતો. તે બાજુએ એક

બારી આવી હતી જ્યાંથી પવનના સુસવાટાઓ ઓરડામાં વગર પરવાનગીએ દાખલ થતા હતા.

એદેલીન ઉઠી; તે જેમ તેમ, માહ મુશ્કેલીએ ઉઠી, અને જે તરફથી તેણીના કાને અવાજ આવી અથડયો હતો તે તરફ તે બાનુ ધ્રુજતા પગોએ ચાલી ગઇ. તેણીએ અતિ મોટા ધભરાટ વચ્ચે જોયું કે એક જવાન મરદ કાંઇ અજબ જાતનાં વસ્ત્રોમાં વિંટલાયલો થાંભલાની માફક ત્યાં ઉભો હતો. તેણે પેહરેલાં વસ્ત્રો તેણીને લાગ્યું કે તેણીએ કેઠે જોયાં હતાં, પણ કયાં તે તે બાનુ અટકલી શકી નહિ. તે વસ્ત્રો કાંઇક વિચિત્ર હતાં. કોઈબી ગ્રહસ્થ આદમી પેહરવાને ધિક્કારે એવાં હતાં, તે છતાં તે વસ્ત્રો કોણ પોતાના વપરાસમાં લેતું હતું તે તે બાનુ એકદમ યાદ કરી શકી નહિ. કોઇ તરાહેત મરદને આવાં ન જણાયલાં વસ્ત્રોમાં ઢંકાયલો જોતાં તે એકદમ અટકી ઉભી. તે એકપણ ડગલું આગળ ભરવાની હિમ્મત કરી શકી નહિ.

શું તે મરદ દીવાનો હતો? શું કોઇ દીવાનશાળામાંથી છુટી આવી તેણે તેણીના ઓરડાના એકાંતવાસનો આશ્રો લીધો હતો? પેલો અંજાણ્યો મર્દ દિવાલ સાથે પોતાનું માથું ટેકવી ઉભેલો હોવાથી જેમ તે બાનુ તેનો ચેહેરો જોઇ શકી હતી નહિ તેમ તે મર્દ પોતાની આગળ તેણીના આવવાનો સંસારો વટીક સાંભળી શકયો હતો નહિ. આવી રીતે બંને જણાંઓ એક બીજાને ઓળખવાથી બાકાત રહેવા પામ્યાં હતાં. પણ એમ ઝાઝો વાર ચાલી શકયું નહિ, કેમકે પેલા મર્દે એક હાય મારી એદેલીન તરફ નજર કીધી. એકજ પળ! અને બીજી પળે તો પેલો મર્દ પોતાની સામે પણ લગાર દુર એદેલીનને ઉભેલી જોતાંજ એક ધીમી ચીચીયારી સમેત આગળ ધસી આવી એદેલીનના પગ આગળ તુટી પડયો.

"ઓ! કોણ? લાયન મારો જાન! મારો આધાર!" એદેલીન જમીન ઉપર ફસડાઇ પડી લાયનને જોઇ પોકારી ઉઠી.

આશક માશુકનો મેલાપ.

તે એક દયામણું ચિત્ર હતું. નીલ લાયન બેશુદ્ધ સ્થિતિમાં પડેલો હતો, તેનું માથું એદેલીનના ખોળામાં હતું, જ્યારે તેણીની બંને આંખો લાયનના લેવાયલા, લુટાયલા ચેહેરા ઉપર એક ચિતે ઠરી રહી હતી. તેની બંને આંખો ખુલ્લી હતી અને તેના ડોળા સ્થિર હતા, જે એદેલીનના ચેહેરાને ડગમગ ડગમગ જોઈ રહ્યા હતા. તેની જબાન બંધ હતી, પણ તેની આંખો ખુલ્લી હતી, જે અહેસાનની રોશનીથી તારાની માફક ઝળકી રહી હતી. તે કાંઈ બોલવા માંગતો હતો, એમ તેના ચેનચાળા ઉપરથી એદેલીને જોઈ લીધું, પણ તેની છાતી ગોયા બંધાઈ ગઈ હતી, તે બેશુદ્ધ કરતાં બેજુબાન વધુ બની ગયો હતો. તન મન ઉપરના અસાધારણ બોજાને લીધે નિસોસ બની ગયો હતો. તેનો હોશ ફરામોશ થયો હતો.

આવી હાલત ઝાઝો વાર રહેવા પામી નહિ. એદેલીને જોયું કે તેની બંધ થયલી છાતી ખુલવા પામી હતી.

"કોણ? મારી પ્યારી એદેલીન! મારી જીંદગીનો બાગ! મારી મુંફતી જવાનીનો જળતો ચેરાગ!"

લાયનની બેશુદ્ધીના ખતમ થવા સાથે તેનાં મોહડાંમાંથી આ પેહલાજ બોલો નિકળ્યા હતા. આ બોલોની સાથેજ તે એદેલીન જેવા નેકીના ફરેસ્તાનાં માયાવંત પાસાંમાં પ્યારથી ચંપાઇને બેઠો. અરે! તે વખતનું તેનું સુખ! તેણે પોતાને ખરેખર બેહેસ્તના બાગમાં એદેલીન જેવા ગોલાબ જોડે ગેલ કરતો જોયો, પોતાને દુ:ખનો સાગર તરી ગયલો જોયો. એદેલીન—તવંગર એદેલીન, ખુબસુરત એદેલીન—પોતાના પ્યારાને તેના એબલગામણા લેબાશમાં પણ એવા તો પ્યારથી ભેટી કે જાણે હરખના બાગમાંજ લેટી. એ તે પાકીજેહ પ્યાર! તવંગરીમાં, સુખના લાડમાં, આબાદીના બહારમાં ખીલેલા આશકને ચાહનારી ઓરતો તો ડગલે અને પગલે મલી આવે છે, પણ હજારો માલેતોજાર જવાનોને ઠોકરે મારી કેદીના પોશાકમાં નાહસી આવેલા એક હિનાયલા, હાડમાર થયલા, હિનપસ્તીમાં આવેલા બંદીવાનને ચાહવાનું દિલ તો એકલી એદેલીન જેવી ખરી સ્ત્રીજ ધરાવી શકે! એ તે મોહબત! એ તે સાફ, પાક ચાહત! અને એવીજ ચાહતમાં ખરી રાહત, ખરૂં આબે હૈયાત છે. જેમ ખરાં સોનાંને ગમે તેવા ધગધગતા અંગારમાં નાખો તોપણ તે સોનુંજ રહેવાનું, તેજ પ્રમાણે એદેલીન અને લાયનની મોહબત અને ચાહત ઉપર ગમે તેટલી આફત અને વિપતનાં વીટંબણાં વરસે તોપણ તેને એક વાલ બરાબર પણ અલવલ આવનાર નથી.

"બોલ નીલ, તું અહિં કેમ આવવા પામ્યો? અરે! તુને જોતાં મારી આંખોમાં, મારાં જીગરમાં ઠંડકનો કેવો પ્રવાહ ફરી વળ્યોછ! મારાં તન બદનમાં ખુશાલીના મોજા એવા તો ઉછળી રહ્યાછ કે મને લાગેછ કે એ ખુશાલી લાંબો વખત ટકશે નહિ અને મને તે મોજાઓ દુ:ખના સાગરમાં ફરીથી ઘસડી જશે!" એદેલીન કાંઈ પણ આનાકાની વિના લાયનનાં પાસાંમાં વધુ અને વધુ દબાતી બોલી.

"હું અહિં કેમ આવવા પામ્યો તે જો તું જાણવાજ માંગતી હોય તો સાંભળ કે હું તો નાહસી આવ્યોછ! પોહરેગીરોની ચુંગાલમાંથી સટકી આવ્યોછ, તેઓની આંખ ચોરાવી છટકી આવ્યોછ!" લાયન આસપાસ નજર કરી હાંફતો હુંફતો બોલ્યો. તેની નજર હવે ઓરડાનાં બારણાં તરફ ઠસી રહી હતી. તેને મોટી ધાસ્તી હતી કે તેની પુઠ પકડવામાં આવી હતી અને જે પળ જાય છે તેમાં તે કેદખાનાના સત્તાવાળાઓના હાથમાં લાઇલાજ થઈ પડવાનો હતો. તોપણ તેને એટલો તો સંતોષ મળ્યો હતો કે એક વાર ફરી એદેલીનનાં પાસાંમાં તે આવી પડયો હતો.

"અરે લાયન! તું કાંય નાહસી આવ્યો? તુને અહિં જંપીને કોણ બેસવા દેનાર છે? લાયન! લાયન! આ તેં શું કીધું?" એદેલીન તેને નાહસી આવેલો જાણી દુ:ખથી આજેઝ બની પોકારી ઉઠી.

"હા! મેં ખોટું કીધું! મેં ખરેખર મુરખાઇ કીધી કે બંદીખાનાની જંજીર તોડી હું નાહસી આવ્યો. પણ એદેલીન! હું શું કરૂં? હું ગુનેહગાર નથી પણ લાચાર છું. હું તારો ચેહેરો નહિ જોવાનો ગમ બરદાસ્ત કરી શકયો નહિ જેથી હું શ્યાનો છતાં દીવાનો બન્યો, તું જેવા ચેરાગનો પરવાનો બન્યો! એદેલીન! જયારે આ દિલનું બુલબુલ મોહબતની જાલમાં ફસેછ, ત્યારે તારી નસીહત સાંભળી ઓરખી તે હસેછ! એદેલીન! તેવીજ મારી હાલત છે, મારી જીંદગીનો કિનારો બસ આફત છે!"

લાયનના આવા નાઉમેદીભર્યા સખુનો સાંભળી એદેલીનને ઘણું લાગી આવ્યું. તેણીએ અજાબ વાહલથી તેના ગાલ ઉપર એક નિર્દોષ ચુંબન કીધું, જેનો છાપ

લાયનને લાગ્યું કે તે પોતાનાં મોતની છેલ્લી ઘડીએ પણ ભુલી જનાર નથી. મોહબતની આ નિશાનીથી લાયન ખુશીથી છળાછળ ઉભાતી છાતીએ પોકારી ઉઠયો, "એદેલીન! મારી આવી કમીની હાલતમાં પણ તું મને ચાહેછ? ત્યારે શું તું મને રોજર હીપીંગના ખુની તરીકે ધિક્કારતી નથી? મને ઠોકડે મારતી નથી? તે ખુદાને હાજરનાજર જાણી મને કહે કે હું મારી આખી જીંદગીનું કેદખાનું ભોગવતો હોવા છતાં તારા કમબખ્ત ખુની લાયનને તું હજી તજી ગઇ નથી? એદેલીન! મારા રાહબર ફરેસ્તા! અગરજો તું મને ખરાંજ વાહલથી ચાહતી હોય, તારા અભાગ્યા લાયનને સાચ્ચા પ્યારથી જોતી હોય તો મારાં ગળાં ઉપર તારા બંને હાથો શરમાવા વગર, કમકમવા વગર નાખ અને ખુલ્લી આંખોથી મારા ચેહેરા તરફ જો કે હું તારી આંખોમાં મારી તરફનો પ્યાર જોઇ શકું, મારી આફતને તારી મોહબતનાં પાણીથી ધોઇ શકું!"

આટલું બોલતાં લાયન એટલો બધો તો ઉસકેરાઇ ગયો કે તેનો ચેહેરો તે ઉસ્કેરણીનો ગોયા આયનો બન્યો હતો. તે મોહબતમાં દીવાનો બન્યો હતો, ચેરાગ ઉપર ભમતો પરવાનો બન્યો હતો. તે એક ખરેખર સાચ્ચો આશક હતો! તેની આ ઉમેદવારીમાં બુરાઇનો એક તલ ભાર પણ અંશ સમાયલો નહિ હોવાથી ઉસ્કેરણીના સબબે તેના ચેહેરા ઉપર કુદરતી નુર ધાઈ આવ્યું હતું જે નુરને એદેલીને ખુબસુરતી સમજી લીધેલી હોવાથી તેણીને લાગ્યું કે નાહસ્તા, ભરાતા, છુપાતા કેદીના પોશાકમાં તે જેટલો ખુબસુરત તે વખતે લાગતો હતો તેટલો તે આગળ કોઇ પણ દિવસે લાગ્યો હતો નહિ. તેણીએ જરાબી આનાકાની કીધા વિના પોતાના બંને સફેદ પારદર્શક હાથો લાયનનાં ગળાં ઉપર નાખ્યા, અને પોતાની બંને આંખો ખુલ્લી રાખી જરા પણ લજવાવા વિના પોતાના સાચ્ચા આશકના ચેહેરા તરફ એકી તગરે જોતી તે બેઠી. તેણીની આંખોમાં આંસુ હતાં, પણ એદેલીને કસમ લઇ જણાવ્યું કે તે ખુશાલીનાં આંસુ હતાં, જે તેણીનાં દિલના ગમને ધોઈ નાખતાં હતાં. એદેલીનનો આવો ખુદાઈ પ્યાર લાયન તામોરા કરી શકયો નહિ. તે અજીત પ્યારના તિણા તીરો પોતાનાં કાલજાંમાં ભોકાતા જોવાની તેનામાં તાકાતજ કયાં હતી? આથી તે એદેલીનના હાથો પોતાનાં ગળેથી છુટા કરી પોકારી ઉઠયો, "ઓ ખુદા! ખુદા! આવાં જીન્નતને છોડી જેહાનમમાં કેમ જાઉં! પણ નહિ, એદેલીન, અગરજો હું જેહાનમમાંબી જવશ તો તારી આ મોહબતની રાહત તેને ગુલશન બનાવશે, બલ્કે બેહેસ્તનો ચમન બનાવશે! બસ! હવે કેદખાનામાં જાઉં યા મોતને શરણ થાઉં તો તેની મને જરાબી પરવા નથી. એદેલીન! તારી સિફતમાં મારી નાતવાન જબાન કેમ ખોલું? બસ, તારા જેવી બંને જેહાનમાં દિલરૂબા નથી, એકબી ઓરતમાં તારા જેવી વફા નથી."

તેનેથી આગળ બોલી શકાયું નહિ. એદેલીનની આજની મોહબતથી તેની ઉપર એવી તો મજબુત અસર થઈ હતી કે તે વધુ બોલી શકયો નહિ, જેથી પોતાના જુસ્સાને રસ્તો લેવા દેવા માટે એક નબળી, લાચાર ઓરતની માફક તે ફોકેફોક રડી પડયો.

"લાયન! લાયન! આ તો આપણા સુખી મેલાપની રાત છે!" લાયનને રડતો જોઈ એદેલીને ઠપકો આપ્યો.

પણ એદેલીનનો આ દિલાસો લાયનને ગળે ઉતર્યો નહિ. તે નાસિપાસ થઈ પોકારી ઉઠયો:—"એદેલીન! સુખી મેલાપની રાત! અરે એમ કહે કે આપણી કાતેલ જુદાઇની રાત! કોણ આપણને આવાં અપાર સુખમાં જંપીને બેસવા દેનાર

છે ? જે પળ જાયછ તેમાં મારી ઉપર ધાડ આવવાનો સોદો છે, આ છુટા હાથ પાછા જંજીરમાં સીકડાવાનો મામલો છે ! અરે ! અફસોસ ! કેટલું ક્ષણભંગુર આ સુખ, કેટલી તકલીદી આ મોજ ! એ મોત ! કાતેલ જબુન મોત ! શું તું મને મારી એડેલીનનાં માયાવંત પાસાંમાંથી છીણવી લઈ તારી નાકદર ગોદમાં લેવા ચાહેછ ? પણ નહિ, જેમ મેં મારી પુઠ પકડનારાઓને ઠાપ આપીછ તેમ હું તુનેબી ઠગું નહિ તો હું નીલ લાયન નહિ.”

શું એમ બનશે ?

જુદાઇની આફત ફરીથી.

ખરેખર ! તે રાત એડેલીન માટે મોહબતની હતી, જયારે લાયન માટે તે જબુન આફતની ખુંખ્વાર રાત હતી; કેમકે તે પુર ભરોસા સાથે માનતો હતો કે તેની પુઠ પકડવામાં આવી હતી અને તે કોઇ પણ રીતે સલામત તો હતોજ નહિ. તેની જીંદગી વધુ જોખમમાં ફસી પડી હતી. અગરજો તેણે એડેલીનને મળવા આવવાની દરકાર કીધી નહિ હોત તો તે ઘણી આસાનીથી પોતાની પુઠ પકડનારાઓને પછાત નાખી શકયો હોત ! પણ નહિ, તે એવો હિચકારો યા બાયલો હતો નહિ કે પોતાની જીંદગીના એકપુરા આધારને મળવા વિના પોતાની ક્ષણભંગુર જીંદગી બચાવવા જેવી નિમકહરામી કરે ! પોતાની જીંદગી બચાવવા કરતાં એડેલીનની મિઠી સિકલ જોવાની તેને વધુ હોંસ હતી; અને તે હોંસ પાર પડવાથી તે એમજ સમજ્યો કે તેણે એક નહિ, પણ અનેક જીંદગી હાંસલ કીધી હતી. એડેલીનની મોલાકાતથી તેને ગોયા એક નવીજ જીંદગી મળી હતી. તેને જે એક મોટો લાભ થયો તે એ હતો કે તેણે બંદીખાનાની જીંદગીમાં એમજ માની લીધું હતું કે તેની તરફનો એડેલીનનો પ્યાર વખતના વેહવા સાથે કમી થતો જતો હતો, કેમકે તે બાનુ તરફથી તેને દિલાસાનું એક પણ કાગળ બંદીખાનામાં મલવા પામ્યું હતું નહિ. પણ આ મુલાકાત દરમ્યાન તેને માલમ પડયું કે તે મોહબતવંતી બાનુએ એક નહિ, પણ ત્રણ ત્રણ કાગળો લખ્યાં હતાં, જે લાયનને મુદલ મળવા પામ્યાં હતાંજ નહિ. લાયને જોયું કે આ પણ એક છુપું કાવત્રું હતું, જેમાં પણ તેનો જાન લેવાનાં ફાંફાં મારનારાઓનોજ કરપીણ હાથ હતો. આ કાવત્રું કોણ નાકદરથી રચાવા પામ્યું હતું તેની તે બેખબર કમનસીબને શી ખબર ?

“અરે ચંડાળો, તે દયાળુ બાપ તમારૂં આ પાપ કેમ સાંખી શકશે ? મુજીઓ ! તમે મને એકદમ મારી નાખો પણ ખુદાને ખાતર મને એમ રીબાવી મારા જાનના જાનથી એમ વિખુટો પાડવાનું કાવત્રું ના રચો !”

લાયનની આ ફરિયાદનો બાએસ એડેલીનની સમજમાં આવ્યો નહિ. એડેલીન તો એમજ સમજી કે તે જવાન પોતાની ઉપરની આફતની ધુમમાં માત્ર લવારો બકારો કરતો હતો. તોપણ તેણીને સવાલ પુછવા વિના ચાલ્યું નહિ.

“લાયન ! એ શું બકબકારો ? તારો જાન કોણ લેવા માંગેછ ? એવો વેહમ છોડી દે મારા જાન ! બંદીખાનામાં તારી જીંદગીનો તે કોણ તરસ્યો હોય વારૂ ?” ગુંચવણ અને ધભરાટ સાથની ઇંતેજારીથી એડેલીન બોલી.

"વેહમ!" લાયન એદેલીનથી બે ચાર પગલાં હઠી બોલ્યો, "એદેલીન! તું શું મારા સાચ્ચા એકરારને વેહમ સમજેછ? અરે! વેહમ સમજનાર બાનુ, મારી જીંદગી બંદીખાને જોખમમાં છે. અફસોસ! તેઓ મારી કંગાળ જીંદગીના દુશમન બન્યાછ! તે દોજખખાનામાંબી તેઓ મને જંપીને બેસવા દેતા નથી. તેઓએ મારો જાન લેવાની મજબુત પુઠ પકડીછ! બોલ! એદેલીન, ત્યારે એ આફત હું કેમ સહન કરૂં? કયાં તક ખમું?"

એદેલીન વધુ અને વધુ અજાયબિ અને ધાસ્તીથી લાયનને જોતી દીગમુઢ જેવી ઉભી. શું લાયનનું ભેજું તેની ઉપરની તરેહવાર આફતોના બોજાથી કાંઈક નબળું થતું જતું હતું?

"લાયન! લાયન! તું શું બોલેછ? તુને કાંઈ ભાન છે? તું દીવાનો થયોછ!" એદેલીન પોતાના પ્યારાનો હાથ પોતાના નાજુક હાથમાં લઇ બોલી.

"હમણાં સુધી તો હું દીવાનો થયો નથી, પણ જો એમનું એમજ ચાલ્યું તો હવે તેઓ મને જરૂર દીવાનો કરી મેલશે."

"તેઓ તે કોણ?" એદેલીને શંકાથી આજેઝ બની લાયનને પુછયું.

"તેઓ તેજ ચંડાળો છે જેઓએ રોજર દીપીંગનું ખુન કરી મને ખુની ઠેરવ્યોછ. તેઓ તેજ જફાકારો છે જેઓએ કમબખ્ત રોઝામન્દને ફસાવી જાહેરમાં મને તેણીના ચંડાળ ફસાવનાર તરીકે ઉઘાડો પાડયોછ! તેઓ તેજ બદમાશો છે જેઓ બંદીખાનામાં પણ મને જંપીને બેસવા દેતા નથી ને મારી દુઃખી જીંદગીને પોતાના પગ હેઠળ કચડી નાખવાને તત્પર બન્યાછ!"

આ પછી લાયને બંદીખાનામાં પોતાની ઉપર વિટેલી આફતની, પોતાને ઝેર દેવાની અને તેને કચડી નાખવા માટે ફેંકવામાં આવેલા પેલા પથરની કાહણી એવી તો દયાજનક રીતે એદેલીનને કહી સંભળાવી કે તે નાજુક બાનુ પોતાના પ્યારા ઉપરની જુલમી કાહણી સાંભળી દાંતમાં આંગળાં કરડવા લાગી અને માથાંથી પગ સુધી કમકમી. હવેજ તેણીએ ખાતરીથી માન્યું કે લાયન આ સઘળું પોતાનાં દીવાનપણાંમાં બોલતો હતો નહિ પણ તે કમનસીબ ઉપર જુલમગારોએ ખરેખરો સેતમ ગુજાર્યો હતો. પણ એવો તે કોણ હતો? લાયનની કમબખ્ત જીંદગીની સત્યાનાસીમાં કોણને લાભ હતો? કોણ તેની જવાન જીંદગીનાં લોહીનો તરસ્યો બન્યો હતો?

લાયન પોકારી ઉઠયો, "એદેલીન! મારા જાન! તારી મોહબતનાં સુખમાં હું તો ડોલતોજ રહ્યો, અરે અફસોસ કે હું જીવતોજ મુવો! એદેલીન! સાંભળ! કે તારા કરારથી હું બેકરાર છું, તારી જવાનીના ખિલતા બાગને કચડવાને હું ગુનાહગાર છું! ખુદાઇ મારને સજાવાર છું, સેતમગાર છું. પ્યારી! જીવતા ખાવિન્દે જનમ તક રંડાપાની ઝુસરીનો બોજ તેં કાંય તારાં સર ઉપર ખેંચી લીધો? તું એક નાજુક, નબલી, નાચાર નાર તે બોજ કેમ ઉઠાવશે? જા! એદેલીન જા! મારે માટેના પ્યારને છેલ્લી સલામ કર, જીગર! કોઇ બીજા જવાનની તલબ કર, જે તુને સુખી બનાવે! આબાદીમાં રમતી કરે! આરામ બક્ષે! તારા અરમાન પુરા પાડે! કેમકે હું જીવતો છતાં મુવેલા સરખો છું. એદેલીન! હું જોકે શેર પુરેપુરો છું, મગર એક લોંકડીથીબી આજે બદતર બુરો છું." એદેલીને જોયું કે લાયન આજે હદથી જયાદા ઉસકેરાઇ ગયો હતો. તેની જબાન કાતરની માફક ચાલતી હતી, પણ તેના ફિક્કા ફચ હોઠો ધ્રુજતા હતા. તેનું ગોયા આખું તન બદન ધ્રુજતું હતું, જાણે જીંદગી અને મોત વચ્ચેની લડતમાં તે લાચાર લાઇલાજ ફસી

પડયો હતો. એદેલીનને આ માટે ઘણું લાગતું હતું, પણ તે ખરેખર લાચાર હતી. તેણીની પાસે કશો ઇલાજ હતો નહિ. પોતાના પ્યારા માટે છુટાપણું મેળવવાને પોતાની તમામ દોલત તો શું પણ જરૂર પડવે પોતાના પ્યારા જાનનો પણ ભોગ આપવાને તે બાનુ તૈયાર બની હતી, પણ તેમ બની શકતું હતુંજ કયાં ?

"લાયન! મને કેહ તું હવે શું કરવા માંગેછ? તારી જીંદગી આ મકાનમાં સલામત નથી," એદેલીને આ સવાલ લાયનનાં મુખમાંથી બાહર પડતા જવાબની અધીરાઇની તાપથી ધગધગી પુછયો.

"એદેલીન! સાંભળ કે મારી પેહેલી ફરજ જે તને મળવાની હતી તે મેં પુરી કીધીછ. આ જેહાનમાં બીજો એકજ જીવડો છે જેને મળવાને મારો જીવ અધીરો છે! અને તે મારી વાહલી પણ દુઃખી માતા છે, જેણે મને સદગુણી બનાવ્યોછ, મગર ખુની બનાવ્યો નથી. ત્યાંથી હું લંડન ખાતે નાહસશ! હું ત્યાંજ ભટકશ, ત્યાંજ રખડશ અને ત્યાંથી આસ્ત્રેલ્યા યા દક્ષિણ આફ્રિકામાં જઇ મારી દુઃખી જીંદગી જેમ તેમ પુરી કરશ." આટલું બોલતાં તે ઘુંટણીએ પડી પોતાના બંને હાથો આસમાન તરફ ઉંચા કરી અજબ જેવા જુસ્સા સહિત પોકારી ઉઠયોઃ—

"હું મારી જીંદગી પુરી કરૂં તે આગમચ ઓ યઝદાન, મારી ઉપરનાં બોહતાનનું વાદળ વિખેરી નાખજે અને તે સિહા વાદળમાંથી મારાં નિર્દોષપણાંનો આફતાબ તેનાં પુર બળમાં ચમકાવજે."

"આમીન! આમીન!" એદેલીન ખરાં અંતઃકરણથી ખુશી થઈ પોકારી ઉઠી. આવા પ્રસંગની તો તે કાગને ડોળે રાહજ જોતી હતી.

એદેલીન કાંઇ વધુ બોલવા જતી હતી, એટલામાં દાદર ઉપરથી કોઇ ભારી અને સામટાં પગલાંનો અવાજ તેણીના કાને પડયો.

"લાયન! એ શાની ગડબડ? અરે મને કેહ તું એમ ધ્રુજેછ કાંય?" એદેલીન શંકાથી અધમુઇ થઈ બોલી. લાયન ખરેખર ધ્રુજતો હતો. તે બાહદુર છતાં, હિમ્મતે પુર છતાં, બાયલો, હિચકારો બન્યો હતો. તે પોતાની જીંદગી માટે નહિ પણ એદેલીનની મોહબત, તેણીની ચાહતની લેહજતથી દુર પડવાના ખ્યાલથીજ ધ્રુજયો હતો. તેને સમજી જતાં વિલંબ લાગ્યો નહિ કે આ સઘળી ગડબડ તેની ધરપકડની હતી. બંદીખાનાના સત્તાવાલાઓ તેની પુઠ પકડવાને ફતેહમંદ નિવડયા હતા. એદેલીન પણ લાયનનો ધબરાટ જોઇ પામી ગઈ હતી કે લાયન પોતાની માવતરને મલવા વિના પાછો સપટાવાની અણી ઉપર આવ્યો હતો. આથી તેણીને બહુજ લાગી આવ્યું. તેણીએ એક પણ પળ ગુમાવ્યા વિના પોતાના ઓરડાનું બારણું કળ દઇને બંધ કરી દીધું અને લાયનને સમજાવ્યું કે જેમ તે તેણીના ઓરડાની બારી વાટે દાખલ થયો હતો તેમ તેણે તેજ રસ્તેથી હવે નાહસી જવું, અને તેમાંજ તેના જાનની સલામતી હતી.

"નાહસ! લાયન નાહસ! ખુદા ખાતર નાહસ! તારી મિઠી જીંદગી બચાવ! ખુદા ખાતર બચાવ! તે પરવરદેગાર તારો યાર, મદદગાર થાય!"

નાહસ્તા શિકારની પુઠ.

પોતાના રાહબર ફિરેસ્તાની શિખામણ લાયને માની, અને જે બારીએથી તે દાખલ થયો હતો ત્યાંથીજ તે બાહેર કુદી નાહઠો. પોતાની પ્યારી એદેલીનની મરજીને શરણ થઈ તેણીનું બેહેસ્ત કરતાં આલા મકાન તે છોડી ગયો, જેમ કરતાં જોકે તેનું તન બદન ચાકચાક થઇ ગયું પણ પોતાની વાહલી માવતરને મલવાની ઇચ્છા પાર પાડવા માટે તેને તેમ કરવા વિના બીજો કશો છુટક હતોજ નહિ. તે પોતાની જાન કરતાં વાહલી માશુકનું બાગે બેહેસ્ત મકાન છોડી ગયો. ખરેખર, તે ઓરડો તેનાં મનથી જીવતાં બેહેસ્ત સમાન હતો કેમકે ત્યાં એક એવી હુરીએ વાસો કીધો હતો કે જેની જોડી સારી જેહાનમાં મલવી મુશ્કેલ હતી. લાયન થાકેલો હતો, કેમકે સ્ટોનબ્રીજથી ઓલ્દકેસલ સુધી તેને પગ રસ્તે મુસાફરી કરવી પડી હતી. તે કેદીઓનાં વસ્ત્રોમાં હોવાથી તેને પકડાઈ જવાની ધાસ્તી વિશેષ હતી અને તેથી ભરાતો છુપાતો આખો છેટો પગ વાટે અને ઉજડ રસ્તા ઉપરથી તેને કાપવો પડયો હતો. મોટો ભાગ તે અંધકારમાંજ રસ્તો કાપતો હતો, જયારે દીવસના વખતે એકાદ પાહડની કઢણ યા ગીચ જંગલોનાં કોઇ રાક્ષસી ઝાડનો આશ્રો લેતો હતો. આવી રીતે સ્ટોનબ્રીજથી ઓલ્દકેસલ પાર્ક સુધી મુસાફરી કરતાં બે દીવસો વહિ ગયા હતા; જે અરસામાં ખોરાકનો એક દાણો વટીક તેનાં પેટમાં પડવા પામ્યો હતો નહિ. આવી હાડમારી, આવી આફત, આવી મુસીબતો વેઠવા છતાં તેનાં લોખંડી તનના પ્રતાપથી તેનું જોર હજી ટકી રહેવા પામ્યું હતું અને વિજળીક ઝડપે બારી વાટેથી તે કંગાળ કેદી પોતાની પુઠ પકડનારા ચંડાળોને માહત કરી સલામત નીચે ઉતરી જવા પામ્યો હતો, અને જ્યારે તે જીવ સટોસટ ઘડી વહિ ગઈ ત્યારેજ એદેલીને છુટકારાનો દમ ખેંચ્યો, અને તે પછીજ દાદર ઉપર શી ગડબડ થતી હતી તે તરફ તેણીએ પોતાનું ધ્યાન દોડાવ્યું.

"એદેલીન! એકદમ દરવાજો ખોલ! નહિ તો—" બાકીના શબ્દો બાહેરના ઘોંઘાટમાંજ દબાઇ ગયા. પણ એદેલીને એટલું તો જોઇ લીધું કે તે અવાજ જુલિયનનો હતો, જેમાં દેખઇતા ગુસ્સા અને તિરસ્કારનો અંશ ભેલાયલો હતો. તેણીએ તેના અવાજ ઉપરથી એ પણ જોઇ લીધું કે જુલિયન વધુ ઢીલ થતાં પોલીસના સત્તાવાલાઓની મદદથી તેણીના ઓરડાનાં બારણાંના કકડા બુકલા કર્યો વિના રહેનાર નથી જેથી બારણું ખોલી પોતાના પ્યારાની પુઠ પકડનારાઓને અંદર લેવામાંજ તેણીએ ડાહપણ જોયું. વળી તેણીને હવે બીહવા જેવું કશું હતું નહિ. લાયન તો સલામત નિકળી ગયો હતો. આવા વિચારથી તેણીએ જરાબી આનાકાની વિના દરવાજો ખોલ્યો કે તરતજ જુલિયન જાણે કેવોક વાઘ મારવાનો હોય તેમ ઓરડામાં ધસી આવ્યો, જ્યારે બીજાઓ જુલિયનનો હુકમ થાય ત્યાં સુધી દરવાજા આગલજ સફ સમારી ઉભા.

"કયાં મુવો તે ચોર, દગાખોર? એદેલીન, બોલ તેં તેને કયાં છુપાવ્યોછ?" જુલિયન ઓરડામાં આસપાસ નજર કરી હાંફતો હુંફતો બોલ્યો. એદેલીને જોયું કે તે બહુજ ગુસ્સામાં હતો. જખમી થયલા વાઘની માફક તે છેડાયલો હતો અને પોતાનાં ઉંચ કુળ અને ઉંચ નામની દરકાર કરવા વિના બાંગબરાડા મારી બોલતો હતો. પણ તેની દરકાર એદેલીનને થોડીજ હતી. તે ઠંડાં પાણીનાં માટલાંની માફક

ઠાવકી બની ઉભી હતી. તેણીએ ઠંડેજ પેટે સવાલ કીધો, "જુલિયન તું શું માંગેછ? તું કોણને ઢુંડેછ? હું કહેવાને ઘણીજ દલગીર છું કે એક બાઈ માણસના ખાનગી ઓરડામાં તેણીની પરવાનગી વિના ધસી આવવામાં તેં એવી તો બેઅદબી કીધીછ જે હું કદીબી સાંખી શકું નહિ. જુલિયન, તારે તારી આવી રીતભાત માટે શરમાવું જોઇએ. ઓરતને માન આપતાં તારે શિખવું જોઇએ."

જુલિયને ગુસ્સાથી પોતાની જીભ કરડી. પોતે લોર્ડ ઓલ્ડકેસલ છતાં એદેલીનના તાણાના તીરો પોલીસની હાજરીમાં સહન કરી જતાં જોકે તેને ભારી તો બેહદ પડી ગયું, તોપણ ગુસ્સાનાં આબને તે પી જાય નહિ તો બીજું શું કરે? એદેલીન જેવી હઠીલી બાનુ ઉપર તેનું કશું ચલણ હતું નહિ.

"બાનુ, એ તમારા ઢોંગ છોડી દેઓ! અને સાફ સાફ કહી દેઓ કે તે બદમાશ ખુનીને તમે સંતાડયોછ કે નહિ?" જુલિયને દમામમાંજ હવે ખોલાસો ચાહ્યો.

"જુલિયન, હા, તે મારા વિરલા પ્યારાને મેં છુપાવ્યોછ. બોલ, તું શું કેહછ?"

"છુપાવ્યોછ? તે કયાં છે?"

"તે અહિંજ છે."

"પણ બોલની, અહિં એટલે કયાં? કેની ગમ?"

"જુલિયન તું જાણવાજ માંગેછ કે મેં તેને કયાં છુપાવ્યોછ તો જાણ કે મેં તેને એક એવી જગોએ સંતાડયોછ કે જયાંથી તેને દુર કરવાની તારામાં તો શું પણ સારી જેહાનમાં તાકાત નથી. મારો પ્યારો તે જગોમાં સુખથી આરામ પામેલો છે, પોતાના બદમાશ શત્રુઓથી બેફિકર પોઢેલો છે."

"તે તમારે પોલીસ સનમુખ જાહેર કરવુંજ પડશે. બાનુ, તમારી હઠ નારવા છે, કેમકે તમોએ સારી પેઠે તેને એક બદમાશ ખુની તરીકે જાણવા છતાં, સરકારનો બંધવો માનવા છતાં તેને છુપાવ્યોછ, જેથી સત્તાવાલાઓ તમને પુછી શકશે."

"જુલિયન, ત્યારે સમજ કે મેં મારા લાયનને બીજી કોઇ જગ્યાએ નહિ પણ મારાં સાચ્ચાં જીગરમાં છુપાવી રાખ્યોછ. બોલ, હવે શું ત્યાંથી તેને દુર કરવાની તારામાં કે કોઇબી ઇનસાન જાતમાં જરાબી હિમ્મત છે?"

જુલિયન ફિક્કો ફચ થઇ ગયો. તોપણ પોલીસનાં માણસો આગળ પોતાનું પાણી દેખાડવા અર્થે તે ગુસ્સાથી પગ અફાળી બોલ્યો, "બાનુ, આ સઘળો ઢોંગસોંગ છોડી દેઓ અને કહો કે તમારો તે પ્યારો ખુની, ભટકતો, રખડતો કેદી, જેના દેખાવથીજ એક આબરૂદાર ઓરત કમકમી સો પગલાં દુર નાહસે તે ચંડાળને તમે કયાં સંતાડયોછ? જુવો બાનુ, દરવાજા આગળ નજર કરો, જયાં પોલીસના અમલદારો અને તેમના મદદનીસો તે ઠગારા, પ્રપંચી ખુનીને શોધી કાહડવાને, તે કેદીના હાથ પગોમાં જંજીર જકડવાને તૈયાર ઉભા છે. તમો વધુ હઠ કરશો તો તેઓને તમારા ઓરડાની જડતી લેવાનો મને હુકમ આપવોજ પડશે."

એદેલીન એક હરફ પણ બોલી નહિ. તે બાનુ ચુપજ ઉભી. આથી જુલિયનનું હદથી જયાદા પાકી આવ્યું. તેણે પોતાનો ગુસ્સો ખાલી કરવા પોલીસના અમલદારને હુકમ કીધો કે ઓરડામાં દાખલ થઇ છુપાયલા કેદીને બાહેર ખેંચી કાહડવો. આ હુકમની રૂએ પોલીસનાં માણસો ઓરડામાં ધસી આવતાં હતાં તેમને એદેલીને હાથની ઇશારતથી અટકાવી થથરાવી નાખનારા સાદે કહ્યું. "સબુર! ખબરદાર! મારા ઓરડામાં મારા હુકમ વગર તમારે કોઇએ પણ પગ

મુકવો નહિ." આટલું કહી તે બાનુ ગુસ્સાના તોરથી જુલિયન તરફ ફરી બોલી, "જુલિયન. તારી કઇ સત્તાથી તું એ લોકને મારા એ ઓરડામાં દાખલ થવા કહેછ?"

"એદેલીન, આ આખું મકાન મારૂં છે, તારૂં નહિ! હું આ મકાનનો એકલો માલેક છું, તું નથી. આ મકાન ઉપર મારી સત્તા ચાલેછ, નહિ કે તારી."

"એદેલીનને જુલિયનના આ શબ્દોથી એવો તો ગુસ્સો ચહડયો કે તેજ પળે લેડી ઓલ્ડકેસલનો આશ્રો તજી જાય અને પોતાનાં મકાન દેન્સબરી એબીને પોતાનું જાથુકનું મકાન બનાવે.

"જુલિયન, જયારે એમજ છે તો આ મકાન મને આજથી હરામ છે. મને નહિ ખબર હતી કે તમો મા દીકરા આ મકાનમાં મને રહેવા કહી મારૂં આ પ્રમાણે અપમાન કરશો, અને મારા ઓરડામાં જયારે ગમે ત્યારે મારી એકલવાઇ હાલતનો લાભ લઇ પારકા મરદોને વગર રજાએ દાખલ કરવા બેધડક લઇ આવશો. આ ઓરડો ખુલ્લો છે. ભલે, પોલીસ પોતાના કેદીની ગમે તેટલી શોધ ચલાવે! તે માટે મને જરાબી પરવા નથી!"

આટલું બોલી એદેલીન એક સોફા ઉપર બેસી ગઇ અને પોતાના હાથમાં પોતાનું માથું ટેકાવી ખ્યાલોમાં મસ્ત બની. જુલિયને જોયું કે તેનેથી કાચું કપાઈ ગયું હતું. તે સારી પેઠે જાણતો હતો કે તે બાનુ જબરી હઠીલી હતી. એકવાર કીધેલો ઠરાવ તે કદી પણ પાછો ફેરવે એવી તે નબલી અબલા હતી નહિ. તે બાનુ તેની માતાનો આશ્રો તજી જાય તો લગનના ગાંઠથી એક થવાની તેની જે એક ઉમેદ બાકી રહી હતી તે ઉપર તો સદાનું પાણીજ ફરી વળે! એદેલીન તેની માતાની નજર આગળ રેહવાનું ચાલુ રાખે તે ઉપર તો તેમની ઉમેદનો સઘળો પાયો ચણાયલો હતો. આથી તેણે પોતાની ભુલ સુધારવાની અને તેમ કરી એક કાંકરે બે પક્ષિ મારવાની તક હાથ કીધી. પહેલાં તો તેણે પોલીસને બાહેર જવાની ઇશારત કીધી, જે પછી એદેલીન બેઠી હતી ત્યાં તે ગયો. તે તેણીના પગ આગળ બેઠો અને ઘણીજ મમતાથી તે બોલ્યો:—

"એદેલીન સાંભળ! તારા ગમે તેટલા ધિક્કારના ધગધગતા અંગાર છતાં હું તને ચાહુંછ! એવા તો અખુટ પ્યારથી ચાહુંછ કે જેનો છેડો નથી. વળી હું જાણુંછ કે પેલો ખુની એજ ઓરડામાં કેઠે છુપાયલો છે. એ બીના તું ના પાડી શકશે નહિ."

"કદીબી નહિ!" એદેલીન જુલિયન તરફ ડોળા કકડાવી બોલી, "હું મારે મોહડે એકરાર કરૂંછ કે લાયન અહિંજ હતો, તે હમણાં સુધી મારાં પાસાંમાં હતો. તે જોકે આ મકાનથી દુર થયોછ પણ મારાં જીગરથી દુર થયો નથી. તે તો મારાં જીગરમાંજ સમાયલો છે, મારી જીંદગીના ખતમ થવા સુધી ત્યાંજ તે રેહવાનો છે. મારો પ્યારો નજરથી દુર છે, પણ મારાં જીગરથી દુર નથી. બોલ! તું હવે શું કહેવા માંગેછ? એક નિરાધાર અબલાને કાં સતાવવા માંગેછ?"

જુલિયને તેણીનો હાથ પોતાના હાથમાં લીધો; પણ તેજ પળે એદેલીને પોતાનો હાથ તેના હાથમાંથી અણહદ કમકમાટ સાથે ઝુંટવી લીધો. જુલિયન વધુ ફિક્કો બની ગયો. તોપણ તે હિમ્મત રાખી બોલ્યો, "ખેર! તે ખુની તારાં જીગરથી દુર થયો નથી, તેમ તે પોલીસના પંજામાંથી પણ છેકજ દુર નથી. હું જાણુંછ કે આ પળે તે તેની માતા અરસુલા આગળ ગયોછ અને મારા એકજ બોલથી પોલીસ ત્યાં ધસી જઇ તે ચંડાળને જંજીરમાં ગિરફતાર કરે એમ છે.

પણ અગરજો તું મને પાક વચન આપે કે ચાર દિવસની મુદતમાં તું મારી પરણેતર થશે તો ખાતરીથી માન કે તે ખુનીને હું સલામત છટકવા દેવશ. હું પોલીસને એવું કરીને સેહલાઈથી કહી શકશ કે મેં મારી ખાતરી કીધીછ કે લાયન અહિં આવ્યો હતોજ નહિ. તેઓ મારૂં માનશે અને આવી રીતે તારો લાયન સેહલાઈથી કોઇ દુરદરાજ પારકા મુલકમાં છટકી જઈ શકશે. પણ સાંભળ કે અગરજો તું મને સુખી કરવા ના પાડશે તો તારો આશક પોતાની માવતરનાં મકાનમાં પોલીસના હાથમાં સપડાઇ જશે, જેને બીજે દિવસે તેને સખત સજા ખમવા વિના છુટકો નથી.

જુલિયન એદેલીનના જવાબ માટે અધીરો બની ઉભો થયો.

"અગરજો તારી સાથે પરણવાના મારા એકરારથી મારા લાયનની જીંદગી બચતી હોય તો ભલે, પણ મને જવાબ દે કે શું તે કદીબી મરશેજ નહિ ?"

"અરે ઘેલી, વળી એવું તે કોણ આદમજાત હોય જે મોતથી બાકાત હોય ! મોત વગરનો ઈનસાન હોયજ કેમ ?" જુલિયને હસીને જવાબ દીધો.

"ત્યારે ઓ અહેમક ! સાંભળી લે કે બેઘડીની વધુ જીંદગી બચાવવા માટે આ ફાની, કાવાદાવાથી તોફાની બનેલી જેહાનમાં મારો પ્યારો પોતાની ગરદન ઉપર ખુનના બોજ સાથે જીવતો રહી એક અકારા ખાવિન્દની મને ઓરત બનેલી જોય તે કરતાં બેહતર કે હું તેને મુવેલો જોઉં, મારા પગ આગળ તેની લાસ પડેલી જોઉં !"

આ જવાબથી જુલિયનનો ગુસ્સો માયો સમાયો ગયો નહિ. તે એદેલીન તરફ ધિક્કારની નજર ફેંકી પોલીસના અમલદારો આગળ ગયો અને વડાના કાનમાં ફકત બેજ બોલ કહેવાથી તેઓ વીજળીક ઝડપે દોડી ગયા. એદેલીને જોયું કે તેઓએ અરસુલાનાં ઘર તરફનો રસ્તો લીધો હતો.

"ઓ ખુદા ! ખુદા ! મારૂં શું થશે ? લાયન ! લાયન ! હું તને ફરીથી જીવતો જોવશ કે ?" એદેલીન હાથ ઉપર હાથ અફાળી પાસેની બેઠક ઉપર ફસડાઇ પડી બોલી.

મા દીકરાનો મેલાપ.

એદેલીન અને લાયન વચ્ચે જ્યારે આગળ જણાવેલી પ્યારભરી મુલાકાત ચાલી રહી હતી, ત્યારે લાયનની માતા અરસુલા પોતાનાં મકાનમાં રોઝામન્દ સાથે વાતમાં મશગુલ બની રહી હતી. આ બંને કમનસીબ ઓરતો પોતાની ઉપર આવી પડેલી જબુન આફત પછી ઉંઘનો આષિર્વાદ સદનતર ખોહી બેઠી હતી, અને તેઓ રાત પુઠે રાત કોરા ઉજાગરામાંજ પસાર કરતી હતી. રોઝામન્દ ફલોયે ઇનસાફની અદાલતમાં નીલ લાયન સામે બેધ્યાનપણે જુબાની આપતાંજ પોતાની શુદ્ધ બુદ્ધ ગુમાવી દીધી હતી તે આપણે જોઇ ગયા છિએ. તેજ તેણીની હાલત આજે પણ હતી. તેણીની આગલી હાલતમાં એક રતી ભાર પણ સુધારો થયો હતો નહિ. આગલા ભલા યા ભુંડા બનાવોની યાદ તેણીનાં ભેજંમાંથી ભુસરાયલીજ રહી હતી, છતાં તે દુઃખી સ્ત્રી અરસુલાના એકાંતવાસમાં આષિર્વાદ સમાન થઈ પડી હતી. વળી તેણીના બાળક બેટા દેવીથી અરસુલાના દિવસો કેટલેક દરજ્જે શાન્ત પસાર થતા હતા; જેથી રોઝામન્દ તેણીના બેટા ઉપરની આફતનું મુળ છતાં તેણીને આવકારદાયક થઈ પડી હતી.

"રોઝામન્દ! આજની રાત મને એટલી ભયંકર કેમ લાગેછ! મને કાંઈ સુઝ પડતું નથી. રખેને કાંઈ વળી નવી આફત મારી ઉપર આવી પડવાની હોય! મને તો કાંઈ અજબ રીતના ઉચકચેરા થયા કરેછ!" અરસુલાએ બલાપો કીધો.

"હા! મારી ભલી માતા," રોઝામન્દ નીલ લાયનની માતાને 'માતા'ના એલકાબથીજ બોલાવતી હતી. "માતા, મનેબી કાંઇ ત્યારની એવીજ ધસક પડયાજ કરેછ! આજે મારો વિલિબી મલે નહિ કે જરાબી હિમ્મત રહે! ઓ મારી ભલી માતા! ખોદાએ આપણને ત્યારે અંતે તજીજ દીધાં કે?"

આટલું બોલતાં રોઝામન્દનું હૈયું ભરાઈ આવવાથી તે દુઃખી બાનુ ધસાંધસ રડી પડી.

"રોઝામન્દ, મેં તને તે ખોદા ઉપર ઈતબાર રાખતાં શિખવેલી છે તો શા માટે તારા તે પાલનહાર બાપ તરફ બેવિશ્વાસુ બનેછ? તારે જાણવું જોઇએછ કે તેની તરફનાં આપણી ઉપરનાં ગમે તેટલાં દુઃખમાં પણ આપણી પોતાનીજ ભલાઇ સમાયલી હોયછ! તે સાહેબનાં કામમાં કાંઈ ઓરજ ભેદ હોયછ, જેને પુગી વળવાને આપણે અશકત છિએ. ગમે તેવી આફત વેળાએ પણ તે કિરતાર તરફ અસંતોષી રહેવામાં પણ પાપ સમાયલું છે. બેટી ધીરજ ધર, અને ગમે તેટલાં દુઃખનો વરસાદ વરસવા છતાં તે રહેમી બાપને યાદ કરતી રહે કે તેની તરફનું દુઃખ ખમવાની આપણી શકિતમાં વધારો થાય!"

રોઝામન્દ ચુપ બેઠી. તે કાંઈ ખ્યાલમાં ગુલતાન બની. અરસુલાની અનુભવી આંખોને તેણીની આ હાલત જોઈ લેતાં ઝાઝી મુશકેલી નડી નહિ. આ તકનો લાભ લઈ તે બોલી, "રોઝામન્દ, એટલું તો તારાં જીગરમાં કોતરી રાખજે કે જે દુઃખને ખોદાએ મોકલેલાં તરીકે આપણે સમજયે છિએ તે દુઃખમાં બમણો વધારો આપણે આપણી પોતાની મુર્ખાઇથી કર્યે છિએ. હું તને તારોજ દાખલો આપુંછ કે અગરજો તું તારા પરણ્યા ખાવિન્દનું નામ જાહેર કરી દેતી હોય તો આપણી ઉપરનાં દુઃખનો કેટલો બધો ભાર ઓછો થઇ જાય!"

આગલા દિવસોમાં રોઝામન્દને તેણીના બદમાશ ખાવિન્દનું નામ પુછવામાં આવતું ત્યારે તે ખુબસુરત બાનુનો ચેહેરો ઘડીકમાં દુઃખની વેદનાથી ફિક્કો પડી જતો તો ઘડીકમાં ગુસ્સાથી લાલચોળ બની જતો, પણ હાલમાં તેણીની હાલત જુદીજ બની હતી. તે તે સવાલ તરફ હાલમાં બિલકુલ ઠંડી બની ગઈ હતી; જાણે તે સવાલ સમજવાને તેણીનાં ભેજાંએ પોતાની આગલી શકિતજ ખોહી દીધી હતી, પોતાની આગલી લાગણીજ ગુમાવી દીધી હતી.

"મારો ખાવિન્દ!" રોઝામન્દ જાણે પોતાના ખાવિન્દની આ દુનિયામાં હસ્તીજ નહિ હોય એવી ઢબે લગાર અજાયબિથી બોલી ઉઠી, "માતા, મારી ભલી માતા! ખાવિન્દ એ કયાં જંગલી જનાવરનું નામ છે તે હું જાણતી નથી. એ બે પગનાં હેવાનના બસમાં ફસી પડી નથી તેથી તો હું સુખી છેઉં!"

રોઝામન્દના આ જવાબથી અરસુલા નિરાશીની વેદનાથી આજેઝ બની બોલી, "અરેરે! રોઝામન્દ! તને શું થયું? તારી શુદ્ધબુદ્ધ કોણે લુટી લીધી? અરે! રોઝી, તું તારા ખાવિન્દનું નામબી ભુલી ગઇ? તારા વાહલા દેવીના બાપનું નામબી તદ્દન વિસરી ગઇ? જે ખાવિન્દ તને ઠાગાથી પરણી તને તરછોડી ગયો, તારી તરફની મોહબતની જંજીરને તોડી ગયો, તેનું નામ તું યાદ કરી મારાં જીગરને કેમ શાદ કરતી નથી?"

રોઝામન્દે નાસિપાસીની ધુંધમાં પોતાનું ડોકું ધુણાવી અરસુલાની ગરદન ઉપર પોતાના બંને સફેદ હાથો મેલી જવાબ દીધો, "માતા, હું ખોદાનાં નામથી તમોને જણાવુંછ કે તે નામનું મને બિલકુલ ભાન નથી! હું મારા ખાવિન્દ યા મારા દેવીના બાપ માટે બીનઆગાહ છુ. અરે! હું જાણુતી નથી કે હું કોણુ છુ. ક્યાં છુ? માતા! બોલો, માતા! તે મારો ખાવિન્દ જેને મેં જોયો નથી તે શું વિલિ એ જેવો છે? અરે! પણુ માતા, તે જો મારા વાહલા દેવીનો બાપજ હોય તો તેને મલવા તે કાંય આવતો નથી? તે પોતાના બેટાને છાતી સાથે કાંય ચાંપતો નથી?"

અરસુલાએ નિસાસો નાખ્યો. તોપણુ તે બાનુ હિમ્મત હારી નહિ. તેણીએ સમજાવટ ચાલુજ રાખી, "રોઝી, ખોદા ખાતર તે બદમાશનું નામ યાદ કર!"

રોઝામન્દ અરસુલાનું આ પ્રમાણે બોલવું સાંભળી ખડખડ હસી પડી બોલી, "માતા, તમોએજ મને શિખવ્યુંછ કે બદમાશનું નામ જબાન ઉપર કદી પણુ લેવું નહિ. ફકત તે યઝદાનનાંજ નામની માળા જપવી, તો બોલો માતા, તે બદમાશનું નામ કેમ યાદ કરૂં? તમારી સાચ્ચી શિખામણુને કેમ બરબાદ કરૂં?"

અરસુલાએ તે આગલો બનાવ રોઝામન્દનાં મજ્જ ઉપર ઠસાવવાની મતલબથી સમજાવટ ચાલુજ રાખી, "બેટી યાદ કર કે એક બદમાશ સાથે તું મછવામાં ફરવા ગઇ હતી, ત્યાંજ તે તને ફુસલાવી તારી સાથે લગનના ગાંઠથી જોડાયો હતો. ખુદ ખુદરત આ નાહસભાગનાં લગનથી જાણે નારાજ બની હતી તેબી યાદ કર. એક સખ્ત તોફાન થઇ આવ્યું. તે મછવો લગનના સાક્ષીઓને દરિયાનાં પેટાંમાં લઇ ગર્ક ગયો. ફકત તું તારા ખાવિન્દ સાથેજ સલામત રહી. આ પછી તારા નાના દેવીનો જન્મ થયો. તારો ખાવિન્દ તારી જણાં બંધ કરવા દર અઠવાડિયે ચોકસ રકમ તને મોકલ્યો જતો હતો. તું તેને વારંવાર મલતી હતી, પણુ તે તુને થોડો વધુ વખત થોભી જવા વિનવતો રહ્યો હતો. તે તુને સદા કહેતો હતો કે તેનું નામ તારા ખાવિન્દ તરીકે જાહેરમાં લાવવું નહિ. તેણે તને કબુલાત આપી હતી કે એક દિવસ એવો આવશે કે જયારે તે તેની હકદાર પરણેતર તરીકે તને જાહેરમાં લાવી તને સદાની સુખી બનાવશે. માટે રોઝામન્દ, તું એક વાર ફરીથી તારા વાહલા દેવીના બાપ પાસે જા! કદાચ તે તને મળવાને, પોતાની છાતી સાથે તને દાબવાને અધીરો બની રહ્યો હશે!"

"પણુ હું કયાં જાઉં? હું મુદલ સમજી શકતી નથી કે તમો કોણુ માટે બોલોછ? હું તો વિલિ એ સિવાય બીજા કોઇને પણુ ઓળખતી નથી."

અરસુલા નાસિપાસ બની અને વધુ માથું દુખવાનું ફોકટ છે એમ જાણી પોતાના માનીતા કોચ ઉપર અઢેલાઈ પડી. તેણીએ જોયું કે રોઝામન્દને તેણીના ખાવિન્દનાં નામથી યાદ આપવી એ આસમાનને હાથ લગાડવાની કોશેશ કરવા સમાન હતું. અરસુલાએ ખાતરીથી માન્યું કે એમાં રોઝામન્દનો એક રજ ભાર પણ કસુર હતો નહિ, એ સઘળો ખુદરતનો ખેલ હતો, ખુદરતનો ભેદ હતો. એવું સમજી લઇ તેણીએ મન મોટું કીધું અને રોઝામન્દને બતી ધીમી કરવા કહી તે દુ:ખી બાનુ બિછાને ગઈ. બીજી તરફ દશ વાગી જવા છતાં, રાત વહિ જવા છતાં, રોઝામન્દ પોતાનાં બિછાનાં ઉપર બેસીજ રહી.

કેટલો વધુ વખત વિજળીની પેઠે વહિ ગયો તે રોઝામન્દ જાણી શકી નહિ કેમકે તે આજે કાંઇ લાંબા ખ્યાલમાં ચકચુર બની હતી. તે એવાજ વિચારમાં

પડી હતી કે અરસુલાએ તેણીને ગમે તેટલી યાદ આપવા છતાં પોતાના ખાવિન્દને લગતી કૈફિયત તે યાદ કરી શકી હતી નહિ. આ તેણીની મોટી દલગીરી હતી, પણ તે લાચાર હતી. તે બાનુ પોતાના આવા ખ્યાલોને લીધે મકાનનો દરવાજો પણ બંધ કરવાને ભુલી ગઈ હતી. તે માત્ર અલગોજ બંધ હતો. તે વિચારોના વમળમાં એટલી બધી તો આજેજ બની ગઈ કે એક આકાર તે અલગો દરવાજો ઉઘાડી સંભાળથી ઓરડામાં દાખલ થયો અને તેણીનાં બિછાના આગળ ધીમાં કદમે ચાલતો આવ્યો, છતાં તેની ઉપર તેણીની નજર પડી નહિ.

અંતે તે આકારજ રોઝામન્દને ટીકી ટીકી જોઇ બોલ્યો, "કોણ? રોઝામન્દ તું છે કે?"

"તું કોણ છે?" રોઝામન્દ પેલા આકારને હેબતથી જોઇ બોલી, "તું મારો વિલિ નથી, ત્યારે તું છે કોણ? બોલ, નહિ તો મારી બુમથી—"

પેલા આકારે તેણીને આગળ બોલતી અટકાવી કહ્યું, "ચુપ! નાદાન! હું તને હેરાન કરવા યા તારો જાન લેવા આવ્યો નથી. જો! મને બારીકીથી જો કે હું કોણ કમનસીબ છું?"

રોઝામન્દ હાંફલી ફાંફલી બની તે આકારને જોવા લાગી.

"રોઝામન્દ તું શું મને પિછાનતી નથી? અરે! અફસોસ! મારૂં કિસમત મને ભુલ્યું પણ તે સાથે રોઝામન્દ તુંબી મને ભુલી ગઇ? ઓ બેભાન ઓરત! જાણ કે હું નીલ લાયન છું, જેનું નખોદ તારી બેભાનીએજ વાળ્યુંછ! બોલ, જલદી! મારી માવતર કયાં છે?"

પણ ઘભરાયલી રોઝામન્દને જવાબ આપવાની જરૂર રહી નહિ. તેજ પળે અરસુલા રોઝામન્દને કોઇ સાથે મોટેથી બોલતી સાંભળી જાગી ઉઠી હતી અને રોઝામન્દનાં બિછાના આગળ વિજળીક વેગે ચાલી આવી હતી.

"હું અહિંજ છું, મારા વાહલા બેટા!"

એકજ વધુ પળ! તે બંને મા દીકરા જાલમ જુદાઇ પછી એક બીજાને જોશમાં બાઝી પડયાં, જેમ કરતાં અરસુલાની આંખોમાંથી હરખનાં આંસુઓ વહેવા લાગ્યાં.

રાહબર ફિરેસ્તો.

ખરેખર! આ જેટલું જોવાજોગ એક ચિત્ર હતું, તેટલુંજ તે દયામણું, ડરામણું હતું. મા દીકરાનો મેળાપ લાંબી જુદાઇ પછી નિહાલવામાં સુખ તેમજ દુઃખનો ભાસ થાય છે. પેહેલી નજરે તે મેલાપ સુખી જણાય છે, પણ જયારે તે મેલાપ માણસાઇ જીંદગીની તરેહ થોડી પળનો હોય છે ત્યારે તે બેવડો બલ્કે દશ હજાર ગણો દુઃખદાયક બને છે. અરસુલાએ પોતાના કમબખ્ત બેટાને તેના મિઠા, માનીતા સાદ ઉપરથીજ પિછાની લઇ પોતાનાં પાસાંમાં દાબી જુદાઇની તરસ છીપાવી હતી. લાયને માતાનાં પાસાંમાંથી છુટવાને ઘણુંબી ચાહ્યું પણ માતાનો વિચાર જુદોજ હતો. તે દુઃખી માતા પોતાનાં વાહલાં અને મહિનાઓ સુધી વિખુટાં પડેલાં ફરજંદને કલાકો સુધી દાબી રાખી પોતાનાં જળતાં જીગરને ઠંડક આપવા માંગતી હતી; પણ લાયન પોતાની હાલત બરાબર સમજતો હોવાથી તે મુંગો પ્યાર તેને મનથી મુંગા માર સમાન હતો. તે મેલાપ કેટલો તકલીફી હતો, કેટલા ટુંક વખતનો હતો તે તે સારી પેઠે સમજતો હોવાથી

પોતાની માતા સાથે એક બોલ પણ બોલવા વિના પોલીસના હાથમાં ફરીથી સપડાવા તે માંગતો હતો નહિ. આથી તે પોતાની માતાની ગમે તેટલી આનાકાની છતાં છુટો પડયો. તેનાં કપાળ અને ગાલ ઉપરનાં તેની માતાનાં પવિત્ર ચુંબનોનો છાપ તેને લાગ્યું કે કદીબી ભુસરાવાનો નથી.

"ઓ ! દીકરા ! દીકરા ! આ તારા કેવા બુરા હાલ ! બેટા ! તારી આ બુરી હાલત મારી આંખે કેમ જોઇ શકું ? મારા ગમને કઈ જાતના દિલાસાનાં આબથી ધોઇ શકું ? પણ બેટા, હું તે ખુદાનો આભાર માનુંછ કે આવી હાલતમાં પણ આખરે તે સાહેબે તને ફરીથી મારે હવાલે કીધો ! બેટા ! તે કિરતારનો આપણી ઉપર કેટલો બધો ઉપકાર ! અંતે તેણે મારી રાત દિવસની ફરિયાદનો પોકાર સાંભળ્યો ખરો !"

લાયન શો જવાબ દે ! પોતાની માતાની ઉમેદનો નાશ જડમુળથી કેમ કરે ? તે ચુપજ ઉભો. તેની માતા પોતાનાં પ્યારાં ફરજંદને માથાંથી પગ સુધી નિહાળતી ઉભી. લાયનનો નખાઈ ગયલો ચેહેરો, તેની ઝાંખી પડી ગયલી ખુબસુરતી, આવી પડેલી આફતથી ફાટી ગયલા ડોળા, મોતના સમય જેવા ફિક્કા હોઠ—જેના પરવાળાં જેવા લાલાસથી તે માતા મગરૂર હતી—તેનાં બેસી ગયલાં ડાચાં, ઉંડા ખાડા સાથની તેની એક વારની ઝલકતી આંખો, આ સઘળું તે દુઃખી માતાએ ભારે દુઃખ સાથે જોઈ કહ્યું:—

"મારો બેટા ! નહિ ! નહિ ! તું મારો બેટા હોયજ કયાંથી ? મારો વાહલો બેટો લાયન તો સિંહ જેવો બળવાન હતો, પણ તું તો એક મેંઢા જેવો નાતવાન છે, એક કંગાળ કરતાં પણ વધુ કમનસીબ બન્યોછ ! એક બાળક કરતાં પણ ગરીબ બન્યોછ ! તું મારો બેટો હોય એમ બનેજ કેમ ? મને તો માનવાને આંચકી લાગેછ કે તું મારો વાહલો નીલ હોય !"

આટલું બોલી તે દુઃખી માતા પાસેની બેઠક ઉપર ફસડાઈ પડી. દુઃખી લાયન પોતાની માતાની આવી હાલત જોઈ એક બાળકની પેડે રડતો તેણીની આગળ ગયો અને પોતાની માવતરનો હાથ પોતાના હાથમાં લઇ બોલ્યો, "વાહલાં માવતર ! હુંજ તમારો હિનાયલો, તજાયલો, નામોશીમાં આવી પડેલો નીલ છું. માતા, મારા ચેહેરા તરફ જુઓ કે હું તમારો અભાગ્યો બેટોજ છેઉં કે કોઈ બીજો !"

તે માતાએ ફરીથી જોયું, બારીકીથી તપાસ્યું, અને જાણે તે પોતાની તપાસમાં સંતોષ પામી હોય તેવી ઢબે પોતાનું ડોકું ધુણાવી પોતાના બેટાને એક વાર ફરીથી પેટમાં દાબી સાચ્ચા વાહલનાં ચુંબનથી ગોયા તેને ગુંગલાવી નાખ્યો.

"હા ! તુંજ ! તુંજ ! અરે તુંજ મારો બેટો લાયન છે ! પણ બેટા, મને જવાબ દે કે શું સરકારે તારૂં નિર્દોષપણું આખરે જોયું ? તેઓએ તારો છુટકો કીધો ? એક લાચાર માતાનો આશિષ લીધો ?"

લાયને એક ઉંડો નિસાસો નાખી પોતાની માતાને સમજાવ્યું, "માતા, હજી સુધી મારી જીંદગીમાં આવો ફેરફાર કરવાને તે કુદરતના ખાવિન્દે દરૂસ્ત ધાર્યું નથી. હું નાહસી આવ્યોછ ! હું હમણાજ એદેલીનને મલી આવ્યોછ, જ્યાં પોલીસ મને પોતાના પંજામાં પાછો લેવાને ધસી આવી હતી, પણ એદેલીન જેવા ફરેસ્તાની રાહબરીથી હું તમોને મલવા પામ્યોછ ! માતા ! હું લંડન જાઉંછ ! મારૂં લુટાયલું સ્વતંત્રપણું પાછું મેળવવાને હું દક્ષિણ આફ્રિકા યા ઓસ્ટ્રેલ્યા તરફ નાહસશ ! જ્યાં મને આ દુનિયામાં જન્મ આપનાર માતાને ભલી દુવા દેતો રહેવશ, તે પરવરની જનાબમાં મારૂં સર ઝુકાવતો રહેવશ !"

"પણ બેટા! ત્યારે શું તું મને મળવા આયો તે તો ફકત મારૂં જીગર રન્જીદા કરવા માટેજ? મરી રહેલી માતાને વધુ મારવા માટેજ? ઓ બેટા! બેટા! પણ તું એમ દુરદરાજ મુલકમાં કયાં સુધી ભટકશે?"

"જ્યાં સુધી મારૂં નિર્દોષપણું સાબેત થશે નહિ ત્યાં સુધી, જ્યાં સુધી મારા કપાળ ઉપરની કાળી ટીળી ધોવાશે નહિ ત્યાં સુધી!"

"પણ તારૂં નિર્દોષપણું કોણ સાબેત કરશે? તારે માટે આટલી બધી રન્જ કોણ ઉઠાવશે? તને કોણ ઉગારશે? મારા બેટા, આ દુનિયામાં તારૂં છેજ કોણ?"

માતાની આવી ધાસ્તી જોઇ લાયન મોટેથી હસી પડયો. તેને આ પ્રમાણે હસ્તો જોઈ અરસુલા ઘભરાઇ ગઈ. શું તે મગ્જથી બેમગ્જ બન્યો હતો કે આવાં દુ:ખમાં તે હસ્તો હતો? માતાના ઘભરાટનો સબબ જાણી લઈ લાયન મગરૂરી અને સંતોષથી ભવાં ચહડાવી બોલ્યો:—

"આપણ દુ:ખીઓની દયાનું ખાનારબી કોઇ છે, આ જેહાનમાં મૌજુદ છે. તે મારી વાહલી પ્રિયા એદેલીન છે, જે મારૂં નિર્દોષપણું સાબેત કરવાને મંડેલી રહી છે. તેજ આપણો રાહબર ફરેસ્તો છે."

પણ એટલામાં પાછલો દરવાજો ઠોકાવાનો સાદ બંને મા દીકરાના કાને અથડયો.

"કોણ?" અરસુલા ઘભરાઇને પોતાના દીકરાને વળગી પડી બોલી.

"નીલ! નીલ!" બાહેરથી મિઠો અવાજ આવ્યો. આ અવાજ લાયને ઝટ પિછાની લીધો, આ અવાજ તેનો માનીતો હતો, તેને સદાનો પ્યારો હતો.

"માતા, ધ્રુજો ના! એ તો મારી એદેલીન પોતેજ છે," લાયને ખુલાસો કીધો.

"પણ જો એદેલીનજ છે, તો એ પાછળે દરવાજેથી કાંય આવી હશે?"

પણ પોતાની માતાને આ સવાલનો જવાબ આપવાને લાયન હાજર હતો નહિ. તે તરતજ પોતાનાં મકાનના પાછળા ભાગ તરફ ધસી ગયો અને બોલ બોલતામાં એદેલીનને લઈ પોતાની માતાની સોડે આવી બોલ્યો:—

"જુવો, માતા, જેને વિષે હું હમણાંજ તમુને કેહતો હતો તે આ મારો રાહબર ફરેસ્તો છે! મારી જીંદગીનો તારો છે, મારી જવાનીના બાગનો કયારો છે!"

ફરીથી બંદીવાન.

એદેલીને જુલિયનને પોલીસનાં માણસો સાથે અરસુલાનાં મકાન તરફની રાહ લેતો જોયો હતો તે આપણે જાણી ચુકયા છિએ. આથી તેણીના ઘભરાટનો પાર રહ્યો નહિ, એ કુદરતી હતું. તરતજ તે બાનુ તૈયાર થઈ અને પોલીસ અરસુલાને મકાને જઇ પુગે તે આગમચ ત્યાં દોડી જઈ પોતાના પ્યારા લાયનને ચેતવવા અને ત્યાંથી તેને તુરત નહસાડી મુકવાનો કસદ તેણીએ કીધો. તેણીએ તરતજ પોતાની ગાડી તૈયાર કરવાનો હુકમ આપ્યો. આ ગાડીમાં ઝડપી ચાલનો ઘોડો જોડવામાં આવ્યો હતો. સારાં નસીબે જુલિયને પોલીસના વડાને એવી સલાહ આપી કે પોતાની સાથે વધુ પોલીસની ફોજ રાખવી. તેને મોટી ધાસ્તી હતી કે રખેને છટકાંમાં સપડાયલો ઉંદર નાહસવા પામે. પોલીસના વડાને લોર્ડ

ઓલ્ડકેસલનો હુકમ માન્ય કરવો પડયો. તેઓ સીધા અરસુલાને મકાને જવાને બદલે પોલીસ ચોકીમાં ગયા જેથી એદેલીનને તેમની આગમચ અરસુલાનાં મકાનમાં પુગી જવાની અચ્છી તક હાથ લાગી. તેણીએ તો એવુંજ માની લીધું હતું કે લાયન અત્યાર આગમચનો પોતાની માવતરને મળી ભેટી તે મકાન તજી ગયો હશે, પણ જયારે તેણીએ બાહરના દરવાજા સુધી લાયનને પોતાની આગળ ધસી આવેલો જોયો ત્યારે તે બાનુ બહુજ દુ:ખી થઇ, કેમકે તે સારી પેઠે જાણતી હતી કે લાયન જેવા કમનસીબ શિકારની પુઠ ખુન ઉપર ચહડેલા શિકારીઓએ એવી તો મજબુત પકડી રાખી હતી કે જે વખત જાય છે તેમાં તેણીનો પ્યારો તેમના પંજામાં સપડાવાની અણી ઉપર હતો. છતાં તેને આવતા ભયથી બેખબર રહેલો જોઈ એદેલીન પોકારી ઉઠી, "લાયન! શું તું હજી અહિંજ છે કે? અરે નાહસ! ખોદા ખાતર જલદી નાહસ! નહિ તો જાણ કે જે ઘડી જાયછ તેમાં તું દુ:ખ દેનારાઓના હાથમાં પાછો સપડાવાનો. અરે પેલા ચંડાળો ભુખ્યા વરૂની માફક તારી પાછળ દોડી આવેછ! માટે જો તું તારી માતાને અને મને ખરાં જીગરથી ચાહતો હોય તો નાહસ! અબ ઘડી નાહસ! હું તને આવતા ભયથી ચેતાવવાજ અહિં દોડી આવીછ! જા! લાયન! જા! ને લે આ થેલી, એમાં જે પૈસા છે તે તને તારી ભટકતી જીંદગીમાં ઘણા ઉપયોગી થઇ પડશે," એદેલીને નાણાંથી ઠીસોઠીસ ભરેલી થેલી લાયનના હાથમાં મેળતાં કહ્યું.

પણ લાયને તે લીધી નહિ. તે કમકમી બે ચાર પગલાં પાછળ હડી ગયો. એદેલીન અજાયબિની મારી તેનો ચેહેરો જોતી દીઢમુગ જેવી બની ઉભીજ રહી.

"એદેલીન, મારા સરના તાજ, તું શું એમ ધારેછ કે હું તારી તરફનાં નાણાંની ભેટ મારી આવી આફતમાં વટીક કબુલ કરીશ? કદી નહિ, હું ભુખે તવળશ, ભીખ માંગશ, પણ તારી તરફની એક ફુટી બદામબી—"

"પણ કાંય? તેનો સબબ? લાયન, શું મારી દોલત તે તારી નથી? શું મારી દોલત ઉપર તારો હક નથી? તારી સત્તા નથી? અરે, મારૂં ખાકી તનબદન તારી પોતાની મતા નથી?"

"હમણાં નહિ! હમણાં નહિ! એદેલીન, સારી જેહાન શું મને એમ નહિ કહેશે કે હું તારા ગંજાવર ખજાના ઉપર મોહી પડયોછ અને તારી અખુટ દોલતને ખાતર તને પરણવા તૈયાર થયોછ? એદેલીન, તેઓ એમજ ધારેછ કે હું કાંઇ એદેલીનને ચાહતો નથી, પણ તેણીના પૈસાને ચાહુંછ. જો કે ખોદા સાહેદ છે કે હું તું ફરેસ્તાને કેવાં અખુટ વાહલથી ચાહુંછ! હું પુંજારીના હાલથી તું દેવીનો પરસ્તાર બન્યોછ. મારી તરફની તારી મોહબત આગળ તારી દોલત કુચ્છ બીસાદમાં નથી, જરાબી હિસાબમાં નથી. માટે એદેલીન, મને માફ કર! મારી માતાના પૈસાજ હાલ તરત તો મને મુબારક છે!"

લાયનના આ સખુનોથી એદેલીનતું જીગર અંદરથી ખુશાલીનું માર્યું ઉછાળા મારવા લાગ્યું. તેણીએ જોઇ લીધું કે લાયન જેવા વિરલા નરો આ જેહાનમાં થોડાજ હશે અને આવા એક લાયક નરની પસંદગી કરવા માટે તેણી ખરેખર મગરૂર થઈ.

હવે એદેલીનના મજબુત આગ્રહથી લાયન તે મકાન છોડી જવાને તૈયાર થયો પણ તે હિમ્મતવાન છતાં હાલ બાયલો બન્યો હતો. એદેલીન અને પોતાની માતાને પોતાની પાછળ મેળી જવા માટે તેનું જીગર ચાલ્યું નહિ. તેનું હૈયું ભરાઇ

આવ્યું, તેની આંખોમાં આંસુઓ ધાઈ આવ્યાં. દુઃખી અરસુલા પણ રડતી હતી. એદેલીન જોકે બાહરથી હિમ્મત ધરાવતી માલમ પડતી હતી, તોપણ તેણીની આંખો આંસુથી ભીણાયલી હતી, રોઝામન્દ તો મીણનાં એક ખાકી પુતલાંની માફક સાવજ જેવી પોતાનાં બિછાના ઉપર સઘળો તમાસો જોતી બેસી રહી હતી.

પણ આખરે એદેલીન, અરસુલા અને રોઝામન્દને મલી ભેટી લાયન જવા નિકળ્યો કે તરતજ અરસુલા પોતાના બેટાને અટકાવી બોલી, "બેટા, એક છુપી ખબર હું તને આપુંછ, તે તું ખુદા ખાતર સાંભળી લે બેટા, મારા લાડકવાયા બેટા, તું કાંઈ જેવા તેવા બાપનું ફરજંદ નથી. તું એક એવા બાપનું—"

"લાયન, નાહસ! ખુદા ખાતર નાહસ! માતા અરસુલા, તમો તરફની ઢીલ, મને ભય છે કે તમારા એકપુરા વાહલા બેટાનું નખોદ વાલશે!" આટલું બોલી તે બાનુ લાયનને તેની દુઃખી માતાનાં પાસાંમાંથી ખેંચવા લાગી, અને તેણીએ ઘણું ચાહ્યું કે તે પોતે પોતાના પ્યારાને અરસુલાની હાજરીમાંથી બાહર ખેંચી જાય, પણ નસિબની ગતિ ન્યારીજ હતી. એદેલીનને આટલી બધી મેહનત કરવાની જરૂર હતી નહિ, કેમકે તેજ પળે ઓરડાનાં બારણાં મોટા ધડાકા સહિત ખુલ્લાં થઈ ગયાં અને બોલ બોલતાંમાં પોલીસની એક નાની જેવી ફોજ ત્યાં ધુસી આવી, કે જ્યાં એદેલીન લાયનને અરસુલાનાં પાસાંમાંથી છોડવવાને ખેંચતાણની મજબુત લડત ચલાવી રહી હતી.

"પકડો, સીપાહીઓ પેલા બદમાશ મુજીને!" જુલિયને પોકાર કીધો કે તરતજ સીપાઇઓએ લાયનની આસપાસ ફરી તેને ઘેરી લીધો અને બોલ બોલતાંમાં તેના હાથ પગમાં જંજીર જકડાવી દીધી, અને આવી રીતે નિર્દોષ લાયન એક વાર ફરીથી પોલીસના પંજામાં ફસી પડયો. પોતાની ગમે તેવી જેહમત છતાં તેનો ફોજ આવીજ કિસમે બુરો આવેલો જોઇ એદેલીન ઘણીબી હિમ્મત રાખવા છતાં નિરોસ બની નજદીકની ખુરસી ઉપર બેસી ગઈ, જ્યારે અરસુલાની હાલત જુદીજ બની હતી. તે પોલીસને ધસી આવતી જોતાંજ બેશુદ્ધ થઈ તુટી પડી હતી. એદેલીને અરસુલાની આવી હાલત જોઈ છુટકારાનો દમ ખેંચ્યો, કેમકે અગરજો તે કમનસીબ ઓરત શુદ્ધીમાં હતે તો પોતાનાં કલપાંતથી પોતાના બેટાને તેણીએ નાહિમ્મત બનાવી મેલ્યો હતે! હજી બેભાન જેવી બેઠેલી રોઝામન્દને અરસુલા આગળ જવાનું કહી એદેલીન કમાનમાંથી છુટેલા તીરની માફક પોલીસના સીપાઇઓના કિલ્લામાંથી લાયનને જઇ મલી અને જુલિયન તેણીને અટકાવે તે પેહલાં તેનાં પાસાંમાં ભરાઇ તેણીએ તેનાં કપાળ ઉપર એક ચુંબન કરી તેના કાનમાં કહ્યું, "લાયન! મારા જાન! સાવધ થા! હિમ્મત પકડ! તે કિરતાર તારો મદદગાર છે!"

આ મિઠા, એજમતી બોલોથી લાયન ઉપર ઘટતી અસર થઈ. તે અજબ જેવા જુસ્સાથી પોકારી ઉઠયો, "લઈ જાઓ મને! ઓ નાપાકો! તમારો જીવ ચાહે ત્યાં મને લઈ જાઓ! હું આવવા તૈયાર છું!" આટલું બોલી લાયન ફાટેલા ડોળા સાથે જુલિયન તરફ ફરી બોલ્યો, "જુલિયન, જોકે તું લોર્ડ ઓલ્ડકેસલ છે, તોપણ ખુદા માલમ તને લોર્ડ ઓલ્ડકેસલ તરીકે બોલાવતાં મને કાંય કમકમાટ છુટેછ! સાંભળ કે—"

પણ લાયનને આગળ બોલવાનો મૌકો મલ્યોજ નહિ. તેને એદેલીનનાં પાસાંમાંથી માહ મેહનતે છુટો કરવામાં આવ્યો અને એક કુતરાંની માફક તેને ઘસડી બાહર કાહડવામાં આવ્યો. હેઠલ ગાડી તૈયારજ હતી. તેને ગાડીમાં બેસાડવામાં

આવ્યા પછી વિજળીક ઝડપે તે ગાડીએ બંદીખાનાના તરફનો રસ્તો લીધો. એદેલીને જ્યાં સુધી પોતાની નજરે તે ગાડી પડી ત્યાં સુધી તે તરફ જોયાજ કીધું.

"અરે ! અરે! આખરે ત્યારે આવોજ ફેજ ! આવોજ અંત! લાયન ! લાયન!" ગાડી નજરથી દુર થવા પછી એદેલીન પોતાનાં મન સાથે હાથ ઉપર હાથ અફાળી બોલી.

લેડી ઓલ્દકેસલનું નવું પરાક્રમ.

જે દિવસથી લેડી ઓલ્દકેસલ અરસુલાનો ખરો ભરમ જાણવા પામી હતી તે દિવસથી અરસુલાની જીંદગીનો કાંટો કાહડવાનો ચારો તે તુમાખી અને તવંગર બાનુ શોધતી રહી હતી, એટલુંજ નહિ પણ અરસુલા ખરેખર મરહુમ લોર્ડ ઓલ્દકેસલની પેહેલી હકદાર પરણેતર હતી કે નહિ, તે જાણવાને તેણીએ કાંઇ પણ કરવાને બાકી રાખ્યું હતું નહિ. તેણીની પોતાની ખાતરી તો થઇ ચુકી હતી કે તેણીના ખાવિન્દે તેણીની સાથ થયલાં લગન આગમચ અરસુલા સાથે છુપાં લગન કીધાં હતાં. તેણીએ મોટી દોલતના ભોગે જે છુટી છવાઈ ખબરો મેળવી હતી તે ઉપરથી તે પક્કી સ્ત્રીએ તેવી ખબરોની છુટી છુટી કડીઓને સાંધી એક સાંકળ બનાવી હતી, જેની મદદથી તે તવંગર બાનુ જે સાર ખેંચી શકી તે એ હતો કે અરસુલા દરહામનાં હેપવર્થબરી નામનાં ગામડાંની રહેવાસણ હતી. એજ ગામડાંનાં દેવળમાં મરહુમ લોર્ડ ઓલ્દકેસલ સાથે તેણીનાં હકદાર લગન થયાં હતાં, જે બનાવ ઉપર ત્રીસ કરતાં વધુ વરસની મુદ્દત પસાર થઇ ગઇ હતી. અરસુલાના વડવાઓ ઉપલાંજ પરાંમાં વસવાટ કરતા હતા અને તેમની ઘોરો હેપવર્થબરીમાં આજેબી મોજુદ હતી. તેણીએ આ ખબર મેળવ્યા પછી પોતાનાં મન સાથે એક મજબુત ઠરાવ કરી રાખ્યો હતો કે તક મળવે તેણીએ હેપવર્થબરી ખાતે જવું અને ત્યાં જઇ આ બાબદમાં બારીક જોસ્તેજુ ચલાવવી.

અંતે આ તક તેણીને મલવા પામી. તે ઠગારી ઓરતે એકલીજ હેપવર્થબરી તરફ કુચ કીધી. તેણીએ પોતાની સાથે પોતાની દાસી વટીકને લીધી નહિ. તે જયારે હેપવર્થબરીનાં સ્ટેશન ઉપર ઉતરી ત્યારે તે તરફનો દેખાવ જોઇ તે લગાર ઘભરાઇ. તેણીએ જોયું કે તેણીના પોતાના સિવાય બીજું કોઇ પણ આસામી તે સ્ટેશન ઉપર ઉતર્યું હતું નહિ. સ્ટેશન ઉપરના એકાદ બે પોર્ટરો જોકે લેડી ઓલ્દકેસલને ઓળખતા હતા નહિ, તોપણ એક ભપકાદાર બાનુને પહેલા વર્ગના કંપાર્ટમેન્ટમાંથી તે સ્ટેશન ઉપર ઉતરતાં જોઇ તેઓની અજાયબિનો પાર રહ્યો નહિ.

હેપવર્થબરી એક ઉજડ ગામ હતું, જયાં ફરવા હરવા જેવું યા રમત ગમતોનું કશું સાધન હતું નહિ. તે ગામમાં અર્ધ જંગલી જેવાંઓના રેહવા સિવાય એક પણ જાણીતાં કુટુંબનો ત્યાં વસવાટ હતો નહિ. આથી જેઓએ લેડી ઓલ્દકેસલને પહેલા વર્ગનો કંપાર્ટમેન્ટ છોડતાં જોઇ હતી તેઓની અજાયબિ વાસ્તવિક હતી. સ્ટેશનની બાહર તે બાનુએ આસપાસ નજર કીધી તો એક ભાંગી તુટી પણ ગાડીનું થોભલું નજરે પડયું નહિ. સ્ટેશન ઉપર તેણીએ એકાદ નજદીકનાં હોટેલ માટે તપાસ ચલાવી પણ હોટેલ સરીખી કશી પણ ઉતારાની જગ્યા નજદીકમાં હતી નહિ, એવું જયારે તેણીએ જાણ્યું ત્યારે તે દલગીર થવા વિના રહી નહિ. આખાં ગામમાં એકજ હોટેલ હતું જે ગામને છેક છેડે આવેલું હતું,

જયાં સુધી પગે ચાલી જવું એ તે મગરૂર બાનુ માટે મોતને શરણ થવા સમાન હતું. પણ ત્યાં જવા સિવાય તેણીની પાસે બીજો કશો છુટકો હતોજ નહિ. તે ત્યા ગઈ. ઘસડાતી તણાતી, હાડમાર થતી તે તે હોટેલના દરવાજા આગળ જયારે જઇ પુગી ત્યારે તે ઈમારતનો દેખાવ જોઇ તે ધાસ્તીની મારી કમકમવા વિના રહી નહિ. તે ઇમારતને હોટેલનું નામ આપવું એ ગોયા આખી દુનિયાભરનાં હોટેલની બદનક્ષી કરવા સમાન હતું. તે ઇમારત હોટેલ કરતાં કબ્રસ્તાનને વધારે મલતી આવતી હતી. મકાનના દરવાજામાં દાખલ થતાં પણ તેણીને ધસક લાગ્યા વિના રહી નહિ, કેમકે તેણીને લાગ્યું કે તે દરવાજો જમીનદોસ્ત થવાની અણી ઉપર તેણીની સામે ડોળા ધુરકતો પોતાની જગા ઉપર ઉભો હતો. જાણે તે તેણીનો જાન કબજ કરવા માટેજ હોટેલમાં તેણીના આવ્યાની રાહ જોતો આજની ઘડી સુધી સલામત ઉભો હતો.

તે બાનુ બીહતી ધ્રુજતી દરવાજામાં દાખલ થઈ અને જાણે ખરેખર તે દરવાજો તેણીની ઉપર તેજ પળે તુટીજ પડવાનો હોય તેમ એવી ઝડપ સાથે દાખલ થઇ કે સામેથી આવતા હોટેલના માલેકનાં દેગ જેવાં પેટ સાથે મોટાં જોશ સાથ તે અથડી પડતી સેહજમાં બચી ગઇ, અને ત્યારેજ તેણીને પોતાની મુર્ખાઇનું ભાન આવ્યું.

હોટેલનો માલેક મિજાજનો જબરો કડક હતો. લેડી ઓલ્ડકેસલનાં સારાં નસીબે તેની નજર પોતાનાં ઘરાકનાં અમીરી દેખાવ અને દબદબાભર્યો પોશાક ઉપર તરતજ પડવાથી તે પોતાની દુમ સેકાઈ જવાની હેબતનું વેર લેતાં સેહજમાં અચકી ગયો, નહિ તો તે ઉમરાવ બાનુ પોતાનાં મોતની છેલ્લી ઘડી સુધી હેપવર્થબરીની મુલાકાતનો દિવસ યાદજ કર્યો કરતે!

આવાં એક સુક્રિયાનાં હોટેલની મુલાકાતથી તે તવંગર બાઇનો જીવ તો ઘણોબી સુગાયો, પણ કરે શું? કાંઇક બુકો બાચક મોહડાં આગળ કરવું તો જોઇએ એટલે એવી હલકી પંકતીનાં ભઠિયારખાનાંનો પણ આશ્રો લીધા વિના છુટક હતોજ નહિ. હોટેલના માલેકે ઘરાક સદ્ધર જોઇ સર્વેથી સરસ ઓરડો તેણીને આપ્યો હતો અને પોતાને ત્યાં જે સર્વેથી ઉત્તમ ખાણું હતું તે તેણીની હજુર હાજર કરવામાં આવ્યું હતું. પેટ તરફની પોતાની આ ફરજ કેટલીક આનાકાનીથી બજાવ્યા પછી જે કામસર તે ત્યાં આવી હતી તે ઉપર તેણીએ પોતાનું ધ્યાન રોકયું, અને આ જુઠા સંસારના પાપી કાવાદાવાની ફોકટની ઉલગબરડી રમવા તે હવે બાહર નિકળી.

તે બાનુ હોટેલ છોડી ગઇ. તેણીએ દેવળ તરફનો રસ્તો લીધો. તેણીને દેવળ તરફ પગ વાટેજ જવું પડયું હતું. જે કોઈ રસ્તામાં મળતું તેને તે દેવળ તરફ જવાનો રસ્તો પુછતી અને આવીજ રીતે તે ત્યાં ઠોકડાતી, અથડાતી જઇ પુગી. સારાં નસીબે દેવળનો એક બુઢો રખેવાલ જે જોન નામનો હતો તેને બાજુએ ભટકતો તેણીએ જોયો. તે અજબ ઉલટ સાથે તેની તરફ ધસી ગઈ. શરૂઆતમાં તે પક્કી બાનુએ કેટલીક એલારપેલારની વાતો કરી એક ગીની તેના હાથમાં સેરવી દઈ પુછયું:—

"ભલા મી० જોન, હું એમ પુછવા માંગુછ કે જેમ હાલમાં બને છે તેમ ત્રીસ વરસની વાત ઉપર જનમ, લગ્ન અને મરણનાં રેજીસ્ટરોની નકલ અહિંથી લંડન ખાતે મોકલવામાં આવતી હતી કે?"

"નહિ, બાઇ સાહેબ," જોને યાદ કરી જવાબ દીધો, "મને પક્કી યાદ છે કે લંડન ખાતે રેજીસ્ટરની નકલો મોકલવાની રૂઢીને પચીસ જેટલાં વરસો પસાર થયાંછ."

"ત્યારે આ ગામમાં છેલ્લાં પચીસ વરસની આગમચ થયલાં લગ્ન, મરણ અને જનમનાં રેજીસ્ટરની નકલો અહિંજ રાખવામાં આવતી હતી?"

"હા, બાનુ," બુઢા રખેવાલ જોને પોતાની ચુંચી નજર ખેંચી તાણી જવાબ દીધો, પણ સાથે તેણે ઉમેર્યું કે "બાઇ સાહેબ, એના સંબંધમાં તમોને વધુ ખાતરી ભરેલી નોંધ જોઇએ તો આ દેવળના પાદરી તરફથી તે ઘણી સેહેલાઈથી તમોને મલી શકશે." પણ તેણીએ જણાવ્યું કે પાદરી પાસે જવાની કાંઇ અગત હતી નહિ.

"વારૂ, ભલા રખેવાલ, હું એમ પુછું કે આ ગામમાં એવું કોઇ કુટુંબ હતું, જે ખુબસુરતીમાં અહિંનાં કોઇપણ બીજાં કુટુંબને બાજુએ મેલતું હોય?"

"હા, બાનુ! તે કુટુંબ તો મારી આંખો આગળ રમી રહ્યુંછ! તે હેરીસનું કુટુંબ હતું."

"બરાબર!" લેડી ઓલ્ડકેસલ પોતાનાં મન સાથે બોલી, "મને જે કાગળ મલ્યું હતું તેમાં જોન લાયન સાથે જે બાનુનાં લગ્ન આ ગામમાં થવાની બીના લખેલી હતી, તે બાનુનું નામ અરસુલા હેરીસજ લખેલું હતું"

"બાનુ! હેરીસની એક બેટીનાં લગ્ન થયાં તે પછી એ કુટુંબની ગોયા હસ્તીજ આ ગામમાંથી નાબુદ થવા પામીછ!" બુઢા રખેવાલે ભોલાઇમાં બળાપો કીધો.

"અંહ! એમ કે? વારૂં, તે છેલ્લાં લગ્ન અહિં કયારે થયાં?"

બુઢો રખેવાલ લગભગ પા કલાક સુધી પોતાની યાદદાસ્ત શકિતનો ઉપયોગ કરી બોલ્યો, "હા, હવે મને તે છુપાં લગ્ન યાદ આવેછ! તે બનાવ ઉપર ત્રીસ વરસનો ગાલો પસાર થઈ ગયોછ."

"તે ઓરતનું નામ શું હતું?"

"અરસુલા, બાઇ સાહેબ!"

"વારૂં તે બાઇનાં મા બાપનાં નામોની તને કાંઇ યાદ હશેની?"

"બાનુ, તે નામો હું કેમ ભુલું? તે નામો જોન અને મેરી હેરીસ હતાં."

"હં! ત્યારે જે લગ્ન થયાં હતાં તે છુપાં હતાં કે?"

"હા, બાઇ સાહેબ! તે લગ્ન છુપ્યાં જેવાંજ હતાં. તે લગ્ન નાહસભાગનાં હતાં. કોઇને નોતરવામાં આવ્યાં હતાં નહિ અને જે સાક્ષીઓ હતા, તે સઘળાઓ અત્યાર આગમચના પેલી જેહાનમાં પુગી પણ ચુકયા હશે."

લેડી ઓલ્ડકેસલે છુટકારાનો દમ ખેંચ્યો. તેણીને પણ એજ જોઇતું હતું.

હવે તેને વધુ સવાલો પુછવાની જરૂર નહી હોવાથી જ્યારે બીજી એક ગીની પેલાના હાથમાં મુકી તેણીએ ત્યાંથી ચાલતી પકડી, ત્યારે ભલો, ભોલો જોન વિચારમાંજ ઠસ થઈ ઉભો કે એક બે નજીવા સવાલના જવાબ માટે આવું મોટું દામ તેની હેંસી વરસની આખી જીંદગીમાં આજેજ પેહલવેહલું તેને મલ્યું હતું.

કબ્રસ્તાનમાં બનેલું પાપી કર્મ.

તે પછી, ઠગારી ઓરત જોનને અનયબિમાંજ લટકતો મેળી દેવળ તરફ ચાલી અને ત્યાંથી તેણીએ લાસો દાટવાના ભાગ તરફ વલણ લીધી. તે ભાગ દેવળથી અલાહેદો હતો. તે ભાગ જોકે દેવળના પાછળા દરવાજા તરફ આવેલો હતો તો-પણ તે ભાગમાં પોતાનાં કદમ ધરતાં જે પાપી કર્મ માટે તે ત્યાં આવી હતી તેના ખ્યાલથીજ તે સ્ત્રીને ધ્રુજરાં છુટવા લાગ્યાં. સંપુર્ણ શાન્તિ તે આખા ભાગ ઉપર રાજય ચલાવી રહી હતી. જયાંબી નજર પોંહચે ત્યાં તે આખું ઘોરસ્તાન શાન્ત ચુપકીદીમાં વિંટલાઈ રહેલું જણાતું હતું. થોડે થોડે છેટે મુંગી કબરો પોતાનાં પેટાંમાં ભલા યા ભુંડા, તવંગર યા ગરીબ, દયાળુ યા ઘાતકી જીવડાઓની લાસો સમાવી ઉભી હતી, સદાની શાન્ત ઉંઘનું ધામ બની ઉભી હતી. આ દુનિયાની હસ્તી કેટલી નાપાયદાર છે, આ જીંદગી, આ જોર, આ જવાની અને આ જોબન કેટલાં ક્ષણભંગુર છે તેનો ખ્યાલ આપતી તે ઉભી હતી. ગમે તેવા નાસ્તીકને આ-સ્તીક બનાવે એવું તે ધામ હતું, ગમે તેવા જુલમગારને દયાળુ બનાવે એવું તે મકાન હતું, આ દોરંગી દુનિયામાં બે દીનની જવાનીની હસ્તી પછી કરણી પ્રમાણે શાન્ત યા બેચેન ઉંઘમાં લેટવાનું તે એક બિછાનું માત્ર હતું.

આ શાન્ત ઘોરસ્તાનનો દેખાવ લેડી ઓલ્ડકેસલને બહુજ ભયભીત લાગ્યો, હદથી જયાદા ડરામણો લાગ્યો, શોકાતુર લાગ્યો. તેણીએ બીહતી ધ્રુજતી તે શાન્ત પણ ડાચું વકાસતી ઘોરો તરફ નજર ફીધી. તેણીનાં મગજમાં મોટા કમકમાટ સાથે ખ્યાલ ધસી આવ્યો કે એક પળ એવી પણ આવશે કે જે અભાગણી પળે એવીજ ઘોરનાં ડરામણાં અને દયાહિણ પેટાંમાં તેણીને પોતાને પણ વાસો કરવો પડશે.

આ કેવો ભયભીત ખ્યાલ! આ ખ્યાલની જોડેજોડ તેણીનાં આખાં તનબદનની રગેરગમાં ધસક અને ધાસ્તીની ધ્રુજરી એવા તો જોશથી ફરી વળી કે તેણીની આંખોમાં અંધકાર છાઇ રહ્યો. એ શું હતું? શું તે અંધકાર તે ઠગારી અને તુમાખી ઓર-તની આગલી બદકરણી અને આગલાં પાપોનો પડછાયો હતો? તેણીએ બાળ્યા-વસ્થાને બાદ કરતાં પોતાની આખી જીંદગી પોતાના પેદા કરનાર સાહેબ તરફની ફરજ ભુલવામાંજ ગુજારી હતી, નેક ચલણને નીવારી મેલવામાંજ વાપરી હતી. ગરીબો તરફ જુલમગાર બની તેમને તે ધિક્કારતી રહી હતી. તે પોતાને ઇનસાન લેખતી હતી, મગર ગરીબોને હેવાનથીબી બદતર બુરા સમજતી હતી. સખાવત—જે કુદરતની બક્ષેસ—તેને તેણીએ વિસારી દીધી હતી. શું આ સઘળી બુરી યાદ તેણીનાં પાપી અંતઃકરણમાં છેલ્લી આરામગાહની મુલાકાત વેળા ધસી આવી હતી? તેણીએ તરતજ પોતાની બંને આંખો પોતાના બંને ધ્રુજતા હાથોથી ઢાંકી દીધી, અને તે ઉમરાવી પદ પામેલી બાનુ અંતઃકરણનો ડંખ નહિજ ખમાવાથી તે પવિત્ર જમીન ઉપર ફસડાઇ પડી. જોકે તે જગા, ત્યાંનો દેખાવ, ત્યાંની ગંભીરતા, કુદ-રતની ખાલેસ ખુબીનો ખ્યાલ આપતાં હતાં, જમીનની લીલોતરી આંખોને ઠંડક આપતી હતી, અને મંદ મંદ વાયુ મગજને રાહત આપતો હતો અને સઘળે વ્યાપી રહેલી શાન્તિ જીગરને આરામ બક્ષતી હતી. પણ આ પાપી ઓરતનાં કિસમતમાં આવું સુખ હતુંજ કયાં? જે સુખ, જે ખુદાઇ બક્ષેસ એક ગરીબમાં ગરીબ નિર્દોષ મેળવી શકે તે સુખ મેળવવાથી આ લખોના દરંગ વચ્ચે આલોટતી બાનુ બાકાત

રહી હતી. આ શું ખુદ કુદરત તરફની કાંઇ છુપી સજા, કાંઈ મુંગો માર નહિ હતો ? પણ તવંગરો પોતાની આંખો ઉપર પૈસાનાં પડનો અંધકાર ફરી વળવાથી આ સઘળું જોઇ શકતાં નથી, અને જોવા પામે છે તો માત્ર એક બે પળ માટેજ !

લેડી ઓલ્ડકેસલના બાબમાં પણ એમજ બન્યું. કુદરતની અદ્ભુત લીલાનો ભાસ તેણીનાં મજ્જમાં ઝાઝો વાર ટકી શકયો નહિ. તે ભાસને એક બે પળમાંજ પાંખ આવી અને તે અલોપ થઇ ગયો બસ ખલાસ! તે સ્ત્રી પાછી ટટાર બની ઉઠી ઉભી થઈ અને પોતે બતાવેલી બે પળની નબળાઇ માટે તે પોતાનેજ ઠપકો દેવા લાગી, કેમકે તેણીએ જોયું કે જે જીવસટોસટ કામ માટે તે આવી હતી તે કામમાં નાહકની ઢીલ થવા પામી હતી. તે ઉઠી અને દરેક ઘોર—નવી યા પુરાણી—ની બારીક તપાસ કરવામાં રોકાઇ ગઇ, જેમ કરતાં તેણીએ જોઇ લીધું કે 'હેરીસ' નાં નામ સાથે સંબંધ ધરાવતી આશરે દજન ઘોરો ત્યાં ઉભી હતી. 'જોનાથન હેરીસ,' 'મેરી હેરીસ,' 'અરસુલા હેરીસ' વિગેરે. હેરીસની આ સઘળી અટક વાલી ઘોરો એકજ કુટુંબની હતી, જે કુટુંબમાં અરસુલા—પોતાના મરહુમ ખાવિન્દ લોર્ડ ઓલ્ડકેસલની હકદાર પરણેતર અને લાયનની માતા—એ જન્મ લીધો હતો.

"અરસુલા ! અરે ! કાંય નહિ તું જન્મતાંને વારજ મરી ગઈ કે મારી આવી બુરી સરજત બનતે નહિ ! ને મારો ખાવિન્દ તારી ખુબસુરતીથી લલચાઇ મને અને મારા એકપુરા બેટા જુલિયનને આવી આપદા અને ધસક ધુજારામાં લાવી મેલતે નહિ !"

આ બોલો લેડી ઓલ્ડકેસલ એવા તો ચીરડાટથી દાંત્યાં પીસીને બોલી કે અગર તેજ પળે અરસુલા તેણીની નજરે પરી હોત તો તે તવંગર બાનુ તે લાચાર સ્ત્રીનો ટોટો પીસવા વગર રેહત નહિ !

સઘળી ઘોરોની બારીક તપાસ પછી તેણીએ આ પણ જોયું કે અરસુલાનું નામ તે કુટુંબમાં ઘણું પ્યારૂં હતું, કેમકે એક નહિ પણ ચચાર અરસુલાની ઘોરો હમણાં સુધી ત્યાં મૌજુંદ હતી, જેઓ કુંવારી જીંદગીમાંજ આ દારે ફાની છોડી ગઇ હતી. વળી ચારમાંની ત્રણ અરસુલા તો જવાનીમાંજ માર્ગે લાગી હતી.

લેડી ઓલ્ડકેસલ આ ઉપરથી અનુમાન કરી પોતાનાં મન સાથે હસીને બોલી, "હું ધારૂંછ કે એ કુટુંબમાં ખહીનો રોગ લાગુ પડેલો હોવો જોઇએ ! ઓ ! હું કેવું ઈચ્છુંછ કે હાલની અરસુલા પોતાને દુનિયામાં મરહુમ લોર્ડ ઓલ્ડકેસલની હકદાર પરણેતર તરીકે જાહેર કરે તે આગમચ તે પોતેબી એજ જાલમ રોગનો ભોગ થઇ મરે, અને મારો રસ્તો મોકલો કરે !"

ચાર કુંવારી અરસુલાની ઘોરો ધ્યાનથી જોતી તે કેટલીક મિનિટ સુધી પુટળાંની માફક સ્થિર ઉભી. તરતજ તેણીને ખ્યાલ આવ્યો. એક ઘોર ઉપર "હેપવર્થબરીના જોન અને મેરી હેરીસની બેટી" નો લેખ કોતરેલો હતો. તે ઘોર ઉપર તેણીની નજર ઠસી રહી; કેમકે બુઢા રખેવાલે તેણીને થોડાજ વખત આગમચ જણાવ્યું હતું કે જોન લાયન સાથે પરણેલી અરસુલાના માબાપનાં નામો જોન અને મેરી હેરીસ હતાં. જોકે લેડી ઓલ્ડકેસલ ઘણી સારી રીતે સમજી શકી હતી કે ઘોર ઉપર કોતરેલાં નામો જોન અને મેરી હેરીસ તે બુઢા રખેવાલે કહેલાં જોન અને મેરી હેરીસનાં નામો હતાંજ નહિ. વળી તેજ પ્રમાણે તે ઘોરમાં સુતેલી અરસુલા તે આ વાર્તાવાળી અરસુલા હતીજ નહિ, કે જેણી જોન લાયન (યાને મરહુમ લોર્ડ ઓલ્ડકેસલ) ની પરણેતર થવા પામી હતી. તે ઘોરમાં સુતેલી અરસુલા

અને નીલ લાયનની માતા અરસુલા બંને તદન જુદાંજ આસામી હતાં, જોકે હાલની જીવતી અરસુલા ઘોરમાં સુતેલી અરસુલાનાં કુટુંબનીજ હતી એમાં તો કશો શક હતોજ નહિ, પણ સંજોગ તો એ બન્યો હતો કે જેમ કેટલીક વાર બનતું આવે છે તેમ એકજ કુટુંબની બંને અરસુલાનાં માબાપનાં નામો બિલકુલ મલતાં આવતાં હતાં.

પણ નામોનું આ મલતાપણું લેડી ઓલ્ડકેસલે તુરત જોઇ લીધું કે તેણીની પોતાની તરફેણમાં હતું. અગરજો અરસુલા યા નીલ લાયન પોતાનો દાવો સાબેત કરવા નિકળે તો નામોનાં આ મલતાપણાંથી જડજ અને જુરીનાં મનમાં કાંઇક ગુંચવાડો ઉપજાવી શકાય ખરો. વળી હાલની અરસુલાને પોતાનો દાવો સાબિત કરવા માટે આ નામની ભેલમભેળથી થોડી મુશ્કેલીમાં ઉતરવું પડે નહિ. લેડી ઓલ્ડકેસલવાલા પક્ષ તરફથી કોર્ટનાં મન ઉપર એમ કાં નહિ ઠસાવી શકાય કે લોર્ડ ઓલ્ડકેસલ (જોન લાયન) અરસુલા હેરીસને પરણવા પામ્યોજ નહિ હતો. તેણે તે સ્ત્રીની ખુબસુરતીથી લલચાઇ પરણવાનું જાહેર કીધું હતું ખરૂં, પણ તે પોતાની મુરાદ પુરી પાડે તે આગમચ તો તે સ્ત્રી (અરસુલા) ને મોતે લોર્ડ ઓલ્ડકેસલનાં પાસાંમાં જતી પોતાના પંજામાં ખુંચવી લીધી હતી.

પણ બીજીજ પળે તેણીને પોતાના આડતયાનું કાગળ યાદ આવ્યું. તે કાગળ તેણીના ખીસામાંજ હતું. તે તેણીએ બાહર ખેંચી કાહડયું, અને એક વાર ફરીથી તે વાંચ્યું. તેમાં ખુલ્લી રીતે લખવામાં આવ્યું હતું કે "જુના પુરાણા રેજીસ્ટર ચોપડાઓ તપાસવાથી મને માલમ પડે છે કે ત્રીસ વરસ અને દશ માસ આગમચ જોન લાયન અને અરસુલા હેરીસનાં * * * * હેપવર્થબરીનાં દેવળમાં લગ્ન થયાં હતાં. * * * *"

આ કાગળથી તે તવંગર બાનુ પહેલાં તો લગાર ધભરાઇ, પણ આ ધભરાટ થોડીજ પળનો હતો. દોલત, નામ અને પદવી ખોવાના ખ્યાલથીજ તે છેલ્લે પાટલે બેઠી હતી. તેણીનું સર ખાંડનિયાંમાં આવી પડયું હતું તો તેના માત્ર ધપકારાથીજ બીહવામાં તેણીએ દાનાઇ જોઇ નહિ. તે જાણતી હતી કે તેણીએ જે શોધ કરાવી હતી તે તો પૈસાનાં બળથી હતી, તો ભીખારી અરસુલા પોતાનો દાવો સાબેત કરવા આવી આવી શોધ કરવા માટે પૈસા લાવીજ કયાંથી શકશે?

સારાં નસીબે કહો, યા બુરાં નસીબે કહો તે બાનુને એક જુદોજ ખ્યાલ સુજયો. તે જરા પણ આનાકાની કરવા કે અચકાવા વિના અરસુલાની ઘોર આગળ બેસી ગઇ અને ઘોરની આસપાસ ફરી વળેલાં ઝાડોની ડાંખળીઓ અને વેળાને પોતાના હાથોથી બાજુએ કરી તે ઉપર કોતરેલા લેખ ઉપર બારીકીથી નજર કીધી. જોકે વરસોની મુદત પસાર થવા પામી હતી, છતાં તારીખ વારના આંકડા ત્યાં ખુલ્લા જણાઇ આવતા હતા. ઘોરમાં સુતેલી અરસુલા—જોન અને મેરી હેરીસની દીકરી—૧૮૦૫માં મરણ પામી હતી. હવે જો મિંડાંનો છગરો બનાવી ૧૮૦૫ નું વરસ ફેરવી તે ૧૮૬૫ નું કરવામાં આવે તો કોર્ટનાં મન ઉપર એમ નહિ ઠસવા પામે કે ૧૮૬૫ નાં વરસમાં ઘોરમાં સુતેલી અરસુલા તે તેજ અરસુલા હતી જેણી જોન લાયન સાથ પરણશે એમ માનવામાં આવતું હતું, પણ તેટલાં મોત આડે આવવાથી તેણીની આ ઉમેદ ઉપર સદાનો કાળો પરદો પડયો હતો. તેણીએ મરણનો આંકડો ઉપર મુજબ બદલી નાખવાને છેવટે પક્કો ઠરાવ કીધો. મિંડાંને અંગ્રેજીમાં ૬ માં બદલી નાખવાનું એટલું તો સેહલ હતું કે તે તે ઘણીજ સેહલાઇથી કરી શકે એમ હતું. વળી

તેણીએ પોતાનાં બચપણુમાં કોતરકામનો હુનર કેટલેક દરજ્જે હાંસલ કીધેલો હોવાથી કુતિયાને સેહલાઇથી ઠગવાનુ આ નવું પરાક્રમ તે ઓરત આસાનીથી પાર ઉતારવા તૈયાર થઇ.

કબરસ્તાનવાળી તે જગો બિલકુલ ઉજડ હતી. ત્યાં કોઇનો પણુ આવજાવ કે પગદંડો હતો નહિ, જેથી ધારેલું કામ પાર ઉતારવાને તેણીના માર્ગમાં એક પણુ મુસ્કેલી હતી નહિ. તે તૈયાર થઇ અને કલાકોની જીવતોડ જેહમત પછી પોતાનું ધાર્યું કામ સંપુર્ણ થયલું જોઈ તેણીએ છુટકારાનો દમ ખેંચ્યો અને થાકથી આજેઝ બનેલી તે કમબખ્ત નાર પોતાની દોલત કે પદ્વીનો ખ્યાલ કીધા વિના ભોંય ઉપર લેટી પડી.

દશ હજાર પાઉન્ડની કારસાજી.

લોર્ડ ઓલ્કેસલની હાલત દીન ઉપર દીન બહુજ બતંગ થતી ચાલી હતી. કદમ દર કદમ તેને નાણાં સાથેજ કામ લેવાનું હોવાથી તેણે પોતાની માતાની જાણુ વિના અનેક મોટી રકમનો દારવાટલો કીધો હતો, જેથી જેમ બનવું જોઇએ તેમ તેની નાણાં સંબંધી સ્થિતિ તંગ થઈ પડે એ સ્વભાવિકજ હતું. વળી લેડી ઓલ્ડકેસલ પોતાના બેટાથી છુપી રીતે એક જુદાંજ કામમાં રોકાયલી હતી જે અરસુલા અને લાયન જેવાં હકદારોનો હક લુટી તેમને પોતાના પગ તળે કચડવાનું હતું. આ પાપી કર્મ માટે તેણીએ પણુ એક સારી જેવી રકમનો ધુમાડો કીધો હતો; પણુ તેણીએ તો મોટો સંતોષ માની લીધો હતો કે દોલતના ગમે તેવા ભોગે પણ તેણીએ પોતાનાં મનની બેચેની સદાની દુર કીધી હતી. અરસુલા યા તેનો બેટો મરહુમ લોર્ડ ઓલ્ડકેસલની દોલત અને ખેતાબનો દાવો કરવા નિકળે તે આગમચ તેણીએ માની લીધું કે ૧૮૦૫ નું વર્ષ ફેરવી ૧૮૯૫ નું કરવામાં એક એવું તો માહભારત પરાક્રમ તેણીએ કરી બજાવ્યું હતું કે જેની રૂએ તે મા દીકરાનો દાવો એક પળવાર પણ હવે ટકી શકે નહિ. વળી તેણીને મોટો સંતોષ એ હતો કે તેણીના એકપુરા બેટા જુલિયનની ચાલાકીથી લાયન એક વાર ફરીથી પોલીસના પંજામાં સપડાયો હતો. આ બનાવ જુલિયનને પણુ બહુજ મનગમતો થઇ પડયો હતો. તેની બીજી ખુશાલી તો એ હતી કે રોઝામન્દ તેને હવે સતાવી શકતી હતી નહિ. આ સઘળું તો તેનાં મનથી ઠીકાઠીક હતું, પણુ મરણુ પામેલા ધારવામાં આવતા તેના વડા ભાઈ રોદ્રીક તરફની સતાવણીથી તે બહુજ મુંજવાઇ ગયો હતો. રોદ્રીક પોતાનાં નાણાં માટે તેની ઉપર હદથી જયાદા દબાણુ ચલાવી રહ્યો હતો. તે પોતાના નાના ભાઇને છુપ્યાં કાગળોથી સતાવતો હતો એટલુંજ નહિ, પણુ તે અનેક વાર જુલિયન તરફની મનાઈ છતાં છુપી રીતે ઓલ્ડકેસલ પાર્કમાં તેની મુલાકાત લેતો રહ્યો હતો અને તે પોતાના નાના ભાઇને તાણાના તીરોથી વિંધી નાખતો હતો. ગઈ કાલેજ જુલિયનને તેની તરફથી એક લંબાણુ પત્ર મળ્યો હતો જેમાં તેણે સોગંદ ઉપર સોગંદ ખાઇને લખ્યું હતું કે અગરજો ૪૮ કલાકમાં જુલિયન તેને દશ હજાર પાઉન્ડ તોલી નહિ દેશે તો સઘળું ભોપાળું કાંઇ પણ દરકાર વિના તે ફોડી દેશે.

જુલિયન પોતાના ભાઇના તીખા, ઝનુની અને મોતની પણુ દરકાર નહિ કરે એવા ખુરા ખવાસથી જાણીતો હોવાથી તેણે ખાતરીથી માની લીધું કે આ કાંઈ માત્ર સુક્કો દમ નહિ હતો. તેણે જે માંગ્યું હતું તે જો તેને નહિ મલે તો તેને

ફસાવી દેતાં સેહજબી વિલંબ નહિ લગાડે એમાંનો તે માણસ હતો. આથી તેના ખખરાટનો પાર રહ્યો નહિ. મોડામાં મોડું આવતી કાલ સુધીમાં દશ હજાર પાઉન્ડની રકમ ગમે તેવા ભોગે પણ ઉભી કરી રોદ્રીકનાં કપાળે તેનો ડામ દેવો તો જોઇએ. પણ તે કેમ બની શકે ? આવડી મોટી રકમ આટલા ટુંક અરસામાં કેમ મેળવવી તે તે મુદ્દલ સમજી શકયો નહિ. જોકે તેણે અત્યાર આગમચ તે રકમ મેળવવાને અનેક કોશેશો કીધી હતી, પણ કમનસીબે તેમાંબી તેણે પોતાને માહતજ થયલો જોયો. તેણે એદેલીનની દોલતના ત્રસ્ટીઓ પાસેથી આ રકમ મેળવવાનો પાસો ફેંકી જોયો હતો, પણ બુરાં નસીબની ગિરદેશીથી તે પાસો અવલોજ પડયો હતો. ત્રસ્ટીઓએ લેડી ઓલ્ડકેસલની જાણ વિના આવી મોટી રકમ તેને ધીરવાને સાફ ના પાડી.

હવે કરવું શું? શું એદેલીનને પોતાની આ મુશકેલીથી જાણીતી કરવી? તે સારી પેઠે જાણતો હતો કે તેણે તેણીના હાથના ઉમેદવાર લાયન તરફ એવી તો બુરી ચાલ ચલાવી હતી કે તે બાનુ તેની સાથે વાત વટીક કરે એ માનવું બેજા હતું; પણ પોતાનું કિસમત અજમાવી જોવામાં તેને કશું ખોહવાનું નહિ હતું. હજી એદેલીન લેડી ઓલ્દકેસલનાંજ મકાન અને આશ્રામાં હતી. તેણે પોતાના નોકરથી ખબર કાહડી તો માલમ પડયું કે એદેલીન તરતનીજ બાહરથી આવી હતી.

"હિમ્મતે મર્દાન મદદે ખુદા!" તે પોતાનાં મન સાથે બડબડયો, "હું જાઉં! તે હઠીલી નારને હજીબી સમજાઉં! મનાઉં! પટાઉં! તે નહિ સમજે તો તેણીને પગે પડું, બને તો રડી પડું. મારી ઓરત બનાવવાને ગળે પડું. પરવર તારી પનાહ! યઝદાન તારો આધાર!"

તે બદમાશ, ઠગારો, જીંદગીથી બાતેલ શેતાન પોતાની પાપી જબાન ઉપર યઝદાનનું પાક નામ લઇ એદેલીન પાસે ગયો. તેને જોતાંજ તે નેક ખસલત બાનુ માથાંથી પગ સુધી કમકમી અને ધ્રુજી. જુલિયને તેણીની આ લાગણી જોઇ પોતાને હજારો કદુવા દીધી. તે નિરાશ થઇ જખમી જીગરથી પોકારી ઉઠયો, "બાનુ! મને જોઇને એટલાં બધાં ધભરાવાનું કશું કારણ નથી. એદેલીન! એદેલીન! હું કેદી નથી! હું ખુની નથી! હું કેદખાનામાંથી નાહસી આવેલો બંદીવાન નથી! તો શા માટે મને જોઇને તું એટલી બધી ધભરાયછ? બોલ! એદેલીન! બોલ! હું તને ચાહુંછ, તો શા માટે તેના બદલામાં એક મિઠો સખુન વટીક તું મને તારે મોહડેથી સંભળાવી તારે માટે તડપતાં મારાં જીગરને રાહત આપતી નથી?"

એદેલીનને આ વેળાએ મોહડું કુમલાવતાં જોઇ જુલિયન લગાર ઠંડો પડી બોલ્યો, "એદેલીન, હું આજે તારી તરફની મારી મોહબતના રોદરા રડવા આવ્યો નથી, પણ આ એક જુદીજ બાબદમાં તારી મદદ મેલવવા આવ્યોછ, જે મલવાની મને દરેક ઉમેદ છે."

એદેલીને કશો જવાબ નહિ દીધાથી જુલિયને પોતાનો ગુસ્સો તામોશ કરી જઇ આગળ ચલાવ્યું, "એદેલીન! મને આવતી કાલે એક દશ હજાર પાઉન્ડની ઘણીજ જરૂર હોવાથી હું તારા ત્રસ્ટીઓ સોડે ગયો હતો, જેઓએ મને રોકડો પરખાવી દીધોછ કે લેડી ઓલ્દકેસલની જાણ વિના તેઓ એક ફુટી બદામ વટીક મને ધીરશે નહિ. બોલ એદેલીન, એ બાબમાં તું તારા ત્રસ્ટીઓને સમજાવી નહિ શકે? એદેલીન, તારી દોલત એટલી તો અખુટ છે કે દશ હજાર પાઉન્ડ તે તારાં મનથી મોટા માહસાગરમાં ગોયા એક ટીપાં સમાન છે."

એદેલીન હજી પણ ચુપજ બેઠી. તે એક પણ હર્ફ બોલી નહિ. આથી જુલિયનનું છેકજ પાકી આવવાથી તે પોકારી ઉઠયો, "અરે! સંગદિલ ઓરત! એક બોલબી તો બોલ, ખુદાને વાસ્તે તો મોહડું ખોલ! એદેલીન! મારી સાથેજ વાત કરતાં તારી જબાન કેમ સીવાઈ જાયછ! પેલા ખુની ચંડાળ આગળ તો તું પોપટ બની જાયછ! એક ખુની સાથે પ્યાર કરતાં તું લજવાતી નથી? બોલ, એદેલીન, હું એ અપમાન, એ નામોશી કેમ ખમી શકું?"

પણ આજે ખુબસુરતીની રાણીએ જુલિયનની હાજરીમાં મોહડું નહિજ ખોલવાનો ઠરાવ કીધેલો દીસ્તો હતો. આથી જોકે જુલિયન સિંહની માફક ઉછળ્યો અને વાઘની માફક બરાડયો, તોપણ એદેલીને તેની રજભાર પણ દરકાર કીધી નહિ. પોતાના વાહલા લાયન તરફની જુલિયનની ચાલ તેણીનાં સાચ્ચાં અંતઃકરણમાં એવી તો જામી ગઈ હતી કે ગોયા તેણીની જબાનજ બંધ થઈ ગઇ હતી.

"એદેલીન! હું કેવું ઇચ્છુંછ કે જેમ તું મારી સામે મુંગી મંતર બની બેઠીછ તેમ તું ખરેખર સદાની મુંગીજ અવતરી હોતે કે જેથી તે બદમાશ ખુનીને પ્યારભર્યો બોલો કહેતાં હું તને કદી સાંભળતેજ નહિ, અને તને દુનિયાનાં લોકોમાં આવા ઘેલા ગાંડા પ્યાર માટે શરમાઈ નીચું જોવું પડતે નહિ. એદેલીન, તું ભલે મુંગી બને યા બેહરી બને, પણ તું એટલું તો સાંભળી લે કે જે બદમાશ રોજર દીપીંગનું ખુન કરવા માટે બંદીખાનું સેહવેછ તેજ કરનલ રેનનોબી ખુની છે. મારી પાસે તેનીબી સાબેતી તૈયાર છે અને જે પળ જાયછ તેમાં તારા બાપના ખુની તરીકે તારા હાથના ઉમેદવાર નીલ લાયનની તપાસ ચાલશે. અને ત્યારેજ લોકો જોઇ શકશે કે જમાનો કેવો બુરો આયોછ* કે એક ઓરત પોતાના બાપના ખુની ઉપર દીવાની બનીછ! છતી આંખે આંધળી બનીછ—"

જુલિયન આગળ બોલી શકયો નહિ, કેમકે બીજીજ પળે કારભારી પ્રોસપર સ્પ્રેગ દાખલ થયો.

"મારા લોર્ડ, મી૦ સીગીન્સ તમારી રાહ જોયછ!"

છેડાયલો જુલિયન સીગીન્સનું નામ સાંભળતાંજ એક પણ વધુ બોલ બોલવા વિના ઉઠયો અને એદેલીન તરફ એક નજર વટીક કરવા વિના તે ઓરડો છોડી ચાલતો થયો.

સોલીસીતર મી૦ સીગીન્સ.

જુલિયન સીગીન્સને જઇ મળે તે આગમચ આપણી વાર્તાની રંગભુમી ઉપર એકાએક કુટી નિકળેલા આ નવા મુરબ્બી કોણ છે તે આપણે જોઇએ. જુલિયન તેની પાસે જાય તેટલાં આ નવો પરોણો પોતાનાં પાતલુનનાં ખીસાંમાં હાથ ઘાલી ફિલસુફીના ડોળથી ઉંચું જોતો ઓલ્ડકેસલ પાર્કનાં ભપકાદાર દીવાનખાનાંમાં આમથી તેમ લટાર મારતો હતો. તેનાં મોહડાંમાં ચીરૂટ હતી, જેનો ધુંવો તેનાં મોહડાંની આસપાસ ફેલાઈ ગયો હતો, પણ તે પોતાના ખ્યાલમાં એટલો બધો તો રોકાઈ ગયો હતો કે તે ધુંવાને દુર કરવાની પણ તેને ફુરસદ હતી નહિ. સીગીન્સ કોણ હતો, તે કેવો હતો, તે આપણે જોઇએ. તે એક બેઠી બાંધણીનો, આંગે ભરેલો, પુલાવની ડેગ જેવાં પેટનો, રાતા માતા ચેહેરાનો અને ફુગાયલા દેડકા જેવા ગાલનો

જવાન હતો. તેનો દેખાવ ઠીસોઠીસ ભરેલા ગુણપાટના કોથલાને વધારે મળતો આવતો હતો. તે જવાન હતો કેમકે તેની વય ૪૫ થી વધુ વર્ષની જણાતી હતી નહિ, બલ્કે તે એથીબી ઓછી ઉમરનો હોય એમ લાગતું હતું. તે એક કુંવારો વકીલ હતો, પણ તે આબરૂ ઇજતથી વકીલનો ધંધો કરવા કરતાં કાવાદાવા અને તરકટ મરકટથી પોતાનો ધંધો ચલાવવામાં વધારે બાહોશી માની લેતો હતો. તેનાં મગજમાં એવોજ ખ્યાલ ઠસી ગયો હતો કે વકીલનો ધંધો આબરૂ ઇજતનો છેજ નહિ; અને આબરૂ ઇજતથી એ ધંધો થઈ શકેજ નહિ. આ તેના વિચિત્ર ખ્યાલથી અજબ જેવું તો એ હતું કે તે બીજા આબરૂદાર વકીલ કરતાં મોટી કમાઇ કરતો હતો. તે પોતાનાં કુળ તરફથી કદાચજ કોર્ટમાં દેખાવ દેતો; પણ પોતાનાં કુળોને કાળાં ધોળાં કરવાનો આબાદ રસ્તો દેખાડવાની સલાહ આપવામાં તે મોટી રકમ કુટી કાહડતો હતો. નિર્દોષોને કેમ ફસાવવા, બેગુનાહોનાં કપાળ ઉપર ગુનાહની કાળી ટીલી કેમ ચોંટાડવી, સામી પક્ષના વકીલને પોતાની બાજુમાં કેમ ફુસલાવીને ખેંચી લેવો અને એ ઉપ્રાંત પોતાનાં કુળોને કેમ નિચોવવાં એ સઘળો હુન્નર સીગીન્સ કાકા ઘણી અચ્છી રવેસે સમજતા હતા, અથવા બીજાઓને એમ સમજાવવાનું તે લુચ્ચો વકીલ ડોળ ઘાલતો હતો.

આવી ઠગબાજી અને કાવાદાવાથી તેણે પોતાની પાસે ઠીક દલ્લો જમા કીધો હતો. તેમાં વળી તેની કોઇ દુરની સગીનાં એકાએક નીપજેલાં મરણથી એક મોટી રકમ તેના ફાલે ચોંટી હતી. આ સઘળા સબબથી તે વકીલ પૈસે ટકે ગબ્બર બની પોતાથી નાની બેહેન સાથે સુખ ચેનમાં દિવસો પસાર કરતો હતો, અને તેનાં આવાં સુખને લીધે તે પુર્વથી પશ્ચિમ સુધી આડો ફાટતોજ રહ્યો હતો. તેની નાની બેહેન મીસ લેવીનિયા સીગીન્સ જોકે એક ખુબસુરત સ્ત્રી હતી, છતાં તે હતી તે કરતાં પોતાને વધુ ખુબસુરત બતાવવાનાં અનેક ફાંફાં અને અછાડા પછાડા મારતી રહી હતી. મોટા અને ખર્ચાલુ ભપકા સપકા અને શેહનશાહબાનુના ઠાઠમાઠ સાથે રહેવાને તે બાનુને બહુજ પસંદ હતું. વળી તે લગાર ભેજાંની નબળી માલમ પડી આવતી હતી. તે એમજ સમજતી હતી કે તે પોતે કોઇ શેહનશાહ યા કોઈ અબજપતિ લોર્ડ યા એકાદ રાજયના પ્રાઇમ મીનીસ્તરની ધણીયાણી થવાનેજ માટે ખુદાને બારણેથી ઉતરી આવી હતી. આથી તે સાધારણ મરદો તરફ ઝાંખીને જોતી વટીક નહિ અને થોડી દોલતવાલા પણ ગમે તેટલા લાયક જવાનો સાથે વાત કરતાં તેણીનાં ભેજાંમાં સુગ ભરાઈ જતી. આવી સ્થિતિમાં બંને ભાઇ બેહેનોએ પોતાને લગ્નનાં બજારમાં વેચાવા મુકયાં હતાં. આવી મીસ લેવીનિયા હતી અને આવો તેણાનો ભાઇ હતો.

સીગીન્સને ઓલ્ડકેસલ પાર્કમાં આમંત્રણ કરનાર લોર્ડ ઓલ્ડકેસલ (જુલિયન) હતો. તે અજબ થયો કે મગરૂર લોર્ડ ઓલ્ડકેસલે તેને એકાએક શા માટે યાદ કીધો હતો. આ માટે અનેક ખ્યાલો તેનાં નબળાં ભેજાંમાં આવજાવ કરતા રહ્યા હતા, પણ કયા ખ્યાલને કાયમ કરી કયાને દુર કરવો તે તે સમજી શકયો નહિ. તે પોતાનાં મન સાથે બડબડયો, "બરાબર! બરાબર! જયાં છે ત્યાં લોર્ડ ઓલ્ડકેસલની માતા લેડી ઓલ્ડકેસલ મારી ઉપર દીવાનીજ બનીછ અને મારી સાથનું સાટું નક્કી કરવા પોતાના બેટાને જયાં છે ત્યાં વચમાં નાખેલો છે અને તેથીજ તેણે મને અહિં સુધી બોલાવ્યોછ! હા! અગરજો લેડી ઓલ્ડકેસલ મને પોતાનો ખાવિન્દ બનાવવાને ભાગ્યશાલી નિવડે તો કેવું બંધ બેસ્તું જોડું બનવા પામે!

જાણે એ જોડાંની જોડી સારી જેહાનમાં ઢુંડવી મુશ્કેલ થઈ પડે! મરહુમ લોર્ડ ઓલ્ડ-કેસલનાં મોત પછી તેવોજ લાયક ખાવિન્દ શોધતાં આખરે હુંજ એકલો તે ઉમ-રાવ બાનુની નજરે પડયો હોવશ અને—"

સીગીન્સ અહિંજ અટકયો; કેમકે જુલિયન દાખલ થયો. સીગીન્સે ગજ ગજ વાંકો વળી અને આડો તીડો થઇ જુલિયનને સાહેબ સલામ કીધા પછી પોતાને બોલાવવાનો સબબ પુછયો. તેણે ધારીજ લીધું હતું કે જુલિયન પોતાની માતાનું તેની ઉપરનું દીવાનાપણું જાહેર કરી લગ્નનાં સાટાંની વાતની શરૂઆત કરશે અને પોતાની માતાને મીસીસ સીગીન્સ બનાવવા માટે પગ પાણી કરશે.

"મી૦ સીગીન્સ, હું તમોને ઓલ્ડકેસલ પાર્કમાં જોઇને ઘણો ખુશી છું," જુલિયને પોતાની બેઠક લેતાં વાત છેડી.

"હું બી તમોને લાંબા વખતે જોઇને ખુશી છું, મારા લોર્ડ! હું તમારી મર-જીનો તાબેદાર છું, તમારી ફરમાશ જાણવાને તલબગાર છું." સીગીન્સે આ પ્રમાણે પોતાની વધુ ભટાઇ ચલાવી હતે પણ જુલિયને તેને ટુંકમાંજ અટકાવી પુછયું:—

"મી૦ સીગીન્સ, તમોને અહિં સુધી બોલાવવાની મારી મકસદ તો તમો સમજીજ ગયા હશો."

જુલિયનના આ શબ્દોથી સીગીન્સ દેડકાની માફક ફુલી બોલ્યો, "અરે! હું તે નહિ સમજી જાઉં તો મને—"

જુલિયને તેને આગળ બોલતાં અટકાવી કહ્યું, "ત્યારે તો મી૦ સીગીન્સ, હું ધારૂંછ કે મારી ઉપર એ નવાજેશ કરવાને તમો જરાબી આનાકાની કરશો નહિ. જયારે લેડી ઓલ્ડકેસલ પાછળથી જાણશે કે તમોએ મારી મરજી સ્વિકારીછ ત્યારે તે બાનુની પોતાની ખુશાલીનો પાર રહેશે નહિ."

"વારૂ હું એમ પુછું, મારા પ્યારા લોર્ડ, કે મારી આગળ તમારી અરજ તમારી પોતાની ખુશીથી કરોછ કે લેડી ઓલ્ડકેસલની મરજીથી?"

આ સવાલનો જવાબ જુલિયને ઘણીજ ઉલટથી આપ્યો, "એમજ સમજો મારા પ્યારા સીગીન્સ, કે લેડી ઓલ્ડકેસલની પોતાનીજ મરજીથી મેં તમોને મારી અરજ સંભળાવવા અહિં બોલાવ્યાછ. પણ મી૦ સીગીન્સ, હું આશા રાખુંછ કે મારા આ પ્રમાણે ભડભડ બોલવા બાબે લેડી ઓલ્ડકેસલને જણાવશો નહિ."

"બેશક, બેશક! તમારી મુશ્કેલી રાસ્ત વ દરૂસ્ત છે. હું તે બરાબર સમ-જુંછ. લેડી ઓલ્ડકેસલનો દરજ્જો, તેમનું માન, તેમની લાયકાત હું સમજી શકુંછ, અને તેથીજ હમણાં તો શું પણ ભવિષ્યમાં પણ હું લેડી ઓલ્ડકેસલ આગળ ચુપ-કીદીજ પકડી રાખીશ. મારા લોર્ડ, લેડી ઓલ્ડકેસલનાં માન અને દરજ્જામાં જે કાંઈ વધારો થશે તે મારાંજ માન અને દરજ્જામાં વધારો થયલો કહેવાશે. કેમ ખરૂં કેની મારા પ્યારા લોર્ડ?"

"બરાબર! બરાબર! મારા પ્યારા મી૦ સીગીન્સ."

સીગીન્સ સાથની આ પ્રમાણેની વાતચીતથી જુલિયનને ઘણી હિમ્મત આવી અને તે બોલી ઉઠયો, "ત્યારે સાંભળો મી૦ સીગીન્સ કે મને આજને આજ દશ હજાર પાઉન્ડ જોઇએછ."

સીગીન્સના પગ આગળ તોપનો ગોળો આવી ફાટો હોય તેમ તે ચોંકી બોલ્યો, "દશ હજાર પાઉન્ડ! ત્યારે મારા લોર્ડ, તમો મારી આગળ જે અરજ કરવા માંગતા હતા તે મારા જેવા ભુખરીબારસ પાસે નાણાં ઓકાવવાનીજ અરજ હતી કે?"

જુલિયને ડોકું ધુણાવ્યું. તે સમજી શકયો નહિ કે સીગીન્સનાં ભેજાંમાં આટલા ટુંક વખતમાં આટલો બધો કેમ ફર્ક પડી ગયો હતો.

સીગીન્સે આગળ ચલાવ્યું, "મારા લોર્ડ! દશ હજાર પાઉન્ડ! ઓ મારા ખુદા! અરે સાહેબ, મેં આટલી મોટી રકમ બાપજનમમાં જોઇ નથી તો તમોને ઉછીની તે કયાંથી આપી શકું? મારા લોર્ડ, મારા કરતાં કોઈ વધુ ફરબે શિકારને શોધો. હું બિલકુલ લાઇલાજ છું."

"હું તમારી આ વાતથી બહુજ નાઉમેદ થઈ ગયોછ!" જુલિયન પોતાનાં માન મરતબાનો ખ્યાલ કીધા વિના પોકારી ઉઠયો.

"ને મારા લોર્ડ હું પોતેબી કાંઈ થોડો નાઉમેદ થયો નથી! મેં તો તમારી અરજનાં પેટાંમાં કાંઈ જુદુંજ ધાર્યું હતું. સાહેબ, તમારા તો પૈસાજ ગયા, પણ મારો તો આખા ભવનો નાશ થયો," સીગીન્સે કપાળ ઉપર પોતાનો હાથ થોકી જવાબ દીધો.

સીગીન્સના આ અજબ ચેનચાળાની કશી સમજ નહિ પડવાથી જુલિયનને એટલો બધો તો ગુસ્સો ચહડયો હતો કે તેનું ચાલતે તો ત્યાંજ સીગીન્સની ડોકી મરડી મેલતે. પોતાના વડા ભાઇને કપાળે ડામ દેવા માટે દશ હજાર પાઉન્ડની રકમની તેને મોટી જરૂર હતી. તેણે સીગીન્સ ઉપર મોટી ઉમેદ બાંધી હતી, પણ ત્યાંથીબી તેને નિષ્ફળતા મળવાથી તે બહુજ મુંજવાઇ ગયો હતો. તેની આ મુંજવણથી સીગીન્સને બહુજ લાલચ થઈ કે તે પોતાની ઉમેદનો દરવાજો ખોલી નાખે અને બાપોકાર જાહેર કરી દે કે દશ હજાર પાઉન્ડની રકમ તે ત્યારેજ આપવા તૈયાર થાય કે જ્યારે લોર્ડ ઓલ્દકેસલ પોતાની માતાને તેની પરણેતર બનાવે; પણ જુલિયનનો ગુસ્સો તેની આવી ઉસ્કેરાયલી હાલતમાં વધુ ઉસ્કેરવો એ જાણી જોઈ મોતને તેડું કરવા સમાન હતું. આથી તેણે પોતાની ઉમેદને હાલ તરત તો પોતાનાં જીગરમાંજ ડાટી દીધી. તેણે તેને ત્યાંજ ઉછેરી મોટી કરવાનો ઠરાવ કરી પોતાનાં મનમાં દિલાસો માની લીધો.

જુલિયને જોયું કે સીગીન્સ સાથે વધુ ભટાઈ કરવામાં હવે કાંઈ સાર હતો નહિ. તે પોતાની જગોએથી ઉઠયો, એવી મતલબથી કે સીગીન્સ પણ પોતાનું કામ પુરૂં થયલું જાણી ત્યાંથી ઉઠાંગરી કરે. જેમ જુલિયન સીગીન્સ પાસેથી નાણાં નહિ મલવાથી નાઉમેદ થઈ ગયો હતો તેમ સીગીન્સ પણ લેડી ઓલ્દકેસલને પોતાની ઓરત બનાવવાના હવાઈ ખ્યાલથી નાસિપાસ થઈ ગયો હતો, તોપણ તેણે પક્કો ઠરાવ કીધો હતો કે બંને વચ્ચેના દોલત, દરજ્જા અને ઉમરના દેખીતા તફાવત છતાં પરણવું તો બસ લેડી ઓલ્દકેસલ સાથેજ, નહિ તો જન્મ સુધી કુંવારી જીંદગીજ ગુજારવી. આવી રીતે સીગીન્સ પોતાને પક્કો, ઠાવકો અને શ્યાનો સમજવા છતાં, લેડી ઓલ્દકેસલના પ્યારમાં દીવાનો બન્યો હતો, તેણીનો પરવાનો બન્યો હતો.

છુપો ભેદ.

જુલિયને ઘણુંએ ઇચ્છયું કે અળખામણો થઇ પડેલો પરોણો સીગીન્સ ત્યાંથી પોતાનું કાળું કરી જાય, પણ નહિ. જુલિયનની સરજત જુદીજ હતી. સીગીન્સ પોતાને ખેરવવાની વેતરણ જાણવા છતાં તે બાપડો ત્યાંથી ખસ્યોજ નહિ. તે જાણે પોતાની જગો ઉપર ગુંદરની માફક ચીટકીનેજ બેઠો હતો. તે આજે ખાઇ પીને લેડી ઓલ્ડકેસલને જીતવા માંગતો હતો; પણ તે બેઉંનો ગેપ પોતાની અને તે ઉમરાવ બાનુની વય વચ્ચે હસ્તી ધરાવતો મોટો તફાવત પણ સમજવાને અશકત બન્યો હતો. વળી તે બાનુની મગરૂરી સારી પેઠે સમજતો હોવા છતાં જેમ તેની બેહેનનાં મગજમાં શેહનશાહબાનુ થવાનો પવન ભરાયલો હતો તેમ તે પોતે લેડી ઓલ્ડકેસલનો ખાવિન્દ બનવાની ધુંઇમાં ફસી પડયો હતો.

સીગીન્સ કેટલો બદમાશ હતો તે આપણે જાણી ચુકયા છિએ. જુલિયન નાણાંનો કેટલો બધો ગરજવંત છે તે તેણે એકજ ઝપાટે જોઇ લીધું હતું. વળી તે ઠગારો એટલુંએ જાણી ચુકયો હતો કે જુલિયન કાંઇક ઉંડાં પાણીમાં રમતો હતો, જોકે તે કેટલાં ઉંડાં પાણીમાં રમતો હતો તે તે જાણતો હતો નહિ. આથી જુલિયનને લગતો ભેદ જે પોતાનાં મોહડાંને ચુપકીદીનું સીલ મારી તેણે છુપાવી રાખ્યો હતો તે ભેદનું ઝેર રફતે રફતે સમો જોઇ જુલિયનના કાનમાં રેડવાને તેણે ઠરાવ કીધો. તેણે જોયું કે આજેજ તક સારી હતી, જેથી તેણે પોતાની જગોએ વળગી બેસવામાંજ ડાહપણ જોયું. તેની આવી બેહુદાઇથી જુલિયનને રીસ તો ઘણીએ ચહડી, પણ કરે શું? જમાનાએ તેને ચારે ગમથી ઘેરી લઇ એવો તો લાચાર કરી મેલ્યો હતો કે તે શેર છતાં લોંકડીથીએ બદતર હિચકારો બન્યો હતો. તોપણ કોઇએ રવેશે પેલા અળખામણા પરોણાને અહિંથી ખેરવવો તો જોઇએજ. આથી તેણે ચંગ વગાડયો અને પ્રોસપર સ્પ્રેગ દાખલ થઇ નમીને ઉભો.

"સ્પ્રેગ, મી૦ સીગીન્સને બાહર જવાનો રસ્તો દેખાડ!"

"મારા લોર્ડ, મને રસ્તો દેખાડવાની કશી અગત છેજ નહિ. મરહુમ લોર્ડ ઓલ્ડકેસલના વખતમાં આ મકાનમાં મારૂં આવવું જવું એટલું તો સાધારણ હતું કે હું આ મકાનનાં દરેક ખુણાં ખચોલાંથી ઇન્ચે ઇન્ચ વાકેફગાર છું, અને તેથી તમારા નોકરે કશીએ તસદી લેવાની જરૂર નથી. મારા લોર્ડ, જરા ઠંડા પડો, મને તમારી સાથે કાંઇક ઘણીજ ખાનગી વાત કરવીછ," પક્કો સીગીન્સ 'ઘણીજ' ઉપર ભાર મુકી બોલ્યો.

જુલિયને ઘણીજ આનાકાની સાથે કારભારી સ્પ્રેગને ઇશારત કીધી અને તે તે જગ્યા છોડી ગયો.

"જુવો સાહેબ," બુઢા સ્પ્રેગને તે જગો છોડી ગયલો જોઇ સીગીન્સ ઠાવકું મોહડું કરી બોલ્યો, "મરહુમ લોર્ડ ઓલ્ડકેસલ પોતાની પાછળ નીલ લાયન માટે સીલ કીધેલું જે પેકેટ મેલી ગયા હતા તે પેકેટ, મેં કીધેલી શોધ પ્રમાણે ઓલ્ડકેસલ પાર્કથી બાહર જવા પામ્યુંજ નથી."

લોર્ડ ઓલ્ડકેસલનો ફિક્કો ચેહેરો ગુસ્સાથી લાલચોળ થઇ આવ્યો. તેણે ડોળા કકડાવી પુછયું, "પછી?"

"પછી એજ મારા લોર્ડ કે હું ખાતરીથી માનુંછ કે તે સીલ કીધેલું પેકેટ તમારાંજ મકાનમાં બાળી નાખવામાં આવ્યુંછ."

જેવા આ બોલો સીગીન્સનાં મોહડાંમાંથી નિકળ્યા તેવોજ જુલિયન તેને શકભરેલી રીતે જોઈ બોલ્યો, "કોણે બાળ્યું? કયારે બાળ્યું? અરે અહેમક! તું શું જાણે કે તે પેકેટ ખરેખર બાળીજ નાખવામાં આવ્યુંછ? બોલ, તું એમ બોલી શું કરવા માંગેછ?"

"હું કરવા તો કાંઇજ માંગતો નથી, પણ હું જે કહેવા માગુંછ તે એ કે કોઇ બદમાશે તે પેકેટ રાતને સમયે ચોર્યું હતું અને તેને આ દુનિયાની હસ્તીથી નાબુદ કરવા માટે તેણે તે બાળી નાખ્યું હતું."

જુલિયન ચોંકયો. તે વધુ ફિક્કો બની ગયો, તોપણ તે હિમ્મત રાખી બોલ્યો, "અને હું પુછું કે એમ માનવાનો તમોને સબબ શું મલ્યોછ?"

સીગીન્સે જુલિયનના ધભરાટથી બહુજ અજબ થઇ જે સબબ જણાવ્યો તે એ હતો કે એક દિવસે ઓલ્દકેસલ પાર્કનો એક ચોકસ નોકર તેની પાસે અરધો બળેલો કાગળનો એક ટુકડો લઇ આવ્યો હતો, જેની બારીક તપાસ કરતાં તે વકીલને માલમ પડયું કે તે ટુકડા ઉપરથી તે પેકેટનાં ગુમ થવાને લગતો ભેદ શોધી કાહડવાને તેણે ઠરાવ કીધો હતો પણ તેની મેહનતના પૈસા કોણ તોલે તેના માત્ર ખ્યાલથીજ તેણે પોતાની શોધ પડતી મુકી હતી. આથી તેની બેહેન મીસ લેવીનિયાએ એવો રસ્તો સુઝાડયો કે બળેલો તે ટુકડો અરસુલા આગળ લઈ જવો અને શોધ આગળ ચલાવવાને તેણીને સલાહ આપવી; પણ આ ઠરાવ પણ સીગીન્સે પડતો એટલાંજ માટે મુકયો હતો કે તે ઓરત પાસે વકીલને આપવા ને એક ફુટી બદામબી હતી નહિ. આ તેનો ખુલાસો હતો, પણ જે તેણે વધુ ગંભીર ખુલાસો કીધો તે એ હતો કે એક દિવસે મરહુમ લોર્ડ ઓલ્દકેસલ એકાએક બીમાર પડી ગયા હતા તેવા સમયે તેઓએ પોતાની આગળ વકીલની હાજરીની જરૂર જોઇ, પણ છેક લંડનથી તે વકીલને આવતાં વખત પસાર થઇ જવાની બીહકથી તેઓએ સીગીન્સને બોલાવ્યો હતો. મરનારે પોતાનાં વસિયતનામામાં કાંઇક ચોકસ ફેરફાર કરવાને સુચવ્યું હતું, જે દરમ્યાન તેઓએ તે વીલ એક ચોકસ છુપી જગોએ મુકવાને લગતી વાત તેને (યાને સીગીન્સને) જણાવી હતી.

"વારૂં, પછી?" જુલિયન વધુ અને વધુ ફિક્કો પડી બોલી ઉઠયો. તેણે હવે સીગીન્સને પોતાનો ખરેખરો શત્રુ માની લીધો. આ ઠગારા વકીલ માટે તેને આટલી બધી ખબર હતી નહિ. તે વધુ ધભરાયો તે એટલા માટે કે જે છુપી જગા માટે તે બોલતો હતો તે છુપી જગોએ "પેલી આંધળી આંખ" વાલા ભેદની ચાવી રખેને છુપાવવામાં આવી હોય!

સીગીન્સને કાંઈ ખ્યાલમાં મસ્ત બનેલો જોઇ જુલિયન વધુ જોશથી પોકારી ઉઠયો, "બોલ, પછી? વારૂં સબર, તું મને કેહ કે તે છુપી જગો કયાં છે? બોલ, જલદી બોલ."

"મારા લોર્ડ, તે હું પક્કેપણે જણાવી શકતો નથી. મરહુમ લોર્ડ ઓલ્દકેસલે તે છુપી જગાનું બ્યાન એટલું તો ભાગું તુટું આપ્યું હતું કે આજે હું તે યાદ કરી શકતો નથી. મરનારે બીજે દિવસે તે છુપી જગાનું બ્યાન કહી સંભળાવવા મને જણાવ્યું હતું. તે છુપી જગોને લગતાં તેમનાં ભાગાં તુટાં વર્ણન ઉપરથી મેં મારી મુર્ખાઇથી તે વેળાએ તે જગો જાણી જવાની મગરૂરિ લીધી હતી, પણ મારા લોર્ડ, આજે તે જગો મારાં મગ્જમાંથી સદંતર ખીસી ગઇછ."

"પણ તું શું એમ ધારેછ કે તે છુપી જગો કોઇબી દિવસે તને યાદ આવી શકશે?" જુલિયને વધતી જતી ઇન્તેજારી વચ્ચે ઉપલો સવાલ કીધો.

"હા, મારા લોર્ડ, વખતના વેહવા સાથે મારાં ધ્યાનમાંથી તે ખસી ગયલી છુપી જગો હું રફતે રફતે યાદ કરી શકશ."

"વારૂ, જે મારો નોકર તારી આગળ પેલાં કાગલનો બળેલો ટુકડો લઈ આવ્યો હતો તેનું નામ તો તને યાદ હશે, યા તું તેની ઓળખ આપી શકશે?" જુલિયને ઘણીજ આતુરતાથી પુછયું.

"બંને ચીજ બની શકશે, મારા લોર્ડ, પણ મારા ધંધાને અનુસરી હું તેમ કરી શકતો નથી, માટે દલગીર છું. એમ તો લેઓની રોજર દીપીંગનાં ખુનવાલી જગોએ અને ખુનવાલી રાતે આ મારી બંને આંખોએ જરાબી ભુલવા વિના તમોને આબાદ જોયા હતા; પણ તે તો મેં કોઇની આગળ કહ્યું નહિ?"

આ વેળાએ જુલિયનના પગ આગળ એક મોટી સુરંગ ફુટી હતે અને તેથી તે જેટલો ઘભરાતે નહિ તે કરતાં વધુ સીગીન્સના ઉપલા એકરારથી તે ચોંકયો, તે ઘભરાયો. તેનાં આખાં બદનને જાણે ઝેરી સર્પે ડંખ્યું હોય તેમ તે ચોંકીને પોતાની બેઠક આગળ ઉઠી ઉભો, અને પોતાની સામે ઠાવકેપણે નિરાંતથી બેઠેલા સીગીન્સને કૂટિલા ડોળે અસ્વસ્થ અને અસાવધ સ્થિતિમાં જોવા લાગ્યો; પણ પોતાની આવી હાલત ઉપર તેણે પોતેજ અફસોસ કરી આવો હિચકારો દેખાવ કરવા માટે પોતાનેજ ઠપકો આપ્યો અને કાલનો દુકાળ આજે નહિ પડે તે માટે તે તાણી તોડી હસી પડી બોલ્યો, "મારા વાહલા સીગીન્સ, તું પોતાને પક્કો અને ઠાવકો વકીલ ગણાવવા છતાં તેં જબરી ઠાપ ખાધીછ. તું ખચીત ભુલ્યો. હું ત્યાં હતોજ નહિ. હું તે દિવસે યા તે રાતે તે જંગળમાં ગયોજ નહિ હતો."

"નહિ!" સીગીન્સ અજબ થઈ બોલ્યો, "મારા લોર્ડ, મારી આ આંખોએ કદી પણ ભુલ કીધી નથી. અગરજો તમો પોતે નહિ હોવ તો તમારો સગો અને તેબી તમારાજ ચેહેરાનો અને તમારાજ જેવી ઢબછબનો તમારો ભાઈ હોવો જોઇએ અને તેમ તો કાંઈ બનેજ નહિ, કેમકે તમારો તે ભાઇ તો વર્ષો થયાં કબ્રવાસ થયોછ!"

બંને વચ્ચેની વાત અહિંજ અટકી, કેમકે ગાડી દરવાજા આગળ ઉભી રહેવાની ખબર આપવા સ્પ્રેગ દાખલ થયો. હવે સીગીન્સને ઉઠવા વિના ચાલ્યુંજ નહિ. તેનું કામ પુરૂં થયું હતું. તે ઉઠયો. જુલિયને શેકહેન્ડ કરતાં વધાઈ આપી કે "તમો તથા મીસ લેવીનિયા સાથે અવારનવાર ખાણું લેવાને લેડી ઓલ્ડકેસલ તથા હું ખુશી થઇશું."

સીગીન્સે આથી પોતાની મરણ પામેલી ઉમેદને એકવાર ફરીથી સજીવન થયલી જોઈ લીધી. તે દેડકાની માફક ફુલી આ ખુશ વધાઈ પોતાની બેહેનને જણાવવા દોડયો.

"કિસમત વધુ અને વધુ રૂઠતુંજ જાયછ," સીગીન્સના જવા પછી જુલિયન એકલો પડી પોતાના હાથ સાથે હાથ અફાળી બોલ્યો, "રે ખુદા! હવે તો આ જીંદગી કરડવા આવેછ! આ જવાની જીવતાં જાહનમ સરખી બીહામણી લાગેછ! કયાં જાઉ? કોણની આગળ મદદ માટે હાથ ઓળું? મારા દુશમનોને કેમ રોળું, ચોળું? મારી મુશ્કેલીનો ભેદ કોણ આગળ ખોલું? હું તો મનમાંજ મગન થતો હતો કે ગંગાદાસ સિવાય મને ખુનવાલી રાતે અને ખુનવાલી જગોએ કોઇએ

જોયોજ નથી. બસ, હવે મારે હુશિઆરીમાં રહેવુંજ જોઇએ, નહિ તો પૈસાનો લોભી આ વકીલ મને જરૂર ફસાવી મારશે. એની સાથે ભેળાવામાંજ અને એને ઠંડો મિંઠો રાખવામાંજ મારી હોરમત અને મારા જાનની સલામતી છે. પરવર, તારી પનાહ!"

કાળું કરતુક.

આજે તે દિવસ હતો કે જે દિવસની રાતે જ્યુલિયને પોતાના વડા ભાઇ રોદ્રીકને કબુલાત મુજબ દશ હજાર પાઉન્ડ તોલવાના હતા. વાયદો આજે રાતે આંઠ વાગે પાકવાનો હતો. નાના ભાઇએ ધારણ કીધેલા ખેતાબના બદલામાં ઉપલી રકમ એક ચોકસ હોટેલમાં મોટા ભાઇને પોતાને હાથો હાથ આપવાની હતી. ગમે તેવા છુપા પોશાકમાં પણ હવે ઓલ્ડકેસલ પાર્કની મુલાકાત લેવામાં રોદ્રીકને માટે મોટો જોખમ સમાયલો હતો; કેમકે રોદ્રીકના ભેદનો પરપોટો પોલીસની નજરમાં આજે એકાએક ફુટી ગયો હતો. તે ઘોરમાં ડટાયલો નથી, પણ તે જીવતો છે અને તેબી ઓલ્ડકેસલમાં છચોક ફરતો ફરે છે એમ પોલીસને માની લેવાને અત્યાર આગમચના અનેક સબબો મલ્યા હતા. પોલીસ તરફથી રોદ્રીકને પકડી આપનારને મોટી રકમનાં ઇનામો આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું, અને તે માટેનાં જાહેરનામાંઓ ઓલ્ડકેસલની ભીંતે ભીંતે આજે ચોંટી ચુકયાં હતાં. રોદ્રીક જીવતો હોવાની ખબર આખાં ઓલ્ડકેસલ અને તેની આસપાસ ફેલાઇ રહી હતી. લોકોની અજાયબિનો પાર રહ્યો નહિ. તેઓમાંનો મોટો ભાગ પોલીસનાં આ કામ તરફ હસી મશકરીથી જોતો રહ્યો હતો કેમકે તે વર્ગ સારી પેઠે જાણતો હતો કે મરનાર રોદ્રીકની લાસ, ખરેખર, ઓલ્ડકેસલ ખાતેની ઘોરમાં દફન કરવામાં આવી હતી, જેથી તે જીવતો હોઇ શકેજ કેમ? તેઓ મોટા ભરોસાથી માનતા હતા કે તેના યા તેનાં કુટુંબના કોઈ દુશમન યા દુશમનોએ તેની હસ્તીની ખોટી ખબર પોલીસને પુગાડેલી હોવી જોઇએ, જેથી પોલીસ ખોટે રસ્તે દોરાવા પામી હતી; પણ બીજી તરફથી જે બીચારાં ભોલાંઓ રોદ્રીકના આગલા કાવાદાવાના ભોગ થઇ પડી તેની બુરી કરણીથી હેરાન અને પરેશાન થઈ પડયાં હતાં તેઓ પોલીસનાં ઉપલાં અનુમાનને ખરૂં માનતાં હતાં, કેમકે રોદ્રીકે એવી તો સિફતથી તેમનું સર્વસ્વ લુટી લીધું હતું કે તે બદમાશ લુટારો ઘોરમાં દટાયલો વટીક અગર જીવતો બાહર નિકળવા પામે તો તેમાં તેઓ કશું અજાયબી સરખું સમજે નહિ.

પોલીસ અને રોદ્રીક વચ્ચેના નાસાગોસાની વાત જયારે ઉડતી ઉડતી લેડી ઓલ્ડકેસલના કાને આવી ત્યારે તે તુમાખી બાનુની મગરૂરી ઉપર એક સજડ ફટકો આવી પડયો. તેણીનો મોટો અફસોસ તો એ હતો કે વર્ષોથી દટાવા પામેલી અણગમતી બાબદ પોલીસે નાહકની પાછી તાજી કીધી હતી. તે માતાબી પોતાના વડા બેટાને ઓલ્ડકેસલની ઘોરમાં શાન્ત નિદ્રાને સદાનો વશ થયલોજ માનતી હતી. જ્યુલિયનની દલગીરી તેની માતા કરતાં કોઇબી રવેસે ઓછી નહિ હતી. તેણે અપાર દુઃખોની અસહ્ય વેદના વચ્ચે જોઇ લીધું કે પોલીસ તરફનાં જાહેરનામાંથી રોદ્રીકની જીંદગી અને તેની પોતાની હોરમત જોખમમાં આવી પડી હતી. નામોશી,

લાચારી અને નાસિપાસી તેનેથી દુર નહિ હતી; જે બળાથી તે પોતે ઘણોજ બીહતો ધ્રુજતો રહ્યો હતો તેજ બળા તેની સામે ડોળા ધ્રુરકતી ઉભી હતી. તે તો ગોયા તેને પગેજ વળગેલી હતી. હજી પણ તેણે એદેલીનની દોલત અને મોહબત જીતવાની પોતાની ઉમેદને રૂખસદ આપી નહિ હતી. બંદીખાનામાં પડેલા સ્લીમ જીમના કાવાદાવા ઉપર તેને મોટો ભરોસો હતો. તેણે અત્યાર આગમચ જોઇ લીધું હતું કે સ્લીમ જીમ પોતાની ફરજમાં સુસ્ત બન્યો હતો નહિ. તે તો યંત્રની પેઠે ગતિમાંજ હતો. તેણે નીલ લાયનની જીંદગી લેવાના પ્રપંચો રચ્યા હતા, પણ પોતાનાંજ (જુલિયનનાં) બદ કિસમતને લીધે તેને માટે બિછાવેલી અનેક જાળમાંથી તે છટકવા પામ્યો હતો. તેણે પોતાનાં મન સાથે ગાંઠ વાળી રાખ્યો હતો કે જયાંસુધી લાયન બંદીખાનામાં જીવતો છે ત્યાંસુધી તે તેની અને એદેલીન વચ્ચેની મોહબતમાં આડેજ આવવાનો, પણ તે મુવો તો એદેલીન કાંઇ ફરેસ્તો નથી કે લાયનને મુવેલો જાણવા છતાં પણ પોતાનો આખો ભવ કુંવારોજ પસાર કરે. આથી એદેલીનને જીતવાના બધાજ રસ્તા બંધ થઈ ગયલા તેણે જોયા નહિ. હજી પણ તેણીનો પ્યાર જીતવાની તેની ઉમેદ જેવી અને તેવી જીવતીજ હતી, પણ તેનો મોટો અફસોસ એ હતો કે આ શુભ બનાવ બનવા પામે તે આગમચ રોદ્રીકનું ભોપાલું ઉઘાડું પડવા પામે તો તેની તે ઉમેદ ઉપર છેવટનો કાળો પરદો તુટી પડે. તે માનતો હતો કે અગરજો તે એદેલીનને જીતવા શકતીવાન થાય તો લોર્ડ ઓલ્દકેસલ તરીકેજ; કેમકે તે અહેમક એમજ માનતો હતો કે દુનિયા ભરની તમામ ઓરત જાત પોતાની મોહબત દોલત અને દરજાનેજ વેચવા સદા તૈયાર થાય છે. પણ તેને શી ખબર કે સતી સ્ત્રીનો ધર્મ ઘણોજ કઠણ અને વિકટ હોય છે. પતિ સુંદર હોય યા કદરૂપો, રંક હોય યા રાજા પણ સતી સ્ત્રીઓ ગમે તેવો તોપણ પોતાનો પતિજ પ્યારો ગણે છે. કવિઓ કહી ગયા છે તે શું ખોટું છે કે જેમ હંસ પક્ષિઓ માન સરોવરનીજ ઇચ્છા કરે છે, સારંગ (મોર) મેઘગર્જનાનીજ તલબ કરે છે અને પરવાનો ચેરાગ ઉપરજ ભમી પોતાનો જાન ખોહે છે તેમ એક પતિભકત પત્નિ પોતાના ગમે તેવા પતિની સેવામાંજ પોતાની જીંદગીનું સાર્થક સમજે છે. તેવોજ હાલ એદેલીનનો હતો, છતાં છતી આંખ્યોએ અપંગ બનેલો જુલિયન તે જોઇ શકતો નહિ હતો. બીજી સ્ત્રીઓ તો તિર્થ, દાન અને તપ કરી પવિત્ર બને છે, પણ એદેલીન તો ધારેલા પતિ તરફના ભકિતભાવથી પવિત્ર બની ચુકી છે, એક ફરેસ્તાની ઉપમા પામી ચુકી છે.

આપણે પાછા જુલિયન તરફ ફરૈં. તે પોતાના ખાનગી ઓરડામાં વખત પસાર થવાની રાહ જોતો બેઠો હતો. તે હમણાં સુધી પોતાના ખ્યાલોમાં મસ્ત બનેલો હતો, પણ પોતાની ભરાઇ રહેલી છાતી ખુલ્લી કરવાના સબબથી તે પોકારી ઉઠયો, "રોદ્રીક તો ગુનેહગાર છેજ. તેણે પોતાનાં ચાલતાં ચલણમાં પોતાની ઉપર વિશ્વાસ મેલનારાંઓને ગળે છળકપટની છુરી ચલાવી તે બીચારાંઓને રોટીના એક ટુકડા વિનાનાં બનાવ્યાંછ, તેમાં તો કશો શક નથી. તેનાં આ પાપની સજા એ ખુદા બરહક છે, પણ મારી ઉપરની તારી કરડી નજર નાહક છે. અરે! વડા ભાઇનાં પાપનો બોજ મારે શા માટે ઉઠાવવો જોઇએ?

"પણ હું પોતે શું થોડો ગુનેહગાર છું?" આ સવાલ તેણે મોટા કમકમાટ વચ્ચે પોતાનાં મનને પુછયો; પણ તેનો જવાબ આપવાને બદલે તે ખ્યાલોમાં ફરીથી મસ્ત બન્યો, અને તેજ પળે તેનાં ઘડિયાળમાં સાતનો થોકો થોકાયો.

હવેજ તેને ભાન આવ્યું કે આજે રાતે આઠ વાગે તેને તેના વડા ભાઇને રોધરતન નજીક આવેલાં 'શ્રી હેરીંગ્સ' નામનાં હોટેલમાં મળવા જવાનું હતું. ખરેખર, દશ હજાર પાઉન્ડ મેળવતાં આજે તેનાં લોહીનું પાણી થયું હતું; કેમકે અનેક જેહમત અને મુશકેલી પછી તે રકમ તે મેળવવા પામ્યો હતો. સીગીન્સ તરફથી નાઉમેદ થવા પછી તે એદેલીનના ત્રસ્ટીઓ આગળ એક વાર ફરીથી પોતાનું કિસમત અજમાવવાના ઠરાવથી ગયો. મામલો એટલે સુધી રસ ઉપર ચહડયો કે જ્યાં સુધી ટાવરસોલ્ટ નામે ઓળખાતો જમીનનો રાક્ષસી ટુકડો તેણે ગીરવી મેળવાની મરજી બતાવી નહિ ત્યાં સુધી ત્રસ્ટીઓએ જુલિયનને નાણાં ધીરવાની હા પાડી નહિ. ટાવરસોલ્ટવાલો ભાગ તે તેજ ભાગ હતો કે જેને કોલસાની ખાણો માટે ખોદવા મરહુમ લોર્ડ ઓલ્ડકેસલે પોતાનાં વસિયતનામામાં મનાઇ કીધી હતી; પણ જુલિયને પોતાના મરનાર પેદરના હુકમથી ઉલટો ચાલી તે ભાગને કોલસાની ખાણમાં ફેરવી નાખ્યો હતો. આથી જુલિયનની આવકમાં મોટો વધારો થયો હતો. આવા મોટી આવકવાલા ભાગનેજ નિશાળે બેસાડવાની ફરજ પડવાથી તે થોડો દલગીર થયો નહિ, પણ તે આવી રીતે પોતાના નામચીન ભાઇનું મોહડું પુરવા પામ્યો હતો એબી એક સંતોષનીજ બીના હતી.

બરાબર આઠ વાગે જુલિયન હોટેલના દરવાજા આગળ આવી ઉભો. તેણે પોતાની આસપાસ જોયું તો અંધકાર સિવાય બીજું કશુંબી તેની નજરે પડયું નહિ. તે હોટેલ, ખરૂં બોલ્યે તો તે નાનું ભઠિયારખાનું, એવા તો ઉજડ રસ્તા ઉપર આવેલું હતું કે તેનો જાન પણ કબ્જ કરવામાં આવે તો કોઇનાં રૂવાંને વટીક ખબર પડે નહિ. તે જેમ તેમ ટંટોળતો, ઠોકરાતો, પડતો ખડતો હોટેલમાં દાખલ થયો. તેણે એક કંગાળ ઓરડામાં રોદ્રીકને ત્રણ શખ્સો સાથે 'શરાબની જામ' ઉઠાવતો જોયો. રોદ્રીક જુલિયનને દાખલ થતો જોઇ ઉઠી ઉભો અને જાણે પોતાના મા જણ્યા ભાઇને જોવાથી તેને કેટલુંક વાહલ છુટયું હોય તેમ મોહબતથી તેને વળગી પડયો અને પોતાની પાસે ખાસ રાખવામાં આવેલી એક ખુરસી ઉપર તેને બેસાડયો. તરતજ રોદ્રીકના ત્રણ દોસ્તો તે ઓરડો છોડી ગયા અને બંને ભાઇઓ તે કંગાળ ખોલીમાં એકલા પડયા.

"ભલે પધાર્યો, મારા સરદાર, મારાં સરનાં તાજ!" રોદ્રીક પોતાના નાના ભાઇને પોતાની સામે બેઠેલો જોઇ હસી બોલ્યો, "મારા લોર્ડ, હું જોઇને ખુશી છેઉં કે તું અહિં તારી કબુલાત મુજબ આયો ખરો! પણ તું મને એમ હાંફલો ફાંફલો બની ટીકયા શું કરેછ?"

જુલિયનના ચેહેરા ઉપર નાખુશી આબાદ જણાતી રોદ્રીકે જોઇ. તે દેખઇતા કચવાટથી બોલ્યો, "આ તારા કેવા બુરા હાલ! આ તારો કેવો ચીથડેહાલ અવતાર! અને આવા પોશાકવાલા સાથે—"

રોદ્રીક એકદમ મોટેથી હસી પડી પોતાના ભાઇને આગળ બોલતાં અટકાવી બોલ્યો, "મારા નેક નામદાર બેરાદર, હું તારી મુશકેલી સમજુંછ! પણ આ મકાન મારા ને તારા જેવા હડહડતા બદમાશો માટે સલામત છે. તારે જરાબી આ મકાનમાં મારી સલામતી યા તારી હોરમતની ધાસ્તી રાખવી નહિ; કેમકે કંગાલ બદમાશો જેઓનો બાપદાદેનો ધંધો નિર્દોષોનાં ગળાં ઉપર છુરી ફેરવવાનો હોય છે તેઓજ પોલીસને ઠગવા ફાટા તુટા યા અમીરી લેબાસમાં આ મકાનનો આશ્રો લેયછ, અને અહિંજ તેઓ પોતાનાં પાપી કરતુકો અને શેતાનને ઝુલાવે

એવાં કાળાં કામોની અધુરી વણેલી જાળ પુરી કરી પોતાના કમબખ્ત શિકારની શોધમાં નિકળેછ. અહિં પોલીસ મુદલ ફડકતી નથી, કેમકે આ હોટેલનો માલેક દર માસે પોલીસના વડાનાં કપાળે મોટી રકમનો ડામ દેછ ! અને તેના બદલામાં તે આપણા જેવા સાહુકારો તરફથી મોટું દામ લેયછ. માટે લોર્ડ ઓલ્દકેસલ તરીકે યા એક ખુની તરીકે તું અહિં સલામત છે, મારા બેરાદર !"

જુલિયન ગમે તેટલો પાપી હતો, પણ પોતાના વડા ભાઈ રોદ્રીકના જેવો પ્રપંચી બદમાશ નહિ હતો. પોતાના ભાઇનાં કાળાં બ્યાનથી તે ખરેખર માથાંથી તે પગ સુધી ધ્રુજયો. તેણે આટલી બધી હદ સુધી પોતાના ભાઇને રદ બાતલ થયલો માની લીધો હતો નહિ. તે પાપી ધામની ગલીચ હવાથી તેનો જાન ગુંગળાઈ જતો તેને માલમ પડયો; તેનું મગ્જ ચકભમ થવા લાગ્યું. ગોયા તેનાં મગ્જે પોતાની શક્તિજ ગુમાવી દીધી હતી. તે મહા મેહનતે એટલોજ ખ્યાલ કરી શકયો કે તેના ભાઇને નોટોનું બંદલ સપુરદ કરી જેમ બને તેમ જલદી આ ગલીચ મકાન તજી જવું. આથી જાહેરનામાને લગતી વાત વટીક છેડવાનું તેનું મન થયું નહિ.

"રોદ્રીક, હું મારી કબુલાત અદા કરવા આવ્યોછ," જુલિયન ત્યાંથી જેમ બને તેમ જલદીથી નાહસી જવાની નેમથી બોલ્યો.

"હું ધારૂંછ કે તે નાણાં પુરેપુરાં હશે. એક પાઈ પણ ઓછી હશે નહિ," રોદ્રીકે જાણવા માગ્યું.

"તેમજ છે, જો કે આ રકમ મેળવવાની જેહમત ઉઠાવવા કરતાં મોતને મેં વધારે પસંદ કીધું હતે," જુલિયન તોબડા જેવું મોહડું કરી બોલ્યો.

"પણ આટલી બધી જેહમત ઉઠાવવા તને કહેછ કોણ? લોર્ડ ઓલ્દકેસલનો ખેતાબ અને તેને લગતી તમામ મિલકત ઉપરથી તું ત્યારે કાંય નથી હાથ ઉઠાવતો? મારા પ્યારા ભાઇ, તું પોતાને લોર્ડ ઓલ્દકેસલ તરીકે ઓળખાવવાની અને મરહુમ લોર્ડ ઓલ્દકેસલની તમામ દોલત અને મિલકત પચાવી જવાની જેહેમતનો બોજો શા માટે તારાં સર ઉપર તું લઈ ફરેછ? વારૂ, મને કેહ તો ખરો કે આજે કોણને રડાવી આયોછ? આજે કોણની કમબખતી લાગી કે તું સાહુકારના હાથ ઉપર તે બીચારો ઉભો અને ઉભો ચીરાઈ ગયો? પેલાં દોલતમંદ બુલબુલ એદેલીનને તો તું આજે ફસાવી નહિ આવ્યો હોય?"

જુલિયને પોતાનાં જીગરનાં ઉંડાણથી એક નિસાસો નાખી જવાબ દીધો, "ખુદા ખાતર, મને એ સવાલ ના પુછ! લે, આ તારી રકમ. તને નાણાં સાથે કામ છે, તે મેં કેમ મેળવ્યાંછ ને કયાંથી મેળવ્યાંછ તેની સાથે તને જરાબી લાગતું વળગતું નથી." આટલું બોલી જુલિયને નોટ, સોનાના સિક્કા વગેરેની દશ હજાર પાઉન્ડની રકમ ગણી આપી રોદ્રીકને હવાલે કીધી. રોદ્રીકે ઘણીજ સંભાળથી પોતાનાં ફાટાં તુટાં વસ્ત્રોનાં ખીસાંમાં તે અવેજ છુપાવી દીધો. જુલિયન પોતાનું કામ પુરૂં થયલું સમજી તે મકાન છોડી જવા તેયાર થયો; પણ તેના વડીલ ભાઇએ તેને અટકાવી કહ્યું, "કદી નહિ, મારા પ્યારા ભાઈ, તું એમ અહિંથી જતો રહે તો મારાં મનની ઉમેદ મનમાંજ રહી જાય, મારી આશા ધુળમાંજ મળી જાય, માટે જરા થોભ, મેં તારે લાયકનું ખાણું તૈયાર કરાવ્યુંછ તે બુકો બાચક મોહડે નાખીનેજ સિધાર, મારા જીગર જાન ભાઈ!"

મોટા ભાઇની જીદ આગળ નાના ભાઇનું કશું ચાલ્યું નહિ. તેને પોતાની મરજી ઉપરાંત વધુ વાર થોભવાની ફરજ પડી. તરતજ ખાણું મંગાવવામાં આવ્યું

અને તે પીરસવામાં પણ આવ્યું. સાથે અનેક જાતના લાલમલાલ શરાબની બાટલીઓ પણ તૈયાર રાખવામાં આવી હતી. ખાણું જેમ ઉમદા હતું તેમ દારૂખી તેવોજ ફરમાસુ હતો, જેનો લાભ જુલિયને રોડ્રીકના ઘણાજ કાલાવાલાથી શરૂઆતમાં તો મોટી આનાકાની સાથે લીધો હતો; પણ દારૂની અનેક સલામતીઓ લેવાયા બાદ જુલિયન ધરાયો ધરાયો નહિ, તે એટલી બધી હદ સુધી કે તે ઉમરાવ વધુ શરાબ જેરવી નહિ શકવાથી બેભાન હાલતમાં ખુરસી ઉપરથી જમીન ઉપર તુટી પડયો. જુલિયનના પડવાના અવાજ સાથેજ ત્રણ શખ્સો દાખલ થયા, અને આગળથી ગોઠવી રાખવામાં આવેલાં ચોકઠાં મુજબ તેઓએ બોલ બોલતાંમાં લોર્ડ ઓલ્ડકેસલનાં તમામ કપડાં કાહડી નાખ્યાં. રોડ્રીકને પણ પોતાનાં કપડાં કાહડતાં વિલંબ લાગ્યો નહિ. તેણે જુલિયનનાં કપડાં ઝપાટામાં પેહરી લીધાં અને રોડ્રીકે પેહરેલાં જે ફાટાં તુટાં કપડાંથી જુલિયન સુગાયો હતો તેજ કપડાં તેને પેહરાવવામાં આવ્યાં, પણ તેમ કરવા આગમચ જુલિયને આપેલી જે નોટો રોડ્રીકે પોતાના તુટા લેબાસમાં છુપાવી હતી તે તેમાંથી કાહડી લેવાની અજબ ચપલાઇ તેણે વાપરી હતી. આ પ્રમાણે ત્યારે બેભાન જુલિયન રોડ્રીકના લેબાસમાં અને રોડ્રીક લોર્ડ ઓલ્ડકેસલના લેબાસમાં સજ થઈ તૈયાર થયા. લોર્ડ ઓલ્ડકેસલને પોતાનાં ફાટાં તુટાં વસ્ત્રોમાં જમીન ઉપર લાચાર સ્થિતિમાં પડેલો જોઇ રોડ્રીક હસી પડી બોલ્યો, "મારા મા જણ્યા ભાઇ, તારી આ હાલત માટે ખરાં જીગરથી દલગીર છું, પણ લાચાર છું, કેમકે લોર્ડ ઓલ્ડકેસલ તરીકેજ હું હવે સલામત ફરી શકશ. મારા ખોટા બાલ, મુછ તથા ડેબિયાને સદાની રૂખસદ આપવાથી મને કોણ રોડ્રીક અથવા મિથ્થુ બારલોક તરીકે પિછાની શકશે? કોણ કહી શકશે કે હું પોતે લોર્ડ ઓલ્ડકેસલ નથી? આહા! મારીજ ફતેહ છે! મારીજ જય છે! એદેલીન, તું આ બુબખને તારેથી દુર રાખી શકીછની, પણ હુંબી જોઉંછ કે તું કેટલી સતવંતી છે, લાયનની કેટલી હેતવંતી છે? પેલા ચંડાળ લાયન ઉપરથી તારી મોહબતને દુર નહિ કરે તો કાવાદાવાથી ભરેલી આ જીંદગી ઉપર ધુળ પડી!"

તે વધુ બોલી શકયો નહિ; કેમકે એક શખ્સે આવી જણાવ્યું કે ગાડી તૈયાર હતી. તરતજ પેલા ત્રણ શખ્સોએ સેહલાઈથી ભાનભુલા જુલિયનને ઉચકયો અને તેને બાહર ઉભેલી બે ઘોડાની ગાડીમાં કુતરાંની માફક ફેંકયો. રોડ્રીક તરફથી ઇશારત થતાંજ હાંકનારે તે ગાડીના બંને ઘોડાઓને ચારે પગે છોડી મુકયા.

ખરેજ, જુલિયન માટે આજની રાત કાળાં કરતુકની હતી. તેના જેવો બદમાશ એક બીજા હડહડતા બદમાશના હાથ ઉપર થાપ ખાઈ ગયો હતો.

સપુત દીકરાની મુલાકાત.

ગયાં પ્રકરણમાં વર્ણવેલી કાળાં કરતુકવાળી રાતે જુલિયન ઓલ્ડકેસલ પાર્કમાં પાછો નહિ ફરવાથી લેડી ઓલ્ડકેસલના ગભરાટનો પાર રહ્યો નહિ. કોઇ દિવસે નહિ અને આજેજ રાતે તે કયાં ગુમ થયો હશે? રાત ઘણી વહી જવાથી અને પોતાની માતાને જરા પણ ચેતાવ્યા વિના જુલિયન આજે રાતે ગેરહાજર રહેવાથી

તે માતાની બેચેનીમાં મોટો વધારો થયો, છતાં પોતાનો ધબરાટ છુપાવવાને તે બાનુએ પોતાનાં મનને ઘણું માર્યું હતું; કેમકે તે સારી પેઠે જાણતી હતી કે એદેલીનની જુદાઈ ઉપ્રાંત જુલિયનને એક એવો બીજો ગમ હતો કે જે ગમ તે દેખીતી રીતે પોતાની માવતરથી છુપાવતો હતો. વળી તે માતા જોતી રહી હતી કે મરહુમ લોર્ડ ઓલ્દકેસલ પોતાની પાછળ સારી આવકનાં અનેક સાંધનો મેલી જવા છતાં કેટલોક વખત થયો જુલિયનની આવકમાં મોટો ઘટાડો અને દોલતમાં મોટો ખાડો પડતો ચાલ્યો હતો. શું જુલિયન પોતાના બાપની દોલતનો કાંઇ ખોટો ઉપયોગ કરતો હતો? શું તે ખોટે માર્ગે વાપરતો હતો? તેણીએ અનેક વાર આવકને લગતો ખુલાસો પોતાના બેટાને પુછયો હતો, પણ તેનો જવાબ તે ઉડાવ્યા કરતો હોવાથી તેમજ તે વિષે તેણીને કશો મનમાનતો ખુલાસો મલતો નહિ હોવાથી તેણીએ તે બાબદ ફરી ફરી પુછવામાં સાર જોયો નહિ. તેણીને મોટી ફિકર એજ હતી કે રખેને જુલિયનની આ ભેદભરેલી ચાલ કાંઇ નધારેલું રૂપ લેવા પામે. આજ રાતની તેની ગેરહાજરી તેની આગલી ભેદભરેલી ચાલ સાથે નિસબત કાં નહિ ધરાવતી હોય? અને તેથીજ તે બાનુએ પોતાના એકપુરા બેટાની ગેરહાજરી માટે ગોધિયારૂં કરી મેલ્યું નહિ. તે બાનુ એટલું તો સમજતી રહી હતી કે તેના પોતાનાં અને પોતાના બેટાનાં માથાં ઉપર સિહા વાદળ ઘેરાવા માંડયું હતું, જેને દુર કરવા માટે જોકે તેણીએ અત્યાર આગમચનાં ખર્ચાળુ પગલાં ભર્યાં હતાં, તોપણ તેણીનાં દિલમાંની ધાસ્તી સદંતર નિકળી ગઈ હતી નહિ. પોતાના એકપુરા વાહલા બેટા સાથે તે માતા કેવી જીવ સટોસટ પળમાંથી પસાર થતી હતી, તેનો ખ્યાલ કરતાં તે બાનુ ધાસ્તીથી ગોયા અધમુઇ થઇ ગઇ હતી. તેણીનો ખાવિન્દ મરહુમ લોર્ડ ઓલ્દકેસલ પોતાની પાછળ હકદાર સ્ત્રી અરસુલા અને હકદાર ફરજંદ નીલ લાયનને મુકી ગયો હતો, જેઓ લાગ ફાવત તેણીનું પોતાનું અને તેણીના બેટા જુલિયનનું નખોદ વાલી શકે એ બનવા જોગ હતું. જોકે તેણીએ હેપવર્થબરીનાં કબ્રસ્તાનમાં તે વિષેની ગુવાહીનો નાશ કરવા માટે કાંઈક કાળું ધોળું કીધું હતું, તોપણ તેણીના જીવમાં જીવ હતો નહિ. વળી "પેલી આંધળી આંખ" વાલી અદભુત બાબદ તેણીની આંખ્યોમાં ખુંટી બેઠી હતી. એ બાબદનાં ભિત્તરમાં શું સમાયલું હતું તે તે કલ્પિ શકીજ નહિ. આ ભેદ યાદ આવતાં તે તવંગર બાનુ એટલી તો નાઉમેદ બની જતી કે પોતાની તવંગરીને શ્રાપો દેતી અને ગરીબાઇને પસંદ કરી ગરીબોની અદેખાઇ કરતી. આ સઘળું છતાં તે બાનુ પોતાની તુમાખી અને ગરૂરીને તજતી હતી નહિ. તે બાઝે વખત ગરીબોની અદેખાઇ કરતી, પણ તે તેમને ધિક્કારવા વિના રહેતી નહિ. તે બાઝે વખત તેજ વર્ગને ખરો સુખી માની લેતી, પણ તેની સાથે વાતચિત કરતાં કમકમતી હતી. પણ આજે તેણીની હાલત તદન જુદીજ હતી. આજે તે બાનુની હાલત અદેખાઇ કરવા કરતાં દયાને પાત્ર વધારે હતી. આજ રાતની તેણીના બેટાની ગેરહાજરીને તેણીએ આવતી આફતની નિશાની માની લીધી હતી. તેણીએ પુર ભરોસા સાથે માની લીધું હતું કે જુલિયનની ગેરહાજરી હવે પછી આવી પોંહચનારાં દુઃખનો એક પડછાયો માત્ર હતો.

તે અસ્વસ્થ સ્થિતિમાં પોતાનાં બિછાના ઉપર પડી. દોલતના મોટા દરંગમાં આલોટાયલી તે અમીરી બાનુ બેચેન બની બિછાના ઉપર તડફડયાં મારવા લાગી ત્યારે તેણીએ જાણ્યું કે દોલતનું સુખ એ કાંઈ ખરેખરૂં સુખ નથી. દોલ-

તનું સુખ તો માત્ર બાહરની ટીપટાપનુંજ હતું. ખરૂં સુખ તો તન મનની શાન્તી છે. તે તુમાખી બાનુ તવંગરીથી મેલવેલાં મખમલનાં બિછાના અને રેશમી તળાઇઓના ડુંગર ઉપર પડી તો ખરી, પણ ત્યાં પણ તેણીને સુખ મળવા પામ્યું નહિ. તે ચિંતાની ચેહમાં બળવા લાગી, દુઃખના દવમાં જળવા લાગી; કેમકે તે રેશમનું બિછાનું તેણીને તેણીનાં ગમે તેટલાં માન, તવંગરી, અને દરજ્જા છતાં કાંટા અને કવચની મિસાલ ડંખવા લાગ્યું.

આવી સ્થિતિમાં તે પડેલી હતી, એટલામાં કારભારી પ્રોસપર સ્પ્રેગે દરવાજો ઠોકયો. તેણીએ ખાતરીથી માની લીધું કે આખરે તેણીનો વાહલો બેટો આવી પોંહચ્યો ખરો. તે જીવ નાખતી ભારે ઉલટમાં આવી ઉઠી ઉભી થઈ, પણ પોતાના વાહલા બેટાને બદલે કારભારી સ્પ્રેગને જોઇ તે નાઉમેદ બની. કારભારીએ એક હર્ફ પણ બોલવા વિના પોતાની બાઇના હાથમાં એક તારનો સંદેશો મેલ્યો. તેણીએ તે તાર ધ્રુજતા હાથે ઉખેડયો, જેમાં એવી મતલબ જણાવવામાં આવી હતી કે ઘણું અગત્યનું કામ નિકળી આવવાથી પોતાની માતાને મળવા વિના લંડન ઉપડી જવાની જુલિયનને ફરજ પડી હતી, માટે થોડોક વખત તેની માતાએ તેની રાહ જોવી નહિ. આ વિજળીક સંદેશો જુલિયને પોતાનાંજ નામથી રોધરતન સ્ટેશનથી ફીધેલો જણાતો હતો. ગમે તે હોય. પણ તે બેચેન માતાને આથી કાંઇક સધિયારો મલ્યો અને હવે શાંત ઉંઘને વશ થઇ તેણી પોતાનાં બિછાના ઉપર પાછી પડી.

જ્યારે તે બીજી સવારે ઉઠી ત્યારે એક બીજો તારનો સંદેશો તેણીની લખવાની ટેબલ ઉપર તરતનોજ આવી પડેલો તેણીએ જોયો. તે તેણીએ તરતજ ઉખેડયો, જેમાં નીચે મુજબ લખવામાં આવ્યું હતું:—

"હું રોધરતનનાં વિકટોરીયા હોટેલમાં બીમાર છું. તરત એકલાં આવી મને મલો. રૂમ નંબર ૧૯૯."

તે માતા આ સંદેશાથી વિચારમાં પડી. તે પક્કી ઓરતને સમજી જતાં વિલંબ લાગ્યો નહિ કે જુલિયન તરફથી મલેલા બંને સંદેશામાં કાંઇક ભેદ સમાયલો હતો. તે ભેદ શો હતો? તે બાનુ એટલું તો સારી પેઠે જાણતી હતી કે જુલિયન એદેલીનના બાપ કરનલ રેનના ખુનીની શોધ ચલાવતો હતો. તે એમ માનતો હતો કે તે ખુની નીલ લાયનજ હતો. ખુની ઉપરનો ખુનનો વાંક સાબેત કરવા માટે મજબુત અને નહિ તુટે એવી જુબાનીની મોટી જરૂર હતી, જે સઘળી એકઠી કરવાનો જુમ્મો જુલિયને ખુનીને ઉઘાડો પાડવાની ધારણાથી પોતાને સિર ઉઠાવ્યો હતો. તે માતાએ ધાર્યું કે જુલિયને એનાજ સંબંધમાં લંડન જવાનો સંદેશો મોકલેલો હોવો જોઇએ. પણ તે બાનુ સમજી શકી નહિ કે ત્યારે જુલિયને રોધરતનનાં હોટેલમાં બીમાર પડવાનો બીજો સંદેશો શા માટે મોકલ્યો હતો? એમાં પણ તેણીએ સઘળું ઉજળું ઉજળુંજ જોયું. તે એમ સમજી કે જે જુબાની લંડન જઇ મેળવવાની જુલિયને આશા રાખેલી હોવી જોઇએ તે તેને રોધરતન ખાતેજ મળવા પામી હોય, અને તેની ખુશ ખબરી કહેવા માટે બલ્કે ખુનીને ઉઘાડો પાડવા માટે પોતાની માતાની સલાહ લેવા માટે બીમારીનાં બાહનાં હેઠળ તેણે તેણીને હોટેલમાં બોલાવેલી હોવી જોઇએ.

લેડી ઓલ્ડકેસલની આ અટકલ ખરી પડે છે કે નહિ તે આપણે આગલ જોઇશું.

તે માતા હર્ષથી ઘેલી બની ઓલ્ડકેસલ પાર્ક છોડી ગઈ. આ વેળાએ તવંગરીની સુંઘની કેફ તેનાં પુર બળમાં તેણીનાં મગ્જે ચહડી ગઇ હતી. નીલ વાસનને ફાંસીને માંચડે ચહડાવી એડેલીન ઉપર વેર લેવાના ખ્યાલમાંજ તે ઘેલી બની રહી હતી.

વિક્ટોરીયા હોટેલ આગલ જ્યારે તેણીની ગાડી જઈ ઉભી ત્યારે તેના બાહરના દેખાવથી તે બાનુ કમકમી ઉભી. "આવાં હલકે વાંગેનાં હોટેલમાં જુલિયનને ઉતરતાં કાંઇ અરે આવીજ નહિ," તે તવંગર બાનુ પોતાનાં મન સાથે બબડી. પણ તે હોટેલમાં જવા વિના તેણીનો છુટક હતોજ નહિ.

તે ગઈ. નંબર ૧૯૯ વાળો ઓરડો ઢુંડતાં તેણીને મુશકેલી નડી નહિ. તે ઓરડામાં બેઢડક દાખલ થઈ. તેણીએ પોતાના બેટાને એક ઇઝીચેર ઉપર પડેલો જોયો. તેની નજદીકમાં એક ટીપઈ પડેલી હતી જે ઉપર ચા કાફીનો સઘળો સરંજામ પડેલો હતો. લેડી ઓલ્ડકેસલ ધસારાબંધ પોતાના બેટા પાસે ગઈ, પણ જાણે તેણીને સર્પે ડંખ માર્યો હોય તેમ અધવચ્ચેજ અચકી ઉભી.

"માતા, મારી વાહલી માતા! હું તમારો બેટોજ છું."

"મારો બેટો!" લેડી ઓલ્ડકેસલ ઉજળી વાખ જેવી બની પોતાની સામેના ચેહરાને ધારી ધારી જોઇ બોલી, "તું મારો બેટો નથી, છતાં તું મારો બેટો છે, એમ મને લાગેછ. બોલ, જુલિયન, એ શો ભેદ છે?"

"માયજી, હું તમારો બેટોજ છું! શું તમો મને ઓળખી શકતાં નથી? એટલાં જલદી મને ભુલી ગયાં? માતા, માતા, મને તમારા આશિર્વાદ આપો, કે મારી બાકીની જીંદગી તમારી પનાહમાં હું સુખ ચેનમાં ગુજારૂં!"

લેડી ઓલ્ડકેસલ દીવાનીની પેઠે પોતાની સામેનો ચેહરોજ ટીકયા કરતી હતી અને પોતાની સાથે વાત કરનારને માથાંથી પગ સુધી તપાસતી ઉભી હતી.

"હા, તું મારો એકપુરો બેટો જુલિયન છે ખરો, પણ મને સમજ નથી પડતી કે બે દિવસમાં તારા ચેહરા ઉપર આએ બધો ફેરફાર કેમ થઇ ગયો અને દાહડી અને થેબિયા કેમ કુટી નિકળ્યા? અવાજ તો તેજ! ચેહરેબી તેજ! ઢબછબબી તેજ! પણ—"

લેડી ઓલ્ડકેસલ વધુ બોલી શકી નહિ, કેમકે જે ચેહરાને તેણીએ એક પળ આગમચ દાહડી અને થેબિયાથી ઢંકાયલો જોયો હતો તેજ ચેહરો તેણી પોતાનું બોલવાનું પુરૂં કરે તે આગમચ બોલ બોલતામાં વાળ વિનાનો બની ગયો. રોદ્રીકે ખોટો સોંગ ભજવી બતાવનારા વાળોને કાહડી ફેંકી દીધા. તરતજ તે બાનુનાં મગ્જમાં એક ખ્યાલ ધસી આવ્યો, અને તેણી હેબતથી કમકમી પોકારી ઉઠી, "કોણ, રોદ્રીક?"

લેડી ઓલ્ડકેસલ અને રોદ્રીક.

"કોણ, રોદ્રીક?" લેડી ઓલ્ડકેસલ બેભાન જેવી બની પોકારી ઉઠી. રોદ્રીક પોતાની માતાને મોહડેથી પોતાનું નામ સાંભળતાંજ વાઘની માફક કુદકો મારી પોતાની બેઠક ઉપરથી ઉઠયો અને પોતાના બંને હાથોથી પોતાની માતાનું મોહડું દાબી દીધું.

"અરે છુપાં રહો! માતા, ચુપી જાઓ! એ તમે અહિં શું ધાન કાહડવા આવ્યાંછ! મારૂં અસલ નામ તો તમે હવે સદાનું ભુલીજ જજો! દીવાલનેબી કાન છે, માટે એ કમબખ્ત નામ ફરીથી જબાન ઉપર લેશો નહિ, તે ઉપર તો હવે સદાનો પુરેજ મુકજો!"

"મારા ખુદા! ખુદા! હું આ શું જોઉંછ! મારી આંખ મને ઠગતી તો નથી? રોદ્રીક, તું શું ત્યારે ખરેખર જીવતો છે? ત્યારે તું મરી જવાની વાત બધી ખોટી કે? ઓ ખુદા! ખુદા!"

"નહિ, હું મુવો નથી, તમારી સામે હું હૈયાત ઉભેલો છું, તે જોવોછ કેની? હું તમારા નાના બેટાની માફક જીવતો છું. જુલિયન તમારો એકપુરો બેટો નથી. તેનો વડો ભાઇ હૈયાત છે. માતા, મારી ભલી માતા, મારી કરણી, મારાં કામો એવાં હતાં કે ખોટાં મોતનાં ઓઠાં હેઠળ મને પોતાને મુવેલો જાહેર કરવા સિવાય બીજો ઇલાજ હતોજ નહિ, અને તેમાંજ મારા જાનની સલામતી સમાયલી હતી."

"અરે પણ તેં એવું કરતુક શું કામ કીધું? રોદ્રીક, તેં તારાં માતપિતાને અને તારાં કુટુંબને મોટી નામોશિમાં લાવી નાખ્યાંછ! તેં તો તારાં કામથી મને જીવતીજ બાળી નાખીછ!" લેડી ઓલ્ડકેસલ લગાર ગુસ્સાથી બોલી. આથી રોદ્રીકનો મિજાજ ગયો. તે પોતાની માતા સામે ડોળા કકડાવી બોલ્યોઃ—

"માતા, મારેથી જ્યારે મારાં માતપિતાને નામોશિમાં ડુબવું પડયુંછ, ત્યારે હું ધારૂંછ કે તમારા નાના બેટા જુલિયનથી મારાં માતપિતાનું નામ આસમાન સાથે લાગ્યું હશે, ખરૂં કેની? તેમજ મારી ભલી માતા, મારા પેદરનાં મુવા પછી તમારાં કામો તો એવીજ ભલાઇનાં હશે કે જેથી તમારા ખાવિન્દનું રૂહ બેહસ્તમાં આરામથી સુતું હશે!"

પોતાના એક વારના વાહલા અને વડા બેટાના આ કિસમના ટીકાથી લેડી ઓલ્ડકેસલની મગરૂરી હવામાં ઉડી ગઇ. તે મોતના જેવી ફિક્કી બની પોતાના વડા બેટાને ફાટેલા ડોળાએ જોતી ઉભી. હવે તે બાનુ નરમ મોમ જેવી બની ગઈ. તેણીનું આખું તનબદન નામોશિની તાપથી તપવા લાગ્યું. શું રોદ્રીકે પોતાની માતા માટે જે ટીકા કીધી હતી તે જાણી જોઇને તેણીને તાણા મારવા માટેજ કરવામાં આવી હતી કે કાંઇ મતલબ વગર હતી, તે તે સમજી શકી નહિ. તે બાનુ ખ્યાલ કરતાં માથાંથી પગ સુધી ધુજી કે હેપવર્થબરીનાં કબ્રસ્તાનમાંનાં તેણીનાં કાળાં કર્મોથી તેણીનો વડો બેટો જાણીતો તો નહિ હોય? પણ એમ બનેજ કેમ? બીજીજ પળે તેણીએ આ ધાસ્તીને પોતાનાં દિલમાંથી ખંખેરી નાખી અને જાણે કાંઈ બન્યુંજ નહિ હોય તેમ પોતાના બેટા આગળ બેઠી અને વાહલથી તેનો હાથ પોતાના હાથમાં લઇ કહ્યું, "બેટા, મારા વાહલા બેટા, જ્યારે તું જીવતોજ હતો તો શા માટે તું જીવતો છતાં તારી માતાથીબી મુવેલોજ રહ્યો? મારી નજરમાં તું ઓલ્ડકેસલની ઘોરમાં સુતેલોજ રહ્યો. શા માટે તારી હસ્તીની બીનાથી તેં મને અંજાણીજ રાખી?"

"હું તમોથી છુપો હતો, પણ મારી દોરા અને મારા વાહલા ભાઇ જુલિયનથી છુપો હતો નહિ. તેઓ મને જીવતોજ જાણતાં હતાં, મને અવારનવાર મળતાં હતાં, મારાં રફિક હતાં, મારાં દુઃખમાં શરિક હતાં."

"ત્યારે શું તું ખરેખર એ લોકોને મળ્યો? ને મનેજ નહિ? તારા બાદશાહ જેવા બાપને પણ નહિ?" લેડી ઓલ્ડકેસલ અરધા ગુસ્સા અને અરધાં વાહલથી બોલી.

"માતા, લોર્ડ ઓલ્ડકેસલનાં દુઃખભરેલાં મોત આગમચ હું રોદ્રીક તરીકે કોઇની પણ નજરે પડયો હતો નહિ. હું મેથ્યુ બારલોકનાં ધારણ કીધેલાં નામ હેઠળ ભટકતી જીંદગી ગુજારતો હતો. કમનસીબ દોરા વારંવાર મને પૈસા ટકાથી મદદ કરતી રહી હતી. માદર, તે એક ખરો ફરેસ્તો છે, પણ અફસોસ કે તે એક દેવને બસ પડેલી છે. એવા ફરેસ્તાનું સુખ મારી અભાગણી સરજતમાં કયાંથી હોય?"

પણ લેડી ઓલ્ડકેસલનો ખ્યાલ તો જુદીજ બાજુ હતો. દોરા ફરેસ્તો હતો કે શેતાન તે સાથે તેણીને કશું કામ હતું નહિ. તેણીનું સઘળું ધક ધ્યાન પોતાના વાહલા બેટા જુલિયનમાં ઠસી રહ્યું હતું, ત્યાંજ વસી રહ્યું હતું. તેણીએ પેલા તારના સંદેશાથી જે ઉમેદને જન્મ આપ્યો હતો તે ઉમેદમાં અણધારેલો ખતરો પડવાથી તે બહુજ દલગીર થઈ ગઈ. જુલિયન કયાં છે તે જાણવાની ચટપટ તે હવે થોબાવી શકી નહિ.

"પણ રોદ્રીક, તારા ભાઇ સાથની તારી મુલાકાતનું પરિણામ શું આવ્યું તે તો મને કેહ?"

"પરીણામ! માતા, મને જીવતો જોઈ, પેહલાં તો તે શુદ્ધ બુદ્ધ વિનાનો બની ગયો, તે ધભરાઈ ગયો. લોર્ડ ઓલ્ડકેસલનો ખેતાબ અને તેને લગતી તમામ માલ મિલકત ખોહવાના માત્ર ખ્યાલથીજ તેના હોશકોશ ઉડી ગયા. એ સઘળું ખોહી દેવા કરતાં પોતાનો જાન ખોહી દેવા તે તૈયાર થયો અને કોઈ પણ જોખમે ખેતાબ અને દોલત નહિ ખોવા માટે મને કાલાવાલા કરવા લાગ્યો. અંતે અમો વચ્ચે એવી સમજુતી થઇ કે દર માસે ચોક્કસ રકમ તેણે મને આપવી અને તેના બદલામાં મારો હક તેની પાસેથી મારે ખુંચવી લેવો નહિ. પણ તે એમ સમજેછ કે તે પોતાનો કરાર તોડવા છતાં હું તેને પુછી શકવાની શકિત ધરાવતો નથી? તે એમ સમજેછ કે હું પોલીસથી બીહતો ધ્રુજતો હોવાથી મારા હક માટે લડત ચલાવી શકીશ નહિ? હું એકબારગી પોલીસના હાથમાં સપડાવશ, પણ દુનિયામાં તેને ઉઘાડો પાડશ કે જુલિયન એક ઠગારો છે. તે લોર્ડ ઓલ્ડકેસલ નથી, પણ હું ખરો લોર્ડ ઓલ્ડકેસલ હૈયાત છું, મૌજુદ છું. તે મને જીવતો જાણવા છતાં પોતે પોતાને લોર્ડ ઓલ્ડકેસલ તરીકે ઓળખાવી દુનિયાને ઠગવાનો તેણે એવો અજીમ ગુનાહ કીધોછ કે જેથી મારા મરહુમ પેદરનું રૂહ કમકમવા વિના રહેશે નહિ."

રોદ્રીકનું લંબાણ ભાષણ સાંભળવા ઉપર લેડી ઓલ્ડકેસલનું ધક ધ્યાન હતું નહિ. ભાગું તુટું તેના કાને કાંઈક અઠડયું ખરૂં, પણ તેણીએ બેભાન સ્થિતિમાં સાંભળેલું હોવાથી રોદ્રીકના બખાલવાનો બાએસ તે સમજી શકી નહિ. તેણીએ રોદ્રીકને પુછયું, "પણ મને કેહ કે જુલિયનનું શું થયું? તે છે કયાં?"

"તે તો ગયો."

"કયાં ગયો? કેમ ગયો? કોણ સાથે ગયો?" લેડી ઓલ્ડકેસલ કાંઇક શંકાથી ધભરાઈ બોલી ઉઠી; કેમકે રોદ્રીકની ચાલ તે તવંગર બાનુને કાંઈક શક ઉપજાવવા જોગજ લાગી. પણ જાણે તેનાં પેટમાં કાંઇજ હોય નહિ તેમ તે થંડે કલેજે બોલ્યો, "તે તો બીજે શેહેર ગયોછ! પોતાની ખુશીથી ગયોછ! મારી સાથે સમજુતી કરી ગયોછ! તે ખેતાબ અને નામ મને હવાલે કરી ગયોછ!"

"ખેતાબ! અને નામ! તે કેમ બને?" લેડી ઓલ્ડકેસલ વધુ અને વધુ શકમંદ બની બોલી ઉઠી.

"માતા, આ વાત શું તમારી સમજમાં નથી આવતી? જુવો માતા, જુલિયનને મેં એટલાજ માટે લોર્ડ ઓલ્ડકેસલનો ખેતાબ ધારણ કરવા દીધો હતો કે તેના બદલામાં તે દર માસે મને મોટી રકમ આપ્યો જાય. પણ જ્યારે તે તે નહિજ આપી શકયો ત્યારે તે આખરે પોતાનું નામ, ખેતાબ અને દોલત મનેજ પાછું સપુરદ કરી બીજે શેહેર ચાલી ગયોછ, જેથી હું જુલિયનનું નામ ધારણ કરૂં અને જે ખેતાબ ઉપરનો મારો પેહલો હક તે ખેતાબ હાંસલ કરૂં અને આવી રીતે પોલીસના પંજાથી હું સદાનો છટકેલોજ રહું, ભટકતી જીંદગીથી છુટીને આરામમાં રહું."

લેડી ઓલ્ડકેસલના ધભરાટનો પાર રહ્યો નહિ. તે બાનુ ભારે શંકાથી બોલી, "પણ મને કેહ રોદ્રીક કે તેને કશું નુકસાન તો પુગ્યું નથીની? તે સલામત તો છેની? તેના જાનને કશી અલવલ આવી તો નથીની?"

"સેહજ પણ નહિ! બિલકુલ નહિ! તે સલામત છે, અનામત છે. તેણે પોતાની રાજીખુશીથી આ પગલું ભર્યુંછ! તે સારી પેઠે જાણતો હતો કે તેના વખતમાં મરહુમ લોર્ડ ઓલ્ડકેસલની દોલતમાં મોટો ખાડો પડયો હતો અને એમજ ચાલુ રહેશે તો—"

લેડી ઓલ્ડકેસલ તેના બોલવાની મકસદ પામી જઈ બોલી ઉઠી, "ત્યારે તું હવેથી જુલિયન તરીકે અને લોર્ડ ઓલ્ડકેસલ તરીકે દુનિયાનાં લોકો આગલ ઓળખાવા માંગેછ? એમજ કેની?"

રોદ્રીકે ડોકું ધુણાવ્યું.

"પણ તે કેમ બનશે?" લેડી ઓલ્ડકેસલ પોકારી ઉઠી, "નોકરો તને ઓળખી કહાડશે તેનું કેમ? તારે તો ઓલ્ડકેસલ પાર્કમાં જુલિયનની જગોએ આવીને વસવુંજ પડશે," લેડી ઓલ્ડકેસલને સુઝ નહિ પડવાથી પોતાના બેટા પાસેથી ખુલાસો ચાહ્યો.

"હું એક અઠવાડિયાં પછી ઓલ્ડકેસલ પાર્કમાં આવવા માંગુંછ. માતા, તમોએ એવી વાત ઉડાવવી કે જાણે તમારો બેટો જુલિયન યાને હું સેવક પોતે ઘણો બીમાર પડી ગયોછ, અને તેથીજ મેં તમારી ઉપર મારી બીમારીનો સંદેશો મોકલ્યો હતો. મારા અને જુલિયનના ચેહરા વચ્ચે ઝાઝો તફાવત નહિ હોવાથી તમો, જુલિયન અને દોરા સિવાય બીજું કોઇ પણ મને રોદ્રીક તરીકે ઓળખી શકનાર નથી. કેમ ખરૂં કેની મારી વાહલી માદર?"

લેડી ઓલ્ડકેસલ વધુ અને વધુ ફિક્કી પડી બોલી, "પણ આ અખતરો કેટલો બધો જોખમભરેલો છે, તેનો કાંઇ તને ખ્યાલ છે?"

"હા, હું તે જાણુંછ! પણ મારાં આગલાં પરાક્રમ જેટલો તે જોખમભરેલો તો નથીજ. આવી નજીવી બાબદને કેમ પસાર કરવી તે હું ઘણી સારી રવેસે સમજુંછ! પેહલેથીજ સમયસુચકતા રાખી જુલિયનનાં માથાંથી પગ સુધીનાં કપડાં મેં પેહરી લીધાંછ!"

માતાએ પેહલીજ વાર જોયું કે જુલિયનનાં તમામ કપડાં રોદ્રીકનાં બદન ઉપર શોભી રહ્યાં હતાં. આથી તે બાનુ બહુજ કચવાઇ. રોદ્રીકે પોતાની માતાના ચેહરા ઉપર તે કચવાટનો છાપ આબાદ જોયો, પણ તે માટે હાલ તરત અખાડા કરવામાંજ તેણે ડાહપણ જોયું. તેણે જોઇ લીધું કે તેની માતા જુલિયનના ગુમ થવાથી જ્યારે હરણફાર બની ગઇ હતી, ત્યારે ઘોરમાંથી તેનાં કુદી

નિકળવાથી તે બાનુ દેખીતી દલગીર જણાતી હતી. પણ આ બાનુએ શોકીક હતો. આસાનીથી પોતાની બાનુમાં પોતાની માતાને છતી લેવાને તે છોકરો ઇન્ચે ઇન્ચ લાયક હતો.

ગુમ થયલું પેકેટ.

આપણે સીગીન્સ કાકાની ફરીથી મુલાકાત લઇયે. લોર્ડ ઓલ્ડકેસલે તેની અને મીસ લેવીનિયા સીગીન્સ સાથે અવારનવાર ખાણું લેવાની મરજી દેખાડવાથી સીગીન્સ ઘણો છલકાઈ મલકાઈ ગયો હતો અને આ ખુશ વધાઈ પોતાની બેહનને જણાવી દઇ પોતાનું ફુલી આવેલું પેટ ખાલી કરવા પોતાનાં મકાન તરફ દોડયો હતો, તે આપણે આગળ જોઇ ગયા છિએ.

"કેમ મારા પ્યારા ભાઇ, લોર્ડ ઓલ્ડકેસલે તને તેડાવી શું વાત કીધી?" લાડકી બેહને પોતાના જેવાજ ખાલી અને ખ્યાલી મજ્જના પોતાના ભાઇને તે રાત્રે ખાણું ખતમ થવા બાદ સવાલ કીધો.

ભાઇએ મલકાઇને જવાબ દીધો, "મારી વાહલી બેહન, હું કેહું તે આગમચ જોઇએ તુંજ અમો વચેની મુલાકાતનો સબબ પારખવાની કોશેશ કર, અને અટકલ કરવાની તારી બાહોશીથી તારા ભાઇને છક કરી નાખ!"

બેહને હાથનો લટકો કરી અને પોતાનાં મોહડાંને લાંબું લચ, અને વાંકું ટીકું કરી હસીને જવાબ દીધો, "હું તો આગળથીજ જાણતી'તી રે! કે એક દિવસ એવો આવશે કે જરૂર તમોને તે તવંગર ઉમરાવ પોતાના ઓલ્ડકેસલ પાર્કમાં બોલાવ્યા વિના રહેશે નહિ. જુવો, મારા વાહલા ભાઇ, લોર્ડ ઓલ્ડકેસલે તમારી આગળ જયાં છે ત્યાં મારા હાથની માંગણી કીધીછ અને અગરજો માંગણી નહિ કીધી હોય તો લોર્ડ ઓલ્ડકેસલની ખાટી મિઠી મરજી મને લેડી ઓલ્ડકેસલ બનાવવાની છેજ અને છેજ. કેમ ખરૂં કેની?"

સીગીન્સ પોતાની બેહન સાથે એકમળતો થઈ શકયો નહિ. એરંડિયાનો જોલાબ લીધેલાં જેવું મોહડું કરી તે બોલ્યો, "બેહન! તારી અટકલ ખોટી છે. લેડી ઓલ્ડકેસલની ખાટી મિઠી મરજી મારી ઉપર છે! નહિ કે તું ધારેછ તેમ લોર્ડ ઓલ્ડકેસલની તારી ઉપર!"

મીસ લેવીનિયાએ ડોકું ધુણાવી કહ્યું, "એમ બનેજ નહિ, લેડી ઓલ્ડકેસલ જેવી તુમાખી બાનુ તારા જેવા એબિયલને કબુલ કરે એ બનેજ કેમ? લોર્ડ ઓલ્ડકેસલ ફકત મનેજ—"

"ને તું તો વળી પોતાને બેહસ્તમાંથી ઉતરી આવેલી પરી સમજતી હશેની? તું કયાં વળી મારા કરતાં ઓછી એબિયલ છે?" સીગીન્સ પોતાની બેહનને આગળ બોલતાં અટકાવી બોલ્યો, "ના! તારા જેવીને પરણે કેની તો લોર્ડ ઓલ્ડકેસલ બીચારો માથે હાથ દેઇને રડે!"

"ને ત્યારે તારા જેવાને તો લેડી ઓલ્ડકેસલ જરૂરજ પરણશે! અરે એમ ધારશે તો ભરોસે ભુખો રહેશે. તારા જેવો હીરો ખાવિન્દ તેને બીજો કયો મલે? ના! સુજમાં રોજા ના ખોલ. તુંને પરણે તો બીચારી બીજે દાહડે ધપકરાજ લેય તો!" મીસ લેવીનિયાએ ભાઇને વળતો તાણો માર્યો.

આ તકરારનું પરિણામ એ આવ્યું કે બંને વચ્ચેની ટપાટપીએ [illegible] રૂપ લીધું અને મીસ લેવીનિયા ઠમકે અને મટકે ગુસ્સાના આવેશમાં પોતાના ભાઇ આગળથી ઉઠી ચાલી ગઇ, પણ સારાં નસીબે આ ટપાટપી ખાણું લીધા બાદ થવા પામેલી હોવાથી ખાનું લેવીનિયાએ છુટકારાનો દમ ખેંચ્યો. પણ આ બનાવ સીગીન્સ કાકાને પસંદ પડયો નહિ. તેણે પોતાની બેહેનનાં આજનાં છીટાંને મુહુરતમાંજ અપસુકન માની લીધા. તેનું મન બહુજ કચવાયું. પણ કરે શું? તે પોતાની બેહેનના દાઢાબળિયા સ્વભાવ આગળ લાચાર હતો.

"ગમે તે થાય, પણ મારે લેડી ઓલ્ડકેસલને મારી ધણીઆણી તો બનાવવીજ જોઇએ," તે પોતાનાં મન સાથે બડબડયો.

પણ તે કેમ? કેવી રીતે? તે તે સમજી શકયો નહિ. એક ખ્યાલ તેનાં મગજમાં ધાઇ આવ્યો. તે તરતજ ઉઠયો, અને ઓલ્ડકેસલ પાર્ક તરફ પોતાનાં કદમ લંબાવ્યાં. તે લાયબ્રેરીવાલા ઓરડામાં લેડી ઓલ્ડકેસલને મલવા દાખલ થયો. તેણે ચોપાસ નજર કીધી તો આખો ઓરડો તેણે ખાલી જોયો. એમ કરતાં તે મોટા ઓરડામાંનો સર્વે સામાન ઘણી બારીકીથી તપાસવા લાગ્યો, અને તેની નજર બીજા સરસામનની વચ્ચે ઉભેલી એક અસલના વખતની કબાટ ઉપર પડી. આ કબાટ માહોગનીનાં લાકડાંની બનાવેલી હતી. તેની વધુ અજાયબિ તો એ હતી કે તેનું કોતરકામ ઇનસાનનાં માથાંના આકારનું હતું. માથાંમાં બેઠેલી આંખો જાણે સીગીન્સને એકી તગરે જોતી રહી હતી, અને એજ તે અજબ કારીગીરીની કબાટ હતી જે અરસુલા જોતાંજ તેની નવિન બનાવટથી ચોંકી હતી. આ કબાટ જોકે બહુજ પુરાણી હતી, તોપણ તે બિલકુલ નવીજ જેવી લાગતી હતી અને આ કબાટમાં તેણે ધાર્યું કે તેની ઉમેદનો કોટ ઉભો હતો. તેની આશાનું કિરણ ઝળકતું હતું. તેને ઝાંખો ખ્યાલ આવ્યો કે એજ તે જગા હતી જે મરહુમ લોર્ડ ઓલ્ડકેસલ પોતાનાં છુપ્યાં કાગળો છુપાવવા માટે વાપરતો હતો. તે કબાટ ખોલવા માટે તેણે જબરૂં જોર વાપર્યું, પણ વ્યર્થ. તે કબાટનું બારણું ન હિલ્યું કે ન ખસ્યું. તેણે વધુ જોર વાપર્યું, પણ તે કારગત લાગ્યું નહિ. સીગીન્સનું આખું બદન પરસેવાથી તરબોર થઈ ગયું. તેનાં ભારી બદનને લીધે તેનો દમ ધમણની માફક ફુંફારા મારવા લાગ્યો. તે ગોયા થાકથીજ નિસોસ થઈ ગયો. હવે કરવું શું? શું તેણે આ કોશેશ તજી દેવી? નહિ. તેણે પોતાની કોશેશ ચાલુજ રાખી. સેકંદ પછી મિનિટ અને મિનિટ પછી કલાક પસાર થઇ ગયો, પણ તે પોતાની ઉમેદને પોંહચ્યો નહિ. તે થાકથી નિસોસ બની અધમુવો જેવો પાસેની ખુરસી ઉપર ફસડાઇ પડયો. બીજો અરધો કલાક વિજળીક ઝડપે પસાર થઇ ગયો. તે પાછો ઉઠયો, અને પોતાનું જોર એક વાર ફરીથી અજમાવ્યું, અને બીજી વધુ બે ચાર પળમાં કબાટ ખુલી ગઇ, અને તેનું બારણું મિજાગરાંમાંથી છુટી જમીન ઉપર તુટી પડયું. હવે સીગીન્સ માટે કામ ઘણું સેહલ હતું. અરસુલા યા લાયન માટેનું પેકેટ અગરજો લોર્ડ ઓલ્ડકેસલ પોતાની પાછળ મુકી ગયો હોય તો તે એજ જગામાં હોવું જોઇએ એમ તેણે ખાતરીથી માની લીધું. આખો કલાક તેણે વગર થાકવે જુસ્તેજોમાં પસાર કીધો. ખુદાની કુદરત ન્યારી હતી. તે કબાટનાં ખુણાંમાં બે મોટી આંખો સાથનું એક મોહડું તેની નજરે પડયું. બંને આંખોમાંની એક આંખ બિલાડીના ડોળા માફક ચળકતી હતી, જયારે બીજી આંખ જાલીમ જમાનાના દોરથી ફુટી ગઇ હતી, આંધળી થઈ ગઈ હતી. આ આંધળી આંખ

આમથી તેમ ફેરવવાની તેણે તજવીજ કીધી અને સારાં નસીબે તે માહ મેહનતે ચક્રરની માફક ફરવા લાગી અને તેના આંટા ખલાસ થવા બાદ એક નાના આંચકા સાથે તે નીચે પડી. એક મોટો ગાળો આરપાર દેખાયો જેમાંથી એક નાનું સફેદ રંગનું પેકેટ ચીમઇને જોતું તેણે જોયું. કાંઇ અજબ ઉલટ અને હોંસની ધુંઇમાં તેણે તે બાહર ખેંચી કાહડયું. અરસુલાનાં નામનું સીલ કીધેલું એક પેકેટ અંતે તેને હાથ લાગવાથી તેની ખુશાલીની હદ રહી નહિ. તેણે ગઈ કાલેજ અરસુલાની મુલાકાત લીધી હતી અને ગુમ થયલું પેકેટ કોઇ પણ જોખમે શોધી આપવાને તેણે કબુલાત આપી હતી. તે પેકેટ ભારી હતું નહિ પણ તેમાં સ્વભાવિક રીતે કાંઇ અગત્યની છુપી યા લાભની ખબર છુપાયલી હતી. તેણે કાંઈ અજબ હર્ષથી તે પેકેટ પોતાના હાથમાં લીધું અને તે તેની તરફ કાંઈ અજબ જીજ્ઞાસાથી જોતો ઉભો.

"હા! ફતેહ! ફતેહ!! બચ્ચા સીગીન્સ, આજ કાલ તો બસ તારીજ જય છે! હા! એજ પેકેટથી હકદારને હક મલવા ઉપ્રાંત મારી ધારેલી ઉમેદ પાર પડશે. લેડી ઓલ્દકેસલ, તું ભલે ગમે તેટલી તુમાખી હોય, યા તારી પાસે આખી દુનિયા-ભરનો ખજાનો હોય તો શું મુજાકો છે? હું તને જીતી મારી પરણેતર નહિ બનાવું તો હું લુચ્ચો બદમાશ સીગીન્સ નહિ કહેવાઉં."

જેવો તે લુચ્ચો વકીલ પેલું પેકેટ પોતાનાં કોટનાં અંદરનાં ખીસામાં સેરવવા જતો હતો તેજ પળે પોતાની સામે ડોળા કકડાવતી ઉભેલી લેડી ઓલ્દકેસલને જોતાંજ તેના હોશકોશ ઉડી ગયા અને જેમ વાઘણને પોતાની સામે ઉભેલી જોઇ કમબખ્ત ઇનસાન ધાસ્તીથી ફ઼જળો વાખ બની અધમુવો બની જાય તેવાજ આબાદ હાલ સોલીસીટર સીગીન્સના થયા હતા. તેબી અકરાયલો ઘભરાયલો ડોળા ફાડી ફાડી ઇનસાનનાં રૂપમાં ઉભેલી પેલી ફાડી ખાનાર વાઘણને જોતોજ ઉભો; કેમકે તેણે ધારી રાખ્યું હતું કે જે પળ જાય છે તેમાં ગરપછાંટનો ગોળો ફુટવાની સઘળી તૈયારીજ ચાલી રહી હતી.

"કેમ ચોર, ડગારા! એ તું અહિં શું કરવા ભરાયોછ? લાવ જોઉં! તારા હાથમાં આએ પેકેટ શાનું? એ એમ ગજવામાં સેરવી દેવાની ઉતાવળ શાની કરેછ? વાહ રે! હું તને આ પેકેટ મરતાંબી લઈ જવા દેવશ નહિ, સમજયો? ચોર! લુટારા! પહેલાં તો તેં અહિં વગર હુકમે આવવાની હિમ્મતજ કેમ કીધી? હમણાંજ તારૂં પાંખડું પોલીસને સ્વાધીન કરૂંછ, સમજયો, ચોર, દગાખોર!"

સીગીન્સના ઘભરાટનો પાર હતો નહિ. વળી તેના અફસોસનીબી હદ હતી નહિ; કેમકે જે પળે તે પેકેટ પોતાને હાથ કરવા પામ્યો હતો તેજ પળે આ બળા એકાએક ફુટી નિકળી હતી. બે ચાર પળ વધુ જવા પામી હોત તો તે તે પેકેટ સાથે સહીસલામત સટકી જવા પામ્યો હોત! આથી તેને પોતાનાં કિસમત ઉપર બહુજ ગુસ્સો ચહડયો.

સીગીન્સે કશો પણ જવાબ નહિ દીધાથી લેડી ઓલ્દકેસલ વધારે ગુસ્સે થઇ. તેણીએ વધુ ગુસ્સાથી બરાડ મારી કહ્યું, "બોલ, તું શું કહેવા માંગેછ? તું ચોરીથી મેળવેલું પેકેટ મારે હવાલે કરેછ કે મારા નોકરને મોકલી પોલીસને બોલાઉં?"

"એમ કદી નહિ બનશે, બાનુ! એ પેકેટથી હું કોઈ પણ જોખમે છુટો પડવાને રાજી થવશ નહિ. આ પેકેટનાં પરબીડાં ઉપર મીસીસ લાયન અને તેણીના છોકરાનું નામ ખુલ્લે ખુલ્લું લખેલું છે. અને તે ઉપર તમારૂં એક રતીભાર પણ ચલણ નથી. મીસીસ લાયન મારૂં કુળ હોવાથી તે બાનુના સોલીસીટર તરીકે

તેણીનાં નામનું પેકેટ મારા કબજામાં લેવાનો મને દરેક હક છે. આ પેકેટ હું તે બાનુને હમણાંજ જઇ સપુરદ કરરશ. તમોને તે મારી પાસેથી માંગવાનો કશો હક નથી."

સીગીન્સના આ દમથી તે તુમાખી બાનુ બિલકુલ ઠંડી ગાર થઈ ગઈ. તેણીને તે વકીલના બોલવામાં કાંઇક વજુદ લાગ્યું. તેણીએ હવે સીગીન્સ તરફ લટી જવામાંજ ડાહપણ જોયું. તેણીએ તેમ વટીક કીધું પણ સીગીન્સ એકનો બે થયો નહિ. તેણે તે કીંમતી ઓચર્યું આપવાની સાફ ના પાડી. આથી તેણીએ હવે કાંઈ જુદોજ રસ્તો લીધો.

"મી૰ સીગીન્સ, એ પેકેટના બદલામાં હું તને બે હજાર પાઉન્ડ આપુંછ. બોલ કબુલ છે?"

સીગીન્સે ડોકું ધુણાવી ના પાડી.

"ત્રણ હજાર, ચાર હજાર, પાંચ હજાર, છ હજાર!" લેડી ઓલ્ડકેસલ છ હજાર પાઉન્ડ પેલાં પેકેટ માટે આપવા તેયાર થઈ. પણ સીગીન્સ પોતાની જીદને જળોની માફક વળગી રહ્યો. છ હજાર પાઉન્ડને હૈડે ધરવાની તેની નેમ હતીજ નહિ. તેની નેમ તે ઉમરાવ બાનુનો હાથ લેવાની હતી. તે તો અરધી બુઢી થઈ ચુકેલી ઉમરાવ બાનુની મોહબતની જાળમાં સપડાયો હતો.

"મી૰ સીગીન્સ, સાત હજાર પાઉન્ડનો ચેક આ ઘડીએ આપવા હું રાજી છું, મને તે પેકેટ આપ!"

પણ નહિ. આટલી મોટી બાદશાહી રકમની દરકાર સીગીન્સે કીધી નહિ. તે લાયબ્રેરીના દરવાજા આગળ ચાલ્યો. તેની તે નેમ સમજી જઈ લેડી ઓલ્ડ-કેસલ દરવાજા આગળ પોહલા હાથ કરી ઉભી કે જેથી સીગીન્સ તે ભેદભર્યાં પેકેટ સાથે ઓરડામાંથી બાહર સટકી જવા પામે નહિ. સીગીન્સે વધુ જોર વાપર્યું, પણ તેમ તેનું કશું વળ્યું નહિ. તે હવે લેડી ઓલ્ડકેસલનો હાથ ધરી ખેંચવા લાગ્યો. પણ તે તવંગર બાનુ છેકજ ખાંડી જાય તેવી હતી નહિ. તે બાનુબી જોર ધરાવતી હતી. તેણીએબી સીગીન્સ કાકાને હંફાવવાને પોતાથી બનતું કીધું, પણ અંતે તે હારી, કેમકે સીગીન્સના એક ભારે આંચકાથી લેડી ઓલ્ડકેસલ એક બાજુ-એ પટકાઇ પડી જેનો લાભ તે લુચ્ચા વકીલે લીધો અને પેલાં પેકેટ સાથે સલામત ઓલ્ડકેસલ પાર્કમાંથી બાહર તે વંજો માપી ગયો. ત્યારે શું "આંધળી આંખ" સીગીન્સને હાલમાં અદ્દભુત કિસમે હાથ લાગેલાં પેકેટની ચાવી હતી?

મળી આવેલાં પેકેટની કાહાણી.

સીગીન્સ ધસારાબંધ દોડયો. આસપાસનો કાંઈ પણ ખ્યાલ કીધા વિના તે જીવ લેતો કે નાહઠો. તેને મોટી ધારતી હતી કે લેડી ઓલ્ડકેસલે તેની પાછળ માણસો દોડાવ્યાં હશે અને જરૂર તેઓ તેને પકડી પાડી તેની પાસેથી તે માહ મુસીબતે હાથ આવેલું પેકેટ ખુંચવી લેશે. તે એટલો તો ભાન ભુલો બની ગયો હતો કે રસ્તા ઉપરથી એકાદ ભાડેની ગાડીમાં બેસી જઈ જલદીથી ઘેર તરફ વટી જવાની શુદ્ધ બુદ્ધ પણ તેને રહી હતી નહિ.

જયારે તે પોતાને મકાને પુગ્યો, ત્યારે તે થાકથી એટલો તો હાંફતો હતો કે તે પોતાની બેહેનના સવાલોનો જવાબ વટીક આપી શકયો નહિ.

"સીગીન્સ, તને છે શું? એ એમ ખુન કરી નાહસી આવેલા કોઇ લુટારાની માફક તું આજે એટલો ધભરાયલો કાંય લાગેછ? કોઇની તીજોરી તો નથી ફાડી આયોની?" બેહેન પોતાના ભાઇનો લુટાયલો હાલ જોઇ બોલી.

સીગીન્સે બોલવાની ઘણીબી તજવીજ કીધી, પણ તે થાકેલો હોવાને લીધે અને ધમણની માફક તેનો દમ ચાલતો હોવાને લીધે તેનો અવાજ તેનાં ગળાંમાંજ ચીપટાઈ બેઠો. પણ લેવીનિયાએ એટલું તો જોઇ લીધું કે સીગીન્સ કાંઈ કેહવા માંગતો હતો પણ તેનેથી બોલી શકાતું હતું નહિ. વળી તેણે એ પણ જોઈ લીધું કે તે જે કાંઇ કહેવા માંગતો હતો તે ખુશીનાજ સમાચાર હતા. આથી તેનો ભાઈ શી ખબર લાવ્યો છે તે જાણી લેવાને તેનો જીવ વધુ તલપાપડ થઈ રહ્યો હતો. તેણીએ ખાતરીથી માની લીધું કે જયાં છે ત્યાં લોર્ડ ઓલ્ડકેસલે તેણીના ભાઈ આગળ તેણીના હાથની માંગણી કીધેલી હોવીજ જોઇએ, જેની અણહદ ખુશાલીથી સીગીન્સનો દમ ગુંગળાઈ જતો હતો.

"ત્યારે અંતે લોર્ડ ઓલ્ડકેસલે મારા હાથની માંગણી કીધી ખરી, અંહ!" લેવીનિયાએ ભાઇને પુછયું; પણ ભાઇનું ધ્યાન બેહેનનાં બોલવા ઉપર હતુંજ નહિ.

તે ધુમ હસી હસી અંતે બોલ્યો, "ઓ! મારા ખુદા! ખુદા! હું ધારૂંછ કે હસતાં હસતાં મારૂં પેટબી હવે તો ફાટી જશે. લેવીનિયા! મારી વાહલી બેહેન! તારૂં ને મારૂં તો હવે કુગે ફાટશે."

મીસ લેવીનિયા તો પોતાના ભાઇનું કોહુંજ ટીકવા પડી. તે સમજી ગઇ કે તેણીનો ભાઈ લોર્ડ ઓલ્ડકેસલનો સાળો થવાની ખુશાલીમાં લીન થઈ ગયો હતો.

"ચાર્લસ, તું હમણાં કયાંથી આવ્યો? તું હમણાં સુધી કયાં હતો? લોર્ડ ઓલ્ડકેસલે જયાં છે ત્યાં મારા હાથની ઉમેદવારી માટે—"

પણ આ છેલ્લો વાકય સીગીન્સના કાનને સંભળાયોજ નહિ.

"બેહેન! તું ખુદા ખાતર, મને એકબી સવાલ હમણાં ના પુછ. પેહલાં તો તું દરવાજો બંધ કર," સીગીન્સે પોતાની બેહેનને હુકમ કીધો.

મીસ લેવીનિયાનાં પેટમાં આ સાંભળતાંજ ગીલગીલિયાં છુટવા માંડયાં. હવે તો તેણીએ વગર શકે માની લીધું કે લોર્ડ ઓલ્ડકેસલે ખાનગીમાં તેણીનો ચોખો ચાંપી જોવા સીગીન્સને જણાવ્યું હશે અને તેથીજ તે વાત ખાનગી રીતે કહેવાને દરવાજો બંધ કરાવતો હશે; તોપણ જાણે તે પોતાના ભાઇના હુકમથી કેટલી બધી અજબ થઈ હોય તેમ અંજાણી અંબા થઈ બોલી, "પણ કાંય, એ એમ આજે દરવાજો બંધ કરાવતા કયાંથી કુટી આવ્યા? હું તેમ કરવાનો સબબ જાણવા વિના મરતાંબી દરવાજો બંધ કરૂં નહિ."

પણ અંતે ભાઇની જીદ આગળ બેહેનનું કશું ચાલ્યું નહિ. તેણીએ દરવાજો બંધ કીધો અને મોટા હર્ષ સાથે તે પોતાના ભાઇ આગળ આવી ઉભી. તેણીને પોતાની સામે ઉભેલી જોતાંજ સીગીન્સ ડોળા કકડાવી બોલ્યો, "અરે! તું હજી અહિંજ છે કે? મેં તુંને કહ્યુંની કે દરવાજો બંધ કર."

"અને તે પ્રમાણે મેં કીધું," લેવીનિયા પોતાના ભાઈની આવી વિચિત્ર ચાલથી અજબ થઈ કાંઇક ગુસ્સાથી બોલી.

"પણ બારણું બંધ કરી મેં તને ઓરડામાં રહેવા કહ્યું હતું નહિ. મારી મતલબ બાહેરથી બારણું બંધ કરી તને બાહર જવા કહેવાની હતી, નહિ કે અંદર રહેવાની."

પોતાના ભાઇની આવી બદલાયલી ચાલથી નારાજ તેમજ અજબ થઈ મીસ લેવીનિયા ગુસ્સામાંજ ઓરડો છોડી ચાલી ગઇ, અને સીગીન્સ કાકા ત્યાં એકલા પડયા.

તેણે આખા ઓરડામાં આસપાસ નજર કરી પેલું પેકેટ ખીસાંમાંથી બાહર કાહડયું અને તે ફેરવી ફેરવી તપાસવા લાગ્યો. તેણે બાહરની તપાસ ઉપરથી જોયું કે તે એક લાંબું પેકેટ હતું અને તેમાં લાંબાં કાગળના બે ત્રણ તાવ સમાયલા હોય એમ માલમ પડતું હતું. આ પેકેટ ઉપર "અરસુલા લાયન અથવા તેણીનો છોકરો નીલ લાયન, ક્રોસ વેઝ, પીત રોડ, ઓલ્દકેસલ" આવું સરનામું કરવામાં આવ્યું હતું. આવાં એક પેકેટ માટે લેડી ઓલ્દકેસલ સીગીન્સને સાત હજાર પાઉન્ડની દોલત આપવા તૈયાર થઇ હતી. પણ સગીન્સે દોલત કરતાં મોહબતને વધુ પ્યારી ગણીને તે ઉમરાવ બાનુની માંગણી તુચ્છકારી કાહડી હતી. પણ આવાં કીમતી પેકેટમાં શું સમાયલું હતું તે જાણવાને જોકે તે અત્યંત અધીરો બની ગયો હતો, તોપણ તે ઉખેડવાની તેની હિમ્મત ચાલી નહિ. એમ કરવાને તેને મુદલ હક હતો નહિ, જોકે તે પેકેટમાંનો સંદેસો જાણી લેવાને તેનો જીવ તલપાપડ થઇ રહ્યો હતો તોપણ પોતાના સઘળા પ્રપંચ અને છળકપટ છતાં તે પેકેટ ખોલતાં તેને ધાસ્તી લાગી.

"શા માટે મારે નાહકની ઉતાવળ કરી જોખમ ખેડવો જોઇએ? અરસુલા પાસે લઈ જતાં તે બાનુ આ પેકેટ મારાજ હાથમાં મેળશે એટલે આ પેકેટમાંનો ભેદભરમ જાણી લેતાં વાર કેટલી? માટે ઓ અધીરા જીવ, બીજી સવાર સુધી જરા થોબ!" તે પોતાનાં મન સાથે લગાર હસીને અને લગાર ગંભીરાઇથી બોલ્યો. પણ એજ પળે તાહડનું એક સખ્ત લખલખું તેનાં શરીરમાંથી પસાર થઇ ગયું. તે પોતાનાં મન સાથે વમાસવા લાગ્યો કે શું આ પેકેટ બીજી સવાર સુધી તેની પાસે સલામત રહી શકશે? તે લુચ્ચો વકીલ લેડી ઓલ્દકેસલનો ખારીલો સ્વભાવ ઘણી સારી રવેશે જાણતો હોવાથી તેની પાસે પેકેટ મોજુદ છતાં તેને પોતાની ઉપર ભરોસો હતો નહિ. તે પોતે તે પેકેટ બીજી સવાર સુધી જાળવી શકશે કે નહિ, તે એક વિચાર કરવા જોગ સવાલ હતો. વળી તે પોતે પોતાની બેહેન મીસ લેવીનિયાના સ્વભાવથી પણ પુરેપુરો વાકેફ હતો. તે બાનુ પોતાના એક પાઇના લાભ અર્થે પોતાના ભાઇનું લાખોનું નખોદ વાળવાને ડરે નહિ તેમાંની એક ઓરત હતી. માટે તે બાનુથીબી સંભાળી ચાલવાની મોટી જરૂર હતી. આથી તેનાં મનમાં કુદરતી સવાલ ઉભો થયો કે આ કીમતી ખજાનો આખી રાત કયાં છુપાવી રાખવો?

તે આ વિચારમાં આખા ઓરડામાં આમથી તેમ લટાર મારવા લાગ્યો; પણ તેજ પળે બાહેરથી દરવાજો ઠોકાવાનો અવાજ આવવાથી તે ચોંકયો. જોકે અંદરથી બારણું બંધ કરવાને તે ભુલ્યો હતો નહિ, તોપણ તે એટલો બધો તો ધભરાયો કે જાણે તેની બેહેન દીવાળ ફોડી અંદર દાખલ થવાની હોય.

"ચારલ્સ! ચારલ્સ! દરવાજો ખોલ, એ તો હું તારી બેહેન છું," મીસ લેવીનિયાએ બાહેરથી દરવાજો ઠોકતાં પોકાર કીધો.

"હમણાં નહિ, મારી વાહલી બેહેન હમણાં નહિ," સીગીન્સે અંદરથી જવાબ દીધો, "તું બેલાશક જમી લઈ તારા ઓરડામાં જઈ પેટ ભરી ઉંઘ કહાડ."

"અરે પણ આજે તને થયુંછ શું? તું કાંઈ દીવાનો તો નથી થયો?" બેહેને બારણું ઠોકવાનુંજ ચાલુજ રાખી ગુસ્સાથી સવાલ કીધો.

પણ જ્યારે બેહેને જોયું કે એ પાણીએ કાંઈ વાલ ચરે નહિ, ત્યારે ઘણીજ ફફડી ચટકી તે ત્યાંથી ચાલી ગઈ અને આ અપમાનનું વેર બાવરચીખાનામાં જઈ નોકરો ઉપર લીધું. પોતાની બેહેનનો સાદ બંધ પડેલો જોઈ સીગીન્સે છુટકારાનો દમ ખેંચ્યો, અને પેલાં છુપાં પેકેટને કયાં સંતાડવું તેના વિચારમાં લીન થઈ એક ઇઝીચેર ઉપર પડયો. તેને ખ્યાલ આવ્યો. પોતાનાં પેહેરવાનાં એક જુનાં પુરાણાં વાસકુતનાં અસ્તરમાં તે પેકેટ સીવી લેવામાં આવે તો કેમ? આ વિચાર તેને ઘણોજ પસંદ પડયો અને એજ જગા માહા મુસીબતે મેળવેલાં પેકેટ માટે તેણે સલામત જોઈ. ઉલગબરડી રમવાના અને કાળું ધોળું કરવાના હુન્નરની જોડેજોડ તેણે સીવવાના હુન્નર ઉપર પણ અચ્છો કાબુ મેળવેલો હોવાથી આ કામ તેણે એવી તો સિફત અને સફાઇથી પાર ઉતાર્યું કે તે વાસકુત જોતાં તેમાં તે પેકેટ સીવી લેવાનો કોઇને સ્વપને પણ ખ્યાલ આવી શકે નહિ.

આ કામ ઠીકઠાક કરતાં મોડી રાત વહિ ગઈ હતી. તેણે જોકે ખાણું લેવાનીબી દરકાર કીધી હતી નહિ, તોપણ તેને પોતાનાં સાહસકર્મથી જે સંતોષ મલ્યો હતો, તેથી ખાણું લીધા બરાબરજ તેનું પેટ ભરાઈ ગયું હતું. આથી તે પોતાની સામે ડોળા ઘુરકતાં ઉભેલાં બિછાના આગળ ગયો અને પેલું વાસકુત પેહેરીનેજ લેટી ગયો અને લેડી ઓલ્ડકેસલનો પ્યારો ખાવિન્દ બનવાના ખુશ સ્વપ્નાઓ જોતો તે મિઠી નિંદમાં પટયો.

બીજી સવારે તેની આંખો ઉઘડી ત્યારે તેણે પેલું વાસકુત પોતાનાં શરીર ઉપર સલામત જોયું અને તેનાં અંદરનાં પટમાં પેલું ગુમ થયલું પેકેટ પણ સલામતજ હતું. તેણે બિછાનું છોડી તે વાસકુત ઘણીજ સંભાળથી કબાટમાં મુકયું. કબાટને ચાવીથી બંધ કીધા પછીજ તે પોતાની બેહેન પાસે ગયો. તેણે જોયું કે બેહેનનો મિજાજ સારાં નસીબે કાંઇક રાહ ઉપર આવવા પામ્યો હતો. તે બાનુ પોતાને પોતાના ભાઇ તરફથી થયલું રાતનું અપમાન ભુલી ગયલી સીગીન્સે જોઇ, જેથી તે બહુજ અજબ થયો. બેહેને પોતાના ભાઇનાં નામનાં આવેલાં કાગળો ભાઇના હાથમાં હસીને મુકયાં. પણ સારે નસીબે તે ત્યાં ખોટી થઈજ નહિ. પેહલું કાગળ સીગીન્સ માટે વધારે અગતયનું હતું. તે લંડનથી તેના એક દોસ્ત તરફથી આવેલું હતું. તેમાં દશ હજાર પાઉન્ડ બે દિવસમાં ચોકસ કામમાં રોકવાની માંગણી કરવામાં આવી હતી અને તેની જોડેજોડ આથી કેટલો મોટો નફો મળશે તે એવી તો ખુલ્લી રીતે લંબાણથી સમજાવવામાં આવ્યું હતું કે લુચ્ચો સીગીન્સ ખરેખર તેથી લલચાઇજ ગયો; પણ દશ હજાર પાઉન્ડની રકમ બે દિવસ જેટલા ટુક અરસામાં પેદા કેમ કરવી તે તે સમજી શકયો નહિ. જોકે આ કરતાં ઘણી મોટી રકમનો તે માલેક હતો, પણ તે રકમ તો તેણે બાંધી મુદતે અત્યાર આગમચની રોકી દીધી હતી. દશ હજાર પાઉન્ડ રોકી મસ મોટો લાભ ગુમાવી દેવા જેવી હાલતમાં તેણે પોતાને જોવાથી તે પોતાની ઉપર બહુજ ચીરડાયો અને હવે કરવું કેમ તેના ખ્યાલમાં મસ્ત બન્યો. પણ આવી દયાજનક હાલતમાં તેને લાંબો વખત રહેવું પડયું નહિ. તે પોકારી ઉઠયોઃ—

"હા! બસ એજ વિચાર બરહક છે; અરસુલા ક્યાં જાણવાની છે કે મને તે ગુમ થયેલું પેકેટ લેડી ઓલ્ડકેસલની કબાટમાંથી મળી આવ્યુંછ."

તેની નજર પોતાનાં વાસકુતનાં પડમાં સીવી લીધેલાં પેકેટ તરફ દોડી. તે શા માટે તે પેકેટ ઉપર દશ હજાર પાઉન્ડ નહિ ઉભા કરે? આજે અને કાલેજ તે પેકેટ અરસુલા આગલ લઈ જવાનો કાંઇબી સબબ હતો નહિ. આવા વિચારથી તે લેડી ઓલ્ડકેસલ આગળ જવા તૈયાર થયો; અને તે તવંગર બાનુ તેને દશ હજાર પાઉન્ડની રકમ બક્ષેસ તરીકે આપે તો તેના બદલામાં તે તે પેકેટ યા તેમાંની વિગત ચોકસ મુદત સુધી અરસુલા, નીલ લાયન યા બીજાં કોઇની પણ જાણમાં લાવે નહિ. અગરજો લેડી ઓલ્ડકેસલ દશ હજાર પાઉન્ડ જેટલી રકમ આપવા સાફ ના પાડે તો તેણીએ ગઈ કાલે આપવા કહેલા સાત હજાર પાઉન્ડ પણ છેવટે કબુલ કરવા અને ત્રણ હજાર પાઉન્ડની રકમ જે તેની પાસે પુરાંતમાં હતી તે ઉમેરી પોતાનું કામ ચલાવવું. આથી બને એમ કે લેડી ઓલ્ડકેસલ તરફથી મોટી રકમ મલવા ઉપરાંત તેણીને તે પેકેટની બરકતથી પોતાની તરફ ખેંચેલી રાખવાને તે શક્તિવાન થાય. છેવટે એજ જુક્તિ ઉપર પોતાનું કામ કાહડી લેવાનો ઠરાવ કરી તરતજ તેણે લેડી ઓલ્ડકેસલ ઉપર એક ચીઠી ચિતરી કાહડી, જેમાં તેણે તેણીને કાંઈક અગત્યનાં કામ માટે મળવાની ખાહેશ જણાવી હતી; પણ થોડા વખતમાં નોકર પાછો આવ્યો. કેમકે તે બાનુ તો પોતાનાં ખાનગી કામ માટે લંડન તરફ નિકળી ગઈ હતી, અને આવતી કાલ સુધી ઓલ્ડકેસલ પાર્કમાં પાછી ફરનાર હતી નહિ. આથી જોકે તે લુચ્ચો વકીલ બહુજ નાઉમેદ થઇ ગયો, તોપણ એમ કરવા સિવાય બીજો કશો ઈલાજ હતો નહિ. બીજા દિવસ સુધી થોભવા સિવાય તેનો છુટક હતોજ નહિ.

આ વખતે મીસ લેવીનિયા ધસારાબંધ તેની આગળ આવી.

"ચારલ્સ! ચારલ્સ! ઉતાવળ કર! મી૦ કાર્તરાઇતને લકવો થઈ આવ્યોછ. દાકતરે તેને જીવવાની આશા છોડી દીધીછ. તને ત્યાંથી બોલાવવા નોકર ગાડી લઇ આવ્યોછ. નોકર કહેછ કે એક એક પળ સોનાનાં મુળની છે."

સીગીન્સને જવા વિના ચાલે એમ હતુંજ નહિ. મરવા પડેલો કાર્તરાઈત તેનો કુળ હતો અને તેને લીધે તે લુચ્ચા વકીલને સારી કમાઈ હતી. તેણે વિચાર્યું કે કદાચ વસિયતનામું કરવાની જરૂર પડેલી હોવી જોઇએ. તે તરતજ ઉઠયો અને કાર્તરાઇતનાં મકાન તરફ તેણે હંકારી મુકયું. તે ત્યાં પુગો ત્યારેજ તેને યાદ આવ્યું કે પેલાં કીંમતી પેકેટવાલું વાસકુત તે પોતાની પાછળ ભુલી આવ્યો હતો. જોકે તેને એટલો તો સધિયારો હતો કે તેણે પોતાને હાથે ઘણી સંભાળથી તે વાસકુત કબાટમાં મેલ્યું હતું, અને કબાટ પણ ખેંચી ખેંચીને તેણે બંધ કીધી હતી; જયારે કબાટની કુંચી તેણે પોતાનાં બિછાનાના તકિયા તળે તેટલીજ સાહુચેતી અને સંભાળથી સંતાડી હતી. વળી તેણે મોટો દિલાસો એ માની લીધો કે લેડી ઓલ્ડકેસલ ઓલ્ડકેસલ ખાતે હતી નહિ. તે તો ઓલ્ડકેસલથી દુર લંડન ખાતે ગઈ હતી, જેથી તેણીના કાવાદાવાથી તે પેકેટ ચોરાવા પામે એ નહિ બનવાજોગ હતું. ધારવા કરતાં સીગીન્સને કાર્તરાઇતનાં મકાનમાં વધુ વાર રોકાવું પડયું. આથી જોકે તેને ચટપટ તો ઘણીબી થઈ, પણ કરે શું? તે ત્યાં જઈ ગોયા ફસી પડયો હતો. તે જેમ તેમ પોતાનાં કુળનું કામ આટોપી અકરાયલો ઘભરાયલો જેવો પોતાનાં મકાન તરફ દોડયો કે લાગલો પોતાના સુવાના ઓરડામાં તે ધસ્યો ગયો.

બિછાનાના તકિયાની નીચે તેણે કબાટની ચાવી સલામત જોવાથી તેનો ગયેલો જીવ પાછો આવ્યો. તરતજ તેણે કબાટ ખોલી અને જે જગોએ તેણે તે વાસકુત મેલ્યું હતું તે જગોએ નજર કીધી તો નખોદ! તે ત્યાં હતું નહિ. સીગીન્સનો ચેહેરો ઉજળો વાખ બની ગયો. તેના ચેહેરા ઉપર લોહીનું એક ટીપું વટીક રહ્યું નહિ. તેણે ધ્રુજતા હાથે અને નિરાશીથી ધડકતાં હૈયાંએ આખી કબાટ ઉથલપાથલ કરી નાખી પણ પેલું વાસકુત મળે નહિ. તે લાગલો પોતાની બેહેન પાસે દોડયો, અને કબાટમાંનાં વાસકુત માટે તેણે ભાંગા તુટા શબ્દોમાં પોતાની બેહેનને પુછ્યું. લેવીનિયાએ જે ખુલાસો કીધો તેની મતલબ એવી હતી કે જુનાં કપડાંનો વેપારી જેનું નામ જોન કલિપ હતું અને જેને સીગીન્સ સારી રીતે ઓળખતો હતો તેને તેણીએ બીજાં કપડાં સાથે તે પુરાણું વાસકુત પણ વેચી નાખ્યું હતું. આ સાંભળતાંજ સીગીન્સ એક છેડાયલા વાઘની માફક ઉછળ્યો અને તેની બેહેન તેને અટકાવી આવાં જુનાં વાસકુત માટેના આટલા બધા ધભરાટ માટે કાંઇ પણ સવાલ કરે તે આગમચ તે ઓરડામાંથી ખરેખર દોડયો અને સારાં નસીબે તેનાં ઘરનાં બારણાં આગળજ એક ખાલી ભાડુતી ગાડી હતી, તેના હાંકનારને જેમ બને તેમ જલદી ગાડી હાંકવાનું કહી તેમાં કુદકો મારી ચહડી બેઠો. તેને સધિયારો એટલોજ હતો કે તેની બેહેને થોડાજ કલાકની આગમચ કપડાં વેચેલાં હોવાથી તે વાસકુત તેની દુકાનમાંજ હોવું જોઇએ, જેથી તે તેને પાછું હાથ લાગવા વિના રહેશે નહિ. જોન કલિપની દુકાન તેનાં મકાનથી ઝાઝી દુર નહિ હોવાથી સીગીન્સને દુકાન આગળ જઇ પુગતાં ઝાઝો વિલંબ લાગ્યો નહિ.

"મારી બેહેને તને થોડા કલાક આગમચ જે કપડાંઓ વેચ્યાં હતાં, તેમાં એક વાસકુતબી છે. ભલા જોન, તે મને પાછું આપ. મને તેની મોટી જરૂર છે. તું તેની જે કીમત માંગશે તે હું તને આપશ," સીગીન્સ દુકાનમાં વેર વિખેર પડેલા અસબાબ ઉપર નજર કરી કાલાવાલા કરતો બોલ્યો.

જોન પોતાની સામે ઉભેલા સીગીન્સની વિચિત્ર વર્તણુંકથી બહુજ અજબ થઈ બોલ્યો, "મી૦ સીગીન્સ, તમે પેલાં લાલ ફલાનેલનાં જેકેટ માટે બોલોછ કે?"

"હા! તેજ! મારા વાહલા મી૦ જોન, તેજ! તેજ! બસ તેજ! તેજ મારૂં વાહલું, પ્યારૂં વાસકુત, જે મારા હાથમાંથી ગુમ થયુંછ! ઓ! તે કયાં છે? મારી પાસે લાવ, હું તેને મારાં પેટમાં ચાંપી મારાં આ જળતાં જીગરને રાહત આપું."

સોલીસીતર સીગીન્સનાં આવાં બોલવાથી ગરીબડો જોન ઘભરાઇ ગયો. તેણે ખાતરીથી માન્યું કે સીગીન્સ કાકાનાં માથાંની આગરી કાંઇક ચકાસી હતી ખરી; કેમકે તેમ જો નહિ હોય તો એક જુનાં પુરાણાં વસ્ત્ર માટે આવી ફાટી ફાટી બકવા કરે નહિ.

"સાહેબ, હું ઘણોજ દલગીર છું કે તે વાસકુત અરધાજ કલાક આગમચ મેં એક સેલરને વેચ્યુંછ," પેલા જોને ખુલાસો કીધો.

"વેચી નાખ્યું? અરે તારૂં નખ્ખોદ જાયરે તારૂં!" સીગીન્સે ગગડાટ કીધો.

"હા, સાહેબ, હું ઘણો દલગીર છું કે—"

પણ જોન આગળ બોલી શકયો નહિ, કેમકે તેણે મોટી અજાયબિ અને ઘભરાટ વચ્ચે જોયું કે સીગીન્સનો જીવ બેચેન બની ફરી આવ્યો હતો. તે ઉજળો વાખ બની "ખુદા! ખુદા!" કરતો પાસેની બેઠક ઉપર ફસડાઇ પડયો હતો. જોન તો દીવાનાની પેઠે તેનું કાહું ભાપતોજ ઉભો. શું આ કામ મેહનત બરબાદ અને ગુનાહ લાજેમ જેવું નહિ બન્યું હતું? જોઇશું.

રેઝામન્ડ લોર્ડ ઓલ્ડકેસલની મુલાકાતે.

સીગીન્સને તુરત વેળા છોડી આપણે હવે બીજી તરફ નજર દોડાવ્યે.

દિવસ ઘણો ખુશનુમા હતો, પણ નીલ લાયનની માતા અરસુલાનાં મકાનમાં ગમગીની ફેલાઇ રહી હતી, શાન્ત ચુપકીદીનું રાજ ચાલતું હતું. એક નાના ઓરડામાંનાં બિછાના ઉપર કમબખ્ત રેઝામન્ડ ફ્લોયનો એકપુરો બેટો જે હાલમાં બે વર્ષની વય જેટલો હતો તે બીમાર પડેલો હતો. અરસુલા તે નિર્દોષ બાળકના ચેહેરા ઉપર વાંકી વળી તેનો છેવટનો દમ નિકળી જતો જોતી બેઠી હતી; જયારે બિછાનાની પાસે એક ખુરસી ઉપર વિલી એ ગમગીન ચેહેરે બેઠો હતો. એમાં તો કશો શક હતો નહિ કે કુદરત રેઝામન્ડ ઉપર ઓરબી રૂઠી હતી. તે છતે ખાવિન્દે ખાવિન્દ વિનાની તો બનેલી હતીજ, તેમાં તેણીના એકપુરા બેટાનાં સુખથી પણ બાકાત બનવાનો વખત નજદીક આવી લાગ્યો હતો. અરસુલા અને વીલિ એ સારી પેઠે સમજતાં હતાં કે અગરજો રેઝામન્દના બાળક-બેટા દેવીને કાંઇ બુરૂં થયું તો તેની કમનસીબ માતા તેની પાછળ જીવી શકવાની નથી. તેણીનાં દુ:ખનો ઘડો અત્યાર આગમચનો એટલો તો છળાછળ ભરાઈ ગયો હતો કે સેહેજ પણ તેમાં ઉમેરો થતાં તે ઉભરાઇ જાય જેથી તેણીનું મોત નિપજવા વિના રહે નહિ. આ દુખિત બનાવ ઝાઝો દુર હતો નહિ. દેવી જે પળ જાય છે તેમાં મોતને શરણ થવાની તૈયારીમાંજ હતો. વીલિ એને લાગ્યું કે ખુદાનો કેટલો ઉંધો ઈનસાફ હતો કે આફતમાં મરી રહેલી રેઝામન્દનેજ તેણે વધુ મારી હતી, દેવી જેવાં બુલબુલનેજ મોતે ગુલે ગુલજારમાંથી એકાએક ચુંટી કાહડયું હતું અને તેનાં માથાં ઉપર તે ભમતું રહ્યું હતું. તે નિર્દોષ બાળકના દિવસો ભરાઇ ચુકા હતા.

"વીલિ," અરસુલાએ દેવી ઉપરથી પોતાની નજર ફેરવી વીલિ તરફ જોઇ કહ્યું, "વીલિ, બીચારો દેવી મરેછ, જો, જો, તે છેલ્લો દમ લેયછ. એના બાપને એની ભયભરેલી હાલતની ખબર કરવી જોઇએ. ઓ ખુદા! બેટો મરે ને બાપ જાણવા નહિ પામે, એ તે કેવી બુરી સજા! કેવી બુરી કજા! ઓ વીલિ! એનો બાપ અહિંજ હોવો જોઇએ. અહિં નજદીકમાંજ કેથે હોવો જોઇએ. અરે! હું કેવું ઈચ્છુંછ કે રેઝામન્દને ખુદા સુદ્ધિ આપે અને પોતાના બદમાશ ખાવિન્દનું નામ જાહેર કરવાની તેને સારી બુદ્ધિ આપે!" અરસુલાએ ખરાં જીગરથી દુવા ચાહી.

"તે બદમાશની નજર આવાં ફુલ બચ્ચાં ઉપર પડે તે કરતાં બેહતર કે આ બચ્ચું પોતાની ઉપર તે શેતાનની નજર પડવા વિનાજ ફુલગુજાર થાય! પણ વારૂ, ડાકટર શું કહેછ?"

અરસુલાએ એક નિસાસો નાખી જવાબ દીધો, "એદેલીનની મેહરબાનીથી હમણાંજ એક બાહોશ તબીબ દેવીને તપાસી ગયો અને તેણે એની જીંદગીની આશા છોડીછ! તે સાફ—"

અરસુલા આગળ બોલી શકી નહિ, કેમકે કાનના બેહેર ફાડી નાખે એવી ચીચિઆરી સાંભળવાથી તેણીના ચેહેરા ઉપરનું લોહી ઉડી ગયું. વીલિ એ ગમે તેટલો હિમ્મતવાન હતો છતાં તેબી ઉજળો પુણી જેવો બની ગયો. તેઓ બંને રેઝામન્દના ઓરડા આગળ ધસ્યાં, કેમકે તેઓએ જાણી લીધું કે આ ભયંકર ચીચિઆરી કમબખ્ત રેઝામન્દનીજ હતી. તેઓને રેઝામન્દના ઓરડા સુધી પણ

જવાની જરૂર રહી નહિ; કેમકે તે ઓરડાની બાહેર થોડેક અંતરે દેવીની કમબખ્ત માતા રોઝામન્દ બેસુદ્ધ થઇ તુટી પડી હતી. તેઓ બંનેને ચેતી જતાં વિલંબ લાગ્યો નહિ કે રોઝામન્દ દેવીનાં બિછાના આગગ આવતાં આવતાં અરસુલા અને વીલિ વચ્ચે તેણીના બેટા માટે થતી વાતચિત પોતાને કાને પડવાથી એકાએક અચકીને ઉભી રહી ગયલી હોવી જોઇએ, અને એદેલીને મોકલેલા બાહોશ તબીબે આપેલો અભિપ્રાય તેણીએ અરસુલાનાં મોહડેથી સાંભળેલો હોવો જોઇએ, જેનાં પરિણામમાં હાલ તેણી અવાચક બની ગઈ હતી.

અરસુલાએ વીલિ એની મદદથી રોઝામન્દને ફુલની માફક ઉચકી બીજા ઓરડામાં એક બિછાના ઉપર સુવાડી, અને તબીબની મદદ આવી પુગે તે આગમચ ઘટતી સારવાર ચાલુ કીધી. તેણીને સુદ્ધિમાં આવતાં લગભગ એક કલાક વહિ ગયો, જે પછી તબીબે તેણીને કોઈબી જાતના ભયથી મોકળી જણાવી, તેણીને જેમ બને તેમ આરામ લેવાની તાકીદ કીધી. આથી અરસુલા અને વીલિ એ વિગેરે વગે સગે થઈ ગયાં, અને આવી રીતે રોઝામન્દ એકલી પડી. જોકે તબીબે તેણીને આરામથી અને શાન્તીથી પોઢવાનીજ ભલામણ કીધી હતી અને એમ કરવાને બની આવે તે માટે તેણીને કેફની દવા વટીક આપવામાં આવી હતી, પણ નિંદ્રા દેવી તેની જબરી દુશમન થઇ લાગી હતી. તેણીએ પોતાના બેટાની ભયભરેલી માંદગીની કેફિયત અરસુલાને મોહડેથી કાનેકાન સાંભળી હતી ત્યારથી તે બાપડીના ગમનો પાર હતો નહિ. જ્યારથી દેવીનાં આવતાં મોતની બીના તેણીના કાને આવી હતી ત્યારથી તેણીનું માથું ફાટી જતું તેણીને લાગ્યું. તે પોતાનાં બિછાના ઉપર ફાટ ફાટ થતાં પોતાનાં માથાંને પોતાના હાથનો ટેકો આપી વમાસનમાં બેઠી.

તે એક જોવાજોગ ચિત્ર હતું. ઉંડા વિચારમાં લીન થયલી તે ખુબસુરતી બાહોશ ચિતારાની અનુભવી પિછિને ઇંચે ઇંચ લાયક હતી. તે પોતાના ખ્યાલોમાં એટલી બધી તો મસ્ત બની હતી કે પોતાની પાછળ આવી ઉભેલી અરસુલાની હાજરી વટીક તેણી જોઇ શકી નહિ. અરસુલા રોઝામન્દને બિછાના ઉપર બેભાન પડેલી જોવાની આશાથીજ ધીમે કદમે દાખલ થઇ હતી; પણ તેમ જોવાને બદલે તેણીએ તેને બિછાના ઉપર ઉઠી બેઠેલી જોઈ—અને તેબી વિચારમાં---ત્યારે તેણીની અજાયબિનો પાર રહ્યો નહિ. તે દુરથી રોઝામન્દને જોતીજ ઉભી; કેમકે તે દુઃખી સ્ત્રી શું કરે છે તે તપાસવાની જીજ્ઞાસાને કોઈપણ રવેસે તે બાનુ દાબી શકી નહિ.

તેણીએ શું જોયું? રોઝામન્દ વિચારના તલેસમમાંથી ફારેગ થઈ જાણે કાંઈ મંદવાડ હોયજ નહિ તેમ બિછાના ઉપરથી કુદકો મારી ઉઠી અને એક સાદો ઝભો પેહરી લઇ ઓરડામાંથી બાહેર નિકળી પડી. અરસુલા આ અજબ જેવો દેખાવ જોઇ ખરેખર ઘભરાઈ. તેણીએ ખાતરીથી માની લીધું કે રોઝામન્દ મગ્જથી બેમગ્જ બની હતી.

"રોઝામન્દ, તું કયાં જાયછ? હું તને જવા દેનાર નથી. તારી તબિયત ઠીક નથી. ડાકટરે તને બાહર જવા દેવા સાફ ના પાડીછ," અરસુલાએ રોઝામન્દને અટકાવી કહ્યું.

"માતા અરસુલા! હું મારા ખાવિન્દને મલવા જાઉંછ, હું મારા મરતા દેવીના બાપને તેડવા જાઉંછ! ખુદા ખાતર, મને અટકાવો ના! મને નાહક સતાવો ના!"

"પણ તારા ખાવિન્દની યાદ તો તારી મગ્જશક્તિમાંથી સદંતર નિકળી ગઇ હતી?" રોઝામન્દને આગલી યાદની સુદ્ધિમાં આવેલી જોઇ અજબ થઈ અરસુલા બોલી.

"હા, પણ મને હવે તે સઘળું યાદ આવેછ. હું જોઉંછ કે હમણાં સુધી મારૂં મગ્જ ઠેકાણે નહિ હતું, પણ હવે તે ઠેકાણે આયુંછ! માતા, હું જાઉંછ, તે જુલમગાર આગળ હું જાઉંછ અને તેને—"

અરસુલાએ આગળ બોલતાં અટકાવી તેને કહ્યું, "પણ રોઝામન્દ, મને તે બદમાશનું નામ તો કેહ!"

"નહિ, માતા, તે મને માફ કરો! હું તે હમણાં કહીશ નહિ. આજે મારે તેની આગળ જવુંજ જોઇએ અને મારે તેને છેલ્લી ચેતવણી આપવીજ જોઇએ. જોઉંછ તે મને આજે શો જવાબ દેયછ?"

રોઝામન્દ વધુ બોલી નહિ. તે અરસુલાને કાંઇ પણ વધુ જવાબ આપવા વિના અરસુલા તેને અટકાવે તે આગમચ વિજળીક ઝડપે તે ઓરડો છોડી ગઈ. અરસુલા પોતાનું ડાચું વલ્લું કરીને તેણીને જોતીજ ઉભી. રોઝામન્દની ગુમ થયલી યાદદાસ્તશક્તિ માટે બાહોશ તબીબોએ એવું મત આપ્યું હતું કે જેમ રોઝામન્દે પોતાની ઉપર એકાએક આવી પડેલી આફતના જખમથી પોતાની યાદદાસ્ત શક્તિ ગુમાવી દીધી હતી, તેવીજ કિસમે યાને તેવીજ બીજી આફતના ફટકાથી તે બાનુ પોતાની ગુમ થયલી યાદદાસ્તશક્તિ પાછી મેળવી શકશે. આબાદ તે મત આજે અરસુલાએ ખરૂં પડેલું જોયું. પોતાના બેટાનાં આવતાં મોતનો ફટકો કાંઇ થોડો જાલમ હતો નહિ. આ ફટકાની કેફિયત તેણીએ અરસુલાનાં મોહડેથી સાંભળતાંજ તેની ગુમ થયલી યાદદાસ્તશક્તિ પાછી આવી હોય એમ અરસુલાએ પુર ભરોસાથી માની લીધું.

અરસુલા પોતાના બંને હાથો આસમાન તરફ ઉંચા કરી બોલી, "ખુદા! ખુદા! આ તારી કેવી કરામત! આ તારી કેવી કુદરત! ખરેખર તું કરે તે કોઈ નહિ કરે!"

રોદ્રીક અને રોઝામન્દ.

રોઝામન્દ ગઇ. વિજળીક ઝડપે અરસુલાનું મકાન તે દુઃખી બાનુ છોડી ગઇ. તેણીએ ઓલ્દકેસલ પાર્ક તરફનો રસ્તો લીધો, અને ઝડપી ચાલથી તે છેટો કાપ્યો. તે જયારે ઓલ્દકેસલ પાર્કના કુશાદે કંપાઉન્દમાં દાખલ થઇ ત્યારે એક નોકર તરફથી માલમ પડયું કે લોર્ડ ઓલ્દકેસલ મકાનમાંજ હતો. તે અત્યાર સુધી બીમાર હતો, પણ હમણાં હમણાં તેની તબિયત સુધરતી જતી હતી. તેણીને વળી તેજ નોકર તરફથી વધુ ખબર મલી હતી કે તે ઉમરાવ કેટલાક દિવસો સુધી પોતાના ખાનગી ઓરડામાંજ બીમારીને લીધે એકાંતમાં પડી રહ્યો હતો, જયાં તેની માતા સિવાય કોઇથી પણ દાખલ થવાઈ શકાતું હતું નહિ.

ગમે તે હોય, પણ રોઝામન્દને તો આ ખબર કાંઈક આવકારદાયક માલમ પડી. તે બાનુ હિમ્મતથી મકાનમાં દાખલ થઇ. સારાં નસીબે તેણીને અંદર દાખલ થતી અટકાવવાને કોઈ નોકર હાજર હતો નહિ. તે બેધડક લાયબ્રેરીવાલા ઓરડામાં ચાલી ગઈ. તેણીએ લોર્ડ ઓલ્દકેસલને ત્યાં જોવાની આશા રાખી હતી પણ તે ત્યાં હતો નહિ. આથી તેણીએ આગળ ચાલવા માંડયું; કેમકે બુતનું ઠેકાણું કયા પીપળા તળે હતું તે તે સારી પેઠે જાણતી હતી. સારાં નસીબે ત્યાં

પણ તેણીને અટકાવનાર કોઇ નિકળ્યું નહિ. વળી દરવાજો પણ અળગોજ હતો. તેણીએ ગુસ્સાના આવેશમાં અળગાં બારણાં મોટાં જોશ સહિત ઉઘાડી નાખ્યાં, અને ધીમાં પણ મજબુત કદમે ત્યાં દાખલ થઇ. બારણાંના ધડાકાથી લોર્ડ ઓલ્ડકેસલ જે એક ઇઝીચેર ઉપર લેટેલો હતો તે એકદમ ભડકી ઉઠયો. તેણે પાછળ ફરી જોયું તો એક ઓરતને પોતાની આગળ ધીમાં કદમે આવતી જોઇ. આ કોણ સ્ત્રી હતી તે જોવાને અને તે શું માંગતી હતી તે જાણવાને તે પોતાની બેઠક ઉપરથી ઉછળી ઉઠયો, અને પોતાની સામે આવી ઉભેલી નવજવાન સ્ત્રીને ડોળા ફાડી ફાડી જોવા લાગ્યો. તે દુનિયાના ખાધેલે એકજ ઝપાટે જોઇ લીધું કે તે સ્ત્રી ગરીબ વર્ગની હતી અને કંગાળિયતમાં પોતાના દિવસો પસાર કરતી હતી. પણ ગરીબાઇમાં ઉધરવા છતાં કુદરતની કરામતી પિછિએ તેણીના ચેહેરાને એવો તો દિલકશ ચિતાર્યો હતો કે સતવંતા સાધુનું સત પણ તે એકબારગી ભુલાવી દેય. પણ તેની જોડેજોડ તેણે એ પણ જોઇ લીધું કે તેણીની ખુબસુરતીની આગલી મોહિનીનાં આબ ઉપર ગમ અને ગરીબાઇનો કાળાસ ફરી વળ્યો હતો; સુખ અને સંતોષનો સેતારો નાશ પામ્યો હતો. તેણીની જવાની આફતના આતશથી બળી ભસ્મ થઇ ગઇ હતી. આવી સ્ત્રીને પોતાના ખાનગી ઓરડામાં વગર રજાએ બેધડક, બાહિમ્મતથી ધુસી આવેલી જોતાંજ તેણે તિરસ્કારથી પોતાનાં નાકનું ટીચકું ચહડાવ્યું, અને ગુસ્સાથી ભવાં ચહડાવી તે બોલ્યો:—

"કેમ એ ઓરત, તું અહિં શું માંગેછ?"

રોઝામન્દ જાણતી ન હતી કે આ પ્રમાણેના તુચ્છકાર ભરેલા શબ્દો ઓચરનાર તેને ફસાવનાર જુલિયન નહિ, પણ તેનો જોડિયો ભાઈ રોદ્રીક હતો. આટલા માટે આ સવાલથી તેણીનો ગુસ્સો માયો સમાયો ગયો નહિ. તેણીનું હૈયું એવું તો ભરાઇ આવ્યું કે તેણીના હલકમાંથી એક પણ હરફ બાહર નિકળી શકયો નહિ. તેણીને લાગ્યું કે તેણીનો દમ ગુંગળાતો હતો. એ શું હતું? એ શું બેહદ ગુસ્સાની નિશાની હતી? તે કમબખ્ત સ્ત્રી રોદ્રીક સામે ગુસ્સાની દેવીની તરેહ ડોળા ધુરકતીજ ઉભી. તેણીના ડોળા બળતી મસાલની પેઠે ઝળકી રહ્યા હતા. તેણીનાં કપાળ ઉપરની નસો દોરડાંની માફક ખેંચાઇ રહી હતી. તેણીએ દુઃખની અસહ્ય લાગણીથી દાંત ઉપર દાંત અને હોઠ ઉપર હોઠ ચહડાવી દીધા હતા. તેણીના ચેહેરા ઉપરથી લોહીનું એકેએક ટીપું ઉડી ગયું હતું. તે જીવતી કરતાં મુવેલી સ્ત્રીને વધારે મળતી આવતી હતી. તેણીને પુતળાંની માફક સ્થિર—હાલ્યા ચાલ્યા વિના— ઉભેલી જોતાં રોદ્રીકનાં તન બદનમાં જવાળા સળગવાનો શરૂ થયો. તે એક વાર ફરીથી ગુસ્સાના આવેશમાં આવી બોલ્યો, "અય ઓરત, હું કહુંછ તે તું સાંભળેછ કે નહિ? તું અહિં કોણની રજાથી આવી? શી સત્તાથી આવી? ચાલ, પાછી ફર! નહિ તો તને મારા નોકર પાસે ધક્કા મરાવી બાહર કાહડશ. તું છે કોણ?"

"હું કોણ છું?" રોઝામન્દ નાઉમેદી અને ગુસ્સાની અગ્નિના તાપથી બોલી, "હું કોણ છું, તે તું જાણતો નથી? અરે! અરે! હું મારાં દુઃખમાં એટલી બધી બદલાઈ ગઇછ કે તુંબી મને પિછાની શકતો નથી? હું તારી કંગાળ, કમબખ્ત અને લાચાર ઓરત છું, જુલિયન! તારી હકદાર પરણેતર રોઝામન્દ છું."

"પરણેતર! ઓરત! હું તારો ખાવિન્દ!" લોર્ડ ઓલ્ડકેસલ પોતાનાં મન સાથે બોલવા ગયો, પણ તેનેથી એટલું તો મોટેથી બોલાઈ જવાયું કે તે એકેએક શબ્દ રોઝામન્દ પોતાનાં ધુમતાં મગ્જ છતાં સાંભળી શકી હતી.

"તું જેબી હોય તે, પણ ખુદા ખાતર, તું અહિંથી જા! આ જગા છોડી જા!" રોદ્રીકે ખરો ભેદ મનમાં તુરત ચેતી જઇને ઓળખાઇ આવવાની ધાસ્તીને લીધે પોતાનો ચેહેરો ફેરવી લઈ કાંઇક કચવાટ અને ખિજવાટના ભેળથી કહ્યું. તેણે જોકે પોતાના કુદરતી અવાજને છુપાવી પોતાના નાના ભાઇ જુલિયનના જેવો અવાજ કાહડવાને બનતી કોશેશ કીધી હતી, તોપણ રોઝામન્દને લાગ્યું કે લોર્ડ ઓલ્ડકેસલના ચેહેરામાં તેની માંદગીથી સેહેજ ફેરફાર થવા પામ્યો હતો, એટલુંજ નહિ, પણ તેના અવાજમાં પણ દેખીતો તફાવત માલમ પડી આવતો હતો. પણ તેણીને આ સઘળાંની થોડીજ દરકાર હતી. તેણીએ મોટા ખેદ વચ્ચે જોયું કે તેના ચેહેરા અને તેના અવાજના ફેરફારની જોડેજોડ તેણીની તરફની વર્તણુકમાં પણ દેખઇતો ફર્ક પડયો હતો.

તેણીને હજી ઉભેલી જોતાં રોદ્રીક વધુ ગુસ્સાથી બોલ્યો, "એમ દીવાનીની પેઠે મારા ચેહેરા તરફ ટીકી ટીકીને શું જોયા કરેછ? હું તારી ચાલચલણ કરતાં વધુ અજબ એટલાં માટે છું કે તું મારા ઓરડામાં નોકરોને સખ્ત તાકીદ છતાં કેવી રીતે ઘુસવા પામી! જા! બાઇ, તું અહિંથી જા! ખુદા ખાતર જા!"

"જુલિયન!" તે કંગાળ ઓરત પોતાના પતલા, દુર્બળ હાથો લાચાર બનેલી સ્થિતિમાં અરજ કરતી હોય તે ઢબે લાંબા કરી બેઠેલા સાદે બોલી, "જુલિયન! એટલો ઘાતકી ના બન! હું તારી હકદાર પરણેતર, તેની ઉપર આવો સેતમ, આવો જુલમ! જુલિયન! હું જોકે હાલમાં ગરીબ, લાચાર ઓરત છું તોપણ એક વખ્ત એવો હતો કે તું મને ચાહતો હતો, અને આજે જાલીમ! મારાં ગળાં ઉપર છુરી ફેરવી હું કેમ તડફડયાં મારૂંછ તેનો તું તમાશો જોયછ? મારા જખમ ઉપર નિમક છાંટી તેથી ઉપજતી અગનની મઝાહ મેલવેછ? બોલ, બેસબબ સતાવવા તેં શા માટે બાંધીછ કમ્મર? કોણ આગળ જઈ કરૂં તારી ફરિયાદ, સેતમગર? જુલિયન! સમજ અને ધુજ કે તારો બેટો દેવી મરેછ! તે આ જેહાનમાં હવે થોડાજ દિવસનો પરોણો છે. તે તને 'પપા! પપા!' ના મિઠાં નામથી પોકારવાને કેવો આતુર છે! જુલિયન! મારા તે એકના એક આધાર ને તારાં એકનાં એક ફરજંદને તારી પથ્થર સમાન છાતીએ દાબ ને પછી જો કે તે કેવી મોમ મિસાલ બનેછ? અરે જુલિયન! જો! જો! તારી આવી બેરેહેમ ચાલથી આસમાનબી રડેછ! તેબી ગમનાં આસુંઓ પાડેછ."

તે દુ:ખી સ્ત્રીથી આગળ બોલી શકાયું નહિ; તેણીનું નાજુક હૈયું ભરાઇ આવ્યું. તે લાચાર બની ફેકેફેક રડી પડી.

રોઝામન્દનાં ડચકાંના અવાજ સિવાય તે ઓરડામાં ચોપાસ શાન્ત ચુપકીદી ફેલાયલી હતી. આખરે આ ચુપકીદી તે અભાગણી સ્ત્રીએજ તોડી.

"જુલિયન, તારાં મરતાં બાળકના ગાલ ઉપર મોતનો ફરેસ્તો ચુંબન કરે તે આગમચ તું તે નિર્દોષ બાળકને ચુંબન કરી તેને તારાં પેટમાં દાબ! તું મારી સાથે આવ! જુલિયન, અગરજો મારા ખાવિન્દ તરીકે તું જાહેરમાં આવવાને બીહતો યા શરમાતો હોય, તો મને તે પાક પરવરદેગારના સોગંદ છે કે હું તને મરતાંબી તેમ જાહેર કરીશ નહિ. જેમ એદેલીન અરસુલાને મળવા આવી હતી તેમ તુંબી દયાથી દોરવાઇ ત્યાં ચાલી આવેલો કહેવાશે. ચાલ, જુલિયન! મારી સાથે ખુદા ખાતર ચાલ!" આટલું બોલી તેણીએ રોદ્રીકનો હાથ પોતાના હાથમાં પકડયો, જે રોદ્રીકે મોટા ધિક્કાર સહિત ઝુટવી લીધો.

"અય દીવાની ઓરત! તેં તારી આ ચાલથી મારાં જીગરમાં લાહે લગાડીછ, તેનો તને કાંઈ ખ્યાલ છે?" રોદ્રીકે ડોળા કકડાવી ગુસ્સાથી જવાબ દીધો.

"અને અય જાલીમ! તારી બદમાશીની ચિંગારીએ મારાં સારાં તન બદનમાં એવી તો આગ સલગાવીછ, કે તેના તાપથી હું રાત દિવસ જળી મરૂંછ તે કાંઇ તું જાણેછ?" રેઝામન્દ એવા તો ગુસ્સા સહિત બોલી કે રોદ્રીક વટીક બે પળ ઠસ થઈ ગયો. તેણે ઘણું ઇચ્છયું કે પગે વળગેલી આ નવી બલા હવે દુર થાય તો સારૂં. અગરજો તે નહિજ દુર થાય તો તેને જબરીથી દુર કરવાની મોટી જરૂર હતી, કેમકે તેણે લેડી ઓલ્દકેસલને પોતાના ખાનગી ઓરડામાં બોલાવી હતી. પણ તેણીને કેમ દુર કરવી? તેણે લગાર વધુ ગુસ્સાથી પોકાર કીધો, "અય ઓરત! તું દીવાની છે કે છાકટ છે? તું શું બોલેછ તેનો તને કાંઈ ખ્યાલ છે? નિકલ, કાળું કર; તને શું ખબર નથી કે મારી પાસે તલવાર મૌજુદ છે?" રોદ્રીકે એટલું બોલી તે દુ:ખી સ્ત્રીને ધભરાવા માટે નજદીકનાં એક ખુણાંમાંથી એક તલવાર ખેંચી કાહડી. તલવાર જોતાંજ રેઝામન્દ મોટેથી હસી પડી બોલી, "અરે હિચકારા, મારા જેવી એક નાતવાન, નબળી, નાચાર નારને ડરાવા તારી પાસે તલવાર મૌજુદ છે, તો ઓ સેતમગર શેતાન! મારી પાસે મારી ગરદન હાજર છે." તરતજ તે દુ:ખી નાર ગરદન ઝુંકાવી રોદ્રીકના પગ આગળ ધુંટણિયે પડી બોલી, "ઓ! જુલિયન! જુલિયન! અગરજો તારાં જીગરમાં દયાનું એક પણ ટીપું હોય તો તારી તલવાર મારી ગરદન ઉપર ચલાવ! ખુદા ખાતર જલદી કર, મને નાહક ના તરસાવ, ના જળાવ, ના સતાવ!"

"અરે દીવાની, એથી તો તારી કબર મારા પગ આગલ બનશે, તેનો કાંઇ તને ડર છે?" રોદ્રીક આ કંગાળ નારની હિમ્મતથી છેકજ આજેઝ થઈ બોલ્યો.

રેઝામન્દ આ સાંભળતાંજ ગુસ્સાથી ઉછલી બોલી, "અહેમક! તને શું ખબર નથી કે બુલબુલની કબર ગુલેગુલજારમાં બનેછ, માશુકોની કબર આશકોનાં જાનો જીગરમાં બનેછ!"

આ બોલતાં રેઝામન્દનો ચેહેરો તેણીની રાસ્તીની રોશનીથી એવો તો ખીલી નિકળ્યો કે રોદ્રીકે વટીક જોયું, કે તેણી સામે ઉભેલું પુતલું પ્યાર કરવા લાયકનુંજ હતું, બલ્કે પુંજા કરવા લાયકનું હતું. પણ હાલમાં તેની હાલત એવી તો કફોડી બની હતી કે મોહબત અને પ્યારનો ખ્યાલ કરવાનો તેનો વખત હતો નહિ. આથી તે રેઝમન્દની જાણે દયા ખાતો હોય તેવી ઢબે બોલ્યો, "અરે કંગાળ, તારા જેવી ઓરત માટે પ્યાર અને મોહબત છેજ નહિ. તું તારા આશકને ચાહવાનો ખ્યાલ છોડી દે. આવા ગાંડા ઘેલા પ્યાર ઉપર ખુદાનો માર પડજો!"

"અરે નાદાન! પ્યાર તો સંસારી સાગરના તોફાની મોજાઓ પાર કરવાની નિશાન છે, મોહબત, મોક્ષની અનુપમ લિલા દેખાડનારૂં વૈમાન છે. સાચી મોહબતને નહિ પિછાનનારાઓ શેતાનના ગોલામ છે."

પણ રેઝામન્દની તકરાર સાંભળવાનો વખત હતો નહિ. લેડી ઓલ્દકેસલના આવવાનો વખત થયો હતો, જેથી રોદ્રીક તેણીને જેમ બને તેમ જલદીથી ખેરવી દેવાને એક પગે બન્યો હતો. જોકે રેઝામન્દની મોહબત માટે તે બહુજ અજબ થયો હતો તોપણ તેણીને દુર કરવા વિના બીજો કશો ઈલાજ હતો નહિ. તેણે રેઝામન્દના કાલાવાલા, મિન્નતજારી અને તેણીનાં પગપાણીની કશી દરકાર કીધી નહિ. જોકે તેથી તેની ઉપર અસર તો થવા પામી હતી પણ તે કરે શું?

તે કાંઇ જુલિયન નહિ હતો. તે તો રોદ્રીક હતો, દોરાનો હકદાર ખાવિન્દ હતો, જેને દુનિયા મુવેલો ધારતી હતી, ઘોરમાં સુતેલો માનતી હતી. તેને તો આ જેહાનની રંગભુમી ઉપર જુલિયનનો ભાગ ભજવી બતાવવાનો હતો. તેણે ઘણું ઇચ્છયું કે રોઝામન્દ જેવી બલાને દુર કરવા માટે તે પોતે રોદ્રીક તરીકે જાહેર થાય, પણ એમ કરવાથી તેની નેમ ઉંધી વળી જતી હતી, અને જે સબબથી તે પોતાના નાના ભાઇને દુર કરી તેની જગો ઉપર ચહડી બેઠો હતો તે સબબ જમીનદોસ્ત થતો હતો. આથી રોઝામન્દ આગળ જુલિયનનાંજ સ્વરૂપનો ઢોંગ ચાલુ રાખવાનું ડાહપણ જોઈ તે એકદમ પોકારી ઉઠયો, "અય ઓરત! તું જા! અહિંથી જા! તારો છોકરો મરે કે જીવે તેની સાથે મને કાંઇપણ સ્નાનસુતક નથી. જા, ઓ હઠીલી ઓરત જા! મારૂં નાહક સર ના ખા!"

નાસિપાસી અને લાચારીથી તે દુ:ખી સ્ત્રીએ નાઉમેદ બની પોતાના બંને હાથો જોડી નાખ્યા અને અસહ્ય દુ:ખના બોજાથી કચડાઇ તે ગળગળતા સાદે પોતાનાં દિલને કહેતી હોય તે ઢબે, પણ રોદ્રીક સાંભળે તેમ બોલી:—

"અય બેસબર દિલ! તું કોણ બેકદરની સુરત ઉપર દીવાનું બની ગયું? કયા તન મન જળાવનારા ચેરાગનું પરવાનું બની ગયું?"

આટલું બોલતાં તેણીની આંખોમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં, અને રોદ્રીક તરફ એક નજર વટીક કરવા વિના ગુપચુપ તે ઓરડો છોડી ગઈ. તે ગઈ. રોદ્રીકે જોયું કે ઓલ્દકેસલ પાર્કનો મોટો કંપાઉન્દ તે ઓરત નીચી મુડીએ છોડી ગઈ હતી. આથી તે પોતાની બેઠક ઉપર બેઠો. તેના ચેહેરા ઉપર, રોઝામન્દના જવાથી ખુશીને બદલે ગમીનો છાપ પ્રગટી નિકળ્યો, કેમકે તે કમબખ્તત, લાચાર ઓરત માટે તેને હદથી જયાદા લાગી આવ્યું હતું. આથી તે પોતાનાં મન સાથે પણ લગાર મોટેથી નાઉમેદીની ધુંઇમાં પોકારી ઉઠયો:—

"અફસોસ! અફસોસ! હું દુનિયાના હવસ ઉપર લોભાયો, પણ તેના બદ અંજામ ઉપર ઝાંખી નજર વટીક કીધી નહિ. મારી સારી ઉમ્ર ગફલતીમાંજ ગઇ."

પણ એટલામાં મોટેથી હસવાનો અવાજ તેના કાને અથડયો. તેણે પાછળ ફરી જોયું તો આપણો પુરાણો દોસ્ત ગંગાદાસ તેની નજરે પડયો.

રોદ્રીક અને ગંગાદાસ.

તે ગંગાદાસ હતો; જુલિયનનો પેલો બદમાશ હિન્દી નોકર હતો. એક બલાના દફે થવા સાથ બીજી બલાને દાખલ થતી જોઈ રોદ્રીક હાથ ઉપર હાથ અફાળવા લાગ્યો. "તું કોણ છે?" રોદ્રીકે ગગડાટ કીધો.

"હું તમારો તાબેદાર નોકર ગંગાદાસ છું. હું બહુજ ઉદાસ છું, કેમકે બીમારીએ તમો શેઠ ઉપર એટલી બધી તો માઠી અસર ઉપજાવેલી લાગેછ કે તમે તમારા નિમકહલાલ ગંગાદાસનેબી હવે પિછાની શકતા નથી?" ગંગાદાસે પોતાના શેઠને માથાંથી પગ સુધી નિહાળી જવાબ દીધો.

"તું જુલિયનનો, અરે ભુલ્યો, મારો નોકર ને તારા શેઠ સાથે આવી વાત? પણ ખેર, તું મારી રજા વગર અહિં કેમ આવ્યો?" રોદ્રીકે નોકરની નાલાયક ચાલથી વધુ ગુસ્સે થઇ સવાલ કીધો.

ગુસ્સામાં પુછેલા આ સવાલના જવાબમાં ગંગાદાસ એક વાર ફરીથી હસી પડી બોલ્યો, "ભુલ્યા, શેઠ તમે ભુલ્યા! તમારી નાદરૂસ્ત તબિયતથી તમારી યાદદાસ્ત શક્તિમાં પણ મોટી ખલલ પડી દેખું! મને તો સાહેબનું ફરમાન છે કે હું ગમે તે વખતે અને જયાંખી તમો હોવો ત્યાં તમારી રજા વિના યાહોમ દાખલ થઇ શકું."

રોદ્રીકે જોયું કે આ હિન્દી નોકરના હાથ ઉપર જુલિયન ફસેલો, બલ્કે વેચાયલો હોવો જોઇએ; તે કેમ તે જાણવા તે અધીરો બની ગયો. પણ પોતે ઓળખાઈ નહિ આવે તે માટે તે જાણવા માટેની જીજ્ઞાસા દાબી રાખવા વિના બીજો છુટક હતોજ નહિ, કેમકે ગંગાદાસની નજરમાં ઓળખાઇ આવવાની તેને મોટી ધાસ્તી હતી. ગંગાદાસને ગમગીન બની વિચારોમાં લીન થયલો જોઇ રોદ્રીકે કાંઇક થંડો પડી પુછયું, "ખેર, પણ તું શું વિચારમાં છે તે તો મને કેહ?"

ગંગાદાસે પોતાનો જમણો કાન એવાં તો જોશ સહિત ધવડયો કે બોય જાણે તેમાંથી લોહી નિકળે. તેણે દયામણું જેવું મોહડું કરી જવાબ દીધો, "સાહેબ! વાત ઘણી તોછડી છે. મને ધાસ્તી છે કે રખેને તમારી યાદદાસ્તશક્તિ ભુલવા સાથે મને પેલી મોટી રકમ આપવાની કબુલાત પણ તમો ભુલી ગયા હોવ! મને તે રકમની હાલ ઘણીજ જરૂર છે. તે મને આજેજ જોઇશે, બલ્કે હમણાંજ જોઇશે. તે ઝટપટ તોલી દેશો તો ઠીકા ઠીક છે, નહિ તો મારી ધીરજનો ખજાનો ખુટયો, ગંગાદાસ કુટયો તો એમજ જાણજો, મારા શેઠ, કે ઇશ્વર તમારી ઉપર રૂઠયો."

રોદ્રીક ઘભરાયો. તેણે જોયું કે આ કમબખ્ત તો નોકર તરીકે નહિ આવ્યો હતો, પણ શેઠનો શેઠ થઇને આવ્યો હતો.' તેને સમજી જતાં વિલંબ લાગ્યો નહિ કે તેના નાના ભાઇ જુલિયન અને આ હિન્દી નોકર વચ્ચે કાંઇ જબરો ભેદ હસ્તી ધરાવતો હતો. પણ તે ભેદ શો હતો! જેટલું રોઝામન્દથી નહિ તેટલું આ નીચ, પાજી નોકરથી તેને ડરવાનું હતું. તોપણ આવાં હલકાં માણસના આ પ્રમાણે બોલવાથી રોદ્રીકના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તેણે તેની સાથે સુક્કા દમ અને દમામથીજ કામ લેવાનો ઠરાવ કીધો.

"કેમ રે એઈ બદલગામ, ગોલામ! વળી છેકજ ટેટેં કરવા માંડી કે? મેં તને મારા વિશ્વાસમાં લીધો તેનો આ બદલો કે?"

"સાહેબ, એ તો કાયદોજ છે કે નોકર થોડું બોલે તો કેહશે મુર્ખ છે, બહુ બોલે તો કેહશે બકબકિયો છે, શેઠનો ઠપકો સાંખી જાય તો કેહશે હિચકારો છે, અને જરા રતિ જવાબ દેય તો કેહશે બદલગામ છે. સાહેબ! મને માફ કરો, મને તમારી નોકરી જોઇતી નથી. તમારી નોકરીમાં હું બદચલણ બન્યો, બુરો બન્યો, જબુની બન્યો અને છેવટે ખુની પણ બન્યો."

"ચુપ! ચુપ!" રોદ્રીક બંને હાથે ગંગાદાસનું મોહડું દાબતાં પોકારી ઉઠયો, "મુંગો મર નાદાન! હું તને મારી નોકરી ઉપરથી કદી પણ જવા દેવાનો નથી. તું તો મારો નિમકહલાલ નોકર છે. બોલ, તું મને શું કેહેછ?"

"હું તમોને એટલુંજ કેહુંછ કે જ્યારે હું નિમકહલાલ નોકર છું, ત્યારે તમે મારા નિમકહરામ શેઠ છેઓ. તેમ જો નહિ હોતે તો મારાં નાણાં તમે તમારી કબુલાત મુજબ અત્યાર અગાઉ તોલી દીધાં હોતે!"

"હા, પણ હું લાચાર છું. મારી હાલત હમણાં બુરી છે. તારે મને આવી હાલતમાં સતાવવો જોઇતો નથી, પણ બમણી બલ્કે ચોગણી મદદ કરવી જોઇએ છે."

"સાહેબ! એખરાનાં બી વાવી કસ્તુરીની આશા રાખવી એ અહેમકનું કામ છે."

"અફસોસ! કે હું ચોતરફથી ઘેરાઈ ગયોછ. દુનિયાના કાવાદાવાથી ખિરાઇ ફસાઇ ગયોછ."

"એ તો સાહેબ દુનિયાનો રવૈયોજ છે કે જેવાં બી વાવવાં તેવાંજ ફળ ચાખવાં!"

"અફસોસ! કે મેં ધાર્યું શું અને થઇ ગયું શું? જેને હું જમીનદોસ્ત કરવા માંગતો હતો તેનું સર આસમાન સાથ લાગ્યું, અને હું—"

"સાહેબ! ખુદાને ત્યાં ન્યાયનો કાંટો અદલ છે. ચઢતીમાં ફુલાઇ જવું અને પડતીમાં ધભરાઇ જવું એ મુર્ખનું કામ છે," ગંગાદાસે થંડે પેટ છાતીએ હાથ ફેરવાડયો.

"હું શું કરવા ગયો ને થઈ શું ગયું! કુદરત પાસે મારી કરામત ચાલી નહિ, તકદીર પાસે તદબીર ફળી નહિ," પોતે નહિ ઓળખાઇ આવે તેવી નેમથી રોદ્રીકે ઢોંગ ચાલુજ રાખ્યા.

"સાહેબ! બરાબર છે, કેમકે કરોળિયો પોતાનીજ જાળમાં ફસી પડે છે," ગંગાદાસે સધિયારો આપ્યો.

રોદ્રીક સમજી ગયો કે ગંગાદાસ જબરો બદમાશ હતો. તે ઇનસાનનાં રૂપમાં ઝેરી નાગ હતો, આગથીબી બદતર બુરો દુશમન હતો. તેનો એકેએક બોલ રોદ્રીક માટે તીર કરતાં પણ વધુ જાલેમ હતો. પણ સઘળું સાંખી જવા સિવાય બીજો ઇલાજ શો હતો? હાલમાં આવા હરીફ સામે હથિયાર ઉચકવામાં તેણે સામી પોતાની રૂસવાઇ જોઇ, પોતાનાં કિસમતની બુરાઇ જોઇ. તેણે હાલતરત તો તેને થંડોજ પાડી રવાના કરવામાં ડાહપણ જોયું.

ગંગાદાસ ગયો; પણ તે વગર શકે ગયો નહિ. તે જુલિયનની આજની ચાલથી બહુજ અજબ થઈ ગયો. તે સમજી શકયો નહિ કે હાલમાં જે ધણી સાથે વાત કરી તે છુટો પડયો હતો તે ખરેખર જુલિયનજ હતો કે જુલિયનનાં રૂપમાં કોઇ બીજો ઠગારો હતો યા વાઘનાં ચામડાંમાં કોઇ ગધેડો હતો.

તેણે જરાબી ડગમગવા વિના માની લીધું કે આમાં કાંઇ ભેદ હતો ખરો. તેણે હમણાં સુધીમાં જુલિયનની રીતભાત, તેનો સ્વભાવ વિગેરેનો એવો તો બારીક અભ્યાસ કીધો હતો તે તેની રૂએ તેને માની લેતાં વાર લાગી નહિ કે તે શખ્સ જુલિયનના ચેહેરાનો હતો, પણ જુલિયન પોતે હતો નહિ.

ગંગાદાસના જવા પછી નિસોસ થઈ રોદ્રીક ઇઝીચેર ઉપર પડયો. તેનો ચેહેરો ઓરબી ઉતરી ગયો હતો. આજના બનાવથી મોટી ચિંતાની ચિતામાં તેનું તનબદન સળગવા માંડયું હતું. જે પળે તેણે લોર્ડ ઓલ્ડકેસલનો ખેતાબ અને જુલિયનનું નામ ધારણ કરવાનો ઠરાવ કીધો તે પળને તે હવે હજારોહજાર બદદુવા દેવા લાગ્યો. તેની આગલી રખડેલ જીંદગી જોકે દુઃખી હતી, તોપણ તેને હમણાંજ માલમ પડયું કે હાલની જીંદગી કરતાં તે સો ગણી ભલી હતી.

તેણે પોતાની નવી હાલતમાં પોતાને ઠગાયલો જોયો, વેચાયલો જોયો. રોઝામન્ડ અને ગંગાદાસ જેવી બલાઓ પછી બીજી કેટલીક બલાઓ હજી તેના પગે વળગવાની હતી તે તે કલ્પિ શકયો નહિ. આવા અનેક ખ્યાલોના આવજાવથી તે એટલો તો નાઉમેદ થઇ ગયો કે તે નાઉમેદીની ઝુમમાં પોકારી ઉઠયો:—

"ઓ ખુદા ! ખુદા ! હું જાણી જોઇ દેખતી આંખે કુવામાં પડેલો રહ્યો, બલાઓની આફતમાં સડેલો રહ્યો, શેતાનની સંફમાં જોડાયલો રહ્યો! ગુનાહની ગઠડી સરપર ધરી હું કયાં તક કદમ ધરૂં ? આફતની મન્ઝીલમાં લઇ બોજ ભારી હું કયાં તક દમ ભરૂં ? કરાર દમમાં નહિ, હું બેકરાર છું, ઓ યઝદાન ! હું સરબસર તારો ગુનાહગાર છું. તોબા! તોબા!!"

મેથ્યુ બારલોકની જીંદગીનો અંત.

લેડી ઓલ્દકેસલ પોતાના વડા બેટાનો પશ્ચાતાપ સાંભળવા પામી નહિ. તે લગાર મોડેથી પોતાના બેટા આગળ આવી ઉભી. તેણીના હાથમાં એક વર્તમાનપત્ર હતું, જે દેખીતી રીતે પોતાના બેટાને વંચાવવા તે લાવેલી દીસ્તી હતી. રોદ્રીકે જોયું કે તેની માતાનો હાલ પણ તેનાથી ઓછો બુરો હતો નહિ. લેડી ઓલ્દકેસલ તરીકેનાં ગમે તેટલાં સુખ છતાં, દોલતના દરંગમાં ડુબેલી છતાં તે સુખી દીસ્તી હતી નહિ. તેણીના ચેહેરા ઉપરનું નુર ગુમ થઈ ગયું હતું. શું કાંઈ તેણીનેબી છુપો ગમ લાગેલો હતો ? રોદ્રીક તે સમજી શકયો નહિ.

રોદ્રીકે પોતાની માતાના હાથમાં એક કાગળ મુકયું, જે જોકે દેખીતી રીતે જુલિયન તરફથી રોદ્રીક ઉપર આવેલું હતું, પણ એમાં પણ રોદ્રીકની ઠગાઈ હતી. તેણે કેટલીક મેહેનતે જુલિયનના જેવા હુબહુ અક્ષરથી એક કાગળ પોતાનેજ સરનામે ચિત્રી કાહડયું હતું, જેમાં જુલિયન જાણે પોતાને વિષેના રૂડા સમાચાર આપતો હોય અને પોતાની નવી જીંદગીથી પોતાને સુખી થયલો જણાવતો હોય એવું લખાણ કરવામાં આવ્યું હતું. લેડી ઓલ્દકેસલે આ કાગળ પેરીસથી આવેલું જોઇ લીધું અને તેમાંના પોતાના નાના બેટાના રૂડા સમાચારથી તે તવંગર બાનુને સારો સંતોષ મળ્યો. હમણાં સુધી તે બાનુને જુલિયન તરફની રોદ્રીકની જે ભેદી ચાલચલણનો કાંઈક શક ગયો હતો તે જુલિયનનાં બનાવટી કાગળથી દુર થવા પામ્યો. પણ તે મગરૂર બાનુને શી ખબર કે હાલમાં જુલિયનના હાલ કેવા બદતર હતા ? અને તે કેવી બુરી હાલતમાં ફસી પડયો હતો ? તે બાનુને શી ખબર કે જુલિયન પોતાના ભાઈ ઉપર કાગળ લખવાની હાલતમાં મુદલ હતોજ નહિ. તે તો રીબતી હાલતમાં એક કેદી સમાન હતો. રોદ્રીકે તે બનાવટી કાગળ પેરીસ ખાતેના પોતાના એક દોસ્ત ઉપર મોકલી આપ્યું હતું, કે જેથી તે શેહેરમાંથી જુલિયને તે રોદ્રીક ઉપર મોકલ્યું હોય એવી રીતે તે આવવા પામ્યું હતું, અને તેજ લેડી ઓલ્દકેસલના હાથમાં હાલમાં સહીસલામત જઈ પડયું હતું, જે વાંચવાથી તે માતાને કાંઈક રાહત મળી હતી.

"રોદ્રીક, તારે જુલિયનનો કેટલો મોટો આભાર માનવો જોઇએ ? તેણે તારાં ભલાં માટે પોતાના અંગત લાભનો કેટલો મોટો ભોગ આપ્યોછ ? તારે તો દર માસે તેની ઉપર મોટી રકમ તેના પોતાના ગુજારા માટે મોકલવી જોઇએ. કેમ ખરૂં કેની રોદ્રીક ?"

પોતાની માતાના આ સવાલના જવાબમાં વડા બેટાએ કંટાળેલી ઢબે માત્ર ડોકુંજ ધુણાવ્યું, અને તેણીને ખુશી રાખવા માટે તે લગાર હસ્યો; પણ તેનો ખ્યાલ તો 'મે રીજ' તરફ હતો. એ 'મે રીજ'નો ભેદ આપણે આગળ ચાલતાં જોઇશું.

"રોદ્રીક, તું તારી દોરા માટે હવે શું કરવા માંગેછ ?" માતાએ પોતાના બેટાને સવાલ કીધો.

પણ આ સવાલથી રોદ્રીક અજબ થવા વિના રહ્યો નહિ. તે અજાયબીથી પોકારી ઉઠયો, "દોરા ! હવે હું તેને માટે શું કરી શકું ?"

"જયારે તે તને જીવતોજ જાણેછ ત્યારે તો તારી ફરજ છે કે તું તેને તારી પાસે બોલાવી રાખે. તે તારી પરણી ઓરત છે, મારા દીકરા ! તારી એકપુરી બેટીને જોવા વિના તારૂં દિલ તને ડંખતું નથી ?"

રોદ્રીકે પોતાની માતા સામે એવી તો ઢબે જોવા માંડયું કે જાણે તે ઓરતનાં માથાંની આગરી કાંઈ ચસકવા પામી હોય. તે પોતાની માતાને સમજાવતો બોલ્યો, "મારાં વાહલાં માતાજી, એમ કેમ બને ? માતા, તમે ભુલી જાઓછ કે હું આ મકાનમાં તમારા વડા બેટા રોદ્રીક તરીકે નહિ પણ નાના બેટા જુલિયન તરીકે જીવુંછ. દોરા જુલિયનની પરણેતર નથી, તે તો રોદ્રીકની છે, જે રોદ્રીક અત્યાર આગમચનો કફનમાં દફન થઈ ચુકયોછ, જોકે પોલીસ તેને જીવતો માનેછ. ભલે, તમો દોરાને તમારા પરોણા તરીકે બોલાવી રાખો, પણ મારી ઓરત તરીકે તો નહિજ. તેમ બનેજ કેમ ?"

"પણ એ ફારસ કયાં સુધી ચાલુ રહેશે ? એ ફારસ ઉપરબી કાંઈ સેવટનો પરદો પડશે કે પડશેજ નહિ ? એમ તે કયાં સુધી ચાલ્યા કરવાનું છે ?" લેડી ઓલ્દકેસલ કાંઇ ધભરાટ સાથે ખળભળી બોલી.

"મારાં મોત સુધી; હું હવે પછી છેલ્લો દમ લેઉં ત્યાં સુધી. એટલું તો તમોએ સમજવુંજ જોઇએ કે હવે હું જાહેરમાં બીજો જન્મ લઈ ઘોરમાંથી કુદી નિકળવાનો નથી. અલબતાં હું ચાહું તો કોઈ પણ દિવસે જાહેરમાં પોતાને રોદ્રીક તરીકે ઓળખાવી શકું, પણ તેમ કરતાં મારે જાણવું જોઇએ કે મારી રાહ જોતું ચૌદ વરસનું જેહાનમ તૈયાર ઉભુંછ. માતા, શું દોરા અને મારાં ફરજંદને ખાતર આવી નાલેશી અને આવા જોખમમાં તમારા વડા બેટાને ફસી પડતો જોવાને તમો રાજી છેઓ ?"

લેડી ઓલ્દકેસલે ખિજવાટથી ડોકું ધુણાવ્યા સિવાય કશો જવાબ દીધો નહિ. તે ચુપજ રહી; પણ આ ચુપકીદી ઝાઝો વાર નિભી શકી નહિ. પોતાના હાથમાંનું વર્તમાનપત્ર તેણીએ ચોકસ ફકરા ઉપર આંગળી મેળી તેના હાથમાં મુકયું, જે પછી કામનું બાહનું કાહડી તે તે ઓરડો કાંઈક નારાજ બની છોડી ગઈ. તેણીએ સીગીન્સને મળવા માટે બોલાવ્યો હતો. સોલીસીટર સીગીન્સે લખેલાં કાગળના જવાબમાં તેણીએ તેને બોલાવ્યો હતો. તે ફકરો વાંચતાંજ રોદ્રીકનો ચેહેરો ગુલલાલાનાં ફુલની માફક ખિલી નિકળ્યો. તે પત્રમાં તેણે ન ધારેલી ખુશ ખબર મોટા હર્ષ સાથે વાંચી. આ સમાચાર મેથ્યુ બારલોકનાં નિપજેલાં મોતને લગતા હતા. વાંચનાર સારી પેઠે જાણે છે કે મેથ્યુ બારલોકનું નામ તો રોદ્રીકે પોતાની નાહસતી ભાગતી હાલતમાં ધારણ કીધેલું હતું, અને મેથ્યુ બારલોક કોઈ નહિ પણ તે પોતેજ હતો, અને રોદ્રીક તો જીવતો હતો તો મેથ્યુ બારલોક મરી કેમ જાય ? પણ હવે તેને માથેની મોટી ધાસ્તી તો એ ખબરથી દુર થઇ, કારણ કે પોલીસ મેથ્યુ બારલોકને મુવેલો માનતી હતી, આગમાં બળેલો જાણતી હતી. તે કેમ ? આપણે જોઇએ. પેલાં વર્તમાનપત્રમાં આવેલો ફકરો નીચે મુજબ હતો:—

"એક ગુમ થયલા ઉઠાવગીરનો અંત."

"ગઇ કાલે શેડવેલ ખાતે આવેલાં એક મકાનમાં આગની શરૂઆત થઇ હતી, જે વેળાએ એવી ધારતી રાખવામાં આવી હતી કે તે આગ ભયંકર રૂપ લેશે, પણ બુંબાખાતાંવાળાઓની મેહેનતથી આ ધારતી ખોટી પડી હતી અને જે મકાનમાં આગ જન્મ પામી હતી ત્યાંજ તે દબાવી દેવામાં આવી હતી. આટલું છતાં જે મકાન બળી જવા પામ્યું છે તે મકાનના છેક ઉપરના મજલામાં વસ્તા મેથ્યુ બારલોક નામના જવાનની પાપી જીંદગીનો અંત આવ્યો છે. આ મોતથી પ્રજાએ દલગીર થવા કરતાં ખુશી થવાનું વધારે છે કેમકે મેથ્યુ બારલોક એક હડહડતો ઉઠાવગીર હતો. તેણે અનેક પ્રપંચો કીધાં હતાં અને અજબ જેવું તો એ હતું કે તેમાં તે ફાવી જવા પામ્યો હતો. પોલીસ આ ઉઠાવગીરની શોધમાંજ હતી અને તેનાં આ મકાનનો પતો વટીક મેળવવા તે નસીબવંત નીવડી હતી, પણ તે પોતાનું ધારયું કામ પાર ઉતારે તે આગમચ તે મકાનમાં આગ લાગવા પામી છે અને તેની જોડેજોડ મેથ્યુ બારલોકની ઠગાઇનો પણ સદાનો અંત આવ્યો છે. પોલીસે મરનારના કેટલાક જોડીદારોને પકડયા છે. તેઓએ મરનારની લાસને ઓળખી છે અને મકાનના માલેકે પણ તે બળી ગયલી લાસને પોતાના ભાડુત મેથ્યુ બારલોકની લાસ તરીકે જાહેર કીધી છે. વળી લાસ આગળથી પોલીસને ઘર ફાડવાનાં કેટલાંક હથિયારો મળી આવ્યાં છે જે ઉપર મરનારનું નામ જોવામાં આવે છે. વળી નજદીકમાંથી મળી આવેલાં ઘડિઆળ ઉપર પણ મરનારનુંજ નામ હતું, જે ઉપરથી પોલીસ પુરતી ખાતરીથી માને છે કે મરનાર ઠગારો મેથ્યુ બારલોક પોતેજ હતો, અને આવી રીતે તેના જેવો ગુનેહગાર પોલીસને વધુ મેહેનત આપવા વિના કુદરત તરફની સજાને શરણ થયો છે."

રોદ્રીક તે વર્તમાનપત્ર જમીન ઉપર પટકી બોલ્યો, "આહ! ખુદા! મારી ઉપર કેવો ઉપકાર! બસ! હવે મારો બેહડો પાર! મેથ્યુ બારલોક તરીકેની ધારતીથી હું મોકલો બન્યોછ તો બસ કોઈબી આફતથી હું વેગલો થયોછ! હવે રોદ્રીક તરીકેબી મને કાંઈ બીહવાનું રહ્યું નથી; કેમકે હું રોદ્રીક નહિ, પણ જુલિયન તરીકે જીવુંછ! ખોટા અને વેશધારી લોર્ડ ઓલ્દકેસલ તરીકે નહિ, પણ સાચ્ચા અને હકદાર લોર્ડ ઓલ્દકેસલ તરીકે હૈયાતી ભોગવુંછ! યા ખુદા! તું કેટલાકોને આકાશમાં ફરી ઉછાળવા માટે નીચે પૃથ્વી ઉપર નાખેછ અને કેટલાકોને પૃથ્વી ઉપર પટકવા માટે આકાશમાં ઉછાળેછ." આટલું બોલી દીવાનાની પેઠે મોટે મોટે હસતો તે ઇઝીચેર ઉપર પડયો.

ગ્રે રીજવાળો ભેદ.

પેલો એ રીજવાળો ભેદ શો હતો તે હવે આપણે જોઇશું.

લેડી ઓલ્દકેસલ પોતાના વાહલા બેટા જુલિયનને દુનિયાની મુસાફરીએ નિકળેલો માનતી હતી, પણ તેમાં તેણીને કેવી થાપ આપવામાં આવી હતી તે નીચલા હેવાલ ઉપરથી જણાશે. તે હાલમાં કેવી બુરી હાલતમાં હતો તે બીનાથી તે બિલકુલ અંજાણ હતી, બલ્કે સ્વપનેબી ખરી બાતમીની તેણીને ખબર હતી નહિ. તે માતા અગરજો જાણે કે તેણીનો સર્વેથી વાહલો અને લાડકો બેટો ગ્રે રીજવાલાં એકાંત મકાનના એક અંધારા ઓરડામાં કેદી તરીકે ઘણીજ કંગાળ અવસ્થામાં રીબતો હતો તો તેણીની હાલત કેવી બુરી થઈ પડે તે સમજવું સેહલ હતું,

કારણકે તે માતા જુલિયનને કાંઈ અજબ વાહલથી ચાહતી હતી. એ રીજમાં જુલિયનને પુરી મુકવા માટે રોદ્રીકે કરેલી ગોઠવણ આબાદ પાર ઉતરી હતી, તે માટે તેણે ખુદાના શુકરાના કીધા. એ રીજ જોકે બાહેરથી દિવાનાઓનાં મગ્જને રાહત આપવા માટેનું એક ખાનગી આશ્રમ હતું, પણ બાતેનમાં તે એક એવું તો કાળાં કરતુકોનું ધામ હતું કે જેથી દોજખખાનું પણ ધ્રુજતું હતું. નહિ દિવાનાઓને દિવાના ઠરાવી તેવાં કમબખ્ત ઇનસાનોને તેમની આખી જીંદગી સુધી ઠાગાથી તેમનાં વાહલાંઓથી વિખુટાં રાખી જીવતાં જીવત મુવેલી સ્થિતિમાં કેદમાં સબડાવનારૂં તે એક મકાન હતું. ઇંગ્લંડમાં આવાં મકાનો મોટી સંખ્યામાં બાહેરથી જાણે કેવાંક ભલાઇનાં ખાતાં હોય તેવો દેખાવ રાખી વર્ષોથી પોતાનું કાળું કામ કર્યાં જાય છે, અને તે છતાં તે માટે કોઇને શક વટીક પડતો નથી. આ જાતનાં દોજખખાનાંઓ માહેલું એ રીજ પણ એક હતું, જેમાં જુલિયન એક કેદીની રીબતી જીંદગીમાં સબડતો હતો. આવાં ખાતાંઓ રોદ્રીક જેવા બદમાશો માટે એક મોટા આશિર્વાદ સમાન થઈ પડયાં હતાં. રોદ્રીકે જુલિયનને દશ હજાર પાઉન્ડ સાથે 'થ્રી હેરીંગ્સ' વાલાં હોટેલમાં ઠાગાથી બોલાવી ફસાવ્યો તે આગમચ તેણે એ રીજના પોતાના જેવાજ બદમાશ મુકાનીઓ સાથે ગોઠવણ કરી રાખી હતી, અને તેઓની કારસાજી અને સલાહથીજ દારૂમાં ચોકસ કેરી દવા નાખી પોશાકની અદલાબદલી કીધા પછી પોતાના નાના ભાઇને બેભાન સ્થિતીમાં એ રીજમાં હડસેલી દીધો હતો, તે આપણે આગળ જોઈ ગયા છિએ.

જુલિયન જે રાતે એ રીજમાં કેદ્દ પડયો તેની બીજી સવારે તે છેક પેહેલા પોહરના દશ વાગા સુધી જાગ્યો નહિ. દારૂમાં ભેળવામાં આવેલી કેરી દવાની અસર તેનાં તનબદનની રગેરગમાં એવી તો અચુક રીતે ફરી વળી હતી કે તે છેક મોડે સુધી બિછાના ઉપર સુરત પડી રહો હોય એ બનવાજોગ હતું. તે જયારે બીજી સવારે ઉઠયો ત્યારે તેનું માથું ભાંગીને કકડા બુકલા થઇ જતું હતું અને તેનું આખું શરીર કમજોર બની ગયું હતું. તેણે બિછાના ઉપર પડી આસપાસ નજર કીધી. તે સમજી શકયો નહિ કે તે પોતે કયાં હતો? પેહેલાં તો તેને પોતાની હાલતનું ખરેખરૂં ભાન વટીક આવી શકયું નહિ. 'થ્રી હેરીંગ્સ' વાલી જયાફત અને તેના વડા ભાઈ સાથની મુલાકાતને લગતી કેફિયત વટીક તેનાં ધ્રુમતાં મગ્જમાંથી ખસી ગઇ હતી. તેનાં મગ્જમાં એકજ બીના ઠસી રહેવા પામી હતી કે તે પોતે ગઇ રાતે ઓલ્દકેસલ પાર્કમાં સુતેલો હતો પણ તે ભેદભરેલી રીતે એક પારકાં મકાનના એક અંધારા ગાર ઓરડામાં ફસી પડયો હતો. પણ તે કેમ? કેવી રીતે? આ સવાલનો જવાબ આપી શકે એવી સ્થિતિમાં તે મુદ્દલ હતો નહિ. તે ભાન ભુલો બન્યો હતો.

"હું ઉંઘાઉછ કે જાગુંછ?" તે પોતાનાં મન સાથે બડબડયો. "અરે હું કયાં આવી ફસ્યો?" તે એકદમ કુદકો મારી પોતાનાં બિછાના ઉપરથી નીચે ઉતર્યો. તરતજ તેની નજર પોતાનાં અંગમાંનાં કપડાં ઉપર પડી. એક વિજળીક ઝટકો તેનાં બદનને લાગ્યો. હમણાં સુધી તેનું મગ્જ સુરત બની ગયું હતું; તે હવે ચપળ બન્યું. ગુજરેલા બનાવની દુખભરી યાદ એકદમ તેનાં મગ્જમાં ધાઈ આવી. પોતાનાં શરીર ઉપરનાં કપડાં તો તેણે પોતાના વડા ભાઇ રોદ્રીકનાં શરીર ઉપર જોયાં હતાં અને તેથી તો તે સુગાયો વટીક હતો. હવેજ તેને સઘળું યાદ આવ્યું. હવેજ તે સમજી ગયો કે તે પોતાના વડા ભાઈ રોદ્રીકની કપટભરી જાળમાં માથાંથી

પગ સુધી સપડાઈ ગયો હતો, તેની લતરાજખોરી જબાન ઉપર વેચાઈ ગયો હતો. તેણે તેના દશ હજાર પાઉન્ડ લુટી લીધા હતા એટલુંજ નહિ પણ તે સાથે દુનિયાથી તેને વેગળો, દુરદરાજ કીધો હતો, વિખુટો પાડયો હતો. તે ગુસ્સામાં અને ગુસ્સામાં દરવાજા તરફ ધસ્યો અને ચાહ્યું કે એક મોટા ધડાકા સાથ તે તે ખોલી નાખે અને પોતાને આવી રીતે કેદ કરનારને ઘટતી સજાએ પુગાડે. તેનાં ગમે તેટલાં જોર છતાં દરવાજો ખુલ્યો નહિ. તે બાહેરથી બંધ હતો. તે પાછો નિસોસ બની ત્યાં પડેલી એકપુરી ખુરસી ઉપર પડયો; પણ ત્યાં પણ તેને ચેન પડયું નહિ. તે ત્યાંથી ઉઠી પાછો બિછાના ઉપર પડયો, પણ ત્યાં પણ તેને માટે આરામ હતો નહિ. તે પોતાના વડા ભાઇને હજારો હજાર કદુવા દેતો એકવાર ફરીથી બારણાં આગળ ગયો અને બાહેરની હિલચાલ તપાસવા તેણે પોતાના બંને કાનો બારણાં ઉપર ટેકવ્યા. પણ સેહેજ પણ અવાજ તેના કાને આવી પડયો નહિ. શું આ મકાન એકાદ જંગલનાં ભિત્તરમાં હતું અથવા તો તે આદમજાતથી વસાયલી દુનિયાથી દુર પડેલું હતું? જેવી શાન્ત ચુપકીદી તેણે પોતાના ઓરડામાં અનુભવી તેવીજ ચુપકીદી બાહેર અને આસપાસ માલમ પડી. ગમે તેવાં બિયાબાન જંગલમાં કોઇ જાનવર યા પંખી યા જીવજંતુ વટીકનો સંસારો સંભળાય છે, પણ અહિં તો જુલિયને પોતાને તે નાના આષિર્વાદથી પણ બેનસીબ જોયો. વળી જીવ બહેલાવવા માટે ઓરડામાં એક બારી વટીકનું પણ નામ હતું નહિ, યા હવાના આવજાવ માટેનું બાહેરનું એક પણ સાધન હતું નહિ. પણ એટલામાં તેણે ઓરડાની બાહેર કોઇનાં ધીમાં પગલાંનો અવાજ સાંભળ્યો. તે પગલાં તેના ઓરડા તરફજ આવતાં હતાં. એ કોણ હતું? આ ખ્યાલ કરવાને તેને અવકાશ વટીક મલ્યો નહિ, કેમકે બારણું મોટા ધડાકા સાથે ઉઘડી ગયું અને એક નવજવાન ખુબસુરત નાર ત્યાં દાખલ થઇ.

"અહં! ત્યારે અંતે તું જાગ્યો ખરો?" પેલી ઓરતે થંડે પેટે સવાલ કીધો, "બોલ, તું શું માંગેછ?"

પોતાને પુછાયલા આ સવાલથી જુલિયનને ગુસ્સો તો બેહદ લાગ્યો, પણ એક ખુબસુરત, સોહામણી ઓરત સામે તે શું કરી શકે? મિજાજ કરવા કરતાં કલ-કુનેહથી કામ કાહડી લેવામાં તેણે ડાહપણ જોયું.

"હું એટલુંજ જાણવા માગુંછ કે કોણ શેતાનનું આ દોજખખાનું છે? મને શા માટે અને કોણની સત્તાથી અહિં કેદ કરવામાં આવ્યોછ?" જોકે તેણે નહિ ઉસ્કેરાવાનો ઠરાવ કર્યો હતો, તોપણ તેની હાલત એવી તો બુરી બની હતી કે ગમે એવા પણ મક્કમ ઠરાવ છતાં તેને ઉસ્કેરાઈ જવાને વિલંબ લાગે નહિ. શું તે પોતે લોર્ડ ઓલ્ડકેસલ નહિ હતો? શું તેના ઉમરાવી પદને છાજતી રીતે તે ઓરત તેની સાથે વાત કરતી હતી? શું આ મકાનના માલેક યા માલેકોને તેની દોલત, તેના દરજ્જા અને તેના દોર દમામની કશી પણ બીહીક હતી નહિ?

પેલી સ્ત્રી જુલિયનને માથાંથી પગ સુધી નિહાલી બોલી:—

"તમો મને એટલા બધા તો સવાલ પુછોછ કે મને ધારતી છે કે હું તેનો જવાબ આપી શકીશ નહિ."

આવા તોછડા જવાબથી જુલિયને ભવાં ચહડાવી કહ્યું, "અરે! તું જાણેછ કે હું કોણ છું? અગરજો તું જાણતી નહિ હોય તો સાંભળ અને ધ્રુજ કે હું ઓલ્ડકેસલ પાર્કનો લોર્ડ ઓલ્ડકેસલ પોતે છું, અને હું ચાહું તો—"

પણ લૉર્ડ ઓલ્ડકેસલ આગળ બોલી શક્યો નહિ; કેમકે જુલિયનને પોતાને લૉર્ડ ઓલ્ડકેસલ તરીકે ઓલખાવતાં સાંભળી તે સ્ત્રી મોટેથી હસી પડી. જુલિયન જેવો એક રખડતો ભીખારી લૉર્ડ ઓલ્ડસલ હોય એ બની શકેજ નહિ. તે સ્ત્રી વધુ અને વધુ હસી બોલી, "હું જાણુંછ કે જેમનાં મગજની આગરી ખસી ગયલી હોયછ તેઓ પોતાને મોટા મોટા અમીર ઉમરાવ તો શું પણ શાહજાદાઓ અને બળવાન શેહેનશાહો વટીક સમજેછ. એવા ઢોંગી અને ડોલઘાલુ અમીરો અને શેહેનશાહોનો આ મકાનમાં કશો ટોટો નથી."

આ સાંભળતાં જુલિયન છેકજ લાચાર બની પાસેની બેઠક ઉપર બેસી પડયો. તેનો આવો ખસ્તેખોવાર હાલ જોઈ તે સ્ત્રીને લાગી આવ્યું અને દયામણું મોહ કરી તે પોતાના બંને નાજુક હાથો પોતાની છાતી ઉપર જોડી ઉભી. તે જુલિયનનો સોહામણો ચેહેરો એકી ટગરે જોતી ઉભી હતી. જુલિયન કાચો નહિ હતો. તેણે તેણીની બંને આંખોમાં એક અજબ ચમકાટ જોયો જે ચમકાટ શો હતો તે સમજી જવાને તેને માટે મુશકેલ નહિ હતું. આથી કાંઇ નવી ઉમેદ તેનાં જીગરનાં અંતરમાં સજીવન થવાથી કાંઇક હસ્તે ચેહેરે તે બોલ્યો, "ખુબસુરત બાનુ, ખુદા ખાતર મને કેહ કે મને અહિં કોણ ચંડાળે આ કેદી હાલતમાં લાવી મેલ્યોછ?"

જુલિયને ધાર્યું હતું તેમજ થયું. તે સ્ત્રીએ ગંભીર ચેહેરે પોતાનો એક હાથ જુલિયનનાં ખભાં ઉપર મેળી જવાબ દીધો, "જુલિયન, મારૂં નામ લુસી છે. આ મકાન મે રીજનાં નામથી જાણીતું છે. આ ખાનગી દિવાનશાળાના માલેક મારા પેદર ડાકટર બારડો અને મારા કાકા રૂપર્ટ બારડો છે; અને એ લોકોજ તમોને 'થ્રી હેરીંગ્સ' નામનાં હોટેલમાંથી ગાડીમાં અહિં લઇ આવ્યા હતા."

જુલિયન તે સ્ત્રીને વધુ અને વધુ અજાયબીથી ટીકી બોલ્યો, "ખાનગી દિવાનશાળા! અને તેના માલેક બે ડાકટરો! અરે! પણ ત્યારે દિવાનશાળા જેવાં મકાનમાં મને શા માટે લાવવામાં આવ્યો?"

તે ખુબસુરત સ્ત્રી હસી પડી બોલી, "તમોને અહિં છાકટ હાલતમાં લાવવામાં આવ્યા હતા. તમો દિવાના હોવાથી મારા બાપ અને કાકાની સારવાર હેઠલ તમોને એક દયાળુ ગ્રહસ્થ તરફથી સોંપવામાં આવ્યાછ! જેથી તમોએ ખોયલું ભેજું તમો પાછું મેળવી શકો!"

"અરે! દિવાની! તું શું બોલેછ તેનું તને કાંઇ ભાન છે? નહિ! નહિ! હું હમણાં સુધી તો દિવાનો નથી બન્યો, પણ અફસોસ! કે અહિં હું વધુ વાર રહેવશ તો હું ખચ્ચીત દિવાનો બની જવશ. અરે ઓરત! હું દિવાનો નથી, હું તો શ્યાનો છું, હું તો તારા જેવોજ મગજની સારી સ્થિતિમાં છું, હું લૉર્ડ ઓલ્ડકેસલ છું."

"હું તે જાણુંછ" તે સ્ત્રી ગંભીરાઇથી બોલી.

"જાણેછ? બોલ, અય ઓરત! તું શું જાણેછ?"

"હું એટલુંજ જાણુંછ કે તું પોતે પોતાને લૉર્ડ ઓલ્ડકેસલ તરીકે ઓળખાવેછ, હું એટલુંજ જાણુંછ કે જે દયાળુ ગ્રહસ્થે તને દિવાનો જણાવી અહિં રાખ્યોછ તે ધણી તરફથી મારા પેદરને એમ જણાવવામાં આવ્યુંછ કે તારૂં નામ જુલિયન હોવાથી તું તારાં દિવાનપણાંની ધુમમાં પોતાને લૉર્ડ ઓલ્ડકેસલ તરીકે માનેછ, ને એજ તારૂં દિવાનાપણું છે. પણ ઘભરા ના, તું મારા બાપ કાકાની મેહનતથી જરૂર તારી આગલી સુદ્ધી મેળવી શકશે."

જુલિયનની જીભ તેનાં તાળવાં સાથે વળગી ગઈ. તે પોતે કેવી આફતમ ફસી પડયો હતો તેનો ખરો ખ્યાલ તેને હમણાંજ આવ્યો, અને તેવો ખ્યાલ કરતાં તેને લાગ્યું કે તે ખરેખર મગ્જથી બેમગ્જ થવા વિના રહેનાર નથી. તેને આવી રીતે ફસાવનાર તેનો વડો ભાઇ હતો કે કોઇ બીજો તે સમજી લેવાને તે અશકત હતો; પણ તે એટલું તો માનતો હતો કે તે કોઇ દગાખોરના દગાનો એવો તો ભોગ થઇ પડયો હતો કે જેમાંથી સેહેલથી છુટવું માહલ હતું.

"ત્યારે તું શું મને લોર્ડ ઓલ્ડકેસલ તરીકે માનતી નથી? તું શું ખરેખર એમજ જાણેછ કે હું ખરેખર મગ્જથી ગયલોજ છું?"

પણ આ સવાલનો જવાબ આપવાને તે ત્યાં ઉભી રહી નહિ. બાહેરથી તેણીને બોલાવવાનો તેણીના કરડા બાપનો સાદ કાને પડવાથી તે હરણીની માફક બાહેર સટકી ગઇ અને તે ઓરડાનું બારણું બેહદ ચપળાઈથી પાછું બંધ કરી પોતાના બાપની હાજરીમાં જઇ ઉભી. જુલિયન લાચાર બની તે ઓરડામાંનાં કંગાળ બિછાના ઉપર પાછો પડયો. તેનું ધક ધ્યાન લુસીએ પોતાનાં ગળાંમાં પેહરેલી નેકલેસ તરફ ચીટકી રહ્યું હતું. તેણે ખાતરીથી માની લીધું કે તે કીંમતી ધરેણું તેણે કોઈ ઠેકાણે જોયું હતું ખરૂં, પણ તે કયાં તે તે યાદ કરી શકયો નહિ.

તે આ ખ્યાલમાં હતો તેટલાંમાં તેની નજર કાગળનાં એક પરબીડાં ઉપર પડી. આ પરબીડું લુસીનાં ગજવાંમાંથી સરી પડેલું હોવું જોઇએ એમ માની લેતાં તેને વિલંબ લાગ્યો નહિ, કેમકે તે સ્ત્રીના દાખલ થવા પેહેલાં આખો ઓરડો તે ઢુંડી વળ્યો હતો કે કાગળની એક કાપલી વટીક મળી આવવા પામે તો આ મકાનના માલેકનાં નામો યા બીજો કાંઈ પત્તો મલી શકે, પણ કમનસીબે એવું કાંઈ બન્યું હતું નહિ, જેથી તેની ઉપલી અટકલને પુરો ટેકો મળતો હતો. તેણે અજબ જીજ્ઞાસાથી તે પરબીડું ઉંચકયું. તે ઉપર નીચલાં બે નામો લખેલાં હતાં:—સ્લીનકર જેક અને સાઈલસ દોયલી.

"સ્લીનકર જેક અને સાઈલસ દોયલી!" જુલિયન પરબીડાં ઉપરનાં બે નામો વાંચી પોકારી ઉઠયો, "ઓ ખુદા! ખુદા! ત્યારે તો મારૂં આવીજ બન્યું! આ તો પેલા બદમાશ ખુની લુટારાઓ છે, જેમનાં નામો સાંભળતાંજ આખું ઇંગ્લંડ થરથર ધ્રુજેછ! અને આખી પોલીસ ફોજ તેમના ડરથી કાંપેછ! ઓ ખુદા! ખુદા! મારૂં શું થશે? આ દોજખખાનામાંથી મારો છુટકો કેમ અને કયારે થશે? ઓ ખોટી દુનિયાની જુઠી માયાઓ મારી નજર આગળથી દુર થાઓ! નાબુદ થાઓ!"

આટલું બોલી પોતાની બંને આંખો હાથોથી ઢાંકી દઈ તે હિચકારો ઉમરાવ બાળકની પેઠે રડવા પડયો.

કાંઇક ખુલાસો.

નીલ લાયનની હાલત કેદખાનામાં બદતર બુરી બનતી રહી હતી. તેની તબિયત દીન પર દીન બિગડતીજ રહી હતી. તેણે પોતાનું શરીર નાખી દીધું હતું. તેની હાલત ખરેખર દયાને પાત્ર હતી. કોઇનેબી તેની હાલત રડાવે એવી હતી. સર્વથી વધુ એદેલીનને લાગતું હતું. તે બાનુને પોતાની જીંદગી જરા રતી પણ

પ્યારી હતી તે ફક્ત લાયન માટેજ હતી. તે બાનુ લાયનનીજ તગરમાં જીવતી હતી, જ્યારે લાયન એદેલીનનીજ તગરમાં જીવતો હતો. એદેલીન તેને અનેકવાર બંદીખાનામાં મલી આવી હતી, જેમાં તેણીને મેજર દોન્તની મોટી મદદ મલી હતી. એમ કરવામાં મેજર પોતાની મતલબમાં રમતો હતો. તે બાહેરથી એદેલીન ઉપર દિવાનો બનવાનો ઢોંગ કરતો હતો, પણ ખરૂં બોલ્યે તો એદેલીનની લાખોની દોલત ઉપર તેનો ડોળો ખોબાયો હતો, પણ ભોળી એદેલીનને તેનું બિલકુલ ભાન વટીક હતું નહિ. તેણીનું સઘળું ધક ધ્યાન તો આ બોહલી દુનિયામાં ફક્ત બંદીખાનામાં પડેલા લાયન ઉપરજ ચોંટી બેઠું હતું. તેણીને મનથી આખી દુનિયા ડુબી ગઈ હતી. લાયન તેણીને અજીત વાહલથી ચાહે છે એટલુંજ તે જાણુતી હતી, અને તેમાંજ તેણીનું મોટામાં મોટું સુખ સમાયલું હતું. તેણીને લાયન ઉપરાંત બીજું કોઈ ચાહતું હતું એવો ખ્યાલ તેણીને સ્વપને પણ હતો નહિ. તેણીએ લેડી ઓલ્દકેસલનો આશ્રો છોડી દીધો હતો તે એટલાજ માટે કે તે પોતાના પ્યારા લાયનને વધુ ઉપયોગી થઈ પડે. જ્યારથી તે ઉમરમાં આવી હતી ત્યારથી તે પોતાના મરહુમ પેદરનાં મકાનમાં જઈ વસી હતી, જ્યાં લાયનની મનમોહન સુરત પેહેલવેહેલી તેણીનાં જીગરમાં ઠસી હતી. પોતાના પેદરની તમામ દોલતની તે એકલી માલેક બની હતી. દયાથી તેમજ એક બેહેન તરીકેના પ્યારથી દોરવાઈ જોકે તેણીએ દોરાને પોતાના બાપની અરધી દોલત આપવા માંગી હતી, પણ તેણીએ તેમાંની એક ફુટી બદામનેબી આંગળી લગાડવાને સાફ ના પાડી હતી. લોર્ડ ઓલ્દકેસલનાં દુઃખદાયક મરણ પછી તે ઉમરાવ તરફથી મલતું માસિક લવાજમ પણ બંધ પડવાથી એદેલીને એક નાની રકમ પણ કબુલ કરવાને દોરાને અનેકવાર કાલાવાલા કીધા હતા, પણ તેણીએ 'ના'થી 'હા' પાડી નહિ. તેણીને પૈસા ખોવાનો બિલકુલ ગમ હતોજ નહિ. તેનો ગમ ઘોરમાંથી ફુટી નિકળેલા પોતાના પરણ્યા ખાવિન્દ રોદ્રીકનો હતો જે હજી પણ કાળાં ધોળાં કરવાથી પરહેજ રહ્યો હતો નહિ. તેણીએ તેને એમ કરતાં ઘણોબી વાર્યો હતો, પણ જેમ કુતરાની પુછડી વાંકી તે કદી સીધી થતીજ નથી તેમ રોદ્રીકની બદ ચલણ નેક ચલણમાં ફેરવી નાખવી એ ગોયા કુદરત સામે થવા બરાબર હતું. રોદ્રીકે જ્યાંસુધી તે ફરેસ્તા ખસલત નાર નિચવાઈ ત્યાંસુધી તેણીને પૈસા ટકાથી નિચોવી હતી અને તે માટે તે અવારનવાર તેણીની મુલાકાત લેતો હતો, પણ જ્યારથી તેણે જોયું કે હવે તેણીનાં બદનમાં લોહીનું એક ટીપું વટીક રહ્યું હતું નહિ ત્યારેજ તેણે તેણીનો પિછો છોડયો હતો. આ પછી દોરા રોદ્રીકને મળવા પામીજ નહિ. તેણે તેની ઘણીબી શોધખોળ કીધી પણ ફોકટ. જે વેળાએ રોદ્રીકને લગતાં સરકારી જાહેરનામાંઓ દીવાલે દીવાલ ચોંટાડવામાં આવેલાં તેણીએ જોયાં ત્યારે તેણીની ગમગીનીનો પાર રહ્યો નહિ; કેમકે તેણીએ જોયું કે પોલીસ તે માહ કરતુકી બદમાશને જરૂરજ ગિરફતાર કરશે અને જડજ અને જુરી તેને જરૂર ચૌદ વર્ષનાં બંદીખાનાની સખ્ત સજા કરશે, જેથી તેણીની અને તેણીનાં એકપુરાં ફરજંદની અધુરી નામોશિ પુરી થશે. પણ જ્યારે તેણીએ આગમાં મેથ્યુ બારલોકનાં બળી મરવાની બીના છાપાદ્વારે વાંચી ત્યારે તે દુઃખી બાનુએ છુટકારાનો દમ ખેંચ્યો અને તે કિરતારનો ઉપકાર માન્યો. તે સારી પેઠે જાણતી હતી કે મેથ્યુ બારલોકનું ખોટું નામ ધારણ કરનાર તેણીનો બદમાશ ખાવિન્દ રોદ્રીકજ હતો. મેથ્યુ બારલોકનું મોત તે રોદ્રીકનુંજ હતું અને રોદ્રીકનાં મોતમાં તે કમ-

બખ્ત બાનુ માટે આખી જીંદગીનું સુખ સમાયલું હતું. શેદ્દીકનાં મોતથી તેણીનું એક ધ્યાન એકવાર ફરીથી ડેનિયલ લેરેબી તરફ દોડયું. તે ભોળો ગામડિયો આ દુઃખી બાનુને કેવા અણહદ પ્યારથી ચાહતો હતો તે બીના તે ભુલી હતી નહિ. તે બનાવની દુઃખભરી યાદ તેણીનું સાફ અને નિર્દોષ જીગર કોતરી ખાતી હતી. જે કમબખ્ત પળે તે સાચ્ચો આશક તેણીને છેલ્લી સલામ કરી નિકળી ગયો હતો તે પળને તેણીએ નવધાર આંસુઓ સાથે હજારો કદુવા દીધી હતી. કેમકે તે ભોળા આશકની હાજરી તેણીની અસહ્ય આફત વચ્ચે એક મોટો દિલાસો હતો. તે જ્યારથી છેલ્લી સલામ કરી તેણીને છોડી ગયો હતો ત્યારથી તે મુવો છે યા જીવે છે તેની ખબર વટીક તેણીને હતી નહિ. તે વેળાએ તે ખબર મેળવવાને તેણીએ પાપ ભર્યું જાણ્યું હતું, પણ હવે ? આ સવાલનો જવાબ દેતાં તે પાકીજેહ નાર પોતેજ શરમાઈ ગઈ. તેણીની આ હાલત જોવાને ખુદા સિવાય ત્યાં કોઈ હાજર હતું નહિ. તેણીએ એકવાર ફરીથી પોતાનાં મનને સવાલ કીધો કે શું તેણીની કમબખ્ત જીંદગીના અંધકારનાં વાદળાં તેણીનાં માથાં ઉપરથી દફે થતાં હતાં? અને તેમાંથી સુખનો સુર્ય પ્રકાશવાનો વારો આવ્યો હતો ?

હવે આપણે બંદીખાનામાં નીલ લાયન તરફ ફર્યે. તે જીંદગી અને મોત વચ્ચે તડફડિયાં ખાતો બંદીખાનાનાની આસ્પીટલમાં પડેલો હતો. એક નાનકડી ખાટલી તેનું કંગાળ બિછાનું હતું. જે પળથી પોલીસે તેને તેની માવતર અરસુલાનાં મકાનમાંથી પાછો ગિરફતાર કીધો હતો તે પળથી તે જીવતો છતાં મુવા જેવોજ બની ગયો હતો. પણ જે પળથી તેણે જાણ્યું કે કેદખાનામાંથી નાહસી જવાની સજામાં તેને કોરડાનો માર મારવાનો હતો ત્યારથી તેણે પોતાની જીંદગીની એકેએક આશાથી હાથ ધોયા હતા. કોરડાનો માર ! આ સજા માહા બુરી હતી. ગમે તેવા બદમાશ, ગમે તેવા સંગ દિલના અને ગમે તેવા ખરવરતર ખુનીને વટીક માથાંથી પગ સુધી ધ્રુજાવવાને તે બસ હતી તો લાયન જેવા નિર્દોષ, અને અરધા મરી ચસી રહેલા કેદીને આ સજાનું નામ સાંભળતાં કેવું લાગવું જોઇએ ? ખરૂં હતું કે તે મરવા માટે બીહીતો નહિ હતો, તે માટે તેને એક તલ ભાર પણ ગમ હતો નહિ, પણ આ સજા માટે એટલાંજ કારણે તે ધ્રુજતો હતો કે આ સજાની નામોશિ બદતર બુરી હતી. વળી આવી નામોશિભરી સજા પામેલા કેદીને એદેલીન કોઇબી કાલે પોતાના ખાવિન્દ તરીકે કબુલ કરે એ બનેજ કેમ? આ તેનો મોટો ગમ હતો. આથી તે પોતાની દુઃખી જીંદગીથી એટલો બધો તો કંટાલી ગયો કે જીવ ઉપર કરવું એ તેને માટે એકજ રસ્તો બાકી રહ્યો. પણ કેમ, કેવી રીતે પોતાની દુઃખી જીંદગીનો અંત લાવવો તે તે સમજી શકયો નહિ.

અંતે તેને એક રસ્તો સુઝયો. જે કાચનું પ્યાલું તેની અંધારી ખોલીમાં પાણી માટે રાખવામાં આવ્યું હતું તે તેણે એવી તો સિફતથી ભાંગ્યું કે તેના અણિયાલા ટુકડાથી પોતાના હાથની ધોરી નેસ તેણે કાપી નાખવાથી લોહી એટલું બધું તો વહેવા માંડયું કે તે કમબખ્ત કેદી બેભાન બની પોતાની ખોલીમાં પડયો અને તેની પાસે લોહીનું એક નાનું જેવું ખાબોચિયું બન્યું. જ્યારે તેને ત્યાંથી આસ્પીટલમાં ઉંચકી લઈ જવામાં આવ્યો ત્યારે તેને નહિ આ દુનિયાનું કે નહિ પેલી દુનિયાનું ભાન હતું. તબીબોએ પણ તેનાં જીવવાની આશા છોડી દીધી હતી, પણ ઇશ્વરની ગતિ ન્યારી હતી. તે મરવા માટે ગમે તેટલાં ફાંફાં મારતો હતો, પણ તેની જીંદગીની દોરી તુટવાને બદલે સામી લંબાતીજ રહી હતી. તબીબોની

બનતી સારવારથી તે પાછો સાજો થયો, તેનો સુકાંયલો ચહેરો એકવાર ફરીથી તાજો થયો. તે જે સજાથી બીહીતો હતો અને જે સજામાંથી બચવા માટે તે એક પળે મોતને કાંઠે વટીક આવી ચહડયો હતો તે સજા તો તેને ડોળા ફુરકતીજ ઉભી હતી. બે દિવસમાં આ સજા અમલમાં મેલવાનો હુકમ થઈ ચુકયો હતો; પણ ખુદાએ નિર્દોષ તરફ જોયું. આવી નામોશિભરી સજા ભોગવતો જોવાને કુદરત પોતે પણ કમકમી પાછી હઠી.

આ સજાની ખબર મેજર દોન્તેજ એદેલીનને પુગાડી હતી અને એદેલીનના આગ્રહથીજ તે અમલદારે આ નામોશિભરી સજા અમલમાં મેલતાં અટકાવી હતી, જે માટે એદેલીને એવા તો ગળિયા ગળિયા શબ્દોમાં તેનો આભાર માન્યો કે તે હવસી શેતાને એદેલીન જેવી પરીસુરતને પોતાના કાબુમાં ફસી પડેલી માની લીધી.

આ પછી લાયન થોડાજ દિવસ તંદરોસ્ત ફર્યો અને એક વાર ફરીથી તેની તબિયતે દગો દેવાથી તેને ફરીથી બંદીખાનાની આસ્પીટાલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં આપણે ઉપર જોયું તેમ તે એક કંગાળ ખાટલીનાં કંગાળ બિછાના ઉપર પડેલો હતો.

રોદ્રીક ઉપર લાયનનો સંદેસો.

કેદખાનાની આસ્પીટલમાં જુદા જુદા વાર્ડો કરવામાં આવ્યા હતા. એક ચોકસ વાર્ડ જીંદગીની આશા છોડી દેવામાં આવી હોય એવા મરણતોલ કેદી દરદીઓ માટે ખાસ રાખવામાં આવ્યો હતો, જ્યાં માત્ર અરધી દજન બિછાનાં રાખવામાં આવ્યાં હતાં; પણ જ્યારે નીલ લાયન ત્યાં પડેલો હતો ત્યારે ત્યાંનાં ત્રણ બિછાના ખાલી હતાં, યાને લાયન ઉપરાંત બીજા બેજ દરદીઓ ત્યાં પડેલા હતા. આ બે દરદીઓમાં એક દરદી ખરેખર આ દુનિયામાં છેલ્લોજ દમ લેતો હતો. તેને પેટ આગળ એક જાલેમ દરદ થયું હતું. બીજો દરદી સ્લીમ જીમ હતો, જે લાયનનો જીવ લેવા માટે જુલિયન અને રોદ્રીકના એજંટ તરીકે કેદખાનામાં આવવા પામ્યો હતો, જે વાંચનારાંઓથી છુપું નથી. પણ તેઓ વાજબી રીતે સવાલ કરશે કે સ્લીમ જીમને લાયનવાલા વાર્ડમાં રાખવામાં આવેલો હોવાથી તેબી મરણતોલ સ્થિતિમાં આવી પડયો હતો? નહિ. તે જેવો જોઇએ તેવો તંદરોસ્ત હતો; પણ તે પોતાનાં પેટમાં જાલેમ દરદ થવાની અનેક વાર તબીબ આગળ ફરિયાદ કરી ચુકયો હતો. સ્લીમ જીમની બંદીખાનાની જીંદગી બંદીખાનાના એકેએક અમલદારને પસંદ પડતી થઈ પડી હતી. ટુકમાં તે કેદખાનામાં સઘળાઓનો પ્યારો થઈ પડયો હતો. એમ કરવામાં તેણે પોતાની કેવી મોતેબર મતલબ સાચવી હતી તે આપણે જોઈ ગયા છિએ.

"ડાકટર સાહેબ, મને બદમાશોની વચ્ચે આસ્પીટાલમાં મોકલો તે કરતાં નહિજ મોકલો તો સારૂં. મને ગુનેહગારોની વચમાં દિવસ અને રાત બિછાના ઉપર આળસુ પડી રહેવા ગમતું નથી. મને માફ કરો!" સ્લીમ જીમને જ્યારે આસ્પીટલમાં જવાની તબીબે રજા આપી ત્યારે તે બદમાશે તબીબને 'ભોળો દોલો' બની કહ્યું.

"અરે પણ આસ્પીટલમાં જઈ કાંઈક આરામ નહિ લેવાથી અને તારાં પેટમાંનાં ગુપ્ત દરદની તપાસ નહિ કરાવાથી તું મરી જશે તેનો તને કાંઈ ખ્યાલ છે? સ્લીમ જીમ, મારી તને સલાહ છે કે, તું આસ્પીટલમાં જા!"

"આસ્પીટલમાં નહિ જવાથી મારી દુઃખી જીંદગીનો અગર જલદીથીજ અંત આવતો હોય તો સાહેબ, ખુદાને ખાતર મને ત્યાં મોકલોજ ના. હું આવી નામોશિભરી જીંદગીમાં જીવવા કરતાં મોતને વધારે પસંદ કરૂંછ." આટલું બોલી તે ઢોંગી ઠગારાએ પોતાની આંખોમાંથી બે ચાર આંસુ વટીક ખેરવી નાખ્યાં અને જાણે ગમના બોજાથી તેની છાતી કેવીક ફાટી જતી હોય તેમ દબાયલા, ડબાયલા સાદે તેણે આગલ ચલાવ્યું, "ભલા તબીબ સાહેબ, હું બંદીખાનાની નામોશિ છતાં જીવુંછ, પણ મોતની તગરમાંજ જીવુંછ. સાહેબ, હું બિલકુલ નિર્દોષ છું, સદંતર બેગુનાહ છું. હું માત્ર દગાનોજ ભોગ થઈ પડયોછ. માટે સાહેબ, આસ્પીટલમાં બદમાશો અને ખુનીઓ વચ્ચે સુતાં મને કમકમાટ છુટેછ. સાહેબ, મને અહિંજ મરવા દેઓ! ખુદા ખાતર મારી દયા ના ખાવો! ખુદા! ખુદા! નિર્દોષ ઉપર આબી કેવો સીતમ! કેવો જુલમ!" આટલું બોલી તે ઠગારો રડી પડયો. તેના રડવાથી તે દયાળુ તબીબ ઉપર અસર થઈ.

"ના રડ! ભલા સ્લીમ જીમ, હું જોઉંછ કે તું કોઈ બદમાશના દગાનો ખરેખર કમનસીબ ભોગ થઈ પડયોછ; પણ નિર્દોષનો બેલી ખુદા છે! તેજ નિર્દોષોનો વાલી છે. ખેર, જયારે તું આસ્પીટલમાં જઈ બદમાશોની વચ્ચે રહેવા માંગતો નથી તો તુને હું પેલા ખાસ વાર્ડમાં મોકલવા માંગુંછ, જ્યાં ફકત બેજ દરદીઓ છે અને વળી તેઓની જીંદગીનું બારકસ મોતને કિનારે લગભગ જઇ પુગેલું છે. બોલ, ભલા સ્લીમ જીમ, ત્યાં જવાને તું રાજી છે?"

દરદીને ભાવતુંજ વૈદે ફરમાવ્યું. ભલા તબીબની આ માંગણી દેખીતી કેટલીક આનાકાની સાથે તેણે ઘણા ભાર ચપરાસથી કબુલ કીધી, અને તે પોતાના ઢોંગથી નીલ લાયનની પુઠે જઈ શકયો તે માટે તે બેહદ ખુશી થયો, અને હવે લાયનની રીબતી જીંદગીનો જેમ બને તેમ જલદી અંત લાવવાનો પોતાનાં મન સાથે નિશ્ચય કીધો.

આપણે ઉપર જોયું તેમ નીલ લાયન ઉપરાંત એક બીજો બુઢો કેદી ત્યાં પડેલો હતો, જેનું બિછાનું લાયનની બરાબર પડોસમાંજ હતું. જે દિવસે સ્લીમ જીમને આ ખાસ વાર્ડમાં દાખલ કરવામાં આવ્યો તેની આગલે દિવસે એક નવા "વાર્ડ બોય" તરીકે ગંભીર દેખાવના અને મોટી ઉમરના શખ્સને ત્યાં લાવવામાં આવ્યો હતો. "વાર્ડ બોય"નું કામ તે વેળાએ સારી ચાલના બંદીવાનોને સોંપવામાં આવતું હતું. પેલો ગંભીર "વોર્ડ બોય" સારીજ ચાલનો હતો અને થોડા દિવસમાં કેદી જીંદગીથી ફારેગ થનાર હતો. લાયને તેને અનેક વાર જોયો હતો અને તેની બોલવા ચાલવાની ઢબ ઉપરથી તે તેને ચાહતાં શિખ્યો હતો. તે બુઢાના બાબમાં પણ એમજ હતું, કેમકે તે બુઢો પણ તેની તરફ અજબ વાહલ ધરાવતો હતો. નીલ લાયને શરૂઆતમાં તેને જોયો હતો, તે કરતાં હાલમાં તેના ચેહેરામાં મોટો તફાવત પડી ગયો હતો. તેનું અંગ દુર્બળ બની ગયું હતું, તેની આંખોમાં મોટા મોટા ખાડા પડયા હતા, અને તેનો ચેહેરો ભયભરેલી હદ સુધી ડરામણો બન્યો હતો. તેનાં માથાં અને દાહડીના વાળો એટલા બધા તો વધી ગયા હતા કે તેનો દેખાવ, તે પોતે અંદરથી ગમે તેટલો દયાળુ હોવા છતાં, બાહેરથી ભયાનક

લાગતો હતો, પણ લાયનને તો તે વધુ પ્યારો લાગ્યો, કેમકે તેનાં દિલમાં દયા હતી, આંખોમાં દયા હતી.

"ભાઇ, તારો વખત તો પુરો થવા આવ્યોછ !" લાયને તે બુઢાને સ્લીમ જીમ દાખલ થયો તેની એક રાત આગમચ તક મલતાં કોઈ નહિ સાંભળે તેમ કહ્યું.

તે ગંભીર કેદીએ ડોકું ધુણાવ્યું, જેમ કરતાં તેની ગમે તેટલી ગંભીરાઈ છતાં તેના લેવાયલા, લુટાયલા ચેહેરા ઉપર હસવાનો છાપ પ્રગટી નિકળેલો લાયને આબાદ જોયો.

"હું ઇચ્છુંછ કે હું તારી જગ્યાએ હતે!" બિછાના ઉપર પડયો પડયો લાયન બડબડયો.

આ પછી તે ચુપ પડયોજ રહ્યો. તેણે પોતાની બંને આંખો વિંચેલી રાખી હતી. તોપણ તેના ફિક્કા, ધુજતા હોઠો હિલતા હતા. તે કાંઈ બડબડતો હતો; પણ તેનું બડબડવું એટલું તો ધીમું હતું કે પેલો ગંભીર કેદી એક હર્ફ વટીક સાંભળી શકયો નહિ. તે દયાથી તેનો સુકાયલો ચેહેરો જોતોજ ઉભો. રાત વહિ ગઈ હતી. બારની વધાઈ કમપાઉન્ડમાંનાં લોખંડી ઘડિયાળે સંભળાવી હતી. લાયનની પાસેનો દરદી બેભાન હાલતમાં પડેલો હતો. પોહરેગીર ખોલીની બાહેર નિંદ્રાદેવીને વશ થઈ ગયો હતો, એટલે તેને કોઇથી બીહીવાનું હતું નહિ. તે લાયનનાં બિછાના આગળ કોઇનો પણ ડર કરવા વિના પથ્થરનાં પુતલાંની માફક સ્થિર બની ઉભોજ રહ્યો. હવેજ તેણે જોયું કે લાયન ખુલ્લી આંખોએ તેને તગર તગર જોતો હતો. તેની આંખોમાંથી આંસુ સફેદ મોતીનાં રૂપમાં ટપકતાં હતાં, પણ તે આંખો મસાલની પેઠે ઝળકી રહી હતી. તેના ડોળા, હતા તે કરતાં વધુ ફાટી ગયા હતા.

"કીનો! કીનો!! કીનો!!!" લાયન એકદમ એવો તો પોકારી ઉઠયો કે પેલો ગંભીર કેદી પણ ચોંકયો.

"કોણ પર કીનો?" તેણે લાયનને ધીમા સાદે સવાલ કીધો.

"મારી જીંદગીને આવી બુરી હાલતે લાવનાર ઉપર કીનો! બસ કીનો!! બસ!!!" બુઢો ગભરાયો. તરતજ પેલા શખ્સે લાયનનું મોહડું દાબી તેને આગળ બુમ પાડતાં અટકાવ્યો, અને તેણે એવી તો સમજાવટથી તેને સમજાવી થંડો પાડયો કે લાયને પોતાની ભુલ જોઇ. તે તરતજ બિછાના ઉપર અરધો ઉઠી બેઠો અને તેનો એક હાથ પોતાના હાથમાં લઈ તે બોલ્યો, "ભલા શખ્સ, મને વચન આપ કે આ જેહાનમના ગારમાંથી બહાર નિકળવા પછી મારી આખી જીંદગીનું સત્યાનાશ વાળનારને તું શોધી કહાડશે. તારાં દિલમાં દયા અને ઈનસાફ છે જેથી તું તે સીતમગર ઉપર મારો સંદેસો લઇ જવા એક તલભાર પણ આનાકાની કરશે નહિ. બોલ કબુલ છે?"

"હા, હું કબુલ છું. એક વાર નહિ, પણ હજાર વાર કબુલ છું. બોલ, તારો સંદેસો શું છે, કોણપર છે?" આ એકરારથી લાયનનો ચેહેરો આવાં મોત વેળાની માંદગીએ પણ ખિલી નિકળ્યો. તેને કાંઇક હિમ્મત આવી, તેનાં નબળાં શરીરમાં કાંઇક જોર આવ્યું. તેણે અહેસાનના ઉભરાથી તેનો પકડેલો હાથ કાંઈક માયાથી દાબ્યો, અને પોતાનાં બિછાના ઉપર તરો થઇ બેસી બોલ્યો, "અય દયાળુ શખ્સ! ઓલ્દકેસલ પાર્કવાળા મરહુમ લોર્ડ ઓલ્દકેસલને તું ઓળખતો હોવો જોઇએ. તેનો વડો બેટો રોદ્રીક જે એક સોલીસીટર હતો અને જે પોતાના તવંગર કુટુંબને

રડાવી અને ગરીબ કુળોનું સદાનું સત્યાનાશ વાલી નાહસ્તો ભરાતો થયો હતો તેની ઉપર મારો સંદેસો લઇ જવાનો છે.”

લાયને જોયું કે તેની વાત દરમ્યાન તે બુઢાનો ચેહેરો વધુ અને વધુ ભયંકર બનતો ગયો હતો અને તે હતો તે કરતાં વધુ એબિચલ બનતો જતો હતો. તેણે દાંત ઉપર દાંત ચહડાવી દીધા હતા. તેનાં માથાંના વાળો જાણે ખંજરની માફક ઉભા થઇ રહ્યા હતા, તેનાં કપાળ ઉપરની એકેએક નસ ખેંચાઈ તણાઈ રહી હતી. તેના બંને હાથોની મુઠી વળી રહી હતી, જ્યારે હાથો અને હોઠો ધ્રુજતા રહ્યા હતા.

એ શું હવું? લાયન સમજી શકયો નહિ. તેને આવી ભયાનક સ્થિતિમાં બોલ્યા કે હાલ્યા ચાલ્યા વિના ઉભેલો જોઇ લાયને આગળ ચલાવ્યું, “એ બદમાશને શોધી કાહડ ને તેને કેહ, ઓ! તે ચંડાળને કેહજે કે હું તારાં અજીમ પાપનો બોજ હજી પણ મારે માથે લઇને ફરૂંછ, માટે મારો છુટક કર! કેમકે ખરો ગુનેહગાર તો તું છે, હું નહિ. રોજર દીપીંગનો ખુની તું છે, હું નહિ.”

પેલો બુઢો કેદી ચોંકયો. તે વાંકો વલી લાયનની મસાલ પેઠે બળતી આંખો બારીકીથી જોવા લાગ્યો. તેણે પોતાનો હાથ લાયનનાં કપાળ ઉપર મેલ્યો, એવી મતલબથી કે તે શું તાવની ઘુમમાં ફાટું ફાટું બકતો હતો તે તે તપાસે. પણ નહિ. તાવ એટલો બધો નહિ હતો.

“અરે કમબખ્ત શખ્સ, તું શું બકેછ તેનું તને કાંઇ ભાન છે? જેની ઉપર તું તારો સંદેસો લઇ જવા કેહેછ તે તો કયારનો મોતને શરણ વટીક થયોછ.”

“એમ લોકો ધારેછ, પણ હું તેમ માનતો નથી. જે રાતે રોજર દીપીંગનું ખુન થયું તે રાતે અને વળી ખુનવાળી જગોએજ મેં તેને મારી નજરો નજર જોયો હતો. ઓ! તેજ, તેજ, ખુની છે. રોજર દીપીંગનાં લોહીથી તેજ ચંડાળના હાથો ખરડાયલા છે, મારા નહિ. જો! જો! મારા દયાળુ કાસદ, મારા બંને હાથો લોહી વિનાના સાફ છે, બિલકુલ પાક છે. સાંભળી લે કે એ છતાં તે કંગાળ મને ઇનસાફ નહિ આપશે તો હુંજ તેની પાસે જવશ, મારી બીમારી છતાં તેને ગલચીમાંથી પકડશ અને તે ખુની ઉપર મારૂં વેર લેવશ, તેનું ખુન કરશ, તેનું લોહી પીવશ. બસ જાઉંછ! હમણાંજ જાઉંછ! હમણાંજ જાઉંછ! આ ચાલ્યો.”

આટલું બોલી તે કુદકો મારી બિછાના ઉપરથી નીચે ઉતર્યો, અને જેવો તે દરવાજા તરફ દોડવા જતો હતો તેવોજ તે બુઢાએ તેને અટકાવી કહ્યું, “અય કમબખ્ત જવાન! જરા ખ્યાલ કર કે તું તો કેદી છે, જયારે રોદ્રીક તો ખુની છતાં વગર સજા ખમતે બાહર ફરતો ફરેછ, ત્યારે તું તેને કેમ સજા કરી શકશે, તારૂં વેર કેમ લઈ શકશે?”

લાયનને આ સમજાવટથી તરતજ ભાન આવ્યું. તે ધીમાં અને એકસરખાં કદમે બિછાના આગળ ગયો અને “ઓ ખુદા! ખુદા!”નો પોકાર કરતો નિસોસ થઇ આંખો બંધ કરી બિછાના ઉપર પડયો.

પેલો બુઢો કેદી દિવાનાની પેઠે હવામાં મુઠી ધુમાવી દાંત્યા પીસી બોલ્યો, “હા! રોદ્રીક, અગરજો તું જીવતોજ છે તો જેમ આ કમબખ્ત કેદીનું તેમજ મારૂં વેર લેઉં તો હું—”

તે આગળ બોલી શકયો નહિ, કેમકે લાયને પોતાની આંખો એકવાર ફરીથી ઉઘાડી પોતાના કાસદ તરફ જોયું. આ કાસદ કોણ હતો?

"પડતી ઉપર પચાસ."

લાયને પાછી આંખો ઉઘાડી ત્યારે પોતાના કદરબીહામણા ભલા કાસદને પોતાનાં કંગાળ બિછાના આગળ હજી ઉભેલો જોઈ તેણે મોહડું મલકાવ્યું, આંખોના ડોળા ખુશીના બહારમાં આમથી તેમ ફેરવ્યા અને પોતાના નબળા હાથોએ તેનો હાથ દાબ્યો. આભારના ઉભરાનાં કિરણો તેની બંને આંખોમાં ચમકી રહ્યાં હતાં. તે એક વાર ફરીથી બિછાના ઉપર તરો થઈ બેઠો અને ઘણીજ મુશ્કેલીથી દમ લઇ બોલ્યો:—

"મારા ભલા કાસદ, ખુદા સાહેદ છે કે તું મારી જગોએ હતે અને હું તારાં જેવું દુઃખ સહન કરતો હતે તો તારૂં ફરમાન મેં માથે ચહડાવ્યું હતે! ગઈ કાલ સુધી હું એમજ ધારતો હતો કે હું નિર્દોષ હોવાથી આ જેહાનનાં આ દોજખખાનામાંથી કોઇબી પળે મારો છુટકો થશે, પણ નહિ, હવે હું જોઉંછ કે તેમ વિચારવામાં મેં મોટી ભુલ કીધી હતી. હવેજ મારી આંખ ઉઘડીછ કે જે સીતમગરનાં પાપનો ભાર હું મારે માથે લઈ ફરૂંછ, તે સીતમગરને પાતાળમાંથી પણ શોધી કહાડી મારો સંદેસો તે જુલમગારને પુગાડવાને ત્યારે તું કબુલ છે ?"

તે બુઢા અને ગંભીર પેગામચીના ગંભીર ચેહેરાએ આ વેળાએ અજબ જેવું રૂપ ધારણ કીધું. તેની આંખો આ પળે નીલ લાયન ઉપર નહિ, પણ તેનાં બિછાનાંની જોડમાં છેલ્લો દમ લેતા પડેલા પેલા બુઢા ઉપર ચોંટી બેઠી હતી.

તે અજબ જેવા ઘાડા, ફેરવાયલા અને શોકાતુર અવાજે બોલ્યો, "હા, તે શેતાનને તારો સંદેસો પુગાડશ. તે માટે આ દોજખખાનામાંથી બાહેર પડતાંજ મારી વર્ષોની ઉંઘ અને ભુખની દરકાર ન કરતાં તે જુલમગારને ઢુંડી કહાડી તારો દુઃખ ભરેલો સંદેસો જાહેર કરશ. કમનસીબ ભાઈ! તે શેતાન જેમ તુને નડયોછ, તેમ તેણે મનેબી દુઃખ દીધુંછ, અને તેથી તેની ઉપર જેમ તારૂં તેમજ મારૂંબી વેર હું લેવશ. ઓ! તે ચંડાળને લીધેજ આ દોજખખાનું મેં વર્ષોથી સેહવ્યુંછ ! મારી ઓરત અને મારાં ફરજંદોને મારી આ નાલેશિથી નીચું જોવું પડયુંછ તે એ ચંડાળ એબલીસને લીધેજ છે." આટલું બોલતાં તે બુઢાની આંખોમાંથી દડદડ આંસુઓ તપકવા લાગ્યાં.

લાયન અજબ ઉલટથી બોલી ઉઠયો, "ત્યારે તું પણ તે બદમાશને ઓળખેછ ? તુંબી તે ચંડાળનાં કાવત્રાંનો કમબખ્ત ભોગ થયોછ ?"

બુઢાએ દાંત્યાં કચકચાવી ડોકું ધુણાવી કહ્યું, "હા, તે બદમાશ મારો વકીલ હતો. તેણે મારો લુટારો બની મને પૈસા ટકાથી એવો તો લુટયોછ, કે જેની યાદ હું મરતાંબી ભુલનાર નથી, તેની ઉપર મારૂં વેર લેવાથી કદી પણ હઠનાર નથી. મારી અને મારાં કુટુંબ સામે ડોળા ઘુરકતા ઉભેલા ભુખમરાને લીધે તે વેળાએ તરતની ઉભી થયલી એક નવી કંપનીનો ડીરેકટર થવાની મને માંગણી કરવામાં આવી. મારાં કુટુંબને ભુખમરામાંથી બચાવવાની ઉલટમાં તે કંપનીની કશી પણ બારીક તપાસ કીધા વિના મેં તે ઓધો આંખ વિંચીને કબુલ કીધો, જેનું પરિણામ એ આવ્યું કે આખરે તે કંપની પોકળ માલમ પડી અને તેની ઠગાઈ જાહેરમાં આવી અને બીજા ડીરેકટર ભેગો મનેબી કોર્ટમાં ઘસડવામાં આવ્યો.

મને ત્રણ વરસનાં સખત કેદખાનાની સજા થઇ. આ સજા મેં પુરી કીધીછ પણ હવેજ મને અજાયબિ લાગેછ કે નામોશિનાં આ ત્રણ વરસ સુધી હું કેમ જીવતો રહેવા પામ્યો ? આ નામોશિની દુઃખભરી યાદ હું મારી પોતાની સાથે ઘોરમાં પણ લઈ જઈશ."

નીલ લાયનને છુટકારાનો દમ ખેંચ્યો. તેણે સંતોષ માની લીધો કે આ બુઢા ઉપર ગુજરેલી જફાનાં કારણે તેની આફતનાં મુળ રોદ્રીક ઉપર તેનું અને પોતાનું વેર લીધા વિના તે રહેશે નહિ.

તે એકવાર ફરીથી બિછાના ઉપર પડયો. આજની થાક તેના જેવી નબળી દેહના દરદી માટે હદથી જયાદા હતી. તે બુઢા કેદીનાં વચનથી મળેલા સંતોષથી અને થાકના પ્રતાપથી તેણે પોતાની નબળી આંખો વિંચી દીધી. તેને તરતજ નિંદ્રાદેવીને વશ થઈ પડેલો જોઈ પેલો ધંભીર કેદી સામેની એક બેઠક ઉપર બેસી ગયો. આજે રાતે તેને તેની ઉંઘે વિસારી મેલ્યો હતો, નિવારી મેલ્યો હતો. કેદખાનામાંથી મુકત થવાનો વખત નજદીક આવેલો હોવાથી તે પોતાની ઓરત અને ફરજંદોને મળવાની એટલી બધી હોંસમાં આવી ગયો હતો કે તે ગોયા ઉંઘને પણ ભુલી ગયો હતો. તે બેઠો બેઠો ઉંઘમાં પડેલા લાયનના ચેનચાળા દુરથી તપાસતો હતો. તેણે જોયું કે લાયન શાન્તિથી ઉંઘતો નહિ હતો. લાયન જેવા કેદીને શાન્તિની ઉંઘ હોયજ કયાંથી ? તેની જીંદગી એવી તો આફતો અને નામોશી વચ્ચેથી પસાર થતી હતી કે એક પળ વારની પણ શાન્તિનો આશીર્વાદ તેને મલેજ કયાંથી ? ઘડીકમાં તે ઉંઘમાં બડબડતો, તો ઘડીકમાં તે પોકાર મારતો હતો, અને વળી ઘડીકમાં તે પોતાનોજ ટોટો પકડી જાણે રોદ્રીકને તેણે ગલચીમાંથી ધર્યો હોય તેમ ઉસ્કેરાઈ જતો. તે જાગતો હતો કે ઉંઘતો હતો તે તે સમજી શકયો નહિ; પણ એટલામાં તો કમનસીબ નીલ લાયન પોતાનો એક હાથ બીજા હાથમાં પકડી એક મોટો પોકાર મારી જાગી ઉઠયો. તે હદથી જયાદા ઉસ્કેરાઈ ગયો હતો.

"ચંડાળ, અંતે તું પકડાયો ! હવે તું મારા પંજામાંથી કયાં નાહસવાનો છે ?" આટલું બોલી લાયને પોતાનાજ ગાલ ઉપર પોતાના હાથ ગમે તેવા નબળા હોવા છતાં તે વડે એવી તો મજબુત સ્લાપો ખેંચી કાહડી કે પેલા બુઢા કેદીને તેની નજદીક ધસી જવા વિના ચાલ્યુંજ નહિ. તે ઉઠયો અને લાયનનાં બિછાના આગળ આવી ઉભો.

"અરે કમનસીબ જવાન ! ખરેજ તારી હાલત દયાને પાત્ર છે. જે હાથને તું પેલા બદમાશ રોદ્રીકનો પાપી હાથ સમજેછ તે તું તારી આંખો ઉઘાડી જો કે તે બદમાશનો નહિ, પણ તારો પોતાનોજ હાથ છે."

પેલા કેદીના દયાળુ સાદનો ભણકારો પોતાના કાનને અથડવાથી લાયને આંખો ઉઘાડી અને તે ઉઠી બેઠો થયો અને પોતાની ભુલ જોવાથી તે જાણે શરમાઇ ગયો હોય તેમ નિચી મુડીએ હાલ્યા ચાલ્યા વિના બેસીજ રહ્યો.

"ઓ પરવરદેગાર ! મારી ઉપર આ કયાં પાપનો જુલમી માર !" થોડીક પળ પછી તે એ પ્રમાણે પોકારી ઉઠી બિછાના ઉપર ઉંધે મસ્તક પડયો, અને એક બાળકની પેઠે ડચકાંઓથી ગુંગળાતી છાતીએ નવધાર આંસુઓ સાથે રડવા લાગ્યો. લાયનનો આ હાલ જોઈ પેલા ધંભીર કેદીનું પથ્થર સમાન દિલ દયાથી મોમ મિસાલ બની ગયું. તેણે તેને ઘણોબી દિલાસો દીધો પણ જાણે પથ્થર ઉપર પાણી. તે શાન્ત થવાને બદલે ઓરબી વધુ ઉસ્કેરાતો હતો. તેનું થંડું ગાર દિલ

પણ અંગાર મિસાલ વધુ અને વધુ તપતું ચાલ્યું હતું. તેના ડોળા ફાટી રહ્યા હતા. તેણે પોતાના હાથોની મુઠી મજબુતીથી વાળી દીધી અને તેના હાથ પગમાં તાણુતોડ શરૂ થઇ ચુકી હતી. તે છતાં તે હાથ પગ મોટાં જોશ સહિત બિછાના ઉપર અફાળતો હતો અને રોદ્રીકને ફટુવાના વરસાદથી તરબોળ કરી નાખતો હતો.

તે એકદમ પોકારી ઉઠયો, "ઓ ! રોદ્રીક, બદમાશ, બુરા રોદ્રીક ! મને નાહક સતાવવાથી હાથ ઉઠાવ ! ઓ ભલા કાસદ, મને બચાવ ! મને બચાવ !" તે એકદમ તે બુઢા કેદીને, ગોયા દિવાનાપણુાંની ઝુમમાં, એવો તો મજબુત વળગી પડયો કે તેને છુટો કરતાં મોટી મુશ્કેલી થઈ પડી.

"કમનસીબ જવાન !" પેલો બુઢો, દયાળુ કેદી લાયનને દિલાસો આપી બોલ્યો, "અહિં રોદ્રીક તુને સતાવી શકનાર નથી. એ તો ફકત તારાં મગ્જનો ખાલી ધખારો છે, તારાં મનનો બિગાડો છે."

આથી લાયન વધુ મોટેથી પોકારી બોલ્યો, "નહિ ! નહિ ! તું જુઠો છે ! તુંબી બદમાશ છે, તું રોદ્રીકનો મળતીયો છે, તેનો રફીક છે, તેનાં પાપોમાં શરિક છે. જા ! મારી આગળથી તુંબી તારૂં કાળું કર, નાબુદ થા !" આટલું બોલી તેણે તે દયાળુ કેદીને એવો તો અચાનક આંચકો માર્યો કે તે બુઢો ચતોપાટ મોટાં જોશ સહિત જમીન ઉપર ઝીખાયો. તે બરડો દાબતો જેમ તેમ ઉઠયો ત્યારે તેણે મોટી અજાયબિ વચ્ચે જોયું કે કમનસીબ લાયન પોતાનું બિછાનું છોડી તેની સામે ડોળા ધુરકતો ઉભો હતો.

"કેમ બુઢ્ઢા ! હવે સ્વાદ ચાખ્યો ?" આટલું બોલી લાયન મોટેથી હસી પડયો.

પેલા બુઢા કેદીએ માની લીધું કે આ કમનસીબ જવાન ઉપર આફત એટલી બધી તો વરસી રહી હતી કે તેની માઠી અસરથી તેનાં મગ્જની આગરી ચકાસી ગઇ હતી.

બુઢા કેદી તરફથી કશો જવાબ નહિ મળવાથી લાયન ધીમાં અને એકસરખાં કદમે એક પણ વધુ હર્ફ બોલવા વિના પોતાનાં બિછાના આગળ પાછો ફર્યો, અને તે ઉપર સુઈ ગયો. તેની આંખો દરવાજા ઉપર ઠરી રહી હતી. જાણે તે દરવાજેથી કોઈ તેનાં બિછાના આગળ આવવાનું હોય તેમ તે તરફ તે ડોળા ફાડી ફાડી એકી તગરે જોતો રહ્યો હતો.

"જો ! જો ! મારા ભલા કાસદ જો ! દરવાજામાંથી તેજ પેલો બુઢો રોજર ડીપીંગ મારાં બિછાના આગળ આવેછ ! જો ! જો ! તે મારી તરફ કેવી દયાથી જોયછ ? તે જાણેછ કે તેનો ખુની રોદ્રીક છે ને હું કમબખ્ત તે ખુનનો નાહકનો ભાર મારે માથે લઈ ફરૂંછ, નાહકનું બંદીખાનું સેહવુંછ ! જો ! જો ! તે મારી આગળ કેવો ધસ્યો આવેછ ?"

બુઢા કેદીએ દરવાજા આગળ નજર કીધી ! ત્યાં કોઇ હતું નહિ. તે બાપડો કેદી વટીક લાયનના આવા ચેનચાળાથી બહુજ ધબરાઇ ગયો. તેણે જોયું કે તેને શાન્ત પાડવો મુશ્કેલ કામ હતું. તાવની ઝુમમાં તેનો લવારો બકારો હદથી જ્યાદા વધી ગયો હતો.

"સાંભળ ! મારા ભલા કાસદ, સાંભળ ! કે હું એક ઓરતને ચાહુંછ. ખરાં જીગર જાનથી ચાહુંછ. તે દિલફરા બાનુ મને પણ ચાહેછ. ઓ ! તે મિઠી સુરત મને એવા તો ખાલેસ પ્યારથી ચાહેછ કે તેણીનો ચાહત મારા બાબમાં આબે હેયાત છે, મારી આ કંગાળ જીંદગીની રાહત છે. તેણીની ગેરહાજરીથી મારાં

સુખનો રોશન દિવસ ગોયા કાળી કદરબીહામણી રાત છે. ઓ ભલા શખ્સ, તે દિલજીત બાનુને તેં જોઇછ ?"

પેલા શખ્સે ડોકું ધુણાવી ના પાડી. આથી લાયન ખડખડ હસી પડી બોલ્યો, "અરે નાદાન ! જયારે તેં તે ખુબસુરતીને નથી જોઇ ત્યારે જાણ કે તેં આ જહા- નની કુદરત નથી જોઇ, તે કુદરતની તેં કરામત નથી જોઈ. તે ભોળી, સુંદરી મારી જીંદગીનો આધાર છે, આ આંધળી આંખોનો દિદાર છે." બોલી તે વધુ ઉસ્કેરાઇ ગયો અને જાણે તે પોતાની સામે એદેલીનને ઉભેલી હોય તેમ તે પોકારી ઉઠયો, "જો ! જો ! મારા ભલા કાસદ જો ! કોમળ કળી મારી આગળ આવેછ. જો ! જો ! તે કેવી સુંદર છે ! કેવી છે !" આટલું બોલી તે કમબખ્ત ધુંટણિએ પડયો અને બંને હાથ જોડી દેવીની તે પરસ્તેશ કરતો હોય તેવી ઢબે બોલ્યો, "ઓ ! ખુબસુરતીની હું ખરેખર બેગુનાહ છું, તારી મારીનો સજાવાર છું. ઓ ! મોહબતની મુરત ! મારી આ આફતથી મને બચાવ ! મને બચાવ ! તું મારૂં મંદિર છે, તારો પરસ્તાર છું, તું મારી દિલબર છે, હું તારો દિલદાર છું."

તે વધુ બોલી શકયો નહિ. તે થાકથી આજેઝ બની બિછાના ઉપર પડી ગયો. પેલા ધંભીર કેદીને લાગ્યું કે લાયનના દહાડા ગણાઇ ચુકયા હતા, તેની હૈયાતીની ઓટ ચાલુ થતી હતી, તેની જીંદગીની જોત બુઝાતી જતી હતી. બુઢાને લાગ્યું કે લાયનની આજની આ બુરી હાલત ગોયા 'પડતી ઉપર પચાસ' સમાન હતી.

અરસુલાનો પાઠ—રોઝામન્દ ઉપર નવી આફત.

નીલ લાયનની મા અરસુલાનાં મકાનમાં રોઝામન્દ ફલોયે પોતાનાં એક- પુરાં વાહલાં ફરજંદ સાથે ઘણીજ આનાકાની સાથે રહેવાનું ચાલુ રાખ્યું હતું. તે દુ:ખી બાનુ મોટા વિચારમાં પડી હતી કે એમ ને એમ તે કયાં સુધી અર- સુલાનાં ખભાં ઉપર બોજા સમાન પડી રહેવાય ? વળી અરસુલાની નાણાંસંબંધી હાલત કોઇ પણ રીતે સારી હતી નહિ. રોઝામન્દ ફલોયને જોકે વિલી એએ અનેક વાર પૈસાની મદદ કરવાની મરજી જણાવી હતી, પણ તે સ્રીએ તે મદદ લેવાને મોટા ઉપકાર સાથે ના પાડી હતી. કોઇની હરામની પાઇ લેવા કરતાં આબરૂ ઈજ્જતમાં ભુખે મરવાનું તેણીને વધારે પસંદ હતું. તે બાનુ જોકે અરસુ- લાના આગ્રહથી તેણીનાં મકાનમાં રહેવા કબુલ થઇ હતી, તોપણ તે ભરી સીવીને જે કાંઇ ખરા પરસેવાની રોટી પેદા કરતી તે એક બેટીના પ્યારથી અરસુલાના પગ આગલ મેલતી જેથી અરસુલાનું ટટુ ઠીક ગબડતું રહ્યું હતું. આથી રોઝા- મન્દ અરસુલાને બેવડી પ્યારી થઇ પડી હતી. વળી તેણીનો બેટો અરસુલાને ઠીક દિલાસો થઈ પડયો હતો. તે બાળક-બેટાના નિર્દોષ ચેનચાળાથી અરસુલા પોતાના કમબખ્ત બેટાનો ગમ કાંઇક દરજ્જે મારી શકી હતી. તે બાનુ રોઝામન્દના બેટાને જોઇ ઘડીકમાં મન વાળતી, તો ઘડીકમાં જીવ બાળતી. રોઝામન્દ ફલોયને જોકે આફત સહન કરવાની તબેહ પડી ગઈ હતી, તોપણ તે દુ:ખી, કંગાળ બાનુ અનેક વાર પોતાની જીંદગીથી અને પોતાની ઉપરની આફતથી કંટાળી જતી

હતી, તે એટલા સુધી કે વનવાસ યા જીંદગીના નાશને પોતાનાં દુઃખની દવા માનતી હતી. પણ જ્યારેબી અરસુલા દુન્યાદારીનો ખ્યાલ તેણીનાં મગજમાં ઠસાવતી ત્યારેજ તે પોતાની ભુલ જોતી અને ઇશ્વર ઉપર ભરોસો રાખતી. પણ તે સઘળું થોડાજ દિવસ માટે હતું.

આજે પણ પોતાની હંમેશની નબળાઈ મુજબ તે નબળાં મગજની બાનુ અરસુલાને પોતાનાં ઉંધાં કિસમતનો હંમેશનો રદનપાટલો સમજાવતી બેઠી હતી. તેણીનો વાહલો બેટો દેવી પાસેના ઓરડામાં ખુશ નિંદ્રાદેવીની લેહરમાં પડેલો હતો. તે દુઃખી માતા થોડોજ વખત થયો પોતાનાં તે વાહલાં ફરજંદને આરામથી પોઢાવી તેના નિર્દોષ ગાલ ઉપર હેતનું ચુંબન કરી અરસુલાના ઓરડામાં આવી બેઠી હતી.

"માતા! માતા! શું આપણું દુઃખનો રેળો ચાલુજ રહેશે? તેનો કાંઈ છેડો નહિજ આવશે? માતા! હું કેવું ઈચ્છુંછ કે આ સઘળું દુઃખ જોવાને આજે હું જીવતી રહેવા પામતે નહિ."

"રોઝામન્દ, મેં તને અનેક વાર સમજાવ્યુંછ કે સંપત્તિ અને વિપત્તિ વચેથી તવંગરો તેમજ ગરીબોની જીંદગીનું બારકસ નિરંતર પસાર થતું રહે છે. સુખ યા દુઃખ એ કિસમતની દેવીનો એક ખેલ માત્ર છે. તે કમબખ્ત ઈનસાનોને જમીનદોસ્ત કરે છે તે આકાશમાં ઉછાળવા માટે છે. તે તવંગરોને આકાશમાં ઉછાળેલા રાખે છે તે માત્ર તેમને જમીન ઉપર પછાડવા માટેજ છે. માટે ધીરજ ધર, આપણે હમણાં આફતનાં હેઠાણમાં તરફડિયાં મારીયેછ તે કોઈ વેળા સુખનાં ઉચાણમાં જવા માટેજ."

"પણ માતા! આપણેબી સુખનાં ઉચાણમાં જઇશું કે? બોલો! મને મારો પરણ્યો ખાવિંદ જડશે કે? તમોને તમારો વાહલો બેટો નીલ લાયન મલશે કે?"

અરસુલાએ પોતાના ખ્યાલોમાં માત્ર ડોકુંજ ધુણાવ્યું.

પણ અરસુલાનો આ મુંગો જવાબ રોઝામન્દને ભાવ્યો નહિ. તે લગાર નાસિપાસ થઈ બોલી, "પણ તે કયારે?"

"બેટી રોઝામન્દ! સાંભળ કે કુદરત પોતાના બંદાઓને ઉંચે કેમ ચહડાવવા અને તેજ બંદાઓને નીચે કેમ તોડી પાડવા તે સારી પેઠે જાણે છે, એટલે સુખના આવેશમાં કિસ્મત ઉપર રાજી થઈ જવું અને દુઃખના આવેશમાં તે ઉપર પાજી થઈ જવું એ ઇનસાનિયતની નિશાની હોતી નથી."

પણ અરસુલાનો આ કીમતી પાઠ રોઝામન્દનાં નબળાં ભેજાંમાં ઉતરવા પામ્યો નહિ. તે લગાર કાંઇક કંટાળાથી બોલી, "માતા! એ સઘળું મોહડે બોલી જવું સેહલ છે, પણ કુદરત તરફથી બનવું મુશ્કેલ છે."

અરસુલા પોતાના આ ઉતાવળ્યા ચેલાના આવા વિચારથી લગાર હસી પડી. તેણીએ પોતાના આ ચેલાને વધારે વિગતવાર સમજાવવાને માથે લીધું.

"ત્યારે રોઝામન્દ, સાંભળ!" અરસુલા લગાર ગંભીર બની બોલી, "આ પૃથ્વી ઉપર અને આકાશ તળે જે બધી વસ્તુઓ છે તે શું સદા સ્થિર રહે છે? શું મસ્તાન માહસાગરમાં ભરતી પછી ઓટ થતી નથી? જે ચેરાગની જોત પુર જોશથી જલતી રહી છે તે શું બુજાઈ જતી નથી? દિવસ અસ્ત પામવા પછી શું થોડેક અંતરે રોશન રોજ પાછો જાહેર થતો નથી? ખુદ સુર્યે શું સિહા વાદળાંમાં ઢંકાયલો પાછો બાહેર નિકળતો નથી અને તે બમણાં જોશથી પ્રકાશતો નથી?

શું ચંદ્રમા નાનો થવા પછી દિવસે દિવસ મોટો નથી થતો? શું નાનો છોડવો ગંજાવર વૃક્ષનું રૂપ નથી લેતો? જેમનાં જીગરમાં સત્ય જ્ઞાનનો આફતાબ ચમકેલો રહે છે તેવા સદગુણીઓને આફતનો બોજ બિલકુલ લાગતો નથી. આફત તો કુદરતની સોટી છે, ધીરજ, ધર્મ, મિત્ર અને નારીની એક કસોટી છે.''

અરસુલાનો આ સબક રોઝામન્દે આખરે જેમ તેમ ગળે ઉતાર્યો અને તેમ કરી કાંઇક સંતોષ માની લીધો. તે ખોદાનાં કામથી અસંતોષી બની હતી તે ગુનાહનો પશ્ચાતાપ કરવા માટે ખોદા તરફની પવિત્ર ફરજ બજાવવા ઉઠી અને અરસુલાની રજા લઈ જે ઓરડામાં તેણીની દુઃખી જીંદગીનો એકનો એક આધાર પોઢેલો હતો તે ઓરડામાં બંદગી કરવા દાખલ થઈ. પણ તે બાનુ ખોદા તરફની ફરજ બજાવવા પેહલાં પોતાનાં બાળક તરફની ફરજ બજાવવા તૈયાર થઇ. તે દેવીનાં પાળણાં આગળ તેને કોટી અને ચુંબનથી ગુંગળાવી નાખવાની હોંસ સાથે ઉલટભેર ધસી પણ તેજ પળે છાતી ફાડી નાખનારી ચીચીયારી સમેત દિવાનશાળામાંથી નાહસી આવેલી એક દિવાનીની માફક અરસુલા જ્યાં બેઠી હતી ત્યાં ધસી ગઈ, અને અરસુલાનાં પાસાંમાં દબાઈ ડુસકે ડુસકે રડવા લાગી.

અરસુલા તેણીના રડવાનો સબબ સમજી શકી નહિ. તેણીએ રોઝામન્દને અનેક સવાલો કીધા, પણ રોઝામન્દનો અવાજ ડચકાંને લીધે તેણીનાં ગળાંમાંથી નિકળી શકયોજ નહિ! તેણીની છાતી પોતાની ઉપર આવી પડેલી આફતથી એટલી બધી તો ફાટી ગઈ હતી કે તેણીનાં ગળાંમાંથી એક હોકારો વટીક નિકળવા પામ્યો નહિ. તેણીનું રડવું જારીજ હતું, પણ અવાજ બંધ હતો.

દરેક ચીજની હદ હોય છે, તેમ રોઝામંન્દની ચુપકીદીનો પણ અંત આવ્યો. તેણીએ માહ મુશ્કેલીએ ખુલાસો કીધો.

"ઓ! મારો દેવી ગુમ થયોછ! તેને કોઈ બદમાશ ચોરી ગયોછ! માતા, મારાં બુરાં કિસમતે ઓરબી દગો દીધો! કિસમતે મને એવી તો લુટીછ કે મારી ઉમેદની દોરી તુટીછ! ઓ! માતા! મારા દેવીને લાવો, તેને અબઘડી શોધી કાહડો, નહિ તો હું દિવાની થવશ, આંધળી થવશ, મરી જવશ.''

દેવીના ગુમ થવાની વાત રોઝામન્દનાં મોહડેથી સાંભળતાંજ અરસુલાનો હોશ ફરામોશ થયો. તેણીનોબી દમ આ આફતકારક ખબરથી ગોયા દબાઈ ગયો. આ આફત રોઝામન્દ માટે કાંઇ થોડી નહિ હતી, જાલેમ મોત કરતાં પણ તે બદતર બુરી હતી. રોઝામન્દની અધુરી કમબખ્તી આથી પુરી બની હતી.

એકવાર ફરીથી.

"ગયો! ગયો! મારો તે ગોલાબ કરમાઇ ગયો! મારી મુફલી, મુરતી જીંદગીનો તે ચેરાગ બુજવાઈ ગયો! મારી દુઃખી જવાનીનો બાગ લુટાઈ ગયો!'' રોઝામન્દ પોતાનાં એકપુરાં ફરજંદની દુઃખભરી યાદ થતાં વિલાપ કરતાં બોલી. આ પ્રમાણે બોલતાં તેણીનું આખું શરીર થરથર કાંપતું હતું, અને તેણીના દુઃખી ચેહેરા ઉપર લોહીનું એક ટીપું પણ જણાતું હતું નહિ. તે મોત જેવો ફીક્કો ફચ બન્યો હતો.

રોઝામન્ડના વાહલા બેટાનાં ગુમ થવાથી અરસુલાનો ગમ પણ પાર વિનાનો હતો. નીલ લાચનની તે દુઃખી માતા હેવી ઉપર જે પ્યાર ધરાવતી હતી તે તે બાળક બેટાની જાણેતરથીજ ઉતરતો હતો. તે તે ગેલાબ જેવાં બાળકને અજબ વાહલથી ચાહતાં શિખી હતી અને તે વાહલથી તો તે દુઃખી માતા બંદીખાનામાં સબડતા પડેલા પોતાના બેટાનો ગમ કાંઇક સહન કરી શકી હતી. આથી તેણીએ ગુમ થયલા હેવી માટે બારીક જુસ્તેજો કીધી, પોલીસને ખબર આપી અને શરૂઆતના ઇલાજ તરીકે જે કાંઇ કરવું જોઇએ તે સઘળું તેણીએ અચ્છી કુનેહથી બજાવ્યું. એડેલીનને આ ગમનાક ખબર આપવાને તે બાનુ ભુલી નહિ. વળી તેણીએ જે શોધ કીધી તે એ હતી કે તે ગુમ થયલાં બાળકનાં શરીર ઉપર જે ઉનની શાલ વિંટાલી હતી તે પણ તે બાળક સાથે ગુમ થઇ ગઇ હતી. વળી અજબ જેવું તો એ હતું કે બાહેરનાં માણસ યા માણસોને અંદર દાખલ થવાનો એક પણ માર્ગ ખુલ્લો નહિ હોવા છતાં તે બાળક ચોરાવા પામ્યું હતું. બાળક ચોરાયું હતું એમાં તો કશો શક હતો નહિ, પણ તે કેમ ચોરાવા પામ્યું હતું એ એક નહિ ઉકળી શકે એવું ઉખાણું હતું; પણ અરસુલા પોતે હેવીને ચોરાવાની બીના માનતી નહિ હતી.

"રોઝામન્ડ, હેવીને કોઇ જાણીજોઇ ચોરી ગયું હોય એ હું હજી પણ માનતી નથી. એક ગરીબ માબાપનાં ફરજંદને ચોરી જનારને લાભજ શો હોય? હા, અગરજો હેવી તાલેવંત માબાપનો બેટો હતે અને તેને ચોરી જવામાં આવતે તો આપણે એમજ સમજતે કે કોઇ બદમાશે કાંઇ સારાં ઇનામની લાલચે તેમ કીધું હશે, પણ હેવીના બાબમાં તો તેવું કશું નહિ હોવાથી હેવીને ચોરી જવાની તર્ક હું માની શકતી નથી."

પણ શ્યાની અરસુલાની આ ગંભીર દલીલ રોઝામન્ડનાં ભમતાં અને ઘુમટાં મગજમાં ઉતરવા પામી નહિ. તે એકદમ પોકારી ઉઠી, "નહિ! નહિ! માતા અરસુલા, તમો જાણતાં નથી, પણ હેવી કાંઇ જેવા તેવા બાપનું ફરજંદ નથી. તેનો બાપ તાલેવંતોમાંનો એક છે, લાખોનો માલેક છે."

રોઝામન્ડ આટલુંજ બોલી શકી. તે વધુ આગળ બોલી શકી નહિ. તે ચુપજ રહી. તેણીની ચુપકીદી ઉપરથી એવું માલમ પડતું હતું કે અરસુલા આગળ આટલુંબી બોલાઇ જવાથી તે પસતાતી હતી; પણ તેણીનું ખરેખરૂં બોલવું અરસુલાને સાચ્ચું લાગ્યું નહિ. અરસુલાએ માની લીધું કે રોઝામન્ડ પોતાની ઉપર આવી પડેલી આ નવી આફતના બોજથી એટલી બધી તો કચડાઇ ગઈ હતી કે તે શું બકવા કરતી હતી તેનું તેણીને ભાન વટીક હતું નહિ; પણ વાંચનારાંઓ તો સેહેલથી સમજી ગયાં હશે કે રોઝામન્ડ હેવીના બાપ માટે જે બોલી હતી તે બોલેબોલ રાસ્ત હતું. અરસુલાને સ્વપ્ને પણ ખ્યાલ હતો નહિ કે હેવીનો બાપ ઓલ્ડકેસલ પાર્કનો માલેક લોર્ડ ઓલ્ડકેસલ પોતે હતો.

પોલીસે બારીક જુસ્તેજો ચલાવી હતી. વળી એડેલીને બાળક હેવીનો પત્તો મેળવી આપનારને ૫૦૦ પાઉન્ડનું ઈનામ આપવાનું જાહેર કીધું હતું, અને તેણીએ તે દુઃખી માતાને દિલાસો આપવાને પોતાથી બનતું કીધું હતું, પણ રોઝામન્ડને રાહત હતી નહિ. તે એકેએક પળના વહેવા સાથે વધુ અને વધુ બેચેન બનતી જતી હતી. તેણીને એક પળનું પણ ચેન હતું નહિ. અરસુલા પણ હેવીના ગુમ થવાથી આજેજ બની વિચારના વમળમાંજ નિંદ્રાદેવીને વશ થઇ ગઇ હતી. તેના

સમયે રોઝામન્ડને હેવીની હાજરી વિના તે આખું ઘર કરડવા આવતું હતું. તે ઉઠી, બાહેર પહેરી જવાનાં કપડાંમાં સજ થઇ, અને સોલીસીતર સીગીન્સનાં મકાન તરફનો તેણીએ રસ્તો લીધો. તે દુ:ખી માતા પોતાનાં ગુમ થયલાં બાળકના બાબમાં કાંઇક સલાહ પુછવા માંગતી હતી. સીગીન્સ કાકા હાલમાં અરસુલાનાં મકાનમાં ઠીક પેધા પડયા હતા. તેણે પેલાં ગુમ થયલાં પેકેટને હાથ કરવા માટે ફેરોફેરા ચાલુજ રાખી હતી, પણ વ્યર્થ.

રોઝામન્દ સીગીન્સનાં મકાનમાં પુગી ત્યારે સારાં નસીબે તે ઘરમાંજ હતો. નોકરે તેણીને હૉલમાં બેસાડી પાસેના ઓરડામાં પોતાની બેહેન સાથે ખુશ વાતચીતમાં રોકયલા પોતાના શેઠને રોઝામન્દનાં આવ્યાની ખબર આપી. રોઝામન્દનું નામ સાંભળતાંજ સીગીન્સની સુગાતરી બેહેનને સુગ ચહડી આવી, તેણીને નામે તેણીને ધધરીને તાપ ચહડી આવી. જાણે રોઝામન્દનાં આવ્યાથી તેણીનું કેઉંક લુટાઈ જવું હોય તેમ તે ધાંટો કહાડી પોકારી ઉઠી, "મારા વાહલા ચાર્લસ, હું આ તારૂં કામ કદી પણ સાંખી જવાની નથી. અરે! તું ભાઈ જેવો ભાઈ ને તુને એટલીબી શુદ્ધ નથી બલી કે તારી પાક પરહેજગાર બેહેન જે મકાનમાં વસેછ તે મકાનમાં એક પાપી સ્ત્રીને બેદ્ધડક તેં બેસાડી મુકીછ? એવાં ગુનેહગારોને જોતાં હું તો બેશુદ્ધ થઈ જાઉંછ જો! હું તે કસકુનમ દદા સાથે તને એક પળબી એકલો પડવા દેઉ તો આખું ગામ મને ટુપી ખાય! ને મનેજ કેહવા નિકળે કે આવી શુદ્ધ, શાન ને સલુકવાલી સદગુણી બેહેને કાંય નહિ પોતાના નાદાન ભાઇને અટકાવ્યો? માટે ચાર્લસ, ખબરદાર જો તેં તે બદકાર ઓરત સાથે જરાબી વાત કીધીછ તો!"

"પણ મારી વાહલી બેહેન, જરા મારૂં—"

બેહેને ગગડાટની માફક ગર્જના કરી ભાઇને આગળ બોલવા દીધોજ નહિ. "બસ ચાર્લસ, ઘણુંજ થયું. હું તારો એકબી બોલ સમજવામાં પાપ સમજુંછ! એવી પાપી સ્ત્રીનો બચાવ કરવો એબી એક પાપ છે, ખુદાનો શ્રાપ છે."

"પણ મારી વાહલી બેહેન, એમ તો કાઉનટેસ હેમીલતન, બેરનેસ દાર્તમુરા, લેડી એનજીલીયા સાથેબી તને ઘરૂંપરૂં છે ને તેઓને તેમના ખાવિન્દે કોર્ટ મારફતે તલાક આપેલા છે. રોઝામન્દનું પાપ તો હજી સાબેત થયું નથી, પણ તેઓનું પાપ તો જગ જાહેર છે તેનું કેમ?"

"હા, તેમ છે તો ખરૂં, પણ તેઓ તો તેમના બાપની અખુટ દોલતની વારેસો છે. તેમને તો બધુંજ છાજે, પણ રોઝામન્દ જેની પાસે ખાવાની ખાખ નહિ તે એવું બુડું કામ કરે તે હું એક ઘડીભર સાંખું નહિ."

પોતાની બેહેનની આવી ફિલસુફીથી તે મુછમાં હસીનેજ રહ્યો. પણ અંતે બેહેનની જીત અને ભાઇની હાર થઈ. નોકરને એવો હુકમ મલ્યો કે દિવાનખાનામાં બેઠેલી સ્ત્રીને જઇને કેહવું કે સોલીસીતર સીગીન્સ હાલમાં મલી શકશે નહિ. નોકર ગયો પણ આવું અપમાન નોકરનાં મોહડેથી સાંભળવાને રોઝામન્દ હાજર હતી નહિ. તે તો કયારની તે જગો છોડી ગઈ હતી. તેણીએ સીગીન્સની બેહેન મીસ લેવીનિયાને બોલતી સાંભળી હતી, જેથી તે અપમાનનું ધામ એક પળની પણ ઢીલ વિના અંતઃકરણમાં સળગેલી આગ સાથે છોડી ગઈ હતી.

હવે શું કરવું? આ સવાલ તેણીએ પોતાનાં મનને પુછયો. તે થરથર કાંપતી હતી પણ તે વિજળીક વેગે રસ્તો કાપતી હતી. તેણીને ખ્યાલ વટીક હતો નહિ

કે તે કેણી તરફ જતી હતી. તેણીને આ બાબદના સંબંધમાં ખ્યાલ કરવાને અવકાશજ કયાં હતો? તેણીનું સઘળું ધક ધ્યાન ગુમ થયલા દેવીમાંજ ભરાઈ રહ્યું હતું. કેટલીક મંજલ કાપવા બાદ તે એક ભવ્ય ઇમારત જોઈ અટકી. હવેજ તેણીને ખ્યાલ આવ્યો કે તે છેક ઓલ્ડકેસલ પાર્ક સુધી ધ્યાનમાં અને ધ્યાનમાં આવી ચહડી હતી. કુદરત તેણીને અચાનક આ જગોએ લાવી હતી તેમાં કાંઇક ભેદ સમજી લઈ એક પળ પણ વિચાર કરવાને થોભવા વિના તેણી એકદમ ઓલ્ડકેસલ પાર્કના કુશાદે કંપાઉન્ડમાં એક વાર ફરીથી દાખલ થઇ. તે ધીમાં પણ મજબુત કદમે મકાનના દરવાજા આગળ આવી પુગી, પણ દરવાને તેણીને અંદર દાખલ થતાં અટકાવી, એવું જણાવીને કે તેણીને દાખલ નહિ કરવાનો લોર્ડ ઓલ્ડકેસલે સાફ હુકમ કીધો હતો. આ સાંભળી તેણીએ તેની સોડે કાલાવાલા કરી કાગળ પેન્સીલ માંગી લઇ નીચલો પત્ર જેમ તેમ ચિત્રી કાહડયો :-

"આપણો બેટો દેવી ગુમ થયો છે! અફસોસ કે તેને કોઇ બદમાશ ચોરી ગયા છે. હું નબળી, નાચાર નાર શું કરી શકું? જુલિયન, ઓ સેતમગર બાપ! હવે પશ્ચાતાપ કરી તારાં પાપની માફી માંગ અને તારાં નિર્દોષ બાળને શોધી કાહડવાને બને તો તારો જીવણી આપ! નહિ તો તે કૃપાળુ બાપનો શ્રાપ તારી ઉપર પડશે. હવે હું વધુ વાર ચુપ રહેનાર નથી. હું તારાં પાપ અને દેવીના બાપને જગ-જાહેર કરીશ!

દુઃખી રોઝામન્ડ."

ઘણીક મિન્નતજારી અને આજીજી પછી દરવાન આ ચીઠી લઇ લોર્ડ ઓલ્ડ-કેસલ આગળ ગયો. તે અરધો કલાક પછી પાછો આવ્યો.

"ઓ કમનસીબ ઓરત! તું ખરેખર નસીબદાર છે કે લોર્ડ ઓલ્ડકેસલ તને મળવા પોતાના લાયબ્રેરીવાલા ઓરડામાં હાજર છે."

રોઝામન્ડ એક વાર ફરીથી લોર્ડ ઓલ્ડકેસલ (રોડ્રીક)ની રૂબરૂ આવી ઉભી.

દેવીને ચોરનારો કોણ?

નોકરના જવા બાદ રોડ્રીક પોતાનાં મન સાથે બોલ્યો, "ગમે તે જોખમે મારે તે ઓરતને મળવુંજ જોઇએ. ગઈ વેળાની તેણીની મોલાકાત વેળા મેં કાંઇક કાચું કાપ્યું ખરૂં! તે બાન ભુલી સ્ત્રીને બદલે બીજી કોઈ ચાલાક સ્ત્રી હતે તો તે જરૂર મને મારાં ખરાં રૂપરંગમાં પિછાની લેતે. જુલિયન કેટલો બધો મુરખ કે આવી એક રખડતી, ભટકતી ગરીબ ઓરતની ગોરી ચામડી ઉપર લોભાઈ તેને પરણ્યો, જેનો બોજ મને આજે નાહક ઉચકવો પડેછ! જુલિયન તારૂં તે ખુદા શું ભલું કરશે?"

આટલું બોલી તેણે પોતાના નાના ભાઇને પોતાની પાછળ પોતાના વડા ભાઇ માટે રોઝામન્ડ અને ગંગાદાસ જેવી બલાઓ વારસામાં મેલી જવા માટે હજારો "સેસ" ભરી.

રોઝામન્ડ લાયબ્રેરીવાલા ઓરડામાં દાખલ થઇ, તે આગમચ તે ઓરડામાંની વિજળીક બતીઓ જે પુર ચમકમાં દીપતી હતી તેમનું બળ રોડ્રીકે બતન દાબી ઝાંખું કરી નાખ્યું, કે જેથી વાતચિત દરમ્યાન પોતાના ચેહેરા ઉપરના ફેરફારો તે સ્ત્રીની દેખતી ચક્ષુઓએ પડવા પામે નહિ. બીજીજ પળે તે દુઃખી માતા ધીમાં

કદમે લાયબ્રેરીવાળા ઓરડામાં દાખલ થઇ. ગમે તેવી ઝાંખી બતી છતાં રોદ્રીક જોઇ શકયો કે તે કંગાળ, કમનસીબ સ્ત્રીનો ચેહેરો લેવાયલો, લુટાયલો અને લોહીનાં ટીપાં વિનાનો ફિક્કો ફચ બન્યો હતો. એક વેળાના પરવાલાં જેવા તેણીના હોઠો ચાલુ દુઃખના મારાથી પોતાનો કુદરતી રંગ ખોઇ બેઠા હતા. તેણીની નાજુક દેહ એટલી બધી તો લઠડી ગઈ હતી કે તેણીના પગો ઘણીજ આનાકાની સાથે ઘસડાતા હતા. સરોવરનાં ઝાડ જેવી ઉંચી, ગોલાબની કળી જેવી નાજુક, અને રાતા માતા ગાલવાલી આગલી રોઝામન્દને બદલે તે દુઃખના ભારથી કમરમાંથી સેહજ વાંકી વળેલી, નાતવાન અને સફેદ પુણી જેવા ગાલની બની હતી. રોદ્રીકે જોયું કે તે સ્ત્રી પોતાનાં દુઃખમાં એટલી બધી તો ચસી વસી રહી હવી કે તેના અને જુલિયન વચ્ચેનો તફાવત પિછાની લેવાને બિલકુલ અશકત હતી. અગરજો આવો કાંઇક શક તેણીને એક પળ વાર ઉપજેબી, પણ તે શકને મજબુત બનાવવાને તેણીને બીજો કોઇ મુસ્તકીમ સબબ મલે એવું હતુંજ નહિ; કેમકે તેણે પોતાના નાના ભાઇને એવી જગે હડસેલી દીધો હતો કે જ્યાંથી તેનો તુરતજ છુટકો થઈ શકે. આથી રોઝામન્દની નજરમાં નહિ પકડાઇ આવવાની તેને હૈયે નેહ હતી.

"આવી રાતને વખતે તું કાંય પાછી આવી રોઝામન્દ? વળી તું મને સતાવતી આવી, મારાં જીગરને જળાવતી આવી?" રોઝામન્દે એક બેઠક ઉપર પોતાની જગો લીધા પછી જાણે તેણીના દાખલ થવાથી કેવોક કંટાલી ગયો હોય તેમ રોદ્રીકે સવાલ કીધો.

"જુલિયન, મારો હાલ જો! અને તારો સવાલ જો! અરે! હું આખાં ઓલ્ડકેસલની નજરમાં કંગાળ બનીછ, ચીથરેહાલ બનીછ, ચંડાળ બનીછ. માટે કાંઇ રહેમ કર! કાંઇ હયા ધર! મારી ઉપર નહિ તો આપણા ગુમ થયલા વાહલા બેટા ઉપર કાંઇ દયા કર! જુલિયન, આપણું ફરજંદ ચોરાઈ ગયુંછ, મારી જીંદગીનું ગુલ કરમાઇ ગયુંછ, મારી હૈયાતીનું બુલબુલ ગુમાઇ ગયુંછ. અરે! દેવીને મારે ગળે લગાડ! જુલિયન! તેના હકદાર બાપ તરીકે તું જાહેર થા! પછી જો કે પોલીસ તે બુલબુલનો પત્તા મેળવવા જમીન અને આસમાન એક કરેછ કે નહિ! ઓ! તે તો આ અમીરી મકાનનો એકલો માલેક છે, લોર્ડ ઓલ્ડકેસલનો હકદાર વારેસ છે."

"પણ તે જીવતો બચવા પામશે ત્યારે કેની?" રોદ્રીક પોતાનાં મન સાથે બબડયો. આ પછી રોઝામન્દ સાંભળે તેમ તે મોટેથી બોલ્યો, "રોઝામન્દ, તું કેમ જાણી શકી કે તે બાળક ચોરાઈ ગયોછ? હું તો ધારૂંછ કે તારો તે બેટો ઘરમાંથી બાહેર નિકળ્યો હશે અને રસ્તામાં કેયે ભુલો પડયો હશે!"

"ઓ! નહિ! નહિ!" તે કમનસીબ માતા એકદમ પોકારી ઉઠી. "તે એમ કદી કરેજ નહિ! ઓ! મારી જીંદગીનો તે આધાર પોતાના ઓરડામાંથી પણ નિકળી શકતો હતો નહિ, તો તે ભુલો કેમ પડે? તેને કોઇ બદમાશો ઉપાડી ગયાછ તેમાં તો કશો શક નથી, અને જયાં સુધી મોટી રકમનાં ઈનામની લાલચ આપવામાં આવશે નહિ ત્યાં સુધી હું મારા દેવીને પાછો જોઇશ નહિ. બોલ, જુલિયન! ખુદા ખાતર તારી જબાન ખોલ, ને તે ખોદાને હાજરનાજર જાણી એકરાર કર કે તું તારા બેટા માટે શોધખોળ ચલાવી મને કરાર બક્ષશે, નહિ તો હું તને ઉઘાડો પાડીશ, તને આખી જગમાં રૂસવા કરીશ, તારૂં ભવિષ સિહા કરીશ, તને તબાહ કરીશ, ફના કરીશ."

રોદ્રીક જે હમણાં સુધી પોતાનો ચેહેરો છુપાવવાને મોહડું ફેરવી બેઠો હતો તે ગુસ્સાથી રોઝામન્દને ટીકવા લાગ્યો અને ઓરડામાં આમથી તેમ પિંજરામાં કેદ પડેલા વાઘની માફક ફુંફારા મારતો ફરવા લાગ્યો. તેને ગુસ્સો તો એટલો લાગ્યો કે તેનું ચાલતે તો રોઝામન્દને તેજ જગોએ ગલચીમાંથી ધરી ગુંગળાવી નાખતે, પણ નહિ. તે સમો સંભાળી કામ કરનારો બદમાશ હતો, જુલિયન જેવો ઉતાવળ્યો નહિ હતો. તે લગાર શાન્ત પડી બોલ્યો, "રોઝામન્દ, હું તે બાળક શોધી કાહડવાને મારેથી બનતું કરીશ. પણ તે બાળકના બાપ તરીકે મારે જાહેર થવાની હાલમાં કશી જરૂર નથી અને મારો તને હુકમ છે કે આ અણગમતી બાબદના સંબંધમાં મારૂં નામ સેહજબી ખરટવું નહિ. હું લેડી ઓલ્ડકેસલનાં નામે દેવીને શોધી કાહડવા માટે મોટું ઇનામ જાહેર કરીશ કે જેથી આપણા સંબંધ માટે કોઇને શક જવા પામે નહિ. હવે તુને ઝાઝો વખત થોભવું પડશે નહિ. હવે માત્ર થોડાજ વખતમાં તુને મારી પરણેતર તરીકે દુનિયા આગળ હું સુર્ખરૂ કરીશ."

રોદ્રીકની આ નરમ ધી જેવી વાતની અસરથી રોઝામન્દનો સફેદ પુણી જેવો ચેહેરો લાલચોળ થઇ ગયો. તે દુઃખી માતા ઘણીજ મુશ્કેલીથી પોતાની બેઠક ઉપરથી ઉઠી અને તે એક ખુરસીને પોતાના ટેકા તરીકે પકડી ઉભી. તેણીને લાગ્યું કે તેણીની આંખો આગળ આખી પૃથ્વી ઘંટીની માફક ચકર ચકર ફરતી હતી. તે સમજી શકી નહિ કે, તેણીની આંખો આગળ આ ફાની, તોફાની જેહાન ફરતી હતી કે તેણીનું મગજ ફરતું હતું. તોપણ તે હિમ્મત રાખી બોલી:—

"ઓ નાકદર સેતમગર! તારૂં જીગર છે કે પથ્થર? અરે! તું કયાં સુધી મને એમ ટવલાવશે? મને કયાં સુધી જીવતી જળાવશે? સતાવશે? એમ કયાં સુધી મને ખોટી આશામાં રમાડશે? અરે તારી પરણેતર તરીકે જાહેર થવાની ઉમેદમાં તો આ જવાન તન નાતવાન બન્યું, જીવ છતાં તે બેજાન બન્યું. જવાની ગઇ બુઢાપો આવ્યો, છતે ખાવિન્દે રંડાપો આવ્યો. જુલિયન, આ દુઃખ હું કમ સહન કરૂં? કયાં સુધી બરા આફતનો દમ ભરૂં? પેહલો તારો કરાર યાદ કર, હાલનો ઈનકાર યાદ કર! પણ હવે મારી જબાન બંધ રહેનાર નથી, તે સારી જેહાનમાં પોકાર મારશે કે સાધુના સફેદ સાલ્લામાં તું જાહેરમાં ઇનસાન છે, પણ બાતેનમાં કેવો બુરો સેતાન છે!" રોદ્રીક ઘભરાયો. આ તો તેને વગર ખાવેની મોરચી થઇ પડી. તેણે જોઇ લીધું કે તે મુર્ખ સ્ત્રી જરૂર તેને ફસાવી મારશે. માટે તેણીને સમજાવી પટાવી દેવામાંજ દાનાઈ હતી.

"રોઝામન્દ, અગરજેતે મને દેવીના બાપ તરીકે તેં જાહેરજ કરવાનો ઠરાવ કીધોછ તો મારોબી ઠરાવ સાંભળી લે. દેવીને શોધવામાં હું તને જરાબી મદદ કરવાનો નથી! તું મારો ભરમ ફોડી દે ને તું તારૂં ફોડી લે!"

આ સાંભળતાં રોઝામન્દને હાંફ ચહડવા માંડી. તે માહ મુશ્કેલીએ દમ લઇ શકી. તેણીનો આવો હાલ જોવા છતાં તે દયાહિણે ઘાતકીપણે આગળ ચલાવ્યું, "નાદાન રોઝામન્દ, દુનિયાને લોર્ડ ઓલ્ડકેસલની ઓરત તરીકે ઓળખાવતાં તને કોઇ અટકાવનાર નથી, પણ દુનિયા તારો એ એકરાર કોઇ કાલેબી માનનાર નથી. તને કોઈબી દિવાની કેહશે. તારૂં કોણ માનશે?" આટલું બોલી તે નિર્દયપણે ખડખડ હસી પડયો. રોઝામન્દ તો ખરેખર દિવાનીની તરેહ પોતાની સામેના નફટ રોદ્રીકનો ચેહેરો કમકમાટની અસહ્ય લાગણીથી જોતી ઉભી, જ્યારે નાકદર, સેતમગર રોદ્રીક તેણીનાં જખમી દિલ ઉપર ચોબા મુકતોજ ચાલ્યો.

"મારી ખુબસુરત રોઝામન્દ, કેટલું અજબ જેવું છે કે હકદાર લગન અને ઢોંગી લગન વચ્ચેનો તફાવત તું હજી સમજી શકતી નથી? આપણાં લગન બિલકુલ ખોટાં હતાં. એક માત્ર તાલ હતી, તારાં જેવાં બુલબુલને ફાંસમાં લેવાની જાળ હતી."

"ખોટું! સદંતર ખોટું! આપણાં લગન બિલકુલ સાચ્ચાં હતાં. ખુદાની નજરમાં પાક હતાં," રોઝામન્દ જખમી થયલી સિંહનની માફક ગુસ્સાથી ઉછલી બોલી.

રોડ્રીક આ સાંભળી એક વાર ફરીથી હસી બોલ્યો. "કદાચ ખુદાની નજરમાં તે સાચ્ચાં ગણાતાં હશે, પણ આ જેહાનની નજરમાં તો નહિજ. પણ ખયેર! તે સાથે મને કામ નથી. મને જવાબ દે કે તને કયો વિચાર વધારે પસંદ છે? મારો ભરમ ખોલવાનો કે તારા વાહલા બેટાને શોધવાનો? તું પવિત્ર કસમથી બંધાતીજ હોય તો હું તારા દેવીને તારે ગળે લગાડું. બોલ શું જવાબ દેછ?"

પણ રોઝામન્દ જવાબ દઇ શકી નહિ. રોડ્રીકની આજની બદ ચાલ તેણીનાં નબળાં ભેજાં માટે હદથી જયાદા બુરી હતી. તાડકનું એક સખ્ત લખલખું તેણીનાં નબળાં બદનમાં બોલ બોલતાંમાં ફરી વળ્યું. અને રોડ્રીક તેણીની મદદે ધાય તે આગમચ તો તે દુઃખી સ્ત્રી ઉભેથી જમીનદોસ્ત થઇ પડી અને બેભાન બની. રોઝામન્દને બેશુદ્ધ પડેલી જોઇ નાકદર રોડ્રીક ખુશીથી છળાછળ ઉભરાતી છાતીએ બોલ્યો, "રોઝામન્દ, તને એવા નગ સાથે કામ લેવું પડ્યુંછ કે જે તને જળોની માફક વળગી તારાં મોત સધી તારૂં લોહી પીશે, પણ પિછો નહિ મેલશે. આહ! અય નાદાન ઓરત! તને શી ખબર કે તારા જાનના જાન દેવીને લુટનારો લુટારો હું છું! તેને ડાગાથી ચોરાવનારો હું છું. કમબખ્ત, જુલિયને તારી જવાનીનો બાગ લુટયો ને મેં તે બાગનાં ગુલને લુટયું! તારૂં ઓરતી કિસમત ફુટયું!"

પણ તે આગળ બોલી શકયો નહિ, કેમકે તે ઓરડામાં કોઈ ભરાઇને સાંભળતું હોય એવો તેને શક લાગ્યો. પણ એ બનેજ કેમ? કોણની તાકાત કે તેની રજા વિના ત્યાં કદમ પણ મુકી શકે? દમ પણ ભરી શકે? પણ તેને શી ખબર કે એજ પળે ગંગાદાસ તે ઓરડામાંથી બાહાર સટકી ગયો હતો. તરતજ રોડ્રીકે ઘંટ વગાડયો, જેના જવાબમાં એક નોકર દાખલ થયો, જેણે પોતાના શેઠના હુકમથી રોઝામન્દને હુશ્યાર કરી ભાડેની ગાડીમાં અરસુલાનાં મકાનમાં મોકલી દીધી, અને રોડ્રીક પોતાની ફતેહ ઉપર ધુમ હસતો ઇઝીચેર ઉપર પડયો.

ગંગાદાસ ખરાં રંગ રૂપમાં.

રોડ્રીક હસ્યો તે કરતાં વધુ મોટેથી હસવાનો પડઘો તેના કાને જઇ અથડવાથી તે પોતાની બેઠક ઉપર ચોંકી તરો થઇ બેઠો. હસવાનો આ અવાજ કઠોર અને કાનના બેહુર ફાડી નાખે એવો હતો. તેણે પોતાની આસપાસ ફરી જોયું તો ગંગાદાસને હસવું દાબવા માટે હાથોથી પોતાનું મોહડું પકડી કાચબા જેવા ડોલા સાથે ઉભેલો દીઠો. ગંગાદાસની આવી બેઅદબ ચાલથી તેને ગુસ્સો તો એવો ચહડયો કે ઓએ તેનું લોહી તે પીએ પણ તે કરે શું? તે તદન નાચાર હતો, પોતાની મુઠી તેના હાથમાં હતી. તે તેને સારી પેઠે તેનાં ખરાં રંગ–રૂપમાં ઓળખતો હોવાથી ચું કે ચાં કરી શકયો નહિ. પણ તેની આંખોમાં તો તેને માટે ખુન ભરાઇ આવ્યું હતું.

"કેમ રે તું કોણ છે?" રોદ્રીકે જરાક ભપકી કરવા ભવાં ચહડાવી ગુસ્સાથીજ સવાલ કીધો.

"હું તમારો ઉદાસ ને નાસિપાસ નોકર ગંગાદાસ છું," ગંગાદાસે ઠાવકું મોહડું કરી જવાબ દીધો, "ગઇ કાલનો દિવસ તમોને યાદ છે? એ દિવસે તમારો વાયદો પાકો પણ હું તો તમારી રાહ જોતો થાકો. બોલો સાહેબ, પૈસા કયાં છે?"

રોદ્રીકે અજાયબિથી ડાચું વકાસ્યું.

"પૈસા શાના ને વાત શું? તારો પગાર તો હું તને કીયે દાહડેનો આપી ચુકો," રોદ્રીકે જરા તોરમાંજ જવાબ દીધો.

પણ આ સાંભળી ગંગાદાસ મોટેથી હસી પડી બોલ્યો, "પગાર નહિ, સાહેબ! પગાર ને મુસારાની કાંઇ વાતજ નથી. એ તો ખાલી તમારા ધકારાની વાત છે. તમારો નોકર પગાર માટે બોલતોજ નથી. તે તો કાંઇ બીજાજ પૈસાનો દાવો કરેછ, ને સાહેબ તે સારી કાની જાણેછ મારા શેઠ આજે ઉંઘાયછ કે જાગેછ?"

"બીજા કયા પૈસા? બોલ, કે તું શુ કેહવા માંગેછ? હુ શુ કાંઈ તારા ગરજવાન છું?" રોદ્રીકે ગગડાટ કીધો.

"અલબત, કરજવાન તે ગરજવાન! મારૂં મોહડું દાબવા માટેનો મારો હપતો કયાં છે?" ગંગાદાસ તરડાઇને બોલ્યો.

તેના પગ આગળ ગરબડાંટનો ગુળો તેના તે નોકરે ફેંકયો હતે અને તેથી તે જેટલો ચમકતે તે કરતાં વધુ તે તેની જબાનના આ ગોળાથી ચમકયો. તે પોતાના નોકરને અજબ જેવી લાગણીથી ટીકવા લાગ્યો. તેણે જોયું કે તે બદમાશ નોકર જેવો તેવો ધાસ્તી ભરેલો અને કાળો નાગ નહિ હતો. તેની સામે બાથ ભીડવી એ કાંઇ દાળ ભાતનો નવાલો નહિ હતો, યા દુધ શરબતનો પ્યાલો નહિ હતો. તેને આવી રીતે ખ્યાલમાં મસ્ત બની ચુપ બેહેલો જોઈ ગંગાદાસે આગળ ચલાવ્યું, "સાહેબ! તમે ગમે તેટલા પેચવાલા હોવ તો ભલે, પણ હું કાંઇ ઓછો પક્કો નથી. હું બીજા નોકરોની માફક મુરખો નથી. મારા શેઠ, તમો ભુલી જવોછ કે તમે મારા પગ તળે દબાયલા છો."

"હેં!" હાથ્થી ફુંફારા મારે તેમ રોદ્રીક ફુંફારા મારી બોલ્યો, "એ શું સરકશી કરવા નિકળ્યોછ? અરે નિમકહરામ! તું શું મને કરી શકવાનો છે? ચશમચોર! હરામખોર! દગાખોર!"

ગંગાદાસ ગુસ્સાથી ભવાંનો ચિલ્લો ચહડાવી બોલ્યો, "સાહેબ, નોકરો તરફ વિવેક બતાવવા માટે શેઠોને જર કે જોર જોઇતું નથી. પણ ખયેર! હું શું કરી શકશ તે સાંભળો. હું રીજું તો આબાદ કરૂં, સરતાજ કરૂં ને ખીજું તો મોહતાજ કરૂં, તારાજ કરૂં!"

"ને હું બી ચાહૂ તો તને ફકીર કરૂં, અમીર કરૂં!"

ગંગાદાસ આ સાંભળી હસી પડી બોલ્યો, "સાહેબ બેવચની શેઠની સત્તા હેઠળ અમીર તરીકે રહેવા કરતાં એકવચના શેઠના અમલમાં ભટકતા કુતરાની રખડતી જીંદગીને પણ સો વાર ભલાઇ છે. સાહેબ, હું માનુંછ કે તમારી જીંદગી જોખમમાં છે."

ગંગાદાસના આ ખુલ્લા શબ્દોથી રોદ્રીક પોતાની બેઠક ઉપરથી ચોકીને ઉઠયો, અને ગુસ્સાભેર બોલ્યો, "સબબ?"

"સબબ કે જેઓ પોતાના વચનને ભુલી જઇ દગા ફટકાને વસ થાયછ તેમની ઇજ્જત, દોલત અને જાનનો જલદીથી નાશ થાયછ."

ગંગાદાસને આ પ્રમાણે હિમ્મતથી બોલતો જોઈ રોદ્રીક ઠંડો થઈ ગયો અને પોતાની બેઠક ઉપર ફસડાઈ પડી બોલ્યો, "ખુદા! ખુદા!! ખુદા!!!"

રોદ્રીકને પોતાની જબાન ઉપર ખુદાનું નામ લેતાં સાંભળી ગંગાદાસ અરધું મન સાથે અને અરધું રોદ્રીક સાંભળે તેમ બોલ્યો, "જબાન ઉપર નામ યઝદાનનું લેય, પણ કામ તો શેતાનનાં કરે!"

રોદ્રીકને માથાંથી પગ સુધી આ જેવો તેવો ઝટકો નહિ હતો, આબાદ રામબાન ફટકો હતો! તેણે લગાર હળવેથી પુછ્યું, "વારૂ કેહ મને કે તું મારી પાસે તારૂં મોહડું બંધ રાખવાને કેટલી રકમ માંગેછ?"

રોદ્રીકે જોકે આ સવાલ બાહેરથી ઠંડે પેટે કીધો હતો, તોપણ બાતેનમાં તેણે ગંગાદાસને હજારો કદુવા દીધી હતી.

"ચારસો પાઉંડ!" ગંગાદાસ દયામણું મોહડું કરી બોલ્યો.

વળી રોદ્રીક ચોંકયો.

"ચારસો પાઉંડ! વારૂ એ રકમ કેટલાં વરસ તારૂં મોહડું બંધ રાખી શકશે?"

"કેટલાં વરસ!" ગંગાદાસ મોટેથી હસી પડી બોલ્યો, "કેટલાં વરસ શું બબ્યાંછ? ફક્ત એક મહીનો!" ફક્ત એક માસ ચુપકીદી રાખવા માટે આટલી મોટી રકમનું નામ સાંભળી રોદ્રીક તો થથરીજ ગયો. તે કાંઇ બોલવા જતો હતો એટલામાં ગંગાદાસે આગળ ચલાવ્યું, "હા! ચારસો પાઉંડ! બસો પાઉંડ એક માસની મારી ચુપકીદી માટે અને બાકીના બસો પાઉંડ તમો સાહેબ મારા શેઠ જુલિયન નથી પણ ઘોરમાંથી ઉઠી આવેલા જુલિયનના ભાઇ રોદ્રીક છો તે બીના ઉપર ઢાંક પિછોડો કરવા માટે!"

આ સાંભળતાં રોદ્રીકની તો જાણે જબાનજ બંધ થઇ ગઇ, તેની જબાન જાણે તાળવાં સાથેજ વળગી ગઇ. જે ભેદ તે સદાનો છુપાયલો ધારતો હતો તે ભેદ તો કમીનામાં કમીનો અને નીચમાં નીચ નોકર વટીક જાણી શકયો હતો, તેને ખરાં રૂપમાં પિછાની શકયો હતો. આથી તેને ચોટ તો એવી ચહડી કે આ પળે તે તે બદમાશનો ટોટો દાબી દે. તે પોતાની બેઠક ઉપરથી ઉઠી પોકારી બોલ્યો, "કાળે મોહડેના નાગ, મારી આગળથી દુર થા, એકદમ નાબુદ થા! ચંડાળ, મારી ઉમેદના કાળા કાળ, તારૂં અહિંથી કાળું કર! બસ જા! દફે થા! આવતી કાલની રાતે તારાં કપાળમાં ચારસો પાઉંડના ડામ તાતવીને દેવા વિના કશો છુટક નથી."

જાણે કાંઇજ બન્યું નહિ હોય તેમ ગંગાદાસ નમીને તે ઓરડો છોડી ગયો. હવેજ રોદ્રીકે ધીરજથી દમ ખેંચ્યો. ગંગાદાસના જવાથી જાણે તે એક મોટી આફતમાંથી છુટયો હોય તેમ ઇઝચેર ઉપર લાંબા ટાંટયા કરી હાંફતો અને નિસાસા નાખતો પડયો અને પોતાને માટે જાળું વણી જનાર પોતાના નાના ભાઈ જુલિયનને બદદુવાથી વધાવી લીધો. તે પોતાનાં મન સાથે બડબડયો, "નારાજ નોકરથી કામ લેવા કરતાં બેહતર કે મોતના કાસદથી કામ લેવું. આહ! મારા જીવને તો ડુંગર જેટલી આશા છે પણ મરણ તો મારા પગ હેઠળ છે." તે ચુપકીદી અખત્યાર કરી વળી વિચારમાં પડયો, અને ઝેરી નાગ ગંગાદાસનો ખ્યાલ એકવાર ફરીથી તેનાં મનમાં ધાઈ આવ્યાથી તે દિવાનાની તરેહ પોકારી ઉઠયો:—

"અફસોસ! અફસોસ! ગાંઠનું ગર્થ ગુમાવી, તન બદનમાં કાતેલ ઝેરનો વેળો ઉગાડી, કીર્ત્તીને કાળો ડાઘ લગાડી, સુખમાં જાણી જોઇ આગ સળગાવી હાલના આરામમાં તકલીફી સેજ ઉપર મેં પોતાને પોઢેલો જોયો, પણ આખેરસ તો મેં આરામ ખોયો, બરબાદી અને ખાનાખરાબીનોજ રંગ જોયો." આ પછી તે પોતાની મુઠી વાળી જે તરફ ગંગાદાસ ગયો તે તરફ તે હિલવી બોલ્યો, "ગંગાદાસ! તારૂં સત્યાનાશ થજો! તેં મારી આશનો નાશ તો કીધોછ પણ એના બદલામાં ચક્રવધી વ્યાજ સાથે મારો કીનો તારી ઉપર નહિ લેઉં તો મારૂં નામ બદમાશ રોડ્રીક નહિ."

આપઘાત કે ખુન?

આગળ નીલ લાયનને તેનાં મગજની અસ્થિર હાલતમાં આપણે જોઇ ગયા પછી તેની હાલતમાં ધીમો સુધારો થતો રહ્યો હતો. સુધારો તેનાં મનની સ્થિતિમાં થયો હતો, જ્યારે તનની હાલત તો બિગડતીજ રહી હતી. નબળાઈ વધતી ચાલી હતી, શક્તિ ઘટતી ચાલી હતી. પેલો બુઢો, ધંભીર કેદી દિવસ અને રાત તેની માહવજતમાંજ ખડો હતો. તે બડો ઠાવકો હતો. તે નીલ લાયનનું મોત નજદીક આવેલું માનતો હતો. તબીબે પણ એવુંજ માની લીધું હતું કે તે કમબખ્ત કેદીની જીંદગીની જોત બુજાઈ જવાની તૈયારીમાં હતી. આજે તબીબ નીલ લાયનનો છેલ્લો દમ નિકળી જતો જોવા બેઠો હતો; તેની પાસેના કેદીની હાલત પણ એવીજ બુરી હતી. તેની પળ પણ ગણાઈ ચુકી હતી; તેબી છેલ્લોજ દમ લેતો હતો. આજે જોકે તેનાં દર્દનું વહાડકાપ કરવાને તબીબ હાજર વટીક થયો હતો, તોપણ દર્દીની નબળાઈ એટલી બધી તો ભયંકર હદ સુધી વધી ગઈ હતી કે તેણે વહાડકાપ કરી કાલનો દુકાળ આજે પાડવાની જરૂર જોઇ નહિ. તેણે વહાડકાપ મુદલજ માંડી વાળ્યું અને પોતાના મદદનીશને હથિયાર વિગેરે વગેસગે મુકવાનો હુકમ કીધો. સઘળાં હથિયારો અને વહાડકાપની સઘળી સામગ્રી રાબેતા મુજબ આગલી રાતે લાવવામાં આવી હતી. પેલો તબીબ જે સ્લીમ જીમને તેની સારી ચાલચલણને લીધે ઘણો ચાહતો હતો, તે તે કેદી આગળ આવી ખુરસી ઉપર બેઠો અને બિછાના ઉપર વાંકો વળી તેની ખબર અંતર પુછવા લાગ્યો. તે ભલો તબીબ લગભગ અરધો કલાક સુધી સ્લીમ જીમ આગળ થોભ્યો. તે ગયો ત્યારે સ્લીમ જીમ કાંઈ અજબ હરખમાં આવી ગયો હતો, કેમકે એક નાની શીશી તેણે પોતાનાં બિછાના ઉપર વાંકા વળેલા તબીબનાં ઉપરનાં ખીસાંમાંથી તે જાણે નહિ તેમ ખેંચી કાહડી હતી.

થોડીક વધુ પળ પસાર થઈ નહિ એટલામાં તો તે તબીબ હાંફ્લો ફાંફલો બની નીલ લાયનવાળા ભાગમાં ધસી આવ્યો. તે કાંઇક ધભરાયલો દિસ્તો હતો. તેણે એકદમ સ્લીમ જીમનાં બિછાના આગળ દોડી આવી પુછયું, "મી૦ સ્લીમ જીમ, હું બિછાના આગળ વાંકો વળી વાત કરતો હતો તે વખતે મારાં ગજવાંમાંથી એકાદ નાની શીશી પડી ગઈ હતી?"

પક્કો સ્લીમ જીમ જવાબ આપતાં એવો તો કાંગલો કુંગલો થઈ ગયો કે તબીબની ખાતરી થઇ ચુકી કે તેની અટકલ ખોટી હતી. સ્લીમ જીમનાં બિછાના ઉપર શીશી પડી હતીજ નહિ. આ ઉપરથી તેણે તે શીશીની એકદમ શોધ ચલા-

વવાનો હુકમ કીધો, પણ સઘળું ફોકટ. આ શીશી કલોરોફોર્મની હતી, જે પેલા દર્દીનાં દર્દ ઉપર વાઢકાપ કરવા આગમચ તેને બેશુદ્ધ કરવા માટે તબીબ પોતાની સાથે લઈ આવ્યો હતો. પણ આપણે જાણ્યે છિએ કે તેનું કશું કામ પડવા પામ્યુંજ નહિ હતું. તે તબીબને સારી પેઠે યાદ હતી કે તેણે તે ઘણી સંભાળથી પોતાનાં ખીસાંમાં મુકી હતી, પણ પોતાના ઓરડામાં જવા પછી તે ગુમ થયલી માલમ પડી હતી. આખી આસ્પીટલમાં શોધ ચલાવવામાં આવી પણ કેઠેથી પણ તે શીશીનો પત્તો મલી શક્યો નહિ. આ શું અજબ જેવો બનાવ નહિ હતો? કલોરોફોર્મ જેવી ઝેરી દવા એકાએક ગુમ થાય એ તો અવધીજ થઇ. તે ભલો તબીબ સ્લીમ જીમ ઉપર એક ઘડીભર પણ શક લઈ ગયો નહિ કેમકે તે તેને તો ફરેસ્તો માનતો હતો. સઘળું સામાધાન થવા પછી સ્લીમ જીમે દુરની દ્રષ્ટિમર્યાદા ઉપર સુખ અને આબાદીનો સેતારો ચકમકતો જોયો. કલોરોફોર્મની શીશી તેના હાથમાં આવવા પામી તેમાં તેણે કુરતનો મોજેજો જોયો. આ ઝેરી દવાની બરકતથી તે ઘણીજ આસાનીથી પોતાને નોકરી રાખનારાઓના રસ્તામાંથી નીલ લાયનને સદાનો દુર કરી શકશે એમ માની લેતાં તેને લેશ ભાર પણ આનાકાની લાગી નહિ. રાત પડવાની રાહ જોવામાં તે આખો દિવસ બાળી નાખનારી ઇંતેજારી સાથે તેણે જેમ તેમ પસાર કીધો. આખરે રાત પડી. તે રાત કમબખ્ત નીલ લાયન માટે આફતની હતી, પણ સ્લીમ જીમ માટે ઉમર ભરની રાહતની હતી. એજ કાળી રાતે સ્લીમ જીમે પોતાનું કાળું કરતુક કરવાનો ઠરાવ કીધો, પણ તેને જોઇતી તક એકદમ હાથ લાગી નહિ. તેને લાયનની ધાસ્તી હતી નહિ, કેમકે તે જીવતા કરતા મુવેલો વધારે હતો. તેને ખુદાનો ડર પણ હતો નહિ. તેને તો પેલા ઘંભાર, બુઢા દર્દીથીજ માત્ર બીહવાનું હતું. તે તેજ દર્દી હતો જે મરવા પેહલા નીલ લાયનનો કાસદ બન્યો હતો. કવાબનાં આ હાડકાંને પોતાના માર્ગમાં આડે પડેલું જોઇ તેને રીસ તો ઘણીએ ચહડી પણ તે માટે મનમાં ફફડી ચટકી બેસવા સિવાય તેની પાસે બીજો કશો ઇલાજ હતો નહિ.

જેમ તેમ કરતાં બાર ઠોકાયા. પણ પેલો લાયનનો પેગામચી લાયનનાં બિછાના આગળથી નહિ ખસ્યો કે નહિ હાલ્યો. એમ કરતાં આખરે એક વાગ્યો અને તેબી સ્લીમ જીમની નિષ્ફળતામાંજ પસાર થયો. બે વાગ્યા અને તેને લાગ્યું કે તેની આશાનું કિરણ સેહજ ચમકવા લાગ્યું હતું. પેલો કેદી દરવાજા આગળ બેઠો બેઠો ઉંઘતો હતો. આ સમય સોનાનાં મુળનો હતો. તે ખુનીની તરેહ આસપાસ નજર કરતો પોતાનાં બિછાના ઉપરથી ચોરી છુપીથી ઉઠયો અને બિછાનાનાં પડમાં સંતાડેલી ઝેરી દવાની શીશી તેણે બાહેર ખેંચી કાહડી અને અજબ ઉલટ અને આંખોમાં વસેલાં ખુન સાથે તે અંગુઠા ઉપર ચાલતો લાયનનાં બિછાના આગળ ગયો અને કલોરોફોર્મની પ્રવાહી પોતાના રૂમાલ ઉપર રેડી તે રૂમાલ ધ્રુજતા હાથે કમબખ્ત લાયનના ચેહેરા ઉપર મેલ્યો. આખો ઓરડો કલોરોફોર્મના સોડમથી તર થઈ રહ્યો. તે સોડમ તેને ફસાવવાને બસ હતો, પણ તેનાં કિસ્મતે તેને યારી આપી. કોઈ જાગવા યા જાણવા પામ્યું નહિ. પોતાનું કાળું કર્મ તમામ કીધા બાદ તે પાછો ધીમાં કદમે પોતાનાં બિછાના આગળ ગયો અને જાણે કસાંમાં હોયજ નહિ તેમ ઉંઘવાનો ઢોંગ કરતો આંખો વીંચી બિછાના ઉપર પડયો. તેને પક્કી ખાતરી હતી કે આ બેહોશીની દવાની બરકતથી નીલ લાયન જરૂર મોતને વસ થઈ પડવાનો.

બીજી સવારે વર્ત્તમાનપત્રોમાં નીલ લાયનની બુરી સરજત માટે લાંબા લાંબા હેવાલો પ્રગટ થયા જેથી આખાં ઓલ્ડકેસલ અને તેની આસપાસ લાયનનાં મોતની ખબર બોલ બોલતાંમાં ફેલાઇ ગઈ. એક જાણીતાં પત્રે એ હોનારતના સંબંધમાં નીચલો હેવાલ આપ્યો હતો:—

"આપઘાત કે ખુન ?"

"સ્ટોનબ્રીજનાં કેદખાનામાં એક ભેદભરેલો અને ભયભીત બનાવ બનવા પામ્યો છે. એક કંગાળ જીંદગીનો કંગાળ અંત આવ્યો છે. ગઇ કાલે પાછલી રાતના સમયે જેલની આસ્પીટલના એક ભાગમાં જયાં મરણને કાંઠે આવેલાં બીમારોને રાખવામાં આવે છે ત્યાં પેલો જન્મદેશનીકાલની સજા ભોગવતો નીલ લાયન પણ પડેલો હતો જે આપણાં શેહેરની સર્વથી તવંગર બાનુ મીસ એદલીન રેનની મોહબત મેળવવાથી જાણીતો થયો હતો અને જેને રોજર ડીપીંગનું ખુન કરવા માટે ફાંસીની સજા થઇ હતી, પણ મીસ રેનની ચાલુ ખંત અને કોશેશથી તે સજામાં ઘટાડો કરી જન્મદેશનીકાલની કરવામાં આવી હતી. આ કેદીનો જાન કલોરોફોર્મની મદદ વડે લેવાની દિલ કંપાવનારી પણ હિચકારી કોશેશ ગઇ કાલની પાછલી રાતે કરવામાં આવી હતી. ત્યાંના વોરડરે તે કેદીને બેશુધ્ધ હાલતમાં હતો અને તેની જોડેજોડ તેનાં મોહડાં ઉપર કલોરોફોર્મથી ભિંજવાયલો એક રૂમાલ પડેલો હતો. તરતજ જેલના સત્તાવાળાઓને આ બીનાની ખબર આપવામાં આવતાં ચાંપતા ઇલાજો લેવામાં આવ્યા હતા, પણ તબીબોનું એવું મત હતું કે તે કમબખ્ત કેદી આ જેહાનમાં ફકત બે પળનો પરોણો હતો. અમોએ કીધેલી છેલ્લી તપાસ ઉપરથી માલમ પડે છે કે કલોરોફોર્મમાં ભિંજવવામાં આવેલો રૂમાલ ત્યાંના એક વોરડરનો હતો જે તેણે આગલા દિવસે ગુમાવ્યો હતો, પણ ખરૂં જોતાં તો તે ચોરાયલો હતો. મજકુર ઝેરી દવાની શીશી પણ આગલી રાતે જેલના તબીબનાં ખીસાંમાંથી ભેદભરેલી રીતે ગુમ થવા પામી હતી, જેનો સબબ લાયનની જીંદગી ઉપર અલાપ લેવાનોજ હોવો જોઇએ. જેલના સત્તાવાળાઓની ચાંપતી તપાસ છતાં ખુનીનો પત્તો મલી શકયો નથી, તે બહુજ અજબ જેવું છે. તેઓ એમ માનતા દિસે છે કે બંધવા નીલ લાયને આપઘાત કરવા માટે આવું પગલું ભર્યું છે, પણ તેમ સાબેત કરવાને તેઓ પાસેથી એક પણ મુસ્તકીમ સબબ મલતો નથી. જેથી અમારા વિચાર પ્રમાણે આપઘાતની દલીલ હવામાં ઉડી જાય છે. તબીબોએ એકમતે બંધવાની જીંદગીને એટલી બધી તો જોખમમાં માની લીધી છે કે અમો યંત્રમાં ગયા પછી બનવા જોગ છે કે તે મરણ વટીક પામ્યો હોય. આ ભેદભર્યો બનાવ આપઘાત છે કે ખુન તે પોલીસની મદદ સાથે શોધી કહાડવાને જેલના સત્તાવાળાઓ પોતાની પેહેલી ફરજ વિચારશે."

પોતાનીજ જાળમાં ફસેલો રોદ્રીક.

ગયાં પ્રકરણમાં નીલ લાયનનાં મોતના સંબંધમાં પ્રગટ કરવામાં આવેલો વર્ત્તમાનપત્રનો ફકરો રોદ્રીક મોટેથી વાંચતો હતો અને લેડી ઓલ્ડકેસલ તે કાંઈક અજબ ઉલટ અને ઉમંગ સાથે ખુશીથી છલાછલ ઉભાતી છાતીએ એક સુંદર સોફા ઉપર સાંભળતી બેઠી હતી. જયારે નીલ લાયનનાં મોતની ખબર વંચાઇ રહી ત્યારે રોદ્રીકે તે પત્ર પાસેની બેઠક ઉપર મુકયું અને થોડોક વખત તે કાંઇક વિચારમાં ચુપ થઇને બેઠો. લેડી ઓલ્ડકેસલ પણ તે ખબર વંચાઈ રહેવા બાદ વિચારમાં મસ્ત બની ગઈ હતી. રોદ્રીક પોતાની માતાના ચેહેરા તરફ જોઈ વિચારમાં પડયો. શું તેણીની જાણમાં સલીમ જીમને લગતો ભેદ કાંઇક અજબ સંજોગે

આવવા પામ્યો હતો ? શું તે ખંધી બાનુ લાયનનાં મોતને લગતો ખરો ભેદ કોઈ રીતે જાણવા પામી હતી ? પણ તે પછીની તેણીની વાતચીત ઉપરથી તેણે જોઇ લીધું કે તેમ હતું નહિ. આ ઉપરથી તેની ગુમ થયલી ખુશાલી પાછી આવી.

"રોડ્રીક, તું શું ધારેછ ? બંધવો નીલ લાયન જીવેછ કે મુવોછ ? હું તો ધારૂંછ કે આ રીપોર્ટમાં લખેછ તેમ તે બદમાશ ખુની જીવતોજ હોવો જોઇએ. તે હજી મુવો નહિ હોય." આટલું બોલી તે સુંદર સોફા ઉપરની પોતાની બેઠક ઉપરથી ઉઠી કાંઈક અજબ અકરવકર સાથ તે આલીશાન ઓરડામાં આમથી તેમ ફેરા ફરવા લાગી. રોડ્રીકે જોયું કે આ વેળાએ તેની માતાનો ચેહેરો ભયંકર હદ સુધી ઉતરી ગયો હતો. એ ફેરફાર શાથી થયો હતો તે તે સમજી શકયો નહિ; કેમકે થોડી પળ આગમચ તો તે બાનુનો ભરેલો, લોહીયાર મુખડો બેહદ ખુશાલીના બહારમાં ગોલાબનાં ફુલની પેઠે ખિલી રહ્યો હતો અને તેમાં એકાએક આવો ઉલટોજ ફેરફાર થવા પામ્યો એ એક ભેદ ભરેલું ઉખ્યાણું હતું.

પણ રોડ્રીક જેવા દેખતી આંખોએ અપંગ બનેલાઓને શી ખબર કે મનુષ્ય માત્રની જીંદગીની દરેક પળ જુદા જુદા ફેરફારોમાંથી પસાર થવા માટે સરજાયલી છે. સુખ યા દુઃખ તો ઈનસાનની જીંદગી સાથે તેનાં મોત સુધી સદા જોડાયલુંજ રહ્યું છે. રોડ્રીકને શી ખબર કે તેની માતાનાં મનમાં શા શા વિચારો ઘોલાયા કરતા હતા ? તેને શી ખબર કે તેણીનાં મનમાં પોતાની આબાદી હેટે ચહડી આવી હતી ? આબાદીમાં તે બાનુ આ પળે હતી, પણ અગરજો અરસુલા પોતાનો દાવો સાબેત કરવા પામે તો તે આબાદીને બરબાદીમાં ફેરવાઈ જતાં કેટલો વિલંબ ? જે સુંદર રાચરચીલું તે બાનુ પોતાની નજરે હાલમાં જોતી હતી, જે મોટાઈ, દમામ અને એશઆરામમાં પોતાના મેહેલ સરખાં મકાનમાં આજે તે આલોટિયાં મારતી હતી તે સુખ કેટલું ક્ષણભંગુર હતું, કેટલું તકલીફી હતું, તે તે બાનુ સેહલાઈથી સમજી શકતી હતી. આ ખ્યાલોની ઝુમમાંજ તે બોલી ઉઠી, "હું કેવું ઈચ્છુંછ કે તે ચંડાળ ખુનીનો જાન ખુદાને બાર પુગી ચુકયો હોય ! ઓ ! તે આ પળે છેલ્લો દમ ભરે ! અરે ! તે આ પળે મરે તો હું કેવી ખુશી થાઉં ! કેવા કેવા શોખ પુરા કરૂં ! મોતીના ચોક પુરૂં ! ઓ ! તે મરવોજ જોઇએ ! આ ફાની દુનિયાથી પેલી જેહાન પાછો ફરવોજ જોઇયે !"

પોતાની માતાને આવી રીતે ઉસ્કેરાયલી હાલતમાં બોલતાં સાંભલી રોડ્રીક અજાયબિથી દંગ થઇ ગયો.

"કાંય ? શું કરવા ?" રોડ્રીકે અજાયબિથી પોતાની માતાને સવાલ કીધો, "માતા, મને ખરૂં કહો કે લાયન મરે કે જીવે તેમાં તમોને શું ? તે બદકિસમત કંગાળ સાથે, માતા, તમોને શી નિસબત ? તેનાં જીવવા યા મરવા સાથે તમારી શી સરજત ?"

તે માતાએ જીગરનાં ખરાં ઉંડાણથી એક હાય મારી. તે પોતાના બેટા આગળ આવી ઉભી અને તેણીએ તે ઓરડામાં આસપાસ નજર કીધી અને ઇચ્છયું કે તેના કાન ઉપર પડી ધીમા સ્વરે તેને આ પ્રમાણે કહી દીએ:—"મારા વાહલા બેટા રોડ્રીક, મને માનવાને સબબ છે કે પીત રોડમાં ક્રોસવેઝ આગળ રહેતી અરસુલા લાયન જે ખુની બંધવા નીલ લાયનની માતા થાય છે તે બેટા, તારા મરહુમ પેદર લોર્ડ ઓલ્ડકેસલની પેહલી અને હકદાર પરણેતર છે, અને નીલ લાયન તારા બાપનો પેહલો અને હકદાર બેટા છે, તે દોલત અને ખેતા-

બનો એકલો વારેસ છે. રોદ્રીક, હું તારા બાપની હકદાર ઓરત નથી, જુલિયન અને હું તારા બાપના હકદાર વારેસ નથી. રોદ્રીક, તું જો કે તારા મરનાર બાપે આપણી સાથે કેવી ઠગાઇ ચલાવીછ, મારી ને તારી કેવી રૂસવાઈ બનાવીછ! રોદ્રીક, જેટલી હું ખરી લેડી ઓલ્ડકેસલ નથી, તેટલોજ તું પણ ખરો હકદાર લોર્ડ ઓલ્ડકેસલ નથી. આપણે હાલમાં તો જાણે આ ભવસાગરના તોફાની મોજાઓ ઉપર ગોયા ભાગેલાં બારકસમાં બેઠેલાં છિએ. એ બારકસ કઇ પળે ખાનાખરાબીના દરિયાને તળીએ જઈ ડુબી જશે તે આપણે જાણી શકતાં નથી. બોલ, રોદ્રીક, બોલ, આપણી આવી જીવ સટોસટ પળે ખુની નીલ લાયનનું મોત તેની માતા અને એદેલીન માટે જયારે આફત સમાન છે ત્યારે આપણે માટે તે શું ન્યામત મિસાલ નથી?"

પોતાના મરહુમ ખાવિન્દ લોર્ડ ઓલ્ડકેસલને લગતો આ ભરમ તેણીએ પોતાના વડા બેટા આગળ ખોલવો કે નહિ તેના અંદેસામાં તે પડી, કેમકે માતાની નબળાઇ અને માતાની રૂસવાઇ બેટો જાણવા પામે તે કરતાં મરવું બેહતર હતું. પણ તેણીને મરવા ગમતુંજ હતું કયાં? તેણીને તો મોતના આશીર્વાદ કરતાં પાપભરી જીવતી જીંદગીનો શ્રાપ વધારે પસંદ હતો. નિર્દોષ, નિષ્કલંક જીંદગી ગુજારવાની તેણીની સરજતજ કયાં હતી? તેણીને તો અખુટ દોલતથી મલતી સુખવાસી જીંદગી વધારે પસંદ હતી, જે દરમ્યાન નિર્દોષ ગરીબોના હક લુટવામાં તે કાંઈ પણ બુરૂં માનતી હતી નહિ. તવંગરીનો તોર દેખાડી ગરીબો ઉપર દોર કરવો એ તો એ બાનુ તાલેવંતોની એક જાતની ફરજ માનતી હતી, ગરીબો ઉપરનું તવંગરોનું કરજ માનતી હતી. પોતાના બેટાને ખરો ભેદ જાહેર એટલાજ માટે તે કરવા માંગતી હતી કે તેણીને આવી બારીક સ્થિતીમાં કોઈની મદદ હતી નહિ. તેણીની પાસે દોલતનું જોર વિષેશ હતું, પણ તેણીએ જોઈ લીધું કે દોલત કાંઇ ભિત્તરનું સુખ હવું નહિ. તે તો બાહેરની ટીપટાપ માત્ર હતી, લોકોને આંજી નાખવાની ઉલથાપ માત્ર હતી, કેમકે જીગરનો સંતોષ અને મનની શાન્તિ વિનાની દોલત ગધેડાં આગળ મોતી સમાન હતાં. આ બનાવ સોલીસીટર સીગીન્સના બાબમાં તેણીએ પોતાની નજરો નજર નિહાળ્યો હતો. તે લુચ્ચા વકીલે દોલતની ગમે તેટલી મોટી લાલચને ઠોકડે મારી હતી. તેણીને તેની મોટી ધાસ્તી હતી, જે તેણીનાં અંતઃકરણમાં એવી તો મજબુત ઠસી, વસી રહી હતી કે તે કેમે કરતાં નિકળી શકી નહિ. અગરજો રોદ્રીક પોતાથી બનતું કરી તે ચોરાયલું પેકેટ સીગીન્સ કાકાના હાથમાંથી મેળવે તો સુખનો સેતારો ઓરખી પ્રકાશવા પામે. આથી પોતાના બેટા આગળ મરહુમ લોર્ડ ઓલ્ડકેસલનો ખરો ભેદ જાહેર કરી દેવાની આનાકાની તેણીએ દુર કરવા ચાહી નહિ. તેણીને મોટી ધાસ્તી હતી કે જેમ વધુ દિવસો તે પેકેટ સીગીન્સના હાથમાં રહેવા પામશે તેમ તેમ તેણીની અને તેણીના બંને બેટાઓ ઉપરની આફતનું જાળું વધુ અને વધુ વણાતું જશે, જેના ફાંસમાં તેઓ આવી પડશે, દુઃખના કાળાસમાં સપડાશે અને અંજામ સઘળાના નાશમાં આવશે. તે પક્કી શ્રી સારી પેઠે અટકલ કરી શકી હતી કે જોકે સીગીન્સ તે પેકેટ ચોરી ગયો હતો, તોપણ તે એટલું તો સારી પેઠે જાણતો હોવો જોઇએ કે પારકાંઓનાં નામનું તે પેકેટ તેમની જાણ વિના ખોલવામાં મોટો ગુનાહ સમાયલો હતો. આથી તે જાણી શકેલો નહિજ હોવો જોઇએ કે અરસુલા મરહુમ લોર્ડ ઓલ્ડકેસલની હકદાર ઓરત હતી અને સ્તોનબ્રીજનાં કેદખાનામાં

૪૩

પડેલો તેણીનો બેટો લાયન ખરો લોર્ડ ઓલ્ડકેસલ હતો. વળી નીલ લાયન પોતે પણ હકદારનો હક લુટાયલો જાણતો હતો નહિ. આ ભેદથી માહિતગાર માત્ર લેડી ઓલ્ડકેસલ પોતે અને અરસુલા હતી, જેથી તેણીએ હજીબી કાંઈ મોડું થયલું માન્યું નહિ. પણ પોતાના બેઠાને પોતાનાં કુટુંબની નાલેશીથી જાણીતો કરવો કે નહિ એજ ખ્યાલ તેણીનાં મગજમાં ધસી આવ્યો હતો, પણ વધુ વિચાર કરતાં હાલ તેમ કરવું તેણીને દરૂસ્ત દિસ્યું નહિ, અને તેથી વાત ઉડાવી તે પક્કી બાનુએ પોતાના વડા બેટાને સમજાવ્યું, "નીલ લાયનનું મોત ઈચ્છવામાં મારી પાસે કાંઈક સબબ છે ખરો."

આટલુંજ તે બોલી શકી; પણ આવો ભાગો તુટો ખુલાસો રોડ્રીકનાં ધ્યાનમાં ઉતરવા પામ્યો નહિ. તે બોલી ઉઠયો, "પણ માયજી, તે સબબનું કાંઈ નામ હશેની? હા, હા, હું સમજયો. કારણકે તમોને ધાસ્તી છે કે જયાં સુધી તે જીવતો છે ત્યાં સુધી તમારો બેટો જુલિયન પોતાની જાળમાં એદેલીન જેવાં બુલબુલને ફસાવી શકનાર નથી. એમજ કેની? પણ માયજી, એટલાંજ માટે તમારે તે કમબખ્તને મારી નાખવો જોઇતો નથી; કેમકે તે જીવતો હશે યા મુવેલો હશે, પણ એદેલીન તમારા જુલિયન ઉપર થુકવાની વટીક નથી."

લેડી ઓલ્ડકેસલ પોતાના વડા બેટાને પોતાના નાના ભાઈ માટે આવી તુચ્છકાર ભરેલી રીતે બોલતાં સાંભળી ઘણી રંજીદા થઇ. પણ રોડ્રીકને તેની કશી પરવા હતી નહિ. તેણે જાણે તેણીનો તોબડા જેવો ડોબડો જોયોજ નહિ હોય તેમ આગળ ચલાવ્યું, "એદેલીન તમારા વાહલા બેટા જુલિયનને ઠોકડે મારેછ તેમાં તે મુર્ખ ગધેડાનોજ વાંક છે. તે બુલબુલને ફંદામાં કેવી રીતે લેવું તેનું તેને બિલકુલ ભાન નથી. તેણે તે ખુબસુરત બાનુના ધિક્કાર અને કેહરમાં આવી પડી પોતાનાજ પગમાં કોહાડી મારીછ. વળી થોડા દિવસની વાત ઉપર પેપરમાં વાંચ્યું કેની કે ઓલ્ડકેસલની રાણી એદેલીન સ્તોનબ્રીજનાં બંદીખાનાના ગવરનર મેજર દોન્ત સાથે પરણી જનાર છે. માયજી, એ લગ્ન કયારે થશે?"

"બેટા, એ બિલકુલ ખોટી વાત છે. બીજે દિવસે તેજ પેપરમાં તેં એદેલીનનો જવાબ વાંચ્યો કેની કે મેજર દોન્ત સાથની તેણીની સગાઈની ખબર પાયા વિનાની અને ખોટી ઉભી કરવામાં આવીછ? મેજરે એદેલીનને જીતવા માટે અનીખના તારા તોડયા પણ નતીજો સારો આવ્યો નહિ. તેણેજ એદેલીનને સપડાવા માટે લાગવગ ચલાવી એદેલીન સાથે થનારી સગાઇનો ફકરો તે વર્તમાનપત્રમાં પ્રગટ કરાવેલો લાગેછ, પણ તે પત્રમાં એદેલીનના જવાબથી સામું તેને ભારી પડી ગયુંછ!" આટલું બોલી તે તવંગર બાનુ મોટેથી હસી પડી.

પણ રોડ્રીક હસ્યો નહિ. તે લગાર ગંભીર થઇ બોલ્યો, "હવે માતા, હું ભાઈ જુલિયન માટે બોલવા માંગુંછ. એને લગતી ખબર હમણાંજ મલીછ, પણ આપણે ભલતીજ વાતચિત ઉપર ઉતરી પડયાં, જેથી હું તે કેહતાંજ ભુલી ગયો."

આ સાંભળતાંજ લેડી ઓલ્ડકેસલ બિલકુલ ફિક્કી ફચ પડી ગઈ. તે આકરી ઘાભરી બની બોલી ઉઠી, "શું તે સમાચાર મારા લાડકવાયા પ્યારા બેટા જુલિયન માટે છે કે? કયાં છે? અરે! તે તંદરોસ્તીમાં તો છેની?"

"નહિ! તે તંદરોસ્તીમાં નથી," રોડ્રીકે પોતાના નાના ભાઈ તરફ આટલી બધી હદ સુધીનો પોતાની માવતરનો પ્યાર જોઇ અદેખાઇના આવેશમાં જરા ફફડાટથી જવાબ દીધો.

રોદ્રીકના આવા જવાબથી તેની માતા ઉજળી પુણી જેવી બની ઘભરાટમાંજ બોલી ઉઠી, "હેં! ત્યારે તે મારો ભોળો, ભલો બેટો બિમાર છે?"

"હા! માયજી, તમારો તે પ્યારો બેટો બિમાર છે ખરો! પણ તમે જેટલો ઘભરાટ બતલાવોછ તેટલો બધો તે કાંઇ બિમાર નથી પડી ગયો. તેનો એક દોસ્ત મારી ઉપર લખેછ કે એક નહિ, પણ બબે તબીબો પાસે તેનાં ભેજાંની તપાસ કરાવીછ ને તેઓ કેહેછ કે ઇંગ્લંડમાં એકાદ ઠેકાણે તેને મજબુત કબજામાં રાખવે જોઇએછ. અને તેથી મેં—"

"પણ સબર! મારા વાહલા બેટા જુલિયનનાં ભેજાંની તપાસ! એટલે? તે મારો બેટો મગ્જથી બેમગ્જ બન્યોછ શું? બોલ રોદ્રીક, તારી જબાન ખોલ ને મને કેહ કે એ શું ભેદ છે?"

"માયજી, દુવા માંગો કે તે ફકત મગ્જથીજ બેમગ્જ થઇને રહોછ! તે કાંઇ સદંતર મરી ગયો નથી, યા બિલકુલ હાથથી ગયો નથી."

"ઓ ખુદા! ત્યારે શું જુલિયન અરધો દિવાનો બન્યોછ કે?"

"માયજી, અરધા દિવાનાઓ કરતાં પુરા દિવાનાઓજ પરવડે! દુવા માંગો કે તમારો બેટો જુલિયન અરધો દિવાનો રહેવાને બદલે પુરોજ દિવાનો બને! હાલમાં તો તબીબો એવું મત ધરાવેછ કે થોડા વખતમાં તેણે ખોયલું ભેજું ચાંપતી દેખરેખથી પાછું ઠેકાણે આવવા પામશે, પણ તેનો મોટો આધાર તેની માહવજત અને તકેદારી ઉપર રેહશે. એ રીજ જે આપણાં ગામથી થોડેજ દુર છે, ત્યાં તબીબો તેને રાખવાની ભલામણ કરેછે! એ રીજ એક એવું મકાન છે કે જ્યાં સદંતર દિવાનાઓએ પોતાનાં ભેજાંની શુદ્ધી પાછી મેળવીછ. જેઓબી મને મળેછ તેઓ એજ મકાનની ખાતરી આપેછ. જોકે જુલિયનને એ મકાનમાં રાખવા અને સુધારવા માટે મને ગંજાવર ખરચમાં ઉતરવું પડશે તોપણ તે મારો સગો જોડયો ભાઈ છે એટલે તેનાં ભલાં માટે જેબી થવું જોઇએ તે કરવાની મારી ફરજ છે. આટલા માટે હું લખી ચુકોછ કે જુલિયનને એકદમ એ રીજનાં મકાનમાં—"

"એ રીજ!" લેડી ઓલ્ડકેસલ એ રીજનું નામ સાંભળતાંજ છેડાયલી વાઘનની માફક ફફડી બોલી, "છટ! નહિ! ત્યાં નહિ! મારા વાહલા બેટાને લખોની દોલત છતાં તે પારકાં મકાનમાં કદી નહિ જવા દેઉં! મરતાંબી નહિ જવા દેઉં! આ બાદશાહી મકાન તેનું પોતાનું છે. તેને અહિં, આ ઓલ્ડકેસલ પાર્કમાં સારવાર માટે કાં નહિ લાવવામાં આવે?"

લેડી ઓલ્ડકેસલના ઉપલા શબ્દો રોદ્રીકને કાને પડતાંજ તે પોતાની બેઠક ઉપરથી છલાંગ મારી ઉઠયો અને ભાગલ જેઠલું ડાચું વકાસી પોતાની માવતરને જોતો ઉભો અને મોટાં જોશ સહીત બોલી ઉઠયો, "માતા! એ તમે શું બકોછ? તમે કાંઇ વિચાર કરોછ કે નહિ? તે અને હું એકજ ઠેકાણે લોકોની નજરમાં સાથે કેમ વસી શકયે? માયજી, તમો ભુલી જાઓછ કે હું જુલિયન તરીકે જીંદગી ગુજારૂંછ, નહિ કે રોદ્રીક તરીકે. શું તમારા નાના બેટાનું ગુમ થયલું ભેજું પાછું મેળવવા માટે મને રૂસવાઈ અને નામોશીમાં મારી નાખવા માંગોછ?"

લેડી ઓલ્ડકેસલ વિચારમાં પડી; તેણી પા કલાક પછી તે ઓરડામાંની શાન્ત ચુપકીદી તોડી બોલી, "પણ રોદ્રીક, જે દોસ્તે જુલિયનની બિમારીની બાતમી તને જણાવીછ તે તો તમો બંને વચ્ચેનો સંબંધ જાણતોજ હશે."

"હા, માયજી, હુંબી પેહલાં એજ સબબને લીધે બીહતો હતો, પણ તેનાં કાગળ અને તારના સંદેસા ઉપરથી મને માલમ પડેછ કે તે અમો વચ્ચેના સંબંધથી બિલકુલ અંજાણ્યો છે. જુલિયને અક્કલ ખરચી પોતાનાં કુટુંબનો ભરમ સાચવી રાખ્યોછ. તેનો તે દોસ્ત મને જુલિયનનો દુરનો સગો યા કોઈ વાલી તરીકે સમજેછ. માયજી, યાદ રાખજો કે મારો નાશ કરવાથી તમારૂં પોતાનું ભલું થવાનું નથી, કેમકે જુલિયને પોતાની સત્તાનો રૂડો ઉપયોગ કીધો નથી. તેણે પોતાનાં કુળનું મુળ કાપી એક ધારદાર કોહાડાની જગા રાખીછ. તે જાહેરમાં સફેદ પણ બાતેનમાં કોયલા જેવો કાળો છે. માતા, સળગતો કોયલો હાથ બાળેછ, ઠંડો કોયલો હાથ કાળા કરેછ."

લેડી ઓલ્ડકેસલ પોતાના વડા બેટાને આવી રીતે બોલતો સાંભળી તેની તરફ કાંઇક શંકાની નજરથી જોવા લાગી; પણ તે કાંઇ બોલી શકી નહિ. તેણીએ પોતાના વડા બેટા પાસે એટલુંજ માંગી લીધું કે એ રીજમાં જુલિયનને લાવવામાં આવે તે પછી તેણીને તેની મુલાકાતે લઈ જવી. રોદ્રીકે હા પાડી અને તે બાનુ જુલિયનના થઇ પડેલા આવા હાલ માટેની અણહદ દલગીરી તથા બલાપા સાથે તે ઓરડો છોડી ગઇ. રોદ્રીકે પણ પોતાની માતાને ગયલી જોઇ પોતાના ખાનગી ઓરડા તરફ ચાલુ મુકયું. ત્યાં તે બારી આગળ ઉભો. તેને પોતાનાં મગજને રાહત આપવાની વિષેશ જરૂર હતી. તેના ચેહરા ઉપર દેખઇતી ચિંતાની ચિતા સળગેલી જણાતી હતી. તે પોતાનાં મન સાથેજ બોલવા લાગ્યો, "હા! આખરે એમજ થયું! નીલ લાયન મુવો! અગરજો•તે સ્લીમ જીમનાં કાવત્રાંનોજ ભોગ થઈ પડી મુવો હોય તો હુંજ તે નિર્દોષનો ખુની છું, કેમકે મેંજ તેનું ખુન કરાવ્યુંછ! હા! જુલિયનના ભમાવ્યાથી હું ભમ્યો, તેની માંગણીને હું નમ્યો અને સ્લીમ જીમને ઉભો કરી તેનો ખુની ઠર્યો. પણ હવેજ મારી બંધ આંખો ખુલ્લી થઇ ગઇછ કે નીલ લાયનનાં ખુનથી જેટલો જુલિયનને લાભ થશે તેટલો મને થનાર નથી. તેને મારી નખાવવામાં જુલિયનની કાંઇ અંદરખાનેની પાપી નેમ હોવી જોઇએ."

તે વધુ બોલી શકયો નહિ; કેમકે પોતાની માતાને તે ખાનગી ઓરડામાં પોતાના હાથમાં એક કાગળ સાથે દાખલ થયલી જોઇ તે ચુપજ રહ્યો. તે બાનુના ચેહરા ઉપર ગુસ્સાનો આતશ મોટાં જોશ સહીત બળતો રોદ્રીકે જોયો અને તેનો સબબ પુછે તે આગમચ તેણીએ તેના હાથમાં એક કાગળ મુકયું. રોદ્રીકે તે વાંચ્યું. એક વાર ફરીથી વાંચ્યું. તે જેમ જેમ વાંચતો ગયો તેમ તેમ તેના ચેહરા ઉપરનો ફિકાસ વધુ અને વધુ વધતોજ ચાલ્યો. આ પછી તેણે ભારે ચીરડાટથી તે કાગલના કકડા બુકલા કરી નાખ્યા અને તેમને પવનને હવાલે કીધા.

"ઓ! નામોશી! નામોશી! તારી હદ કયાં છે? અફસોસ! દોશ! તેં આ શું કીધું? પણ નહિ; તારો બિલકુલ વાંક નથી, મારો દોજખમાંબી ઠાર નથી. ખરો તકસીરવાર તો હું છુ! પોતાનું સત્યાનાશ વાળનાર તો હું છું! મારાં સુખોનું મુળ કાપનાર તો હું છું! જાલેમ સિતમગાર તો હું છું! શું એક વારની મારી દોશ પેલા ગામડિયા ગમાર દેનિયલ લેરેબીની ધણીઆણી બની? તે શ્યાની હતી પણ દિવાની બની! ઓ ખોદા! મારાં પાપના આ સજા! બીજાઓ માટે જાળ બિછાવી હું હરયો, પણ આયંદે તો હુંજ તેમાં ફસ્યો." આટલું બોલી તે એક દિવાનાની પેઠે હાથ પગ અફાળી પાસેની બેઠક ઉપર મોટાં જોશ સહિત ફસડાઈ પડયો.

મોતમાં કે માંદમાં ?

ઓલ્દકેસલ શેહર આજ કાલ જુદા જુદા અચંબા ભરેલા બનાવોથી હલમલી રહ્યું હતું. નીલ લાયન ઉપર બંદીખાનામાં ચલાવવામાં આવેલું કાવત્રું, તેનાં ભેદ ભરેલાં મોતની અફવા, કમબખ્ત રોઝામન્દના એકપુરા દેવીનું અજબ જેવી રીતે ગુમ થવું, મરહુમ લોર્ડ ઓલ્દકેસલના વડા બેટા રોદ્રીકનું ઘોરમાંથી એકાએક કુદી નિકળવું, તે માટેની પોલીસની ધરપકડ, એદેલીનની વડી બેહન અને રોદ્રીકની પરણેતર દોરાનું દેનિયલ લેરેબી સાથે લગ્નના ગાંઠથી જોડાવવું, એદેલીન લાયનને હદથી જયાદા પ્યારથી ચાહવા છતાં તેણીની સગાઇ બંદીખાનાના ગવરનર મેજર દોન્ત સાથે થવાની ખબરનું વર્તમાનપત્રમાં પ્રગટ થવું, વળી એજ અરસામાં બંદીખાનામાંથી સ્લીમ જીમનું નાસી જવું, આ સઘળા બનાવો કોઇને પણ અનજયબિમાં ગર્ક કરવાને બસ હતા. દોરાનાં લગ્ન દેનિયલ લેરેબી સાથે થવાથી રોદ્રીક અને લેડી ઓલ્દકેસલ દલગીર થયાં હતાં, ત્યારે આ લગ્નથી એદેલીનની ખુશાલી પાર વિનાની હતી. પોતાની બેહનને દેનયિલ લેરેબી જેવા સાચ્ચા આશકની હકદાર પરણેતર થયલી જોઇ તેણીએ છુટકારાનો દમ ખેંચ્યો અને ચિંતાનો એક પાહડ તેનાં માથાં ઉપરથી ઉતરી ગયલો તેણીએ માની લીધો. પણ આ ખબરે રોદ્રીકનો જુદોજ હાલ કીધો હતો. તેની હાલત ખરેખર દયા કરવા સમાનજ હતી. તેની જીવતી જાગતી હાલતમાં તેની પરણેતર બીજાની ધણીઆણી થવા પામે એ સજા તેને માટે કાંઇ થોડી જબુન નહિ હતી. પણ તેણે જોઇ લીધું હતું કે એમ કરવામાં તે ભોળી ભલી સુંદરી બિલકુલ નિર્દોષ હતી; કેમકે રોદ્રીક તેજ મેથ્યુ બારલોક હતો એમ તે સુંદરી સારી પેઠે માનતી હતી, જાણતી હતી. મેથ્યુ બારલોક આગમાં બળી ભસમ થયલો પુરવાર થયો હતો. સાક્ષી ગવાહીથી તેનું મોત સાબેત થયું હતું. પોલીસ વટીક એમ માનતી હતી તો દોરાને તેમ નહિ માનવાને એક પણ સબબ હતો નહિ. વળી મેથ્યુ બારલોક કોણ નામદાર હતો, તે કોણની બીજી આવૃતિ હતી, તે કોણ શેતાન હતો તેથી દેનિયલ લેરેબી અંજાણ હતો નહિ. જે પળે મેથ્યુ બારલોકનાં મોતની કેફિયત તેણે જાણી તેવોજ તે પોતાનું કિસમત એક વધુ વાર અજમાવવાને તૈયાર થયો. તે દોરા આગળ ગયો. દોરાએ તેને એવો તો ગરમાગરમ આવકાર દીધો કે દેનિયલ લેરેબીએ મોહ મલકાવ્યું એવું જાણીને કે દોરાનો ખાવિન્દ બનવાની આ તો શુભ નિશાન હતી. એમજ થયું. કારણકે આ:વેળાએ:દોરાએ તે ભોળા પણ માલેતોજાર ગામડિયાની માંગણીને તેને કાંઇ પણ વધુ કાલાવાલા કરાવ્યા વિના શરમથી લાલચોળ બની નીચી મુડીએ કબુલ કીધી. આથી તેનો તંદરોસ્ત, લોહીયાર ચેહરો વધુ સુરખીદાર બન્યો જે ઉપર દોરાની નજર પડતાં તે શરમાલ બાનુ લગાર મગરૂરીથી હસી. તેણીએ તે પળને પોતાની બાકીની જીંદગીના અપરંપાર સુખનીજ માની લીધી, અને આવી રીતે પોતાના આગલા ખાવિન્દ રોદ્રીકથી દુ:ખી થયલી બાનુ દેનિયલ લેરેબીથી ભવિષ્યમાં મલનારાં સુખના સ્વપનાઓ જોતી રહી. લગ્ન પછી તે બાનુ પોતાના ખાવિન્દ સાથે પોતાની વાહલી બેહન અને પ્યારી બેટીને મળવા ઓલ્ડકેસલ ખાતેનાં પોતાનાં બાપીકાં મકાનમાં આવી રહી, જયાં તેણીની નાની બેહન એદેલીન પણ હવે ઉમરમાં આવ્યાથી લેડી ઓલ્ડકેસલનો આશો છોડી

આવી રહી હતી. એદેલીને દોરાનાં સુખમાં પોતાની આખી જીંદગી અને આખી જેહાનનું સુખ માની લીધું, પણ તેજ સમયે નીલ લાયનનાં મોતથી તેણીનાં સઘળાં સુખો ઉપર ગોયા હંમેશનું ઢાકણું વળી ગયું હતું. વર્ત્તમાનપત્રમાં નીલ લાયનનાં મોત સંબંધીની કેફિયત પ્રગટ થવાથી તેણીનું બાકી રહેલું સુખબી લુટાઇ ગયું હતું. તેણે બંદીખાનાના ગવરનર મેજર દોન્ત ઉપર ટેલીગ્રામ વટીક કીધો હતો, પણ તેણીને તેની તરફથી લાયનનાં મોત જીવતની કશી બાતમી મલવા પામી નહિ. આથી ખરી વિગત મેળવવાને સ્તોનબ્રીજનાં કેદખાનામાં મેજરને જાતે મલવા વિના તેણીની પાસે બીજો કશો ઈલાજ હતો નહિ.

તે ગઈ. દોરા અને લેરેબીએ તેણીની સાથે જવાને ઘણીબી ઓહોંસ કીધી, પણ તેણી એકની બે થઇ નહિ. તે એકલી જવા તૈયાર થઈ, અને એકલીજ ગઈ. તે લાગલી મેજર દોન્ત પાસે ગઈ. જોકે તે મેજર એદેલીને પેપરમાં આપેલા જવાબથી ક્રોધાયમાન થયો હતો, અને એદેલીન તે જાણી શકી હતી, તોપણ લાયનને ખાતર આ અણગમતું પગલું વટીક ભરવાને તેણી તૈયાર થઇ. તે દીવાનખાનામાં દાખલ થઈ ત્યારે મેજર સાહેબ ખાણાં ઉપર બીરાજમાન થયલા હતા, અને એદેલીનના હાથની નાસિપાસી અને ખીજવાટનો ખંગ બાવરચી અને બતલર ઉપર કાહડતા હતા. જયારે તેના નોકરથી જેવી ખબર મળી કે ઓલ્ડ-કેસલની ખુબસુરતીની રાણી એદેલીન તેને મળવા ચાલી ચલાવી તેનાં મકાનમાં આવી હતી તેવોજ તે ખાણાંની ટેબલ ઉપરથી ઉલટભેર ઉઠયો અને જે ઓરડામાં એદેલીન તેની રાહ જોતી બેઠી હતી ત્યાં બોલ બોલતાંમાં જઈ ઉભો. એદેલીને પોતાનો હાથ લાંબો કરી શેકહેન્ડ કીધી.

"મીસ રેન, તમો કેમ છો? હું ધારૂંછ કે—" આગળ બોલતાં તે અટકયો; કેમકે તેણે જોઇ લીધું કે એદેલીન હંમેશના જેવી તંદરોસ્ત દિસ્તી હતી નહિ. તેણીના ખુબસુરત ચેહરા ઉપર દલગીરી, અશાન્તિ અને બેચેનીનો છાપ આબાદ જણાઈ આવતો હતો. તે કેહવા માંગતો હતો કે "એદેલીન, હું તારો પરસ્તાર છું, તું મારો જાન છે, હું તારો ગોલામ છું." પણ તેની હિમ્મત ચાલી શકી નહિ. તેણે અહિં આવવાનો સબબજ માત્ર પુછયો.

"મેજર દોન્ત, હું મારા નીલ લાયન માટે આવીછ. તે જીવેચ કે મુવોછ તે જાણવા માટેજ આવીછ. તમે મારાં કાગળ તેમજ ટેલીગ્રામનો પણ જવાબ મોકલ્યો નહિ અને જયારે મારી બાળી નાખનારી ચિંતામાં આરખી ઉમેરો થયો ત્યારે હું તમારી આગળ આવું નહિ તો બીજું શું કરૂં? હવે મને ખરૂં કહો કે મારો તે પ્યારો જીવેછ કે નહિ?"

મેજર દોન્ત વિચારમાં પડયો. એક વિચાર તેને પસંદ પડવાથી તે દયામણું મોહ કરી બોલ્યો, "હું શું જવાબ દઉં બાનુ? હું તમોને એવા તો અખુટ પ્યારથી ચાહુંછ કે કોઇ પણ બુરી ખબરથી તમારૂં અંતઃકરણ ભાંગી નાખું, એ હું એક ઘડીભર પણ નહિ સાંખું!"

"ત્યારે શું મારા તે જાનના જાનને લગતા સમાચાર કાંઈ બુરા છે?" એદેલીને મેજરના ચેહરા ઉપર ટીકી ટીકી પુછયું.

"અફસોસ બાનુ! કે તેવુંજ કાંઈ છે," મેજરે કાંઈક અકરવકરે જવાબ દીધો.

આ જવાબથી એદેલીનનો ચેહરો મોત જેવો ફિક્કો બની ગયો. તેણીનું સીધું, સોટા જેવું બદન ધ્રુજવા લાગ્યું અને પોતાને જમીનદોસ્ત થતી અટકાવવાને

પાસે પડેલી ખુરસીનો હાથો ટેકા તરીકે પોતાના હાથમાં પકડી લીધો. મેજરને લાગ્યું કે તે ખુબસુરતીની દેવી બેશુદ્ધ થવાની તૈયારીમાં હતી. આથી તેણે તેણીને નજદીકના સોફા ઉપર બેસાડી દીધી. તે બાનુ કાંઈપણ આનાકાની વિના બેઠી. મેજર દોન્તે જોયું કે તે ખુબસુરતી કુદરતની કારીગીરીનો એવો તો દિલકશ નમુનો હતો કે સારી જેહાન ઢુંડતાં પણ તેની જોડી મળવી મુશ્કેલ હતી. એદેલીન બેભાન બનવાની તૈયારીમાં હતી, પણ મેજર તેની જાગૃત અવસ્થામાં થોડો ભાન-ભુલો નહિ બન્યો હતો. તેણીની ખુબસુરતી ખોદાદાસનાશીઓ માટે જયારે ખરી રાહત હતી, ત્યારે બદમાશ મેજર માટે તે ખરી આફત હતી. તેણે જોયું કે એદેલીન બેહેસ્તની હુરી હતી, ખુબસુરતીમાં પુરી હતી. આવી ખુબસુરતી અને લાખોની દોલતવાળી એદેલીન તેની આંખોમાં ઠસી ગઇ હતી, તેના જીગરમાં વસી રહી હતી; પણ આ સઘળું જોવાને એદેલીનને અવકાશજ કયાં હતો? તેણીનું તમામ ધક ધ્યાન લાયનમાં ચોંટી બેઠું હતું.

"મેજર દોન્ત, ત્યારે શું મારો લાયન ભયભરેલી માંદગીમાં છે? ખોદા ખાતર મને ખરૂં કહી દેવો, મને ના ટવલાવો!" એદેલીન ડચકાંથી ગુંગલાતી છાતીએ જેમ તેમ બોલી.

"તે આજ સવાર સુધી તો માંદગીમાં હતો પણ એક કલાક થયો મોતને વસ થઇ પડયોછ. બાનુ, નીલ લાયનનો છેલ્લો દમ આ ફાની જેહાનથી અત્યાર આગમચનો કુચ કરી ગયોછ!"

"હેં! ત્યારે લાયન ખરેખર મુવો! નેકીનો તે ફરેસ્તો આ જેહાનથી કુચ કરી ગયો? મારી પોતાની જીંદગીનો ચેરાગ બુજવાઇ ગયો? ગયો, સદાનો ગયો!" આટલું બોલી તે મોહબતવંતી નાર જે સુંદર સોફા ઉપર બેઠી હતી ત્યાંજ બેશુદ્ધ થઇ તુટી પડી.

મોતમાં નહિ પણ માંદમાં.

સ્તોનબ્રીજનાં કેદખાનાના ગવરનર મેજર દોન્તનાં મકાનમાં એદેલીન લાંબો વખત બેશુદ્ધ પડી રહી નહિ. તે જયારે શુદ્ધીમાં આવી ત્યારે તેણીએ જોયું કે તે ઓરડામાં તેણી એકલીજ પડેલી હતી. ત્યાં બીજું કોઇ પણ હાજર હતુંજ નહિ. તરતજ તેણીને પોતાની ખરી હાલતનું ભાન આવ્યું. તે ઘણી સેહલાઈથી યાદ કરી શકી કે જે કોચ ઉપર હાલમાં તે બેઠી હતી તે તેજ સુંદર કોચ હતો જે ઉપર મેજર દોન્તનાં મોહડેથી લાયનનાં મોતની ખબર સાંભળી તેણી બેશુદ્ધ થઇ તુટી પડી હતી. પણ હાલમાં મેજર દોન્ત તેણીને તદન એકલી મેલી કયાં ચાલી ગયો હતો? ગમે તે હોય, પણ એદેલીને તે મકાનમાં હવે વધુ વાર ખોટી રહેવામાં એક તણખાભાર પણ સાર જોયો નહિ. તેણી તુરત ત્યાંથી ઉઠી, અને તે મકાન છોડી ચાલી ગઇ. પણ તેણીએ થોડાંક કદમ આગળ ભર્યાં નહિ એટલામાં તેણીએ જોયું કે કેદખાનાનો એક વોરડર બંદીખાનાના ગંજાવર દરવાજામાં પોતાની ફરજનો હિસ્સો અદા કરવાના ઇરાદાથી દાખલ થવાની તૈયારીમાં હતો. તે બાનુ ઉતાવળાં કદમે તેની આગળ આવી ઉભી. વોરડર પોતાની સામે ખુબસુરત ચેહ-રાની અને ભપકા ભરેલા પોશાકથી સજ થયલી બાનુને જોઇ થંભ થઇ ઉભો.

તેણે જોયું કે તે સુંદર, સોહામણી બાનુની આંખોમાં આંસુઓ મોતીની માફક ચળકી ઝુલઇને તેણીની ખિલેલી છાતી ઉપર ટપકતાં હતાં.

"અય ભલા શખ્સ! તારાં જીગરમાં દયાનાં અમૃતનું એક પણ ટીપું હોય તો ખોદાનાં નામ ઉપર મને મદદ કર!"

તેણીની આંખો ઉપફ્લું બોલતાં તારાઓની માફક ઝલકતી હતી; જયારે તેણીનો સુંદર ચેહેરો ભય ભરેલી રીતે ફિક્કો પડી ગયો હતો. પણ સાચ્ચી મોહબતના તે ફિકાસથી તે ચેહરો ઓરબી દિલકશ અને દિલજીત લાગતો હતો. તે બાનુ જોકે ફોકેફોક રડતી હતી નહિ, તોપણ તેણીનું જીગર એવું તો ચાક થઇ ગયું હતું કે તેનાં ચાક થવા સાથેજ તેણીનો અવાજ તેણીની છાતીમાં ગુંગલાઇ, દબાઇ મરણ પામ્યો હતો.

એદેલીને પોતાના હાથમાં થોડાંક સફેદ ગોલાબ પકડેલાં હતાં જે તેણીએ મેજરના બાગમાંથી તોડયાં હતાં. આ ગોલાબ પેલા અજાયબિથી દંગ થઇ ઉભેલા વોરડરને દેખાડી તે બોલી, "ઓ ભલા, દયાળુ શખ્સ, તને ખબર તો હશે કે આ કેદખાનામાં નીલ લાયન નામનો કેદી પડેલો હતો તે મરણ પામ્યોછ. ઓ! તેના ઉપર, તેનાં શબની પેટી ઉપર આ ગોલાબ મારી તરફથી મુકી આવ અથવા તો કોઇ બીજાને આપી આવ!"

એદેલીનને પોતાની આ અરજમાં કશું પણ અજબ જેવું માલમ પડયું નહિ, કેમકે તેણીની આ ઘડી એવી હતી કે જે વેળાએ આખી દુનિયામાંના પોતાના એકપુરા વાહલાને તે ગુમાવી ચુકી હતી, પણ પેલો વોરડર તો દયામણું મોહડું કરી એદેલીનને ટીકતો જાણે પોતાની જંગોએ ચોટકીજ ઉભો. અગરજો તેણે એદેલીનને એક ગરીબ, રખડતી સ્ત્રી તરીકે પિછાની લીધી હતે તો અપમાનના શબ્દોથી તે તેણીને હંકારી મેલતે. પણ તેણે જોઇ લીધું કે તે બાનુ કાંઇ જેવાં તેવાં ઉચ કુળની અને જેવાં તેવાં આબરૂદાર ખાનદાનની દેખાતી હતી નહિ. આથી તે માનની લાગણીથી બોલ્યો, "બાઇ સાહેબ! તમો જે ધણી માટે કેહોછ તેને માટે હું સદંતર અંજાણ છું. તે શખ્સ મારા ચાર્જમાં નથી. વળી તમારી મરજી મુજબનું કામ કરવું એ કેદખાનાના કાયદાથી ઉલટું છે, અને આ કાયદો તોડનાર ઘણી મોટી સજાને પાત્ર થાય છે. બીજાનેબી તમારૂં કામ સોંપવામાં કાંઇ ઓછો જોખમ સમાયલો નથી."

વોરડરનો જે હાથ એદેલીનના હાથમાંનાં ગોલાબ લેવાને ના પાડતો હતો, તેના હાથમાં થોડાક સોનાના સિક્કા સેરવી દેવાને એદેલીને ઘણું મન કીધું.

"ભલા શખ્સ, તું આ મારૂં કામ પાર ઉતારે તો હું તને પાંચ પાઉન્ડ આપું, દશ પાઉન્ડ આપું, અરે! તું માંગે તે હું આપું. અરે! ભલા શખ્સ, તારી આંખમાં હયા છે, દિલમાં દયા છે, તો મારી ઉપર મયા કર અને અગરજો બંધવો નીલ લાયન તારા કબજામાં નહિ હોય તો તે જેનાબી કબજામાં હોય તેને આ મારૂં કામ સોંપ. લે! આ ફુલ લે! ગમે તો તું તેના હાથમાં અથવા તો તેની છાતી ઉપર મુક. જો! આ કેવાં નાનાં ગોલાબ છે! સાંભળ! ખોદા ખાતર સાંભળ, હું તારાં આ કામ માટે તને વીસ પાઉન્ડ આપવા રાજી છું."

એદેલીન આગળ બોલતાં અટકી ઉભી. તેણીએ જોઈ લીધું કે વીસ પાઉન્ડમાં તે વોરડર પોતાને માટે મોટી દોલત જોઈ મોહડું મટમટાવા લાગ્યો અને આંખો ફડફડાવા લાગ્યો. આવી મોટી લાલચને આવો ગરીબ વોરડર કેમ ઠોકરે

મારે ? તોપણ તેનું મન હજી ઢચુપચુ હતું. તે હજી આનાકાની અને શંકાની મિશ્ર લાગણીથી એદેલીનને જોતો ઉભો. ધારતીનો માર્યો પોતાની આસપાસ તે જોવા લાગ્યો અને બંદીખાનાના દરવાજામાંથી બાહેર નિકળતા એક બુઢા પાદરી ઉપર તેની નજર પડતાંજ તે ચોંકયો અને તાલેવંત થવાની તેની ઉમેદ એકદમ અકરાટ ધભરાટમાં બદલાઇ ગઇ. તે ધીમે સાદે બોલ્યો, "જુવો બાઈ, પેલા સામેથી પાદરી સાહેબ આવેછ. એવણ ઘણા ભલા અને દયાળુ છે. તમારી અરજ એવણને જણાવો. તમોને એવણ આબાદ રસ્તો સુઝાડશે." આટલું બોલી તે એદેલીનને તેણીની અજાયબિ અને દલગીરી વચ્ચે છોડી ગયો. એદેલીને અજાયબિની મારી સામે જોયું તો એક બુઢો પાદરી ખરેખર દયાળુ ચેહરાનો હતો. આથી તે બાનુ ખુશી થઈ પણ વધુ અજબ એટલા માટે થઇ કે એક વોરડર જેવો ગરીબબી પૈસાને ઠોકડે મારી પાદરીનો હવાલો આપી ચાલી ગયો હતો. ત્યારે શું ગરીબોબી પૈસાની લાલચને તુચ્છ સમાન ગણવાને શક્તિવાન છે? ત્યારે શું તવંગરોજ પૈસાના નીચ અને લોભી છે? એદેલીને નીલ લાયનને જયાં સુધી જોયો હતો નહિ ત્યાં સુધી પૈસાને સુખનું મુળ, સંતોષના બાગનું ફુલ માની લીધો હતો, પણ જયારથી જુલ્મી જમાનાએ જફાકાર બની તેઓ વચ્ચે જાલેમ જુદાઇની આફ્ત વરસાવી હતી ત્યારથી પૈસાને તેણી ધિક્કારવા શિખી હતી પણ તેણીએ એમ તો ધાર્યું હતુંજ નહિ કે તેણીની માફક ગરીબોબી કહેવાતાં તે સુખનાં મુળને સુળ બરાબર ગણતાં હતાં. પણ દુનિયાદારીના આ સઘળા ખેલોનો ખ્યાલ કરવાને તેણીનું દિલ ચાલ્યું નહિ. લાગલી તે પાદરી આગળ ધસી ગઈ.

"પ્યાર! પ્યાર!! તું જાહેરમાં અમૃત છે, પણ બાતેનમાં ઝેર કરતાં પણ બુરી આફ્ત છે. ઓ મોહબત! મોહબત!! તું જાહેરમાં ખુશી ખુશાલીનું બેઆનું છે, પણ બાતેનમાં કાંટા અને કવચનું બિછાનું છે."

એદેલીન પોતાનાં મન સાથે બોલી આગળ વધી પેલા ભલા પાદરી આગળ જઇ ઉભી અને કરગરીને બોલી, "તમોને આવી રીતે અટકાવવા માટે હું તમારી માફી ચાહુંછ, પણ સાહેબ, તમો આ કેદખાનાના દયાળુ અને ખુદાસનાશી પાદરી છો એમ હું માનુંછ. તમો તમારી સાથે થોડીક પળ મને કાંઇક ગંભીર ગોફતેગુ કરવા દેશો એવી મને ઉમેદ છે."

તે દયાળુ પાદરીએ જવાબમાં ડોકું ધુણાવ્યું અને એક બાપના પ્યારથી પોતાનો માયાળુ હાથ એદેલીનનાં ખભાં ઉપર મેલ્યો, અને ઘણાજ દયામણા સાદે કહ્યું, "ભલી બાનુ, હા, હું આ કેદખાનાનો પાદરી છું. ખોદા તરફની રાહ ભુલેલાંઓને તે રાહ દેખાડનાર ભોમિયો છું. અગરજો તમો બાનુ મને જણાવશો કે તમને હું કોઇ રીતે ઉપયોગી થઇ પડીશ તો તે કામ મારેથી બનશે તો મોટી ખુશી સાથે કરીશ."

તે ભલો પાદરી જેમ જેમ એદેલીનના ચેહરાને જોતો તેમ તેમ તેણીની તરફની તેની દયાની લાગણી વધુ અને વધુ ઉંડી થતી જતી હતી. તે દયાળુ પાદરીએ જોયું કે આટલી બધી ખુબસુરતી છતાં તેણીનો ચેહરો કેટલો બધો ઉજ્જડ પુણી જેવો બની ગયો હતો! આટલી નાની ઉમરમાં અને આવાં નિર્દોષપણાં છતાં તેણીની ઉપર એટલું બધું તે શું દુઃખ આવી પડયું હતું? બુરી સખ્તીનો મજબુત લોખંડી હાથ આવી દિલકશ સુંદરતા ઉપર પણ આવી પડયો હતો તે શું કુદરતને એક ખેલ નહિ હતો? તે પાદરીના મિઠા સ્વર સાથના માયાળુ જવાબથી

એદેલીનને, ખરેખર હતી તે કરતાં વધુ હિમ્મત આવી. તે તેની વધુ નજીક જઇ ઉભી, અને પોતાનાં જીગરનાં ઉંડાણથી એક સરદ હાય મારી બંદીખાના તરફ આંગળી કરી બોલી, “ સાહેબ, સ્તોનબ્રીજનાં પેલાં જીવતાં જીવતનાં દોજખખાનામાં મારા જાન કરતાં વાહલાનો દમ આ ફાની, તોફાની જેહાનથી વાસો ઉઠાવી ગયોછ. હું હમણાંજ ગવરનરને મળી આવી અને ઘણાબી કાલાવાલા કીધા કે મારા વાહલાનો ચેહરો છેલ્લી વાર, ફકત એકજ વાર મને જોવા દેવો. પણ સાહેબ, તે સેતમગરે મારી આ અરજને દયાહિણ બની ઠોકડે મારી. છેવટે થોડાંક ફુલો તેની લાસ ઉપર મોકલવા મેં મારી મરજી જણાવી, પણ તેમ કરવાને પણ તે જુલમગારે ના પાડી. સાહેબ! મેજર દોન્તનું જીગર પથ્થરનું બનેલું છે, લોખંડનું ઘડાયલું છે, તે ઉપર રહેમદિલીનાં પાણીનો કતરો ઠરીજ કેમ શકે? મારી આહો ઝારી અસર કરીજ કેમ શકે? સાહેબ, શું સરકારના કાયદાઓ જીવતાંઓ માટે છે કે મુવેલાંઓ માટે? તમો ખોદાના સાચ્ચા બંદા હોવો તો માનજો કે નીલ લાયન કાંઇ કુદરતી મોતે મુવો નથી, પણ કોઇ જુલમગારનાં જુલ્મી કાવત્રાંનો ભોગ થઇ પડયોછ. સાહેબ, તે બિચારાનું કેદખાનામાં ખુન થયુંછ, કામ ઘણુંજ જબુન થયુંછ!”

આ સાંભળતાંજ પેલા ભલા પાદરીનાં આખાં બદનમાં કમકમાટની એક તિક્ષણ લાગણી પસાર થઈ. તેનાં મુખમાંથી એક હર્ફ પણ નિકળવા પામ્યો નહિ. તે એક ચિતે એદેલીનના નિર્દોષ ચેહરાને ટીકતોજ ઉભો.

એદેલીને પાદરીની ચુપકીદી તરફ જરા પણ ખ્યાલ કીધા વિના પોતાના ખ્યાલમાં અને ખ્યાલમાં આગળ ચલાવ્યું,,“અરે સાહેબ! મારી ઉપરના જુલમની કાહણી હું કોણને કહું? મેં અહિંથી પસાર થતા એક વોરડરને મારા હાથમાંના આ ગોલાબ આપવા જણાવ્યું ને તે મરણ પામેલા બંધવાનાં શબ ઉપર મુકવાની કાકલુદીભરી અરજ કીધી પણ મારી તરફની ગમે તેટલી લાલચ છતાં તે ગરીબ વોરડરે મારી તે અરજ વટીક નામંજુર કીધી. હવે સાહેબ, તેજ અરજ હું તમોને પાછી કરૂંછ! તમો એક સાચ્ચા ખ્રિસ્તી છો એટલે તમો દયાળુજ હશો. ઓ ભલા શખ્સ! તે કમબખ્ત બંધવાની ઘોર ઉપર મેલવા મારી તરફનાં ફુલોની છેલ્લી ભેટ તમે તમારે હાથે લઇ જાઓ ને તે કમનસીબ બંધવા તરફની મારી છેલ્લી ફરજ બજાવવાની મને તક આપો!”

તે બાનુ વધુ બોલી શકી નહિ. ડચકાંઓ ઉપર ડચકાંઓથી તેણીનો અવાજ ગુંગળાઈ મરણ પામ્યો. “સાહેબ, તે બિચારાનું કેદખાનામાં ખુન થયુંછ.” આ બોલો તે ભલા પાદરીના કાનના પરદાને હજી વાગતા રહેલા હોવાથી તે પોકારી ઉઠયો, “કેદખાનામાં તે બંધવાનું ખુન! એટલે કોણનું ખુન? તે બંધવાનું નામ શું?”

“તે દુ:ખી બંધવાનું નામ નીલ લાયન છે, તેનું નંબર સી. ૩૫ છે,” એદેલીને ડચકાંથી ગુંગળાયલી છાતીને જેમ તેમ ધાઠી કરી જવાબ દીધો.

પાદરીએ ડોકું ધુણાવ્યું. તેના ચેહરા ઉપર અજાયબી અને ગુંચવણનો છાપ પ્રગટી નિકળ્યો, જે પછી રફતે રફતે તે જગો ધીમી ખુશાલીએ લીધી, કેમકે તરતજ તે ચેહરા ઉપર અજાયબિ અને ગુંચવણને બદલે કાંઇક સંતોષ અને સુખની લાગણી પ્રદીપ્ત થયલી એદેલીને પોતાની ગમે તેટલી દુ:ખી હાલત છતાં જોઇ લીધી.

“ખુબસુરત બાનુ, જે બંધવાને તું મુવેલો ધારેછ તે કાંઇ ખરેખર મુવો નથી. તેનો દમ હજી ખાકી ખોળિયું છોડી ગયો નથી. તે જીવેછ, પણ અફસોસ કે મોતની તગરમાંજ જીવેછ!”

“ હેં ! શું ? નીલ લાયન મુવો નથી ? ઓ ! મારો તે પ્યારો હજી જીવે છે ! ” એદેલીન બે ચાર કદમ પાછળ હઠી બોલી. તે ભલા પાદરીએ જોયું કે એક પળ આગમચનો તેણીનો મોત જેવો ફિક્કો ચેહરો લાયનના જીવવાની વધાઈથી જન્મ પામેલી ખુશાલીના પ્રતાપથી એવો તો ખિલી નિકળ્યો હતો કે આટલો જલદી ફેરફાર તે દુનિયા ખાધેલા પાદરીએ પોતાની આખી જીંદગીમાં કદી પણ અનુભવ્યો હતો નહિ. તે ખુશીના બહારમાં બોલી ઉઠી, “ જુવો સાહેબ, જુવો, કે ગવરનર મેજર દોન્તે મને કેવી ઠગી ? તે જાણી જોઇ મારી આગળ જુઠું બોલ્યો. ઓ ! સાહેબ, મને કેહો કે જેઓ જીવતાંને મુવેલાં જાહેર કરે તેઓ માટે સરકારની નહિ તો નહિ, પણ ખુદ કુદરતની પણ સજા નથી હોતી ? ”

તે દયાળુ પાદરી સમજી ગયો કે નીલ લાયનને આટલી બધી હદ સુધી ચાહનાર ખુબસુરત બાનુ, બીજી કોઈજ નહિ, પણ એદેલીન હોવી જોઇએ. કેમકે તેણે વર્તમાનપત્રોમાં જે એદેલીનની મોહબતની વાતો મોટી ઉકમાઇ સાથે વાંચી હતી, તેજ એદેલીનને તેણે પોતાની લાખોની દોલત છતાં, અણહદ ખુબસુરતીના આશીર્વાદ છતાં, જોબન અને જવાની છતાં, જન્મભરનાં કેદખાનાની સજા ભોગવતા એક કંગાળ, કમનસીબ, ગરીબ, લાચાર બંધવા ઉપર તનોજાન કુરબાન બની સ્તોનબીજનાં કેદખાનાના ભય અને ધસક ઉપજાવનારા ગંજાવર દરવાજા સામે શરમથી નહિ, પણ મગરૂરીથી ઉભેલી પોતાની નજરો નજર જોઈ ત્યારે તે ખુદાસનાશી પાદરીએ તે પેદા કરનાર સાહેબના હજારો હજાર શુક્રાના કીધા કે આ પાપી દુનિયામાંબી લોભ અને લાલચના ગમે તેટલા ગંજાવર પાહડો વચ્ચે પાકીજેહ પ્યારની હસ્તી હજીબી જળવાઈ રહી છે, જે બનાવને હજારો તો શું પણ લખો લાખ જીવડાઓ દિવાનપણાંની ઉપમા આપવાને એક પળની પણ આંચકી ખાય નહિ તે બનાવ તે ભલા પાદરીએ આંખોમાં આંસુ સાથે નિહાળ્યો.

મોહબતની મુલાકાત.

આખાં ઓલ્ડકેસલ અને તેની આસપાસ વાત ફેલાઈ ગઈ કે પેલો કમબખ્ત બંધવો નીલ લાયન મુવો નથી, તે તો જીવે છે. આ ખબરથી મોટો ભાગ ખુશી થયો હતો, જ્યારે તેનાં આંથણાં મીઠાંમાં ફરનાર માત્ર ગણત્રીનાં આસામીઓજ દલગીર થયાં હતાં, જેઓમાં લેડી ઓલ્દકેસલનો સર્વથી આગેવાન ભાગ હતો. રોદ્રીકની મોટી દલગીરી એટલા માટે હતી કે સ્લીમ જીમ બંદીખાનામાંથી નાહસીને તેની પાસેથી કબુલેલી રકમ પડાવી, પચાવી બેઠો હતો. તેણે તેને મજબુત ખાત્રી આપી હતી કે નીલ લાયનનો દમ તેનાં પાપી ખોળિયાંમાંથી નિકળી ગયો હતો, અને તેની લાસ પડેલી નજરો નજર જોવા પછીજ તે બંદીખાનામાંથી માહ મુસીબતે નાહસી છુટો હતો. તેને પકડવાને પોલીસ અને બંદીખાનાના ગવરનરે ઘણુંબી માથું ઝીકયુ, પણ બંદો સ્લીમ જીમ જેનું નામ તે હાથ લાગ્યોજ નહિ; પણ રોદ્રીકે કસમ લીધા કે “ તે ઠગારાને શોધી કાહડી તેની સજાએ પુગાડું નહિ તો મારૂં નામ રોદ્રીક નહિ. ”

એદેલીનની ખુશાલીની હદ હતી નહિ. નીલ લાયનની જીંદગીનો ચેરાગ ગુલવાઇ ગયો નથી, તે હજી બળતોજ હતો, આ ખબર, આપણે ગયા અંકમાં જોયું

તેમ સ્તોનબીજનાં કેદખાનાના ભલા, બુઢા પાદરીએ ઘણીજ ખત્રી સાથે આપી હતી અને તે નહિ માનવાને તે સુંદરી પાસે એક પણ સબબ હતો નહિ. જોકે તે દયાળુ પાદરીએ ધાસ્તી બતાવી હતી કે તે બંધવો જીવતો હતો, પણ મોતની તઝરમાંજ જીવતો હતો. પણ એદેલીનને જાણે હવે છુપી બશારત થતી હતી કે લાયનની બીજી જીંદગી શરૂ થઇ હતી અને તેની ઉપરથી મોતનું સિહા વાદળ-વિખેરાઈ ગયું હતું અને લાંબા આયુષનો નુરમંદ આફતાબ તેમાંથી બાહેર નિકળતો હતો. એદેલીનની બીજી ખુશાલી પોતાની કમનસીબ વડી બેહનનું હાલનું નવું સુખ હતું. તેણીએ જાણે દેનિયલ લેરેબી સાથે નવીજ જીંદગી શરૂ કીધી હતી. તે પોતાના આગલા આશકને પરણીને જાણે જીવતાં જીવત બેહેશતમાંજ ગઈ હતી. બંને એકબીજાં ઉપર ઘરૂંપરૂં હતાં, બંને એકબીજાંનો જાન સદકે કરવા તેયાર હતાં. ગોયા બંનેનાં તન જુદાં હતાં, પણ જાન તો એકજ હતો. આ સુખી જોડાંનો પ્યાર એદેલીન ભરાઇ છુપાઈને વટીક પોતાની આંખોએ નિહાલતી હતી અને તેમાં પોતાનું સુખ અને મગરૂરી માની લેતી હતી; પણ તે સુખ, તે મગરૂરીની જોડેજોડ તે બિનસ્વાર્થી બાનુ ઠંડી હાય ભરી નિસાસો નાખી પોતાનાં મન સાથે બોલતી, "ઓ ખોદા ! જેમ તેં મારી બેહન તરફ જોઈ તેણીને દેનિયલ લેરેબીના પ્યારમાં રમતી અને ગેલ કરતી બનાવીછ, તેમ તું મારી તરફબી જોશે કે ? અને મનેબી નીલ લાયનની મોહબતમાં રમતી કરશે કે?"

અહિં સુધી તો તેણીનાં મનથી સઘળું ઠીકાઠીક હતું, પણ તેણીનાં મનમાં જે એકજ વિચાર ઠસી ગયો હતો તે એજ હતો કે નીલ લાયનને તેનાં કેદખાનામાં એક વાર ફરીથી મળી આવવું. આ માટે ગવરનર મેજર દોન્ત તેણીને યાદ આવ્યો. જોકે તેણે તેણીને નીલ લાયનનાં મોત માટે ખોટી ખબર આપી હતી, તોપણ તેનોજ આશ્રો એકવાર ફરીથી શોધવા સિવાય બીજો કશો ઇલાજ હતો નહિ. તે ગઇ. એક વાર ફરીથી મેજર દોન્ત પાસે તે એકલીજ ગઈ, અને નીલ લાયનની મુલાકાત માટે પોતાની મરજી દેખાડી.

"મીસ એદેલીન, હું તેમ કરી શકતો નથી. હું દલગીર છું કે નીલ લાયનનાં મોતની ખબર તમોને મારે મોહડેથી સાંભળવી પડી હતી, પણ તેમાં મારી જરા પણ કસુર હતી નહિ. હું તેને મુવેલોજ માનતો હોવાથી મને તમારી આગળ તેમજ જાહેર કરવા વિના બીજો છુટક હતોજ નહિ. પણ તેથી જો તમારૂં દિલ દુખાયું હોય તો હું તમારી દરગુજર ચાહુંછ."

"ઠીક, અગરજો તમારી ખોટી ખબરથી મને થયલાં નુકસાનનો બદલો તમો વાળીજ આપવા માંગતા હોવ તો મને મારા લાયન સાથે એક વધુ વાર મુલાકાત કરાવી આપો," એદેલીને કરગરી કહ્યું.

"હું તેમ કરી શકતો નથી, મીસ રેન. એમ કરવું બિલકુલ અશકય છે. હું તમો બાનુ માટે કાંઈ પણ કરી શકું, પણ બંદીખાનાનો કાયદો કેમ તોડી શકું? બાનુ, એમ કરવું કાયદાથી ઉલટું છે."

એદેલીન ગુસ્સાની દેવીની માફક ગવરનરને જોતી બોલી, "સાહેબ ! તમો જયારે સરકારના કાયદાથી ઉલટા ચાલતા નથી ત્યારે તેજ વેળાએ કુદરતના કાયદાથી ઉલટા ચાલવાને જરા રતી પણ શરમાતા નથી. મને કીધેલાં મોટાં નુકસાનનો બદલો વાળી આપવાને શું તમો કેદખાનાનો એક ઘાતકીમાં ઘાતકી કાયદો તોડી

નહિ શકો ? તમો જ્યારે તમારાં કામથી કેદખાનાના સત્તાવાળાઓને રાજી કરવા માંગોછ પણ તેની જોડે જોડ તમો ખોદાને નારાજ કરોછ !"

અંતે મેજર જેટલો એદેલીનની દલીલોથી માહત થયો નહિ, તેટલો તેણીની ખુબસુરતીની મોહિણીથી માહત થયો અને નીલ લાયન સાથે તેણીની મુલાકાત કરાવવા કબુલ થયો.

"પણ મેજર સાહેબ, હું નીલ લાયનને એવી રીતે મળવા માંગુછ કે તેમ કરતાં કોઇબી અમોને જોઇ શકે, પણ સાંભળી શકે નહિ." ઘણીજ આનાકાની સાથે ગવરનરે આ સઘળું કબુલ કીધું અને મુલાકાત માટે વળતો દિવસ મુકરર કરવામાં આવ્યો.

બીજે દિવસે એક વાર ફરીથી એદેલીન અને નીલ લાયન એકેકની સામ સામે ઉભાં. એદેલીન બંદીખાનાના ઓરડામાં દાખલ થઇ ત્યારે લાયન બિછાનાં ઉપર લોંકડીની માફક નાતવાન બની પડેલો હતો, પણ જેવી તેની નજર એદેલીન ઉપર પડી તેવોજ તે શેરની માફક છલાંગ મારી ઉઠયો અને નાતવાનીથી જમીન-દોસ્ત થવાના કશા પણ ડર વિના એદેલીનની સામે આવી ઉભો. તેની ખુશાલી પાર વિનાની હતી કેમકે ઘોરમાં જતાં જતાં તે એદેલીન જેવા ફરેસ્તાનો મુબારક ચેહરો જોવા પામ્યો હતો. એદેલીનને જોતાં તે સમજી શકયો નહિ કે તે પોતાની જાગ્રત અવસ્થામાંજ ખરેખર એદેલીનને જોતો હતો કે સ્વપનો જોતો હતો ! એદે-લીન ખરેખર અસ્લી રૂપમાં હતી કે નકલી રૂપમાં ! આ દેખાવ તે ખરેખર જોતો હતો કે તેનાં નબળાં અને તાવની માંદગીથી નરમ બનેલાં ભેજાંનો માત્ર ધખારો હતો ! આથી તે જાણે ઉંઘમાંથી બેદાર થયો હોય તેમ લગાર શંકાથી અને ભ્રાંસ્તીથી બોલી ઉઠયો :—

"કોણ ? એદેલીન મારો જાન ?"

"હા ! મારા નીલ, હું તારી એદેલીન છું," આટલું બોલી તે ખુબસુરત સુંદરી જરા પણ આનાકાની વિના લાયનને બાઝી પડી.

"એદેલીન, મારી ઉપર હજારો હજાર હયેફ છે, એદેલીન, નીલ તારી આવી મોહબતને નાલાયક છે. ઓ ! તું જેવાં મોહબતનાં મંદિરનો હું હવે પરસ્તાર નથી, હું તો ફકત મોતનો પરસ્તાર છું, તેજ છેવટના આશીર્વાદનો તલબગાર છું, ઇન્તેજાર છું. હું હવે ઇનસાન નથી, હેવાન છું. મારૂં જીગર ભાંગી ગયુંછ. છોડ મને, તારાં પાસાંમાંથી દુર કર મને !"

આટલું બોલી નીલ લાયન પોતાની ગમે તેટલી નાતવાની છતાં એકજ ઝટક સહિત એદેલીનનાં પાંસાંમાંથી છુટો થઇ ગયો અને પોતાનાં બિછાનાં ઉપર બેસી પડી પોતાનાં ધુમતાં માથાંને હાથનો ટેકો આપી નીચી મુડીએ ખ્યાલોમાં ગુલતાન, બલ્કે બેભાન બની બેઠો. આથી એદેલીન કરગરી બોલી, "મારા પ્રાણપ્યારા નીલ ! તું મારી ઉપર આટલો બધો ઘાતકી બની મને કાં તરછોડી કાહડેછ ? ઓ નીલ, તારાં પાંસામાં દબાયલી રહેતાં મને કેટલો આરામ મળેછ તેનો તને ખ્યાલ છે ?"

"ખ્યાલ ! બાનુ તું મને ખ્યાલ પુછેછ પણ તું મારો આ હાલ જોયછ ? આવા હાલે ચાહવામાં તુને મોજ હોય, પણ મારે માટે તે મોત છે !"

એદેલીન હસી; પણ તેણીનું હરવું ભિણાયલી આંખ્યો અને ધ્રુજતાં તન બદન સાથે તેણીના હોઠો ઉપર ફુટી નિકળ્યું હતું. નીલના હાથો અને હોઠો ધ્રુજતા હતા. તેની આંખોમાં આંસુઓ દવની તરેહ ચળકી રહ્યાં હતાં.

"લાયન, મારા પ્યારા લાયન, તું તો રડેછ! સબબ?" એડેલીને પોતાનો ધ્રુજતો હાથ નીલ લાયનનાં ખભાં ઉપર મેલી પુછ્યું.

"સબબ! ગજબ! મારી ઉપરની આફત! એડેલીન, શું તું જોતી નથી કે મારી ઉપરની આફત થોડી છે, આ જેહાનમાં મુજ કમનસીબની કોઈ જોડી છે? ગોયા આફતે તો મારી પુઠ પકડીછ, મારાં સુખની લુટ ચલાવીછ!"

"અરે નીલ, આફત તો જીંદગી સાથે સદાની જોડાયલીજ છે. જેમ રંગત વિનાનું ફુલ નહિ, લેહઝત વિનાનું ફળ નહિ, તાકાત વિનાનો શેર નહિ તેમ આફત વિનાનું ઈનસાન નહિ. નીલ, ખોદા ઉપર ઇતબાર રાખતાં શિખ! કેમકે દુનિયા અદાવતનો ખાર છે, દગાબાજીનું બાઝાર છે. બુરાઓને ઉંચે ચઢાવી ભલાઓને જમીન ઉપર પટકવાનું તેનું કામ છે. નીલ, તે કાંટાઓને બચાવેછ, પણ ફુલોને લુટાવેછ!"

"પણ એડેલીન, હું આગલો નીલ રહ્યો નથીની! હું તો આગલા નીલનો પડછાયો માત્ર છું, તેનો સાલો માત્ર છું. એડેલીન, તું તો નુરમંદ સેતારો છે, જ્યારે નીલ તો દોજખના અંધકારથીબી બદતર બુરો છે. મારા જેવા કમતાલેના અંધારા ગાર ઉપર તારો પ્યાર નાકામ છે, સામી તું નાહક બદનામ છે."

"લાયન, તું ભુલેછ! કેમકે ગમે તેવા અંધકાર ઉપર બલ્કે દોજખના ગાર ઉપરબી મોહબતનું ફાનુસ જળતું રહેવાથી તે સદા રોશન રોજ યા બાગે બેહેસ્તની માફક ઝળકતો રહેછ!"

એડેલીનના આવા મિઠા મધ સરીખા સખુનોથી લાયન ઉપર પાર વિનાની અસર થઇ. તેનું હેયું ભરાઇ આવ્યું. તે એડેલીનની આવી મોહબતથી છેકજ આજેઝ બની પોકારી ઉઠયો, "ઓ! એડેલીન, મારી જીંદગીના બાગબાન, મારા પાસબાન ફરેસ્તા, તારી મોહબતની હદ કયાં છે? ઓ બોલ, તેનો કિનારો કયાં છે?"

"લાયન, વફાદાર ઓરતની મોહબતના દરિયાનો કિનારોજ નથી, તેના જેવો ઝળકતો તારોજ નથી. નીલ, તું વિના મારો કોઇ બીજો પ્યારોજ નથી."

નીલ લાયનના કાનમાં એડેલીને નાખેલાં આ અમૃતથી તેનાં જીગરને કાંઇ જેવી તેવી રાહત મળી નહિ! તેની આંખો તારાની માફક ચળકવા લાગી, તેનો ચેહરો સફેદ, ફિક્કા ગોલાબની તરેહ ખિલવા લાગ્યો.

"અરે પણ દિવાની, તું કોણ ઉપર શયાની છતાં દિવાની બનીછ તેનો તને કંઇ ખ્યાલ છે? એક કંગાળ, ચંડાળ ખુની ઉપર? જન્મભરનાં કેદખાનાની સજા ભોગવતા બંધવાની ભખી ખાધેલી તસ્વીર ઉપર, તેની કમબખ્ત તકદીર ઉપર?"

નીલ લાયન પોતાની નાતવાની છતાં આ સઘળું એવા તો જુસ્સા અને ઠસ્સા સહિત બોલ્યો કે ઘડીભર એડેલીન પણ ડંગજ થઇ ગઈ. તેણીએ હસીને પોતાનો નાજુક હાથ તેનાં ગળાં ઉપર નાખ્યો અને સાચ્ચાં હેતથી બંધવાના ગાલ ઉપર એક ચુંબન કરી પ્યારની તે પુતલી બોલી, "અરે લાયન, મારા પ્યારનો ઘડો કેમ છળકાવું, મારી સાચ્ચી મોહબતની કાહણી તને કેમ સંભળાઉં? નીલ, સારી જેહાનમાં મારા જાન કરતાં તું અજીઝ છે, તારી તસ્વીર મારાં જળતાં જીગરની એક તાવીઝ છે. એ કરતાં વધુ શું કરૂં? ખોદા જો મને મોત બક્ષે તો તારી સિકલપર મરૂં."

એકજ વધુ પળ! અને બીજીજ પળે એડેલીનનાં આવાં પ્યારભર્યાં વચનથી છેકજ આજેઝ બની નીલ લાયન તેણીનાં કદમ આગલ બેસી પડી ફોકેફોક રડવા

આવ્યો. એડેલીનની પાર વિનાની મોહબત તેનું બિમાર જીગર તાબેદાશ કરી શક્યું નહિ. તેનો હોશ ગોયા ફરામોશ થઇ ગયો.

પોતાની તરફ એડેલીનનો આવો અખંડ પ્યાર જોઇ લાયન તો ઠરીજ ગયો. એડેલીન ઇનસાનનાં રૂપમાં પ્યારની દેવી તો નહિ હતી? શું તેણીનાં તનબદનની રગેરગમાં પ્યાર અને મોહબતનો અર્ક કુદરતના હાથે ઠીસોઠીસ ભર્યો નહિ હતો? નીલ લાયનને લાગ્યું કે એડેલીન જેવી રૂપસુંદરીના આવા ખાલેસ અને ખુબીવંતા પ્યારથી તેનાં બદનમાં ફરતું લોહી એકદમ બંધ થઈ તેની લાસ ત્યાંજ—પોતાને અખુટ મોહબતથી ચાહનાર તે બાનુના પગ આગળ પડશે.

"એડેલીન! એડેલીન! તારી આટલી બધી મોહબત માટે હું નાલાયક છું! અરે! તું મારા જેવા કંગાળને આટલી બધી હદ સુધી કાંય ચાહતી હશે? અરે! તારા જેવી ઓરતના પગે ઠોકડો ખાતો હું તો એક પથ્થર છું, પથ્થરથીબી બદતર પાહણ છું, એક નજીસ હેવાન છું, જ્યારે તું તો એક બેકિમતી હીરો છે."

એડેલીન લાયનનો દુબલો હાથ પોતાના સુંવાલા હાથમાં પકડી બોલી, "લાયન, મારા પ્રાણ! તું પોતાને પથ્થર સમજેછ અને મને હીરો ગણેછ પણ તું ખ્યાલ કર કે હીરો પણ એક પથ્થરજ છે. હીરાની હસ્તી પથ્થરમાંથીજ જન્મ પામેલી હોવાથી મારી હસ્તી તનેજ આભારી છે. મારા લાયન! એ પ્રમાણે તો તુંજ મારી હસ્તીનું મુળ છે."

"બસ! એડેલીન બસ! ભલે, તું મને તલવારથી જબેહ કરી મારૂં કામ તમામ કર, પણ તારી મિઠી જબાનુની ધારદાર શમશેરથી મને ના રીબાવ! મારૂં સીનુ ચાક ના કર! ઓ ખુદા! ખુદા! આ તે કેવી મોહબત! આ તે કેવું મોત!" એડેલીનની અણહદ મોહબતનો જખમ નહિજ ખમી શકાવાથી તે મોટેથી પોકારી ઉઠયો, "ઓ દુનિયા! દુનિયા! ઓ કાતેલ જફાકાર! મારી ઉપરના તારા સેતમનો માર તું કયાં સુધી ચલાવશે? એડેલીન, જો! જો! દુનિયાએ કેવો ઠાગો કીધો, મને કેવો દગો દીધો! મને મારાં સુખથી નાપાયાદાર કીધો."

એડેલીને લાયનની આંખોમાંથી ટપકતાં આંસુઓ પોતાના મખમલી હાથોથી લુછી દિલાસો આપતાં કહ્યું, "નીલ! આ દુનિયાના બાગની હસ્તીજ નાપાયાદાર છે, સુખ ગોયા ખ્વાબ છે, જીંદગી સદા બેકરાર છે."

"એમજ છે, તો આ દુનિયામાં જન્મ પામવાનો નતીજો શું હોય?" લાયને વધુ અને વધુ ઉસ્કેરાઇ એડેલીન પાસે ખુલાસો ચાહ્યો.

એડેલીન હસીને બોલી, "લાયન, મારા પ્યારા લાયન, આ દુનિયામાં આવવાનો નતીજો એજ છે કે આજે આરામનો બિસ્તરો બિછાવી કાલે તેજ બિસ્તરો ખાલી મુકી કુચ કરવી."

લાયન એડેલીનને દિવાનાની પેઠે ટગર ટગર જોતો ઉભો. તેણીની આવી ફિલસુફીથી તે ગોયા દીઘમુઢ બની ગયો. ખરેખર, તેને ચાહનાર ઓરત ઇનસાન નહિ, પણ ઇનસાનનાં રૂપમાં કોઇ દેવી હતી. જે દુનિયાને તે જેવી આંખોએ પોતાનાં સુખના સમયમાં જોતો રહ્યો હતો તે દુનિયાને એડેલીન જેવી નબલી, નાજુક નાર જુદીજ નજરથી જોઇ ચુકી હતી. આથી તે જાણે ખરેખર આગલી દુનિયાથી પસ્તાતો હોય તેમ પોતાની આંખો ઉપર પોતાના બંને ધ્રુજતા હાથો મેલી પોકારી ઉઠયો, "ખરૂં છે! બેશક ખરૂં છે! અરે! હું કેવો મુર્ખ કે આ જેહાનની જુઠી અયશો એશરત ઉપર હું નાહક ભુલ્યો, જેહાનના

બાગની જુઠી હસ્તી ઉપર હું ફુલ્યો. અરે! જયારે મારો આવોજ બદ અંજામ હતો તો હું હવસની દુનિયા ઉપર કાં મશગુલ રહ્યો?"

"લાયન, તારો ગમ બેજા છે, કેમકે એ તો દરેક ઇનસાનની રીતિજ છે. જેમ મધનાં વાસણમાં પડી માખ પોતાનો જાન ખોહી દે છે તેમ દુનિયા જે જાહેરમાં મધ અને શાકરના જેવી મિઠી લાગેછ તેમાં ઇનસાન ગિરફતાર બની પોતાનો પ્યારો જાન બરબાદ કરેછ. કેમકે દુનિયા જાહેરમાં હસી હસાવેછ, પણ બાતેનમાં તે હસાવી ફસાવેછ."

લાયન ચુપ થઇ ઉભો. તે કાંઈ અજબ ઉલટ અને ઉમંગથી પોતાની સામે ઉભેલી એદેલીનને જોવા લાગ્યો. તેણે ખાત્રીથી માન્યું કે તેનાં અંતઃકરણ ઉપર નાઉમેદી અને નાસીપાસિનો મેલ બાઝી રહ્યો હતો તે તેણીના દીની અને દુન્યવી કલામનાં આબે હૈયાતથી ધોવાઇ ગયો હતો. તે ખુશીથી ઉભાતી છાતી સાથે એદેલીન આગળ ઘુંટણીએ પડી બોલ્યો, "એદેલીન! તું મારી ઉમેદનો રોશન તારો છે. કેમકે તું જેવા નુરમંદ સેતારાની બરકતથી દુરની દ્રષ્ટીમર્યાદા ઉપર ઉમેદ, ઈનસાફ, છુટકારા અને સુખનું કીરણ હું પ્રકાશતું જોવુંછ!"

આ વેળાએ એદેલીને જોયું કે કાંઈ છુપી ઉમેદનો ચમકાટ તેના ગોરા ચેહરા ઉપર પ્રકાશી નિકળ્યો હતો. લાયનના ચેહરા ઉપર આટલો જલદી ફેરફાર થવાથી તેણીની ખુશીની હદ રહી નહિ. આવા રૂડા ફેરફારનો સબબ શો હતો તે જાણવાને તે બાનુએ બેહદ આતુર બની પુછયું, "લાયન! તું શું બોલેછ? ઉમેદ! સુખ! શાની ઉમેદ? શાનું સુખ? બોલ, લાયન બોલ! તારી એ નવી ઉમેદથી મારી કરમાયલી આશાને સજીવન કર!"

"એદેલીન! રોજર દીપીંગનો ખુની કોણ તેનો તને જરાબી ખ્યાલ છે? હું તે જાણુંછ," લાયન છેલ્લા બોલ ઉપર એવો તો ભાર મેલી બોલ્યો કે એદેલીનનાં જીગરમાં પણ નવી આશાએ ઘર કીધું.

"હા, એદેલીન, હું તે બીના લાંબો વખતથી જાણુંછ. તેજ ચંડાળ, રોઝામન્દના બુઢા બાપનો ખરો ખુની છે, તેજ જખુની છે. પણ અરે! તેનાં પાપનો ભાર હું લઇ ફરૂંછ. અરે! પાપ બીજો કરે અને ગુનાહનો સજાવાર હું બનું એ તે ખુદા કેમ સાંખી શકેછ? ઓ યજદાન! મને અપમાનથી જીવાડવા કરતાં બેહતર કે મને માનથી મારી નાખ!"

"પણ લાયન, મને કેહ કે કયો ખુની ખરો ગુનેહગાર છતાં છુટો ફરતો ફરેછ? પણ તેને ખરા ખુની તરીકે લાયન, તું કેમ સાબેત કરશે? તેં કેમ જાણ્યું કે જેને તું ધારેછ તેજ ખરો ખુની છે?" એદેલીને આ સવાલો કાંઇક અજબ જીજ્ઞાસાથી પુછયા, અને તેનો જવાબ લાયનને મોહડેથી સાંભળવાને તે આતુર બની ઉભી.

"એદેલીન! મેં ખરા ખુનીને કેમ શોધી કાહડયો તે જાહેર કરવાનો મારી પાસે વખત નથી. હું દુનિયા આગળ તેને કેમ ઉઘાડો પાડશ તે હું પોતેબી કહી શકતો નથી. પણ તે કામ ખુદા પાર પાડશે. બિનગુનેહગારને ખુદા બચાવી ખરા ગુનેહગારને ઉઘાડો પણ તેજ પાડશે. પણ તે પેહલાં હું મારો કીનો લેવશ, મારાં વેરનું ઝેર તેનાં તનબદનમાં ફેલાવી દેવશ ત્યારેજ—"

એદેલીને લાયનને આગળ બોલવા દીધો નહિ. તેણીનો પ્યારો વેર અને કીનો લેવાને પોતાની મરજી દેખાડે એ તે સુદ્ધી, શ્યાની બાનુને પસંદ પડયું નહિ.

તે તેને આગળ બોલતાં અટકાવી બોલી, "નીલ! નીલ! એમ ના બોલ. ઇનસાનને બીજાં ઇનસાન ઉપર કીનો લેવાનો બીલકુલ હક નથી. સજા કરવાનું કામ ખુદાનું છે, નહિ કે ઇનસાનનું. ખુદાજ તેને વાજબી સજા કરશે. નીલ! તારે તો દુવા માંગવી જોઇએછ કે તને નુકસાન કરનારને તું માફી બક્ષે એવી નેક હિદાયત ખુદા તને બક્ષે. સજા કરવાનું કામ ખુદાનું છે, માફી બક્ષવાનું કામ ઇનસાનનું છે. કદી પણ કીનો લેવાને તારાં મન સાથે ઠરાવ કરતો ના. તારી ફરજ તે નથી. તને તો લાજેમ છે કે તારાં નામ ઉપરનો કાળો કલંક ધોઇ નાખવો કે જેથી તારૂં આગલું નામ અને છુટાપણું પાછું મળવા પામે."

એદેલીનની આ લાંબી શિખામણ સાંભળવા પછી લાયને ફકત ડોકુંજ ધુણાવ્યું, કેમકે તેનું ધ્યાન તેણીની શિખામણ તરફ હતુંજ નહિ. તે કાંઇ જુદાજ ખ્યાલમાં હતો. તે પોતાની અને એદેલીનની હાલત વચ્ચેનો ફર્ક તપાસવામાં મશગુલ બની ગયો હતો. એક તવંગર, અતિ ખુબસુરત, નેક અને લાખમાં એક મળે એવી બાનુને શું બીજો ખાવિન્દ મળી શકતો નહિ હોય કે તેના જેવા કંગાળ અને ખુનના આરોપ માટે જન્મ ભરનાં કેદખાનાની સજા ભોગવનારને આટલી બધી હદ સુધી તે બાનુ વળગી રહે? શા માટે? લાયનમાં એવું તે શું જવેર હતું કે જેથી નહિ માનવામાં આવે અને આ જેહાનમાં કદી પણ નહિ બની શકે એટલી બધી હદ સુધી એક શેઠાણી પોતાના કમીના નોકરને દુનિયાની તણખા ભાર પણ પરવા કીધા વિના ચાહી શકે? નીલ લાયન આ ખ્યાલમાં ચકચુર બન્યો હતો, જ્યારે એદેલીન કાંઈ જુદાજ ખ્યાલમાં હતી. તેણીએ જોયું કે જ્યારે લાયને ખરા ખુનીને શોધી કાહડયો છે ત્યારે તે બનેનાં સુખનો સમય ઝાઝો દુર નથી. આથી તે લગાર હસીને બોલી, "નીલ, હવે હું જોઇ શકુંછ કે મોહબત જીંદગીની અજબ રાહત છે, ગોયા આ જેહાનનું આબેહેયાત છે. નીલ, અગરજો મેં તને જોયો નહિ હતે તો મારી બેહન દોરા અને તેણીના ખાવિન્દ દેનિયલ લેરેબીનું સુખ જોઈ કેહેતે કે પ્યાર! પ્યાર! તારી અજબ કરામત છે!" પણ આ પળે લાયનનો ચેહરો એકદમ ફિક્કો મારી ગયો. આ જોઈ એદેલીન અકરાઇ ઘભરાઇ બોલી, "શું છે લાયન? તારો ચેહરો એટલો બધો ફિક્કો કેમ મારી ગયો?"

કેદી લાયન માત્ર ફિક્કોજ પડી ગયો નહિ, પણ એદેલીનનાં મુખમાંથી દોરા સાથે દેનિયલ લેરેબીનું નામ જોડાયલું સાંભળી તે બે ચાર કદમ પાછળ હઠી એદેલીનને એકી તગરે જોતો ઉભો, અને પછી એક નિસાસો નાખી અજબ જેવા ખોખરા સાદે બોલ્યો, "બોલ! એદેલીન બોલ! કે તું શું એમ કહેવા માંગેછ કે તારી બેહન દોરા, દેનિયલ લેરેબી સાથે પરણી ગઇછ?" તેના અવાજમાં પડેલા આ ફેરફારથી એદેલીન ચોંકી. તે તેને કાંઈ અજબ શંકાથી જોઈ બોલી, "હા, તેઓ પરણી ગયાંછ! પણ આ બનાવથી તું એટલો બધો ઉસ્કેરાઈ કાંય ગયોછ? પણ લાયન! કેવું તે સુખી જોડું! આખી દુનિયામાં એવાં થોડાંજ જોડાં હશે જેઓ દોરા અને દેનિયલ લેરેબી માફક એકબીજાં ઉપર ધરૂપરૂ હશે! ઓ! નીલ! તેમનું સુખ જોતાં જોતાં તારી જુદાઇ મને બેવડી બલ્કે સોગણી જાલેમ લાગેછ! લાયન! તું બી તે લોકનું સુખ જોય તો તારો ગમ તું જરૂર ભુલી જાય!"

એક પળ અગાઉ તે કમબખ્ત બંધવો એદેલીન આગળ જાહેર કરનાર હતો કે રોજર દીપીંગનો ખરો ખુની કોણ હતો. તે એક પળ આગમચ તો એદેલીનને તેણીના બંનેવી રોદ્રીકનો ખરો ભેદ કહી દેવાની તૈયારીમાં હતો કે દોરાનો

ખાવિન્દ રોદ્રીક ઘોરમાં મુવેલો સુતો નથી, પણ ખુદ ઓલ્દકેસલમાં જીવતો અને જાગતો ભરાતો છુપાતો ફરેછ. પણ હવે તે એદેલીનને કેમ કહી શકે? તે હવે કેમ કહી શકે કે રોજર દીપીંગનો ખરો ખુની તે પોતે નહિ, પણ રોદ્રીકજ હતો, જેને સારી જેહાન મુવેલો માનતી હતી, ઓલ્દકેસલની ઘોરમાં ડટાયલો જાણતી હતી.

અરે! તે કયે મોહડે એદેલીનને કહી શકે કે તેણીની વડી બેહન દોરાએ અં-જાણપણે જીવતા ખાવિન્દ ઉપર બીજો ખાવિન્દ કીધોછ, જેનું પાપ કુદરત અને ઇનસાન કદી પણ સાંખતું નથી. એદેલીનને ખાતર ચુપકીદીજ અખત્યાર કરવા સિવાય તેની પાસે એક પણ ચારો હતો નહિ. તે સત્તાવાળાઓ આગળ રોદ્રી-કનું આગલું અને હાલનું પાપ જાહેર કરવાની અણી ઉપર હતો તેજ પળે એદેલીને આપેલી ખબરથી તે હવે તેમ કરતાં અટકયો. તેને હવે એદેલીનને ખાતર વગર ગુનાહ કરવે જન્મભરનાં કેદખાનામાં સબડતો રહેવા સિવાય બીજો કશો ઇલાજ હતો નહિ. શું એદેલીને તેને ખાતર થોડા ભોગો આપ્યા હતા? તો તેના બદ-લામાં જન્મભરનાં કેદખાનામાં સબડવા માટે તે શું લેશભાર પણ આનાકાની કરે? કદી નહિ. લાયનના ઠરાવમાં ફર્ક પડે તો તેની જાતમાં ફર્ક પડે. તેણે ઠરાવ કીધો કે રોદ્રીકના બાબમાં પોતાનાં મોહડે સદાનું તાળું જ મારવું. આ ઠરાવથી જોકે તેનાં જીગરમાં સજીવન થયલી ઉમેદ સદાની નાશ પામી હતી તોપણ એદે-લીનને ખાતર, પોતાને અજીત વાહલથી ચાહનારી તવંગર રૂપસુંદરીને ખાતર, તવંગરી અને ગરીબાઇ અને શેઠાણી અને નોકર વચ્ચે ફર્ક નહિ રાખનાર તેની વાહલી દિલબરને ખાતર, પોતાની તે આશાનો સદાનો ભોગ વટીક આપવાને તે તૈયાર થયો.

આ પળે એદેલીનની નજર લાયન અને એદેલીનની હિલચાલ તપાસતા દુર ઉભેલા મેજર દોન્ત ઉપર પડી. ખરેખર, તે એટલે છેટ ઉભેલો હતો કે જોકે તે તેમની હિલચાલ જોઈ શકતો હતો, પણ તેમની વચ્ચેની વાતચિત સાંભળી શકતો હતો નહિ. એદેલીને તેને તે જયાં ઉભો હતો ત્યાં અકરવકર કરતો જોયો. તર-તજ તેણે પોતાના હાથની ઇશારત કીધી, એવી મતલબથી કે લાયનને છોડવાનો વખત થયો છે. એદેલીન તરતજ સમજી ગઇ અને લાયનને મળી ભેટી છુટી પડી, જેમ કરતાં બંનેની નજરમાં જમીન અને આસ્માન એક થયલાં જણાયાં. એદે-લીન છુટી પડી ત્યારે તેની આંખોમાં આંસુઓ હતાં, જયારે લાયન એક બચ્ચાંની પેઠે ફોકેફોક રડતો હતો.

સેમ વીલકેક્ષની કાહણી.

હવે આપણે એ રીજમાં કેદીની હાલતમાં પડેલા જુલિયન તરફ નેગાહ ફુમાડયે.

જુલિયન જોકે એ રીજમાં એક કેદી તરીકે હતો, જોકે એદેલીનથી અને લોર્ડ ઓલ્દકેસલ તરીકેની સાહેબી ભોગવવાથી દુર થયો હતો અને ત્યાંથી છુટવાનાં અનેક ફાંફાં મારી રહ્યો હતો, તોપણ તેના એકાંતવાસના અંધકારમાં માત્ર એકજ તારો ચમકતો હતો અને તેનાં દુ:ખમાં એકજ દિલાસો હતો. તે સેતારો તે ડાકટર બારડોની બેટી અને રૂપર્ટ બારડોની ભત્રીજી હતી. આ સ્ત્રી જુલિયનને વખતના વેહવા સાથે ચાહતાં શિખી હતી. જુલિયન તે સઘળું જોઈ શકયો હતો,

જાણી શકયો હતો. આ સ્ત્રી જોકે તેને ખરાં જીગરથી ચાહતી હતી, પણ જુલિયન તેણીને ચાહી શકયો નહિ. તેની નજરમાં તો એડેલીન ઠસી રહી હતી, તેનાં અંતઃકરણમાં એડેલીનજ વસી રહી હતી. તોપણ એ સ્ત્રીને રમકડાં તરીકે ગણવામાં તેણે કશું નુકસાન જોયું નહિ, સામો તેમાં લાભજ જોયો. આથી તે તે સ્ત્રીને એવું દેખાડતો રહ્યો હતો, એવું સમજાવતો રહ્યો હતો કે જાણે તેબી તેણીના પ્યારમાં રચાનો છતાં દિવાનો બાવરો બની ગયો હતો.

જુલિયનનાં દુઃખમાં જે બીજો દિલાસો હતો તે એક બીજા મર્દની હાજરી હતી, કે જે મર્દનું નામ સેમ વીલકોક્ષ હતું. આ જવાન પણ જુલિયનની માફકજ ઉપલાં શેતાનોના ધામમાં દગાનો ભોગ થઈ પડયો હતો. આ જવાનની હાજરીથી જુલિયન કેટલેક દરજજે પોતાનો ગમ તામોશ કરી શકયો હતો. જુલિયનને ડાકતર બારડોની બેટી—જેણીને આપણે લુસીનાં નામથી ઓલખીશું— તરફથી છુપી ખબર મળી હતી કે તેને કોઈ મળવા આવનાર હતું. આ ખબર જુલિયને ઘણીજ ખુશાલીથી સેમ વીલકોક્ષને જણાવી ત્યારે તે જવાન ખુશી થવાને બદલે સામો દલગીર થયો.

"જુલિયન, આ તો સામું બુરૂં થયું. તારૂં કોઇ ઓળખીતું યા સગુંવાહલું આ ઠેકાણે તને મળવા આવે તે બાબે ખુશી થવા કરતાં તારે તો દલગીર થવું જોઇયેછ," સેમ વીલકોક્ષ બેહદ દલગીર થઇ બોલ્યો.

"પણ તેનો સબબ ?" જુલિયને અજબ થઈ પુછયું. "મને કોઇ ઓળખીતું યા કોઇ સગુંવાહલું મળવા આવે તેમાં તો મનેજ લાભ છે, કેમકે ત્યારેજ આશકારા થશે કે લૉર્ડ ઓલ્દકેસલ દગાનો ભોગ થઇ પડી એ રીજમાં જાલેમોના હાથમાં કેદ પડયોછ. જેથી આ દોજખખાનામાંથી જેમ મારો તેમજ તારોબી જલદીથી છુટક થવા પામશે."

જુલિયનની આ ઉમેદ કેટલી ક્ષણભંગુર હતી તે સેમ વીલકોક્ષ અચ્છી રવેસે જાણતો હોવાથી તે હસી પડયો. તેનું હસવું બિલકુલ ફિક્કું હતું. તે ખુશીમાંથી નહિ પણ દલગીરીમાંથી જન્મ પામેલું લાગતું હતું. જુલિયને જોયું કે સદાનો શાન્ત, ઠંડો સેમ વીલકોક્ષ આજે અસાધારણ રીતે ઉશ્કેરાયલો માલમ પડતો હતો.

તેણે ઉશ્કેરાયલીજ હાલતમાં આગળ ચલાવ્યું, "જુલિયન, ભલે તું ખુશી થા, પણ હું તો બેહદ દલગીર થઇ ગયોછ. સારાં નસીબે જીવતાં જીવતનાં આ જેહાનમખાનામાં મને કોઈ મળવા આવ્યું નથી તેથી તો હું ખુદાના શુક્રાના કરૂંછ. જુલિયન, સાંભળ કે હું તારા કરતાં ઓછો કમબખ્ત નથી. મારૂં કોઇ સગું વાહલું નથી, ફકત મારા કાકાનો એક છોકરોજ છે, જેણેજ મને આ હાલતમાં સબડતો કીધોછ, રીબતો કીધોછ. હું ખુદાનો આભાર માનુંછ કે તે મારી મુલાકાતે આવતોજ નથી. અગરજો મારી મુલાકાતે તે અહિં આવતોજ હતે તો આજે મારી હાલત બિલકુલ જુદીજ હતે, વધુ બુરીજ હતે."

"પણ તે કેમ ? કેવી રીતે ?" જુલિયનને પોતાના દોસ્તની કેહવાણી મતલબ સમજ નહિ પડવાથી તેની તરફ લગાર શંકાની નજરથી જોઇ તેણે સવાલ કીધો.

"હું તને સમજાઉં, મારા કમબખ્ત દોસ્ત," સેમ વીલકોક્ષે તેવીજ ઉશ્કેરાયલી ઢબે આગળ ચલાવ્યું. "તું એમ સમજેછ કે સગાંવાહલાંના તારી સાથના મેલાપથી તું તારે મોહડે તારી ઉપરની કહાણી તેઓને કહી સંભળાવી છુટકારો મેળવવા પામશે. પણ નહિ, તું ભુલેછ, મારા કમનસીબ દોસ્ત! તને જયારે આ

મકાનમાં તારાં સગાં વાહલાંની રૂબરૂ કરવામાં આવશે ત્યારે તું ખરેખર દિવાનોજ બની જશે. તારી મુલાકાતે આવનારાંઓ ખાત્રીથી માનશે કે તું શ્યાનો નહિ, પણ ખરેખર દિવાનોજ છે, મગ્જથી ઘસેલોજ છે. જે પછી બનશે એમ કે તેઓ તારૂં મગ્જ સુધારવાની સાચી નેમથી તારી માત્ર દયાજ ખાઈ તને આ મકાનમાં વધુ અને વધુ સબડતો મેલી છોડી જશે."

"પણ હું કાંઈ દિવાનો નથી, કે મારાં સગાંવાહલાંઓ મને એમ ઘડીભરબી માની શકે," જુલિયન પોતાના દોસ્તના ભેદભર્યા કલામોથી વધુ અને વધુ અ-જબ થઇ બોલ્યો.

"બેશક, તું દિવાનો નથી, એમ હું માનુંછ, પણ તું દિવાનો છે, એમ તારાં સગાંવાહલાંને મનાવવામાં આવ્યુંછ. તને અહિં લાવનાર જે ખરેખરો કોઇ બદ-માશ હોવો જોઇએ તેણે તારાં અતલગનાં ખેશીઓને એમજ સમજાવેલું હોવું જોઇએ કે તું મગ્જથી બેમગ્જ થઈ ગયલો હોવાથી તને સાજો કરવા માટે આ ઠેકાણે લા-વવામાં આવ્યોછ."

જુલિયને સેમ વીલકોક્ષના છેલ્લા બોલો સાંભળી ડોળા ફાડી જોયું. તેણે પોતાનાં કપાળ ઉપર હાથ મેલ્યો અને જાણે કાંઇ યાદ આવી ગયું હોય તેમ પોતાના હાથ ઉપર હાથ અફાળવા લાગ્યો. પોતાના જેવાજ પોતાના કમબખ્ત દોસ્તનાં વચનોમાં તેણે ખરેખરૂં વજુદ જોયું, કેમકે લુસીના બોલો જાણે આ પળે તેના કાને ફરીથી આ પ્રમાણે આવી અથડયા, "તમો દિવાના હોવાથી મારા બાપ અને કાકાની સારવાર હેઠળ તમોને એક દયાળુ ગ્રહસ્થ તરફથી સોંપવામાં આવ્યા છે કે જેથી તમોએ ખોયલું ભેજું તમો પાછું મેળવી શકો!"

આ સઘળું ખરૂં હતું, પણ સેમ વીલકોક્ષ જણાવે છે તેમ તે (જુલિયન) પોતાનાં સગાંવાહલાંઓ આગળ કાં અને કેવી રીતે દિવાનો બની જશે તે તેને સમજ પડી નહિ. આથી તેણે ફરીથી સવાલ કીધો, જેનો જવાબ તેને નીચે મુજબ મલ્યો:—

"જે વેળાએ તને તારાં ખેશી સનમુખ ઉભો કરવામાં આવશે ત્યારે તું કશાં-બી ભાન વિનાનો બની જશે, તું પોતાને ભુલી જશે. તને ખોરાક યા પાણીમાં કાંઇ એવી દવા પાવામાં આવશે કે જેથી તું નહિ દિવાનાનો દિવાનો બની જશે, અને તારાં સગાંવાહલાંઓ પોતાની નજરો નજર જોઇ શકશે કે તારી હાલત દિવાનાઓથી બિલકુલ ઉતરતી નથી. જુલિયન, આ દોજખખાનું કાંઇ દીવાન-શાળા નથી. આ તે મકાન છે, જયાં ઇનસાનો હેવાન બનેછ, છતી જીંદગીએ બેજાન બનેછ. તેઓમાં જેમ હું છું, તેમ તુંબી છે."

જુલિયન એક હર્ફ પણ બોલી શકયો નહિ. તે વાચા વિનાનો બની પોતાની સામે ઉભેલા પોતાના દોસ્તને દિવાનાની પેઠે જોતોજ ઉભો; પણ તેની કશી પણ દરકાર કરવા વિના વીલકોક્ષે આગળ ચલાવ્યું, "જેબી કોઇ કમબખ્ત ઇનસાનની આ દુનિયામાં જરૂર જોવામાં આવતી નથી, જેને માટે એવી બુમ ઉરાડવામાં આવેછ કે તે એકાએક ગુમ થઈ ગયોછ અથવા તો એકાએક મરણ પામ્યોછ તેવા ઇનસાનો માટે એ રોજ એક એવી જગા મોજુદ છે, કે જયાં તે કમબખ્તો બાહરના દુનિયાથી છતી જીંદગીએ મુવેલા જેવાજ છે, જીવતા છતાં ગોયા ઘોરમાં દટાયલાજ જેવા છે. જુલિયન, દર વરસે કેટલાં બધાં ઈનસાનો એકાએક ગુમ થવાની દર્દનાક ખબર આપણે વર્त्तમાનપત્રોમાં વાંચતા રહ્યા હતા? અને તેઓ માટે

છચોક જણાવવામાં આવ્યું હતું કે તેઓ છેલ્લાં, રેલવેના પ્લેતફોર્મ ઉપર, યા દેવળમાં, યા નાટકશાળામાં યા ત્રામનાં જંકશન આગળ ઉભેલા હતા. પણ જુલિયન, તું શું ઘડીભર પણ માનેછ કે રેલવે, ટેલીગ્રાફ, અને ટેલીફોનના આ જમાનામાંએ પ્રમાણે ગુમ થયલાઓ પોલીસને પાછા હાથ લાગેજ નહિ? પણ જ્યારે આપણા જેવા કમનસીબોને આ અને એવાંજ બીજાં મકાનોમાં વગર દયાએ હડસેલવામાં આવે તો તેમનો પત્તો તે કયાંથી પોલીસને મળે? ત્યારે શું તેવાં ઈનસાનો છતી જીંદગીએ મુવેલાં જેવાં નથી?"

જુલિયન મોત જેવો ફિક્કોફચ પડી બોલ્યો, "ત્યારે શું તુંબી બાહેરની દુનિયાનાં મનથી મુવેલોજ છે?"

"હા, બરાબર તેમજ છે. મેં બંને ભાઇઓની વાતચિત અહિં આવ્યા આગમચ ભરાઈ છુપાઇને સાંભળી હતી, જે ઉપરથી હું જોઇ શકુંછ કે મારા કાકાના છોકરાની બદમાશીનો ભોગ થઈ પડી જીવતો છતાં આ જગામાં હું મુવેલો જેવો પડયોછ. મારો બાપ તવંગર હતો. તે દવા વેચવાનો ધંધો કરતો હતો અને તેમાંથીજ તેણે એક સારી જેવી દોલત જમા કીધી હતી. પોતાનાં મરણ બાદ તે લગભગ ૩૦૦૦૦ પૈંડ મારે માટે મેલી ગયો હતો. અગરજો હું મરી જાઉં તો તે મારી દોલત મારા કાકાના એકપુરા છોકરા ચાર્લસને ફાલે જનાર હતી. ચાર્લસને હું હદથી જયાદા ચાહતો હતો અને તેબી મને ચાહવાનું ડોલ ઘાલતો હતો. મેં એક નહિ, પણ અનેક વેળા તેનું કરજ અદા કીધું હતું. મને પાહડ ઉપર મુસાફરી કરવાનો ઘણો શોખ હતો, જેથી હું સ્વીતઝરલેન્ડ ખાતે ગયો જ્યાં મારી બેહદ અનતયબિ વચ્ચે ચાર્લસ પણ મારી પુઠે આવ્યો અને મને ઠાગાથી પકડી ઇંગ્લંડ લઇ આવ્યો જ્યાંથી લાવી મને આ દોજખખાનામાં પુર્યોછ. તે ચંડાલે મારી ગેરહાજરી માટે એવી બુમ ઉડારીછ કે હું સ્વીતઝરલેન્ડ ખાતે પાહડની મુસાફરી કરતાં ખાહીમાં પડી મરણ પામ્યોછ. તે અહિં કદી મને મળવા આવવાનો તો છેજ નહિ, કે જેથી મને દિવાના તરીકે જાહેર કરવામાં આવે."

"પણ શું ત્યારે આપણો છુટકારો અહિંથી થવા પામશેજ નહિ?" જુલિયને ડઘાયલા ચેહરે અને દબાયલા સાદે વીલકોક્ષને પુછયું.

વીલકોક્ષે લગાર હસવાનું ડોળ ઘાલી જવાબ દીધો, "જુલિયન, એકવાર અહિં સપડાવા પછી કોઈ કાળે કોઇનોબી અહિંથી છુટક થવા પામે નહિ, એવી આ જગા છે."

"પણ મારી હાલત જુદીજ છે. હું લોર્ડ ઓલ્ડકેસલ છું. બીજા સાધારણ માણસો સાથે તેઓ ચાલ ચલાવેછ તેવી ચાલ તેઓ મારી સાથે ચલાવી શકશે નહિ."

"તે તો હજી હવે પછી જોવાનું છે. હું સારી પેઠે જાણુંછ કે તેઓ અગરજો જાણવા પામશે કે તું લોર્ડ ઓલ્ડકેસલ છે તો તેઓ તારી ઉપર વધુ જાસ્તી ગુજારશે, અને વધુ જાપતો રાખશે, અને તેના બદલામાં તેઓને મોટી રકમ મળવા પામી હશે. કદાચ તને ફસાવનારે તારો જાન લેવા માટે પણ બારડોને સપુરદ કીધો હશે, કેમકે આ જગેએ નિર્દોષ ઈનસાનોને વગર દયાએ રહેંસી વટીક નાખવામાં આવેછ. હું અજબ છું કે મારા કાકાના છોકરાએ મારા બાબમાં તેમ કીધું નથી."

વીલકોક્ષના આ બોલો સાંભળતાંજ જુલિયનના હોશકોસ ઉડી ગયા. તે પોતે કેવી આફતમાં હતો, બલ્કે પોતાનાં માથાં ઉપર મોતને લઇ ફરતો હતો તે સમજી જતાં તેને કશો વીલંબ લાગ્યો નહિ. તે જોઇ શકયો કે જેમ વીલકોક્ષને ફસાવનાર તેનો પીત્રાઇ ચાર્લસ હતો, તેમ તેને પોતાને ફસાવનાર કોણ એવો ચંડાલ હતો, જે તેના જાનનો દુશ્મન બન્યો હતો, તેની સુખી જીંદગીનો પ્યાસો બન્યો હતો?

ગુમ થયલાં પેકેટની શોધમાં સીગીન્સ.

પેલાં ગુમ થયલાં પેકેટની શોધ ચલાવવાને સીગીન્સ કાકાએ એક પણ ઇલાજ બાકી રાખ્યો નહિ, પણ સઘળું વ્યર્થ! અંતે તેને એક વિચાર સુઝી પડયો. તેણે નીચે મુજબ એક જાહેરખબર જુદાં જુદાં વર્તમાનપત્રોમાં મોકલી આપી:—

"પત્તો જોઇએ છે."

"ઓલ્ડકેસલના હાઇ સ્ટ્રીટમાં આવેલી જુનાં પુરાણાં કપડાંના વેપારી જોન ક્લિપની દુકાનમાંથી જે શખ્સે લાલ ફલાનેલનું જેકેટ ખરીદયું હોય તે નીચે સહી કરનારને તરત મલશે તો તે પોતાના લાભનું કાંઇક મેળવશે—મી૦ સીગીન્સ, સોલીસીટર, માર્કેટ સ્કવેર, ઓલ્ડકેસલ."

આ જાહેરખબર પ્રગટ થવાને ચાર દિવસ પસાર થઈ ગયા, પણ ખોવાઇ ગયલાં જેકેટની કશીબી ધનનસલ માલમ પડી નહિ. પાંચમે દિવસે નાઉમેદી અને નીરાશિની બાળી નાખનારી ધુંધમાં ખુરસી ઉપર બેસી ગુમ થયલાં પેકેટને અને પોતાની બેહન મીસ લેવીનિયાને "કેહરે મોહડાં શું ભાવે" તેવી સેસ ભરતો હતો તેટલાંમાં એક નોકરે દાખલ થઇ વધાઇ આપી કે "સાહેબ! એક શખ્સ તમોએ આપેલી જાહેરખબરના જવાબમાં તમોને મલવા માંગેછ."

આ ખબર સાંભળતાંજ સીગીન્સ પોતાની બેઠક ઉપર ઉછળીને બોલ્યો, "દોડ! દોડ! તેને એકદમ અહિં મોકલ! અરે એક પળ ગુમાવ્યા વિના તેને મારી આગલ હડસેલી દે! નહિ તો તે બુબખ મારા હાથમાંથી છટકી જશે તો મારા ખ્યાલો હવામાં અધર લટકી જશે. અરે દોડ! બુબખ! ગધેડા! એકદમ દોડ, એમ દિવાનાની માફક મારૂં મોહડું શું જોયા કરેછ?"

નોકર પોતાના શેઠની આવી અજબ જેવી ચાલથી દીગમુઢ જેવો તે ઓરડો છોડી ગયા પછી, સીગીન્સ "મારૂં જેકેટ, મારૂં પેકેટ" એમ બડબડતો આમથી તેમ તે ઓરડામાં લટાર મારતો હતો, એટલામાં પેલા અંજાણ્યા શખ્સને દાખલ થતાં જોઈ તે પોતાની કમ્મરમાંથી વાંકો ટીકો થઇ ઘણીજ અદબ અદાથી અને એક શેહનશાહને માન આપતો હોય તેવી ઢબે બોલ્યો, "ભલે પધાર્યા મારા સરદાર, મારા મેહરબાન, કદરદાન, હું તમો નામદારને જોઇ બેહદ ખુશી છઉં."

એક સોલીસીટર જેવા શખ્સ તરફથી આવી અજબ જેવી અદબઅદા જોઇ પેલો શખ્સ તો એમજ સમજયો કે આ શખ્સ હદથી જયાદા લાયકીવાલો હોવો જોઇએ યા બિલકુલ દિવાનો હોવો જોઇએ.

"મારા મેહરબાન!" સીગીન્સે પેલો કાંઇ બોલે તે આગમચ પોતાનું બોલવું ચાલુ રાખ્યું, "મને માનવાને હજારો હજાર સબબ છે કે તમો સાહેબ,

તમારે માથે તકલીફ ઉઠાવી મારા આ ઓરડા સુધી મારી જાહેરખબરનાજ સંબંધમાંજ ચાલી ચલાવી પધાર્યા હશો."

પેલા શખ્સે સોલીસીટરની વાતચિત કરવાની હદથી જયાદા લાયકીથી વધુ અને વધુ અજબ થઇ માત્ર ડોકું ધુણાવી હા પાડી.

તેની આ ઇશારત થતાંજ ખુશાલીથી દિવાના બનેલા સીગીન્સે તેનો હાથ પકડી કહ્યું, "ત્યારે તો સાહેબ, મારૂં આ ઘર તમોને મુબારક! મારૂં આ સર તમોને મુબારક! તમો ભલે પધાર્યા. ઓ! હું ખરૂં કહુંછ કે તમારાં પનોતાં કદમથી મારૂં આ આખું ઘર પાવન થયુંછ!" આટલું બોલી તેણે તેનો હાથ છોડી લગાર ઉરકેશયલી ઢબે પોતાનું બોલવું ચાલુ રાખ્યું, "ત્યારે હવે મને આરામથી મારી ખુરસી ઉપર બેસવા દેઓ અને તમેબી મારી સામે બેસો ને મને બધી વાત કહો."

સીગીન્સે બેઠક લીધી અને પેલો સેલરબી તેની સામે બેઠો. તે લગાર હિમ્મતથી બોલ્યો, "સાહેબ! તમારી લાયકીથી હું બેહદ ખુશી છું. મેં જયારે તમારી જાહેરખબર વાંચી અને હું તમોને અહિં મળવા આવવા મારાં ઘરમાંથી નિકળ્યો ત્યારે મને સ્વપનેબી વકી હતી નહિ કે મને આપ સાહેબનાં મકાનમાં આટલું બધું આદરમાન મળશે. સાહેબ, મેંજ હાઇ સ્ટ્રીટની કપડાંની દુકાનમાંથી લાલ ફલાનેલનું જેકેટ ખરીદયું હતું."

વળી સીગીન્સ ખુશાલીનો માર્યો પોતાની બેઠક ઉપર દડાની માફક ઉછળી બોલ્યો, "અરે! ત્યારે તો તુંજ મારો રાહબર છે, તુંજ મારો ફરેસ્તો છે. ચાલ, ઉતાવળ કર, ને તારાં શરીર ઉપરથી તે જેકેટ મને એકદમ કાહડી આપ!"

"જેકેટ!" પેલો અંજાણ્યો શખ્સ અજબ થઈ બોલી ઉઠયો.

પેહલાં તો સીગીન્સ પેલા અંજાણ્યા શખ્સની અજાયબિ જોઇ પોતે થોડો તાજુબ થયો નહિ; પણ પછીથી તરતજ કાંઇક ખ્યાલ આવવેથી તે મોટે મોટે હસી પડી બોલ્યો, "ઓ! હું માફ માંગુંછ! હું તમોને જોઇ એટલો બધો ફુલી ગયો કે તમોને વીગત સમજાવતાં ભુલી ગયો. મને જાહેરખબર આપવાનો સબબ એ છે કે જે ચોકસ ચીજ મી૦ કલિપ પાસેથી તમોએ ખરીદ કીધી તે ચીજનો હું કબજો લેવા માંગુંછ. તે ચીજ લાલ ફલાનેલનું જેકેટ છે, પુરાણું છે, અને વળી પુરાણી ફેશનનું છે."

પેલા સેલરે ડોકું ધુણાવી હા પાડી જણાવ્યું, "અલબતાં, તેવી ચીજ મેં મી૦ કલિપ પાસેથી ખરીદી હતી ખરી, પણ તે ચીજ તમોને જોઇએછ એવો ઇસારો તમારી જાહેર ખબરમાં બિલકુલ કરવામાં આવેલો નહિ હોવાથી હું તે હાલમાં મારી સાથે લાવ્યો નથી."

"હું તમારૂં બોલવું માનુંછ, બેશક માનુંછ, ઉચે ઉચે કબુલ રાખુંછ, મંજુર રાખુંછ. પણ તમો કહોછ તેવો ઇસારો નહિ કરવાનો મને સબબ છે. પેહલાં તો આવાં જુનાં પુરાણાં જેકેટને શોધી કાહડવા માટે જાહેરખબર આપવીજ એ હસી મસ્કેરી કરવા સમાન છે. લોકો શું સમજે કે એ જેકેટ મારા બાપના બપાજાના બાપનું હોવાથી તે મને કેટલું બધું પ્યારૂં છે! તે ઉપર મારો જાન કુરબાન કરૂં તો તેબી થોડું છે."

"હું તમારાં બોલવા ઉપરથી એટલું તો અનુમાન કરી શકુંછ કે એ જેકેટના બદલામાં તમો તરફથી મને મોટી રકમ મળવા પામશે?" પેલા શખ્સે ખુલાસો માંગ્યો.

"બેશક!" સીગીન્સે જવાબ દીધો.

"હું ભુલતો નહિ હોવું તો તમો જરૂર મને વીસથી ત્રીસ પૌંડ આપી શકશો?" પેલા શખ્સે કાંઈક અચકાતાં અચકાતાં જણાવ્યું.

"કબુલ."

"હેં! તમો આટલી મોટી રકમ એક પુરાણાં જેકેટ માટે આપવાને રાજી છો? અરે! મારૂં કેવું ઉંધું કિસ્મત! કેવું બદબખ્ત!" પેલો શખ્સ એકદમ પોકારી ઉઠયો. સીગીન્સ તેની નાસીપાસિનો બાએસ સમજી નહિ શકવાથી અકરાઈ ઘભરાઈ બોલ્યો, "શું છે? શું છે? ખુદા ખાતર તું મને કહી દે કે તે જેકેટ સલામત તો છેની? જો તારૂં જેકેટ સલામત છે તો મારૂં પેકેટબી સલામત છે."

"અરે સાહેબ! શું બોલું? મારી જબાન કેમ ખોલું? મને ત્રેનમાં ગરમી ઘણીજ પડવાથી પેલું જેકેટ મારા પોર્ટમેનતોમાં મુકયું ને જ્યારે મારી નજર પડી તો તે પોર્ટમેનતોની જગોએ બીજો ભલતોજ પોર્ટમેનતો. અરે! નસીબ! તેમાંબી કાંઈ ખાખ નહિ. પણ સાહેબ મને આશા છે કે પોલીસને મેં મારો પોર્ટમેનતો ગુમ થવાની ખબર આપેલી હોવાથી તે મને જરૂર એક બે દિવસમાં મલવા પામશે." આટલું બોલી તે શખ્સ પોતાની કમનસીબીથી નાઉમેદ બની કપાળ કુટવા લાગ્યો. સીગીન્સ કાકાનો ચેહરોબી જોવાજોગ થઇ પડયો હતો. જેકેટ માટે પેહલેથીજ નહિ ભસી મરવા માટે તે તે અંજાણા શખ્સ ઉપર એટલો તો છેડાયો કે ત્યાં અને ત્યાંજ તેનો ટોટો પીસી નાખે, પણ તરતજ તેને એક વિચાર આવવાથી તે જરા લગાર શાન્ત બન્યો.

"વારૂ, તે પારકા પોર્ટમેનતો ઉપર કોઇનું નામ ઠામ બજ્યું તું કે?" સીગીન્સે કાંઇ નવી ઉમેદના આવેશમાં અરધા ચીરડાટ અને અરધા મરડાટથી સવાલ કીધો.

"હા," પેલા રડમસ બનેલા શખ્સે બોચી ઘવડી યાદ કરી જવાબ દીધો, "તે ઉપરનું નામ ક્રોકરતન હતું. ઠેકાણું બુથ સ્ત્રીટ, મેનચેસ્તર હતું."

સીગીન્સે આ નામ અને ઠેકાણું પોતાની નોંધબુકમાં ટપકાવી લીધું અને પોતાની બેઠક ઉપર નાસીપાસિની ધુંઇમાં અઢેલાઇ પડયો. તેનું આખું બદન પરસેવાથી તરબોડ થઇ ગયું હતું. તે પોતાનાં મન સાથે બબડી પોતાની બેઠક ઉપરથી ઉઠયો, જાણે પેલા શખ્સને એવું જણાવા માંગતો હોય કે તેનું હવે કામ રહ્યું નથી. પેલો સેલરબાવોબી આબાદ સમજી ગયો અને તેણે તેની રજા લઇ નાઉમેદીની નાચારીમાં પોતાનાં ઘર તરફ ચાલુ મુકયું.

તે અંજાણો શખ્સ ગયો, પણ સીગીન્સ તે ઓરડામાંથી ગયો નહિ. તે ત્યાંજ વિચારમાં લીન બની બેસી રહ્યો. હવે શું કરવું? તે ગુમ થયલાં કમબખ્ત જેકેટમાંનાં પેકેટનો પત્તો કેમ મેળવવો? તેને એક વિચાર એકાએક સુઝ પડી ગયો, અને પોતાની મગરૂર બેહનને એક હર્ફ પણ કહ્યા વિના તે એકદમ મેનચેસ્તર તરફ ઉપડી ગયો. તેણે ખાતરીથી માની લીધું કે પેલા શખ્સ પાસેથી ઠેકાણું લઇ લેવામાં તેણે ઠીક ડાહપણ વાપર્યું હતું. તે મેનચેસ્તરના બુથ સ્ત્રીટમાં મી○ ક્રોકરતનને શોધી કાહડતાં હાડમાર તો ઘણો થયો, પણ જ્યારે તેની ભાલ મળી ત્યારે તેણે છુટકારાનો દમ ખેંચ્યો. જે મકાન ક્રોકરતનનાં રહેઠાણ તરીકે તેને દેખાડવામાં આવ્યું તે એક નાનું કંગાળ ઘર હતું જ્યાં ગરીબાઇ અને નાચારી વાસો કરતાં હોય એમ સાફ માલમ પડી આવતું હતું. પેહલા મજલા ઉપરના

એક ઓરડાનાં બારણાં ઉપર સીગીન્સના હાથના ટકોરા પડતાંજ એક અઘોર વયની બાઇ બાહેર આવી અને તે કોણને પુછતો હતો તે માટે સવાલ કીધો. સીગીન્સે પોતાના આવવાનો બાએસ જણાવ્યો અને ક્રોકરતનને મળવાની ઇન્તેજારી બતાવી.

પેલી બાઈ જે તે મકાનની માલેક હતી તે ક્રોકરતનનું નામ સાંભળતાંજ છેડાઈ પડી બોલી, "હા, તે શખ્સ મારો ભાડુત હતો ખરો, પણ ગઇ કાલેજ મારૂં ત્રણ અઠવાડિયાંનું ભાડું આપવા વિના તે કોણ જાણે કયાં અને એકાએક પોતાના સામાન સાથે ગુમ થઈ ગુવોછ! અગરજો તે તમારો સગો વાહલોજ હોય તો તેનું ચહડેલું ભાડું તમારી પાસેથી લીધા વિના હું તમોને અહિંથી મરતાંબી ખસવા દેનાર નથી."

સીગીન્સને આ વળી એક નવી નાસિપાસી હતી. પેલાં ગુમ થયલાં પેકેટવાળું જેકેટ તેને કયાં સુધી આવી રીતે હંફાવ્યા કરશે? ત્યાં વધુ વાર ખોટી થવામાં કશો સાર હતો નહિ. તે સારી પેઠે સમજી શકયો કે તેનું બદ કિસમત તેની આગળ અને આગળજ હતું; કેમકે તેમ જો નહિ હોત તો નખોદ ગયું તે જેકેટ તેના હાથમાંથી આવી રીતે છટકતું અને હવામાં અધર લટકતું રહેવા પામત નહિ. પેલી ઘરવાલી તેને ભાડાં માટે અટકાવે તે આગમચ તે ઘર તે છોડી ગયો અને દિવાનાની તરેહ આસપાસ નજર કરવા લાગ્યો કે તે જેકેટ સાથે કોઇ ત્યાંથી પસાર થતું હોય તો તરતજ તેને ગલચીમાંથી પકડી પોતાને આવી રીતે હંફાવવાનો સબબ પુછે. લાગભગ અરધો કલાક તે રસ્તામાંજ ઉભો પણ તેનો શિકાર હાથ નહિજ લાગવાથી તે પોતાનાં મકાન તરફ પાછો ફર્યો. તેને મોટી ધાસ્તી હતી કે કલાકોની લાંબી ગેરહાજરી પછી તેની બેહન મીસ લેવીનિયાની જબાનના ધડાકા કડાકા સાંભળવા પડવાના, પણ જયારે તેણે તેણીને હસતી રમતી હાલતમાં જોઇ ત્યારે તેની અજાયબિનો પાર રહ્યો નહિ. આ તો એક નવું કોતુક હતું.

"અરે! મારા વાહલા ભાઇ, તું કયાં હતો? આપણાં મકાનમાં લેડી ઓલ્ડકેસલ આવ્યાં હતાં. તેઓએ મને પોતાનાં મકાનમાં બોહસા બોહસીનું તેડું કીધુંછ. આવી તાલેવંત અને અમીરી બાનુને મારી સાથે વાત કરતાં જોઈ આપણાં ઘેર આગલ તો લોકોનું ટોળું એકઠું થયું હતું. તેમની એકેએકની નજર મારી ઉપરજ ઠસી રહી હતી. તેઓ કેવી મારી તરફ અદેખાઈની નજરથી જોતાં હતાં! આપણી પાસેની મીસીસ પ્રીદી, મીસીસ સ્તોકર, મીસીસ નીકલ તો અજાયબિથી ફિક્કી ફચજ થઈ ગઈ હતી, જાણે મરવા ઉભી હતી!"

પણ પોતાની બેહનની આ સઘળી પટપટ તરફ તેણીના ભાઇનું લક્ષ સેહજ પણ ખેંચાવા પામ્યું હતું નહિ. તેનું સઘળું ધ્યાન પેલાં ગુમ થયલાં પેકેટ તરફજ લાગી રહ્યું હતું. તેનો આવો હાલ જોતાંજ તે લગાર ગુસ્સાથી બોલી ઉઠી, "શું છે ચાર્લસ? આજે તું લેડી ઓલ્ડકેસલનાં અત્રે આવ્યાથી કાંઈ બિલકુલ ખુશી જણાતો નથી? તારી બેહનને લેડી ઓલ્ડકેસલ જેવી તવંગર અને અમીરી બાનુ મળવા આવે તેથી તો તારે ખુશીથી ફુલી ફાટી જવું જોઇએ."

પોતાની બેહનના આ સખુનો સાંભળતાંજ સીગીન્સ તુરત વેળા તો જેકેટ અને પેકેટની વાત જાણે ભુલીજ ગયો અને લેડી ઓલ્ડકેસલ તરફની પોતાની આગલી મોહબતનો જુસ્સો તેનાં અંતઃકરણમાં ધાઇ આવવાથી તે તવંગર બાનુ

પોતાની બેહનને મળવા આવી એ ખ્યાલ તેને પસંદ નહિ પડવાથી તે પોકારી ઉઠયો, "બેસ! મુંગી મર! લેડી ઓલ્ડકેસલ કાંઇ તને મળવા આવી હતી નહિ, પણ તે તો મને મળવા આવીતી. સમજી?"

પોતાના ભાઇના આ સખુનો તેની બેહન કેમ સાંખી શકે? મીસ લેવીનિયા નાકનું ટીચકું ચહડાવી બોલી, "એમ સુઝમાં શેખ બોલતા ના. એ તો લોર્ડ ઓલ્ડકેસલે પોતાની માતા સોડે મારી માંગણી કરાવી હશે, પણ તે બિચારી શરમાઈ જવાથી તે બોલી શકી નહિ હશે."

"હું માનુંજ નહિ," સીગીન્સે ઉભરો બાહર પાડયો, "લેડી ઓલ્ડકેસલ જયાં છે ત્યાં મારી ઉપર દિવાની થયલી લાગેછ, બાકી તારી આ સિકલ ઉપર લોર્ડ ઓલ્ડકેસલ ગાંડો બને કે? કેહતા તો દિવાના પણ સુનતાબી દિવાના?"

"હં! હવે હું સમજી. ત્યારે ભાઈ તો કેથા એવાજ ખ્યાલમાં સુના સાવજ જેવા ફરતા દેખું! પણ તેણીને કયાં ખબર હતી કે સીગીન્સ આટલો બધો સુનો સાવજ બન્યો હતો તેનો સબબ તે પોતેજ હતી; કેમકે તેણીની ગફલતીથીજ જેકેટ અને તેની સાથનું પેકેટ ગુમ થવા પામ્યું હતું.

"અરે! તે મારૂં પેકેટ મલશે કે? હું તે જેકેટને ફરીથી જોવા પામશ કે?" સીગીન્સ સોલીસીટર એકલો પડવા પછી પોતાનાં મન સાથે બોહલ્યો.

દિવાનો જુલિયન.

પોતાના પ્યારા નાના બેટાને મળવા માટે લેડી ઓલ્ડકેસલનો જીવ તલપી રહ્યો હતો. તે સ્ત્રી જોકે પોતાના વડા બેટા રોદ્રીક સાથે એ રીજના દરવાજા આગળ આવી પુગી હતી અને જુલિયનને પોતાની છાતી સરસો દાબવાને માત્ર થોડીજ પળનો વિલંબ હતો, છતાં તે અધીરી બની ગઇ હતી, તેનો જીવ તલ પાપડ થઈ રહ્યો હતો. તે બાનુ પોતાના વડા બેટાની સાથે જયારે એ રીજનાં મકાનમાં દાખલ થઈ ત્યારે તે મકાનનો અંદરનો દેખાવ જોતાંજ તે ચાર પાંચ કદમ હેબતથી પાછળ હઠી અને ધાસ્તીનો માર્યો તેણીનો ચેહરો ફિક્કો પડી ગયો.

"રોદ્રીક, આ શું મકાન છે કે જીવતાંઓ માટેનું ઘોરસ્તાન છે? અરે! બોલ, રોદ્રીક બોલ! શું એજ મકાનમાં મારો વાહલો બેટો વસેછ?" આટલું બોલી તેણીએ એકવાર ફરીથી તે મકાનમાં ચોમેર નજર ફેરવી અને તેમ કરતાં તે અમીરી બાનુ કમકમવા વિના રહી નહિ. પોતાની માતાની આવી હાલત જોઇ રોદ્રીકને હસવું આવ્યું, જે જોતાંજ તેણી ગુસ્સાથી બોલી, "અરે! મારૂં જીગર જળેછ ને તું હસેછ?"

પોતાની માતાનાં આ ગુસ્સાભર્યાં વચનના જવાબમાં રોદ્રીક કાંઇબી બોલે તે આગમચ તેની નજર સામેના ઓરડામાંથી બાહર નિકળતા બારડો બાઇઓ ઉપર પડવાથી પોતાની માતાને કાન ઉપર પડી કહ્યું, "માતા, ખોદા ખાતર મુંગાં રહો! તમેબી એ શું અબાડો બાળોછ? હું રોદ્રીક નથી. રોદ્રીક તો મરણ પામેલો તમારો વડો બેટો છે. તે તો ઘોરમાં સુતેલો છે. હું તો જુલિયન છું, તમારો નાનો બેટો છું. સાવધ! માતા સાવધ!"

બંને બારડો ભાઇઓએ બંને મા દીકરાને આવકાર આપ્યા પછી રોદ્રીકે વડા ભાઇને બાજુએ લઇ જઈ તેની સાથે કાંઇ ધુસપુસ કીધી. તરતજ તેઓ તેમને છોડી ગયા અને એકવાર ફરીથી બંને મા દીકરા એકલાં પડયાં.

"એ લોકો કોણ છે?" બંને ભાઇઓનાં જવા પછી માતાએ સવાલ કીધો.

"મારી વાહલી માતા, એ બંને ભાઈઓ છે. તેઓ ડાકટર બારદોનાં નામે જાણીતા છે."

"પણ મને તો એ લોકોના ચેહરા જોતાંજ ધ્રુજરી છુટેછ! તને ખાત્રી છે કે એ બંને ભાઈઓ ચાલચલણમાં બુરા નથી? મને તો આ મકાન અને તેના માલેકો માટે ઘણો શક લાગેછ. દીકરા, મારો વાહલો જુલિયન એ લોકના કબ-જામાં સલામત તો છેની?"

રોદ્રીકે તાણી તોડી હસવાની કોશેશ કીધી; પણ તેનું હસવું ફિક્કું હતું, લુખ્ખું હતું. તેનું અંતઃકરણ તેનાં ભીત્તરમાંથી ડંખતું હતું. તેણે પોતાની માતાનો શક દુર કરવાને ઘણુંબી ચાહ્યું, પણ વ્યર્થ! કાંઇ છુપો ધડક ધ્રુજારો તેનું જીગર કોતરી ખાતું હતું. તેનાં પાપોની કાળી, કદરબીહામણી અને કાળાં કરતુકોથી ભરેલી સુરત તેની બંને આંખો સામે આવી ઉભી. તેની આવી વધુ અને વધુ અકરાયલી ગભરાયલી હાલત જોઇને તેની માતાને વધુ અને વધુ શંકા ઉપજવા લાગી.

"જુલિયન જેવા તવંગર બીમાર માટે આ કંગાળ જગ્યા પસંદ કરવામાં તેં કાંય ભુલ કીધી હશે તે હું સમજી શકતી નથી. આ કેટલું અજબ જેવું છે કે જુલિયનને આ નજીસ મકાનમાં લાવવા પહેલાં તેં પુરતી તપાસ વટીક કીધી નહિ. આ મકાન જુલિયન જેવાના વસવાટ માટે લાયક છેજ નહિ."

પોતાની માતાના આવા ઠપકાથી રોદ્રીકને ચીડ તો એવી ચહડી કે તેણીની હાલતબી તેણીના બેટા જેવીજ તે બનાવે, પણ બીજીજ પળે આ ખ્યાલને દુર કરી તથા પોતાના ગુસ્સા ઉપર સંપુર્ણ કાબુ મેલવી તે બોલ્યો, "મારાં વાહલાં માતાજી, તમારી ધાસ્તી બીન જરૂરની છે. મેં સઘળી ઘટતી તપાસ કીધા પછીજ જુલિયનને બંને તબીબ ભાઇઓ હસ્તક સોંપ્યોછ."

ખરેખર, રોદ્રીક ખરૂંજ બોલ્યો હતો; કેમકે તેણે બંને ભાઇઓની બદચાલ અને બદમાશીની પુરતી તપાસ કીધા પછીજ પોતાના નાના ભાઇને આ મકા-નમાં હડસેલી દીધો હતો. સ્લીનકર જેક અને સાઇલસ દોયલીનાં નામો આખાં ઇંગ્લંડને ધ્રુજાવી મારવાને બસ હતાં. આ નામોવાલા શખ્સો કોણ હતા તેની ઘટતી તપાસ કરવા પછીજ રોદ્રીકે જુલિયનને તેમના હાથમાં સપડાવ્યો હતો. પોતાની માતાને ગુપચુપ ઉભેલી જોઇ તેણે ફરેસ્તાનો સાલો વધુ અને વધુ ઓઢી આગલ ચલાવ્યું, "મારાં વાહલાં માયજી! આપણે ચીનમાં યા આફ્રિકામાં વસતાં નથી. આપણે ઇંગ્લંડમાં વસીયેછ, જયાં સરકારી કાયદા કાનુનો હસ્તી ધરાવેછ અને કેળવણીના પ્રતાપથી આગલા કાવાદાવાનું નામ ઇંગ્લંડમાંથી નાબુદ થવા પામ્યુંછ, ઇમાનદારી દયા અને ઇનસાફ આ ધરતી ઉપર તરી નિકલ્યાંછ."

લેડી ઓલ્ડકેસલ હસી બોલી, "દીકરા મારા! ઇમાનદારી અને દયાના આ જમાના વટીકમાં આ ધરતી ઉપર એવાં કાળાં કરમો ધોળે દિવસે થવા પામેછ કે જેથી ખરેખરા નિર્દોષોનાં ગળાં નાહક રેહેંસાઈ જાયછ! તે બિચારાઓ વગર ગુનાહે ફસાઈ જાયછ! માટે હું આજેજ મારા જુલિયનને અહિંથી લઈ જવા માંગુંછ."

પોતાની માતાનો આ ઠરાવ સાંભળતાંજ રોદ્રીકને જબરી ચટપટ થવાની શરૂ થઈ. તે લગાર ગુસ્સાથી બોલી ઉઠયો, "માયજી, એ તમો શું બોલોછ, તેનો તમોને કાંઈ ખ્યાલ છે? એમ બનેજ કેમ? એક મકાનમાં અમો બે ભાઇઓ જીવી શકયેજ કેમ? તમો સારી પેઠે જાણોછ કે મારી પાછળ પોલીસ લાગેલી છે અને મને શોધી કાહડવા માટે તેણે મોટી રકમનું ઇનામ વટીક જાહેર કીધુંછ અને મારાં શરીરની નિશાન આપનારી ખબરનાં મોટાં મોટાં કાગળો વટીક ભીંતે ભીંત ચોંટાડવામાં આવ્યાંછ. આવી જીંદગી છતાં હું પોલીસના હાથથી બચેલો રહેવા પામ્યોછ તે એટલાંજ માટે કે મને લોકો જુલિયન તરીકે માનેછ. માતા, ધ્યાનમાં રાખજો કે જુલિયન જે લોર્ડ ઓલ્દકેસલ છે તે હું છું અને આ મકાનમાં દિવાનો બની પડેલો તમારો નાનો બેટો માત્ર મી૦ જુલિયન છે. તમો આ મકાનમાં લેડી ઓલ્દકેસલ તરીકે અને હું લોર્ડ ઓલ્દકેસલ તરીકે નથી તે માટે ખુબ સાહુચેત રહેજો. તમો કોઈ સાધારણ માતા તરીકેજ તમારા તે બેટાને મળજો."

લેડી ઓલ્દકેસલ એક પણ હર્ફ બોલવા વિના પોતાના વાહલા બેટા જુલિયનને પોતાને મકાને પોત.ની નજર સાંમે નહિ લઈ જઇ શકવાની નાઉમેદીમાં એક નિસાસો નાખી પોતાની નજદીકમાં પડેલી એક જુની પુરાણી ખુરસી ઉપર બેસી પડી ગોયા ફસડાઇ પડી. રોદ્રીક તેને દિલાસાનો એક પણ હર્ફ કહી સંભળાવે તેટલાંમાં ડાકટર બારડોની બેટી લુસી દાખલ થઈ અને અદબઅદાથી નમીને બોલી, "મારા બાવા અને કાકા મી૦ જુલિયન આગળ છે. તેઓ હમણાં આવતાજ હશે. મી૦ જુલિયન બાગમાં ફરેછ; તેઓ મારા પિતાજીને કહેછ કહેછ ને એમજ કેહછ કે આ મકાન અને તેનો બાગ મને એટલો બધો તો પસંદ છે કે અહિંથી એક કદમ પણ હું ખસવાનો નથી."

રોદ્રીકને તો સમજી જતાં વાર લાગી નહિ કે ખુબસુરત પણ ઠગારી લુસી કેવું હડહડતું જુઠું બોલતી હતી, પણ તે તેની મતલબને આબાદ પેશ પડતું હોવાથી તે મનમાં ખુશીજ થયો. થોડીક વધુ મિનિટો લેડી ઓલ્દકેસલની બેહદ ઇંતેજારી વચ્ચે પસાર થઇ અને સામેના ઓરડાનું બારણું ઉઘડયું. પેહલવેહલો વડો તબીબ બારડો દાખલ થયો, જે પછી જુલિયન ધીમાં પણ મજબુત કદમે અને નીચી મુડીએ ચાલતો હતો. તેની પાછળ નાનો ભાઈ બારડો ચાલતો હતો, જે પછી ત્રણ નોકરો હુકમના ફરમાબરદાર બની ચાલતા હતા. લેડી ઓલ્દકેસલની નજર પોતાના વાહલા બેટા જુલિયન ઉપર પડતાંજ તેણીએ એક ચિચીઆરી પાડી. તેણીએ ફાટેલા ડોળાએ પોતાના બેટા તરફ જોયું અને કમકમાટથી બે ચાર કદમ પાછળ હઠી ગઇ, કેમકે નીચી મુડીએ ચાલતા જુલિયનનો ચેહરોજ દિવાનપણાંની આબાદ ગવાહી આપતો હતો. તેની આંખોના ડોળા બાહર નિકળી આવ્યા હતા અને તેનો આગલો ચેહરો સુકાઇ સોહરાઇને એબિયલ બન્યો હતો. વળી તેની ચાલવાની ઢબ દિવાનાને હુબહુ મલતી આવતી હતી. આ સઘળું જોતાંજ તેણીની છાતી ફાટી ગઈ, તે એટલાં સુધી કે રોદ્રીકે તેણીને પોતાના બંને હાથની બાથમાં પકડી લીધી નહિ હતે તો તે ભાનભુલી ઓરત જરૂરજ જમીનદોસ્ત થવા પામી હોત.

જયારે લેડી ઓલ્દકેસલ સુદ્ધીમાં આવી ત્યારે તેણીએ મોટા સંતોષ વચ્ચે જોયું કે બંને બારડો ભાઇઓ પોતાના નોકરો સાથે તેણીની આગલથી હાંએ જાંએ થઇ ગયા હતા, ફકત તેણીનો વડો બેટો રોદ્રીકજ ત્યાં રહ્યો હતો, જે

પોતાની માતાને કાંઈ અજબ લાગણીથી જોતો ઉભો હતો. તેની માતાએ તે ભયભીત ઓરડામાં પોતાના વાહલા બેટા જુલિયનને નિહાલવા ચોપાસ નજર કીધી, પણ જયારે તે તેણીની નજરે નહિજ પડયો ત્યારે તે લગાર ગુસ્સા અને લગાર કાકલુદીની મિશ્ર લાગણીથી બોલી ઉઠી, " અરે ! રોદ્રીક, શું તેઓ મારા વાહલા બેટાને મારી નજર આગલથી લઇ ગયા ? અરે ! આ તે કેવી શોખાઈ કે મારા જેવી માતાને પોતાના બેટા સાથે વાત કરવાનીબી મનાઇ ! " આટલું બોલી તેણીએ લાચારીથી છેકજ આજેજ બની પોતાના બંને હાથો જોડી હેબતથી ઉભાતી છાતી ઉપર મેલ્યા. તેણીની આ દયાજનક સ્થિતિ જોઇ રોદ્રીકની પથ્થરની છાતી વટીક દયાથી સેહજ પીગળી, પણ તે શું કરી શકે ? આ જુઠી, જુલ્મી જેહાનની રંગભુમી ઉપર તેને અનેક કાવાદાવાના ભાગો ભજી બતાવ્યા વિના છુટક હતોજ નહિ. તેને તો આ ભવસાગર તરીને પાર કરવાનો હતો અને તે માટે અનેક કરતુકો અને અનેક ફંદ ફંરબોથી પોતાનો બદમાશીનો માર્ગ કાપવાનો હતો, જેમ કરતાં તેને દયા અને હયાને છેલ્લી સલામ કરવી પડી હતી. પોતાની ઉપર વિશ્વાસ મેલનાર કુલોને જીવતાં રહેંસી નાખવા પછી તે પાપ ઢાંકવા માટે અનેક કાળાં કરતુકો કરતાં કરતાં આખરે પોતાના મા જન્યા ભાઈને વટીક પોતાના માર્ગમાંથી દુર કરવા તે બેધડક તૈયાર થયો હતો. તેણે પોતાનું મોત ચેતીનેજ બંને બારડો ભાઇઓને તેમના નોકર સાથે તે જગા છોડી જવાની ઇશારત કીધી હતી, જયારે જુલિયનને લાલ રંગના એક પરદાની પાછળ એક ખુરસી ઉપર બેસાડી રાખવામાં આવ્યો હતો, જેથી તેની નેમ તો તે બંને મા દીકરાને સાથે મેળવવાનીજ હતી, માતાની નજરમાં બેટાને દિવાનો જાહેર કરવાનીજ હતી. તેણે તરતજ તે લાલ પરદો ખીસાડી દીધો અને લેડી ઓલ્દકેસલ, એક ચિચીઆરી સમેત, ખુરસી ઉપર હાથ ત્યાં હાથ અને પગ ત્યાં પગ કરી બેઠેલા પોતાના બેટા તરફ એકદમ ધસી ગઇ અને તેને છાતી સરસો ચાંપ્યો, પણ તેણીએ અણુહદ ધાસ્તી, ફાટફાટ થતાં મગ્જ અને જળતી આંખો સાથે જોયું કે જુલિયને પોતાની માવતર સામે ઝાંખીને વટીક જોવાની દરકાર કીધી નહિ. તે સુનો સાવજ બની હિલ્યા ચાલ્યા વગર બેસીજ રહ્યો. આથી તેણી પોતાના બેટાને માથાંથી પગ સુધી ટીકી ટીકી બોલી, " જુલિયન બોલ ! તું જાગેછ કે ઊંઘાયછ ? અરે ! તારી માતા તારી સામે ઉભીછ, તેનો તને કશોબી ખ્યાલ છે ? બોલ, શું હાલ છે ? " આટલું બોલી તે ઉમરાવ બાનુ જુલિયનનાં ખભાં ઉપર પોતાનું માથું મુકી રડી પડી. રોદ્રીક પોતેબી પોતાના જોડિયા ભાઇના ચેહરામાં થયલા અજબ જેવા ફેરફારથી હેરત રહ્યો. તેણે એટલી બધી હદ સુધીની વકી રાખી હતીજ નહિ કે જુલિયન આટલો બધો ફેરવાઇ બદલાઇ જશે ! વળી તેની તંદરોસ્તી ઉપરબી એવી તો મજબુત બુરી અસર થવા પામી હતી કે જાણે તેણે વર્ષોની બિમારી ભોગવી હોય, પણ આટલો જલદી આવો બુરો ફેરફાર કેમ થવા પામ્યો હશે તે તે પોતેબી સમજી શકયો નહિ. શું તે ખરેખર દિવાનોજ બની ગયો હતો ? તેની ચંચળ આંખોએ પોતાનું આગલું ચૈતન્યપણું ગુમાવી દીધું હતું, અને તેમાંની ચંચળાઇની જગોએ સાવજપણું બલ્કે દિવાનાપણું ચળકી રહ્યું હતું. જયારે ખુદ રોદ્રીક આટલો બધો વિસમય થયો ત્યારે લેડી ઓલ્દકેસલના ગમનો શો સુમાર ? તે તો પોતાના દિવાના બેઠા કરતાં વધુ દિવાની બની પોતેજ સુની સાવજ જેવી બની ઉભી રહી હતી.

"જોયું કે માયજી? મેં કહ્યું તે ખરૂંજ નિકલ્યુંની? તમારો વાહલો જુલિયન ખરેખર દિવાનો છેની? જુવોની એ બિચારો પોતાને જન્મ આપનાર માવતરને વટીક ઓળખી શકતો નથી. માયજી, હું તમારો બેટો છઉ ને જુલિયનનો વડો ભાઈ છું, હું એનો દુશમન નથી," રોદ્રીક લગાર હસીને બોલ્યો. તેનું આ હસવું વગર દયાનું હતું, ધાતકી હતું. કમબખ્ત લેડી ઓલ્ડકેસલ પોતાના વડા બેટા તરફ નિરાશ અને નાઉમેદ બની જોવા લાગી અને તરતજ તેણીએ પોતાની નજર ફેરવી દઇ પોતાના નાના બેટાને દિવાની બાવરી જેવી ટીકવા લાગી.

"અરે! મેં તો સ્વપ્ને પણ એમ ધાર્યુંતુંજ નહિ કે મારો લાડકવાયો બેટો આટલી બધી હદ સુધીનો દિવાનો બન્યો હશે!" આટલું બોલી તેણીએ વધુ અને વધુ નિરાશ બની જુલિયનનો હાથ પોતાના હાથમાં પકડયો અને આંખોમાં આંસુ સાથે તે તવંગર પણ કમનસીબ બાનુ પોતાના નાના, રૂસાયલા બેટાને મનાવતી હોય તેમ બોલી, "અરે! જુલિયન, તું મને ઓળખતો નથી? તું શું તારી માતા સાથે મોહડું ખોલી એક પળ પણ વાત નહિ કરશે? અરે! તારી ચુપકીદીથી મને જીવતીજ મારી નાખશે? બોલ! જુલિયન બોલ! તને છે શું? તું ખરેખર દિવાનો થયોછ કે દિવાના તરીકે તને આ જગે પુરવામાં આવ્યોછ તેથી તું મારી ઉપર ગુસ્સે થયોછ?"

પોતાની માતાની આવી મિન્નતજારીના જવાબમાં જુલિયન માત્ર હસ્યો. તેનું હસવું પણ દિવાનપણાંની સાબેતીજ માત્ર હતી. તે પોતાની માતાને મોહડું વકાસી જોતોજ બેઠો હતો. તે કમનસીબ માતાને પોતાના વાહલા બેટા માટે જે મોટો કમકમાટ લાગતો હતો તે એ હતો કે જુલિયન સુનો સાવજ, બલ્કે દિવાનો બનવા ઉપરાંત તેની માતાને યા તેના ભાઇને બિલકુલ પિછાની શકયો હતો નહિ, યા તેમ કરવાની તેણે કશી પણ હિલચાલ બતાવી હતી નહિ. આથી એક નિસાસો નાખી તે માતાએ પોતાના બેટાનો હાથ પોતાના હાથમાંથી ગુસ્સાથી છોડી દીધો અને પોતાના વડા બેટા તરફ લાચાર બની જોવા લાગી, એવી મકસદથી કે હવે આગળ શું કરવું?

રોદ્રીક તેની માતાની મતલબ તુરત પામી જવાથી બોલ્યો, "માયજી, જુલિયન સાથે વાત કરવી અને પથ્થર સાથે માથું ફોડવું બરાબર છે. હું હવે વધુ વાર તમોને અહિં થોબવા દેનાર નથી. જુલિયનની હાલત હાલમાં હેવાનથીબી બુરી છે. માટે ચાલો અને ખુદા ઉપર ભરોસો રાખો કે તેજ એને એની અગલી સુદ્ધીમાં લાવશે."

રોદ્રીકે જોયું કે તેની માતા આંખોમાં રૂમાલ દાબી રડતી હતી; કેમકે તેણીએબી એવુંજ માની લીધું કે રોદ્રીક રાસ્ત હતો. જુલિયન ખરેખર દિવાનો બન્યો હતો, માટે આ ભયાનક જગો ઉપર વધુ વખત ફોકટમાં થોબવામાં કશો સાર હતો નહિ. તે માતા ઉઠી. ઘણીજ આનાકાનીથી ઉઠી. ગમે તેટલીબી ભયાનક તે જગો છોડવાનું તેણીનું મન થયુંજ નહિ. તેણીના પગો ત્યાંથી એક ડગલું પણ આગળ ભરવાને બિલકુલ અશકત બન્યા. એ શું હતું? કુદરત તરફની તે કાંઈ છુપી બશારત હતી? કુદરત શું એમ કહેવા માંગતી હતી કે "તવંગરીના તોરમાં મરી રહેલી મગરૂર પણ કમનસીબ માતા, થોબ! તારા વાહલા બેટા જુલિયનની જીંદગીનું બારકસ મોતના ખરાબે લાગવાની તૈયારીમાં છે." પણ નહિ તેણીને તે જગો છોડી જવા વિના બીજો ઇલાજ હતો નહિ. તે ઉઠી, અને

તે જ્યો છોડી જવા પેહલાં જુલિયનને ભેટવા તેની આગળ ગઈ અને વાંકી વળી તેને ગળે વળગી પડી. જુલિયન જે આટલો વખત સુધી મુંગો મંતર અને સુનો સાવજ બેઠો હતો તેણે લેડી ઓલ્ડકેસલને એક મજબુત આંચકો માર્યો. તે કમ-બખ્ત માતા, પોતાના બેટાના આ આંચકાથી જમીન ઉપર ચતીપાટ પડી ગઇ, અને જુલિયન હસતો હસતો અને કુદતો કુદતો તે ઓરડામાંથી બાહર દોડી ગયો.

દિવાનો કે શ્યાનો.

દિવાનો બનેલો જુલિયન લેડી ઓલ્ડકેસલનાં જવા પછી લગભગ બાર કલાક સુધી દિવાનપણાંનાં ચિન્હો બતાવતો રહો હતો, જે પછી તે રફતે રફતે પોતાની અસલી હાલતમાં આવતો ગયો, અને જ્યારે તે પુરેપુરી સુદ્ધીમાં આવ્યો અને પોતાના દોસ્ત સેમ વીલકોક્ષ તરફથી જ્યારે તેણે જાણ્યું કે તેની માતા એક ગ્રહસ્થ સાથે તેને મળવા આવી હતી, ત્યારે તેની અજાયબિનો પાર રહો નહિ, તેની નાસીપાસિનો સુમાર રહો નહિ. જયારથી તેને ખબર મલી હતી કે તેને કોઇ મળવા આવનાર હતું ત્યારથીજ તેણે ખાત્રીથી માન્યું હતું કે તેને મળવા આવનાર બીજું કોઇજ નહિ, પણ તેની માવતરજ હોવી જોઇએ. આ મુલાકાતની શુભ ઘડીને માટે તો તે પોતાનાં કેદખાનામાં તન બદન બાળી નાખનારી ઇંતેજારીથી રાહ જોતો હતો. તેને પુર ભરોસો હતો કે માતા સાથની મુલાકાત પછી તે બાનુ પોતાનો લાગવગ ચલાવી તેને તરતજ આ જીવતાં દોજખખાનામાંથી છોડવશે, પણ તેની આ આશા તેનાં મનમાંજ જન્મ પામી ત્યાંજ તે મરણ પામવાથી તેની નાઉમેદીની સીમા રહેવા નહિ પામે એ બનવા જોગજ હતું. તે પોતાની માતા આગળ તેણીના વડા બેટા રોદ્રીકને ઉઘાડો પાડવાને બહુજ ઇન્તેજાર હતો. જોકે તે આટલી બધી હદ સુધીની બદમાશી કરવા જેટલો બદમાશ બન્યો છે, એવી તેને સ્વપ્નેબી વકી હતી નહિ. તેણે અનેક વાર ચાહ્યું હતું કે તે તેની બદમાશી આઇનાની માફક ખુલ્લી કરે, પણ જ્યારે તેણે જાણ્યું કે તેની તમામ ઉમેદ ધુળમાં મળી હતી ત્યારે તેની દલગીરીની હદ રહી નહિ.

"અરે! મારા ભલા દોસ્ત, ત્યારે શું મારી આશાનો એવોજ અંત આવ્યો?" સેમ વીલકોક્ષ બીજી સવારે આવી મળવા પછી જુલિયને બલાપો કીધો.

"ભાઈ જુલિયન, જ્યારે તને તે ઓરત અને એક મરદ મળવા આવ્યાં ત્યારે તેઓએ ખરેખર તને દિવાનોજ માની લીધો. મારા જીવના જોખમે મેં તે વખતે બરાઈ છુપાઇને જોયું કે, જુલિયન, તે વેળાએ તારી હાલત ખરેખર દિવાના જેવીજ હતી."

"શું? હું તે વખતે દિવાનો બન્યો હતો?" જુલિયન લગાર ચિરડાટથી પોકારી ઉઠયો, "એમ બનવુંજ મુશ્કેલ છે. હું મારાં મગ્જે બિલકુલ સાબુત છું, મજબુત છું, અને તબીબોના સાલા હેઠળના બદમાશો વટીક મને દિવાનો બનાવી શકનાર નથી." જોકે સેમ વીલકોક્ષે બનવા પામેલી સઘળી કેફિયત કહી સંભળાવી તોપણ તેનાં લક્ષમાં પુરેપુરી હકીકત ઉતરવા પામી નહિ. બપોરના જમવાનો વખત નજદીક આવેલો હોવાથી સેમ વીલકોક્ષને જુલિયનનો ઓરડો ફરજ્યાત છોડવોજ પડયો. તે ગયો, ત્યારે જુલિયન એકલો વિચારમાં પડયો. હવેજ

તેને લાગ્યું કે તેના દોસ્તનાં કહેવામાં કાંઇક વજુદ હતું ખરૂં; કેમકે તેનું આખું બદન સુસ્ત બની ગયું હતું અને તેનામાં ઉભું રહેવાની પણ તાકાત હતી નહિ. હવેજ તેને યાદ આવ્યું કે સેમ વીલકોક્ષે બારડો ભાઇઓની બદમાશીનું વર્ણન આપતાં જણાવ્યું હતું કે "જે વેળાએ તને તારાં બેશી સનમુખ ઉભો કરવામાં આવશે ત્યારે તું કશાંબી ભાન વિનાનો બનશે, તું પોતાને ભુલી જશે. તને ખોરાક યા પાણીમાં કાંઈ એવી દવા પાવામાં આવશે કે જેથી તું નહિ દિવાનાનો દિવાનો બની જશે, અને તારાં સગાંવાહલાંઓ પોતાની નજરેનજર જોઈ શકશે કે તારી હાલત દિવાનાઓથી બિલકુલ ઉતરતી નથી. જુલિયન, આ દોજખખાનું કાંઇ દિવાનશાળા નથી. આ તે મકાન છે, જ્યાં ઇનસાનો હેવાન બનેછ, છતી જીંદગીએ બેજાન બનેછ. તેઓમાં જેમ હું છું, તેમ તુંબી છે."

સેમ વીલકોક્ષના ઉપલા શબ્દો આજે જુલિયનની યાદદાસ્તમાં એવા તો જોશ સાથે ધસી આવ્યા કે તેનાં મગ્જ આગળ જે કાંઈ શક યા સંદેહ ભમ્યા કરતો હતો તે હવે દુર થઇ ગયો. તેણે હવે ખાત્રીથી માની લીધું કે પોતાના બાપ અને કાકાની શિખવણીથી લુસીએ ખોરાકમાં કાંઇ એવી દવા તેને આપેલી હોવી જોઇએ કે જેની અસરથી તે પોતાની માતા લેડી ઓલ્ડકેસલ આગળ બિલકુલ દિવાનોજ બની ગયલો હોવો જોઇએ, અને આવી રીતે તેની આવી હાલત બનાવનાર સેહલથી વગર સજા ખમવે છુટથી ફરતો ફરે એ તે તામોશ કરી શકયો નહિ, કેમકે તેની માતા તે દિવાનો બન્યો છે એવાજ ખ્યાલથી તેને છોડી ગઇ હતી.

જુલિયન માટે આ કાંઇ જેવી તેવી આફત નહિ હતી. તે નિરાશ અને નાઉમેદ બની વિચારમાં મસ્ત બની ગયો હતો. તેટલામાં લુસી જુલિયન માટે ખાણું લઇ દાખલ થઇ. જોકે તે વખતે તે ઠગારી સ્ત્રી જુલિયનની નજરમાં હમેશ કરતાં વધુ ખુબસુરત દિસ્તી હતી, તોપણ તે સારી પેઠે જાણતો હતો કે તે ઓરતની ખુબસુરતી ફકત જુલિયન જેવા કમબખ્ત શિકારોને ફસાવવાની એક જાળ માત્ર હતી. તે મનહર ખુબસુરતીવાળી બાનુ શું તેણીના બાપ અને કાકાની બદમાશીમાં એક ભાગ્યણ જેવી નહિ હતી? આથી લુસીને પોતાના ઓરડામાં દાખલ થઇ બારણાં અંદરથી બંધ કરતાં જોઇ તેને એવી તો ચીડ ચહડી કે તે તેજ પળે તેણીનો નાજુક ટોટો દાબી દઇ આ જેહાનની રંગભુમી ઉપરનું તેણીનું કામ તમામ કરે; તે તેમ કરવાને જુસ્સાભેર તેણીની તરફ ધસ્યો, પણ બીજીજ પળે તેણીની સાદી ખુબસુરતી, તેણીનો નાજુક પણ તંદરોસ્ત બાંધો, તેણીની હંસ જેવી ગરદન અને લીલી દરાખ જેવી આંખો ઉપર નજર પડતાંજ તે અટકી ઉભો અને ઘડી ભર આગમચ પોતાનાં મનમાં ઉભા થયલા બુરા ખ્યાલના કમકમાટથી બે ચાર પગલાં પાછળ હઠી તે તે ખુબસુરતીને વિસ્મય પામી ફાટેલા ડોળાએ જોતો ઉભો.

"અય ઓરત ! ખુદાનો તારી ઉપર શ્રાપ પડજો !" જુલિયન આ વેળાએ એટલો બધો તો ઉશ્કેરાઈ ગયો હતો કે ગઇ કાલે ખાણાંમાં આપવામાં આવેલી દવાની અસરથી તેના ગાલ અને હોઠો રાખોડી રંગના ફિક્કા બન્યા હતા તે ઉપર ગુસ્સાથી જન્મ પામેલો લાલાસ વટીક પ્રગટી નિકળ્યો. "તારૂં અને તારા બાપ, કાકાનું સત્યાનાશ વળજો ! અરે ચંડાળો, તમેજ, તમોએજ મને કાંઇ એવી દવા આપી કે હું શ્યાનો છતાં દિવાનો બન્યો, મગ્જથી સાબુત છતાં મગ્જ વિનાનો

આવ્યો. મારી માતા મને ખરેખર દિવાનો સમજી મને છોડી ગઇ! આ દોજખખાનું તરછોડી ગઈ! અરે ખુદા! મારૂં હવે શુ થશે? આ જેહાનમના ગારમાંથી મારો છુટક કેમ અને કયારે થશે?" આટલું બોલી તેણુ એક બુઢીયા ઓરતની માફક પોતાનું કપાળ પોતાના ધ્રુજતા હાથોએ જોરશથી અફાળ્યું, અને ફોકેફોક રડવા લાગ્યો.

લુસી તો દયાથી આજેઝ બની જુલિયનને ટીકવીજ ઉભી હતી. તેણીથી એક હર્ફ વઠીક બોલાઇ શકાયો નહિ. તેણીએ તો સ્વપનેબી વકી રાખી હતી નહિ કે જુલિયન–ભલો, ભોળો દેખાતો જુલિયન–તેણીના બાપ અને કાકાનો છુપો ભેદ આટલી બધી ભયંકર હદ સુધી જાણી શકે. લુસીને પોતાનો બચાવ કરવા વિના ગુપચુપ ઉભેલી જોઇ જુલિયનનો મિજાજ વધુ અને વધુ ગયો. તે વધુ અને વધુ જોશથી બોલ્યો, "અરે લુસી, હું તારી ખુબસુરતી ઉપર લોભાયો. તું જે ખાણું તારા હાથોમાં લાવતી હતી તેજ ખાણાંમાં તારાજ નાજુક પણ પાપી હાથે તેં એવી જાલેમ દવા ભેળી કે હું પોતે પોતાનેજ ભુલી ગયો અને જે મરદ મારી માતા સાથે આ દોજખખાનામાં આવ્યો હતો તે મરદ જેની શિખવણીથી અને જેની તરફના પૈસાની લાલચથી તમોએ મને આ કેદખાનામાં કેદ કીધોછ તે મારા પંજામાંથી સેહલાઇથી બચી ગયો ને હું વધુ અને વધુ ફસી ગયો."

લુસીનો ગભરાટ હદ વિનાનો હતો, જે તેણીના ચેહરા ઉપર પ્રગટ માલમ પડી આવતો હતો. ગભરાટની જોડેજોડ તેણીની અજાયબીની પણ હદ હતી નહિ; કેમકે તે સમજી શકી નહિ, ગમે તેટલું કરવા છતાં તે કલ્પિ શકી નહિ કે જુલિયન શું જાદુગર હતો કે તેમનું સઘળું કાળું ધોળું તે જાણવા પામ્યો હતો. આથી પોતાનો ગભરાટ છુપાવવા તેણીએ માહ મુશ્કેલીએ મોહડું હસતું કીધું અને ધાસ્તીની મારી બે ચાર કદમ પાછળ હઠી બોલી, "મારા પ્યારા જુલિયન, જયાં છે ત્યાં તેં કાંઇ એવો તો જબુન સ્વપનો જોયોછ કે તેની જાલેમ અસરમાંથી તું હજી છુટો થયો નથી. અગરજો તારી મુલાકાત લેનારાંઓ આગળ તેં દિવાના જેવી ચાલ ચલાવી હોય તો તેમાં તારોજ વાંક છે. વારૂં, તેં કાંય એવી ચાલ ચલાવી?"

"પણ મારાં ખાણાંમાં પેલી દવા મેલવી મને દિવાનો બનાવનાર તુંજ કેની?" જુલિયન લુસી ઉપર ધસી જઇ પોકારી ઉઠયો.

લુસીએ કશો જવાબ આપ્યો નહિ. તે આ પળે દિવાલને અઢેલી વિચારોમાં એવી તો કિસમે મસ્ત બની ગઇ હતી કે જુલિયને જોયું કે તે ખુબસુરત પણ પાપી સ્ત્રી તેની તરફની પોતાની પાપી ચાલથી ગોયા પસ્તાતી હતી. લુસીની નજર જમીન ઉપર ટીકાયલીજ રહી હતી, પણ જુલિયન લગાર શાન્ત બની તેણીને એકી તગરે જોતો ઉભો હતો. તેણે આ વેળાએ તે ખુબસુરતીને અજીત માની લીધી હતી. તે અગરજો એદેલીન રેનને ચાહતો નહિ હતે યા તેણીને તેણે જોઇ નહિ હતે તો તેણે લુસીની અજીત ખુબસુરતી ઉપર પોતાનું તમામ સર્વસ્વ કુરબાન કીધું હતે, જાન સદકે કીધો હતે. તે અગરજો ચાહતે તો તે ઓરડામાં એકલી પડેલી તે ખુબસુરતીની લાસ બનાવી પોતાના પગ આગળ લાઇલાજ ફેંકતે, પણ તેમ કરવાથી તેનો છુટકારો હતો તે કરતાં વધુ મુશ્કેલ બનતે. વળી તે સુંદરીને રફતે રફતે તે ચાહતાં શિખ્યો હતો અને તે ઓરત પણ તેને ખરા પ્યારથી ચાહતી હતી, એમાં તો કશો શક હતો નહિ. તેણીની બે ચશ્મોજ એ બીનાની ગવાહિ આપતી હતી, તેણીના બંને ગાલોજ તેની સાક્ષી

રજુ કરતા હતા. "ત્યારે તેણીએ મારાં ખાણાંમાં પેલી જાલેમ દવા મેળવવાની હિમ્મત કીધી હશે ?" આ સવાલ તેણે પોતાનાં મનનેજ પુછયો અને તેનો જવાબ તેની પાસે મોજુદ હતો:–

"ગરીબ બિચારી! તેણીએ ફરજની મારી આ પાપી કર્મ કીધુંછ. પોતાના બાપ અને કાકાના જુલમાતને શરણ થયલી તે ઓરત છે."

આ સઘળું સમજી જતાં માત્ર એક બે પળ પસાર થઇ હશે, એટલામાં એક બીજો ખ્યાલ તેનાં મગજમાં બોલ બોલતાં ધસી આવ્યો. ફરેબથી ફરેસ્તા વટીક ફસી પડે તો લુસી જેવી નાતવાન, લાચાર નારને ફસાવતાં શો વિલંબ ? આથી તે વિચારમાં લીન ઉભેલી લુસીની વધુ આગળ ગયો અને તેણીનો નાજુક અને ધ્રુજતો હાથ પોતાના હાથમાં લઇ જાણે તેણીની તરફની મોહબતથી કેટ લોક આજેઝ થઇ ગયો હોય તેમ બોલ્યો, "લુસી, મારા જાન, મારાં જીગર, તું એટલી બધી મારી તરફ કાં જુલમી બનેછ? મારૂં સાંભળ, કે અગરજો તું મને ખરેખરી ચાહતીજ હોય, તારી તરફની મારી મોહબતને લોહચુંબકની માફક ખેંચેલીજ રાખવા માંગતી હોય તો મને બચાવ, આ પાપનાં કાળાં ધામમાંથી મને છોડવ, જેનો બદલો હું તને મારી પ્યારી પરણેતર બનાવી વાળી આપીશ. હું તને આ દોજખમાંથી બહેશ્તમાં લઇ જઇશ. લુસી, હું તને લેડી ઓલ્દકેસલ બનાવવા માંગુંછ. સારી જેહાનની ઓરતો તારી અદેખાઇ કરે એવી હાલતમાં હું તને બદલી નાખવા માંગુંછ. ખોદાએ તને બક્ષેલી ખુબસુરતી અને જવાની, દોલત અને ખેતાબ વિના શા કામની ? બોલ, તને લેડી ઓલ્દકેસલ થવાની હોંસ છે? કે તારાં આ પાપી કર્મમાં ગુંતાયલી રહેવાનુંજ તારામાં જોશ છે."

લુસી શરમાઇ ગઇ. તેણીના ગાલો શરમથી લાલચોળ બની ગયા, અને તેણીના હોઠો ઉપર ખુશાલીનું ઝાંખું હસવું સેહજ વારમાં જન્મ પામી બોલ બોલતાંમાં પસાર થઇ ગયું. તે ઓરત જોકે કશું બોલી શકી નહિ પણ તેણીનો મુંગો જવાબજ જુલિયન માટે બસ હતો. તેણીએ જુલિયનનાં ખભાં ઉપર પોતાનું માથું મુકી દીધું, એવી મતલબથી કે જાણે તે પોતાનો શરમાલ ચેહરો જુલિયનની નજરથી છુપાવવા માંગતી હોય. આથી જુલિયનને હિમ્મત આવી અને પોતાના હાથે તેણીના ઠંડા પણ સુંવાલા ગાલો પસવારતો ઉભો, જેની જાદુઇ અસર ઠગારા જુલિયનથી ઠગાયલી લુસીનાં તન બદનની રગેરગમાં પ્રસરી નિકળી. તેણીએ તે જાદુઇ અસરના સ્પર્શથી જુલિયનનાં ખભાં ઉપરથી પોતાનું માથું ઉચકયું અને જુલિયન તરફ પોતાની શરમાળ નજરનું કિરણ ફેંકી સેહજ હસી પડી. તેણીનો ચેહરો હતો તે કરતાં પણ વધુ સુર્ખીદાર બન્યો અને તેણીની બંને આંખોમાં એક એવું તો તેજ ચળકી રહ્યું હતું કે જે સદા મોહબતની મુર્ત્તી અને પ્યારની પુતળીની આંખોમાંજ જોવામાં આવે છે.

"પણ કેહ મને જુલિયન, કે તું જે કાંઈ બોલેછ તેમાં સચ્ચાઇ છે એમ મારી ખાત્રી કેમ થઇ શકે? તારૂં કેહવું ખરૂં છે તેની સાબેતી શી? તું લોર્ડ ઓલ્દકેસલ છે તે હું કેમ માની શકું? તું લોર્ડ ઓલ્દકેસલ છે એમ હું તો માનતીજ નથી. મારી પાસે તેની મજબુત સાબેતી છે."

જુલિયને આ છેલ્લો વાકય સાંભળતાંજ ગુસ્સાથી ડોળા કકડાવ્યા, અને લગાર મગરૂરીથી બોલ્યો, "હું લોર્ડ ઓલ્દકેસલ નથી તે માટેની તારી પાસે શી સાબેતી છે?"

"હું તે સમજાઉં," લુસીએ ઠંડે પેટે અને હસીને જવાબ દીધો, "તું ખરેખરો લોર્ડ ઓલ્ડકેસલ છે કે નહિ તેની ખાત્રી કરવા હું પોતે ઓલ્ડકેસલ પાર્કમાં ગઇ હતી અને મેં મેળવેલી ખબર ઉપરથી હું તારાં મોહડાં ઉપર કહુંછ કે તું જુઠો છે. તું લોર્ડ ઓલ્ડકેસલ નથી અને ફર નથી. બોલ હવે તું શું કેહેછ? કેમકે જયારે તું પોતાને લોર્ડ ઓલ્ડકેસલ તરીકે ઓળખાવી અહિં સબડેછ ત્યારે ખરો લોર્ડ ઓલ્ડકેસલ તો ઓલ્ડકેસલ પાર્કમાં રંગરાગ કરેછ. હું જે પળે પાર્કમાં ગઈ ત્યારે ચોકીબાને ખાત્રીથી જણાવ્યું કે લોર્ડ ઓલ્ડકેસલ પોતાના લાયબ્રેરી-વાળા ઓરડામાં છે. અરે! જુલિયન, અગર જો તુંજ લોર્ડ ઓલ્ડકેસલ હોય તો તે તવંગર અમીરના એકાએક ગુમ થવાથી આખાં ઓલ્ડકેસલમાં શોર બકોર થઇ રહે. હું તો ધારૂંછ કે તું મને લેડી ઓલ્ડકેસલ બનાવવાની ઠગબાજી ચલાવેછ અથવા તો તું ખરેખરો દિવાનો છે કે પોતાનું નામ જુલિયન હોવાથી પોતાને લોર્ડ ઓલ્ડકેસલ સમજવાનો પવન મગજે લઇ ફરેછ."

"સબર, લુસી ખોદા ખાતર મુંગી બન," જુલિયન મોત જેવો ફિક્કો ફ્ચ બની લુસીને આગલ બોલતાં અટકાવી બોલ્યો, "તું શું એમ કહેવા માંગેછ કે લોર્ડ ઓલ્ડકેસલ ગુમ થયોછ એમ કોઇ જાણતું નથી? અને લોર્ડ ઓલ્ડકેસલ ઓલ્ડકેસલ પાર્કમાં સલામત છે?"

લુસીએ ડોકું ધુણાવી જવાબ દીધો, "હા, મારા ડોલધાલુ લોર્ડ ઓલ્ડ-કેસલ, ખરો લોર્ડ તો પોતાની માવતર સાથે ઓલ્ડકેસલ પાર્કમાં વસેછ."

"પણ લુસી, તેં તારી ખાત્રી કીધીછ?"

"હા, હા, હા! એક વાર નહિ પણ હજાર વાર હા," લુસીએ 'હા' બોલ ઉપર વધુ અને વધુ ભાર મેલી જવાબ દીધો.

લુસીને નહિ માનવાને જુલિયન પાસે એક પણ સબબ હતો નહિ. તેણે માન્યું, પુર ભરોસા સહિત માન્યું કે લુસી ખરૂંજ બોલી હતી. આથી તે ના-ઉમેદીની ખેજાલત સાથે પાસેની બેઠક ઉપર 'ખોદા! ખોદા!' પોકારતો ફસ-ડાઇ પડયો. તેની હાલત દયા કરવા સમાન હતી. તેને આવી રીતે લાચાર બનેલો જોઇ લુસીને તેને માટે દયા આવી, અને તે સ્ત્રી તેની આગળ જઇ તેનાં કપાળ ઉપર ફુટી નિકળેલો પરસેવો પ્યાર ભરી લાગણીથી લુછવા લાગી. તેણીને આવી રીતે પોતાની માહવજત કરતી જોઇ તેણે તેણીનો હાથ પોતાના હાથમાં લીધો અને ઘણાજ દર્દનાક સાદે તે બોલ્યો, "લુસી, સાંભળ કે જે ધણી લોર્ડ ઓલ્ડ-કેસલ તરીકે મારી જગા ઉપર ચહડી બેઠોછ તે મારો ભાઈ છે, જેને લોકો મરણ પામેલા તરીકે માનેછ. જાહેરમાં તે દગાખોર મારો જોડયો ભાઇ છે, પણ બાતેન-માં એક ઘાતકી કસાઇ છે. તેનો ચેહરો મારા ચેહરાને હુબહુ મલતો આવતો હોવાથી પૈસાનાં જોરે મને આ દોજખખાનામાં કેદ કરી તેણે મારૂં નામ ધારણ કીધુંછ, જેથી મારાં ગુમ થવાની બીનાથી લોકો અંજાણજ રહેવા પામ્યાંછ. ઓ! હું કેવો મુર્ખ કે આ દગો અત્યાર આગમચનો જોવા પામ્યો નહિ. હવે હું સઘળું કાવત્રું જોઇ શકુંછ!" તેણે તેણીનો નાજુક હાથ ધડક ધડક થતી પોતાની છાતી ઉપર મુકયો અને મોહબતથી તે એવી તો પ્રીતિથી દાબ્યો કે તેની વિજળીક અસર લુસીનાં આખાં શરીરમાં ફરી વળી. "બોલ, લુસી બોલ, કે આફતમાંથી તું મને નહિજ છોડવે? જે ચંડાળ ભાઇએ મારી તમામ જીંદગીનું નખોદ વાળવાનું કાવત્રું રચ્યુંછ તે કાવત્રાંબાજને દુનિયાનાં લોકો આગળ તેનાં ખરાં

૩૫–રંગમાં ઉઘાડો પાડવાને મને ખોદાનાં નામ ઉપર મદદ નહિ કરે? લુસી, હું સાચ્ચુંજ બોલુંછ. જે બદ ચોઘડિયાંની રાતે મને અહિં પુરવામાં આવ્યો, ત્યારે હું લોર્ડ ઓલ્ડકેસલજ હતો અને જો તું મને મદદ કરે તો હું એકવાર ફરીથી લોર્ડ ઓલ્ડકેસલ બનું અને તને લેડી ઓલ્ડકેસલ બનાવું." આટલું બોલી તે એક વારનો તુમાખી, મગરૂર અને તવંગર અમીર લુસી આગલ ઘુંટણીએ પડયો અને કરગરીને બોલ્યો, "દયા! લુસી દયા! મારી ઉપર દયા કર! આ દોજખખાનામાંથી મને મુક્ત કરી મેં ખોહી દીધેલું સ્વતંત્રપણું મને પાછું બક્ષ! મને ફસાવનાર ઉપર મારો ધગધગતો કીનો લેવાને મને મદદ કર! મને સહાય થા! લુસી, આ જેહાનમખાનામાં તું મારો ફરેસ્તો બન! મારો રાહબર બન! આ પાપનાં ધામમાંથી મને મુક્તિ બક્ષ!"

જુલિયને આ સવાલ એવી તો મિન્નતજારીથી કીધો કે લુસીની આંખોમાં ઝળઝળિયાં ભરાઇ આવ્યાં. જાણે તે ઓય રડી દેશે તેવી તેની હાલત બની હતી. લુચ્ચો જુલિયન તેણીની આંખોમાંથી તેણીનું અંતઃકરણ વાંચી શકયો હતો. લુસી પિગળી હતી. જુલિયન સાચ્ચું બોલતો હતો એમ તેણીએ પુર ભરોસા સાથે માન્યું. શું લુસી લેડી ઓલ્ડકેસલ બનશે? જોઇશું.

ફરેસ્તાને ફસાવનાર શેતાન.

જ્યારે જુલિયન એક ગમથી પોતાનું સ્વતંત્રપણું પાછું મેળવવા લુસી જેવી સ્ત્રીને વિનવતો ઘુંટણીએ પડયો હતો, ત્યારે બીજી તરફ તેને ફસાવનાર રોદ્રીક ઓલ્ડકેસલ પાર્કમાં પોતાની જીંદગીનો ખરબચરો અને ઢેકાંઢરીયાંવાળો રસ્તો કેમ લીસો કરવો તેના ખ્યાલમાં લાયબ્રેરીવાળા ઓરડામાં બેઠો હતો. તેને આવી હાલતમાં બેસવાને ઝાઝો વિલંબ થયો નહિ, એટલામાં ગંગાદાસ પોતાના હાથમાં એક કાગળ લઈ દાખલ થયો. તેનો ચેહરો હસ્તો દિસ્તો હતો. તે ઉતાવળમાંજ દાખલ થયો, અને મોટેથી હસી પડીને પોતાના હાથમાંનું કાગળ રોદ્રીક જ્યાં વિચારમાં મસ્ત બની બેઠો હતો ત્યાં તેની ઉપર ફેંકયું. પોતાનાં દિલ ઉપર કાગળનાં પડવા સાથેજ રોદ્રીક એવો તો ચોંકયો અને એવો તો બીધો કે તે તેજ પળે એક ધીમી ચિચ્ચારી પાડી પોતાની જગો ઉપરથી ઉછળી ઉભો. તેનું આખું શરીર પાણી પાણી થઇ ગયું હતું, અને તેનાં હિચકારાપણાંને લીધે તે ધ્રુજતો હતો. તેની આવી દયાજનક હાલતથી ગંગાદાસ વધુ અને વધુ હસવા લાગ્યો.

"કેમરે એ દિવાના, તું અહિં શું માંગેછ?" ગંગાદાસ ઉપર નજર પડતાંજ ગુસ્સાથી લાલચોળ બની રોદ્રીક પોકારી ઉઠયો.

"સાહેબ, હું કાંઇ તમારી પાસે માંગવા આવ્યો નથી, પણ સામું હું તમોને આપવા આવ્યોછ."

"શું આપવા આવ્યોછ?"

"કાગળ."

"કોણનું?"

"પુછોછ ત્યારે તો લેવો હું કેહુંછ કે એ કાગળ પેલી ભોળી, ભલી ને નિર્દોષ રોઝામન્ડનું છે."

રોદ્રીકે ગુસ્સાથી પોતાની જીભ કરડી. ગંગાદાસે ફેંકેલો કાગળ પોતાના હાથમાં લઇ કહ્યું, "ચંડાળ, તેં કેમ જાણ્યું કે એ કાગળ તેજ ઓરતનો છે?"

"જેમ મેં જાણ્યું કે તમો સાહેબ કાંઇ મારા શેઠ જુલિયન નથી પણ જુલિયનનાં ઓઠાં હેઠળ તેના મરી ગયલા ભાઈ ખુદ રોદ્રીક પોતે છો, તેમ મેં રોઝામન્દનો કાગળભી પિછાન્યો."

રોદ્રીક આ સાંભળી દંગજ થઈ ગયો. આ નોકરની ટેંટેં કરતી જીભલીને કેમ ચુપ કરવી તે તે સમજી શકયો નહિ. આ કાંઇ નોકર નહિ હતો પણ ધડ લેવાડે એવો કટામાં કટો એક દુશ્મન હતો, શ્રાપ હતો, ગોયા તેની આસ્તીનમાં ઝેરી સાંપ હતો.

"અરે ચંડાળ! તારૂં મોહડું બાળ! નહિ તો હું તારૂં લોહી પીવશ. તારામાં એક એબ નથી, પણ સેંકડો એબ છે."

"બરાબર છે સાહેબ, કેમકે જ્યારે ડાહ્યા ગુણ શોધવામાં રોકાયછ, ત્યારે મુર્ખ એબ શોધવામાં ગુંતાયછ."

"પણ કંગાળ, તું હવે મને કેહવા શું માંગેછ? તું મારો પિછો, ખોદા ખાતર, છોડ ને તારી સિકલ મારી નજરથી બાળી નાખ. તારા ધડક ધુબારામાં મારી અક્કલનું તેજભી ઝાંખું મારી ગયું, નહિ તો તારો અંત હું કેમ લાવી શકતે તે હું અત્યાર આગમચનો જાણી શકતે."

"ખરૂં છે સાહેબ કે ગરજવાનની અક્કલ જાય અને દર્દવાનની સિકલ જાય. એ તો દુનિયાનો રવૈયોજ છે."

"હા, અને હું તેથીજ તારી મદદનો આર્ઝુમંદ છું, ગરજવંત છું," રોદ્રીકે કાંઇક નમી જઈ કહ્યું.

"પણ તમોને ખબર છે સાહેબ, કે કાને ઘડે પાણી ભરાય નહિ અને દામ વિના કામ થાય નહિ, તે વિના બીબી સલામ કરે નહિ. તમોને મારી મદદની દરકાર છે તો મને તમારા પૈસાની દરકાર છે. એમ કબુલ હોય તો બંદો ગંગાદાસ તૈયાર છે."

ગંગાદાસનાં આવાં ભડભડ બોલવાથી રોદ્રીકનો ગુસ્સો કાંઇક શાન્ત થયો અને તેના હોઠ લગાર હસતા થયા.

"ઠીક છે, જા! હું આજની તારી તકસીર માફ કરૂંછ. તું હવે ગુપચુપ ચાલ્યો જા. તારી માંગણી મને નામંજુર નથી."

"ત્યારે તો આ જેહાનમાં તમોને હેરાન કરવાની કોઇનીભી મકદુર નથી."

ગંગાદાસ ગયો અને રોદ્રીક તેને દાંત્યા પીસી જોતો ઉભો. તેની હાલત હાલ્યા ચાલ્યા વગરનાં પુતલાંને આબાદ મળતી આવતી હતી. અંતે તેને રોઝામન્દનાં કાગળનું ભાન આવ્યું. તે તેણે જમીન ઉપરથી ઉંચકી લીધું અને વાંચ્યું. રોઝામન્દે ભારે ધમકી આપી તેમાં લખ્યું હતું કે "હું તને જરૂરનાં કામ સર મળવા માંગુંછ. માટે આજ રાત્રે દશ વાગે તું મને મારા ઓરડામાં એકલી આતુરતાથી તારી રાહ જોતી બેઠેલી જોશે."

કોઇ દિવસે નહિ અને આજે રોઝામન્દે અરસુલાનાં મકાનમાં તેને (જુલિયનને) બોલાવેલો હોવાથી રોદ્રીક ગભરાયો. તેને સમજી જતાં વિલંબ લાગ્યો નહિ કે કાંઇ પણ બુરૂં બનવા પાગ્યું છે. માટે રાત પડવાની અધીરાઇમાં તેણે તે આખો દિવસ જેમ તેમ પસાર કીધો. રોઝામન્દે મુલાકાત માટે રાતનો વખત

ખાસુખા પસંદ કરવાથી તે બહુજ ખુશી થયો, કેમકે જોકે તેનો ચેહરો જુલિયનને દરેક રીતે મળતો આવતો હતો છતાં બંનેના ચેહરામાં પાછળથી થયલા સેહજ ફેરફારથી પોતાનાં ખરાં રૂપ–રંગમાં ઓળખાઇ આવવાની તેને મોટી ધાસ્તી હતી. આથી તેને રાતનો વખત બહુજ અનુકુળ થઇ પડયો હતો. વળી દિવસે અરસુલાનાં ગરીબડાં મકાનમાં દાખલ થતાં લોકોની નજરે પડવાથી તેઓમાં ચકચાર જાગવાનો સંભવ હતો, જે તેને બિલકુલ પસંદ હતું નહિ.

વળી તેની આ મુલાકાતના બાબમાં તેની ઉપર કુદરત પણ પ્રસન્ન થઇ હતી કેમકે તે રાતે રાબેતા કરતાં વધુ કાળાં વસ્ત્રો સજ્યાં હતાં, જેથી તે કાળી રાતની સમે ગમે તેવું કાળું કરતુક કરવાની આ તક ઘણી અચ્છી હતી.

જ્યારે તે અરસુલાનાં મકાન આગળ જઇ પુગ્યો ત્યારે તેણે તે મકાનના પેહલા મજલા ઉપર નજર કીધી તો એક ઝાંખી રોશનીનાં કિરણો બારી વાટેથી બાહર ફેંકાતાં તેણે જોયાં. તેણે માની લીધું કે આ રોશની રોઝામન્દ તરફની તેને માટે એક સીગનલ સમાન હતી. તે કમબખ્ત બાનુ રોદ્રીક (જુલિયન) ને જણાવવા માંગતી હતી કે તે તેની રાહ જોતી બેસી રહી હતી. રોદ્રીક તે બારી ઉપર પોતાની નજર ઠેરવી લગાર દુરથીજ ઉભો અને પોતાનાં મન સાથે બડબડવા લાગ્યો :—

"જુલિયન! જુલિયન! તારૂંબી ખોદા તે શું ભલું કરશે કે પેલાં મકાનમાંની લોખંડની બેડી તેં મારા હાથ પગોમાં જકડી લીધી! એ બલાને હવે હું કેમ દફે કરૂં? હા! અગરજો વીલી ગ્રે સાથે એ પરણી જાય તો કેવું સારૂં! હું એજ જાળ બીછાવું! હું ખાત્રીથી માનુછ કે રોઝામન્દ વીલી ગ્રે સાથે મારી તરફની પૈસાની લાલચથી જરૂર પરણી જશે."

આવી રીતે રોદ્રીક પોતાનાં મનમાંજ અદરાતો હતો અને મનમાંજ પરણતો હતો. પણ તે બદમાશને એટલું ભાન નહિ હતું કે રોઝામન્દ પોતાને પરણેલી સ્ત્રી તરીકે જાહેર કરી ચુકી હતી અને તે છતાં તે તેણીને વીલી ગ્રે સાથે પરણાવવા માંગતો હતો! જાણે ગરીબો જીવતા ખાવિન્દવાલી ઓરતને પરણવાને સરકાર અને ખોદાનો ડર નહિ કરવાને સરજાયલાજ હોય! જાણે એવી નાજુક બાબદ માટે ગરીબોનું જીગર પથ્થર બની સુન મારી ગયું હોય.

તે હિમ્મતથી તોપણ કમકમાટની લાગણીથી અરસુલાનાં મકાનમાં દાખલ થયો. આગલાં બારણાં ઉપર ધીમેથી ટકોરા મારતાં તેણે પોતાના નાના ભાઈ અને રોઝામન્દને હજારો શ્રાપ દીધા. દરવાજા આગળ એક નર્સે દેખાવ દીધો, જેણીને એદેલીને પોતાના પૈસાથી રોઝામન્દની સારવાર કરવા માટે રોકી હતી એમ જાણી લેતાં રોદ્રીકને મુશ્કેલી નડી નહિ. તેણીએ રોદ્રીકના જવાબમાં જણાવ્યું કે રાત ઘણી વહિ જવા છતાં રોઝામન્દ હજી જાગતીજ બેઠી હતી. તે જ્યારે રોઝામન્દ આગળ એકલો જઇ ઉભો ત્યારે તે દુખી, કમનસીબ બાનુ પોતાના ઓરડામાં એકલીજ બેસી સીવવામાં મશગુલ બની હતી. રોદ્રીકે તેણીને એકવાર ફરીથી જીવતી અને જાગતી હાલતમાં જોઈ એદેલીનને ગાળોથી વધાવી લીધી, કેમકે તેણીના પૈસાએજ રોઝામન્દને મરતી બચાવી હતી. તે કંગાળ બાનુ એદેલીનનો આશ્રો મેળવવાને નસીબવંત નિવડી નહિ હતે તો તે કયારની કબ્રવાસ થઈ ચુકી હતે. એમ જો થયું હોત તો આજે રોદ્રીકની હાલત બિલકુલ જુદીજ બની હોત અને તેના રસ્તામાંથી એક ભારે નડતલ હંમેશની દુર થવા પામી હોત.

રોઝામન્દ ઉપરની ગમે તેટલી આફત છતાં, આ જુઠી જેહાનનો ગમે તેટલો કડવો અનુભવ મેળવ્યા છતાં તેણીનો ચેહરો રોદ્રીકને એક બચ્ચાં જેવો નિર્દોષ દિસ્યો. તેણીના સુંદર, લાંબા બાલનો ભાથરો તેણીનાં માથાંની ચોપાસ બેદરકારપણે પડેલો રહેવાથી તેણીની ખુબસુરતીમાં ઓરખી ઉમેરો થયલો તેણે ઘણીજ દલગીરી વચ્ચે જોયો. તેણે તો તેણીને બિછાને લાઇલાજ સુકાયલી, સોહ-રાયલી પડેલી જોવાની આશા રાખી હતી. તેણીને તો ભુખમરાથી મોત અને જીંદગી વચ્ચે ઝુલતી જોવાની ઉમેદ રાખી હતી, પણ તેને બદલે તો તેણે તેણીને જોઇ હતી તે કરતાં વધુ આસુદી બનેલી જોતાંજ ગોયા તેનો દમ આખર થવાની અણી ઉપર આવ્યો. આપણે ઉપર જોયું તેમ રોદ્રીક તેણીના ઓરડામાં દાખલ થયો ત્યારે રોઝામન્દ સીવતી હતી, પણ જેવી તેણીની નજર તે બદમાશ ઉપર પડી તેવીજ વિજળીક ઝડપે ચાલતાં તેણીનાં આંગળાં ધ્રુજવા લાગ્યાં. તે સમયસુચકતા વાપરી દાખલ થતી વેળાએ પોતાની પાછળ તે ઓરડાનું બારણું અંદરથી બંધ કરવાનું ભુલ્યો હતો નહિ. તેણે પોતાની ટોપી ખુરસી ઉપર મેળતાં કહ્યું, "રોઝામન્દ, તું મને મળવા માંગેછની? તું મારો પિછો હજી છોડતી નથીજની? બોલ! તું હવે મને શું કેહેછ? હુંબી આજે ચણાની બે ફાડ કરવાની ધારણાથીજ અત્રે આવ્યોછ."

"અરે જુલિયન, તું આપણા વાહલા દેવીને શોધવા માટે કાંઇજ કરતો નથી? એ તે બાપની રીત? અરે જુલિયન! મારી તરફની તારી બેવફાઇથી મારી જીંદગીનો બાગ વેરાન તો બનીજ ચુકો હતો, તેમાં મારાં તે બુલબુલના ગુમ થવા સાથે તે બાગ સદંતર નાશ પાંમ્યોછ. અગરજો એદેલીન જેવો રાહ-બર ફરેસ્તો મારે માથે નહિ હતે તો હું કયારની કફનમાં દફન થઇ હતે. બોલ, જુલિયન બોલ! હવે તું શું કેહવા માંગેછ? આ જેહાનમાં હવે વધુ વખત મોહતાજ રહેવા કરતાં મોતને હું વધારે પસંદ કરૂંછ. જુલિયન, મારો છેવટનો ઠરાવ સાંભળી લે કે ફકત એકજ મહીનો હું તને આપુંછ કે જે દરમ્યાન તારે સારી જેહાનમાં મને તારી પરણેતર તરીકે અને દેવીને તારા ખરા હકદાર વારેસ તરીકે જાહેર કરવાંજ પડશે. એટલા વખતમાં તું નહિ જાહેર કરશે તો હું પોતે બાપોકાર જાહેર કરશ કે——"

રોદ્રીકે તેણીને પોતાનું જુનું પુરાણું પિંજન કરતાં અટકાવી લગાર આંખોનાં ભવાં ચહડાવી કહ્યું, "રોઝામન્દ, તું એમ કરવાથી આખરે પસતાશે તેનો તને કાંઇ ખ્યાલ છે? આપણાં લગન હકદાર અને કાયદેસર હતાં એમ તું જરાબી સમજતી ના. તારી ઉપર મારો કશો હક ઇલાકો નથી, રામજી? જાણે તું એમજ સમજ કે આજની રાત સિવાય તેં મને આગળ જોયોજ નથી. રોઝામન્દ, તારે તો સમજવાને ભેજું ધરાવવુંજ જોઇએ કે મારા જેવી પંકતીનો અમીર તારા જેવી પંકતીની ઓરત સાથે કાયદા કાનુનથી બંધાઇ શકેજ કેમ?"

રોદ્રીકનાં આવાં ઝેર સમાન કડવાં વેણથી રોઝામન્દ તો દિવાનશાળામાંથી ઓચ છુટી આવેલી દિવાનીની તરેહ તેને જોતીજ ઉભી. તેણીનું આખું સરીર થરથર ધ્રુજતું હતું, તોપણ હિમ્મત રાખી તે કમનસીબ સ્ત્રી રોદ્રીકની વધુ નજ-દીક ગઈ અને તેનો હાથ પોતાના હાથમાં લઇ સમજાવટ અને ધિક્કારની મિશ્ર પ્રગટ લાગણીથી બોલી, "જુલિયન, તું કેટલી હદ સુધી જુઠું બોલેછ તે તું સારી પેઠે જાણેછ. કેમકે આપણાં લગન સાચ્ચાં અને હકદાર હતાં તેમાં તો કશો શક

નથી. અરે! જો તું સમજી શકતો હતે કે તું જે બોલેછ તે સઘળું ખોદા સાંભળેછ તો તું આ પ્રમાણે બોલી મારા જખમ ઉપર નિમક છાંટતે નહિ, કેમકે તું જાણેછ કે દેવીના ગુમ થવાથી મારૂં જીગર અત્યાર આગમચનું કેટલું બધું જખમી થઇ ચુકુંછ.” આટલું બોલી તેણીએ પોતાના નાજુક પણ નબલા હાથો તેની ગરદન આસપાસ વિંટાલ્યા. આ વેળાએ રોદ્રીક માથાંથી તે પગ સુધી કમકમ્યો. આ જોઇ રોઝામન્દ ચોંકી બોલી, “કેમ જુલિયન, તને શું છે? તું એટલો બધો કમકમેછ કેમ? તારી ગરદનની આસપાસ વિંટાળેલા મારા હાથો શું તને પસંદ નથી? હા! પણ હું બિલકુલ અજબ થતી નથી કેમકે તું એટલો બધો તો બદલાઇ ગયોછ કે મારી તરફનો બાકી રહેલો જરા રતી પ્યારબી તારાં જીગરમાંથી સુકાઈ ગયોછ. તું જેવો આગળ હતો તેવો આજે રહ્યો નથી. તારાં આંગના વધવા સાથે તારો ચેહરો સોહરાયલો અને સુકાયલો બનતો જાયછ, જેથી આગળ કરતાં જેમ તારો ચેહરો કદરૂપો બન્યોછ, તેમ તારૂં જીગર કાળું કઠીર બનતું જાયછ.”

રોદ્રીક ગભરાયો. શું રોઝામન્દને શક ગયો હતો કે તે જુલિયન નહિ, પણ જુલિયનનો મરણ પામેલો લેખાતો ભાઇ રોદ્રીક હતો, જેની તપાસ કરતાં પોલીસ અનેકવાર થાકી પોતાને ઠેકાણે બેઠી હતી. આ વેળાએ રોઝામન્દ જેવી છેકજ ઉતરતા વર્ગની સ્ત્રીને પરણવા માટે તેણે જુલિયનને શ્રાપો દીધા. તે તે બાનુ આગળ વધુ વાર ખોટી રહેવા માંગતો હતો નહિ. માટે પોતાની મતલબ ઉપર એકદમ આવી જવાને તેણે વિલંબ લગાડયો નહિ. આથી તેણે તેણીને સમજાવી કહ્યું, “રોઝામન્દ, મને સાંભળી લે. હું તારા લાભનીજ વાત કરૂંછ તે સાંભળ. અગરજો આ ઓલ્ડકેસલ શેહર એકદમ અને જાથુકનું છોડી જવાની મારી માંગણીને તું શરણ થાય, મને નાહકની સતાવતી તું અટકે અને તું મારી પરણેતર છે એવી હસવા સરીખી વાતોથી હાથ ઉઠાવે તો હું તેના બદલામાં એક હજાર પાઉન્ડની રકમ તને આપું. તેમાંથી પાંચસો પાઉન્ડ તારા પોતાના સમજજે અને પાંચસો પાઉન્ડ અગરજો તારો બેટો દેવી મળી આવે તો તેના સમજજે. કદાચ તે નહિજ મળે તો આખી રકમ તારી થાય. બીજું સાંભળ, અગરજો તું કોઈ બીજા સાથે પરણી જાય તો બીજા એક હજાર——”

રોદ્રીક આગળ બોલી શકયો નહિ. તે તો રોઝામન્દનો વિકાળ ચેહરો જોતાં દંગજ થઇ ગયો. રોઝામન્દ જેવી નબળી, પોચી અને નરમ ખવાસની નાર એટલો બધો ગુસ્સો ધરાવી શકે એવી તેણે સ્વપનેબી વકી રાખી હતી નહિ. તે સ્ત્રીનો ચેહરો હદથી જયાદા લાલચોળ બની ગયો હતો અને રોદ્રીકના સખુનોના કમકમાટથી તેણીનું નબળું શરીર ધ્રુજતું હતું. તેણીની આંખોમાં વિજળી ચમકી રહી હતી. તે ધ્રુજતા પણ મજબુત અવાજથી બોલી, “અરે ચંડાળ! તું મારી આગળ આવા નાલાયક સખુનો બોલવાની હિમ્મતજ કેમ કરી શકેછ? તું શું એમ ધારેછ કે હું ગરીબ છું, હું કમનસીબ છું તેથી તારી તુચ્છ માંગણી સ્વિકારી એક ખાવિન્દ ઉપર બીજો ખાવિન્દ કરી સરકાર અને ખોદાનો કાયદો તોડવાની હું ગુનેહગાર થઇશ? અરે! હેફ પડજો તારી ઉપર! તારી દોલત ઉપર શ્રાપ પડજો! તે આગથી બળી ભસ્મ થજો! હું મારાં ને મારા બાળક દેવીનાં ગુજરાન માટે આબરૂ ઇજ્જતથી દિવસ અને રાત રંજ અને સખ્તી ખેંચશ, પણ તારા જેવા શેતાનની એક દમડીને પણ મારી આંગળી લગાડશ નહિ.” આટલું બોલતાં તેણીની નરગેશી ચશમોમાંથી નવધાર આંસુઓ મોતીની

માફક ટપકવા લાગ્યાં. તેણીએ પોતાની સામે ઉભેલા શેતાનને શ્રાપોના વરસાદથી તરબોળ કરવાને ઘણુંજ ચાહ્યું, પણ ડચકાંઓથી ગુંગળાતી તેની છાતી પોતાનો અવાજ બાહર કાહડવાને સેહજ પણ ઉપડી શકી નહિ. મોહડાંમાંથી હર્ફ નિકળવાને બદલે આંખોમાંથી આંસુ નિકળી પડયાં. તેણીની આ હાલત જોતો રોદ્રીક વગર દયાએ ઉભો હતો.

અંતે તે જખમી થયલી બાનુ બેહદ ગુસ્સાથી પણ લગાર આનાકાની સાથે બોલી, "અરે શેતાન! મને તારી દોલતમાંની એક પાઇબી હરામ છે. મને તેની સેહજબી દરકાર નથી. મને જે દરકાર છે તે એટલીજ કે દુનિયાનાં લોકો મને તારી હકદાર પરણેતર તરીકે જાણે! જોકે તારા જેવા તવંગર અમીર પણ બાતેનમાં કાળા નાગથી પણ બદતર બુરા ખાવિન્દને વશ થવા કરતાં ગરીબ પણ આબરૂદાર અને દયાથી ભરેલાં જીગર સાથનો ખાવિન્દ હજારવાર બેહતર છે. લે સાંભળી લે! કે હું ઓલ્ડકેસલથી બાહેર જવાની નથી. હું તારા પૈસા ઉપર થુકવાની નથી. હું તારા પૈસાને ઠોકડે મારશ."

આટલું બોલતાંજ તે પોતાની સામે ઉભેલા રોદ્રીકને ડોળા ફાડી ફાડી જોવા લાગી અને એક દિવાનીની મિસાલ તે તેને ગળાંમાંથી પકડી જોરશી ખેંચતી પોતાનાં પુર બળમાં એક ભભુકદાર બળતા ચેરાગ આગળ ઘસડી જઈ બોલી, "શેતાન, આ બત્તી આગળ આવ કે તારો ચેહરો હું જોઈ શકું! જે શેતાને મને શરૂઆતમાં હસાવી પાછળથી ફસાવી તેનો ચેહરો મને એકવાર પાછો બારીકીથી જોવા દે. હા! તારો ચેહરો કેવો બદલાઈ ગયોછ! તેની ઉપર લ્યાનતનો કેવો છાપ બેઠોછ! ખોદાનો કેવો શ્રાપ પેઠોછ! જાણે તું આગલો જુલિયનજ નથી. જુલિયન! તારો ચેહરો જે મને બેહદ પ્યારો હતો તે કયાં છે? બોલ, શેતાન, તારો તે મિઠો, મધુર મુખડો કયાં છે?"

રોદ્રીક હિમ્મત રાખી જેમ તેમ બોલ્યો, "અરે દિવાની, તું શું બોલેછ તેનું તને કાંઇ ભાન છે કે નહિ? હું ધારૂંછ કે હજીબી તું તાવની ઘુમમાંજ આ બધી બકવા કરેછ!"

"અરે! ખોદા કરે ને એમજ થાય!" રોઝામન્દે રોદ્રીકના ચેહરાને તગર તગર જોઇ જવાબ દીધો. પણ તેણીનાં આ બોલવા ઉપર રોદ્રીકે કશું લક્ષ આપ્યું નહિ. તેણે પોતાની ટોપી જે કાહડી મેલી હતી તે એકદમ પેહરી લીધી અને તે છેડાયલી વાઘનને છોડી જવા તેયાર થયો. તેની આ ધારણા રોઝામન્દે પામી જઈ તેને તેની ગલચીમાંથી એવો તો જોરશી પકડયો કે રોદ્રીકે તો એવુંજ માન્યું કે તે કમબખ્ત સ્ત્રી ખરેખર દિવાનીજ બની ગઈ હતી. જેથી જોરથી છટકી તે કમાનમાંથી છુટેલા તીરની માફક તે ઓરતના પંજામાંથી છુટી નાઠો.

ગુમ થયલાં પેકેટની શોધ.

લંડનના એક ધોરી રસ્તા ઉપરથી સીગીન્સ પોતાની મગરૂર બેહન મીસ લેવીનિયા સાથે પસાર થતો હતો. તે જોકે પોતાનાં એક કુળનાં કામ માટે લંડન ખાતે ઉતરી પડયો હતો, પણ તેની બેહન તેને લંડન જેવાં મોટાં શેહરમાં એકલો ફીરી શકે નહિ કારણ કે તે ત્યાંની મોહિનીથી એકદમ વિખરી જાય,

માટેજ તે પોતાના ભાઈ સાથે લંડન ખાતે ઉતરી પડી હતી. સીગીન્સે પોતાનું ધાર્યું કામ પાર પાડેલું હોવાથી તે ખુશ લેહરમાં પોતાની બેહન સાથે ડોલતા હાથીની માફક ચાલતો હતો, એટલામાં તેની નજર સામેની બાજુએથી પસાર થતા એક શખ્સ ઉપર પડી જેથી તે તેને ધારી ધારી જોવા લાગ્યો. તેને આ પ્રમાણે ડોળા ફાડી ફાડી નિહાલતો જોઇ તેની બેહન અજાયબીથી તેને ટીકવા લાગી. ત્યાંથી પસાર થતાં લોકોની પણ અજાયબીનો પાર હતો નહિ, કેમકે આ એક જોવાજોગ ચિત્ર થઇ પડયું હતું. સીગીન્સ જયારે સામી બાજુએ ડોળા ફાડી ફાડી જોતો હતો ત્યારે તેની બેહન તેને આંખ તાણી તાણી જોતી ઉભી હતી. પણ આ માત્ર એક બે પળનો બનાવ હતો.

સીગીન્સ પોતાની બેહનનો હાથ પકડી સામી બાજુએ આંગળાંથી ઇસારત કરી બોલ્યો, "લેવીનિયા, જો તો, પેલો જાડો, ઠીંગણો શખ્સ જે હમણાંજ કોઇ સાથે વાત કરતો ઉભોછ તેનાં શરીરમાં—"

"ચાર્લસ ! અરે તારી અકલ કયાં ચરવા ગઇછ? તું કોણનો ચેહરો તારી બેહનને જોવા કેહેછ? કોઇ એબ લગામણો તો મુવેલો છે, જેનો ચેહરો જોતાંજ મને તો બા બીક લાગેછ, ને ધધરીને તાપ ચહડી આવેછ. એવા બદમાશ અને લુચ્ચાને પોતાની બેહનની નજરે પાડતાં ચાર્લસ, તને શરમ નહિ આવતી?"

પોતાની બેહનના આવા ઠપકા તરફ સીગીન્સે બિલકુલ લક્ષ આપવા વિના પુછયું, "અરે જાહનમમાં જાય તેનો ચેહરો! હું તને પુછું તેનો જવાબ દેની? પોતાનાં શરીર ઉપર જે જેકેટ તેણે લટકાવ્યુંછ તે શું તને એમ નથી લાગતું કે તેં મારી ગેરહાજરીમાં કબાતમાંથી કાહડી જુનાં પુરાણાં કપડાં વેચનારને વેચી નાખ્યું હતું તેજ છે?"

લેવીનિયાએ નાકનું નસકોરૂં ચહડાવી સામી બાજુએ હજી વાત કરતા ઉભેલા એક ચીથરેહાલ શખ્સ તરફ ઘણીજ આનાકાની અને ઘણીજ તિરસ્કારથી નજર કીધી અને તરતજ જોઇ લીધું કે તેણીએ જે જેકેટ જરી પુરાણાવાલાને વેચી નાખેલું તેજ જેકેટ તે શખ્સનાં શરીર ઉપર બીરાજી રહ્યું હતું.

"હા! ચારલ્સ તે તેજ જેકેટ છે. એ તેનાજ જેવું મને તો લાગેછ. પછી તો કોણ જાણે બા. પણ જો તે તેજ હોય તો તેમાં તને શું? તુને એટલી બધી તે જેકેટ માટે શાની ચટપટ લાગીછ? એવાં ફાટાં તુટાં ચીથડાંને અજબ છે કે તું હજી ભુલી જતો નથી?"

"લેવીનિયા, મને તો પકી ખાત્રી છે કે તેજ મારૂં જેકેટ છે જેને મારા હાથમાં પાછું મેળવવા મેં ધરતી ને આસમાન એક કરી નાખ્યાંછ. હુંજ તેને જઇ પુછું કે એ ગુમ થયલું જેકેટ તેને કયાંથી મલ્યું?"

આટલું બોલી તે સામી બાજુએ ધસ્યો જવાની અણી ઉપર હતો એટલામાં તેની બેહને પોતાના મજબુત હાથ વડે તેને અટકાવી ગુસ્સાથી કહ્યું, "તને થયુંછ શું? પેલા બદમાશ શખ્સને તેનાં શરીર ઉપરનાં જેકેટ માટે પુછવા જાય ને તે તારૂં કોઠું સેકી નાખે તો હું મુદલ અજબ થાઉં નહિ. તારા જેવો ભાઇ ધરાવવા માટે મને તો બા શરમાવું પડેછ ને મારૂં તો જાણે નાકજ નિકળી પડેછ, અને તને તો તેની કંઇ અરેજ નથી! અરે તે લુચ્ચો શખ્સ એમજ માનશે કે તું કોઇ મેડહાઉસમાંથી છુટી આવેલો દિવાનો છે."

પણ આ સઘળું સાંભળવાને સીગીન્સ થોભેજ શું કામ? તેણે પેલા જેકેટ વાળા શખ્સને લાંબાં કદમે રસ્તો કાપતો જોયો, અને તેથી પોતાની બેહનને તેણીની જગોએજ ડાચું વકાસતી ઉભી રેહવા દઇ તે તે શખ્સની પુઠે, આગલો પાછલો કાંઇ પણ ખ્યાલ કીધા વિના દોડયો, અને જયાં સુધી તેણે તેને પકડી પાડયો નહિ ત્યાં સુધી તેણે પાછળ ફરીને જોયું વટીક નહિ.

તે હાંફતો હાંફતો બોલ્યો, "માફ કરજો સાહેબ, પણ મને જણાવશો કે તમોએ જે આ જેકેટ પેહેરયુંછ તે તમોને કયાંથી મલ્યું?"

પેલાએ સીગીન્સ તરફ ગુસ્સાથી ડોળા કકડાવી ચાલુજ મુકયું. સીગીન્સ પણ ખાંડયો ગયો નહિ. તેબી તેની પાછળ પાછળ ઘસડાયો. લેવીનિયાએ આ સઘળો તમાશો એવા તો દેખીતા ખિજવાટથી જોયો કે ગુસ્સામાં અને ગુસ્સામાં સીગીન્સ ગયો તે બાજુએ જતાં એક દબરદીંગ અને ડેગ જેવાં પેટવાળા જાડા શખ્સની સાથે અથડી પડવાથી તે ચતીપાટ જમીન ઉપર તુટી પડી; પણ તેણી કાંઈ એકલીજ પડી નહિ. તેણીનાં કદાવર આંગનો આંચકો લાગવાથી પેલા ફુક્કા સમાન ફુલેલા દબરદીંગે પણ તેવીજ ઢપે જમીન માપી. આથી રસ્તે ચાલતાં લોકોમાં એટલી તો હસાહસ ચાલી રહી કે મગરૂર લેવીનિયાને તો ભોંય ભારી પડી ગઈ. તે પોતાના ભાઇને શ્રાપો દેતી જેમ તેમ ઉઠી અને સીગીન્સ જે તરફ ગયો હતો તે તરફનો તેણીએ રસ્તો લીધો.

પેલી તરફ આપણા સીગીન્સ કાકાના બાબમાં બનેલો બનાવ તપાસયે. તેણે પેલા જેકેટવાળા શખ્સનું ઘર જોવાના ઇરાદાથી તેની પુઠ પકડી પણ એક કંગાળ લત્તાની તેવીજ કંગાળ ગલીમાં તેને પકડવા જતાં કમનસીબે તે એક ભાડુતી ગાડીની અડફટમાં આવી ગયો અને ગાડીનું પૈડું તેના જમણા પગ ઉપરથી પસાર થઇ ગયું જેનું પરિણામ એ આવ્યું કે તેને બીજી પાંચ મિનિટમાં તો નજદીકની ઓસ્પીટાલમાં લઈ જવામાં આવ્યો. ગરીબ બીચારો સીગીન્સ! ગુમ થયલાં પેકેટ તેને અનેક આફતમાં લાવી મેલ્યો હતો તેમાં આજનો અકસમાત સઘળી આફતને ભુલાવે એવો જાલેમ હતો.

જાળમાંથી છટકેલો શેકાર.

મીસ લેવીનિયા લંડન જેવાં શેહરના ધોરી રસ્તા ઉપર, સેંકડો લોકોની હાજરી વચ્ચે, પોતાની થયલી ફજેતી અને હસી મશ્કરીથી એટલી બધી તો ઝંખવાણી પડી ગઈ કે તેણીએ ઇચ્છયું કે જમીન એકાએક ફાટી તેણીને ગર્ક કરે; પણ તેણીની આ ઈચ્છા સફળ નહિ થવાથી તેણીએ પોતાના ભાઇને અનેક કદુવા દઈ સંતોષ પકડયો. તે ઓરત પોતાના ભાઇની શોધમાં આગળ અને આગળ ઘસડાતી ગઇ પણ તેનો કશો પત્તો નહિ મળવાથી તે બહુજ મુંજવાઇ. તેણીના પગ આગળથી સંખ્યાબંધ ભપકાદાર ગાડીઓ પસાર થતી હતી અને તેમના માલેકોની નજર પોતાની તરફ ખેંચાયલી જોવાને તે બહુજ ઇંતેજાર હતી, પણ તેઓએ તેણીની તરફ આડી નજર વટીક નહિ કરવાથી તે બહુજ નાસિપાસ બની ગઈ. પણ એટલું તો ખરૂં હતું કે લંડનના રસ્તાઓ ઉપરથી પસાર થતા લટખટ બદમાશો ગામડેની તે તંદરોસ્ત ખુબસુરતીને ટીકી ટીકીને જોતા હતા, અને કેટ-

લાકોએ તો તેણીની પાછળ પાછળ ચાલવા માંડયું હતું. આવા લુચ્ચા બદમાશો તેણીની પાછળ લાગ્યા હતા તેના ખ્યાલથી તે ખરેખર ધ્રુજી અને જયારે તેણીએ જોયું કે લંડન જેવાં શેહરના માલેતોજાર તવંગરો તેણીને પસાર થતાં આડી નજરે વટીક જોતાં હતાં નહિ ત્યારે તેણીની મગરૂરીને મોટો ધોકો લાગ્યો, અને તેણીનો તુંદ અને તુમાખી ચેહરો બોલ બોલતાંમાં ઉતરી ગયો. તે સમજી શકી નહિ કે ઓલ્દકેસલના જાણીતા વકીલ મી૦ સીગીન્સની બેહન મીસ લેવીનિયાને શા માટે લોકો ગણકાવતાં હતાં નહિ ? તે બેશક અકરાયલી ઘભરાયલી હતી અને પોતાના ભાઇની કઢંગી ચાલથી તે લેવાયલી લુટાયલી જેવી બની ગઇ હતી, છેકજ આજેઝ થઇ ગઇ હતી. તેણીના આવા દેખઇતા ઘભરાટથી તેની પુઠે ભમનારા બદમાશોનો શક તેણીને માટે વધુ અને વધુ ઉસ્કેરાયો હતો, જેથી તેઓ હવે ખુલ્લી રીતે તેણીની ઠઠા મશ્કેરી કરવા લાગ્યા, જે સબબથી એક આબરૂદાર રેસટોરાંમાં દોડી જઇ તે મકાનનો આશ્રો લીધા વિના તેણીએ પોતાની આબરૂની સલામતી જોઇ નહિ.

તે અંદર દાખલ થઈ; પણ તેણીએ પોતાની મોટી ખુશાલી વચ્ચે જોયું કે તે રેસટોરાંનાં એક દુરનાં ખુણાંમાં લોર્ડ ઓલ્દકેસલ (રોદ્રીક) ઉભેલો હતો. તે તે મકાન છોડવાની અણી ઉપરજ હતો. તરતજ મીસ લેવીનિયા તે ઉમરાવ આગળ મોટા ઘભરાટ સાથે દોડી ગઈ. રોદ્રીકબી તેણીનો આવો ઘભરાટ જોઈ અજબ થયો.

"ઓ લોર્ડ ઓલ્દકેસલ ! ખોદાતાલાએ જાણે તમોને એજગેબી મારી મદદેજ મોકલી દીધાછ ! સાંભળો ! હું અહિં મારા ભાઈ સાથે આવી હતી, પણ તે દિવાનો થવાથી મને છોડી ગયોછ, ને પોતાની મા જણી બેહનને આવાં ગંજાવર શેહેરના ધોરી રસ્તા ઉપર બેશરમપણે એકલી મુકી ગયોછ. હું ધારૂંછ કે તે દિવાનોજ થયલો હોવો જોઇએ કેમકે તેમ હોવા વિના એક ફાટેલાં તુટેલાં જેકેટ માટે તે મને આ મુજબ એકલી મુકી જાય નહિ. અરે સાહેબ ! હવે મારા જેવી એકલી, નિરાધાર, આબરૂદાર અને ખુબસુરત જવાન ઓરત પોતાના દિવાના ભાઇની શોધમાં કયાં જાય અને કયાથી તે દિવાનાને શોધી કાહડે ? હું તો માનુંછ ને ચોકસ માનુંછ કે મારો મા જણ્યો ભાઈ જ્યાં છે ત્યાં લંડનની કોઈ દદા ઉપર મોહિ પડયોછ. હમણાં હમણાં તે મારી રજા વિના ભટકેછબી ઘણો. અરે મારા લોર્ડ ! હું શું કેહું, મારૂં તો મોતજ થઇ ગયુંછ !"

મીસ લેવીનિયાની આ હકીકત ઉપર રોદ્રીકનું બિલકુલ ધ્યાન હતું નહિ. તે તો બારણાંની બાહેર ઉભેલા એક શખ્સને ધારી ધારીને જોતો હતો. તે શખ્સ બિલકુલ સાદા પોશાકમાં હતો, છતાં તેણે લોર્ડ ઓલ્દકેસલ જેવા ઉમરાવનું ધ્યાન ખેંચેલું જોઇ મીસ લેવીનિયા બહુજ અજબ થઇ. તેણીને લાગ્યું કે તે શખ્સ રેસટોરાંના એકાદ કામદારથી વધુ ઉંચી સ્થિતિ ધરાવતો હતો નહિ.

અંતે રોદ્રીકે પોતાનો ઘભરાટ દાબી માહ મુશ્કેલીએ મીસ લેવીનિયાને દિલાસો દીધો; પણ તેણીએ મોટી અજાયબી વચ્ચે જોયું કે તેમ કરતાં તે પેલા શખ્સ સામે જોતાં બીહી ધ્રુજી રહ્યો હતો. અંતે તેને તે મકાનમાંથી બાહર નિકળવા વિના છુટકો હતોજ નહિ. તે મીસ લેવીનિયાને પોતાની સાથે લઇ બાહર પડયો અને જેવો તે બેચાર કદમ આગળ વધ્યો નહિ તેટલાંમાં એક શખ્સે તેને ગલચીમાંથી પકડયો. રોદ્રીકે પાછળ ફરી જોયું તો તે શખ્સ પેલોજ શખ્સ હતો

જેને મીસ લેવીનિયાએ રેસટોરાંના કામદારની ઉપમા આપી હતી. પણ રોદ્રીક તેજ પળે સમજી ગયો હતો કે તે તો છુપી પોલીસનો એક જાણીતો અમલદાર હતો. તેણે રોદ્રીકને ગલચીમાંથી પકડી કહ્યું, "મી૦ રોદ્રીક તાવર્સ, હું ખુશી છું કે વરસોની મારી રંજનો ગંજ આજે મને મળ્યો. તમો નામદારને યાદ તો હશે કે તમોને છેલ્લાં હાઇડપાર્કમાં ઓળખવાનું મને માન મળ્યું હતું, જે પછી આપણી બંનેની નજર વોટરલુ બ્રીજ આગળ એક થઈ ગઈ હતી. પણ તે વેળાએ તમો નામદાર મારી નજર ચુકાવી કોણ જાણે કયાં વંજો માપી ગયા હતા કે તે દિવસ પછીની સઘળી મજબુત શોધ ખોળ છતાં મારી નજરે આજેજ તમારાં નેક દિદારનાં દર્શણ થયાં. ચાલો, તમારે માટે મારી ગાડી તૈયાર છે. મારી સાથે મુંગા મુંગા આબરૂમાં ચાલો, નહિ તો સેહજબી આનાકાની કીધીછ તો હાથે પગે ઝાંઝરિયાં પેહરવાં પડશે, તેનું ભાન રાખજો સાહેબ! સમજયા?"

રોદ્રીક ફિક્કો મારી ગયો. પણ તે હિમ્મત હાર્યો નહિ; કેમકે તેણે જોયું કે તેમ કરવામાં પોતાના જાન સાથે રમત રમવા સમાન હતું. તેણે જોયું કે પોતાની સામે ઉભેલા દુશમન સાથે ઠંડેપણે વર્તવામાંજ ડાહપણ સમાયલું હતું. ખરૂં છે કે તેના પગે એક જાલેમ બલા વળગી હતી, પણ તેને કળવકલે કાહડવામાંજ તેની પોતાની સલામતી હતી. આથી તે જાણે કાંઈ ઘભરાયોજ નહિ હોય તેમ શાન્ત, સાવધ અને સ્વસ્થ રહી લગાર હસીને બોલ્યો, "ભલા શખ્સ! તું ગમે તે હોય, પણ તેં મને ઓળખવામાં સજ્જડ ઠાપ ખાધીછ. મારૂં નામ કાંઇ રોદ્રીક તાવર્સ છેજ નહિ. તે તો મારા ભાઇનું નામ છે જે મરણ પામ્યોછ. હું તો જુલિયન તાવસ છું, અને લોર્ડ ઓલ્દકેસલ છું."

આ સાંભળતાંજ પેલો દીતેકતીવ હસી પડયો અને રોદ્રીકને હાથમાંથી પકડી તેને ખેંચતો બોલ્યો, "અરે છોડ તારી ભટાઇ! એ તારી હુશિયારીને બાજુએ મેલ અને મુંગો મુંગો મારી સાથે ચાલ હવે."

પેલો દીતેકટીવ લોર્ડ ઓલ્દકેસલ જેવા ઉમરાવને હાથ પકડીને ખેંચે એ બનાવથી મીસ લેવીનિયાનું તો મોતજ થઇ ગયું. લંડનના ધોરી રસ્તાઓ ઉપર લોર્ડ ઓલ્દકેસલ જેવા તવંગર ઉમરાવની જોડેજોડ ચાલવાની તેણીને ન ધારેલી તક મળવાથી તેણીની ખુશાલીનો પાર હતો નહિ અને આ ખુશાલીની બરકતથી તો તે બાનુ પોતાના ભાઇનાં દિવાનાપણાંનો ગમ વીક ભુલી ગઈ હતી. તે સદા એમજ કહેતી કે ટકો (પૈસા) તો મળશે, પણ તક નહિ મળશે; માટે આવી તક તેણીને હાથ લાગવાથી તેનો જેમ બને તેમ પુરતો ઉપયોગ કરવાને તે તૈયાર બની હતી, પણ દીતેકતીવના એકદમ ફુટી નિકળવાથી તેણીનાં મનથી રંગમાં ભંગ થયો હતો; અને તેથી તેણીના પણ ચેહરાનું આબ ઉતરી ગયું હતું. તે મગરૂર બાનુને હવેજ પુરેપુરો ખ્યાલ આવ્યો કે બાજે વખત મોટાંનાં પેટમાં પેસવું અને પિસાઇ મરવું બરાબર છે, તોપણ તે હિમ્મત રાખી દીતેકતીવ તરફ પોતાના રંગમાં ભંગ કરવા માટે ડોળા કકડાવી બોલી:-

"તમોએ એવી તો ગંભીર ભુલ કીધીછ કે એની સજા તમોને બેશક ખમવી પડશે. લોર્ડ ઓલ્દકેસલ જેવા જાણીતા ઉમરાવ સાથે ભર રસ્તે આવી બેઅદબી કરવામાં આવે તે હું એક ઘડીભર પણ નહિ સાંખું! સારૂં થયું કે હું અહિં હાજર છું. જોવો સાહેબ! આ ગ્રહસ્થ જેઓને તમોએ હમણાંજ અપમાનથી વધાવી લીધાછ તેવણ ખરેખરા લોર્ડ ઓલ્દકેસલ પોતેજ છે. મને એ નામદારને

ઓળખવાનું માન છે." આટલું બોલી તેણીએ પોતાનાં નામનો કાર્ડ ભપકામાંજ કાહડી દીતેકતીવને આપતાં કહ્યું, "આ મારાં નામનો કાર્ડ છે. મારૂં નામ મીસ લેવીનિયા સીગીન્સ છે. હું ઓલ્દકેસલના જાણીતા સોલીસીતર મી૦ સીગીન્સની બેહન છું. હું સારી પેઠે જાણુંછ કે આ ગ્રહસ્થ જુલિયન તાવર્સ છે, નહિ કે રોદ્રીક તાવર્સ! આથી હું તમોને ચેતવણી આપુંછ કે તમો મારી રૂબરૂમાં આ ભલા અમીર સાથે કાંઇબી બેઅદબીભરી ચાલ ચલાવશો તો તેનો જોખમ તમારે સર રહેશે."

દીતેકતીવે ઘભરાતમાં રોદ્રીકનો પકડેલો હાથ છોડી દીધો અને તે જબરી મુંજવણમાં પડી ઘડીકમાં રોદ્રીકનું અને ઘડીકમાં મીસ લેવીનિયાનું કોહું ભોપવા લાગ્યો. રોદ્રીકનો ચેહરો ધારી ધારીને જોતાં હજી તેની પક્કી ખાતરી થવા પામી નહિ કે પોતે ખરો હતો કે પોતાની સામે હજી ડોળા કકડાવતી ઓરત મીસ લેવીનિયા ખરી હતી. અંતે તેણે પોતાનેજ ભમાયલો, ઠગાયલો જોયો. રોદ્રીકે તરતજ પોતાની ચપળતાથી જોઇ લીધું કે મીસ લેવીનિયાના થથરાવનારા શબ્દોએ પોતાના દુશમન ઉપર જબરી અસર કીધી હતી ખરી. આથી તે લગાર હસીને અને ખુલ્લાં અને સાફ દિલ સાથે બોલ્યો, "અય ભલા શખ્સ! તમારી બાહોશી માટે હું જરૂર તમારા વડાને મલી સિફારસ કરીશ કેમકે તમોએ તમારી ખરી ફરજ બજાવી છે. મને ખરેખર હસવું આવેછ કે મારા મરનાર બદમાશ ભાઇના મળતા ચેહરાને લીધે આવી રમુજી ભુલચુકને જન્મ મલ્યોછ પણ તે માટે હું જરાબી દલગીર નથી. અગરજો તમોને જરાબી શક હોય તો આ મારાં નામનો કાર્ડ છે."

પેલો દીતેકતીવ ખરેખર ખરચાનો પડી ગયો અને તેણે અનેક વાર રોદ્રીકની માફ માગી ઉતરી ગયલા ચેહરા સાથે ચાલુજ મુકયું. હવેજ રોદ્રીકને જીવ આવ્યો. તેણે છુટકારાનો દમ ખેંચ્યો, અને પોતાને શેરના પંજામાંથી એકવાર ફરીથી છટકેલો જોયો. તેણે મીસ લેવીનિયાનો કાંઇક ઉપકાર માની નજદીકમાં પસાર થતી એક ગાડીમાં તેણીને બેસાડી પોતેબી ચહડી બેઠો અને આવી રીતે દીતેકતીવે બિછાવેલી જાળમાંથી એક ચપરખંધો શેકાર છટકવા પામ્યો.

ડુબતો ફીણને વળગે છે.

તે એક સિહા અને શાન્ત રાત હતી; પણ સ્તેનબીજનાં કેદખાનાના ગવરનર મેજર દોન્તનું કાળું અંતઃકરણ શાન્ત હતું નહિ. તે અનેક કાવાદાવા, કાળાં ધોળાં અને દાવપેચથી તોફાની બની રહ્યું હતું. તે પોતાના ખાનગી ઓરડામાં એક તેબલ ઉપર માથું નાખી ખ્યાલમાં મસ્ત બની ગયો હતો, તેની શાન્તિનો સુર્ય સદાનો અસ્ત બની ગયો હતો. એદેલીન તેની બંને આંખોમાં એવી તો સમાઇ ગઇ હતી કે તેના ખ્યાલોમાં તેની જવાની ગોયા ઝુમાઇ ગઇ હતી. તે હતો તે કરતાં ઉમરે સવાઇ લાગતો હતો. તે એદેલીનને પોતાની પરણેતર કરવાને ચાહતો હતો, પણ તે તેણીને ચાહતો હતો, તે કરતાં તે તેણીના પૈસાનો વધુ પુંજારી બન્યો હતો; કેમકે તેને પૈસાની મોટી જરૂર હતી. તેની ઉપર કરજના મોટા ચોડાઓ ચહડતા ચાલ્યા હતા. જેથી એદેલીન જેવી લાખોની

માલેકની એક પરણેતરની તેને મોટી જરૂર હતી. પોતાની આ ઉમેદ પાર પાડવા માટે હમણાં સુધીમાં તે અનેક વળખાં મારી ચુકયો હતો, પણ સઘળું ફોકટ. જેમ જેમ વખત વધુ અને વધુ પસાર થતો ગયો તેમ તેમ એદેલીનની વધુ અને વધુ ગરજ પડતી ગઇ. વાર્તાનું આ પ્રકરણ શરૂ થાય છે તે વેળાએ પણ તે એજ ફિકરમાં ગુલતાન બની બેઠો હતો. તે સારી પેઠે હવે સમજી શકતો હતો કે એદેલીન લાયનને એવા તો અખંડ અને અખુટ પ્યારથી ચાહતી હતી કે જયાં સુધી લાયન સદંતર દુર થાય નહિ, ત્યાં સુધી તેની ઉમેદનાં દરખ્ત ઉપર ફતેહનાં ફળ લાગી શકે નહિ. તે પોતાની બેઠક ઉપરથી એકદમ ઉઠયો અને ઓરડામાં આમથી તેમ લટાર મારવા લાગ્યો. આ પછી તે એક સોફા ઉપર બેસી ગયો અને મોટેથી બોલી ઉઠયો :-

"પોતાનાં મોત પછી પોતાની બેટીને લાખોની દોલત આપી જવા છતાં, જયારે તે બાપ બેહેશતમાં જાણવા પામે કે તે બેટી પોતાનાજ ખુની કામદારને, જન્મભરનું કેદખાનું ભોગવતા ગુનેહગારને દિવાનપણાંની હદ સુધી ચાહેછ અને તેની ઉપર પોતાનો જાન અને તમામ દોલત સદકે કરેછ, તો તે કમબખ્ત બાપનું રૂહ કેટલું બધું કમકમતું હશે ! તેનું રૂહ આ નામોશીથી આ જેહાનમમાં નહિ ભમતું હશે ?"

આટલું બોલી તે ખડખડ હસી પડયો. પણ તેનું હસવું ખુશાલી કરતાં વેર અને કિનાનું વિશેષ હતું.

વળી તે પોતાની બેઠક ઉપરથી ઘણીજ અસ્વસ્થ હાલતમાં ઉઠયો, અને પોતાનું માથું બંને હાથે જોશથી દાબી બોલ્યો, "હા, હું એમજ કરૂં ! હમણાં સુધી તો એદેલીનને સમજાવતાં થાકો. પણ હવે લાયન તરફ ખ્યાલ દોડાઉં, તેને સમજાવી એદેલીન માટે જાળ બિછાવું."

તેણે તરતજ વિજળીક ઘંટ વગાડયો અને તેના જવાબમાં એક નોકર દાખલ થયો.

"તરત વડા વોરડરને જણાવ કે હું સી. ૩૫ (લાયન) ને અહિં મલવા માંગુંછ."

મેજર દોન્તના હુકમથી જયારે કમબખ્ત લાયનને તેની આગળ લાવવામાં આવ્યો ત્યારે તેણે પોતાને કોઇ બીજીજ દુનિયામાં જોયો. દોજખના અંધકારમાંથી રોશનીનાં બાગે બેહેશતમાં તેણે પોતાને દાખલ થયલો જોયો. બંદીખાનાની કોટડીમાં રોશની હોયજ કયાંથી ? રાતના અંધકાર વચ્ચે બાહેર બળતા એક ચેરાગનો ઉજાસ જે તેની કોટડીની ઉંચી બારીમાંથી ડોકયું કરી જોતો હતો તે સિવાય ત્યાં તેને રોશનીનો કશો અનુભવ મલ્યો હતો નહિ. પણ એકાએક તે દોજખખાના-માંથી બાહેર આવવાથી તેની આંખો ભભુકદાર ઉજાસ મુદલ ખમી શકી નહિ. તે આંખો ચોળી ચોળી એક જંગલી માણસની માફક પોતાની આસપાસ જોતો ઉભો. તેની સાથે ચાલતા પોહરેગીરોને મેજરે તે જગા છોડી જવાને હાથની ઇશારત કીધી, જે પછી તેણે લાયન તરફ ધિક્કાર અને કમકમાટની નજરથી જોયું. તેણે જોયું કે પોતાની સામે એક એવો જવાન ઉભો હતો જે પોતાની ઉપર આવી પડેલાં સંકટો અને કુદરત તરફના મારને લીધે ઇનસાન કરતાં એક જંગલી હેવા-નને વધારે મલતો આવતો હતો. તેનું આગલું શરીર અરધું પણ રહ્યું હતું નહિ. તેનો સોહામણો ચેહરો પોતાનું આગલું નુર અને તેજ ખોહી બેઠો હતો, અને તેનું તીર જેવું સીધું શરીર હાલમાં કમાન જેવું વાંકું વળી ગયું હતું. તે ખ્યાલ

વટીક કરી શકયો નહિ કે આવા ઉમ્મર ભરના એક ખુની કેદીને ચાહતાં, તેના ફિક્કા ગાલો સાથ પોતાના પરવાલાં જેવા હોઠો મેળવતાં, તેના ખુની, નજીસ હાથો સાથ પોતાના નિર્દોષ, નાજુક હાથો જોડતાં એદેલીન જેવી ખુબસુરતીની દેવી અને જરની પુતલી કમકમતી કેમ નથી? પણ બીજીજ પળે લાયનના ચેહરા તરફ બારીકીથી જોઇ તે પોતાનાં મન સાથે બડબડયો, "આ તે કુદરત તરફનો મારી ઉપર જુલમ નહિ કહેવાય કે લાયનનો ચેહરો તેની ઉપરની અનેક આફતો છતાં હજીબી કોઇનું ધ્યાન ખેંચે એવો દિલકશ લાગતો હતો? તેની આંખો જોકે ગમનાં આંસુઓના વેહવાથી ચુંચી બની ગઈ હતી, તોપણ તેમાં એક એવા પ્રકારની મોહિની સમાયલી હતી કે જેથી તે ધરાવનાર તરફ દુનિયાની ખોટી મોહ માયાથી નીરાળી બનેલી એદેલીન જેવીજ નાર લોહચુંબકની માફક ખેંચાયલી રહે." મેજરે જોયું કે તે બંને આંખો તેનાં (મેજરનાં) આખાં અંતઃકરણની ભીત્તરની ખબર લઇ ચુકી હતી. વળી તેણે જોયું કે તે ચેહરો, તે આંખોમાં એક એવું તો તેજોમય કિરણ પ્રકાશી રહ્યું હતું, કે જેનાં તેજથી તેનું તમામ તનબદન બળી જળી ખાખ રાખ થતું હતું. આ કિરણ, આ તેજ તેની નિર્દોષતાની નિશાન હતી જેથી તે કમબખ્ત મેજર બિલકુલ અંજાણ હતો, તે સમજવાને હજી નાદાન હતો.

"બંધવા," મેજર પોતાની મુછના આંકડા મરડી લગાર દમામથીજ બોલ્યો, "સી. ૩૫, મેં તને એટલાજ કાજે બોલાવ્યોછ કે હું તને તારો છુટકો બક્ષું! આ કેદી હાલતમાંથી તને મુકત કરૂં. બોલ, તું રાજી છે?"

"છુટકા" નું નામ સાંભળતાંજ તે કેદીના ચેહરા ઉપર સેહજ ખુશાલીનો છાપ પ્રગટી નિકળ્યો. બંદીખાનામાંથી કેદીને અને તે પણ એક નિર્દોષ કેદીને છુટવા નહિ ગમે એ બનવુંજ મુશ્કેલ હતું, એમ મેજર સારી પેઠે જાણતો હોવાથી તેણે પોતાનાં મન સાથે માની લીધું હતું કે 'છુટકા' નું નામ સાંભળતાંજ લાયન તેના પગ આગળ ઘુટણીએ પડશે અને પોતાની ઉપરની આવી કદરશનાસીથી તે એટલો તો આજેઝ બની જશે કે એકબારગી બેહદ ખુશાલી નહિ ખમી શકવાથી તે તેના પગ આગળ મુરદું બની પડશે. પણ મેજરનું આ સઘળું ધારેલું નહિ થવાથી તેની અજાયબીનો પાર રહ્યો નહિ. તે કાંઈ ફરીથી બોલવા જતો હતો, એટલામાં લાયનને કાંઇક બોલવાની હિલચાલ કરતો જોઇ તે ચુપજ બેઠો.

"સાહેબ, ત્યારે શું મારૂં નિર્દોષપણું આખરે જાહેર થયું?"

"નહિ, તેમ તો થયું નથી, પણ એદેલીન તને તેમ ધારતી હોવાથી ફકત તેણીનેજ ખાતર હું તને છુટકારો બક્ષવા માગુંછ." મેજરના આ સખુનો લાયને બેહદ કમકમાટ વચ્ચે સાંભળ્યા.

"ત્યારે તો સાહેબ, બંદીખાનામાંથી તમારા હાથે છુટકો મેળવવા કરતાં હું ઇચ્છુંછ કે હું તમારે હાથે આ જેહાનથી છુટકો મેળવું. સાહેબ! ખુનના માહ જનુન અપરાધના કાળા કલંક સાથે છુટકો મેળવવા હું માંગતોજ નથી. બેહતર કે આ દોજખખાનામાંજ મારૂં નિર્દોષપણું આશકારા કરી મોતને હાથે છુટકો મેળવી શાન્તિથી મરૂં. બાકી મારાં માથાં ઉપર ખુનનાં ટીંગાતાં સિહા વાદળ સાથે છુટકો પામવો એ જેહાનમ કરતાં પણ માહ બુરૂં હું સમજુંછ."

મેજર તો બસ ઠસજ થઈ ગયો. તે સમજી શકયો નહિ કે કેદી લાયન ખરેખરૂં બોલતો હતો કે ખોટું ડોળ માત્ર ઘાલતો હતો. તેણે પોતાની સમજાવટ ચાલુજ રાખી:—

"અરે બંધવા! તને ખ્યાલ છે કે હાલમાં એદેલીનનો કેવો બુરો હાલ છે, તારી જીંદગી ગોયા તેણીના જીવનો કાળ છે. તે કાંઇ અજબ દિવાના પ્યારથી તને હજી પણ ચાહેછ, જે તેણીનું સર્ફ હેમાકાતપણું છે. તબીબો જણાવેછ કે તેણીનું મગ્જ ત્યારેજ ઠેકાણે આવે કે તું કોઈ દુરદરાજ મુલકમાં તેણીની જાણ વિના કંગાળ જીંદગીમાં સબડતો રહે. કોઇને ખાતર નહિ તો એદેલીન જેણીએ તારી ઉપર પોતાનું તન, મન, ધન અર્પણ કીધુંછ તેણીની પ્યારી જીંદગી ખાતર, તેણીને સિહા નામોસીમાં ગર્ક જતી બચાવવાને ખાતર, આ સદાની આફતમાંથી મારી આબરૂના જોખમે હું તને છોડવવા માંગુંછ. હુ ધારૂંછ કે તને તારી જીંદગી આ જેહાનમાં સર્વેથી વધુ પ્યારી હશે!"

આ સાંભળતાંજ લાયન એકદમ ઉસ્કેરાઈ બોલ્યો:—

"નહિ સાહેબ! મને આ દુનિયામાં સર્વેથી વધુ પ્યારી જીંદગી નહિ, પણ મારી આબરૂની સલામતી છે, મારી હોરમતની પાસબાની છે. સાહેબ, જીંદગી તો તોફાની છે, ફાની છે. આબરૂ ઇજ્જતજ માત્ર જાવેદાનીની નિશાની છે, રાહે યઝદાની છે. જીંદગી ખાર છે, આ જુઠી જેહાનમાં ખુદા તરફનો માર છે."

"અરે પણ દિવાના, તારી એદેલીન તો ગોયા ચેરાગ છે, તારાં સુખને માટે બળતી આગ છે. શા સારૂ તે બાનુ માટે નાહક તારી જીંદગી બંદીખાનાનાં દોજખમાં પુરી કરેછ? ખ્યાલ કર! પાછળથી તું પસતાશે."

"કદી નહિ! એક પરવાના જેવું નાનું, તુચ્છ જીવજંતુ ચેરાગની મોહબતમાં તેની આસપાસ ભમી ભમી બળી મરેછ ને મોહડેથી હર્ફ વટીક કાહડતું નથી, તો હું ઇનસાન જેવો ઈનસાન—"

મેજરે તેને આગલ બોલવા દીધોજ નહિ. તે વધુ ઉસ્કેરાઇ જઇ પોકારી ઉઠયો, "અરે નાદાન, બંદીખાનામાં સબડતો રહેવાથી તું શું તારાં ઓળખીતાં ઇનસાનોથી શરમાતો નથી? શું તને તેમનો ડર નથી?"

"હું ઇનસાનનો ખોટો ડર કરતોજ નથી. મને મોટો ડર મારા રાહબર પરવરનોજ છે."

"અરે શેતાન! શું તને મારોબી ખોફ નથી?"

"જરાબી નહિ. મને આ દુનિયામાં સર્વેથી મોટો ખોફ પરવરદેગારનો છે, તેથી ઉતરતો મારી માવતર અને એદેલીનનો છે."

લાયનના આવા મક્કમ સખુનોથી મેજર દોન્ત તો મોત જેવો ફિક્કો ફચ થઇ ગયો. તેનો દમ ગોયા બંધાઇજ ગયો. તોપણ તેણે પોતાની સમજાવટ ચાલુજ રાખી.

શું લાયન મેજરની સમજાવટનો ભોગ થઇ પડશે? શું તે એદેલીન જેવી પ્યાર કરતી રાણીને છોડી જશે? તરછોડી જશે? કે ડુબતો મેજર ફીણને માત્ર વળગે છે? જોઇશું.

અંતે મેજરની હાર.

"બોલ, બંધવા બોલ! કે તારી એદેલીનને ખાતર આ બંદીખાનામાંથી નાહસવાને તું તૈયાર છે?"

લગભગ કલાક સુધી મેજરે લાયનને રાહ ઉપર લાવવાને માથું ઝીકવા પછી કંટાલીને ઉપલો સવાલ પાછો કીધો.

"નહિ, હરગીજ નહિ! હું એવી રીતે હિચકારો બની આ તુરંગનું જેહાનમ વટીક છોડવાનો નથી. તારી દયા મેળવવા કરતાં કુદરતનો ખોફ મને હજારવાર પસંદ છે. હવે તો સુખ યા દુઃખ માટે મારી આંખો બંધ છે. મારૂં જીગર સુન મારી ગયુંછ. જયાં સુધી મારા દમમાં દમ બાકી છે ત્યાં સુધી મારૂં નિર્દોષપણું સાબેત કરીશ, સારી જેહાનને દેખાડીશ કે એદેલીન જેવી ફરેસ્તા ખસલત બાનુએ કાંઈ ખુની ઉપર પોતાનું તન, મન, ધન અર્પણ કીધું નથી પણ એક સાચ્ચા આશકને પોતાનું દિલ દીધુંછ."

લાયનની આવી અજબ જેવી જીદથી મેજરને ગુસ્સો તો ઘણોબી ઉપજયો, પણ કરે શું? તે એદેલીનના પૈસાના તેજથી ગોયા આંધળો બની ગયો હતો. તેણે પોતાની સમજાવટ ચાલુજ રાખી.

"પણ નાદાન, એદેલીન તો તારે માટે જંજીર છે, શમશીર છે."

લાયન પોતાની ઉપરની ગમે તેવી આફત છતાં મેજરના ઉપલા બોલોથી હસી બોલ્યો, "નાદાન હું નહિ પણ તમો માલમ પડોછ. એદેલીન તો મારે માટે સુખનો આશીર્વાદ છે, મારાં દુઃખનો જલ્લાદ છે. ખરૂં છે કે તે પરીસુરત બાનુનાં જુલ્ફ મારે માટે જંજીર છે, તેનાં અબરૂ મારે માટે શમશીર છે."

લાયનની જબાનનાં આ તીરોથી મેજરનું તન બદન ચાક ચાક થઇ ગયું; તેનો ચેહરો પાણી પાણી થઈ ગયો. તોપણ તે હિમ્મત રાખી બોલ્યો, "અરે અહેમક! આ બંદીખાનામાં બિછાવેલા કાંટામાંથી હું તને ફુલવાડીમાં લઇ જવા માંગુંછ, છતાં તું જીદ કરેછ!"

"હા, કેમકે મારી એવી હાલત છે કે મારી આંખોમાં ફુલબી કાંટાનીજ માફક ખટકેછ," લાયન મજબુત અને મક્કમ અવાજે બોલ્યો.

મેજર હાથ ઉપર હાથ અફાળી બોલ્યો, "અરે! તારી આવી અજબ જેવી હઠથી તો તારી આસપાસ આફતનો દરિયો જમા થશે, અને તેમાં તું ગર્ક જશે."

"હું અત્યાર આગમચનો ગર્ક થઇ ચુકયોછ. આંસુઓએ મારી આંખોને દરિયો બનાવી દીધોછ. હું તેમાં માથાંથી પગ સુધી ડુબી ગયોછ. વધુ ડુબવાની મને ધાસ્તી રહીજ નથી."

"ત્યારે બંધવા, શું તું મારી માંગણી ના પાડેછ? તારી નાહસભાગ માટે મેં જે દરવાજો જાણીજોઈ ખુલ્લો મેલ્યોછ તે રસ્તે જવાનો તું ઇનકાર કરેછ? લાયન, તારે માટે એદેલીનને કેટલું શરમાવું પડેછ તેનો તને જરાબી ખ્યાલ છે?"

"સાહેબ! જેઓને મારે માટે શરમાવું પડેછ તેમને માટે મને પોતાને શરમાવું પડેછ."

ગવરનર ચોંકયો, અને લાયનને ધારી ધારી જોવા લાગ્યો. તેણે જોયું કે તેની સામે જનમભરનાં કેદખાનાની સજા ભોગવતો એક કંગાળ કેદી તેનો હરીફ હતો.

જે ઓરતને તે પોતે ચાહતો હતો તેજ ઓરતને તે બંધવો ચાહતો હતો, અને સર્વથી અફસોસને પાત્ર તો એ હતું કે જયારે તે ઓરત તેને ઠોકરે મારતી હતી ત્યારે બંધવાને તે જાનો જીગરથી ચાહતી હતી. આ તે ખુદાની કુદરત કે ખુદા તરફની આફત?

તે આ ખ્યાલથી કમકમી બોલ્યો, "ત્યારે તું અંતે મારી મેહરબાનીભરી અરજ નાજ પાડેછની? આ દોજખખાનુંજ તને વધુ પ્યારૂં છેની? અરે તું હજી કેવો દિવાનો કે તું હજીબી એદેલીનને તારી પરણેતર બનાવવાની ઉમેદમાં જીવેછ? તું શું ઘડીભરબી ફાંકો રાખી શકેછ કે અગરજો તું સારી ચાલ ચલાવશે તો વીસ વરસનું કેદખાનું ભોગવી છુટો થશે? અને ત્યાંસુધી એદેલીન તને પરણવા વિના બેસી રહેશે? વીસ વરસ કોણે જોયાંછ? એટલા અરસામાં તો તું ઇનસાનનાં રૂપનું એક ભાંગેલું ખોખું બની જશે અને તારો ચેહરો જોતાંજ એદેલીનને કમકમાટનું સખ્ત લખલખું ભરાઇ આવશે. તે વેળાએ તે તવંગર બાનુ તુને પરણે તો શું પણ અડકશે વટીક નહિ. તે તારેથી સો કદમ દુર નાહસશે."

નીલ લાયન ગવરનરના આવા સખુનો સાંભળી ઘણો મુંજાયો, અને તેણે પોતાના હોઠો મજબુતાઇથી બીડી દીધા. એક બે પળ ખ્યાલમાં મશગુલ રહ્યા જે પછી તે માહ મુશ્કેલીથી બોલ્યો:—

"સાહેબ, મારો ઠરાવ સાંભળી લો કે હું લાંબો ખ્યાલ કરતાં તમારી માંગણી મોટા ધિક્કાર સાથે ના પાડુંછ. હું જો તમારી માંગણી કબુલ કરૂં તો મારા જેવો કંગાળ, કમબખ્ત કોઇજ નહિ હશે."

મેજર વધુ અને વધુ ફિક્કો થતો ચાલ્યો. લાયનના મજબુત ઠરાવથી તે વધુ અને વધુ નાઉમેદ થયો અને તે નાઉમેદીનીજ ધુંદમાં ગલગલતા સાદે બોલ્યો, "બંધવા, હજીબી તારા હાલપર ખ્યાલ કર ને મારી માંગણી કબુલ કર. એવી તક હું તને આજ પછી કદીબી આપી શકવાનો નથી. કેમ કબુલ?"

"નાકબુલ! હું ફરીથી તમારી માંગણી ના પાડુંછ, સાહેબ! હું મારો ઠરાવ મજબુત રીતે કરી ચુકયોછ અને હવે હું તે ફેરવી શકતો નથી. જાવો, સાહેબ જાવો! ખુદા ખાતર જાવો! મારૂં સર ના ખાવો! મને નાહક આ દુનિયાની લાલચથી ના બહેકાવો! ના સતાવો! મારૂં સીનુ ના ચાક કરો! મારી ઉમેદને ના ખાક કરો!"

બંધવો ઉપલું બોલતાં એટલો બધો તો ઉશ્કેરાઇ ગયો હતો કે તેનો દેખાવ કાંઇ જુદીજ કિસમનો બન્યો હતો. ગવરનર તેનો આવો હાલ જોતાંજ ચમકી પોતાની બેઠક ઉપરથી ઉઠી વિચારોમાં ગુલતાન બની તે ખાનગી ઓરડામાં આમ-થી તેમ ફેરા ખાવા લાગ્યો. તે જાણે પોતાના એકજ ઠરાવ ઉપર આવ્યો હોય તેમ એકદમ પોતાની લખવાની ટેબલ આગળ અટકી ઉભો અને તેણે જોશથી ઘંટ વગાડયો. તરતજ એક પોહરેગીર દાખલ થયો. તેણે એક વાર ફરીથી લાયનના સોહરાયલા સુકાયલા ચેહરા તરફ ધિક્કાર અને કમકમાટની નજરથી જોઇ પેલા પોહરેગીરને થથરાવનારા સાદે હોકમ કીધો, "કેદીને એકદમ અહિંથી એની જગા ઉપર લઈ જા!"

લાયનના સરોવરનાં ઝાડ જેવા ઉંચા આકારને તે ઓરડામાંથી પોહરેગીરોની વચમાંથી પસાર થતો જોઇ મેજરે એક નિસાસો નાખ્યો. તે બારી આગળ દોડ-યો અને રસ્તા ઉપર નજર કીધી તો તે બંધવો જાણે કાંઇજ બન્યું નહિ હોય તેમ પોતાની બુરી સરજતને તાબે થઇ ધીમાં પણ સાબુત કદમે ચાલ્યો જતો હતો.

છુટકારા માટે જંગ.

કમબખ્ત જુલિયન! તેણે પોતાની કમબખ્તી પુરી થવાનો વખત નજીક આવેલો જોયો. તેના ચંડાળ ભાઇએ મોટી રકમની લાલચે તેનું ખુન રેડાવવા ઉપર કમર બાંધી હતી અને એક બે દિવસના ટુક અરસામાં તેના જાનનું પંખેરૂં તેનાં તનનાં પિંજરાંમાંથી ઉડી જનાર હતું. આ દેહેશતનાક ખબર તેણે બંને બારડો ભાઇઓનાં મોહડે પોતાના કાનોકાન સાંભળી હતી, એટલે એ બીનામાં કશી સહરાગાત જેવું તો હોયજ કયાંથી? સેંકડો ખુન કરનાર ખુનીને વટીક આ જંજાળભરી દુનિયામાં જીવવાની હોંસ અને ઉમેદ તો હોયજ છે, તો તેના જેવા તંવગર અમીરને કેમ નહિ હોય? તે જીવવા માંગતો હતો; લોર્ડ ઓલ્ડકેસલ તરીકે અને એદેલીનના ખાવિન્દ તરીકે પોતાની નામના મેળવવા માંગતો હતો. તેને મરવા ગમતું હતું નહિ. તે કોણને ગમે? તેમાં ખુન જેવાં મોતે મરવાના ખ્યાલથી તો તે માથાંથી પગ સુધી ધ્રુજ્યો. તેની જીંદગીનું બારકસ મોતને ખરાબે અથડવાની અણી ઉપર હતું એમાં તો કશો શક હતો નહિ, પણ હવે કરવું શું? પોતાની જીંદગી કેમ બચાવવી? કોઇબી રીતે આજે રાતે આ કંગાળ મકાન છોડી જવાના ઠરાવ ઉપર આવવા સિવાય બીજો કશો ઇલાજ હતો નહિ.

પણ તે કેમ? કેવી રીતે? આ દોજખખાનામાંથી છુટકો મેળવવો એ કાંઇ સેહલ કામ હતું નહિ. તે મકાન એક જાલેમ બંદીખાના યા કિલ્લા કરતાં પણ વધારે જાપતાવાળું હતું, અને તે એવી જગો ઉપર આવવા પામ્યું હતું કે નાહસભાગથી છુટકો મેળવવો એ ગોયા આસમાનને હાથ લગાડવા સમાન હતું. તે ગમે તેટલો પાપી છતાં, ખુદા તરફની ફરજનો ચોર છતાં, તેણે તે સાહેબના શુક્રાના કીધા કે બંને બારડો ભાઇઓનાં મોહડેથી તેનાં ખુનની ખબર સાંભળવાને તે નસીબવંત નિવડયો હતો, જેથી તે પોતાનો જાન તે બંને જલ્લાદોના હાથથી બચાવવાની પેરવી કરવાને કાંઈક શક્તિવાન નિવડયો હતો.

તેને જે ખ્યાલ આવ્યો તે એ કે તેની મિઠી જીંદગીનો આધાર આ મકાનમાં ફક્ત એકજ નાજુક અબળા ઉપર લટકી રહેલો હતો અને તે લુસી હતી. તેણે ધાર્યું તેમ લુસીને તો તેણે અરધી અરધ જીતી હતી અને આજે રાતે બાકીની અરધી જીતી તેણીની મદદથી આ દોજખખાનું છોડી જવાનો તેણે નિશ્ચય કીધો. પણ આ બાબદમાં પણ એક નડતલ તેના ઠરાવની આડે ઉભી હતી. કેમકે જેમ અકસમાતથી તે પોતાનું ખુન થવાની ખબર ભરાઇ છુપાઇને મેળવવા પામ્યો હતો તેમ તેણે એક બીજી પણ ખબર મેળવી હતી જે લુસીના પોતાના બાબમાં હતી. બારડો ભાઇઓ તેણીને પોતાના જેવાજ એક લટખટ બદમાશ અને પોતાના ભાગ્યા જેવા કરપીણ લ્યુક સાથે પરણાવવા માંગતા હતા, જે પછી આ જોડું નવાં સાહસકર્મ માટે પેરીસ ખાતે તેમના એજંટ તરીકે ઉપડી જનાર હતું. ત્યાં તેમને હાથ મારવાનું એક નવું પણ ફલદ્રુપ ખેતર હાથ લાગ્યું હતું. ત્યાંની એક તવંગર ડચેસને ત્યાં લુસી એક દાસી તરીકે નોકરી રહેનાર હતી. એમ કરવાની નેમ તે ડચેસ પોતાનાં કિમતી ઘરેણાં કયાં રાખે છે તે જાણી લઇ તેને લગતી બાતમી પોતાના બદમાશ ખાવિન્દને આપવાની હતી. તે બદમાશોએ તે અમીરી બાનુની તવંગરીની અનેક વાતો સાંભળેલી હોવાથી અને તેણીનાં શરીર ઉપર

લાખોની કિમતનાં ઘરેણાં પોતાની નજરો નજર જોયલાં હોવાથી તેમનો ડોળો તેણીની બેશુમાર દોલત ઉપર ખોબાઇ રહ્યો હતો.

પણ અગરજો લુસી ડ્યુકને પરણી પેરીસ ખાતે ઉપડી જાય તો જુલિયનની એકપુરી ઉમેદ ઉપર સદાનું ઢાંકણુ વળેલુંજ કહેવાય. આથી આજ રાતેજ સઘળો લટકો ફટકો કરી નાખવાના તેણે સોગંદ લીધા અને રાત પડવાની રાહ જોતો તે ઇંતેજારીથી બેઠો. તેનો સઘળો કરાર ઉઠી ગયો હતો. તે બેકરાર બની ગયો હતો. આજે રાતે આ તર કે પેલી તર કરી નાખવા સિવાય તેની પાસે તેના છુટકારાની બીજી એકે ચાવી હતી નહિ.

રાત પડી. નવ વાગ્યા. હાજર કરવામાં આવેલું ખાણું ભુકબાચક તેણે ખાઇ લીધું, જેથી તેણે પોતાનાં બદનમાં કાંઇક કૌવત આવેલું માન્યું. જે હમણાં સુધી ઘેટાંના જેવો ગરીબ બની બેઠો હતો તે હવે વાઘની માફક છલાંગ મારી ઉઠયો. તે શું કરવાનો હતો અને હમણાં શું કરતો હતો તેનું તેને બિલકુલ ભાન હતું નહિ. તે સદંતર ભાન ભુલો બન્યો હતો. તે પોતાના ઓરડામાંથી મનાઇ છતાં બાહર નિકળ્યો. તે ચાહોમ બારડો ભાઇઓના ઓફીસવાલા ઓરડામાં દાખલ થયો. તે ઓરડો ખાલી હતો. ત્યાં કોઇ હતું નહિ. જયારે બંને ભાઇઓ લુટફાટનાં સાહસકર્મ ઉપર જતા ત્યારેજ આરીસવાલો આ ઓરડો તેમની હાજરી વિના ખાલી પડતો હતો. આ માટે તે ખોદાના શુક્રાના કરવા જતો હતો એટલામાં તેની નજર ત્યાં ટેબલ ઉપર પડેલી એક રીવોલવર ઉપર પડી. તે કાંઇ અજબ ખુશાલીથી દિવાનાની તરેહ કુદયો અને જાણે તે રીવોલવર કોઇ બીજું લઇ લેવા માંગતું હોય તેમ મોટાં જોશ સહિત તે તે તરફ ધસ્યો ગયો અને ગોયા કોઈના હાથમાંથી તે ખુંચવી લેતો હોય તેમ ટેબલ ઉપરથી તે ઝડપથી ઉચકી લીધી, અને પોતાના કોતનાં ગજવામાં ઘણીજ ઉતાવળથી સેરવી દીધી. તે ત્યાંથી નિકળ્યો તેવોજ તેણે લુસીના ઓરડા તરફ ચાલુ મુકયું. તે ઉસ્કેરાયલો હતો, જેથી પકડાઇ જવાની તેને બિલકુલ પરવા હતી નહિ. તે જેવો લુસીના ઓરડામાં ધસ્યો જતો હતો, તેવીજ લુસી બાહર આવી. તેને જોતાં તે બેશક ઘણીજ ઘભરાઈ કેમકે તેણીએ જોયું કે તે હદથી જયાદા ઉસ્કેરાઇ ગયો હતો અને ગુસ્સાના છાપથી તેનો સફેદ ચેહરો કિરમજી બની ગયો હતો. લુસી તેની આવી હુલડાઇ માટે કાંઇ પણ સવાલ કરે તે આગમચ તે તેણીનો હાથ પકડી કુતરાંની માફક તેણીને ખેંચતો પોતાના ઓરડામાં ઘસડી લાવ્યો. તેણે હાથની ઇશારતથી તેણીને બેસવાનો હુકમ કીધો. તે ચાવી આપેલાં પુતલાંની માફક બેઠી. જુલિયન ઉસ્કેરાયલી ઢબેજ બારણાં આગળ દોડયો અને મોટા ધડાકા સમેત તે બારણું બંધ કીધું, અને લુસી સામે તે આવી ઉભો.

"બોલ, લુસી! તારી કબુલાતનું શું?" જુલિયન શાન્ત થઇ હસીને બોલ્યો.

"કઇ કબુલાત? કબુલાત શું ને વાત શું? મેં કાંઈ કબુલાત જેવું આપ્યુંજ નથી," લુસી અજબ થઈ બોલી.

"જોકે તેં ખુલ્લા બોલોમાં કબુલાત નથી આપી એમ હું કબુલ કરૂંછ, તો પણ હું એટલું તો જાણી શકયોછ કે તું મને ચાહેછ. તેં તારી તરફના મારા પ્યારને ઉત્તેજન આપ્યુંછ. તને ચાહવાનો તેં મને પુરતો સબબ આપ્યોછ. બોલ, લુસી! તું હજી મને ચાહેછ કે પેલા બદમાશ જબુનીને, લોર્ડ ઓલ્ડકેસલને કે પેલા હડહડતા ખુનીને? લુસી, હું જાણુંછ કે તારો બદમાશ બાપ અને કાકો પોતાના જેવા હડહડતા લુચ્ચા ડ્યુક સાથે તને પરણાવવા માંગેછ."

લ્યુકનું નામ સાંભળતાંજ લુસી ચોંકી. તે અજબ થઇ કે તેમનો આ ભેદ તે કેવી રીતે જાણવા પામ્યો હતો.

"માટે ચાલ મારી સાથે! લુસી! નાહસ મારી સાથે! હું તને પાપી કરતુકોના આ સિહા ગુફામાંથી બચાવી લેડી ઓલ્ડકેસલની માનભરી પંક્તી ઉપર ચહડાવવા માંગુંછ. કેમ કબુલ છે?"

લુસીએ ડોકું ધુણાવી જણાવ્યું, "હું લેડી ઓલ્ડકેસલ થવા માંગતીજ નથી. હું લ્યુકને તારી આગમચનો ચાહુંછ. અમો બંને પરણીને પેરીસ ખાતે તાલેવંત થવાની ઉમેદ ઉપર જીવ્યેછ."

જુલિયને ડોળા કકડાવી પોકાર કીધો, "લુસી! હું તે જાણુંછ. પેરીસમાંની એક દચેસને ત્યાં તારો બાપ અને કાકો તને નોકરીએ રાખવા માંગેછ, જયાં તું તેણીનાં કિમતી ઘરેણાંવાલી જગ્યા શોધી કાહડી તારા બદમાશ ખાવિન્દ લ્યુકને જણાવશે અને તે તે ઉપર દરોરો નાખશે. એમજ કેની, લુસી?"

લુસી તો બસ ઠસજ થઇ ગઇ. તે તો ડાચું વકાસી જુલિયનનું કોહુંજ ટીકતી ઉભી. આ ભેદ જે તેણી પોતે, બંને બારડો ભાઈઓ, અને લ્યુક સિવાય બીજું કોઇ જાણતું હતું નહિ તે ભેદ જુલિયનની જાણમાં કેમ આવવા પામ્યો તે તે ગમે તેટલો ખ્યાલ કરવા છતાં સમજી શકી નહિ. આ ભેદ એવો ગંભીર હતો કે જે ઉપર તેઓ ચારેની જીંદગીની સલામતી લટકી રહેવા પામી હતી. જે ભેદ તેઓ પોતાનીજ છાતીમાં છુપાવવા માંગતાં હતાં તે ભેદ આવી રીતે એક તરાહેત શખ્સની નજરમાં ખુલ્લો થવાથી તે બહુજ બીધી, પણ તે હિમ્મત રાખી બોલી, "તું ગમે તે બોલ, પણ હું તો લ્યુકને ચાહુંછ. મને લેડી ઓલ્ડકેસલ થવાનો બિલકુલ અભખરો નથી. લ્યુકની પરણેતર થવા સિવાય મારી પાસે બીજો ચારો નથી. ચાલ, વચમાંથી ખસી જા, મને જવા દે. મારા બાપ કાકાની ગેરહાજરીમાં મારે મારી ફરજ બજાવવી જોઇએ."

લુસીના આવા મક્કમ ઠરાવથી જુલિયનનો ગુસ્સો વધુ ઉસ્કેરાયો. તેની નજર પોતાની સામેનાં મોટાં પણ પુરાણાં ઘડિયાળ ઉપર પડી. ઘડિયાળમાં બારનો થોકો પડવાને પાંચ મિનિટનો વિલંબ હતો. તેણે લુસીનો હાથ પોતાના મજબુત હાથમાં પકડી ઘડિયાળ તરફ આંગળી બતલાવી દાંત ઉપર દાંત ચહડાવી કહ્યું, "જો, લુસી! પેલાં ઘડિયાળ તરફ નજર કર. બારમાં પાંચ મિનિટ કમ છે. બાર વાગા સુધી તારા દમમાં દમ છે. હું તને વિચાર કરવાને એટલી પાંચ મિનિટ આપુંછ. તને શું પસંદ છે, જીંદગી યા મોત? અગરજો તું જીવતી રહેવા માંગતી હોય તો નાહસ મારી સાથે. હું તને લેડી ઓલ્ડકેસલ બનાવવા માંગુંછ."

"અને હું તારી માંગણીને ઠોકરે મારૂં તો?" લુસીએ તેના ગુસ્સાની જરા પણ પરવા કીધા વિના સવાલ કીધો.

"તું મારી માંગણીને ઠોકરે મારે, તો હું તને ગોળીએ મારૂં." આટલું બોલી તેણે તરતજ ખેંચાઈ ગયલા ડોળા સાથે પોતાના કોતનાં ખીસાંમાંથી પેલી છુપાવેલી રીવોલવર ખેંચી કાહડી. તેણે તે લુસીના કપાળ તરફ ટાંકી કહ્યું, "લુસી, પાંચ મિનિટમાં તું લેડી ઓલ્ડકેસલ બને યા મારા પગ આગલ મુરદું થઇને પડે એ તારા હાથમાં છે. બોલ! તને શું પસંદ છે, નામોશીભરેલું મોત યા આબરૂભરેલી જીંદગી?"

જુલિયનના હાથમાં રીવોલવર જોતાંજ લુસી ફિક્કી મારી ગઇ. તેણીના બંને પગો થરથર કાંપવા લાગ્યા.

"લુસી ! બારનો થોકો થોકાતાંજ તું મારી માંગણીને શરણ થશે નહિ તો આ રીવોલવરની ગોળી તારાં માથાંમાં પસાર થશે, જે પછી બીજી ગોળી મારાં જીગરને વિંધી નાખશે અને આવી રીતે આપણુ બંનેનું કામ આ દુનિયાઇ તખ્તા ઉપરથી સદાનું તમામ થશે."

લુસી બારડો હમણાં સુધી મુંગી મંતર અને સુની સાવજ જેવી ઉભી હતી. તેણીએ તેના હાથમાંથી પોતાનો હાથ છોડાવવાને ઘણીબી કોશેશ કીધી પણ વ્યર્થ. આથી તે આંખોનાં ભવાં ચહડાવી બોલી :—

"જુલિયન ! તું દિવાનો છે."

"જેમ તું ધારે તેમ. પણ હું દિવાનો છું કે નહિ તે સવાલ ઉપર તકરાર ચલાવવાનો આ વખત નથી. તે સવાલ હવે પછી આપણે તપાસશું. હાલમાં જે તારૂં કામ છે તે તું કર. તને શું પસંદ છે, બોલ, જીંદગી યા મોત ?"

લુસી હિચકારી સ્ત્રી હતી નહિ. તે એક છેડાયલી વાઘનની માફક જુલિયન તરફ ધસી ગઇ અને તેના હાથમાંની રીવોલવર ઝુંટી લેવાને ખેંચતાણ કરવા લાગી પણ જુલિયન તે સ્ત્રીથી ખાંડયો જાય એવો હતો નહિ. તે છેલ્લે પાટલે બેઠેલો જણાતો હતો, અને જોકે તેના કરતાં તે સ્ત્રી લગાર વધુ ઉંચી હતી અને બીજી સાધારણ સ્ત્રીઓ કરતાં તે જોકે વધુ જોરાવર હતી તોપણ જુલિયન આગળ તેણીનું કશું ચાલ્યું નહિ. તેમ થાય તેમાં કશી નવાઇ હતી નહિ. કેમકે તે જીવ ઉપર આવી ગયો હતો. તે સારી પેઠે જાણતો હતો કે આજ રાતની તક તેણે ગુમાવી તો તેણે જાણીજોઇ પોતાને માટે મોતને આમંત્રણ કરવા સમાન હતું, પોતાની મિઠી જીંદગીથી હાથ ધોવા બરાબર હતું.

"દિવાનો, ખરેખર, દિવાનો !" લુસી અંતે હારી નિસોસ થઇ બેસી પડી બોલી.

"લુસી, જો ! તારી નજર ફેરવી જો કે તારી જીંદગીનું પાણી ભરાતું જાયછ ! મિનિટ ઉપર મિનિટ પસાર થાયછ. તારી જીંદગીની ઓટ થતી જાયછ." આટલું બોલી તે પોતાની રીવોલવર તેણીનાં માથાંની વધુ નજદીક લઇ જઇ બોલ્યો "બોલ, લુસી ! જીંદગી યા મોત ?"

લુસીએ પોતાના હોડો ખોલ્યા અને તેણીની હિલચાલ ઉપરથી તેણે જોઇ લીધું કે તે હિમ્મતવાન બાનુ મદદ માટે બુમ પાડવાની તૈયારીમાં હતી.

તેણીની તે હિલચાલ જુલિયન પામી જવાથી તે બોલી ઉઠયો, "ચુપ ! ખબરદાર ! કાંઇ સેહજબી ચવરીછ તો ! અગરજો બુમ પાડવાની તેં જરાબી કોશેશ કીધીછ તો તારાં ગળાંમાં તેજ ઘડીએ આ રીવોલવરની ગોળી પેસાડી તારો જાન કબ્જ કરશ. તું બુમબી પાડશે તો તારી મદદે અહિં કોઇ આવી શકવાનું નથી; કેમકે દરવાજો બંધ છે. વળી તારો બદમાશ બાપ અને કાકો આ મકાનથી કાળું કરી ગયલા છે. કોણની મકદુર છે કે મને તારો જાન લેતાં અટકાવે ? અને જેણે મને અટકાવ્યો તેની કમબખ્તીજ જાણવી, કારણકે તેબી તારી સાથે મારા પગ આગળ મુરદું થઇનેજ પડવાનો. આથી થશે એમ કે પોલીસ તમો ચંડાળ ચોકડીનું પાપ પામી જશે અને પરદામાં છુપાયલો ભેદ પરપોટાની માફક ફુટી જશે. લુસી ! જો ઘડીયાળ તરફ જો ! ચાલ હવે ઉતાવળ કર !"

આખરે છુટકારો.

લુસીએ બીહતાં ધ્રુજતાં ઘડીયાળ તરફ નજર કીધી. કલાકનો કાંટો બારના આંકડા ઉપર આવવાની તૈયારીમાં હતો. તેણીએ પોતાની જીવ સટોસટ પળ જોઇ લીધી. તેણીએ એ પણ જોઈ લીધું કે અગરજો એ રીજમાં ગોળીથી ઠાર થવાના એકાદ બે કમનસીબ બનાવો બનવા પામશે તો બેશક પોલીસનું ધ્યાન એ મકાન તરફ જરૂર ખેંચાવાનું અને છેવટ માહ બુરૂજ આવવાનું. એકજ વધુ પળ ! અને બીજી પળે લુસી જુલિયન આગળ ઘુંટણીએ પડી તેનો એક હાથ પોતાના હાથમાં લઇ બોલી:—

"જુલિયન! અગરજો તું મને ચાહવાનું ડોળ ઘાલેછ તો મને મારી નાખવાની ધમકીથી શું તારૂં તન બદન કમકમતું નથી? મારા જાન જુલિયન! તું એટલો બધો ઉતાવળો ના થા. હું તારી ચાલથી એટલી બધી તો અકરાઈ ઘભરાઇ ગઇછ કે આવા અકરાટ ઘભરાટમાં તને એકદમ કેમ જવાબ આપી શકું? જુલિયન! મને એક બે દિવસની મેહતલ આપ."

જુલિયન મોટેથી હસી પડી બોલ્યો, "વાઘનને જખમી કરી જતી મુકવી, સાપનને અરધી જીવતી હાલતમાં છોડી દેવી અને લુસીને આજના બનાવ પછી એક બે દિવસની મેહતલ આપવી બરાબર છે. નહિ, હમણાંજ, અબઘડીએજ મને જણાવ કે તને શું પસંદ છે? લેડી ઓલ્ડકેસલ થવાનું કે પેલા ચંડાળની ઓરત બનવાનું?"

"મને લેડી ઓલ્ડકેસલ થવાનો ઘણો શોખ છે પણ મને વખતની જરૂર છે."

"કદી નહિ! હમણાંજ મને તારો હા યા નાનો જવાબ જોઇએછ. બોલ! બારનો થોકો થોકાવાની તૈયારીમાં છે, માટે બોલ, તારી જબાન ખોલ, નહિ તો તારી જીંદગી ઉપરથી હાથ ઉઠાવ." આટલું બોલી તે પોતાની રીવોલવર તેણીનાં માથાંની વધુ નજદીક લઇ ગયો. આથી લુસી એક ધીમી ચિચ્યારી પાડી બોલી ઉઠી, "બોલ, તું મને શું કહેવા માંગેછ?"

"મને આ દોજખના ગારમાંથી એકદમ બાહેર લઇ જા," જુલિયને ગગડાટ કીધો.

સીધો જવાબ આપવાને બદલે લુસીને કાંઇક આનાકાની સાથે આસપાસ નજર કરતી જોઇ તે રીવોલવરનું મોહડું તેણે તેનાં કપાળની ઉપર ચાંપ્યું અને તે ખાનાખરાબી ભર્યું હથિયાર તેણીની ચામડીને ઠંડુગાર લાગતાંજ તેણીની શુધ્ધિ પાછી ઠેકાણે આવી, જેથી તે બોલી ઉઠી, "જુલિયન! હું તૈયાર છું. તું જે માંગેછ તે કરવા રાજી છું."

"તું મને ઠગતી તો નથીની?" જુલિયને ડોળા કકડાવી સવાલ કીધો.

"નહિ!" લુસીએ રીવોલવરના ડરથી કમકમી જવાબ દીધો.

જુલિયને તેણીનો હાથ આ સાંભળતાં તરતજ છોડી દીધો, પણ તેણે રીવોલવર તો તેણીનાં માથાં તરફ ટીકેલીજ રાખી કહ્યું, "ત્યારે તો ચાલ, મારી સાથે બાહર ચાલ! મને આ દોજખખાનામાંથી બાહર નિકળવાનો રસ્તો દેખાડ! પણ યાદ રાખજે કે જરાબી દગાનો સંસારો જણાયો તો તેજ પળે તું રસ્તામાં મુરદું થઇ તુટી પડશે."

લુસી ચોંકી, પણ તૈયાર થઈ.

તેઓ બંને હવે બાહર નિકળ્યાં. લુસીનો હાથ પાછો જુલિયનને પકડયો. રીવોલ્વર તેના મજબુત હાથમાં અઇન વખતે કામ લાગવા માટે તૈયાર પડેલીજ હતી.

રાત્રીના અંધકાર વચ્ચે લુસી તે ઉજ્જડ રસ્તો એટલી તો ઝડપથી પસાર કરતી હતી કે જુલિયન ગમે તેટલો ઝડપી ચાલનો હોવા છતાં તેની સાથે પગલાં ભરી શકતો હતો નહિ. તે ગોયા ઘસડાતો હતો. તે રસ્તો ઢેકાં ઢરિયાંવાળો હોવાથી અને વળી ચોપાસ ગીચ ઝાડીઓમાંથી પસાર થવાનું હોવાથી તે માહ મુશ્કેલીએ ચાલી શકતો હતો. તોપણ એ રીજનાં દોજખખાનામાંથી આવી રીતે છુટકારો પામવાથી તે એટલો બધો તો હરખમાં આવી ગયો હતો કે તેના પગો ગમે તેટલી ઠોકરો ખાવા છતાં લુસીના પગ સાથે હરીફાઇ કરવાને દોડાદોડી કરી રહ્યા હતા.

તેઓ બંને તે ઉજ્જડ રસ્તો શાન્ત ચુપકીદીમાંજ કાપતાં હતાં; કેમકે તેઓ પોતપોતાના ખ્યાલોમાં મસ્ત બની ગયાં હતાં. જુલિયન સહવાર પડતાં એ રીજને લાંબે છેટે મુકવાને અને એવી રીતે બારડો ભાઇઓ જેવા પોતાના કાતેલ શત્રુઓને દુર રાખવાને બહુજ ઉલટમંદ હતો.

"તું મને કયાં લઇ જાયછ?" જુલિયન રાતના વધતા જતા અંધકારથી લગાર ફગલાઈ બોલ્યો. તે ઘભરાયો કે રખેને તે ઓરત તેને આડે રસ્તે દોરવી કોઈ વધુ જાલેમ ફાંસમાં ફસાવતી હોય.

"હું તને નજદીકનાં રેલવે સ્ટેશન ઉપર લઇ જવા માંગુંછ; ત્યાંથી ટ્રેનમાં બેસી આપણે રોધરતન ઉતરશું અને રોધ્રરતનથી ઓલ્ડકેસલ જઇશું, જયાં આપણે લગ્નના ગાંઠથી એક થઇ ધણી ધણીઆણી તરીકે રહીશું."

ઓલ્ડકેસલનું નામ સાંભળતાંજ જુલિયન ચોંકી બોલ્યો, "ઓલ્ડકેસલ! તું શું મને ત્યાં લઇ જવા માંગેછ?"

લુસીએ ડોકું ધુણાવી જવાબ દીધો, "હા! કાંય શું છે? ત્યાં નહિ કાંય જઇએ? તેં શું મને આગળ નહિ કહ્યું હતું કે ખુદા મને પાંખ આપે તો અબઘડી ઓલ્ડકેસલ ખાતે જઇ મારા બદમાશ ભાઇને ઉઘાડો પાડું?"

"હા, હા, ખુદા તે ચંડાળને નાબુદ કરે! ફના કરે! ઓ! હું તે જુલમગાર ઉપર મારો કિનો નહિ લેવું તો મારૂં નામ જુલિયન નહિ! લુસી! તારી આ સઘળી મેહનતનો બદલો વાળી આપવાની શક્તિ ખુદા મને બક્ષે! અરે! હું કેવું ઇચ્છુંછ કે ઓલ્ડકેસલ જઇ પુગતાંજ હું તને લેડી ઓલ્ડકેસલ બનાઉં, તારી મુર્તિને સદા સુધી મારાં જીગરો જાનમાં સમાઉં!"

"જુલિયન!" લુસી જુલિયનના ગજ્યા ગજ્યા શબ્દો સાંભળતાંજ તેની આગળ આવી પોતાનો એક હાથ તેનાં ગળાંમાં નાખી બોલી, "જુલિયન! મને ખરૂં કહે, તું મને ખરેખર ચાહેછ?"

"ચાહેછ પુછેછ?" જુલિયન પોકારી ઉઠયો, "અરે! હું તને કેટલી બધી ચાહુંછ તે તો તું ઓલ્ડકેસલ પુગવા પછીજ જાણશે. હમણાં લંબાણુ પિંજન કરી રાતની શાન્ત ચુપકીદીમાં હું ખલલ પુગાડવા માગતો નથી. હું તને કાંઇ અજબ પ્યારથી ચાહતાં શિખ્યોછ! મેં તને એ રીજમાં જોઇ ત્યારથીજ તારી ઉપર હું એટલો તો ફિદા થયો કે અગર કોઈબી બાનુને લેડી ઓલ્ડકેસલ બનાઉં તો તે ફકત તનેજ, નહિ તો કુંવારી જીંદગીજ આ જેહાનથી ત્યાગ કરૂં! તારી જુદાઇમાં વૈરાગ ધરૂં!"

જુલિયન બિલકુલ લબાડ હતો, હડહડતો જુઠો હતો. તેના ફાંફાં આ વેળાએ એદેલીન તરફ ખસ્યા ગયા હતા. તે તેણીને પોતાની પરણેતર તરીકે જોવાની ઉલટમાં હતો. કેમકે મુશ્કેલ રસ્તો હવે આસાન બન્યો હતો. તે સારી પેઠે જાણતો હતો કે અગરજો એદેલીનને રોડ્રીકનો ભેદ ઉઘાડો પાડવાની ખુલ્લી ધમકી આપવામાં આવશે તો પોતાની વડી બેહનને નામોશીના ગારમાં ગર્ક થઇ જતી બચાવવાને ખાતર તે ઓરત તેની માંગણીને જરૂર શરણ થવાનીજ, તેની પરણેતર બનવાનીજ.

* * * * * * * * * *

કાંટા અને ઝાડીઓ, ખાડાઓ અને ખાહીઓ કુદાવતાં નાહસભાગ કરતું તે જોડું બામદાદ થતાંજ રોધરતનનાં સ્ટેશન ઉપર આવી પુગ્યું, જ્યાં ખબર કાહડતાં માલમ પડયું કે પેહલી ગાડી ઓલ્ડકેસલ જવા માટે સવારે છ વાગે ઉપડવાની હતી. આથી તેઓને ત્રણ ચાર કલાક પસાર કરતાં જબરી ચટપટ થઇ, કેમકે જુલિયનને બંને બારડો ભાઇઓનો મોટો ડર હતો. લુસીને વસ થયલી જાણી જુલિયને અત્યાર આગમચની પેલી રીવોલવર પોતાનાં ખીસાંમાં સેરવી દીધી હતી, જેથી લુસીબી પોતાનાં માથાં ઉપર ભમતું મોતનું વાદળ દફે થઇ જવાથી ખુશ લેહરમાં હતી. તે જુલિયનની સોડમાં ચંપાઇ બેઠી હતી. ત્રેન આવી પુગતાંજ તેઓ તેમાં બેસવાને ધસ્યાં અને જયારે તે ત્રેન ઓલ્ડકેસલનાં સ્ટેસન ઉપર આવી પુગી ત્યારેજ જુલિયને છુટકારાનો દમ ખેંચ્યો. તેણે જંગલ તરફનો રસ્તો એવી મતલબથી ભર્યો કે કોઇ તેને સવારની રોશનીમાં ઓળખી સકે નહિ. આવા ખ્યાલથી તેણે પોતાનાં પગલાં પેલાંજ જંગલ તરફ ધર્યાં જયાં રોઝામન્દના બુઢા બાપ રોજર દીપીંગનું ખુન થયું હતું અને તે પછીના અનેક બનાવો તેની છાતીનાં ભિત્તરમાં કોતરાઇ રહ્યા હતા. આ જંગલમાં દાખલ થતાં તે કમકમવા વિના રહ્યો નહિ.

આખો દિવસ તે જંગલમાં ગીચ ઝાડીઓની વચ્ચે તોડી પાડવા વીના બીજો કશો ઇલાજ હતો નહિ. તેની મતલબ, રાત પડવા પછીજ ઓલ્ડકેસલ પાર્ક તરફ હેરીયું લેવાની હતી. પોતાનો આ ઠરાવ તે હજી તો લુસીને જણાવવાની તૈયારીમાંજ હતો એટલામાં એક મજબુત હાથ તેની ગરદન ઉપર જઇ પડયો.

"હા! તુંજ રોજડ્રીક છે. અંતે તું પકડાયો ખરો! હવે તું મારા હાથમાંથી છટકવા પામે એમ નથી. ચંડાળ! તેં સેંકડો કુટુંબને પાયમાલ કીધાંછની, પણ હવે હું તને પાયમાલ કરૂં નહિ તો હું મારા બાપનો બેટો નહિ. તુંજ રોજર દીપીંગનો ખુની છે અને તારાં પાપનો ભાર પેલો બિચારો લાયન બંદીખાનામાં લઇ ફરેછ! બદમાશ ઠગારા! ચંડાળ ખુની! ચાલ તૈયાર થા! હવે તું નિર્દોષોને વધુ વાર સતાવી શકનાર નથી."

એ બોલનાર કોણ હતું?

દોરા નવી આફતમાં.

હૅન્સબરી ઍબીનાં નાનાં પણ સુંદર મકાન તરફ પ્રિય વાંચનાર, તારી નજર ફેરવ! એ તેજ સુંદર, આલીશાન મકાન હતું કે જેને આ લંબાણ વાર્તાની છેક શરૂઆતમાંજ આપણે ઓળખવા પામ્યાં છિએ. એ તેજ નાનું પણ સુઘડ ધામ હતું જયાં એદેલીન પોતાના વાહલા બાપ કરનલ રેન સાથે સુખ અને આરામમાં કોઇ પણ પ્રકારનાં દુઃખોથી નભરવસ અને નિરાલી બની પોતાના દિવસો પસાર કરતી હતી. એ તે તેજ સ્થળ હતું કે જયાં બદબખ્તીનાં બદ ચોઘડિયે તે દિલ-કશ માહરૂ નીલ લાયનને જોવા પામી હતી, ચાહવા પામી હતી, જેનું પરિણામ, આપણે જોયું તેમ, તેમની વચ્ચે મોહબતની આગનો ભડકો સળગી ઉઠવામાંજ આવ્યું હતું. એજ મકાનમાં કરનલ રેન પોતાની વાહલી બેટીને બિલકુલ નિરાધાર મેલી, લોર્ડ અને લેડી ઓલ્દકેસલની દયા ઉપર વખાતી નાખી, આ જુઠી જેહાનથી વાસો ઉડાવી ગયો હતો. આ દુઃખદાયક બનાવ પછી તે બંને બેહેનોના બાબમાં બનેલા બનાવોથી કેટલી બધી ઉથલપાથલ થવા પામી છે! તે આગળો સુખી સમય ગોયા સ્વપના સમાન વહી ગયો છે, પણ તેની કાતેલ, જાલેમ યાદ એદેલીન ભુલી નથી, જોકે તે કદી પણ પોતાનાં ગમે તેટલાં સુખથી ફુલી નથી.

આ પ્રકરણ શરૂ થાય છે ત્યારે એજ બાપીકાં મકાનમાં બાપ વિનાની બંને બેટીઓ—દોરા અને એદેલીન—વાતમાં મશગુલ બની બેઠી છે. આ વાર્તાની શરૂઆતમાં એદેલીનને પોતાના મરનાર બાપ સાથે આપણે પહેલવેહલી જોઇ હતી તે વખતના તેણીના દેખાવમાં અને આજના ચેહરામાં આસમાન જમીનનો તફાવત પડયો છે. તે વેળાનો તેણીનો ચેહરો નિર્દોષ હતો, પ્યારમાં પડેલી એક ઓરતની હોંશ અને ઉમેદથી નિરાલો હતો. તેણીના પ્યારમાં તે વેળાએ બેજ હિસ્સા હતા, જેમાં એક હિસ્સો તેણીના બાપનો અને બીજો તેણીની વડી બેહન દોરાનો હતો. પણ હાલમાં તે પ્યારમાં નીલ લાયનનો પણ હિસ્સો ઉમેરાયો હતો અને તે સર્વથી મોટો હતો. બાપ તરફની મોહબતની હોંશ અને આશક તરફની મોહબતના જોશમાં આસમાન જમીનનો ફર્ક જોવામાં આવે છે. એદેલીન બાળક બેટી ઉપરથી આજે એક જોબનવંતી કન્યા બની છે. તેણીનાં જોબનનો બહાર ખિલી નિકળેલા ગુલશનનો ખ્યાલ આપતો હતો. કુદરતે બક્ષેલી અણુહદ ખુબસુરતી સાથે નેકી, નીતિ અને સદગુણનું સોહામણાપણું તે મધ્યે આમેજ થયલું હોવાથી એદેલીન ખરેખર ખુબસુરતીની દેવી બની હતી.

"એદેલીન, મારી વાહલી બેહેન, હું તને શું કહું? હાલમાં મારી જીંદગી મને એટલી તો પ્યારી લાગેછ, મને તે હવે એટલી તો મિઠી લાગેછ કે હવેજ હું અજબ થાઉંછ કે દેનિયલ લેરેબીની પરણેતર થવા આગમચ દુનિયા મને કાં ઝેર સમાન લાગતી હતી?" દોરા પોતાના બીજવર દેનિયલ લેરેબી સાથનાં સુખથી લગાર ફુલી બોલી, ખુદાની કુદરતને ભુલી બોલી, જે એદેલીનને બિલકુલ પસંદ પડયું નહિ. તે લગાર કચવાટ અને લગાર સમજાવટથી બોલી, "મારી વાહલી બેહેન! ખુદાએ બક્ષેલાં સુખ યા દુઃખને વારંવાર યાદ કરવા કરતાં બેહેન ના ભુલ તું નેકીને, ના ભુલ તું કજાને, બેહેન, બધું ભુલજે પણ ના ભુલતી ખુદાને! બેહેન!

તું જેવી ઉલટથી તું તારાં હાલનાં સુખને ભુલતી નથી, તેની અરધીજ ઉલટથી તું તારા પેદા કરનારની યાદને નહિ ભુલે તો કેવું સારૂં !"

દોરા પોતાની બેહેનના આ સોનેરી સખુનો સાંભળી ગુસ્સે થવાને બદલે બેહદ ખુશી થઈ. એદેલીને તેણીની ખુશાલીથી ઉત્તેજન પામી આગળ ચલાવ્યું, "બેહેન દોરા! ઘણી વેળા આપણું દુઃખ તેનાં ખરાંપણાં કરતાં આપણાં પોતાનાં અસંતોષપણાંથી વધી ગયલું આપણે જોઇએ છિએ. પણ બેહેન ! સંપત્તિ અને મોજમજાહથી પણ સંતોષ ચઢીયાતો છે; કેમકે તે કુદરતની દોલત છે, કાંઈ અજબ ન્યામત છે."

દોરા હસી પડી અને પ્યારથી પોતાની નાની પણ ખુદાશનાસી બેહેનને વળગી પડી.

દોરા અને એદેલીન સાંજની ચા પીવામાં રોકાઈ ગયાં હતાં. તેમની સામે તેબલ ઉપર ચોમેર દોલતની બરકતથી મળતી મોજશોખોની ચીજો વિખેરાઇ પડી હતી. એદેલીન સફેદ લેસ અને કાળી રીબન સાથના સફેદ મજલીનના માત્ર સાદા ફ્રોકમાં, પોતે હતી તે કરતાં વધુ ખુબસુરત દિસ્તી હતી. દોરા કાબરચિત્રા પોશાકમાં શોભી રહી હતી. તેણીએ પોતાનાં કાળાં વસ્ત્રો દેનિયલ લેરેબીની મરજીને તાબે થઇ સદાનાં ત્યાગ કીધાં હતાં. પાંચ વાગી જવા છતાં દેનિયલ ત્યાં પાછો ફર્યો હતો નહિ. તેણે તે આગમચ તેઓને આવી મળવાની કબુલાત આપી હતી. પણ તે હજી આવી પુગેલો નહિ હોવાથી દોરાએ પોતાનો ચેહરો સેહજ કુમળાવી બળાપો કીધો, "બેહેન ! હું એટલું તો જોઇ શકુંછ કે ગઇ કાલની સાંજથી મારા દેનની હિલચાલમાં મોટો તફાવત પડયોછ. એ શું હશે બેહેન?"

"હા! મનેબી એમ લાગ્યું ખરૂં! પણ," એદેલીન લગાર હસી બોલી, "પણ હું તો માનુંછ કે એનાં મન ઉપરથી કવીન્સલેન્દની યાદ ભુલાઇ ગઇ નથી. એને હવે ઓલ્દકેસલ કરડવા આવેછ, પણ તને લીધા વગર તે કવીન્સલેન્દ જઇ શકતો નથી."

દોરા હસી પડી. ગરીબ બિચારી દોરા અને એદેલીન! તેઓને શી ખબર કે જે વખત જાય છે તેમાં તેમના પગ આગળ ગરભછાંટનો ગોળો ફુટવાનો હતો, અને તેમનાં સુખના કિલ્લાના કુરચે કુરચા ઉડી જવાના હતા.

અંતે દેનિયલ લેરેબી દાખલ થયો. એદેલીને તેનો ચેહરો જોઇ ધાર્યું કે તેની બેહેન દોરાએ પોતાના પ્યારા ખાવિન્દની બદલાયલી ચાલ માટે જે કાંઇ બળાપો કીધો હતો તેમાં કાંઇક વજુદ હતું ખરૂં. તેના ચેહરા ઉપરની ખુશાલીનો છાપ ઝાંખો મારી ગયો હતો. તે ધીમાં કદમે દોરા અને એદેલીન આગળ આવી બેઠો. બંને બેહેનોએ જોયું કે તેણે પોતાના હાથમાં એક ન્યુસપેપર પકડેલું હતું.

દોરાએ તેના ફિક્કા ચેહરા ઉપર નજર કરી, ધસકથી ધ્રુજી, પોતાના ખાવિન્દને પુછયું, "શું છે દેન! તમારી આજની હાલતથી મને કાંઈ છુપી ધાસ્તી લાગેછ. તમો એટલા બધા ગમગીન કાંય છો ? બોલો, મને હવે વધુ તવલાવો ના !"

ખરેખર, તે ભોળા ગામડિયાએ જોયું કે તેની પરણેતર હદથી જયાદા ધભરાયલી હતી. જોકે તેણીને વધુ ધભરાવવી જોખમ ભરેલું હતું, તો પણ તે આજે દરેક રીતે લાચાર બન્યો હતો. પોતાનો ગભરાટ ખુલ્લો કરવા સિવાય છુટક હતોજ નહિ.

તે વધુ અને વધુ ફિકકો પડી જઈ બોલ્યો, "દોરા! એદેલીન! મારો ધભરાટ તમોથી હવે વધુ વાર છુપાવવો નકામો છે. કેમકે તમોને મોડે વહેલે તે માટેની ખબર તો પડવાનીજ."

આ ખેદભરેલા દિબાચા પછી તે બોલતો બંધ થયો. તેણે પોતાની વાહલી અને ખુબસુરત પરણેતર તરફ ઉડતી નજર કીધી અને તેણીનો ઠંડોગાર બની ગયલો હાથ પોતાના હાથમાં લઇ કહ્યું, "ગઇ કાલે બો સ્ટ્રીટની પોલીસ કોર્ટમાં બેરન ઓલ્ડકેસલ યાને રોદ્રીક તાવર્સને મી૦ વોહેન માજીસ્ત્રેટ સનમુખ પોતાનાં કુળોની લાખોની રકમના સંબંધમાં વિશ્વાસઘાત કરવાના વાંક માટે ઉભો કરવામાં આવ્યો હતો. પણ તે શખ્સે પોતાનો એવો બચાવ કીધોછ કે તે પોતે રોદ્રીક તાવર્સ નહિ, પણ તેનો ભાઇ જુલિયન તાવર્સ છે. તેના આ એકરારને મીસ લેવીનિયા જે પોતાના ભાઈ સોલીસીતર સીગીન્સની સાથે લંડનમાં હતી, તેણીએ સોગંદ ઉપર જુબાની આપીછ કે કેદી જુલિયન તાવર્સ છે, નહિ કે રોદ્રીક તાવર્સ. બીજા એક ગ્રહસ્થે પણ આવીજ જુબાની આપીછ. તેણે ભાર મેલી જણાવ્યુંછ કે ઓલ્ડકેસલમાં અનેક વાર લોર્ડ ઓલ્ડકેસલ સાથે ખાણું લેવાનુ મને માન મલ્યુંછ તે ઉપરથી હું પુર ખાત્રી સાથે કહી શકુંછ કે એ ગ્રહસ્થ રોદ્રીક નહિ, પણ જુલિયન છે. પણ આ જુબાનીથી પણ માજીસ્ત્રેટને સંતોષ નહિ મળવાથી તેણે મુકદમો એટલા માટે મુલતવી રાખ્યોછ કે દોરા તારે પોતે કોર્ટમાં જઇ જુબાની આપવી કે તે રોદ્રીક છે કે જુલિયન? દોરા, તને કોર્ટમાં હાજર થવા માટે સમન વટીક નિકળી ચુકયોછ."

દેનિયલ લેરેબી જે આ સઘળું બોલી ગયો હતો તે સાંભળવાને દોરા બિલકુલ અસ્વસ્થ બની હતી. તે એટલુંજ સાંભળી શકી કે તેણીનો બદમાશ ખાવિન્દ રોદ્રીક જીવતો હતો અને તેને લંડનની બો સ્ટ્રીટની કોર્ટમાં ઉભો કરવામાં આવ્યો હતો.

"શું મ-મ-મારો——" દોરા, દેનિયલનું બોલવું પુરૂં થવા પછી પોતાની બેઠક ઉપરથી ઉછલી બોલી. તે દુ:ખી બાનુ પોતાના બદમાશ ખાવિન્દનું નામ પોતાની જબાન ઉપર પણ લઇ શકી નહિ.

"હા, તે બદમાશ જીવતો છે," દેનિયલ ખરા બલાપાથી આજેજ બની બોલ્યો.

"નહિ, નહિ! દેન, ખુદા ખાતર એમ ના બોલ! તે જીવતો હોયજ કેમ? નહિ! નહિ! તે જીવતો હોઇજ કેમ શકે? તે મુવોછ! તે મુવોછ!" આટલુ' બોલી તે ચિત્તભ્રમ બની રડી પડી અને એદેલીનનાં ખભાં ઉપર પોતાનું માથું નાખી ગુંગળાતી છાતીએ દચકાં ખાવા લાગી. દેનિયલનો જીવ આ દેખાવ જોઇ ઉડી ગયો.

દોરા બો સ્ટ્રીટની કોર્ટમાં.

"ના રડ! ના રડ! બેહેન! તે તારો રોદ્રીક હોયજ નહિ," એદેલીન દોરાને પટાવતી બોલી, "દોરા! મારી વાહલી બેહેન! તું નાહક ના ઘભરા. હું ખાત્રીથી માનુંછ કે આ સઘળી ભુલ છે. મુવેલાંઓ કેમ જીવતાં થઇ શકે?"

આ પળે દેન લેરેબીએ તેની પ્યારી ઓરત તરફ કાંઈ અજબ લાગણીથી જોયું, જેનો અર્થ એદેલીન સમજી શકી નહિ. દોરા તે લાગણીનો ભરમ તરત

પામી ગઇ. તે તરી બની ઉઠી બેઠી, અને પોતાની આંખોમાંનાં આંસુઓ તેણીએ તરત લુછી નાખી પોતાની બેહેન એદેલીન તરફ ડઘાયલા ચેહરાએ અને ભીજાચલી આંખોએ જોયું. તેણીએ તરતજ પોતાની નાની બેહેનનો હાથ પોતાના બરફ જેવા ઠંડા હાથમાં લઇ કહ્યું:—

"મારી વાહલી બેહેન એદેલીન, હું શું બોલું, તારી આગલ કેમ જબાન ખોલું? અરે બેહેન! બેહેન! મારા બાબમાં કાંઇ એવો બનાવ બનવા પામ્યોછ કે જેથી તું અંજાણ છે! મારી ઉપરની આફતથી તું બેહેન હજી બેધ્યાન છે. બેહેન, મારી ઉપરનાં વિટંબણાંની તને શી ખબર? અરે! મારી ઉપર દુનિયા નાકદર બનીછ! સેતમગર બનીછ!"

"અને તે છતાં હું તારૂં દુઃખ જાણવા પામી નહિ?" એદેલીન ફિક્કી પડી જઇ બોલી. તેણીના મિઠા સ્વરમાં દેખીતો ઘભરાટ જણાઇ આવતો હતો.

દોરાએ પોતાની ડોક ધુણાવી હા પાડી કહ્યું, "ખરૂં છે કે મેં જાણીજોઈ તું મારી વાહલી બેહેનને મારી આફતથી અંજાણ રાખી કેમકે તને સઘળું કહી દેવાને મારામાં હિમ્મત હતી નહિ. તાકાત હતી નહિ."

આ પછી દોરાએ રોદ્રીકને લગતી તમામ કેફિયતથી પોતાની બેહેનને વાકેફ કીધી, જે એદેલીને એક પણ હર્ફ બોલવા વિના સાંભળી.

"અરે બેહેન! જયારે મેં જાણ્યું કે મેથ્યુ બારલોક આગમાં બળી તારાજ થયોછ, ત્યારે મેં છુટકારાનો દમ ખેંચ્યો. અરે! હું તો એમજ સમજી કે ખુદાએ એક જાલેમ કસાઇને હાથથી ગાયને છોડવી. પણ નહિ, મારી તે ઉમેદ હવામાં ઉડી ગઈછ, મારી હાલત કફોડી થઇછ. અગરજો તે જીવતોજ હશે તો મારૂં શું થશે? મારા દેનનું શું થશે? લોકો આગલ હું કેમ મોહડું લઇ ફરશ? બે ખાવિન્દની ઓરત તરીકે હું કેવી રૂસવા થવશ!" આટલું બોલતાંજ તેણીની આંખોમાંથી નવધાર આંસુ તુટી પડયાં.

એદેલીન પોતાની બેહેન ઉપરની આ નહિ ધારેલી આફતથી એટલી બધી તો બેફામ બની ગઇ હતી કે પોતાની રડતી બેહેનને દિલાસો દેવાનું પણ તેણીને ભાન હતું નહિ. એમ બનવા પામે તેમાં શો શક? તે પોતાની વડી બેહેનને અખુટ વાહલથી ચાહતી હતી, તેણીને પોતાની માવતરજ સમજતી હતી. વળી આ નવી આફતનો ધડાકો એવા સમયે થવા પામ્યો હતો કે જયારે દોરાની જીંદગીનાં દુઃખનાં તડકાંમાં સુખના છાંયડાનો કાંઇક પ્રતીબિંબ પડવા લાગ્યો હતો. તેણીએ મોટાં દુઃખ સાથે ખ્યાલ કીધો કે જે દિવસથી તેણીનો વાહલો બાદશાહ સરાખો બાપ દેન્સબરી એબીમાંથી સદાનો વાસો ઉઠાવી ગયો હતો, તે દિવસથી તેનાં બચ્ચાંઓ ઉપર સિહા વાદળ ઘેરાવાનું શરૂ થયું હતું, જેમાંથી દુઃખનો વરસાદ તેઓ ઉપર તેનાં પુર બળમાં તુટી પડયો હતો. તે પોતે લાયન ઉપરનાં દુઃખથી છેકજ આજેઝ બની ગઇ હતી, તેમાં પોતાની વડી બેહેનનો ગમ ઉમેરાવાથી તે સદગુણી બાનુ બિલકુલ નાઉમેદ બની ગઇ. તેણીએ મોટી વેદના વચ્ચે જોયું કે દેનિયલ લેરેબીને પરણવાથી દોરાએ હાંસલ કીધેલું સુખ કેટલું બધું ક્ષણભંગુર હતું! બંને બ્હેનો પ્યાર કરવા જતાં રખડી ગઇ હતી. પ્યારનો રસ્તો સદા લીસો રહેતો નથી, તે કેહણી આ બંને બેહેનોના બાબમાં આબાદ બોલેબોલ સાચ્ચી નિવડી હતી. આ સઘળાં દુઃખનો સબબ તેણીના માનવા મુજબ તેણીના મરનાર બાપ તરફની ફરજમાં પછાત રહેવાનો હતો. તેનું ખુન થવા પામ્યું હતું.

એમાં તો હવે કશો શક રહેલો હતો નહિ, અને જોકે પોતાના બાપના ખુનીને પકડવાને તેણીએ ખાનગી દીતેકતીવને રોકયો વટીક હતો પણ તેનો નતીજો એજ આવવા પામ્યો કે ખુનીનો પત્તો મેળવતાં તે દીતેકતીવ પોતેજ ખુનીનો ભોગ થઇ પડયો હતો અને તે પણ તેજ ખંડિયરમાં કે જયાં કરનલ રેનનું ખુન રેડાયું હતું ત્યાંજ. તે વેહમી બની ગઇ હતી. પોતાના બાપનો ખુની હજી પોતાની સજાએ પુગેલો નહિ હોવાથી તે બાપનો શ્રાપ તેની બંને બેટીઓ ઉપર ઉતર્યો હતો એવું તે માનતી હતી.

"એમાં કશો શક નથી કે જુલિયન જયારથી બિમાર પડી ઓલ્ડફેસલ પાર્કમાં આવ્યોછ ત્યારથી તેના ચેહરામાં અજબ જેવો ફેરફાર થવા પામ્યોછ. જોકે તેની સાથે મને રાતેજ મળવું થયુંછ તોપણ હું કહી શકુંછ કે તે એક વરસ પર હતો તે કરતાં તે આજકાલ પોતાના વડા ભાઇને ચેહરામાં અને દરેક ઢબછબમાં વધારે મળતો આવેછ. અગરજો—"

"એમ બની શકે એમ છે," ભોળા ગામડિયા દેનિયલ પોતાની ઓરત ઉપર આવી પડેલું દુઃખ એક બે પલ ભુલી જઇ એદેલીનને આગલ બોલતાં અટકાવી બોલ્યો, "મેં સાંભળ્યુંછ કે જોડિયા ભાઇઓ જેમ જેમ ઉમરમાં વધતા જાયછ તેમ તેમ તેમનો ચેહરો વધુ અને વધુ મળતો થતો જાયછ."

"પણ મી० લેરેબી," એદેલીન કાંઇક લાંબો ખ્યાલ કરી બોલી ઉઠી, "હું અજબ એટલાં માટે છું કે જયારે મીસ લેવીનિયાની જુબાની લેવામાં આવી ત્યારે તેણીના ભાઇ મી० સીગીન્સને કાંય બાતેલ કરવામાં આવ્યો? તેબી તે વેળાએ લંડનમાંજ પોતાની બેહેન સાથે હતો."

દેનિયલ લેરેબીએ ખુલાસો કીધો કે "મેં એમ સાંભળ્યુંછ કે મી० સીગીન્સને કાંઈક અકસમાત થવાથી તે ત્યાંની ઓસપીટલમાં પડયોછ."

વાતમાં ખલલ પડી, કેમકે એક નોકરે આવી દોરાનાં નામનો સમન તેણીના હાથમાં મુકયો. થોડીક પળ શાન્ત ચુપકીદી ચાલવા પછી દોરા મોત જેવી ફિક્કી પડી બોલી, "બોલો, મારાં વાહલાંઓ, મને શું કોર્ટમાં હાજર થવુંજ પડશે?"

આ સવાલ તેણીએ એવી તો દુઃખદાયક લાગણીથી પોતાના ખાવિન્દ અને બેહેનને પુછયો કે ભોળા, ભલા દેનિયલનો ચેહરો રડવા જેવોજ થઇ ગયો. તે વેળાએ એદેલીન ત્યાં હાજર હતે નહિ તો પોતાની વાહલી, તાબેદાર, નમાની અને સદગુણી પરણેતરને પોતાની છાતી સરસી ચાંપી તેણીના પગ આગળ પડી વિણવતે કે આ નવાં દુઃખથી હિમ્મત હારી જવાને બદલે ખુદા ઉપર ભરોસો મેળવો કેમકે તે નિર્દોષોને કદી પણ નાહક દુઃખ દેતો નથી. પણ તે ભોળો ગામડિયો એમ કરી શકયો નહિ. તે રડતા ચેહરાએ એટલુંજ બોલી શકયો કે, "સરકારનાં ફરમાનને તાબે થવાની વફાદાર પ્રજાની ફરજ છે."

"અને ખાવિન્દનાં ફરમાનને તાબે થવાની વફાદાર ઓરતની ફરજ છે. મારા વાહલા દેન, હું જાઉંછ. તારી પનાહભરી પાંખ તળે મને ભરોસો છે કે હું બો ઓલ્ટની કોર્ટમાંથી હસી ખુશીમાંજ પાછી ફરશ."

આ વેળાએ એદેલીન પોતાના ઓરડામાં ગયલી હોવાથી તે ભોળા ગામડિયાએ સાચ્ચાં હેતથી તેણીના મખમલી ગાલ ઉપર ચુંબન લઈ કહ્યું, "દોરા, ચાલ મારી સાથે કવીન્સલેન્ડ તરફ અને ત્યાં કોઇની પણ નડતલ વિના આપણે ધણી ધણીયાણીની સાચ્ચી પ્રિતમાં સુખી બની દિવસો પસાર કરીશું."

દોરા પોતાના વાહલા ખાવિન્દની મજબુત બાથમાંથી છુટી થઈ બે કદમ હટી બોલી, "દેન, એમ કરી હું મને પેદા કરનાર બાપની ગુનેહગાર કદી પણ બનીશ નહિ. હું તારી પરણેતર થવા પામીછ તે એવુંજ જાણીને કે મારો તે બુરો ખાવિન્દ પોતાની બુરી કરણી સાથે આ જેહાનથી કુચ કરી ગયોછ. પણ તે મુવો નથી પણ જીવેછ એવું જાણવા છતાં તારી સાથે નાહસી જાઉં તો મારૂં તે અંજાણ પાપ લોકોની નજરમાં જાણીજોઇ કીધેલા ગુનાહમાં ફેરવાઈ જાય."

દેનિયલ કરમાયલાં જેવાં મોહડાં સાથે પોતાની પરણેતરની મરજીને તાબે થયો, અને તેણે ત્યાં જવાની ખુશીથી રજા આપી. જયારે દોરા તેયાર થઇ અને પોતાની સામે પોતાના ખાવિન્દને તેયાર થઈ આવી ઉભેલો જોયો ત્યારે તેણીએ પોતાનું મોહડું કાંઇક હસતું કરી પોતાના પ્યારા ખાવિન્દને સધીયારો આપ્યો, "દેન, તારે આજના બનાવથી જરા પણ નાઉમેદ થવું જોઈતું નથી. હવેજ મને સુદ્ધિ આવેછ કે જે વેળાએ આ માઠી ખબર તમોએ મને જણાવી ત્યારે હું નાહક ઘબરાઇ અકળાઇ ગઇ. દેન! હું તમોને આગળની માફક હસતા રમતા જોવા માંગુંછ. આજના જેવા દલગીર મેં તમોને આગળ કદી પણ જોયા હતા નહિ. જયારે તમો મને તમારી પરણેતર બનાવવાની માંગણી કરતા હતા અને તે વેળાએ જયારે હું તમારી માંગણી તુચ્છકારી કાહડતી ત્યારેબી તમો દલગીર થઈ જતા હતા, પણ મને બરાબર યાદ છે કે હમણાંના જેવા તો કદીબી નહિ."

"હા, તે વેળાએ મને એકલાનેજ વેદના ખમવી પડતી હતી, અને વળી આબરૂ ઈજ્જતનો તે વખતે બિલકુલ સવાલ હતો નહિ. પણ આજનો મામલો સદંતર જુદોજ છે. તોપણ હું મારી આગલી શાન્તિને પાછી બોલાવશ અને તેનો મારાં તનમનમાં વાસો કરશ. અરે હું કેવો કમબખ્ત કે મેંજ તે બદમાશને દરિયામાં ડુબતો બચાવી તારાં સુખના બાગમાં ફુલની જગોએ સુળની ઝાડી બિછાવી, નાહક તને નવી બલામાં હોમાવી."

"દેન!" દેનિયલનો ઉપલો બળાપો સાંભળી દોરા માત્ર એટલુંજ બોલી શકી. દેનિયલે જોયું કે દોરાના પગો ધ્રુજતા હતા અને તેની આંખોમાં એક જાતનું શોકાતુર તેજ પ્રકાશી રહ્યું હતું. જયારે તેણીએ પોતાના ખાવિન્દ સાથે ગાડીમાં બેઠક લીધી ત્યારે તે દુઃખી બાનુએ હસતો ચેહરો રાખવાની જોકે ઘણીબી કોશેશ કીધી હતી તોપણ ઉસ્કેરાઇ જવાથી તે લાલચોળ બની રહ્યો હતો.

તે જયારે પોતાના ખાવિન્દ સાથે કોર્ટમાં દાખલ થઇ ત્યારે ઘણી બેચેન હતી, કારણકે થોડા વખતમાં બનનારા બનાવ ઉપર તેણીની આખી જીંદગીનાં સુખનો આધાર લટકી રહ્યો હતો. તે બાનુએ જોયું કે આખી કોર્ટ તમાશગીરોથી ચીકાર ભરાઇ ગઇ હતી અને તેમની દરેકની નજર તેણીના ચેહરા ઉપરજ ટીંગાઈ રહી હતી.

રોદ્રીક કે જુલિયન?

દોરાની નજર પોતાના પ્યારા ખાવિન્દ દેનિયલ લેરેબીના ચેહરા ઉપર ચોટકી રહી હતી. તેના ચેહરા ઉપર કેવા કેવા ફેરફારો દેખાવ દઇ ગેબ થઈ જતા હતા તે જોવામાં તે બાનુ રોકાઈ ગઈ હતી. તેણીએ જોયું કે કોર્ટમાં આવ્યા પછી તેનો ચેહરો વધારે શાન્ત અને સ્વસ્થ બન્યો હતો. તે બાનુ પોતેબી અનેક

ખાસોમાં હતી. તેણીને લંડન આવતાં ચોકસ ખબર મળવા પામી હતી કે જુલિયન લંડન ખાતે કાંઇક અગત્યનાં કામ માટે ગયલો છે, જેથી તેણીને પાકી ધીરજ હતી કે જે ધણીને પોલીસ અને કોર્ટ રોડ્રીક તરીકે માનતી હતી તે ખરેખર તો જુલિયન હતો અને તેથી તેમ માનવામાં તેઓ સખતાપા થાપ ખાતા હતા. આ બાબદમાં પોતાની ખાતરી કરવા માટે કોર્ટે રોડ્રીકની પરણેતર ડોરાને સમન મારફતે બોલાવી હતી અને તેણીની પોતાની જુબાની ઉપરજ આ અગત્યના સવાલનો સઘળો આધાર લટકી રહ્યો હતો.

એક અરધો કલાક પસાર થઇ ગયો અને ભેગાં થયલાં લોકોની શાન્તી અને ચુપકીદી વચ્ચે માજીસ્ટ્રેટે ન્યાયાસન ઉપર બેઠક લીધી. ડોરા સાક્ષીનાં પિંજરાંમાં આવી ઉભી તે વેળાએ તેણીનો ચેહરો તેણીનો ગામડિયો ખાવિન્દ ઘણુંજ ધ્યાનથી જોતો બેઠો. તે એક ખુણાંમાં સંકોચાઇને બેઠો હતો પણ તે એટલો બધો દુર નહિ હતો કે જેથી ડોરાના ચેહરા ઉપરના ફેરફારો તે જોઇ શકે નહિ, કે તેણીનું બોલવું સાંભળી શકે નહિ. તેની આસપાસની દરેક હિલચાલથી તે બિલકુલ બેખબર બની ગયો હતો. તે જાણે એવુંજ સમજતો હતો કે આખી કોર્ટમાં તે પોતે, ડોરા અને માજીસ્ટ્રેટ સિવાય બીજું કોઇ હર્ગીજ નહિ.

જયારે ડોરા સાક્ષીનાં પિંજરાંમાં આવી ઉભી ત્યારે આખી કોર્ટમાં જીણી ધુસપુસ ચાલી રહી તે એવી મતલબની હતી કે "હા! બિચારીનો ચેહરો કેવો જર્દ મારી ગયોછ! આ કાંઈ થોડું દુઃખ નથી કે પોતાના પેહલા ખાવિન્દને મુવેલો માની બીજા સાથે પરણવા પછી આગલો ખાવિન્દ દટાયલો ફુટી નિકળે."

વળી એક બેઅકલીએ ઓરંગો ફૂંકયો, "તમે ભુલોછ, ડોરા ઉપરની આફત વાજબી છે. તેણીને સજા લાયક છે. એ ઓરતે પોતાના બાપનું અમીરી નામ પોતાની પંકતીથી છેકજ ઉતરતા ગામડિયા ગમાર સાથે પરણીને નામોસીમાં લાવી નાખ્યુંછ."

એક બીજાએ ખુલાસો કીધો, "પણ મેં તો સાંભળ્યુંછ કે કવીન્સલેંડમાંથી તે મોટી દોલત ગાંથે બાંધી લાવ્યોછ."

"અરે! બંને બેહેનોનાં પાપથી કરનલ રેનનું અમીરી રૂહ કેવું કમકમતું હશે! વડી બેહેને જીવતા ખાવિન્દ ઉપર બીજો ખાવિન્દ કીધો અને નાની બેહેન એક ખુની બંધવાને પોતાનું દિલ દઈ તેના દિવાના પ્યારમાં દિવાની બાવરી બની ગઈ."

આ નીચ ભટાઈ, બંને બેહેનોનાં સારાં નસીબે અહિંજ અટકવા પામી, કેમકે માજીસ્ટ્રેટે ડોરાને નીચલો સવાલ કીધો:—

"તમે આ સામે ઉભેલા શખ્સને તમારા આગલા ધણી રોડ્રીક વાવર્સ તરીકે ઓળખી શકોછ?"

ડોરા સીધા સોટા માફક ઉભી હતી. તે તેણીના ખાવિન્દે ધાર્યું તેમ કાંઇ ધ્રુજતી હતી નહિ. માજીસ્ટ્રેટના હુકમથી તેણીએ કોર્ટમાં આ પેહલવેહલીજ વેળા પોતાની નજર પોતાના આગલા ખાવિન્દ રોડ્રીક તરફ કીધી. તેણીએ નજર તો કીધી પણ તેજ પળે તે તેના ચેહરા ઉપર જળોની માફક ચોંટી બેઠી. તેણીનો ચેહરો જે હમણાં સુધી આવતી આફતની બેદરકારી અને બેખબરીથી કાંઇ પણ ચિંતાના છાપથી નિરાળો હતો તે ચેહરો રોડ્રીકને જોતાંજ હવે મોત જેવો ફિક્કો પડી ગયો. તેણીની આંખમાંનો પ્રકાશ વટીક ગુમ થઈ ગયો, તેણીના બંને હોઠો તેણીની મરજી વિરૂદ્ધ ખુલ્લા થઇ ગયા, અને ખુલ્લાજ રહી ગયા. તે હોઠો

ફિક્કા અને ધ્રુજતા હતા. પણ પેલો શખ્સ જેને ઓળખવાને કોર્ટ દોરાને બોલા-વી હતી તે તેણીની આવી હાલત તરફ નફ્ટ અને નિર્લજ બની મુછમાં હસ્તો હતો. જ્યારથી તેણે જાણ્યું હતું કે તેના છુટકારા યા નામોસીભર્યાં કેદખાનાનો આધાર દોરાની જુબાની ઉપર લટકેલો હતો ત્યારથીજ તેણે પોતાને બિલકુલ સલામત જોયો; કેમકે તે સારીપેઠે જાણતો હતો કે દોરા ગમે તેટલી આબરૂદાર અને પ્રમા-ણિક હતી, છતાં ફક્ત સચ્ચાઇને ખાતર તેના જેવા બદમાશને પોતાના ખાવિન્દ તરીકે ભર કોર્ટમાં ઉઘાડો પાડે તેવી નહિ હતી. વળી તે બાનુ દેનિયલ લેરેબી સાથે બીજી વારનાં લગનથી જોડાઈ ચુકેલી હોવાથી તેણીની સચ્ચાઇ તેણીની જીંદ-ગીભરનું નખોદ વાળવાને પુરતી હતી. માજીસ્ત્રેટના સવાલનો જવાબ આપવાને બદલે પોતાની પ્યારી પરણેતરને રોદ્રીક તરફ એકી તગરે જોતી સુની સાવજ જેવી ઉભેલીજ જોઈ દેનિયલ લેરેબીની ઇંતેજારીમાં ઓરબી ઉમેરોજ થયો. તેણે રોદ્રીક તરફ બારીકીથી જોયું. જે પછી તેનો દમ એટલો તો જોશથી ચાલવા લાગ્યો કે તે તેની આસપાસ બેઠેલાઓ ખુલ્લી રીતે સાંભળી શકયા. શું તેણે તે શખ્સને પોતાની પરણેતરના ખાવિન્દ રોદ્રીક તરીકે ઓળખી કાહડયો હતો? શું તે પામી ગયો કે એજ ચંડાળને તેણે દરિયામાં ડુબતો બચાવ્યો હતો? જે પાછળથી તેનાં અપરંપાર સુખની આટલી બધી આડે આવ્યો હતો!

માજીસ્ત્રેટે સાક્ષીને બેભાનપણે રોદ્રીકને ટીકતીજ ઉભેલી જોઇ એક વાર ફરીથી ઉપલો સવાલ કીધો. દોરાના કાને તે સવાલ પડયો ખરો, પણ તે કશો જવાબ દઇ શકી નહિ. તે વાચા વિનાની બની ગઇ હતી. માજીસ્ત્રેટનો સાદ તેણીના કાને અથડવા પછી તેણીએ જે કીધુ તે એટલુંજ કે તે વધુ હાંફવા લાગી અને પોતાનાં કપાળ ઉપર પોતાનો ધ્રુજતો ડાબો હાથ મુકયો અને રોદ્રીકને વધુ અને વધુ ધારી ધારી જોવા લાગી. તેણીએ જોયું કે તે રોદ્રીક હતો એમાં કાંઈ પણ શક હતો નહિ. તેને ઓળખવાને એકબારગી તેની માતા ભુલે પણ દોરા કદી ભુલે નહિ. રોદ્રીક અને જુલિયનને સેહલાઇથી ઓળખી કાહડનારી એક નિશાન હતી, જે બિલકુલ ચોકસ હતી. આ નિશાન સફેદ વાળનું એક ગુચ્છડું હતું જે રોદ્રીકના કાન ઉપર તેના જન્મનાં બદ ચોઘડિયેથીજ જન્મ પામેલું હતું. જીવતો ખાવિન્દ છતાં પોતાને બીજા ખાવિન્દની પરણેતર થયલી જોતાંજ તેણીનું અંતઃક-રણ કાંટાની માફક તેને હવે ખટકવા લાગ્યું. કેમકે તે ખુદાની ગુનેહગાર બની હતી, જન્મભરની પાપી બની હતી. આ પાપ—જીંદગીની છેલ્લી પળોને દુઃખી બનાવનારૂં આ પાપ—થી તે કમકમી, ધ્રુજી. નાઉમેદી અને નિરાશીના તીરથી તેણીનું નાજુક સીનું ચાક થઈ ગયું, સઘળું ખાક થઇ ગયું. તેણીની વાચા બંધ થઈ ગઇ હતી. જાણે તેણીની આંખોજ અંધ થઇ ગઇ હતી. તેણીને લાગ્યું કે તેણીનો દમ આખર થતો હતો. તેણીની આવી હાલત જોઇ માજીસ્ત્રેટે ત્રીજી વાર સવાલ કીધો, "બાનુ! તમારી સામે ઉભેલા આ શખ્સને તમો ઓળખોછ કે? તે કોણ છે? રોદ્રીક તાવર્સ કે જુલિયન તાવર્સ? તમારી ઢીલથી કોર્ટને નાહક ખોટી થવું પડેછ. શું એ શખ્સ તમારો આગલો ખાવિન્દ નથી?"

તેણીનો આગલો ખાવિન્દ? હા! તે તેણીનો આગલો ખાવિન્દ રોદ્રીક હતો. આ ખ્યાલ થતાંજ તેણીએ એક ઉંડી હાય મારી અને પોતાનાં જીગરનાં છેક ઉંડાણથી એક નિસાસો ખેંચ્યો, જેમ કરતાં પોતાના હાલના ખાવિન્દ દેનિયલ લેરેબી તરફ જોતાંજ એક વિજળીનો ઝટકો તેણીનાં તનબદનની એકેએક રગમાંથી

એવાં તો ધ્રુજાવનારાં જોશ સહિત ફરી વર્ત્યો કે બેભાનીની નિંદમાં પડેલી તે બાનુ ભાનમાં આવી, ધ્યાનમાં આવી અને છેલ્લે કાંઈક શાનમાં આવી. તે હવેજ ખ્યાલ કરી શકી કે દેનિયલ તેણીને કાંઇ એવાં તો અજબ વાહલથી ચાહતો હતો કે અગરજો તે બાનુ ભર કોર્ટમાં સાચ્ચો એકરાર કરે તો તે ભોળા નરની કેવી બુરી હાલત થઇ પડે! કદાચ તે ભલો ગામડિયો નાઉમેદી અને નામોશીમાં જીવ ઉપર પણ કરે; પણ તેથી શું તેણીએ ભર કોર્ટમાં ખોટો એકરાર કરવો? જુઠું બોલતાં તેણીની જબાન કપાઇ જતી હતી તોપણ સમો તેણીને જુઠું બોલતાં ઉસ્કેરતો હતો, ખોટે રસ્તે દોરવતો હતો. તેણીએ એકવાર ફરીથી દેન તરફ નજર કીધી. બંનેની નજર એક થઇ ગઈ. આ વેળાએ તેણીનાં અંતઃકરણમાં સચ્ચાઇ અને જુઠાઇ વચ્ચે જે જબરી જંગ મચી રહી હતી તેથી તે ભલો ગામડિયો જાણીતો થવા પામે નહિ, તેટલા માટે તેણીએ જેટલી દરકાર પોતાના ખાવિન્દ તરફની મોહબત માટે રાખી તેની પા ભાગે પણ દરકાર પોતાના પેદા કરનાર સાહેબ તરફની મોહબત માટે રાખી નહિ. તે જીવ સટોસટ પળે ખુદા ઉપરનો વિશ્વાસ તે સદનતર ભુલી ગઇ. આ વેળાએ પોતાનાં અંતઃકરણના ડંખથી તેનું આખું તન બદન ધ્રુજવા લાગ્યું. પાપી બનવાના ખ્યાલથી તે હોશ વિનાની બની અને પાપોની બદકરણી તેણીની આંખો આગળ ધસી આવવાથી તે બેશુદ્ધ થવાની તૈયારીમાં હતી પણ જુઠાઇથી મલનારાં ભવિષ્યનાં સુખના માત્ર ખ્યાલથીજ તેણીએ પિંજરાના કટેરા પકડી લઇ પોતાને સાવધ બનાવી અને કોર્ટના સવાલનો જવાબ દીધો:—

"મારી સામે ઉભેલો શખ્સ મારો આગલો ખાવિન્દ નથી. તે રોદ્રીક તાવર્સ નહિ, પણ તેનો ભાઇ જુલિયન તાવર્સ છે, જે હાલમાં લોર્ડ ઓલ્દકેસલ તરીકે ઓળખાયછ. મારા આગલા ખાવિન્દને મેં નજરો નજર કફનમાં દફન થયલો જોયોછ. મુવેલાંઓ કાંઇ જીવતાં થતાં નથી."

આ સાંભળતાંજ બદમાશ રોદ્રીકનો ચેહરો ખિલેલા ગોલાબ મિસાલ તેજદાર બન્યો. માજીસ્ટ્રેટે તેને માન સહિત છોડી દીધો. તે ગયો. દોરાબી પોતાના ખાવિન્દ સાથે તે મકાન છોડી ગઇ. જાહેરમાં તેણીના ચેહરા ઉપર જોકે ખુશાલી જેવું કાંઇક લાગતું હતું પણ બાતેનમાં જુઠા સોગંદ ખાવાના આજના માહ અપરાધથી તેણીનું અંતઃકરણ ભીત્તરમાંથી તેણીને કોતરી ખાતું હતું.

અરસુલા ઘડી પળ હાલતમાં.

"ખબરદાર! ખબરદાર! અય જુલમગાર ખબરદાર!"

ઉપલા સખુનો નીલ લાયનના હતા. તે આ સખુનો ઘણાજ જુસ્સાથી બોલ્યો હતો. તેનો ચેહરો ઘણો ઉસ્કેરાઇ ગયલો હતો અને તેની આંખોમાં ગોયા મસાલ બળતી હતી. સુર્યેનો તડકો માથું ફાડી નાખે એટલો સખ્ત હતો, અને સ્તોનબ્રીજના કેદીઓ જેઓ બંદીખાનાની બાહેર દીવાલ ઉભી કરવામાં અને કોલસાની ખાણો ખોદવામાં રોકાયા હતા તેઓ માટે એ તડકો ગોયા બુરામાં બુરો શ્રાપ થઇ પડયો હતો. તેમનું આખું તન બદન પરસેવાથી તરબોળ થઈ ગયું હતું. તેઓનો દેખાવ એવો તો દયાજનક થઇ પડયો હતો કે જાણે તેઓ આફ્રિકાનાં

એકાદ રેતીનાં રણમાં કામ કરતા હોય. ત્રણ બંદીવાનો તો સુર્યના તાપની અસરથી બેશુદ્ધ થઇ તુટી પડયા હતા, જેઓ "પાણી પાણી" ની બુમ મારવા છતાં પાણી વિના તડફડીયાં મારી ભાન વિનાના બની મુરદાંની તરેહ પડયા હતા. આ ઘાતકી દેખાવ તેમનો ઉપરી વોરડર જરાબી દયા વિના જોતો હતો. ના, એટલુંજ નહિ, પણ એક બંદીવાન થાકથી એટલો બધો તો આજેઝ થઇ ગયો હતો કે તેને લાગ્યું કે તેબી પોતાના ભાઇબંધ કેદીઓની માફક બેશુદ્ધ થઇ તુટી પડશે. તેનું મગ્જ ચક્કરની માફક ફરતું હતું. આથી તે પોતાનું માથું પકડી જમીન ઉપર બેસી પડયો. તેને આવી રીતે વગર ધારતીએ બેસી ગયલો જોઇ પેલા ઘાતકી વોરડરે વગર દયાએ તે કમબખ્ત કેદીને તેનાં શરીરમાંથી લોહી નિકળ્યું ત્યાં સુધી ચાબકાનો જેરબંધ માર માર્યો. તે કમબખ્ત કેદી જમીન ઉપર લાઇલાજ પડયો અને જેવો તે જુલમગાર વોરડર તે પડેલા કેદી ઉપર ચાબકાનો વધુ માર મારવા જતો હતો તેજ પળે કેદી નીલ લાયન આ પ્રકરણને મથાળે મુકેલા બોલો બોલતો તેની આગલ ધસી ગયો અને ગુસ્સાથી લાલચોળ બની તેના હાથમાંનો ચાબક છિણવી લઇ તેજ ચાબકા વડે તેણે તેને બેચાર ફટકા ઝુરી હડયા. નીલ લાયન તે વોરડરની હાલત પેલા કેદીના જેવીજ બનાવતે પણ તટલામાં તેની નજર તેમની તરફ ધસી આવતા વડા વોરડર ઉપર પડી. તેને પોતાનાં અવિચારી પગલાંનો હવેજ ખ્યાલ આવ્યો અને પેલા ઘાતકી કેદીની મોટી ખુશાલી વચ્ચે તેણે પેલો ચાબકો દુર ફેંકી દીધો. વડા વોરડરે આ સઘળું એકજ ઝપાટે જોઇ લીધું હતું. તે ચોંકયો. કેદખાનાના ગવરનર મેજર દોન્ત તરફથી તેને છુપી રીતે મળેલું ફરમાન યાદ આવ્યું. તેને તે કેદી ઉપર બારીક નજર રાખવાનો મજબુત હુકમ હતો અને તે કેદીનો જરાબી વાંક થતાં તેને લગતો રીપોર્ટ વગર ઢીલે તેણે ગવરનરને કરવાનો હતો. તે જયાં કેદીઓ કામ કરતા હતા ત્યાં ગયો અને પેલા લાયનનો માર ખાધેલા વોરડરે પોતાની ઉપર ગુજરેલી આફત મરી મિઠું ભભરાવી ખુલ્લી કીધી, જેને સ્લીમ જીમે ટેકો વટીક આપ્યો.

સ્લીમ જીમનું નામ, આ લંબાણ વાર્ત્તામાં વાંચનારાંઓ ભુલી ગયાં હશે નહિ. એ તે તેજ બુરો બદમાશ હતો જેણે બંદીખાનાનાં આરપીતલવાલા ભાગમાં મરવા પડેલા લાયનનાં મોહડાં ઉપર કલોરોફોર્મથી ભીંજવેલો રૂમાલ મેળી તેનું નહિ મોતનું મોત આણવાની પેરવી કીધી હતી અને લાયનને પોતાનાં કાળાં કરતુકથી મુવેલો માની તે બંદીખાનામાંથી નાહસી જવા પાંગ્યો હતો, જે પછી શું બન્યું તે આપણે જોઇએ.

સ્લીમ જીમ બંદીખાનું છોડી નાહસી જવા પછી જોકે એક નાની જેવી દોલત નીલ લાયનનું ખુન રેડવા માટે મેળવવા પાગ્યો હતો તોપણ તેનો નતીજો આયંદે બુરોજ આવવા પાગ્યો હતો. "કર ને જો" અહિંજ છે. તે નાની દોલત સાથે પોતાની પ્યારી ઓરત આગળ ગયો. તે તેણીને મળ્યો, ભેટયો. પણ ગરીબ બિચારી ભોળી ઓરત! તે તો હમણાં સુધી એમજ સમજતી હતી કે ણીનો ખાવિન્દ જીમ આંબરૂદાર જીંદગી ગુજારતો હતો. તે કેદમાં જઇ આવ્યો હતા તેનો તે ભોળી અબલાને સ્વપનેબી ખ્યાલ હતો નહિ. તે તો તે બદમાશને વેપાર અર્થે દરિયા દોહવતો માનતી હતી, અને જયારે નાની જેવી દોલત સાથે પાછા ફરી તેણે તે દોલત હસ્તે ચેહરે તેણીના હાથમાં મુકી ત્યારે તો તેણીની

ખાત્રી પુરેપુરી થઇ કે તેણીના ઘોતાળ ધણીજી વેપારે સિધાવ્યા હતા અને ત્યાંથી સારો જેવો દલ્લો ભેગો કરી લાવ્યા હતા. જો તે ભલી સુંદરી એમ જાણતે કે તે દોલત તેણીના ખાવિન્દે કાળાં કમાથી મેળવી છે તો તેજ પળે તેણીના હાથને ગોયા સર્પે ડંખ માર્યો હોય તેમ તે બાનુએ પોતાના હાથમાંની તે દોલત બાહેર રસ્તામાં ફેંકી દીધી હતે. પણ તેણીને પોતાના ખાવિન્દની બદમાશીની જાણ થવા પામીજ હતી નહિ. તે બાનુ જોકે ખુબસુરત હતી, પ્યાર કરવા લાયકજ પુતલી હતી પણ તે બિલકુલ ભોળી ભાલી હતી. જેમ દુનિયાની લાલચથી તે વેગળી હતી તેમ દુનિયાના પ્રપંચની જાણથી નિરાળી હતી.

બંદીખાનામાંથી સ્લીમ જીમનાં નાહસી જવાથી તે જેલના ગવરનર મેજર દોન્તને ઘણુંજ ભારી પડી ગયું. તેને આ બનાવથી બહુજ ખરાબ લાગ્યું અને તેણે ઠરાવ કીધો કે જયાં સુધી સ્લીમ જીમને પકડી પાડી તે તેને ફરીથી કેદમાં પુરે નહિ ત્યાં સુધી તે જંપીને બેસવાનો નથી. તેણે પોલીસને સખ્ત તાકીદ કીધી હતી, પણ તે પોલીસને ભરોસે સુખેથી બેઠો નહિ. તેણે પોતાની તરફથી પણ સ્લીમ જીમની બારીક જુસ્તેજો ચાલુજ રાખી હતી, જેનું પરીણામ સારૂંજ આવ્યું કેમકે સ્લીમ જીમ પોતાનું મકાન છોડી દઇ ઓસ્ટ્રેલીયાનાં એકાદ ગામડાંમાં નાહસી જવાની તૈયારીમાં હતો તેજ પળે પોલીસ તેનો પત્તો મેળવવાને સામર્થવાન થઇ. પોલીસને પોતાનાં મકાનમાં દાખલ થયલી જોઇ જીમની ભોળી બાનુ પેહલાં તો બહુજ ધભરાઇ, પણ પોતાના ખાવિન્દને તે એક ફરેસ્તા સમાન માનતી હોવાથી તેણીને સ્વપનેબી ખ્યાલ હતો, નહિ કે પોલીસ તેણીના વાહલા ખાવિન્દને પકડવા આવી હતી. પણ જયારે પોલીસના અમલદારે તેનો હાથ પકડી પોતાના કેદી તરીકે તેને જાહેર કીધો ત્યારેજ ખરી હકીકતથી ઉપજેલી હેબતથી તેની છાતી ફાટી ગઇ, અને પોતાના ધોત્તા ધાત્તા દેખાતા ખાવિન્દને એક બદમાશ ગળાં ફાંસુ તરીકે તે જોઇ શકી. જયારે પોલીસના અમલદારે તેણીના ખાવિન્દ ઉપર બંદીખાનામાંથી નાહસી આવવાનો આરોપ મેલ્યો ત્યારે તેણીની બંને આંખો ખુલી ગઈ. તે સમજી ગઇ કે તે લાંબા વખત સુધી ઘર આગલ પાછો કાં ફર્યો નહિ હતો. સ્તોનબ્રીજનું કેદખાનું તેનો મુળ સબબ હતો. "ઇનસાનનું મોત તુકારે." આ કેહવતને મળતોજ આબાદ બનાવ સ્લીમ જીમની ભલી ઓરતના બાબમાં બન્યો. તે સુંદરીનું મોત તુકારેજ આવ્યું અને પોતાના ખાવિન્દની આ નાલેશી સાંભળતાંજ તેણીનો દમ આખર થયો, અને તેણીનો પવિત્ર આતમા તેણીનાં શરીરનું ખોળિયુ છોડી પતંગિયાની માફક હવામાં ઉડી ગયો. પોતાની વાહલી ઓરતનો મરતી વેળાનો દેખાવ તે પાપી ઠગારો છાતી ઉપર પથ્થર મેલી જોવા પામ્યો. તેણીને મોતનાં છેલ્લાં તડફડીયાં મારતી હાલતમાંજ પોલીસ તેને ઘસડી ગઇ. તેણે નકી માન્યું કે તે પોતાની ઓરતને આ છેલ્લીજ વાર જોતો હતો. તે ગયો પણ પોતાની પ્યારી ઓરતની હંમેશની જુદાઇની આગ પોતાનાં દિલમાં સદાની વસાવી ગયો. તે આગની જોડેજોડ જયારે તેણે બંદીખાનામાં નીલ લાયનને જીવતો જોયો ત્યારે તેનો પોતાનો દમ છેકજ બંધાઇ ગયો. તે માની શકયોજ નહિ કે તે જીવતો અને જાગતો નીલ લાયન હતો કે કબરમાંથી નીકળી આવેલો તેનો ભુત સ્તોનબ્રીજનાં બંદીખાનામાં દાખલ થઇ તેના ખુનીને બીહવડાવતો હતો? શું એજ ભુતે તેનું એકાંત ધામ પોલીસને દેખાડી તેની વાહલી પરણેતરથી તેને સદાનો વિખુટો પાડયો હતો?

પણ જયારે તેણે જાણ્યું કે નીલ લાયન તો મુવોજ નથી, ત્યારે તેની દલગીરીનો કશો પાર રહ્યો નહિ. તેણે પોતાની મુવેલી ઓરતના કસમ લઇ ઠરાવ કીધો કે તેનાં ઘરનું, તેના સંસારનું અને તેનાં સુખનું સદાનું સત્યાનાશ વાળનાર નીલ લાયન ઉપર જીવના જોખમે પણ વેર લેવું. નીલ લાયન માટે કીનો અને કેહર તેનાં અંતઃકરણમાં વાસો કરી પડયાં હતાં. તે એકાદ જોઇતી તકની શોધમાંજ હતો અને આજે તેને તે મલવાથી તેણે વોરડરના કેહેવાને લાયનની વિરૂદ્ધમાં ટેકો આપ્યો હતો, જે આપણે આ પ્રકરણની શરૂઆતમાં જોઇ ગયા છિએ.

વડા વોરડરે ગવરનર મેજર દોન્તના હુકમથી નીલ લાયનને જે સજા કીધી તે એ કે તેની ખોળીમાંથી તેને દોજખ સરખા અંધારાં ગાર ભોંયરાંમાં કેદ કરવો.

ભોંયરૂં! ઓ! તે દોજખના અંધારા ગાર કરતાં પણ બદતર બુરૂં ભોંયરૂં! ગોયા તે જીવતાંઓ માટે એક જહાનમ હતું, જહાનમ કરતાં પણ તે બુરૂં હતું. જે કમબખ્ત કેદીઓ માહ અપરાધના તકસીરવાર ઠરે છે તેઓને એજ જાલેમ ભોંયરાના ગારમાં પુરવામાં આવે છે, જયાં તેઓને સુકી રોટી અને પાણી ઉપર ગુજારો કરવો પડે છે. નીલ લાયનને આ ભોંયરાંમાં દાખલ કરવામાં આવ્યો ત્યારે તે એમજ સમજયો કે જે કવિ કલમો દોજખને ચિતારી ગઇ છે તે કોઇ આવીજ જગ્યા હશે. ત્યાંના અંધકારથી તેને લાગ્યું કે તેની આંખો આંધળી થઇ જતી હતી. તેનો દમ ગુંગળાઇ જતો હતો અને ત્યાંની ઝેરી હવા તેનાં નાકમાં જવાથી તે બે ચાર પળમાં મુરદું થઇ પડવાની અણી ઉપર આવ્યો હતો. ત્યાંની ઢગઢગતી ગરમી તેનાં તન બદનને બાળી નાખતી હતી અને પરસેવાથી તેનું આખું શરીર ભીણાઇ જતું હતું. કુદરતની નાદર બક્ષેસ હવા પણ તે દોજખના ગારમાં દાખલ થવા કમકમતી હતી. ત્યાં હવાનું નામ હતું નહિ. જયાં તેણે નજર કીધી ત્યાં અંધકાર અને અંધકાર સિવાય બીજું કશું તેની આંખોએ પડયું નહિ. તેણે તે દોજખખાનામાં કેટલા દિવસો પસાર કીધા હતા તે તે જાણી શકયો નહિ, કેમકે દિવસ અને રાતની હસ્તી ત્યાં હતીજ નહિ. ત્યાં તો સઘળું શાન્ત હતું, તમામ સિહા હતું. જાણે તે દોજખમાં દિવસની રોશની અને હવાનું નામ હતુંજ નહિ. તેણે ફરિયાદના પોકારો કીધા પણ તે સાંભળનાર કોઇ હતું નહિ. તેની ફરિયાદ પડઘાનાં નાપસંદ રૂપમાં તેના કાનને આવી અથડતી રહી હતી. પણ તે ખુદાને ભુલ્યો હતો નહિ. ખુદાની હસ્તીની યાદને તો તેણે પોતાનું અંતઃકરણ ફાડી ચીરી તેમાં સમાવેશ કીધી હતી. તેનાં એજમતી નામની હસ્તીની જોત તેનાં અંતરમાં બળતી રહી હતી, તેની રગેરગમાં સળગતી રહી હતી. તે ઇનસાનને ફરિયાદ કરતો થાકતો ત્યારે તે ખુદા તરફ પોતાની ફરિયાદનો સાદ લંબાવતો અને તે તેથી સંતોષ પામતો કે બેવફા ઇનસાનો તેની ફરિયાદ તરફ બેદરકાર બનતા હતા, પણ તેમને પેદા કરનાર બાપ તો તે સદા સાંભળતો હતો.

નીલ લાયનનો આવો હાલ હતો ત્યારે તેનાં હાલનાં દુઃખનું મુળ પેલો વોરડર જુદાજ ખ્યાલમાં હતો. તે જેવો પોતાનાં મકાનેથી બંદીખાનાના મોટા દરવાજામાં દાખલ થવાની તૈયારીમાં હતો તેવામાં એક ગામડિયા જેવો મર્દ તેના હાથમાં એક પરબીડું મેલી બોલ બોલતાંમાં તેની નજર આગલથી ગેબ થઇ ગયો, જાણે તે જમીનમાં ગર્ક થઈ ગયો.

આ શો મોજેજો હતો તે જાણવાને તેણે ચોપાસ નજર કરી તે પરબીડું ઉખેડયું. તેણે જોયું કે તેમાં એક ચીઠી હતી જેની સાથે પચાસ પાઉન્ડની બેંક નોટ બીડવામાં આવી હતી. ચીઠી નીચે મુજબ હતી:—

ખુદાનાં નામ ઉપર મારી અરજ છે કે જે શખ્સ આ પચાસ પાઉન્ડની નોટ લે તે શખ્સે કેદી નીલ લાયન (સી. ૩૫) ને મારો પેગામ પુગાડવો કે તારી માતા આરઝુલા છેલ્લો દમ ખેંચેછ.

મોતનો પેગામ.

વોરડર વિચારમાં પડયો. પચાસ પાઉન્ડની નાની દોલત વગર માંગવે તેના હાથમાં આવી પડી હતી. તે ગરીબ હતો, તંગદસ્ત હતો, બચરવાલ હતો, જેથી તેને હાથ લાગેલી આ રકમ સોનાના મુલની થઈ પડી. સી. ૩૫ વાલો બંધવો તે તેજ બંધવો નીલ લાયન હતો જેણે તેને ચાબકાથી ફટકાવી કાહડયો હતો. આ બંધવાને બંદીખાનાના કાયદાની વિરૂદ્ધ જઇ ખબર આપવી એ તેની સત્યાનાશીનો સોદો હતો. અગરજો તેજ બંધવો તેની શામેલગીરી બાહેર લાવે તો? પણ લાંબો ખ્યાલ કરતાં તે સમજી શકયો કે જોકે નીલ લાયને કેદીઓની સનમુખ તેને ચાબકાઓથી ફટકાવ્યો હતો અને તે ચાબકાનો ચમચમાટ હજી દુર થયો હતો નહિ, તોપણ એટલું તો ખરૂંજ હતું કે તે હવે સમજવા પામ્યો હતો કે નીલ લાયન ગમે તેવો હોવા છતાં બાહદુર, વિરલો, સખી તબેહનો અને મજલુમો માટે દયાળુ અને દિલસોજ હતો. આવા હજારમાં એક મળે એવા નરની સેવા અને તે પણ પચાસ પાઉન્ડના બદલાની સેવા બજાવવાને તે તૈયાર થયો.

તેને પોતાના વડાઓનો મોટો ડર હતો. તેને નીલ લાયનના અંધારા ગારમાં વગર સબબે જવાનો કશો હક હતો નહિ. જેથી ત્યાં કેમ જવું એ તેને મનથી એક મુશ્કેલ સવાલ થઇ પડયો હતો. પણ તેનાં દિલમાં દયા ભરી હતી, તેની આંખોમાં હયા ભરી હતી. તે કાંઇ પણ વધુ વિચાર વિના નીલ લાયનના અંધારા ગારમાં એક બળતાં ફાનસ સાથે દાખલ થયો, જયાં તે કમનસીબ બંધવો એક હેવાન જેવો દીવાલને અઢીંગી હાથ પગમાં જીકડાયલી બેડી સાથે બેઠો હતો, પણ વોરડરને જોતાંજ જાણે તે તેને ફાડી ખાવા તેની તરફ ધસ્યો.

"ચંડાળ! તારી કાળી સુરતથી આ દોજખખાનું વટીક તેં ધુળાવ્યુંછ. બોલ! તું અંહિ શું કરવા આવ્યોછ? તું શું માંગેછ? મુજી! અંહિથી તારૂં એકદમ મોહડું બાળ, નહિ તો તારો ટોટો પીસી તારૂં કામ તમામ કરશ."

"બંધવા સી. ૩૫, હું તારે માટે કાંઈ ખબર લાવ્યોછ!" વોરડરે તેના ગુસ્સાની દરકાર કીધા વિના પોતાનો પેગામ કહ્યો.

"બોલ! શું ખબર લાવ્યોછ?" નીલ લાયને કાંઈક શાન્ત પડી કહ્યું.

"બંધવા! હું તારી માતા માટે કાંઈ ખબર લાવ્યોછ."

માતાનું નામ સાંભળતાંજ લાયન પોતાની બેઠક ઉપરથી ચમકી ઉઠી બોલ્યો, "મારી માતા! મારી તે પાક, પરહેજગાર માવતર! બોલ જલદી, મારા તે ફરેસ્તાને શું છે? તું મારી ભલી માતાને કેમ ઓળખે? બોલ, મારી માતાનું નામ દઈ તું મને શું કહેવા માંગેછ?"

"સાંભળ, ઓ કમબખ્ત બંધવા, સાંભળ કે તારી ભલી માતા પડીપળ છે, તે બાનુ છેલ્લો દમ લેછ."

"હેં! શું બોલ્યો, કમબખ્ત? મારી તે ફરેસ્તા ખસલત માતા મરેછ! અરે ખુદા! મારી ઉપર કુદરતનો આ કેવો માર કે મારી માતાનો મરતી વેળાનો પાક પવિત્ર ચેહરો હું જોઇ શકશ નહિ! મારાં આંસુઓથી મારો ગમ ધોઇ શકશ નહિ! મારી ભલી, મારી પાક પહરેજગાર માતા! તારા બેટાને આ દોજખના ગારમાં નામોશીમાં જીવતો મુકી તું કયાં ચાલી જાયછ? માતા! મારી ભલી માતા!" આટલું બોલી તે કમબખ્ત કેદી દુઃખ ખમી ન શકવાથી જમીન સાથે પોતાના હાથો ખુબ જોશથી અફાળવા લાગ્યો.

આવી હાલતમાં પડી રહેવાને થોડી પળ પસાર થઇ નહિ, એટલામાં તે પોતાની સામે દયાથી ડાચું વકાસી ઉભેલા વોરડરને એવી તો અજબ કિસમે ધારી ધારી જોવા લાગ્યો કે તે વોરડર ખરેખર ધાસ્તી ખાઇ ગયો કે રખેને તેનું માથું ખસી ગયું હોય અને તે દિવાનો બની ગયો હોય. પણ નહિ, તે ભુલતો હતો, કેમકે લાયન મગ્જે દિવાનો બન્યો હતો નહિ, પણ દુઃખે દિવાનો બન્યો હતો. તેણે તરતજ વોરડરનો હાથ પોતાના હાથમાં જોશથી પકડયો અને જાણે તેની આંખોમાં પોતાની આંખો પેવસ કરતો હોય તેમ તેને જોઈ બોલ્યો, "અય ભલા યા બુરા શખ્સ! તું જયારે મારી માતાનાં મોતના કાસદ તરીકેજ આયોછ, મારાં સુખના શત્રુ તરીકે આયોછ તો મને સાચું કહે કે મારી ભલી માતાની બિમારીની ખબર તુંને કયાંથી મલી, તેં કેમ જાણી? મને રાસ્ત કેહ કે એ બીના સાચ્ચી છે કે મને મુવેલાને મારવાની કાંઈ બાજી છે? પણ નહિ! તું ખરો છે! ખરેખર, મારી માતા મરવા સુતીછ, આ જુઠી જેહાને મારી છેલ્લી ઉમેદબી લુટીછ! આહ! હું શું કરૂં? કયાં જાઉં? તે પાકઝાદ જનેતરને કેમ મલું? અય મોતના કાસદ! હવે તો મારી ધીરજબી ખુટીછ! ઓ રહેમવંત બાપ! મારી ઉપર આ કોણનો જાલેમ શ્રાપ કે મારી વાહલી ફરેસ્તા ખસલત માતા મરે ને તેનો એકપુરો કમનસીબ બેટો પિંજરાંમાં કેદ પડેલાં હેવાનની બુરી હાલતે તેણીને છેલ્લી ઘડીએ જોવાને તવલતો આ જાલેમ જેહાનમમાં સબડતો રહે? ઓ પરવરદેગાર! આ તે મારી ઉપર કયાં પાપનો માર!"

વળી તે ચુપ બેઠો. તે ખ્યાલોમાં ચકચુર બની ગયો. વોરડર દયાથી તેનો સોહરાયલો સુકાયલો ચેહરો જોતો ઉભો.

"સાંભળ!" લાયન ચુપકીદી તોડી પોકારી ઉઠયો, "સાંભળ! મારી અરજ છે કે તું એકદમ ગવરનર પાસે દોડ, પણ સબર, મને કેહ કે હાલમાં વખત કયો છે? રાત કે દિવસ?"

"રાત!" વોરડરે જવાબ દીધો.

"કેટલો અમલ થયો હશે?"

"બારનો અમલ!"

"બારનો અમલ! ત્યારે બામદાદ થતાં હજી ચાર પાંચ કલાકનો વિલંબ છે, અને તેટલાંમાં મારી તે ભલી માતા ખુદાને બાર પુગી પણ ચુકે. પણ ખયર, ભલા વોરડર, ગવરનર મેજર દોન્તને હું મળવા માંગુંછ."

નીલ લાયનના આ પ્રમાણેના બોલવાથી વોરડર ચમકયો. તે સમજી શકયો નહિ કે તે ગવરનરને શું કહેવા માંગતો હતો? દુઃખથી તે એટલો તો આજેજ

થઇ ગયો હતો કે બનવાજોગ હતું કે દુઃખના મારાથી કચડાઈ તે ગવરનર આગળ વોરડરનો છુપો ભરમ ખુલ્લો કરે! આથી તે મોત જેવો ફિક્કો ફચ થઇ ગયો. લાયન પોતાની ઉપરની ગમે તેટલી આફત છતાં તે દેખાવ પોતાની આંખોએ જોઈ શકયો. આથી તે બોલ્યો, "ભલા શખ્સ, તું ધભરા ના, તને હું મારો જીવ જતાં પણ ફસાવશ નહિ."

વોરડરનું કામ અને પેગામ પુરાં થયલાં હોવાથી તે જગોએ વધુ વખત થોભવું સલામત જેવું નહિ ધારી લાયનને તેનાં દુઃખમાંજ રીબતો અને સબડતો મુકી ત્યાંથી ચાલી ગયો. તે તે જગો છોડી ગયો ત્યારે તેની આંખોમાં આંસુઓ હતાં.

નીલ લાયનની નાહસભાગ એકવાર ફરીથી.

બીજી સવારે વોરડરે ગવરનર મેજર હોન્તને બંધવા સી. ૩૫ ની ખાહેશ જણાવી ત્યારે મેજરની મરણ પામેલી ઉમેદ એકવાર ફરીથી સજીવન થવા પામી. તેણે ખાત્રીથી માની લીધું કે બંધવો લાયન આખરે ઠેકાણે આવ્યો હતો અને તે તેની મરજીને શરણ થવા માંગતો હતો. આથી બેહદ ખુશીમાં આવી જઇ તેણે બંધવા સી. ૩૫ ને પોતાની ઓફીસમાં પોતાની સામે લાવવાનો હુકમ કીધો. આથી પેલા વોરડરને પણ અજાયબી ઉપજી હોય એ સ્વભાવિક છે.

બંધવો લાયન પોતાના હરીફ મેજર સામે આવી ઉભો ત્યારે મેજરના ચેહરા ઉપર ફતેહનાં કિરણો ચળકી રહ્યાં હતાં. તે તો એમજ સમજતો હતો કે બંદીખાનામાંથી નાહસી આફ્રિકા યા આસ્ટ્રેલિયાનાં એકાદ દુરનાં જંગલમાં જઈ રહેવાને અને આવી રીતે મેજર અને એદેલીનના માર્ગ વચ્ચેથી સદાનો દુર થવાને લાયન હવે તેયાર થયો હતો અને તેટલાજ માટે તેણે મેજરની મુલાકાત ચાહી હતી.

"સી. ૩૫, તું શું કહેવા માંગેછે?" પોતાની કુશાદે ઓરીસવાલા ઓરડામાં પોતાની સામે લાયનને એકલો જોઈ મેજરે સવાલ કીધો.

નીલ લાયન તેમની વચ્ચેનો અંતર ભુલી જઈ એકદમ તેની આગળ ધસી ગયો અને મેજર તેને અટકાવે તે આગમચ તે તેનો હાથ પકડી બોલ્યો, "સાહેબ! તમારી આગલી માંગણી મને સેહજ તફાવત સાથે કબુલ છે. એદેલીનને ખાતર, બલ્કે મારી મરની માદરને ખાતર હું આફ્રિકા, આસ્ટ્રેલિઆ યા હિન્દુસ્તાનના એકાદ વેરાન ભાગમાં બંદીખાનામાંથી નાહસી જવાને તેયાર છું, પણ તે એવીજ શરતે કે મારે આ દેશવટો ત્રણ વરસ સુધી ભોગવવો. કેમ સાહેબ, મારી આ શર્ત તમોને મંજુર છે?"

"બિલકુલ નહિ!" મેજરે પોતાનો હાથ બંધવાના હાથમાંથી કાંઈક ધિક્કારની લાગણી સાથે છિનવી લેતાં કહ્યું.

"બંધવા, હું તારી સાથે કશીબી શર્ત કરવા માંગતોજ નથી. મારી તમામ શર્ત તારે બજા લાવવીજ જોઇએ, નહિ તો મરણ સુધીનું આ કેદખાનું તારે ભોગવવુંજ જોઇએ."

મેજર બંધવા તરફનો જવાબ સાંભળવાને અજબ ઇંતેજારીથી રાહ જોતો બેઠો, પણ બંધવાએ કશો જવાબ દીધો નહિ. તે મેજરનો ચેહરો દિવાનાની પેઠે ટીકતોજ

ઉભો. પોતાની મરતી માદરની છેલ્લી મુલાકાત લેવાની તેની આ એકલી આશા પણ ભ્રષ્ટ થવાથી તેનો ચેહરો હતો તે કરતાં વધુ ફિક્કો મારી જવાથી મેજરને લાગ્યું કે તે બંધવો કબરમાં જીવતો દટાયા પછી તે ત્યાંથી એકાએક તેની સામે ફુટી નીકળ્યો હતો. આથી મેજર લગાર ધભરાઈ બોલી ઉઠયો, "સી. ૩૫, તું શું કેહેછ? જીંદગી ભરનો દેશવટો કે જીંદગી ભરનું કેદખાનું?"

"જીંદગી ભરનો દેશવટો ભોગવી મારી એદેલીનને બેવફા બનવા કરતાં જીંદગી ભરનું કેદખાનું ભોગવી તે દિલફરા માહરૂને વફાદાર થવાનું હું વધુવાર વધારે પસંદ કરૂંછ."

હવે મેજરને મોત જેવો ફિક્કો પડવાની વારી આવી. તેણે કાંઈ બડબડાટ સાથે ટેબલ ઉપર નાઉમેદીની જુમમાં પોતાનો ડાબો હાથ અફાળ્યો અને જમણા હાથની મુઠી વાળી જાણે તે લાયનને મારવા જતો હોય તેમ તે તેને દેખાડી બોલ્યો, "ચંડાળ જા! તારૂં મોહડું બાળ! નહિ તો તારી આવી શરમભરેલી સરકશી માટે તારો જાન લેવશ." આટલું બોલતાં તેણે પોતાની ટેબલ ઉપરનો ઘંટ વગાડયો અને તેના જવાબમાં આવેલા નોકરને તેણે હુકમ કીધો કે બંધવા સી. ૩૫ ને ત્યાંથી લઈ જવો.

પ્યાર અને દિલાસાનો એક પણ બોલ પોતાની મરતી માદરના કાનમાં રેડવાને તે શક્તિવાન, બલ્કે નસીબવંત બન્યો નહિ તેટલા માટે લાયન પોતાના કમતાલેને હજારો કદુવા દઈ નિસોસ થઈ બેઠો. આખો દિવસ કેમ પસાર થયો તે તે જાણી શકયો નહિ. જ્યારે વોરડર સુક્કી રોટી અને પાણીના કુંજા સાથે બીજી વાર દાખલ થયો ત્યારેજ તે કમબખ્ત બંધવાએ જાણ્યું કે દિવસ વહિ ગયો હતો અને રાતનો અંધકાર જન્મ પામ્યો હતો. લાયને વોરડરના હાથમાંથી ખાણું લઇ તે દુર ફેંકી દીધું. વોરડર ધભરાયો, કેમકે તેણે જોયું કે બંધવાનો તમામ દેખાવ જીવ ઉપર આવેલા ખુનીના જેવો ધાતકી લાગતો હતો, છતાં તેનું આખું અંગ ધ્રુજતું હતું, તેનો ચેહરો વધુ કદરબિહામણો બન્યો હતો. તે ઉપર લોહીનું એક ટીપું વરીક જણાતું હતું નહિ.

"અય ભલા શખ્સ!" લાયને તેનો ધભરાટ જોઈ સેહજ હસતે મોહડે કહ્યું, "તું બિલકુલ ધભરા ના. એકબારગી મારો પોતાનો જાન તમામ કરશ, પણ તારા વાળને એલજામ આવવા દેવશ નહિ. બેસ, મારી પાસે બેસ, ને હું જે કહુંછ તે તું ધ્યાનથી સાંભળ. મારા ભલા દોસ્ત! મને જવાબ દે કે તારી ભલી માતા જીવેછ કે ખુદાને બાર પોંહચી ગઇછ?"

"બંધવા! મારી માતા ગુજર પામીછ પણ તેણીની ભલી યાદ મારાં અંતઃકરણમાં જીવતી ને જાગતી છે," વોરડરે પોતાની ભલી માતાની યાદ થતાં લગાર દયામણો ચેહરો કરી જવાબ દીધો.

તેની માવતર માટેની યાદની આંચ તે બેટાનાં જીગરમાં હજી સળગેલી રહેલી જોઈ લાયન ખુશી થઈ પોકારી ઉઠયો, "સાબાશ! મરહબા! વારૂં મને જવાબ દે કે તારી ભલી માતા આ પળે જીવતી હોય અને તેણીની બિમારીની તને ખબર પડી હોય ને તું દુર પડેલો હોય તો તું તારા પેદા કરનાર સાહેબ પાસેથી કેવી ઉમેદની આજ્ઞુ રાખે?"

"હું તે ખુદા પાસે એટલુંજ ચાહું કે મને પાંખ આપે તો હું તેજ ઘડીએ ઉડી મારી માતાની બિમારીનાં બિછાના આગલ જઈ તેણીનાં મોતને સમયે કાંઈક દિલાસો દઇ તેણીના ચેહરા ઉપર ચુંબન લઈ મારી ફરજનું કરજ અદા કરૂં!"

"આફ્રીન ! સદ હજાર આફ્રીન ! ખરેખર ! તુ એક વફાદાર બેટો છે ! અને હું માનુંછ કે આપણાં લોકોમાં તારાજ જેવા વફાદાર બેટાઓ જોવાની હોંસ તારાં દિલમાં તું ધરાવેછ."

"બેશક ! કયો સાચો ખ્રિસ્તી એ ઉમેદને પોતાનાં અંતઃકરણનાં ભીત્તરમાં છુપાવી ફરતો નહિ હોય ? પણ બંધવા, મને હવે તને છોડી જવો જોઇએ, નહિ તો આપણા બાબમાં કાંઇક શક જવાથી આપણ બંનેને ખમવું પડશે," વોરડરે પોતાનો ધભરાત જાહેર કીધો.

"ભલા વોરડર ! ઉતાવળો ન થા. થોડી પળ મને સાંભળી લે અને બેલા-શક તું તારો રસ્તો લે. મારી તને એટલીજ અરજ છે કે આ દોજખખાનામાંથી ફકત બે ત્રણ દિવસ મને મુકત કર ! હું મારી માતાનો પુંજારી છું. મારી તરફના તેણીના પ્યારે મારાં જીગરમાં ધગધગતા અંગારનું રૂપ લીધુંછ. મરતી વેળાનો તેણીનો ચેહરો જોવાની મને એકજ તક આપ ! ઓ ભલા શખ્સ ! તારામાં દયાની એક પણ રજકણ બાકી હોય તો મને આ જહાનમખાનામાંથી ટુક વખત છોડવ ને મારી મરતી માતાની પનાહભરી ગોદમાં જવા દે, ને પછીજ તે ભલી બાનુને મરવા દે."

વોરડર ધભરાયો. તે સમજી શકયો નહિ કે તે બંધવો શું કેહવા માંગતો હતો.

"બંધવા ! તું ભુલી જાયછ કે મને મારા ઉપરીઓનો ડર રાખવો જોઇએછ."

"ભલા શખ્સ ! તું બી ભુલી જાયછ કે તને પેદા કરનારા બાપનો ડર રાખવાનો છે. ગેરઇનસાફી શેઠની સેવા કરવા કરતાં ઈનસાફી નોકરની સેવા કરવામાં આકેબતનું સુખ સમાયલું છે, તે તું કૈમ ભુલી જાયછ ? તે છતાં ખુદા તારી સેવા પોતાની તરફના બદલા વિના પસાર થવા દેતો નથી, તેમ હુંબી કરવા માંગુંછ. તારી સેવાના બદલામાં સો પાઉન્ડની રકમ તારે મકાને મોકલી આપવા હું મારા કોલોકસમ, બલ્કે દિનો ઈમાનથી બંધાઉછ."

આવી મોટી રકમ અને આવા સોનેરી સખુનોથી વોરડર કાંઈક પિગળ્યો. તે પોતાની નોકરીના જોખમે નીલ લાયનની સેવા બજાવવા તૈયાર થયો. વોરડર પોતે ગરીબ હતો. તેને તેની ભલી ઓરત અને તેનાં ફરજંદોને માટે નાણાંની મોટી જરૂર હતી, જેથી તે લોભાયો, લલચાયો અને નાણાંની મોહિનીમાં ફસાયો.

તે લગભગ બે મિનિટ સુધી ચુપ ઉભો; પછી જાણે તેને એકાએક ખ્યાલ આવી ગયો હોય તેમ તે ચોંકયો. એકજ ઠરાવ સાથે તે ઉઠી ઉભો થયો, અને લાયનના કાનમાં થોડાક શબ્દો રેડી તે તે જાલેમ ધામ છોડી ગયો. પણ બીજી સહવારે વોરડરનો ઠરાવ અમલમાં લાવવાની જરૂર રહીજ નહિ; કેમકે તેની અજાયબી વચ્ચે તેણે જોયું કે ગવરનર મેજર દોન્તે વડા વોરડરને હુકમ કિધો કે સી. ૩૫ ને ભાંયરાંમાંથી બાહર કાહડી તેની અસલની જગોએ લઇ જવો. મેજરની આવી મેહરબાની બંધવા ઉપર એકાએક શા માટે ઉતરવા પામી તે જેમ લાયન તેમજ વોરડર પોતે પણ સમજી શકયા નહિ. તોપણ તે સમજવાને પોતાનું મન રોકવાનો આ વખત હતો નહિ. તેઓ બંનેની ખુશાલી પાર વિનાની હતી. લાયનને વડા વોરડરે તેજ ભલા વોરડરની સરદારી હેઠળ સ્તોનબ્રીજનાં કેદખાનાની બાહેર કામ કરવાનો હુકમ કીધો હતો.

અંતે ત્રણ દીવસ પછી એક તક હાથ લાગી. પેલા ભલા વોરડરની સરદારી હેઠળના બંદીવાનો જેઓમાં નીલ લાયન પણ એક હતો તેઓ સઘળા

પોતાનાં કામથી ફારેગ થઈ કેદખાનાનો રસ્તો લેતા હતા તે વેળાએ લાયન એક મોટી ઝાડીની પાછળ છુપાઇ રહ્યો. પેલો વોરડર કાંઇ જાણતોજ નહિ હોય તેમ બીજા કેદીઓને લઇ બંદીખાનામાં દાખલ થયો અને જાણે તેને હમણાંજ માલમ પડયું હોય કે સી. ૩૫ નંબરવાલો બંધવો તે ટોળાંમાં હતો નહિ, તેમ તે ટોળાંને બીજા વોરડરને સોંપી જયાં લાયન છુપાયલો હતો ત્યાં તે દોડયો. લાયન તેને મળવાને તૈયાર ઉભો હતો. આગળથી કરવામાં આવેલી ગોઠવણ મુજબ વોરડરને ચતોપાટ પડવાનું હતું અને તે આગમચ તેઓ બંનેને પોત પોતાનાં કપડાં બદલી લેવાનાં હતાં. બોલ બોલતાંમાં આ સઘળું કરવામાં આવ્યું, અને બોલ બોલતાંમાં બંધવો નીલ વોરડરનો પોશાક પેહરી લઇ તે બંદીખાનું સેહલાઇથી છોડી ગયો, તે દોજખખાનાંમાંથી જીવ લઇને નાહસી ગયો. ઝાડીઓ, ખાડાઓ, ખાડીઓ, ખબોચિયાંઓ કુદાવતો તેણે ઓલ્ડકેસલ તરફનો, પોતાનાં ઘર તરફનો રસ્તો લીધો.

શું બંધવો નીલ લાયન બંદીખાનામાંથી નાહઠેલો તે દોજખખાનામાં પાછો ફરશે ? જોઇશું.

દીકરો મરતી માતાને ભેટે છે.

નીલ લાયન જીવ ઉપર આવ્યો હતો. પોતાની માતાને મળવું યા પોલીસની બેયોનેટથી વિંધાઇ મરવું એ તેનો ઠેરાવ હતો. આથી તે કાંઇબી આઘું પાછું જોયા વિના આંખ મીંચી દોડાદોડી કરતો કાંઇ અજબ ઉલટમાં ખાડા અને ખાડીઓ કુદાવતો પોતાની તુરંગના પેલા ચોકીબાનનાં વસ્ત્રોમાં ઓલ્ડકેસલ ખાતે આવી પોંહચ્યો. તેણે જોયું કે એજ તે શેહર હતું, જયાં પોતાને ચાહનાર બાનુ એડેલીનના બાપ કરનલ રેનનાં કારખાનામાં ઇજનેરની પંકતી ઉપર આબરૂ અને ઈજ્જતની રોટી મેળવી તે પોતાના ગરીબ સંસારે સુખી હતો. એજ તે શેહર હતું જ્યાં તે કામદારો તરફથી લટતમાં ઉતર્યો હતો અને એજ તે શેહર હતું કે જયાંની ખુબસુરતીની રાણી એડેલીનને પેહલવેહલી તે જોઇ ચાહતાં શિખ્યો હતો.

ઓલ્ડકેસલમાં દાખલ થતાંજ આ સઘળા બનાવોની દુઃખભરી યાદથી તેનાં બદનમાંથી નાસિપાસીનું એક સખ્ત લખલખું પસાર થઈ ગયું.

તે જંગલને રસ્તે પીત રોડ ઉપરનાં પોતાનાં મકાન આગળ જયારે આવી પોહચ્યો, ત્યારે તે ગમે તેટલો બાહદુર હોવા છતાં તેની બંને આંખોમાં આંસુઓ ધાઇ આવ્યાં હતાં. તેનું તે મકાન નજરે પડતાંજ તેને એટલું બધું તો લાગી આવ્યું, આગલા સુખી દિવસોની યાદ એવાં તો મજબુત જોશ સહિત તેનાં મગજમાં ધસી આવી કે ગમે તેટલી હિમ્મત રાખવા છતાં તેનાં આંસુઓ અટકાવેલાં અટકી શકયાં નહિ. જેમ તેમ, માહા મુસીબતે અને ઘણીજ આનાકાની સાથે તે પોતાનાં મકાનના આગલા દરવાજા આગલ આવી ઉભો અને પોતાના ધ્રુજતા લથડતા હાથો તેણે બારણાં ઉપર મુકયા અને તે ઉઘાડી અંદર દાખલ થવા ચાહ્યું, પણ બારણું અંદરથી બંધ હતું. તેણે દરવાજા ઉપર બે ત્રણ ધીમા તકોરા માર્યા. તે બારણું થોડીક પળના વીલંબ પછી ઉઘડયું. દરવાજો ઉઘાડનાર રોઝામન્ડ ફ્લોય હતી. તેણીના હાથમાં બતી સાથનું ફાનસ હતું, જે તેણીએ લાયનના

ચેહરા આગલ ધર્યું, કેમકે તે સમજી શકી નહિ કે આટલી રાતને વખતે વોરડરના પોશાકમાં દરવાજે કોણ ઠોકતું હતું.

ફાનસના ઉજાશથી લાયનને જોઈ તે બાનુ ઘભરાઇ બોલી, "કોણ? નીલ? બોલ! તું લાયનજ છે કે?"

"ચુપ!" લાયને નાક ઉપર આંગળી કરી રોઝામન્દને ચુપ રાખવાની ઇશારત કરી ધીમેથી કહ્યું, "ચુપ! રોઝામન્દ! ખુદા ખાતર મુંગી રહે! હા, હું કમબખ્ત, કમનસીબ નીલ છું! મારી સરજતને આધીન છું! રોઝામન્દ, મારી માતા કયાં છે? તે કેમ છે? તે મારી તગરમાં જીવેછ કે મુજ જેવા કમબખ્તને એકલો અટુલો વિલાપ કરતો મેલી આ જેહાનથી વાસો ઉઠાવી ગઇછ?" લાયને રોઝામન્દનો નાજુક હાથ પોતાના ધ્રુજતા હાથમાં પકડી તેણીની આંખોમાં જાણે પોતાની આંખો પેવસ કરતો હોય તેમ સવાલ કીધો.

"કમનસીબ ભાઈ! તે જીવેછ, પણ ફકત તારીજ તગરમાં જીવેછ! તે ભલી બાનુની જીંદગીની જોત હજી બુજાઇ નથી, તે બળતીજ રહીછ પણ જે ઘડી જાયછ તે ઘડીએ તે ભ—ભ—ભ—"

રોઝામન્દ આગલ બોલતી અચકી ઉભી, જેનો બાએસ લાયન સમજી જવાથી બોલી ઉઠયો, "બોલ, રોઝામન્દ બોલ! તું અટક ના, તું અચક ના! રોઝામન્દ, એમજ કેની કે મારી માતા આ જેહાનમાં થોડીજ પળની છે? પણ હું તે ખુદાની શુક્રગુજારી કરૂંછ કે તે મારી માતાને તેણીની છેલ્લી પળે તેણીનો કમબખ્ત બેટો જોવાને નસીબવંત નિવડયોછ." આટલું બોલી તે ઉસ્કેરાયલી હાલતમાંજ પોતાની મરતી માતાના ઓરડામાં ધસવા જતો હતો એટલામાં રોઝામન્દ તેને અટકાવી ચોપાસ નજર કરી બીહતી ધ્રુજતી બોલી, "સબર! બેખબર ભાઇ, જરા સબર! તારી માતાનાં બિછાના આગલ મીસ રેન અને વીલિ એ ઉપરાંત લેડી ઓલ્ડકેસલ પણ બેઠેલાં છે."

લેડી ઓલ્ડકેસલનું નામ સાંભળતાંજ નીલ લાયન ચોંકયો અને પુતલાંની માફક અટકી ઉભો. તેને આ પ્રમાણે સુનો સાવજ જેવો ઉભેલો જોઈ રોઝામન્દે સવાલ કીધો, "શું તું બંદીખાનામાંથી પાછો નાહસી આવ્યો કે?"

"નહિ, હું નાહસી આવ્યો નથી; પણ મને નાહસી આવેલા કેદી તરીકેજ સમજ, જોકે ખુદા શાહેદ છે કે મારી મરતી માતાની અને મીસ રેનની મુલાકાત લીધા બાદ હું બંદીખાને મારી રાજી ખુશીથી પાછો ફરનાર છું."

"શું તું બંદીખાને પાછો જનાર છે? બંદીખાનાનાં દોજખખાનામાંથી નાહસી આવેલો કેદી પોતાની મરજીથી પાછો કેદ પડવા જાય એ તો મેં આજેજ અને તે પણ તારેજ મોહડેથી સાંભળ્યુંછ!"

નીલ લાયને જવાબ આપ્યો નહિ. તેણે ફકત પોતાનું ડોકુંજ ધુણાવ્યું.

"અરે મારા વાહલા ભાઇ! તું જેલખાનામાં પાછો જશે તો તેઓ તને કેવી બુરી સજા કરશે? અરે કોરડાના મારથી તને તેઓ અધમુવો કરી નાખશે. જોકે તું તારી મરતી માવતરની છેલ્લી મુલાકાત ખાતર નાહસી આવ્યોછ અને તું પોલીસને કશી મેહનત આપવા વિના તારી જગોએ પાછો જવાને તૈયાર છે, પણ તેનો નતીજો કેવો આવશે તેનો ખ્યાલ થતાંજ મને તો ધ્રુજરાં છુટેછ! તારાં આવાં સાથવટ અને પ્રમાણિકપણાંની કદર ઇનસાન તો નહિજ, પણ યઝદાનજ બુજશે."

પણ રોઝામન્દ આટલું બધું પિંજણ શું કરી ગઇ હતી તે તો લાયનની બલાનેબી ખબર હતી નહિ. તેનું તમામ ધક ધ્યાન તેની માતામાં ઠસી ગયું હતું. રોઝામન્દના સખુનોથી સામી તેને અકરવકર ચાલુ થઇ હતી.

"રોઝામન્દ, ખુદા ખાતર હવે મને ના રોક!"

એક વાર ફરીથી રોઝામન્દે તેને અટકાવી સમજાવટ ચાલુ રાખી કહ્યું, "લાયન! લેડી ઓલ્ડકેસલની ઉપર હોવાથી ત્યાં જવું એ તારે માટે સલામતીભર્યું નથી. હું ઇચ્છુંછ કે તે બાનુ તને જોવા પામે નહિ."

નીલ લાયન હસ્યો.

"શા માટે મારે તે બાનુથી બીહવું જોઇએ? હું કાંઈ બંદીખાનામાંથી સદાનો નાહસી આવ્યો નથી. ભોલી રોઝામન્દ, મને ખુદા ખાતર જવા દે, મારી તે ફરેસ્તા ખસલત માવતરને છેલ્લી વાર મળવા દે." આટલું બોલતાંજ તે રોઝામન્દ આગલથી કમાનમાંથી છુટેલા તીરની માફક નાહઠો અને પોતાની માતાના ઓરડા આગલ ધસ્યો ગયો. ઓરડાનો દરવાજો બંધ હોવાથી તેણે હળવેથી ઠોકયો. વીલિ એએ દરવાજો ઉઘાડયો કે તરતજ નીલ લાયન પોતાની માતાનાં બિછાના આગળ ધસી ગયો. વોરડરના લેબાસવાલા એક શખ્સને અરસુલાનાં બિછાના આગલ ધસી જતાં જોઇ બધાં અજબ થઇ ગયાં. લાયને શું જોયું? તે એટલુંજ જોઇ શકયો કે એક બિછાના ઉપર તેની માતા આવતાં મોતના હાથમાં લાઇલાજ બની પરેશાન હાલતે પડી હતી. તેણીનો ચેહરો તદનજ ફિક્કો ફચ પડી ગયો હતો. તે સોહરાઇ સુકાઈ ગયો હતો, તે ઉપર લોહીનું એક ટીપું વટીક જણાતું હતું નહિ, તે ઉપર મોતનો પડછાયો આબાદ જણાઇ આવતો હતો. આ સઘળી તપાસ માત્ર એક બે પળનું કામ હતું. તેણે આંસુઓ સાથની પોતાની આંખો બીજી તરફ ફેરવી, જયાં તેનાં મનની મોરાદ, તેની જીંદગીનું આબેહેયાત એદેલીન માથું ટેકવી અરસુલાનો છેલ્લો દમ તેણીનાં ખોળિયાંમાંથી નિકળી જતો તપાસતી બેઠી હતી. તેણીએ વોરડરના પોશાકમાં સજ થયલા પોતાના આશકના ચેહરા તરફ ઝાંખી નજર વટીક કીધી હતી નહિ, પણ જયારે લાયન બિછાના આગળ ધુંટણીએ પડી પોતાની મરતી માતાનો દીવાસળી જેવો હાથ પોતાના હાથમાં લઇ "માતા! મારી માતા!" કરી પોકારી ઉઠયો ત્યારેજ તે મિઠો, મધુર અને દિલકશ અવાજ તેણીને કાને અથડવાથી તે ચોંકી પોતાની જગો ઉપર ટટાર થઇ બેઠી. જેમ સિતાર જેવાં સુંદર વાજીંત્રનો તીણો અને શુરીલો આવજ ગાયન જેવી કુદરતી બક્ષેસના સાચ્ચા આશકના કાનને દુરથી અથડવાથી જેવી ખુશાલી તેને ઉપજે છે તેવી ખુશાલી એદેલીનને લાયનના મિઠા સ્વરથી ઉપજી, અને જેમ મદારીઓની વાંસલીના એજમતી અવાજથી નાગ જેવું ઝેરી જાનવર વશ થઈ જાય છે તેવોજ આબાદ હાલ એદેલીનનો થઇ પડયો. તે બાનુ લાયનના અવાજના ગોયા જાદુઇ બંધમાં ગિરફતાર બની ગઇ હતી. તેણીએ પોતાના કેદી આશક તરફ કાંઈ અજબ લાગણીથી જોયું. વીલિ એ અને લેડી ઓલ્ડકેસલની લાગણી પણ હદ વિનાની ઉશ્કેરાયલી હતી, પણ બંનેની લાગણી એક બીજાંથી કેવળ જુદીજ હતી. એદેલીનના ચેહરા ઉપર લોહીનું ટીપું વટીક જણાતું હતું નહિ. તે લાયન આગળ મોહબતની અજબ મોહિનીથી ખેંચાઇ ગઇ, પણ ભોળો વીલિ એ અને તવંગરીના તોરમાં મરી રહેલી લેડી ઓલ્ડકેસલ લાયનને જોઈ કમકમી હઠી ગયાં. એદેલીનને પોતાની આગળ ધસી આવેલી જોતાંજ લાયને અજબ

પ્યારથી તેણીનો હાથ પોતાના હાથમાં લીધો અને ઉસ્કેરાઇ જઇ પોકારી ઉઠયો, "એ ! મારા રાહબર ફરેસ્તા ! મને કહે કે મારી બલી મા આરામની નીંદમાં પડીછ કે મોતની સદાની ઊઘમાં સુતીછ? જો! એદેલીન જો! મારી બલી માદર છેલ્લો દમ ભરેછ, અરે! તે મારી નજર આગળ મરેછ!" આટલું બોલી તેણે એદેલીનનો હાથ—જે તેણીએ હમણાં સુધી તેના હાથમાં પડી રહેવા દીધો હતો તે—છોડી દીધો અને એક વાર ફરીથી પોતાની માતાના ઠંડા હાથો—જે હજી ઝુલતાજ હતા તે—પોતાના હાથમાં લઇ પોકારી ઉઠયો, "માયજી! મારાં વાહલાં ફરેસ્તા ખસલત માયજી! હું તમારો નીલ તમુને મળવા આવ્યોછ. મને ઓળખોછ કે? અરે! તમારી નજર ખોલો ને તમારા એક વારના વાહલા બેટા આગળ જરા તો કાંઇ બોલો!"

તે આગળ બોલી શકયો નહિ. તેની છાતી ડચકાંઓથી ગુંગળાઇ ગઇ, તેની જબાન સીવાઇ ગઇ. તેણે પોતાની વાહલી માવતરની છાતી ઉપર પોતાનું માથું મુકર્યું. આંસુઓની ધારા તેની આંખોમાંથી વહેતી હતી. એદેલીન પોતાના પ્યારાનો આવી છાતી ફાડનારો હાલ કેમ જોઈ શકે? તે તેને પોતાની તરફ ખેંચવા જતી હતી તેટલામાં તેણીએ જોયું કે અરસુલાએ હમણાં સુધી પોતાની બંધ રહેલી આંખો ઉઘાડી હતી અને તેણીના કાન ઉપર પોતાના વાહલા બેટાનો સરોદ પડવાથી તે આંખો તગર તગર તેની તરફ જોતી રહી હતી. તેણીએ પોતાની છેલ્લી પળ વખતે પોતાના બેટાને ઓળખ્યો જેથી તે દુ:ખી બાનુ કાંઇક હસી અને બોલી, "નીલ! મારા બેટા, મારા વાહલા બેટા નીલ!"

"ઓ! મારી ફરેસ્તા ખસલત માદર! હુંજ તમારો વાહલો, પણ કમનસીબ બેટો નીલ છેઉં. માયજી, મારા જાન કરતાં વાહલાં માયજી, હું તમોને હસ્તાં બોલતાં જોઇ ખુશાલીનો માર્યો મરી જવશ!"

પણ અરસુલાના કાન પોતાના બેટાના બોલવા તરફ સુન મારી ગયા હતા. તે કાંઈ જુદાજ ખ્યાલમાં હતી, જુદાજ હાલમાં હતી.

"નીલ! મારા વાહલા બેટા નીલ! હું તને કાંઇ કહેવા માંગુછ. બેટા! તે તારે જાણવુંજ જોઇએ. મને ઉમેદ છે કે તે પરવરદેગાર તે વાત મારે મોહડેથી બાહર પડવા આગમચ મને પોતાની પાસે બોલાવી લેશે નહિ." પણ આ પળે તેણીની નજર પોતાની સામે બેઠેલી લેડી ઓલ્ડકેસલ ઉપર પડી અને તરતજ તે પાછી ચુપ થઇ ગઇ. તેણીને આવી રીતે એકાએક ચુપ થયલી જોઇ લાયન કાંઇક કચવાયો. તેણીને તે ગમ્યું નહિ. તેની માતા આવું તે અગત્યનું શું કહેવા માંગતી હતી તે તે સમજી શકયો નહિ.

આ વેળાએ નીચલા દરવાજાઓ મોટાં જોરા સહીત ઠોકાવાનો સાદ દરેકને કાને જોકે સંભળાયો તોપણ તે માટે કોઇએ કશી દરકાર કીધી નહિ. સઘળાંઓનું ધ્યાન આ કમનસીબ મા દીકરાની વાતચીત ઉપર રોકાઇ ગયું હતું. પણ એટલામાં રોઝામન્ડ હાંફતી હુંફતી દાખલ થઇ. તે બાનુ કાંઇ દેખીતી ઉતાવળમાં હતી. એદેલીને તેણીનો ઘભરાટ જોઇ લીધો. તે ઘભરાટનો અર્થ તે બાનુ જુદોજ સમજી. શું તેણીના પ્યારાને પોલીસ પકડવા આવી હતી?

"બાનુ," રોઝામન્ડ એદેલીન તરફ જોઈ બોલી, "સોલીસીતર મી૰ સીગીન્સ દરવાજા આગલ ગાડીમાં છે. તેવણ મીસીસ લાયન માટે કાંઇ અગતની ચીજ લઇ આવ્યાછ. તેઓ પોતાના પગને થયલી ઇજાથી ઉપર આવી શકતા નહિ.

હોવાથી તમો બાનુને મળવા માંગેછ. મી૦ સીગીન્સ પોતાનાં કામને ઘણુંજ અગત્યનું જણાવેછ. તેવણ મીસીસ લાયનને કાંઇ અગત્યનું ઓચરીયું આપવા માંગેછ."

રોઝામન્દના આવા સખુનોથી એદેલીન એક બોલ વટીક બોલવા વિના લાયન આગલથી વિજળીક ઝડપે નીચે ઉતરી ગઇ તે વેળાએ તેણીને સ્વપનેબી વકી હતી નહિ કે સીગીન્સનાં આવવાથી અને તેણીનાં જવાથી લેડી ઓલ્દકેસલનાં પેટમાં કેવાં આડાં ને ઉભાં આવતાં હતાં! સીગીન્સ મીસીસ લાયન માટે કાંઇ અગત્યનું ઓચરીયું લાવ્યો હતો એ ખબરથી તે બિલકુલ હેબતાઇ ગઇ હતી, મોત જેવી ફિક્કી પડી ગઇ હતી, અને જયારે એદેલીન પોતાના હાથમાં એક મોટાં પરબીડાં સાથે દાખલ થઈ ત્યારે તો તેણીનું રૂપ આફત અને કંગાળિયતનું શોચા સિહા ચિત્ર બની ગયું હતું.

એદેલીને પેલું પરબીડું લાયનને બતાવી કહ્યું, "લાયન, તારી માવતર મરણ પામે તે આગમચ આ ઓચરીયું તારે ઉખેડવુંજ જોઇએ."

પરબીડું ઉખેડવાનું નામ સાંભળતાંજ લેડી ઓલ્દકેસલને લાગ્યું કે તે બેશુદ્ધ થવાની અણી ઉપર હતી, કેમકે તેણીએ જોયું કે તેણીની જીંદગીની કમબખ્ત પળ હવે આવી પુગી હતી. તેણીનું અંતઃકરણ અંદરખાનેથી તેને ડંખતું હતું. ધસક અને ધાસ્તીનો વંટોળિયો તેનાં પુર બળમાં ફુંકતો હતો. એ શું હતું? શું દુરની આફતની આ એક નિશાન હતી?

મોતનો કાસદ.

"માતા! માતા!" નીલ લાયને પોતાની માતાને વળગી પડી પોકાર કીધો. એદેલીને સીગીન્સના લાવેલાં ઓચરીયાં માટે જે કાંઇ કહ્યું તે તરફ તેનું જરાબી ધ્યાન હતું નહિ. તેનું સઘળું ધક ધ્યાન તેની મરતી માદરના વધુ અને વધુ ફિક્કા પડતા ચેહરા ઉપરજ ચોંટી રહ્યું હતું. લેડી ઓલ્દકેસલની આંખો પણ તેજ ચેહરા ઉપર ચીટકી રહી હતી. તેણીનો ચેહરો અરસુલાના ચેહરા કરતાં કાંઈ ઓછો ફીક્કો નહિ હતો. તે તગર તગર, મરતી અરસુલાને બેભાન જેવી જોતી બેઠી હતી, અને જયારે તેણીને જોતી તે થાકતી ત્યારે તે પોતાની નજર એદેલીનના હાથમાંનાં પરબીડાં ઉપર ફેંકતી હતી, જે વેળાએ તેણીનો ચેહરો વધુ ફીક્કો પડી જતો હતો. તેણીનાં પેટમાં તે પરબીડાં માટે એવી તો ફાળ પડી હતી કે અગરજો તે ઓરડામાં એદેલીન તેણીની સાથે એકલી હોત તો તરતજ લેડી ઓલ્દકેસલે તેણીનો ટોટો વટીક પીસી તેણીના હાથમાંનું તે પેકેટ છિનવી લીધું હોત! પણ હાલમાં તે લાચાર હતી; કેમકે તે ઓરડામાં તે બાનુ ઉપરાંત નીલ લાયન, વીલિ ચે અને રોઝામન્દ હતાં.

જે પેકેટ સોલીસીટર સીગીન્સ "પેલી આંધળી આંખ" ની ચાવીથી ચોરી કરવા પાગ્યો હતો તેજ પેકેટ તે લુચ્ચા વકીલ મારફતે એદેલીનના હાથમાં આવવા પામવાથી તેણીએ સીગીન્સને મન ભાવતી "સેસ બરી" અને જયારે તે તેમ કરતાં થાકી ત્યારે તેણીએ પોતાના બેટાઓને શ્રાપથી વધાવી લીધા.

તેણીને એટલોજ સંતોષ હતો કે અરસુલા મરણને કાંઠે આવી પુગી હતી અને તેણીનો બેટો લાયન છુટી આવેલો કેદી નહિ, પણ નહાસી આવેલો કેદી

હતો જેથી જે બખત જાય તેમાં પોલીસને હાથ ફરીથી પકડાઈ જવાની અણી ઉપર હતો. વળી તે પેકેટમાં શું લખ્યું હતું તેથી તે અંજાણ હતી.

"ઓ! એ પેકેટમો ભેદ ભરમ જાણવાને હું કેટલી ઇંતેજાર છું," લેડી ઓલ્ડકેસલ નાસિપાસીમાં પોતાનાં મન સાથે બોલી. તેણીએ કેવું ઇચ્છયું કે એદેલીનના હાથમાંનું તે પેકેટ છિણ્વી લઇ તે તેના કકડા બુકલા કરી નાખે! પણ બીજીજ પળે આ ખ્યાલ તેણીએ તર્ક કીધો કેમકે તે સમજી ગઈ કે એમ કરવાથી સઘળાંઓનાં મનમાં શક ઉભો થઇ ખોટો વસવસો જન્મ પામશે. જેથી તે બાનુ આગળ શું બને છે તે જાણવાની ઇંતેજારીમાંજ બેઠી. જોકે સીગીન્સની મુરખાઇથી તેણીનું અને તેણીના બંને બેટાનું નખોદ વળવાનો સમો નજદીક હતો તોપણ બનનારા બનાવો એક પળ પછી કુદરતના હાથે કેવા ઉલટપાલટ થઇ જાય છે તેનો તેણીને ઘણો અચ્છો અનુભવ હોવાથી તેણીને ઉમેદ હતી કે તેણીનાં કિસમતનું પાસું હજીબી ફરી જશે અને પેલું પેકેટ જે હજી એદેલીનના હાથમાં હતું તે કોઈ ગેબી સંજોગોએ તેણીના પોતાના હાથમાં આવવા પામશે!

"માયજી! મારાં ભલાં માયજી! ખુદા ખાતર તમારા કમબખ્ત બેટા સાથે કાંઈ બોલો! તમો મારી સાથે શું વાત કરવા માંગોછ? બોલો! માયજી બોલો! થોડું બોલ્યાં તો હવે બાકી માટે મને ટવલતો ના રાખો, નહિ તો તમારો ભેદ ભરમ જાણવા વિનાજ હું ઓરતે રહી જવશ." મરતી અરસુલાએ એકવાર ફરીથી પોતાની આંખો જેમ તેમ ઉઘાડી અને પોતાનો કંતાઈ ગયલો હાથ પોતાના બેટાના ઠંડા ગાલ ઉપર મુકયો. તેણીએ બોલવાની કોશેશ કીધી. લેડી ઓલ્ડકેસલ પામી ગઇ કે તેણીની મરતી સોખ કાંઇ બોલવા ચાહતી હતી.

"મારા વાહલા બેટા નીલ! હું જોવુંછ કે મરતી વેળાએ ખુદાએ મારી ઉમેદ પાર પાડીછ! હું મરી જાઉં, આ જુઠી, દગારી જેહાનથી હું વાસો ઉઠાવી જાઉં તે આગમચ હું તારો મિઠો ચેહરો જોવા પામીછ એ ખુદાની મારી ઉપર થોડી મેહરબાની નથી!"

આ સાંભળતાંજ લાયન એક ઠંડી હાય મારી બોલ્યો, "પણ માયજી! તમે હમણાં મરશો નહિ. ખુદા તમોને મારાં માથાં ઉપર સલામત રાખશે, જીવતાં રાખશે. માયજી, હું જયારે નિર્દોષ ઠરી જેલમાંથી આએજ મકાનમાં પાછો ફરશ ત્યારે તમોજ મને મુબારકબાદીથી વધાવી લેશો."

અરસુલા સેહજ હસી. તેણીનું આ હસવું મોતના છુટકારાનું હતું.

"બેટા! મારી જીંદગીની જોત બુજાતી જાયછ. દરેક ગુજરતી પળે મારૂં મોત ઉતાવળે કદમે મારી વધુ નજદીક આવતું જાયછ. તને જોકે આ જેહાનમાં એકલો મુકી જતાં મને ધ્રુજરાં છુટેછ તોપણ મોત આગલ હું લાચાર છું. મારાં વાહલાં ફરજંદ, મને મારા પેદા કરનાર બાપની દરબારમાં જતાં ખુશાલી ઉપજેછ. હું મોતથી બીહતી નથી કેમકે મારી આખી જીંદગીમાં હું ખુદાથી બીહતી રહીછ. હું મોતથી શરમાતી નથી કેમકે મારી જાતને શરમાવાનું મેં એક પણ બુરૂં કર્મ કીધું નથી. બેટા, હું મોતને મળવા તેયાર છું."

પરસેવાથી તરબોડ થયલું પોતાની માતાનું કપાળ નીલે ચાવી આપેલાં પુતળાંની માફક લુછ્યું. આ વેળાએ એદેલીને તેના કાનમાં થોડાક શબ્દો રેડયા, જેની મતલબ પેલાં સીગીન્સવાલાં પેકેટ માટે મરતી અરસુલાને ખબર આપવાની હતી

"નીલ! હું ધારૂંછ કે અરસુલાને મી૦ સીગીન્સવાળાં પેકેટ માટે કાંઇ કેહવું તો જોઇએ. મને મી૦ સીગીન્સે સાફ કહ્યુંછ કે એ પેકેટ અરસુલાને ઘણુંજ અગત્યનું છે. એ પેકેટ સપુરદ કરવા માટે તો તે છેક લંડનથી આપણાં મકાન સુધી ખાસ જેહમત ઉઠાવતો આવ્યોછ."

અગરજો એદેલીન આ સઘળું મોટેથી બોલી હોત, મરતી અરસુલા સાંભળે તેમ બોલી હોત, તો પ્રિય વાંચનાર, હવે પછીની આપણી વાર્તાએ જુદુંજ વળું લીધું હોત. પણ કમનસીબે એદેલીનના હર્ફો અરસુલાના કાને પડયા નહિ. જેથી આ વાર્તાએ કાંઇ જુદુંજ રૂપ પકડયું છે, જેમ કરવામાં કુદરતનો કાંઇ જુદોજ ખેલ હતો. મરતી અરસુલા જોકે સઘળું જોઈ શકતી હતી પણ તેણીની નજર એદેલીનના હાથમાંનાં પેકેટ ઉપર પડી નહિ. કુદરતનો એ કાંઇ અજબ ભેદ હતો. એદેલીનની ભલી સુચના લાયનના કાને સેહજ અથડી અને તેનો કાંઇ જવાબ તે આપવા જતો હતો એટલામાં તેની માતાને બોલવાની તજવીજ કરતી જોઈ એદેલીનની સુચના તે ભુલીજ ગયો અને પોતાની માતાનાં મોહડાંની વધુ નજદીક કાન ધરી ઉભો.

"નીલ, મારા બેટા! અરે! હું તને કેવો છુપો ભરમ કેહવા માંગુછ! હું મરી જાઉં તે આગમચ, મારાં ફરજંદ, તને કાંઈ એવું કેહવા માંગુંછ, કે જેથી તું જરૂર હેરત થવા વિના રહેશે નહિ. એ બીના મેં તારેથી આજ સુધી છુપાવીછ કેમકે હું બિલકુલ લાઇલાજ હતી, લાચાર હતી. નીલ, તારો મરનાર બાપ—તારો બાપ—"

અરસુલા હજી તો આગળ બોલવા જાય તેટલાંમાં લેડી ઓલ્ડકેસલ પોતાની બેઠક ઉપરથી ઉઠી ઉભી થઇ. તેજ વેળાએ અરસુલાનું ધ્યાન તેણીની ઉપર ખેંચાયું. તરતજ તેણીને કાંઈ યાદ આવી ગયું. મરતી અરસુલાએ ડોળા ફાડી લેડી ઓલ્ડકેસલ તરફ દયામણા ચેહરે ધારી ધારી જોયું અને તે જાણે તેણીના ચેહરા ઉપરથી એમ વાંચતી હોય કે "ખબરદાર, અરસુલા! તારા હકદાર ખાવિન્દ લોર્ડ ઓલ્ડકેસલનો ભરમ તારી છાતીમાંજ સાચવી રાખજે, તે તારી સાથેજ લેતી જજે, નહિ તો તે બાદશાહ જેવા ખાવિન્દની તું ચોર બનશે, ગુનેહગાર બનશે!" પણ લેડી ઓલ્ડકેસલની આ ધમકીની દરકાર અરસુલાએ કીધી નહિ. તેણીએ પોતાના બેટાનો હાથ વધારે મજબુતીથી પકડયો અને લેડી ઓલ્ડકેસલ તરફ દયાની નજર ફેંકી પોતાના બેટાના લેવાઇ, લુટાઇ ગયલા ચેહરા તરફ જોઇ તે પોકારી ઉઠી, "નીલ, મારા બેટા! સાંભળ, સાંભળી લે કે તારો બાપ—તારો બાપ જેમ તું ધારેછ તેવો હતો નહિ. તે—તે—ઓ! તે તારો બાપ, ઓ ખુદા મને મારી ફરજ બજાવવાની છેલ્લી ઘડીએ તો શક્તિ આપ!"

તે દુઃખી બાનુ આગળ બોલી શકી નહિ. તેણીનો દમ જે ધમણ માફક ચાલતો હતો તે લાયનને આબાદ સંભળાતો હતો. તે બાનુનો ચેહરો હવે વધુ અને વધુ જરદ મારતો ચાલ્યો, પણ તેણીની આંખો ઘડીકમાં પોતાના બેટા તરફ અને ઘડીકમાં લેડી ઓલ્ડકેસલ તરફ ફરતીજ રહી હતી.

"નીલ, તારૂં નામ! તારી દોલત! બેટા, એ બે માટે તું લડત ચલાવજે, હું જો એ ચુકયો—"

વધતા જતા હાંફાથી તે બાનુ એક વાર ફરીથી નિસોસ થઇ પડી.

"મારી માતા! માતા! આ હું તમારી રીબતી હાલત કેમ જોઇ શકું?" આટલું બોલી તેણે પોતાના બંને હાથો આસમાન તરફ ઉંચા કરી પોકાર માર્યો, "ઓ યઝદાન! અગરજો મારા બંને હાથ મરનાર રોજર ડીપીંગનું ખુન રેડવા વિનાના પાક હોય, સાફ હોય અને હું ખરેખરજ બેગુનાહ હોઉં તો મારી માદરને એવું જોર બક્ષ કે તેણીનો છુપો ભેદ હું તેણીનાં મોહડેથી જાણવા પામું."

આ વેળાએ લાયન જોકે હદથી જયાદા ઉસ્કેરાઇ ગયો હતો તોપણ તેણીની માતાનાં કપાળ ઉપરનો પરસેવો તેણે ઘણુંજ હેતથી લુછયો.

"બેટા, તું તે ખુદાની દાદ માંગ! તેની પનાહ માંગ! બેટા, હવે તો હું જાઉંછ! મારી આંખો આગલ અંધકાર ફરી વળ્યોછ! નીલ, હું જાઉંછ! તારી માતા તને છેલ્લી સલામ કરેછ! બેટા, ખુદાને યાદ કરજે! તેનીજ દાદ ચાહજે!"

લાયન પોતાની મરતી માદરનાં બિછાના આગળ ઘુંટણીએ પડયો અને જોકે તેનું હૈયું તુટી ગયું હતું તોપણ તેણે સાચ્ચાં અંતઃકરણથી પોતાને પેદા કરનાર સાહેબની બંદગી કીધી. એડેલીન જે આટલો બધો વખત મોતનાં બિછાના આગળ ચુપ ઉભી હતી, તેણીની આંખોમાં આંસુઓ હતાં, તોપણ તેણીનો ભરોસો ખુદા તરફ પુરતો હતો, તે આ સઘળા બનાવોને એકાદ રંગભુમી ઉપર બનતા બનાવો તરીકે જોતી રહી હતી.

"માયજી! બોલો માયજી, મને શું કેહેવા માંગોછ?" પણ તે માતાએ કશો જવાબ દીધો નહિ. તે બાનુ માત્ર ફાટેલા ડોળાએ પોતાના વાહલા બેટાને જોતી રહી હતી. તે વાહલા સપુતે હવે પુરતાં હેત અને માન સાથે પોતાની ગુજરતી માદરના ગાલ ઉપર એક છેલ્લું ચુંબન કર્યું. તેણે ઘભરાઇને તેણીના હાથ પગ ઉપર પોતાના ધ્રુજતા હાથો મેલ્યા પણ ત્યાં ગોયા બરફની લાદી જમી ગઈ હતી. તેને શી ખબર કે જે વેળાએ તેણે ચુંબન કીધું તે આગમચ મોતનો ફરેસ્તો તેણીના ગાલને ચુંબન કરી ચુકયો હતો. અરસુલા આ જેહાનથી ગુજર પામી હતી.

જાન કરતાં ઇમાન વહાલું.

જે ઓરડામાં અરસુલાએ પોતાનો જાન છોડયો હતો તે ઓરડામાં એડેલીન એક કલાકની ગેરહાજરી પછી પાછી ફરી ત્યારે તેણીએ જોયું કે નીલ લાયન બંદીખાનાના પેલા ચોકીબાનનાંજ વસ્ત્રોમાં પોતાની મરણ પામેલી માવતરની લાસ આગળ હજી ઘુંટણીએ પડેલો હતો, અને એક દિવાનાની પેઠે તે તરફ જોઇ પોતાનાં મન સાથે બરબડતો હતો. તેના હોઠો ફીક્કા પડી ગયા હતા. તે ધ્રુજતા હતા. તે તે ઓરડામાં એકલોજ હતો. બધાં વગેસગે થઇ ગયાં હતાં. લેડી ઓલ્ડકેસલબી તે મકાન છોડી ગઇ હતી. ખરેખર, એ વેળાનો દેખાવ બહુજ હાડ ધ્રુજાવનારો હતો. એડેલીન પોતાના પ્યારા આશકનો આવો છાતી ફાડનારો ગમ તાબોશ કરી શકી નહિ. તેણીનો હોશ ફરામોશ થઇ ગયો હતો.

"મારા પ્યારા લાયન! મરનાર તરફનો તારો ગમ બેજા છે. કજા આગલ શું અમીર કે ફકીર યકસાન છે, બિલકુલ નાતવાન છે. નીલ! શું તું જાણતો નથી કે ભલાં માણસોજ વેહલાં મરેછ? જે ખુદાને વાહલાં હોય છે તેઓનેજ તે પોતા

ની જનાબમાં જલદીથી બોલાવી લેયછ. જેમનું આ દુનિયામાં કામ પરેછ તેમની તે મિનોઇ જેહાનમાં જરૂર પડેછ."

એદેલીનના દિલાસાના આ સખુનો જોકે લાયને ઘણીજ ધીરજ અને શાન્તિથી સાંભળ્યા હતા, પણ તેની વાહલી માદરનાં જબુન મરણથી તેને એવો તો એક જબરો ફટકો પડયો હતો કે અરસુલા જેવી અમીરી ખવાસની માતાનાં મોતનો ગમ તે એકદમ સેહલાઇથી ભુલી જાય એમ નહિ હતું. તે ખુદ ખુદા ઉપર ભરોસો રાખનાર જવાન હતો, દુનિયાની બુરામાં બુરી આફતોનો તેને મોટો અનુભવ મલી ચુકયો હતો, તોપણ પોતાની માતાનાં મોતથી તે છેકજ લાઇલાજ બની ગયો હતો, આજેઝ થયો હતો.

એદેલીનને માથે લાયનને માત્ર દિલાસો દેવાનીજ ફરજ આવી અટકી નહિ હતી. એ કરતાં એક વધુ અગત્યની ફરજ તેણીને બજાવવાની હતી જે તેને આ જગા છોડી જવાની રૂડી સલાહ આપવાની હતી. તે સારી પેઠે જાણતી હતી કે લાયન બીજી વાર બંદીખાનામાંથી નાહસી આવવા પામ્યો હતો, પણ તે નચીંતે આ મકાનમાં રહેવા પામવાનો હતો નહિ. જે વખત જાય છે તેમાં તેની પુઠ પકડવામાં આવેલી હોવીજ જોઇએ, જેથી નાહસવું એ લાયન માટે દાનાઇ હતી.

"નીલ! હવે વધુ વાર તારા અહિં ગ્રોબવામાં મુરખાઇ છે. દરેક ગુજરતી પળ તારે માટે મોટો વમળ છે, દુઃખની રેલ છે, આફતથી ભરી છે. નાહસ! લાયન નાહસ! લાયન! મને કેહ કે તું મારૂં બોલવું સાંભળેછ કે નહિ?"

લાયને પોતાનું માથું હળવેથી ઉંચકયું અને બીજીજ પળે તે એકદમ ચમકી ઉઠયો અને તે તેણીનો હાથ પોતાના હાથમાં લઇ તેણીના ચેહરા તરફ ધારી ધારી જોઇ બોલ્યો, "એદેલીન! હું શું એટલો બધો બદલાઇ ગયોછ કે તું મને અહિં વધુ વાર જોવા માંગતી નથી? અરે! એદેલીન! તારો આગલો નીલ શું તને એટલો બધો અલખામણો થઇ પડયોછ કે તું મને જેમ બને તેમ જલદી અહિંથી રૂખસદ આપવા તૈયાર થઇછ? ઓ ખુદા! મારાં આ કયાં પાપની જાલીમ સજા!"

લાયનના આવા સખુનથી એદેલીન ઘભરાઇ બોલી, "નીલ! તારી ઉપરની આ છેલ્લી આફતથી તારાં મન ઉપર એટલી બધી તો અસર થઇછ કે તું શું બોલેછ તેનો તને કાંઇ ખ્યાલ હોય એમ લાગતું નથી."

"પણ મારો કેવો હાલ છે તેનો તને સેહજબી ખ્યાલ છે? એદેલીન! હું એક કેદી છું. મારાં માથાં ઉપર રોઝામન્દના કમબખ્ત બાપનું ખુન રેડવાનો જબુન અપરાધ લટકેલો રહ્યોછ. મારી માદરનો મરતી વેળાનો ચેહરો જોવા માટેજ હું તે જેહાનમખાનું છોડી અહિં આવ્યોછ અને ત્યાં જવા પછી મારી ઉપર જે આફત વરસશે તેનો માત્ર ખ્યાલજ મારૂં માથું ચકભમ કરી મેળેછ, છતે દમે બેદમ કરી મેળેછ. એદેલીન! ત્યાં મારી ઉપર એવો તો જુલ્મી આજાબ પડેછ, કે ખુદ આકાશબી મારો હાલ જોઇ રડેછ."

એદેલીને દયાથી પોતાના બંને હાથો પોતાના પ્યારાનાં ગળે નાખ્યા અને તે ગલગલતા અને ધ્રુજતા સાદે બોલી, "અરે! મારા લાયન! શું હું તારી તરફની મારી મોહબતમાં સાબેત કદમ રહી નથી? બોલ! શું હું તારે માટે પ્યારનો દમ ભરતી રહી નથી? લાયન! હું તને અખુટ વાહલથી ચાહતાં શિખીછ. હું તો તારી જુદાઇથી જીવ વિનાનું ખાલી ખોખુંજ બની ગઇછ. મારા દમમાં બાકી રહેલો દમનો રેલો, તારી જીંદગીની જળતી જ્યોતનો માત્ર ઓળો છે. લાયન!

હું જીવુંછ તે માત્ર તને જીવતો જોવા માટેજ. મારી જીંદગી તો મને ઝેર કરવાં પણ વધુ અકારી બનીછ, પણ હું જોવુંછ કે થોડી વધુ મુશ્કેલીથી આપણું કામ આસાન બનશે."

"થોડી વધુ મુશ્કેલી!" લાયન એકદમ પોકારી ઉઠયો "અરે! કેહ એદેલીન કે જનમભરની મુશ્કેલી! ઓ ખુદા! આખી ઉમરની મુશ્કેલી! અરે! તું શું એમ ધારેછ કે સ્તોનબ્રીજનાં કેદખાનામાંથી મરતાંબી મારો છુટકો થનાર છે?"

"જીંદગીભરનું કેદખાનું!" એદેલીન હરણફાર થઇ બોલી, "કાંય નીલ, તું એમ કાંય બોલેછ? તને તો આગળ ઘણી મોટી ઉમેદ હતી કે તું નિર્દોષ હોવાથી જલદીથી તને સ્વતંત્રપણું મળવા વિના રહેશે નહિ. નીલ! અગરજો તું નિર્દોષજ છે તો શા માટે તું તારાં અસલી કપડાં બદલી આ મકાન છોડી જતો નથી? તે જીવતાં જેહાનમને તરછોડી જતો નથી? નાહસ! નીલ! નાહસ! તારી મુઇ માદર તરફની સઘળી ફરજ મને સોંપી તું નાહસ! પરવરદેગાર તારો યાર થશે, મદદગાર થશે!"

એદેલીનને આ પ્રમાણે બોલતી સાંભળી બંધવો લાયન તેણીને ડોળા ફાડી જોતોજ ઉભો અને પછી ફેરવાયલા સાદે બોલ્યો:—

"એદેલીન! હું નાહસી જાઉં? તું ભુલેછ. હું નાહસવાની કોશેશ આ વેળાએ મરતાંબી કરશ નહિ."

"હેં!" એદેલીન એટલુંજ બોલી શકી. તેણીથી વધુ બોલી શકાયું નહિ. લાયન નાહસવાની કોશેશ મરતાંબી કરશે નહિ, એ બીનાનો મર્મ તે બાનુ મુદલ સમજી શકી નહિ. શું લાયન પોતાની ઉપરનાં દુઃખથી દિવાનો બન્યો હતો? પોતાની જીંદગીથી બેગાનો બન્યો હતો? તેણીના આવી રીતે વિચારમાં લીન થવાથી લાયનની અજાયબી વધતીજ રહી હતી. એદેલીન તેને અજાયબીથી દંગ બની ટીકતીજ ઉભી હતી, જયારે લાયન તેણીની તરફ જોવાને બદલે બિછાના ઉપર મોતના ફરેસ્તાને જઈ મલેલી પોતાની માતાના ચેહરા તરફ જોઇ રહેલો હતો. એદેલીનને શી ખબર કે તેણીના પ્યારાનાં સાચ્ચાં અને પાક અંતઃકરણમાં કેવી જબરી જંગ ચાલી રહી હતી? આ જંગ જાન અને ઇમાન વચ્ચેની હતી, ફરજ અને મોહબત વચ્ચેની હતી, જીંદગી અને મોત વચ્ચેની હતી.

"એદેલીન! આ વેળાએ હું નાહસી જઇ શકતો નથી, કેમકે બંદીખાનામાં પાછો ફરવાનો મેં બોલ આપેલો છે, ચોકીબાનને મારો કોલ આપેલો છે. એદેલીન! મારૂં તે વચન પાળવા હું ઇંતેજાર છું, તલબગાર છું."

"દિવાન્યત! શરફ દિવાન્યત, બીજું કાંઇજ નહિ!" એદેલીન લગાર ગુસ્સાથી પોકારી ઉઠી, "લાયન! આ તારૂં દિવાનાપણું છે, મારી ઉપર એક જાતનું તે હેવાન્યતપણું છે. અરે! જાણી જોઈ તું શું નામોશીનાં ડાચાંમાં જવા માંગેછ? આફતની આગમાં જીવતો સળગવા માંગેછ! મારે ખાતર, અરે! પેલી તરફ લાઇલાજ પડેલી તારી માદર ખાતર તારો જીવ બચાવ! નીલ, તારી જીદથી મને ના તરસાવ."

"એદેલીન!" લાયન પોતાના ફિક્કા હોઠો સેહજ હસતા કરી બોલ્યો, "તારે ખાતર, મારી પાકજાદ માદર ખાતર તો સામો હું નાહસતાં અટકું. અરે એદેલીન! તમો બંને પાકજાદ બાનુ ખાતર ઇમાનદાર રહેતાં જીવતો સુળી ઉપરબી લટકું તો શો મુજાકો છે? હું એકબી ખોટું કામ કરી તમો બંને વાહલાંઓની મારી તરફની મોહબતને કદીબી નાલાયક બનશ નહિ."

એડેલીન ઠસ થઈ ઉભીજ રહી. તેણીની આંખોમાં આંસુ હતાં. હઠીલા લાયનને કેમ ઠેકાણે લાવવો તે તે સમજી શકી નહિ.

"નીલ! તું ખુન કરવાથી નિર્દોષ છે તો શા માટે તારૂં છુટાપણું મેળવતાં તારે ખુદાથી ડરવું જોઇએ?" તેણીએ સમજાવટ ચાલુજ રાખી.

"હા! હું ખુન કરવાથી નિર્દોષ છું તો કોલ તોડવાથી ગુનેહગાર બનતાં ખુદાનો મને ડર કરવો પડેછ!"

એડેલીન એક વાર ફરીથી લાચાર બની, પણ તેણીએ પોતાની હિમ્મત તજી નહિ.

તેણીએ પોતાની કોશેશ ચાલુજ રાખી અને લગાર ઉસ્કેરાઇ કહ્યું, "તેં તારો જાન અત્યાર આગમચનો મારી ઉપર કુરબાન કીધોછ. મારે ખાતર તારો જાન આપવાની તેં મને કબુલાત આપીછ એટલે તારો જાન તે મારી મતા સમાન છે, અને મારી મતા જાણી જોઇ ગુમાવવાનો તને કશો હક નથી. માટે તે બચાવવા ખાતર તારે નાહસવુંજ પડશે."

"બેશક, તું દિલબરને કબુલાત આપીછ તે મારો જાન આપવાની, નહિં કે મારૂં ઇમાન ખોવાની!"

"અરે! એમ તો તું જાનથી બેજાન થશે!"

"ભલે મારો જાન જાય, પણ એડેલીન! મારૂં ઇમાન નહિ જાય! જાન જશે, મગર ઇમાન તો અંત સુધી મારી સાથજ રહેશે!"

"અરે નીલ! શું હું તારા જાનથી જયાદા નથી?"

"બેશક તું મારા જાનથી આલે છે, મગર ઇમાનથી તો નહિજ!" આટલું બોલી તે એડેલીન આગળ ધુંટણીયે પડયો અને બંને હાથો જોડી તે બોલ્યો, "એડેલીન! મારો જાન તજવા લલચાવ પણ ખુદા ખાતર મારૂં ઇમાન છોડવા મને ના લલચાવ!"

એડેલીન નીલ લાયનની જીદથી લાચાર થવાથી એકદમ રડી પડી બોલી, "મારા વાહલા લાયન! એમ કરવાથી તો તું મારૂં બુરૂં કરશે, તારા દુશમનોનું ભલું કરશે."

"બરાબર છે, માણસ પોતાનું ભલું કે ભુડું કરી શકતો નથી," લાયને વધુ અને વધુ મક્કમ ઠરાવથી જવાબ દીધો.

એડેલીન હજી હારી નહિ. તેણીએ પોતાના હઠીલા પણ સાચ્ચા આશકનો હાથ પોતાના હાથમાં લઇ તેને પટાવી લેવાનું જારીજ રાખ્યું, "અરે! તુંજ મને કહેતો હતો કે કેદખાનામાંથી નાહસી જવાની સજા કમકમાટભરી છે, તો શા માટે તે સજા ખમવા તું જાણી જોઈ પાછો જાયછ?"

"કેમકે તે સજાને ખુદા તરફની સજા કરતાં સો ભલાઈ છે. ભલે હું નિર્દોષ છતાં ગુનેહગારની માફક કેદખાનાના સત્તાવાલાઓની સજા ખમું, પણ ગુનેહગાર બની ખુદાની સજા તો હું કદીબી ભોગવવાની હિમ્મત કરશ નહિ. મને કેદખાનાનો ડર નથી, મને ખુદાનો ડર છે."

એડેલીનની આંખોમાં ગુસ્સો અગ્નીની પેઠે બળતો હતો, પણ તેણીનું અંતઃકરણ પોતાના પ્યારાની આટલી બધી હદ સુધીની સાચવટથી ખુશીથી ઉછાળા મારતું હતું; તોપણ તેને તપાસની કસોટી ઉપર વધુ કસવાના ઠરાવથી તેણીએ દયામણું મોહડું કરી કહ્યું:—

"નીલ! તું ખુદાને ખાતર મારૂં કહ્યું માન અને નાહસ! તું બિલકુલ નિર્દોષ છે તો શા માટે તું તે દોજખખાનામાં પાછો જાયછ? અગરજો તું ખરેખર ગુનેહગારજ હતે તો હુંજ તને નાહસતો અટકાવી તારી તરફના મારા ગમે તેટલા

પ્યાર છતાં તને પોલીસના હાથમાં મેલતે. નીલ! તારી મુઇ માદરની કબર હું કસમ લઇ કહુંછું કે અગરજો તું તારાં કપડાં બદલી આફ્રિકા યા આસ્ટ્રેલિયાનાં એકાદ રણમાં નાહસી જાય તો હું ત્યાં તારી પાછળ આવું અને આપણે બંને લગ્નથી ધણી ધણીયાણી તરીકે એક થઇએ.”

એડેલીન ઉપલા સખુનો ઘણાજ ધીમા સાદે બોલી હતી, અને તે અવાજમં કાંઇ એવો તો મિઠાસ અને એવી તો દિલસોજી સમાયલાં હતાં કે મરતો આશકબી ઉલટથી સજીવન બની જાય. તેણીના આવા સખુનો સાંભળવા પછી નીલ લાયન મીણનાં એક પુતલાંની માફક ઉભોજ રહ્યો. તેને લાગ્યું કે તે બેશુદ્ધ થઇ એડેલીનના પગ આગલ પડવાની અણી ઉપર હતો.

“એડેલીન! તું મારી ધણીયાણી! હું તારો ખાવિન્દ! ઓ મોહબતની પુતલી! તું શું બોલેછ તેનો તને કાંઈ ખ્યાલ છે? અરે! તું મારા જેવા કમબખ્તને ખોટી તમનાઓથી ના બેહકાવ! દુનિયાની ખોટી લાલચથી મને તેની બે ઘડીની મોહિનીમાં ના ફસાવ! ઓ! આ જેહાનની ખોટી ઉમેદો અને આશાઓ મારીથી દુર થાઓ! નાબુદ થાઓ! ઓ! આ જેહાનની ખોટી બડાઈ! મારી નજરથી ગુમ થાઓ! ઓ એડેલીન! મારી મિઠી એડેલીન! ખુદાને ખાતર મને ના લલચાવ! મેં બંદીખાનાના ચોકીબાનને કબુલાત આપેલી છે જે મારે પાળવીજ જોઇએ.”

આટલું બોલતાં તેનો અવાજ નરમ પડી ગયો હતો. તેના સાદમાં દેખીતો ઘભરાટ માલમ પડી આવતો હતો.

“નીલ! હું તને બુરાઇ તરફ લલચાવતી નથી, પણ તું નિર્દોષ હોવાથી તારૂં છુટાપણું મેળવવા લલચાઉંછ!”

“હું તે જાણુંછ, પણ મારે તો મારો બોલ રાખવાનો છે, કોલ પાળવાનો છે. અગરજો તેમ કરવામાં હું નિષ્ફળ નિવડું તો મારી જીંદગીમાં તે આ પેહલોજ બનાવ ગણાશે, કે જેથી હું તું જેવી ફરેશ્તા ખસલત બાનુના પાક હાથને નાલાયક બનશ. તારી તરફ કોઇબી આંગળી બતાવી એમ કેહે કે તું બાનુએ તારો પ્યાર એક બેવચની મરદને બક્ષ્યો હતો તો હું ઘડીભરબી તારા હાથની ઉમેદવારી કરવાનો અજીમ અપરાધ કરૂં નહિ.”

“શાબાશ! આફ્રિન! મરહબા!” એડેલીન આવા સખુનો બોલતી લાયનને વળગી પડી અને લાયનને તેણીને ચુંબનો—મોહબતના છાપ—થી ગુંગળાવી નાખી.

આ એક જોવાજોગ ચિત્ર હતું, આ એક અજબ કિસમનો પ્યાર હતો. આવો પ્યાર આ જેહાનમાં જવલેજ જોવામાં આવે છે. આવો અજીત પ્યાર તો એડેલીન જેવી વિલક્ષણ નારીજ દેખાડી શકે! જન્મભરના કેદી ઉપર પ્યાર! એ તો હદજ થઇ. એડેલીનને તેના પૈસાની લાલચ જેવું તો હતુંજ નહિ. તે તો માલેતોજાર હતી! લક્ષ્મી દેવી તો તે બાનુની તાબેદાર હતી. આખાં ઓલ્ડ-કેસલની દોલત તે પોતાની મુઠીમાં લઈ ફરતી હતી.

અંતે લાયનના પંજામાંથી છુટી પોતાના સાચ્ચા આશકનો હાથ પોતાના હાથમાં લઈ મોહબતના જોરાથી એડેલીન સેહજ ડાબી બોલી, “જા! ઓ! બંને જેહાનના સાચ્ચા દિલબર! તું જા! મારા સાચ્ચા રાહબર! ચાલે, તું આ બહુરંગી જેહાનની સજા ભોગવ! પણ પેલી જેહાનમાં તો તારે માટે સુખનાં શરબતનો પ્યાલો સદા તૈયાર રહેશે, ખુદ ફરેશ્તાઓબી તારી મુલાકાત માટે ઇંતેજાર રહેશે! જો જો! લાયન જો! તારી મુઇ માદરબી તારૂં સાચવટ અને પ્રમાણિકપણું

જોઇ મોતમાંથી હસેછ! તારા જેવા બેટા ધરાવવાની ઉપજતી મગરૂરીથી મોતમાંથી તેણીનો ચેહરો ગુલલાલાનાં ફુલની તરેહ ખીલી નિકળ્યોછ!"

એદેલીનના આવા પ્યારભર્યાં સખુનોથી લાયન ખુશાલીથી એટલો બધો તો ફુલી ગયો કે ઘડીભર પોતાનું દુઃખભી તે ભુલી ગયો. તેણે એકવાર ફરીથી એદેલીનને નાજુક ફુલની તરેહ પકડી પોતાની છાતી સરસી દાબી. આ વેળાએ તેનું હૈયું ભરાઇ આવ્યું હતું, કેમકે તેને લાગ્યું કે તે તે નાજુક ફુલની કળીને છેલ્લીજ વાર મળતો હતો. તેને પક્કી ખાત્રી હતી કે લેડી ઓલ્ડકેસલ જે અરસુલાનાં મોત પછી તે મકાન છોડી ગઇ હતી તેણીએ તેના નાહસી આવવાની ખબર પોલીસને આપેલી હોવી જોઇએ, જેથી જે વખત જાય છે તેમાં પોલીસ તે મકાનમાં ધસી આવવી જોઇએ.

લાયન એ ખ્યાલમાં હતો, ત્યારે એદેલીન જુદાજ હાલમાં હતી. તેણીને આ પળે એકદમ યાદ આવ્યું કે લાયને બંદીખાનામાં તેણીની છેલ્લી મુલાકાત વેળા એક ચોક્કસ આશા માટે ઇસારો કર્યો હતો તે આશા શી હતી? તેણીને સારી પેઠે યાદ હતી કે તે આશા રોઝામન્દના મરહુમ પેદર રોજર દીપીંગનાં ખુનના સંબંધમાં હતી.

"નીલ! તને યાદ છે કે બંદીખાનાની મારી છેલ્લી મુલાકાત વેળા તેં મને તારી એક આશા માટે ઈસારો કરી મને ખુશાલીથી અધમુઇ કરી નાખી હતી? તારી આશા એ હતી કે થોડા વખતમાં રોજર દીપીંગનો ખુની જાહેરમાં આવશે અને તું તારૂં સ્વતંત્રપણું પાછું મેળવશે. હું કાલાવાલા કરી પુછુંછ કે તારી તે આશાનું શું થયું?"

લાયન ચોંકી બોલ્યો, "તે આશા તો મરણ પામી!"

"મરણ પામી?" એદેલીન વધુ ચોંકી બોલી, "તે કેમ? તે કેવી રીતે? શું કાંઈ એવો બનાવ બનવા પામ્યોછ કે જેથી તે આશા સદાની ભંગ થઇછ?"

"હા! કાંઇ એમજ છે!" લાયન એક ઉંડી હાય મારી બોલ્યો, "મારાં મોત સિવાય યા વીસ વર્ષનાં કેદખાના સિવાય બંદીખાનાનાં દોજખખાનામાંથી મારો છુટકો થાય એમ હવે મને લાગતું નથી."

"અને તે છતાં મારા જાન, તું તે દોજખખાનામાં ચાલી ચલાવી જવા માંગેછ? મને જાણી જોઇ મારવા માંગેછ? મારી છેલ્લી ઉમેદની કળીને છેવટની કચડવા માંગેછ?"

લાયને કશો જવાબ દીધો નહિ. તેને જવાબ વાળવાનો વખત વટીક મલ્યો નહિ; કેમકે તેજ પળે પોલીસ બોલ બોલતાંમાં ઓરડામાં ધસી આવી અને કેદી લાયનને જંજીરમાં ગિરફતાર કીધો.

એદેલીન આ દેખાવ નહિ જોઇ શકવાથી એક મોટી ખુરસી ઉપર નિસોસ થઇ તુટી પડી. તેણીએ લાયન તરફ પ્યારભરી નજર વટીક કરવાની હિમ્મત કીધી નહિ, યા પોતાના વાહલા આશકને 'છેલ્લી સલામ' વટીક કરવાને તેણીની જબાન ચાલી નહિ. લાયને એક વાર ફરીથી પોતાની માતાની લાસ આગલ ઘુંટણીએ પડી તેને નમન કીધું, અને પછી જયારે નીચી મુડીએ પોલીસને એકદમ શરણ થઈ તે મોત અને મોહબતનું મકાન છોડી ગયો ત્યારે એદેલીનને લાગ્યું કે તેણીનો જાન તેણીનું કાલબુદ સદાનો છોડી ગયો હતો.

"ઓ ડોરા! ડોરા! તારૂં શું થશે?"

લાયનના જવા પછી ખરેખર એડેલીનને લાગ્યું કે એક બોલતું બુલબુલ સદાનું બંધ પડયું હતું. તેણીને પાહડ જેવાં દુઃખોમાં માત્ર એકજ દિલાસો હતો કે તેણીએ લાયન જેવા સાચ્ચા અને પ્રમાણિક મરદ ઉપર પોતાનું તન, મન, ધન અરપણ કીધું હતું. તે ગરીબ હતો પણ તેનું પ્રમાણિકપણું એટલું તો તેની છેક ટાંચે પુગ્યું હતું કે આખી દુનિયાના શેહનશાહ કરતાં તે દિલે વધુ તવંગર હતો. તે અમીર નહિ હતો, પણ તેનાં દરેક કામો એવાં તો અમીરી હતાં કે ભલભલા અમીરો તેનાં દિલની અમીરી આગલ કાંઈ પણ ગણત્રીમાં હતા નહિ. તે ગરીબ હતો, કમનસીબ હતો પણ સચ્ચાઇનો હબીબ હતો, ગરીબોનો દિલસોજ દોસ્ત અને તબીબ હતો. તેણીએ પુર ભરોસાથી માની લીધું કે લાયન ઇનસાનનાં રૂપમાં એક ફરેશ્તો હતો. તે હિમ્મતથી પોતાની માદરને મુએલી મુકી પોતાનું મકાન છોડી ગયો હતો, પણ તેમ કરવા આગેમચ તે પેલા વોરડરનાં મકાને સો પાઉન્ડ મોકલવાને ભુલ્યો હતો નહિ.

તેના જવા પછી એડેલીને કાંઈક હિમ્મત પકડી અને મોતથી લાઇલાજ પડેલી અરસુલા તરફની છેલ્લી ફરજ બજાવવામાં રોકાઈ ગઈ. જયારે મરહુમની લાસ મકાનમાંથી બાહર કાહડવામાં આવી ત્યારે એડેલીન અને રોઝામન્ડનો વિલાપ પાર વિનાનો હતો. આખાં ઓલ્ડકેસલે આ અમીરી ખસલતની બાનુનાં મોત ઉપર રૂદન કીધું હતું.

એડેલીન મરનાર તરફની ફરજમાંથી ફારેગ થવા બાદ પોતાનાં ડેન્સબરી એબીનાં મકાનમાં ગઈ ત્યારે તે બાનુ પોતાની હાલત માટે બહુજ નાસિપાસ થઇ ગઇ હતી, પણ જયારે તેણીએ પોતાની વડી બેહનની હાલત જોઈ ત્યારે તે પોતાની હાલત ભુલી ગઇ અને પોતાની બેહનની દશાનો તેણીને બળાપો થયો.

તે બાનુથી જયારે નહિજ ખમી શકાયું ત્યારે એક દિવસની સહવારે પોતાની બેહનના ઓરડામાં જઈ તેણીએ ખરાં અંતઃકરણથી બળાપો કરી કહ્યું:—

"ડોરા, મારી વાહલી ડોરા! તને વળી શું ભુત ભરાયોછ? તું જે દિવસથી લંડનની કોર્ટમાં સાક્ષી આપી આવીછ તે દિવસથી તારો ચેહરો કેમ ફેરવાઇ ગયોછ? તારા ચેહરા ઉપરનું આબ કયાં ઉડી ગયુંછ? તારા ચેહરા ઉપરનો ગોલાબ કાંય કરમાઈ ગયોછ? ગરીબ બિચારો ડેનિયલ! તે તારે માટે કેટલો બળાપો કરેછ! તે દુઃખી હાલે મને જણાવેછ કે તું રાતે સુખે સુઇ વઠીક શકતી નથી. ઓ ડોરા! એ સઘળાંનો શો સબબ?"

આ વેળાએ પેહલા પોહરના નવનો અમલ થયો હતો. એડેલીન ડોરા વગર ડેનિયલ લેરેબી સાથે નાસ્તો લઈ ડોરાના ઓરડામાં દાખલ થઇ હતી. ડોરા આજે નાસ્તાની ટેબલ ઉપર વઠીક હાજર થઇ શકી હતી નહિ. તેણીએ માથું દુખવાનું બાહનું કહાડી નાસ્તો પોતાના ઓરડામાંજ લીધો હતો જે માત્ર બંચેરીનેજ તે ઉઠી ગઇ હતી. જે દિવસથી લંડનની કોર્ટમાં જુલિયનને ઓળખી તે પોતાના ખાવિન્દ સાથે પોતાનાં બાપીકાં મકાનમાં પાછી ફરી હતી તે દિવસથી તેણીના ચેહરામાં, તેણીના સ્વભાવમાં અને તેણીની પ્રકૃતિમાં બહુજ અજબ જેવો ફેરફાર થવા પામ્યો હતો, જેનો અર્થ લોકી, ભલી એડેલીન સમજી શકી

નહિ. તે બાનુ તો ધારતી હતી કે પોલીસના શકવાલો તે જવાન બદમાશ રોદ્રીક નહિ, પણ જુલિયન સાબેત થયલો હોવાથી દોરાએ સામું ખુશી થવું જોઇતું હતું, પણ તેણીના બાબમાં તો એથી ઉલટોજ મામલો બન્યો હતો. તેણીના ગાલ ઉપર બીજી વારનાં લગ્નથી જે કાંઇક રતાશ ચહડવા પામ્યો હતો તે તે દિવસથી પાછો ઉતરી ગયો હતો, તેણીની આંખોમાંનું તેજ વળી પાછું ગુમ થઇ ગયું હતું અને તેની જગો હેબત અને ધસકે લીધી હતી. તેણીની હિલચાલમાં પણ મોટો તફાવત પડી ગયો હતો. તે સુસ્ત અને મંદ પડી ગઈ હતી. બીજી વારનાં લગ્ન પછી તે હસતી રમતી અને રંગીલી બની હતી પણ લંડનથી આવ્યા પછી તે કુંજરી અને બરીયલ બની હતી. તેણીનો અવાજ કદાચજ સંભળાતો હતો. તે મુંગી મંતર અને સુની સાવજ બની હતી. વળી તે ઇગ્લંડથી દુર આફ્રિકા યા આસ્ત્રેલિયા ખાતે જવાને એકે પગે થઇ રહી હતી. તેણીનો તમામ સર સામન પેક થઇ પડેલો જોઈ એદેલીન અજબ થઈ બોલી, "દોરા! શું તું મને છોડી જવા માંગેછ?"

"હા!"

"પણ કાંય વારૂ? એટલી ઉતાવળનો કાંઇક સબબ?"

"હું ઓલ્દકેસલથી હવે ધરાઈ ગઇછ."

"દોરા, મને એવી નહિ ખબર હતી કે તું મારેથી એટલી જલદી છુટી પડશે!"

"તું તારાં મનમાં ઓછું ના લાવ, વાહલી બેહન! ખુદા સાહેદ છે કે હું તને કેવાં અખુટ વાહલથી ચાહુંછ! ઓલ્દકેસલ છોડી જવાનો મારો સબબ જુદોજ છે. અરે મારી—"

દોરા આગળ બોલી શકી નહિ. ડચકાંથી તેણીની છાતી ગુંગલાઈ ગઈ, તેણીની જબાન ગોયા સીવાઇ ગઇ. તેણીની આવી અજબ જેવી ચાલથી એદેલીન ખરેખર ધભરાઇ ગઇ. તેણીએ જોયું કે તેણીની વડી બેહન જેટલી દેખાતી હતી તે કરતાં તેણીની હાલત વધુ બુરી બની હતી. એ શું હતું?

નાની બેહનને શી ખબર કે વડી બેહને લંડનની કોર્ટમાં આપેલી જુબાનીથી તેણીનું હૈયું ડંખતું હતું, ધસકથી ધુજતું હતું.

પણ આ પળે નોકરે એદેલીનના હાથમાં નામનો એક ભપકા ભરેલો કાર્ડ મુકયો. તે લેડી ઓલ્દકેસલનો હતો.

કાર્ડ ઉપરનું નામ વાંચતાંજ તે બાનુ પોકારી ઉઠી, "શું લેડી ઓલ્દકેસલ આવા વખતે અહિં?"

એદેલીન એકલી મુલાકાત માટે દિવાનખાનામાં દાખલ થઇ ત્યારે ત્યાં લેડી ઓલ્દકેસલને અકરાયલી ધભરાયલી જોઇ તેણી ખરેખર અજબ થઇ, કેમકે આ વખત લંડનમાં કોઇની પણ મુલાકાત લેવાને બરનો નહિ હતો. તેણીની મોટી અજાયબી તો એ હતી કે તે તવંગર અને અમીરી બાનુનો ચેહરો ભયંકર હદ સુધી ઉતરી જવા પામ્યો હતો.

"બાનુ! તમોને આટલાં જલદી આવેલાં જોઈ હું ઘણી અજબ થાઉંછ! કાંઇ બુરૂં તો થયું નથીની? જુલિયન તો સારી પેઠે છેની?"

"જુલિયન!" એદેલીનનાં મોહડાંમાંથી જુલિયનનું નામ સાંભળતાંજ લેડી ઓલ્દકેસલ ચમકીને બોલી. એદેલીને તે જોયું અને હતી તે કરતાં તે વધુ અજબ થઇ.

"શું જુલિયને તારી ઉપર કાંઇ ખાનગીમાં લખ્યુંછ?" લેડી ઓલ્દકેસલે આસપાસ નજર કરી એદેલીનને સવાલ કીધો.

આ સવાલ સાંભળતાંજ એદેલીનને ચોંકવાની વારી આવી.

"જુલિયનનું કાગળ મારી ઉપર? બનેજ કેમ? તે મારી ઉપર શાના પાડમાં કાગળ લખે? જયારથી હું તમારૂં મકાન છોડી મારાં મકાનમાં આવીછ ત્યારથી તેણે મારી ઉપર કાગળનો ટુકડો વટીક લખ્યો નથી."

"આહ! હું જોઉંછ કે જુલિયનની આગમચ હું અહિં આવવા પામવાથી આ સઘળો ઘોંટાળો થયોછ."

લેડી ઓલ્દકેસલનું બોલવું ખરેખર એદેલીનને ઘણુંજ ભેદભરેલું લાગ્યું. તે તવંગર બાનુ શું કેહવા માંગતી હતી તે તે પોતાનાં મગજનું સમતોલપણું રાખવા છતાં સમજી શકી નહિ. તે ધભરાઇને બોલી, "લેડી ઓલ્દકેસલ! ખુદાને ખાતર ખુલ્લી રીતે બોલો. હું ભેદ ભરમનું તમારૂં બોલવું બિલકુલ સમજી શકતી નથી. બાનુ, કાંઈ પણ માઠો બનાવ બનવા પામ્યોછ, નહિ તો તમારો ચેહરો આટલો બધો ધભરાયલો હોય નહિ. બોલો! તમારો શું ભેદ છે. કદાચ હું તમોને કાંઇક મદદ કરી શકશ. હું માનુછ કે તમો મારી મદદ મેળવવાજ અહિં આવ્યાંછ!"

"હા, કાંઇ એમજ છે." લેડી ઓલ્દકેસલે આટલું બોલી એદેલીનને આડકતરો સવાલ કીધો, "એદેલીન! શું તું હજી બંધવા નીલ લાયનનેજ ચાહેછ?"

"હા, જેમ જેમ તે મારી નજરમાં વધુ અને વધુ આવતો જાયછ, તેમ તેમ હું તેને વધુ અને વધુ ચાહુંછ."

"એ તારૂં દિવાનાપણું છે," લેડી ઓલ્કેસલ પોતે ગમે તેટલી ધભરાયલી છતાં ગુસ્સાથી ઉછળી બોલી, પણ એદેલીને તેની કશી દરકાર કીધી નહિ. તરતજ લેડી ઓલ્દકેસલે બારીમાંથી પોતાનું ડોકું બાહર કાહડયું અને બોલી, "તેની ધનનસલ મલેજ નહિ. નકામો વખત જાયછ તો!"

"કોણની ધનનસલ?" એદેલીને લેડી ઓલ્દકેસલની આજની ભેદભરી ચાલથી ધભરાઇ સવાલ કીધો.

પણ આ વેળાએ દશનો ટકોરો ઠોકાયો અને જાણે તે તવંગર સ્ત્રીની ગુમ થયલી આશા પાછી સજીવન થઇ હોયની તેમ તે મોટેથી પોકારી ઉઠીઃ—

"હા! બરાબર! બરાબર! તેના આવવાનો હવે વખત થયો ખરો!"

"પણ કોણનો?"

"વળી કોણનો? મારા વાહલા બેટા જુલિયનનો."

"જુલિયનનો? ત્યારે તમારો તે બેટો તમારી સાથેજ કાં નહિ આવ્યો?"

એદેલીનના આ સવાલથી લેડી ઓલ્દકેસલ ફગલાઇ ગઇ, ફરીથી ધભરાઈ ગઇ. પણ એ માટે એદેલીન કશોબી સવાલ પુછે તેજ પળે એક નોકર દાખલ થયો અને લોર્ડ ઓલ્દકેસલનું નામ પોકાર્યું.

લોર્ડ ઓલ્દકેસલ ધીમાં કદમે દાખલ થયો. તેનો ચેહરો ઉતરી ગયલો, બલ્કે ઝખી ખાધેલા જેવો દિસ્તો હતો. એદેલીને મોટી અજાયબી વચ્ચે જોયું કે તેનો પોશાકબી તેનાં નામ અને દરજ્જાને નહિ છાજે એવો હાલહવાલ હતો. બિલકુલ હલકો હતો. પોતાના બેટાને દાખલ થતો જોઇ લેડી ઓલ્દકેસલ પોતાની બેઠક ઉપરથી ઉઠી તેની તરફ ધસી ગઈ અને માતાની મોહબતથી તેને ગળે

વળગી બોલી, "બેટા! મારા વાંહલા જુલિયન! તું કયાં હતો? તું કયાંથી આવ્યો? તું સારી પેઠે તો છેની? પણ નહિ, તારા ચેહરા ઉપરથીજ હું ખુલ્લે ખુલ્લું વાંચી શકુંછ કે તું સારી પેઠે નથી."

આ તમાશો એદેલીનની સમજમાં આવ્યો નહિ. બંને મા દીકરા એકજ મકાનમાં રહેનારાં અને તેઓ વચ્ચે આવી ભેદભરેલી ગુફતેગો ચાલે એ તે કેવો ભેદ?

"માતા! હું તે દોજખખાનામાંથી નાહસી આવ્યોછ. હવે હું સારી જેહાનને આશકારા કરશ, મને ફસાવનારને તબાહ કરશ! ફના કરશ! મેં તમોને કાગળ લખી આએજ મકાનમાં એટલા માટે બોલાવ્યાં કે હું એકદમ ઓલ્દકેસલ પાર્કમાં આવી શકયો નહિ. વળી જેમ હું તમોને મારી કાહણી સંભળાવવા માંગતો હતો તેમ તે કાહણીથી હું એદેલીનને પણ ખબરદાર કરવા માંગતો હતો. એદેલીને સઘળો ભેદ ભરમ જાણવોજ જોઇએ, કેમકે તે પછી એ બાનુ મારા સવાલનો જવાબ સારી રીતે આપી શકશે. માતા, તમો મારી તરફ એવી રીતે જોવોછ કે જાણે હું ખરેખર દિવાનો હોવું! માતા, હું કાંઇ દિવાનો નથી. હું તો શ્યાનો છું. હું કોઇબી વખતે દિવાનો બન્યોજ નથી. મને દિવાનો સમજનારા ખુદ પોતે દિવાના છે. એ પેલા બદમાશ, ચંડાલ રોદ્રીકના બધા કાવાદાવા છે."

"કોણ? રોદ્રીકના કાવાદાવા?" સર્પે ડંખ માર્યો હોય તેમ એદેલીન પોકારી ઉઠી.

"હા! હા! રોદ્રીક! મારો હરહરતો દુશમન ભાઇ! મને રેહેંસનાર ખુની કસાઈ! એદેલીન, તું જાણતી નથી પણ હવે જાણ અને ધ્રુજ કે તે ખુની હજી જીવેછ! અરે! તેનાં પાપો એવાં અધમ છે કે ધારબી પોતાનાં પેટમાં તેને સમાવતાં કમકમેછ!"

"ત્યારે તે મેથ્યુ બારલોકનાં નામે મરી ગયો નથી?"

જુલિયન ડોકું ધુણાવી બોલ્યો, "કદી નહિ. તે જેમ રોદ્રીકનાં નામે તેમજ મેથ્યુ બારલોકનાં નામે મુવો નથી. તે હાલમાં મારાં નામ હેઠળ ઓલ્દકેસલ પાર્કમાં જીવેછ. મને ખબર મલીછ કે તેને લંડનની કોર્ટમાં રોદ્રીક તરીકે એક દીતેકતીવે ઉભો કીધો હતો, પણ તે બદમાશ એવી સાક્ષી ગવાહી ઉભી કરી છુટી જવા પામ્યો કે તે રોદ્રીક નહિ, પણ જુલિયન છે."

આ વેળાએ એદેલીનનો દમ ખરેખર, ધમણની માફક ફુંકતો હતો. તે ભલી બાનુ તો ડાચું વકાસી જુલિયનના આ ભેદી સખુનો ફાટ ફાટ થતી છાતીએ સાંભળતી બેઠી હતી.

શું ત્યારે દોરાએ એક અજીમ ગુનાહ નહિ કીધો હતો? લંડનની કોર્ટમાં કેદીનાં પિંજરાંમાં ઉભેલા રોદ્રીકને ઓળખવા છતાં તેણીએ જાણી જોઇ, દેખતી આંખોએ આંધળી બની શું તેને જુલિયન તરીકે કોર્ટમાં જાહેર નહિ કીધો હતો? હા! હવેજ તેણીને ખ્યાલ આવ્યો કે લંડનથી આવ્યા પછી દોરાની તબિયતમાં બિગાડો શા માટે થયો હતો. તેણીની ચશમો હવે ખુલી ગઇ.

તે પોતાના બંને હાથો પોતાની બંને આંખો ઉપર કમકમાટથી ઢાંકી દઇ પોકારી ઉઠી:—

"ઓ! દોરા! દોરા! તારૂં શું થશે?"

સીતમગર જુલિયન.

"ઓ દોરા! તારૂં શું થશે? તું આ ફટકો કેમ સહન કરી શકશે? એ તુંને શું સુજ પડયું કે કોર્ટમાં કેદીનાં પિંજરાંમાં ઉભેલો તારો ખાવિન્દ રોદ્રીક છતાં તેં તેને જુલિયન તરીકે જાહેર કીધો? તારૂં આ પાપ ખુદા કેમ માફ કરશે? મારી કમનસીબ બેહન!" એદેલીને પોતાની બેહન માટે ખરાં જીગરથી બળાપો કીધો.

"ખરેજ, કમનસીબ. ખુદા તેણીનું આ પાપ માફ કરશે. એદેલીન! હું પોતેબી તારી તકસીરવાર બેહનનો ગુનાહ માફ કરૂંછ!" જુલિયનને હિમ્મત આવવાથી પોતે જાણે કેવોક ફરેસ્તો હોય તેમ તે બોલી ઉઠયો.

પણ એટલામાં બાહેરથી કાંઇક ગડબડ થવાનો અવાજ તેમને કાને પડવાથી જુલિયન ચમકી બોલ્યો, "મારી માતા! મારી પ્યારી એદેલીન! જયાં છે ત્યાં પેલા ચંડાળ બારદો ભાઇઓ મને પકડવા આવ્યાછ. યા તો પેલી લુસી જેણીને એક હોટેલમાં બેસાડી હું સટકી આવ્યોછ તે મને ઢુંડતી અહિં આવીછ. રખેને તેઓ મને તમારી પાસેથી મારાં મોહડાંમાં ડુચો મારી જુદો કરે! ઓ માતા! તેઓ મને એ રીજનાં દોજખખાનામાં પાછો ઘસડી જશે તો મારૂં તો મોતજ આવશે."

જુલિયનનાં આવાં હિચકારાપણાંથી લેડી ઓલ્દકેસલે પોતાના બુજરા બેટા ઉપર ગુસ્સે થઇ એક બરાડ મારી, "જુલિયન! તું એવો હિચકારો કયે દાહડે હતો? એટલી બધી કોણ હિમ્મત કરી શકશે કે અમારી હાજરીમાં ધોળે દિવસે લટખટ લુચ્ચાઓ લોર્ડ ઓલ્દકેસલ જેવા ઉમરાવને મોહડાંમાં ડુચો મારી ઉઠાવી જાય? પણ જે લુસી માટે તું બોલ્યો તે લુસી કોણ મુવેલી છે? તે પેલીજ ઓરત છે કે જેની સાથે આપણી પાસેનાં જંગલમાં તું પસાર થતો હતો તેટલાંમાં એક શખ્સ તુને રોદ્રીક તરીકે જાણી પોલીસમાં ઘસડી ગયો હતો, અને તારાં કાગળમાં લખવા મુજબ ત્યાંથી તને છોડી દીધો હતો?"

જુલિયને ડોકું ધુણાવી કહ્યું, "હા! તે તેજ ઓરત છે. તે ઓરત લુસી બારદોનાં નામે એ રીજમાં ઓળખાયછ! તે બારદો ભાઇઓમાંના એકની બેટી તરીકે પોતાને ઓળખાવેછ. બારદો ભાઇઓ તે તેજ છે કે જેમને તમે એ રીજની મારી મુલાકાત વેળા જોયા હતા. લુસીએજ મને જીવતદાન બક્ષ્યુંછ. તેના પ્રતાપથીજ હું તે દોજખખાનામાંથી જીવતો અહિં આવ્યોછ અને તમો લોકોને મળવા પામ્યોછ. અરે! લુસીએ મને નાહસવાને મદદ કીધી નહિ હોત તો—"

પણ ત્યારે એ દુકતીએ મદદ કીધી એ તો એક અજાયબીજ કેહવાય. તેં તેણીને પૈસાની અથવા તો બીજી કાંઇ લાલચ આપી હશે!" લેડી ઓલ્દકેસલે સવાલ કીધો.

"પૈસાની લાલચ મેં લુસીને બિલકુલ આપીજ નથી. તે તો પોતાના પૈસાથી સામો મનેજ ડાટી નાખે એવી છે," જુલિયને ખુલાસો કીધો.

"શું લુસી એટલી બધી તાલેવંત છે? ગલાંફાંસુઓના ધંધા રોજગારમાં શું એટલાં બધાં છક્કાં પડેછ?" પૈસાનું નામ સાંભળતાંજ દોલતમાં મરી રહેલી તે બાનુ પોતાની બંને આંખો પલપલાવી, બંને હોઠો મતમતાવી અને આંખોનાં ભવાં ફડફડાવી દોલતનો કાંઇ અજબ સવાદ લઇ બોલી ઉઠી.

"હા, આખાં ઇંગ્લંડમાં જે કિમતી જવાહીરોની ચોરી થવાની બીના આપણે ન્યુસપેપરોમાં વાંચીછ અને જેનો પત્તો મેળવવાને પોલીસ નાહકનાં ફાંફાં મારેછ તે સઘળા કિમતી દાગીનાઓના ચોરો બંને બારદો ભાઇઓ છે. હું જો એમ કેહું કે એ ભાઇઓએ ચોરી અને લુટફાટના માલથી પોતાનાં મકાનનું આખું છુપું ભોંયરૂં ભર્યુંછ તો તે ખોટું કેહવાશે નહિ."

"પણ ત્યારે તે લુસીએ તારી તરફની કઈ લાલચથી પિગળી જઈ તને નાહ-સવામાં મદદ કીધી ?" માતાએ દીકરાને કાંઈ સમજી નહિ શકવાથી સવાલ કીધો.

"હા, મેં તેણીને લેડી ઓલ્ડકેસલ બનાવવાની લાલચ આપીછ અને એટલી એજ લાલચથી તેણીએ મને નહસાડવાને હિમ્મત કીધી."

"લેડી ઓલ્ડકેસલ !" જુલિયનની માતા ગુસ્સે થઇ પોકારી ઉઠી, "શું તે બદમાશ ઓરતને, ગલાંફાંસુ અને ખુની લુટારાની બેટીને હું મારી વહુ બનાવું ? મારા બેટાને આવી ઓરતના ખાવિન્દ તરીકે જાહેર કરૂં ?"

પોતાની માતાને આટલી બધી ઉસકેરાયલી જોઇ જુલિયન એકદમ હસી પડ-યો. તેનું હસવું હમણાં સુધી બંને મા દીકરાની વાતચિત ગુપચુપ સાંભળતી બેઠેલી એદેલીનને તેણીનાં જીગરમાં કારી ઘા કરનારૂં હતું. જુલિયન પોતાની માતાને પોતાની ઉપર ગુસ્સે થયલી જોઇ વધુ અને વધુ હસતો હતો. તેનું હસવું એવી કિસમનું હતું કે લોર્ડ ઓલ્ડકેસલ જેવા તવંગર ઉમરાવને તે બિલકુલ છાજે નહિ. તેની આવી ચાલથી તેની માતા વઢીક તેની તરફ ગુસ્સાથી ડોળા ફાડી ફાડી જોતી રહી હતી.

"પણ છે શું ? મને કાંઈ જવાબ દેશો કે ઘેલા ગાંડાની માફક બસ હસ્યાજ કરશો?" લેડી ઓલ્ડકેસલને પોતાનો ગુસ્સો પોતાના બેટા ઉપર ખાલી કરવા વિના ચાલ્યું નહિ.

"માતા ! હું હસુંછ તે તમારી બેખબરી ઉપર હસુંછ. તમો શું ઘડીભર એમ ધારી શકોછ કે તે બદમાશ દુકતી લુસીને હું ખરેખર મારી ઓરત બનાવશ ? હા, મેં તેને તેમ કરવાનું વચન આપ્યુંછ ખરૂં ને મારા મુવા બાપનાં રૂહના કસમખી લીધાછ, પણ તે તો ફકત મારા બચાવ માટે હતા, નહિ કે પાળવાને ખાતર. માયજી ! જે ઓરતને હું ચાહી શકું નહિ તેવી ઓરતને તેણીની લાખોની દોલત છતાં મારી ધણીઆણી બનાવું એ તે કેવો ખ્યાલ ? હું ગમે તેવો છું, પણ મારા બાપદાદાઓનું માન મારાં જીગરમાં કોતરાયલું છે." આટલું બોલી તેણે એદેલીન તરફ જોયું અને લગાર હસીનેજ કહ્યું, "એદેલીન ! મારી વાહલી એદેલીન ! તું મને જીવતો જાગતો આવેલો જોઇ ખુશી થતી કાંઇ જણાતી નથી ? શું છે ? તું મને અહિં આવેલો જોઇ કાંઈ દલગીર છે ? તેં ખુશીથી તારો હાથ મારા હાથમાં આપ્યો નથી, એદેલીન ?"

એદેલીને પોતાનો હાથ એક પણ બોલ બોલવા વિના જુલિયનના હાથમાં મુકયો. જુલિયનના હાથ ઉપર લોહીના જે છુપા ડાઘો પડેલા હતા તે ડાઘો એદે-લીન જોઇ શકી નહિ, નહિ તો તે ખુની હાથોમાં તેણીએ પોતાના નિર્દોષ હાથો કદી મેળ્યા હતે નહિ.

તેણીએ પોતાનો હાથ જુલિયનના હાથમાં રહેવાજ દઇ લેડી ઓલ્ડકેસલને સવાલ કીધો, "લેડી ઓલ્ડકેસલ ! મને ખુદાને ખાતર જણાવશો કે તમે કયારથી જાણ્યું કે તમારો વડો બેટો રોદ્રીક મુવો નથી, પણ જીવતો છે ?"

"માત્ર થોડાજ માસ થયા," લેડી ઓલ્ડકેસલે જવાબ દીધો પણ દોરા તો લાંબા વખતથી જાણતી આવીછ. જયારથી તે જીવતો બની ઓલ્ડકેસલમાં આવ્યોછ ત્યારથી દોરા જાણેછ, કે તેણીનો ખાવિન્દ રોદ્રીક મરી ગયો નથી, પણ જીવતો છે."

"ઓ! હું તે જાણુંછ! હું તે સઘળું માનુંછ!" એદેલીન ધ્રુજતા, લથડતા સાદે દયામણું મોહ કરી બોલી. જોકે આ વેળાએ ઠંડીનાં એક સખ્ત લખલખાંથી તેણીનું આખું બદન ધ્રુજતું હતું, તોપણ તેણીને લાગ્યું કે ગરમીથી તેણીનો જીવ બેતાબ મારતો જતો હતો. આથી તે બાનુ પોતાનો હાથ જુલિયનના હાથમાંથી છુટો કરી ચાવી આપેલાં એક પુતળાંની માફક ઉઠી અને તે દિવાનખાનાની જે બારીઓ બંધ હતી તે ખોલી નાખી કે જેથી સવારની ઠંડી લેહકી તેણીનાં જળતાં જીગરને કાંઇક રાહત બક્ષે! જુલિયન તેણીની બેઠક આગલ ગયો અને અજબ મમતાથી તેણીનો હાથ પોતાના હાથમાં લીધો. આ વેળાએ તેના સ્પર્શથી એદેલીનનાં આખાં બદનમાં ધ્રુજરાં છુટયાં.

"એદેલીન! અજબ જેવું છે કે તું મને પુછવાનીબી દરકાર કરતી નથી કે હું આટલો વખ્ત સુધી કયાં હતો, શું કરતો હતો, અને મેં કેવી હાડમારી ભોગવી હતી? આમાંનું કાંઇજ તું મને પુછતી નથી? પણ ખેર! હુંજ તે સઘળું હમણાં ખુલ્લું કરૂંછ. મારે મારાં માયજીને પણ કેહવાનું હોવાથી હમણાંજ હું સઘળું કહી દેઉંછ કે બંનેને જુદો જુદો ખુલાસો કરવાની નાહકની તકલીફમાં મને જવું પડે નહિ."

આ વેળાએ જુલિયન એદેલીન આગલથી ઉઠી પોતાની માતા આગલની એક ઉચી બેઠક ઉપર બેઠો અને બંને સાંભળે તેમ તે ખંખાર મારી બોલ્યો:—

"સાંભળો, મારાં વાહલાંઓ, કે જયારે રોદ્રીક મુવેલો જીવતો બની મારી આગલ દાબડામાંના ભુતની માફક ફુટી નિકળ્યો ત્યારે તે લોર્ડ ઓલ્ડકેસલના ખેતાબ અને ખેતાબ સાથની દોલત ઉપર પોતાનો હક સાબેત નહિ કરે તે માટે તેનું મોહડું દાબવાને મારી આવકમાંની અરધી આવક તેને આપવાને હું કબુલ થયો. જોકે તે સારી પેઠે જાણતો હતો કે પોતાનો હક સાબેત કરતાં તેની આગલી બદમાશી માટે ઓછામાં ઓછું ચૌદ વરસનું કેદખાનું ભોગવવાનું હતું. લોર્ડ ઓલ્ડ કેસલ માટે આ કેવું માન! પણ તે મને એવું સમજાવતો હતો કે કેદખાનામાં જવાની ધાસ્તી તેને હતી નહિ. તે તો કોઇબી જોખમે પોતાનો હક સાબેત કરવા માંગતો હતો. હું બેબાકળો બન્યો, બેબાખરો બન્યો, હું હિચકારો બન્યો, કેમકે તે ચંડાળનું મોહડું કોઇબી રવેશે દાબવાને હું તૈયાર થયો. તેને મારી અરધી આવક આપવાની મેં કબુલાત આપી.

"હું ખેતાબ જેવી આ દુનિયાની તકલીફી ચીજ ઉપર એટલો બધો તો લોભાયો કે મોતનાં ડાચાંમાંથી ફુટી નિકળેલા મારા ગુનેહગાર ભાઇને લાલચ આપવાને કબુલ થયો. હું મારી અરધી આવકથી છુટો પડવાને રાજી થયો, કેમકે ખેતાબથી છુટો પડવાને હું ખુશી નહિ હતો. સાંભળો મારાં વાહલાંઓ! કે આ પછી થોડો વખત તો ગાડું ઠીક ગબડયા કીધું, જોકે તે મારો ભાઈ મને ખોટી ખોટી ધાસ્તી આપીને નાહક પજવતો રહ્યો હતો અને તે સાથે પૈસાથી મને નિચોવતોજ રહ્યો હતો. છેવટે તેણે દશ હજાર પાઉન્ડની રકમની માંગણી મારી પાસે એવી જાસતીથી કીધી કે અગરજો તે ચોકસ રાતે હું તે આખી રકમ તેને પગાર નહિ કરૂં તો તે મને ઉઘાડો પાડે અને પોતે ખેતાબ અને દોલતનો હકદાર માલેક બને! હું ખેતાબ વગરના અને ખીસામાં એક પાઇ વિનાના જુલિયન

તરીકે જીવવા માંગતો નહિ હોવાથી તેમ કરવાને બી હું કબુલ થયો. કેમકે તે બદમાશ ખુની મારી અરધો કલાક આગમચ આ દુનિયામાં મને નડવા આવવા પામ્યો હતો."

આ છેલ્લા બોલો જુલિયન ઘણાજ તિરસ્કારથી બોલ્યો હતો. એડેલીન તેના ચેહરા તરફજ જોઇ રહી હતી. તેણીએ ઘણાજ કમકમાટ વચ્ચે જોયું કે નાના ભાઈની આંખોમાં પોતાના વડા ભાઇ માટે ખુન વસી રહ્યું હતું. તેનું અગરજો ચાલતે તો તે પોતાના વડા ભાઇનું લોહી વટીક પીવાને બીહતે કે ધ્રુજતે નહિ. પણ સઘળાં ઉપર ખ્યાલ કરવાને તેણીની પાસે વખત હતો નહિ. કેમકે જુલિયને પોતાની કાહણી આગલ ચલાવી:—

"વળી મારાં કુટુંબનું નામ મને વાહલું હતું, જે નામને મારા બદમાશ ભાઇએ નામોશિમાં ગર્ક કીધું છે. પણ હાલમાં તે ઉપર બળાપો કરવાનો મારી પાસે અવકાશ નથી. મારે તો દશ હજાર પાઉન્ડનો ડામ કોઇબી રવેસે તેનાં કપાળે દેવાનો હતો. મારે તે રકમ રોધરતન નજદીક આવેલાં થ્રી હેરીંગ્સ નામનાં ભઠિયારખાનામાં લઇ જવાની હતી. હું તે પ્રમાણે એક રાતે ત્યાં ગયો. હું ત્યાં ગયો ત્યારે તે તેના જેવાજ બે બદમાશો સાથે બેઠેલો હતો. છેવટ એ આવ્યું કે અમો બધા સાથે જમવા બેઠા.

"સાંભળો, મારાં વાહલાંઓ કે મારા બદમાશ ભાઇએ મને દારૂ એવી કિસમનો પાયો કે જેમાં બેભાન કરનારી દવાની ભુકી ભેળેલી હતી. જેમ બનવું જોઇએ તેમ હું બેભાન થઇ ગયલો હોવો જોઇએ, મારાં ખીસાંમાંથી દશ હજાર પાઉંડની રકમ તેણે કાહડી લીધેલી હોવી જોઇએ, અને તેણે મારાં કપડાં પહેરી લઈ પોતાનાં કપડાં મને પહેરાવેલાં હોવાં જોઇએ. તે પછી તેઓ મારી બેભાન સ્થિતિમાં મને અગાઉથી કરી રાખેલી ગોઠવણ મુજબ એ રીજમાં લઈ ગયલા હોવા જોઇયે. તે દશ હજાર પાઉંડ લઇનેજ તે મુજી ધરાયો નહિ, પણ મારૂં કાટલું કાહડવા માટે તે તલપી રહ્યો હતો. તે લોર્ડ ઓલ્ડકેસલનો ખેતાબ મને દગો દઇ, બલ્કે મારૂં ખુન કરાવી, ખુંચવી લેવા માંગતો હતો અને તે માટે તે મારા જાનનો તરસ્યો બન્યો હતો. બારદો ભાઇઓ જાહેરમાં પોતાને તબીબો તરીકે ઓળખાવે છે અને પોતાનાં મકાનને એક દિવાનશાળા તરીકે ગણાવે છે, પણ બાતેનમાં તેઓ ફરેસ્તાનાં રૂપમાં ખરા શેતાન છે, ને તેમનું મકાન જીવતું જાહનમખાનું છે. જે કમનસીબ જીવડાઓ બીજા બદમાશોના માર્ગમાં નડતલ સમાન હોય છે અને જેઓને તેમના માર્ગમાંથી સદાના દુર કરવાના હોય છે ત્યારે તેઓ બારદો ભાઇઓ અને તેમનાં દોજખખાનાનો આશ્રો લે છે અને તે બિચારા નિર્દોષને ત્યાં જન્મભરનો કેદી બનાવી એશ આરામમાં પોતાની જીંદગી ગુજારે છે. આપણે વર્તમાનપત્રોમાં ઘણીક વેળા વાંચ્યે છિએ કે ફલાના ફલાના અમીરનો વારેસ એકાએક ગુમ થઇ ગયો છે, ફલાનાનો પત્તો મલતો નથી, વિગેરે. એવા એવા બનાવોનું માન આ બારદો ભાઇઓને ઘટે છે. કેટલાક બદમાશો નિર્દોષોને તે મકાનમાં જીંદગીભરનાં કેદખાનામાં સબડતા રાખે છે તે એવું જાહેરમાં દેખાડીને કે તેઓ પોતાનાં મગજથી દિવાના બની ગયા છે. મનેબી દિવાના તરીકેજ કેદ રાખવામાં આવ્યો હતો."

આ છેલ્લો વાકય સાંભળતાંજ લેડી ઓલ્ડકેસલ કમકમી બોલી, "ઓ ખુદા! હું શું સાંભળુંછ? જુલિયન, તું સાચુંજ બોલેછ કે તું ખરેખર દિવાનોજ છે?"

જુલિયન હસીને બોલ્યો, "માયજી! હું જે બોલુંછ તેનો બોલેબોલ સાચ્ચો છે. અગરજો તમો નહિ માનતાં હોવ તો હું હમણાં હસીને બોલાઉં. તે મારા બોલવાને ટેકો આપશે. સેમ્યુઅલ વીલકોક્ષ નામનો એક કમબખ્ત કેદી જે હાલમાં એ રીજમાં મોત અને જીંદગી વચ્ચે પડેલો છે તેબી કહેશે કે હું બિલકુલ દિવાનો હતો નહિ."

"પણ મારા વાહલા બેટા જુલિયન! ત્યારે મને સમજાવ, મને સમજાવ! નહિ તો હું ફાટીને મરી જવશ કે જયારે હું તને એ રીજમાં મળવા આવી ત્યારે તું મને કાંય ઓળખી શકયો નહિ? દીકરા મારા, મારી મુલાકાત વેળાએ તું મારી સાથે એવી રીતે વરત્યો હતો કે મેં તો સાચ્ચુંજ માન્યું કે રોદ્રીક જેમ મને સમજાવતો હતો તેમ તું ખરેખર દિવાનોજ હતો."

"હું તે કબુલ કરૂંછ," જુલિયન લગાર ઉસ્કેરાઇ બોલ્યો. "પણ માયજી! તમારા આવવાના વખતની ખબર મારા બદમારા ભાઇએ તેઓને આગલથી આપેલી હોવાથી તેઓએ મને મારાં ખાણાં સાથે એક એવી જાતની દવા પાઇ હતી કે જેથી પીનાર ધણીના ચેનચાળા તો દિવાનાના જેવાજ બને તો બને પણ સાથે લાગો તેનો ચેહરો અને તેની આંખ પણ હુબહુ દિવાનાઓનાં જેવાંજ બનવા પામે! માયજી! તેવોજ મારો હાલ કરવામાં આવ્યો હતો. પણ હાલમાં તે બાબદનું પિંજણ હું કરવા માંગતો નથી. હું જે જાહેર કરવા માંગુંછ તે એ કે મારા ભાઇએ મારી જીંદગી જોખમમાં આવી પડે તેવી રીતે મને ચોક્કસ દવા પાઈ હતી, મને લુટયો હતો, મને ગેરકાયદે કેદ કરાવ્યો હતો, અને મારૂં ખુન કરવા માટે બારદો જેવા બદમારો સાથે મલી ગયો હતો. તેની ઉપરનાં આ તોહમતો સાબેત કરવાને મારી પાસે એટલી બધી તો સાબેતી મોજુદ છે કે તે ચંડાળનો બચાવ સારી દુનિયાના બારીસ્તરો કરી શકનાર નથી. હવે બોલો મારાં વાહલાંઓ, શું તે કસાઇ ભાઇના કાવાદાવા સારી જેહાનમાં ઉઘાડા કરવાની ફરજથી હું બંધાયલો નથી?"

"તેના કાવાદાવા ઉઘાડા પાડવાની તું ફરજ સમજેછ?" એદેલીન જે આટલો વખત સુધી જુલિયનનું બોલવું ઉચા દમે સાંભળતી રહી હતી તે એકાએક ચમકીને બોલી ઉઠી, "અરે! તારાં એમ કરવાથી તો તારો ભાઇ પોતેબી ઉઘાડો પડશે."

"અને મારી મતલબબી તેજ છે, એદેલીન!" જુલિયન વધુ અને વધુ ઉસ્કેરાઈ બોલ્યો, "એદેલીન! તું શું એમ ધારેછ કે તે મારો ભાઇ થયો તેથી તેની બદમાશી જે મારી સત્યાનાસી કરવાને બસ હતી તે દુનિયાને જાહેર કરવા વગર હું મુંગે મોહડે ખમી જવશ?"

જુલિયનનો આવો મક્કમ ઠરાવ સાંભળી એદેલીન ફિક્કી ફચ પડી જઈ ઘડીકમાં જુલિયનને તો ઘડીકમાં લેડી ઓલ્ડકેસલને ટીકવા લાગી. એક નવી ધાસ્તીએ તેણીનાં જીગરમાં ઘર કીધું હતું. તેણી કાંઇ અજબ લાગણીથી બોલી ઉઠી, "પણ મારી હોરા! હોરા! ઓ તે મારી વાહલી બેહનનું શું થશે, જુલિયન? હું કબુલ કરૂંછ કે રોદ્રીક તારો તકસીરવાર છે, પણ અગરજો તું કીનોજ લેવા માંગતો હોય તો તે જાહેરમાં નહિ, પણ છુપી રીતે લે. જાહેરમાં તેને ઉઘાડો પાડતાં જુલિયન! તારે તારા મરનાર બાપની ઈજ્જત તરફ જોવું જોઇએછ. તારે તારા બાપદાદાનાં નામ તરફ નજર પુગાડવી જોઇએછ. રોદ્રીકને ઉઘાડો પાડવાથી થશે એમ કે તે કેદખાનામાં સબડશે અને મરહુમ લોર્ડ ઓલ્ડકેસલનું રૂહ બેહેસ્તમાં કમકમશે

અને ધ્રુજશે. તમારાં કુટુંબનાં નામ ઉપર નહિ ભુસાય અને નહિ ભુલાય એવો કાળો ડાઘ પડશે. વળી એથી દોરાને તેણીના ખાવિન્દની નામોશિથી મોંયમાં ભરાવું પડશે. શું આપણાંમાંથી કોઇબી આ નામોશિ અટકાવી નહિ શકે? શું એમ કરવાની શક્તિ કોઇનામાં નથી?"

"છે! છે! શક્તિબી છે અને તે શક્તિવાન માણસબી મોજુદ છે," જુલિયને પોતાની બેઠક ઉપરથી ઉઠી મોટેથી હસીને જવાબ દીધો. આ વેળાએ લેડી ઓલ્ડકેસલ જાણે કાંઈ પણ જાણતીજ નહિ હોય તેમ બીજી બાજુ ફરીને બેઠી.

"હેં! ત્યારે તે કોણ છે?" એદેલીન આવતા ભયનો જરા પણ ખ્યાલ કરવા વિના અજબ અધીરાઇથી બોલી.

જુલિયન આ સાંભળતાંજ એદેલીન આગલ ગયો અને તેણીનો હાથ પોતાના બંને હાથમાં પકડી હસીને બોલ્યો, "તે બાનુ તું છે, એદેલીન! એદેલીન! મારી વાહલી એદેલીન! મારા ચેહરા તરફ જો! તું ચાહે તો આજે દોરાનું દુઃખ દુર કરી શકે! તું ચાહે તો આજે મરહુમ લોર્ડ ઓલ્ડકેસલનું નામ જમીનદોસ્ત થતું અટકાવે! તું ચાહે તો રોદ્રીક તરફનો કીનો આ પળે મારાં અંતઃકરણમાં ધોઇ શકે!"

"પણ તે કેમ?" એદેલીન હજી સમજી નહિ શકવાથી અજબ થઇ બોલી.

"તે માત્ર એકજ રીતે." આટલું બોલી જુલિયન ધુટણિએ પડયો અને બોલ્યો, "એદેલીન! તું મારી તરફ જો! ખુદાને ખાતર મને જોઇને તું કમકમતી ના! અગરજો તું તારી વડી બેહન દોરા અને તેણીની એકપુરી બેટીનાં માથેનો સિહા ડાઘ ધોઇજ નાખવા માંગતી હોય તો તું મારી હકદાર ધણીઆણી બન! લગ્નના પવિત્ર ગાંઠથી તારૂં દિલ મારાં દિલ્સાથે જોડ અને પછી જો કે દોરા અને રોદ્રીકનાં માથાં ઉપરનું વાદળ કેવું દફે થઇ જાયછ! એદેલીન! હું તને ચાહુંછ! મારાં ખરાં જીગરથી ચાહુંછ! બોલ, એદેલીન! બોલ! તારા 'હા' બોલ ઉપર મારો, દોરાનો અને રોદ્રીકનો સર્વે આધાર લટકેલો છે. તારી ઉપરજ રોદ્રીકનો જાન આવી અટકેલો છે. હવે તું નીલ લાયનને ચાહવાનો દાવો રજુ કરી મને હાથતાળી આપી શકવાની નથી. કેમકે તે તો મુવોછ!"

"અરે! અરે!" લેડી ઓલ્ડકેસલે દીકરાની ભુલ ભાંગી, "બંધવો નીલ લાયન તો જીવતો છે, તે કાંઈ મરી ગયો નથી. પણ દોરાને મારી ગયોછ."

આ વેળાએ જુલિયનનો ચેહરો જોવા જોગ થઇ પડયો હતો. તે કંગાળિયતનો હુબહુ નમુનો બન્યો હતો. તે સમજી શકયો નહિ કે તેની માતા નીલ લાયન માટે જે કાંઈ કેહતી હતી તેમાં શું જરાબી સચ્ચાઈ હતી? શું સ્લીમ જીમે તેનો દમ આખર નહિ કીધો હતો?

"ઓ! શું નીલ લાયન હજી મરી ગયો નથી? અરે! ત્યારે શું તે હજી જીવતોજ મુવોછ કે? અરે! હું શું જાણું? હું તો જાણું કે તે બંદીખાનામાંજ પુરો થઈ ગયો હશે. બોલ, એદેલીન બોલ! ખુદા ખાતર જબાન ખોલ કે શું ખુની લાયન હજી જીવતોજ છે?"

"હા, તે હજી જીવેછ!" એદેલીને ભાર મેલી જણાવ્યું. આ પળે જુલિયને પોતાનાં મનમાં સ્લીમ જીમને હજારો કદુવા દીધી; હમણાં સુધી તો તે એમજ મનમાં ચા પીતો હતો કે તેના રસ્તામાંથી નીલ લાયનની નડતલ સદાની દુર થવાથી એદેલીનની મોહબત જીતવાનો સમો નજદીક આવ્યો હતો. પણ અહિં તો આમલો કેવળ જુદોજ હતો. તેના માર્ગમાંની નડતલ તો હજી જેવી અને

તેવી જાગતીજ ઉભી રહી હતી. ગમે તે હોય. નીલ લાયનનાં જીવવા સાથે તેને જરાબી નિસબત હતી નહિ. હજીબી કિસમત તેને છોડી ગયું હતું નહિ, જેથી તેને હિમ્મત હતી. હજી એદેલીન માટેની મોહબતે તેણીનાં જીગરમાં ઘર કરી રાખ્યું હતું.

"એદેલીન! હું દલગીર છું કે તે કમબખ્ત ખુની પોતાના પાપનો બોજ પોતાને માથે લઈ ફરવાને હજી જીવતો રહ્યોછ. ખેર! પરવા નહિ! તે જીવેછ ને પોતાનાં પાપની સજા ભોગવેછ એજ ગનીમત છે, કેમકે એ તો દુનિયાનો રવૈયોજ છે કે કોઈને દુઃખી કરી કોઇ સુખી થયું નથી. તે જીવેછ કે મુવોછ તેની સાથે મને કામ નથી. બોલ, એદેલીન! તારી બેહન દોરાની નામોશિ તું અટકાવવા માંગેછ કે નહિ? અગરજો તું તે અટકાવવાજ માંગતી હોય તો મારી શરત તને કબુલ કરવીજ પડશે, તારો હાથ મને આપવોજ પડશે, મને તારા ખાવિન્દ તરીકે કબુલ કરવોજ પડશે."

"ત્યારે તું શું એજ ઠરાવ ઉપર આવ્યોછ?" એદેલીન ઠંડી પડી જઇ બોલી.

"હા, મારો આ ઠરાવ છેવટનોજ છે."

"તું ઘાતકી પુરેપુરો છે, તારૂં જીગર નથી પણ પથ્થરનો ટુકડો છે. દયાનો એક કતરોબી તારાં દિલમાં નથી, હયાનું એક ટીપુંબી તારી આંખમાં નથી," એદેલીને ગુસ્સાથી થથરાવનારા સાદે કહ્યું.

"એદેલીન! હું એટલો બેરહેમ ને બેશરમ નથી કે બાપને આપેલો કોલ ભુલી જાઉં. એદેલીન! યાદ કર કે તારા મરનાર બાપ કરનલ રેનની મારી સાથે તારાં લગ્ન કરવાની મરજી શું નહિ હતી? શું તેં તારા બાદશાહી બાપને તે માટે વચન નહિ આપ્યું હતું?"

તે આગલા દુઃખભર્યા બનાવની દિલ જલાવનારી યાદથી એદેલીન કમકમી બોલી, "હા, પણ તે પછીના બનાવો જે બનવા પામ્યાછ તે બનાવોથી મેં મારો વિચાર ફેરવ્યો હતો. વળી મારા પેદર મરતી વેળાએ પોતાનાં શર્તના કફ ઉપર મારે માટે જે સંદેસો લખી ગયા હતા તે સઘળું જોતાં મારો ફેરવાયલો વિચાર મારા ઉમરાવ પેદરને બેહેસ્તના બાગમાં ખુશનુદ કરવા વિના રહેશે નહિ."

પણ જુલિયન સમજયો નહિ. તે મક્કમ ઠરાવથી બોલ્યો, "એદેલીન, તે ગઇ ગુજરી બીના હું વધારે વાર યાદ કરવા માંગતો નથી. મારો છેવટનો વિચાર ફરીથી સાંભળી લે કે તું તારી બેહન દોરાને બચાવવાજ માંગતી હોય તો મને પરણવા કબુલ થા, નહિ તો હું સારી જેહાનને આશકારા કરીશ કે એદેલીનની બેહન દોરાનો—"

"ચુપ! નાકદર ચુપ! કાંઈ દોરાનાં નિર્દોષ બાળક ઉપર તો દયા કર! બેહસ્તના માર્ગની જરા તો આશા કર!"

"એદેલીન! દયા મારી પાસ નથી, બેહેસ્તના માર્ગની મને બિલકુલ આશા નથી. મને દોજખનો ખેદ નથી, બેહેસ્તની ઉમેદ નથી. બોલ! તું શું કેહેછ? નામોશિમાં તારી બેહનને મારવા કરતાં મને તારા પ્યારમાંજ માર!"

"ચુપ!" એદેલીને તેને આગળ બોલતાં અટકાવી કહ્યું, "ચુપ! તારી જબાન બંધ કર! મરે તો કાંઈ ભલાઇનું કામ કરીનેજ મર!"

"એદેલીન! ભલાઇ યા ભુંડાઈ આ જેહાનનો ખાલી ખ્વાબ છે. પાપ યા સવાબ, દુઃખ યા આઝાબ, દુવા યા શાપ માત્ર હવાઈ ખ્યાલ છે. સુખ તું

જેવી માહબુબની ગોદમાં આરામ છે, હાથમાં શરાબની જામ છે, દુઃખ તો માત્ર મોતનો પેગામ છે. બોલ ! તારો શું જવાબ છે? જાણી જોઇ તું દોરાની નામોશિ અને સત્યાનાસી કરવા માંગેછ કે તું મારી પરણેતર બની મારૂં મોહડું બંધ કરવા માંગેછ? બોલ, બેમાંથી તને શું પસંદ છે?"

એદેલીન જુલિયનને ડોલા ફાડી ફાડી જોઈ બોલી, "ઓ સેતમગર જુલિયન! દોરા તરફ તો કાંઈ જો!"

"તું પોતે પેહલાં દોરા તરફ જો ને પછીજ તેની નામોશિ તરફ જોઈ મારી તરફ જો!"

એદેલીન વધુ બોલી શકી નહિ. તે નિસોસ થઇ પાસેની બેઠક ઉપર તુટી પડી અને સેતમગર જુલિયન તેણીને તેવીજ હાલતમાં પડતી મેલી દિવાનાની માફક હસતો હસતો પાસેના ઓરડામાં જઇ બેઠો.

શ્રીનગરનાં મંદિરનાં પોખરાજની કાહણી.

જુલિયન એદેલીનને છોડી જતાં થથરાવનારા સાદે બોલ્યો હતો કે "એદેલીન! તારા જવાબ માટે હું આજનોજ દિવસ થોબશ. અગરજો તું મને આજે મારાં જીગર સાથે તારૂં જીગર જોડવાની કબુલાત આપશે તો ઠીકાઠીક, નહિ તો ચંડાળ રોદ્રીકનો તમામ ભરમ હું ફોડી દઇશ, અને તેનો સઘળો ભેદ હું જાહેરમાં લાવીશ. તને એના સંબંધમાં વિચાર કરવાને બની આવે તેટલાં માટે હું હાલ તુરત પાસેના ઓરડામાં બેસુંછ. તારી બેહનને નામોશિના ગારમાંથી બચાવવાની હોય, તેને જીવતી મારી નાખવા નહિ માંગતી હોય તો મારી માંગણીને શરણ થજે. આ મારો છેલ્લોજ ઠરાવ છે."

આટલું બોલી તે દુઃખી એદેલીનને છોડી ગયો અને પાસેના ઓરડામાં બેઠો. તેના જવા પછી એદેલીને છુટકારાનો દમ ખેંચ્યો. તેણીનું આખું બદન ધ્રુજતું હતું અને તેણીનો ચેહરો ઘણીજ ભયભીત રીતે જર્દ મારી ગયો હતો. હવે શું કરવું તે તેણીને સુજ પડતું હતું નહિ. શું તેણીએ દોરાની નામોશિ અટકાવવા માટે જુલિયનનો હાથ કબુલ કરવો? શું જાણી જોઈ તેણીએ એક કાળા ઝેરી નાગને પોતાનાં અંતઃકરણ સાથે દાબવો? શું એક ઘાતકી વરૂને પોતાની મોહબત સોંપવી? શું એક નજીસ કુતરાનું મોહડું તેણીએ ચાટવું? આ ખ્યાલો કરતાં તેણીને જબરી કંપારી છુટી અને તેણી કમકમવા લાગી, પણ તેજ પળે એક નોકર દાખલ થયો અને બોલ્યો કે ગંગાદાસ તેણીને મળવા માંગતો હતો.

આ વેળાએ તેણીની હાલત એટલી બધી તો બુરી બની હતી કે કોઇનીબી મુલાકાત લેવા માટે તે તૈયાર હતી નહિ. પણ ગંગાદાસને પોતાની પાસે આવેલો જોઇ તેણીનાં જીગરમાં જુદાજ ખ્યાલે ઘર કીધું. એ હિન્દી નોકરનાં નામની તેણીને એટલી બધી તો સુગ હતી કે તેના ઓળાનેબી અડકવા તે સદગુણી બાનુ કમકમતી હતી. તે નોકરે તેણીના વાહલા આશક સામે કોર્ટમાં જે ખોટી જુબાની આપી હતી તે તે ભુલી હતી નહિ. તેનો તે વેળાનો કઠોર અવાજ હજી પણ તેણીના કાને અથડતો રહ્યો હતો. તે સારી પેઠે જાણતી હતી કે કોઇ બદમાશ યા બદમાશોની ઉશ્કેરણીથી તેણે નીલ લાયન સામે ખોટી જુબાની આપી હતી

અને તેજ જુબાનીનો આધાર પકડી જડજ અને જુરીએ લાયનને ગુનેહગાર ઠેરવ્યો હોય તો તેમાં કશી અજાયબી હતી નહિ. આ બનાવ પછી એદેલીન ગંગાદાસનો ચેહરો જોવાને પણ બીહતી ધ્રુજતી રહી હતી. પણ તે બાનુ પોતાના આશકને એવાં તો અખુટ વાહલથી ચાહતી હતી કે જે શેતાને તેની આખી જીંદગીનું નખોદ વાલ્યું હતું તેજ શેતાન સાથે પોતાના ઓરડામાં એકલી પડવાને વટીક અચકાઈ નહિ, કે ધભરાઇ નહિ, કેમકે તેણીને હજી પણ આશા હતી કે કોઇ એવો અદ્ભુત બનાવ બનવા પામશે કે જેથી નીલ લાયન બેગુનાહ સાબેત થઇ કેદખાનામાંથી છુટો થવા પામશે. જયારે તેણીએ જાણ્યું કે ગંગાદાસ તેણીને મળવા માંગતો હતો ત્યારે તેણીની ઉપલી આશા મોટાં જોશ સાથે તેણીનાં જીગરમાં પાછી સજીવન થઇ, અને જાણે તે હિન્દી નોકર ખોટી જુબાની આપવાનાં પોતાનાં આગલાં પાપોનો પશ્ચાતાપ કરવા અને લાયનને નિર્દોષ તરીકે જાહેર કરવા તેણીની આગળ આવ્યો હોય એમ તેણીએ માની લીધું. આથી તેણીએ તેને પોતાની પાસે મોકલવાન નોકરને હુકમ કીધો.

તેણે દાખલ થતાં પોતાના દેશની રીત મુજબ એદેલીનને વાંકો વળીને સલામ કીધી. આ પછી તે એદેલીનને માથાંથી પગ સુધી એવી તો બારિક નજરે ટીકવા લાગ્યો કે તે ભલી બાનુબી શરમાઇ ગઇ.

"બાનુ! હું તમારી પાસે મારા શેઠ તરફથી આવ્યો નથી, મારા શેઠ તરફથી સંદેસો લાવ્યો નથી. હું તો મારી પોતાની મરજીથી અહિં આવ્યોછ. મેં એક એવી તો અગત્યની શોધ કીધીછ કે તે તમોને જાહેર કરવા વિના મારૂં પેટ ફુલી આવ્યુંછ, ફુલવાથી તે ઝુલી આવ્યુંછ. બખ્તાવર બાનુ! નસીબની યાવર બાનુ! હાલમાં આખાં ઓલ્ડકેસલમાં તમારા પ્યારા નીલ લાયન સામે સજ્જડ દગો ફટકો ચાલી રહ્યોછ. તેઓ તેને તમારા વાહલા બાપનો ઝનુની ખુની ભલેને ઠરાવવા માંગે, પણ બંદો ગંગાદાસ કાંઇ તે સાંખે?"

ગંગાદાસે બાડી નજરે પોતાની સામે ડગાયલી ઉભેલી એદેલીન તરફ જોયું પણ તેણીને સુની સાવજ જેવી ઉભેલી જોઈ તે બદમાશે આગલ ચલાવ્યું:—

"બાનુ! હું શું જાણું કે લાયનની જીંદગી આટલી બધી જોખમમાં છે? તેના દુશમનોએ તેની આસપાસ એવું તો જાળું વણ્યુંછ કે તે જાળાંમાં લાયન ફસી પડે તો તેના શત્રુઓ હસી પડે. વળી કરનલ રેનનો રેશમી રૂમાલ મીસીસ લાયનનાં મોત પછી તેણીની કબાટનાં છુપાં ખાનાંમાંથી હાથ લાગોછ. એ ઉપરાંત બીજી એટલી બધી તો જુબાની તૈયાર છે કે લાયનને સુળીજ સજાવાર છે. બાનુ! જયારે બીજાઓ લાયનને જબરીથી ગુનેહગાર ઠરાવવા માંગે તો એ પાપ બંદો ગંગાદાસ કેમ સાંખે? અરે! ફકત એકજ ચીજ જો બંદાને હાથ લાગે તો બંદો એવી નેમ ટાંકે કે લાયનના દુશમનો દુમમાં પુછડી દાબી ભાગે."

આટલું બોલી ગંગાદાસ, જાણે કેવોક વાઘ માર્યો હોય તેમ એદેલીનના દરજ્જાનો ખ્યાલ કરવા વિના મોટે મોટે હસવા લાગ્યો પણ તે સદ્દગુણની રાણી તેના કઠોર હસવાથી કમકમવા વગર રહી નહિ. તે બિલકુલ બોલી શકી નહિ. આથી ગંગાદાસે આગલ ચલાવ્યું:—

"બાનુ! એકજ ચીજ જો મારા હાથમાં આવે તો હું એક તાલ જમાવું, દુશમનો માટે જાળ બિછાવું અને લાયનને બિલકુલ નિર્દોષ સાબેત કરાઉં! પણ અફસોસ! કે બંદો જે એક ચીજથી દુર છે, તેનીજ બંદા ગંગાદાસને જરૂર છે.

જે વેળાએ તે ચંડાળ ખુનીએ કારે-જખુન કીધું, કરનલ રેનનું ખુન કીધું, તે વખતે તે ચીજ ગુમ થઇ હતી, બાનુ!"

"અને તે ચીજનું નામ, ગંગાદાસ?"

"એક બેકિમતી પોખરાજ."

"બેકિમતી પોખરાજ!" પોખરાજનું નામ સાંભળતાંજ એદેલીન ચમકી બોલી, "અરે! શું તે પોખરાજથી એટલું બધું કામ સરશે કે મારા વાહલા પેદરનું ખુન કરવાના આરોપથી મારો નીલ બેગુનાહ ઠરશે?"

એદેલીનનાં બોલવા ઉપરથી લુચ્ચો ગંગાદાસ ચેતી ગયો કે તેણે ગુમાવેલું પોખરાજ તેણીનેજ હાથ લાગ્યું હતું. આથી ઉપજેલી ખુશાલીને લીધે તેનું જીગર ઉછાળા મારી રહ્યું હતું. તેને પેહેલેથીજ શક ગયો હતો કે તેણે દેન્સબરી એબીની પાસેનાં ખંડિયરમાં ગુમાવેલું પોખરાજ એદેલીનનાજ કબજામાં હોવું જોઇએ અને નિકળ્યું પણ તેમજ. તે તેણીના ચેનચાળાથી પામી ગયો કે તે માટે હવે મુદ્દલ શક રહ્યો હતો નહિ. હવે ત્યારે તેને માટે એકજ ચીજ બાકી હતી, જે તે કિમતી પોખરાજને એદેલીનના હાથમાંથી ગમે તેમ કરીને પોતાને હાથ કરવાની હતી.

આ તે તેજ પોખરાજ હતું કે જે ખંડિયરમાં કરનલ રેનનાં ખુનની રાતે તેણે ગુમાવ્યું હતું, અને જેની ગમે તેટલી શોધ કરવા છતાં તેને મલી શકયું હતું નહિ. આથી તે બદમાશ હોશ કોસ વિનાનો થઇ ગયો હતો. આ પોખરાજ તે શ્રીનગરનાં હિન્દુ મંદિરમાંથી ચોરી લાવ્યો હતો અને ત્યાંથી નાહસી મુંબઇથી ઉપડેલી એક સ્ટીમરના કામદાર તરીકે લંડન ગયો હતો, જયાંથી તે ઓલ્દકેસલ ખાતે જુલિયનના નોકર તરીકે ઠર પડવા પામ્યો હતો.

આ પોખરાજની ખુબી ગંગાદાસ એવી માનતો હતો કે જયાંસુધી તેની પાસે તે મોજુદ હતું, ત્યાંસુધી તે કોઇબી આફતથી બચેલો હતો. વળી તે તેની પાસે એક મોટી જેવી દોલત સમાન હતું, કેમકે તે બહુજ કિમતી હતું. જયારથી તે જવાહિર તેના હાથમાંથી ગુમાઇ ગયું હતું, ત્યારથી તે એમજ માનતો હતો કે તેની આસપાસ આફતની રેલ ફરી વળતી હતી. આથી તે બહુજ ઘભરાઈ ગયો હતો અને ગમે તેટલી શોધ કરવા છતાં તેનો પત્તો નહિ મળી શકવાથી તે બહુજ નાઉમેદ થઇ ગયો હતો, પણ જયારે તેણે જોયું કે તે પોખરાજનો પત્તો મલ્યો હતો ત્યારે તેની ખુશાલીની હદ રહી નહિ. તેની આંખો ખુશાલીની મારી તે પોખરાજ કરતાં પણ વધુ ચળકતી હતી.

"બાનુ! કરનલ રેનનો ખુની કોણ છે તે હું જાણુંછ. હું એબી જાણુંછ કે દેન્સબરી એબીની પાસેનાં ખંડિયરમાં તેણે ખુન કરતી વખતે પોતાનું પોખરાજ ગુમાવ્યું હતું. તે ખુનીએ તે પોખરાજની એટલાં માટે શોધ ખોળ કરવાનું ચાલુ રાખ્યું હતું કે રખેને તે કોઇને હાથ જવાથી તેનું પાપી કર્મ પકડાઇ આવે. બાનુ! અગરજો તમારા બાપના તે ચંડાળ ખુનીને તમો ઉઘાડોજ પાડવા માંગતાં હોવો તો તે પોખરાજનો કોઇબી જોખમે પત્તો મેળવો ને પછી જુઓ કે તે ખુનીને કેવો ઉઘાડો પાડુંછ. આ પછી રોજર દીપીંગનો ખુની કોણ છે તે હું તેજ પોખરાજની મદદથી શોધી કાહડી તમારા નીલ લાયનને નિર્દોષ ઠેરવશ."

હમણાં સુધી ભોળી એદેલીન ગંગાદાસને સાંભળતી ચુપ ઉભી હતી પણ તેના છેલ્લા વાકયથી તે ઉસ્કેરાઇ બોલી:—

"અરે! નીલ લાયનને ખુની તરીકેની કોર્ટમાં સાક્ષી આપનાર તો તુંજ હતો. તેંજ ખુલ્લો એકરાર કર્યો હતો કે તારી આંખોએ મરનારનાં માથાં ઉપર ફટકાઓ મારતો નીલ લાયનને તેં જોયો હતો."

"હા, તે વેળાએ મેં એકરાર કીધો હતો એ ખરી વાત છે, પણ આ વેળાએ હું કહુંછું કે મેં તેવો દેખાવ મુદ્દલ જોયોજ હતો નહિ. બાનુ! હું શું જાણું કે લાયનના દુશમનોએ મને ઠગ્યો હતો? મને તેઓએ ઠગ્યો, મેં કોર્ટને ઠગી, મેં સારી દુનિયાને ઠગી. બાનુ! મારી ઉપર તમે રીસે ભરાતાં ના, કેમકે મારૂં જીગર કીનાથી ભરેલું છે, આફતોથી સડેલું છે."

ગંગાદાસના આવાં ભેદભર્યાં વચનોથી એડેલીને ઘણીજ બારીકીથી તેના ચેહરા તરફ જોયું કે તે જાણી શકે કે ગંગાદાસના આ પ્રમાણે બોલવાની મતલબ શી હતી? પણ પોતાની ગમે તેટલી બાહોશી છતાં એડેલીન તેના ચેહરાની પોથી ઉપરથી કશું વાંચી શકી નહિ. તે બાનુ એટલુંજ સમજી શકી કે ગંગાદાસ જે કાંઇ કેહતો હતો તે બિલકુલ સાચ્ચુંજ હતું. તે મહિનાઓ થયાં ઓલ્ડકેસલ ખાતે વસ્તો હતો, પણ નીલ લાયન સામે ખોટી જુબાની આપવા સિવાય તેની વિરૂદ્ધ તે ભલી સુંદરીએ બીજું કશું બુરૂં સમજયું હતું નહિ. આથી તેણીને પણ સાચ્ચો એકરાર કરવા વિના ચાલ્યુંજ નહિ. તે પોતાની છાતીમાં કાંઇ અજબ જેવી ઉમેદ સાથે બોલી ઉઠી:—

"ગંગાદાસ! ખંડિયરના જે ભાગમાં મારા મરહુમ ભલા બાપની લાસ પડેલી હતી, તેજ ઠેકાણેથી એક મોટું પોખરાજ મને હાથ લાગ્યુંછ ખરૂં, અને હું મોટાં દુ:ખ સાથે માનુંછ કે એજ તે જવાહિર હશે જે મારા બાપના કમબખ્ત ખુંનીએ ગુમાવ્યું હશે."

"બરાબર, તમારા બાપે પોતાનો જાન ગુમાવ્યો અને તે કિમતી જાન લેનારે પોતાનું કિમતી પોખરાજ ગુમાવ્યું." આટલું બોલી તેણે પોતાના બંને હાથો લાંબા કરી કાલાવાલાની ઢબે કહ્યું, "લાવો! તે પોખરાજ મને બતાવો! હું જોઇને તમોને કહું કે તે તેજ છે કે કોઇ બીજું! ઓ! તે તેજ હોય તો લાયન બચ્યો, નહિ તો જાણો કે તે ફસ્યો, ફાંસીએ લટકયો."

"અરે! પણ તે તું કેમ પિછાની શકશે? તે પોખરાજ કાંઇ તારૂં નથી. તેં કાંઈ તે જોયું નહિ હશે, કેમકે તું કાંઈ મારા બાપનો ખુની નથી."

એડેલીનના આ સવાલથી ગંગાદાસ સેહજ પણ ધભરાવા વિના બોલ્યો, "જેનું તે પોખરાજ છે, તેણે મને તેની દરેક નિશાન આપીછ."

"ઠીક છે, ત્યારે તો હું તે લાઉછ. હું હમણાં આવી." આટલું બોલી ગંગાદાસને ખુશીથી છળાછળ ઉભાતી છાતી સાથે ત્યાંજ ઉભો રહેવા દઇ તે ભોળી બાનુ તે ઓરડો છોડી ગઇ.

તેણીને પાછી ફરતાં દશ મિનિટ થઇ, પણ તેટલો ટુંક વખત પણ ગંગાદાસને એક જમાના જેટલો લાંબો લાગ્યો. એડેલીન પોખરાજ લઇને પાછી ફરી કે તરતજ ગંગાદાસે પોતાના બંને હાથો લાંબા કીધા અને જાણે તે ઓચ તેણીના હાથમાંથી તે ઝુંટવી લેવા માંગતો હોય તેમ તેના ચેનચાળા ઉપરથી માલમ પડતું હતું.

"કેવું કિમતી પોખરાજ છે!" એડેલીને પોતાની આંખો તે પોખરાજ તરફ ફેરવી રાખી કહ્યું, "હું તો નહિ ધારતી કે આવું બેમુલું નંગ ઓલ્ડકેસલના કોઇ રેહવાશીનું હોય!"

"અરે! પણ ઇશ્વરને ખાતર, મને એ ગૌહર પાછું આપો! બાનુ, એ તમારી પાસે રાખવાનો તમોને મુદ્દલ હક નથી. આપો! બાનુ આપી દેવો! નહિ તો મારા શ્રાપો તમારી ઉપર પડશે."

પણ હજી તો એદેલીન તેનો બકબકારો સાંભળવા વિના પેલું પોખરાજ જોઇ રહી હતી તેટલામાં તેણે વાઘની માફક છળાંગ મારી તે તેણીના હાથમાંથી ઝુટવી લીધું અને તે પોતાનાં ખીસાંમાં સેરવી દઇ દિવાનાની પેઠે ધુમ હસતો ઉભો. તેની આવી બેઅદબ ચાલથી એદેલીનને બહુજ ગુસ્સો ઉપજ્યો. તે ગુસ્સાથી આંખોનાં ભવાં ચહડાવી બોલી, "એ પોખરાજ મારા હાથમાંથી છિનવી લેવાનો તને મુદ્દલ હક હતો નહિ. હું તને સાફ હુકમ કરૂંછ કે એ બેકિમતી નંગ તારે મને અબઘડીએ પાછું આપવું! નહિ તો મારા નોકરને બોલાવી તારી પાસેથી તે જબરીથી લેવશ."

ગંગાદાસે પણ તેટલાજ ગુસ્સાથી ભવાંનો ચીલ્લો ચહડાવી જવાબ દીધો, "કદી નહિ. તું એકબારગી ગંગાદાસનો જાન લઈ શકશે પણ પાછું હાથ લાગેલું આ પોખરાજ તું મારી પાસેથી લઇ શકશે નહિ. એની ઉપર કોઇનો હક નથી. કેમકે એ મારૂં પોતાનું છે. મેં તને એવી ભમાવી કે ગુમ થયલી મારી બેકિમતી ચીજ એક વાર ફરીથી મારે હાથ આવી."

એદેલીન તો બસ ઠસજ થઇ ગઇ, ગંગાદાસના ડોલાના દાબથી બસ ડંગજ થઇ ગઇ. તેણીએ હવેજ જાણ્યું કે તેની સામે ઉભેલા હિન્દી નોકરમાં કેટલાં બધાં ફેલ હતાં. શું આવા ચંડાળની સામે એકલી ઉભી રહેવામાં તે બાનુ ભયમાં નહિ હતી? તેણીની નજર હવેજ તે ઓરડાના દરવાજા તરફ ગઈ. તેણીએ ભારે હેબતથી ચોંકીને જોયું કે દરવાજો અંદરથી બંધ કીધો હતો કે બાહરનું કોઈ અંદર દાખલ થવા પામે નહિ. આ બનાવથી તે નબળી નાર બહુજ ઘભરાઇ ગઇ અને આવા એક હલકા બદમાશ નોકરને પોતાની સામે આવવાની રજા આપવાથી બહુજ પસ્તાઇ, તોપણ તે હિમ્મત રાખી બોલી:—

"જ્યારે એ પોખરાજ તારૂંજ છે તો ખુનીબી તુંજ છે."

એદેલીન આ વાકય એવા તો ઠસ્સામાં બોલી હતી કે કોઇ બીજો હોત તો તેના હોશ કોસ ઉડી જાત, પણ ગંગાદાસના બાબમાં તો પથ્થર ઉપર પાણી જેવું હતું. તે ઘભરાઈ જવાને બદલે ઓર એદેલીનના ચેહરા તરફ જોઇ બેમલાહજે ખડખડ હસી પડયો. એદેલીનના ગુસ્સાનો પાર હતો નહિ, પણ તે કરી શું શકે? તે બાનુ ગંગાદાસની આવી ભેદભરેલી ચાલથી લાચાર બની ગઇ હતી.

ગંગાદાસ અંતે જેમ તેમ પોતાનું હસવું દાબી બોલ્યો, "સાહેબે હશમત બાનુ! હું શું જાણું કે તમે એટલાં બધાં નાદાન છો કે તમારા બાપના ખુનીનાં નામથીબી અંજાણ છો? બાનુ! તે ખુની તમારો નીલ સંગદિલ છે, જેને તમોએ તમારૂં દિલ દીધુંછ. આ પોખરાજ તેનીજ પાસેથી ખુન કરતી વેળા પડી ગયું હતું. બાનુ! એ પોખરાજ તે બદમાશનાં બુરાં કર્મની નિશાની છે, જીવતી જામીનગીરી છે. મારી પાસે સાબેતી છે, તે શું થોડી છે? હું સારી જેહાનને જાહેર કરશ કે એદેલીને પોતાના બાપના ખુનીને પોતાનું દિલ દીધુંછ! સાંભળ એદેલીન! કે આ પળે જરાબી બુમ મારવાની કોશેશ કીધીછ તો આજ પળે મારાં આ ખંજરથી તારી જીંદગીનો અંત લાવશ. તારી જબાન બંધ રહેશે તો નીલ લાયન કરનલ રેનનો ખુની છે, એમ જાહેર કરવાથીબી મારી જબાન બંધ રહેશે. તેના શત્રુઓ સદા અંધ રહેશે."

તેની આ ધમકીની અસર એદેલીનના ચેહરા ઉપર કેવી થવા પામે છે તે જોવાને ગંગાદાસ ચુપ ઉભો. એદેલીન એક બોલ પણ બોલવા વિના પાસેની બેઠક ઉપર નિસોસ થઇ ફસડાઈ પડી જેનો લાભ લઇ બદમાશ ગંગાદાસ તે ઓરડો છોડી ગયો.

તેના જવા પછી, ખરૂં બોલ્યે તો પેલાં કિમતી પોખરાજ સાથે તેના નાહસી જવા પછી એદેલીન રેન ફિક્કી, ધ્રુજતી અને નાઉમેદ બની પોતાની બેઠક ઉપર બેસીજ રહી. તેણીની હાલત ખરેખર દયા કરવા સમાનજ હતી. તે બાનુ બિલકુલ કુમલાઈ ગઇ હતી, ઘભરાઇ ગઈ હતી. એક તરફથી જુલિયન અને બીજી તરફથી ગંગાદાસની આજની સતાવણીથી તે છેકજ આજેઝ બની ગઇ હતી પણ એટલામાં છતે પૈસે દુખી બનેલી તે બાનુને માટે બીજી સતાવણી મોજુદ હતી. તેણીએ પોતાની મોટી નાઉમેદી વચે જોયું કે દોરા તેણીની આગળજ આવતી હતી. દોરાએ નજદીક આવતાં જોઇ લીધું કે તેણીની નાની બેહેનની હાલત આજે બુરી બની હતી, જેનો સબબ તે દુખી બાનુ સમજી શકી નહિ.

"એદેલીન! તું આટલો બધો વખત સુધી પેલા હિન્દી નોકર ગંગાદાસ સાથે શું કરતી હતી? એવું તે શું અગત્યનું તે કેહતો હતો? તેને તારી આગળ કોણે મોકલ્યો હતો? પણ હું એમ પુછું કે એ કમાનમાંથી છુટેલા તીરની માફક અંહિથી નાહસી કાંય ગયો?"

પણ આ સામટા સવાલોના જવાબો એદેલીન આપે કે નહિ તે આગમચ દોરા પોતાની નાની બેહેનની વધુ નજદીક આવી ઉભી અને તેણીના ચેહરા તરફ ટગર ટગર જોઇ ઘણાજ ડરામણા સાદે બોલી, "એદેલીન! સાવધ થા! કેમકે જુલિયન સાથની તારી વાતચીતનો બોલેબોલ મેં મોટાં દુખ સાથે સાંભળ્યોછ બેહેન! તું મારાં કિસમતની બાજીથી તો લાજીછ. બોલ! બેહેન બોલ! તારી કમબખ્ત બેહેન આગલ તારો ભરમ ખોલ કે તું જુલિયનને આજે શું જવાબ આપવાની છે? જુલિયન જવાબ મેળવવા માટે મકાનમાં ખોટી છે. બોલ! બેહેન બોલ! કે શું આ આફત મારી ઉપર થોડી છે? મારા જેવી કમબખ્તની આ જેહાનમાં શું એક પણ જોડી છે? બેહેન! હાલમાં એવો માહ બુરો સંજોગ બન્યોછ કે મારે ખાતર તારો ભોગ જુલિયનના પ્યારને આપવોજ પડશે!"

"ઓ! નહિ! નહિ! દોરા! તું દીવાની બનીછ. હું તે માહ બુરાનાં જીગર સાથે મારૂં જીગર કેમ જોડી શકું? લાયનને ચાહવાનો મારો એકરાર કેમ તોડી શકું?" એદેલીન છેકજ લાઇલાજ થઇ બોલી.

તેણીના આવા સખુનોથી દોરા—કમબખ્ત દોરા—એક ધીમી ચીચીઆરી સમેત નજદીકના સોફા ઉપર બેસી ગઈ અને માથાંને જમણા હાથનો ટેકો આપી પોતાની આંખોમાંથી આસું ટપકાવવા લાગી.

લગભગ પા કલાક સુધી આ ચુપકીદી ચાલુ રહી, જે અરસામાં બંને બેહેનો પોતપોતાના ખ્યાલોમાં મસ્ત બની ગઇ હતી.

આ એક અભ્યાસ કરવા જોગ ચિત્ર હતું. બંને બેહેનો બિલકુલ નિર્દોષ છતાં, બંને સદગુણનો ભંડાર છતાં, ખુદા તરફની ફરજમાં એક પગે ખડાં રહેવા છતાં તેઓ આ પાપી જેહાનની સતાવણીથી કેટલી બધી હદ સુધી લાઇલાજ બની ગયાં હતાં! આ તો આ જેહાનનો રવૈયોજ છે. દુઃખ તો કુદરતની એક સોટી છે, પારખ કરવાની એક કસોટી છે.

બેહેનને ખાતર પ્યારનો ભોગ.

"એદેલીન!" દોરા પોતાની નાની બેહેન આગલ ધુંટણીએ પડી તેણીના જભાનો એક છેડો પોતાના હાથમાં લઇ બોલી, "એદેલીન! મારી અરજ છે કે તું જુલિયનને તારો ખાવિન્દ બનાવ! મારે ખાતર નહિ તો મારી વાહલી એકપુરી બેટી ખાતર તું જુલિયનનો હાથ કબુલ કર! મારો દેન લેરેબી તો એમજ જાણેછ કે રોદ્રીક મેથ્યુ બારલોક તરીકે બળી મુવોછ. તે એમજ માનેછ કે અમારાં લગ્ન બિલકુલ હકદાર છે."

"પણ દોરા! તે દિવસે લંડનની કોર્ટમાં જુઠું બોલી જે અજીમ પાપ તેં કીધુંછ તેની નામોશી બેહેન હું કેમ ભુલશ?" એદેલીન ખરાં જીગરથી નિસોસ થઇ બોલી.

"અરે! મારાં તે પાપની યાદ મારૂં જીગર ચાકચાક કરેછ! બેહેન! તે મારૂં એકલું એક પાપ મારી જીંદગીનાં તમામ સુખોને ખાક કરેછ! એદેલીન! હું તે માટે પશ્ચાતાપ કરૂંછ! તોબાહ કરૂંછ! મારી આખી જીંદગીના તે અભાગ્યા દિવસે જુઠું બોલવા સિવાય હું કદી પણ જાણી જોઈ જુઠું બોલી નથી, સાચાં સિવાય મારી જુબાન ખોલી નથી. મને કેહ, બેહેન મને કેહ કે તું શું મારા ખાવિન્દ આગલ ખરી બીના પ્રગટ કરી દેવા માંગેછ? એવી નાદાની કરી શું તું તે બીચારાનું જીગર તોડવા માંગેછ? એદેલીન! મારી વાહલી બેહેન એદેલીન! ખ્યાલ કર, મારા હાલ ઉપર દયા કર કે તું તારો હાથ જુલિયનના હાથમાં નહિ આપશે તો તે રોદ્રીકને લગતો તમામ ભેદ ભરમ જાહેરમાં લાવશે, અને પછી અરે! મારૂં શું થશે? મારા દેનનું શું થશે? મારી બેટીના શા હાલ બનશે? રોદ્રીક મારો આગલો ખાવિન્દ, એક ખોટી સહી કરનારો, ઠગારો, પોતાના ભાઇ ઉપર હુમલો કરનારો અને ખુનની તજવીજ કરનારો! અરે! તેનું આ પાપ હું કેમ સાંખી શકું? દેન લેરેબીને દુર કરી એવા બદમાશ સાથે મારૂં જીગર કેમ સાંધી શકું? એદેલીન! મને બચાવ! ખુદા ખાતર મને બચાવ!" આટલું બોલતાં તે દુઃખી બાનુ ફોકેફોક રડી પડી. એદેલીનની આંખોમાં પણ આંસુ હતાં. બંને બેહેનો પોત પોતાનાં દુઃખમાં ગિરફતાર બની બેઠી હતી, એટલાંમાં દોરાની એકપુરી બેટી દોડતી દોડતી આવી પોતાની માને વળગી પડી બોલી, "ઓ! માયજી! માયજી! તમે કયાં હતાં? હું તમોને કયારની સોધ્યા કરૂંછ."

દોરા તે નિર્દોષ બાળકને પેટમાં દાબી તેણીને દેખાડી બોલી, "એદેલીન! મારાં આ લાડકવાયાં ફરજંદ ઉપર શા માટે નામોશીનો કાળો કલંક લાગવા દેછ? તું તારાં વાહલાંઓ તરફ ધાતકી ના બન! જો કાંઇબી સમજ. તું આજે મારા મુવા પેદર અને માવતરની જગા રાખ, ને જુલિયનને તારા ખાવિન્દ તરીકે તારાં જીગરમાં જગા આપ."

હવેજ એદેલીનને ભાન આવ્યું કે તેની વડી બેહેન તેની આગલ ધુંટણીએ પડી રહી હતી. તેણીએ ધુજતા હાથે પોતાની કમબખ્ત બેહેનને ઉઠવાની ઈશારત કીધી પણ દોરા ઉઠી નહિ.

"બેહેન! જયાંસુધી તું જુલિયનને પરણવાની કબુલાત આપશે નહિ ત્યાંસુધી હું આ જગ્યેથી ઉઠવાની નથી," દોરાએ મક્કમ ઠરાવથી જવાબ દીધો.

પોતાની બેહેનનો આ ઠરાવ સાંભળી એદેલીન પથરનાં પુતલાંની માફક ફીક્કી ફચ પડી ગઇ. તેણીની ચળકતી આંખોમાંનો ચળકાટ દુર થયો હતો. તેણીનાં શરીરના એકેએક અવ્યવો જાણે સીકડાઈ ગયા હતા, બંધાઇ ગયા હતા.

તે નજદીક અરધો કલાક સુધી પોતાના ખ્યાલમાં ચકચુર બની બેઠી અને તે પછી જાણે એકજ ઠરાવ ઉપર આવી ગઇ હોય તેમ મક્કમપણે બોલીઃ—

"દોરા! હું કબુલ છું. જા! તેને કેહકે તું જાણેછ કે હું તને ગમે તેટલું કરવા છતાં ચાહી શકતી નથી તોપણ તું મને જબરદસ્તીથી તારો હાથજ આપ-વા માંગેછ તો હું તે લેવાને કબુલ છેઉં, પણ તે માત્ર એકજ શરતે." આટલું બોલી તેણીએ પોતાનું માથું નીચું નાખી દીધું. આ વેળાએ તેણીની હાલત એટલી બધી તો દયા ઉપજાવવા જોગ હતી કે દોરાને પણ ઘણુંજ લાગી આવવાથી તે રડમસ જેવી ઘુંટણીએ પડેલી ઉઠી પોતાની વાહલી બેહેનને વળગી પડી બોલી, "શું છે બેહેન? શું તું કાંઈ બીમાર છે? અરે! એદેલીન! શું બંધવા લાયનને છોડી જુલિયનને તારો ખાવિન્દ બનાવતાં તને તારાં અંતઃકરણ સાથે આટલી બધી લડત ચલાવવી પડેછ? ત્યારે મારી વાહલી બેહેન! ઉતાવલી ના થા! એક પળ થોભ અને વિચાર કર! તારી જવાન જીંદગીના તાજા બાગનો ભોગ આપતાં સો વાર વિચાર કર! મારે ખાતર તારાં સદાનાં સુખનું સત્યાનાશ ના વાળ!" પોતાની બેહનને છેકજ નાઉમેદ બનેલી જોઇ દોરા દયાથી બોલી.

"નહિ! મારાં વાહલાંઓનાં સુખને માટે કોઇબી જાતનો ભોગ આપવામાં હું કશું ખોટું જોતી નથી. હું હમણાંજ જુલિયનને પાછો બોલાવી મારો છેવટનો એકરાર તેને કહી સંભળાવુંછ, નહિ તોં હવે પછી મારૂં જીગર ભાંગી જશે તો—"

તેણી આગળ બોલી શકી નહિ. આગળ બોલવાનો તેણીનો જીવજ ચાલી શકયો નહિ, કેમકે તે ભલી બાનુ પોતાની વડી બેહેનને હવે વધુ વાર નાઉમેદ કરવા માંગતી હતી નહિ. આથી તરતજ તેણીએ ઘંટ વગાડયો અને તેના જવા-બમાં આપણો પુરાણો નોકર સ્પ્રેગ દાખલ થયો.

"પાસેના ઓરડામાં લોર્ડ ઓલ્દકેસલ જુલિયન બેઠો છે, તેને કેહે કે હું તને તુરત મલવા માંગુંછ."

નોકર ગયો. આ પછી તે પોતાની જગોએથી ઉઠી તો ખરી, પણ તેણીને લાગ્યું કે તે બેભાન બની જમીનદોસ્ત થવાની અણી ઉપર હતી. આથી તેણીએ પોતાની બેહેનનો હાથ ઘણોજ મજબુતાઇથી પકડી લીધો. દોરાએ પોતાની પ્યારી બેહેનની આ બુરી હાલત જોઇ લીધી.

"બેહેન! હું કહુંછ કે આ તારી નાદાની છે. મુરઝાઇની નિશાની છે. જીવ ઉપર જબરી કરવી એ જુલ્મે નારવા છે. તું બેહેનને દુઃખી જોવા કરતાં હું નામો-શીમાં મરવા હજાર વાર તૈયાર છું. તને સદા હસતી રમતી જોવાને ઇંતેજાર છું."

"બેહેન ગમે તે હોય, પણ નામોશી કરતાં દુઃખને હજાર વાર ભલાઇ છે. નસીબવંત તે જે દુઃખમાં મરે, પણ કમબખ્ત તે જે નામોશીપર પોતાની જીંદગી આખર કરે! હું તને નામોશીમાં મરતી જોઉં તે કરતાં બેહતર કે તું મને દુઃખમાં મરેલી જોય! હું અગરજો જુલિયનને મારો હાથ નહિ આપું તો તને નામોશી અને ગમમાં મરવું પડે પણ હું જો મારો હાથ તેને આપુંછ તો મને તો ફકત ગમમાંજ રીબવું પડે, જે તારી નામોશી કરતાં હજાર વાર બેહતર છે. નામોશી ખમવા કરતાં દલગીરી ખમવી સેહલ છે."

"પણ બેહેન, એ મુસીબત તું કેમ ઉઠાવશે?"

"ધીરજ મારો રાહબર થશે."

"એમ તો તારી હાલતમાં મોટો તફાવત પડી જશે!"

"એમાં શો શક છે? કોઈ વાર જે પગો મખમલી બીછાના ઉપર પડેલા રહેછ, તેજ પગોને વખત આવવે કાંટાવાલી જગો ઉપર ચાલવું પડેછ. સઘળો વખત યકસાન રહેતો નથી, બેહેન!"

"પણ બેહેન એદેલીન! તું પોતાને બાળી જળાવી મને આ જીંદગીની લેહેજત બક્ષે એ તે કેવી અજાયબી?"

"દોરા! એમાં તે શું મોટું અજબ થવાનું છે? એ તો દુનિયાનો રવૈયોજ છે. એક નાચીજ કવાબખી પોતાને ધગધગતા અંગાર ઉપર જળાવી ઇનસાનને લેહેજત આપેછ."

"આજે તારામાં સંતોષ છે, પણ કાલે તે ઉડી જશે તો તારી હાલત ભાગેલાં બારકસ જેવી થઇ પડશે."

"સઘળાને આજનીજ ફિકર છે, કાલની ખબર કોણને છે? જુલિયનને એક શરતે મારો ખાવિન્દ બનાવી આ દુનિયા ઉપરથી હાથ ઉઠાવી મારી તમામ દોલત તને સપુરદ કરશ અને પછી મારા પેદા કરનાર સાહેબની રૂબરૂ મારૂં સર ધરશ."

"તારી દોલત મારે હાથ? એ તે કેમ બને બેહેન?" દોરા ઘણીજ અજબ થઇ બોલી.

એદેલીન હસી પડી બોલી, "એમાં શું મોટું અજબ થવાનું છે? એ તો આ ફરતી દુનિયાની ચાલજ છે, કે આજે મારી પાસે, કાલે તારી પાસે, ત્રીજે દિને ત્રીજાનોજ તે માલ થશે બેહેન! આ દુનિયામાં માલો મિલકતનો એજ હાલ રહેશે. આપણા પેદરની દોલત મારી પાસે આવી તેમ મારી દોલત તારી પાસે આવે તેમાં શું કાંઈ શક છે?"

દોરા પોતાની બેહેનને કાંઇ વધારે મનાવા જતી હતી તેટલામાં જુલિયન હસતે ચેહેરે દાખલ થયો, જેને જોતાંજ એદેલીન જાણે કાળા સર્પે ડંખ માર્યો હોય તેમ કમકમી ચોંકી તેને ટગર ટગર જોવા લાગી.

એદેલીન પોતાનો ભોગ આપવા કબુલે છે.

જુલિયને એક પણ બોલ બોલવા વિના પોતાની જગા લીધી. તે ઘડીકમાં એદેલીનને અને ઘડીકમાં દોરાને ટીકતો બેઠો હતો. એદેલીન તેણીને એ પ્રમાણે પોતાની સામે બેઠેલો જોઈ શકી નહિ. તે બાનુ તેને પોતાની નજરથી દુર થયલો જોવાને ઘણી ચાહતી હતી. આથી તે ઘણીજ આનાકાની સાથે બોલી ઉઠી:—

"દોરા સઘળું જાણવા પામીછ. રોદ્રીકને લગતો તમામ ભેદ તે જાણેછ. તેણીએ આપણી વચ્ચેની સઘળી વાતચીત ભરાઇને સાંભળીછ, જેથી તેણીએ મને અરજ કીધીછ કે રોદ્રીકને બચાવવાને ખાતર અને તેની બદમાશીની નામોશીની કાળી તીળી મારી એ વાહલી બેહેનને નહિ લાગે તે માટે જુલિયન, હું તને ચાહી શકતી નહિ હોવા છતાં મારે મારો હાથ તને આપવો. મારી બેહેનને અને તેણીની એકપુરી વાહલી બેટીને આ જેહાનની બદનામી અને તાણા ટપલાથી બચા-

વી લેવાને ખાતરજ દોરાની કાકલુદી ભરેલી અરજ કબુલ રાખવાની મને ફરજ પડે છે, અને તેથી તારી સાથે ફકત લગ્નની ક્રિયામાંથી પસાર થવાને હું કબુલું છું." આટલું બોલી તેણીને કાંઇ યાદ આવવાથી એક ઉંડો નિસાસો નાખ્યો અને રડમસ ચેહરે બોલી, "જુલિયન! તું સારી પેઠે જાણેછ કે મેં મારો ખાલેસ પ્યાર બીજાજ નરને અર્પણ કીધો છે. હું નીલને ચાહુંછ, હજીબી ચાહુંછ ને સદા તેનેજ ચાહતી રહીશ, મારાં સાચાં અંતઃકરણનાં પાક મંદીરમાં મારા દમમાં છેલ્લો દમ છે ત્યાં સુધી હું તેનીજ પુંજા કરતી રહીશ. તેની પ્યારભરી મુર્ત્તિ મારાં જીગરમાં એવી તો કોતરાઈ રહી છે કે તે કેમ કરતાં પણ ત્યાંથી ખસવાની નથી. તેનું મિઠું નામ દિવસ કે રાતે, ઉંઘમાં કે જાગતી હાલતમાં, સદા મારા હોઠ ઉપરજ રહેશે, તેની દિલકશ સુરત સદા મારાં જીગરમાંજ ડટાયલી રહેશે." એદેલીનની જીભ ગોયા જુલિયનને માટે એક એવી કાતર હતી કે જે સમશીરથીબી બદતર બુરી હતી. તે તો એદેલીનનાં મોહડાંમાંથી નિકળતા લાયન માટેના પ્યારભર્યા સખુનો સાંભળતો અને તે અસાધારણ મોહબત ધરાવતી નારની અણહદ ખુબસુરતી તરફ ડોલા ફાડી ફાડી જોતો, સુનો સાવજ જેવો બેસી રહ્યો હતો.

એદેલીને તેની કશીબી દરકાર કરવા વિના પોતાના વાહલા નીલ લાયન તરફની મોહબતનો ઉભરો આગલ ચલાવ્યો:—

"જુલિયન! લાયન મારો જાન છે, મારો જાન એની ઉપર કુરબાન છે. હું એને એવી તો અખુટ મોહબતથી ચાહુંછ, કે જેવી મોહબતથી કોઇબી ઓરતે પોતાના ખાવિન્દને ચાહ્યો હશે નહિ. તારી સાથે હું એક શરતે પરણું તે આગમચ મારાં દિલની વાત મારે તારી આંગલ જાહેર કરવીજ જોઇએ."

"એક શરત" ની વાત સાંભળતાંજ જુલિયન ચોંકી બોલ્યો, "એક શરત! એક શરત તે શું? લગ્નના ગાંઠથી જોડાવામાં શરત તે કેવી હોય?" જુલિયન સમજી શકયો નહિ કે વળી ખુબસુરતીની રાણી તેને કાંઇ નવી હાથતાળી આપવા માંગતી હતી કે શું?

"હા! હું એક શરત કરવા માંગુંછ! અને તે શરત વગર હું કદીબી તારી સાથે પરણી શકીશ નહિ," એદેલીને મક્કમ ઠરાવથી જવાબ દીધો.

"પણ તે શરતનું કાંઇ નામ?" જુલિયને ધ્રુજતા સાદે સવાલ કીધો.

"તે શરત એટલીજ છે કે લગ્નની ક્રિયા થવા બાદ દેવળમાંથી બાહેર નિકળવા પછી તારૂં મોહડું મારે જોવું નહિ અને મારૂં મોહડું તારે જોવાની આશા રાખવી નહિ. માત્ર એજ રીતે તું મારી દોલત લઈ શકશે, કે જેથી તને સંતોષ મલવા વિના રહેશે નહિ."

એદેલીનના આ સખુનો બહાર પડતાંજ જુલિયન પોતાની બેઠક ઉપરથી ચોંકી ઉછળી ઉભો અને રીક્રો ફ્રય પડી બોલ્યો, "ઓ મારા ખુદા! હું શું સાંભળું છ? એદેલીન! તું શું બોલેછ, તેનો તને કાંઈ ખ્યાલ છે?"

"મારો એ છેવટનો ઠરાવ છે, અને તે હું મરતાં સુધી અમલમાં મેલશ. હું મારી બેહેનને ખાતર તારો હાથ મારા હાથમાં આપશ, અને મારા વાહલા નીલ લાયન ખાતર તારી સાથનાં લગ્ન પછી તારૂં મોહડું જોવશ નહિ. હું જાણુંછ કે તું જેટલો મારી દોલતને ચાહેછ તેટલો તું મને ચાહતો નથી. મારી તમામ દોલત જીતી શકશે, પણ તું મારી મોહબત કદીબી જીતી શકવાનો નથી. મારૂં જર તારી સાથ આવી શકશે, પણ મારૂં જીગર તારે હાથ કદી આવી શકશે નહિ.

બોલ! તું મને શું જવાબ દેછ? બોલ જુલિયન! આ શરતે તું મારો હાથ લેવા કબુલ છે કે મારી ઉપરથી તારો હાથ ઉઠાવી રોદ્રીકને જીવતદાન બક્ષી દોરાને બચાવી લેશે?"

જુલિયન હસ્યો. પણ તેનું હસવું ખુશાલી કરતાં કીનાનું વધારે હતું. એદેલીન જોકે આ સઘળું સાચ્ચાં અંતઃકરણથી બોલી હતી, તોપણ જુલિયન તેણીનાં બોલવાને બચ્ચાંનો બકબકારો માત્ર સમજતો હતો. તે ફરીથી મોટેથી હસી બોલ્યો:—

"એદેલીન! સંગદિલ, સેતમગર એદેલીન! તું મને નાહક ગેરઇનસાફ કરેછ! તારા જેવો બકબકારો સાચ્ચી જીંદગીમાં કોઇપણ ઓરત કરે નહિ. એવો રૂદન-પાટલો તો નાટકના તખ્તા ઉપરજ શોભે! શું કોઇ પણ ગમે તેવી સદ્ગુણી ઓરત પોતાના ગમે તેટલા પ્યાર છતાં દેશનિકાળની સજા ભોગવતા કેદીને ચાહી પણ શકે? આવી મોહબત ઉપર સમજુઓ તો જરૂર હસશે, ખુદ ખુદરત આફત વરસાવશે?"

એદેલીન મક્કમ ઠરાવથી પોતાની જગો ઉપરથી ઉઠી ઉભી થઇ બોલી, "સમજુઓ મારી ઉપર ગમે તેટલા હસે, ખુદ ખુદર મારી ઉપર આફત વરસાવે, પણ જાણ જુલિયન કે એદેલીન તો પોતાના લાયન ઉપર મોહબત વરસાવશે. બોલ! મને તરસાવ ના! તું શું જવાબ દેછ? મારી દોલત કે મારી મોહબત? મારી મોહબત તું જો માંગતો હોય તો મારી ઉપરથી હાથ ઉઠાવ, દોલત તું જો ચાહતો હોય તો મારો હાથ તૈયાર છે."

જુલિયન વિચારમાં પડયો. તે એદેલીનના સ્વભાવથી પુરેપુરો વાકેફગાર હતો. તે સારી પેઠે જાણતો હતો કે તે એવા તો મક્કમ ઠરાવની બાનુ હતી કે એકબારગી તે પોતાનો જાન તજશે, પણ ઇમાન તજશે નહિ. વળી તેને એદેલીનના હાથ સાથે તેણીની દોલતની મોટી જરૂર હતી. આથી બંને ચીજ ગુમાવવા કરતાં એક ચીજ ગુમાવી બીજી ચીજનો માલેક થવામાં તેણે મોટી દાનાઇ જોઈ. વળી તેને પોતાની કારસાજી ઉપર મોટો ભરોસો હતો. તેણે ખાત્રીથી માન્યું કે એક વખત તે હઠીલી બાનુને નેકામાં જીતવા પછી તેણીનો હઠીલો પ્યાર જીતવો છેકજ મુશકેલ હતો નહિ. વખત તેને તેણીની ગુમાવેલી મોહબત પાછી હાથ કરવાને જરૂર મદદ કરશે. આવા ખ્યાલથી દોરવાઇ તે બોલી ઉઠયો, "એદેલીન! મને તારી શરત મંજુર છે." જુલિયનને આવી શરત કબુલ કરતાં દુઃખ તો ઘણુંબી લાગ્યું, તોપણ ફતેહનાં કીરણો તેની આંખોમાં તારાની પેઠે ચમકી રહ્યાં હતાં.

એદેલીનને ચુપ બેઠેલી જોઇ તે બેમલાહજે હસીને બોલ્યો, "એદેલીન! તું જોકે ખુબસુરતીનું પરસ્તાન છે, પણ સમજમાં નાદાન છે. તું શું ઘડીભરબી એમ માનતી હતી કે તારી આવી શરતથી જુલિયન ડરી અધર લટકી રહેશે ને તું મારી પરણેતર બનતાં છટકી જશે? મારો પ્યાર એટલો બધો કાચો નથી. ભલે તારૂં જીગર તે ખુનીના પ્યારથી ભરેલું હોય ને મારી મોહબતથી સડેલું હોય, પણ હું તો તને દુનિયાની નજરમાં મારી ઓરત બનાવવાનો ને ફર બનાવવાનો. ને મારો હાથ તારા હાથમાં આપવાનો!" આટલું બોલી તેણે પોતાનો હાથ તેણીના હાથમાં મુકવા લાંબો કીધો, પણ બીજીજ પળે ધાસ્તી ખાઇ તે તેણે પાછો

ખેંચી લીધો, જાણે તે હાથ ઉપર ખુનના લોહીના ડાઘો હોય અને તે હજી સુધી તાજાજ હોય અને તે એદેલીનને દેખાડતાં બીહતો હોય.

એદેલીન પોતાની આંખો બંને હાથોએ બંધ કરી નજદીકની એક ખુરસી ઉપર બેસી પડી બોલી:—

"ઓ યઝદાન ! મારાં પાપની હદ કયાં છે ? હું કાળા ચેહરાએ તારી પાક દરગાહમાં કેમ આવશ ? ઓ ઇનસાફી બાપ ! મને માફ કરજે અને નીલ લાયન મને માફ કરે તે માટે તેનાં જીગરમાં દયાનું આબ રેડજે !"

તે વધુ બોલવા પામી નહિ, કેમકે બીજીજ પળે તે બેભાન થઈ જમીન ઉપર તુટી પડે તે આગમચ જુલિયને પોતાની બાથમાં તેણીને પકડી લીધી. જુલિયને તે ફુલના ઢગને પોતાનાં પેટમાં દાબ્યો અને આવી રીતે પોતાનાં જીગરને કાંઇક રાહત બક્ષી. તેણે દોરાની હાજરીનો કાંઇ પણ ખ્યાલ કીધા વિના તે સુંદર સુંદરીના ગાલ ઉપર અજબ લાગણીથી ચુંબન કીધું અને પછી બોલ્યોઃ—

"ફતેહ ! ફતેહ ! સદા મારીજ ફતેહ છે ! સદા મારીજ જય છે ! રોદ્રીકે મારો જાન લેવાનો કસદ કીધો, ખુની લાયને એદેલીનને જીતવાની મકસદ રાખી પણ અંતે તેઓ બંને જમીનદોસ્ત થયા ! અને હું ફાવ્યો ! ફતેહ ! ફતેહ !"

શેઠ વાણોતર વચે ટપાટપી.

હેન્સબરી એબીમાંથી પોખરાજ લઇ નાહડેલા ગંગાદાસે ઓલ્દકેસલ પાસેનાં જંગલમાં જઇ દમ ખાધો અને ત્યાં આરામથી બેઠો. તે ઝાડીઓથી ભરાયલું તેજ જંગલ હતું કે જયાં રોઝામન્દના બુઢા બાપ રોજર દીપીંગનું ઘણુંજ ઘાતકીપણે ખુન કરવામાં આવ્યું હતું. તે તે જગોએ વિચારમાં લીન થઇ બેઠો. તેણે ગુમાવેલું પોખરાજ પોતાને પાછું હાથ લાગવાથી તેની ખુશાલી તેનાં જીગરમાંથી ઉછાળા મારી બાહેર નિકળવા ચાહતી હતી. આ તેને માટે એક ઘણી સારી દોલત હતી. અને આ દોલત સાથે તે હિન્દુસ્તાન તરફ નિકળી જવાના ખ્યાલમાં હતો. અગરજો તેણે પોતાનો આ ખ્યાલ અમલમાં મેલ્યો હતે અને વધુ લોભ કરવા તે અટકયો નહિ હતે તો આ આપણી લંબાણ વાર્તાનું વળું કાંઇ જુદોજ રંગ લેતે. પણ કુદરતનો ખેલ કાંઈ ન્યારોજ હતો. તેને કાંઇ એવોજ ખ્યાલ આવ્યો કે ઝઝકળું થતાં સુધી તેજ જંગલમાં સંતાઇ રહેવું અને તે પછી ઓલ્દકેસલ પાર્કમાં પોતાના શેઠને મળવું અને પોતાની લોભી મતલબ કાહડી લેવી.

તે બદમાશ ઘણી સારી રવેશે જાણતો હતો કે એદેલીને પોતાના બાપના ખુનીનો પત્તો મેળવવાને અને રોજર દીપીંગના ખુનીને શોધી કાહડી નીલ લાયનને નિર્દોષ ઠરાવવાને ખાનગી દીતેકતીવો ફરતા રાખ્યા હતા. આથી તે બહુજ ઘભરાયો હતો. તેણે છુપી પોલીસથી બચવાને ખાતર અત્યાર આગમચનાં પગલાં ભર્યાં હતાં.

ગંગાદાસ રાત્રીના નવ વાગે ભરાતો છુપાતો ઓલ્દકેસલ પાર્કમાં ગયો અને નોકરોવાલા દાદર ઉપરથી ચહડી તે પોતાના શેઠ રોદ્રીકના ખાનગી ઓરડામાં જઇ ઉભો. રોદ્રીક તેની ઉપર નજર પડતાંજ ચોંકયો અને પછી તેને માથાંથી પગ સુધી ટીકી ટીકી જોઇ ગુસ્સાથી બોલ્યો, "ગંગાદાસ ! મેં તને એક બે કલા-

કની રજા આપી હતી, નહિ કે આખા દિવસની! મને તારા વગર એટલી તો અડચણ પડી કે તે માટે તને જેટલી સખ્ત સજા કરૂં તેટલી થોડી છે. મને એવું મન થાયછ કે આ પળે તને નોકરીથી બરતરફ કરૂં પણ—"

રોદ્રીક આગલ બોલતાં અચકી ઉભો. કેમકે તેણે જોઇ લીધું કે ગંગાદાસ બરતરફ થવાની બીહીકથી ઘભરાવાને બદલે સામો હસતો હતો. તેના ચેહરા ઉપર દલગીરી કરતાં ખુશાલી વધારે પ્રગટી નિકળી હતી. તે વધુ અને વધુ બેમલાહજે-પણે હસી બોલ્યો:—

"મને તમો તમારા નોકર તરીકે હાલમાં બરતરફ કરવાની સુકી ધમકી આપોછ, પણ હું તો તમોને મારા શેઠ તરીકે અત્યાર આગમચનો બરતરફ કરી ચુકોછ. સાહેબ, હું તમારી પાસે રહેવા માંગતોજ નથી," ગંગાદાસે ભાર મેલી જણાવ્યું.

"જયારે તું રહેવા માંગતો નથી ત્યારે તું મારી પાસે શું માંગેછ?"

"હું પૈસા માંગુછ."

"પૈસા! પૈસા તો હું તને કયારનો આપી ચુકોછ. પગારબી તને મળી ચુકોછ, હું તને એક પણ પઈ વધારે આપવા માંગતો નથી." રોદ્રીકે એવા તો મક્કમ અવાજે જવાબ દીધો કે બદમાશ ગંગાદાસબી એક પળ સુધી દંગ થઇ ઉભો, પણ બીજીજ પળે તે વધુ બેમલાહજે હસી પડી બોલ્યો, "સાહેબ! ત્યારે તો તમો જે ડાળ ઉપર બેઠાછ તેજ ડાળ તમો કાપી નાખવા માંગોછ!"

રોદ્રીક આ સાંભળતાંજ કાંઇ બડબડયો, જે ગંગાદાસ પોતાના ગમે તેટલા તિણા કાન છતાં સાંભળી શકયો નહિ. આજે પોતાના શેઠનું પાકવવાનોજ ઠરાવ કરી તે આવ્યો હતો. તે પોતાની આંખોનાં ભવાં ચહડાવી થથરાવનારા સાદે બોલ્યો, "સાહેબ! મને મારી ઇમાનદારીના બદલામાં એક હજાર પાઉન્ડ જોઇ-યેછ. એટલી રકમ મને સપુરદ કરવાની તમોએ ગરીબ ગંગાદાસને કબુલાત આપીછ."

"એક હજાર પાઉન્ડ!" રોદ્રીકે છેકજ ઉસ્કેરાઈ જઇ પોકાર કીધો, "ઓ કાળાં મોહડેના શેતાન! તુને શું કાંઇ ખાડો ખબોચ્યો નડતો નથી કે? તું શું દિવાનો થયોછ કે તું મને દિવાનો સમજેછ?"

"ત્યારે તો સાહેબ કાણે ઘડે કાંઇ પાણી ભરાય નહિ. સાહેબ! તમારો ભેદ જાળવી રાખવા માટે તમોએ મને એક હજાર પાઉન્ડ આપવા કબુલાત આપેલી છે. હું હવે નયુકનો ઓલ્ડકેસલ છોડી જવા માંગુંછ. માટે મને આંગ ઉપર નાણું ધીરવાને તમો બંધાયલા છો ને હું તમારો ભેદ સાચવી રાખવાને બંધાયલો છું. અને જયારેબી બંદાની જરૂર પડે ત્યારે સેવક હાજર છે અને તેટલા માટે જયારેબી સેવકને નાણાંની જરૂર પડે ત્યારે મારા શેઠ હાજર છે. કેમ ખરૂં કેની સાહેબ?"

"અરે કંગાળ! હું તને નાણાં પોહોંચતાં કરૂં, તે આગમચ હું તને પેલી જેહાનમાં પોહોંચતો કરશ, સમજયો?"

"સાગરમાં રહી મગર સાથે વેર રાખવું એ મુરખાઈ છે," ગંગાદાસે જરાબી ઉસકેરાવા વિના પોતાના શેઠનાં જખમી થયલાં દિલ ઉપર નિમક છાંટવાનું ચાલુજ રાખ્યું, "સાહેબ! મને એક હજાર પાઉન્ડ આજેજ જોઇશે ને હમણાંજ જોઇશે કે જેથી હું લંડન તરતજ ઉપડી જાઉં, અને તમામ પૈસાબી મને ચલણી નોટ યા સોનાના સિક્કામાં જોઇશે. ચેક અથવા નોતનાં ચીથડાં હું કબુલ કરશ નહિ."

પોતાના નોકરના આવા સખુનોથી રોદ્રીકને ગુસ્સો એટલો બધો તો ચહડયો કે તેનું અગરજો ચાલતું હતે તો તેજ વખતે તે તેની ડોક મરડી મુકતે. પણ તે પોતાના બદમાશ નોકરની ટેં ટેં કરતી હુલીથી એટલો બધો તો બીહતો હતો કે તેને છેડવો અને જખમી સિંહને છેડવો એ બરાબર હતું. આથી તે લગાર નમી જઇ બોલ્યો, "અરે પણ મુર્ખ ! મારાં મકાનમાં હમણાં એક હજાર પાઉન્ડના સોનાના સિક્કા શું ભરી મુકયાછ કે હું તેનો તારાં કપાળમાં તાતવીને ડામ દેઉ ?" આ વાકય રોદ્રીક એવા તો જુસ્સાથી બોલ્યો કે ગંગાદાસજી એક પળ ઠસ થઇ ગયો. આથી તે વધુ અને વધુ ઠંડું કલેજું રાખી બોલ્યો, "હળવે ! મારા શેઠ હળવે ! મને પાંચસો પાઉન્દની ચલણી નોટો અને સોનાના સિક્કા બસ થશે અને બાકીની રકમનો ચેક મને ચાલી શકશે. સાહેબ ! તમારેથી છુટો પડતી વેળા તમારી સાથે હું ભલાઈ કરીનેજ જવામાં ખુશી છું. કેમ હવે તો સાહેબ રાજી છોની ?"

લોર્ડ ઓલ્દકેસલ ગુસ્સાથી બે ચાર કદમ આગલ ધસી બોલ્યો "ગંગાદાસ ! આ તારો બકબકારો મારૂં કાલજું ચીરી નાખેછ. તું અહિંથી કાળું કરી જા, નહિ તો તું બેજાન બની મારા પગ આગલ પડશે."

"હું તમો નામવરના પગ આગળ બેજાન થઈ પડશ તો મને કશો ગમ નથી, હું તે માટે સેહજ પણ નહિ ડરશ, પણ સાહેબ ! એટલું યાદ રાખજો કે હું મરતો મરતોબી સુળીએ ચહડનાર તરફ જોઇ હસશ."

"એટલે ? એનો ભેદ ?" લોર્ડ ઓલ્દકેસલે ગગડાટ કીધો. આ સવાલનો જવાબ ગંગાદાસ પોતાની તબેહ મુજબ આપે તે આગમચ એક નોકર દાખલ થયો અને નમીને બોલ્યો, "સાહેબ ! મારે આવતી કાલે તમારા હુકમ મુજબ દેન્સબરી એબીમાં જવું પડશે કે નહિ ? કેમકે તમો સાહેબ—"

"અલબત તારે જવુંજ જોઇશે. હું તને આજ સવારનો હુકમ આપી ચુકોછ અને તે મુજબ કાલે સવારે જવાની તારી ફરજજ હતી, મને પુછવાની જરૂરજ નહિ હતી," રોદ્રીક લગાર ગુસ્સાથી બોલ્યો.

પોતાના શેઠને આ પ્રમાણે ગુસ્સામાં જોઇ તે વફાદાર નોકર શરમાઇ જઈ બોલ્યો, "સાહેબ ! મને એક નોકરે ખબર પુગાડી હતી કે તેણે તમો સાહેબને આજે દેન્સબરી એબીમાં એદેલીન બાનુ સાથે વાતચીતમાં રોકાયલા જોયા હતા. જેથી મેં ધાર્યું કે તમો સાહેબે એદેલીન બાનુ સાથે મારે જે સંદેશો પુગાડવાનો હતો તેના સંબંધમાં વાતચીત કીધી હશે."

"શું ? હું આજે દેન્સબરી એબીમાં ગયો હતો ? અને વળી મને એદેલીન સાથે વાતચીતમાં રોકાયલો પણ એક નોકરે જોયો હતો ? તે નોકર જુઠો છે. હું ત્યાં ગયોજ નથી," રોદ્રીકે ઘણાજ જુસ્સાથી જવાબ દીધો.

પણ આ પળે રોદ્રીક ચોંકયો, કેમકે તેને તરતજ એક ખ્યાલ આવ્યો. તે સમજી ગયો કે તેનો નોકર પોતાના શેઠને એદેલીનનાં મકાનમાં જોયલો માનતો હતો તે શેઠ તે રોદ્રીક નહિ, પણ જુલિયન હોવો જોઇયે. આ ખ્યાલથીજ તે પોતાના નોકર અને ગંગાદાસની હાજરી ભુલી જઈ પોકારી ઉઠયો:—

"ઓ ! ખુદા ! ખુદા ! મારૂં શું થશે ? આખરે તે ચંડાળ પાછો ફુટી નિકળ્યો ખરો !" આટલું બોલી તે જીગરનાં ઉંડાણથી નિસાસો નાખી એક કોચ ઉપર

ફડફડાવ્યો. તરતજ તેને ભાન આવવાથી પેલા નોકરને તે ઓરડો છોડી જવાની તેણે ઇશારત કીધી. બીજીજ પળે તેની નજર બદમાશ ગંગાદાસ ઉપર પડી. તે તે બદમાશને ડોળા ફાડી ફાડી જોવા લાગ્યો, જ્યારે ગંગાદાસ તે તવંગર માણસને ડોળા કાઢતો ટીકતો ઉભો.

“કેમ સાહેબ! તમો શું ખ્યાલમાં રોકાયલા છો? હું કહુંછ તે મુગા મુગા તમોએ સાંભળી લેવું છે કે મારી સામે થઈ ખાનેખરાબીનો સોદો કરવાની કાંઇ તમારી હોંસ છે! તેમ હોય તો જે તે બોલી દેવો કે કામનો ઝટ નિકાલો આવી જાય.”

ગંગાદાસના ઉપલા થથરાવનારા સવાલથી રોદ્રીકનો મિજાજ છેકજ ગયો. તે દાંત્યા પીસી બોલ્યો, “બદમાશ! મને એટલી ખબર નહિ હતી કે તું એટલી બધી હદ સુધીનો નિમકહરામ છે, આવો કાળાં મોહડાંનો શેતાન છે. હું તારો કરજદાર છું કે તું મારો કરજદાર છે? લુચ્ચા! તારૂં સેહજબી માંગતું તું મારી ઉપર રાખવા માંગતો નથી તેનો શું સબબ?”

“સબબ?” ગંગાદાસ હસીને બોલ્યો, “સબબ એ છે કે કરજ, રોગ અને અગ્નિનો લેશ માત્ર રહેલો ભાગ પળવારમાં મોટી ખરાબી કરનારો થઈ પડે છે.”

રોદ્રીકે જોયું કે તેની સામે ઉભેલા બદમાશની લુલી કાંઇબી કરીને બંધ કરવી જોઇયે, માટે તે વધુ અને વધુ નમી જઇ બોલ્યો, “ગંગાદાસ! હું કબુલ કરૂંછ કે હું સેહજ લોભી છું, પણ બેઇમાની તો નથીજ.”

“લોભી! સાહેબ યાદ રાખજો કે લોભી માણસ આ દુનિયાની દોલત એકઠી કરવામાં રોકાયછ ત્યારે તેની પેલી દુનિયાની દોલત ખાલી થવા માંડેછ. સમજ્યા, સાહેબ?” ગંગાદાસે લોર્ડ ઓલ્ડકેસલના દરજ્જાનો કાંઇ પણ ખ્યાલ કીધા વિના પોતાના શેઠના જખમ ઉપર નિમક છાંટવાનું ચાલુજ રાખ્યું.

“અરે! પણ બુબખ! તું શા માટે મને એટલી બધી હદ સુધી લુટેછ? હું તારો શેઠ છું, જયારે તું મારો નોકર છે. ગંગાદાસ! હવે મારો પીછો તું છોડ! કેમકે મારાં પાપથી છુટવા હું તો તે સાહેબ પાસે મોત માટે અરજ કરૂંછ!” કમબખ્ત રોદ્રીક છેકજ આજેજ બની પોતાનાં નામ અને દરજ્જાનો ખ્યાલ કીધા વિના પોકારી ઉઠયો. તે એવું માનતો હતો કે તે પોતાની આવી લાચારી બતલાવશે તો બદમાશ રોદ્રીક તેનો પીછો છોડી જશે. પણ તે નાહક ભુલતો હતો, કેમકે ગંગાદાસ તે ધારતો હતો તેમ એટલો બધો દિલનો નરમ નહિ હતો. તેના ધારવાથી ઉલટીજ રીતે ગંગાદાસ મોટેથી હસી પડી બોલ્યો, “સાહેબ! પાપથી છુટવા મોત ઇચ્છવા કરતાં મોત પેહલાં પાપથી છુટવું એ વધારે સારૂં છે. સાહેબ! હવે મને નાહક ખોટી ના કરો, કેમકે મને પૈસાની મોટી જરૂર છે. ગંગાદાસને પૈસા મળશે તોજ તે અહિંથી ખસશે, પૈસા નહિ મળશે તો આખી જેહાન જાણશે કે તમો નામદાર જુલિયન નહિ પણ રોદ્રીક છો, જેને લોકો મુવેલો—”

રોદ્રીક આ વેળાએ જખમી થયલા વાઘની માફક પોતાના નોકર તરફ ધસી ગયો, અને તેને આગળ બોલતો અટકાવવા માટે તેણે તેનું મોહડું બે હાથોથી જોશમાં દાબી પોકાર કીધો:—

“ચુપ! બેશરમ ચુપ! મુંગો મર! નહિ તો તારૂં ગળું આએ ઘડી દાબી દેવશ. ચંડાળ! શેતાન! તારૂં સત્યાનાશ વળજો! તારૂં ખાણું ખરાબ થજો! તારી ઉપર સારી દુનિયાનો આઝાબ પડજો!”

"સાહેબ! મારા જેવા નોકરને આવા ખરાબ શબ્દો તમોએ વાપરવા જોઇતા નથી. ગમે તેવો નબળોબી પોતાના દુશમનથી સાવચેત રહે તો તેને બરાબર બેશાવર સમજવો જોઇયે. માટે સાહેબ! હું કોણ છું તે તમો પિછાનો!"

છેવટ રોદ્રીકે તેને પિછાન્યો. તે એકદમ નરમ થઇ બોલ્યો, "ચુપ! ખુદા ખાસ! તારી હુલીને એકદમ બંધ કરી મને જવાબ દે કે મારા કંગાળ ભાઇ જુલિયનનો એવો તે શું અજીમ ગુનાહ છે કે જેથી તારૂં મોહડું બંધ કરવા તે આટલી મોટી લાંચ તને આપવા લલચાયો હતો?"

ગંગાદાસ સેહજ મુછમાં હસી પડી બોલ્યો, "તે ગુનાહ શું હતો તે હું મારા શેઠને કહી શકતો નથી. મારૂં એટલુંજ કેહવું બસ થશે કે મારા નાના શેઠનો એવો તે ગુનાહ છે કે જેથી જીંદગી જવાનો સોદો છે."

બીજી દશ મિનિટ પસાર થઇ અને બદમાશ ગંગાદાસ રોદ્રીક પાસેથી એક હજાર પાઉન્ડ લઇ ખુશાલ ચેહરે બાહેર પડયો.

તે જવા પછી રોદ્રીક દાંત્યા કચકચાવી બોલ્યો "અરે શેતાન! હું બી તો જોઉંછ કે એ પૈસા તું કેમ સુખે ખાવા પામેછ. જોઇએ તું મને ક્યાં સુધી પજવેછ? તારો ઘાટ નહિ ઘડું તો મારૂં નામ રોદ્રીક નહિ."

જુલિયનની પુઠ—નવો પ્રપંચ.

ભોલી લુસી! તે તો ઓલ્દકેસલનાં એક હોતેલમાં લેડી ઓલ્દકેસલ થવાની હુંફમાં ઉલટભેર બેઠી હતી, અને બેઠી બેઠીજ લેડી ઓલ્દકેસલ બનવાના સ્વપનાઓ જોતી હતી. તેણીને ત્યાંજ પડતી મેલી જુલિયન એદેલીન પાસે ગયો હતો અને ત્યાં શું બન્યું હતું તે આપણે જોઇ ગયા છિએ. જુલિયન આ પ્રમાણે હેન્સબરી એબીમાં પોતાની માવતર લેડી ઓલ્દકેસલ અને એદેલીન સાથે વાતમાં રોકાયલો હતો તે વેળાએ લુસી બારદો પોતાનાં મનમાંજ અહરાતી હતી અને મનમાંજ પરણતી હતી. તે વારંવાર હોટેલ મધેના પોતાના ઓરડામાંના મોટા આરસામાં નજર કરતી અને પોતાનાં મન સાથે મલકાઇ બોલતી, "હું લેડી ઓલ્દકેસલ થવાને બિલકુલ લાયક છું. અરે! હું ઓલ્દકેસલ પાર્કમાં કેવી સોભશ! અરે! મારૂં કેવું બુલંદ કિસમત! અરે! હું તો ધારતી'તીજ રે કે કોઇ દીવસ એવો આવશે કે હું શાહજાદા યા ઉમરાવજાદા સાથેજ પરણુશ, અને અંતે તેમજ થયું. અંતે હું લેડી ઓલ્દકેસલ બની ખરી!"

આ પ્રમાણે તે ભોલી બાનુ પોતાનાં મનમાંજ હરખાતી હતી. પણ જે વેળાએ જુલિયન એદેલીનનો જવાબ મેળવવા બેઠેલો હતો તે વેળાએ હોતેલમાં લુસી આગલ કાંઈ જુદોજ બનાવ બનતો હતો. આ બનાવ શું હતો તે આપણે જોઇયે.

લુસી બારદો જુલિયનના ફુસલાવ્યાથી પોતાના બાપ અને કાકાની ગેરહાજરીનો લાભ લઈ નાહસી આવ્યા પછી તેણીનો બાપ પોતાના ભવિષ્યના જમાઇ લ્યુક સાથે તેણીને ઢુંડતો આબાદ તેજ હોતેલમાં આવી પુગ્યો હતો જ્યાં લુસીને છાડી જુલિયન હેન્સબરી એબીમાં ગયો હતો.

લુસીએ પોતાના પેદરને લ્યુક સાથે ફરીથી જોવાની મરતાંબી આશા રાખી હતી નહિ. તેણીને સ્વપનેબી ખ્યાલ હતો નહિ કે તેણીનો કરડો બાપ ઓલ્ડકેસલની ઉજ્જડ જગોમાં આવેલાં એક નહિ જણાયલાં હોતેલમાંથી તેણીને શોધી કાહડવા શક્તિવાન થશે! તે બંનેને જોઇ ભવિષ્યની લેડી ઓલ્ડકેસલ બનવાની ગણત્રીમાં ભોલવાયલી લુસી મોત જેવી ફીક્કી પડી ગઇ. તે પોતાના કરડા પેદરનો સ્વભાવ ઘણી અચ્છી રવેસે જાણતી હોવાથી તેને જોતાંને વાર તેની આગલ ઘુંટણીયે પડી બોલી:—

"બાવાજી! હું તમારી ગુનેહગાર છું, પણ બિલકુલ લાચાર છું. બોલો! પેદર! મને માફ કરશો કે?"

"ઉઠ કમબખ્ત દુકતી ઉઠ!" બારદો પોતાની બેટીને હાથ પકડી ઉઠાડતાં બોલ્યો, "પણ મને જલદી કેહ કે આપણો શિકાર હાથથી ગયો કે તે હજી સલામત છે કે?"

"બાવા! મારી મોહીનીની જાળની કરામતથી જુલિયન મારી પાસે સલામત છે. તે જો કે હાલમાં મારી નજરથી દુર છે, પણ મારાં જીગરથી દુર નથી. તે મારી ખુબસુરતીની જાળમાં એવો તો સાબુત ફસ્યોછ કે તે કોઇબી રીતે ત્યાંથી છુટવો મુશકેલ છે."

"ડાકણ! પણ મને એટલું તો કહે કે તે ચંડાળ આગલ આપણો તમામ ભરમ તેં ફોડી દીધોછ કે? અરે બેસમજ નાદાન! તે બદમાશને લીધે બાપ તરફનો પ્યારબી તેં છોડી દીધો? તારા ખાવીંદ થનારા વાહલા લ્યુકને બી તેં તરછોડી દીધો? અરે બેહયા દુકતી! તું જનમતાંને વારજ કાં નહિ મરી ગઇ કે તું પાળેલો કુતરો મારોજ પગ નહિ કરડતે? અરે દદા! તે ચંડાળ સાથે નાહસી આવતાં તારા પગ કપાઇ નહિ ગયા? અરે તું મારે પેટે બેટી નહિ પેદા પડી, પણ સાંપ પેદા પડયો!"

આટલું બોલતાં તે બદમાશ ખુની બારદો એટલો બધો તો ઉસ્કેરાઈ ગયો હતો કે તે જગોએ લુસીનો ભવિષ્યનો ખાવીંદ લ્યુક હતે નહિ તો જરૂર તેણે પોતાનો આશ્રો છોડી નાહસી આવેલી પોતાની બેટીને ત્યાંની ત્યાંજ ગુંગળાવી મારી નાખી આ જેહાન ઉપરની તેણીની હસ્તી નાબુદ કીધી હતે.

પોતાના પેદરને આટલી બધી હદ સુધી ઉસ્કેરાયલો જોઇ લુસીએ રડમસ ચેહરે અવ્વલથી આખર સુધી પોતાની ઉપર વીતેલી સઘળી કેફિયત કહી સંભળાવી, જેમાં તેણીએ રીવોલવર મુકી જવાનો આરોપ પોતાના બાપ ઉપર એવા તો ભાર સાથે મુકયો કે બારદો અને લ્યુકે જોયું કે જેટલી ગફલતી લુસીએ કીધી હતી તે કરતાં વધારે ગંભીર કસુર તો તેઓએ તે રીવોલવર મુકી જવામાં કીધી હતી.

"પણ તું હવે કહેવા શું માંગેછ? મારી સાથે તારે નમીને ચાલવુંછ કે મારી સામે થવું છે? જો! તારા લ્યુક તરફ નજર કર! એ તને કેવો ચાહેછ! તું એની સાથે આપણાં મકાનમાં જા! હું નાહસવા પામેલા જુલિયન માટે ગોઠવણ કરી તમારી પાછળ આવુંછ!" બારદોએ પોતાની બેટીને સમજાવી પોતાની ધારણા જણાવી.

પણ પોતાના બાપની સલાહ લુસીનાં ધ્યાનમાં ઉતરવા પામી નહિ. તે નાકનું ટીચકું ચહડાવી બોલી, "હું હવે તમારાં મકાનમાં આવી શકતી નથી, કેમકે હું તો ઓલ્ડકેસલ પાર્કમાં જવાની છું, હું તો લેડી ઓલ્ડકેસલ બનવાની છું. પેદર! તમારે તો મગરૂર થવાનું છે કે તમારો જમાઇ બીજો કોઇજ નહિ, પણ લોર્ડ ઓલ્ડકેસલ જેવો ઉમરાવ છે. બાવાજી! જુલિયનને તેની પરણેતર થવાનું મેં કબુલ કરવાથીજ આપણા સઘળાનો ભેદ જાહેર કરતાં તે અટકયોછ. ઓ બાવાજી! હું જો લેડી ઓલ્ડકેસલ થવાનું નહિ કબુલ કરતે તો જુલિયન બધો ભેદ ફોડી દેતે અને આપણ સઘળાને ફાંસીના માંચડે ચહડાવતે! બાવાજી! હું લેડી ઓલ્ડકેસલ થવશ તો—"

બારદોએ પોતાની પતરાજી કરતી બેટીને વધુ બોલતાં અટકાવી પોકાર કીધો, "ચુપ! નાદાન! મુંગી મર! લેડી ઓલ્ડકેસલ થવાની મુરખાઈભરી ધુંધમાં તો તે સપડાયલા ફરબે શિકારને તેં છુટો કીધો. પણ કમબખ્ત તું શું ઘડી ભરબી માનેછ કે તે ચંડાળ તને કદીબી લેડી ઓલ્ડકેસલ બનાવશે?"

"કાં નહિ? તે મને એટલો બધો ચાહેછ કે હું અગર જો તેનો જાન માંગું તો તે તેબી મને સપુરદ કરે! અરે બાવાજી! તે કેહેછ કેહેછ ને એમજ કેહેછ કે લેડી ઓલ્ડકેસલ બનાવું તો બસ મારી લુસીનેજ, નહિ તો આખો ભવ કુંવારોજ કાહડું! બોલો બાવાજી! એ તે થોડો પ્યાર છે? મેં તેને મારૂં તન દીધુંછ ને તેણે પોતાનું જીગર મને અર્પણ કીધુંછ! બાવાજી! હું લેડી ઓલ્ડકેસલ થવા પછી—"

આ પળે લ્યુક હસી પડવાથી લુસી આગલ બોલતાં અટકી ઘડીકમાં લ્યુકનો અને ઘડીકમાં પોતાના બાપનો ચેહરો જોતી તે પુતલાંની માફક ઉભી. તેણીને આ પ્રમાણે અજાયબીમાં ગરકાવ થયલી જોઈ લ્યુક હસતો થાકી જવા પછી જેમ તેમ બોલ્યો, "બાનુ! લેડી ઓલ્ડકેસલ થવાનાં તમારાં નાહકનાં ફાંફાંથી મને એટલું તો હસવું આવેછ કે હું મારાં કપડાંમાંબી સમાતો નથી. મને તારી ઉપર ગુસ્સો લાગવાને બદલે ખરેખર દયા આવેછ. કેમકે તારી જયારે આશા છેવટની ભંગ થશે ત્યારે તારો રંગ એવો થશે કે તું પોતેબી દંગ થશે. જુલિયન મને લેડી ઓલ્ડકેસલ બનાવે એ જેટલું અશકય છે તેટલુંજ તે તારા બાબમાં પણ સમજી લેવું."

"હેં! શું? શું હું લેડી ઓલ્ડકેસલ બનવાના તમારે મનથી સ્વપના જોઉંછ? બનેજ કેમ?" લુસીએ પોતાની અજાયબી દેખાડી.

લુસીની અજાયબીના જવાબમાં બારદોએ જે હકીકત પોતાની બેટી આગલ જણાવી તેની મતલબ નીચે મુજબ હતી:—

બારદો અને લ્યુક ઓલ્ડકેસલમાં પોતાના શિકારને શોધતા આવ્યા પછી જુલિયન માટે તેઓએ એટલી બધી તો ચાંપતી તલાશ કીધી કે તેઓએ જુલિયન કયાં ગયો હતો તે પણ શોધી કાહડયું. તેઓએ ઘણી સેહલાઇથી દેન્સબરી એબીનું મકાન શોધી કાહડયું અને પાછલે દરવાજે દાખલ થઈ તે બાજુ ઉપરની દેવાલ ઉપરથી ચહડી તે બંને હિમ્મતવાન બદમાશો જયાં જુલિયન પોતાની માતા અને એડેલીન રેન સાથે વાતમાં ચકચુર હતો તેજ ઓરડાની પાસેના ઓરડામાં બેધડક દાખલ થયા. અને તેઓની સઘળી વાતચીતનો એકેએક બોલ તેઓએ કાંઇ પણ ધાસ્તી વિના સાંભળી લીધો. જુલિયન પોતાના વડા ભાઈ રોદ્રીકને

કેવી રીતે ઉઘાડો પાડવા માંગતો હતો અને એદેલીન રેને તેને કેવી રીતે કાલાવાલા કીધા હતા અને છેવટે એદેલીન પોતાનો હાથ જુલિયનને આપે તોજ જુલિયન રોદ્રીકને બચાવી લે એ વિગેરેની સઘળી વાતચીત સાંભળવા પછીજ તેઓ લુસી આગળ આવ્યા હતા. તેઓએ જુલિયનને મોહડેથી લુસીને દગો દેવા માટે જે કાંઈ શબ્દો લુસીને જણાવ્યા ત્યારે તે ભોળી સુંદરીએ માન્યું કે તેણીના બાપ અને લ્યુકના બોલવામાં ઘણી નહિ તો થોડીબી સચ્ચાઈ હતી. આથી તેણીનો ચેહરો ફીક્કો ફચ થઇ ગયો, તોપણ તે હિમ્મત રાખી બોલી, "હું તમારો એક પણ હર્ફ માનતી નથી. મારો જુલિયન મને એટલો બધો ચાહેછ કે તે મારા વગર કોઇનેબી લેડી ઓલ્ડકેસલ બનાવાનોજ નથી. તે એકબારગી કુંવારો રહેશે, પણ મારા વિના બીજી કોઇ સાથે તે પરણવાનો નથી."

"બેવકુફ છોકરી! તું જોશે કે અમો જુઠા છિએ કે તારો લોર્ડ ઓલ્ડકેસલ જુઠો છે. અમો તને દગો દઇયેછ કે તે બદમાશ તને દગો દઇ ગયોછ?" બારદો ગુસ્સાથી લાલચોળ બની બરાડ મારી બોલ્યો.

આ પળે લ્યુકની નજર તે ઓરડામાં બીછાવેલી ખાણાની ટેબલ ઉપર પડી.

"લુસી! અંહિ બેજણા માટે ખાણાની ટેબલ બીછાવીછ તે કોણ બેને માટે?"

"વળી કોણને માટે?" લુસી ગાલ ઉપર ઘોડાના તોબરા જેવો થોબડો ચહડાવી બોલી, "મારે માટે ને મારા ખાવીંદ લોર્ડ ઓલ્ડકેસલ માટે."

"હં! ત્યારે તે ચંડાળે હજી તને ઠગવાનું ચાલુ રાખ્યુંછની? ઠીક! એબી ઠીકજ છે! અને તેથીજ તમે બાઈ અંહિ ભપકામાં બેઠાંછ, નહિ? તમારા તે ભવિષ્યના ખાવિંદને એસ્તેકબાલ લેવા માટે આટલો બધો ભપકો કીધો હશે!" બારદો આટલું બોલી પોતાનો આગલો ગુસ્સો ભુલી જઈ એકદમ હસી પડયો. તેનો દાખલો લ્યુકેબી લીધો. આથી લુસીને બહુજ ભારી પડી ગયું.

પણ તે બાનુ લાચાર હતી, કેમકે તે પોતાના બાપનો પાજી સ્વભાવ ઘણી સારી રવેસે સમજતી હોવાથી તેણીએ ચુપજ રહેવામાં ડાહપણ જોયું.

પોતાની બેટીને આવી રીતે ચુપ ઉભેલી જોઈ તેણીના બાપે જાણ્યું કે તે હઠીલી સ્રીનાં ભમાયલાં મગજ ઉપર સારીજ અસર થવા પામી હતી. આથી તેણે પોતાની મતલબ કાહડી લેવા આગલ ચલાવ્યું:—

"જયારે તે ઠગારો પ્રપંચી તારી સાથે જમવાજ આવવાનો છે તો તું તારી ખાત્રી કરી લેજે કે કોણ સાચ્ચું છે! હું તો ધારૂંછ કે તે ચંડાળ જરૂર તને ઉડાવશે એટલુંજ નહિ, પણ તે પોતાનાં ખરાં રૂપ-રંગમાં આપોઆપ જણાઈ આવશે. અને લુસી," આટલું બોલી તેણીના બાપે તેણીને પહેલીજ વાર પેટમાં ચાંપી વાહલથી સવાલ પુછયો, "અને લુસી, અગરજો તારી એમજ ખાત્રી થાય કે તે ચંડાળે તને ભમાવી ફસાવી છે તો શું તું તારો કીનો તેની ઉપર નહિ લેશે?"

લુસી પોતાના પેદરના આ સવાલથી ઉસકેરાઈ બોલી, "અગરજો તેની વાતચીત ઉપરથી મને માલમ પડશે કે તેણે મને ઠગીછ તો હું તે ચંડાળનો ટાંટો પીસીશ. તે બદમાશનું લોહી પીશ, અને મારા કીનાના ધગધગતા અંગારથી હું તેનું તન બદન બાળી ખાખ રાખ કરીશ. તેનું બીછાનું કાંટા અને કાચનું બનાવીશ અને તેની રગેરગમાં મારાં વેરની વિજળી ફેલાવી દઇશ."

લુસીનો દેખાવ આ વેળાએ છેડાયલી વાઘન જેવો દિસ્તો હતો. તેણીની આંખ્યોમાં ગુસ્સાથી ગોયા મશાલ બળતી હતી અને ઘણીજ ઉસકેરાઇ જવાથી તેણીનું ગોરૂં કપાળ કરચળીદાર બન્યું હતું. આથી બારદો અને લ્યુક બહુજ ખુશી થયા. તેઓને હૈડે તો નેહજ હતી કે જુલિયન કદી પણ તેણીને લેડી ઓલ્ડકેસલ બનાવવાનો નથી. જેથી તેમનાં અને તેણીનાં ભેગાં વેરનાં બળથી જુલિયનને ગ્રે રીજમાં પાછો ઉંચકી જવાની આ તાલ તેમને ઠીક હાથ લાગી હતી.

તરતજ બારદોએ પોતાનાં છુપાં ગજવામાંથી સફેદ ભુકીની એક નાની પડીકી કાહડી લુસીના હાથમાં આપતાં કહ્યું, "લે, આ ભુકી તારી પાસે છુપાવેલી રાખ અને અગરજો તને એમ માલમ પડે કે તે ચંડાળ તારી સાથે ઠગબાજી રમ્યોછ તો તેના દારૂમાં તે નહિ જાણે તેમ આ ભુકી નાખજે. પછી અમો છઇયે ને તારો તે ઠગારો શિકાર છે."

લુસી વિચારમાં પડી. તે સમજી શકી નહિ કે તેનો બાપ તો તેણીની સાથે દગો નહિ રમતો હોય? શું તે લોર્ડ ઓલ્ડકેસલને તેણીની બેટીના હાથેજ ઝેર તો નહિ અપાવતો હોય કે જેથી તેનું વેર વળવા પામે? આથી તે ડઘાયલી બાનુ ડગમગ બની બોલી, "બાવાજી! એ શું છે? એ કાંઈ ઝેર તો નથીની? તમારો શિકાર મરી જવા ઉપરાંત તેને નહસાડી લાવનાર તમારી બેટી માટે આ કાંઈ ચોકઠું તો નથીની?"

બાપ પોતાની બેટીને પેટમાં દાબી બોલ્યો, "નહિ, બેટી તું ઘબરા ના! એ કાંઈ ઝેર નથી. એ તો એક એવી દવા છે કે જેથી તારો ઠગારો શિકાર બેશુદ્ધ બની જશે જેથી તેને ગ્રે રીજમાં પાછો લઈ જવો આસાન થઇ પડશે."

લુસીને તેના બાપનાં બોલવાની મતલબ સમજ પડી નહિ. તે અચકાતી ઘભરાતી બોલી, "બાવાજી, હું સમજી શકતી નથી કે જયારે તમારા જણાવવા મુજબ આપણા શિકારે પોતાની માતા અને એદેલીન આગલ બધો ભરમ ફોડી દીધોછ ત્યારે તેને પાછો લઇ જવાથી તો તેઓ એમજ સમજશે કે તેને ફરીથી ગ્રે રીજમાંજ કેદ કરવામાં આવેલો હોવો જોઇયે. આથી બનશે એમ કે શિકાર પકડવા જતાં આપણેજ પોલીસનાં શિકાર થઈ પડશું."

પણ તેણીને શી ખબર હતી કે જુલિયનનાં પાછા કેદ પડવાથી લેડી ઓલ્ડ-કેસલ જાહેરમાં એક તુકારો વટીક બાહર કાહડવાની હિમ્મત કરી શકનાર હતી નહિ, કેમકે જુલિયનનાં નામ અને લેબાશમાં તો રોદ્રીક ઓલ્ડકેસલ પાર્કમાં જીવતો હતો જેથી તેણીની જબાન તો સદાની બંધ હતી. વળી એદેલીનના પણ તેવાજ હાલ હતા; કેમકે જુલિયન રોદ્રીકને જાહેરમાં ઉઘાડો નહિ પાડે અને તેથી દોરાની નાલેશી થતાં અટકે તે માટે તો તેણીએ પોતાનો ભોગ જુલિયનને આપવા કબુલ્યો હતો. આ સઘળું બારદો અને લ્યુક ભરાઈ છુપાઇને જાણવા પામ્યા હતા અને તેથી તો તેઓ બેફિકર બન્યા હતા. આ સઘળું તે પોતાની બેટીને સમજાવવાની તેયારીમાં હતો તેજ પળે એક ગાડી બાહેર ઉભી રહેવાનો અવાજ તેમને કાને પડયો. બધાં ચોંકયાં, કેમકે તે ગાડી જુલિયનનીજ હતી. બોલ બોલતાંમાં બારદો અને લ્યુક તે ઓરડો છોડી આગલથી કીધેલી ગોઠવણ મુજબ પાસેના એક ખાલી ઓરડામાં ભરાઇ બેઠા.

જુલિયન હસ્તો હસ્તો દાખલ થયો.

ભાઇ બેહેનનું ચિત્ર—ખુદરતની કરામત.

મીસ લેવીનિયા સીગીન્સનો મિજાજ આજે હાથથી ગયો હતો. તે હદથી જ્યાદા ઉસકેરાયલી જણાતી હતી. તેણીનો ચેહરો જોતાં કોઇબી અટકલી શકે કે ઓલ્દકેસલના કાવાદાવાવાલા અને પ્રપંચી સોલીસીતર મી૦ સીગીન્સની કુંવારી બેહેન મીસ લેવીનિયા સીગીન્સનો પીત્તો તોફાની મોજાની પેઠે ઉછળી રહ્યો હતો. તે પોતાના ભાઇને એક લંબાણ ભાશણ સમજાવી હમણાંજ પરવારી હતી, પણ તેને ગુપચુપ બેઠેલો જોઇ તે મગરૂર સ્ત્રીએ પોતાનું પિંજણ એકવાર ફરીથી ચલાવ્યું.

"હું તને સાફ કહુંછ ચારલ્સ! કે આ તારી ચાલથી હું મોટાં મોટાં લોકો આગળ લજવાઇ મરૂંછ! બસ! મને તો જાણે ભોંયમાંજ ભરાઇ જવું પડેછ, મારૂં તો મોતજ થઇ જાયછ! હવે આખું ઓલ્દકેસલ જાણવા પામ્યુંછ કે મારા ભાઇ થતાને પેલી બુઢી લેડી ઓલ્દકેસલ સાથે કાંઇ ઘરાંપરાં છે, તે ઘાંખરી ઉપર તારી કાંઇ ખાટી મિઠ્ઠી નજર છે!"

સોલીસીતર સીગીન્સ પોતાની ઉપરનાં આ તોહમતથી લગાર કચવાઇ બોલ્યો, "મારી વાહાલી લેવીનિયા! પણ તે તો મારા ધંધાને લગતી બાબદને માટેજ મને એમ મળવુંજ પડેછ!"

"પણ તારાં કામનું કાંઇ નામબી હશેની?" બેહેને ભાઇ ઉપર તગાદો કીધો. "વળી કામબી એટલું બધું તે શું સાંતી ઢાંકી રાખવા જેવું છે કે પોતાની ગાય ગોલાબ જેવી ને શાન સલુકવાલી બેહેનથીબી તે છુપું રાખવાનું હોય? પણ હું એમ પુછું કે એવું તે શું ઓથા પરદાનું તે કામ છે કે બારણાં બંધ કરી તમો ફકત બંનેજ જણાં આખો વખત ઘુસ ઘુસ કર્યો કરોછ? એક પારકી ઓરત સાથે એવી એકાંતમાં વાત કરવી ને તેબી વળી બારણાં બંધ કરીને કરવી એ તે કઇ જાતનું કામ?"

"સબબ કે એમ કરવા વિના બીજો ઇલાજ હતોજ નહિ. ખુદ લેડી ઓલ્દકેસલનો તે હુકમ હતો, એટલે હું લાચાર હતો," સીગીન્સે બીહતાં બીહતાં પોતાનો બચાવ કીધો.

મીસ લેવીનિયા ખોફની મારી લાલચોળ થઇ બોલી, "ઘણું મજાનું! વાખરે! તેવણે કહ્યું અને તમોએ કીધું? નાહલ્લાં બચ્ચાંનેજ સમજાવવાની વાત તો! કેવું હસવા જેવું બાહનું! અરે! મારી અજાયબી એજ છે કે તું શરમાઇને નીચું જોવાને બદલે મને સામો આવો નફટાઇ ભરેલો જવાબ આપેછ?"

સીગીન્સ ચુપ રહ્યો. તે કાંઈ વધુ બોલી શકયો નહિ, કેમકે તે સારી પેઠે જાણતો હતો કે ડાકણને છેડવી અને તેની બેહેનને છેડવી બરાબર હતું. તોપણ તે એક સોલીસીતર હતો, એટલે પોતાની બેહેનને કાંઇક બે શબ્દો કહી સંભળાવવાને તેનું મન થોભ્યું નહિ. આથી થોડેકવારે તે કાંઇક હસતાં હસતાં બોલ્યો, "મારી વાહલી બેહેન! જયારે તું લેડી ઓલ્દકેસલને મળવા માટે મારી ઉપર આટલી શકમંદ બનીછ તો મને કેહની બેહેન કે લોર્ડ ઓલ્દકેસલને તું લંડનમાં મળી હતી અને તેની સાથ ગાડીમાં એકલી બેઠી હતી તેનું કેમ! લોકો તારે માટે ને લોર્ડ ઓલ્દકેસલ માટે કેહેરે મોહડાં શું ભાવે તેમ જેમ ગમેછ તેમ બોલેછ તેનું કેમ?"

ભાઇના આવા ઓચિંતા તાણાથી બેહેન ફીક્કી ફચ પડી ગઇ. તેણીએ શરૂઆતમાં તો પોતાના ભાઈ તરફ ડોલાના એવા તો મજબુત દાબથી જોયું કે સોલીસીતર મી૦ સીગીન્સ બે પળ ઘભરાઇ ગયો. મીસ લેવીનિયાને પોતાના ભાઇના તાણાથી ગુસ્સો તો ઘણોબી ચહડયો, પણ ખરી બનેલી બીનાને જુઠી પાડવાબી તેણીનામાં તાકાત હતી નહિ. તે મગરૂર બાનુ અભિમાનીથી બોલી ઉઠી :—

"મને લોર્ડ ઓલ્દકેસલ સાથે આટલી ધાડી ઓળખ છે તેથી તો તારે ઓર મગરૂર થવું જોઇયે. ઓલ્દકેસલનું લોક તો અદેખાઇનું માર્યું મારે માટે જે ગમે તે બોલે, પણ મને તેમની શી દરકાર છે? મને તો તે ઉમરાવ એટલો બધો તો ચાહેછ કે તે તો મારેથી એક પળવાર પણ છુટો પડવા માંગે નહિ, પણ એ તો હુંજ જાણે તે બાદશાહ જેવા ઉમરાવની દરકાર નહિ કરતી હોવું તેમ બનતાં સુધી દુર નાહસતી ફરૂંછ! સમજયો?"

પોતાની બેહેનને આટલી બધી હદ સુધીની અભિમાનીમાં અટવાતી જોઈ સીગીન્સને હસવું આવી ગયું અને તે તે જેમ તેમ દાબી ચાંપી બોલ્યો, "પણ બેહેન લેવીનિયા, લેડી ઓલ્દકેસલ જેટલી મને ચાહેછ તેટલો તો લોર્ડ ઓલ્દકેસલ તને ચાહતો નહિ હોય! અને તે તવંગર, અમીરી ખસલતની બાનુ મને એવી અજીત મોહબતથી ચાહેછ કે હું બસ ઠસજ થઈ જાઉછ! લેડી ઓલ્દકેસલ તો મારી ખીલતી ઉમેદનો તારો છે, મારી જવાનીના બાગનો કયારો છે!"

"ને મારો લોર્ડ ઓલ્દકેસલ મને કયાં થોડો પ્યારો છે? તેબી મારી જોબનુના બહારનો મિઠો ઝરો છે!" મીસ લેવીનિયા પોતાનું મોહડું મટમટાવી બોલી.

આ પછી તેણીને કાંઇ યાદ આવ્યું હોય તેમ ગુસ્સાથી પોતાની બેઠક ઉપરથી દડાની માફક ઉછળીને બોલી, "અરે મારા બેવકુફ ભાઇ! આખું ઓલ્દકેસલ છચોક બોલેછ કે આપણે આગળના કરતાં વધારે મોટા ભપકા સપકામાં રહીયેછ. વળી લોકોને મોહડે મેં એમબી સાંભળ્યુંછ કે જાણે આ મકાન આપણે ખાલી કરી જનાર છિયે ને બીજાં મોટાં મકાનમાં આપણે જઈ વસનાર છિયે. પણ મરવાના જેવું તો ત્યારે થાયછ કે લોકો જયારે એમ બોલેછ કે આપણો સઘળો ખરચ લેડી ઓલ્દકેસલ પોતાની ગીરોથી આપેછ!"

"એટલુંજ કે કાંઇ બીજુંબી? મારી વાહલી બેહેન! લોકો એમજ આપણે માટે કેહવું હોય તો આપણે તો સામું મગરૂર થવું જોઇયે કે લેડી ઓલ્દકેસલ જેવી મગરૂર ને તવંગર બાનુની આટલી બધી દિલસોજી આપણી તરફ છે."

"મગરૂર થવું જોઇયે? અરે! મારા ભાનભુલા ભાઇ! કેહે કે મરી જવું જોઇયે. હું તો મારા જેવીજ રંગીલી છબીલીને મારી ભોજાઇ તરીકે વધારે પસંદ કરૂં! લેડી ઓલ્દકેસલને મારા ભાઇની પરણેતર થયલી જોતાંજ હું તો ધુજીને મરી જાઉં જો!" મીસ સીગીન્સે કમકમાટથી ધુજીને જવાબ દીધો.

"હા, પણ લેડી ઓલ્દકેસલ છેકજ બુઢી કેહવાય નહિ. હું તો નહિ માનતો કે તે તારા કરતાં વધુ બુઢી હોય!"

થઈ ચુકયું! સીગીન્સ કાકાએ એવો તો આટો બાફયો કે જાણે આકાશમાં વાદળ ફાટવાનુંજ બાકી રહ્યું હોય! મીસ લેવીનિયાને તેણીનોજ ભાઇ બુઢી કહે એ તો હદજ થઇ. આથી તે મોહડું ચહડાવી બોલી, "સીગીન્સ! તારે શરમાવું

જોઇયે. હું કમલનાં ફુલ જેવી ખુબસુરત ને જવાન જમાન કુંવારી કન્યા છું ને લેડી ઓલ્ડકેસલ તો પરણેલી છે, મારા કરતાં મોટી વયની ઉમરના છોકરાઓની આએ થયલી છે. આવી બુઢીયા સાથે મને સરખાવવી એ જાણે દુનિયાની તમામ જવાન પરીસુરત બાનુઓનું ' લાઇબલ ' કરવા સમાન છે. ”

મીસ લેવીનિયાએ પોતાનું ભાશણ હજીબી આગલ ચલાવ્યું હતે, પણ તેણીનો ભાઇ લેડી ઓલ્ડકેસલને પરણવાની ધુંઇમાં અને ધુંઇમાં હાથ પગ અફાળતો તે ઓરડો છોડી ચાલી ગયો. તેની આવી ચાલથી મીસ લેવીનિયાને મોટું અપમાન લાગ્યું, અને આ અપમાનનો બદલો કેવી રીતે ચક્રવધિ વ્યાજ સાથે વાળી દેવો તેના ખ્યાલમાં તે બાનુ ગુલતાન બની.

બંને ભાઇ બેહેન અભિમાની અને અહંકારીનું ગોયા એક સ્વરૂપ રજુ કરતાં હતાં. તેઓને શી ખબર હતી કે મોત જાનનો ભક્ષ કરે છે, ક્રોધ દોલતનો આહાર કરે છે, કામ લજ્જાનો નાશ કરે છે, ઘડપણ રૂપનું હરણ કરે છે, પણ અભિમાન તો વગર મોતનું મરણ નિપજાવે છે. તેમને શી ખબર હતી કે જેઓ અહંકારની પીઠ ઉપર સવાર થાય છે તેઓ નામોશીનાં પગથીયાં નિચે કચડાયલાં રહે છે.

આપણે આગલાં પ્રકરણમાં જોઇ ગયા છિએ કે ગુમ થયલાં પેકેતની બીનાથી ભાઇએ પોતાની બેહેનને કાંઈક જાણીતી કીધી હતી, જેથી તે પક્કી બાનુ સારી રીતે સમજી ગઇ હતી કે તે પેકેત તેણીના ભાઇને કેટલું અગત્યનું હતું. આ પેકેત તે પોતે અગરજો છુપી રીતે એદેલીનને સપુરદ કરે તો તેણીએ સીગીન્સ ઉપર કેવું ઉમદા વેર લીધેલું કેહેવાય? વળી તે સ્ત્રી સમજી શકી હતી કે સીગીન્સ લેડી ઓલ્ડકેસલને વારંવાર મળતો હતો તેનો મુળ સબબ પણ એજ પેકેત હોવું જોઇયે. આથી તે તે પેકેત પોતાના ભાઇની કબાટમાંથી અધ્ધર ઉરાડી દેવાને તૈયાર થઇ.

તે એકજ ઠરાવથી ઉઠી. કબાતની ચાવી કયાં હતી, કબાતમાં તે પેકેત કયાં મુકવામાં આવ્યું હતું તે બીનાથી તે અંજાણ હતી નહિ. અરધા કલાકમાં તો મીસ લેવીનિયા પેલાં પેકેતને પોતાના હાથમાં લઇ બહાર નિકળી. સારાં નસીબે સીગીન્સ ઘરમાં હાજર હતો નહિ. તે બાહર નિકળી ગયો હતો.

લેવીનિયા પણ પેલાં પેકેત સાથે બાહેર નિકળી અને એક ભાડુતી ગાડીમાં દેન્સબરી એબી તરફનો રસ્તો લીધો. તેણીનો ચેહરો ખરેખર ગુલલાલાનાં ફુલની માફક ખીલી નિકળ્યો હતો, કેમકે તે એક ભલું કામ કરવા જતી હતી, હકદારને ઈનસાફ આપવા જતી હતી.

તે જયારે દેન્સબરી એબીમાં જઈ પુગી ત્યારે એદેલીન એકલીજ પોતાનાં મકાનનાં દીવાનખાનામાં બેઠેલી હતી.

“ મારી વાહલી મીસ રેન, હું તમારે માટે એક ઘણુંજ અગત્યનું પેકેત લઇ આવીછ, જેને બીચારી મરનાર અરસુલાના બેટા લાયન સાથે કાંઇ અતલગનો સંબંધ છે એમ હું માનુંછ! મને ખબર મલીછ કે અરસુલાનાં મરણના દીવસે એ પેકેત તમારા હાથમાં આવવા પામ્યું હતું, પણ તમોએ ભોળવાઇને એજ પેકેત મારા ભાઇને પાછું આપી દીધું હતું, પણ ત્યાર પછી કોણ જાણે શું બન્યુંછ કે તે આ પેકેત પોતાની પાસેથી ખસાડવા માંગતોજ નથી. માનવંત બાનુ! મારાં

અંતઃકરણે મને ડંખવાથી હું આ પેકેત મારા ભાઇની જાણ વિના તમારી પાસે લાવીછ. બાનુ! આ પેકેત સ્તોનબ્રીજનાં કેદખાનામાં કેદી લાયન પાસે મોકલી આપો તો મારી આટલી બધી જેહમત કાંઇબી ફળી એમ કેહવાય! આ પેકેતમાં શું લખેલું છે તે હું જાણતી નથી, પણ હું એટલું તો કહી શકુંછ કે એથી એક બહુજ અજબ જેવો ભેદ ખુલ્લો થવા વિના રહેશે નહિ."

મીસ લેવીનિયા સીગીન્સના જવા પછી એદેલીન કાંઇ નવી ઉલટ, નવીજ આશાં અને કાંઈ અજબ જેવા ઉત્સાહ સાથે સ્તોનબ્રીજ તરફ જવા માટે તૈયાર થઇ અને પોતાના માનીતા ઓસ્ત્રેલીયન ઘોડાની જોડીમાં બાહેર નિકળી પડી.

એક ભેદ.

રાતનો સમય હતો. હારબરો હોલ વાજી ગાજી રહયો હતો. ઝલકાટભરી રોશનીનું રાજ વ્યાપી રહ્યું હતું. તે યાદગાર રાતે દીપકના પુર બાહારમાં રોશન રોજનું રૂપ લીધું હતું. ખાનીપીની અને નાચ રંગ તે ભવ્ય મકાનની અંદર પોતાનો દોર ચલાવી રહયાં હતાં, ત્યારે બાહેર તેના બાગમાં રોશનીના પુર ઝમકાટ વચ્ચે લેડી ઓલ્દકેસલ હારબરો હોલની ઘર ધણીયાણી સાથે વાતમાં ગુલતાન બની બેઠી હતી. તે વાત શી હતી તે આપણે જોઇયે.

"મારી વાહલી લેડી ઓલ્દકેસલ! તમે શું તમારા એકપુરા બેટા જુલિયનને પરણવા માટે સમજાવી શકતાં નથી? આવા ઉચા ખેતાબ અને મોટી દોલત સાથનો અમીર તેની મોટી વયે પુગવા છતાં હજી કુંવારી જીંદગી ગુજારે એ તે કેવી અજાયબી? હું કેટલી બધી તાજુબ છું કે જુલિયન આવો સમજુ અને સ્યાનો જવાન થઇને પોતાની જવાનીના બાગને આ પ્રમાણે કચડી નાખેછ? લેડી ઓલ્દકેસલ! શું હજી તે પેલી નાકદર સેતમગર એદેલીનનેજ વળગી રહયોછ કે?"

લેડી હારબરોએ પોતાની અરધી ડજન બેટીઓ મધેથી કોઇએકની તોક જુલિયનને ગળે ઓળવવાની તજવીજ કીધી હતી, પણ કમનસીબે કહો યા સારાં નસીબે કહો, જુલિયને તે માન મોટા ઉપકાર સાથે ના પાડયું હતું. આથી તે અરધી ડજન બેટીઓની માવતર ઉપર પ્રમાણે જુલિયન માટે બખાલો કાહડે એ કેવળ સ્વભાવિક હતું.

"લેડી હારબરો! હું તે મુદલ જાણતી નથી. કેમકે આજનો જમાનો એવો છે કે દીકરાઓ પોતાને જન્મ આપનાર માતાઓ ઉપર પોતાની ભવિષ્યની ભાગ્યન શોધવાના સંબંધમાં કદાચજ ભરોસો મેલી સકેછ. વળી તે પોતે એટલો સમજુ છે કે પરણવું યા નહિ પરણવું એ મેં તેનાજ હાથમાં રહેવા દીધુંછ!" લેડી ઓલ્દકેસલે લેડી હારબરોની મતલબ જાણી લઈ છેવટનો છેડો છોડયો.

જોકે આ વાકય લેડી ઓલ્દકેસલ દેખીતી હિમ્મતથી બોલી હતી, પણ લેડી હારબરોએ જોઇ લીધું કે લેડી ઓલ્દકેસલના બોલવામાં ઘણો ઘબરાટ હતો. ઉપલું બોલતાં તેણીનો અવાજ ધ્રુજતો હતો. તેણીની આ લાગણી લેડી હારબરોએ આબાદ જોઈ લીધી. આથી તે બાનુ સેહજ દયાની લાગણીથી બોલી ઉઠી, "મારાં વાહલાં લેડી ઓલ્દકેસલ! હું જોઉંછ કે તમારા ચેહરામાં આસમાન જમીનનો ફર્ક પડયોછ. ગયે વરસે તમારા ચેહરા ઉપર જેવું તેજ હતું, તેવું આજે નથી.

હમણાં હમણાં તમારો ચેહરો ઘણોજ ફીક્કો અને ઉતરી ગયલો લાગેછ. મારે લોર્ડ ઓલ્દકેસલને કેહેવું પડશે કે જેથી તેઓ પોતાને જનમ આપનાર માવતરની વધુ ચાંપતી સંભાળ લેય!" આટલું બોલી તે તવંગર બાનુ મોટેથી હસી પડી, જેનો હાખલો લેડી ઓલ્દકેસલે જોકે બાહેરની ખુશાલીથી લીધો, પણ તેણીની સામે બેઠેલી લેડી હારબરોએ જોઇ લીધું કે તેણીનું હસવું અજબ તાણ તોડથી જન્મ પામ્યું હતું. એનું કારણ શું હતું? લેડી હારબરો સેહજ પણ ખ્યાલ કરી સકી નહિ, કે લેડી ઓલ્દકેસલ જેવી દરેક રીતે સુખી બાનુનો એવો તે શો ભેદ હતો કે જે દિલના ડંખ તરીકે યા સુખના શુળ તરીકે તેણીનાં અંતઃકરણને વિંધી નાખતો હતો!

પણ આ પળે તે બંને બાનુઓની પાછળનાં ઝાડો મોટાં જોશ સહિત ખડખડવા લાગ્યાં. જાણે કોઈ શખ્સ ભારે પગલાં સહિત તે ઝાડોને પોતાના પગ તળે દાબી કચડી નાખી તે ઉપરથી દોડતો તેમની તરફ ધસી આવતો હોય એવો અવાજ તે બંને બાનુના કાને પડયો.

રાત ચાંદરણી હતી. આકાશ ઉપરના તારાઓ તેમના તેજમંદ પ્રકાશમાં ખીલી રહ્યા હતા, જેમાં ભભુકદાર રોશનીનો ઉમેરો થવાથી તે રાતનો દેખાવ બહુજ દિલપઝીર લાગતો હતો. તે મોટા બાગનાં એક ખુણાંમાં તે બંને ઉમરાવ બાનુઓ બેઠી હતી. લેડી હારબરોએજ આ એકાંત જગા પસંદ કીધી હતી; કેમકે તેણીએ આજે રાતે એકાંતમાં જુલિયન માટે વાત છેડવાનોજ ઠરાવ કીધો હતો. આવા એકાંતવાસમાં પાછળથી કોઇના નાહસી આવવાના અવાજથી તે બંને બાનુ ચોંકી ઉઠી, અને તેઓ એક બીહામણા જેવા આકારને જોઇ બુમ પાડવાની તૈયારીમાં હતાં, તેટલામાં તે નાહસી આવનાર શખ્સ તેમની મતલબ પામી જઈ લેડી ઓલ્દકેસલને જોતાંજ પોકારી ઉઠયો:—

"માનવંત બાનુ લેડી ઓલ્દકેસલ મને બચાવો! ઇશ્વર ખાતર મને બચાવી લેઓ! તે ચંડાલોએ મારી પુઠ પકડીછ! તેઓ શિકારી કુતરાઓની માફક મારી પાછળ લાગ્યાછ! મને બચાવો! અરે! મને બચાવો!" આટલું બોલી તે શખ્સ જે કોઈજ નહિ, પણ જુલિયનનો હિન્દી નોકર ગંગાદીન હતો તે લેડી ઓલ્દકેસલની ખુરસીની પાછળ જેમ એક કુતરો ધાસ્તીનો માર્યો દુમમાં પુછડી દાબી સંતાઈ જાય તેવી રીતે ભરાઇ જઇ ત્યાં દબાઈ ચંપાઇને બેઠો.

"લેડી હારબરો, તમે કાંઈ ગભરાતાં ના. એ તો મારા જુલિયનનો ખાસ હિન્દી નોકર છે. ઘણો પ્રમાણીક છે, નેક છે, લાખમાં એક છે. એ શું કહેવા માંગેછ તે હું મુદલ સમજી સકતી નથી. તમે બેલાશક અંદર સિધારો. તમો ઘભરાઈ ગયલાં દીસોછ. હું એને થોડાક સવાલ કરી અંદર આવુંછ."

લેડી હારબરો ત્યાંથી ચાલી ગઈ અને લેડી ઓલ્દકેસલે તે બાનુના બસમાંથી ખલાસી મળવાથી છુટકારાનો દમ ખેંચ્યો. તે ગંગાદાસ તરફ જોઈ લગાર દમમાંજ બોલી, "ગંગાદાસ! એ શું છે કે? ચાલ, બાહર આવ! ને તારી આવી અજબ ચાલનો ખુલાસો કર!"

"નહિ, બાઈ! મને જરા અહિંજ મરવા દેઓ! મને થોડો વખત બેશુદ્ધ પડી રહેવા દેઓ!" ગંગાદાસે વધુ અને વધુ સંકોચાઈ બેસતાં જવાબ દીધો.

તેના આવા ભાંગા તુટા જવાબથી લેડી ઓલ્ડકેસલે વધુ અને વધુ ઉસ્કેરાઈ તેને બાહર નિકળવાને થથરાવનારા સાદે હુકમ કીધો.

પણ ગંગાદાસને તે થથરાવનારા સાદની થોડીજ દરકાર હતી. તે પોતાની જગા ઉપર વધુ ઉકડું ફુકડું થઈ બોલ્યો, "મારાં બાઈ મને જયાં સુધી વચન આપશે નહિ, ત્યાં સુધી ગંગાદાસ પોતાની જગોએથી એક કદમ પણ આગળ ભરશે નહિ."

"શાનું વચન?"

"મને બદમાશ ટુકડાખાઉઓથી બચાવવાનું!"

"અને હું તને બચાવી લેવા ના પાડું તો?"

"તો બીચારો ગંગાદાસ નાહસી નહિ જશે, પણ તમારો બેટો ફાંસી જરૂર જશે."

લેડી ઓલ્ડકેસલે લોહીનો ગોટ ગળી જવાબ દીધો, "ઠીક છે, ત્યારે મારૂં વચન હું તને આપુંછ."

લેડી ઓલ્ડકેસલે આ પ્રમાણે કોલ આપવાથી ગંગાદાસ પોતાની ભરાવાની જગોમાંથી બાહર નિકળી લેડી ઓલ્ડકેસલની સામે આવી ઉભો.

"બોલ! તું શું કહેછ? હવે તારા સઘળા ઢોંગ ધતુરા છોડી દે, અને તું શું કેહવા માગેછ તે સાફ સાફ બોલી દે!"

"લોર્ડ ઓલ્ડકેસલ પોતાનો ખોટો સોંગ છોડે તો બંદો પોતાનો ઢોંગ છોડે!"

ગંગાદાસનાં ઉપલાં બોલવાથી લેડી ઓલ્ડકેસલે ગુસ્સાની મારી પોતાની જીભ કરડી. તે કાંઈ બોલવા જતી હતી એટલામાં ગંગાદાસને પોતાના બાલ પીખતાં અને એદેલીનને શ્રાપો દેતાં સાંભળી ચુપજ ઉભી.

ગંગાદાસનો એકરાર.

"અરે! પેલી ચંડાળ એદેલીન ઉપર કાળી માતાનો શ્રાપ પડજો! હું કેટલાઓ ઉપર ફાવ્યો, કોઇથી નહિ હાર્યો, પણ આખરે એક ઓરતે મને હફાવ્યો. પણ ફિકર નહિ! ગોરી ચામડીની મગરૂર એદેલીન! તુંબી તો ખરો કે તારૂં લોહી રેડું ને તારો ભોગ હું કાળી માતાને આપું, નહિ તો મારૂં નામ ગંગાદાસ નહિ."

આટલું બોલી તે જે બાજુથી નાહસી આવી બાગમાં ભરાયો હતો તે તરફ પોતાના ડોળા તાણી તાણી જોવા લાગ્યો, કેમકે તેને મોટી ધારસ્તી હતી કે તેની પુઠ એવી તો મજબુત પકડવામાં આવી હતી કે અહિં પોતાને સપડાઇ જવાની મોટી ધાસ્તી હતી. તે ગોયા દીવાનો બાવરો બની ગયો હતો. તે એટલો બધો તો હાંફતો હતો કે જાણે લોહારની ધમણ ચાલુ થઇ ચુકી હતી.

રૂમાલમાં બાંધેલું પોખરાજ લેડી ઓલ્ડકેસલના હાથમાં આપી તે હાંફતો હુંફતોજ બોલી ઉઠયો, "લેવો બાનુ! આવેલો! એ મારી આખી જીંદગીની અનામત છે, મારાં કરતાં તે તમારી પાસે વધારે સલામત છે. એ એક બેકીમતી પોખરાજ છે. ભલે મારી પુઠે આવનારા કુતરાઓ મને પકડે, પણ આ પોખરાજ હું મરતાંબી તેઓના હાથમાં જવા દેવશ નહિ." આટલું બોલી વળી તે બાગની આસપાસ બીલાડીની માફક ટીકી ટીકી જોવા લાગ્યો.

"પણ એ કુતરાઓ છે કોણ? મને તારૂં બોલવું મુદ્દલ સમજ પડતું નથી," લેડી ઓલ્ડકેસલે ગંગાદાસને મોહડેથી એદેલીનનું નામ સાંભળતાંજ કાંઇ નવું જાણવાની જીજ્ઞાસાથી ગંગાદાસનો બરડો પસવારી સવાલ કીધો.

"મારી પુઠે લાગેલા કુતરાઓ તે પોલીસ છે, જેઓને પેલી ચંડાળ એદેલીને મારી પાછળ યાહોમ છોડી દીધા છે. અરે! તેની દોલત ઉપર આગ પડજો કારણ કે પોતાના પૈસાની મુસ્તાકી ઉપર તે ઓરત મને હેરાન કરેછ. વળી મારી જાતવાળો શ્રીનગરની પોલીસ તરફથી અહિં કુટી નિકળ્યોછ. તે શ્રીનગરનાં મંદિરમાંની દેવીનાં કપાળમાંથી પોખરાજ ચોરી લાવવાનો મારી ઉપર આરોપ મેલેછ. હું નામદાર લોર્ડ ઓલ્ડકેસલના કેહવાથી મારે વતન નાહસવાની તૈયારીમાં સ્ટેશન તરફ જતો હતો તેટલાંમાં તેઓએ મને ઘેર્યો ને હું જીવ લઇ આ તરફ નાહસી આવ્યો, પણ જગદેશ્વરની મારી ઉપર કેવી મેહરબાની કે મારાં ભલાં બાઈ મને અહિં મળી ગયાં!"

"પણ પોલીસે તને અહિં નાહસી આવતાં જોયોછ કે?" લેડી ઓલ્ડકેસલે સવાલ કીધો.

"હા! ને તેજ મારી મોટી ધાસ્તી છે તો! બાનુ, આ સઘળી મારી ઉપરની આફત કાંઇજ નહિ, પણ એદેલીનનો મારી ઉપરનો કીનો છે, કેમકે હું એક ભેદ એવો જાણુંછ કે જેથી તેણીનો વાહલો લાયન જરૂર ફાંસીને માચડે ચહડે! આથી તે બાનુએ મારી પાછળ પોલીસને લાંચ રૂશવત આપી તે કુતરાઓને એવા તો જોરમાં છોડી દીધાછ કે મારો હોશ ફરામોશ થઈ ગયોછ. હું ઘેલો દીવાનો બની ગયોછ! અરે! પણ સાંભળો! કાંઈ અવાજ મારા કાનને અથડેછ! તેઓ મને પોતાના પગ તળે કચડી નાખશે! બચાવો! બાનુ, મને બચાવો!"

લેડી ઓલ્ડકેસલે જોયું કે ગંગાદાસ બંધવા નીલ લાયન માટે જે કાંઇ જાણતો હતો તે એટલું તો અગત્યનું હોવું જોઇયે કે તેને પોલીસના હાથમાં જતો બચાવવાની તેણીની ફરજ હતી. કેમકે તેણીને તો બંધવા લાયન ઉપર વેર લેવાનુંજ હતું. તે બંદીખાનામાં સબડતો વટીક રહે એ તેણીને માટે માહ બુરૂં હતું. જયારથી તેણીએ જાણ્યું હતું કે લોર્ડ ઓલ્ડકેસલના એલકાબ ઉપર ખરો હક તો તેનોજ હતો ત્યારથી તે બાનુ બેચેન બની હતી. આથી જયારે તેણીએ ગંગાદાસને મોહડેથી જાણ્યું કે તે એક એવી ખબર ધરાવતો હતો કે જેથી બંધવો નીલ લાયન ફાંસી જવા વિના રહે નહિ ત્યારે તે પક્કી બાનુએ તે હિન્દી નોકરને બચાવી લેવામાંજ પોતાની અને પોતાનાં કુટુંબની સલામતી જોઇ લીધી.

તે પક્કી અને મગરૂર બાનુ પોલીસને અને લેડી હારબરો વટીકને થાપ આપી શકી. તેણીએ ગંગાદાસને પોતાની ગાડીમાં સંતાડી દીધો કે જયાં પોલીસ તેને છુપાયલો જાણેજ નહિ. આખરે પોલીસ તેને શોધી શોધીને થાકી અને પાછી ફરી. તેણીએ જે ખુલાસો કીધો તે એટલોજ હતો કે ગંગાદાસ બાગમાં દાખલ થયો હતો ખરો, પણ તેણીને જોઇને તે પાછો કયાં નાહસી ગયો હતો તે તેણી જાણતી હતી નહિ.

લેડી ઓલ્ડકેસલ જેવી તવંગર બાનુનો આ એકરાર પોલીસ નહિ માને એ બની શકેજ નહિ. પોલીસ પાછી ફરી ત્યારેજ લેડી ઓલ્ડકેસલનો ગોયા ગયલો જીવ પાછો આવ્યો. તે સ્ત્રીએ હારબરો હોલમાં થોબવામાં શ્યાણપણ જોયું નહિ. તે ઉઠી અને લેડી હારબરોને મળી ભેટી એકદમ બાહર પડી.

"ચાલ, હવે મને ખરૂં કેહ કે રૂમાલમાં બાંધી જે પોખરાજ તેં મને સ્વાધીન કીધું છ તે હું ચોરી લાયોછ તેથીજ પોલીસે તારી પુઠ પકડીછ કે?" ગાડીમાં બેઠા પછી અને ગાડી ધીમી ધીમીજ ચલાવવાનો હુકમ ઘોડાવાળાને કરવા પછી લેડી ઓલ્ડકેસલે બીકથી ભરાઇ ચંપાઇ બેઠેલા ગંગાદાસને સવાલ કીધો.

"નહિ બાનુ! એ પોખરાજ ગંગાદાસનું છે. એની એવી તો અજબ કરામત છે કે જેબી એનો માલેક હોય તે હર આફતથી સલામત છે. હમણુંબી હું એજ જવાહિરની બરકતથી સલામત રહેવા પામ્યોછ! હું એ પોખરાજ થોડોજ વખત સુધી તમારી પાસે રાખવા માંગુંછ. બંદા ઉપરનું ઘેરાયલું વાદળ એક વખત દફે થયું કે તરતજ બંદો તે પોતાના કબજામાં લેશે."

"વારૂં, એ તો ઠીક, પણ એદેલીન તારી ઉપર શા સારૂ કીનો રાખેછ?" લેડી ઓલ્ડકેસલે પોતાને જે જાણવાનું હતું તે જાણી લેવા માટે ધીરેથી સવાલ કીધો. આ સવાલનો ભરમ જાણવા માટે તો તેણીએ ગંગાદાસને સંતાડવાની જરૂર જોઇ હતી.

લેડી ઓલ્ડકેસલનો ઉપલો સવાલ સાંભળતાંજ ગંગાદાસની આંખોમાં કીનાનો આતશ પજરી નિકળ્યો. તે અજબ જેવી લાગણીથી પોતાની બાઇને માથાંથી પગ સુધી ટીકી ટીકી જોઇ બોલ્યો, "મારાં ભલાં બાનુ! ગરીબ ગંગાદાસ જાણેછ કે એદેલીનનો આશક નીલ લાયન તેણીના બાપ કરનલ રેનનો ખુની છે."

આ સાંભળતાંજ લેડી ઓલ્ડકેસલનો ચેહેરો ખીલી નિકળ્યો. તેણીને કાંઇ નવી હિમ્મત આવી. તેણીના કીનાનો અંગાર તેનાં પુર બળમાં રોશન થયો, અને તેણીની મરણ પામેલી ઉમેદ પાછી સજીવન થઇ. ગંગાદાસની જુબાનીથીજ નીલ લાયન જન્મભરનાં કેદખાનામાં પડયો હતો, તો કાં નહિ એજ સાક્ષીની ગવાહીથી તે જન્મભરનો કેદી ફાંસીને માચડે લટકવા પામે? આથી તે કીનાખોર બાનુ પોતાનાં મનમાં ખુશી થઈ બોલી, "પણ ગંગાદાસ, તું કેમ સાબેત કરી શકશે કે લાયન એદેલીનના બાપનો ખરોજ ખુની છે?"

ગંગાદાસ મોટેથી હસીને બોલ્યો. "બાનુ, ગંગાદાસ ઘણું જાણેછ! તમારો ગંગાદાસ એવી તો અચ્છી રીતે લાયનને ખુની તરીકે સાબેત કરશે કે જરૂર તે ફાંસી જશે. બાનુ! તે બંધવાના હાથ પોતાનાં શેઠનાં લોહીથી ખરડાયલા ગંગાદાસ આબાદ જોઈ શકેછ! જે પોખરાજ તમો બાનુને થોડા વખતને માટે બંદાએ સપુરદ કીધુંછ તેજ પોખરાજ લાયનને ખુની ઠરાવશે ને એજ તે ખુનીને ફાંસીને માચડેબી લટકાવશે."

આ વેળાએ ઓલ્ડકેસલ પાર્ક આવવાથી ગાડી ઉભી રહી અને બંને જણાંઓ ઘોડાવાળાઓ સિવાય બીજા કોઈની પણ નજર પડવા વિના ત્યાંથી છુટાં પડી ગયાં.

સીગીન્સ વેચાયો!

લેડી ઓલ્ડકેસલ પોતાનાં મકાનમાં દાખલ થઇ ત્યારે તેણીને ખબર મળી કે સોલીસીતર સીગીન્સ તેણીની રાહ જોતો દીવાનખાનામાં કયારનો બેઠો હતો. આટલી મોડી રાત વહી જવા છતાં સીગીન્સ ઘણાંજ અગત્યનાં કામ સિવાય બેસી રહે નહિ એવું માની લઇ તે બાનુ પાધરી દીવાનખાનામાંજ ગઇ. તેણીને જોતાંજ સીગીન્સ અરધા દીવાનાની માફક તે બાનુ તરફ તેણીના દરજ્જા કે દોલતનો ખ્યાલ કરવા વિના ધસી જઇ બોલ્યો:-

"લેડી ઓલ્ડકેસલ! તમે મારૂં પેલું પેકેત ચોર્યુંછ તે મેહરબાની કરી અબઘડી પાછું આપી દેઓ! નહિ તો હું તમોને પુછી શકશ! ચોરી કરવી તે શું કંઇ સારાં માણસનું કામ છે કે?

સીગીન્સે જોયું કે લેડી ઓલ્ડકેસલ પોતાની ઉપરના આ આરોપથી ઘભરાઇ ગયલી જણાઇ. તોપણ તે નિર્દોષ હોવાથી હિમ્મત રાખી બોલી:-

"શું મેં પેકેત ચોર્યુ? કયું પેકેત? મી૦ સીગીન્સ! જરા શુધ ઠેકાણે રાખીને વાત કરો! મારા જેવી ઓરત ઉપર આવો ગંભીર આરોપ મેલતાં તમારે શરમાવું જોઇયે." લેડી ઓલ્ડકેસલના આ પ્રમાણે સતી થવાથી સીગીન્સ કાકાનો મિજાજ હાથથી ગયો. તેના હાથમાંથી પેકેત ગુમ થવાથી તે બહુજ ઉસ્કેરાઇ ગયો હતો, કેમકે તેને એ પેકેત પાછું હાથ કરવાને કાંઇ થોડી મુસીબત ખમવી પડી હતી નહિ. આથી તેણે લેડી ઓલ્ડકેસલ ઉપર જબરો બખાળો કાહડયો પણ તેણીએ તે પેકેત લીધું હોય તો પોતાનો વાંક કબુલ કરે કેની?

સોલીસીતર સીગીન્સને ઉસ્કેરાવાનું વાજબી કારણ હતું, જે વાંચનારાંઓ સેહલથી સમજી શકશે. ખુદ લેડી ઓલ્ડકેસલબી સીગીન્સના ગુસ્સાનો સબબ સમજી શકતી હતી. આથી તેણીએ અનેક વાર ખાત્રી આપી હતી કે તેણીએ તે પેકેત લીધું હતું નહિ.

ત્યારે તે ગયું કયાં? અને લીધું કોણે? તે પેકેત ગુમ થવાથી જેટલો સીગીન્સને ગેરલાભ થવાનો હતો તે કરતાં ખુદ લેડી ઓલ્ડકેસલને પોતાને વધુ થનાર હોવાથી તો તે બાનુ પેકેત ગુમ થવાની ખબરથીજ સુની સાવજ જેવી બની ગઇ હતી. તેણીના આ ઘભરાટને સીગીન્સે જુદુંજ રૂપ આપ્યું હતું. તે શરૂઆતમાં એમજ સમજયો હતો કે તે બાનુની ચોરી પકડાઇ આવવાથી તે આટલી બધી હદ સુધી ગભરાઇ ગઇ હતી.

"અરે! મી૦ સીગીન્સ! મારૂં શું થશે? તે પેકેતના ગુમ થવાથી તો મોહકાણ વળી જશે. મારૂં સત્યાનાશ થઇ જશે. મી૦ સીગીન્સ! જે કોઇએબી તે પેકેત તારી કબાતમાંથી ચોર્યું હશે તેની નેમ મારૂં નખોદ વાળવાનીજ હશે! ઓ! ખોદા! ખોદા! હવે મારૂં શું થશે?" આટલું બોલી તે કમબખ્ત સ્ત્રી છેકજ નિસોસ બની પાસેની બેઠક ઉપર ફસડાઇ પડી.

હવેજ સીગીન્સને લાગ્યું કે લેડી ઓલ્ડકેસલ નિર્દોષ હતી. તેણીએ તે પેકેત ચોર્યું હોય તેમ લાગતું હતું નહિ. આથી તેને તેણીની ઉપર મુકેલા ખોટા આરોપથી મોટો પસતાવો થયો. ઓર તે કમબખ્ત બાનુ માટે તેને બહુજ લાગી આવ્યું.

થોડીક પળ પછી તે બોલી, "મી૦ સીગીન્સ! તે પેકેતને હાથ કરવાને એક પણ તક ગુમાવવી જોઇતી નથી, યા કાંઇ પણ પૈસો ખરચવાની વાણુ કરવી જોઇતી નથી. એ માટે પોલીસને તરત ખબર આપવી જોઇયેછ."

પણ પોલીસને ખબર આપવાની બીના પક્કા સીગીન્સનાં ધ્યાનમાં ઉતરવા પામી નહિ. તેણે સમજ પાડી કે એ પેકેતનો પત્તો ગુપચુપ છુપી રીતેજ મેળવવો જોઇયે છ, નહિ તો કાલનો દુકાળ આજે પડશે.

"બાનુ લેડી ઓલ્ડકેસલ! હું ઘણોજ દલગીર છું કે પેકેત ગુમ થવાના ગમમાં અને ગમમાં મેં તમોને નાહક સતાવ્યાં! હું તે માટે તમારી માફી માંગુંછ!" સીગીન્સે કાંગલો કુંગલો થઈ રદમસ ચેહરે લેડી ઓલ્ડકેસલને કહ્યું. આ પછી તેણે આગળ ચલાવ્યું, "મારાં પ્યારાં—"

સીગીન્સ આગળ બોલી શકયો નહિ, કેમકે લેડી ઓલ્ડકેસલ જેવી સ્ત્રીને 'મારાં પ્યારાં'નો એલકાબ આપતાં અપાઈ તો ગયો, પણ આવી રીતે બોલવાનો તેને મુદલ હક હતો નહિ. આથી તે આગળ બોલતાં અટકી જાય એ સ્વભાવિકજ હતું. પણ તેનું અટકવું તે તવંગર બાનુને ગમ્યું નહિ. તેણીએ સીગીન્સનો હાથ ઘણુંજ દેખીતાં હેતથી પકડયો અને નખરાંથી હસીનેજ બોલી:—

"બોલ! સીગીન્સ બોલ! તું મને પ્યારી કેહ તે સાંભળતાં મારાં પેટમાં થંડક પડેછ! તારી શીરીન જબાનનું મિઠું મિઠું બોલવું મને એટલું તો ગમેછ કે જાણે તે અન પાણી વગર સાંભળ્યાજ કરૂં! જો! તું મને 'મારી વાહલી,' 'મારી પ્યારી'ના ગળ્યા ગળ્યા સખુનોથી બોલાવશે તો હું ઘણીજ ખુશી થવશ.! કેમ ખરૂં કેની, મારા પ્યારા સીગીન્સ!"

લેડી ઓલ્ડકેસલની આજની મેહરબાની સીગીન્સ માટે હદથી જયાદા હતી. તે મતલબી ઓરતની ચાપલુસી ભરેલી જબાનથી તે બિલકુલ અંજાઇ ગયો. જાણે તે બાનુની આટલી બધી પ્રીતિનો ભાર તે ઉપાડી શકયોજ નહિ. તેનામાં તેમ કરવાની તાકાત હતીજ નહિ, તેટલી લાયકાત હતીજ નહિ. તે મગરૂર બાનુના આવા ગળ્યા ગળ્યા સખુનોના રંગથી તે ડંગજ થઇ ગયો. તેણે આટલી બધી મેહરબાનીની આશા લેડી ઓલ્ડકેસલ જેવી તુમાખી અને તવંગર સ્ત્રી તરફથી કદી પણ રાખેલી નહિ હોવાથી સીગીન્સ કાકાબી પોતાની હાલત ભુલી ગયા અને દેડકાની માફક ફુલી ગયા. તે કાંઇ વાંકો ટીકો થઈ બોલવા જતો હતો એટલામાં લેડી ઓલ્ડકેસલને બોલતી સાંભળી ચુપજ રહ્યો.

"મારા પ્યારા મી૦ સીગીન્સ! તમોને મારા સંબંધનાં પેકેત માટે આટલી બધી ચિંતામાં રહેવું પડે તે માટે હું ઘણીજ, ઘણીજ દલગીર છેઉં. તમોએ આ પેકેતના સંબંધમાં જે કાંઇ કીધુંછ તે માટે હું તમારી હંમેશાની બેહદ આભારી છેઉં, અને પૈસા ઉપરાંત મારી તરફથી તમોને જેબી કાંઇ માંગવું હોય તે બેધાશક માંગજો! તમે જેબી કાંઇ માંગશો તે હું તમોને બેધડક સપુરદ કરી દેવશ! મારો જાનબી, મારા પ્યારા મી૦ સીગીન્સ તમારે માટે હાજર છે."

આ તો હવે હદ થઇ! સીગીન્સ જેવા માટે આ તો હદથી જયાદા હતું! તે ફુલણજીને લાગ્યું કે લેડી ઓલ્ડકેસલનાં પ્યારભર્યાં વચનોથી તેનું પેટ ઓર ફાટી જવાનું. તે સમજી શકયો નહિ કે તે પોતે ઉંઘતો હતો કે જાગતો હતો કે આ લેડી ઓલ્ડકેસલ ક્યાનીજ હતી કે કાંઈ અજબ સંજોગે દીવાની બની હતી કે

"મારા જાન કરતાં વાહલાં લેડી ઓલ્ડકેસલ! તમારી ઉપર સદકે મારોબી જાન છે, બંદો તમારોજ ગોલામ છે. બાનુ, બંદોબી જયાં તક દમમાં દમ છે ત્યાં સુધી થાંભલાની માફક તમારી મદદે ઉભો રહેવા તૈયાર છે. બોલો! શો હુકમ છે?"

લેડી ઓલ્ડકેસલનેબી એવુંજ જોઈતું હતું. આ તો દર્દીને ભાવતુંજ વેદે ફરમાવવા મુજબ ઠર્યું. તેણીએ સીગીન્સનો ધ્રુજતો હાથ પોતાના હાથમાં લીધો અને તે એવાં તો દેખીતાં હેતથી ચાંપ્યો કે સીગીન્સે તો તે પળે પોતાને બેહેશ્તમાંજ પુગી ચુકેલો માની લીધો.

"મારા જીગર જાન સીગીન્સ! મારાં દિલમાં એકજ વાત ઘોળાયા કરેછ અને તે મારા મરહુમ ખાવિન્દના ભાગ્યા કરનલ રેનનું મોત છે. એ મોતના સંબંધમાં મારા કાને એક એવી તો પક્કે પાયેની વાત આવીછ કે તમો પ્યારાની મેહરબાનીભરી મદદથી જરૂર આપણે કરનલ રેનના ખુનીને પકડી પાડીશું ને તેને ત્રણ લાકડે લટકાવીબી દઇશું."

સોલીસીતર સીગીન્સને મુંગો બેઠેલો જોઇ તે ઠગારી બાનુએ આગળ ચલાવ્યું, "કરનલ રેનનું ખુન થયું ત્યારેજ ઘણાઓનો શક એજ બંધવા ઉપર હતો, પણ મારા હંમેશના ભોળા, ભલા ને ઉદાર ખવાસથી મેં તે માન્યું નહિ. વળી તે અરસામાં એદેલીન રેને તે ઠગારા ચંડાળ ઉપર પોતાનું જીગર ખોહી દીધું હતું. પણ તે પછીથી તેના બાબમાં એવા ગંભીર બનાવો બનવા પામ્યા હતા કે મને તેને માટે કાંઇક શક ઉપજયો હતો ખરો, પણ તે જાહેર કરવાની મારી જબાન ચાલી શકી નહિ, પણ આજે મને જે ખબર મળીછ તે એટલી તો પક્કે પાયેની છે કે હું કસમ ખાઇ કહુંછ કે જે બેટીને ચાહવાનો તે બંધવો દાવો કરેછ તેજ બેટીના બાપ કરનલ રેનનાં લોહીમાં તે ચંડાળના હાથ ખરડાયલા છે."

સીગીન્સ લેડી ઓલ્ડકેસલને આટલા બધા ભાર સાથે બોલતાં સાંભળી ચોંકયો. તે પોતાની મુછ ઉપર તાવ દઇ બોલ્યો, "હા! પણ બાનુ! તમો ભુલી જતાં જણાવોછ કે કરનલ રેનની લાસ ઉપર કારોનરની જુરી ભરવામાં આવી હતી અને તે જુરીએ તો એવો ઠરો—"

સીગીન્સનાં બોલવાની મતલબ જાણી લઇ તેને તુરત આગળ બોલતો અટકાવી લેડી ઓલ્ડકેસલ બોલી ઉઠી, "તેથી શું થયું? જુરીએ પોતાની તપાસ ચલાવવામાં ભુલ કીધી તેથી તે બંધવો ખુની નથી એમ ઠરતું નથી. એક વખત તો તે ફાંસીને માંચડે જતો એદેલીનના પૈસાનાં જોરે બચી ગયોછ, પણ તે પૈસા હવે તેને બચાવી શકનાર નથી. બસ આ બાબદમાં તો તમોએ કાંઈ ઉલટ પકડવી જોઇએ છે, અને બધો કેસ તમારી હુશ્યારીથી બરાબર ઘડવો જોઇએ છે."

આ વેળાએ ફતેહનાં કીરણો તે કપટી બાનુની બંને આંખ્યોમાં ઝળકી રહ્યાં હતાં, પણ સીગીન્સ જુદાજ ખ્યાલમાં હતો. તે ડોકું ધુણાવી બોલ્યો, "તમે અને આખું ઓલ્ડકેસલ ગમે તે બોલે પણ હું માનતો નથી કે કરનલ રેનનો ખુની બંધવો નીલ લાયન હોય!"

આ વેળાએ સીગીન્સની મોટી અજાયબી અને ખુશાલી વચ્ચે લેડી ઓલ્ડકેસલ પોતાની પંકતીનો કાંઈ પણ ખ્યાલ કીધા વિના તેનાં ખભાં ઉપર પડી હસી બોલી, "અરે! મારાં જીગર સીગીન્સ! તું કેવા ઉમરાવ દિલનો છે! તું જેવો

ા, ભોળો છે તેવોજ તું બીજાઓનેબી માનેછ. તું બેશક પાક છે, નેક છે,
બો નેકમાં તું એક છે. સીગીન્સ! તું એમ ના સમજતો કે હું તારી ખોટી
ામત કરૂંછ. તું દરેક રીતે પ્યાર કરવા લાયકજ જવાન છે. લોર્ડ ઓલ્ડકેસલ-
મોત પછી મેં તને જયારથી જોયો ને જોયો ને બસ મેં મારો ડોળોજ તારામાં
લો! અને તેથી એક બંધવાને ખુની તરીકે જાહેર કરવાનું માહભારત કામ હું
રા જેવા મારા પ્યારાને નહિ સોંપું તો કોણુને સોંપું? સીગીન્સ! મારા વાહલા
ગીન્સ! તું નીલ લાયનને ખુની ઠરાવવામાં મને મદદ કરશે તો તું જે મારી
સે માંગશે તે સેહજબી આનાકાની વગર હું તારા પગ આગળ મેલશ."

થઇ ચુકયું! બસ હદજ થઇ! સીગીન્સે પોતાની ઉપરનાં આ હેસાનના
લામાં કાંઇ ભાગા તુટા શબ્દોમાં બોલવાની કોશેશ કીધી, પણ સઘળું ફોકટ!
ઓલ્ડકેસલની મોહબતે તેનાં ભેજાં ઉપર એવી તો હદથી જયાદા અસર
ી હતી કે તે બિલકુલ બેજબાન બની ગયો. તે જોકે કાંઇ બોલી શકયો નહિ
તે પોતાનાં મનમાં તો સમજી ગયો કે લેડી ઓલ્ડકેસલ તેની ઉપર ખરેખર
ાની બની હતી. વળી તે તવંગર અને તુમાખી બાનુ એવા તો પ્યારથી હસ્તી
ી કે સીગીન્સ તો ગોયા કાંઇ જાદુઇ બંધમાં બસ ગિરફતારજ બની ગયો હતો.

તેને આવી રીતે હીગમુઢ જેવો બની બેઠેલો જોઇ પછી લેડી ઓલ્ડકેસલે
ગળ ચલાવ્યું, "મારા પ્રાણપ્રિય સીગીન્સ! અગરજો તું આટલું મારૂં કામ
આપશે તો હું તને ખજાનાથી માલામાલ કરશ, એટલુંજ નહિ પણ તારાં
મ સાથે ખેતાબ પણ જોડાવશ."

લેડી ઓલ્ડકેસલના સખુન સાંભળતાંજ સીગીન્સથી હસી પડાયું. એક જાતની
ાલી તેનાં આખાં તનબદનમાં વિજળીની પેઠે ફરી વળી. કેમકે તેણે જોયું કે
ડ઼ે ઓલ્ડકેસલની તવંગર વિધવાનો તે ખાવિન્દ બનવાથી તેની બેહેન મીસ
ોનિયા જરૂર ખશીયાળી પડી જવાની.

લેડી ઓલ્ડકેસલે સીગીન્સ કાકાને પોતાનાં સ્ત્રી ચરિત્રથી એવો તો આંજી
ખ્યો કે તે ફુલણજી બની ગયો અને પોતાનો સેહજબી કામ ધંધો હોય તે
ી દઇ નીલ લાયનને ખુની ઠરાવવાની સાબેતીની શોધમાં ખાઇપીને મંડયો.
ખર સીગીન્સ પોતાની ગમે તેટલી હુશિયારી છતાં તે દાવપેચવાળી સ્ત્રીના
ા ઉપર ઠગાયો, વેચાયો.

લેડી ઓલ્ડકેસલ અને એદેલીન વચ્ચે લડત.

સીગીન્સ કાકાએ મદદ આપવાનું કબુલ કરવાથી લેડી ઓલ્ડકેસલ ફુલાઈ ગઈ
ી, ત્યારે રોઝામન્ડ ફલોય પોતાની ઉપરની આફતથી છેકજ ચુમઈ ગઈ હતી.
ીલીન રેનની ગમે તેટલી કાળજી અને પૈસાની બરબાદી છતાં રોઝામન્ડનો વાહલો
ાપુરો બેટો હેવી મળી શકયો હતો નહિ યા તે નિર્દોષ બાળકની ભાળ વટીક
ી શકી હતી નહિ. તે બાળકની દુખી માતા માટે આ કાંઇ થોડી કમનસીબી
નહિ. એદેલીન રેન તે દુખી અબળાને ઘણીજ મદદગાર થઈ પડી હતી, તે
ાં સુધી કે તે તાલેવંત અને સદગુણી બાનુની એવી મદદ તેણીને અગર
ાવા પામી નહિ હોત તો તે કયારની પોતાને પેદા કરનાર બાપની દરગાહમાં

પુગી પણ ચુકી હોત. તેણી હજી જોકે જીવતી હતી, પણ પોતાના વાહલા બેટા હેમીને એકવાર ફરીથી પોતાની છાતીએ દાબવાની તગરમાંજ જીવતી હતી.

નીલ લાયનની માતા અરસુલાનાં મરણ પછી તેણીના સાચ્ચા આશક વિલીએ તેણીને પોતાનાં મકાનમાં પોતાની બેહેન સાથે આવી વસવાની ઘણીબી બોહોંસ કીધી. પણ તે દુખી બાનુએ ના થી હા કહ્યું નહિ. તેણીએ વિલીની માંગણી મોટા ઉપકાર સાથે ના પાડી હતી જેથી તે લાચાર બની ગયો હતો, છતાં તે દુરથીબી રોઝામન્દની પાસબાની કરતો રહ્યો હતો.

એદેલીને પણ રોઝામન્દને પોતાનાં દેન્સબરી ઍબીનાં મકાનમાં આવી રહેવાને સમજાવી હતી, પણ તેણીને પણ તેણે નાજ પાડી હતી. એદેલીન જેટલી પોતાની ઉપરની આફતથી દુખી હતી તે કરતાં વધુ તે પોતાની વડી બેહેન દોરા ઉપરનાં દુખથી દીવાની બની ગઈ હતી. આપણે જોઇ ગયા તેમ દોરા પોતાના વાહલા ખાવિંદ સાથે ઓસ્ટ્રેલિયા ખાતે ઉપડી જવાને અનેકવાર તૈયારી કરી ચુકી હતી, પણ ઓલ્દકેસલમાં પોતાની પાછળ દુખોના ડુંગર અને આફતની આગ પજરતી મુકી તેણીને તે શેહેર છોડી જવાનું મન થયું નહિ.

હવે આપણે જુલિયન તરફ જરા નજર ફેરવ્યે. તેને ઓલ્દકેસલની એકાંત અને ઉજ્જડ જગા ઉપર આવેલાં એક હોતેલમાં લુસી આગળ હસતો રમતો દાખલ થતાં આપણે છેલ્લાં જોઈ ગયાં છિએ. તેને સ્વપનેબી ખ્યાલ હતો નહિ કે તેની પડોસનાજ ઓરડામાં લુસીનો બાપ અને તેણીના હાથનો ઉમેદવાર લ્યુક છુપાયલા હતા. લુસી બડી ઠાવકી હતી; તે પોતાના બાપ જેવીજ ચંચળ મગજની હતી. તેણીએ તરત શોધી કાહડયું કે તેણીની ધાસ્તી ખરી હતી અને તેણીના બાપ અને લ્યુકે જુલિયનના દગા માટે જે કાંઇ જણાવ્યું હતું તેમાં બિલકુલ સચ્ચાઇ હતી. જુલિયન તેણીને ઠગવા જતાં પોતેજ તે ઓરતના હાથ ઉપર હવે વેચાયો, ઠગાયો. તેણે નભરવસપણે દારૂ ધુમ પીધો, અને તે દારૂમાં લુસીએ તેણીના બાપે આપેલી સફેદ ભુકી ભેળવાથી જુલિયન એકવાર ફરીથી છટકાંમાં સપડાયો અને આવી રીતે તે બારદો ભાઇનો એકવાર ફરીથી કેદી બન્યો. બારદોની ગાડી તૈયારજ હતી. તેમાં જુલિયનને વગર દયાએ ફેંકવામાં આવ્યો અને તે ગાડીએ રોધરતન બાણીનો રસ્તો ઝડપથી લીધો. જુલિયન લુસીને દગો દેવા ગયો પણ તે પોતેજ દગાનો ભોગ થઇ પડયો, અને બારદો ભાઇઓનો કેદી બન્યો, જે પછી શું થયું તે આપણે હવે પછી જોઇશું.

એદેલીન અને દોરા જુલિયનના એકાએક ફુટી નિકળવાથી જેટલાં અજબ થયાં હતાં, તેટલાંજ તેનાં એકાએક ગુમ થવાથી થયાં. તેમને સમજ નહિ પડી કે એદેલીને લગન પછી અકેકનું મોહડું નહિ જોવાની શરતે તેની સાથે પરણવાનું કબુલવા છતાં તે કયાં ગેબ થઇ ગયો હતો ?

આપણે સીગીન્સ કાકાની કબાટમાંથી પેલું ભેદી પેકેત ગુમ થવાની બીનાથી અત્યાર આગમચનાં જાણીતાં થઈ ચુકયાં છિએ. આ પેકેત કયાં ગુમ થયું હતું તે શોધી કાહડવાને લેડી ઓલ્દકેસલે સીગીન્સને હેત પ્રિતના સખુનોથી તાકીદ કીધેલી હોવાથી તે ખાઈ પીને પહેલાં તેજ કામ પાછળ મંડયો અને મોટી રકમનો ધુમાડો કરી તેણે એટલું તો શોધી કાહડયું કે તે ગુમ થયલું પેકેત એદેલીન રૈનના હાથમાં સલામત હતું. પોતાની આ ફતેહની બીના ઘણીજ મગરૂરીથી એક ખાનગી પત્ર મારફતે તેણે લેડી ઓલ્દકેસલને જણાવી.

આ ખાનગી અને અગત્યનો પત્ર મળતાંજ લેડી ઓલ્ડકેસલે પોતાની ગાડી તૈયાર કરવાનો પોતાના નોકરને હુકમ આપ્યો. તે ગાડીમાં બેઠી અને તે હેન્સબરી ઍબી તરફ હંકારવાનો હુકમ કીધો.

હેન્સબરી ઍબીમાં તે દાખલ થઈ ત્યારે સાંજનો વખત થવા આવ્યો હતો. સારાં નસીબે એદેલીન ઘરમાંજ હતી. તે તે મગરૂર બાનુને જોઇ સેહજબી અજબ થવા વિના ખુશી થઈ અને તેણીને તેણીના દરજ્જા માફક આવકાર દીધો. તેણીએ એદેલીન સાથેજ રાતનું ખાણું લીધું અને ખાણું લીધા પછી તેણીએ રાતનો પડાવ ત્યાંજ નાખવાનો વિચાર કીધો. એમ કરવાની એદેલીને બોહોંસ કીધી અને જેવું દરદીને ભાવતું હતું તેવુંજ વૈદે ફરમાવાથી લેડી ઓલ્ડકેસલ તે રાત હેન્સબરી ઍબીમાંજ તોડી પાડવા તૈયાર થઈ.

હેન્સબરી ઍબીમાં એક ચોકસ ઓરડો લેડી ઓલ્ડકેસલ માટેજ અલાહેદો રાખેલો હતો જયાં તેણીને આરામ કરવા જણાવવામાં આવ્યું. લેડી ઓલ્ડકેસલ બીછાના ઉપર પડી તો ખરી, પણ તેણીને આરામ મળ્યોજ નહિ. તે આરામ લેવા એદેલીનનાં મકાનમાં આવી હતીજ નહિ. ત્યાં આવવાને તેણીનો સબબ જુદોજ હતો.

મધ્ય રાતે એક વાગેના સુમારે તે બાનુ પોતાનાં બીછાના ઉપરથી ઉઠી અને ચાવી આપેલાં એક પુતળાંની માફક તે એદેલીન રેનના ઓરડા તરફ ચાલી જયાં તે સદગુણી બાનુ પોતાની ઉપરનાં ગમે તેટલાં દુખ છતાં સંતોષની નિંદમાં ચકચુર બની ગઇ હતી; કારણકે તે બાનુ સદા કેહતી હતી કે સત્ય ગયું તો સર્વે ગયું, જે સત્યથી વેગળો છે તે ગમે તેટલો બળવાન છતાં પણ કમજોર છે, દોલતમંદ છતાં પણ નિર્ધન છે અને ગમે તેટલો ડાહ્યો છતાં પણ મુર્ખ છે. એદેલીન તો સદા એમજ માનતી હતી કે જે સત્ય ધર્મથી ચાલે છે તે કદાચ આફતમાંબી આવી પડે તોપણ તેણે નિતી છોડવી નહિ, કાંકે આગથી બળેલાને પાણીજ થંડો કરે છે.

લેડી ઓલ્ડકેસલ એદેલીનના ઓરડામાં દાખલ થઈ તે વેળાએ તેણીના પગો બીક અને ધસક ધ્રુજારાને લીધે થરથર કાંપતા હતા, અને તેણીનો ચેહરો બિલકુલ ઉજળો વાખ બની ગયો હતો. તે તવંગર બાનુ પાપી વિચારોથી દોરવાઇ મીસ રેનના સુવાના ઓરડામાં દાખલ થઇ તો ખરી, પણ હવે કરવું શું તે તેણીને સુજ પડયું નહિ. જે પેકેત સોલીસીતર સીગીન્સે એદેલીનના કબજામાં હોવાની તેણીને ખબર પુગાડી હતી તે પેકેત પોતાને હાથ કરવાને તે લુચ્ચી ઓરત એદેલીનના સુવાના ઓરડા સુધી ચાલી ચલાવીઃછુપાઇથી ઘુસી આવી હતી. તે મગરૂર, તુમાખી બાનુ એટલું તો જાણી શકી હતી કે એદેલીન તે પેકેતને પોતાના જાન કરતાં પણ વધુ વાહલથી સાચવી રાખતી હતી. આથી તેણીએ જે કાંઈ અટકળ કીધી તે એ હતી કે તે પેકેત રાતે આરામ લેતી વેળા તે બાનુ પોતાના તકિયા હેઠળ રાખતી હોવી જોઇયે. આથી તેણીની ચગોર ચશ્મો પહેલાં તેજ તરફ દોડી, અને ઘણીજ સંભાળથી તેણીએ તે જગોએ ટંટોસવા માંડયું.

આ વેળાએ એદેલીન સારાં નસીબે અરધી જાગૃત હાલતમાં હતી. તેણીને લાગ્યું કે પોતાનાં માથાં તળેનો તકિયો સેહજ હિલ્યો હતો. પણ તે બાનુ અરધી ઉંઘમાં પડેલી હોવાથી ખ્યાલ સિવાય તેણીને બીજો કશો બુરો ખ્યાલ આવી શકયો નહિ. તે તરતજ પાછી શાંત થવાથી લેડી ઓલ્ડકેસલે પાછી શોધ ચાલુ કીધી, જેમ કરતાં તે પાપી સ્રીનો હાથ એદેલીનના નિર્દોષ હાથને લાગવાથી તે ભલી બાનુ એકદમ ચોંકી ઉઠી.

ઓરડામાં બતીનું નામ હતું નહિ; કેમકે લેડી ઓલ્ડકેસલે ત્યાં દાખલ થતાં પેહલું જે કામ કીધું તે તે ઓરડામાંની બતી બુજવી નાખવાનું હતું; તોપણ ઓરડામાં ચાંદરણાની રોશની એટલી બધી તો પુરતી પડતી હતી કે મામલો શું હતો તે એકજ પળમાં જોઇ લેતાં તેણીને મુશ્કેલી લાગી નહિ.

જે પળથી મીસ લેવીનિયા સીગીન્સે તેણીના કબજામાં ગુમ થયલું પેકેત આપ્યું તે પળથી તેને તેણીએ દિવસને વખતે પોતાની છાતી સાથેજ બાંધી રાખ્યું હતું અને રાત્રીની સમયે તે પોતાનાં બીછાના ઉપરના તકિયા હેઠળ સંભાળથી રાખતી હતી. તે પેકેતને આવી રીતે ચોરાયલું એદેલીન કેમ જોઇ શકે? તેણીએ તરતજ પોતાનાં વાહલાં પેકેતના ચોર તરીકે લેડી ઓલ્ડકેસલને ઓળખી કાહડી. લેડી ઓલ્ડકેસલ પેકેત પોતાના હાથમાં આવેલું જોતાં પાછલે પગે સટકી જતી હતી તેજ પળે એદેલીન એક ધીમી ચીચીઆરી પાડી ઉઠી અને દોડીને લેડી ઓલ્ડકેસલનો હાથ પકડી બોલી:—

"લેડી ઓલ્ડકેસલ! ખોદાને ખાતર મને મારૂં પેકેત આપો! નહિ તો—"

એદેલીન આગળ બોલવા પામી નહિ. તેણીએ એદેલીનની કાંઇ પણ દેહેશત વિના, યા કાંઇ પણ આગલો પાછલો ખ્યાલ કરવા વિના ડાબો હાથ ઉંચકયો અને તે હાથની એક મજબુત મુક્કી એદેલીનના જમણા ગાલ ઉપર વગર દયાએ લગાવી કાહડી. એદેલીન લેડી ઓલ્ડકેસલની પોતાની તરફની આવી વર્તણુક જોઇ બહુજ રડમસ જેવી થઇ ગઇ. શું લેડી ઓલ્ડકેસલ દીવાની બની ગઇ હતી? પણ તે પેકેત મેળવવાને એદેલીન ઓછી દીવાની નહિ બની હતી. તે નાજુક બાનુબી હવે જીવ ઉપર આવી તેણીના હાથમાંથી તે પેકેત પોતાના કબજામાં પાછું લેવાને સખ્ત લડત ચલાવી રહી હતી.

"પણ એ પેકેત કાંઇ જેમ મારૂં નથી તેમ તારૂંબી નથી. એ ઉપર કાંઇ તારૂં નામ નથી," લેડી ઓલ્ડકેસલ તે પેકેત પોતાના હાથમાંથી નહિ છોડવાની કોશેશ કરતી બોલી.

એદેલીન વાઘનની માફક ડોળા કકડાવી બોલી, "હા, હું કબુલ કરૂંછ કે એ ઉપર મારૂં નામ નથી, પણ એની ઉપર તે ધણીનું નામ છે, જે મારો હકદાર ખાવિંદ થવાનો છે."

એદેલીનનો આ છેલ્લો વાકય સાંભળતાંજ જાણે લેડી ઓલ્ડકેસલનો હોશ ફરામોશ થઇ ગયો હોય તેમ તે સુની સાવજ જેવી બની જઇ બોલી, "ઓ ખોદા! ત્યારે શું તું હજી તે ખુનીને ચાહેછ કે? જુલિયનને આપેલી તારી કબુલાત પછી હું તો એમજ માનતી હતી કે તે ચંડાલને તું હવે ધિક્કારેછ અને હવે તો મારા વાહલા બેટા જુલિયનનેજ ચાહેછ."

એદેલીન તુચ્છકારથી સેહજ હસી પડી. લેડી ઓલ્ડકેસલનું બદચલણ તે ભુલી જઇ બોલી, "લેડી ઓલ્ડકેસલ! જેમ બુઢી ઉમર અને સુકાં ફુલ બિલકુલ તાજાં થઇ શકતાં નથી, તેમ જુલિયન માટેનો ધિક્કાર ગમે તેમ કરતાંબી પ્યારમાં ફેરવાઇ શકાવાનો નથી યા લાયન માટેનો પ્યાર ગમે તેટલી આફત વચ્ચે પણ ધિક્કારમાં બદલાવાનો નથી. જોકે હું મારાં વચનથી જુલિયન સાથે ચોકસ શરતે તેની ઓરત બનવાને બંધાઇ ગઇછ, તોપણ તે મને એટલો તો અજીજ છે કે તે ગોયા મારા જાનની તાવીઝ છે. માટે તેનાં આ પેકેત ઉપર કોઇનોબી હક પુગતો

હોય તો તે મારોજ છે. હુંજ મારા હાથે એ પેકેત તેને સપુરદ કરવા માંગુંછું. હું જાણુતી નથી કે એ પેકેતમાં એવું તે શું લખેલું છે કે જેથી તે ચોરી જવાનો ગુનાહ વહીક કરવાને તમો શરમાયાં નથી, પણ હવે મને માલમ પડેછે કે તે પેકેતમાં કાંઇબી એવું અગત્યનું છે કે જે મારા લાયનના લાભનું છે."

તેણીના આ બોલો જોકે લેડી ઓલ્ડકેસલને તીરની માફક લાગ્યા, તોપણ તેથી તેણીને સેહજબી અસર થઇ હોય એમ એદેલીનને લાગ્યું નહિ; કેમકે તેણીએ જોયું કે તે ફુમાખી ઓરતે સેહજબી લજવાયા વગર તે પેકેત ઝુટવાઈ લીધું જ રાખ્યું હતું.

તે થંડે અને ઠાવકેપણે બોલી, "એદેલીન! કાંઈ સમજ. આ પેકેત જેટલું મને લાભકારક છે તેટલું તને નથી, અને તેથીજ હું એ તને આપવાની નથી."

લેડી ઓલ્ડકેસલના આવા મક્કમ ઠરાવથી એદેલીન ગભરાઈ બોલી. "ત્યારે મારોબી મક્કમ ઠરાવ સાંભળી લેઓ કે જયાં સુધી એ પેકેત મારા હાથમાં આવશે નહિ, ત્યાં સુધી હું તમોને અહિંથી એક કદમ પણ આગળ ભરવા દેનાર નથી."

એદેલીનનો જમણો ગાલ લેડી ઓલ્ડકેસલના મજબુત હાથની મુક્કીથી જયારે ગોલાબી બની રહ્યો હતો, ત્યારે તેણીનો ડાબો ગાલ ગુસ્સાથી લાલ બની રહ્યો હતો. તે આખરે ગુસ્સાથી પોકારી ઉઠી, "લેડી ઓલ્ડકેસલ! હવે ઘણું થયું! મને મારૂં પેકેત આપોછો કે મારા નોકરને બોલાવી જબરીથી તમારી પાસેથી તે ખુંચવી લેવાડું?"

"કદી નહિ! દીવાની છોકરી, એ પેકેત તું મારા હાથમાંથી કદી પણ લઈ શકશે નહિ. ચાલ રસ્તો છોડ અને મને અહિંથી જવા દે!"

પણ એદેલીન તેને જવા તે કેમ દે? તે તેણીને જળોની માફક વળગી પડી અને જયાં સુધી તેણીએ તે મગરૂર બાનુના હાથમાંથી તે પેકેત છીનવી લીધું નહિ, ત્યાંસુધી તેણીએ તેણીની પકડેલી ફેંટ છોડી નહિ.

અંતે લેડી ઓલ્ડકેસલ લાચાર બની અને એદેલીનને પોતાનાં મનમાં શ્રાપોથી વધાવી લઈ તે ઓરડામાંથી નાહઠી.

રોઝામન્ડ ફ્લોયનો ખાવિંદ કોણ?

સાંજનો પાંચ વાગાનો વખત હતો, અને લેડી ઓલ્ડકેસલને એદેલીનથી માહત મલી તેનો બીજો દીવસ હતો. લેડી ઓલ્ડકેસલ પોતાના ઓરડામાં પોતાના વડા બેટા રોડ્રીક સાથે બેઠેલી હતી. જુલિયન એદેલીન પાસે પરણવાની કબુલાત લીધા પછી એકાએક કયાં ગુમ થઈ ગયો હતો એ તેણીની મોટી અજાયબી હતી. જુલિયનને એદેલીને કબુલ કરવાથી તે તે વેળાએ એટલો બધો તો ફુલી ગયો હતો કે તે એદેલીનને આટલો જલદી ભુલી જાય એ માનવુંજ મુશ્કેલ હતું. વળી તેણે બીજી સવારે ઓલ્ડકેસલ પાર્કમાં કોઈ પણ જોખમે હાજર થવાની પોતાની માવતરને કબુલાત વહીક આપી હતી.

"આ ત્યારે કેટલું અજબ જેવું કેહવાય કે દીવસો પાણીના વેગે પસાર થઇ જવા છતાં જુલિયન એડેલીનનો હાથ લેવા હજી આવ્યો નહિ. રોડ્રીક ! એનો અર્થ એમ તો થતો નથીની કે તું કાંઈ તેની સાથે દગો રમતો હોય ? તેં તેને પેલાં દોજખખાનામાં તો પાછો નથી ધકેલ્યો ?"

આ સાંભળતાં જોકે રોડ્રીક ઉજળો વાખ જેવો તો થઇ ગયો તોપણ તે હિમ્મત રાખી બોલ્યો, "માયજી ! એ તમો શું બોલોછ ? મેં મારા ભાઇ સાથે સેહજબી દગો કીધોજ નથી. મેં તેને એ રીજમાં મોકલ્યોજ નથી. ખબરદાર ! માયજી ! મને એવી રીતે બદનામ કરવામાં સાર નથી. અગરજો તેને કોઇ બીજો લઈ ગયો હોય તો તેમાં મને કાંઇ સ્નાન સુતક નથી."

પણ તેની આ સઘળી ધરપચ લેડી ઓલ્ડકેસલને ગળે ઉતરી નહિ. તે લગાર ઉસ્કેરાંઇ ગઇ અને કચવાઇને બોલી, "રોડ્રીક ! એક વેળા તેં મને જુલિયન માટે ઠગી હતી તે તો તું બરાબર જાણેછ ! યાદ કર કે તેં મને શું સમજાવ્યું હતું ? તું મને કેહતો હતો કે જુલિયન દીવાનો થયોછ, પણ તે કદી દીવાનો થયોજ નથી. તે મારા ને તારાજ જેવો ભેંજાનો સાબુત છે. તેં તારા નાના ભાઇને દગો દીધો. તેને કેફી વસ્તુથી બેશુદ્ધ બનાવી તું એ રીજમાં લઇ ગયો અને તે લુસીની મદદથી નાહસી નહિ આવ્યો હોત તો તારી ઉસ્કેરણીથી તે રહેંસાઇબી ગયો હતે, અને તેનાં હાડકાંબી હાથમાં આવતે નહિ. સમજયો ?"

રોડ્રીક પોતાની ઉપરના આ આરોપનો બચાવ બિલકુલ કરી શકયો નહિ. તેને ચુપ બેસી રહેલો જોઇ તેની માએ આગલ ચલાવ્યું, "હું આટલો વખત તારો આ જુલમ ખમી ગઇ તે એટલાજ માટે કે તુંબી મારો બેટો છે ને વળી વડો બેટો છે. મારાંજ પેટનાં બચ્ચાંની બદચાલ ઉઘાડી પાડતાં મારે પોતાને શરમાવું જોઇયે. પણ હું હવે વધુ વાર એવી કશી શરમ રાખશ નહિ. બસ ! હવે ઘણું થયું ! માટે રોડ્રીક ! હું તને હવે છેલ્લીજ વાર કેહુંછ કે તું તારી સલામતી ચાહતો હોય તો અબઘડી બોલી દે કે તેં જુલિયનને કયાં કેદ કીધોછ ? લાવ ! રોડ્રીક, લાવ ! મારા તે વાહલા બેટાને મારી પાસે લાવ કે હું તેને મારાં પાસાંમાં ચાપું ને મારૂં જીગર થંડું કરૂં, નહિ તો હું ફાટીને મરી જવશ. રોડ્રીક ! યાદ રાખજે કે તું મને મારા જુલિયનને લાવી આપશે નહિ તો હું તને મારાં આ મકાનમાંથી દુર કરશ !"

લેડી ઓલ્ડકેસલના સવાલના જવાબમાં રોડ્રીક ધિક્કારથી માત્ર હસ્યો. તેણે કશો જવાબ દીધો નહિ. આથી તેની માતા વધુ ફફડી ચટકી બોલી, "રોડ્રીક ! તારી ચુપકીદીનો બાએસ સમજુંછ, કેમકે તું તારી ઉપરના અપરાધનો બચાવ કરી શકવાની હાલતમાંજ નથી. તું તારા નાના ભાઇને તારી હાલની સ્થિતિમાં નડતર સમાન થઇ પડવાની બિલકુલ ધાસ્તી રાખતોજ ના. એડેલીન તેની સાથે પરણવા કબુલ થઇછ તે એટલાજ માટે કે તું જીવતો છે એમ દુનિયાનાં લોકો આગળ તારો ભાઇ જાહેર કરે નહિ. તારો ભાઇ જુલિયન તાવર્સનાં નામ હેઠળ એડેલીનને પોતાની પરણેતર બનાવવાનો નથી, પણ તે પોતાનું કોઇ બલદુંજ નામ ધારણ કરશે. લગન પછી તેઓ હેન્સબરી ઍબીમાં પણ રહેનાર નથી. પણ અહિંથી તે જોડું એવું દુરદરાજ નિકળી જશે કે જયાં જુલિયનને ઓળખાઈ આવવાની બિલકુલ ધાસ્તી રહેશે નહિ."

લેડી ઓલ્ડકેસલ રોદ્રીકનો જવાબ સાંભળવાને બે પળ થોભી, પણ જ્યારે તેણીએ જોયું કે તેણે તો બસ ચુપકીદીજ અખત્યાર કીધી હતી ત્યારે તેણીને વધારે ફફડાટ ઉપજ્યો અને તે વધુ ઉસકેરાઇ બોલી, "રોદ્રીક! મારૂં સાંભળી લે કે એદેલીન જે આટલો બધો ભોગ આપેછ તે પોતાની બહેન દોરાને ખાતર, પણ એમાં તો તનેજ લાભ છે કે તું તારી કરણીનાં ફળ ચાખવાને બદલે સુખ સંતોશથી ફરતો રેહવા પામશે. તું ખરેખરો નસીબવંતો કે દોરા જુલિયનની ચુપકીદી પોતાની પ્યારી બહેનના ભોગે જીતવાને ફતેહ પામી, નહિ તો જરૂર જુલિયને એ રીજમાંથી બાહર પડતાંજ તારી નેકનામી પોલીસને જાહેર કીધી હોત! જેથી તારાં આગલાં કરતુકો ઉપરાંત પોલીસે તારા નાના ભાઇનું ખુન કરાવવાની ઉસ્કેરણી કરવા માટે તને એકદમ ગિરફતાર કીધો હોત."

આટલું બોલી તે ચુપ રહી. પોતાના બેટાને બેજબાન બનેલો જોઇ તેણીના ચીરડાટ અને ફફડાટનો પાર રહ્યો નહિ. તે ગુસ્સામાંજ પોતાનું મોહડું મરડી બેઠી, કેમકે તેણીએ બહુજ મોટી વેદના વચ્ચે જોયું કે તેણીના આટલા બધા બખાલાની સેહજબી અસર તેણીના વડા બેટા રોદ્રીક ઉપર થવા પામી હતી નહિ. તેને કહેલું સઘળું પથ્થર ઉપર પાણી રેડવા મિસાલ હતું.

"કેમ માયજી! તમારૂં બોલવાનું પુરૂં થયુંછ કે હજી કાંઈ બાકી છે?" રોદ્રીકે થંડે કલેજે હવે પેટમાંની વરાળ બાહર કાહડી.

લેડી ઓલ્ડકેસલે પોતાના વડા બેટા તરફ જોયા વિનાજ તોરમાંજ જવાબ દીધો, "રોદ્રીક! હું તને ફરીથી કેહુંછ કે જયાં તેં તારા નાના ભાઇને કેદ કરાવ્યો હોય ત્યાંથી તેનો એકદમ છુટકો કરાવ, નહિ તો તને જરૂર ઘણું ખમવું પડશે."

લોર્ડ ઓલ્ડકેસલ વધુ અને વધુ નફટ બની ધિક્કારથી હસ્યો, અને હવે ખરાં રૂપ-રંગમાં જાહેર થઇ આંખોનાં ભવાં ચહડાવી બોલ્યો, "માયજી! તમો શું મને સુક્કો દમ આપોછ કે? તમો શું જાણતાં નથી કે જયારે કુતરો બચકું ભરી શકતો નથી તે ભસીને સધિયારો માની લેછ."

પોતાના વડા બેટાના આ ગમે તેટલા સખ્ત તાણા છતાં લેડી ઓલ્ડકેસલ હસી પડી. તેણીનું હસવું ખુશીના કરતાં કીનાનું વધારે હતું.

"હા, રોદ્રીક! હું બાચકું ભરી શકુંછ. હું તને એવું તો બાચકું ભરશ કે તે માટે તેં સ્વપનેબી વકી રાખી હશે નહિ. તું મને ઘણીજ પજવશે તો હું તેમજ કરશ. તું એમજ સમજેછ કે તારી ઉપરની ભમતી આફતો દુર થઇછ! પણ નહિ! તે હજી ભમતીજ છે. જે આફતને દુર કરવાને મહિનાઓ થયા હું એકલી એકલી લડત ચલાઉંછ તે આફત તો તારે માટે સર્વથી બુરી છે. રોદ્રીક! મારૂં માનજે કે તે આફતને દાબી દેવાની જંગ મેં ચલાવી નહિ હતે તો આજે તો તારૂં સત્યાનાશ કયે દાહડેનું વળાબી ગયું હતે, તારો નાશ થઇબી ચુકો હતે! હજીબી તે આફત સદંતર દુર થઇ નથી. હમણાંબી તું એવે ઠેકાણે ઉભોછ કે તેની એક બાજુ દુખ અને દલીદ્રનો દરીયાવ આવેલો છે, બીજી બાજુએ નામોશીની નદી પુર જોશમાં વેહેછ, ત્રીજી ગમ ખાનાખરાબી અને ખસ્તેખો-વારીની ખાહી ડાચું વકાસી ઉભીછ અને ચોથી તરફ આફતનો આતશ સળગેલો રહોછ. ખુદ આજે વળી બીજી એક નવી આફતનો આતશ રોશન થયેછ આજે

તેને માટે તો હું હાલ તારી સાથે વાત કરવા માંગુંછ. રોદ્રીક! આજનું 'સોસાયટી સ્ટાર'. તેં વાંચ્યુંછ, તેમાં આપણે માટે એક નવીજ આફતે જનમ લીધોછ!"

આમ બોલી લેડી ઓલ્ડકેસલે તે ન્યુસપેપર રોદ્રીક આગળ ધર્યું જે તેણે ખમચાયલે ચેહરે હાથમાં લઇ તે મધેનો પેલો ફકરો જે નીચે મુજબ હતો તે બેહદ ઇંતેજારીથી વાંચ્યો:—

"પેલી કંગાળ સ્ત્રીનો ખાવિંદ લોર્ડ ઓલ્ડકેસલ.

લોર્ડ ઓલ્ડકેસલ જેમની સાથે લગનથી જોડાવાને સેંકડો કુંવારીકાઓ ટીંગાઇ રહી હતી તેમના સંબંધમાં એક બહુજ જાણવાજોગ ખબર અમોને પક્કે પાયે મળી છે. અમોએ મેળવેલી ખબર ઉપરથી માલમ પડે છે કે થોડાંક વરસની વાત ઉપર જયારે હાલના લોર્ડ ઓલ્ડકેસલ ઓનરેબલ જુલિયન તાવર્સનાં નામથી ઓળખાતા હતા તે વેળાએ તેઓ પોતાના મરહુમ બાપ લોર્ડ ઓલ્ડકેસલની માલેકીની કોલસાની ખાણના કામદારની એકપુરી ખુબસુરત બેટી ઉપર મોહિ પડયા હતા. આ કમબખ્ત જોડું સ્કોતલેંદ ખાતે ગયું અને ત્યાના દરિયામાં એક બોટમાં કિનારેથી એક બે માઇલને છેટે તે જોડાંનાં લગન થયાં હતાં, જે કીયા નજરે જોનાર શાક્ષીઓ તે વાહણ ઉપરના ખલાસીઓ હતા. ક્રિયા ખતમ થવા પછી જાણે ખુદરતનો કેહેર તે લગન ઉપર ઉતર્યો હોય તેમ દરિયાઇ તોફાન શરૂ થયું અને પેલાં પરણેલાં જોડાં અને એક સાક્ષી સિવાય તમામ જનો પાણીમાં ગર્ક ગયા. તે હૈયાત સાક્ષી હાલમાં સ્તોનબ્રીજનાં કેદખાનામાં કેદી તરીકેની જીંદગી ગુજારે છે. એવું માલમ પડે છે કે આ સાક્ષીએ પોતાની પોકેત–બુકમાં એ લગનની નોંધ કીધેલી છે. સઘળી બાબદ ધ્યાનમાં લેતાં અમોને ખુલ્લું માલમ પડે છે કે એ જોડાંનાં લગન બિલકુલ હકદાર અને કાયદાપુર્વક છે. જેથી આ લગનથી જે બાળક બેટો અવતર્યોછ તે લોર્ડ ઓલ્ડકેસલનો ખરો વારસ છે. જયારે એમજ છે તો જવાન લેડી ઓલ્ડકેસલ અને તેણીના બેટાને શા માટે ઓલ્ડકેસલ પાર્કમાં દાખલ કરવાં નહિ જોઇયે તે અમો સમજી શકતા નથી. વળી અમો જોઇયેં છિએ કે ઓલ્ડકેસલના હકદાર વારસને તેની માવતરની સોડમાંથી છીનવી લેવામાં આવ્યોછ તો હાલના લોર્ડ ઓલ્ડકેસલને લાજીમ છે કે તે બાળકને શોધી કાહડવાને પોતાથી બનતું કરે."

આ ફકરો વાંચવાનો પુરો થતાંજ વર્તમાનપત્ર રોદ્રીકે ધિક્કાર સાથે જમીન ઉપર ફેંકયું, અને પોતાના નાના ભાઇ જુલિયનને હજારો હજાર કદુવા દેતો પોતાની બેઠક ઉપર ફસડાઈ પડયો.

હવી જીવતો કે મુવેલો?

કમબખ્ત લેડી ઓલ્ડકેસલ! તેણી હજી સમજી શકી નહિ કે આ સઘળી આફતનો ભુજારો તેણી અને તેણીનાં કુટુંબ ઉપર ખુદરતના ગેબી ફટકા સમાન હતો. ખુદરતનો આ એવો માર હતો કે જેથી ગમે તેવો અકલાહુનબી લાચાર બને. ખુદરત તરફની આફતની જોડેજોડ તેણીને રોદ્રીક તરફની સતાવણીનો મોટો ગમ હતો, ગોયા તે બાનુ માટે કદી નહિ રૂજાય એવો તે જખમ હતો.

તેણી પોતાના હરીફોને પોતાના પગ તળે કચડવાને સર્વે કાળાં ધોળાં કરી રહી હતી, પણ તેણીને થોડીજ ખબર હતી કે બદ કિસમતીનાં ફરતાં ચક્કરના વમળમાં ફસી જવાનો તેણીનો પોતાનો વખત ઘણો દુર નહિ હતો. તે બાનુ તવંગરીની તકોબરી અને પૈસાથી ઉપજતી તકલીફી મોજથી સદંતર અંધ બની ગઇ હતી; પણ હવે તેણીની બંધ આંખો ખુલતી જતી હતી. કમબખ્તિની કાંઇક ઝાંખી, કાળી રોશની તેણીની ચશમ આગળ ભમતી તેણીએ જોઇ. તેણીએ તે સિહા દેખાવ દુર કરવાને પોતાની આંખો ઘણાંજ જોશથી ચોળી લાલ ચણોટી જેવી કરી મેલી. પણ તે ડરામણો દેખાવ કેમે કરતાં ગુમ થયો નહિ. તે ઘભરાઇ ગઇ અને ઘભરાટમાંજ પોકારી ઉઠી :–

"ઓ ખોદા ! હવે હું શું કરૂં ? કયાં જાઉં ? કોણનો આધાર પકડું ?"

"હિમ્મત ! માતા હિમ્મત ! માયજી ! અનુભવથી અક્કલ, કસરતથી બળ અને હિમ્મતથી ફળ મળે છે, માટે માયજી હિમ્મત રાખો ! માયજી યાદ રાખજો કે હાથથી ગયલી તક માટે મુંઝાવા કરતાં, નવી તક હાથ કરવામાં વધારે દાનાઈ છે." રોદ્રીક આ સઘળું હિમ્મતથી બોલ્યો તો ખરો, પણ અંદરખાનેથી પેલાં વર્ત્તમાનપત્રના ફકરાની યાદ થતાંજ તે ઝંખવાણો પડી ગયો. તે ફકરાની યાદ તેનું જીગર ચીરી નાખતી હતી. તેણે મોટી ધાસ્તી વચ્ચે યાદ કીધું કે તે ફકરાથી આખાં ઓલ્ડકેસલમાં હોહા થઇ રહેશે અને જે પાપનો તકસીરવાર તેનો નાનો ભાઇ હતો તે પાપના તકસીરવાર તરીકે લોકો તેને બદનામ કરશે, કેમકે હાલમાં લોકો તેનેજ લોર્ડ ઓલ્ડકેસલ તરીકે ઓળખતા હતા, તેનેજ સારી આલમ જુલિયન તરીકે માનતી હતી.

"પણ રોદ્રીક, મને ખરૂં કેહ કે 'સોસાયટી સ્ટાર'માં આવેલા ફકરામાં સચ્ચાઈ છે કે ?" લેડી ઓલ્ડકેસલે પોતાના વડા બેટાના ગમનો સેહજબી ખાલ કીધા વિના ધાસ્તીથી દબાયલા સાદે સવાલ કીધો.

"હું માનુંછ કે તેમાં સચ્ચાઇ છે ખરી, કેમકે જુલિયન અક્કલ વિનાનો મુર્ખો છે. તે દુકતી અનેક વાર મને પોતાના ખાવિંદ તરીકે માની લઇ મને સતાવતી અહિં આવી હતી. તેણીનો વાહલો બેટો જેને કોઇ ઉઠાવી ગયું હતું તે જોકે કયારનો ખોદાઇ દરયાહમાં પુગીબી ચુકયોછ તોપણ મેં તેણીને સાફ જણાવ્યુંછ કે અગરજો તે મારો પિછો છોડશે તો હું તેણીના ગુમ થયલા બેટાને તેણીનાં પાસામાં લાવી આપીશ, કેમકે હું જાણુંછ કે તે હાલમાં કયાં છે. એ મુજબ ગુમ થયલો બેટો પાછો મેળવવાની ઉલટમાં તો તે હવે મારી ઉપરથી ખાવિંદ તરીકેનો હક ઉઠાવી લેવાને વટીક તેયાર થઈછ અને આવી રીતે હાલ તરત તો તે કમબખ્ત ઓરતને મારા રસ્તામાંથી મેં દુર કીધીછ. માયજી ! મારો વિચાર એવો છે કે તે દુકતીને તેનાજ જેવી હાલતના કોઇ દુકતા સાથે પરણાવી દેઉં અને પછીજ તેના બેટાની ખરી બાતમી તેને કાને લાવું. તેણીના દેવીના જાનનું પંખેરૂં તો તેનાં બદનનાં પિંજરાંમાંથી બે મહિના થયા મુલ્કે અદમ તરફ કુચ કરી ગયુંછ !"

આ વેળાએ લેડી ઓલ્ડકેસલનો ઘભરાટ પાર વિનાનો હતો, પણ તે જોવાને તેણીના બેટાને ભાન હતું નહિ.

"ઓ ! મારા ખુદા ! રોદ્રીક ! તું શું રોઝામન્ડ ફ્રેઝર માટે બોલેછ કે ? તે પોતાને એક હકદાર ખાવિંદની પરણેતર તરીકે જણાવી તેનું નામ દઇ શકતી

હતી નહિઃ તે ખાવિંદ શું ત્યારે મારો વાહલો બેટો જુલિયન છે? અને ગુમ થયલો દેવી તેનો બેટો છે?"

લોર્ડ ઓલ્ડકેસલ પોતાની થયલી ફતેહથી હસી બોલ્યો, "માયજી! તમો માનો કે ના માનો, તમારા વાહલા બેટા જુલિયનનો એ હાલ છે, અને એ વાતમાં કાંઇક સચ્ચાઇ છે. તમારા વાહલા બેટાએજ એક દિવસે રોઝામન્દને લગતી બીના મને જણાવી હતી. તે રોઝામન્દને પોતાનું નામ તેણીનાં નામ સાથે નહિ જોડવાને સમજાવવામાં ફતેહ પામેલો હોવાથી તેણીએ પોતાનાં નામ સાથે 'ફ્લોય'નું નામ જોડયું હતું."

"ઓ ખોદા!" લેડી ઓલ્ડકેસલ પોકારી ઉઠી. પણ તે પછી તેણીને ભાન આવ્યું હોય તેમ કાંઈક વિચાર કરી બોલી, "પણ રોદ્રીક! તને પક્કી ખબર છે કે રોઝામન્દનો બેટો ખરેખર મરણ પામ્યોછ?"

"બેશક! તે મુવોછ એમાં તો કાંઇ શકજ નથી; બંદાનું કામ પાક્કું છે," રોદ્રીક મુછ ઉપર તાવ દઈ બોલ્યો.

પણ આ સાંભળતાંજ લેડી ઓલ્ડકેસલ ઉસકેરાઇ બોલી ઉઠી, "ત્યારે તો કેટલું અજબ જેવું!"

માતાએ દીકરાને સમજાવ્યું કે તેને આજે ચોકસ કામના સબબે સોલીસીતર સીગીન્સની ઓફીસમાં જવું પડયું હતું અને જયારે તે બાનુ પોતાનું કામ પુરૂં કરી ઓફીસમાંથી બાહર નિકળતી હતી તે વેળાએ રોઝામન્દને તેણીએ પસાર થતાં જોતાંજ તેણીને પોતાની પાસે બોલાવી હતી અને વાતચીત દરમ્યાન તેણીએ ખુશાલીથી ઉભાતી છાતીએ ખોદાનો ઉપકાર માની લેડી ઓલ્ડકેસલને જણાવ્યું હતું કે "મારે ખોદાનો ઉપકાર માનવો જોઇયે કે એદેલીનની મેહનતથી મારા દેવીનો પત્તો મળ્યોછ!" તેણીએ ભાર મેલી તે તવંગર બાનુને જણાવ્યું કે તેણીનો વાહલો બેટો દેવી લંડનના ઓક્ષફર્ડ સ્ત્રીટ માહેલી કાપડીયાની એક દુકાનમાંથી મલી આવ્યો છે. જોકે તેનો ચેહરો ફિક્કો અને મેલો ઘેલો દીસ્તો હતો પણ તે સામટી રીતે લેતાં સારી તંદરોસ્તીમાં હતો.

લોર્ડ ઓલ્ડકેસલ પોતાની માતાએ આપેલી ખબરથી એકદમ ઘભરાયો અને તેનાં અંતઃકરણમાં કાંઇક અજબ શંકાએ ઘર કીધું, પણ તે બીજીજ પળે હિમ્મત રાખી બોલ્યો:—

"તદન હંબગ! એ કાંઈ જબરો ઘોંટાલો નહિ તો બીજું શું? મુવેલાંઓ કાંઇ પાછાં જીવતાં થતાં હશે?"

"પણ રોદ્રીક! તુંબી મરીજ ગયલો હતોની?" લેડી ઓલ્ડકેસલે નાકનું ટીચકું ચહડાવી જણાવ્યું.

પણ રોદ્રીકને હૈયે નેહ હતી કે જેઓ પાસે દેવીને તેણે ચોરાવ્યો હતો તેઓને એક હજાર પાઉન્ડની લાલચ આપી તે નિર્દોષ બાળકનું ખુન તેણે કરાવ્યું હતું અને તેઓએ ખુન કીધા પછી રોદ્રીકને ખાત્રી આપી હતી કે તે નાજુક ગળાં ઉપર તેઓએ છરી ચલાવી તે બાળકનું નામ નિશાન આ જેહાનથી સદાનું નાબુદ કીધું હતું. અગરજો તેમની આ વાત સાચીજ હોય તો દેવી જીવતો હોઇ શકેજ કેમ? આથી તેને પક્કો ભરોસો હતો કે દેવીને ઓક્ષફર્ડ સ્ત્રીટની કાપડની દુકાનમાં જીવતો જોવામાં આવવાની વાત માત્ર ભુલજ હોવી જોઇએ, કેમકે તેણે જે બહ-

મારોને દેવીનું ખુન કરવાનું જનુન કામ સોપ્યું હતું તેઓ તેને વફાદાર હતા અને સુખમાં યા દુખમાં તે ઉમરાવને જળોની માફક વળગી રહેનારા હતા. દેવી જીવતો હોવાની ધાસ્તી તેને બિલકુલ હતી નહિ. તેની મોટી ધાસ્તી તો 'સોસાયટી સ્ટાર'માં જુલિયન માટે બાહેર પડેલી નાલેશી વિષેની હતી.

"માયજી! જુલિયન અને રોઝામન્દની બાહેર પડેલી નાલેશીનો શો ઇલાજ?" લોર્ડ ઓલ્ડકેસલે રડમસ ચહેરે પોતાની માતાને પુછ્યું. તેણીનો જવાબ સાંભળવાને માટે થોભવાને બદલે તે એકદમ ઉસકેરાઇ બોલ્યો, "માયજી! મારો વિચાર છે કે હું હમણાંજ તે પેપરવાળા ઉપર લખું કે તેનાં પેપરમાં રોઝામન્દના સંબંધમાં આવેલી બીના બિલકુલ ગલત છે."

"હા, પણ પેલાં સ્તોનબ્રીજનાં કેદખાનામાં પડેલો કેદી મેકદોનલ્દ જીવતો મુવોછની? તેનું કેમ? તે આપણા રસ્તામાં જબરી નડતલ સમાન છે. તે તને ઓળખે તો તરત તને રોઝામન્દના ખરા હકદાર ખાવિંદ તરીકે જાહેર કરે!"

રોદ્રીક વધુ અને વધુ ફિક્કો થતો ચાલ્યો.

"પણ માયજી, હું માનુંછ કે ચાર વરસના છેટા પછી તે મને ઓળખી શકશે નહિ. વળી હું કાંઇ જુલિયન નથી."

પણ લેડી ઓલ્ડકેસલનાં ધ્યાનમાં રોદ્રીકની યુક્તિ ઉતરી નહિ. તે ધ્રુજતા સાદે બોલી, "પણ અગરજો જુલિયનનાં રોઝામન્દ સાથનાં સ્કોચ લગન હકદાર ઠરે તો મારા બેટાનાં એદેલીન સાથનાં લગનનું શું થાય?"

લોર્ડ ઓલ્ડકેસલબી વિચારમાં પડયો. પોતાની માતાને સુઝેલો આ સવાલ હમણાં સુધી તેને પોતાનેબી સુઝયો હતો નહિ. જુલિયન એદેલીન સાથે પરણે તેમાં તો ખુદ તેનીજ (રોદ્રીકની) સલામતી સચવાયલી હતી, તેને માટે તો આ લગન એક મોટાં આશીર્વાદ સમાન હતાં. તેને હવે બીજી ધાસ્તી પેઠી કે રખેને આ લગન અટકવાથી તેને ફાંસીએ લટકવાનો વારો આવે!

તે સહેજ હસતું મોહડું કરી બોલ્યો, "માયજી! તમો આ બાબદ હમણાં તો અખાડાજ કરી જાવો! અને એદેલીનનાં મગજમાં એવુંજ ઠસાવો કે તે લગન હકદાર હતાંજ નહિ. અને તે બાનુ અગરજો તેમ માની લેય તો જુલિયન સાથે તેનું જેમ બને તેમ જલદી ચોકડું ગોઠવી દેઓ કે સઘળું સમાધાન થઇ જાય અને મારૂં કામબી આસાન થાય!"

પણ બેટાની આ વાહિયાત વાત તેની માતાને ગળે ઉતરી નહિ. તેણીની નજર આગળ સઘળું કાળું કાળું દિસવા લાગ્યું. તે રડમસ જેવી થઇ બોલી:—

"ઓ! મને કાંઇ સુઝતું નથી. એદેલીન જુલિયન સાથે પરણવાને બદલે ગેલા ખુની નીલ લાયન સાથે પરણે તે કરતાં બેહતર કે હું તે ઓરતની લાસ મારા પગ આગળ ખાકમાં પડેલી જોઉં."

કાળો નાગ.

આજે ઓલ્ડકેસલ પાર્કમાં મોટી ધામધુમ ચાલી રહી હતી, કેમકે આજે રાતે ત્યાં નાચ પારટીનો મોટો મેળાવડો થનાર હતો અને તે માટે મોટી સંખ્યામાં નોતરાંઓ બાહર પડી ચુકયાં હતાં. દેન લેરેબી, દોરા અને એદેલીનને પણ ત્યાં જવાને તેડાં કરવામાં આવ્યાં હતાં, પણ લેરેબી જયારે જવાને રાજી હતો, ત્યારે તેની પરણેતર અને એદેલીન નારાજ હતાં. દોરા પણ એવુંજ ઇચ્છતી હતી કે લેરેબી અને એદેલીન આજની પાર્ટીમાં નહિ જાય તો તેમાં તેણીની સલામતી હતી. કેમકે જયારથી તેણીએ 'સોસાયટી સ્ટાર'માં રોઝામન્દ અને લોર્ડ ઓલ્ડ-કેસલના સંબંધનો ફકરો વાંચ્યો હતો ત્યારથી તે અભાગણી સ્ત્રીના ધભરાટનો પાર હતો નહિ. વળી લેરેબી આજના મેળાવડામાં જાય તો લોર્ડ ઓલ્ડકેસલને રોદ્રીક તરીકે તે ઓળખે, દરિયામાં ડુબી જતાં બચાવેલા આસામી તરીકે તેને પિછાને, તો તેણીનું અધુરૂં સત્યાનાશ પુરૂંજ વળે અને તેણીનો ભલો ખાવિંદ આપઘાત કરવાનુંજ બાકી રાખે.

દોરા આ ખ્યાલોમાં ગુલતાન બની બીછાના ઉપર પડી હતી, એટલામાં પોતાના ભલા ખાવિંદને ઓરડામાં દાખલ થતો જોઇ તે વધુ ધભરાઇ ગઇ. પણ જેમ તેમ હિમ્મત રાખી તેણીએ તે ધભરાટ સમાવી દીધો.

"કેમ પ્યારી દોરા! તું આજે રાતે લોર્ડ ઓલ્ડકેસલનાં આમંત્રણને માન આપી ઓલ્ડકેસલ પાર્કમાં આવવાને રાજી તો છેની? આજની પાર્ટીથી આપણને ઘણું જાણવાનું મળશે. કેમ તું આવી શકશેની? અરે દોરા! હું કેવું ઇચ્છુંછ કે તું આજે રાતે ત્યાં આવી ત્યાંની રમુજથી તારા ચેહરા ઉપરની આગલી સુરખી પાછી મેળવી શકે!"

દોરા શું જવાબ દેય? જે આફતથી તે હમણાં સુધી બીહતી ધ્રુજતી રહી હતી તે આફતને પોતાની સામને આવી ઉભેલી જોઇ તેણીનો ચહેરો હતો તે કરતાં વધુ ઉજળો પુણી જેવો બની ગયો, અને હેબતથી અધમુઇ થઇ ગયલી સ્ત્રીની તરેહ ડોળા ફાડી ફાડી પોતાના ખાવિંદને આવતા ભયના ધડક ધ્રુજારાથી ધભરાયલી જેવી તેણી જોવા લાગી.

લેરેબી દયામણો ચેહરો કરી બોલ્યો. "મારી વાહલી દોરા! બોલ! તને શું છે? તું એટલી બધી ધભરાયલી અને ફીક્કી કાંય છે? જાણે તેં કોઇનો ભુત જોયો હોયની તેમ—"

પણ દોરાએ તેને આગળ બોલવા દીધો નહિ. તેણીએ વધુ દયામણું મોહડું કરી જાણે પોતાના ખાવિંદને કાલાવાલા કરતી હોય તે ઢબે કહ્યું:—

"મારા વાહલા દેન! મને માફ કરો! હું આજે રાતે ઓલ્ડકેસલ પાર્કમાં જઈ શકતી નથી, તેમજ તમોને જવાબી દેવાની નથી, અને તમો ખોદાને ખાતર એદેલીનને ત્યાં જવાને ઉસ્કેરતાબી ના." આટલું બોલી તે અભાગણી સ્ત્રી દેનને વળગી પડી. દેને તેણીનું માથું પોતાની છાતી સાથે વાહલથી દાબ્યું, જે વેળાએ તેને માલમ પડયું કે તેણીનું મગજ તાવથી સેહજ ધગધગતું હતું.

"દોરા! 'સોસાયટી સ્ટાર' માં આવેલા ફકરાથી લોર્ડ અને લેડી ઓલ્ડ-કેસલ ઘભરાયાં નથી એ દેખાડવાનેજ આજની પાર્ટી આપેલી લોકો માનેછ, અને હુંબી એમજ સમજુંછ. માટે ત્યાં જવાથી તેમના ચેહરા ઉપરથી આપણુને માલમ પડશે કે તેઓ ઘભરાયલાં છે કે નહિ. રેગ્રામન્દ ફ્લોયના ખાવિંદ તરીકે આયદેહ લોર્ડ ઓલ્ડકેસલનું નામ બાહર આવવા પામશે એવી કાણે આશા રાખી હતી?"

"ઓ! કોઇએ નહિ! કોઇએ નહિ! અરે દેન! દેન! મારૂં શું થશે? એડેલીન અને જુલિયન—" આગળ બોલવા જતાં તેણીને ભાન આવ્યું અને તે બાનુ વધુ બોલતાં અટકી. દેન મુદલ સમજી શકયો નહિ કે પોતાની પરણેતરના આવા આવા બકારાનો શું સબબ હતો?

"અરે! હું શું બળતું બળતું બકુંછ! દેન! હું શું બોલી?"

પોતાની વાહલી પરણેતરની આવી અજબ હાલતથી લેરેબી કાંઇક ઘભરાવા છતાં તાણી તોડી હસી બોલ્યો, "દોરા! તું શું બોલી તે હું પોતેબી સમજી શકતો નથી તો હું તને કેમ સમજાઉં? રેગ્રામન્દનો ખાવિંદ જુલિયન હોય તેમાં તને અને એડેલીનને શા માટે ઘભરાવું જોઇયે? હા, એક વખત એવો હતો કે જુલિયન અને એડેલીન લગનના ગાંઠથી એક થવાનાં હતાં, પણ એડેલીનની મોહબત નીલ લાયન તરફ દોડવાથી એ બીના ઉપર તો બિલકુલ ઢાંકણું વળવા પામ્યુંછ! પણ હવે તો એડેલીને અને તેની એક વાહલી બેહેન તરીકે દોરા તેં પોતે ખુશી થવું જોઇયે કે એડેલીન જુલિયન જેવા કાળા નાગને પરણતી બચી જવા પામીછ!"

ગરીબ બિચારો દેન લેરેબી! તેને શી ખબર કે તેની પરણેતરનો ઘભરાટ જુલિયન એડેલીન સાથે પરણી શકે નહિ તેનાજ સંબંધનો હતો? તેને શી ખબર કે એડેલીન પોતાની બેહેન દોરાનાં સુખ અને સલામતીને ખાતર જુલિયન સાથે પરણવાની કબુલાત વટીક આપી ચુકી હતી? તેને શી ખબર કે ઓલ્ડકેસલ પાર્કમાં લોર્ડ ઓલ્ડકેસલ તરીકે વસનારો જુલિયન નહિ પણ રેદ્રીક પોતેજ હતો જે પોતાની પરણેતર દોરાનો પેહલો અને હકદાર ખાવિંદ હતો? તે રેદ્રીકને તો મેથ્યુ બારલોકનાં ધારણ કીધેલાં નામ હેઠળ મરણ પામેલો જાણતો હતો. તે પોતાની પરણેતર દોરાને એવાં તો અજબ વાહલથી ચાહતાં શિખ્યો હતો કે અગર તે જાણે કે દોરા સાથનાં તેનાં લગન હકદાર હતાં નહિ, કેમકે દોરાનો પેહલો ખાવિંદ હેયાત હતો, તો તેની હાલત ઘણીજ બુરી થઇ પડે, તેની નામોશી પુરી થઈ પડે. આ આફત દુર રાખવાને માટે તો દોરાએ એડેલીનને સમજાવી લીધી હતી; પણ એટલામાં "સોસાયટી સ્ટારે" બાહર પાડેલી ખબરથી દોરાની ઉમેદ ઉપર સજ્જડ ફટકો તેના આબાદ સમયે આવી પડયો હતો, જેથી તેણીને ઉપજેલી નિરાશી સ્વભાવિકજ હતી.

અંતે લેરેબી લાચાર થયો. દોરાને લીધા વિના અને એડેલીનને આવવાને સમજાવ્યા વિના ડેનિયલ લેરેબી આજે રાતે ઓલ્ડકેસલ પાર્કમાં એકલો જવા રાજી થયો. જોકે દોરાએ તેનેબી ત્યાં જતો અટકાવવાને ઘણુંબી કીધું પણ ફોકટ. આથી તેણીએ તેને વધુ બોહોસ નહિ કરવાને દરૂસ્ત જોયું, કેમકે તે ડુબી બાઇ બીહ ગઇ કે રખેને તેણીની વધુ જીદથી તે કાંઇ શકમંદ બને!

ઉઠતી વખતે પણ દેનિયલ લેરેબીએ દોરાને ઉમેદ બતાવી કે તે હજીબી આજે રાતે ઓલ્ડકેસલ પાર્કમાં આવવાને તૈયાર થાય.

ડેનિયલ ગયો અને બીજી બાજુથી એક નોકર દાખલ થયો. તેણે ડોરાને નમનું એક નાનું પરબીડું તેણીના હાથમાં મુકયું, અને પોતાની ભલી બાઇને નમન કરી તે ઓરડો છોડી ગયો.

ડોરાએ તે કાગળ ધભરાટની કાંઇ અજબ લાગણીથી ઉખેડયું. તે મધનો સંદેસો ઘણો ટુંકો હતો. તેણીએ સર્વથી પેહલી નજર તે સંદેસાનો લખનાર કોણ હતો તે જાણવા તરફ દોડાવી, અને તેણીએ મોટા કમકમાટ વચ્ચે લોર્ડ ઓલ્ડકેસલ તરીકે રોડ્રીકનું નામ વાંચ્યું. સંદેસો ફકત ગણત્રીની લીટીનોજ હતો, અને તે નીચે પ્રમાણે હતો :—

"ડોરા ! મારૂં તને ફરમાન છે કે આજે રાતે મેળાવડામાં તારે હાજર રેહવું, કેમકે તારી સાથે મને ઘણુંજ અગત્યનું કામ છે. ડોરા ! તું આજે રાતે મેળાવડામાં હાજર થઈ મને છુપી મુલાકાત આપી મારો સંદેસો નહિ સાંભળશે તો જાણજે કે તું જરૂર પસતારો અને તારી સરજતને હાલ કરતાં વધુ બદ દુઆ દેશે.

ઓલ્ડકેસલ (રોડ્રીક.)"

આ ભેદભરી ચીઠી વાંચી ડોરાના સઘળા હોશ કોશ ઉડી ગયા. તે સમજી શકી નહિ કે રોડ્રીક આજ રાતના મેળાવડામાં બોલાવી તેણીને શું કેહવા માંગતો હતો.

ડોરા પોતાના આગલા ખાવિંદથી બહુજ બીહતી હતી. તેણીને લાગ્યું કે કોઇ પણ જોખમે તે ચંડાળને મળવું તો જોઇયે, નહિ તો તેની ધમકી અમલમાં મુકયા વિના રહે નહિ એવો તે મુજી હતો.

ડેનિયલ લેરેબીએ જયારે જાણ્યું કે તેની સાથે તેની પરણેતર ડોરાબી આજે રાતે ઓલ્ડકેસલ પાર્કમાં આવવા તેયાર હતી ત્યારે તે ભોળા ગામડિયાની ખુશાલીની હદ રહી નહિ. તે પોતાની વાહલી ધણીઆણીને ફરીથી હસ્તી રમતી જોવાને એટલો બધો તો આતુર બન્યો હતો કે જયારે તેણીએ તેની સાથે આવવાને કબુલ કીધું ત્યારે તે હર્ષથી ગોયા દીવાનો બની ગયો.

તેઓ બંને ધણી ધણીઆણી ઓલ્ડકેસલ પાર્કમાં દાખલ થયાં ત્યારે આખું દીવાનખાનું હલમળી રહ્યું હતું. સેંકડો લોકો જમાવ થયું હતું. ઓલ્ડકેસલની દોલત અને ખુબસુરતીનું તે ગોયા એક સંગ્રહસ્થાન બની રહ્યું હતું.

ડેનિયલ લેરેબી અને ડોરાને દીવાનખાનામાં દાખલ થતાં જોઇ હાજર થયલાં લોકોમાં ધુસધુસ ચાલી રહી. ડોરાને માથે ગમે તેટલી આફત હતી છતાં તે આફતને છુપાવવા માટે તેણીએ પોતાનો ચેહરો હસ્તો રાખવાથી તે બાનુની ખુબસુરતી કોઇનું પણ લક્ષ ખેંચે એવી બની હતી. તેણીનો ખાવિંદબી રાતો માતો, સાજો તાજો હોવાથી તેબી ગોયા ખીલેલા ગોલાબ મિસાલ લાગતો હતો, જેથી આ જોડું કોઈની પણ અદેખાઈ ઉશ્કેરે એવું બન્યું હતું. હાજર રહેલી સ્ત્રીઓએ ડોરાએ પોતાના ધણીની કીધેલી પસંદગી માટે તારીફજ કીધી અને હાજર રહેલા મરદોએ ડોરા જેવી પરણેતર મેળવવા માટે લેરેબી તરફ અદેખાઇનો ધુંવો બાહર પાડયો.

ડોરા પોતાની ઓળખીતી બાનુઓ સાથે બોલ બોલતાંમાં ભેળાઇ ગઇ. ડેનિયલે તેણીને છુટી પડીને ભેળાવાજ દીધી, કેમકે તેણીને આવી રીતે હસ્તી રમતી જોવામાં તે એક જાતની મોજ માની લેતો હતો.

પોતાની એક વારની વાહલી અને ખુબસુરત પરણેતરને તેણીના બીજી વારના ખાવિંદ સાથે જોવાની સરજત ગણ્ત્રીનાજ ખાવિંદોની હોય છે, જેઓમાં રોદ્રીક એક હતો.

તેણે મોટા કમકમાટ સાથે પોતાની પરણેતરના ખાવિંદને જોયો. તેનું અગરજો ચાલતે તો તે તેનો ટોટો ત્યાંજ પીસી આ જેહાનની રંગભુમી ઉપરના નાટકનો તેનો ભાગ તેજ પળે ખતમ કરી મેલતે. તેણે જોયું કે તેની પરણેતર દોરા આગલી ખુબસુરતીનો નક્ષ નહિ હતો, તોપણ તેણીનો ચેહરો આજેબી થોડો દિલકશ નહિ હતો. તે ખુબસુરતી વખત અને આફતના હાથે જોકે ઝાંખી પડી ગઈ હતી, તોપણ ઝાંખી ખુબસુરતીબી કાંઇ એવી સોહામણી લાગતી હતી કે કોઇનું પણ ચિત ચાર ઘડી તે આકર્ષવા વિના રહે નહિ. એક પળ તેને એવું લાગ્યું કે આવી ખુબસુરતીને જાણી જોઇ ખોહી દેવામાં તેણે નહિ માફ થઇ શકે એવી ભુલ કીધી હતી, અને તે માટે તે ખોદાનો અને તેણીનો તકસીરવાર હતો, પણ બીજીજ પળે તેણે પોતાની આ નબળાઇ ખંખેરી નાખી અને પોતાનાં પરોણાઓ વચ્ચે કાંઇજ હોય નહિ તેમ ભેળાઇ ગયો.

આખાં મકાનમાં રંગ રાગ ચાલી રહ્યો હતો; પણ હાજર થયલાં લોકોનો મોટો ભાગ રંગ રાગ જોવાને માટે ઓલ્ડકેસલ પાર્કમાં આવ્યો હતોજ નહિ. તેઓ તો 'સોસાયટી સ્ટાર'માં છપાયલા ફકરાનું માંજણું જોવાને આવ્યાં હતાં. ભેગાં થયલાં પરોણામાં ઘુસઘુસ એજ ચાલી રહી હતી, પણ બંને મા દીકરાએ કાંઇ તે માટે દરકાર કરતાંજ નહિ હોય તેવું રૂપ ધારણ કીધું હતું.

દોરા પોતાના આગલા ખાવિંદને મળવાની તક શોધતીજ રહી હતી. તે પોતાના હાલના ખાવિંદથી જેમ બને તેમ દુર રહેતી રહી હતી, જેનો અર્થ ડેનિયલ જુદોજ સમજી લઇ મનમાં મગન થતો રહ્યો હતો. તે એમ માની લેતો હતો કે દોરા પોતાનું દુખ ભુલતી જતી હતી અને પોતાનાં મનને રીઝવતી હતી. આથી તેણેબી દોરાથી દુર રહેવામાંજ દાનાઈ જોઈ. કેમકે દોરાને પોતાનાં ઓળખીતાંઓના સંબંધમાં આવી મજાહ મેળવતી જોઈ તેનો જીવ નચિંત હતો.

આવી રીતે દોરાને પાર્કના પાછળના ભાગ તરફ સટકી જવાની અચ્છી તક હાથ લાગી. તેણીની હીલચાલ રોદ્રીક દુરથી તપાસતો હતો. તેબી તેણીની પાછળ પાછળ ગયો. બાગમાં પણ રોશનીથી પરસ્તાન બની રહ્યું હતું, એટલે ત્યાં પણ વાત કરવાનું સલામતીભર્યું હતું નહિ. આથી રોદ્રીકે તેણીને હેમલેતના બાપના ભુતની માફક હાથની ઇશારત કરી પોતાની પાછળ પાછળ આવવા જણાવ્યું.

દોરા ગઇ. ચાવી આપેલાં પુતળાંની માફક તે જવાન, ખુબસુરત બાનુ પોતાના આગલા ખાવિંદની પુઠે પુઠે ચાલી. રોદ્રીક કેટલોક વખત સુધી ચાલવા પછી એક અંધારી જગો ઉપર ઉભો, અને દોરા થાકી જવાથી પોતાના કીંમતી પોશાકની સેહજ પણ દરકાર કરવા વિના એક મોટા પથ્થર ઉપર પોતાની હાલની હાલતને હાય મારી ફસડાઇ પડી.

તેણીને આ પ્રમાણે નિસોસ થઇ બેઠલી જોઇ રોદ્રીક તેની નજદીક ગયો અને તેણીના પગ આગળ વાંકો વળી તેણીનાં ગોલાબ સરખાં બદનને વળગી પડયો; પણ દોરાને તેથી એટલો તો કમકમાટ લાગ્યો કે ગોયા તેણીનાં બદનની આસપાસ કાળો નાગ વીંટળાતો હોય, તેણીનાં બદનની નજદીકમાં આગ સળગતી હોય.

તે બાનુ કમકમી ઉભી થઇ અને ગુસ્સાની દેવીની તરેહ પોતાના આગલા ખાવિંદને ડોળા કકડાવી એકી ટગરે જોવા લાગી.

રોદ્રીક અને દોરા.

રોદ્રીક ગમે તેટલો હિમ્મતવાન હતો, દોરાના બોલોમાં બોલ્યે તો તે શેતાન હતો, તોપણ તે દોરાના ડોળાના દાબથી દબાઇ ગયો. તેણે મોટાં દુખ વચ્ચે જોયું કે તેણી તેના હાથોના સ્પર્શથી કમકમી હતી. તે બાનુ તેની પરણેતર હતી. તે પોતે તેણીનો ખાવિંદ હતો, તેણીનો હકદાર ધણી હતો. એક વખત એવો પણ હતો કે જયારે તે બાનુ તેને અજબ વાહલથી ચાહતી હતી. પણ આજે મામલો સઘળો ફેરફાર થઇ ગયો હતો. તેણીનો નરમ પ્યાર સખ્ત ધિક્કારમાં બદલાઇ ગયો હતો. કમકમેલાં જીગરથી તે તેને ડોળા ઘુરકી જોતી રહી હતી.

તેણે મોટી વેદના વચ્ચે યાદ કીધું કે એક વખત એવોબી હતો કે જયારે એજ બાનુ તેના હાથમાં મોમ મિસાલ નરમ હતી, એક રમકડાં મિસાલ ગેલ કરતી હતી, અને હસી હસી વાહલ કરતી હતી. એક વખત એવોબી હતો કે અનુપમ ખુબસુરતીની જે દેવી આજે તેને જોઇ કમકમતી હતી, તે એક પળની તેની જુદાઇથી જળતી હતી.

આગલા વખતની આ પ્રમાણે યાદ થતાં રોદ્રીકનાં જળતાં જીગરમાં વિજળીનો એક ઝટકો લાગ્યો. તે પોતાનાં આગલાં વાહલની ઝાંખી યાદથી પોતાની પરણેતરને ઝંખવાણો બની જોતો બોલ્યો :—

"દોરા! તુંને યાદ છે કે હું કોણ છું? તું શું નથી જાણતી કે હું તારો આગલો ખાવિંદ છું?"

દોરા પોતાનો ડાબો હાથ પોતાની બંને આંખો ઉપર ઢાંકી, જમણો હાથ લાંબો કરી ઉસ્કેરાયલી ઢબે બોલી, "નહિ! રોદ્રીક નહિ! તે બાબદ પાછી તાજી ના કર. તે આગલી દુખભરી યાદ, મારૂં નાજુક જીગર ચાક કરવા બસ છે. રોદ્રીક! તુંને યાદ છે કે હું કોણ છું? જાણ કે હું બીજાની પરણી ઓરત છું. હવે મને કેહ કે તું મને શું કહેવા માંગેછ."

"સાંભળ! અય ઓરત! કે તુંને મારૂં ફરમાન છે કે તું તારા હાલના બુબખ ખાવિંદને તારેથી દુર કર! તેને એકલો તેનાં વતન કિવન્સ લેંડ તરફ મરવા દે! હું તારો આગલો ખાવિંદ જીવતો જાગતો હોવાથી એ ચંડાળ સાથનાં તારાં લગન નારવા છે, રદ બાતલ છે, ખુદ ખોદાને બારબી તે નાકબુલ છે. તારી બેટીને લઇ તું તે ચંડાળથી જુદી રહે, પછી હું જુલિયન તરીકે જાણે મારા મરનાર વડા ભાઇની ઓરત સાથે પરણતો હોઉં તેમ તારી સાથે ફરીથી લગનના ગાંઠથી જોડાવશ. એ પછી મારી હકદાર પરણેતર તરીકે આ બાદશાહી મકાનમાં તું લેડી ઓલ્દકેસલનાં નામથી મારી પાસબાની હેઠળ રહી શકશે."

દોરા પોતાના આગલા ખાવિંદનો ઉપલો એકેએક બોલ વધતા અને વધતા કમકમાટ સાથે સાંભળતી ઉભી હતી, તે એકદમ પોકારી ઉઠી, "નહિ! રોદ્રીક નહિ! મારા કાનમાં તારા બદ સખુનોનું ઝેર રેડી, મને મારી ના નાખ! તારા ઝેરી સખુનોના અંગારથી મને બાળી ના નાખ!"

"એટલે? એટલે શું તું મારી પરણેતર તરીકે મારાં પાસાંમાં આવવા ના પાડેછ?" રોદ્રીકે ગગડાટ કીધો; પણ દોરાને તેના ગગડાટની થોડીજ પરવા હતી.

તે ગુસ્સાથી બોલી, "હું તારાં પાસાંમાં આવું તે કરતાં મને લાજીમ છે કે હું મોતનાં પાસાંમાં જાવું!"

"ત્યારે તો હું દુનિયામે જાહેર કરશ કે તું તારો જીવતો ખાવિંદ જાણુવા છતાં, બીજા ખાવિંદને પરણી જવાનાં પાપની ગુનેહગાર બનીછ! સજાની સજાવાર બનીછ."

આ સાંભળતાંજ દોરા નાસિપાસ થઇ બોલી, "અરે નાકદર! તારૂં જીગર છે કે પથ્થર, કે પથ્થરથીબી બદતર, સેતમગર? અરે બેધ્યાન! તને શું ભાન નથી કે મારો ખાવિંદ દેન જીવતો છે તો હું તારી સાથે કેમ પરણી શકશ? વળી જુલિયનબી મુવો નથી, ને મારો ખાવિંદબી હેયાત છે."

"બરાબર છે! જયાં સુધી તારો હાલનો ખાવિંદ હેયાત છે ત્યાં સુધી હું તને પરણી શકનાર નથી, પણુ તારો તે બુબખ ખાવિંદ જીવતો રહેશે તેની જામીનગીરી શી છે?"

"ઓ ખુદા, ત્યારે તું શું કાકે જખુન કરવા માંગેછ? બોલ! તેનું તું શું ખુન કરવા માગેછ? રોદ્રીક! તે મારી હસ્તીના ગુલશનમાં મારો બાગબાન છે, મારા તનમાં ગોયા એક બીજો જાન છે."

"નહિ! ઓ ઓરત! તેમ નથી. તે તો મારી જીંદગીના બાગનાં ફુલનો લુટારો છે, મારી ઉમેદની જડ કાપનારો જાલિમ કઠીયારો છે. તે બદમાશે તું જેવું મારૂં ગુલ લુટયું ને બસ મારૂં કિસમત ફુટયું. ઓ! ખુદા! ખુદા!"

પોતાના આગલા ખાવિંદને ખોદાને યાદ કરતાં સાંભળી દોરા ધિક્કારથી હસી બોલી, "અરે અહેમક! જયારે માથાંથી પગ સુધી પાપમાં ગરક ગયો, ત્યારેજ તને ખોદા યાદ આવ્યો?"

દોરાના આવા સખ્ત તાણુાથી રોદ્રીક ઉસ્કેરાઈ જઈ બે ચાર કદમ આગળ ધસી બોલ્યો, "ઓરત! તું જાહેરમાં તો નરમ રૂનો ગોળો છે, પણુ બાતેનમાં તો તું તોપનો ગોળો છે, ગોયા આગનો શોલો છે, જેણે મારાં જીગરને સળગાવી ટુકડે ટુકડા કીધાછ!"

દોરા એક વાર ફરીથી ધિક્કારથી હસી બોલી, "રોદ્રીક! મેં તો ફકત તારાં જીગરમાં આગ લગાડીછ, પણુ તારા જુલમથી તો એવી બુરી લાહે સળગીછ કે જેથી તમામ દુનિયા બળી ખાક બનીછ, તારાં પાપોથી તે નાપાક બનીછ!"

દોરાના આવા થથરાવનારા શબ્દોથી રોદ્રીક ચમકયો. તેણે પોતાની આગલી પરણેતર તરફથી આવી બુરી આશા રાખી હતીજ નહિ. તેણે તો એમજ માની લીધું હતું કે તેના ભમાવ્યાથી તે ભોળી ભલી બાનુ દેનિયલ્લ લેરેબીને તજી દેશે અને તેનાં ફરમાન મુજબ તે પોતાનો ભાગ દુનિયાઇ તખ્તા ઉપર ભજવી બતાવશે; પણુ તેની આ ઉમેદ ભ્રષ્ટ થવાથી તે જખમી થયલા શેરની માફક ગુસ્સાથી ઉછળી બોલ્યો, "તું તો જોવામાં આબેહેયાતની ગોયા નેહર છે, પણુ પીવામાં તો કાતેલ ઝેર છે."

"તારો ચેહરો ઇનસાન જેવો છે, પણ તારૂં જીગર શેતાન જેવું છે. તું જાહેરમાં દેવતા છે, પણુ બાતેનમાં દેવ છે, દેત્ય છે."

બસ! હવે તો હદ થઈ. રોદ્રીકનો ગુસ્સો તેનાં તન બદનમાં માશે સમાયો ગયો નહિ. તેણુ એક છુપાવેલું ખંજજર બાહર ખેંચી કાહડયું અને તે દોરાને બતાવી બોલ્યો, "બોલ, હવે શું કેહેછ? તું મારૂં ફરમાન કબુલ કરેછ કે નહિ? નહિ તો આ ખંજજર તને સદાની ઉંઘમાં સુવાડશે."

દોરા ખંજર જોવાથી સેહજબી ધબરાવા વિના બોલી, " તારૂં ખંજર મારી જીંદગીની જોત બુજાવી નાખશે, પણ મારાં ઇમાનનો કોટ જમીનદોસ્ત કરી શકનાર નથી. જાન શું છે ? અગર તે આજે નહિ જશે તો કાલે જશે. દરિયાને ગરમીનો જરાબી ગમ નથી, ત્યાં આગબી લાગે પણ સેહજબી પાણી કમ થતું નથી. "

આ વેળાએ રોડ્રીકનું જીગર ધડકતું હતું. તેની આંખ સુરત અને ગરમ બની હતી. ચિત્ત ભમતું હતું. બંને હોઠો ધ્રુજી એકબીજા સાથ રમવા લાગ્યા. શરીર અસ્વસ્થ બની ધ્રુજવા લાગ્યું, અને મસ્તકમાં તોફાન જાગ્યું. વિચારો તોફાની મોજા પેઠે ઉછળવા લાગ્યા. તેની આવી હાલત જોઇ દોરાબી ધબરાઈ ગઈ. તે તેને જોતી પથ્થરનાં પુતલાંની માફક ઉભીજ સ્થંભ થઇ રહી.

" દોરા! મને કબુલાત આપ કે તારા હાલના બદમાશ ખાવિંદ દેનિયલ લેરેબીનું મોત આજે નિપજે તો તું કાલે મારી સાથે મારા ભાઇની ઓરત તરીકે તારો હાથ મારા હાથમાં આપે. "

" રોડ્રીક ! તું શું બોલેછ ? બોલ ! મારા વાહલા દેનની જીંદગી ઉપર તું શું તરાપ મારવા માંગેછ કે કેમ ? રોડ્રીક—"

તરતજ રોડ્રીકે પોતાનો મજબુત હાથ તેણીનાં મોહડાં ઉપર દાબ્યો અને તેણીને આગળ બોલતાં અટકાવી ધીમે સાદે કહ્યું, " ચુપ ! એટલું મોટેથી ના બોલ ! તારો બકબકારો બંધ કર ! હું ધારૂંછ કે કોઇ આપણી તરફજ આવેછ ! "

દોરા ચુપ થઇ ગઇ, કેમકે એમ કરવામાં તેણીનો પોતાનોબી લાભ સચવાયલો હતો. લોર્ડ ઓલ્ડકેસલ જુલિયન નહિ, પણ રોડ્રીક છે એમ કોઇ પણ જાણવા પામે તો તેમાં તેણીની પોતાનીજ રૂસવાઈ અને ખાનેખરાબી હોવાથી તે ચુપજ ઉભી અને તેઓ તરફ કોણ આવતું હતું તે જોવાને એક ઝાડને ઓથે તે બાજુ સંતાઈ ગઇ.

નીલ લાયન ઉપર સંદેસો.

આપણે નીલ લાયનને લાંબો વખતથી છોડી આવ્યા છિએ. બંદીખાનાના વોરડરની મદદથી નાહસી આવી પોતાની મરતી માતા અરસુલાને અને તે પછી પોતાની વાહલી એદેલીનને તે મલ્યો હતો તે બનાવને દિવસો પસાર થઈ ગયા છે. તે કેદખાને પાછો ફરવાને તૈયાર હતો, વોરડરને આપેલું વચન પાળવાને તે ગમે તે છતાં ઇંતેજાર હતો, પણ તે પોતાની ઇંતેજારી અમલમાં લાવી કેદખાનામાં પાછો ફરે તે આગમચ પોલીસ એદેલીન સાથની મુલાકાત વેળાએજ પકડી તેને બંદીખાનામાં લઇ ગઇ હતી, તે આપણે જોઇ ગયા છિએ. નાહસી જવાના વાંક માટે તેને પાંચ ડજન કોરડા બાંધી મારવાની સજા કરવામાં આવી હતી, પણ એ સજા અમલમાં મેલવામાં આવે તે આગમચ તે ઘણો બીમાર પડી જવાથી તેટલો વખત તે નામોશીભરી સજામાંથી બચી જવા પામ્યો હતો, પણ હવે તુરંગના તબીબે તેને તે જાલિમ સજા ખમવાને શકિતવાન જાહેર કરવાથી તે સજા અમલમાં મેળવાનો વારો આવ્યો હતો.

તે આ સજાનાં નામથી છેકજ આજેઝ બની ગયો હતો, કેમકે તેણે માની લીધું કે આવી ઘાતકી અને નામોશીભરેલી સજા પછી એદેલીન તેને મુદલજ ચાહી શકવાની હતી નહિ. આથી જયારથી તે બીમાર પડયો હતો ત્યારથી ખુદાને તેની એજ અરજ હતી કે તે એજ બીમારીમાં મોતના કાસદને શરણુ થાય! અને આવી રીતે બાંધીમારની જાલિમ સજાથી તેનો છેવટનો છુટકો થાય!

પણ ખુદરતની મરજી જુદીજ હતી. તેની મોત લાવનારી માંદગી વખતના વહેવા સાથે કમી થતી ચાલી અને જયારે આ પ્રકરણ ઉઘડે છે ત્યારે તે પોતાના ગંભીર મંદવાડને લાત મારી ઉઠયો હતો અને આજે એક વાર ફરીથી તેના હાથ પગ લોખંડની મજબુત જંજીરથી સીકડાઇ ગયા હતા. તે જીંદગીથી કંટાળી ગયો હતો. આવી જીંદગી તેને માટે એક શ્રાપ સમાન હતી, જયારે મોત તેને માટે સુખનો આશીર્વાદ હતો.

આવતી કાલે બાંધીમારની નામોશીભરી સજા તેને ખમવાની હતી અને તે જુલ્મી સજાની નિશાની તરીકે તેને કાળાં તેમજ ઝાંખા રંગનાં જાડાં ઉનનાં કપડાં પહેરાવવામાં આવ્યાં હતાં. સજા તો થશે એ તો ચોક્કસ હતું, પણ તે સજાની નામોશી પછી તે જીવી શકશે એ અચોકસ હતું; કેમકે તેની બીમારી જોકે દફે થઇ હતી તોપણ તેનાં તન બદનમાંથી તેથી ઉપજેલી નબળાઈ દુર થવા પામી હતી નહિ, તેમાં પાંચ ડજન કોરડાના બાંધીમારની સજાના ખ્યાલથી તેના હાલ છેકજ બેહાલ થઈ ગયા હતા અને તે હતો તેમાં પુરો કમતાકાત થઇ ગયો હતો. આવી જાલેમ સજાથી મરવા કરતાં આપઘાતથી મરવામાં તેણે વધુ ઇજજત જોઈ. તે સારી પેઠે સમજતો હતો કે બંદીખાનાના ગવરનર મેજર દોન્તને તે નાફરમાન થવાથી તે તેની ઉપર એક ભુખ્યા દૈત્યની માફક રૂઠયો હતો.

"ઓ ખોદા! તું ચાહે તો આ પળે મને તારાજ કરે! ચાહે તો આ પળે આબાદ કરે!" આટલું બોલી તે ઘુંટણીએ પડયો અને મોટેથી પોકારી ઉઠયો:—

"ઓ! મારી માતા! મારી ભલી માતા! મારી વાહલી માતા! અગરજો તું ફરેસ્તાઓની વચે આરામથી પોઢી હોય તો તું મારી તરફથી ખોદાને અરજ કર કે મારી અરજ તે મંજુર કરે, મારી ઉપરની આફતનું વાદળ દુર કરે!"

વખત રાતનો હતો. અને જોકે તે ખોલીમાં બારી જેવી ચીજનું નામ વટીક હતું નહિ, તોપણ તેની દીવાલની ફાટમાંથી તેની અરજ ગુજરીને વખતે ચાંદરણી રાતનું કિરણ એકદમ તે બંધબસ્ત ઓરડામાં પ્રગટી નિકળ્યું. અંધકારનો દેવ ગુમ થયો અને પ્રકાશની ખુબસુરત રાણીએ પોતાની સાહેલીઓ સાથે તે જગો લીધી.

ખુદરતના દેખાવમાં આ કેવો અજબ જેવો ફેરફાર! શું આવોજ ઓચિંતો ફેરફાર કમબખ્ત નીલ લાયનની દુખી જીંદગીમાં થનાર હતો? શું દુખની રાત પછી સુખની બામદાદ શરૂ થવાની હતી?

તેના દોજખ સરીખા અંધારા ગારમાં ચાંદરણીના આ મુબારક ઉજાશથી તેને કાંઇક રાહત મળી અને તેનો ગયલો જીવ ગોયા પાછો આવ્યો. રાત શાંત હતી અને ખુદરતના દેખાવમાં થયલા ફેરફારથી તે પોતેબી શાંત હતો. આખું કેદખાનું નિંદ્રા દેવીને શરણુ થઈ પડયું હતું. પોહરેગીરો પોતાનાં હથિયારો સાથે દરવાજાની બાહેર પોહરો ભરતા હતા તે વખતનો જોકે તેમનાં હથીયારોનો ખણખણાટ અને તેમના મજબુત બુટોના અવાજનો પડઘા આખી જેલમાં હવા

સાથે મળી જતો હતો, તોપણ તે અવાજબી નીલ લાયનને કાને પડતો હતો નહિ, કેમકે તેની ખોલી કોઇબી ચીજની હસ્તીથી દુર હતી, તમામ શાંતીથીજ પુર હતી.

પણ તેને લાગ્યું કે તેની શાંતીમાં કાંઇક ખલલ થઇ હતી. તેનાં જેહાનમખાનાનું બારણું ખડખડયું. તે બારણાંનું તાળું ઉઘડયું અને કાંઇ પણ અવાજ વિના એક આકાર ત્યાં દાખલ થયો.

શું તે ખુદરતના ખાવિંદે તેની અરજ મંજુર કીધી હતી? શું તેની આફત દુર કરવા માટેજ તે આકાર ફરેસ્તો બની તેની મદદે આવ્યો હતો?

આ શું વધુ આફતની કાંઇ નિશાન હતી કે ખુદરતની કરામતની પિછાન હતી? કેમકે તે આકારે પોતાનાં નાક ઉપર આંગળી મુકી તેને ચુપકીદી અખત્યાર કરવાની ઇશારત કરી તે ખોલીનો દરવાજો બંધ કીધો. આ તે કેવી બાહદુરી? એક ખુન ઉપર આવેલા અને ખુની ઠરી ચુકેલા ખુની સાથે બંધ બારણે એકલું પડવું એ થોડી હિમ્મતનું કામ નથી.

"એ કોણ? અય શખ્સ! તું મારી પાસે શું માગેછ? તું કોણ છે? દુશમન કે દોસ્ત?"

આટલું બોલી પેલા આકારે પોતાના હાથમાંનાં ફાનસનાં કિરણો નીલ લાયનના ફિક્કા ચેહરા ઉપર ફેંકયાં. આ વેળાએ એદેલીને પોતાના પ્યારાનો ચેહરો નિહાળ્યો હોત તો તે જોતાંજ ત્યાં બેભાન થઈ તુટી પડી હોત, કેમકે તે નીલ નહિ હતો, પણ ઘોરસ્તાનમાંથી ઉઠી આવેલો ગોયા નીલનો ભુત હતો. તે તેનો પડછાયો માત્ર હતો. તેનું ચાંદીનાં પતરાં જેવું બદન ગળાઇને કંતાઇ ગયું હતું, ગ્રુમાઇ ગયું હતું, સુકાઇ ગયું હતું. તેની એક વખતની નરગેસી ચશમો જે અગાઉ અચળ, કોમળ અને માયાળુ દિસ્તી હતી તેજ આંખોમાં આજે ઘાતકી, જંગલી રોશની ઝળકી રહી હતી, ક્રુરતા અને ક્રોધ વ્યાપી રહ્યો હતો. ધાસ્તીથી તેનાં માથાંના વાળો કાંટા મિસાલ બની એવા તો બદલાઇ ગયા હતા કે તેનો રંગ કેવો હતો તે કેહવાઇ શકાતો હતો નહિ. તેનો ગોળ, ઘટમદાર ચેહરો લંબાયો બનતો જતો હતો. તેના હોઠો મજબુત બીડેલા હતા, જાણે અસહ્ય દુખના મારાથી તે ઇનસાનમાંથી હેવાન બની ગયો હતો.

"બોલ! તું કોણ છે?" નીલ લાયને ઉપલો સવાલ પાછો કીધો.

"ચુપ! ધીરેથી બોલ, નહિ તો કાલનો દુકાળ આજે પડશે. નીલ! હું તારે માટે એક કીમતી સંદેસો લાવ્યોછ. ત્રણ ત્રણ દિવસો થયા તે સંદેસો તને પુગાડવાને હું તલપી રહ્યો હતો, પણ આજેજ મને જોઇતી તક મલી. તારો વોરડર એકાએક બીમાર પડી જવાથી મને તેની જગો લેવી પડીછ."

તે વોરડર આગલ બોલવા જતો હતો તેને લાયને તરત ઓળખી કાહડી કહ્યું, "હું તે સઘળું જાણુંછ, પણ મને કેહ કે તું કોણ તરફથી સંદેસો લાયોછ ને શું સંદેસો લાયોછ? લાવ, તે મને બતાવ! એ સંદેસો લાવવા માટે ખોદા તને સલામત રાખે!"

"હું બાનુ એદેલીન તરફથી આવ્યોછ. તે ભલાં બાનુએ મને બે કાગળો તને સપુરદ કરવાનો હુકમ કીધોછ. એક નાનું કાગળ છે, જયારે બીજું એક મોટું પેકેટ છે. નાનું પેકેત તને પેહેલાં સપુરદ કરવાનું મને તે બાનુ તરફનું ફરમાન છે."

"પણ બોલ! અય ભલા સખ્સ કે તે બાનુ તને કયાં મલી? તે કેમ છે? મારી જલતી જીંદગીનો તે ચેરાગ કેમ છે? મારી વેરાન જીંદગીનો તે બાગ કેમ છે?"

"તે બાનુ પોતાનાં ગમે તેટલાં સુખ છતાં તારાં દુખથી દુખી છે. પોતાની મિઠી જીંદગી અકારત છતાં તે બાનુ જીવેછ, પણ તારી તગરમાંજ જીવેછ."

"પણ હજીબી તે બાનુની તસ્વીર ફરેસ્તા જેવીજ પાક છે, કે તે ચેહરા ઉપર સેહજબી ઝાંખ છે?"

"બિલકુલ નહિ! તે બાનુ જેવી ને તેવી નિર્દોષ છે. તે જોકે નાવવાન બનીછ, પણ તને જોવાનીજ તેની આ જેહાનની એકલી હોંસ છે."

"બસ! ભલા શખ્સ! બસ! તારો એકેએક બોલ ઝેરી તીરની માફક મારૂં જીગર વીંધી નાખેછ! અરે! મારી તરફ તે બાનુના પ્યારનો ઝરો નિરંતર વેહેતોજ રહ્યોછ! ઓ એડેલીન બાનુ! હું શું જાણું કે તું એટલી બધી હદ સુધીનો ફરેસ્તો છે! લાવ! ઓ ભલા કાસદ! પેલું પહેલું કાગળ મને આપ કે હું તે વાંચું."

વોરડરે તે તેના હાથમાં મુકયું અને તે કાગળ આગળ ફાનસ ધર્યું કે જેથી તે આસાનીથી વાંચી શકે. લાયને તે કાગળ કાંઇ અજબ ઉલટથી વાંચ્યું. તે કાગળ નીચે મુજબ હતું:—

"નીલ, મારા જાન! હું તને માઠી ખબર આપું તે આગમચ મને કહેવા દે કે હું તને હજીબી મારા જાન કરતાં વધુ વાહલથી ચાહુંછ અને હજી તેવાજ વાહલથી ચાહતી રહીશ. તું જોકે મારી નજરથી દુર થશે, પણ મારાં જીગરથી કદી દુર થનાર નથી. તારી સીકલ જે મને મારા જાન કરતાં અજીઝ છે તે મારાં દિલની ગોયા તાવીઝ છે. અરે! હું તને એવાં તો વાહલથી ચાહુંછ કે તારો સોહામણો ચહેરો, તારો મિઠો અવાજ, તારા હાથનો વિજળી સમાન સ્પર્શ અને છેવટે લખતાં મારા હાથો ધ્રુજે છે કે મારા ગાલ ઉપરનો તારા હોઠોનો છાપ મારાં જીગરમાં એવો તો જબુન કાપ મુકેછ કે હું પોતાને શ્રાપ દેઉછ કે અગરજો મારી મોહબતનો એવોજ બદ અંજામ આવનાર હતો તો મારાં તનનાં પિંજરાંમાંથી મારા જાનનું પંખેરૂં અત્યાર આગમચનું કાં ઉડી ગયું નહિ? પણ નીલ! આટલું છતાં હવે હું તારી સાથે પરણી શકતી નથી. નીલ! તું એમ તો માનતોજ ના કે તારી મોહબતથી હું કંટાલીછ. નહિ, એમ તો કદી તું ધારતોજ ના. મને એક કાળા નાગને માટે તું જેવાં બુલબુલનો ભોગ આપવો પડેછ. નીલ! તું મને ભુલી જજે! તું મને ખરેખર ચાહતો હોય તો મને ભુલી જજે. તારે માટેનો મારો પ્યાર, મારા આશીશ છેવટ સુધી રહેશે, આપણે બંને બેહેસ્તમાં જઇશું ત્યાં સુધી રહેશે. નીલ! તું આપણા પેદા કરનારને અરજ કરજે કે તે જગોએ આપણે આ જુઠી મતલબી જેહાનથી જલદીથી કુચ કરી જઇયે કે જયાં લોભ, લાલચ અને ગેરઇનસાફનો બારીકમાં બારીક કતરોબી હસ્તી ધરાવતો નથી. તેં તારી ઉપરની આફતના અંધકારમાં અને વિપત્તીનાં તોફાનમાં મને જેવી ચાહીછ, તેવાજ ચાહનું કિરણ તારાં સુખના તડકામાં પણ એક નાતવાન, નબળી, નાચાર નાર તરફ ફેંકજે. સલામ! છેલ્લી સલામ!

તારી સદા સુખીની

કમબખ્ત એડેલીન"

ગુજર પામેલા શેઠ તરફનો સંદેસો.

એદેલીનનું કાગળ નીલ લાયને કાંઇ એવી તો અસહ્ય વેદના વચ્ચે વાંચ્યું અને તે આખું કાગળ વાંચતાં તેની લાગણીને દુઃખનો એવો તો જાલેમ ઝટકો લાગ્યો, કે તેણે માની લીધું કે તે દુઃખનો ઝટકો નહિ હતો, પણ ખુદરત તરફનો ફટકો હતો. તે તે કાગળ વાંચતાં એટલો બધો તો આજેઝ થઇ ગયો હતો કે તેને લાગ્યું કે તે બેભાન થઇ જમીનદોસ્ત થવાની તેયારીમાં હતો. આથી તે બંદીખાનાની દીવાલને અઢેલીને ઉભો. પેલા ભલા વોરડરે જોયું કે તેના ડોળા ફાટી ગયા હતા અને તેમાંથી આંસુની ધાર તેની છાતી ઉપર વેહતી હતી. તે જોકે બેહોશ બની ગયો હતો નહિ, પણ તે નિસોસ બની ગયો હતો, ચાલુ દુખના મારાથી તેનો હોશ ફરામોશ થઈ ગયો હતો.

હમણાં સુધી સઘળી આફતો ખમવાની તેનામાં ધીરજ અને તાકાત હતી, પણ એદેલીનનાં કાગળે તેની તે તાકાત અને ધીરજ એક પળમાં લુટી લીધી હતી, તેની સઘળી હિમ્મત એદેલીનના પેગામથી એક લેહજામાં તુટી ગઇ હતી. તેનાં મગજ ઉપર ગોયા એક જબુન ફટકો પડયો હતો, જેથી તે સુનો સાવજ જેવો બની ગયો હતો. તે જાનદાર હતો, પણ જાન વિનાનું તે ખોખું માત્ર જણાતો હતો. તેનામાં હજી અક્કલનું ગોહર હતું, પણ તે ગોહર પોતાનું સઘળું જોર ખોઇ બેઠું હતું. તેનામાં દરેક રીતની લાયકાત હતી, પણ તાકાત હતી નહિ.

નીલ લાયનની આવી એકાએક થઇ પડેલી ધાસ્તી ભરેલી હાલત જોઈ પેલો વોરડર તદ્દન ઘભરાઇ ગયો. તે સમજી શીકયો નહિ કે એદેલીને પોતાનાં કાગળમાં એવું તે શું લખ્યું હતું કે જેથી તેના આશકની આવી બુરી હાલત બની હતી.

"શું છે લાયન? મને તારી હાલત ઠીક દીસ્તી નથી. બોલ! ખરૂં કેહ! કેમકે તારા દેખાવથી મને ધાસ્તી લાગેછ!"

વોરડરના આ સવાલનો જવાબ આપવાને બદલે લોખંડની જંજીરમાં જીકડાયલો લાયન વોરડરની સામે ડોળા ફાડી દાચું વકાસ્તો જોતોજ ઉભો રહ્યો.

"બોલ લાયન! શું બાનુ એદેલીનનાં કાગળમાં કાંઇ બુરી ખબર છે?" વોરડરે વધુ અને વધુ ઘભરાટમાં પાછો સવાલ કીધો.

નીલ લાયને કાંઇ પણ જવાબ દીધો નહિ, યા જવાબ દેવાની સેહજ પણ નિશાની બતાવી નહિ. આથી પેલા વોરડરના ઘભરાટનો પાર રહ્યો નહિ, કેમકે આવી રાતને સમયે કેદીની ખોલીમાં તેને તેનો કોઇ ઉપરી જોવા પામે તો તે તેને માટે શું ધારે?

લાયન ડોળા ફાડી જોતો હતો, પણ કાંઇ બોલતો નહિ હોવાથી વોરડરે તેનું ખભું પકડી ખુબ હિલવી કહ્યું :—

"અરે ભાઇ! તને મદદ કરતાં નાહક હું ફસી જવશ, અને ફોકટમાં મારો જવશ તો! માટે આ મોટું પેકેત વાંચી મારો અહિંથી છુટકો કર. સમજયો?" આટલું બોલી તેણે લાંબો હાથ કીધો અને ચાવી આપેલાં એક પુતલાંની માફક તે કાગળ પોતાના ધ્રુજતા હાથમાં લઇ તે તેને ડીવાનાની માફક ટીકી ટીકી જોવા લાગ્યો. તેણે તે પેકેતનું પરબીડું ફાડી નાખ્યું અને તેમાંથી એક મોટું કાગળ બાહેર ખેંચી કાહડયું. તેણે કાગળને છેડે નજર કીધી તો તેણે મોટી અજાયબી વચ્ચે જોયું કે તે જગોએ 'લોર્ડ ઓલ્ડકેસલ'નું નામ બીરાજી રહ્યું હતું.

તેણે તે કાગળ વાંચવાની ઘણીબી તજવીજ કીધી, પણ ફોકટ. એડેલીનના પેગામથી તેનું મગજ એટલું ચકભમ થઇ ગયું હતું કે તે તેમાંનો એકબી હર્ફ ઉકળાવી શકયો નહિ. જાણે તે અક્ષરો તેની નજર આગળ એક પળે ઉભા થઇ બીજી પળે ગાયબ થઇ જતા હતા. તેની આ મુશ્કેલી તે વોરડર પામી ગયો.

તે બોલ્યો, "આવી રીતે તો હું જરૂર ફસી જવશ. કમનસીબ શખ્સ! તારેથી એ પેકેત વાંચી શકાઇ નહિ હોય તો મને આપ, હું તે વાંચશ."

લાયને તે કાગળ તેનાં દિલ ઉપર ફેંકયું. વોરડરે તે પેકેત ઉચકી લીધું. તે પેકેત બે વર્ષની વાત ઉપર ઓલ્ડકેસલ પાર્કમાંથી લખવામાં આવ્યું હતું. વોરડરે ફાનસની બતી સેહજ ચહડાવી અને તેણે તે પેકેતમાંનું કાગળ વાંચવાની તૈયારી કરવાથી નીલ લાયનની શુદ્ધ કાંઇક ઠેકાણે આવી. તે જોકે ભીંતને અઢેલીનેજ ઉભો હતો, તોપણ હવે તે કાંઇક સેહજ તરો બની ઉભો હતો.

હવેજ તેને ખ્યાલ આવ્યો કે તે પેકેત એડેલીને વોરડરના હાથે બંદીખાનામાં મોકલાવ્યું હતું, પણ તેનો લખનાર લોર્ડ ઓલ્ડકેસલ હતો. તે જોકે આ જેહાનથી સદાનો ગાયબ થઇ ગયો હતો, તોપણ તે ભલા શેઠની ભલાઇની યાદ તેનાં અંતઃકરણમાં તાજીજ હતી. તે લંબાણ પત્ર મરનારે ઓલ્ડકેસલ પાર્કમાંથી બે વર્ષની વાત ઉપર લખ્યો હતો, પણ એ બે વર્ષની ટુંક મુદતમાં ઓલ્ડકેસલ ખાતે કેટલો બધો ફેરફાર થવા પામ્યો હતો? એ ટુંક અરસામાં કેટલી બધી ઉથલપાથલ થઇ રહી હતી?

મરહુમ લોર્ડ ઓલ્ડકેસલ તેનો માલેક હતો. તે ગમે તેટલો મગરૂર અને તુમાખી હતો, કરડી નજરનો હતો, તોપણ તેનાં અંતઃકરણમાં દયા હતી, આંખોમાં હયા હતી. તેનો ખવાસ ભલો હતો, નેક હતો, પણ તેની પરણેતર લેડી ઓલ્ડકેસલની ઉશ્કેરણીથી તે પોતાનાં કારખાનાના કામદારો તરફ જોઇયે તે કરવાં વધારે કરડો અને સખ્ત બન્યો હતો. આ સઘળું નીલ લાયન અને બીજા કામદારો સારી રીતે જાણતા હોવાથી તેઓ લોર્ડ ઓલ્ડકેસલ ઉપર કુરબાન હતા. તેઓ સારી પેઠે જાણી શકયા હતા કે તેઓનાં સારાં નસીબે તેમના શેઠને એક દયાળુ પરણેતર મળવા પામી હોત તો એકેએક કામદાર તેમના શેઠની પુંજા કરત, પણ આવી સરજત મરનાર અમીરની નહિ હોવાથી તે આટલી હદ સુધીનો જશ પોતાની છેલ્લી ઘડીએ લઇ જવા નસીબવંત નિવડયો હતો નહિ. આવા એક કરડા શેઠે તેની ઉપર લાંબો લચ કાગળ લખવાની જરૂર જોઇ હતી, એ શું કાંઇ થોડો મોજેજો હતો? આથી તેનાં અંતઃકરણમાં સ્વભાવિક રીતે તે કાગળ વોરડરને મોહડેથી સાંભળવાની ઉલટ ઉશ્કેરાઇ અને એડેલીન જેવી માશુકનાં કાગળથી ઉપજેલી નિરાશીના બોજા તળે કચડાતો તે આશક તે કાગળ સાંભળવા લગાર તરો થઇ ઉભો.

"અય ભલા શખ્સ ચલાવ! મારા મરનાર શેઠનો પેગામ મને વાંચી સંભળાવ! ચાલ! ઉતાવળ કર!" લાયને જીંદગીથી કંટાળેલા કમનસીબની માફક ઘાડા અવાજે પોતાના મરણ પામેલા શેઠ તરફનો સંદેસો વાંચવાનો હુકમ કીધો.

વોરડરે તે પેકેતમાંનો સંદેસો ધીમા પણ ઠરેલ સાદે વાંચ્યો.

ગુમ થયલાં પેહેતનો ભરમ.

"હું, જોન મોહદ્દે કલીફર્ડ લાયન સોલ્સબરી તાવર્સ, ઓલ્દ્દકેસલ પાર્કનો બેરન ઓલ્દ્દકેસલ, અરસુલા હેરીસ જે ઓલ્દ્દકેસલમાં પીત રોડના ક્રોસવેઝ ખાતે પોતાના એકપુરા બેટા નીલ લાયન સાથે વસે છે, તેને આ લખવેથી ખબર આપું છું કે તે મારી પેહલી અને હકદાર ધણીયાણી લેડી ઓલ્દ્દકેસલ છે, અને તેણીનો બેટા નીલ લાયન જે એક ઇજનેર અને મારાં કારખાનામાંનો એક કામદાર છે તે મારો પોતાનો પેહલો બેટા અને મારો હકદાર વારસ છે; જેથી તે આજે મારી હેઆતી સુધી ઓનરેબલ નીલ લાયન તાવર્સ છે, અને જે મારા મુવા બાદ મારી તમામ દોલત, અસકેયામતનો માલેક થવા સાથે મારા ખેતાબ લોર્ડ ઓલ્દ્દકેસલનો પણ ધણી થશે."

વોરડરે આટલું વાંચી લાયનના ચેહરા તરફ જોયું. મરનાર લોર્ડ ઓલ્દ્દકે-સલના આ ખુલ્લા એકરારથી જોકે તે પોતે તો ઘભરાઇ ગયો હતો, તોપણ મર-નારના આ એકરારથી લાયન ઉપર કેવી અસર થવા પામે છે તે જોવા તેણે તેના ચેહરા તરફ જોયું. પણ તેણે પોતાની મોટી અજાયબી વચ્ચે જોયું કે તે ચેહરો જેવો અને તેવોજ હતો. મરનારના એકરારથી અને પોતે અમીરી પદનો વારેસ હોવાની ખબર સાંભલીને પણ તેના ચેહરા ઉપર ખુશાલીનું એક ઝાંખું કિરણ વડીક જણાતું હતું નહિં.

કયાંથી જણાય? તે બીચારા ભોળા, ભલા વોરડરને કયાં ખબર હતી કે એદેલીનનાં કાગળે તેની બાકીની ઉમેદનો કોટ તોડી નાખ્યો હતો, તેની એકપુરી આશાની જોત પગે રગડી કચડી નાખી હતી. તે પોતાની ઉપર પડેલાં આટલાં બધાં દુખ છતાં હજી જીવતો રહેવા પામ્યો હતો તેનો એકલો બાયસ એદેલીનજ હતી. તે જીવતો હતો, તેની જીંદગી તેને પ્યારી હતી તે માત્ર એદેલીનનેજ ખાતર હતી. પણ એદેલીને હવે તેને જુદાઇનો જખમ કીધો હતો એટલે તેની ઉમેદનું એકપુરૂં પંખેરૂં તેનાં અંતઃકરણનાં પિંજરાંમાંથી સદાનું ઉડી ગયું હતું. હવે લોર્ડ ઓલ્દ્દકેસલ તો શું પણ તેને સાતે ખંડના શેહનશાહ તરીકે જાહેર કરવામાં આવ્યો હોત તોપણ તેણે એદેલીનનાં કાગળથી ઉપજેલી નીરાશી અને ગમગીની ઉપર મરહુમ લોર્ડ ઓલ્દ્દકેસલ જેવા લાખોલાખ તવંગરોનો એકરાર ફાવવા દીધો નહિ હોત! તે પોતાનાં મનમાં બબડી ચુકયો હતો કે "એદેલીન જેવું બુલબુલ ચાલી ગયું તો આ જેહાનમાં મારે માટે બીલકુલ કાંઇ પણ બાકી ન રહ્યું."

"અય ભલા શખ્સ! તું બસ ચલાવ, ખોટી ઢીલ કરી નાહક મને ના સતાવ! મારૂં જીગર જળેછ તો તેને વધુ ના જળાવ! ચાલ! આગળ વાંચ!"

વોરડરે આગળ ચલાવ્યું.

"મારા બેટા! તું કોણનું ફરજંદ છે તે બીનાથી તું અંજાણ છે. માટે ઓ બેટા! તારો બાપ જે તારી આગળ પોતાની આગલી જીંદગીનાં પાપોનો એકરાર કરેછ તે તું ધ્યાનની નજરથી વાંચજે, તારા બાપ તરફનાં માનની નજરથી વાંચજે."

"જયાં સુધી હું ૨૫ વર્ષની વયનો થયો, ત્યાં સુધી મને લોર્ડ ઓલ્દ્દકેસલનો ખેતાબ મળશે એવો મને સ્વપનેબી ખ્યાલ હતો નહિ. કેમકે હું તો ફકત સાદો માંદો જોન તાવર્સ હતો, કુટુંબમાં એક નજીવો માણસ હતો, તાલેવંત હતો નહિ.

આવી મારી હાલતમાં કોઇબી પંક્તિની પણ મારી પસંદગીની ઓરત સાથે પરણવામાં મેં કોઇપણ રીતનું બુરૂં જોયું નહિ. હું ઇંગલંડના ઉત્તર ભાગનાં એક ગામડાંમાં મુસાફરીએ ગયો હતો, જયાં મેં એક ગામડિયન બાનુને જોઇ. જોકે તે બાનુ એક ગામડેની ગોરી હતી, પણ તે મારી નજરમાં બેહેસ્તની હુરી હતી. તેણીની ખુબસુરતી એક ભલી શેહેનશાહબાનુની સીકલ હતી. બીજી ખુબસુરતીઓ તો માત્ર નકલ હતી, પણ તે ગામડેની ગોરીની ખુબસુરતી અસલ હતી.

"તેણીનું નામ અરસુલા હેરીસ હતું. તે જેટલી ખુબસુરત તેટલીજ તે નિર્દોષ અને ભલી હતી, નાજુક ફુલની કળી હતી. હું તે વેળાએ જવાન હતો, નાદાન હતો. જવાનીનો જોશ તોફાની દરીયાના મોજા પેઠે ઉછળતો રહેતો હતો. હું મોહબતની આગમાં પડયો. બેટા! મોહબત એક બાગ છે, જેમાં ફુલોનું નામ નથી! મોહબત જાનદાર છે, પણ તેમાં જાન નથી. તે એક એવો દરિયો છે, જેનો કિનારો નથી. બેટા! હું તે ઓરતને જોન તાર્સીવ તરીકે નહિ, પણ જોન લાયનનાં નામ હેઠળ અંતે પરણ્યો કેમકે મારા માંગનારાઓના ડરથી હું એજ નામે મુસાફરી કરતો હતો. આ પછી અમો બંને ધણી ધણીયાણી લંડન ગયાં."

આ પળે કેદી નીલ લાયને એક ઉંડો નિસાસો નાખી એક હાથ મારી. તેણે પોતાના ચઝદાનને યાદ કરવાનું ઘણુંબી મન કીધું, પણ તેની જબાન વાચા વિનાની બની ગઇ. તેની આવી હાલત ઉપર તે ભલા વોર્ડરે દયાનાં આંસુઉં ટીપું ખેરવી પેલું લંબાણ કાગલ આગળ ચલાવ્યું.

"અમો બંને ધણી ધણીયાણી લંડન ગયાં. ત્યાં, હમણાં હું જોઇ શકું છું કે મેં તારી ભલી માવતર સાથે સારી ચાલ ચલાવી નહિ. એક વખત એવો હતો કે હું તે પરીનો પરસ્તાર હતો, પણ પાછળથી જુલમગાર બન્યો. કેમકે હવેજ હું સમજયો કે તે ગામડિયનને પરણવામાં મેં મોટી ભુલ કીધી હતી. પણ એટલામાં મારી જીંદગીમાં એક એવો ભારે પણ ન ધારેલો ફેરફાર થયો કે અંતે હું નાચાર બન્યો, બેકરાર બન્યો. મને ઓચિંતી ખબર મલી કે મારી સરજત કાંઇ ઓર હતી. પોતાના ત્રણ બેટાનાં મોતનો ધાહ ખમી તે વખતનો લોર્ડ ઓલ્ડકેસલ ઓચિંતો મરણ પામવાથી ઓલ્ડકેસલની મોટી દોલત અને લોર્ડ ઓલ્ડકેસલના માનવંત ખેતાબનો હું વારેસ બન્યો હતો. ગરીબાઈમાંથી તવંગર બન્યો હતો.

"હવેજ મને ખરૂં ભાન આવ્યું કે હું તે ગામડિયન અબલાને પરણી લાવ્યો નહિ હતો, પણ એક મોટી બલાને મારે માથે હોરી લાવ્યો હતો. મારા વાહલા સપુત! મારી હાલતમાં એકાએક થયલા આ ફેરફારથી તારી માદરને અંજાણ રાખી હું ઓલ્ડકેસલ ખાતે જવા ઉપડી ગયો, અને જયારે મેં કુટુંબના વડા તરીકે મારી જગ્યા લીધી ત્યારે તારી માદરની મેં કીધેલી પસંદગી માટે હું પસતાવો. મારે કેહવું જોઇયે કે હું જયારે લોર્ડ ઓલ્ડકેસલનો ખેતાબ પામ્યો તે વેળાએ લાખોની અસકેઆમત સાથે મોટી રકમનું દેવું પણ હતું. આથી મને પૈસાની મોટી જરૂર હતી. મને મારાં સગાંવાહલાંઓ પરણાવવાને બહેબાશ કરી રહ્યાં હતાં અને મેં જાણ્યું કે હું તેમની ખાહેશને માન આપી પરણું તો મારી ઓરતના પૈસાથી મારા વડવાએ ગીરવી મુકેલી અસકેઆમત ધણી સેહલાઇથી છોડવી મારા માંગનારાઓનું કરજ અદા કરી શકું. પણ મારેથી પરણી શકાય એમ હતુંજ નહિ. મારા સુખના માર્ગમાં તારી માવતર હતી, જેણીને મેં હિચકારો બની આપોથી વધાવી લીધી."

"ઓ ખોદા! ખોદા!" નીલ લાયન વોરડરને દમ ખાતો જોઇ આજેજ બની પોકારી ઉઠયો.

વોરડરે એક ધીમો ખંખાર મારી આગલ ચલાવ્યું :-

"મારે ટુકમાં કેહવું બસ થશે કે ઓલ્ડકેસલ પાર્કમાં થોડા માસના વસવાટ પછી મારી એક વિશ્વાસુ એજંટ—જે એક ઓરત હતી—તરફથી મને પુર ભરોસેદાર ખબર મળવા પામી કે નીલ, તું તારી ભલી માવતર સાથે ઇંગલંડમાં મરણ પામ્યો હતો. હું આજે એકરાર કરૂંછ કે તે વેળાએ મારૂં જીગર પથ્થર બની ગયું હતું યા પથ્થરથીબી બદતર બની ગયલું હોવાથી તે વેળાએ તમો બંને મા દીકરાનાં મોતનો ગમ મને સેહજબી લાગ્યો નહિ. તમો બંનેનાં મોતથી જે એક બે આંસુ ટપકયાં તે તો ખુશીનાં આંસુ હતાં. આવી રીતે મારા હાથ પગમાં જીકડાયલી બેડી ખુલ્લી થઇ ગઇ. હું બીજીવાર પરણ્યો."

વોરડરે એક ખંખાર મારી વાંચવાનું આગળ ચલાવ્યું :-

"તે મારી બીજી ઓરત તાલેવંત હતી, જે હાલમાં લેડી ઓલ્ડકેસલ તરીકે જાણીતી છે, પણ માનીતી નથી, પણ ખરી લેડી ઓલ્ડકેસલ તો લાયન! તારી માતા છે. ખોદા! મારૂં પાપ માફ કરે! કેમકે તમો બંને મા દીકરાનાં મોતથી અને બીજી વારનાં મારાં લગન પછી મેં માની લીધું કે મારી આગલી જીંદગી ઉપર છેવટનો પરદો પડયો હતો અને મારૂં તે આગલું પાપ તે ખોદા સિવાય બીજું કોઇ જાણવા પામ્યું નથી, પણ હું નાહક ફુલતો હતો. મેં તારી માવતરને મારાં મગજ અને અંતઃકરણમાંથી ભુલાવી દેવાને ઘણુંબી કીધું, પણ ફોકટ! મારાં અંતઃકરણને મારાં તે પાપનો કીડો ખાઇ જતો હતો. તમો બંને જીવતાં છો, અને બંને ઓલ્ડકેસલ ખાતેજ છેઓ, એમ તો મેં સ્વપનેબી ધાર્યું હતું નહિ. પણ મારી આંખો ત્યારેજ ખુલી કે જયારે તારી માદરને મારી સામે જીવતી અને જાગતી ઉભેલી જોઈ. તેણીએ કીધેલો ખુલાસો મારૂં પાપી અંતઃકરણ ચીરી નાખવાને બસ હતો! મને લાગ્યું કે મારૂં આગલું પાપ ખુલ્લું થઇ જવાની અણી ઉપર હતું. આથી મને એટલું બધું તો લાગ્યું કે મેં ખચીતજ માન્યું કે હું ઝાઝો વાર જીવી શકશ નહિ.

"મેં ઘણુંબી ઇચ્છયું કે મારી બીજીવારની પરણેતરને મારાં આગલાં પાપથી જાણીતી કરૂં, પણ તેણીના કરડા સ્વભાવને લીધે હું તેમ કરી શકયો નહિ. હું તેણીને એમબી કહી શકયો નહિ કે તે ઓરત હકદાર લેડી ઓલ્ડકેસલ હતી નહિ અને તેણીનો બેટો જુલિયન મારા મુવા બાદ ખરો લોર્ડ ઓલ્ડકેસલ થઇ શકનાર હતો નહિ. પણ મારો આ નામોશીભર્યો ભેદભરમ હું ખુલ્લો કરી શકયો નહિ, જોકે એમ કરવામાં બેટા, તને મોટો ગેરઇનસાફ થતો હતો, એમ હું જાણતો હતો, છતાં હું લાચાર હતો, પણ તે માટે હું દર પળે બેકરાર હતો."

આ પળે કેદી લાયને એક વધુ નિસાસો નાખ્યો અને પોતાના બંને હાથો પોતાની બંને આંખો ઉપર ઢાંકી દઇ પોકારી ઉઠયો, "ઓ ખોદા! ખોદા!"

વોરડરે આગળ ચલાવ્યું :-

"મારે શું કરવું? બે આખી રાત હું જાગતો વિચારમાં મસ્ત બનેલો બિછાના ઉપર પડીજ રહ્યો. અંતે મેં ઠરાવ કીધો કે મારો ભેદ છુપોજ રાખવો અને

હું સારી પેઠે સમજતો હતો કે તારી માવતર મને એવી તો અજબ મોહબતથી ચાહતી હતી કે મારી આગલી નામોશી તે બાજુ તરફથી ખુલ્લી થવા પામે એમ તો મેં ઘડીભર માન્યુંજ નહિ. આથી મારાં મોત સુધી મારો ભેદ તારેથી છુપાવી રાખવામાંજ મેં ડાહપણ જોયું. તમો બંનેને જીવતાં જોઇ લંડનના મારા સોલીસીતરના સ્વાધીનમાં મેં સીલ કીધેલું એક પેકેત રાખેલું છે, જેમાં મેં જોન લાયનનાં ખોટાં નામ હેઠળનાં મારાં પેહલાં લગનની તમામ વિગત જાહેર કીધેલી છે. હવે પછી બીજાં ઘણુાંક અગત્યનાં ઓચરીયાંઓ જે તમોને મારા મુવા બાદ ઘણાં કામનાં થઈ પડશે તે હું તેમનાજ હાથમાં મુકનાર છું.

"આ કાગળોમાં તારી માવતર સાથનાં મારાં પેહલાં લગનની સરટીફીકેટ પણ જોવામાં આવશે અને એ ઉપરાંત તારી માદર સાથે પરણુનાર જોન લાયન તે જોન તાવર્સ, લોર્ડ ઓલ્ડકેસલ યાને હુંજ છું તે સાબેત કરનારાં ઓચરીયાંઓ પણ તેમાં મોજુદ છે. તારાં જન્મની સરટીફીકેટ તારી માવતરે પોતાના હાથે લખેલી છે. બેટા ! હું તારો ગુનેહગાર છું, તારી ઠોકરને સજાવાર છું."

આ પળે બંધવો નીલ લાયન મોટાં જોરાથી પોકારી ઉઠયો :—

"ઓ ખોદા ! ખોદા ! શું મારા બાપનાં આગલાં પાપોની દુખભરી કેફિયત સાંભળવા માટેજ મને શુળીએથી બચાવી જીવતો રાખ્યો ?"

વોરડરને જબરી અકરવકર થતી હતી, કેમકે પેકેતમાંનું તે લખાણ હજી પુરૂં થયું હતું નહિ. હજી ઘણું બાકી હતું. તે ઘભરાયો કે આટલી બધી થયલી ઢીલથી રખેને તેની ઉપર કોઇની નજર પડવા પામે અને તે ફસી જવા પામે. આથી તેણે લાયનના બકબકરાની સેહજ પણ દરકાર કીધા વિના મરહુમ લોર્ડ ઓલ્ડકેસલનો સંદેસો આગળ વાંચવાની હીલચાલ બતાવી, પણ તે તેમ કરે તે આગમચ લાયને તેને વાંચતાં અટકાવી કહ્યું :—

"થોભ ! અય ભલા શખ્સ જરા થોભ ! કેમકે મારા બાપની બાકીની નામોશી સાંભળતાં મારૂં જીગર ચીરાઇ જશે. માટે મારાં જળતાં જીગરને ના જળાવ !"

વોરડર લાચાર બન્યો. તેણે ઘણીજ આનાકાનીથી પેલો સંદેસો બાજુએ મેલ્યો અને દયાની નજરથી પોતાની સામે મીણનાં પુતલાંની માફક ઉભેલા કેદીને જોવા લાગ્યો.

ગુમ થયલાં પેકેતનો ખુલેલો ભેદ.

વોરડરનો ઘભરાટ વધતોજ ચાલ્યો. તે સમજી શકયો નહિ કે આ કામનો અંજામ કેવો આવવા પામશે. શું તે પોતાની હોરમતને જોખમમાં નહિ નાખતો હતો ? એક ખુની કેદી સાથે રાતને સમયે છુપી મસલહત ચલાવવામાં તે પોતાની ખરાબીનો રસ્તો નહિ શોધતો હતો ? તે બચરવાળ હતો, આબરૂદાર હતો. તે જોકે પૈસાને વાહલો ગણતો હતો પણ તે છતાં તે પોતાની ઇજતને કાંઇ ઓછી વાહલી નહિ ગણતો હોવાથી કાંઈ અજબ જીગ્નાસાથી તેણે બંધવા તરફ જોયું. આ વેળાએ બંનેની નજર એક થઇ ગઇ. નીલ લાયને જોઇ લીધું કે વોરડરનાં મગજમાં શા ખયાલો ભમતા હતા.

આથી તેણે કંટાળીને પોકાર કીધો :—

"ભલા રાજ્સ ! ચલાવ, આગળ ચલાવ ! અને મારા પોતાના પેહરનાં પાપનું પ્રકરણ ખતમ કર !" આટલું બોલતાંજ તે કમબખ્ત કેદી ઘુંટણ ઉપર પડ્યો અને પોતાના બંને હાથો આસમાન તરફ ઉંચા કરી મોટાં જોશ સહિત પોકારી બોલ્યો, "ઓ યજદાન ! મારો પાસબાન થજે ! મારા મરહુમ બાપનો મદદગાર થજે."

આટલું બોલી તે તે વોરડર તરફ કાંઇ એવી તો દયાભરી નજરથી જોવા લાગ્યો કે વોરડરનાં જીગરમાં તે કેદીની નજર તીરની માફક ચોંટી બેઠી.

વોરડરે ગમનાક જીગરે આગળ ચલાવ્યું :—

"બેટા ! જે જે ઓચરીયાંઓ મારા સોલીસીતરોના કબજામાં આપવામાં આવશે તે સઘળાં ઓચરીયાંઓ ઉપર તારૂં પોતાનું નામ લખવામાં આવશે. આ સઘળાં ઓચરીયાંઓ તને યા તારા એજંટને મારૂં આ કાગળ સોલીસીતર આગળ રજુ કરવાથી સપુરદ કરવામાં આવશે.

"આ સોલીસીતરો મારા પોતાના સોલીસીતરો નથી, કેમકે તારો પોતાનો હક સાબેત કરવા માટે મારા પોતાના સોલીસીતરો ઉપરથી હું ભરોસો રાખી શકયો નથી. આથી મારૂં છેલ્લું વસિયતનામું મેસર્સ બાઉદન એન્ડ બાઉદન સોલીસીટરો મારફતે કરવાનો મેં ઠરાવ કીધો છે, અને હું તે વીલ તેમનાજ હાથમાં મેલશ. સોલીસીતરોની આ પેહડી લંડનમાં બેડફોર્ડ રોમાં આવેલી છે.

"બેટા ! એટલું યાદ રાખજે કે જે વસિયતનામું મારાં મોત પુઠે વંચાશે તે મારૂં છેલ્લું વસિયતનામું ગણાશે નહિ. મારૂં છેલ્લું વસિયતનામું તો મેશર્સ બાઉદન એન્ડ બાઉદનનાજ કબજામાં રહેશે. તેઓને હું એવી સખ્ત તાકીદ આપીશ કે જયાં સુધી તેઓને તારો હુકમ થાય નહિ ત્યાં સુધી તે મારૂં છેલ્લું વસિયતનામું તેઓ બાહેર લાવશે નહિ.

"મારાં પાપોનું આ એકરારનામું હું એક છુપી જગોએ છુપાવીશ, જયાંથી એ તારા હાથમાં આવવા પામશે. જયારે મારાં મોતનો વખત નજદીક આવશે ત્યારે આ મારૂં એકરારનામું કયાં છુપાવેલું છે તે હું બે ત્રણ બોલમાં ભરમમાંજ તને જાહેર કરીશ. તે પછી આગળ શું કરવું તેનો તમો મા દીકરા ઉપર આધાર રહેશે.

"અગર જો મારો દીકરો જુલિયન મારાં વસિયતનામામાં જણાવેલા હુકમનો અનાદર કરે તો તને મારૂં ફરમાન છે કે તારી ખરી હાલત તું જાહેરમાં લાવી લોર્ડ ઓલ્ડકેસલના ખેતાબ ઉપરનો તારો દાવો સાબેત કરે. બેટા ! યાદ રાખજે કે તું મારા બેટાને મારા વારસ તરીકે નાલાયક જોય તો તરતજ, એક પળ પણ ખોહવા વિના તારો હક સાબેત કરજે અને મારૂં અને મારા વડવાઓનું સારૂં નામ ચાલુ રાખજે. તારી પાસે મારી એટલીજ અરજ છે કે મારી બીજી પરણેતરના ગુજરા માટે સારી જોગવાઇ કરી આપજે. મારો જુલિયન રોટીના ટુકડા વિના રખડતો નહિ થાય તે માટે સંભાળ રાખજે.

"વળી તું એટલુંબી યાદ રાખજે કે મારી બીજી પરણેતર પોતાની સાથે એક મોટી દોલત લાવી હતી, પણ તે દોલત મેં મારી મોટાઇમાં ખાઇ ખરચી નાખી છે, અને મારી પછી મારી તમામ દોલત તારા હાથમાં આવવાથી તે એક

પાઇ વિનાની બની જશે. માટે તે કંઇ આબરૂ દરકારથી પોતાનું ગુજરાન કરી સકે એવી રીતે ઘટતી ગોઠવણ રાખજે.

"હું તારાં નામનાં ઓચરીયાંમાં તે બાનુ કે જે મારી બીજી પરણેતર છે તેનાં નામનું એક કાગળ મુકીશ જે તું તેણીને પુગાડજે. મારી એક છેલ્લી અરજ છે કે તે બાનુ તરફ માયા અને મેહરબાની બતાવજે, કેમકે તે ઉપર તેણીનો હક ખુલ્લો છે.

"અને હવે મારા હકદાર વાહલા બેટા! હમણાં સુધી મેં તને મારા વારસા અને આશ્રામાંથી બાતલ રાખ્યો હતો, તે માટે હું તારો તકસીરવાર છું, તારી બદ દુવાનો સજાવાર છું. તારી માદર આગલ તો હું બહુજ શરમીન્દો છું. તે બાનુને એકજ દિલાસો મળશે કે મેં આખરે તમારા હક પિછાન્યા છે, તમારી કદર બુજી છે. મારી ઉપર ખુદ ખુદરત રૂઠી છે. કેમકે મારો અંત નજદીક છે. હું જોઉંછ કે મોતનો ફરેસ્તો મારાં માથાં ઉપર ભમતો રહયો છે. જયારે તને આ મારૂં એકરારનામું મળશે ત્યારે તો હું આ જેહાન છોડી ગયલો હોઇસ. બેટા! મારાં આગલાં પાપોની માફી તે સાહેબ પાસેથી ચાહતો રેહજે.

"મારા કાને એવી એક વાત આવીછ કે તું મારા બાગચા અને દોસ્ત કરનલ રેનની બેટીને ચાહેછ. અગર જો એમજ હોય તો મારી ખરાં જીગરની દુવા છે કે તમો બને ખાવિંદ અને ઓરતના ગાંઠથી જોડાઇ સંસાર સુખ ભોગવો! કેમકે એદેલીન નેકીનો ફરેસ્તોજ છે.

"બસ! બેટા! હું વધુ લખી શકતો નથી. ઘોરમાંથી હું તને સલામ કરૂંછ! મારી છેવટની આરામગાહમાંથી તને દુવા દઉંછ. સલામ! છેવટની સલામ! તું મને માફ કરજે!"

એક બોલ પણ બોલવા વિના ઉપલું લંબાણ કાગળ સાંભળવાનું પુરૂં કરી લાયન પોકારી ઉઠયો:—

"મારા કમનસીબ પેદર, હું તને ખરાં જીગરથી માફ કરૂંછ ને ખુદ ખુદાબી તને માફ કરશે! તારાં રૂહને શાંતી બક્ષશે! પેદર! મારા વાહલા પેદર પેદર! સુખેથી તારી આરામગાહમાં આરામ લે, કેમકે તારી મરજી, તારા હુકમનો હું ફરમાનબરદાર છું, તારો હુકમ ઉઠાવવાને તનો મનથી ઇંતેજાર છું."

પણ એટલામાં તે ખોલીનું બારણું ઓચિંતું ઉઘડી ગયું અને વોરડરની મોટી અજાયબી વચ્ચે વડો વોરડર ગુસ્સામાંજ દાખલ થયો.

ગરીબ બીચારો ભલો વોરડર! તે પોતાના વડા વોરડરને જોતાંજ ફગલાઇ ગયો, અને મરહુમ લોર્ડ ઓલ્ડકેસલના સંદેસાવાળું કાગળ તેના હાથમાંથી ઘભરાટમાં જમીન ઉપર પડી ગયું.

ઘરડા વોરડરે ગુસ્સાથી ડોળા કકડાવ્યા. તે મુંગા ઠપકાના જવાબમાં ગરીબ બીચારો વોરડર 'ત—ત—પ—' કરવા સિવાય બીજું કશું બોલી શકયો નહિ.

"ચાલ, તારૂં કાળું કર!" વડા વોરડરે લાંબો હાથ કરી દમામશીજ હુકમ કીધો.

"પણ સ—સ—સ—સાહેબ હું બિલકુલ નિર્દોષ છું," વોરડરે પોતાના કાલા-વાલા ચાલુજ રાખ્યા.

"બસ! જા! મેં તને કહ્યુંની કે અહિંથી કાળું કરી જા!"

તે ભલા અને દયાળુ વોરડરને જવા વિના ચાલ્યું નહિ. તે નીચી મુઠીએ તે ખોલી છોડી ચાલતો થયો. એટલામાં તેની નજર જમીન ઉપર પડેલાં લાયનનાં કાગળ ઉપર પડી, જે તેણે ઉચકી લીધું અને પોતાનાં ખીસાંમાં સેરવી દીધું.

પોતાના મદદનીશ વોરડરના જવા પછી વડો વોરડર બંધવા તરફ જોઇ ગુસ્સાથી બોલ્યો:—

" બંધવા ! આજની તારી ચાલથી ગવરનર મેજર દોન્તને મારે જાણીતા કરવા પડશે. "

આટલું બોલી તે મગરૂર અમલદાર તે ખોલી છોડી જતો હતો, એટલામાં નીલ લાયન તેની પાછળ ધસ્યો અને તેના કોટની દામન પકડી બોલ્યો, " અય ભલા શખ્સ ! અગરજો તારાં જીગરમાં સેહજબી દયા હોય, તારાં અંતઃકરણમાં સેહજબી ઇનસાફ હોય તો મને ખોદાને ખાતર ગવરનર મેજર દોન્ત સાથે મેળવ ! હું પોતે તેને મલવાજ માગુંછ. સાહેબ ! બોલો એટલું મારૂં કામ કરશો, મારી એટલી મોરાદ બર લાવશો ? "

તરતજ પેલો વડો વોરડર નીલ લાયનને ટીકી ટીકી જોઇ બોલ્યો, " અરે કમબખ્ત કેદી ! શા માટે નાહક હેરાનગતી ભોગવેછ ? તું શા માટે ગવરનર મેજર દોન્તનો સખુન કબુલ કરી આ જબુન આઝાબમાંથી ટળતો નથી ? શા માટે તું એદેલીનનો ખ્યાલ પકડી બેઠોછ ? "

લાયને જોયું કે આ વડો વોરડર ગવરનર મેજર દોન્તનો વિશ્વાસુ હતો. તે તરત પામી ગયો કે જેવી રીતે મેજર તેને બંદીખાનામાંથી છુટો કરવા માંગતો હતો તેવીજ રીતે કરવાને તેને સમજાવવા માટે તે વડો વોરડર આવેલો હોવો જોઇયે. આથી તે આગળી દુખભરી યાદ થતાંજ તે લગાર ગુસ્સાથી પોકારી ઉઠયો, " અરે સાહેબ ! જરા તો મારા હાલ ઉપર ખ્યાલ કરો ! એક નાચીજ કીડાબી પથ્થરમાં દર કરે, તો શું મારા જેવો ઇનસાન દિલબરનાં દિલમાં નહિ ઘર કરે ? એદેલીન સાથે જીગર જોડું યા સર ફોડું બસ એજ મારો હાલ છે. "

પેલો વડો વોરડર સેહજ હસીને લગાર અણકાથી બોલ્યો, " હું જોઉંછ કે તારો હાલ એ કરતાં બદતર હોઇજ નહિ શકે. અરે નાદાન ! જરા તો ખ્યાલ કર ! પાંચ દજન કોરડાઓના મારની નામોશીની તને શું સેહજબી કદર નથી ? અરે તારામાં જીગર છે કે જીગરબી નથી ? બોલ ! કઇ દવાથી તારી હઠને ઠેકાણે લાવું ? "

" અય નાદાન તબીબ ! તું ખોદા ખાતર અહિંથી જા, કેમકે મારૂં દર્દ સાચ્ચી મોહબત છે. શું તને ખબર નથી કે આશકનાં દર્દની દવા માશુકનાં દિદાર વગર બીજી એકબી નથી ? "

આટલું બોલી બંધવો લાયન પેલા વોરડર આગળથી જાણે રૂસાઈ ગયો હોય તેમ ખસી ગયો અને એક ખુણામાં જઇ બેઠો, અને બીજી ગમથી વડો વોડરબી કાંઇ બડબડતો ગુસ્સામાંજ તે જગો છોડી ગયો.

નીલ લાયન પોતાને ઉમરાવ જાહેર કરે છે.

વડા વોરડરના જવા પછી નીલ લાયન પોતાનાં દોજખખાનાના દરવાજા તરફ ટીકતો એકજ ઢબે સાવજ જેવો બેસી રહ્યો. હમણાં સુધી તેની આંખો બંધ થઇ ગઇ હતી, કેમકે તેની નજરમાં એદેલીન રેન સમાઇ રહી હતી. પણ હાલમાં તેની બંને આંખો ખુલી ગયલી હોવાથી તે સમજી શકયો નહિ કે તે હમણાં સુધી ખ્યાલમાં હતો કે ખ્વાબમાં હતો? કેમકે જે બંને સંદેસાઓ થોડોજ વખત આગમચ તેના કાને અથડયા હતા તે બંને સંદેસાઓથી તેનું મગજ ખરેખર ફરી ગયું હતું. તેનું ભેજું અને તેનું શરીર પોતાની ફરજ બોયા ભુલી ગયું હતું. વડા વોરડરનાં જવા પછી નીલ લાયનનું લોહી ઉકળી આવ્યું હતું. તે એટલોજ ખ્યાલ કરી શકયો કે તેની જીંદગીની સર્વથી બુરી કંગાળિયત જે હમણાં સુધી દુર હતી તે આજે રાતે તેને આવી વળગી હતી.

તે હજી નબળો અને બીમાર હતો. તબીબે સરટીફીકેટ આપી હતી કે તે કોરડાનો માર ખમવાને શક્તિવાન હતો. આવતી કાલે તેને આ નખોદભરી નામોશીમાંથી પસાર થવાનું હતું. પોતાની મસ્તી માદરને થોડાક કલાક જઇ મળવાનો તેનો આ નામોશીભર્યો નતીજો હતો, ખુદરતના ખેલનો આ અજબ મોજેજો હતો. બંદીખાનાનું દુખ, ખુની તરીકેની કાળી ટીલીનો ગમનાક છાપ સહન કરવાની તેનામાં જે હિમ્મત હતી, તે એદેલીનની મોહબતની એક કરામત માત્ર હતી, પણ તે તો આજે દુર થઈ ગઇ હતી. એદેલીને તેને તજી દીધો હતો. એદેલીન જે હમણાં સુધી સાચી અને વફાદાર રહી હતી તે વધુ વાર સાચી અને વફાદાર રહેવા પામી નથી.

આજ રાતે તેને કેટલું બધું દુખ ખમવું પડયું હતું? સર્વથી મોટો ગમ તેને એદેલીનની જુદાઇનો હતો. તે ફરેરતા ખસલત બાનુએ આટલી બધી હદ સુધી ચાહી તેને આજે રાતે છોડી દીધો હતો, તરછોડી કાઢયો હતો બલકે ખુલ્લાં ચોગાનમાં ફેંકી દીધો હતો. બીજો ગમ મરહુમ લોર્ડ ઓલ્ડકેસલના સંદેસાથી પડેલાં અજવાળાંનો હતો. જોકે તે બાદશાહ જેવા અમીરનો વારસ બનવા પામ્યો હતો, તોપણ તે સંદેસાથી તેને જે મોટી વેદના થઇ તે એ હતી કે તેની ભલી માવતર પોતાના હકદાર ખાવિંદનો ખરાં જીગરનો પશ્ચાતાપ સાંભળવાને હેયાત હતી નહિ. આ ખ્યાલથી તેને બહુજ લાગી આવ્યું. મરહુમ લોર્ડ ઓલ્ડકેસલ જે ઘોરમાં સુતો હતો ત્યાંનો છેલ્લો સંદેસો સાંભળતાં તેનું જીગર ચીરાઇ ગયું હતું. તેના મોત વખતે તેનાં અંતઃકરણમાં પશ્ચાતાપના કેવા જવાળામુખી સળગ્યા હશે, આગલાં પાપોથી ડરી મોત સામે આવી ઉભેલું જોતાંજ તેની નજર સામે દોજખના કેવા ડરામણા દેખાવો પડયા હશે તેનો ખ્યાલ કરતાંજ હેબત ધાસકથી તે ધ્રુજયો.

તે વધુ ધ્રુજયો એટલા માટે કે એદેલીન પોતાનો ભોગ આપવા તૈયાર થઇ હતી, પણ તે કોણને? તે તે સમજી શકયો નહિ.

આ સઘળા આઘાતો એકજ ટુંક રાતના હતા, અને આ સઘળાં દુખ ઉપર ખ્યાલ કરતાં તેનું મગજ ચકભમ થઇ ગયું હતું. તે પોતાની હાલતમાંથી જાગૃત થયો, ઉઠયો અને પોતાનાં મગજને સેહજબી રાહત આપવા તે કંગાળ બીછાનાં

ઉપર પડયો, એવા ખ્યાલથી કે બાકીની રાત નીંદ્રા દેવીનેજ અરપણ કરે. પણ નહિ. ઉંઘનો આશીર્વાદ તેના જેવા કમબખ્ત માટે હતો નહિ. તેણે ઘણુંએ ચાહ્યું કે ઉંઘ તેનો હમશરીક બને, તેનાં દુખનો તબીબ બને, પણ ઉંઘવાની જેમ વધુ તલબ તે કરતો હતો તેમ ઉંઘ તેનેથી વધુ દુર નાહસતી હતી.

તે નિસાસ બની પોતાનાં કંગાળ બીછાના ઉપર તરો થઈ બેઠો અને હાય મારી બોલ્યો:-

"કોઇની મેલાપની રાત ઉંઘમાંજ પસાર થાયછ, કોઇની ગમખાર જુદાઇની રાત રડવામાંજ ગુજર પામેછ, પણ એ એલાહી! મારી રાત તો નથી રડવાથી ગુજરતી કે નથી આરામથી પસાર થતી."

વળી તે ચુપ રહ્યો. તે કાંઇ ખ્યાલમાં મસ્ત બની બેઠો. એદેલીનના બોલો તેનાં મગ્જમાં પાછા યાદ આવ્યા. તે ઓરત કોણને પોતાનો ભોગ આપતી હતી? એવો તે કોણ જવાન હતો કે જેનો તેના કરતાં એદેલીન જેવી નેકીની મુરતી ઉપર વધારે હક હતો?

આ ખ્યાલ થતાંજ બીજી પળે તેને બીજોજ ખ્યાલ થયો અને તે એક દીવાનાની માફક પોકારી ઉઠયો, "ઓ! તે જવાન બદમાશ જુલિયન હોવો જોઇયે, જે ખુની રોદ્રીકનો ભાઇ થાય છે, અને જેનાં પાપનો બોજ હું મારી ગરદન ઉપર લઈ ફરૂંછ. પણ હું એદેલીનને કદીબી પોતાનો ભોગ એ મુજબ આપવા દેઇશ નહિ. હા! રોદ્રીક! જુલિયન! તમો જોકે ગમે તેટલા ખુની કસાઈ છો, પણ અફસોસ કે તમો મારા ભાઇ છો, જેની યાદ થતાંજ મારૂં જીગર કપાઇ જાયછ. એદેલીન! મારાં મનની મિઠી મોરાદ એદેલીન! હું તને બચાવશ! હું તું જેવી નિર્દોષ ગાયને જુલિયન જેવા જાલેમ, જનુની, બલ્કે ખુની કસાઈને હાથ જતી છોડવશ."

બીજી સહવારે એક સિપાઇ દાખલ થયો અને નીલ લાયનને ખબર આપી કે ગવરનર મેજર દોન્ત પોતાના ખાનગી ઓરડામાં તેને બોલાવતો હતો.

સિપાઇને મોહડેથી આ સખુન સાંભળતાંજ નીલ લાયન ચોંકીને ઉઠયો, અને તે સિપાઈ તેને લઇ જાય તે આગમચ તે પગમાં બેડી છતાં કાંઈ અજબ ઉલટ સાથે આગળ ધસ્યો, અને ગવરનરની ખાનગી ઓફીસમાં તે ઘસડાતા પગો સાથે જઇ ઉભો.

"કેમ બંધવા! તું શું કેહેવા માગેછ?" ગવરનરે પોતાની સામે ઉભેલા બંધવાને જોતાંજ દમમાં પુછ્યું.

"સાહેબ! મારી અર્જ છે કે આજે કોરડા મારવાની જે સજા મને કરવામાં આવનાર છે તે મુલતવી રાખવી. બીજી મારી અર્જ છે કે મને આ મારી કેદી હાલતમાંથી એકદમ મુકત કરવો, કારણ કે મને અહિં કેદ કરવામાં મારી ઉપર ગેરઇનસાફ ગુજારવામાં આવ્યોછ. જે વેળાએ મેં ગુનાહ કીધેલો કેહવામાં આવ્યોછ તે વેળાએ હું યુનાઇટેડ કીંગદમનો એક ઉમરાવ હતો, જેથી કોર્ટમાં ચાલેલી મારી તપાસ અને મને થયલી સજા કાયદા વિરૂધ છે. અને યુનાઇટેડ કીંગદમના એક ઉમરાવ તરીકે હું જાહેર કરૂંછ કે મારી તપાસ કાયદા પ્રમાણે મારા સરખા ઉમરાવોથીજ થવી જોઇયે. માટે એ તપાસ પુરી થાય ત્યાં સુધી મને મારી આ કેદી હાલતમાંથી મુકત કરવો."

મેજર તો લાયનનો ઠસ્સો જોતો અને તેના આ શબ્દો સાંભલતાં દીગમુઢ જેવો બની બેસીજ રહ્યો.

સીગીન્સ કાકા મનમાંજ પરણે છે.

લોર્ડ ઓલ્ડકેસલની પરણેતર તરીકે રોઝામન્ડ ફલોયડનું નામ જયારથી બાહેર આવ્યું હતું, ત્યારથી લોક ચકચાર બહુજ વધી ગઇ હતી. લોકો એક અવાજે રોઝામન્ડની સબુરીને ધન્યવાદ આપતું હતું, કેમકે તે ઓરતે લોર્ડ ઓલ્ડકેસલને આપેલું વચન અંતની ઘડી સુધી પાળ્યું હતું. વીલિ ગ્રેએ જયારે રોઝામન્ડના ખાવીંદ તરીકે લોર્ડ ઓલ્ડકેસલનું નામ જાણ્યું ત્યારે તે ભોળો ગામડીયો એટલા માટે ખુશી થયો કે રોઝામન્ડ લેડી ઓલ્ડકેસલ બનવા પામી હતી. તે ખુશી થઇનેજ ધરાયો નહિ, પણ તે લાગલો લોર્ડ ઓલ્ડકેસલની મુલાકાતે ગયો અને તે ઉમરાવને રોઝામન્ડ જેવી સદગુણની મુરતી એક પરણેતર તરીકે ધરાવવા માટે મુબારકબાદી આપી.

સીગીન્સ સોલીસીતર પોતાના કામ ધંધાને છેલ્લી સલામ કરી લેડી ઓલ્ડકેસલે સોંપેલાં કામ પાછળ ખાઇ પીને મંડયો રહયો હતો અને બાજે વખત તો તે ખાધા પીધા વિનાબી આખો દિવસ ગધા વહિતરૂં કરતો રહ્યો હતો. તે નીલ લાયનને કરનલ રેનના ખુની તરીકે ઠરાવવાની દરેક બાતમી મેળવવામાં રોકાઇ ગયો હતો. તેની એકપુરી ઉમેદ લેડી ઓલ્ડકેસલનો ખાવીંદ બનવાની હતી. તે તે અઘોર બાનુ ઉપર મોહિત પડયો હતો અને તે પોતાનાં મનમાં એમજ મલકાતો હતો કે લેડી ઓલ્ડકેસલબી તેને બેહદ વાહલથી ચાહતી હતી. વળી તે એમજ માનતો હતો કે એ માટે તે મગરૂર બાનુએ એકરાર વટીક કીધો હતો.

તે લેડી ઓલ્ડકેસલને એક દિવસ નહિ મળતો તો તેને ચેન વટીક પડતું હતું નહિ. તે અઘોર પણ ઉમરાવ બાનુની તસ્વીર તેની આંખો આગળ શું ખ્યાલ કે ખાબમાં ભમતીજ રહી હતી. તે અનેક વાર ઉંઘમાંબી તેજ ઓરતની તસ્વીર જોઇ મોટેથી હસી પડતો હતો.

તેણે નીલ લાયનને કરનલના ખુની તરીકે ઠરાવવા માટેની કેટલીક બાતમીઓ એકઠી કીધેલી હોવાથી તે લાગલો ઓલ્ડકેસલ પાર્ક તરફ દોડયો. કેમકે તે મેળવેલી બાતમીઓથી પોતાની ભવિષ્યની મોહરદારને ખુશી કરી નાખવાની તેને મોટી હોંશ હતી અને તે બાતમીથી તો તેનું મોટું પેટ ફુલીને વધુ મોટું બન્યું હતું.

તે જયારે ઓલ્ડકેસલ પાર્કમાં ગયો ત્યારે લેડી ઓલ્ડકેસલે તેને ગરમાગરમ આવકાર દીધો અને બેહદ પ્યારના ઢોંગ અને નાજ નખરાંથી તે ઉમરાવ પણ ઠગારી બાનુએ દેડકા સમાન ફુલી ગયલા સીગીન્સ કાકાને પોતાની પાસે બેસાડયો.

આ બંને જણાં જયારેબી મળતાં ત્યારે લેડી ઓલ્ડકેસલના ખાનગી ઓરડામાંજ મળતાં હતાં. આથી સીગીન્સ કાકાને ફુલાઇ જવાનો વધારે મુસ્તકીમ સબબ મળતો હતો. આજેબી લેડી ઓલ્ડકેસલે તેની મુલાકાત ખાનગી ઓરડામાંજ લીધી હતી.

"મારાં વાહલાં લેડી ઓલ્ડકેસલ! હું તમોને હસી ખુશીમાં જોઈ બેહદ ખુશી છઉં," સીગીન્સે પોતાની બેઠક લેતાંજ શેકહેન્ડ માટે પોતાનો હાથ લાંબો કરતાં કહ્યું.

તે ઠગારી બાનુએ હસીને શેકહેન્ડ કીધી અને તેમ કરતાં તેણીએ પોતાનાં સ્ત્રી ચરિત્ર દેખાડવા માટે તેનો હાથ દાબ્યો, એવું દેખાડવા કે તે બાનુ સીગીન્સ

કાકા ઉપર તનો જાનથી કુરબાન હતી. તેણીની આ ઠગબાજીથી તો તે સોલી-સીતરે પોતાને બેહેસ્તમાં હુરીઓની વચ્ચે પ્યાર કરતાં જોયો.

"અરે સીગીન્સ! આટલા બધા દિવસની તારી ગેરહાજરીથી હું તો એમજ સમજી કે તું મારેથી કંટાલી મને છોડી ગયોછ! આટલી બધી લાંબી જુદાઇ સહન કરી શકું એવું મારૂં જીગર નથી જો! હું તો ભોલી ભાલી છું, કાવાદાવાથી બિલકુલ નિરાળી છું, મોહબતનીજ પ્યાસી છું." આટલું બોલી તેણીએ સીગીન્સનાં ખભાં ઉપર પોતાની ડોક નાખી દીધી અને પોતાના બંને ભરેલા હાથો તેની ગરદન આસપાસ વિંટાળ્યા. પોતાની ઉપરનાં આવાં ધરાંપરાંથી તો સીગીન્સ તદ્દન ધભરાઈ ગયો. તેણે પોતાની આટલી ઉમરમાં કોઇબી ઓરત સાથે પ્યાર કીધો હતો નહિ, જેથી તે સમજી શકયો નહિ કે લેડી ઓલ્ડકેસલના આવા પ્યારનો તેણે કેમ જવાબ વાળવો? તેણે નાટકના તખ્તા ઉપરનો પ્યાર અનેક વાર જોયો હતો. તે વેળાએ તેને સ્વપનેબી વકી હતી નહિ કે લેડી ઓલ્ડકેસલ જેવી એક ઓરત તેની ઉપરના પ્યારમાં ઘેલી દીવાની બની જશે. એવી જો તેને ખબર હતે તો તે જરૂર રંગભુમી ઉપરના પ્યારનો ભાગ ધ્યાનમાં રાખી તે આજે લેડી ઓલ્ડકેસલ આગલ ભજવી બતાવતે.

સીગીન્સ કાયદામાં બાહોશ હતો, પણ ઓરત સાથે મોહબત કેમ કરવી તેના કાયદા કાનુનોથી બિલકુલ બેખબર હતો.

લેડી ઓલ્ડકેસલ તેની ગુંચવણ સમજી ગઇ, જેથી તેણીએ પોતાનીજ મતલબ ઉપર આવવાની જરૂર વિચારી સવાલ કીધો:—

"કેમ મારા વાહલા સીગીન્સ! પેલા ખુની બંધવાના સંબંધનું તારૂં કામ કેમ ચાલેછ? શું તને એમ લાગતું નથી કે તે ખુની સામેનો કેસ મજબુત છે?"

"મારી પ્યારી લેડી ઓલ્ડકેસલ! બિલકુલ મજબુત છે," સીગીન્સે પોતાની ફતેહથી સેહજ હસીને જવાબ દીધો.

"વારૂં, મારા વાહલા સીગીન્સ! મને જણાવશો કે તે પોઇન્ટો શું છે, જેની ઉપર આપણા મુકદમાનો મદાર રચાયલો છે?"

તરતજ સીગીન્સે પોતાનાં ખીસાંમાંથી એક કાગળ બાહર ખેંચી કાહડયું અને તે નીચે મુજબ વાંચવા લાગ્યો:-

"બંધવાએ હડતાળ પાડવાની ઉસ્કેરણી કીધી હતી અને તે વારંવાર કરનલ રેનને મળવા તેનાં મકાને ગયો હતો, પણ તેને દાખલ થતાં અટકાવવામાં આવ્યો હતો. આથી તેણે કરનલ રેન ઉપર વેર લેવાના કસમ લીધા હતા."

"બરાબર!" લેડી ઓલ્ડકેસલ ખુશીમાં લીન થઇ બોલી. પણ બીજીજ પળે ખ્યાલ આવતાં તેણીએ સવાલ કીધો, "પણ હું એમ પુછું કે બંધવાએ કરનલ રેન ઉપર વેર લેવાના કસમ ખાધા તે સાંભળનાર કોણ છે?"

"ઘણોજ વાજબી સવાલ. જોકે કસમ સાંભળનાર કોઇ મુવો જીવતો છે તો નહિ, પણ મેં સાંભળનાર તરીકે બે શખ્સોને મોટી રકમની લાંચ આપી ઉભા કીધાછ," સીગીન્સે મુછ ઉપર તાવ દઇ જવાબ દીધો.

"ઘણુંજ બરહક કીધું," લેડી ઓલ્ડકેસલે વધુ ફુલી ફાલી જવાબ દીધો.

સીગીન્સે પોતાની હુશ્યારીનું ગાડું આગળ ગબડાવ્યું, "મરનારનાં ખુનની પેહલવેહલી ખબર લાવનાર બંધવોજ હતો. તે ખુનવાલી જગો ઉપર શા સબ-

બથી જઇ લાગ્યો હતો તેનો ખુલાસો કરી શકયો હતો નહિ. એ તો દરેક ખુનીના બાબમાં સાધારણ છે કે ખુન કરીને ખુન માટે શોરબકોર કરી મેલવો !"

"બિલકુલ બરાબર !" લેડી ઓલ્ડકેસલ ખુશાલીમાં પોકારી ઉઠી.

"વળી તે ખુનીએ લોર્ડ ઓલ્ડકેસલના હિન્દી નોકર ગંગાદાસ પાસેથી પોખરાજ થોડો વખત માટે માંગી લીધું હતું અને જયારે તે પાછું માંગવામાં આવ્યું ત્યારે તે પોખરાજ ગુમ થવાની બીના તેણે જણાવી હતી, જેનો ખુલાસો કરતાં નીલ લાયને એવું જણાવ્યું હતું કે તે પોખરાજ બજાર આગળ પડી ગયું હતું. જયારે તે તો ખુનવાલી જગોએથી મળી આવ્યું હતું."

"એબી પેહલા નંબરનો પુરાવો છે," લેડી ઓલ્ડકેસલે જણાવ્યું.

"એક બીજો વધુ પુરાવો !" સીગીન્સે લેડી ઓલ્ડકેસલનો હાથ પોતાના હાથમાં લઇ પ્યારથી દાબી કહ્યું. "મરહુમ કરનલ રેનના શર્તના કફ ઉપર જે લખવામાં આવ્યું હતું તે જેમ એદેલીને જાહેર કીધું હતું તેમ જુલિયન માટે નહિ, પણ તે ખુની બંધવા માટે હતું. એદેલીને બંધવાને આપેલું વચન મરનારને ખબર હોવું જોઇયે અને જયારે મરનારે જાણ્યું કે પોતાની બેટીના હાથનો ઉમેદવાર તો એક બદમાશ ખુની હતો ત્યારે તેણે મરવાની એક બે પળ આગમચ એદેલીને આપેલાં વચનથી મુકત કરવા લખ્યું હતું."

"બસ ! એમજ ! એમજ ! બરાબર એમજ ! બિલકુલ એમજ !" લેડી ઓલ્ડકેસલ આ પળે એટલી તો ખુશીમાં આવી ગઇ હતી કે તેણીએ સીગીન્સનો હાથ પોતાની આંખમાં દાબ્યો. આ પછી તે ઉમરાવપદ ધરાવનારી બાનુ સીગીન્સ તરફ હસી બોલી, "અરે ! મારા રાહબર ફરેસ્તા, બોલ ! તારો ઉપકાર હું કેમ માનું ?"

સીગીન્સને હિમ્મત આવી. તે આગળો પાછળો કાંઇ પણ ખ્યાલ કીધા વિના લેડી ઓલ્ડકેસલને ગળે વળગી પડી બોલ્યો, "બાનુ, મારી એક ઉમેદ છે કે આ આપણી દોસ્તી કંઇ વધારે સંગીન રૂપ લે તો હું બેહસ્તમાં ગયલો માનું."

લેડી ઓલ્ડકેસલે શરમાળ ઝાડની માફક ડોકું નીચું કરી નાખ્યું.

શું તેણીની આ ચુપકીદી તેણીની કબુલાતની નિશાની હતી ? સીગીન્સ મનમાંજ પરણી ચુકયો હતો.

સુખની બામદાદની શરૂઆત.

લેડી ઓલ્ડકેસલ ઉપર સીગીન્સ એટલો તો મોહી પડયો હતો કે તે બિલકુલ તે ઠગારી બાનુના હાથ ઉપર વેચાઇ ગયો હતો. ગયાં પ્રકરણમાં આપણે તેનો ફેરતો થયલો જોઇ આવ્યા છિએ. તે પોતાનાં મનમાં તો ખરેખર એમજ મળકાતો હતો કે લેડી ઓલ્ડકેસલ તેની ઉપર દીવાની બની હતી અને જે વખત જાય છે તેમાં લેડી ઓલ્ડકેસલનો ખાવિંદ બનવાની તે અણી ઉપર હતો. તે ઠગારી બાનુ પણ પોતાની મતલબ કાહડી લેવાને ખાતર તેવુંજ ડોળ ઘાલતી હતી, કેમકે તેણીની બાકીની જીંદગીની એકપુરી ઉમેદ બંધવા લાયનને ફાંસીને માંચડે ચહડેલો જોવાની હતી.

લેડી ઓલ્ડકેસલ સાથની પોતાની આજની મુલાકાતને તે વધુ મુબારક સમજયો, કેમકે તેણે આજે મોહબતનો કાંઇક વધુ રસ ચાખ્યો હતો, જેવો રસ

તેણે પોતાની આખી જીંદગીમાં ચાખ્યો હતો નહિ. હમણાં સુધી તો તે પોતાનો ધંધાના કાવાદાવાથી પૈસો જમા કરવામાંજ રોકાઇ ગયો હતો અને ઓરતની સંગત તેને માટે બલા હતી, આફત હતી. પણ લેડી ઓલ્ડકેસલની મોહબતથી સઘળો મામલો હવે ફેરવાઇ ગયો હતો, અને જેને તે આફત સમજતો હતો તે કાંઈ અજબ રાહતમાં ફેરવાઇ ગઈ હતી. તેને પોતાની ભવિષ્યની ધારી રાખેલી મોહરદાર આગળથી ઉઠવા પણ ગમતું હતું નહિ. પણ ત્યાંથી ઉઠવા વિના તેને બીજો કશો છુટકો હતોજ નહિ.

એક ગમથી તે લેડી ઓલ્ડકેસલની જુદાઈમાં તે મકાન છોડી ગયો કે બીજી ગમથી ગંગાદાસ દાખલ થયો. લેડી ઓલ્ડકેસલના ચેનચાળા ઉપરથી માલમ પડતું હતું કે તે હિન્દી નોકર તે જગોએ એકાએક આવી ચહડયો હતો નહિ, કેમકે તેને જોતાંજ તે બાનુ લગાર હસી અને તેને પોતાની સામે બેસવાની પોતાના હાથની ઇશારત કીધી.

ગંગાદાસ જાણે કેવોક ડાહ્યો ડોસો હોય તેમ નમીને બેઠો.

"ગંગાદાસ! તું સારી પેઠે જાણેછ કે તને મારા ખાનગી ઓરડામાં બોલાવવાનો સબબ શો છે?" લેડી ઓલ્ડકેસલે પોતાની વાત ઉપર આવવા માટે સવાલ કીધો. ગંગાદાસે પોતાનાં માથાંની પાનસેરી હલાવી જવાબ દીધો, "બંદાને તે બધું રોશન છે! તમારી એવીજ મતલબ છે કેની કે હું બંધવા નીલ લાયન સામે એવી સાક્ષી આપું કે જેથી તેની ઉપર કરનલ રેનનું ખુન કરવાનો આરોપ સાબેત થાય, તે ફાંસી જાય ને ગંગાદાસ ઓલ્ડકેસલમાંથી નાહસી જાય! એમજ કેની?"

લેડી ઓલ્ડકેસલે ડોકું ધુણાવી હા પાડી અને ગંગાદાસે આગળ ચલાવ્યું:—

"સાહેબે હેશમત બાનુ! તમોને કાંઇ ખ્યાલ છે કે હાલમાં મારો કેવો બુરો હાલ છે? જયારથી તમોએ લેડી હારબરોનાં મકાનમાં મને બચાવી લીધો હતો તે દીવસથી મારી અને પોલીસ વચ્ચે ઉંદર બીલાડીનું નાતું જોડાયું છે. પોલીસે મારી જબરી પુઠ પકડીછ, તે મારી મિઠી જીંદગીની લુટ ચલાવવા માંગેછ."

"પણ તેનો કંઇ સબબ?" લેડી ઓલ્ડકેસલે કાંઇ અજબ અધીરાઇથી આ સવાલ કીધો.

"સબબ એજ કે તેઓ મને ખુની માનેછ. કરનલ રેન અને રોજર દીપીંગના ખુનીને શોધી કાહડવા જે દીતેકતીવ પેલી બદમાશ એદેલીને રોકયો હતો તેનું કોઇએ ખુન કીધેલું જાહેરમાં આવ્યુંછ અને જયારે પોલીસને તેનો ખરો ખુની હાથ લાગતો નથી ત્યારે તેની નજર મારા જેવા ભોળા ભલા પરદેશી ઉપર દોડીછ. એબી શું જુલમની વાત છે! એ મુસિબત શું મારી ઉપર થોડી છે? બંદાને તમો સાહેબે દોલત બાનુ તરફથી સારી જેવી રકમ મળે તોજ લાયન એકજ ઝટકે ફાંસીએ લટકે, નહિ તો તે ફાંસીએ જતો જરૂર છટકે!"

"ગંગાદાસ! તુંને કેટલા પૈસાની આશા છે?"

"ફકત બે હજાર પાઉન્ડ."

"બે હજાર પાઉન્ડ!" લેડી ઓલ્ડકેસલ આટલી મોટી રકમનું નામ સાંભળતાંજ ધ્રબરાઇ પોકારી ઉઠી:—

"ગંગાદાસ ! આટલી મોટી રકમ મારી શક્તિથી દુર છે."

"પણ ગંગાદાસને તો એટલી રકમની જરૂર છે."

"હું કબુલ કરું, મને તારી મદદની દરકાર છે."

"ત્યારે તો બંદાોબી હુકમનો તાબેદાર છે. ચાલો ઝટ તોલી દેઓ. હું નાણાં સંબંધી ભયમાં રહેવા માંગતો નથી."

"એટલે ?" લેડી ઓલ્ડકેસલે ભવાં ચહડાવી ગુસ્સાથી બદલગામ ગંગાદાસને સવાલ કીધો.

ગંગાદાસે ઠાવકું મોહ કરી જવાબ દીધો, "એટલે એમ કે વેપારને ખોટનો ભય, કાયાને મોતનો ભય, કુળને કપુતનો ભય અને દોલતને લુટનો ભય. માટે મેહરબાની કરી ગંગાદાસને નિરાશ ન કરો, બંદાની પુરી આશ કરો !"

લેડી ઓલ્ડકેસલ તરતજ ત્યાંથી ઉઠી અને પોતાના તીજોરીવાળા ઓરડામાં ગઈ અને જયારે માંગેલી રકમ જેટલો નોટોનો ચોડો તેણીએ ગંગાદાસના હાથમાં મુકયો ત્યારેજ તેની અધીરાઈ દુર થઇ અને તેને થંડક વળી. તે ચોડો તેણે પોતાની આંખ અને પોતાનાં જીગર સાથે દાબ્યો. તે પોતાની સાથે લાવેલી પેલું પોખરાજ જે તેણે તેણીને રાખવા આપ્યું હતું તે પણ તેણીએ તેને સ્વાધીન કરી દીધું.

ગંગાદાસના જવા પછી તેણીએ છુટકારાનો મસ મોટો દમ ખેંચ્યો. તેણીએ ખાત્રીથી માન્યું હતું કે હવે લાયનને ફાંસી જવા વિના છુટકો હતોજ નહિ, કેમકે તેની સામેની જબાની ઘણી મજબુત બની હતી.

આ તો બધું ઠીકાઠીક ઉતર્યું હતું, પણ એદેલીનના હાથમાંથી પેલું પેકેત કેમ મેળવવું તેના તે ખ્યાલમાં હતી એટલામાં એક નોકરે આવી તેણીને ખબર આપી કે તેણીને લોર્ડ ઓલ્ડકેસલ બોલાવતા હતા.

નોકર ગયો અને તે બાનુ પોતાની જગો ઉપરથી ઉઠી પોતાના બેટાને મળવા નિકળી. તે પોતાના બેટાના ઓરડામાં જતી હવી તે વેળાએ પોતાના તમામ નોકરોને બાવરચીખાનાં આગળ ધુસપુસ કરતાં તેણીએ જોયા. નોકરો પણ પોતાની બાઇને જોતાંજ કાંઈ બન્યુંજ નહિ હોય તેમ હાંએબાંએ થઇ ગયા. તેણીએ આ સઘળું પોતાની ચગોર ચશમે જોઇ લીધું, પણ જાણે કાંઇ જાણતીજ નહિ હોય તેમ તે ત્યાંથી પસાર થઇ ગઈ. તેણીએ જોઇ લીધું હતું કે નોકરો કાંઇ અસાધારણ રીતે ઉશ્કેરાઈ જઇ વાતોમાં ચકચુર બની ગયા હતા. એ શું હતું ? એવી તે શું અગત્યની વાતચીત હતી કે જેથી નોકરોનું આટલું બધું લક્ષ ખેંચાવા પામ્યું હતું ? તે તરત સમજી ગઇ કે કાંઇ પણ બુરૂં બન્યું હતું.

પણ એટલામાં એદેલીનનો વિશ્વાસુ નોકર સ્પ્રેગ સામોજ મળ્યો, જે તે તવંગર બાનુના નોકરને મળવા માટે ઓલ્ડકેસલ પાર્કમાં આવી ચહડયો હતો.

"કેમ સ્પ્રેગ, તારૂં અંહિ કેમ આવવું થયું ? શું કાંઈ બુરી ખબર લાયોછ ? પેલો બંધવો લાયન આખરે મુવો ? ગરીબ બીચારી એદેલીન !" લેડી ઓલ્ડકેસલે આ સવાલ એવા તો ભાર સાથે પુછયો કે જાણે બંધવો નીલ લાયન ખરેખર મરણજ પામ્યો હોય !

સ્પ્રેગે હસીને જવાબ દીધો, "ખોદા એવું નહિ દેખાડે ! નામવર બાનુ ! તમો ધારોછ તે કરતાં ઉલટાજ બનાવ બનવા પામ્યાછ, કેમકે જે પળ જાયછ તેમાં નીલ લાયન કેદખાનામાંથી છુટવા પામશે."

"છુટવા પામશે ? એ તું શું બકેછ ? તને ભાન છે કે નહિ ?" સ્પ્રેગની વાતને હસી કાહડી તેણીએ એદેલીનના નોકરને ઠપકો આપ્યો.

પણ સ્પ્રેગ કાકાએ તેણીના ઠપકાની દરકાર કીધી નહિ. તે વધુ છળકાઇ મળકાઈ બોલ્યો, "મેં તો એમ વાત સાંભળીછ કે નીલ લાયન મરહુમ લોર્ડ ઓલ્દકેસલના વારસ તરીકે પોતાને જાહેર કરેછ, અને તેણે બ્રીટીશ કાયદા મુજબ પોતાની તપાસ ઉમરાવો મારફતે કરાવવાનો દાવો કીધોછ."

આ બોલ સાંભળતાંજ લેડી ઓલ્દકેસલના તો હોસલાજ લેવાઈ ગયા. તેણી પથ્થરના થાંબલા માફક બુઠા સ્પ્રેગને જોતી સુની સાવજ જેવી ઉભીજ રહી.

શું બંધવા લાયનનાં દુખની રાત પછી સુખની બામદાદ આવી પુગી હતી ?

જુદાઇ આગમચનો મેળાપ.

આખાં ઓલ્દકેસલમાં વિજળીક વેગે વાત ફેલાઈ ગઈ કે નીલ લાયન મરહુમ લોર્ડ ઓલ્દકેસલનો પેહલો બેટો હતો અને તેટલા માટે તેના ખેતાબ અને તેની દોલતનો હકદાર વારસ હતો. તેણે પોતાની તુરંગના ગવરનરને એને લગતી ખબર આપી હતી અને તે ગવરનરે બંધવાની મુલાકાત લઇ સઘળી બીનાથી ખાત્રી પામી બ્રીટીશ સરકારને એ ખબર પુગાડી હતી, જયાંથી હુકમ મળતાંજ તેને છોડી મેલવામાં આવનાર હતો અને તેની બીજી તપાસ થનાર હતી.

આ શુભ સમાચાર પેહલાં એદેલીનને કાને આવ્યા હતા, જયાંથી તે આખાં ઓલ્દકેસલ શેહરમાં ફેલાવા પામ્યા હતા. આ સમાચારથી એદેલીને છુટકારાનો દમ ખેંચ્યો હતો અને પોતાના પ્યારાની હાલત મધે થયલા આવા શુભ ફેરફારથી તેણીએ બહુજ સંતોશ પામી પોતાને પેદા કરનાર સાહેબનો ઉપકાર માન્યો.

પણ આ ખુશાલી દરમ્યાન એક બીજી અગત્યની ખબર તેણીના કાન ઉપર આવી હતી, જે ખબર પુગાડનાર તેણીએ ખાસ રોકેલો દીતેકતીવ હતો. આ ખબર તેણીના મરહુમ વાહલા બાપનાં અકાળ મોતના સંબંધમાં હતી. તેનું ખુન થવા પામ્યું હતું, તેમાં તો કશો શક હતો નહિ. આ ખુનના સંબંધમાં અજવાળું નાખવાનું કામ તે દીતેકતીવને સોંપવામાં આવ્યું હતું.

એદેલીન લાયનને મળવા તેયાર થઇ. તેની તરફથી વધુ હકીકત મેળવવાને અને પોતે સાંભળેલી કેટલીક વિગતોથી તેને જાણીતો કરવાને, બલ્કે તેને ચેતવણી આપવાને, તે બંદીખાનામાં તેને મલવા જવા તેયાર થઇ.

પણ નીલ લાયનને મળવા પેહલાં તેણીને ગવરનર મેજર દોન્તને મળવાનું હતું, કેમકે પોતાના વાહલાને મળવા માટેની પરવાનગી તેની પાસેથી મેળવવાની હતી. તે હિમ્મતથી ગવરનર પાસે ગઇ અને નીલ લાયનને મળવાની ખાહેશ દેખાડી. એદેલીનને જોતાંજ તેણીની તરફનો તેની મોહબતનો પ્યાલો છળાછળ ઉભરાઈ આવ્યો. તેણે અજબ લાગણીથી ખુબસુરતીમાં વધતી જતી તે બાનુ તરફ જોયું, પણ તેણીને પોતાની તરફ ગુસ્સાથી ડોળા ધુરકતી જોઇ તેણે પોતાની ચશમ નીચી કરી નાખી અને પોતાનાં જીગરનાં હેઠાણથી એક ઉંડો નિસાસો

નાખ્યો. કેદીને મળવાની પરવાનગી નહિ આપવાની તેને ઘણી મરજી થઈ પણ તે તેણીના ડોળાના દાબથી એટલો બધો તો દબાઈ ગયો હતો કે તેણીને પરવાનગી આપવા વિના તેને ચાલ્યુંજ નહિ.

એડેલીન ગઈ. પોતાના વાહલા નીલ લાયનને હરખથી ભેટી, ખુશાલીનાં આંસુથી ભેટી, કેમકે તેણીનો તે પ્યારો હવે લોર્ડ ઓલ્ડકેસલ બન્યો હતો. દુનિયાની નજરમાં તો તે હજી એક કેદીજ હતો, ખુનીજ હતો, પણ તેણીની નજરમાં તો તે એક ફરેસ્તો હતો.

તેણીએ જોયું કે તે તેનો એક વારનો પ્યારો નીલ હતો, હજીબી પ્યારો હતો, તેણીની આંખોનો તારો હતો. તેણીએ જોયું કે તેણીના તે પ્યારાની હાલત આગળ કરતાં કાંઇ સારી હતી નહિ, બલ્કે વધુ માઠી બની હતી. તે ઉમરાવપદનો ધણી હતો એવી ખુશ વધાઇથી વટીક તેનાં મનની હાલતમાં કાંઈ ફેરફાર થયો હતો નહિ, કારણકે તે ખુશ વધાઇની સાથે સાથેજ તેના પ્રાણ કરતાં વાહલી પ્રિયાએ તેનેથી વીખુટી પડવાનો પેગામ તેને પોંહચાડયો હતો. આથી તેનું ઉમરાવપદ તેને માટે એક કોડીની કીંમતનું પણ નહિ હતું. કેદીની કોઠડીમાં પગ મેલતાંજ એડેલીને નીલ લાયનની આવી દયાજનક હાલત એક પળમાં પિછાની લીધી.

તે તરતજ તેની આગળથી એકદમ પાછળ હઠી ગઈ, કેમકે તેણીને હવેજ ખ્યાલ આવ્યો કે તે પોતે નીલ લાયનની ભવિષ્યની મોહરદાર તરીકે રહેવા પામી હતી નહિ. પણ તેણીનો આ ખ્યાલ બંધવો લાયન સમજી શકયો નહિ. તે બાનુ તેને મળવા આવી હતી તેથી તો તેણે પોતાની સઘળી નિરાશી વચ્ચે એમજ માની લીધું કે જે કાગળ તેણીએ તેની ઉપર લખ્યો હતો તે કાગળ પાછો ખેંચી લેવા તે આવી હતી.

"બોલ ! એડેલીન ! બોલ, તું શું મને મારી નાખવા આવીછ કે જીવાડવા ? બોલ એડેલીન ! જે કમબખ્ત રૂક્કો તેં મારી ઉપર લખવાની નાદાની કીધી હતી તે રૂક્કો ગલત હતો કેની ? બોલ ! એડેલીન ! ખોદાનાં નામ ખાતર બોલ કે રૂક્કાની મતલબ તારાં અંતઃકરણનો ખ્યાલ નથી ! કેહ ઓ એકદમ કેહ ! કે મારી ઉપરનું તે આફતનું વાદળ દુર થયુંછ ! બોલ ઓ મિઠાં, મધુરાં બુલબુલ બોલ ! કે મારો ગમ દુર કરૂં ! તું જાણેછ કે તે તારા ઘાતકી સંદેસાએ મારી ઉમેદની કળી કેવી કચડી નાખીછ ? એડેલીન ! એક વખત એવો હતો કે હું ફાંકો રાખતો હતો કે શા માટે મારા જેવા કમબખ્તની કંગાળ જીંદગી સાથે તું જેવાં બુલબુલની નાજુક જીંદગી જોડું ? કાં નહિ હું એકલોજ આ બેરહેમ દુનિયાની દીવાલ સાથે મારૂં સર ફોડું ? પણ આજે હું જોઉંછ કે તારા વિનાની મારી એકલવાઇ જીંદગી નાકામ છે, બસ હરામ છે. તું મારાં ભવિષ્યનો સાથી છે માત્ર એજ ખ્યાલથી મારી કંગાળ, કમબખ્ત જીંદગી શાદ બની હતી, આફત છતાં આબાદ બની હતી. એડેલીન ! મારા જાન ! મારી જીંદગીના એકલા અરમાન ! માન કે તું વિના હું જીવતો મુવા જેવો છું ! બોલ ! એડેલીન ! બોલ, તારી સહેજ તો જબાન ખોલી મને કહે કે 'નીલ ! હું તને ચાહુંછ ! હજીબી ચાહુંછ અને આખી જીંદગીભર ચાહતી રહેવશ !' એટલાજ તારા સખુનો મારાં દુઃખની દવા છે."

"એમ ના બોલ, નીલ ! એમ ના બોલ ! મને જવા દે ! મારાં પાપમાં એકલીનેજ મરવા દે !" એડેલીને આંખોમાં આંસુ સાથે જવાબ દીધો.

"પાપ!" લાયન એકદમ ઘભરાઇ બોલી ઉઠયો, "પાપ! અરે! એડેલીન જો પાપ કરે તો આ આખી જેહાન ઉપર ગોયા ખુદરતનો શ્રાપ પડે! ઘડીભર જમીન અને આસમાન એક થયલું માનું, પણ એડેલીન પાપ કરે એ હું હરગીઝ માનું નહિ. એડેલીન! તું તો સવાબની મુર્ત્તી છે, તું એક એવું સાચ્ચું મોતી છે કે જેની જોડ નથી, જેમાં સહેજબી ખોડ નથી. એડેલીન! તું તો નેકીનો ફરેસ્તો છે!"

"નહિ! નીલ નહિ! હું તારી ગુનેહગાર છું, તારા બાપની સજાવાર છું. હું તને મારાં ખરાં જીગરથી ચાહુંછ, પણ હું તને મારો પોતાનો બનાવી શકતી નથી. નીલ! જોકે હું તારે માટે ઘણી જળી બળીછ, પણ હું ખુશી છું કે આખરે તારે માટેની મારી દુવા ફળીછ. તે કિરતારે આખરે તારી તરફ જોયું." એડેલીન સહેજ હસી બોલી, "નીલ! હવે તારે માટે ભવિષ્ય ઝળકતું બની ઉભુંછ. તારૂં સુતેલું નસીબ બેદાર થયુંછ! તે તને તાબેદાર બન્યુંછ. તું આ દોજખખાનામાંથી જલદીથી છુટો થશે. દોલત અને ખેતાબ તારી સામે તારો આદરસત્કાર કરતાં ખડાં ઉભાંછ! બોલ! ત્યારે મારી ખોટના ગમમાં તને શું આ થોડો દિલાસો છે? નીલ! હું જાણુંછ કે તારી જુદાઇ મારૂં નાદાન, બેસમજ દિલ કબુલ કરશે નહિ, તે માટે હું સદા બેકરાર રેહવશ, પણ અફસોસ કે હું તદન લાચાર બનીછ. નીલ! હું તને છેલ્લી સલામ કરવાજ અહિં આવીછ. જોકે એમ કરતાં મારૂં જીગર કપાઇ જાયછ."

લાયન ઘભરાયલો પાછળ હઠી ગયો. તે દયામણું મોહ કરી બોલ્યો, "બોલ! એડેલીન! બોલ, એનો સબબ?"

"સબબ! લાયન! સબબ મારી બેહેન દોરા છે. તું જાણેછ તેમ રોડ્રીક મુવો નથી, પણ તે જીવેછ. તે જુલિયનનાં નામ હેઠળ ઓલ્ડકેસલ પાર્કમાં જીવેછ, પણ વાઘનાં ચામડાંમાં છુપાયલા તે ગધેડાને તેની બાહેરની ચામડીને લીધે હજી કોઈ ઓળખી શક્યું નથી. પોતાની સલામતી માટે બદમાશોની લુચ્ચી ટોળીને મોટી રકમની લાંચ આપી પોતાના ભાઇ જુલિયનને તેણે ફસાવ્યો, તે એટલી હદ સુધી કે તેનો જાન લેવાનું પણ કરપીણ કાવત્રું તેણે રચ્યું, પણ જુલિયન સારાં નસીબે તે ખુનીઓના હાથથી બચવા પામ્યોછ અને હવે તે પોતાના બદમાશ ભાઇને ઉઘાડો પાડવાની ધમકી આપેછ. નીલ! જુલિયનનાં આવાં સખ્ત પગલાંથી દોરાની હાલત કેવી બદતર બુરી થવા પામે તેનો ઝાંખો ખ્યાલબી તું કરી શકેછ કે? તેણીનાં એકપુરાં ફરજંદ અને તેણીના વાહલા ખાવીંદ ડેનિયલ લેરેબી માટે શું ધાર્યું? તેઓને કેટલી બધી નામોશીમાં મરવું પડે! અરે! તેનો ખ્યાલ કરતાં મને ધ્રુજરાં છુટેછ! કે રખેને એ નામોશી તેઓ ત્રણેનું મોત લાવે! નીલ! દોરા પોતાની ઉપરની આ નવી આફતથી એટલી બધી તો આજેઝ બનીછ કે તે ચિંતા, ધસક અને ધ્રુજરાથી બીમાર પડીછ. તેણીએજ પોતાનાં ઘુંટણીએ પડી મને વીનવીને અરજ કીધીછ કે તેઓ ત્રણેની ઉપરની આ નામોશીનું વાદળ વિખેરી નાખવું અને તે કમબખ્ત ઓરત પોતાના ખાવિંદ ડેનિયલ લેરેબી સાથે હાલમાં જે અપરંપાર સુખમાં દિવસો ગુજારેછ તે તેમનું સુખ કાયમ રાખવું. નીલ! એમ કરવાનો મારે માટે એકજ રસ્તો છે, જે જુલિયનને મારો હાથ

આપવાનો છે. જોકે એમ કરતાં હું જાણુંછ કે આપણુ બંનેનાં જીગરના કકડા ભુકલા થઈ જશે, પણ હું શું કરૂં, મારી સોડે બીજો કશો ઉપાય નથી, હું લાચાર છું.”

આટલું બોલી એદેલીન ચુપ ઉભી.

“ત્યારે શું તારા સંદેસામાં સચ્ચાઇજ છે?” એક ઉંડો નિસાસો નાખી લાયન ઉસ્કેરાઇ જઇ બોલી ઉઠયો.

એદેલીને શરમથી પોતાની ડોક નીચે નાખી દીધી.

લાયનબી ચુપજ રહ્યો. એક બે પળ પછી એદેલીને મોત વેળાના જેવા ફીક્કા ચેહરા સાથે આગળ ચલાવ્યું:—

“લાયન! મેં જુલિયન સાથે એવો કરાર કીધોછ કે લગનની ક્રિયા ખતમ થવા પછી તુરતજ મારે તેનેથી સદાનું છુટું પડવું. ભલે તે મારી તમામ દોલત લે, પણ ધણી તરીકેના બીજા કશા પણ હક તે મારી સોડેથી મેળવી શકનાર નથી.”

એદેલીન આગળ બોલી શકી નહિ. તેણીને બંને હાથો જોડી ચુપ ઉભેલી જોઇ બંધવો મોટેથી પોકારી ઉઠયો:—

“અને એદેલીન! તું શું આવી રીતે તે બદમાશ ગળાં ફાંસુ રોડ્રીકને વગર સજા પામવે છટકવામાં મદદ કરેછ? તે કે જેણે લાચાર બેચાર વિધવાઓની ખરા પરસેવાની દોલત લુટીછ, તે કે જેણે પોતાની ઉપર મુકવામાં આવેલા વિશ્વાસનો ભંગ કરી તેઓનું તમામ સર્વસ્વ લુટી લીધુંછ તે બદમાશ ચંડાળને સાફ છટકવા દેવો એ ગોયા સવાબીઓ ઉપર જુલમ કરવા બરાબર છે.”

“પણ નીલ! હું તો મારી દેસ્તાને ખાતરજ લાચાર બનીછ! રોડ્રીકને મારે ઉઘાડો પાડવો એ ગોયા મારા હાથે જાણીજોઇ તેણીની ઘોર ખોદવા સમાન છે. તેણીને, અને તેણીનાં એકપુરાં ફરજંદને નામોશીની ખોહારીની ખાહીમાં મારા પોતાના હાથે દુબાડવા સમાન છે.”

“ત્યારે શું એમ કરી જે સુખની ડાળી ઉપર તું બેઠીછ તેજ ડાળી તારા પોતાના હાથે નથી કાપી નાખતી?” લાયને ફેરવાયલા અને ધ્રુજતા સાદે સવાલ કીધો.

“મારૂં સુખ તો બે પળનું છે, પણ મારાં વાહલાંઓની નામોશી તો જીંદગીભરની છે. તો બોલ! નીલ તુંજ બોલ કે શું મારાં ક્ષણભંગુર સુખની બે ઘડીની મોજને ખાતર મારાં વાહલાંઓનું જન્મભરનું સુખ લુટી લેનારો લુટારો બનું? યા તેમના સુખની જડ કાપનારો કઠિયારો બનું? નહિ, નીલ કદી નહિ! જોકે તને હું મારાં જળતાં અને તારે માટે તવળતાં જીગર સાથે ચાહુંછ, અને મારી છેલ્લી પળ સુધી ચાહતી રેહવશ, તોપણ મારાં વાહલાંઓનાં સુખના ભોગે મારૂં સુખ મેળવવા મારૂં જીગર કદી પણ કબુલ કરવાનું નથી.”

બંધવો નીલ આ સુખનોથી લાચાર બન્યો. તેણે એક ઉંડા નિસાસા સાથે પોતાના બંને ધ્રુજતા હાથો પોતાની આંખો ઉપર ઢાંકી દીધા.

બંધવાનો ઈનકાર.

આ એક કાબેલ ચિતારાની પીછિને લાયકનું ચિત્ર હતું. બંધવો લાયન આંખો ઉપર ઢાંકેલા હાથો સાથે નિસોસ થઇ ઉભો હતો ત્યારે એદેલીન તેને દુરથી પણ દયાથી ટીકતી ખડી હતી. બંને વાહલાંઓ એક બીજાને પોતાના જાન કરતાં વધુ વાહલથી ચાહતાં હતાં, પણ તેઓ હાલમાં એવી સ્થિતિમાં હતાં કે પોતાના પ્યાર પ્રમાણે તેઓ અકેક સાથે વર્તી શકતાં હતાં નહિ.

એદેલીને જોયું કે લાયન તો તેજ ઢબે હાલ્યા ચાલ્યા વિના મીણનાં પુતલાંની માફક તેણીની તરફની મોહબતમાં દીવાનો બની સુનો સાવજ જેવો જમીનને ચીટકીને ઉભોજ રહ્યો હતો. શું તેને આવીજ હાલતમાં છોડી એદેલીને ચાલી જવું? પણ નહિ. હાલમાં ચાલી જવાનો સમય નહિ હતો, કેમકે જે બાતમી તે બાનુ મેળવવા પામી હતી, તેથી તો તેને જાણીતો કરવા તે અહિં સુધી ખાસ આવી હતી. આ ચેતવણી તેણીના બાદશાહ જેવા પેદર કરનલ રેનનાં ખુન સંબંધી હતી. આથી તે લાગલી પોતાના વાહલા આગળ દોડી અને તેણીના હાથો તેની આંખો ઉપરથી ખીસાડી મેલી કહ્યું, "નીલ! સાવધ થા! ખોદા ખાતર સાવધ થા! કેમકે તારી સાથની મુલાકાતનો વખત પુરો થવાનો સમય નજદીક આવ્યોછ. નીલ! તારાં સુખનો વખત નજદીક આવ્યોછ તેજ સમયે તારે માટે નવાં કાવત્રાં ચાલુ થયાંછ તેનો તને સેહજબી ખ્યાલ છે?"

"ખ્યાલ!" લાયન એદેલીન તરફ ફાટેલા ડોળે જોઇ બોલ્યો, "ખ્યાલ! અરે એદેલીન! તેં મારો એવો તો બુરો હાલ કીધોછ કે મારી હાલત કશોબી ખ્યાલ કરવાને બિલકુલ અશકત છે."

"નહિ! નીલ! એમ ના બોલ! તારે માટે સુખનો દરિયાવ ઉછાળો મારી રહ્યોછ. જો! સાંભળી લે. હું તને જે ચેતવણી આપવા આવીછ તે સાંભળી લે! તને સહેજબી ખબર છે કે લેડી ઓલ્દકેસલ તારી વિરૂદ્ધ શું શું કાવત્રાં રચેછ?"

નીલ લાયને તે માટે પોતાને અંજાણ જણાવ્યો, જેથી એદેલીને તેને જે ચેતવણી આપી હતી તેની મતલબ નીચે મુજબ હતી:—લેડી ઓલ્દકેસલ અને લોર્ડ ઓલ્દકેસલ નીલને કરનલ રેનનો ખુની ઠરાવવા માંગતાં હતાં અને તે ચંડાળોએ તેની વિરૂદ્ધ જાય એવી કેટલીક સાક્ષી ગવાહીઓ સોલીસીતર સીગીન્સ મારફતે ભેગી કીધી હતી. વળી એદેલીને જે વધુ ખબર આપી તે એ હતી કે લાયને પોતાને મરહુમ લોર્ડ ઓલ્દકેસલના વડા બેટા તરીકે જાહેર કીધો હતો તે એકરાર માનવાને તેઓ સાફ ના પાડતાં હતાં અને એ માટે કાયદાની મદદ લેવા માંગતાં હતાં. મરહુમ લોર્ડ ઓલ્દકેસલના એકરારને માનવા વિના તેમનો છુટકો નહિ હોવાથી તેઓ એમ તો માનતાં હતાં કે તે એકરાર મુજબ મરહુમ લોર્ડ, લેડી ઓલ્દકેસલ સાથનાં લગનના ગાંઠથી જોડાયો તે આગમચ તે એક હલકી સ્થિતિની ઓરત સાથ હકદાર લગનથી જોડાયો હતો અને તે લગનનું પરીણામ એક બાળક બેટાના જન્મમાં આવવા પામ્યું હતું. પણ તેમનો બચાવ એવો હતો કે બંધવા લાયનની માતા અરસુલા કાંઇ લોર્ડ ઓલ્દકેસલની પહેલી

ઓરત હતી નહિ અને બંધવો કાંઇ તેનો પહેલો બેટો હતો નહિ. લેડી ઓલ્ડકેસલ એવો બચાવ કોર્ટમાં રજુ કરનાર હતી કે જે ઓરત અને જે બાળક માટે મરહુમે પોતાનાં કરારનામામાં ઇસારો કીધો હતો તે મા દીકરાઓ તો મરણ પામ્યાં છે અને બંધવાની માતા તો એક ઠગારી હતી. તેણીએ મરહુમની મરણ પામેલી હકદાર પરણેતરનું નામ ધારણ કરી મરહુમની દોલત પચાવી લેવાની બુરી મતલબ રાખી હતી.

"અરે નીલ! જોકે લેડી ઓલ્ડકેસલ અને તેના માહ બુરા બેટાઓએ તને સુખે જંપીને બેસવા દીધો નથી, તોપણ તેમને માટે હવે મને દયા આવેછ. નીલ! તવંગરીની ટોંચ ઉપરથી છેક ગરીબાઇની ખીણમાં ગબડી પડવું એના જેવી ખુદરતની સજા બીજી તે શી હોય? અગરજો કોર્ટ તારો દાવો ખરોજ ઠરાવે તો તે લોકોનાં મોહડાં આગળ તું સિવાય કકડો રોટી નાખનાર બીજું કોણ છે? તેઓનો આધાર બીજો કશો નહિજ રહેવાથી તેઓ ખોટી રીતે પણ પોતાનો બચાવ કરવા નિકળે એ બનવાજોગજ છે." એદેલીને ખરાં જીગરથી લેડી ઓલ્ડકેસલ અને લોર્ડ ઓલ્ડકેસલની દયા ખાધી.

"પણ મને મારા તે ભલા મરહુમ બાપની દોલતની એક ફુટી બદામબી જોઇતી નથી. અરે એદેલીન! તારી જુદાઇ પછી મને તે લાખોની દોલત અને ખેતાબ શા કામનાં? તારા વગરની મારી હાલત ગોયા સોનાના ટાપુમાં પાણીના એક કતરા વિના અને ખોરાકના એક નવાલા વિના ટવળતા કમબખ્ત મુસાફરના જેવી થઇ પડશે. મને દોલત અને ખેતાબ જેવી આ જેહાનની ખોટી માયા ઉપર સેહજ પણ પ્યાર નથી, તેમ એ માયાનો મને એતેબાર નથી."

"નીલ એમ ના બોલ," એદેલીને પોતાના પ્યારાનો હાથ પોતાના હાથમાં લઇ સમજાવટ ચાલુ રાખી.

"તારી જુદાઇથી મારૂં કિસમત ફુટી ગયુંછ, મારૂં જીગર તુટી ગયુંછ."

"મરદ છે, તારાં તુટેલાં જીગરને સાંધી લે."

"નહિ એદેલીન! તુટેલું જીગર કદી પણ સંધાઇ શકાતું નથી. પૈસાથી પાયમાલ થયલો કોઇ વખતબી જરદાર બનેછ, કમજોર કોઇ વખતબી જોરાવર બનેછ, મરણની અણી ઉપર આવેલો સિપાહ કોઇ વખતબી સરદાર બનેછ, હડહડતો દુશમન કોઇ વખતબી ગમગોસાર બનેછ, જુદો પડેલો આશક કોઇ વખતેબી દિલદાર બનેછ પણ તુટેલાં અંતઃકરણનો શખ્સ કદીબી જીવદાર બનતો નથી."

"નીલ! કોઇને ખાતર નહિ તો તારી મુઈ માદરને ખાતર તારો હક સાબેત કરવા માટે તારે લડત ચલાવવી જોઇયે છે. તારે તારો હક સાબેત કરી પુરવાર કરી આપવું જોઇયેછ કે એક વખતે મેં ચાહેલો જવાન કાંઇ હલકાં ખાનદાનનો નહિ હતો, પણ મરહુમ લોર્ડ ઓલ્ડકેસલનો હકદાર બેટો હતો. લોકો ધારેછ તેમ તું સેતાન નહિ હતો, પણ એક ફરેસ્તો હતો. નીલ! તારા વાજબી હક માટે તને જે મોટો ખરચ થશે તે માટે હું તૈયાર છું."

"નહિ! નહિ! એદેલીન! એમ હું કદી કરનાર નથી. જયારે ખુદ તારી ઉપર હવે મારો હક નથી રહ્યો તો તારી દોલત ઉપર મારો શો હક છે? બોલ! એમાં શું કશો શક છે?"

એડેલીન આ સાંભળતાંજ ઉશ્કેરાઈ બોલી, "નીલ! મારો હાથ બીજાના હાથમાં જશે, નહિ કે મારૂં દિલ! મારૂં દિલ તો મેં તનેજ સોંપી દીધું છે, જયારથી મેં તને પેહલવેહલો જોયો તેજ પળથી મેં તને અર્પણ કીધું છે, અને મારી જીંદગીના છેડા સુધી તે તારી ઉપરજ બંધાયલું રેહશે."

પણ આ વેળાએ જેલનો ગવરનર મેજર દોન્ત દાખલ થયો અને એડેલીનને જણાવ્યું કે બંધવા સાથની મુલાકાતનો વખત ખતમ થઇ ચુકયો હતો.

એડેલીનને તે જગો છોડવાની ફરજજ પડી. તે ગઇ. પણ તે પોતાનો વિચાર અમલમાં મુકવાના મજબુત ઠરાવથીજ ગઇ.

શેતાનની મુલાકાતે ફરેશ્તો.

સ્ટોનબ્રીજનાં કેદખાનામાંથી નીલ લાયનની મુલાકાત લઇ ખુબસુરતીની રાણી ઓલ્દકેસલનાં સ્ટેશન ઉપર આવી ઉતરી ત્યારે મધ્ય રાત પસાર થવા આવી હતી. તે બાનુ બિલકુલ થાકી ગયલી હોવાથી તેણીનો વિચાર જેમ બને તેમ જલદી દેન્સબરી એબીનાં પોતાનાં મકાનમાં જઇ પુગવાનો હતો. પણ માણસ ધારે છે એક અને ખોદા કરે છે બીજું. તે બાનુને સ્ટેશન ઉપરજ ખબર મળી કે તેણીની માલેકીની કોલસાની ખાણમાં એક બહુજ ભયંકર હોનારત બની હતી. સુરંગ ફાટવાથી અને ઉપરથી પથ્થર, મટોડું વિગેરેનો મસ મોટો ડુંગર ધસી પડવાથી ખાણમાં કામ કરતા કામદારો દટાઇ ગયા હતા, જેથી ત્યાં મોટી રડારોળ ચાલી રહી હતી. મજુરોની વિધવાઓ, માતાઓ, બેટીઓ, ઓરતો અને બેહેનોનું એક મોટું ટોળું હોનારતવાળી ખાણ આગળ જમા થયું હતું અને આંસુ વેહતી આંખો સાથ ત્યાં છાતી ફાડી નાખનારી કલાપીત ચાલી રહી હતી.

સુરંગ ફાટવાથી તોપના જેવો ધડાકો થયો હતો અને આખું ઓલ્દકેસલ શેહર તે ધડાકાથી ગભરાઇ હોનારતવાળી જગો તરફ પાણીના રેલાની માફક ધસડાઇ ગયું હતું. કારખાનાના મેનેજર અને પોલીસ અને ફાયર બ્રીગેડનાં માણસોએ દટાઇ ગયલા કમનસીબ કામદારોને બચાવી લેવા જીવતોડ મેહનત કીધી હતી અને તેઓ ઘણાક જાનોને બચાવવા નસીબવંત નિવડયા હતા.

આ સઘળી છાતી ફાડનારી ખબર ઓલ્દકેસલનાં સ્ટેશન ઉપર એડેલીનને થતાંજ તે બાનુ પોતાના કામદારોની આવી રીતે થયલી પાયમાલીથી મોત જેવી ફીકી ફચ પડી ગઇ, અને આખા દિવસની પ્રોતાથી મેહનત અને તેથી ઉપજેલી થાકને વીસારી દઇ પોતાનાં નરમ બીછાના ઉપર આરામ લેવાને બદલે તે પાધરીજ હોનારતવાળી જગો ઉપર દોડી ગઇ, જયાં તેણીએ જીગર ચાક કરનારો જે દેખાવ જોયો અને માહેતમપોશી સાંભળી ત્યારે તેણીનું દયાળુ જીગર ખરેખર ચીરાઇ કપાઇજ ગયું. પોતાની માહરાણી જેવી શેઠાણીને અકસમાતવાળી જગો ઉપર મધ્ય રાતને સમયે તેમની મદદે આવેલી જોતાંજ નુકસાન પામેલી અને લાચાર બનેલી ઓરતો એડેલીનની આસપાસ ફરી વળી અને જારબેજાર રડી પડી પોતાની ઉપર ગુજરેલી કહાણી કહી સંભળાવી. એડેલીને તેઓને એક પછી એક, કોઇ પણ રીતે શરમાવા વિના પોતાનાં પાસાંમાં લઇ દિલાસો દીધો અને ખોદા ઉપર ભરોસો મેલવા તેમને સલાહ આપી.

"બહેનો! ખોદા ઉપર ભરોસો રાખો! ખોદા તમારો નેગેહબાન બનશે. તેજ તમારાં દુખમાં પાસબાન બનશે. તમારાં વાહલાંઓને બચાવવા માટે હું મારા જાનની પણ દરકાર કરીશ નહિ."

આટલું બોલી તે બાનુ રડતી ચશમોએ ઘટતો હુકમ આપવાને પોતાના મેનેજર પાસે ધસી ગઇ અને હજી તો તે બાનુ દુખી ચેહેરે જતી હતી, એટલામાં એક ઓરત તેણીની આગળ ગાંડી દીવાની જેવી ધસી આવી અને એદેલીન આગળ ઘુંટણીએ પડી તેણીનો હાથ પકડી રડતી બોલી :—

"ઓ દયાની રાણી! મને બચાવ! મારા વાહલા વીલિને બચાવ! તે ખાણમાં દટાઇ મુવોછ! તેનો હજી પત્તો હાથ લાગતો નથી. તે મુવો તો હું બી મુઇ! તે મારી ઉપર મેહરબાન છે, તે મારો કદરદાન છે! તેનો મારી ઉપર જીવ જાન છે."

"ઉઠ! કમનસીબ છોકરી ઉઠ! મારા ભલા કામદારોનેં બચાવવા મારો જીવબી આપવા હું તઇયાર છું. એ કરતાં વધુ હું શું કરી શકું? તમારી ક્લાપીટ હું કેમ સાંખી શકું?" આટલું બોલી તેણીએ ઘુટણીએ પડેલી રોઝામન્દને પોતાના હાથનો ટેકો આપી ઉઠાડી અને મોહબતથી તેણીનું માથું પોતાનાં પેટમાં દાબ્યું.

"બોલ! રોઝામન્દ! આ પળે મને કહી દે, તારો ભરમ ખોલી દે કે આ કુદરતી હોનારતમાં તારો ખાવિંદબી સપડાવા પામ્યોછ કે?" એદેલીનના આ સવાલથી રોઝામન્દે અજાયબીથી ડાચું વકાસી એદેલીન તરફ જોઇ કહ્યું :—

"મીસ એદેલીન, તમો મને જે સવાલ પુછોછ તેનો જવાબ તો અત્યાર આગમચનો પ્રસિદ્ધ પણ થઇ ચુકયોછ. અજબ છે કે તમો બાનુ તે ચંડાળનું નામ હજી જાણી શકયાં નથી. બાનુ તે બદમાશ જેણે મને આશથી નીરાશ કીધીછ તે કોઇજ નહિ પણ લોર્ડ ઓલ્દકેસલ છે."

રોઝામન્દના ખાવીંદ તરીકે લોર્ડ ઓલ્દકેસલનું નામ સાંભળતાંજ કમકમાટની એક તિક્ષણ લાગણી તેણીનાં તન બદનમાંથી પસાર થઇ ગઇ.

"શું લોર્ડ ઓલ્દકેસલ તારો ખાવિંદ? રોઝામન્દ, તે તારો ખાવિંદ? અરે! પણ કયો લોર્ડ ઓલ્દકેસલ?"

જોકે આ છેલ્લો વાકય તેણીથી વીસરાંતથી પુછાઇ તો જવાયો પણ તેણીની આ નાદાની તેણીને તરતજ માલમ પડી આવી કેમકે રોઝામન્દની નજરમાં તો એકલો જુલિયનજ લોર્ડ ઓલ્દકેસલ તરીકે હેયાત હતો. તે દુખી બાનુ તો રોદ્રીકને મુવેલોજ માનતી હતી. પણ હાલમાં ઓલ્દકેસલ પાર્કમાં તો રોદ્રીક હેયાત હતો, જયારે જુલિયન તો કોણ જાણે કયાં ગુમ થઇ ગયો હતો.

ત્યારે રોઝામન્દનો ખાવિંદ કોણ? રોદ્રીક કે જુલિયન? એદેલીન આ ખ્યાલમાં હતી તેટલામાં રોઝામન્દે પોતેજ તેણીનો શક દુર કીધો.

"હા! તે ચંડાળ જુલિયન મારો ખાવિંદ છે. તે સ્કોટલંડમાં મારી સાથે લગનના ગાંઠથી જોડાયો હતો. તેના વડા ભાઇ રોદ્રીકની બદમાશી બહાર આવી તે આગમચ જુલિયન મારો ખાવિંદ બની ચુકયો હતો."

હવે ડાચું વકાસવાનો મીસ રેનનો વારો આવ્યો. શરૂઆતમાં તેણીને લાગ્યું કે રોઝામન્દના ખાવિંદનું નામ સાંભળતાંજ તેણીનાં બેનંએ પોતાની ફરજ

વિસારી મેલી હતી, તેણીનું આખું શરીર સુસ્ત મારી ગયું હતું, અને જાણે તેણીને લકવાની બિમારી લાગુ પડી ચુકી હતી. પણ બીજીજ પળે તેને જુદીજ લાગણીનો ખ્યાલ આવ્યો. જુલિયન પરણેલો હતો એ ખ્યાલથીજ તેણીનાં અંતઃકરણમાં એક નવી આશા ઉછાળા મારવા લાગી, અને તેણીનું આખું શરીર જે પહેલા ખ્યાલથી સુસ્ત મારી નરમ બની ગયું હતું તે બીજા ખ્યાલથી ગરમ બની ગયું.

પણ આ ખ્યાલ કરવાનો હાલમાં વખત હતો નહિ. તેણીનું તમામ ધક ધ્યાન પોતાના ગરીબ કામદારો અને તેમનાં કુટુંબ ઉપર આવી પડેલી આ ઓચિંતી આફત તરફ લાગી રહ્યું હતું. વળી વીલિ એ માટે પણ તેણીને મોટી ધાસ્તી હતી. આથી તે એકજ ઠરાવ ઉપર આવી અને મેનેજર અને બીજા અમલદારો તેણીને અટકાવે તે પહેલાં એદેલીન પોતાના જાનની દરકાર કરવા વિના દોરડાંની મદદ વડે ખાણમાં ઉતરી પડી. મેનેજરને પણ એમ કરવા વિના ચાલ્યું નહિ. તેબી કામદારોને બચાવવા ખાણમાં ઉતરી પડયો. એદેલીનની હિમ્મત અને પોતાના કામદારો તરફની કદરસનાશીની વાત વિજળીક વેગે ચોતરફ ફેલાઇ ગઇ.

* * * *

એદેલીનના ગરીબ કામદારો ઉપર ગુજરેલી આફત પછીનો બીજો દિવસ હતો. હજી એદેલીને ગઇ રાતની જીવ સટોસટ થાકથી બીછાનું છોડયું હતું નહિ. તેણીએજ વીલિ એને ખાણમાં દટાયલો શોધી કહાડયો હતો. સારાં નસીબે તે મુવો હતો નહિ. તે જીવતો હતો પણ પગ ઉપર અતી મોટો બોજો આવી પડેલો હોવાથી તે ઉપર અનેક જખમો થવા ઉપરાંત તે ભાંગી ગયો હતો. તેણીએ વીલિ એ ઉપરાંત ધણાક બીજા કામદારોને જીવતા બચાવી લઈ તેમની ઓરતો અને ફરજંદોનાં મોહડાં હસ્તાં કીધાં હતાં.

એદેલીનની આવી જીવ સટોસટ બાહદુરીથી તેણીના કામદારો ઉપર બહુ મોટી અસર થવા પામી હતી.

તે ભલી બાનુને મોટો દિલાસો એ હતો કે તેણીના હાથે ધણાક કામદારોની જીંદગી બચવા પામી હતી અને જે ઓરતો અને બાળકોનાં ગુજરાન કરનારાઓ મોતના કાસદને શરણ થયા હતા તેઓને જીંદગીભરનો પગાર તેણીએ બાંધી આપ્યો હતો.

વળી તેણીએ મોટી મગરૂરી વચે જોયું હતું કે તે પોતે ખાણમાં દાખલ થઇ ત્યારે બાહદુર દેન લેરેબીએ જીવતોડ મેહનતથી અને પોતાના પ્યારા જાનની સેહજબી દરકાર કરવા વિના ધણાક જાનો બચાવ્યા હતા અને જયારે તેનીજ બાહોંસ અને મિન્નતજારીથી એદેલીન પોતાનાં મકાને મોડેથી પાછી ફરી ત્યારે તે બાહદુર ગામડિયો તેજ જીવ સટોસટ ફરજમાં રોકાયલો હતો. એવીજ રીતે તેણીએ આસાયશનો થોડોક વખત પસાર કીધા પછી જયારે પોતાનું બીછાનું છોડયું અને દોરાના ઓરડામાં ગઇ ત્યારે દેનને જોતાંજ ગઈ રાતની તેની બાહદુરી માટે તેનો બેહદ ઉપકાર માન્યો.

તેણીએ પોતાના ઓરડામાં પાછું ફરી નોકરને ગાડી જોડાવવાનો હુકમ કીધો. તેણીએ પક્કો ઠરાવ કીધો હતો કે ઓલ્ડકેસલ પાર્કમાં લોર્ડ ઓલ્ડકેસલને મળવું. એદેલીન પોતાને મકાનેથી ઓલ્ડકેસલ પાર્ક તરફ જવા ઉપડી ત્યારે રસ્તા ઉપર પસાર થતાં લોકોએ તેણીને ગરીબો તરફની દિલસોજી માટે ખરાં અંતઃકરણથી વધાવી લીધી. પોતાની તરફની ગરીબોની આવી દાઝ જોઇ એદેલીન ગઇ રાતની પોતાની જેહમત બિલકુલ ભુલીજ ગઇ.

એદેલીન ઓલ્ડકેસલ પાર્કમાં ગઇ ત્યારે લોર્ડ ઓલ્ડકેસલ પોતાના લાયબ્રેરી વાળા ઓરડામાં બેઠેલો હતો. તેણે એદેલીનને જોતાંજ આવકાર દીધો.

"મારી પ્યારી એદેલીન! હું તને જોઈને ખુશી છું. તું કેટલી ફીક્કી માલમ પડેછ! અરે! હું સમજયો. પેલા ટુકડાખોર કામદારો દટાઇ મુવા તે માટે તું ગમગીન બનીછ કે? ગરીબોને માટે તવંગરોએ બળાપો કરવામાં પણ પાપ છે. એવી રીતે તો મહિનામાં સેંકડો હોનારતો બનશે ને સેંકડો કામદારો માર્યા જશે તો એમ આપણા જીવને રંજીદા કરતાં કેમ પરવડશે? એ કાંઈ એવો બનાવ નથી કે જેથી તારા ગાલ ઉપરનો ગોલાબ કરમાઇ જવો જોઇયે, અને હોઠ ઉપરનો રતાસ ગુમ થવો જોઇયે."

એદેલીનને ચુપ બેઠલી જોઇ રોદ્રીકે પોતાનો લવારો આગળ ચલાવ્યો:—

"મારી પ્યારી એદેલીન! હું એમ પુછું કે ખોદાએ ગરીબોને પેદા કરી આ જેહાનમાં મોકલીજ શું કામ દીધાં હશે? તવંગરોને ગરીબોથી કેટલું બધું શરમાવું પડેછ? એદેલીન! તું નાહક ગરીબો ઉપર મરેછ! તુંને તો બસ તવંગરો કરતાં ગરીબોજ પસંદ પડેછ! અરે એદેલીન! શા માટે તું ગરીબો ખાતર બાળેછ તારૂં જીગર? અરે! તારે મરવું હોય તો મારા જેવા તવંગરો ઉપર મર! હું જાણું છની કે જે ઓરતો વિધવા થઇ હશે તે જયાં સુધી બીજું ઘર કરશે નહિ, ત્યાં સુધી તેમનું પેટાખાનું તું ભર્યાજ કરશે અને જયાં સુધી ધાવતાં બાળકો કમાતાં થશે નહિ ત્યાં સુધી તું તેમની ધર્મ-માતા થઇનેજ રહેશે. એમજ કેની?"

રોદ્રીકનાં આ પ્રમાણે બોલવાથી એદેલીનને ઘણોજ ગુસ્સો ચહડયો. તે પોતાની આંખોનાં ભવાં ચહડાવી બોલી:—

"લોર્ડ ઓલ્ડકેસલ! ગરીબો માટે તારે આવા ધિક્કારભર્યા સખુનો ઓચરવા જોઇતા નથી. કેમકે જેમ બધાજ તવંગરો નેક હોતા નથી, તેમ બધાંજ ગરીબો બદકાર હોતાં નથી. ગરીબો માટે આવા ધિક્કારભર્યા સખુનો ઓચરવા માટે ખોદા તને માફ કરે! મારા કામદારોને વગર મોતે મરતાં હું દેખતી આંખે કેમ જોઇ શકું? તેમની ઓરતોનો તવબાટ હું કેમ જોઇ શકુ? તેમનું આ મોત કાંઇ તેમનાં પાપ યા તેમની તકસીરથી નીપજયું નથી, પણ ખુદરતના કોપથી, ખુદરતની હોનારતથી નીપજયું છે. તેઓ મારૂં કામ બજાવતાં મુવેલા હોવાથી મને તેઓ ઉપર બહુજ દયા આવેછ. તેમનાં દુખથી હું દુખી બનીછ."

આટલું બોલતાં તે ભલી શેઠાણીની આંખોમાંથી આસુંઓ ગબડી પડયાં. પોતાની આ નબળાઇ છુપાવવા માટે તેણીએ પોતાનો ચેહેરો ફેરવી નાંખ્યો. આ પળે રોદ્રીકે ગુસ્સાથી હોઠ ઉપર હોઠ ચહડાવી દીધા અને દાત્યાં પીસી ફાટેલા ડોળાએ તે પોતાની સામે બેઠેલી એદેલીનને ટીકવા લાગ્યો.

એદેલીનનું જીગર શાંત થવા પછી તેણીએ રોદ્રીક તરફ જોવાની હિમ્મત કીધી અને રોદ્રીક પણ કાંઈક શાંત પડી બોલ્યો :—

"એદેલીન! મને એવી ખબર મળીછ કે વીલિયમ એ નામનો એક કામદાર અકસમાત થયો તે વેળાએ ખાણમાં હતો, તે મરણ પામ્યોછ. એ શું ખરી વાત છે કે? ખોદા કરે ને એ વાતમાં બિલકુલ સચ્ચાઈ હોય!"

"વીલિ એમ! પેલો બાહદુર જવાન! પેલી રોઝામન્દનો સાચ્ચો મદદગાર! હેં! તેનાં મરવાની તું શું વાટ જોયછ? અરે તારૂં જીગર છે કે પથ્થર!"

એદેલીનને આ પ્રમાણે બોલતાં સાંભળી રોદ્રીક હસી પડયો. તેનું હસવું એદેલીનને મોત કરતાં વધારે ડરામણું લાગ્યું.

એદેલીનને અજાયબીથી ચુપ ઉભેલી જોઇ રોદ્રીકે આગળ ચલાવ્યું, "એદેલીન! તું કેટલી કમઅક્કલ છે કે એક નજીવી બાબદથી આટલી બધી ઉશ્કેરાઇ જાયછ!"

એદેલીન આ સાંભળતાંજ ગુસ્સાની દેવીની માફક ઉછળી બોલી, "નજીવી બાબદ! એક માણસની જીંદગી શું નજીવી બાબદ ગણાય? તું શું બોલેછ તેનો તને સહેજબી ખ્યાલ છે?"

રોદ્રીક વળી પાછો દીવાનાની માફક હસી પડી બોલ્યો, "એ બધો તારો રદનપાટલો હવે છોડી દે. મને તરત જણાવી દે કે વીલિ એમ જીવતો છે કે મુવેલો? મને તે જાણવાની બહુજ અગત છે." રોદ્રીકે આ સવાલ ઘણીજ જીજ્ઞાસાથી પુછયો.

એદેલીને ખુલાસો કીધો કે વીલિ એમનો પગ જોકે ભાંગી ગયો હતો પણ તેની જીંદગી સલામત હતી. તે બાહદુર જવાન કમનસીબ રોઝામન્દની સારવાર હેઠળ હતો.

એદેલીનનો આ ખુલાસો સમજતાંજ લોર્ડ ઓલ્દકેસલ એદેલીનની હાજરીનો સહેજબી ખ્યાલ કીધા વિના પોતાનાં કપાળ ઉપર પોતાના બંને હાથો ઠોકી પોકારી ઉઠયો :—

"અરે કેવું મારૂં બદ નસીબ! ખોદાએ તેને જીવતો રાખી મને કેટલો બધો ગેરઇનસાફ કીધોછ! મને જીવતોજ મારી નાખ્યોછ. હા! તે મુવો હતે તો કેવું સારૂં થતે! હું કેવો સુર્ખરૂ થતે! અફસોસ! અફસોસ! હું ગમે તેવા કીંમતી ઝવાહીર ઉપર હાથ મુકુંછ તો તે કથીર બની જાયછ! હું ગમે તેવા અમીરનો આશ્રો શોધુંછ તો તે ફકીર બની જાયછ! અરે! હું તદબીરને સો તરેહની તદબીરથી બદલું, પણ તકદીરને કયા તોરની તદબીરથી બદલું?"

આટલું બોલી તે પોતાની બેઠક ઉપરથી ઉઠયો અને તે ઓરડામાં એક દીવાનાની પેઠે ફેરા ફરવા લાગ્યો. એદેલીન તેને અજાયબીથી જોતી પોતાની બેઠક ઉપરથી ઉઠી ઉભી.

ખરેખર! એક ફરેસ્તો એક શેતાનનીજ મુલાકાતે ગયો હતો.

ફરેશતા અને શેતાન વચ્ચે લડત.

ખરેખર! લોર્ડ ઓલ્ડકેસલની આવી ચાલથી એદેલીન તો શુદ્ધ બુદ્ધ વિનાની બની ગઇ હતી. તેણીની મોટી દિલગીરી એ હતી કે તે જે કામ માટે આવી હતી, તે જે ખુલાસો મેળવવા એક દગલબાજ શેતાન પાસે આવી હતી, તે ખુલાસો મેળવવા પામી હતી નહિ, જેથી તેણીને બહુજ અકર વકર થતી હતી.

"રોદ્રીક! તું સારી પેઠે જાણેછ કે હું તને ખરાં રૂપ-રંગમાં પીછાનવા પામીછ! તું જુલિયનનાં નામમાં રોદ્રીક છે તે હું અત્યાર આગમચનું જાણવા પામીછ, અને હું તે કેવી રીતે જાણવા પામીછ તે તું સારી પેઠે સમજેછ, પણ હું જે કામ માટે આવીછ તે કામનો ખુલાસો મેળવું તે આગમચ મેં જોઇ લીધું છ કે ગરીબ લાચારો તરફ તારૂં જીગર કેવું પથ્થર સમાન છે! પણ મને કેહ કે જુલિયન કયાં છે? મારે તે જાણવાનો હક છે હું તેને મળવા માંગુંછ, અને એકદમ મળવા માંગુંછ. ઘણુંાંજ અગત્યનાં કામ સર મળવા માંગુંછ. બોલ! રોદ્રીક બોલ! તે કયાં છે?"

રોદ્રીકે જોયું કે એદેલીન આ વેળાએ બહુજ ઉસ્કેરાઇ ગયલી દીસ્તી હતી. વળી તે મોટથી બોલતી હોવાથી તે બહુજ ગભરાઇ ગયો હતો કે રખેને તેણીનું બોલવું કોઇએ લાયબ્રેરીવાલા ઓરડા આગળથી પસાર થતાં સાંભળ્યું હોય! આથી તેણે તે ઓરડાનું અલગું બારણું ખોલ્યું અને ચોતરફ જોવા લાગ્યો કે કોઈ તેમની વાત સાંભળવાને તે તરફ ભટકતું તો નહિ હતું. જયારે તેને સંતોશ મળ્યો કે એદેલીનનું બોલવું કોઈ પણ સાંભળવા પામ્યું હતું નહિ ત્યારેજ તે એદેલીન આગળ પાછો ફર્યો અને તેણીની પાસેની બેઠક આગળ નિસોસ થઈ બેઠો. એદેલીને આંખોનાં ભવાં ચહડાવી ઉપલોજ સવાલ ફરીથી પુછયો. તેણીએ જોઇ લીધું હતું કે ઉપલો સવાલ પુછવાની આગમચ રોદ્રીક કાંઇ અજબ લેહર અને રંગમાં હતો પણ પુછેલા સવાલથી તે ઉજળો વાખ બની ગયો હતો. શું તેનું અંતઃકરણ તેને ડંખતું હતું?

રોદ્રીક ઘણા ધીમા અને ગળગળતા સાદે બોલ્યો, "મારી વાહલી એદેલીન! મારૂં માન કે જુલિયન કયાં છે તે બીનાથી હું બિલકુલ બેખબર છું."

પણ એદેલીને લોર્ડ ઓલ્ડકેસલનું બોલવું માન્યું નહિ. તે બાનુ કેમ માની શકે? શું તેણીનાં પોતાનાંજ મકાનમાં વડા ભાઇની બદમાશીની કેફિયત જુલિયનનાં મોહડેથી કાનોકાન સાંભળી હતી નહિ?

"રોદ્રીક! તારો આ એકરાર હું જરાબી માનતી નથી," એદેલીને જુલિયનનાં મોહડે સાંભળેલી કેફિયતની દુખભરી યાદ થતાંજ દુખી લેહરે બોલી.

"ત્યારે તું શું મને જુઠો માનેછ, એદેલીન?"

"બેશક!" એદેલીન તેની સેહજબી પરવા કીધા વિના બોલી, "જેનું જીગર ગરીબો તરફ પથ્થરનું બનેલું હોયછ તે કોઇ પણ જાતનું અઘોર પાપ કરવાને સર બસર લાયક છે. તેઓ ઉપર હજારો હજાર હયફ છે. જેઓ ગરીબો માટે સારા વિચારો બાંધવાની ટેવ રાખવા પહેલાં તવંગરો માટે ઉંચા વિચાર બાંધે તે ભલે જરથી તવંગર હોય પણ તે મગજથી તો તવંગર હોઇ શકેજ નહિ."

"સબબ ?" રોડ્રીક અંતઃકરણમાં સળગેલા જવાળાથી બળી જેમ તેમ માહ મેહનતે બોલ્યો :—

"સબબ એજ કે ગરીબો ખોદાનો ડર કરનારા છે અને જેઓ ખોદાનો ડર કરનારા છે તેઓથી ગમે તેવા તવંગરોએ ડરીને ચાલવું જોઇયેછ."

"હા ! પણ બધાજ ગરીબો કાંઇ ખુબીથી ભરેલા હોતા નથી," રોડ્રીકે પોતાની જીદ ચાલુજ રાખી.

"જે કોઇનીબી ખુબીને ભુલી જઇ તેની ખામીને સદા યાદ કરતો રહે તેને હું આદમજાતનો કટ્ટામાં કટ્ટો શત્રુ માનુંછ."

એદેલીનની આવી ઉંચ કિસમની ફિલસુરી સાંભળી તે ઉપર ગોર કરવાને બદલે તે દોલતનો દીવાનો હસી પડી એદેલીનને થંડી પાડવા બોલ્યો, "એદેલીન ! તારી આવી હસવા સરખી ફિલસુરી ફકત તારામાંજ છે તો ઠીકાઠીક, કેમકે આવી ફિલસુફી મારી માતા લેડી ઓલ્ડકેસલમાં હતે તો—"

તેની માતાનું નામ સાંભળતાંજ એદેલીનને કાંઇ યાદ આવવાથી તે તેને આગળ બોલતાં અટકાવી બોલી :—

"રોડ્રીક ! તારી વાહલી માતા તો એમજ માનેછ કે જુલિયનને એરીજમાં પાછો લઇ જવામાં આવ્યોછ. બોલ ! રોડ્રીક ! લેડી ઓલ્ડકેસલની આ અટકલમાં સેહજબી સચ્ચાઈ છે ?"

તે ચુપજ રહ્યો.

એદેલીને આગળ ચલાવ્યું, "મને પોતાનેબી માનવાનો સબબ છે કે જુલિયન તેજ બદમાશોને હાથ પાછો પકડાયોછ, કે જેમના હાથમાં તેં પેહલી વખતે તારા નાના ભાઇનું પાંખડું આપ્યું હતું. હું માનુંછ રોડ્રીક, કે જુલિયનની જીંદગી જોખમમાં છે."

"એટલું બધું ? વારૂં દયાળુ બાનુ, એમ માનવાનો કાંઇ સબબ ?"

"સબબ એ છે કે મને ફાટેલી ટુટેલી એક ચીઠી મલી હતી, જે મોટી આફત વેળાએ લખાવા પામી હોય તેવી રીતે ભાંગા તુટા શબ્દોમાં લખાવા પામી હતી. તે ઉપર સરનામું મારાં નામનું હતું, જેમાં લખનારે પોતાનો જાન બચાવવાની મને કાકલુદી કીધી હતી."

"જાન બચાવવાની કાકલુદી !" લોર્ડ ઓલ્ડકેસલ અજબ થઇ બોલ્યો.

"હા ! તે ચીઠીમાં વધુ એ લખવામાં આવ્યું હતું કે 'બોની લુઇ' નામનું બારકસ જે વેમથ ખાતે લંગર નાખનાર હતું તેની બારિક તપાસ રાખવી. ચીઠીને છેડે સહી કોણની હતી તે હું ઉકળાવી શકી નહિ, કેમકે તે તરફનું કાગળ ચુંથાઇ ફાટી ગયલું દીસતું હતું."

રોડ્રીક તાણી તોડી હસવાના ઢોંગ કરી બોલ્યો, "મારી પ્યારી ભોળી એદેલીન ! હું ખાત્રીથી કેહુંછ કે કોઇ બદમાશે તને જબરી ઠગીછ."

એદેલીને તેનાં બોલવા તરફ સેહજ પણ દરકાર કીધા વિના આગળ ચલાવ્યું:—

"પેહલાં તો કેવી રીતે તે ચીઠીનો ઉપયોગ કરવો તે હું સમજી શકી નહિ, પણ પછીથી મને ખ્યાલ આવ્યો કે વેમથ ખાતે 'બોની લુઇ' નામનું જેબી બારકસ આવે તે માટે બારિક જુસ્તેજુ ચલાવવી."

એદેલીનનો આ છેલ્લો વાકય સાંભળતાંજ રોદ્રીક વધુ અને વધું ઉજળો વાખ જેવો બની તેણીનો હાથ પકડી ડઘાયલા અને ધ્રુજતા લથડતા સાદે બોલી ઉઠયો, "હેં! પછી? બોલ! એદેલીન બોલ! પછી તેં તારો ઠરાવ અમલમાં મુકયો કે?"

"મેં વેમથ ખાતે મારા નોકર સ્પ્રેગ અને તેની ઓરત સીસલી જે લેડી ઓલ્ડકેસલની એક વારની દાસી હતી તેમને મારા એક વિશ્વાસુ દીતેકતીવ સાથે મોકલી આપ્યાંછ!"

"મોકલી આપ્યાંછ!" રોદ્રીક હાથ ઉપર હાથ જોરથી અફાળી બોલ્યો, "ઓ! એદેલીન! આ તેં શું આટો બાફયો? તેં કેવું કાચું કાપ્યું? એવાં કામમાં તને વચમાં આવવાનો બિલકુલ હક હતોજ નહિ."

એદેલીન એકજ ઝટકે પોતાનો હાથ તેના હાથમાંથી મોટા કમકમાટની લાગણી વચ્ચે છટકાવી બોલી, "મને દરેક હક હતો. કોઇનું બુરૂં થતું અટકાવવાની, કોઇનોબી જાન જતો બચાવવાની ફરજ દરેક ઇનસાન જાતની છે, અને જેઓ ફરજ ભુલી જાયછ તેઓ ખુદ ખુદાને ભુલી જાયછ. તેઓ ઇનસાનનાં રૂપમાં હેવાનને વધારે મળતા આવેછ. રોદ્રીક! હું તને એક બીજો સવાલ પુછુંછ. મને ખરૂં કેહ કે જુલિયન અને રોઝામન્દ વચેનાં લગન હકદાર છે કે નહિ?"

"હું એ માનતો નથી. એ તદન જોડી કાહડેલી વાત છે. એક હડહડતું જુઠું ગુલબાન છે."

"મને ખુદ રોઝામન્દે એ વાત કહીછ."

"તને તવંગરો કરતાં ગરીબો વધારે સાચ્ચાં માલમ પડેછ, એમજ કેની?"

"કેમકે મને તેઓ માટે તવંગરો કરતાં ઓછું માન નથી," એદેલીને અજબ જેવી ઉલટ સાથે ભાર મેલી જણાવ્યું.

"રોઝામન્દ બિલકુલ જુઠી છે."

"ગરીબો કદીબી જુઠું બોલતાં નથી."

"ત્યારે એમબી જણાવ કે ખુની લાયને રોજર દીપીંગનું ખુનબી કીધુંજ નથી. કેમકે તે જણાવેછ કે તે ખુની નથી."

"હું માનુંછ કે તે ખુની નથી અને તેથી તો તેને નિર્દોષ જાહેર કરાવવા માટે મારી તમામ દોલત તેના પગ આગળ મુકીછ. જેઓ સચ્ચાઇ માટે લડત ચલાવેછ તેઓને ખોદા સહાય થાયછ તો હું તેની બંદી કાં નહિ સહાય થાઉ?"

"પણ તું તો જુલિયનને પરણવા કબુલ થઇછ. હવે તેની સાથે તને શો સંબંધ?"

"હું ભલા અને નેક ગરીબો સાથે સંબંધ ધરાવવાને સદા મગરૂરી માની લેવશ. રોદ્રીક! મારો ઠરાવ સાંભળી લે કે જ્યાં સુધી હું તેને નિર્દોષ જાહેર કરશ નહિ, ત્યાં સુધી મને મારૂં તમામ સુખ સંકટના સુળની માફક ખુંચતું રહેશે."

"ત્યારે મારોબી ઠરાવ સાંભળી લે કે હું દુનિયા આગળ મારા જાનના ભોગે જાહેર કરશ કે તારી બેહને મને જીવતો જાણવા છતાં બીજો ખાવિંદ કીધોછ."

"ઓ બદમાશ! તારૂં સત્યાનાશ વળજો! તું ઇનસાનનાં રૂપમાં શેતાન છે!" એદેલીન એટલુંજ બોલી સકી. તે વધુ બોલવા પામી નહિ. તેણીની જીભ ટાળવાંને વળગી ગઇ.

શેઠ અને વાણોતરનો ફરજ.

આપણે ગયાં પ્રકરણમાં જોઇ ગયા છિએ કે એડેલીને 'બોની લુઈ' નામનાં બારકસની તપાસ રાખવાને વેમથ ખાતે એક વિશ્વાસુ ડીટેકટીવ સાથે બુઢા સ્પ્રેગ અને સીસલીને મોકલી આપી હતી. એડેલીનની આ સમયસુચકતાનું પરિણામ સારૂંજ આવવા પામ્યું હતું. આ બારકસ લુટારા અને ગળાંફાંસુ ચાંચિયાઓનું હતું જેમને તેમના જેવાજ બદમાશ બારદો ભાઇઓ સાથે ઘાડો સંબંધ હતો. આ બારકસના વખત સર પકડાવાથી ઘણીક બદમાશી બાહેર આવવા પામી અને મોટી રકમનાં ઝવેરાતો વિગેરેની થયલી ચોરીઓ જેનો પત્તો મેળવવાને લંડનની પોલીસ લાઇલાજ બની હતી તે સર્વે ચોરીઓનો પત્તો 'બોની લુઇ'માંથી મળવા પામ્યો હતો.

આ બારકસમાંથી કુડીબંધ બદમાશો પકડાયા હતા. તેઓમાંનો એકેએક હડહડતો ખુની અને લુટારો હતો. પોલીસ પોતાની આ ફતેહથી બહુજ મળકાઇ ગઇ હતી, જેનું ખરૂં માન તો સ્પ્રેગ અને મુખ્ય કરી તેની ચબરાક બાયડી સીસલી અને તેમની સાથના ખાનગી ડીટેકટીવને ઘટતું હતું, કેમકે તેઓએજ શરૂઆતમાં 'બોની લુઇ'ની બારીક તપાસ કરી કાંઇક શક પડતાં પોતાનો શક વેમથની પોલીસને જાહેર કીધો હતો, જેનું પરિણામ ઉપર મુજબની અચુક ફતેહમાં આવ્યું હતું. પણ સ્પ્રેગ અને સીસલીએ મોટી અજાયબી અને દલગીરી વચ્ચે જોયું કે બારકસમાંથી પકડાયલા બદમાશોમાં લોર્ડ ઓલ્ડકેસલ પણ હતો. વાંચનારાંઓ સેહલાઇથી અટકલ કરી શકશે કે લોર્ડ ઓલ્ડકેસલ બીજો કોઇજ નહિ, પણ જુલિયન હતો, જેને તેના હેતવંતા ભાઈ રોડ્રીકની ઉસકેરણીથી પેલાં બદમાશ બારદો અને લુસીએ એકવાર ફરી થાગાથી ઓલ્ડકેસલનાં એક હોતેલમાં બેશુદ્ધ કરી આ બારકસમાં ચહડાવી દીધો હતો અને બારકસ વેમથ ખાતે પુગતાંજ તેની જીંદગીનો આંકો લાવી નાખવામાં આવનાર હતો, પણ તેટલાંમાં ગોયા એક ખુદાઇ મોજેજાથી ખુદ બારકસ અને તેની ઉપરના તમામ બદમાશો પોલીસને હાથ સપડાઇ ગયા હતા.

પણ ત્યારે "બોની લુઇ" ના વેમથ આવવાની બાતમી એડેલીનને કોણે આપી હતી? એડેલીન પોતે પણ તે જાણતી ન હતી.

બારકસ ઉપર પકડાયલા તમામ બદમાશોને વેમથથી લંડન લઇ જવામાં આવ્યા હતા, જયાંની કોર્ટમાં તેમની તપાસ ચાલનાર હતી.

સ્પ્રેગ અને સીસલીએ પોતાનાં સાહસકર્મ ઉપરથી પાછાં ફરતાંજ તે બદમાશોમાં લોર્ડ ઓલ્ડકેસલના પણ સપડાઇ જવાની બીના એડેલીનને જણાવી ત્યારે તે ભલી બાનુની અજાયબી અને દલગીરીનો પાર રહ્યો નહિ. સીસલીએ જે વધુ ખબર આપી હતી તે એ હતી કે લોર્ડ ઓલ્ડકેસલે પોતાનું ખરૂં નામ છુપાવી સ્મીથનું સાદું નામ રાખ્યું હતું. પણ જયારે સ્પ્રેગ અને સીસલીએ જાણ્યું કે લોર્ડ ઓલ્ડકેસલ તો ઓલ્ડકેસલ પાર્કમાં સલામત હતો, ત્યારે વળી તે ભોળાં જોડાંની અજાયબીનો પાર રહ્યો નહિ. એડેલીન તોપણ તરત સમજી ગઇ કે તે કયો લોર્ડ ઓલ્ડકેસલ હતો. તે જુલિયન હતો, જે એકાએક ગુમ થઈ ગયો હતો. તેણીએ કીધેલી આ શોધ પોતાનાં એકલાંનાંજ અંતઃકરણમાં છુપાવી રાખવામાં

તેણીએ ડાહપણ જોયું, અને હવે તેની તપાસનું પરિણામ શું આવવાં પામે છે તેની તે ઇંતેજારીથી રાહ જોવા લાગી.

જુલિયનનો આ ફેંજ હતો. ખુદાઈ લાકડીનો આ એક ખેલ હતો.

* * * * * * * * *

નીલ લાયનની તપાસ વેસ્તમીનસ્તર હૉલમાં ફરીથી થનાર હતી એ ખબર જેમ ચોતરફ ફરી વળી હતી, તેવીજ રીતે તે એદેલીન રેનના પેદર મરહુમ કરનલ રેનનો ખુની હતો એ અફવા પણ બધેબધ ઉડી રહી હતી. નીલ લાયનને નિર્દોષ માનવો કે દોષિત તે સમજવાને લોકો ગોયા બેતાકાત બની ગયાં હતાં. કોઇ તેની દયા ખાતું હતું, અને તે ખરો લૉર્ડ ઓલ્ડકેસલ હોવા છતાં લાંબો વખત સુધી પોતાનો તે હક ખોહી બેઠો હતો તે માટે કેટલાકોની દિલસોજી તેની તરફ ખેંચાવા પામી હતી તો કોઈ વળી તેને ચોરી ઉપર સરજોરી કરનારાની ઉપમા આપતાં હતાં. તેઓએ તેને કરનલ રેનના ખરેખરા ખુની તરીકેજ ઠોકી બેસાડયો હતો અને એદેલીન પોતાના બાપના ખુનીને ચાહતી હતી તે માટે તેઓ તેણીને "કેહેરે મોહડાં શું ભાવે" તેવાં વિશેષણોથી વધાવી લેતાં હતાં. પણ તેણીને ખરાં અંતઃકરણથી ચાહનાર તો ગરીબ વર્ગજ હતો. તાલેવંત વર્ગ તો તેણીને પોતાના વર્ગની ગોયા નાલેશીજ માની લેતો હતો.

કોલસાની ખાણુવાળી હોનારત પછી તો ગરીબ વર્ગે તે અશરાફ બાનુ ઉપર પોતાનો જાનજ કુરબાન કરવાનું બાકી રાખ્યું હતું, કેમકે એદેલીને તે હોનારતવાળી રાતે જે અસાધારણ હિમ્મત અને નહિ કલ્પી શકાય એવી દિલસોજી તેઓ માટે દેખાડી હતી તે તે ગરીબ વર્ગ કદી પણ ભુલી જઈ શકે નહિ એવીજ હતી. ખુબસુરતી અને સદગુણની તે રાણીએ નુકસાન પામેલા કામદારોને એવાં તો સખી દિલે નવાજયા હતા કે તેમાંનો એકેએક પોતાની હાતમ દિલ શેઠાણી ઉપર ફિદા થઇ ગયો હતો. જે સોવાસણો એ હોનારતથી વિધવાપણાંની કમનસીબ સ્ટરજતે પુગી હતી તેઓને તેણીએ માસિક મુસારો બાંધી આપ્યો હતો અને જે કામદારો કટકો રોટી પેદા કરવાને અશકત બની ગયા હતા તેઓને તેમની બાકીની ઉમર સુધી તેણીએ બેઠો પગાર બાંધી આપ્યો હતો. આવી રીતે એદેલીને પોતાના ગરીબ પણ વફાદાર કામદારો તરફની ફરજ પુરેપુરી અદા કીધી હતી.

તેણી આટલુંજ કરી ધરાઇ નહિ; પણ તે દિલસોજ અને દયાળુ બાનુ દરરોજ ઇજા પામેલા કામદારોની ઝુપડીમાં પોતાના તબીબને લઇને જતી, તેમની ખબર અંતર પુછતી અને તબીબ તેમની સારવાર કરતો, મલમ પટો કરતો તે કામમાં તેને તે બાનુ સેહજબી અચકાવા વિના મદદ કરતી. તે ઈજા પામેલાંઓને દિલાસો દેતી અને પોતાને પેદા કરનાર સાહેબ ઉપર ભરોસો મેલવાને સમજાવતી.

એવીજ ફરજથી પરવારી એક સાંજે તેણી પોતાની જોડીની ગાડીમાં પોતાનાં મકાન તરફ પાછી ફરતી હતી. રાત પડવા આવેલી હોવાથી દોરા તેણીની ઇંતેજારીથી રાહ જોતી હશે એવું જાણી તેણીએ પોતાના કોચમેનને ઝડપથી ઘોડા હાંકવાનો હુકમ કીધેલો હોવાથી ગાડી પાણીના રેળાની માફક આગળ અને આગળ ધસતી ચાલી હતી.

તેણીનો સઘળો ખ્યાલ આવતી કાલના દિવસ ઉપર જળોની માફક ચોંટી બેઠો હતો, કેમકે આવતી કાલે લંડનમાં વેસ્તમીનસ્તર હૉલમાં પોતાના જાન કરતાં વાહલા નીલ લાયનની બીજી વારની તપાસ ચાલનાર હતી. જે પણ તેણીના બાદશાહ જેવા બાપ કરનલ રેનનાં ખુનનો મુકદમો હાથ ધરવામાં આવનાર હતો.

એદેલીન એ બાબદને લગતા ચિંતાતુર ખ્યાલમાં મશગુલ હતી, તેટલામાં પોતાની ગાડી એકદમ અચકી ઉભી રહેવાથી તેણીને મજબુત આંચકો લાગ્યો.

"એ શું છે સીમન્દસ? ગાડી કાંય એકદમ ઉભી રાખી?" એદેલીને ગાડીમાંથી ડોકું બાહર કાહડી કોચમેનને પુછયું.

તરતજ ઘોડાવાળો પોતાની ગભરાયલી ભલી બાઇ આગળ આવી બોલ્યો, "બાઇ! લૉર્ડ ઓલ્દકેસલનો હિન્દી નોકર અંહિ રસ્તામાં પડેલો છે. તે મુવોછ કે મરવાની અણી ઉપર છે તે હું કહી શકતો નથી. તેનાં માથાં આગળ લોહિનું મસ મોટું ખબોચિયું બની રહ્યુંછ. બાઈ! એનું કોઇએ ખુન કીધેલું લાગેછ."

જુલિયનના નોકર ગંગાદાસનો આ ફેજ હતો. કિસમતની બુરાઇનો આ એક પેચ હતો.

મરતી વેળાનો એકરાર.

એદેલીનની જગોએ બીજી કોઇ ઓરત હતે તો ખુનનું ભયાનક નામ સાંભળતાંજ તે બેભાન બની જતે, પણ એદેલીન એવી પોચી મટીની બનેલી હતી નહિ. તે બહાદુર અને હિમ્મતવાન હતી, અને જે વખતે કોઇને સહાય થવાનું હોય તે વખતે તો તે બાનુની હિમ્મત બેવડી બનતી હતી. તેણી તરતજ, એક પળ પણ ખોહવા વિના ગાડીમાંથી ઉતરી પડી અને જે જગોએ ગંગાદાસ લોહિ લુવાન થઈ પડયો હતો તે જગોએ સેહજબી આનાકાની વગર તે ધસી ગઇ. પોતાના નોકરે હાથમાં ધરેલાં ફાનસની રોશનીથી તેણીએ જોયું કે ગંગાદાસ ઉપર કોઇએ તેનો જાન લેવાની નેમથી ઘાતકી હુમલો કીધો હતો પણ જીંદગીના આતશની નાની ચીનગી તેનાં બદનમાં હજી સહેજ પજરતી રહી હતી. તે એકદમ બુજવાઇ ગઇ હતી નહિ.

"સીમન્દસ! એને બ્રાનદીની ઘણી જરૂર છે," એદેલીને તેનું બદન તપાસી પોતાના કોચમેનને કહ્યું "તું એકદમ દોડ. ઓલ્દકેસલ પાર્ક નજદીક છે, ત્યાંથી કારભારી પાસે થોડો બ્રાનદી લઇ આવ."

કોચમેન દોડયો, અને બોલ બોલતાંમાં બ્રાનદી લઇ પોતાની ભલી બાઇ પાસે પાછો આવી ઉભો. ઓલ્દકેસલમાં વાત ફેલાઇ ગઈ કે એક શખ્સને અકસમાત થયો હતો.

પોતાના નોકરને બ્રાનદી સાથે પાછો ફરેલો જોતાંજ એદેલીન રાતની સરદીમાં રસ્તાની ધુળની કશીબી દરકાર કરવા વિના છેલ્લો દમ લેતા ગંગાદાસ આગળ ઘુંટણિએ પડી અને તેના સહેજ ઉઘાડા રહેલા પણ કાળા થઈ જતા હોઠો વચ્ચે બ્રાનદીનાં થોડાં ટીપાં રેડયાં. દુઃખના આ દારૂની અસર થોડીજ પળમ માલમ પડી આવી. કેમકે ગંગાદાસે પોતાની બંને આંખોનાં પોપચાં ઉઘાડયાં અને પોતાની નજદીકમાં બેઠેલી એદેલીન તરફ ટગર ટગર જોયું. આથી એદેલીનં

સંતોષ ઉપજ્યો. તેણીને કાંઇક હિમ્મત આવી અને ઘોડાવાળાને પોતાની પાસે રાખી બીજા નોકરને તુરત તબીબને બોલાવવા દોડાવ્યો.

"ગંગાદાસ ! તું ધબરા ના ! હું એડેલીન છું. હમણાં દાકતર આવી લાગશે અને તુને પાછો હુશીઆર કરશે."

એડેલીનના આવા હેતાળુ શબ્દોથી ગંગાદાસની આંખોમાંથી દડદડ આંસુઓ ગબડી પડયાં, પણ તેનો સબબ એડેલીન જેવી ભોળી બાનુ ક્યાંથી સમજી શકે ? તેણીને શી ખબર કે આંસુઓની જે ધારા તે ભોળી અને પામી બાનુની આંખોમાંથી હમણાં વહેતી હતી તે અંતઃકરણના ડંખનું પરિણામ હતું. આ આતમાં તે બદમાશે જીંદગીની છેલ્લી પળે પણ એડેલીન તરફ ધિક્કારની નજરથી જોયું હતું, પણ જ્યારે તેણે જોયું કે તેનેથી દુઃખ પામેલી બાનુની બંને આંખોમાં દયા અને દિલસોજી ઉછાળા મારી રહી હતી ત્યારેજ તે ધિક્કાર આંસુમાં પીગળી ગયો હતો. તેણે ગુમાવેલું ભાન પાછું આવ્યું હતું, જેથી આગળી પાછળી ગઇ ગુજરી બાબદો તેને વિજળીના એક ઝટકા પેઠે ધાઇ આવી અને તેની બેશરમ આંખોમાંથી આંસુઓનાં બંધ પડવા સાથે શરમ છાઇ આવી.

એક વાર ફરીથી એડેલીને તેનાં મોહડાંમાં વધુ બ્રાનદી રેડયો અને ગંગાદાસે એક હાય મારી પોતાનાં કપાળ ઉપર પોતાના બંને ધ્રુજતા હાંથો અફાળ્યા.

"બોલ ! કમનસીબ શખ્સ ! આ તારા બુરા હાલ કોણે કીધા ?" એડેલીને તેના હાથની નાડી તપાસી દયાથી પુછયું.

"કાળી માતાએ, કે જેની આંખુમાંથી હું પોખરાજ ચોરી લાવ્યો હતો. બાનુ, અમરીતસરથી મારી પુઠ મારા એક જાતવાળાએ પકડી હતી તેણે મારી ઉપર હુમલો કરી મને બેભાન બનાવી તે પોખરાજ લઇ લીધું. અરે ! તે પોખરાજ ગયું તો બાકી મારી પાસે શું રહ્યું ?"

લોહિ તેનાં માથાંમાંથી પુષ્કલ વહી જવાથી તેનેથી સડસડાટ બોલી શકાતું નહિ. તે અચકી અચકી અને દમ ખાઇ ખાઇને બોલતો હતો. તેણે બે પળ પછી આગળ ચલાવ્યું:—

"બાનુ ! મને જીવાડવાની ફોકટ કોશેશ ના કરો ! તમારો તબીબ પણ મને બચાવી શકનાર નથી. હવે મારૂં આવી બન્યુંછ. જે કહી જાઉંછ તે ખરે ખરૂંજ સમજજો."

આટલું બોલી તેણે એક વાર ફરીથી પોતાની નજર એડેલીન તરફ ફેરવી. એડેલીનની નજર તે બદમાશની નજર સાથે એક થઇ ગઈ. તેના ચેહરા ઉપર કાંઇક ચીના ભમતી હોય અને તે કહી દેવાને ઇંતેજાર હોય એમ તેણીને લાગ્યું.

"ગંગાદાસ મરેછ ! બાનુ ! ગંગાદાસ આ ધરતી ઉપર બે ચાર પળનો પરોણો છે. દોજખનો અંધકાર મારી આંખ આગળ ભમતો રહેલોછ ! બાનુ એડેલીન ! ગંગાદાસ કાંઇ એવું કેહવા માંગેછ કે જેથી તું જેને ચાહેછ તે ફાંસી જતો બચે, તેનો દુશમન ફંદામાં ફસે, ને તું બાનુ જરૂર હસે !"

"મારા પ્યારા નીસ લાયન ! બોલ ! તું શું કાંઇ મરતી વખતે એવો એકરાર કરવા માંગેછ કે જેથી મારાં બેકરાર દિલને રાહત મળવા પામે ?" એડેલીને આ સવાલ કાંઇ અજબ જોશમાં આવી પુછયો.

જવાબમાં ગંગાદાસે માત્ર ડોકુંજ ધુણાવ્યું. તેની આંખો ઉપરથી એદેલીને સાબુત જોઇ લીધું કે નીલ લાયનના બાબમાં તે કાંઇ ખુલાસો કરવા માંગતો હતો તેમાં કશો શક હતો નહિ. આથી તે પોતાના નોકરતરફ જોઇ પોકારી ઉઠીઃ—

"અરે! હું કેવું ઇચ્છુંછ કે આ વખતે કોઇ માજીસ્ત્રેટ અહિં હાજર હતે તો આ કમબખ્તની મરતી વેળાની જુબાની નોંધી લેતે!"

આટલું બોલી તેણીએ પોતાના નોકર તરફ જોયું. નોકર તરત સમજી ગયો કે બાઇ કોઇ નજદીકના માજીસ્ત્રેટને બોલાવવા માંગતી હતી. તે તરતજ પોતાની ભલી બાઇનો હુકમ મેળવી દોડયો, પણ થોડી પળ ગઇ નહિ તેટલાંમાં તો તેને હાંફતો હુંફતો પાછો ફરેલો જોઇ એદેલીને એમ કરવાનો સબબ પુછયો.

"નામદાર લોર્ડ ઓલ્દકેસલ માજીસ્ત્રેત મી૦ હયુએત સાથે અહિંજ આવેછ."

અને તેમજ બન્યું. નોકરે ખરૂં કહ્યું હતું. એદેલીને ખુશાલીની બેહદ લાગણી સાથે લોર્ડ ઓલ્દકેસલ સાથે માજીસ્ત્રેટ મી૦ હયુએતને પોતાનીજ તરફ આવતો જોયો.

"મી૦ હયુએત! તમોને સવખતે અહિં આવેલા જોઈ હું ઘણીજ ખુશી છું. તમો અહિં આ વખતે આવી પોંહચો એમાં હું ધારૂંછ કે ખુદરતનો કાંઇ હાથ છે." આટલું બોલી તેણીએ જમીન ઉપર ચતોપાટ પડેલા ગંગાદાસ તરફ આંગળી બતાવી આગળ ચલાવ્યું. "પેલા મરવા પડેલા ગંગાદાસને મરતી વખતનો એકરાર કવાનો હોવાથી તમારી હાજરી ઘણી જરૂરની છે.

ગંગાદાસને મરવા પડેલો જોઇ અને તે એકરાર કરવા માંગે છે એ હકીકત એદેલીનને મોહડેથી સાંભળતાંજ રોદ્રીકનો ચેહરો મોત જેવો ફિક્કો ફચ થઇ ગયો. મી૦ હયુએતને તેજ બોહોંસ કરી આ જગે લાવ્યો હતો, તેટલા માટે પોતાને કદુવા દેવા લાગ્યો. એદેલીનનો ઘોડાવાલો ઓલ્દકેસલ પાર્કના રસ્તામાં બેભાન પડેલા કોઇ લાચાર માટે બાનદી લેવા આવ્યો હતો એમ સાંભળતાંજ ફકત બે ઘડીની મોજ મેળવવા તે મી૦ હયુએતને સાથે લઇ આ જગે આવી ચહડયો હતો. આ તેનાં કિસમતની જાલેમ બુરાઇ હતી, કેમકે આજે રાતે તેણે મી૦ હયુએટને પોતાની સાથે જમવા બોલાવ્યો હતો, અને તેનાં કાળાં કરતુકોની જુબાની સાંભળીને નોંધવાની નહિ ધારેલી સરજત તેના એ પરોણાનીજ હતી.

"અરે! એ તો બદમાશ છે. બિલકુલ દીવાનો છે. અને એવા દીવાનાનો મરતી વખતનો એકરાર તે કેવો સાંભળવાનો હોય? ચાલો, મી૦ હયુએત, અહિં ઉભું રહેવામાં વસા ગુમાવવા બરાબર છે, આપણાં વરસ વેચવા બરાબર છે. એ કાળા બદમાશો મરવાનો ઢોંગ કરવામાં એક્કા છે. ચાલો મી૦ હયુએટ, ચાલો અહિંથી, લેડી ઓલ્દકેસલ જમવાની વાટ જોતાં હશે."

પણ મી૦ હયુએત હીલ્યો કે ચાલ્યો નહિ.

"મારા પ્યારા લોર્ડ ઓલ્દકેસલ! આ જગોએ ઉભું રહેવાની હું મારી ફરજ સમજુંછ. આ કમબખ્ત શખ્સ ઢોંગ કરેછ એ તમારૂં કહેલું હું બિલકુલ માનતો નથી. તમો જોઇ શકોછ કે તેનાં માથાં આગળ લોહિનો ખાબોચ્યો જમાવ થયોછ," મી૦ હયુએતે ગંગાદાસ તરફ પોતાની ચગોર ચશમ ફેરવી પોતાના દોસ્ત લોર્ડ ઓલ્દકેસલને જવાબ દીધો.

"તમારો બોલેબોલ બરોબર છે, મી૦ હયુએત," એદેલીને હયુએતને રારતી અને ઇનસાફના તોરથી બોલતો સાંભળી તે ભલા ન્યાયાધીસને પોતાના મિઠા બોલોથી વધાવી લીધો.

પોતાના પ્યારા દોસ્ત લોર્ડ ઓલ્ડકેસલ—જેને મી૦ હયુએત રોદ્રીક નહિ, પણ જુલિયન માનતો હતો તેને—વધુ સમજાવતો મી૦ હયુએત બોલ્યો:—

"મારા વાહલા લોર્ડ ઓલ્ડકેસલ! તમારો નોકર મરવાની અણી ઉપર છે એ તે બરાબર સમજેછ, છતાં મરવાને વખતે ખોટો એકરાર કરે એ માનવુંજ બેહુદુ છે. વળી મારા લોર્ડ, એ તમારો નોકર છે. એણે વફાદારીથી તમારી નોકરી બજાવેલી છે, એટલે એક ભલા શેઠની ફરજ છે કે પોતાના નોકરની છેલ્લી પળો શાન્તિથી પસાર થાય તેમ કરવું. એ ખોટાબી એકરાર કરે તો તમારે બીહવાનો કશો સબબ નથી. એનો એકરાર ખોટો છે કે સાચ્ચો તે જાણવાને હું સાબુત બોજું ધરાવુંછ."

લોર્ડ ઓલ્ડકેસલે કાંઇ પણ જવાબ દીધો નહિ. તે ચુપજ ઉભો. આથી મી૦ હયુએત મરવા પડેલા ગંગાદાસ આગળ ગયો. એદેલીને પોતાના નોકરને ફાનસ વધારે નજદીક લાવવાનો હુકમ કીધો અને પોતે ગંગાદાસ આગળ ઘુંટણિએ પડી બોલી:–

"ગંગાદાસ!"

પોતાનું નામ સાંભળતાંજ ગંગાદાસે એદેલીન તરફ જોયું અને પછી ચોપાસ નજર કીધી.

"ગંગાદાસ!" એદેલીન હિમ્મતથી બોલી, "આ જેહાનથી કુચ કરવાનો તારો વખત નજદીક છે, માટે તું જેબી એકરાર કરે તે ખોદાને હાજરનાજર જાણી સાચ્ચોજ કરજે."

ગંગાદાસે ડોકું ધુણાવ્યું.

"ત્યારે બોલ! તારે મને શું કેહવુંછ? તારાં પાપનો એકરાર શું કરવોછ? બોલ! ગંગાદાસ બોલ! ખોદા ખાતર જલદીથી બોલ!"

ગંગાદાસે પોતાનાં મોહડાંમાં દારૂનાં બે ચાર ટીપાં રેડવાની હાથની ઇશારત કરતાંજ એદેલીને પોતાને હાથે તે રેડયાં, જે પછી તેણીને લાગ્યું કે તેની આંખો અજબ જેવા ચળકાટથી ચળકવા માંડી હતી.

"હા? ગંગાદાસ મરેછ તો એદેલીન બાનુ જે જવાનને ચાહેછ અને જેની તપાસ કાલે વેસ્તમીનસ્તર હૉલમાં ચાલનાર છે તેને મોટો લાભ થશે. તે જવાન જરૂર બચી જશે કેમકે હવે ગંગાદાસ લોર્ડ અને લેડી ઓલ્ડકેસલનાં શિખવ્યાથી ખોટી સાક્ષી પુરવા લંડન જઇ શકવાનો નથી."

આટલું બોલી ગંગાદાસ ચુપ થઇ ગયો, તેણે પોતાની આંખના ડોળા ઢાંકી દીધા.

"ઓ ખોદા! એ તો મરેછ! બોલ ગંગાદાસ બોલ! તું જેબી કાંઈ જાણતો હોય તે બોલ! ખોદા ખાતર તારી જબાન ખોલ!"

ખોદાએ એદેલીનની અરજ બાહલ રાખી. ગંગાદાસે પોતાની આંખો પાછી ખોલી.

"ગંગાદાસ! તું શું એમ કેહવા માંગેછ કે નીલ લાયનની આગલી કાલે રાતની તપાસ વેળાએ લેડી ઓલ્ડકેસલની ઉસ્કેરણીથી તું તેની વિરૂદ્ધમાં ખોટી જુબાની આપવાને હમણાં લંડન જવા નિકળ્યો હતો અને એટલામાં તારી ઉપર હુમલો થયો હતો, એમજ કેની?"

"હા! ગંગાદાસ બીજું એવું ઘણું કેહવા જતો હતો કે જેથી નીલ લાયનનાં ગળાં આસપાસ જરૂર ફાંસીનું દોરડું વિંટળાવા પામતે! પણ ખોદાએ તે નિંદાઓ તરફ જોયુંછ; લેડી ઓલ્ડકેસલ નીલ લાયનને ફાંસીએ લટકેલો જોવામેં ખોટો પડે છે."

આ વેળાએ લોર્ડ ઓલ્ડકેસલના ઘબરાટનો પાર રહ્યો નહિ. તે લગાર ધ્રુજતા અવાજે પણ જાહેરમાં હિમ્મત રાખી બોલ્યો, "મી૦ હયુએત! હું અજબ છું કે આ ચંડાળ બદમાશની સઘળી લબાડી તમો સાંભળ્યા કરોછ! લેડી ઓલ્ડકેસલ કયારનાં આપણે માટે રાહ જોતાં બેઠાં હશે!"

"મારે માટેની તમારી કાળજી માટે હું ઉપકાર માનુંછ," માજીસ્ટ્રેટે થંડાપણે જવાબ દીધો, "પણ મારા પ્યારા લોર્ડ ઓલ્ડકેસલ, મારે મારી ફરજ બજાવવી જોઇએ. હું આ જગોએ તમારા પરોણા તરીકે નહિ, પણ માજીસ્ટ્રેટ તરીકે હાજર થયોછ."

"તેને માટે મને કશો વાંધો નથી, પણ તમો તો એ જે કાંઇ દીવાના જેવી ભલતી સલતી બાબદો બકેછ તે સઘળી તમારી નોંધ પોથીમાં ઉતારી લ્યોછ."

"મારી ફરજ તરફ મારે પેહલે જોવું જોઇયે." મી૦ હયુએત એટલુંજ બોલ્યો, કેમકે ગંગાદાસને આગળ બોલતો જોઇ તેણે રોદ્રીક સાથે વાત કરી નાહક વખત ગુમાવવાની જરૂર જોઈ નહિ.

"મીસ રેન! હું ઓલ્ડકેસલ પાર્કમાંથી અહિં આવ્યોનેજ મને મોતે ઘેર્યો. તમોને મારાં બોલવાની વધુ સાબેતી જોઇતી હોય તો મારી પાઘડીના પેચમાં તે મોજુદ છે. લોર્ડ ઓલ્ડકેસલે મને નીલ લાયન સામે ખોટી સાક્ષી પુરવા જે મોટી લાંચ આપી હતી તે મારી પાઘડીમાં સલામત છે. હા! તે પૈસાને માટે મેં અનેક પાપો કીધાં પણ પાપો કરવા છતાં પૈસા મને સેહજબી કામે લાગ્યા નહિ. અફસોસ! હું ખાલી હાથે આવ્યો ને હું ખાલી હાથેજ આ જેહાનથી પાછો ફરૂં છું."

"અરે! પણ બોલ કે તું શું ખોટી સાક્ષી આપનાર હતો? મારા નીલનું તું કાંઇ નખોદ વાળનાર હતો?" એદેલીન ગમથી આજેઝ થઇ પોકારી ઉઠી.

"હું એમ કહેનાર હતો કે કરનલ રેનનાં ખુનવાલી જગોએથી જે પોખરાજ મળી આવ્યું હતું તે પોખરાજ મેં નીલ લાયનને આપ્યું હતું અને ખુન કરતી વખતે તેની પાસેથી તે પોખરાજ પડી ગયું હતું. જેથી ઉમરાવો તેને ખુની ઠરાવ્યા વિના રહેજ નહિ. આ ચોકઠું લેડી ઓલ્ડકેસલે ગોઠવ્યું હતું."

"ખોદા! ખોદા! આ તે કેવો પ્રપંચ! કેવી ઠગાઇ! ઓ ખોદા! તું આવી બદમાશી કેમ સાંખી શકેછ?" એદેલીન નીલ લાયન સામેનાં કાવત્રાંની કેફિયત સાંભળતાં પોતાના બંને હાથો આસમાન તરફ ઉંચા કરી પોકારી ઉઠી.

"બાનુ," ગંગાદાસે બાંગી તુટી શબ્દોમાં આગળ ચલાવ્યું, "બાનુ! લેડી ઓલ્ડકેસલ નીલ બાયનને કચડી નાખવા માંગેછ, કેમકે તે બાનુ સારી પેઠે જાણેછ કે તે જીવતો રહેશે તો તેણીના બેટાનાં ઉમરાવપદ ઉપર તરાપ પડવા પામશે. પોતાના ખાવિંદની આબરૂ અને હકદાર ઓરતનાં હકદાર ફરજંદનું મોત—"

ગંગાદાસ આગળ બોલી શકયો નહિ. તેણે એક વાર ફરીથી પોતાના ડોળા મિંચી દીધા; પણ તેના અધુરા વાકયની મતલબ બધાં સમજી ગયાં હતાં.

"અરે! એનો કોઇ ટોટો દાબી દેઓ રે! એ નાપાક મરતી વખતેબી જુઠું બોલી શેતાનનેબી ભુલવેછ!" આટલું બોલી જાણે તે મરવા પડેલા નોકરનો ખરેખરો ટોટો દાબી દેવા માંગતો હોય તેમ તે ગુસ્સામાંજ ધસ્યો. પણ મી. હયુમેતો તેને તેમ કરતાં અટકાવી ગંગાદાસને વધુ સવાલ પુછતી રડમસ બનેલી એદેલીન તરફ જોયું.

"ગંગાદાસ! બોલ! ખોદા ખાતર બોલ કે ત્યારે મારા પેદરનો ખરો ખુની કોણ છે? ખોદા કે જે તારો ને મારો એકજ છે તેને હાજર નાજર જાણી બોલ; કે તું જાણેછ કે મારા બાપનો ખુની કોણ છે?"

આ સવાલ સાંભળતાંજ એદેલીન તરફ તે બદમાશ ટગર ટગર જોવા લાગ્યો અને ખોખરા સાદે સેહેજ પણ અચકાવા વિના બોલ્યો:—

"ગંગાદાસે તેને મારી નાખ્યોછ! કરનલ રેનનો જાન લેનાર ગંગાદાસ છે. તે મારો દુશમને જાન હતો. મારી જીંદગીનો એકજ અરમાન હતો, જે તેને બેજાન કરવાનો હતો. મેં તેનો જાન લીધો, મને તેમ કરવાની તક મળી. મને મજબુત મદદ મળી."

"અરે! કોણની મદદ મલી? બોલ! કોણ તારાં પાપમાં હમશરીક થયો? મારા વાહલા પેદરનું ખુન કરવાને તારો કોણ રફીક થયો?" એદેલીન જમીન ઉપર ફસડાઇ પડી બોલી.

"જુલિયન તાવર્સ, મારા શેઠ, લોર્ડ ઓલ્ડકેસલ!" લથડતી જીભે ગંગાદાસે એકરાર કીધો.

"ઓ! મારા ખોદા!" માજીસ્ત્રેટ આ ન ધારેલી ખબર સાંભળી પોકારી ઉઠયો.

"ઓ! મારા બલા બાપ! મારા ભોળા બાપ!" એદેલીન આંખો ઉપર પોતાના બંને હાથો ઢાંકી દઇ બોલી ઉઠી.

સેફ્રીક મોત જેવો ફિક્કો પડી ગયો હતો. માજીસ્ત્રેટબી બિલકુલ ફગવાઇ ગયો હતો. એદેલીનના નોકરો બેભાન જેવા બની ગયા હતા. આ એક અસરકારક ચિત્ર હતું. પણ શું ગંગાદાસની જીંદગીની ઓટ થતી ચાલી હતી? શું તેની કરપીણુ જીંદગીના મેરાજની જોત બુજાતી ચાલી હતી?

પણ નહિ! ખુદ કુદરત તેને મોહડે વધુ કરપીણુ કર્મોનો એકરાર કરાવવા માંગતી હતી.

કરનલ રેનના ખુની તરીકે જુલિયનનું નામ સાંભળતાંજ એડેલીન રેનના હોશ-કોસ ઉડી ગયા, અને તેણીને પાર વિનાનો કમકમાટ ઉપજ્યો. જે બદમાશના પાપી હાથ તેણીના બાપનાં લોહીમાં ખરડાયલા તેજ બદમાશ ચંડાળ તેણીના હાથનો ઉમેદવાર બનવાની બેહાઈ વાપરવા જેટલી હિમ્મત કરે એ વિચારેજ તેણીને કાતેલ ઝેહર જેવો લાગ્યો. માજીસ્ટ્રેટ મી૦ હયુએત કરનલ રેનના ખુની તરીકે લોર્ડ ઓલ્ડ-કેસલનું નામ સાંભળતાંજ ધભરાઈ ગયો હતો અને આવા એક ખુનીને પોતાના દોસ્ત તરીકે અત્યાર લુલીક ગણવાથી તે ખરેખર કમકમ્યો.

તેનો આ કમકમાટ જોતાંજ રોડ્રીકે તેનો ભલતોજ અર્થ ઉઠાડયો. તે ઉઠાઉ-ગીર એમજ સમજ્યો કે તેની ઉપરનું આ હડહડતું આળ તે સુધ્ધો માજીસ્ટ્રેટ નહિ માનવાથી કમકમ્યો હતો. પણ તે બદમાશ નાહક ફુગરાતો હતો. તે ન્યાયા-ધિશે તો મરતા ગંગાદાસનો છેલ્લી ઘડીએ ઓચરાયલો એકેએક હર્ફ માની લીધો હતો, સાચ્ચા તરીકે જાણી લીધો હતો. એજ કારણથી એક બદમાશ ખુની તરીકે લોર્ડ ઓલ્ડકેસલ જેવા ઉમરાવનું નામ ગંગાદાસને મોહડેથી બાહર પડતાંજ કમક-માટની તિક્ષણ લાગણી તેનાં આખાં બદનમાંથી પસાર થઈ ગઇ હતી.

રોડ્રીક એક વાર ફરીથી પોકારી ઉઠયો, "મી૦ હયુએત, હું અજાબ છું કે તમો આવા બાહોશ માજીસ્ટ્રેટ થઈ એક બદમાશ જુઠાને મોહડેની હડહડતી નાલે-શીઓ સાંભળ્યા કરોછ. એ કાળા શેતાનો મરતી વખતે બીજા આબરૂદારોને પોતે કીધેલાં પાપોમાં સંડોવવા ચુકતા નથી. ચાલો, મેહરબાની કરી ચાલો મી૦ હયુએ-ત! કેમકે લેડી ઓલ્ડકેસલ આપણી વાટ જોતાં હવે કંટાલી ગયાં હશે. એડેલીનનેબી આપણી સાથેજ લેઓ, નહિ તો એ લુચ્ચો બદમાશ એ ભોળી બાનુને ભોળવી દીવાની કરી મેલશે."

મી૦ હયુએત પોતાના એક વારના પ્યારા દોસ્ત લોર્ડ ઓલ્ડકેસલ તરફ ભવાં ચહડાવી કમકમાટથી બોલ્યો, "મારા લોર્ડ! હું તમારી સાથે જેમ આવી શકતો નથી, તેમ તમારી સાથે જવાને મીસ રેનને હું ફરજ પાડી શકતો નથી, કેમકે મારા ધાર્યા મુજબ તો તમારો નોકર જે બોલેછ તેમાં હું બિલકુલ સચ્ચાઇ જોઉંછ, જેથી હવે એને મુંગો રાખવાની તમારે સેહજ પણ કોશેશ કરવી નહિ." આટલું બોલી તેણે એડેલીનના નોકર તરફ ફરી હોકમ કીધો કે પોલીસ મથકમાં જઇ પોલીસને તુરત બોલાવી લાવવી.

"પોલીસ!" હયુએતને પોલીસ બોલાવતો સાંભળી રોડ્રીક પોકારી ઉઠયો, "મી૦ હયુએત! હું એમ પુછું કે પોલીસને બોલાવવાનો તમોને શો સબબ મલ્યો?"

"સબબ એજ કે મારા ધારવા મુજબ ગંગાદાસે કીધેલા એકરાર પછી પોલી-સની હાજરી બિલકુલ જરૂરની છે," માજીસ્ટ્રેટે મક્કમપણે જવાબ દીધો.

"હું કેહુંછ મી૦ હયુએત કે તેની હાજરી બિલકુલ ગેરવાજબી છે, અને તમો તેને બોલાવવાને બિલકુલ ગેરવાજબી છેઓ," રોડ્રીકે ડોળા કકડાવી માજીસ્ટ્રેટને સામો જવાબ દીધો.

લોર્ડ ઓલ્ડકેસલની આવી ચાલથી માજીસ્ટ્રેટ તો પોતાના ઉમરાવ દોસ્તને ડાચું વકાસી અજાયબીથી ટીકતોજ ઉભો. પણ તુરતજ તેને ગયલું ભાન પાછું આવવાથી તે રોડ્રીક આગળથી બે ચાર પગલાં પાછળ હઠી બોલ્યો, "મારા લોર્ડ! બ્રીટીશ રાજ્યના અદલ ઇનસાફ તરફની તમારી આવી બેદરકારી તમારા નોકરનાં બોલવામાં વધુ સચ્ચાઈ સાબેત કરેછ. તમારે એક લોર્ડ તરીકે જાણવું જોઇએ કે

તમો હાલમાં જે કાંઇ ચાલ ચલાવોછ અને જે કાંઇ બોલોછ તે તમોને પાછળથી ભારી પડશે, કેમકે અહિં એક કરતાં વધુ સાક્ષીઓ મોજુદ છે." આટલું બોલી તેણે પેલાજ નોકરને પોલીસને બોલાવવા મોકલ્યો.

નોકરના જવા પછી હયુએત લોર્ડ ઓલ્ડકેસલ તરફ ફરી દમામથી બોલ્યો, "લોર્ડ ઓલ્ડકેસલ! મેહરબાની કરી હવે તમોએ આ જગોથી એક કદમ પણ હઠવું નહિ. નાહસવાની સેહજબી કોશેશ કરવી નકામી છે."

"હેં! એટલે? મી૦ હયુએત, તમો શું બકોછ તેનો તમોને સેહજ પણ ખ્યાલ છે કે?"

"હા, હમણાં સુધી ખ્યાલ મુદલ નહિ હતો, પણ હવે મને ખ્યાલ સેહજ આવેછ. મારા લોર્ડ! કરનલ રેનનું ખુન કરવાનાં કામમાં તમારા નોકરને મદદ કરવા માટે પોલીસ આવે ત્યાં સુધી તમો મારા કેદી છો."

માજીસ્ટ્રેટના આ છેલ્લા બોલોથી રોદ્રીકને પોતાની હાલતનો ખરો ખ્યાલ આવ્યો. તે હવેજ સમજી શકયો કે માજીસ્ટ્રેટ તો તેને રોદ્રીક તરીકે નહિ, પણ જુલિયન તરીકે માનતો હતો. આખી દુનિયા એમ માનતી હતી. તે ગઇ કાલ સુધી જુલિયનનાં નામ હેઠળ પોતાને બિલકુલ સલામત માનતો હતો, પણ તે વખતે તેને થોડીજ ખબર હતી કે થોડા કલાકના અરસામાં તેના ભાઇના અજીમ ગુનાહની તોક તેનાં પોતાનાં ગળાંમાં આવવા પામશે. ખુન નાનો ભાઇ કરે અને પોલીસની બેડી તેના વડા ભાઇના પગમાં પડે એ ખ્યાલથી તેનો ગુસ્સો તેનાં તન બદનમાં માયો સમાયો ગયો નહિ. પણ તે લાચાર હતો. તેણે પોતે પોતાના નાના ભાઇ માટે જે જાળ બીછાવી હતી તેજ જાળમાં હવે તેણે પોતાને સપડાયલો જોયો.

પણ આ વેળાએ મરતા ગંગાદાસે એક વાર ફરીથી ડોળા ઉઘાડવાથી હમણાં સુધી રડતી બેઠેલી એદેલીને માજીસ્ટ્રેટને હાથની ઇસારત કીધી, કેમકે તેણીનું હૈયું ભરાઇ આવવાથી તેણીથી બોલી શકાયું નહિ.

માજીસ્ટ્રેટે ગંગાદાસના કાન આગળ વાંકો વળી મોટેથી સવાલ કીધો, "ગંગાદાસ! મરતી વેળાએ સાચ્ચુંજ બોલજે કે તેં લોર્ડ ઓલ્ડકેસલની મદદ વડે કરનલ રેનનો જાન કેવી રીતે લીધો?"

"ઝેરથી," ગંગાદાસ ધીમા પણ મજબુત સાદે બોલ્યો. "એ ઝેર સોનાની તાંચણીની અણી ઉપર આવેછ. આ જાતનું ઝેર એટલું તો કાતેલ છે કે તેના કમબખ્ત શિકારનાં શરીરની ચામડીને લાગતાંજ બે મિનિટના ટુક અરસામાં તે મોતને વશ થાયછ. ગંગાદાસ જયારે હિન્દુસ્તાનમાં લશકરી નોકરીમાં હતો, ત્યારે કરનલ રેન તેનો વડો હતો. તેણે ગંગાદાસને કેદખાનાની અને બાંધીમારની સજા કીધી હતી તેથી ગંગાદાસે કરનલનું ખુન રેડવાને કાલી માતાના કસમ લીધા હતા. તે કસમ પાળવા હું કરનલની પુઠ પકડી ઓલ્ડકેસલ સુધી આવ્યો ને તે કમબખ્ત સાંજે મારા શેઠ લોર્ડ ઓલ્ડકેસલે મને ભમાવ્યો. મેં કરનલ રેનને પાછળથી આવી જમીન ઉપર ચતોપાટ નાખી દીધો અને મારા શેઠે પેલી તાંચણી તેનાં શરીરમાં ચલાવી દઈ તેની જીંદગીનો અંત આણ્યો." આટલું બોલી તેણે પોતાના બેસતા જતા ડોળા એદેલીન તરફ ફેરવી કહ્યું, "બાનુ, મારો વિચાર તારા પેદરનો એટલો જલદી જાન લેવાનો નહિ હતો, પણ મારા શેઠના ભમાવ્યાથી મેં તેનો જાન લીધો. મારો અરમાન પુરો કીધો."

"ઓ ખુદા ! આ હું શું સાંભળુંછ ! અરેરે ચાહતા બાપ, તમારી બીચારી જીંદગીની ઉમેદને તેના કવખતે કાપી નાખનારનું સત્યાનાશ જજો ! તમારા ખુનીઓને તેમને લાયકનો ઇનસાફ મળજો. ઓ બાપ ! બાપ ! તમારા ખુનીઓ ઉપર તમારી કમબખ્ત બેટીઓના ઉકળતા શ્રાપ પડજો !"

"ઈશ્વર મને માફ કરે ! જાનુ હું મરૂંછ ! પણ તે આગમચ મારે પુરેપુરો એકરાર કરવો જોઈયે કે જુલિયન રોઝામન્ડ સાથે પરણેલો હતો તે વાત તેની અને રોઝામન્ડ વચ્ચે તે નવરી જગાએ થયલી બોલચાલ ઉપરથી કરનલ રેને જાણી લીધી અને ગંગાદાસે કરનલ અને જુલિયનની તમામ વાત બરાઇ છુપાઇ કાનોકાન સાંભળી અને કરનલે તું બાનુને તે ચંડાળ પરણેલો છતાં શા માટે ફસાવતો હતો તે માટે પુછી તેને ફટકેરી કાઢયો અને પછી તેનું ખુન થયું, અફસોસ ! કે કારે જખુન થયું."

"હા !" આ બોલ એદેલીનનાં મોહડાંમાંથી એક ધીમી ચીચીઆરીનાં રૂપમાં બાહર પડયો. તેણીની બંધ આંખો કાંઇ અજબ જેવી ઝડપથી ખુલ્લી થઈ ગઇ અને તેણીની આંખો આગળ જે ભેદનો પરદો અત્યાર સુધી આડો પડેલો હતો તે હવે એક પળકારામાં ઉચકાઇ ગયો. એજ પળે તેણીને બીજો ખીઆલ આવ્યો અને તેણીએ ગંગાદાસને એક વધુ સવાલ કીધો:—

"ગંગાદાસ ! તારાં નજદીક આવતાં મોતને લીધે તું તારા પેદા કરનાર સાહેબથી હવે ખરેખર બીહતો હોય તો મને રાસ્ત કેહ કે રોઝામન્ડના બુઢા બાપ રોજર ડીપીંગનાં ખુન માટેબી તું કાંઇ જાણેછ ? બોલ, ગંગાદાસ ! ખુદા ખાતર બોલ.!"

ગંગાદાસે જવાબમાં ફક્ત ડોકુંજ ધુણાવ્યું.

"ખુદાને હાજરનાજર જાણી રાસ્ત કેહ કે તું શું જાણેછ ?" સાર્જન્ટે લોર્ડ ઓલ્ડકેસલ તરફ આડી નજર કરી ગંગાદાસને પુછયું. તેણે જોયું કે તે ઉમરાવ પોતાની જગો ઉપર ચીટકીનેજ ઉભો હતો અને એદેલીનનો નોકર ખરો મામદો ચેતી જઇ જાણે તેની ચોકી કરતો તેની સેહજ પાછળ તેયાર ઉભો હતો જયારે એદેલીન કાંઇ અજબ લાગણીથી તે સવાલનો જવાબ જાણવાને ગંગાદાસના ચેહરા આગળ વાંકી વળી ગઈ હતી, કેમકે એ સવાલના જવાબ ઉપરજ તેણીની આખી જીંદગીનું સર્વોતમ સુખ લટકી રહ્યું હતું, એજ સવાલનો જવાબ શોધી કાહડવા માટે તેણીનું ધક ધ્યાન વરસોથી ચોપાસ ભટકી રહ્યું હતું.

મરતી વેળાનો એકરાર પુરો.

"રોજર ડીપીંગનું ખુન કોણે કીધુંછ તે મેં મારી નજરો નજર જોયુંછ," ગંગાદાસે વધુ અને વધુ લથડતી જબાને ખુલાસો કીધો. "સાંભળો અને જુઓ કે રોઝામન્ડના કમબખ્ત બાપનું ખુન કરનાર ખુની બીજો કોઇજ નહિ, પણ એજ જુલિયન તાવર્સ—લોર્ડ ઓલ્ડકેસલ—હતો."

ગંગાદાસનો આ વધુ એકરાર સાંભળતાં એકેએકની શુદ્ધ બુદ્ધ ઉડી ગઇ.

"બોલ ! ગંગાદાસ બોલ, કે તારા આ એકરારમાં સચ્ચાઇ છે ?" એદેલીને અજબ જેવા જુસ્સાથી મરતા ગંગાદાસ તરફથી ખુલાસો ચાહ્યો.

"બિલકુલ સચ્ચાઇ છે," ગંગાદાસે મરતી વેળાએ પણ પોતાનાં બોલવા ઉપર અજબ ભાર મેલી જવાબ દીધો.

"ઓ ખુદા ! ત્યારે મારો વાહલો નીલ લાયન ખરેખર બેગુનાહ છતાં બીજાના ગુનાહ માટે સજા ખમેછ એમ માનવામાં હું કોઇબી રીતે સાચ્ચી હતી. તે નિર્દોષ જવાન જુલિયનનાં પાપનો ભાર પોતાની ગરદન ઉપર લઇ ફરેછ. ઓ ખુદા ! આ કેવો આગાબ ! કેવો ગેરઇનસાફ !"

પણ એદેલીનને માજીસ્ત્રેટે આગળ બોલતાં અટકાવી ગંગાદાસને કહ્યું, "ગંગાદાસ ! તું જે બોલે તે માટે પુરતી સંભાળ રાખજે, કેમકે જે પળ જાયછ તેમાં તારે તારા પેદા કરનાર બાપને જવાબ આપવા જવાનું છે. બંધવા નીલ લાયનની ચાલેલી તપાસ વેળાએ તો તેં એવી જબાની આપી હતી કે તેં લાયનને રોજર હીપીંગનું ખુન કરતો જોયો હતો."

મરતા ગંગાદાસે આ વેળાએ બેહદ મુશકેલીથી દમ લીધો, અને તે એક ઉંડો નિસાસો નાખી બોલ્યો, "હા ! પણ તે વખતે લોર્ડ ઓલ્ડકેસલે સોનાની ચાવીથી મારૂં અંતઃકરણ એવું તો બંધ કરી નાખ્યું હતું, તે એવું તો અંધ કરી મેલ્યું હતું કે હું ભુલ્યો, પૈસાનાં નાશ ઉપર ફુલ્યો અને રોજર હીપીંગનાં ખુનના બાબમાં નીચ પૈસાની લાલચ ઉપર મેં લાયનની વિરૂદ્ધ ખોટી સાક્ષી આપી ને તેની ઉમેદની ખીલતી કળી કાપી. ઓ ! તે મારૂં પાપ ખુદા કેમ માફ કરશે ?" આટલું બોલી તે પોતાના હાથ પગ અફાળવા લાગ્યો. તેનાં દિલનો દુઃખ તેનેથી તાબેદારી થઇ શક્યો નહિ. આ સઘળો વખત રોદ્રીક એક પથ્થરની માફક પોતાની જગો ઉપર ચીટકી ઉભો હતો, તે ગંગાદાસનાં મોહડાંમાંથી બાહેર પડતા બોલોથી બિલકુલ ડઘાઇ ગયો હતો, ગોયા તેનો દમજ ચીપટાઇ ગયો હતો. તે પોતે કેવી જીવ સટોસટ પળમાં ફસી પડયો હતો તેનો ખ્યાલ થતાંજ તેનો અરધો દમ નિકળી ગયો હતો. તેણે પોતાની આસપાસ નજર કીધી તો જોયું કે તેની તકેદારી કરતો એદેલીનનો નોકર ઉભેલોજ હતો. તેની આવી હીલચાલ જોઇ માજીસ્ત્રેટે દમમાંજ કહ્યું :—

"મારા લોર્ડ ! તમોને એક વખત વધુ ચેતવણી આપુંછ કે તમોએ નાહસવાની સેહજ પણ કોશેશ કરવી નહિ, નહિ તો મને તમારા બાબમાં ઘણાં સખ્ત પગલાં ભરવાં પડશે."

રોદ્રીકે કાંઇક તાણી તોડીને હસવાની કોશેશ કરી જવાબ દીધો, "મી૰ હયુએત ! તેમ કરવાની મને જરૂરજ શી હોય ?"

પણ આ વેળાએ તબીબ દાખલ થયો, જેને માજીસ્ત્રેટે થોડાક બોલોમાં સઘળી હકીકત જણાવી, અને તેણે તબીબની હાજરીમાં કરનલ રૈન અને રોજર હીપીંગનાં ખુનનાં સંબંધમાં એવા કેટલાક સવાલો પુછયા કે જેના જવાબ તબીબ પોતે પણ સાંભળવા પામે.

એ પછી રોદ્રીક સિવાય બીજાઓની મદદથી માજીસ્ત્રેટની સુચના ઉપરથી ગંગાદાસને અરધો ઉચકવામાં આવ્યો અને એદેલીનના એક નોકરના પગનો ટેકો આપી તેની ઉપર તેનું માથું મુકવામાં આવ્યું. તબીબની સલાહ ઉપરથી તેનાં મોહડાંમાં બ્રાનડીનાં બે ચાર ટીપાં નાખવામાં આવેલાં હોવાથી ગંગાદાસની ગુમ થયલી શુધ્ધબુધ્ધ કાંઇક પાછી ઠેકાણે આવી. તે પોતાનાં આંખનાં પોપચાં ફડફડાવા લાગ્યો અને સોહરાઇ સુકાઇ જતું તેનું મોહડું મટમટાવા લાગ્યો.

આ પછી માજીસ્ટ્રેટે તેનાં મોહડાં આગલ ફાનસ ધરી સવાલ કીધો, "ગંગાદાસ! મરતી વેળાએ તેં એવી જુબાની આપી છે કે જુલિયન લાવર્સ, લોર્ડ ઓલ્ડકેસલ સાથે તેં હેન્સબરી એબેના કરનલ રેનનું ખુન બે વરસની વાત ઉપરની એક ચોકસ રાતે એબેના ખંડિયરવાળા ભાગમાં કીધું હતું. તું મરતી વેળાએ તારા પાક ધર્મના કસમ ખાઇ કહેશે કે એ તારા એકરારમાં બિલકુલ સચ્ચાઇ છે?"

ગંગાદાસે ધીમા પડતા સાદે જવાબ દીધો, "હું મારા સીખ ધર્મના કસમ ખાઇ કેહુંછ કે મારો તે એકરાર બોલેબોલ સાચ્ચો છે," આટલું બોલતાંજ તેણે પોતાની આંખો વિંચી દીધી.

છેવટનો આ એકરાર સાંભળતાં માજીસ્ટ્રેટ મી૦ હયુએતે એદેલીન તરફ જોઇ સવાલ કીધો, "મીસ રેન! તમો જાણોછ કે એ માણસ લખી વાંચી જાણેછ? એ પોતાની સહી કરી શકશે?"

આ સવાલ સાંભળતાંજ ગંગાદાસે પોતાની આંખો ઉઘાડી માજીસ્ટ્રેટના સવાલનો જવાબ આપ્યો, "ગંગાદાસને પેન આપો. તે સહી કરી શકેછ."

આ સાંભળતાંજ માજીસ્ટ્રેટે તેના ધ્રુજતા હાથમાં ફાઉનતન પેન મુકી અને તે તેની નજદીક પોતાની નોટ-બુક લઇ ગયો.

"મીસ રેન! તમે મેહરબાની કરી એનો ધ્રુજતો હાથ પકડો કે એ પોતાનાં નામની સહી બરાબર કરી શકે." માજીસ્ટ્રેટે મીસ રેનને સુચના કીધી. પણ આ સુચના સાંભળતાંજ એદેલીન કમકમી બે ચાર પગલાં પાછળ હઠી બોલી, "ઓ! નહિ! નહિ! હું એના હાથને કદી પણ અડકનાર નથી, કેમકે મારા બાદશાહ જેવા પેદરનાં લોહીના ડાઘ એના હાથ ઉપર પડેલા છે."

ઉપલો વાકય એદેલીન એવા તો જુસ્સા અને જોમમાં બોલી હતી કે એક પળ માજીસ્ટ્રેટ પણ ડઘાઈ ગયો, પણ બીજીજ પળે તેણે પોતાનો ધભરાટ દુર કરી એદેલીનને સમજાવી કહ્યું, "મીસ રેન! અગરજો તમો નિર્દોષને ઇનસાફ આપી તેને બચાવવા માંગતાં હોવો, ખરા ગુનેહગારને તેને લાયકની સજાએ પુગાડવા માંગતાં હોવો તો તમારી દુખાયલી લાગણી ઉપર મજબુત કાબુ રાખી છેલ્લો દમ લેતા ખુનીને તેનું પાપી નામ તેના મરતી વખતના એકરાર ઉપર લખવામાં મદદ કરો! તમો જુવોછ કે એ ચંડાળ કેવો રીબેછ, એ હવે કેવો પસ્તાયછ! તે બે પળમાં મુડદું થઇ પડશે. મીસ રેન! તમારે નીલ લાયનને બચાવવાનો છે, નહિ કે એક જમીનદોસ્ત થયલા ઉપર કીનો લેવાનો છે."

માજીસ્ટ્રેટના આ બોલોથી એદેલીન ઉપર ધારેલી અસર થઇ, અને એક જાતની વિજળીક લાગણી તેનાં બદનમાંથી પસાર થઇ ગઇ. ખરેખર! તે બદમાશ ખુની આ જુઠી જેહાન છોડી જવાની અણી ઉપર હતો, જેથી ઇનસાન જાતની સજાથી બિલકુલ તે વેગળો હતો. ઇનસાન જાતની સજા તે મરતા બદમાશ માટે બિનજરૂર હતી. તેની ઉપર તો ખુદ ખુદરતની હજારો હયફ હતી. તેને તો હવે ખુદરતના ખોફ ઉપરજ છોડી દેવાનો હતો, બંધવા નીલ લાયન ઉપરનાં ખુનના ડાઘને ધોવાનો હતો. તેણીએ પોતાનાં દિલના આઈનામાં જોયું કે તેના બાપના અસલ ખુનીથી કમકમવા કરતાં નીલ લાયનને બચાવવાની મોટી જરૂર હતી. અને તે માટે ગંગાદાસના છેલ્લા એકરાર ઉપર તેનાં નામની સહીની મોટી જરૂર હતી.

આ ખ્યાલથી તે બાનુ તરતજ ગંગાદાસ આગળ ધસી ગઇ અને તે ચંડાળ તરફના ધિક્કાર અને કમકમાટને પોતાના મજબુત કાબુમાં રાખી તેણીએ પોતાના બાપના ખુનીનો હાથ પોતાના હાથમાં પકડયો અને તેનું નામ લખવામાં તેણીએ પોતાનાં દિલ ઉપર પથ્થર મુકી તે ખુનીને મદદ કીધી.

જોકે ખુનીને પોતાનું નામ લખતાં મોટી મુશ્કેલી લાગી હતી, તેના હાથો ચાલુ ધ્રુજતા રહેવાથી એકેએક અક્ષર આડોતીડો લખાયો હતો, તોપણ તે નામ પરગટ "ગંગાદાસ" વંચાતું હતું. માજીસ્ત્રેટે આ દસ્તાવેજ ઉપર તબીબ તથા એદેલીનના નોકર સીમન્દસની શાખ કરાવી લીધી. આ પછી ગંગાદાસને તેની અસલી ઢબમાં જમીન ઉપર સુવાડવામાં આવ્યો અને તેનાં શરીર ઉપર તબીબની સલાહ ઉપરથી એદેલીનનો રગ ઓઢાડવામાં આવ્યો. આ વેળાએ પોલીસ પણ દાખલ થઇ. ત્રણ કોન્સતેબલ અને એક સારજંટને દાખલ થયલા જોઇ રોદ્રીકનો ચેહરો હતો તે કરતાં વધુ ફિક્કો મારી ગયો. તેના ચેહરા ઉપરનું આબ ગંગાદાસના ચેહરા ઉપરના ફિકાસ કરતાં કાંઈ વધારે ચહડીયાતું હતું નહિ. તેબી ગંગાદાસની તરેહ અરધો મરી રહેલો હતો. તેની નજર સનમુખ ફાંસીનો માંચડો આવી ઉભો હતો. તેણે જોયું કે હવે તેનું આવી બન્યું હતું. વગર વિચારે જુલિયનનાં નામ હેઠળ ઓલ્દકેસલ પાર્કમાં આવી વસવાની નાદાની હવેજ તેણે જોઇ. તેણે મોટા ખીજવાટ અને ધભરાટ વચ્ચે જોયું કે માજીસ્ત્રેટ પોલીસના અમલદારો સાથે ધીમી વાતચીતમાં રોકાયલો હતો અને એદેલીન પોતાના બાપના ખુનીનાં દિલમાંથી છેલ્લો દમ નિકળી જતો જોતી બેઠી હતી.

આ પછી માજીસ્ત્રેટ મી૦ હયુએત લોર્ડ ઓલ્દકેસલ તરફ ફર્યો, તેજ લોર્ડ ઓલ્દકેસલ કે જેનો તે આજે પરોણો બન્યો હતો અને બપોરનું ખાણું તેણે તેની સાથે એકજ ટેબલ ઉપર લીધું હતું. તે વખતે તે સુદ્ધા માજીસ્ત્રેટને સ્વપનેબી ખ્યાલ હતો નહિ કે તે ધણી એક બદમાશ ઝનુની હતો, બદમાશથીબી બદતર ખુની હતો.

"લોર્ડ ઓલ્દકેસલ," માજીસ્ત્રેટ રોદ્રીક તરફ ફરી બોલ્યો, "મને બેહદ દલગીરી સાથે તમારા બાબમાં છેવટનું પગલું ભરવાની અતી દુખભરી ફરજ પડેછ. પણ તમો જોઇ શકશો કે હું બિલકુલ લાચાર છું. મારે ઈનસાફનાં પાક નામને રસ્તો લેવા દેવોજ જોઇયે." આટલું બોલી તેણે પોલીસના વડા તરફ ફરી હાથની ઇશારત કીધી જેથી પોલીસના વડાએ લોર્ડ ઓલ્દકેસલને તેના હાથમાંથી પકડયો.

ઓલ્દકેસલ પાર્કના માલેકે પોતાનો હાથ સેહજ પણ ગડબડ કરવા વગર પોલીસના વડાના હાથમાં મુકયો અને માજીસ્ત્રેટ તરફ ફરી હસવાની કાંઈક નીરજીવ કોશેશ કરતાં કહ્યું, "ભલે, તમે સધળાઓ તમારી ફરજ બજાવો પણ હું તમોને ખાતરીથી જણાવુંછ કે તમો તમારી ભુલ પાછળથી જોશો અને આજે આ બદમાશ કાળા શેતાને તમોને ભમાવી માર્યાછ તે માટે તમો પસતાશો. હું કબુલ કરુંછ કે એદેલીન એ બદમાશનો ગમે તેવો ખોટો એકરાર ઘડીભર માનેબી, કેમકે તે બાનુ પેલા બદમાશ ખુની લાયનને કેદખાનામાંથી છોડવવાને જમીન અને આસમાન એક કરવા ઉપર મંડેલી રહીછ. પણ તમો જેવા બાહોશ અને ઇનસાફી અમલદારો ખોટે રસ્તે દોરવાઈ જશો એમ મેં કદી પણ ધાર્યું હતું નહિ."

પણ આ પળે લેડી ઓલ્દકેસલ હસ્તી હસ્તી દાખલ થઇ, કેમકે આટલા વખતમાં શું શું બનાવો બની ગયા હતા અને તેણીના બેટા ઉપર જે જે આફતો આવી પડી હતી તેથી તે બિલકુલ અંજાણ હતી.

"એ બધો શો ઢોંગ છે? એ શું ખટપટ છે? એ આ ગાડી કોણની હલીછ? અને આ ગંગાદાસ જમીન ઉપર કાંય પડયોછ? એ બેશુદ્ધ થઈ પડેલો. હોય તો એને ગાડીમાં નાખી ઓસ્પીટલમાં મોકલી આપો. મી૦ હયુએત, ચાલો જમવાનું ખોટી થાયછ. અરે મેં તમો લોકોની કેટલી બધી રાહ જોઈ ને અંતે હું જ થાકીને અહિં આવી."

લેડી ઓલ્ડકેસલ હજીબી આગળ જે ગમે તે બકબકારો કરતે પણ તેણીએ જોયું કે સઘળાઓના ચેહરા ઉપરનો રંગ ઉડી ગયો હતો અને તે સઘળાઓ તેણીને અજાયબીથી ટીકતા રહ્યા હતા.

"એ છે શું?" લેડી ઓલ્ડકેસલ બધાના ચેહરા તરફ શંકાની નજર ફેરવી ઘભરાટથી બોલી, "એ બધો ઘોંટાલો શું છે? કાંઇ સમજ પડે? કોઇ કાંઇ બોલશે?"

પણ એટલામાં તેણીની પહેલવહેલી નજર પોતાના બેટા ઉપર પડી જેનો હાથ પોલીસના વડાએ પકડેલો હતો. જયારે તેણીએ જોયું કે તેણીનો વડો બેટો પોલીસના હાથમાં કેદી હતો ત્યારે તેણીનાં મનમાં ખરો ખ્યાલ એકદમ ધસી આવ્યો અને તે પાપી બાનુ મોત કરતાં વધુ ફિક્કી ફચ બની ગઈ.

"ઓ! મી૦ હયુએત, મને કહો કે એ શું બનાવ છે?" લેડી ઓલ્ડકેસલે માજીસ્ટ્રેટનો હાથ પકડી એવી તો મિન્નતજારીથી પુછયું કે માજીસ્ટ્રેટને બહુજ લાગી આવ્યું. તે ભલો શખ્સ ખરેખર જખમી થયલાં દિલ સાથે બોલ્યો, "માનવંત બાનુ! મને કહેતાં બેહદ દિલગીરી ઉપજેછ કે તમારા બેટાને પોલીસના હાથમાં આપવાને મને ઘણીજ દુઃખભરી ફરજ પડીછ."

"હેં! બોલો શા માટે?"

"રોજર દીપીંગનું જાણી જોઇ ખુન કરવા માટે અને કરનલ રેનનાં ખુનમાં જાણી જોઈ મદદ કરવા માટે."

"કોણ મારા બેટા ઉપર આવા અજીમ ગુનાહોનો આરોપ મુકેછ?"

"પેલો મરવા સુતેલો ગંગાદાસ," માજીસ્ટ્રેટે ગંગાદાસ તરફ હાથ લાંબો કરી જવાબ દીધો.

"ગંગાદાસ!" લેડી ઓલ્ડકેસલ ગંગાદાસનું નામ સાંભળતાંજ પોકારી ઉઠી, "પેલો કંગાળ કાળો નાગ! એના કહેવા ઉપરથી મારા બેટા લોર્ડ ઓલ્ડકેસલને ખુની માનવામાં આવે? ને તેને એક હલકા કેદી તરીકે પોલીસના હાથમાં સોંપી તેની લાખની આબરૂ રાખની કરવામાં આવે? નહિ! નહિ! એવી ગેરઇનસાફી, મી૦ હયુએત, એક દોસ્ત તરીકે તમે કેમ ચાલવા દેઓછ?"

"બાનુ! આ ઠેકાણે મારો દોસ્ત તો શું પણ એકબારગી મારો પોતાનો વાહલો અને એકપુરો બેટો પણ હોત તો તેનેબી બેટા તરફની માયાને બાજુએ મેલી લોર્ડ ઓલ્ડકેસલની માફક હું પોલીસના હાથમાં મેલત. બાનુ, ઇનસાફ ઉપર મોહબતને ફાવવા દેવી જોઈતી નથી. મોહબત તો જીવતાં જીવતની માયા છે પણ ઇનસાફ અને ધર્મ તો આપણા સેવટના સાથી છે; સાચ્ચાં રાહબર છે."

"પણ ત્યારે મારા બેટાને મને મળવા દેઓ! તેને ભેટવા દેઓ! તેની સાથે મને બે વાત કરવા દેઓ!" આટલું બોલી તે પોતાના બેટા આગળ ધસી પણ તેજ પળે માજીસ્ટ્રેટે તેણીને અટકાવી કહ્યું, "લેડી ઓલ્ડકેસલ! હવે ઘણુંજ મોડું થઇ ગયું. હવે તમારા કેદી બેટાને મળી શકાશે નહિ." આટલું બોલી તેણે પોલીસને હુકમ કીધો કે લોર્ડ ઓલ્ડકેસલને પોલીસ મથક ઉપર લઇ જવો.

પોલીસ લેડી ઓલ્ડકેસલને એડેલીનની ગાડીમાં બેસાડી પોલીસ મથક ઉપર લઈ ગઈ.

"ઓ ખુદા ! ખુદા ! મારૂં શું થશે ?"

આટલું બોલી કમબખ્ત લેડી ઓલ્ડકેસલ પોતાના દરજ્જા અને મોટાં નામનો સેહજ પણ ખ્યાલ કીધા વિના ફસડાઇ પડી.

એડેલીન હજી તો માજીસ્ટ્રેટને ખુલાસો કરવા જતી હતી કે જે ધણીને રોજર ડીપીંગ અને કરનલ રેનનું ખુન કરવા માટે પકડી લઇ જવામાં આવે છે તે ધણી ખુની નહિ હતો, પણ તે તો તેનો ભાઇ હતો. પણ આ ખુલાસો કરવાને એડેલીન સહેજ પણ હિમ્મત બતાવે તે આગમચ તો રોડ્રીકને પોલીસ તેણીની ગાડીમાં પોલીસ મથક ઉપર હંકારી વટીક લઈ ગઈ હતી.

આ વેળાએ લેડી ઓલ્ડકેસલ જ્યાં ગંગાદાસ આગળ એડેલીન બેઠી હતી ત્યાં ગઇ. તે ઉમરાવ બાનુની આંખોમાં આંસુઓ હતાં.

"એડેલીન ! મારા બેટાનું સત્યાનાશ વાળવાનું તો તેં બીડું ઝડપ્યુંજ હતું, તો બોલ કે તેંજ તેનું નખોદ વાળ્યુંછ કે ?"

"લેડી ઓલ્ડકેસલ, મેં તમારા બેટાનું નખોદ વાળ્યું નથી," એડેલીને તેણીની તરફ આડી નજર વટીક કર્યા વગર જવાબ દીધો.

"ત્યારે કોણે નખોદ વાળ્યુંછ, બોલ ?"

"તમારા બેટાનાં કાળાં કરતુકે."

"ઓ એડેલીન ! મારી ઉપર આફતની આ કેવી રેલ ?"

"બાનુ ! એ આફતની રેલ નથી, એ તો ખુદરતનો ખેલ છે. બાનુ ! ખુદરતને સમજવી બહુજ મુશ્કેલ છે. પાણી તે પાણીજ અને તેલ તે તેલ છે."

"બોલ ! કે મારા બેટાની છુટવાની આશા નથી ?"

"બેશક નથી, કેમકે ખુદાઈ લાકડીનો અવાજ નથી."

"ઓ ખુદા, અમો ઉપર આ કેવો આઝાબ છે !"

"નહિ બાનુ, એ આઝાબ નથી, એ તો ગરીબોનો ધગધગતો શ્રાપ છે. "કર વે ઝો" નો રસીલો પાઠ છે. ખુદરતનો હક ઈનસાફ છે."

આ વેળાએ ગંગાદાસે પોતાની આંખો ફરીથી ઉઘાડી અને પોતાની નજદીકમાં બેઠેલી બંને બાનુઓ તરફ તેની નજર ગઇ. લેડી ઓલ્ડકેસલને જોતાંજ તે ચંડાળે ધિક્કારથી પોતાના હાથ પગ જમીન ઉપર અફાળવાની કોશેશ કીધી અને બળતી મશાલ પેઠે બળતાં જીગરે તે કમબખ્ત બાનુ તરફ તે ટગર ટગર જોવા લાગ્યો. તે બાનુ તે ડોળાના દાબથી એવી તો બીધી કે તે ચીચીઆરી સમેત જમીન ઉપર બેશુદ્ધ થઈ તુટી પડી. તેણીની આવી હાલત જોઇ ગંગાદાસ પોતાની છેલ્લી ઘડીએ પણ લેડી ઓલ્ડકેસલ તરફ પોતાની ધ્રુજતી આંગલી બતાવી હસ્યો, અને બીજીજ પળે તે ગંભીર બની બોલ્યો:—

"મીસ રેન ! ગંગાદાસ મરેછ. તે છેલ્લો દમ લેછ. બોલ ! બાનુ, તું મને માફ કરશે કે ?"

"કમબખ્ત ઇનસાન, તારાં ગમે તેટલાં પાપ છતાં, તું મારા બાપનો કાતેલ ખુની છતાં હું તને માફ કરૂંછ ને હું ઇચ્છુંછ કે ખુદાબી તને માફ કરે !"

એડેલીનના આ મિઠા સખુનો સાંભળતાંજ ગંગાદાસ પોતાના બંને હાથો જોડી જાણે એડેલીનની છલ્લી માફ માંગતો હોય તેમ કાંઈ બોલ્યો, પણ તેનું બોલવું એટલું તો ધીમું હતું કે એડેલીન સાંભળી શકી નહિ. તેનો વખત ભરાઈ ચુકયો હતો. મોતની ભરતીમાં તે તણાયો ગયો હતો. તેના ડોળા ફાટી ગયા હતા. હાથ પગોમાં આંકડાં ચાલુ રહેવાથી તે કંગાળ તાણુતોડમાં પડયો હતો. તબીબે તેનાં મોહડાંમાં બ્રાનડીનાં બે ટીપાં નાખ્યાં, પણ તે બે ટીપાંબી ગળવા પામ્યો નહિ. મોતે તેનું ગળું છેવટનું સીવી નાખ્યું હતું.

તેનો દમ તેના ખોળિયાનાં પિંજરાંમાંથી પંખેરાં પેઠે ઉડી ગયો હતો. ગંગાદાસનાં કાળાં કરતુકના અંત સાથે તેની કાળી જીંદગીનો પણ અંત આવ્યો હતો.

બંદીખાનામાં છેવટનો મેલાપ.

ગંગાદાસે કીધેલા એકરાર અને લોર્ડ ઓલ્ડકેસલના પકડાઇ જવાને લગતી કેફિયત બીજી સવારે બોલ બોલતાંમાં આખાં ઓલ્ડકેસલમાં ફેલાઇ ગઇ, અને આ ખબરથી લોકોની અજાયબીનો પાર રહ્યો નહિ. હાલમાં કોલસાની ખાણના ભંડારવાલું ઓલ્ડકેસલ શહેર અજાયબીનો ભંડાર બનતું રહ્યું હતું. નીલ લાયને લોર્ડ ઓલ્ડકેસલના ખેતાબ અને મિલકતના કીધેલા દાવાથી તો તે શહેર અજાયબીમાં ગર્ક ગયલું હતુંજ, તેમાં લોર્ડ ઓલ્ડકેસલના પકડાવાથી તે અજાયબીમાં ઓરબી ઉમેરો થવા પામ્યો હતો. આથી જયારે ગરીબો નીલ લાયનની થયલી ફતેહથી ખુશી થતાં હતાં, ત્યારે તવંગરો લોર્ડ ઓલ્ડકેસલના પકડાઇ જવાથી પોતાનું નાક કપાઇ ગયલું સમજતાં હતાં. તેઓ એક તાલેવંતની હાર અને એક ગરીબ કામદારની ફતેહ થયલી જોવાને ચાહતાં હતાં નહિ.

લંડનમાં વેસ્તમીનસ્તર મધે નીલ લાયનની બે પ્રકારની તપાસ થનાર હતી. એક તો તેના હક માટે અને બીજું તો કરનલ રેનનાં ખુન માટે. લંડન પણ આ બીનાથી હલમલી રહ્યું હતું અને ઇંગલંડનાં તમામ પત્રો એ બાબદ ઉપર મુજાહેમત ચલાવી રહ્યાં હતાં. તેઓ પોતાનાં પત્રના કાલમો અને કાલમો આ દિલ ઉશ્કેરનારી બાબદથી ભરતા, તોપણ વાંચનારી આલમ તેથી ધરાતી હતી નહિ. તે વધુ અને વધુ જાણવાને અધીરી બની ગઇ હતી.

કોલસાની ખાણના એક કામદાર રોજર દીપીંગનું ખુન કરવાના ખોટા આરોપ માટે લાયનનું પકડાવું, તેની માતા અરસુલાનાં મરહુમ લોર્ડ ઓલ્ડકેસલ સાથનાં છુપાં લગન, તેણીની વરસોની ધીરજ ભરેલી ચુપકીદી, એડેલીન જેવી માલેતોજાર ખુબસુરતીની રાણીનું પોતાના ગરીબ કામદાર ઉપર આશક થવું, પાછળથી તેજ કામદારની હાલતમાં મોટો ફેરફાર થવો, નહિ ખુની છતાં કોર્ટે તેને આસપાસની જુબાનીઓથી ખુની ઠેરવવો, જન્મભરનું કેદખાનું ભોગવવા છતાં નીલને એડેલીન જેવી બાનુએ ચાહવો, રેઝામન્દ જેવી ઉતરતી પંકતિની ઓરતને ફસાવી લોર્ડ ઓલ્ડકેસલ જેવા ઉમરાવના દીકરાએ તેણીને તજી દેવી, તેણીએ જુલિયનના ભમાવ્યાથી લાંબી ચુપકીદી અખત્યાર કરવી, વિગેરે બનાવો એવા તો અદભુત થવા પામ્યા હતા કે જાણે તે બનાવો ખરેખરા કાહાણી કિસ્સાને આબાદ મળતા આવતા હતા. આ સઘળા બનાવો વર્તમાનપત્રવાલાઓએ

મોટી સરાધાત સાથે પોતાનાં પત્રમાં દાખલ કીધા હતા. તેમની નેમ પોતાનાં ઘરાકોને છક કરી નાખવાની હતી.

કરનલ રેનનું ખુન કરવાના આરોપ માટેની નીલ લાયનની તપાસનું પરિણામ તેને નિર્દોષ ઠેરવવામાં આવ્યું હતું, પણ જયાં સુધી જુલિયન તાવર્સની તેજ ખુનના સંબંધની તપાસ પુરી થાય ત્યાં સુધી તેને કેદખાનાના એક ચોકસ ભાગમાં કોઇ પણ જાતના જાપતા વિના રાખવાનો હુકમ થયો હતો. તેના ઓરડા આગળ એક પણ વોરડર ચોકી કરતો હતો નહિ.

વળી એદેલીને મોટી ખુશાલી વચ્ચે સાંભળ્યું કે નીલ લાયનનો હક મળવાનો મોટો સંભવ હતો. લોર્ડ ઓલ્ડકેસલ તરીકેનો તેનો દાવો છેવટનો કબુલ રાખવામાં આવશે એમ તેણીનું દિલ ગવાહી પુરતું હતું.

એદેલીન પોતાના વાહલા માટેની આ એક પછી એક દેખાવ દેતી ખુશાલી પોતાનાં બદનમાં સમાવી શકી નહિ. તેણીનું હૈયું અને આંખો ખુશાલીના અચબુચ અને અણહદ્દ ઉભરાથી ભરાઇ આવ્યાં અને તેણીની આંખોમાં આંસુઓ ધાઇ આવ્યાં. તે આંસુ ખુશાલીનાં હતાં. તેણીને લાગ્યું કે હવે પોતાના પ્યારાની મુલાકાત લેવી જરૂરની હતી.

તે ગઇ. તેણીને મોટાં માન સહિત નીલ લાયનવાલા ઓરડામાં દાખલ કરવામાં આવી. એકબીજાને જોવાથી તેમને ઉપજેલી ખુશાલી કયો કવિ પોતાની કલમથી યા કયો ચિતારો પોતાની પીછિથી ચિતારી શકશે? નજર સાથ નજર અને જીગર સાથે જીગર મળતાંજ બંનેનાં તન બદનમાંથી એક વિજળીક ઝટકો પસાર થઇ ગયો.

"હા! એદેલીન! અંતે તું મારી પાસાંમાં આવી ખરી!" નીલ તેણીનો નાજુક હાથ પોતાના હાથમાં લઇ બોલ્યો, "પણ બોલ એદેલીન! કે પેલો બીજો શખ્સ જે મારી ધારેલી ઉમેદને કચડી નાખનાર હતો તેનું શું થયું? તે જુલ્મી શખ્સ જેને તું તારી બેહેનને ખાતર પરણનાર હતી તેનો કેવો અંજામ આવ્યો?"

એદેલીન ચુપજ ઉભી. તેણીએ કશો જવાબ દીધો નહિ. તેણીની ખુશાલી એટલી બધી તો હતી કે તેણીથી એક બોલ પણ બોલી શકાયો નહિ. તેણીનો તે પ્યારો ઉમરાવી પદનો વારસ ઠરી ચુકયો હતો અને આગલા વખતનો નીલ લાયન આજે લોર્ડ ઓલ્ડકેસલ થવાની અણિ ઉપર હતો. એ ખ્યાલથીજ એદેલીનની જીભ બોલતી બંધ પડી ગઇ.

"બોલ, મારી પ્યારી એદેલીન બોલ, કે તારી ચુપકીદીથી મારે શું સમજવું. પણ નહિ, મારો શક ખોટો છે. કેમકે જયાં સુધી મારા રસ્તામાંની તે નડતર દુર થવા પામી નહિ હોય ત્યાં સુધી તું મને મળવાનું, મારી છાતી સાથે દબાવવાનું સેહજબી ખોટું કામ કરે નહિ. એદેલીન! જોકે હું લોર્ડ ઓલ્ડકેસલ બનનાર છું, હું જોકે ખુનના વાંકથી મુકત થયોછ, તોપણ એ સુખવાસી જીંદગી તું વગર બિલકુલ નકામી છે, હરામ છે. એદેલીન! મારાં માથાં ઉપર લટકી રહેલા ખુનના અપરાધ છતાં તું મને ચાહતી હતી તે વેળાએ હું જોકે કેદી હતો, જખુની હતો, ખુની ગણાતો હતો, તોપણ તે વખતના મારી ઉપરના તારા પ્યારથી હું વધારે સુખી હતો. એદેલીન! જેમ બંદગી વિનાની જીંદગી શરમીંદગી છે તેમ તું વિનાની મારી જીંદગી કાંટા અને કવચથી ભરી છે, ગોયા સેતમગીરી છે."

"એદેલીન! તારી બેહેનને સુખી કરવા ખાંતરબી તું હવે પેલો બદમાશ જુલિયન જે તારા બાદશાહ જેવા બાપ અને મારા ભલા શેઠનો ખુની છે તેનો હાથ—"

"નીલ! ખુદા ખાતર મને તે દુખભરી કેફિયતની યાદ ના આપ! તે બદમાશની બદમાશીનો ખ્યાલ કરવાનેબી હું બિનતાકાત છું, લાઇલાજ છું. ઓ! તે ખ્યાલજ કેટલો ભયંકર છે કે મારા બાપનાં ખુનમાં તેના હાથો ખરડાયલા છતાં જાહેરમાં તે મારા હાથનો ઉમેદવાર હતો. પણ અફસોસ! કે બાતેનમાં મારો સેતમગાર હતો." આટલું બોલતાં એદેલીનનો દમ વધુ જોશમાં ચાલતો હતો. તેની આંખો ગુસ્સા અને કેહરથી વધુ ચળકાટ ભરી બની હતી.

એદેલીન લગાર શાંત પડી. પોતાના બાપનાં ખુનને લગતી કેફિયત જે તેણીએ ગંગાદાસને મોહડેથી તેના મરતી વખતે સાંભળી હતી તે સઘળી પોતાના પ્યારાને કહી સંભળાવી. તેમજ પોલીસ જે રોદ્રીકને જુલિયન સમજવાની ભુલ કરતી હતી તે ભુલ એદેલીનના સમજાવાથી દોરાએ બતાવી આપી હતી તે બીનાથી પણ તેણીએ નીલને જાણીતો કીધો.

"નીલ! પોલીસે રોદ્રીકને ગિરફતાર કીધો હતો તે માત્ર જુલિયન તરીકે માનીનેજ. દોરાએ ગઇ રાતેજ ખરી હકીકત પોલીસનાં મકાને મારા આગ્રહથી લખી જણાવી છે. જો કે એ પગલું ભરતાં તેણીની આંખ આગળ ધરતી અને આસમાન એક થયાંછ, તોપણ ખોદા અને દુનિયાના ડરને ખાતર સઘળો ભેદ ખુલ્લો કરવોજ પડયોછ. ગરીબ બીચારો" દેન લેરેબી! તેણે જ્યારે જાણ્યું કે દોરાને તેણીના જીવતા ખાવિંદ છતાં તે પરણ્યો હતો ત્યારે તે ભોળો ગામડિયો દોરાની જુદાઇનો ખ્યાલ કરતાંજ રડી પડયો. ઓ નીલ! આ જોડાંની આફતના દીવસ તો હજી હવે આવવાના છે; કેમકે દેનને દોરાથી છુટું પડવુંજ પડશે અને રોદ્રીક જે પોતાના નાના ભાઇ કરતાં ગુનાહ કરવામાં છેકજ ઉતરતો નથી તે જ્યારે ધારવા મેળે જીંદગીભરનું કેદખાનું ભોગવતો થશે તો ગરીબ બીચારી દોરાને તેનાં મોત સુધી દેનની સંગતથી દુર અને દુરજ રહેવું પડશે."

એદેલીનથી આગળ બોલી શકાયું નહિ. પોતાની બેહેન અને તેણીના ખાવિંદની જુદાઇની દુખભરી યાદથી તેણીનું નાજુક હૈયું ભરાઇ આવ્યું, બંધાઇ ગયું. તેણીની આ હાલત નીલ જોઇ શકયો. તેણે પોતાની ભવિષ્યની મોહરદાર અને એકવારની તવંગર શેઠાણીને પોતાની છાતી સાથે અજબ જેવાં વાહલથી દાબી દિલાસો દીધો:—

"એદેલીન! જેમ ખુદાએ આપણી તરફ જોયું, તેમ તે તે ભલાં જોડાં તરફ જોઇ તેમનાં સર ઉપરનું આફતનું વાદળ જરૂર દફે કરશે. એદેલીન! તું શું જોતી નથી કે ખુદરતનો હાથ આપણુને કેવા કેવા ઢેકાં ઢરિયાવાલા રસ્તામાંથી બહાર કાહડી સરલ અને સીધા રસ્તા ઉપર લઇ આવ્યોછ? એદેલીન! મારા કરતાં દોરાને ખુદ ખુદાની મહેરબાની મેળવવાને વધારે હક છે, કેમકે મેં ખુદાને ગેરઇનસાફ કીધોછ, ખુદાની ખુદાઇ તરફ મેં બેવિશ્વાસ દેખાડયોછ!"

"નીલ! એમ બોલી તું પોતાને ગેરઇનસાફ કરેછ," એદેલીને પોતાના પ્યારાને નરમ ઠપકો આપ્યો.

"નહિ, એદેલીન ! હું ખુદાનો મોટો ગુનેહગાર છું. કેમકે મારી ઉપરની આફત વેળાએ હું તો એમજ સમજ્યો કે ખુદાએ મને છોડી દીધો, સદા સુખીનો તરછોડી દીધો. હું તે ખુદા તરફ બેવિશ્વાસુ બન્યો. પણ નહિ, આજે હું જોઉંછ કે ખુદા મને ભુલી ગયો હતો નહિ. મારી ઉપરની આફત તે સાહેબ નિરંતર જોતો રહ્યો હતો. અને તેથીજ તે પરવરે મને મારા દુશમનો ઉપર ફતેહમંદ બનાવ્યોછ. તેણેજ મારા હાથથી ગુમ થયલી એદેલીનને મારા હાથમાં પાછી મેલીછ. હવેજ હું શિખ્યોછ કે ગમે તેવી આફત વેળાએ પણ ઇનસાન જાતે ખુદા ઉપરનો ભરોસો છોડી દેવો જોઇતો નથી. એદેલીન ! આજે જો ખુદા મારી ઉપર આફતનો આતશ વરસાવે તો હું ખુદાની ખુદરતનો પાઠ શિખી પાવરદો બનેલો હોવાથી તે દુખને હું તો સુખજ માની લેવશ, ખુદા તરફની આફતને મારે માટેની રાહતજ માની લેવશ. હવે પછી પડનારાં મારી ઉપરનાં દુખ વેળાએ ફકત તારીજ ચાહત હશે તો ગમે તેટલી આફતને રાહતજ સમજશ. દિવસે કે રાતે, સુખમાં કે દુખમાં, ખુશાલી કે ગમગીનીમાં એદેલીન તું મારાં પાસાંમાં રાહબર રહે, મારાં માથાં ઉપર પરવર રહે તો તો પછી મને કોણનો ડર રહે ?" આટલું બોલી તેણે એદેલીનને પોતાની વધુ નજદીક ખેંચી તેણીના દુધ જેવા સફેદ ગાલો લાલચોળ બનાવી મેલ્યા.

"એદેલીન ! જુલિયન કયાં છે ?" અંતે સઘળું સમાધાન થવા પછી નીલ લાયને સવાલ કીધો.

"તે લંડનમાં છે. તેને વેમથથી લંડન લઇ જવામાં આવ્યોછ. તે 'બોની લુઇ'ના બદમાશો સાથે પકડાઇ ગયેલછ" આ પછી તેણીએ જુલિયનને લગતી સઘળી કેફિયત તેની શરૂઆતથી તે અંત સુધી કહી સંભળાવી.

"નીલ ! ગંગાદાસનાં મોત વેળાના એકરારથી તારી ઉપરનું આફત વીખેરી નાખવાનું કામ વધુ આસાન બની ગયુંછ. ગંગાદાસના એકરાર વિના તારો છુટકારો દુર જતે."

"પણ એદેલીન ! મને સાચ્ચું કેહે કે આગળ તું મને જેટલા પ્યારથી ચાહતી હતી તેટલાજ પ્યારથી હાલ તું મને ચાહેછ કે નહિ ?"

"વધારે ! તેથીબી વધારે !" એદેલીને પોતાની નજર નીચી રાખી જવાબ દીધો.

થોડીક પળ સુધી બંને ચુપ રહ્યાં.

"એદેલીન! અગરજો લોર્ડ ઓલ્ડકેસલ તરીકેનો મારો ગમે તેટલો સાચો હક સાબેત થવા નહિ પામે, અગરજો લોર્ડ ઓલ્ડકેસલને બદલે નીલ લાયન ઇજનેરનાં આગલાં અને સાદાં નામથીજ મારી જીંદગી એકવાર ફરીથી શરૂ થાય તોબી તું મને ચાહશે કે નહિ ? બોલ ! તે વખતેબી તું મને લોર્ડ ઓલ્ડકેસલના જેટલાજ ચાહથી મારી સાથે પ્યાર કરશે કે નહિ ?"

લાયને આ સવાલ એદેલીનને એવા તો જુસ્સા સહિત પુછયો કે તેના તે જુસ્સાથી એદેલીન પણ એક પળ પોતાના પ્યારાનો ચેહરો ટીકવી જોઇજ રહી. પણ બીજી પળે તેણીને પોતાના પ્યારાએ પુછેલા સવાલનું ભાન આવ્યાથી તે રૂપ સુંદરી પણ અજબ ઠસ્સાથી બોલી :—

"લાયન ! મારા જાન કરતાં વધુ વાહલા લાયંન ! હું તને સત એકીનથી જણાઉંછ કે લોર્ડ ઓલ્ડકેસલ તરીકે જેટલો તને ચાહવશ તે કરતાં વધારે હું તને નીલ લાયન તરીકે ચાહવશ. ભલેને લોર્ડ ઓલ્ડકેસલ તરીકેનો તારો હક નામંજુર બને, ભલે તું એકબી પાઈ વિનાનો રહે પણ તારી તરફનો મારો પ્યાર આગલા પ્યાર કરતાં સેહજ પણ કમ થનાર નથી. નીલ! હું તારાં નામ અને દરજ્જાને ચાહતી નથી, પણ હું તને પોતાને ચાહુંછ. તારા ખેતાબને ચાહતી નથી, પણ હું તને ચાહુંછ. તવંગરી સાચ્ચા પ્યાર આગળ બેહિસાબ છે, ખેતાબ સાચ્ચી મોહબત આગળ બેતાકાત છે. મિઠી ચાહત આગલ બોહલી દોલતની શું મકદુર છે? નીલ! તારી એદેલીન એવી ખોટી લાલચથી બિલકુલ દુર છે."

"ખુદા તને સુખી રાખે બાનુ! એદેલીન! અગરજો ખુદા તને મારી પરણેતર બનાવવાની મારી ઉપર નવાજેશ ઉતારે તો મારી તરફનો તારા પ્યારનો બદલો એવાજ પ્યારથી વાળી આપવાને એક પણ તક ચુકીશ નહિ. એદેલીન! જોકે આ ફાની, તોફાની જેહાનની મોહ, માયા ઉપર મને બિલકુલ એતેબાર નથી, તોપણ અગરજો મારો દાવો સાબેત થશે, હું મરહુમ લોર્ડ ઓલ્ડકેસલનો વડો બેટો સાબેત થઇશ તો હું એટલાંજ માટે ખુશી થઇશ કે તું જેવી માહ-રૂને મારો ખેતાબ બક્ષવા શક્તિવાન થયોછ. લોકો એમ તો નહિ કેહવા તૈયાર થશે કે કરનલ રેનની નાની બેટી એદેલીન પોતાની સ્થિતિથી બિલકુલ ઉતરતા વર્ગના એક નાચીજ કામદાર ઉપર દીવાની બનીછ."

વખત વહિ જવાથી તેમની પ્યારભરી ગોફતેગો અહિંજ અટકી, કેમકે તેઓ બંને સારી પેઠે જાણતાં હતાં કે તેમની જુદાઇ માત્ર થોડાજ દિવસની હતી. આફતની રાત વહિ જવાને થોડોજ વિલંબ હતો. સુખનો સુર્ય હવે ઉગવાની તૈયારીમાંજ હતો.

સીગીન્સ કાકાની મોહબત.

કરનલ રેનનાં ખુન માટે ઉમરાવો આગળ નીલ લાયનની ચાલેલી તપાસથી સીગીન્સ કાકાનો મિજાજ હાથથી ગયો હતો કેમકે તેના બાબમાં તો મહેનત બરબાદ અને ગુનાહ લાજેમ જેવું થયું હતું. તેણે એવી તો આશા રાખી હતીજ નહિ કે કરનલ રેનનાં ખુનના આરોપમાંથી નીલ લાયન કદી ગણ છટકી જશે. તેણે તો નીલ લાયનનાં ફાંસીએ લટકી જવાની ચોકસ ઉમેદ બાંધી હતી. તોપણ તેને એટલોજ દિલાસો હતો કે તેની કોશેશથી લેડી ઓલ્ડકેસલ સંતોશ પામી હતી.

તેણે ધારી તો રાખ્યુંજ હતું કે લેડી ઓલ્ડકેસલ પોતાની નેમ ચુકેલી હોવાથી તે ખારીલી સ્ત્રી ગુસ્સાથી દીવાની બની ગઈ હશે અને નીલ લાયનના થયલા છુટકારાથી તેણીનાં તનબદનમાં આગની જવાળા સળગી હશે. પણ તેને એટલોજ સંતોશ હતો કે તેણે તો પોતાનું પાક્કું કામ કીધું હતું, પણ ઉમરાવોએ એદેલીનના પૈસાની લાલચથી નીલ લાયનની તરફદારી ખેંચી હતી અને એમ કરી તેની અને તેની પ્યારી લેડી ઓલ્ડકેસલની ઉમેદને દયાહિણ બની કચડી નાખી હતી. પણ તેથી તે પોતે સેહજબી ઠપકાને પાત્ર હતો નહિ. તેણે પોતાની મોટી ખુશાલી વચ્ચે યાદ કીધું કે લેડી ઓલ્ડકેસલ તેની બાહોશી ઉપર એવી તો દીવાની બની

ગઇ હતી કે તે તવંગર અને મગરૂર બાનુ તેની હુસ્યારીની તારીફ કરવાને એક પણ તક જવા દેતી નહિ હતી. તે બાનુએ અનેક વાર કસમ ખાઇ કહ્યું હતું કે આખી દુનિયાના તમામ બાહોશમાં બાહોશ ધારાશાસ્ત્રીનું ભંડોળ એકલાં તેનાં ભેજાંમાં ભરાઇ ગયું હતું.

સીગીન્સ લેડી ઓલ્ડકેસલ સાથેજ લંડનમાં ચાલેલી લાયનની તપાસ વેળાએ લંડન ખાતે ગયો હતો અને છેક છેલ્લી પળ સુધી તેણે મરનાર ગંગાદાસની જુબાનીને કાયદા કાનુનોની બારીકીથી જમીનદોસ્ત કરવાની કુંકરાજી મારી હતી પણ જયારે ઉમરાવોએ ગંગાદાસની મરતી વેળાની જુબાની ખરી માની લાયનને નિર્દોષ જાહેર કીધો ત્યારે તેનો ચેહરો અજબ કિસમનો બની ગયો હતો. લેડી ઓલ્ડકેસલ તો એક પેહલે વાંધેનાં હોટેલમાંજ પરિણામ જાણવાની ઇંતેજારીમાં બેઠી હતી.

સઘળું સમાધાન થવા પછી સીગીન્સ લેડી ઓલ્ડકેસલની મુલાકાતે હોટેલમાં જવા તૈયાર થયો, કેમકે તેની મનની મોરાદને મળવા વિના તેનો જીવ તલ પાપડ થતો હતો. તેણે ઘણાજ ઉમદા તેસ્ટથી પોતાનાં બદન ઉપર પોશાક સજયો અને પોતે જે જુદાં હોટેલમાં ઉતર્યો હતો તે હોટેલના મોટા આરસામાં તેણે પોતાનો ચેહરો મોટી ખુશાલી અને બેહદ મગરૂરીથી જોયો અને એવી રીતે પોતે તદન સંતોશ પામવા પછીજ પોતાનું મોહડું મલકાવી તે બાહર પડયો. તે પ્યારમાં દીવાના બનેલાએ એવુંજ માની લીધું કે નીલ લાયનનાં ફાંસી જવાની લેડી ઓલ્ડકેસલની ઉમેદ ઉપર સદાનું ઢાંકણ વળવાથી તે બાનુ આજે જરૂર પોતાનું જખમી થયલું મન વેરવા માટે તેની સાથે પ્યાર કરશે, હજારો નાઝ નખરાંથી લાડ કરશે. અને આવા ખ્યાલથી તો તેણે આજે પોતાના હંમેશના રાબેતા કરતાં વધુ કીમતી સણગાર સજવાનું વાજબી વિચાર્યું હતું.

વખત ખુશનુમા બામદાદનો હતો. તે યાદગાર બામદાદ જે નીલ લાયનના નિર્દોષ ઠરવાના દિવસની સાંજ પછીની બામદાદ હતી, તે બામદાદે સીગીન્સ પોતાના પુર ઠાઠમાઠથી બાહર નિકળ્યો ત્યારે જાણે કુદરત પણ લેડી ઓલ્ડકેસલ ઉપરના તેના પ્યારથી મગન બની મસ્ત બની ગઈ હતી. જોકે તે અંગે ભરેલો હતો, તોપણ લેડી ઓલ્ડકેસલનાં ઉતારાવાલાં હોટેલ આગળ તે એવી તો દોડાદોડીથી ગાડીમાંથી ઉતર્યો કે પચીસ વરસનો જવાનિયોબી તેની આગળ પાણી ભરે.

ભપકામાંજ ગાડીવાલાને બેવડું ભાડું આપવાનું હાતમ દિલ બતાવી હોટેલના દાદરનાં બે બે ત્રણ ત્રણ પગથીયાં તે ચહડયો અને પોતાના હમેશના રાબેતા મુજબ તેણીના ખાનગી ઓરડામાં ધસ્યો ગયો.

"સાહેબજી, મારી વાહલી લેડી ઓલ્ડકેસલ ! સાહેબજી, મારા જાન કરતાં વાહલી દેવીએતા."

લેડી ઓલ્ડકેસલે સીગીન્સની સલામનો જવાબ દીધોજ નહિ. તેણીનું ધક ધ્યાન બારીની બાહેર હતું, કેમકે તે બારીની બાહેર જોતી ઉભી હતી. આથી સીગીન્સે માની લીધું કે તેની પ્યારી લેડી ઓલ્ડકેસલે તેનો મિઠો સાદ સાંભળ્યો હતો નહિ, નહિ તો તે દોડતી તેનાં પાસાંમાં ભરાઇ ચંપાઇ ગઈ હતે. આથી તેણે પોતાની નવી રેશમી ટોપી પોતાનાં બોડકાં માથાં ઉપરથી ઉતારી પાસેની બેઠક ઉપર મુકી. આ પછી તે પોતાનાં મન સાથે બોલ્યો, "હું ધારૂંછ કે મારી

પ્યારી મારીજ જુદાઇમાં ખાખ રાખ બની મારી રાહ જોતી ઉભી હશે! આહ! એ બાનુનો ચેહરો કેવો ફિક્કો ફચ મારી ગયોછ! હું તો ધારૂંછ કે મને ખબર પડી તે આગમજની એ બાનુ જ્યાં છે ત્યાં મારા પ્યારમાં પડેલી હોવી જોઇયે! કાં નહિ એ પોતાના ખાવિન્દનાં જીવતા જીવતજ મારા પ્યારમાં પડી હોય! હું કેવો મુરખ કે હું આગમચથી જાણવા પામ્યો નહિ કે એક તવંગર, મગરૂર, ખુબસુરત અને અનુભવી ઉમરાવ બાનુ મારા પ્યારમાં દીવાની બનીછ! જ્યારે મારી બેહેન લેવિન્યા જાણશે કે લેડી ઓલ્ડકેસલ જેવી બાનુએ પોતાનો હાથ મારા હાથમાં મોહબતના મિઠાસથી મુકયોછ ત્યારે તો તે હઠીલી છોકરી ફાટીજ મરશે. પણ મારાં લગન પછી તે નાદાન છોકરીને મારી સાથે રાખવી જોઇયે નહિ, નહિ તો અમારા નવા સવા અને તાજા પ્યારમાં કોણ જાણે, કવાબમાં હાડકું થઇ પડશે."

પોતાનાં મન સાથે આવી રીતનો દીવાનો બકબકારો ચાલુ રાખવાનો તેને વધુ વખત મલ્યો નહિ, કેમકે લેડી ઓલ્ડકેસલે પાછળ ફરીને જોયું અને બંનેની નજર એક થઇ ગઈ. સીગીન્સ કાંઈ અજબ ચેનચાળાથી હસી પડી બોલ્યો, "મારી વાહલી હેન્રીએતા, હું ધારૂંછ કે તું મારી રાહ જોતી ઉભી હતી."

"મી૦ સીગીન્સ! હું—" લેડી ઓલ્ડકેસલ ગુસ્સાથી ભવાં ચહડાવી બોલવા જતી હતી, તેટલાંમાં સીગીન્સે તેણીને આગળ બોલતાં અટકાવી કહ્યું, "જા બા! હેન્રીએતા! તું મને સીગીન્સનાં નામથી ના બોલાવ, નહિ તો હું તારેથી રૂસઇ જવશ જો! મારી વાહલી હેન્રીએતા, તું મને "પ્યારા ચારલ્સ" નાં નામથી બોલાવશે તો હું દેડકાની માફક ફુગી જવશ ને મારાં કપડાંમાંબી સમાવશ નહિ. ઓ મારા જાનના જાન! તું શું એમ જાણેછ કે તારાં ઠંડાંપણાંથી હું છેતરાઈ જવશ? નહિ! નહિ! હું તારૂં દિલ વાંચી શકુંછ કે તું મને છુપી રીતે તારા ખાવિન્દનાં જીવતાં છતાં ચાહતી હતી." આટલું બોલી તેણે લેડી ઓલ્ડકેસલનો હાથ પોતાના હાથમાં લઈ પોતાની છાતી ઉપર મુકયો.

"મી૦ સીગીન્સ!" લેડી ઓલ્ડકેસલ પોતાનો હાથ એકદમ છુટવી લેતી બધારે અને વધારે આંખનાં ભવાં ચહડાવી બોલી, "એ શું ઢોંગ! એ તમારા બકબકારાનો શું અર્થ! મારો હાથ છોડી દેઓ! હું તો ધારૂંછ કે તમારી અક્કલ ચરવા ગઇછ."

લેડી ઓલ્ડકેસલના ગુસ્સાની સેહજબી દરકાર કીધા વિના સીગીન્સે આગળ ચલાવ્યું, "મારી પ્યારભરી મોહબતની મિઠી મધ પુતલી, તારાં નાઝ, અંદાજ, નખરાં અને ગુસ્સાદાર નેણથી મારૂં જીગર ખુશીનું માર્યું પોતાની જગો ઉપર ઉછાળા મારી રહ્યુંછ. ચાલ, ઉતાવળ કર, મારે ગળે બાઝ, મારે ટોટે બાઝ અને તારા દેડકા જેવા ફુગાયલા ગાલ ઉપર મારી મોહબતનું સીલ મારવા દે." આટલું બોલી તે દીવાનો સોલીસીતર લેડી ઓલ્ડકેસલનાં જાડાં અંગને પોતાની બાથમાં લેવા કુદયો, પણ તેજ પળે તે બાનુ પોતાનો મિજાજ ખોહી દઈ પોતાના મજબુત અને લોખંડી હાથની એક મજબુત સ્લાપ સીગીન્સના ભાખરા જેવા ગાલ ઉપર ખેંચી કાહડી બોલી, "બુબખ ગધેડા! તું શું સવારના પોહરમાં દારૂ બારૂ ઢીચી અંહિ આવ્યોછ કે?" આટલું બોલી તે બાનુ ગુસ્સામાંજ પાસેની ટેબલ ઉપરનો ઘંટ વગાડવા જતી હતી, એટલામાં સીગીન્સે તેણીને અટકાવી.

"લેડી ઓલ્ડકેસલ! મને જવાબ જોઇયેછ કે મારી તરફની આ વર્તણુકનો ભેદ શો છે? અગરજો ઘંટ વગાડી તમારા નોકરોને બોલાવવાની તજવીજ કીધીછ

તો હું આખી દુનિયાને મારા પોકારથી જાહેર કરશ કે તમો બાનુએ મને એક વખત ચાહી હવે મારી ઉપર હુમલો કીધોછ. એટલુંજ નહિ, પણ લાયન માટે પોલીસને તમોએ જે ખોટી અને બનાવટી ખબર આપીછ તે માટે મારૂં મોહડું મુગું રાખવાને એક લાંચ તરીકે તમો મને તમારૂં જીગર આપવાની કબુલાત વટીક આપી ચુકાંછ પણ તે કબુલાત ગંગાદાસનાં મોતથી સઘળો પાટલો ફુટી જવાને લીધે તમોએ હવે હવામાં ઉડારી મેલીછ. બાનુ, આખું ઓલ્ડકેસલ હવે જાણી ચુકયુંછ કે આપણા બે વચ્ચે કાંઇ પાપી દોસ્તી જેવો સંબંધ જોડાયલો છે."

"અને એવી અફવા ઉડાવનાર તુંજ કે કોઇ બીજું? તું શું ઘડીભર એમ માનેછ કે હું તારા જેવા એક હલકા સોલીસીતરને પોતાના ખાવિંદ તરીકે કોઇ કાળેબી કબુલ કરૂં? તું કોણ, હું કોણ? તારો દરજ્જો શું?"

"હેં!" સીગીન્સ પણ મિજાજ ખોહી દઇ પોકારી ઉઠયો, "હું એક હલકો સોલીસીતર! અરે! તમો બાનુ તો મારી હુસ્યારીથી છક થઇજઇ હંમેશ કહેતાં હતાં કે મારાં ભેજાંમાં કાયદાનું ભંડોળ એટલું તો ઠીસોઠીસ ભરેલું છે કે હું ઇંગલંડનો લોર્ડ ચીફ જસટીસ થવાને ઇંચે ઇંચ લાયક છું. બાનુ! હુંબી એક પુરાણાં ખાનદાનથી ઉતરી આવેલો છેઉં. આપણી વચ્ચે ફકત ખેતાબનોજ તફાવત છે, અને એ તફાવતબી હવે ઝાઝો વાર ટકી શકવાનો નથી કેમકે તે માટે તો બીજોજ દાવાદાર બાહર નિકળ્યોછ અગરજો—"

"સીગીન્સ! હું તને હુકમ કરૂંછ કે અહિંથી તારૂં એકદમ કાળું કર! તારા બેશરમ પટપટાની હદ વહી ગઇછ! હવે તું મારાં મકાનમાં જો ફરીથી પગ મુકશે તો તને ધક્કા મારી બાહર કાહડવામાં આવશે તે ખાતરીથી જાણજે."

"ત્યારે શું મારે લેડી ઓલ્ડકેસલનો ખાવિંદ થવાથી હાથ ધોવા જોઇયે કે?"

"તેમાં શો શક?"

"તું વગરની જીંદગી, બાનુ, મને શા ખપની? બાનુ! મેં તમારી તરફથી આવા સેતમની બિલકુલ આશા રાખી હતી નહિ."

"સીગીન્સ! ખોદા ખાતર, તારૂં મોહડું બાળ, નહિ તો ઘોડાના ચાબકાથી તારી ચામડી ઉખેડી નાખશ." લેડી ઓલ્ડકેસલે પોકાર કીધો. અને તે તેજ પળે તે ઓરડો છોડી ગઇ. સીગીન્સ ડાચું વકાસી જોતોજ ઉભો. તેની જીભ ટાળવાને વળગી ગઇ.

પાપીઓના ફેજની તૈયારી.

રોજર ડીપીંગનાં ખુન માટે નીલ લાયનની જયારે તપાસ ચાલી હતી તે વખતે જેટલી લોક લાગણી ઉસકેરાઇ હતી તે કરતાં વધુ મજબુત લાગણી રોજર ડીપીંગનાં ખુન માટે જુલિયનની તપાસ વેળાએ ફેલાવાની નિશાની અત્યારથીજ માલમ પડતી રહી હતી. તપાસ ચાલતાં લાંબો ગાળો પસાર થઇ ગયો હતો કેમકે ખરા ગુનેહગારની ઓળખ સાબેત કરવાની મોટી જરૂર હતી.

ગંગાદાસે પોતાનાં મરણ વેળા કીધેલા એકરારની રૂએ જે શખ્સને પોલીસે જુલિયન ધારી પકડયો હતો તે શખ્સ જુલિયન નહિ, પણ રોડ્રીક હતો, એવું દોરાએ પોલીસને જાહેર કીધું હતું. મીસ રેને પણ પોતાની બેહેનને ટેકો આપ્યો હતો. પ્રોસપર રમેગે પણ ખુલ્લી રીતે જણાવ્યું હતું કે તેને લાંબા વખતથી લોર્ડ ઓલ્ડકેસલના બાબમાં કાંઇક શક જેવું લાગ્યું હતું.

ગુનેહગાર રોદ્રીક, આટલું છતાં પોતાના ખોટા એકરારનેજ વળગી રહ્યો હતો. તે હજી હઠ લઈ બેઠો હતો કે તે જુલિયનજ હતો, રોદ્રીક તો ખરેખરજ કફનમાં દફન થયો હતો, તો જોકે વેમથ ખાતે "બોની હુઈ" નામનાં બારકસમાં પકડાયલા અનેક બદમાશોમાં એકને જુલિયન તરીકે ધારવામાં આવતો હતો એમ તેને માલમ હતું.

વળી ઓલ્દકેસલની કોર્ટમાં રોઝામન્દ પણ સાક્ષીનાં પીંજરામાં હાજર થઈ હતી અને તેણીએ પોતાને કોર્ટમાં મીસીસ જુલિયન તાવર્સ તરીકે ઓળખાવી હતી. તેણીએ કસમ ઉપર જુબાની આપી કે બંધવો તેણીનો ખાવિન્દ જુલિયન નહિ, પણ રોદ્રીક હતો. એ પહેલાં તેણીને લંડન ખાતે પોલીસ લઈ ગઈ હતી, જયાં તેણીનું કામ જુલિયનને ઓળખવાનું હતું. તેણીએ તરતજ પોતાના ખાવિન્દ તરીકે જુલિયનને ઓળખી કાહડયો હતો, જે જોકે તેણીનો હકદાર ખાવિન્દ હતો, પણ રોઝામન્દે મોટા અફસોસ વચે યાદ કીધું કે તે તેણીના બાપનો જુલમગાર ખુની હતો. તેના હાથો તેણીના બાપ રોજર દીપીંગનાં લોહીથી હજી ખરડાયલા હતા. લંડનથી રોઝામન્દને ઓલ્દકેસલની કોર્ટમાં લઇ જવામાં આવી હતી, જયાં તેણીએ રોદ્રીકને જોઇ જણાવ્યું હતું કે તે તેણીના ખાવિન્દના જેવો લાગતો હતો, પણ તે તેણીનો ખાવિન્દ હતો નહિ.

એદેલીન, દોરા, રોઝામન્દ અને સ્પ્રેગની સાક્ષી ઉપરાંત એક વધુ સાક્ષી પડી હતી તે એ હતી કે રોદ્રીકને તેના કાન આગળ સફેદ વાળનું ગુંચ્છડું હતું, જયારે ખુદરતની એ નિશાનીથી જુલિયન બાકાત હતો. પણ આ નિશાનીને રોદ્રીકે નાબુદ કરવાનું ડાહપણ જયારે જુલિયનનાં રંગ-રૂપમાં ઓલ્દકેસલનાં લોકો આગળ જાહેર થયો તેજ વેળાએ દેખાડયું હતું. તેણે તે સફેદ વાળનાં ગુંચ્છડાંને બાલ રંગવાની દવાઇથી રંગી કાળું બનાવી દીધું હતું, પણ ગંગાદાસના એકરારથી તે બંદીખાને જવાથી તે ગુંચ્છડું વખતના વેહવા સાથે પોતાનો અસલી રંગ પકડતું જતું હતું, તે એટલાં સુધી કે જયારે દોરા અને એદેલીન તેને ઓળખવા કોર્ટમાં દાખલ થઈ ત્યારે રોદ્રીકને ઓળખવાની નિશાન તેના જન્મના વખતની માફક બિલકુલ સફેદ બની ગઇ હતી.

આ સઘળા બનાવથી માજીસ્ટ્રેટ અને પોલીસની ખાતરી થઇ ચુકી હતી કે રોદ્રીક ઓલ્દકેસલમાં હતો, જયારે જુલિયન લંડનમાં સબડતો હતો અને એ માટે બિલકુલ શક કે સુબેહ હતો નહિ. આથી ઓલ્દકેસલની પોલીસે લંડનની પોલીસ ઉપર સઘળી કેફિયત તારના સંદેસા મારફતે ચલાવી પોતાની પુરેપુરી ખાત્રી થયલી જણાવી હતી, જેથી બન્યું એમ કે જુલિયનની તપાસ રોજર દીપીંગનું ખુન કરવા માટે લંડનમાં ચાલનાર હતી, જયારે રોદ્રીકની તપાસ ઠગબાજી કરવા માટે, વિશ્વાસઘાત કરવા માટે અને ખોટાં ઓચરીયાં ઉભાં કરવા માટે ઓલ્દકેસલમાં ચાલનાર હતી.

આ ચોંકાવનારી ખબરથી આખાં ઓલ્દકેસલ શેહરમાં મોટો હોહોકાર મચી રહ્યો હતો. દરેક મોહલે અને દરેક મકાને લોર્ડ ઓલ્દકેસલનાં કુટુંબનીજ વાત ચાલી રહી હતી અને તપાસનાં પરિણામ ઉપર તેમનું ધક ધ્યાન ટીંગાઇ રહ્યું હતું. જેઓ રોઝામન્દને એક બદ ચલણની ઓરત જાણી ધિક્કારતાં હતાં, તેઓ તેણીને હવે બેહદ પ્યારથી ચાહવા લાગ્યાં, કેમકે તેઓએ જોયું કે તે બાનુ જોકે

ગરીબ હતી તોપણ તે દિલે તવંગર હતી, મગ્જે માતબર હતી, પોતાની આબરૂ ઇજ્જતને કાહરૂનના ખજાના કરતાં પણ વધુ વાહલી ગણનારી હતી. તે ભોળી હતી પણ દામનને ડાઘ લગાડનારી નહિ હતી. તે જોકે બદમાશ જુલિયનની લતરાજખોરી લુલીથી લોભાઇ ગઈ હતી, પણ હકદાર પરણેતરનો પવિત્ર છાપ પોતાનાં અંતઃકરણ ઉપર સદાનો મારી ચુકી હતી.

તેણીએ તો પુરેપુરો સંતોશ માની લીધો હતો કે જોકે તે પોતાના પેદરની રજા વિના છુપાછુપ પરણી ગઈ હતી, તોપણ તે એક હકદાર પરણેતર તરીકે ખુદા આગળ સુર્ખરૂ બની હતી, જયારે થોડી મુદત પછી દુનિયા આગળ જુલિયન (લોર્ડ ઓલ્ડકેસલ) ની પરણી ઓરત તરીકે જાહેરમાં આવનાર હતી, પણ તે પછી એ બાનુની એ ઉમેદ ઉપર કેવો જાલેમ અને જબુન ફટકો પડયો હતો તે આપણે આ લંબાણ વાર્તાનાં ભેદ ભરમોવાળાં ભિત્તરમાં જોઇ આવ્યા છિએ.

એદેલીન અને દોરા બંને પોલીસ કોર્ટમાંથી પોતાની બે ઘોડાની ગાડીમાં બેસીને નિકળ્યાં ત્યારે તેમની જોડમાં એક ગોલાબ જેવો છોકરો પણ હતો. આ છોકરો કોણનો હતો તે માટે પુછપરછ કરવામાં આવી હતી. તેમને જે જવાબ મલ્યો તે જવાબથી તેમને મોટો સંતોશ પેદા થયો એટલુંજ નહિ પણ એદેલીને તેમનાં માન અને મનમાં મોટો વધારો કીધો. કેમકે તે ગુલાબ જેવો છોકરો બીજો કોઇજ નહિ, પણ રોઝામન્દનો ગુમ થયલો બેટો દેવી હતો, જેને એદેલીનનાં જર અને જેહમતથી શોધી કહાડવામાં આવ્યો હતો. ખરી હકીકત જાણવાથી લોકો એટલું બધું તો ઉસકેરાઇ ગયું હતું કે તેઓએ ખુશાલીના પોકારોથી એદેલીન, રોઝામન્દ અને તેણીના મળી આવેલા બાળક બેટાને વધાવી લીધાં હતાં. તેઓની મોટી અજાયબી એ હતી કે રોઝામન્દનો ગુમ થયલો બેટો કેવી રીતે મળવા પામ્યો હતો તે બીના કાં બાહેર આવવા પામી નહિ. પણ તેમને શી ખબર કે દેવીનાં ગુમ થવાને લગતા ભેદ-ભરમથી ખુદ દેવીની માતા રોઝામન્દ વટીક અંજાણ રહેવા પામી હતી, ખરૂં બોલીયે તો તેણીને એદેલીને અંજાણ રાખી હતી. હાલમાં મરહુમ લોર્ડ ઓલ્ડકેસલનાં કુટુંબમાં એટલી બધી તો ઉથલપાથલ થવા પામી હતી કે તેવા સમયે દેવીનાં ગુમ થવાને લગતો ભેદ જાહેર કરી આગમાં તેલ હોમાવવા જેવું કરવાને એદેલીનને ગમ્યું નહિ. આથી એ ભેદ તેણીએ પોતાનાં જીગરમાંજ ડાટી મેલ્યો હતો. તેણીએ દેવીનાં ગુમ થવાના સંબંધમાં જે દુઃખદાયક શોધ કીધી હતી તે એ હતી કે તે જબુન કામમાં રોદ્રીકનો હાથ હતો અને તેણેજ પૈસાની લાલચથી દેવીને સદાનો દુર કરવાની બાજી રચી હતી. પણ રોદ્રીકની તે બાજી ફતેહમંદ ઉતરી નહિ, કેમકે જે બદમાશોને દેવીનો જાન લેવાનું જબુન કામ તેણે સોંપ્યું હતું તે બદમાશોએ રોદ્રીકને તો એવીજ ખબર પુગાડી હતી કે તેઓએ દેવીને આ જેહાનથી સદાનો પાર કીધો હતો. જયારે એદેલીને જુદાં જુદાં વર્તમાનપત્રોમાં દેવીનો પત્તો લાવી આપનારને મોટું ઇનામ આપવાનું જાહેર કીધું ત્યારે તેણીને એક બદમાશ તરફથી ખરી વિગત મળવા પામી હતી, જે એ હતી કે તેઓ રોદ્રીક તરફની મોટી રકમની લાલચ છતાં તે નિર્દોષનો જાન લેવાથી પરહેજ રહ્યા હતા અને તેને લંડનના એક ઉજ્જડ રસ્તા ઉપર તેઓ છોડી નાહસી ગયા હતા, જે પછી શું બન્યું તે આપણે હવે પછી જોઇશું. હાલમાં એટલોજ ખુલાસો બસ થશે.

કોર્ટ આગળથી એદેલીનની ગાડી પસાર થવા પછી ત્યાં બાહેર ભેગાં થયેલાં લોકો આમ તેમ વિખેરાઇ ગયાં. એદેલીનની ગાડી વીલિ એનાં મકાન આગળ ઉભી રહી અને રોઝામન્ડ તેમાંથી ઉતરી પોતાનું ભલું કરનાર એદેલીન અને દોસ્તને મળી ભેટી મકાનમાં દાખલ થઇ.

કોલસાની ખાણુવાલી હોનારતમાં વીલિ એ સપડાઈ જવાની ખીનાથી આપણે જાણીતાં થયાં છિએ. હજી તે હોનારતના અકસમાતથી તે એકદમ સાજો થયો હતો નહિ. રોઝામન્ડ લાગલી વીલિ આગળ દોડી ગઇ અને તેણીએ આજે કોર્ટમાં બનેલી વિગતોથી તેને જાણીતો કીધો.

વીલિએ રોઝામન્ડ તરફ જોઈ મોહ મલકાવ્યું, કેમકે રોઝામન્ડ એદેલીનની બરકતથી આજે ઘણા અચ્છા લેબાસમાં દીપી રહી હતી. એદેલીને ઘણી બોહોંસ કરી તેણીને કીમતી પણ સાદો પોશાક પેહરાવ્યો હતો, જે પોશાકમાં તેણીની ખુબસુરતી બહુજ દીપી નિકળી હતી. વીલિએ સંતોશની લાગણીથી રોઝામન્દને જોઈ મોંહ મલકાવ્યું.

"રોઝી! ત્યારે હું તો જુલિયન તાવર્સની હકદાર પરણેતર બનીછ. હા! કેવી ખુશાલી! રોઝી, તારો હક સાબેત થયલો જાણી મારાં સાચ્ચાં અંતઃકરણમાં કેવી લાગણીનો પ્રવાહ દોડેછ તેની તને શી ખબર?"

"હું તે જાણુંછ વીલિ, પણ મારા વાહલા બાપના ખુનના ભોગે મારો હક સાબેત થવાથી મને સેહજબી ખુશાલી ઉપજતી નથી. વીલિ, જેના પાપી હાથ મારા વાહલા પેદરનાં લોહીથી ખરડાયલા છે તે જોકે મારો હકદાર ખાવિન્દ છે, પણ તે મારે મનથી એક શેતાનથીબી બદતર બુરો છે."

"પણ તને આજે આટલી બધી ભપકામાં જોઇ એ તારો ગમ હું ભુલી જાઉંછ, રોઝી!" વીલિ રોઝામન્દને માથાંથી તે પગ સુધી ટીકી ટીકી બોલ્યો.

"હા, પણ જાહેરમાં ભપકો સપકો કરવાથી યા સાદાઇમાં રહેવાથી સુખ યા દુખનો ખ્યાલ આવી શકતો નથી. મીસ રેનની સમજાવટને શરણ થઈ જોકે કદી નહિ પેહરેલાં ભપકાદાર વસ્ત્રોથી અંતઃકરણની અંદરનો ગમ કાંઇ ધોવાતો નથી. ભપકો અને દોર દમામ તો જાહેરને આંજી નાખવાનું એક ઠગારૂં હથિયાર માત્ર છે. અને વીલિ! હું કેવું ઇચ્છુંછ કે સદા સાદાઇમાં જીંદગી ગુજારૂં અને મારૂં અંતઃકરણ સદા કોઇ પણ જાતના ગમથી બાકાત રાખું!"

"ત્યારે શું તને પેહરવા ઓઢવાનું અને ખાવા પીવાનું સુખ પસંદ નથી?" વીલિએ હસીને સવાલ કીધો.

"વીલિ! એ જાતનું તકલીદી સુખ મને બિલકુલ નાપસંદ છે. કેમકે ખરૂં સુખ તો તે છે કે સાદાઇમાં રહેવા છતાં અંતઃકરણનું સુખ ભોગવ્યે. અંતઃકરણમાં ચાલુ ગમ અને બળાપા જળાપા છતાં શોભીતાં વસ્ત્રોમાં સજ થવું એ ગોયા ફાટેલાં દિલ ઉપર ઠીંગડું મારવા સમાન થઇ પડે છે."

રોઝામન્દની આવી ફિલસુફીથી વીલિ એટલો તો ખુશખુશ થઈ ગયો કે પોતાના પગમાં થતાં દર્દની સેહજ પણ દરકાર કીધા વિના તેણે તેણીનો નાજુક હાથ પોતાના હાથમાં લીધો અને અજબ જેવી માયાથી તે તેણે પોતાની બંને આંખોમાં દાબ્યો.

આ એક જોવાજોગ ચિત્ર હતું.

મુકાઈ લાકડીનો ફટકો.

આજે જુલિયનની તપાસનો છલ્લો દિવસ હતો. પણુ આજે લોર્ડ ઓલ્ડ-કેસલના ખેતાબ અને તેની દોલતની માલેકીમાં જે મોટી ઉથલપાથલ થઇ હતી તે એ હતી કે કોર્ટે મરણુ પામેલા લોર્ડ ઓલ્ડકેસલના હકદાર વારિસ તરીકેનો નીલ લાયનનો દાવો કબુલ રાખી તેનેજ ઓલ્ડકેસલની જાગીરો વીગેરેનો માલેક ઠેરવ્યો હતો. આ બનાવ લેડી ઓલ્ડકેસલ માટે સર્વેથી વધુ જનુન ફટકા સમાન થઇ પડયો. આ ચુકાદાથી આખું ઓલ્ડકેસલ શેહર હલમલી રહ્યું હતું.

મરહુમ લોર્ડ ઓલ્ડકેસલનાં હેન્રીએતા હાવર્ડ સાથનાં બીજાં લગ્ન કોર્ટે બિન કાયદેસરનાં ઠેરવ્યાં હતાં, જેથી તે બાનુ જે લેડી ઓલ્ડકેસલ તરીકે છેલ્લાં ત્રીસ વર્ષ થયાં ઓળખાતી રહી હતી તે ઓળખ ઉપર હવે વધુ વાર તેણીનો દાવો રહ્યો હતો નહિ. હવેથી તે પોતાની કુંવારી સ્થિતિનાં નામથી ઓળખાવાની હતી, જયારે તેણીના બે બદમાશ બેટાઓ રોડ્રીક અને જુલિયન હાવર્ડનાં નામથી બાકીના દિવસો પસાર કરનાર હતા. આ ખબર આખાં ઓલ્ડકેસલ માટે બલ્કે આખા દેસ માટે બેહદ ઉંચો ધડો આપનારી થઇ પડી હતી. જેઓ દોલતનાં નાઝ નખરાં ઉપર મોહિત પડી તે ઉપર મુસ્તાક રહેવાની નાદાની વાપરે છે અને જેઓ ગરીબોને ધિક્કારવાને, પોતાના પગ તળે બળવા છતાં ગરીબોની નિંદા કરવાને એક પણુ તક ગુમાવતાં નથી તેઓને લેડી ઓલ્ડકેસલ અને તેમના બે બેટાઓના થયલા આ બુરા ફેંજ કરતાં વધુ મોતેબર દાખલો કયાં મળવાનો હતો? ઓલ્ડકેસલના વારસા હિસ્સાને લગતા આ અગત્યના મુકદમાએ તમામ યુરોપીયન પ્રજાનું લક્ષ ખેંચી રાખ્યું હતું અને તેનું શું પરિણામ આવવા પામે છે તે જાણવાને તે એકદમ અધીરી પડી ગઇ હતી. લેડી ઓલ્ડકેસલનાં દુઃખમાં આ દુઃખ જે હજી સુધી અધુરૂં હતું તે પુરૂં થવા પામ્યું હતું. આ દુઃખથી તેણીની હિમ્મત બિલકુલ તુટી ગઇ હતી, તે છેકજ આજેજ બની ગઇ હતી. આથી તેણી પોતાનું કપાળ કુટી એક સોફા ઉપર નિસોસ થઇ પડી. તે બાનુએ પોતાના બંને બેટાઓની નામોશી છતાં પોતાના હક માટે છેક છેવટ સુધી લડત ચલાવી હતી, પણુ તે લડત અંતે તેણીને કામ લાગી શકી નહિ. તેણીનું નખોદ તો વળી ચુકયુંજ હતું, તેમાં સીઝીન્સ સોલીસીતરે મોટો વધારો કરી મેલ્યો હતો. તેણે કોર્ટમાં જડજ આગળ સઘળો પાટલો ફોડી દીધો હતો. લેડી ઓલ્ડ-કેસલે ચોક્કસ કબરના લેખના સંબંધના સને સાથે જે શરમ ભરેલાં ચેડાં કાઢ-ઢયાં હતાં તેને લગતો સઘળો ભેદ તેણીએ તેને કીધેલાં અપમાનના બદલામાં તેણે ફોડી દીધો. આથી તે કમબખ્ત બાનુની મગરૂરીને જાહેરમાં મોટો ધોકો પુગવા પામ્યો હતો. તેણીની બાકી રહેલી ઉમેદ ઉપર સજ્જડ ફટકો પડવા પામ્યો હતો. પણુ તે લાચાર હતી, તેણીની સામે તેણીનું કિસ્મતજ રૂઠેલું હોવાથી તે ગોયા બેબાખરી બની ગઇ હતી.

જુલિયનની તપાસ આજે લંડનની કોર્ટમાં ખુનના વાંક માટે ચાલનાર હોવાથી ઓલ્ડકેસલ ખાતેથી ઘણુંક લોક લંડન ખાતે ઉતરી પડયું હતું, અને ઘણાંકોને તો જગ્યા નહિ મળવાથી કોર્ટની બાહેર ભમવું પડયું હતું. લોકોને તો ઝાઝો ભરોસો હતો કે કોર્ટનો ચુકાદો જુલિયનની વિરૂદ્ધમાંજ આવવાનો, કેમકે

તેની વિરૂદ્ધ જે જે જુબાનીઓ પડી હતી તે એટલી બધી વજનદાર અને એવી તો સખ્ત હતી કે કોઇબી જુરી તેને 'ગીલ્ટી' ઠરાવવા વિના રહે નહિ.

તેના સર્વે અજીમ ગુનાહોની ચાવી ગંગાદાસના મરતી વખતના એકરારથી પોલીસને હાથ લાગી હતી, જેથી પોલીસને તમામ સચ્ચાઇનું વણું શોધી કાહડતાં ઝાઝી મુશ્કેલી નડી નહિ. તેના રહેવાના ઓરડામાં તપાસ કરતાં એવી સંખ્યાબંધ ચીજો પોલીસને હાથ લાગી હતી જે જુલિયન, રોદ્રીક અને તેમની માતા લેડી ઓલ્દકેસલનાં કરતુકોની જીવતી અને જાગતી અને સામી પક્ષથી નહિ તુટે એવી સાબેતી હતી. આ સાબેતી જુલિયનની વિરૂદ્ધ એટલી બધી તો ઉતરી હતી કે કોર્ટને માટે બીજી કશી પણ વધુ સાબેતી વિના ચુકાદો આપવાનું કામ બહુજ સહેલ થઇ પડયું હતું.

તાલેવંત વર્ગ લેડી ઓલ્દકેસલની દયા એટલા માટે ખાતો હતો કે તેણીએ પોતાની બાપીકી દોલતનો મોટો ભાગ પોતાના મરહુમ ખાવિંદ લોર્ડ ઓલ્દકેસલની મિલકતમાં રોકયો હતો. આજે તે ઓરત તે મિલકત વિનાની થયલી હોવાથી પોતાની બાપીકી દોલતથી પણ તેણીને હાથ ધોવા પડયા હતા, અને આ દુઃખ જાણે પુરતું નહિ હોય તેમ તેણીના બંને બેટાઓ નામોશીભરી રીતે બંધવાનાં પિંજરાંમાં ઉભા હતા. લેડી ઓલ્દકેસલ ઉપર આ કાંઇ ખોદાઇ લાકડીનો જેવો તેવો ફટકો હતો નહિ.

એદેલીન રેન, દેન લેરેબી સાથે કોર્ટમાં જુરીના પાછા ફરવાની રાહ જોતી લંડનની કોર્ટમાં બેઠી હતી તે વેળાએ પણ તેણીનાં દિલમાં એવાજ ખયાલો રમી રહ્યા હતા. અગરજો જુલિયન ગુનેહગારજ ઠરે તો તેણીનાં સુખની સીમા રહે નહિ. જુરીના એકજ બોલ ઉપર તેણીનાં ભવિષ્યનાં સુખનો આધાર લટકી રહ્યો હતો. જુલિયન રોજર દીપીંગનાં ખુન માટે તકસીરવાર ઠરે તો તેણીનો વાહલો નીલ તેજ કર્પીણુ વાંક માટે છેવટનો બિનતકસીરવાર ઠરવા પામે.

તેણીના વિચારમાં ખલલ પડી, કેમકે જુરી દાખલ થઇ અને જુરીના ફોરમેને બંધવા જુલિયનને 'ગીલ્ટી' તરીકે જાહેર કીધો.

આ ત્રણ અક્ષરી બોલ જુરીનાં મોહડાંમાંથી બહાર પડતાંજ એદેલીનના ચેહરાનો રંગ કાંઇ અજબ જેવી રીતે ખીલી નિકળ્યો, જે જોતાંજ દેન લેરેબીને કાંઈ જેવો તેવો સંતોશ ઉપજયો નહિ. તેના આ સંતોશથી એદેલીન શરમાઇ ગઇ, કેમકે પોતાના ગમે તેવા દુશમનના જમીનદોસ્ત થવા માટે ખુશાલી અને મગરૂરી માની લેવામાં એક જાતનું પાપ સમાયલું તે સમજતી હતી. આ ખ્યાલ થતાંજ તે ભલી બાનુની આંખોમાંથી આંસુઓ ગબડી પડયાં અને રોઝામન્દની યાદ થતાંજ તે દયાથી બોલી ઉઠી, "ઓ! કમનસીબ રોઝામન્દ! તારૂં શું થશે? ખોદા! તને આ કારી ફટકો સહન કરવાની શક્તિ બક્ષે!"

રોઝામન્દ લંડનની કોર્ટમાં આવી હતી નહિ. તે ઓલ્દકેસલ ખાતેજ રહી હતી પણ આજના મુકદમાનું પરિણામ એદેલીને તેણીને તારના સંદેસાથી જાહેર કરવાનું વાજબી વિચાર્યું હતું.

આજના દિવસના બનાવથી એદેલીન ખુદરતી રીતે બહુજ ખુશીમાં આવી ગઇ હતી. એક તો જુલિયનનો ત્રાસ તેણીનાં સર ઉપરથી સદાનો દુર થયો હતો, તેણીનો પ્યારો નીલ પોતાની ઉપર અત્યાર તુલીક ટીંગાઇ રહેલા ગુનાહનાં ખોટાં

તોહમતથી છુટો થવા પામ્યો હતો અને તેણીના રસ્તા વચ્ચે સેહજબી નડવલ હવે રહેવા પામી હતી નહિ. તેઓ બંને પોતાનાં હોતેલ તરફ ગાડીમાં બેસી રસ્તો કાપતાં હતાં એટલાંમાં એદેલીનને કાને એક અવાજ આવી અથડયો. આ અવાજ ન્યુસપેપર વેચનાર એક છોકરાનો હતો. પેહલાં તો તે અવાજના બોલોને માની વટીક શકી નહિ, પણ જયારે તે અવાજ દેનિયલ લેરેબીએબી સાંભળ્યો ત્યારે તેમની અજાયબીનો પાર રહ્યો નહિ. તે અવાજ વધુ અને વધુ નજદીક આવતો ગયો. તે અવાજમાં નીચલા બોલો સમાયલા હતા:—

"બદમાશ રોદ્રીક તાવસેનું કોર્ટમાં નિપજેલું મરણ—કોર્ટમાં ફેલાઇ રહેલી અજબ લાગણી."

બુરાનું બુરૂં મોત!—પાકીજેહ પ્યાર.

બરાબર હતું. આ જુઠી અને દગલબાજ જેહાનની રંગભુમી ઉપરથી રોદ્રીક પોતાનો ભાગ ભજવતો સદાનો બંધ પડયો હતો. એદેલીને ફાટ ફાટ થતી છાતી અને મગજથી બેમગ્જ કરનારી બેતાબી સાથે વર્તમાનપત્રમાં વાંચ્યું કે જે વખતે બારહે ભાઇઓનો મળતીયો લ્યુક "કવીન્સ એવીદન્સ" તરીકે રોદ્રીકની વિરૂદ્ધમાં સાક્ષી આપતો હતો અને તેમ કરી તે તેની (રોદ્રીકની) બદ કરણી અને કાળાં કરતુકો કોર્ટમાં જાહેર કરતો હતો તે વેળાએ રોદ્રીક કેદીનાં પીંજરાંમાં ઉંડા શોકના અવાજ સહીત ચતોપાટ પડી ગયો હતો અને બોલ બોલતાંમાં તેણે પોતાનો પાપી પ્રાણ તજી દીધો હતો. એવું અનુમાન કરવામાં આવતું હતું કે તેના સોલીસીતરે નીલ લાયનની ફતેહ માટે તેને ખબર આપવાથી તેનું હૃદય ચાલતું એકદમ બંધ પડી ગયું હતું.

રોદ્રીક ગમે તેવો બદમાશ હતો, ગમે તેવો દગલબાજ અને પાપી હતો, સેતમગાર હતો પણ તે એદેલીનની વાહલી બેહેનનો એક વારનો ભરથાર હતો, જેથી તેણીનો જીવ બેકરાર હતો. તે પોતાના બંને હાથો દુઃખની વેદનાથી જોડી બોલી, "ઓ! દેન! દેન! આ તે કેવો ગજબ! કે તે બદમાશ પોતાની બદમાશી છતાં મોતને આટલો જલદી વશ થયો! પણ દેન! દેન! અંતે મારી દોરા તો છુટી! રોદ્રીક જેવા જુલમગાર વરના પંજામાંથી તે યજદાંએ અંતે તેણીને છોડાવી."

"હા! દોરા રોદ્રીકના આજાબમાંથી છુટી ખરી!" દેનિયલ લેરેબી ખુશાલી ગુંગળાતા સાદે બોલ્યો, "મીસ રેન! દોરા હવે મને ચાહવાને બિલકુલ છુટી છે. હવે તે મને સુખી કરશે. તે હવે મારી સાથે આસ્ત્રેલિયા ખાતે આવી શકશે. રોદ્રીક જયારે કફનમાં છેવટનો દફન છે તો મને શાનો ગમ છે? તેની જગ્યા ચાર બિલ્લસની કબર છે તો દોરાને હવે તેનો શો ડર છે? એદેલીન અમો ધણી ધણીયાણીનો ખોરાક પણ મોહબતજ છે. અમારૂં તમામ સુખ એક બીજાની મોહબતમાંજ છે. મારી જીંદગીની તમામ રાહત દોરાની મોહબતમાંજ છે." આટલું બોલી તે એદેલીનનો હાથ પોતાના હાથમાં લઈ લગાર ખોંખરા સાદે બોલ્યો, "એદેલીન! મેં એવી સ્વપનેબી વકી રાખી હતી નહિ કે એકનાં મોતથી મારી જીંદગીનો તારો ગમના બુરજમાંથી બહાર નિકળી રોશન આફતાબની

માફક એટલો બધો ચમકશે! ખુદા મને એવું બોલવા માટે માફ કરે બાનુ! પણ મને તો રોદ્રીકનાં મોતથી લાભજ થયોછ. કેમકે મને દોરા જેવું કીમતી ઝવેર મલ્યુંછ જે મોત સિવાય મારાં પાસાંમાંથી કોઇબી છોડવી શકનાર નથી. એડેલીન! બોલ કે એમ વિચારવુંબી શું પાપ નથી?"

એડેલીને પોતાની હંસ જેવી ગરદન હીલવી કહ્યું, "હરગેજ નહિ. જેમ ખુદાએ તારી તરફ જોયુ છ, તેમ તે સાહેબે દોરા તરફબી જોયુંછ. કેમકે તેને નામોશીભરી સજા થવા પામે તે પેહલાં ખુદ ખુદાએ પોતાની દરબારમાં ઇનસાફ માટે બોલાવી લીધોછ. દેન! તેનાં પાપો એવાં તો બુરાં અને જાલેમ હતાં કે આ જેહાનનો ન્યાયાધિસ તેનો ઇનસાફ કરવાને ગોયા બેતાકાત હતો. તેનાં મોત-થી મારી વાહલી બેહેન દોરા પોતાનાં એકપુરાં નિર્દોષ વાહલાં ફરજંદ સાથે બીજી વારની નામોશીમાંથી બચવા પામીછ. છતે ખાવિન્દે જન્મ ભરનાં વિધવાપણાં-માંથી મુકત થઇછ. દેન! રોદ્રીક ઉપર મોતે કીધેલો ગલબો ખુદ ખુદાનો મોજેજો માત્ર છે. અરે દેન! જુલિયનનેબી સજાની નામોશી ખમવી પડે તે પેહલાં તેની તરફબી એવીજ રીતે ખુદા જોય તો કેવું સારૂં!"

જુલિયનને જુરીએ 'ગીલ્ટી' ઠરાવ્યો હતો પણ જડજે તેને સજા કરવાનું મુલતવી રાખ્યું હતું. પણ એડેલીન તો સારી પેઠે જાણતી હતી કે તેનાં પાપો એવાં તો અગણિત હતાં કે ફાંસી સિવાય તેનો છુટક હતોજ નહિ. હા! એજ તે જવાન લોર્ડ ઓલ્ડકેસલ હતો જેને એડેલીન પોતાની વડી બેહેનને ખાતર પરણવા કબુલ થઇ હતી. તેની દુઃખભરી યાદ થતાંજ તે બાનુ માથાંથી તે પગ સુધી કમકમતી હતી. તે પોતાનાં મનમાં કેવી સંતાશ પામી કે તેણીએ એક જવાનને ગરીબ વર્ગમાંથી ચાહ્યો હતો અને તાલેવંત વર્ગ તરફ આડી નજર વટીક કીધી હતી નહિ, જેનું પરિણામ કેવું રૂડુ આવવા પામ્યું હતું! જેને તે ગરીબ બલ્કે પોતાના બાપનો એક કમીનો નોકર સમજતી હતી તે તો એક તાલેવંત ખાનદાનનો કુળદિપક ચેરાગ સાબેત થયો, એટલુંજ નહિ, પણ લોર્ડ ઓલ્ડકેસલ-ના ખેતાબને લાયક થયો. બીજા હાથ ઉપર તેણીને રોઝામન્ડનો ખ્યાલ થયો. તે બાનુ જુલિયનને ગોલાબ સમજી, પણ તે કેવો ખાર નિકળ્યો! તે તેને ઝવાહિર સમજી પણ પથ્થર નિકળ્યો, બલ્કે પથ્થરથીબી બદતર નિકળ્યો.

આવા ખ્યાલોમાં તેઓની ગાડી હોતેલની ભપકાદાર ઇમારત આગળ આવી પુગી. તેઓએ હોતેલમાં ખાનુ લઇ ઓલ્ડકેસલ ખાતે તેજ રાતે ઉપડી જવાનો વિચાર કીધો હતો, કેમકે દેનનો ભોલો જીવ પોતાની પ્રિયાને મળવા કચાર કચા-રમાં પડી ગયો હતો.

"દેન! તેં બીજી એક દુઃખભરી કેફિયત સાંભળી કે?"

"નહિ!" દેને ડોકું ધુણાવી ના પાડી. જેથી તે સાંજે પ્રગટ થયલાં વર્ત-માનપત્ર તરફ એડેલીને ધ્યાન ખેંચી કહ્યું, "દેન! મારા મરનાર બાપ કરનલ રેનનાં ખુન સંબંધી નીલ લાયન માટે કસમ ઉપર ખોટી જુબાની આપવા માટે અને ખુનનો આરોપ નીલ ઉપર સાબેત થાય તે માટે તેની સામે કાવત્રું રચવા માટે લેડી ઓલ્ડકેસલને પકડવાનું વારંત નિકળ્યુંછ. પણ તે એક વારની તુમાખી અને તવંગર બાનુનો પત્તો મળતો નથી. તે કોણ જાણે કયાં અલોપ થઈ ગઇછ."

"શું તે નાહસી ગઈ?"

"હા, રોદ્રીકનાં એકાએક નિપજેલાં મોત પછી તે બાનુ કોર્ટ છોડી ગઇ હતી, પણ તેણીએ પોતાને મકાને જવાને બદલે પોતાની ઉપર સિહા વાદળ ઘેરાયલું જાણી કોણ જાણે કયાંનો રસ્તો લીધો! એવી ધાસ્તી રાખવામાં આવેછ કે તેણીએ જયાં છે ત્યાં આપઘાત કીધોછ."

"અફ્સોસ! અફ્સોસ!" દેન લેરેબિએ ખરાં જીગરથી અફ્સોસ કીધો, "જેઓ પોતાનાં ચાલતાં ચલણમાં પૈસાથી મળતાં સુખથી ફુલી જાય છે તેઓ ભુલી જાય છે કે સુખની સદી સ્વપના સમાન પસાર થતાં વાર લાગતી નથી પણ દુ:ખનો એકજ દીવસ આખા જમાના જેવડો મોટો હોય છે. એ ઓરતે ગરીબોને કચડવા માટે દોલતની જેટલી બરબાદી કીધીછ તેના પા હિસ્સે દોલત તેણીએ ગરીબોનાં ભલાં માટે ખરચી હોત તો આજે તેણીની આવી બુરી દશા વખતે તેજ ગરીબો તેણીના પગ આગળ આંસુનો દરિયાવ બનાવી તેણીનું મકાન પોતાનાં જીગરમાં બનાવતે."

* * * * * * * * *

એદેલીન અને દેન લેરેબિ ઓલ્દકેસલ ખાતેનાં પોતાનાં મકાનમાં દાખલ થયાં ત્યારે રાતના અગીયાર વાગાનો અમલ થયો હતો.

દેન લાગલો દોરાના ઓરડામાં ધસ્યો ગયો, જયાં દોરા પોતાનાં બિછાનાં ઉપર અસ્વસ્થપણે પડેલી હતી.

"દોરા! ખુદાની આપણી ઉપર કેટલી બધી મેહરબાની! દોરા! તેં સાંભળ્યું કેની કે મારાં સુખના આરામની નડતળ મારા રસ્તામાંથી દુર થઇછ. મારી બેકરારીની જડ તેનાં મુળમાંથી કપાઇ ગઇછ. મારી પ્યારી દોરા! બનાવ બુરો બન્યોછ અને તેમાં આપણને કંઇ ખુશી થવાનું નથી, પણ જેમ ખુદાએ જન્મભરનાં કેદખાનામાંથી તેનો સદાનો છુટકો કીધોછ તેમ તું બીજીવારની નામોશીમાંથી બચી ગઇછ. તારાં જીગરને હવે સદાની રાહત મળશે ને તારા જાનને સંતોશ મળશે."

આ વેળાએ દોરાનો ચેહરો ખુશીના બાહરમાં ખીલી નિકળવાની દેન લેરેબિએ આશા રાખેલી તેને બદલે તે વધુ અને વધુ ફીક્કો થતો જોઇ દેન અજાયબીથી પોકારી ઉઠયો:—

"તું તારા આગલા ખાવિન્દનાં મોતથી એટલી બધી ધ્રુજેછ કાંય? તારો ચેહરો એટલો બધો ફીક્કો કાંય? દોરા! રાસ્ત બોલ કે તે મરનારને તેની જબુન બદમાશી છતાં તેનાં મોત પછી ચાહેછ? અરે આ જેહાનથી તે ગુજર પામવાથી તારે છુટકારાનો દમ ખેંચવો જોઇયે તેને બદલે હાય અને અફ્સોસનો ધુંવો તું બાહેર પાડેછ?"

પોતાના વાહલા ખાવિન્દના આ નરમ ઠપકાથી દોરા વાઘનની માફક પોતાની બેઠક ઉપરથી ઉછળીને બોલી, "દેન! મારા વાહલા દેન! તું શું જાણતો નથી કે મરનારે પોતાના માટેની મારી મોહબતનાં ગુલને નિર્દયપણે એવું તો કચડી નાખ્યું હતું કે તે કદી પણ મારાં જીગરમાં પાછું સજીવન થવા પામેજ નહિ. દેન! હું જો ફીક્કી પડી ધ્રુજતી હોવું તો તેનો સબબ એજ છે કે મારો તે જુલમગાર ત્રીજી વખત મોતની ઠંડી ગોદમાં સુતો હોય તે માટે મને શક છે. દેન! મને પુર ભરોસો છે કે તે ત્રીજી વારબી બધાને ઠગીને પોતે જીવતો

હાલતમાં કોર્ટમાંથી છટકી જવા પામ્યોછ અને ત્રીજીવાર ફરીથી આપણાં સુખના રસ્તામાં કાંટા અને કવચનું બિછાનું પાંથરશે.”

હેને તે ભોળી અને બીધેલી બાનુને સધિયારો આપ્યો કે એમ બનવું કેવળ મુશ્કેલ હતું. તે પોતાની ગમે તેવી બદમાશી છતાં ત્રીજી મરતબે મોતને ઠગી શકયો હતો નહિ કેમકે મોતે એચિંતું તેનું ગળું દાબી દીધું હતું. તે આ જેહાન છોડી ગયો હતો. સદાની છોડી ગયો હતો.

“દોરા! આપણુ બંનેએ તે સાહેબનો કેટલો બધો ઉપકાર માનવો જોઇએ!”

“હેન! હું સદા તે સાહેબનો ઉપકાર માનુછ!” દોરા પોતાની મોટી, કાળી અને શોકાતુર આંખો અજબ જેવી મોહબતથી ઉંચી કરી પોતાના ખાવિંદ તરફ જોઇ બોલી, “મારે તો તે સાહેબની વધારે અરજ ગુજારી કરવી જોઇયે કે જેથી તે સાહેબ મારી ઉપર દયા કરે! હું શું બોલું હેન! કેમકે હું ખુદાની ખુદરત તરફ બેવિશ્વાસુ બની હતી, જેથી ખુદાની દયા કરતાં તેના ખોફને હું વધારે સજાવાર છું. હેન! હું એટલી બધી અધીરી બની ગઈ હતી કે જાણે તારી જુદાઇથી મારો જાન કબ્જ કરવા તૈયાર થઇ હતી. હવે હું તે માટે પસતાઉંછ!”

“બેશક! દોરા! જેટલી તું મારા અદના ઇનસાનની જુદાઇ માટે ટવલી તેટલોજ ટવલાટ તેં ખુદાની જુદાઇ માટે કીધો હોત તો તારી ઉપર ખુદાની મેહરનો ગોયા દરિયાવ ઉછળતે! ખુદાએ બક્ષેલાં સુખ માટે સંતોશ પકડવો અને ખુદા તરફનાં સેહજ દુઃખથી બડબડાટ કરવો એ ખુદ ખુદાને ગેરઇનસાફ કરવા બરાબર છે.”

“બરાબર છે!” દોરા પોતાના વાહલા હેનનાં ખભાં ઉપર હાથ મુકી બોલી, “હું ખુદાની દયાને બિલકુલ નાલાયક છું. પણ ખુદાએ મારો રસ્તો એક પણ નડતલ વગરનો મોકળો કીધોછ તે ફકત તારેજ ખાતર છે. કેમકે તું કેવો ભલો! કેવો બાહદુર! કેવો સાચ્ચો છે!”

“તું મારા કરતાં ઓછી બાહદુર નથી. જે વેળાએ મને તારા ખાવિંદ તરીકે ચાહવા છતાં તારો આગલો ખાવિંદ રોદ્રીક જીવતો છે એ જાણવાથી તને તારાં સાચ્ચાં અંતઃકરણ સાથે કેવી મજબુત લડત ચલાવવી પડી હતી તેનો ખ્યાલ જયારે હું કરૂંછ ત્યારે તારી હિમ્મત માટે મારાં મોહડાંમાંથી આફ્રીનનો પોકાર નિકળેછ. પણ દોરા હવે તારો ગમ બેજા છે, આપણાં સર ઉપર કજા છે તે સિવાય આપણો રસ્તો બિલકુલ સફા છે.”

હા! આ પ્યારાં ધણી ધણીયાણીનો રસ્તો બિલકુલ સાફ થઇ ગયો હતો. આફતનું વાદળ વિખેરાઇ ગયું હતું, પણ દોરાનાં જીગર ઉપર થયલી અસર બહુજ જાલેમ હતી. તેણીની આંખોમાંથી આંસુઓ મોતીની માફક ટપકી રહ્યાં હતાં, તોપણ આગલાં દુઃખની યાદથી બળતું જીગર ઠંડું થતું હતું નહિ. જેમ મોર મેઘને માટે પોકાર કરી ટળવળી જંગલને ગજાવી મુકે છે તેમ દોરા પોતાના ભોળા ખાવિંદનાં નામને યાદ કરી પોતાનાં શરીરનાં જંગલને ગજાવી રહી હતી.

ધર્મોજય!

આજે આખું ઓલ્દકેસલ શેહર રંગ રાગમાં ગાજી વાજી રહ્યું હતું. બિલકુલ શાન્ત અને ધુમચકરી વિનાનું આ શેહર આજે ખુશી ખુરમીમાં હલમલી રહ્યું હતું. જયાં જોઇએ ત્યાં હશી ખુશીનો બાગ ખીલી રહ્યો હતો, સુખોનો બહાર ગોયા ઝુલી રહ્યો હતો. આજના ખુશબખ્તિભર્યો દીવસની આમદ પુકારવાને ખુદ ખુદરત પણ પુર જોરદાર બની હતી, કેમકે તે પોતાના સાચ્ચા આશકને વધાવી લેવાને ઇંતેજાર રહી હતી.

ખરેખર, લાયન પોતાને પેદા કરનાર સાહેબનો સાચ્ચો આશક હતો. તે પોતાનાં સુખ યા દુઃખમાં, પોતાની ખુશી યા ગમીમાં ખુદાને એકસરખી રીતે વફાદાર રહ્યો હતો. ગમે તેવાં દુઃખોનું ગમે તેવું સિહા વાદળ તેનાં સર ઉપર ઘેરાઇ આવવા છતાં ખુદ ખુદાની ખુદરત તરફ તે બેવિશ્વાસુ બન્યો હતો નહિ. આવા એક વફાદાર, અને નેકી નીતિના સાચ્ચા બંદાને વધાવી લેવાને ખુદરત તૈયાર બની હોય તો તે સ્વભાવિકજ હતું.

આજે નીલ લાયન, ખરૂં બોલ્યે તો નીલ તાવર્સ લોર્ડ ઓલ્દકેસલ તરીકે બંદીખાનામાંથી પોતાનાં મકાનમાં પધારનાર હતો. એજ તે લોર્ડ ઓલ્દકેસલ હતો જે એદેલીન રેનનો આગલો કામદાર હતો. એજ તે કમીનો કામદાર હતો જેને તેની ગરીબીમાં, જમીનદોસ્ત હાલતમાં તે ખુબસુરતી અને દોલતની રાણી એદેલીને સાચ્ચી મોહબતથી ચાહ્યો હતો, જયારથી તેને તેણીએ પેહલવેહલો જોયો હતો ત્યારથી તે તેણીનાં સાચ્ચાં અને મોહબતવંતાં અંતઃકરણમાં સમાયો હતો, એક મુર્ત્તી પેઠે પુંજાયો હતો, બસ તેણીનો જાન તે ખુબસુરત સિકલ ઉપરજ લોભાયો હતો. તેણીને સ્વપને પણ ખ્યાલ હતો નહિ કે જે જવાન ઉપર તેણીએ જાન અર્પણ કીધો હતો તે પાછળથી લોર્ડ ઓલ્દકેસલ તરીકે સાબેત થશે.

આજે તે જવાન હજારો મુસિબતો, હાદેસાઓ, વિપતિઓ, દુઃખો એ વેદનાઓને લાત મારી સ્તોનબ્રીજનાં દોજખખાનામાંથી બાહર આવનાર હતો, પોતાની વફાદાર પ્રિયાને ભેટનાર હતો; આંખ સાથ આંખ, જીગર સાથ જીગર મેળવનાર હતો.

ઓલ્દકેસલની પ્રજા આ સઘળું જાણતી હોવાથી તે અજબ રંગ રાગમાં આવી ગઇ હતી, ખુશીના બાહરમાં આવી ગઇ હતી. તે બેવડી ખુશીમાં ખીલી રહી હતી કેમકે એક તરફથી નીલ તુમાખી તાલેવંતોનાં કાવત્રાંનો કમનસીબ ભોગ થઇ પડયો હતો એવી તેમને પક્કી ખાત્રી થઇ હતી. વળી તે પોતાની ગરીબાઇ વેળાએ પણ ગરીબોનો દિલસોજ દોસ્ત હતો, હમદર્દ હબીબ હતો. વળી બીજી તરફથી એદેલીનના સદગુણો અને તેણીની ગરીબો તરફની દિલસોજીથી આખાં ઓલ્દકેસલના તમામ નાના કે મોટા, અદના કે આલા અને ગરીબ કે તવંગરો ઉપર એવી તો મજબુત અસર થવા પામી હતી કે જેઓ તેણીને એક નીચ કામદાર તરફ મોહબત બતાવવા માટે એક વેળા ધિક્કારતાં હતાં તેઓબી તેણીને અને નીલને હવે ચાહતાં હતાં.

ગરીબોનાં મકાનો જેઓ પેહલીજ નજરે હંમેશ કંગાળ દીસતાં હતાં તેનોબી રંગરૂપ આજે ફેરવાઇ ગયો હતો. ગોયા આખું શેહર રચનાની હશીયારીથી

તરે તાજગીવાળું બની ગયું હતું. એડેલીન અને નવા લોર્ડ ઓલ્ડકેસલને આવકાર આપવાને તવંગરો કરતાં ગરીબો બહુજ ઉલટમાં આવી ગયાં હતાં. આરકાંઓ, રંગબેરંગી વાવટાઓ અને ફુલ પાનનો સણગાર તેઓએ પોતાનાં મકાનો આગળ અને રસ્તાઓ ઉપર કીધો હતો.

ઓલ્ડકેસલ જે ગઇ કાલ સુધી સુમશાન જેવું લાગતું હતું તે આજે એક મોટાં આબાદ શેહરની ધુમચકરીમાં ફેરવાઇ ગયું હતું. તે શેહર આજના દીવસ માટે મગરૂર હતું. નવા લોર્ડ ઓલ્ડકેસલની પસાર થતી ગાડીને નીહાલવાને રસ્તાઓ ઉપર સેંકડો ગરીબો જમા થયાં હતાં.

જુલિયનની તપાસમાં તે બદમાશની શિખવણીથી નીલ ઉપર બંદીખાનામાં જે જે આફતો ભાડુતી બદમાશોથી ગુજારવામાં આવી હતી તે બાહેર આવવાથી લોકોની—ગરીબો તેમજ તવંગરોની—દયા અને દિલસોજીનો ઝરો તેની તરફ પુર જોશમાં ફુટી નિકળ્યો. હવેજ લોકોને ખ્યાલ આવી શકયો કે આસપાસની જુબાનીઓનું વણું કેટલીક વખતે એવું આબાદ વણાઇ જવા પામે છે કે નિર્દોષ પણ ગુનેહગાર ઠરે છે, બલ્કે ફાંસીને માંચડે ચહડે છે. તેઓએ હવેજ જાણ્યું કે તાલેવંતો પોતાના પૈસાનાં જોરે ગરીબોને કેટલી હદ સુધી કચડી નાખે છે, નહિ ગુનેહગારના ગુનેહગાર ઠેરવે છે.

બંદીખાનામાં જીમ સ્કારલેતે મરણ—પળ વેળાએ તેણે નીલની જીંદગી સામે જે કાળાં કાવત્રાં રચ્યાં હતાં તેનો એકરાર વર્તમાનપત્રો દ્વારે બાહર પડવાથી લોકોએ કમકમાટ અને દયાની ભેગી લાગણીથી દાંતમાં આંગળાં પકડયાં હતાં.

નીલની ગાડી જે જે રસ્તાઓ ઉપરથી પસાર થઇ તે તે રસ્તાઓ ઉપર ભેગાં મળેલાં લોકોએ તેને હરખભર્યો આવકાર આપ્યો હતો. રસ્તાઓ ઉપ્રાંત મકાનોની બારીઓ લોકોથી ખીચોખીચ ભરાઇ ગઇ હતી અને ગરીબો જેઓને રસ્તા ઉપર જગા મલી શકી નહિ તેઓએ છાપરાંનો આશ્રો લીધો હતો. આ સઘળાંઓએ જોયું કે નવા લોર્ડ ઓલ્ડકેસલે જોકે બંદીખાનું સેહ્યું હતું, તેણે જોકે ત્યાં અનેક દુઃખો ખમ્યાં હતાં, તોપણ તેનો ચેહરો આજે ગોલાબનાં ફુલની તરેહ ખીલી નિકળ્યો હતો. તેની જવાનીની ખુબસુરતી એવી કિસમની બની હતી કે ગમે તેવી તુમાખી શેહનશાહબાનુબી તેની ધણીયાણી થવાને મગરૂર બને. ખુદાસનાશીઓએ માન્યું કે નીલના ચેહરા ઉપરનું નુર ખુદાઇ નુર હતું. તેની સચ્ચાઇ અને નીતિ નેકીની ખુદા તરફની તે એક બક્ષેસ હતી.

મીસ લેવેનિયા પણ નવા લોર્ડ ઓલ્ડકેસલને નીહાલવા પોતાનાં ઘરમાંથી નિકળી પડી હતી. આજના ખુશ હિંગામમાં તેણીનો મોટો ફાલો હતો, કેમકે જો તેણીએ પોતાના ભાઇ સોલીસીતર સીગીન્સથી છુપાછુપ પેલું યાદગાર ગુમ થયલું પેકેત કાહડી લઇ એડેલીનને સોંપ્યું નહિ હોત તો આજનો મામલો જુદોજ થઇ પડત.

સોલીસીતર સીગીન્સ લેડી ઓલ્ડકેસલનો હાથ નહિ મળવાથી એટલો તો નાઉમેદ થઇ ગયો હતો કે તેણે નવા ઓલ્ડકેસલને જોવા જવાની અથવા તેની આમદને લગતી ધુમધામ પોતાની નજરો નજર નિહાળી પોતાના જીવને બાળવાની જરૂર બિચારી નહિ. તે લેડી ઓલ્ડકેસલ ઉપર દીવાનો બન્યો હતો અને તેનું પરિણામ તેની કેવી હરવા સરખી બદનામીમાં આવ્યું હતું એ જ્યારે

તેણીએ જાણ્યું ત્યારે મીસ લેમ્પનિયા પોતાના હમેશના રાબેતા મુજબ તેને તાણાનાં તીરોથી વિંધી નાખવાને બદલે સામી હસી પડી પોતાના એકપુરા પણ ભોળા ભાઇની દયા ખાવા લાગી.

આજનો દીવસ ઓલ્ડકેસલ શેહરની તવારીખમાં સદા સુધીનો નોંધાઇ રહેલો છે.

હક-ઈનસાફ.

આજે નીલ લાયન, ખરૂં બોલ્યે તો જવાન લોર્ડ ઓલ્ડકેસલ નીલ તાવર્સની જીંદગીનો સર્વથી સુખી દીવસ હતો, કેમકે આજે ખુદાઇ કરામતથી તેને એક સાચ્ચું જવાહિર મળવાનું હતું. આ જવાહિર એક એવું બેમુલ રતન હતું કે જેમાં સેહજ પણ ખાંપણ હતી નહિ, જેની સારી જેહાનમાં જોડ હતી નહિ. આ જવાહિર તે પરી-સુરત એદેલીન હતી, જે સદગુણ અને નીતિ માટે મશહુર હતી, દુનિયાની તમામ લોભ લાલચથી દુર હતી. એદેલીન એક એવાં આબરૂદાર મોતી મિસાલ હતી, કે જેવાં મોતીની હસ્તિ વિના ખુદ ખુદરત પણ ગોયા હાલ હવાલ હતી. મોતી અને હીરાઓની ખુટ આ જેહાનમાં સેહજ પણ જણાતી નથી, પણ એદેલીન જેવાં શુદ્ધ સફેદ મોતીની કિમ્મત તો સારી જેહાનના ઝવેરીઓથી પણ અંકાતી નથી. લોભ અને લાલચના હીરા મોતી તો ડગલે અને પગલે મલી આવે છે, પણ એદેલીન જેવું સેહજ પણ ઝાંખ વિનાનું મોતી તો જવલેજ મળે છે. ખુદરતની ખાણમાંથી એદેલીન જેવાં મોતીઓ કદાચજ હાથ લાગે છે. સોનામાં સુગંધ નથી અને ફુલમાં સુગંધ છતાં કાંટા છે, પણ એદેલીન તો નેકીની ખુશબુથી પુર હતી અને બદીના કાંટાની બદબુથી બિલકુલ દુર હતી, આવાં મોતીની આ સંસારમાં મોટી જરૂર હતી.

આવાં એક મોતીને જીતી જવા માટે નીલ ખરેખર મગરૂર બન્યો. આજે તેની જીંદગીનો સર્વથી સુખી દીવસ એટલાજ માટે હતો કે એદેલીન જેવાં એક બેમુલ નંગનો તે માલેક બનનાર હતો. તે આજે ખુબસુરતી અને દોલતની રાણી એદેલીનને દેવળમાં લઇ જનાર હતો અને પોતાનો ભવ તે સદગુણની સુંદરી સાથે સદાનો જોડનાર હતો.

ઓલ્ડકેસલ શેહેરમાં તો ઘણાંએ લગ્નો થઇ ગયાં છે, પણ આજનાં જેવાં લગ્ન ઓલ્ડકેસલની આખી તવારીખમાં કદી પણ નોંધાયાં હતાં નહિ, જેથી આજનાં લગ્ન વગર હરીફાઇનાં હતાં. જાણે આજે ઓલ્ડકેસલનો શેહેનશાહ અને તે શેહેરની રાણી લગ્નના પવિત્ર ગાંઠથી એક થનાર હતાં.

ઓલ્ડકેસલે આજના શુભ દીવસે તહેવાર પાળ્યો હતો. જેવો રંગ રાગ નીલના કેદખાનામાંથી છુટી આવ્યાના દીવસે થયો હતો તે કરતાં હજાર ગણો રંગ રાગ આજે મચી રહ્યો હતો. એદેલીન રેને આજે પોતાના તમામ કામદારોને એવા તો ખુશી કીધા હતા કે તેઓ ગમનું નામ વટીક ભુલી ગયા હતા. તેઓએ પોતાની આખી જીંદગીની જંજાલિયતને ભુલાવી દીધી હતી. તેઓનાં ટોળેટોળાં ઉછળતા દરિયાવ પેઠે ઉછળતાં છગર સાથ દેવળ તરફ ધસ્યાં જતાં હતાં, અને દેવળ આગળ તો ગોયા માણસોથી રચેલો એક હિલતો અને ચાલતો ડુંગર બની ગયો હતો.

જગે જગ આરકાંઓ અને લેખો શોભી રહ્યાં હતાં. "ખોદા અમારા નવા લોર્ડ ઓલ્ડકેસલ અને લેડી ઓલ્ડકેસલને સલામત અને આબાદ રાખે" એવા લેખો જોનારાંઓની નજરે પડતા હતા. જયાંબી નજર કરો ત્યાં ભપકાદાર વસ્ત્રોમાં સજ થયલા સુખી જીવડાઓ દેવળ તરફનોજ રસ્તો લેતા હતા, અને નવા લોર્ડ ઓલ્ડકેસલની જય પોકારતા હતા. એકેએક જીવડાનું અંતઃકરણ ખુશીથી ઉછાલા મારી રહ્યું હતું. દરેકનાં જીગરમાં મોહબત અને ખુશાલીએ ઘેર કીધું હતું.

સેંત મારગરેતનું દેવળ ગમે તેટલું મોટું છતાં તે લગ્નમાં ભાગ લેનારાંઓનો પચાસમો ભાગ પણ તેમાં સમાઇ શકવો મુશકેલ હતો, જેથી મોટા ભાગને દેવળની આસપાસ ગોયા ઘેરો ઘાલીનેજ સંતોષ પકડવો પડયો હતો અને જોકે તેઓને કલાકો આગમચથી દેવળના સલામતીભર્યા ભાગનો આશ્રો લેવો પડયો હતો, તોપણ તેઓએ ત્યાં ખડાં રહેવામાં વટીક પુર ઉલટ સહિત મોજ માની લીધી હતી.

દેવળમાં થયલા દેખાવનું હુબહુ ચિત્ર ચિતારવાને ઇનસાનની પિછી નહિ, પણ ખુદરતની પિછીની જરૂર હતી. કેમકે આજે ત્યાં ભેગો મળેલો મેળાવડો આગળ કદી પણ જમા ગયો હતો નહિ. ખુબસુરતી અને દોલતનું ગોયા ત્યાં સંગ્રહસ્થાન ભેગું મળ્યું હતું. તે સાથે ખુદરતની કરામત, તેની કારસાજી અને તેનાં કાર્યોનું દિલ ઉસ્કેરનારૂં અસરકારક ચિત્ર દોરાઇ રહ્યું હતું.

ખુદાઇ લાકડી સેહજ પણ અવાજ કરવે ખુદાના પાપી અને જુલમગાર બંદાઓ ઉપર કેવી એજગેબી અને ઓચિંતી આવી પડે છે તેનો સબક આખાં ઓલ્ડકેસલના વતનીઓએ એવી તો અચ્છી રીતે પઢયો હતો કે તેઓને લાગ્યું કે તેઓ તે પોતાની બાકીની જીંદગી સુધી કદી પણ ભુલવાના નથી અને બે ઘડીની આ જુઠી જેહાનની મોહિણી અને પૈસાનાં જોરથી મળકાઈ ફુલવાના નથી.

સેંત મારગેરતનાં દેવળમાં લોકોની ગંજાવર અને કદી પણ નહિ જમા થયલી ભીડ છતાં ખુદરત આજનાં જોડાં ઉપર એટલી બધી તો પ્રસન્ન થઇ હતી કે હવા ખુલી ગઇ હતી, અને ખુશબુ ગોયા હલમલી રહી હતી, જેથી જીગર અને મગજ તર બની રહ્યાં હતાં.

મીસ લેવીનિયા પોતાના પુર ઠાઠમાઠમાં હાજર થઇ હતી. તેણીને પરણંતી કન્યાની સાહેલીઓમાં ખાસ જગા મલી હતી, જેથી તેણીની બંને બદામી આંખો ચોપાસ ફરતી રહી હતી એવું જોવા કે કોઇ ભુલા ચુકાનો અમીર તેણીની સુરત ઉપર કુરબાન બની બેશુદ્ધ થવાની અણી ઉપર હતો કે નહિ! પણ જયાં સુધી તેણીની આંખો થાકી ગઇ નહિ ત્યાં સુધી તેણીએ પોતાના લોભને બાજુએ મેલ્યો નહિ પણ તે છતાં તેણીનો એક લોભ પાર પડયો. તે એ હતો કે ગુમ થયલું પેકેત એદેલીન રેનના હાથમાં મેલનાર તરીકે તેણીને ઉમરાવ ખાનદાનની બાનુઓ સાથે ઓળખ થવા પામી હતી.

રોઝામન્ડ ફ્લોય, ખરૂં બોલીયે તો રોઝામન્ડ તાવર્સે પણ દેવળમાં લોકોનું મોટું ધ્યાન ખેંચ્યું હતું, કેમકે તે બીચારી વિધવાની પંક્તિએ પુગી ચુકી હતી. જુલિયનના પાપી જાનનું પંખેરૂં તેનાં બદનનાં ખોળિયાંનાં પીંજરાંમાંથી ફાંસીના માંચડા ઉપર છેવટનું ઉડી ગયું હતું.

જુલિયન આખરે તેણીના બુઢા પેદર રોજર દીપીંગનાં ખુનનો તકસીરવાર ઠર્યો હતો અને ન્યાયાધિસે તેને ફાંસીની સજા કીધી હતી, અને આવી રીતે બંને બદમાશ

ભાઇઓ હજારો કાળાં ધોળાં, લખો કાળાં કર્મો અને કરતુકો કરી આયંદે પાપની ગઠડી ગરદન ઉપર લઇ આ જેહાનની રંગભુમી ઉપરથી સદાના દુર થયા હતા. જોકે તેમનાં કરતબ્યો એવાં તો કરપીણ હતાં કે જીંદગી ભરનું કેદખાનુંજ તેમને માટે વાજબી સજા હતી, પણ ખુદ ખુદરત આ જેહાનની તેમની કાળી કરણીથી એટલી બધી તો હેબતી ગઇ હતી કે આ જેહાનમાં ગમે તેવાં દુઃખોમાં પણ તેમને જીવતા રાખવાને તે કમકમતી હતી.

જુલિયનનાં મોત પછી રોઝામન્ડ કાળોજ પોશાક પેહરતી હતી, પણ આજે એદેલીનનાં લગ્નના દીવસે તે પોશાક બાજુએ મેલી એક સાદો સફેદ રંગનો સુંદર પોશાક સજી પોતાની જીંદગીની એકનીએક ઉમેદ–પોતાના બેટા–સાથે દેવળમાં હાજર થઈ હતી. વીલિ એની આંખો દુરથી તે મા બેટાની ચોકી કરતી પોતાના ખાડામાં ભમતી રહી હતી.

આ વેળાએ ગાયનનો મિઠો સરોદ દેવળમાં અને દેવળની બાહેર હાજર રહેલાંઓના કાને આવી અથડયો. તરતજ આતુર જીવડાઓનાં મોહડાંમાંથી જે બોલો તે વેળાએ બાહેર પડતા હતા તે એજ કે કન્યા આવતી હતી.

કેટલાકોની નજર વરરાજાના ચેહેરા ઉપર પડી તો તેમને માલમ પડયું કે તેનાં જીગરના જુસ્સાથી તેનો ચેહેરો સુરખીદાર બની તેજદાર થતો જતો હતો. તેની આતુર નજર દેવળના દરવાજા તરફજ જળોની માફક ચોંટી રહી હતી અને પોતાની મનની મિઠી સુરત જોવાની ગોયા અધીરાઇની તાપથી તેની બંને આંખો જળતી હતી.

આપણી વાર્તાની નાયકા અને લોર્ડ ઓલ્દકેસલની પ્રિયા દાખલ થઇ કે એકેએક નજર તે મનમોહન મુર્તિ તરફજ ખેંચાઇ રહી. તે દિલકશ માહ-રૂ સફેદ વસ્ત્રોમાં સજ થયલી અને ફુલોમાં ગંથાયલી હોવાથી ખરેખર બેહેસ્તની પરીનો હુબહુ ખ્યાલ આપતી હતી. તેણીએ સાદોજ પોશાક પોતાનાં ચાંદી જેવાં બદન ઉપર સજેલો હોવાથી તેણીની ખુબસુરતી ઓરબી દીપી નિકળી હતી. કેમકે એદેલીનના જેવી નેકી નીતિની ખુબસુરતીને આ દોરંગી દુનિયાના ખોટા ભપકા સપકાની જરૂરજ શી હોય? ઘરેણાંઓમાં તેણીના ગોરા હાથમાં હીરાની બ્રેસલેત અને ગળાંમાં બેકિંમતી મોતીની માળા શોભી રહી હતી.

નીલને માટે અપરંપાર સુખનો આજનો સમય હતો, પણ તે પરમ સુખમાં ગમનો એકજ કતરો ભેળાયલો હતો. તેને લાગ્યું કે આજે તેની ભલી માતા કે જેણીના સાચ્ચા સબકો શિખી તે એદેલીન રેનનો તેની પોતાની ગરીબાઇમાં વટીક હૈયાંનો હાર બનવા પામ્યો હતો તે જો આજે જીવતી હોત તો તેની જીંદગીનાં સર્વોતમ સુખનો પ્યાલો છલાછલ ભરાઇ જાત. પણ તે ભલી પણ કમનસીબ માતાની આવી રૂડી સરજત હતીજ નહિ.

* * * * * * * * *

લગ્નની ક્રિયા ખતમ થઇ. લાયન અને એદેલીનનાં જીગર સાથ જીગર તો આ લંબાણ કિસ્સાની શરૂઆતમાંજ મલી ચુકયાં હતાં, પણ આજે તેમના હાથ સાથે હાથ મલવા પામ્યા હતા. આ ભલાં અને નેકી નીતિનાં જોડાંને લઇ બે અસીલ ઘોડાઓએ મરોરથી ગરદન ઉચકી ત્યારે હાજર રહેલાંઓએ પોતાના હર્ષનાદથી પેલા કવિઓ કેહ તેમ આસમાનને પણ ધ્રુજાવી મેલ્યું.

અને આવી રીતે તે ભલું જોડું ગરીબોના આશીર્વાદ અને તવંગરોની ખુશાલી વચ્ચે હેન્સબરી ઍબી તરફ હંકારી ગયું.

આ શું આ જોડાંને હક-ઇનસાફ મલ્યો નહિ હતો ?

આ શું ધર્મોજય ન હતો ?

પાપોનો ક્ષય !

જોડાંને આવકાર દેવાને હેન્સબરી ઍબીના દરવાજા આગળ એદેલીનની વડી બેહેન દોરા—જેણીને હવે આપણે મીસીસ દેનિયલ લેરેબીનાં નામથી ઓળખીશું—અને લેડી દી વીનતર નામની જવાન અને ખુબસુરત બાનુ હાજર હતી. નવી લેડી ઓલ્દકેસલે તે મકાનમાં હાજર રહેલાં અતલગનાં પરોણાંઓને હસી હસી આવકાર દીધો અને જાણે એવું કહેવા માંગતી હોયની કે "કેમ ? જોયું ? મારા કામદારની કીધેલી મારી પસંદગી માટે તમો લોકો તો મને હસતાં હતાં, બલ્કે મારી ઉપર ધિક્કારનો વરસાદ વરસાવતાં હતાં તે પસંદગી આજે કેવી સફળ નિવડીછ ? ઓલ્દકેસલનાં ભિત્તરમાંથી મે કેવો જુની ખાણનો એક બેમુલો હીરો શોધી કહાડયો, કે જેણે આફતના ધગધગતા અંગારમાં પડવા છતાં પોતાનું તેજ ખોયું નહિ. શરીરમાં કામ, ક્રોધ, મોહ અને લોભ એ એવા તો કરપીણ ઠગબાજો છે કે તેને વશ મનુષ્ય માત્ર રહેલાં છે, પણ તેને હઠાવી કહાડનારા નીલ જેવા વિરલાઓબી આ જેહાનમાં હૈયાત છે. દુનિયા કોઇબી અદભુત ચીજથી ખાલી નથી."

અંતે આ ભલાં જોડાંને હનીમુન માટે ઉપડી જવાનો વખત આવ્યો.

આ જોડું આજે રાતે લંડન તરફ ઉપડી જનાર હતું. એદેલીન સફેદ પોશાક કાહડી નાખી મુસાફરીના પોશાકમાં પરોણાઓ આગળ હાજર થઇ ત્યારે તેણીથી છુટું પડતાં સર્વેથી વધારે રોઝામન્દને લાગ્યું. તેણીની જુદાઇ તે ભોળી સુંદરી માટે બહુજ જાલેમ થઇ પડી.

દોરાની આંખોમાં પણ આંસુઓ મોતીની માફક ચળકી રહ્યાં હતાં. પોતાની બેહેનને આજે આટલી બધી સુખી થયલી જોઇ એક વફાદાર બેહેન તરીકે તેણીનું નાજુક હૈયું ભરાઇ આવ્યું હતું. એક વખત એવો પણ હતો કે પોતાની નામોશી દુનિયાનાં લોકોથી છુપાવવા કાજે તે બાનુ આજનાં જોડાંને સદાની જુદાઇના ગુરાપામાં નાખવા વટીક તૈયાર થઇ હતી. આ ખ્યાલથીજ તે બાનુ કમકમી રીકી પડી જઈ બોલી, "એદેલીન ! યજદાન તારો પાસબાન થજો !"

એદેલીનની ગાડી સ્ટેશન તરફ ગઇ, અને લોખંડનો ઘોડો સઘળાંઓની ભલી દુવાઓ અને મુબારકબાદી વચ્ચે ઉપડી ગયો.

* * * * * * * *

પ્રિય વાંચનાર ! આ વાર્તામાં હવે આગળ વધવાની કશી જરૂર છે ? તોપણ તેને સમાપ્ત કરવા આગમચ તેમાં જુદાં જુદાં પાત્રો ભજી જનારાંઓનો આખર ફેજ શું આવ્યો તે ટુંકમાં જોઇ જઇશું.

રોદ્રીક, જુલિયન, સ્લીમ જીમ અને ગંગાદાસનો ફેજ આપણે જોઇ ચુકયા છિએ. દોરા અને લેરેબી કાયદા મારફતે પોતાનાં લગ્ન હકદાર ઠરાવી અમન

ચમનમાં પોતાના દીવસો આસ્ત્રેલીયામાં ગુજારે છે. વીલિ એ રોઝામન્દ જેવું ઈનામ આયંદે જીતી ગયો છે. તેઓ લગ્નના પવિત્ર ગાંઠથી એક થયાં છે. વીલિ એને હવે એદેલીનની કોલસાની ખાણુમાં કામ કરવાની જરૂર રહી નથી કેમકે તે ભલી રૂપ-સુંદરીએ એક સારી આવકનું ઇનામ તે સંતોષી જોડાંનાં નામ ઉપર કરી આપ્યું છે.

મેજર દોન્તે કરજમાં અવટિયાં મારી છેવટે આપઘાત કીધો છે. સીગીન્સ કાકા હજી કુંવારાજ છે. તેણે કસમ લીધા છે કે પરણવું તો કોઇ ઉમરાવ પદ ધરાવનારી બાનુ સાથેજ, પછી તે પોતાની ઉમર કરતાં ભલે ને બેવડી વયની હોય! મીસ લેવનિયા પણ ઉમરાવ ખાવિન્દ શોધતાં હજી વાટ જોતી બેઠી છે. તેણીને ઉમેદ છે કે એક વખત એવો આવશે કે કોઇ એકાદ શેહરનો શેહનશાહ તેણીને પોતાનાં સુખદુખની ભાગ્યણુ બનાવશે! બારદો ભાઇઓ અને તેના તમામ હમશરીકો જીંદગીભરનાં કેદખાનામાં સબડતા રહ્યા છે, જયારે લુસીનો આશક લ્યુક 'કવીન્સ એવીદન્સ' થવાથી છુટો થવા પામ્યો છે અને તેને એદેલીને પોતાના કામદારની સફમાં દાખલ કીધો છે. સ્તોનબ્રીજનાં કેદખાનાના જે ભલા વોરડરે નીલ અને એદેલીનને મદદ કીધી હતી તે વોરડરને કેદખાનાની નોકરી કરવાની જરૂર રહી નથી. તે લોર્ડ અને લેડી ઓલ્દકેસલની મહેરબાનીથી માલામાલ થઇ ગયો છે અને તે પોતાનાં બોહળાં કુટુંબ મંડળ સાથે તે ભલાં જોડાંને દુવા માંગતો સુખવાસી જીંદગી ગુજારે છે.

બુઢો સ્પ્રેગ જેણે નીલને પોતાના રાથોડી પગની લાત મારવાની ધમકી આપી હતી તેણે પોતાની ભલી શેઠાણીના ગોયા પેદરની જગો રાખી છે અને જયારેબી લોર્ડ ઓલ્દકેસલ બુઢા સ્પ્રેગની લાતની કાહણી કહી સંભળાવે છે ત્યારે હસાહસ થઇ રહે છે. રોઝામન્દનાં બાળકને ચોરાવનાર રોદ્રીકજ હતો તે આપણે જાણી ગયા છિએ. તેની નેમ આ બાળક બેટાનું ખુન કરાવવાની હતી, પણ તે પોતાની બુરી નેમમાં ફાવ્યો નહિ. જેઓને મોટી રકમની લાલચે આ કરપીણુ કર્મ કરવાનું તેણે સોંપ્યું હતું તે કરપીણો વટીક તે નિર્દોષ બાળકનું ખુન કરવાથી કમકમી પાછા હઠયા હતા. અને તેઓ લંડનના ધોરી રસ્તા ઉપર તેને જીવતો મેલી ચાલી ગયા હતા, જયાંથી એક દયાળુ શખ્સે પોતાની દુકાનમાં તેને રાખ્યો હતો. એક દીવસે પેલાં બાળક ઉપર પેલાજ કરપીણોની નજર પડવાથી એદેલીનને તે બીનાની તેઓએ ખબર કીધી હતી અને આવી રીતે તે બાળકનો પત્તો મેળવવામાં આવ્યો હતો.

એક દીવસે ચાર સ્ત્રીઓને લંડનની એક બેંકને મોટી રકમના ખોટા ચેકોથી ઠગવા માટે દરેકને બાર વર્ષનાં સખ્ત કેદખાનાની સજા કરવામાં આવી હતી. અને પાછળથી માલમ પડયું કે તેઓમાંની બે સ્ત્રીઓ એક આગલી લેડી ઓલ્દકેસલ યાને હેન્રીએતા હાવર્ડ હતી અને બીજી બારદોની બેટી લુસી હતી.

આ લંબાણ વાર્તાએ સિદ્ધ કરી આપ્યું છે કે દરેક ઈનસાને આ સંસારમાં રહી નીતિ તથા ભક્તિ માર્ગે ચાલવું એ ખરાં ઇનસાનની એક કસોટી છે, કેમકે આ માયાવિક ભવસાગરની મોહિણીરૂપી લોભ લાલચોમાં રહી જયારે માણસ ખરી નીતિ તથા ભક્તિને વળગી રહે છે, ત્યારેજ તેનાં મનની દ્રઢતા અને તનની શુદ્ધતા માલમ પડી આવે છે, અને ઇશ્વરી નિયમોનું પાલણ થાય છે. આ જુઠા સંસારમાં તેમજ આપણો આત્મા પસાર થવા બાદ સુખ અને શાંતિ મેળવવાનો માર્ગ નેકી અને નીતિનોજ રસ્તો છે. ફકત ધર્મ જાણવાથીજ આત્માની મુક્તિ થતી નથી પણ

તેને ખરે મારગે ચાલવાથીજ થાય છે, કેમકે જેમ ઉપવાસાદિક કરવાનો માત્ર લાંઘણથીજ ભુખનો ત્યાગ થતો નથી પણ તેનો આહાર કરવાથીજ થાય છે.

આ વાર્તાના નાયક નીલ, હીરા અને રોઝામન્ડનાં પાત્રોએ દેખાડી આપ્યું છે કે જેઓ સત્ય ધર્મથી ચાલનારાં છે તેઓ કદાચ માઠાં પ્રારબ્ધે કરી વિપત્તીઓમાં ફસી પડે પણ તેઓએ નીતિ છાડવી જોઈતી નથી, કેમકે આગથી બળેલાને પાણીજ ઠંડું કરે છે. નીતિવાનને તે ગેબી સાહેબ દુખની કસોટીમાંથી પસાર કર્યા વિના રહેનાર નથી, પણ આખરે સાચાં કર્મનું ફળ સારૂંજ નિવડે છે અને માઠાનું માઠુંજ ઉપજે છે. કેમકે અંતે પાપોનો ક્ષય છે અને ધર્મનોજ જય છે.

સમાપ્ત.